સૂરિપુરંદર શ્રી હરિભદ્ર સૂરિ મહારાજ વિરચિત

યોગદૃષ્ટિ સમુચ્ચય

વ્યાખ્યાનો

ભાગ - ૩

વ્યાખ્યાતા

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા તર્કસમ્રાટ
પ.પૂ. આચાર્યપુરંદર શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલા

યોગદૃષ્ટિ સમુચ્ચય

મહાશાસ્ત્રપરના વ્યાખ્યાનો

ભાગ - ૩

વ્યાખ્યાતા

વર્ધમાનતપોનિધિ દર્શનશાસ્ત્રનિપુણમતિ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ

❀

સંશોધક

તર્કનિષ્ણાત આગમજ્ઞ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રી જયસુંદર વિ. ગણિવર** મહારાજ

❀

સંપાદક

પૂજ્ય પંન્યાસ **શ્રી અજિતશેખર વિજયજી ગણિવર** મહારાજ

❀

પ્રકાશક

દિવ્ય દર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ૩૮૭ ૮૧૦ જિ. અમદાવાદ

પ્રથમ આવૃત્તિ - સૂરિ પ્રેમ દીક્ષા શતાબ્દિ વર્ષ - વિ.સં. ૨૦૫૬

મૂલ્ય - ૧૦૦ રૂ.

અમે ઋણી છીએ સહુ આપના.....

- આ ગ્રંથ પૂર્ણ કરવા સતત પ્રેરણાદાતા પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજ
- સહજાનંદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિ. ધર્મજિત સૂરીશ્વરજી મહારાજ
- સૂરિમંત્રસમારાધક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિ. જયશેખર સૂરીશ્વરજી મહારાજ
- ન્યાયકુશાગ્રધી પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી અભયશેખર વિ. ગણિવર મહારાજ
- પૂજ્યપાદ વ્યાખ્યાતા ગુરુદેવશ્રીના શબ્દે શબ્દનું અવતરણ કરી તૈયાર કરવામાં અત્યંત સહાયકબનેલા પૂજ્ય શ્રી કલ્પરત્ન વિજયજી મહારાજ
- પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ તૈયાર કરેલા મેટરની સુવાચ્ય કોપી તૈયારી કરી આપનાર પૂજ્ય શ્રી હિતેશ્વર વિજયજી મહારાજ
- આ ગ્રંથ પ્રકાશનમાં જ્ઞાન દ્રવ્યનો સદુપયોગ કરી આર્થિક સૌજન્ય બનેલા શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ....

આપ સૌના અમે ઋણી છીએ....

~ ~

પ્રાપ્તિ સ્થાન - પ્રકાશક

આ તૃતીય ભાગના ૩ તબક્કાઓ

(૧) ગા. ૫૭ થી ગા. ૯૦ સુધીનું સંપૂર્ણ વિવેચન પૂજ્યપાદ વ્યાખ્યાતા ગુરુદેવશ્રીએ તૈયાર કર્યું છે.

(૨) ગા. ૯૦ થી ગા. ૧૭૪ સુધી પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વ્યાખ્યાનોના અવતરણના આધારે સંપાદકે તૈયાર કરેલું વિવેચન.

(૩) ગા. ૧૭૫ થી ગા. ૨૨૮ સંપાદકે પોતે કરેલો ભાવાનુવાદ.

પુરોવચન

-પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી જયસુંદર વિ. ગણિ મ.

'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રન્થ જૈન સાહિત્યજગતનું એક ઉજ્જવળ નક્ષત્ર છે. પૂ. **હરિભદ્રસૂરિ** મહારાજે પોતાની પૂર્વાવસ્થામાં અનેક વૈદિક-બૌદ્ધ ગ્રન્થોનો ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. છતાં પણ એમની બુદ્ધિને જોઈએ એવી તૃપ્તિ થઈ ન હતી. જૈન મુનિ બન્યા પછી જ્યારે એમણે જૈન દર્શનના સ્યાદ્વાદ-અનેકાન્તવાદ-નય-નિક્ષેપ-સપ્તભંગી વગેરે સિદ્ધાન્તોનું તલસ્પર્શી અધ્યયન કર્યું, ત્યારે તેઓનો અન્તરાત્મા પોકાર કરી ઊઠ્યો- ''હા અણાહા કહં હુંતા જઈ ન હુંતો જિણાગમો''. અનેકાન્ત જયપતાકા, શાસ્ત્રવાર્ત્તા-સમુચ્ચય, ધૂર્ત્તાખ્યાન વગેરે તેમની જબરજસ્ત બુદ્ધિપ્રતિભાના સાક્ષિરૂપ ગ્રન્થો આજે હયાત છે, તે જોઈને તો આપણે પણ પોકારી ઊઠીએ કે 'હા અણાહા કહં હુંતા જઈ ન હુંતો હરિભદ્દો.' જૈનશાસનમાં સ્યાદ્વાદ-અનેકાન્તવાદથી વધીને બીજો કોઈ મોટો સિદ્ધાન્ત નથી. અનેકાન્તવાદ-સિદ્ધાન્તનું કાસળ કાઢી નાખનારી કોઈ પણ માન્યતા - ગમે એટલી શાસ્ત્રીય લાગતી હોય, પણ આખરે એ શાસ્ત્રના નામે બનાવટ શિવાય બીજુ કંઈ નથી.

સર્વજ્ઞ કે વિશિષ્ટ સાતિશયજ્ઞાનીની ગેરહાજરીમાં કોઈ એવો દાવો ન કરી શકે કે 'મને બધું આવડે છે.' એટલે જ બુધ પુરુષોએ *'बालाद् अपि हितं ग्राह्यम्'* આવા સુભાષિતો આપ્યા. જૈનશાસને તો એનાથી આગળ વધીને કહ્યું કે 'જેનું પણ વચન યુક્તિગર્ભિત હોય' તો એ ગ્રાહ્ય છે. પૂ. **હરિભદ્રસૂરિ** મહારાજે પણ આ - જિનવચનનો અનુવાદ કરતાં એ જ કહ્યું કે *'युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः'* યુક્તિમદ્ વચન એટલે જ અનેકાન્તવાદથી ઘટી શકે એવું વચન. આ સ્યાદ્વાદ-અનેકાન્તવાદથી ગર્ભિત જિનવચનનો તલસ્પર્શી અભ્યાસ કરતાં પૂ. **હરિભદ્રસૂરિ** મહારાજને લાગ્યું કે જેમ જૈનશાસનમાં અનેક રીતે યોગ તત્ત્વનું વિશદ વિવેચન ઉપલબ્ધ થાય છે, તેમ જૈનશાસનરૂપી મૂળ સ્રોતમાંથી હાલ તદ્દન વિખૂટી પડેલી જૈનેતર સમ્પ્રદાયોની ધારામાં પણ યોગતત્ત્વનું કિંચિદ્ નિરૂપણ ઉપલબ્ધ થાય છે, જેમાં પાતંજલ યોગપ્રધાન ગ્રન્થ છે. જૈનશાસનની સાંકળથી વિખૂટી પડેલી આ કડીનું પુનઃ જો અનેકાન્તવાદના આશ્રય દ્વારા એની મૂળ સાંકળ સાથે અનુસંધાન કરવામાં આવે તો જૈનેતર વિદ્વાનોને પણ વિશિષ્ટ હિતકર તત્ત્વજ્ઞાનનો લાભ મળે. આવા કોઈક પવિત્ર આશયથી પૂ. **હરિભદ્રસૂરિ** મહારાજે પાતંજલયોગ વગેરે ગ્રન્થના વિષય-માળખાને પ્રતિબિમ્બિત કરતો, જૈનશાસનની વિશિષ્ટ અનોખી શૈલીનું દિગ્દર્શન કરાવતો આ **'યોગદૃષ્ટિ સમુચ્ચય'** ગ્રન્થ રચ્યો છે.

વર્ત્તમાનકાળમાં પૂ. **હરિભદ્રસૂરિ** મ. ના ગ્રન્થોના અભ્યાસનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું દેખાય છે - તેમજ જૈન આગમ-પ્રકરણશાસ્ત્રો - જૈનશાસનની શૈલી વગેરેના અભ્યાસ - અનુભવની ગેરહાજરીમાં એકમાત્ર આ જ યોગગ્રન્થોના અભ્યાસ પાછળ પડેલાઓમાં કંઇક વધુ પડતો અતિરેક થઇ રહેલો પણ નજરે ચઢી રહ્યો છે. તેવા અવસરે **પૂજ્યપાદ શાસ્ત્રમર્મજ્ઞ વિશિષ્ટવિવેકસ્વામી ગુરુદેવ આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** પ્રસાદિત યોગદૃષ્ટિ સમુચ્ચયના વ્યાખ્યાનોરૂપ વિવેચન અનેકરીતે ઉપકારક બની રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રસાદિત વિવેચનના બે ભાગ ઘણા વર્ષો પૂર્વે બહાર પડી ચુક્યા છે. અને એનાથી સિદ્ધ થયું છે કે અનેક જૈનાગમોનો તલસ્પર્શી અભ્યાસ, અનેક પ્રકરણ ગ્રન્થોનું ઊંડાણથી અવગાહન જેણે સારી રીતે કર્યું હોય, એ જ પૂ. હરિભદ્રસૂરિ મહારાજના યોગગ્રન્થોને પૂરો ન્યાય આપી શકે. આ અર્થમાં પૂજયશ્રી ખરેખર **'ન્યાયવિશારદ'** હતા. અનેક જિજ્ઞાસુઓ આજ સુધી એ બે ભાગથી વિશિષ્ટ રીતે લાભાન્વિત બન્યા છે, અને બાકીનું વિવેચન ક્યારે બહાર પડશે એની પ્રતિક્ષામાં વારંવાર પૂછ્યા કરે છે - વિનંતિઓ કરે છે - બાકીનું વિવેચન જલ્દી બહાર પાડવા માટે. એવી કોઇ ધન્યપળ આવી ચુકી અને **પંન્યાસ શ્રી અજિતશેખર વિજયજી**એ આ પ્રશસ્ત કાર્ય હાથમાં લીધું. એ બદલ તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. પૂજયશ્રીના અધૂરા કાર્યને પુરું કરવા માટે પૂજયશ્રીના વિવેચનનું સમ્પાદન કાર્ય તો તેઓએ સુંદર રીતે કર્યું જ છે, પણ લગભગ છેલ્લા પચાસેક શ્લોકો - જેના ઉપરનું પૂજયશ્રીનું વિવેચન ક્યાં તો લેખિતરૂપે કોઇની પાસેથી મળ્યું નહિ, ક્યાં તો અધુરું રહી ગયું હશે - તેનું સાદી-સરળ ભાષામાં, પરંતુ ગ્રન્થને યોગ્ય ન્યાય મળી રહે એ રીતે તેઓએ પૂરું કરીને નિર્મલ યશનું ઉપાર્જન કર્યું છે.

જિજ્ઞાસુ અધિકૃત મુમુક્ષુવર્ગ આવા પવિત્ર ગ્રન્થનું ઊંડાણથી અધ્યયન કરીને આત્મશ્રેય સિદ્ધ કરે એજ મંગલ કામના.



ધન્યવાદ

શ્રી ભાટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘને આ ગ્રંથપ્રકાશનમાં જ્ઞાનદ્રવ્યનો સદુપયોગ કરવા બદલ હાર્દિક અભિનંદન....

ઓં હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર સૂરિભ્યો નમઃ

યોગમંથનની પૂર્વે....

દેવોએ સમુદ્રમંથન કર્યું.... પ્રથમ ઝેર, પછી રત્નો, પછી લક્ષ્મી અને છેવટે જે ઇષ્ટ હતું - તે અમૃત મળ્યું. ધર્મસાધના શરુ કરનારને શરુઆતમાં કંટાળો-ઉદ્વેગ-થાક વગેરે ઝેરનો અનુભવ થાય છે. પણ પછી અર્થપ્રાપ્તિરૂપ રત્નો, કામપ્રાપ્તિરૂપ લક્ષ્મી અને એમાં આગળ વધવાનું ચાલુ રાખતાં છેવટે અજ-અમરપદ દાયક મોક્ષરૂપ અમૃત પ્રાપ્ત થાય છે.

આમ જીવની ધર્મથી આરંભાયેલી પુરુષાર્થ યાત્રાના બે સ્ટેશનરૂપે ભલે અર્થ ને કામ આવે પણ તે ક્ષણભર થોભવાના સ્થાનો નહીં કે કાયમ રોકાવાના ! કેમકે અંતિમ મુકામ-છેલ્લું લક્ષ્યભૂત સ્ટેશન તો મોક્ષ જ છે. અમૃત સુધી મંથન ચાલુ રાખનારા દેવો વિબુધ છે, તો મોક્ષ સુધી ધર્મસાધના ચાલુ રાખનારા મહાવિબુધ છે. માટે જ તો મોક્ષદાયક ધર્મઅનુષ્ઠાન અમૃત અનુષ્ઠાન ગણાય છે.

આ જ વાતને વિચારતા એ વાત સ્પષ્ટ દેખાય છે કે 'ધર્મ' શબ્દ તમામ શુભ પ્રવૃત્તિ-અનુષ્ઠાનો-ક્રિયાઓ વગેરે સાથે જોડાયેલો હોવાથી વ્યાપક છે, જ્યારે માત્ર મોક્ષસાથે જ જોડનારો હોવાથી 'યોગ' શબ્દ વ્યાપ્ય છે. તેથી જ ધર્માનુષ્ઠાનો અચરમાવર્ત્તમાં પણ સુલભ છે, જ્યારે યોગસાધના માત્ર ચરમાવર્ત્તમાં જ સંભવે ! એમ કહી શકાય કે જ્યારે ધર્મસાધનાની ટ્રેન અર્થ અને કામના સ્ટેશન છોડી મોક્ષસ્ટેશનતરફ આગળ વધવા માંડે - ત્યારે તે યોગસાધનારૂપે નામ પામે છે.

આમ બધી ધર્મસાધના યોગરૂપ હોય, એવો નિયમ નથી, તો બધા કહેવાતા ધર્મગ્રંથો પણ યોગગ્રંથો બની શકતા નથી. સ્યાદ્વાદ, અનેકાંતવાદથી રંગાયેલા, મોક્ષના-મોક્ષમાર્ગના સાચા પથદર્શક ગ્રંથો જ આ કોટિપર આવી શકે.

પૂર્વધર મહામુનિકલ્પ સૂરિ પુરંદર **શ્રી હરિભદ્ર સૂરિ** મહારાજ વિશિષ્ટ યોગસાધક હશે, એમ એમને રચેલા યોગવિષયક **યોગદૃષ્ટિસમુચ્ચય** જેવા અનેક ગ્રંથોના તલસ્પર્શી અભ્યાસથી કહી શકાય. આજની ભાષામાં કહીએ, તો ડીસ્કમાં ન હોય, તે સ્ક્રીનપર ન આવે, તેમ જીવનસાધનામાં ન હોય, તે ગ્રંથરચનામાં ન આવી શકે ! ગ્રંથરચના એ જીવનસાધનાનું દર્પણ છે.

૧૪૪૪ ગ્રંથના પ્રણેતા પૂજ્ય આચાર્યદેવ **હરિભદ્રસૂરિ મહારાજે** રચેલા ગ્રંથોમાં યોગની ઝલક સહજ જોવા મળે. પણ એ બધામાં માત્ર યોગપ્રક્રિયાપર જ આધારિત **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથ અવ્વલ સ્થાને બિરાજે છે.

યોગની આઠ દૃષ્ટિના વિશદીકરણદ્વારા સાધક જીવોની જૂદી જૂદી યોગભૂમિકામાં મનોવૃત્તિ, ગુણપ્રાપ્તિ, દોષહાનિનું અદ્‌ભુત નિરુપણ કરી તેઓએ ખરેખર તો આપણી સામે અરિસો જ ધરી દીધો છે - ભઇલા ! તું જરા તને જોઇ લે ! તું યોગની કઇ દૃષ્ટિ પર પહોંચ્યો છે - કે હજી રસ્તે જ ભટકે છે ?

જેઓ પ્રત્યેક ધર્મસાધનામાંથી યોગની અનુભૂતિ મેળવી શકતા હોય, તેવા યોગમય બનેલા સાધકો જ આવા વિશિષ્ટ ગ્રંથોના હાર્દને પામી શકે છે, માણી શકે છે, ગુણકર થાય એ રીતે પચાવી શકે, અને એ અનુભૂતિના અત્તરની સુવાસ પ્રવચનાદિ વિનિયોગ માધ્યમથી સર્વત્ર રેલાવી શકે. આગમ-અનુમાન અને યોગાભ્યાસરસથી કહો કે શ્રુત-ચિંતા-ભાવનાજ્ઞાનના માધ્યમથી કહો આ યોગરસાયણ પામી-માણી-પચાવી-ફેલાવી શકાય.

અપ્રમત્ત સાધનાદ્વારા જેઓએ જીવનની દરેક ક્ષણને અને ધર્મની દરેક પ્રવૃત્તિને યોગરૂપ બનાવી દીધેલી, તેથી જેઓની પ્રત્યેક પળ યોગજીવંત હોવાના કારણે જ આંતરે-આંતરે જૂદા-જૂદા સમયે બનેલા મહત્ત્વના પ્રસંગોથી ગુંથાયેલી બાયોડાટા તૈયાર કરવી પ્રાયઃ શક્ય નથી, એવા યોગરહસ્યમનીષી ન્યાયવિશારદ ભવોદધિત્રાતા પૂજ્યપાદ પરમગુરુદેવશ્રી વિજય **ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ**ને આ **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથ અત્યંત પ્રિય હતો. વર્ષો સુધી એના રહસ્યાર્થો પર ચિંતન-મનન કર્યું. પછી યોગેચ્છુક ભવ્યાત્માઓ આ ગ્રંથના રહસ્યને પામી સાચી યોગસાધનામાં આગળ વધે, એવી શુભભાવનાથી સરળ-પ્રવાહી અને છતાં તત્ત્વચિંતનોના મોતીઓથી પરોવાયેલી શૈલીમાં પ્રવચનો કર્યા. એ પ્રવચનોનો કેટલોક ભાગ **યોગદૃષ્ટિસમુચ્ચય** ભાગ-૧, ભાગ-૨ તરીકે પ્રકાશિત થઇ ચૂક્યા છે-લોકચાહના મેળવી ચૂક્યા છે.

તેઓશ્રીએ આપેલા પ્રવચનોનો પછીનો અમુક ભાગ પ્રકાશિત થવો બાકી હતો. યોગેચ્છુક, અને પૂજ્યશ્રીના અનુભવરમ્ય શૈલીના ગ્રંથોના વાંચનેચ્છુક વર્ગની એમાટેની માંગ સતત વર્ધમાનભાવે આવતી રહેતી હતી.

કો'ક અકલ્પ્યક્ષણે પૂજ્યપાદ પરમોપકારી, સિદ્ધાંતદિવાકર તત્ત્વમાર્ગે પૂર્વાચાર્યોની યાદ અપાવી દેતી પ્રતિભાના સ્વામી ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાનો મારાપર આદેશ આવ્યો કે 'આપણા પરમ તારક ગુરુદેવશ્રીના **યોગદૃષ્ટિસમુચ્ચય** અંગેના અપૂર્ણ રહેલા કાર્યને તમે પૂર્ણ કરો.' મેં એ પત્રનું સરનામું ફરીથી જોયું - કદાચ બીજા કો'ક મહામુનિનો પત્ર મારા પર આવી ગયો હશે ! સરનામું તો બરાબર હતું. મેં પત્રની શરુઆત જોઇ - મને જ ઉદ્દેશીને હતી. મેં મને ચીમટી ભરી, 'હું જાગું છું' એની ખાતરી થઇ. હવે મુંઝાણો ! કિંકર્ત્તવ્યમૂઢ બન્યો ! પત્ર લખ્યો - આ ખરેખર આદેશ છે ? કે મને પ્રમાદઉંઘમાંથી જગાડવા માટે એક સૂચનમાત્ર છે ? પણ ફરી પત્રદ્વારા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીનો સ્પષ્ટ આદેશ આવ્યો, એટલું જ નહીં, યોગ-પ્રયોગના સંયોજક પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ તૈયાર કરેલું ૯૦ શ્લોક સુધીનું વિવેચન, પૂ. મુનિશ્રી **કલ્પરત્નવિજયજી મહારાજે** એ પછીની ગા. ૧૭૪ સુધીના પ્રવચનનું કરેલું અવતરણ વગેરે બધું સાહિત્ય મારાપર મોકલી આપ્યું. હવે હું છટકી શકું એમ ન હોતો.

યોગસાધનાના રસાસ્વાદ કરાવતાં આ સાહિત્યને જોવા બેઠો. મુંઝાયો... ક્યાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનુભવરમ્ય લેખિની, ને ક્યાં મારા જેવા ક્ષુલ્લકની કલમ ! ખરેખર ફજેતો થવાનો ! ગભરામણ ચાલુ થઇ... અંતે અરિહંતોનું શરણું લઇ, બધા પૂર્વાચાર્યોને સ્મરણમાં લાવી, ગ્રંથરચયિતા

સમદર્શી પૂજ્ય આચાર્યદેવ **શ્રી હરિભદ્રસૂરિ મહારાજને** પ્રણામ કરી, સુગૃહીત ગુરુપરંપરાના ચરણે માથુ ઝુકાવી 'શાસનદેવો રક્ષતુ મે યશઃ' ની પ્રાર્થના કરી ને કલમ મેં નહીં, પૂજ્યપાદ ગુરુદેવે જ પકડી છે, એવી મનોમન કલ્પના કરી અવતરણોના શબ્દો પકડી વિવેચનના માર્ગે ચાલવાનું શરું કર્યું. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના અદશ્ય સાંનિધ્યે - એમના જ પુણ્યપ્રભાવે લખાણ પૂર્ણ થયું. શ્લોક છપ્પન સુધીનું વિવેચન પ્રથમ બે ભાગમાં પ્રકાશિત થયેલું. તે પછી શ્લોક ૯૦ સુધીનું વ્યવસ્થિત વિવેચન તૈયાર હતું. એ પછીના શ્લોકોમાટે મેં અવતરણની નોટોના શબ્દોને મારા શબ્દોમાં ઉતારવા પ્રયત્ન કર્યો. ગુરુદેવે તો પોતે મંથન કરી જે નવનીત તૈયાર કર્યું હતું, તે પીરસ્યું છે, જ્યારે વાચનાના શબ્દોમાં રહેલા ગુરુદેવશ્રીના હૃદયને-ચિંતનને પામવા પ્રયત્નશીલ મેં માત્ર શબ્દોનો જ સહારો લીધો છે. તેથી ઉદ્‌ભવતો સ્પષ્ટ ફરક વાંચકવર્ગ તરત જ નોંધી શકશે. ગા. ૧૭૪ પછી તો મને પૂ. ગુરુદેવશ્રીના વાચનામાં નોંધાયેલ શબ્દોનો પણ સહારો મળ્યો નહીં, એટલે કે સીધા ચઢાણ ચાલુ થયા. પદાર્થો ઉત્તરોત્તર વધુ સૂક્ષ્મ, અનુભવગમ્ય ને યોગીસહજ આવતા જાય, ને મારીપાસે જ્ઞાન, અભ્યાસ ને અનુભવની કંગાલિયતતા.... તેથી એ સૂક્ષ્મતમ પદાર્થોને વિશેષ તલસ્પર્શી અનુભવગમ્ય બનાવી આલેખવાની ક્ષમતા વિનાના મેં માત્ર શાબ્દિક અનુવાદરૂપે જ ઉતારવાની કોશિશ કરી છે. કેટલેક સ્થળે જે થોડો ઘણો વિસ્તાર કર્યો છે, તે પણ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વાંચેલા કેટલાક પુસ્તકો, સાંભળેલા પદાર્થોની ઝાંખી ઝાંખી યાદના આધારે છે. તેથી ઉત્કૃષ્ટ પદાર્થોનું સાવ ચીલાચાલુ અર્થમાત્ર અનુવાદન છે, તે સુજ્ઞ વાચકો તરત જ પારખી લેશે... પણ તે માટે ક્ષમા માંગવા સિવાય મારી પાસે બીજો કોઇ બચાવ નથી.

યોગવિષયક ગ્રંથમાં ડહાપણ ડોળવામાં ક્યાંક બફાટ તો થઇ ગયો નથી ને ! એવો ડર સતત રહેતો. તેથી પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાપૂર્વક આ લખાણ વિદ્વદ્વર્ય, સૂક્ષ્મતત્ત્વઅન્વેષક, યોગ અને યોગગ્રંથોના વિશિષ્ટ અનુભવી પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી જયસુંદર વિજયજી ગણિવર મહારાજ** પર સંશોધનાર્થે મોકલ્યું.

તેઓશ્રીએ પણ ઉદારતાથી સમય ફાળવી સૂક્ષ્મ સંશોધન કરી, યોગ્ય સુધારાઓ સૂચવી અનહદ ઉપકાર કર્યો છે, અને ગ્રંથને આદેયરૂપતા બક્ષી છે.

'પુરોવચન' લખી આપી ઉપકારના શિખર પર ધજા ફરકાવી છે. તેઓશ્રીનો હું અત્યંત ઋણી છું.

અત્યંત બાહોશ બેંજામીન, ફ્રેંકલીન એક ઊંચી પોસ્ટ પરથી નિવૃત્ત થયા. એ પોસ્ટ પર જેફરસનની નિમણુંક થઇ. એક પત્રકારે જેફરસનને અભિનંદન આપતા કહ્યું - ફ્રેંકલીનના સ્થાને આપ આવ્યા છો તે બદલ અભિનંદન ! ત્યારે જેફરસને કહ્યું - દોસ્ત ! એમના સ્થાને આવવાની મારી હેસિયત નથી, હું એમના સ્થાને નહીં, એમના અનુગામી તરીકે આવ્યો છું.

બસ, મારે પણ એ જ કહેવાનું છે, યોગના વિવેચનના વિષયમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું સ્થાન અનન્ય હતું, મારું વિવેચન એમના સ્થાને નથી. મારી એ હેસિયત નથી. મેં માત્ર અનુગામી -

શબ્દોના પગલે પગલે ચાલવાનું કામ કર્યું છે.

પૂજ્યપાદ ભવોદધિત્રાતા અનંતોપકારી ગુરુદેવશ્રી - આ. દે. શ્રી. વિ. **ભુવનભાનુ સૂરીશ્વરજી** મહારાજ, પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ **શ્રી જયઘોષ સૂરીશ્વરજી** મહારાજ, પૂજ્યપાદ આગમજ્ઞ સહજાનંદી આ.દે.શ્રી.વિ. **ધર્મજિત સૂરીશ્વરજી** મહારાજ, પૂજ્યપાદ દક્ષિણ મહારાષ્ટ્ર પ્રભાવક સૂરિમંત્ર સમારાધક આ.દે.શ્રી. વિ. **જયશેખર સૂરીશ્વરજી** મહારાજ તથા પૂજ્યપાદ વિશિષ્ટ પ્રતિભાસંપન્ન વિદ્વદ્વર્ય પંન્યાસપ્રવર **શ્રી અભયશેખર વિજયજી ગણિવર** મહારાજ. આ સુગૃહીત નામધેય ગુરુપરંપરા જ આ ગ્રંથના ઉપાદેયઅંશના યશભાગી છે.

જે કંઇ અશુદ્ધિ, જિનાજ્ઞાબાહ્ય, ગ્રંથકારઆશયને અનનુરૂપ તથા પ્રવચન-વાચનાદાતા પૂજ્યપાદ ગુરુદેવશ્રીના અભિપ્રાય સાથે સંગત નહીં થતું સંપાદનક્ષેત્રે કે વિવેચન-અનુવાદક્ષેત્રે થયું હોય, તે બધામાં મારી મતિમંદતા અને મારો પ્રમાદ કારણભૂત છે. અને તે માટે હું હાર્દિક ક્ષમા યાચું છું.

શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક તપગચ્છ સંઘે જ્ઞાનદ્રવ્યનો સદુપયોગ કરી આ ગ્રંથપ્રકાશનમાં પૂર્ણ અર્થસહયોગ આપ્યો છે, તેથી ધન્યવાદપાત્ર છે.

હીંકાર પ્રિન્ટર્સના હેમલભાઇ સુંદર અને શીઘ્ર પ્રિન્ટીંગ માટે ધન્યવાદ પાત્ર છે.

મહાસુદ ૧૩, સંવત ૨૦૫૬,
સૂરિ પ્રેમ દીક્ષા શતાબ્દિવર્ષ
જવાહરનગર - ગોરેગાંવ

અજિતશેખર વિજય

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

વિષયાનુક્રમ

	પૃષ્ઠ
૪થી દીપ્રા દૃષ્ટિ	**૧ થી ૨૦૯**
પ્રાણાયામ યોગાંગ	૧
(i) દ્રવ્ય પ્રાણાયામ	૧
(ii) ભાવ પ્રાણાયામ	૨
(a) બહિરાત્મભાવનું રેચક, અંતરાત્મભાવનું પૂરક, પરમાત્મભાવનું કુંભક	૩
(b) ભાવના શી રીતે વધે ?	૫
ઉત્થાન દોષ ત્યાગ	૬
વિહ્વળતા ટાળવા વિચારણા	૭
તત્ત્વશ્રવણ	૮
(i) શ્રવણ વિધિ	૮
(ii) શ્રવણ ક્ષિનભર કરે એના લાભ	૮
ભાવ પ્રાણાયામનો પ્રભાવ-ધર્મખેવના	૯
(i) ધર્મખાતર પરપ્રીતિ-પ્રાણત્યાગ	૧૦
(ii) પ્રાણસંકટમાં પણ ધર્મત્યાગ નહીં	૧૨
(iii) ધર્મનું મહત્ત્વ કેમ ? ધર્મ જ મિત્ર છે	૧૩
(iv) ધર્મ પરલોકમાં કેવી રીતે સાથે આવે ?	૧૩
સદાશયનો પ્રભાવ	૧૪
તત્ત્વશ્રવણનો ગુણ	૧૫
(i) ખારાપાણી જેવા ભવયોગોને છોડો	૧૭
(ii) તત્ત્વશ્રવણથી સમસ્ત કલ્યાણ	૧૯
(iii) આત્માનું જ્ઞાન કેવું ?	૨૧
(iv) તત્ત્વશ્રવણ તત્ત્વદૃષ્ટિ ઊભી કરી આપે	૨૨
ગુરુભક્તિ એ કલ્યાણ શી રીતે?	૨૨
(A) ગુરુભક્તિનું અત્યુત્તમ ફળ	૨૩
(B) ગુરુને આરાધવા એટલે શું ?	૨૪
(C) ગુરુભક્તિથી પરમાત્મધ્યાન	૨૫
(D) પુણ્યકર્મ બે પ્રકારના	૨૭
(E) પાપાનુબંધો શી રીતે મોળા પડે ?	૨૮
(F) પુણ્ય-પાપાનુબંધી કે પુણ્યાનુબંધી	૨૯
(G) ગુરુભક્તિથી મોક્ષ	૩૦
સૂક્ષ્મબોધ	૩૦
(અ) આત્મતત્ત્વનો હેતુ-સ્વરૂપ-ફળથી વિચાર	૩૧
(i) કેવળજ્ઞાન-કેવળદર્શનમાં બે રીતે પરિવર્ત્તન	૩૨
(બ) સૂક્ષ્મબોધ થાય કેવી રીતે ?	૩૫
(ક) બોધ સૂક્ષ્મ કયા નિમિત્તે ?	૩૬
(i) સૂક્ષ્મબોધ ભવોદધિઉદ્ધારક	૩૬
(a) લોકોત્તર પ્રવૃત્તિથી જ ભવપાર	૩૭
(ii) જ્ઞેયમાત્રપર વ્યાપી જનાર-સૂક્ષ્મબોધ	૩૮
(iii) કર્મવજ્રનું ભેદન કરનાર	૩૯
લોકોત્તર ધર્મના ભાવ એટલે ?	૪૦
દીપ્રાદૃષ્ટિમાં બોધ છાયાભાસતુલ્ય	૪૧
અપાયશક્તિ માલિન્ય	૪૨
સાધનામાટે માથે અનંતજ્ઞાનીનું બંધન પહેલું	૪૩
સૂક્ષ્મબોધ-ધન સુખસાધન નહીં, દુર્ગતિકારણ	૪૪
અતાત્ત્વિક અપાય દર્શન	૪૫
તપ્તલોહપદન્યાસસમ પાપપ્રવૃત્તિ	૪૭
નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદ	૫૦
(a) સંવેગ હોવાથી પાપવૃત્તિ હ્રાસ	૫૧
(b) વેદ્યસંવેદ્યપદવાળાને દુર્ગતિમાં પણ માનસિક દુઃખ નહીં	૫૨
અવેદ્યસંવેદ્યપદ મિથ્યાદૃષ્ટિનું આશયસ્થાન	૫૩
વેદ્યસંવેદ્યપદનો અર્થ	૫૩
(a) સ્ત્રી શરીર પંડિતને પણ ભૂલાવે, માટે નરક દ્વાર	૫૪
(b) વેદ્યસંવેદ્યપદની બલિહારી જીવનમાં જાગૃતિ	૫૬
(c) ઇન્દ્રિયો આત્માની ભાવશત્રુ	૫૮
(d) સમ્યગ્દર્શન માટે મુખ્ય (I) મહા વૈરાગ્ય	૬૦
(a) ભર્તૃહરિનું દૃષ્ટાંત	૬૦
(2) સર્વજ્ઞવચનપર શ્રદ્ધા	૬૧
અવેદ્યસંવેદ્યપદ એકાંતવાદ	૬૨
(a) આ પદ ઉપપ્લવસાર	૬૪
(b) અવેદ્યસંવેદ્યપદ ભવાભિનંદીને	૬૪
(c) અવેદ્યસંવેદ્યપદ સમારોપ સમાકુલ	૬૫
(d) સમ્યગ્દૃષ્ટિની સમજ	૬૫
ભવાભિનંદીના ૮ લક્ષણ	૬૬
(i) ક્ષુદ્રતા	૬૬
(ii) લાભરતિ	૬૮
(iii) દીન	૬૮
(iv) મત્સરી	૬૯
(v) ભયવાન	૭૦
(vi) શઠ	૭૧
(vii) અજ્ઞતા	૭૨

(viii) નિષ્ફળારંભસંગત ૭૩
બોધની સુંદરતા અસુંદરતા પરિણતિપર ૭૪
(A) બૌદ્ધમત સમીક્ષા ૭૫
(B) પરિણતિપર ભાર મુકવાના બે કારણ ૭૭
(C) પરિણતિને સુધારવાની ચાવી
-આશ્રવને સંવર બનાવો ૭૭
(D) અસત્ પરિણતિ - ઊભા થવાના સ્થાનો ૭૯
અવેદ્યસંવેદ્યપદ વિપર્યાસપ્રધાન ૮૦
(i) હૈયામાં જૈનશાસન વણાયું એટલે ? ૮૦
(ii) વિપર્યાસવાળો હિતાહિત જોવામાં અંધ ૮૧
(iii) માત્ર વર્ત્તમાનદર્શી - માટે ખેદવાળો ૮૧
સંસારના ઉપદ્રવો ૮૩
સંસારપર કંટાળો ન આવવાના કારણો ૮૪
મિથ્યામતિ શું કરાવે ? ૮૫
ભોગરસિકોમાટે ખરજવાનું દષ્ટાંત ૮૭
ભવાભિનંદી જીવોને વિષયતૃષ્ણાની ખરજ ૮૮
ભવાભિનંદીઓની અસત્ ચેષ્ટાઓ ૯૧
ભવાભિનંદી જીવની અવિચારશીલતા ૯૧
ધર્મનું પ્રધાન બીજ - કર્મભૂમિમાં માનવભવ ૯૨
(a) 'કર્મભૂમિ'નો અર્થ ૯૩
(b) વિષયાંધોને ધર્મ-ખેતી ન સૂઝે ૯૩
(c) વિષયાંધોની માંસગૃદ્ધ માછલી જેવી સ્થિતિ ૯૫
(d) જ્ઞાનીનું કિંમતી સૂચન - કર્મદોષ જૂઓ ૯૬
(e) અજ્ઞાન જ ભયંકર ૯૭
(f) જ્ઞાનની બલિહારી - મહત્તા ૯૭
સત્સંગ-આગમથી અવેદ્યસંવેદ્યપદ જીતો ૯૯
(a) અયોગ્યને પ્રેરણા નથી કરાતી ૧૦૧
અવેદ્યસંવેદ્યપદપર જીત-કુતર્કગ્રહનિવૃત્તિ ૧૦૧
(i) કુતર્કની પકડ પશુતા કેમ ? ૧૦૨
(ii) કુતર્ક જીતવાના ઉપાય ૧૦૩
(a) મોહયોગ ટળે - જ્ઞાનયોગ મળે તેના લાભ ૧૦૩
(iii) કુતર્ક કયા ગુણોનો નાશક ૧૦૪
(અ) બોધરોગ ૧૦૫
(બ) શમાપાય ૧૦૫
(ક) શ્રદ્ધાભંગ ૧૦૬
(A) શ્રદ્ધાવિનાનું શાસ્ત્રપઠન જોખમી ૧૦૬
(ડ) અભિમાનકૃત ૧૦૭
(iv) સમ્યગ્અભિમાન - સમ્યક્ત્વવગેરેનું ૧૦૮
(v) મુક્તિવાદીમાટે કુતર્કગ્રહત્યાગ આવશ્યક ૧૦૯
(vi) મહાત્માઓના સદ્અભિનિવેશસ્થાનો ૧૧૦
(a) શ્રુતનો સદ્ અભિનિવેશ ૧૧૦
(b) શીલનો સદ્ અભિનિવેશ ૧૧૨
(c) સમાધિનો સદ્ અભિનિવેશ ૧૧૩
(અ) સ્તોત્રપાઠ બોલવાનો ઢંગ ૧૧૪
(બ) જપયોગ ૧૧૫
(ક) ધ્યાન-સમાધિ ૧૧૫
(ડ) શ્રુતાદિનું બીજ - પરાર્થકરણ ૧૧૬
(1) પરાનુપઘાતથી પરાર્થકરણ ૧૧૬
(2) પરાર્થકરણ કેમ અવન્ધ્યબીજ ૧૨૦
(vii) કુતર્કની અસારતા ૧૨૧
(a) આવિદ્યા શું છે ? ૧૨૧
(b) વિકલ્પો બે પ્રકારના ૧૨૨
(c) કુતર્કો બધા જાતિપ્રાય ૧૨૩
(d) કુતર્કનો છેડો - સ્વભાવવાદ ૧૨૫
(e) સ્વભાવમાં નિર્ણાયક - સોગંદ ૧૨૭
(f) કુતર્કો દષ્ટાંતપ્રધાન ૧૨૭
(g) વિજ્ઞાનવાદની અયોગ્યતા ૧૨૮
(h) કુતર્કો અતીન્દ્રિયાર્થોમાટે નિરુપયોગી ૧૩૧
અતીન્દ્રિયાર્થો આગમગમ્ય ૧૩૨
કોણ અતીન્દ્રિયાર્થોને જાણે ? ૧૩૩
(અ) આગમને આગળ કરનાર વીતરાગને આગળ કરે છે ૧૩૩
(બ) સત્શ્રદ્ધ જ પ્રાજ્ઞ છે ૧૩૫
(ક) શીલવાન = પરદ્રોહત્યાગી ૧૩૫
(ડ) યોગતત્પરને આનંદ શેમાં ? ૧૩૫
ઉત્તમતત્ત્વ પામવાના ત્રણ ઉપાય-પતંજલિ ૧૩૬
પતંજલિ કેમ મહામતિ ૧૩૬
(1) પ્રજ્ઞામાટે પ્રથમ આગમશ્રવણ ૧૩૬
(2) આગમશ્રવણ પછી અનુમાન ૧૩૭
(3) અનુમાન પછી યોગાભ્યાસરસ ૧૩૮
તત્ત્વથી સર્વજ્ઞ એક છે ૧૩૯
(અ) કોઇ વિશેષથી સર્વજ્ઞને સ્વીકારી ન શકે ૧૪૧
(બ) સર્વજ્ઞતાસિદ્ધિ ૧૪૧
(ક) સામાન્યથી સર્વજ્ઞતાપ્રતિપત્તિ સર્વત્ર સમાન ૧૪૩
(ડ) નામાદિભેદમાં પણ સર્વજ્ઞતામાં અભેદ ૧૪૪
(ઇ) મહાત્મા-મોહાત્માવચ્ચે ભેદ ૧૪૫
(પ) સર્વજ્ઞતાનો દ્રવ્ય-ભાવ સ્વીકાર ૧૪૬
(ફ) સંસારી-મુક્ત દેવોની ભક્તિમાં ભેદ ૧૪૭
(a) કોણ કોની ભક્તિ કરે ? ૧૪૭
(b) લૌકિકદેવોની ભક્તિ વિવિધપ્રકારે ૧૪૮
(c) અલૌકિકદેવોની ભક્તિ ઉપશમમાટેની ૧૪૯
(d) સ્થિતપ્રજ્ઞતા-સ્થિરપ્રજ્ઞતા ૧૫૦
(e) ભક્તિમાં વિવિધતામાં હેતુ ૧૫૧

(f) ઇષ્ટા-પૂર્ત્તનું સ્વરૂપ ૧૫૧
(g) ફળાભેદમાં હેતુ - આશયભેદ ૧૫૨
(h) આશયભેદમાં કારણ રાગાદિ ૧૫૩
(i) ત્રણ પ્રકારના બોધ ૧૫૪
(૧) ઇન્દ્રિયાર્થગ્રાહી બુદ્ધિ ૧૫૪
(૨) જ્ઞાનબોધ આગમપૂર્વક ૧૫૬
(૩) અનુષ્ઠાનયુક્ત જ્ઞાન અસંમોહ ૧૫૬
(I) રત્નનું દૃષ્ટાંત ૧૫૭
(II) સદનુષ્ઠાનનાં સાત લક્ષણ ૧૫૮
(i) આદર ૧૫૮
(ii) પ્રીતિ ૧૫૯
(iii) અવિઘ્ન ૧૫૯
(iv) સંપદાગમ ૧૬૧
(v) જિજ્ઞાસા ૧૬૩
(vi) તજ્જ્ઞસેવા ૧૬૩
(vii) તદનુગ્રહ ૧૬૩
(III) બુદ્ધિપૂર્વકના કાર્યો સંસારફળક ૧૬૫
(IV) જ્ઞાનપૂર્વકના કાર્યો મોક્ષાંગરૂપ ૧૬૫
(અ) શ્રુતશક્તિનો અર્થ છે આગમશક્તિ ૧૬૬
(V) ભવાતીતાર્થયાયીઓની અસંમોહપ્રવૃત્તિ ૧૬૮
(અ) ભવાતીતાર્થયાયીઓનું લક્ષણ ૧૬૯
(બ) વિષયોથી અલિપ્ત રહેવાના ઉપાય ૧૬૯
(ક) મનની સ્થિરતાપર શેઠપુત્રનું દૃષ્ટાંત ૧૭૦
(ડ) મોક્ષમાર્ગ એક જ શમપરાયણ ૧૭૨
નિર્વાણ શબ્દથી ભેદ-અર્થથી એક ૧૭૩
(1) સદાશિવ ૧૭૪
(2) પરંબ્રહ્મ ૧૭૪
(3) સિદ્ધાત્મા ૧૭૪
(4) તથાતા ૧૭૫
નિર્વાણના ત્રણ લક્ષણ ૧૭૬
(1) નિરાબાધ ૧૭૬
(2) નિરામય ૧૭૬
(3) નિષ્ક્રિય ૧૭૬
પ્રાજ્ઞો શબ્દભેદમાટે લડે નહીં ૧૭૭
અસંમોહથી નિઃસંગદશા ૧૭૮
સર્વજ્ઞપૂર્વકનો માર્ગ સરળ - ટૂંકો ૧૭૯
સર્વજ્ઞ દેશનાભેદના કારણો ૧૮૦
(1) દેશના શિષ્યોને અનુરૂપ ૧૮૦
(2) ભય-ભોગને ઉદ્દેશી નિત્ય-અનિત્ય દેશના ૧૮૦
(3) દ્રવ્ય-પર્યાયદૃષ્ટિની સાર્થકતા ૧૮૧
(4) ઉપદેશ ભાવરોગ દૂર કરવા ૧૮૨
(5) કોઇનો પણ તિરસ્કાર યોગબાધક ૧૮૨
(6) જૈનમતે ત્રણ પ્રકારના શ્રોતા ૧૮૩
(7) કક્ષામુજબ દવા અને ઉપદેશ ૧૮૪
(8) દેશનાનો આશય સાનુબંધ બીજાધાન ૧૮૪
(ક) સત્પ્રશંસા બીજ છે ૧૮૪
(બ) ધર્મના અંકૂરો વગેરે ૧૮૫
(ગ) સાનુબંધ બીજાધાન એટલે ૧૮૬
(9) એક જ દેશના શ્રોતાભેદે ભિન્ન ૧૮૬
(10) દેશનાથી યથાભવ્ય ઉપકાર ૧૮૭
(11) વક્તાના પુણ્યની જરૂરત ૧૮૭
(12) તથાભવ્યત્વના આધારે બોધ ૧૮૮
(13) કાલભેદથી નયભેદે દેશનાભેદ ૧૮૮
સર્વજ્ઞપ્રતિપક્ષેપ અનર્થકારી ૧૮૯
(૧) ચંદ્રના દૃષ્ટાંતથી છદ્મસ્થોમાટે સાવધાની ૧૯૦
(૨) આર્યાપવાદ જિહ્વાછેદથી પણ ભયંકર ૧૯૧
(૩) સાધુઓ કુદૃષ્ટિવાળું ન બોલે ૧૯૨
(૪) માર્ગાનુસારિતા = તત્ત્વાનુસારિતા ૧૯૨
(૫) યોગિજ્ઞાનવિના અતીન્દ્રિયાર્થનિર્ણય અશક્ય ૧૯૩
(૬) અતીન્દ્રિયાર્થો અનુમાનનો વિષય નથી ૧૯૪
(૭) હેતુવાદથી અર્થનિર્ણય ન થાય ૧૯૫
(૮) શરીર-ઇન્દ્રિય-મનનો રાજા આત્મા ૧૯૫
(૯) મન-ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનો કીમિયો ૧૯૫
(૧૦) મુમુક્ષુએ શુષ્કતર્કનો ત્યાગ કરવો ૧૯૭
(૧૧) મહાપુરુષોના માર્ગે ચાલો ૧૯૯
(A) પરપીડાનો ત્યાગ ૨૦૦
(B) પરાર્થકરણ ૨૦૦
(C) પૂજ્યોની પૂજા ૨૦૧
(i) મનના ત્રણ દૂષણો ૨૦૩
(ii) ઔદયિકભાવોમાંથી ક્ષયોપશમભાવમાં આવો ૨૦૫
(iii) બંધન તોડવાના બે ઉપાય ૨૦૬
(D) પાપીપર પણ અનુકંપા ૨૦૬
(i) પાપીના દ્વેષથી પોતાને નુકસાન ૨૦૭
(ii) દ્વેષથી બચવા ઉપબૃંહણા ગુણ ૨૦૮
ઉત્તમ ધર્મ પાપસ્થાનોથી બચાવે છે ૨૦૯
પાંચમી સ્થિરા દૃષ્ટિ ૨૧૦ થી ૨૪૬
૧ વેદ્યસંવેદ્યપદ વિવરણ ૨૧૦
૨ મિથ્યામતનું આકર્ષણ નહીં ૨૧૧
૩ હિતાહિતના કાટલા બદલાયા ૨૧૨
૪ 'કુછ નહીં' મંત્ર ૨૧૨
૫ અતિચારથી બચો ૨૧૩
૬ પ્રત્યાહાર યોગાંગ ૨૧૪

૭ ભ્રાન્તિદોષ ત્યાગ ૨૧૫
૮ સૂક્ષ્મબોધ ૨૧૫
૯ ગુરુવચનમાં હિત ૨૧૬
૧૦ સંસારચેષ્ટા = બાળકની ધૂળક્રીડા ૨૧૬
૧૧ બાહ્યભાવો મૃગજળઆદિ જેવા ૨૧૭
૧૨ કીચડમાં પડ્યા ન રહો ૨૧૮
૧૩ વિવેકનો પ્રભાવ ૨૧૮
૧૪ શ્રેષ્ઠતત્ત્વ કેવળજ્યોતિ ૨૧૯
૧૫ આ જ્યોતિ નિરાબાધ છે ૨૨૦
૧૬ શેઠનું દૃષ્ટાંત ૨૨૧
૧૭ પુદ્ગળના ખેલમાં લેપાવાનું નહીં ૨૨૨
૧૮ વિવેકી ધીર સ્થિતપ્રજ્ઞ બને ૨૨૩
૧૯ આ પણ ટકવાનું નથી ૨૨૪
૨૦ ઇન્દ્રિયો કરોડપતિની વહેલ કન્યા જેવી ૨૨૫
૨૧ ઇન્દ્રિયોને રોકે, તે પ્રત્યાહારપર ૨૨૫
૨૨ નિર્મળ ચિત્તસ્વરૂપનું ધ્યાન ૨૨૬
૨૩ ઇન્દ્રિય-મનને આત્માભિમુખ બનાવો ૨૨૭
૨૪ તત્ત્વતઃ અંતઃ પરિશુદ્ધિ ૨૨૭
૨૫ ગરીબીથી જોડાયેલી લક્ષ્મી નકામી ૨૨૮
૨૬ શેઠે લક્ષ્મીને કાઢી ૨૨૮
૨૭ ગરીબ-શ્રીમંત સાદુભાઇઓ ૨૨૯
૨૮ વિષયો પાપના પોટલા મુકતા જાય છે ૨૩૦
૨૯ ધર્મપ્રાપ્ત ભોગ પણ પ્રાયઃ અનર્થક ૨૩૦
૩૦ ભગવાનના ભોગો પાપકારી નહીં ૨૩૧
૩૧ ભોગથી તૃપ્તિ ક્ષણિક ૨૩૨
૩૨ આ દૃષ્ટિવાળાના ગુણો - (૧) અલોલતા ૨૩૩
(૨) આરોગ્ય (૩) અનિષ્ઠુરતા ૨૩૪
(૪) શુભ ગંધ (૫) મળ-મુત્ર અભિભત્સ ૨૩૫
(૬) કાંતિમય શરીર ૨૩૫
(૭) પ્રસાદયુક્ત ૨૩૫
(૮) સૌમ્યવાણી ૨૩૬
(૯) નિષ્પન્ન યોગિતા-મૈત્ર્યાદિભાવના ૨૩૭
(૧૦) વિષયોમાં અપ્રવૃત્ત ચિત્ત ૨૩૭
(૧૧) પ્રભાવયુક્તતા ૨૩૮
(૧૨) ધૈર્ય - ધૈર્યમાટેનો પ્રસંગ ૨૩૮
(૧૩) સુખ-દુઃખ દ્વન્દ્વોથી મુક્ત ૨૩૯
(૧૪) આત્મહિતરૂપ અભીષ્ટની પ્રાપ્તિ ૨૩૯
આત્મહિતમાટે પ્રભુકૃપા + પુરુષાર્થ જોઇએ ૨૪૦
દર્શન કેવી રીતે કરશો ? ૨૪૦
(૧૫) લોકપ્રિયતા ૨૪૧
વઢકણી ડોશી ને ગંભીર વહુ ૨૪૧
અચ્ચુંકારી ભટ્ટા ૨૪૨
ક્ષમાભાવમાટે ઉપેક્ષાભાવ આવશ્યક ૨૪૩
(૧૬) દોષવ્યપાય ૨૪૪
(૧૭) પરમતૃપ્તિ ૨૪૫
(૧૮) ઔચિત્યયોગ ૨૪૫
(૧૯) મોટી સમતા (૨૦) વેરાદિનો નાશ ૨૪૬
(૨૧) ઋતંભરા પ્રજ્ઞા ૨૪૬
છઠ્ઠી કાંતા દૃષ્ટિ ૨૪૭ થી ૨૬૧
બીજાને પ્રીતિ ૨૪૭
ધારણા યોગાંગ ૨૪૯
અન્યમુદ્ દોષત્યાગ ૨૫૦
મીમાંસા ગુણ ૨૫૧
ધર્મમાહાત્મ્ય ૨૫૨
શ્રુતધર્મમાં મનોરતિ ૨૫૪
ભોગો ભવનું કારણ નહીં ૨૫૪
માયાજળનું દૃષ્ટાંત ૨૫૫
માયાજળ જેવા ભોગોમાં નિર્લેપ ૨૫૫
ભોગમાં તત્ત્વ જોનારાની હાલત ૨૫૬
મીમાંસાથી મોહનાશ ૨૫૮
તત્ત્વવિચારણાની મજા ૨૫૯
ધર્મયુવાનીમાં દૃષ્ટિ બદલાય ૨૬૦
તત્ત્વસમાવેશથી વિષયરાગ દૂર ૨૬૧
સાતમી પ્રભા દૃષ્ટિ ૨૬૨ થી ૨૭૩
તત્ત્વસ્વીકારમાં અર્હન્નકનું દૃષ્ટાંત ૨૬૨
સર્વત્ર ઉપશમભાવ ૨૬૩
સમવસરણસ્થ જિનધ્યાન ૨૬૩
વિષયો ભયંકર લાગે ૨૬૪
તત્ત્વના સ્વીકાર/ધારણાથી ધ્યાન ૨૬૫
દુઃખની ટૂંકી વ્યાખ્યા પરાધીનતા ૨૬૬
સુખની ટૂંકી વ્યાખ્યા સ્વાધીનતા ૨૬૭
પુણ્યાપેક્ષ સુખ દુઃખરૂપ ૨૬૭
ધ્યાનજન્ય સુખ સ્વાધીન ૨૬૮
ધ્યાનનો હેતુ નિર્મળબોધ ૨૬૯
સત્પ્રવૃત્તિના સ્થાનભૂત અસંગાનુષ્ઠાન ૨૭૦
પ્રશાંતવાહિત ૨૭૧
વિસભાગપરિક્ષય-શિવવર્ત્મ-ધ્રુવાધ્વા ૨૭૨
પ્રભાદૃષ્ટિનો પ્રભાવ ૨૭૩
આઠમી પરાદૃષ્ટિ ૨૭૪ થી ૨૮૪
સમાધિ ૨૭૪
આસંગદોષ ત્યાગ ૨૭૫
આશયમુક્ત સાત્મીભૂત પ્રવૃત્તિ ૨૭૬

આચાર-અતિચારનો અભાવ ૨૭૬
સિદ્ધના આચારમાં કાર્યભેદ ૨૭૭
ધર્મસંન્યાસ ૨૭૮
મુખ્ય ધર્મસંન્યાસ શ્રેણિવર્ત્તીને ૨૭૯
ઔપચારિક પ્રમત્ત સાધુને પણ ૨૭૯
કેવળજ્ઞાન નિઃસપત્ન અને સદોદય ૨૮૦
ચંદ્ર-ચંદ્રિકા-વાદળનું દૃષ્ટાંત ૨૮૧
ઉપનય ૨૮૧
પરાદૃષ્ટિમાં દોષમુક્તિ ૨૮૨
લબ્ધિઓનું ફળ-ઔત્સુક્યનિવૃત્તિ ૨૮૩
પરાર્થસંપાદન ૨૮૩
શ્રેષ્ઠ યોગ-અયોગ ૨૮૪
વ્યાધિમુક્ત પુરુષ જેવો મુક્ત જીવ ૨૮૪
સંસાર જ ખરો રોગ ૨૮૬
સંસાર રોગના વિકાર - મૂર્ચ્છા ૨૮૬
કર્મ કારણ ૨૮૭
સંસારમુક્ત જ ખરો મુક્ત ૨૮૮
જન્માદિરહિતપણું આત્માનો જ સ્વભાવ ૨૮૯
સ્વભાવનો અર્થ ૨૯૦
નૈરાત્મ્યવાદીમત નિષેધ ૨૯૧
અભાવ-અન્યથાભાવ બંનેમાં આપત્તિ ૨૯૧
ઉત્પન્ન અભાવનો નાશ ૨૯૨
ક્ષણસ્થિતિ ધર્મમાં આપત્તિ ૨૯૪
એકાંતનિત્યમતે આપત્તિ ૨૯૫
સ્વભાવોપમર્દ તાત્ત્વિક જ ૨૯૬
દૃષ્ટિદક્ષાવગેરેનું સ્વરૂપ ૨૯૭
દૃષ્ટિદક્ષા વગેરેસાથે પ્રધાનાદિને સંબંધ ૨૯૮
પૂર્વાપર અવસ્થાઓ તાત્ત્વિક ૨૯૮
યોગિજ્ઞાન અવસ્થાંતરરૂપ ૨૯૯
મુક્ત અંગેના ૩ વિકલ્પોનો નિષેધ ૩૦૦
મુક્ત શબ્દની મુખ્યસાર્થકતા ક્યાં ? ૩૦૧
આ ગ્રંથ યોગગ્રંથનો સાર ૩૦૩
ચાર યોગીઓ ૩૦૩
કુલ-પ્રવૃત્તચક્ર બે યોગીઓ અધિકારી ૩૦૩
કુલયોગીના વિશેષ લક્ષણ ૩૦૩
જીવોમાં વિવિધતા ૩૦૫
ભૂમિભવ્ય ગોત્રયોગીઓ અયોગ્ય ૩૦૬
ચાર પ્રકારની ભૂમિ ૩૦૬
વિશેષ લક્ષણો - (૧) સર્વત્ર અદ્વેષ ૩૦૭
(૨) ગુરુદેવદ્વિજપ્રિય ૩૦૮
(૩) દયાળુ ૩૦૮
(૪) વિનીત ૩૦૯
(૫) બોધયુક્ત ૩૦૯
(૬) યતેન્દ્રિય ૩૧૦
પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ ૩૧૦
યોગાવંચકની પ્રાપ્તિ- બે યોગનો લાભ ૩૧૧
ઇચ્છાદિયમો - (૧) ઇચ્છાયમ ૩૧૨
(૨) પ્રવૃત્તિયમ ૩૧૪
(૩) સ્થૈર્યયમ ૩૧૫
(૪) સિદ્ધિયમ ૩૧૬
મહો. યશોવિજયની વિચારણા ૩૧૮
યોગાવંચક સ્વરૂપ ૩૧૯
ક્રિયાવંચક સ્વરૂપ ૩૨૦
ફળાવંચક સ્વરૂપ ૩૨૧
કુલાદિયોગીઓને પક્ષપાત ઉપકાર ૩૨૨
તાત્ત્વિક પક્ષપાતનું મહત્ત્વ ૩૨૨
સૂર્ય-ખદ્યોત વચ્ચે અંતર ૩૨૩
યોગ્યોનો સ્વતઃ પ્રયત્ન ૩૨૩
અયોગ્યને આપવામાં અવજ્ઞા દોષ ૩૨૪
યોગ્યને પ્રયત્નપૂર્વક આપવા પ્રાર્થના ૩૨૬

કેટલાક મૌક્તિકો

કાયાને જેલનું પાંજરું સમજે..... પૃષ્ઠ - ૨

માનવ અવતારે ધર્મ ન કરવો અને શ્વાસોશ્વાસ લેવા મૂકવા,
એ ધમણના વાયુને લેવા મૂકવા જેવું છે..... પૃષ્ઠ - ૯

જીવ જો તત્ત્વ-શ્રવણ કરે છે, તો એ કલ્યાણ જ સાધી રહ્યો છે.... પૃ. - ૧૯

જેને ગુરુ ગમ્યા, એને જિનશાસન ગમ્યું,
જેણે ગુરુને અવગણ્યા એણે જિનશાસનને અવગણ્યું.... પૃ. - ૨૫

માયા એ માતા છે, જનેતા છે, કોની ? અનેકાનેક જન્મોની.... પૃ. - ૭૨

જે આપણા હાથની વસ્તુ નહિ, પણ કર્મના હાથની વસ્તુ છે,
ત્યાં શા માટે શોક-સંતાપ કરવા ? પૃ. - ૮૨

ધિક્કારપાત્ર કર્મ છે, જીવો નહિ. જીવો તો દયાપાત્ર છે.... પૃ. - ૯૬

અધુરા જ્ઞાને ઉપદેશક ન બની બેસવું, તેમ જેનું તેનું સાંભળવું પણ નહિ.... પૃ. - ૧૧૦

માનવભવનું મુખ્ય લક્ષ્ય છે દોષોનો નિકાલ અને ગુણોનો વિકાસ.... પૃ. - ૧૩૮

પદાર્થોનો દેખાવ છે, મિત્રનો; પણ સ્વરૂપ છે, દગાબાજ દુશ્મનનું.... પૃ. - ૧૪૬

જે (પ્રવૃત્તિક્રિયા)માં આત્મગુણો ઘબકે, તે જીવન; કતલ થાય, તે મરણ. પૃ. - ૧૬૯

ગુણવાન વ્યક્તિપ્રત્યે આદરથી સૌભાગ્ય ને તેના વચનના
આદરથી આદેયકર્મ પ્રાપ્ત થાય છે..... પૃ. - ૧૮૮

રોગ-દુઃખ વખતે 'પાપ નાશ પામી રહ્યા છે'
એમ વિચારવાથી ખુમારી અને સત્ત્વ વધે છે..... પૃ. - ૧૯૯

ગ્રંથિભેદ થાય, તો ગુરુવચન 'તહત્તિ' કરવાનું સૂઝે..... પૃ. - ૨૧૬

જગતના જેટલા પદાર્થોને જોવા જાવ, તેટલા જાતે મેલા થાવ... પૃ. - ૨૨૬

(દરેક આકર્ષક લાગતા સ્થાને સૂત્ર લગાવો) 'આમાં જોવા જેવું શું છે?' પૃ. - ૨૨૭

વિષયોની ખણજ-આતુરતા મનની અશાતાની સૂચિકાઓ છે..... પૃ. - ૨૩૬

દરેક સાધના બહારનું છોડી અંદરનું સાધવા માટે છે..... પૃ. - ૨૪૪

વસ્તુ ઓછી હોવી એ દુઃખ નથી, પણ ઓછી લાગવી એ દુઃખ છે. પૃ. - ૨૪૫

ધર્મનું કાર્ય છે, દોષ ભૂંસી આપવા, ગુણ કમાવી આપવા..... પૃ. - ૨૫૩

જેને (=ભગવાનને) માનીએ, એનું (=એમના વચનને) ન માનીએ,
તે કેમ ચાલે ? પૃ. - ૨૫૯

કાયાના ને આત્માના કાર્યમાં ઉકરડામાં ને ઉદ્યાનમાં
જવા જેટલો ફરક લાગવો જોઇએ..... પૃ. - ૨૬૪

જગત ક્રોધની કમાણી કરતું હોય, ત્યારે સાધુ ક્ષમાની કમાણી કરે.... પૃ. - ૨૬૯

ચોથી યોગદૃષ્ટિ દીપ્રા

उक्ता बला। साम्प्रतं दीप्रामाह-

प्राणायामवती दीप्रा, न योगोत्थानवत्यलम्।
तत्त्वश्रवणसंयुक्ता, सूक्ष्मबोधविवर्जिता ॥ ५७ ॥

प्राणायामवती चतुर्थाङ्गभावतः, भावरेचकादिभावाद् **दीप्रा**-चतुर्थी दृष्टिः, **न योगोत्थानवती**-तथाविधप्रशान्तवाहितालाभेन **अलम्**-अत्यर्थम् **तत्त्वश्रवणसंयुक्ता**-शुश्रूषाफलभावेन, **सूक्ष्मबोधविवर्जिता**-निपुणबोधरहितेत्यर्थः ॥५७॥

ટીકાર્થ : બલા દૃષ્ટિ કહી. હવે **દીપ્રાદૃષ્ટિ** વર્ણવે છે.

ગાથાર્થ : દીપ્રાદૃષ્ટિ પ્રાણાયામવાળી હોય છે. યોગના ઉત્થાનવાળી નથી હોતી. તત્ત્વશ્રવણથી યુક્ત હોય છે. (પણ) સૂક્ષ્મબોધ વિનાની હોય છે.

ટીકાર્થ : ચોથું યોગાંગ હોવાથી (એમાં) ભાવરેચકાદિ હોવાને લીધે દીપ્રા=ચોથી દૃષ્ટિ પ્રાણાયામવાળી હોય છે. (એ) યોગના ઉત્થાનવાળી નથી હોતી; કેમકે તેવા પ્રકારની પ્રશાન્તવાહિતા પ્રાપ્ત થઇ હોય છે. અલં અર્થાત્ અત્યન્ત, (એ) શુશ્રુષાનું ફળ પામવારૂપે તત્ત્વશ્રવણવાળી હોય છે, (પણ) સૂક્ષ્મબોધથી રહિત અર્થાત્ નિપુણબોધથી રહિત હોય છે.

વિવેચન : ત્રીજી બલા દૃષ્ટિનું વર્ણન કરી લીધું, હવે ચોથી દીપ્રા નામની દૃષ્ટિનું વર્ણન કરે છે.

૪થી દીપ્રાદૃષ્ટિમાં ત્રણ વસ્તુ છે.

(૧) પ્રાણાયામ નામનું યોગાંગ

(૨) ઉત્થાનદોષનો ત્યાગ, અને

(૩) તત્ત્વશ્રવણ નામનો ગુણ.

મિત્રા-તારા-બલાદૃષ્ટિમાં યમ-નિયમ-આસન એ ત્રણ યોગાંગ બતાવ્યા, હવે અહીં દીપ્રાદૃષ્ટિમાં ચોથું **પ્રાણાયામ** નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે. પ્રાણાયામમાં મુખ્યત્વે ત્રણ આવે - ૧. રેચક, ૨. પૂરક, અને ૩. કુંભક. રેચક એટલે પ્રાણ (શ્વાસ) ખાલી કરવો, કાઢી નાખવો. પૂરક એટલે પ્રાણ પૂરવો. અને કુંભક એટલે પ્રાણને સ્થિર રાખવો, ન લેવાનો, ન મૂકવાનો, શ્વાસની ગતિ જ નહિ.

અહીં **પાતંજલ દર્શન** (યોગદર્શન) કરતાં **જૈન દર્શન** સૂક્ષ્મતામાં આગળ જાય છે. પાતંજલ દર્શન માત્ર દ્રવ્યપ્રાણ અર્થાત્ બાહ્યપ્રાણ અને શ્વાસોચ્છવાસનું નિયમન બતાવે છે. જૈનદર્શન ભાવપ્રાણનું નિયમન બતાવે છે.

અલબત્ દ્રવ્યપ્રાણના નિયમનમાં પણ જૈનદર્શન આગળ જાય છે. એ કહે છે, બાહ્યપ્રાણના રેચકની સાથે રાગ-દ્વેષના વિસર્જનની ભાવના કરો, અને પૂરકની સાથે સત્ત્વ (સાત્ત્વિકભાવ) ની ધારણાની ભાવના કરો. પહેલાં સૂર્યનાડી (જમણું નસકોરું) બંધ કરી ચંદ્રનાડી-ડાબા નસકોરામાંથી શ્વાસ કાઢતી વખતે મનમાં એ ભાવના કરવાની કે 'रागात्मकं रक्तं वायुं विसर्जयामि.' રાગરૂપી લાલ વાયુ કાઢી નાખું છું. પછી ચંદ્રનાડી બંધ કરી સૂર્ય નાડીથી શ્વાસ બહાર કાઢતાં ભાવના કરવાની કે द्वेषात्मकं कृष्णं वायुं विसर्जयामि. (દ્વેષરૂપી શ્યામ વાયુ કાઢી નાખું છું.) હજી પણ અંદરમાં વાયુ રહ્યો હોય તો એને ય કાઢી નાખવા ફરીથી આ જ પ્રમાણે ચંદ્રનાડીમાંથી, પછી સૂર્યનાડીમાંથી રેચક (પ્રાણવિસર્જન) કરી શકાય. તે પછી સૂર્યનાડી બંધ કરી ચંદ્રનાડીથી પૂરક કરતી વખતે (શ્વાસ અંદર લેતી વખતે) ભાવના કરવાની - सत्त्वात्मकं शुक्लं वायुं गृह्णामि - સત્ત્વરૂપ શુક્લ વાયુ ગ્રહણ કરું છું. પછી કુંભકમાં શ્વાસગતિ બંધ કરી सत्त्वात्मकं शुक्लं वायुं धारयामि - સત્ત્વરૂપી શુક્લ વાયુ ધારણ કરું છું. એમ ચિંતવી કુંભક કરવાનું. આ સત્ત્વ એટલે ત્રિગુણાત્મક પ્રકૃતિના સત્ત્વ-રજસ-તમસ્માંનું

સત્ત્વ. એ રાગ-દ્વેષરૂપી તામસભાવની સામેનો સાત્ત્વિકભાવ છે.

પ્ર. - જો તામસભાવ કાઢી નાખવો છે, અને સાત્ત્વિકભાવ ગ્રહણ કરવો છે, તો એની માત્ર ભાવના જ કરવાની હોય. પણ સાથે શ્વાસ મૂકવા લેવાનું શું કામ ?

ઉ. - વાત સાચી છે, આંતરિક આત્મ-વિશુદ્ધિની દૃષ્ટિએ કશી જરૂર નહિ; પરંતુ બાહ્ય શ્વાસોચ્છવાસ નિયમિત કરવામાટે એના રેચક પૂરકની જરૂર છે, ને એ નિયમિત થવાથી મનમાં વ્યવસ્થિત તત્ત્વચિંતનાદિ સારી રીતે ચાલી શકે છે.

આટલી દ્રવ્યપ્રાણાયામની વાત થઇ. શાસ્ત્રકાર અહીં પ્રાણાયામવતી દીપ્રા અર્થાત્ દીપ્રાદૃષ્ટિ પ્રાણાયામવાળી હોય છે. એના વિવરણમાં હેતુ બતાવે છે - ભાવ રેચકાદિ ભાવાત્ અર્થાત્ ભાવરેચક-ભાવપૂરક-ભાવકુંભક હોવાથી. તાત્પર્ય આ છે કે પ્રાણાયમ એ ચોથું યોગાંગ હોવાથી, અહીં ચોથી દીપ્રા યોગદૃષ્ટિ પ્રાણાયામ-વાળી હોય છે. અહીં પૂછો-

પ્ર. - ભાવ પ્રાણ એટલે શું ?

ઉ. - જૈનશાસ્ત્રકારો શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રને આત્માના ભાવપ્રાણ કહે છે. આત્મા ખરેખર એનાથી જ જીવંત છે. મોક્ષમાં પણ એ કાયમ છે. આમાં શુદ્ધજ્ઞાન એટલે ઈન્દ્રિયોને ઇષ્ટ અનિષ્ટ દુન્યવી પદાર્થોના રાગદ્વેષથી ખરડાયા વિનાનું જ્ઞાન. સામાન્ય રીતે માણસ વસ્તુને દેખે, કાંઇક સાંભળે, યા સ્પર્શે, સુંઘે, ચાખે, એમાં જ્ઞાન તો થાય છે, પરંતુ તે રાગ કે દ્વેષ થી મિશ્રિત હોય છે. દા.ત. કોઇનો બંગલો કે મોટર દેખી, એ દેખતાની સાથે આ સરસ છે, અગર આ બરાબર નહિ, એમ મનમાં આવી જાય છે. અહીં સરસ માને છે એ રાગના આકર્ષણથી. અને 'બરાબર નહિ' માને છે એ દ્વેષ-નફરતથી. એટલે એ જ્ઞાન અશુદ્ધ બન્યું; એ મલિન જ્ઞાન કહેવાય. ત્યારે શુદ્ધ જ્ઞાન રાગદ્વેષના લેપ વિનાનું હોય. જ્ઞાન એટલે માત્ર જ્ઞાન. એવા જ્ઞાનવાળો એ શુદ્ધ જ્ઞાનવાળો છે રાગદ્વેષવાળો નહિ. દા.ત. અરીસાની સામે કોઇ ફૂલહાર લઇને અરીસાને પહેરાવવા જાય, તો અરીસો એનું પ્રતિબિંબ દેખાડશે, પરંતુ સાથે રાજી પો નહિ. રાગથી એ નાચવા નહિ માંડે. તેમ કોઇ ધોકો લઇ અરીસાને તોડવા દોડે, તો અરીસો એનું ય પ્રતિબિંબ બતાવશે, પરંતુ કોઇ ઇતરાજી નહિ, ભયથી કંપવા નહિ માંડે.

ત્રિભુવનગુરુ **પાર્શ્વનાથ** ભગવાન ચારિત્ર લીધા બાદ કાયોત્સર્ગધ્યાનમાં ઊભા છે. ત્યાં કમઠતાપસ મરીને મેઘમાલી દેવ થયેલો, એણે ઉપસર્ગો કર્યા, મૂસળધાર વરસાદ એવો વરસાવ્યો કે પ્રભુને ઠેઠ નાસિકા સુધી પાણી પહોંચવા આવે છે, પ્રભુ આ જાણે છે. પ્રભુને આનું જ્ઞાન છે, પરંતુ કોઇ પ્રકારના દ્વેષ-ઇતરાજી - ખેદ વિનાનું. પછી ધરણેન્દ્રે તરત આવી પ્રભુને માથે સર્પ-ફણાનું છત્ર કર્યું, ને નીચે ફણા ઉપર પ્રભુને અદ્ધર કરી દીધા. આ પણ પ્રભુએ જોયું, આનું પણ પ્રભુને જ્ઞાન થયું. પરંતુ તે ધરણેન્દ્ર પ્રત્યે કે પોતાને શાતા થઇ એના પ્રત્યે લેશમાત્ર રાગ-રાજી પા વિનાનું જ્ઞાન થયું. પૂછો-

પ્ર. - આવા ઘોર કષ્ટમાં દ્વેષ નહિ, કષ્ટ નિવારણમાં રાગ નહિ, એ શી રીતે બને ?

ઉ. - એ એ રીતે બને, કે 'પોતે એટલે કાયા નથી પણ આત્મા છે.' એવું મનને જડબેસલાક બેસી ગયું હોય. પછી એ કાયાને જેલનું પાંજરું સમજે. તેથી જેમ શિકારી માણસ પશુ પંખીને પકડીને પાંજરામાં પૂરે, પછી પાંજરાને સારા રંગરોગાન કરાવે, તેથી પશુ પંખીને હરખાવાનું શું? કે પાંજરાપર કાળો કોલતાર લગાવે યા પાંજરાના સળિયાપર કોઇ ઘા ઠોકે તેથી એને રોવાનું શું ?

એમ પ્રભુ કાયાપરના અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગ પર શાના રાગદ્વેષ કરે ? મૂળ વસ્તુ આ છે કે બહિરાત્મભાવ છોડીએ અને અંતરાત્મભાવ લાવીએ, તો બાહ્ય સુખ-દુઃખના પ્રસંગમાં લહેવાઈ જવાય નહિ. એટલે જ અહીં પ્રાણાયામમાં ભાવરેચકાદિ લીધા. તેમાં ભાવપ્રાણમાં **બહિરાત્મભાવનું રેચક, અંતરાત્મભાવનું પૂરક અને પરમાત્મભાવનું કુંભક કરવાનું છે.**

બહિરાત્મભાવ અને અંતરાત્મભાવ અંગે આનંદઘનજી મહારાજે સુમતિનાથ ભગવાનના સ્તવનમાં સુંદર વ્યાખ્યા આપી છે.

આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ;
કાયાદિકનો સાખીધર રહ્યો,
અંતરાતમરૂપ... સુજ્ઞાની
સુમતિ ચરણકજે આતમ અરપણા.

અર્થાત્ કાયાદિને પોતાના આત્માતરીકે સમજે, એ બહિરાત્મભાવ પાપરૂપ છે. ત્યારે કાયાદિનો સાક્ષીધર બનીને રહે, એ અંતરાત્મભાવ છે, હે સુજ્ઞાની ! સુમતિનાથ ભગવાન ચરણકમળે આત્માને અર્પણ કર.

બહિરાત્મભાવમાં હું એટલે કાયા જ સમજે, અંદરવાળા-આત્માતરફ દૃષ્ટિ જ નહિ. મારું એટલે, કાયાને લગતાં સરંજામ કંચન-કામિની-કુટુંબાદિ ને જ સર્વેસર્વા-પોતાનું સમજે. મારું તરીકે આત્માને લગતા દેવાધિદેવ-ગુરુ-ધર્મ વગેરે પર દૃષ્ટિ જ નહિ. દૃષ્ટિ કદાચ થાય તો ય એ બધું પોતાનું નહિ, પારકું લાગે. કાયાનું ખાતું એટલે પોતાનું ખાતું સમજે; ને આત્માનું ખાતુ એટલે પારકું ખાતું માને. તેથી દા.ત. રૂા. પાંચ હજારનો હાર લાવી જો ઘરવાળીની ડોકમાં નાખે, ત્યાં એમ ન સમજે કે પાંચ હજાર ખરચાઈ ગયા. પરંતુ જો હાર આદીશ્વર દાદાની ડોકમાં નાખવાનો હોત, તો માને કે રૂપિયા બહુ ખરચાઈ જાય છે, કેમકે પોતાની કાયા સાથે સંબંધવાળી ઘરવાળીને પોતાની સમજે છે, ને આદીશ્વરદાદાને પારકા સમજે છે.

બહિરાત્મભાવ એટલે બહારની જડ-ચેતન વસ્તુને જ નજરમાં રાખે. એના જ ગુણદોષ જોયા કરે. પોતાના અંદરવાળા આત્મા પર નજરે ય નહિ અને એનાં ગુણ-દોષ જોવાની ય વાત નહિ. બહારમાં જ દૃષ્ટિ છે. એમાં વિચારો ય બાહ્ય વસ્તુના અને એના ગુણદોષના કરે, વાણીથી પણ બાહ્ય અને બાહ્યના ગુણદોષની જ વાતો કરે. બંગલો સરસ, મેડી એવી સારી નહિ. આજે પાસે દસ લાખ હોય તો સમાજમાં કિંમત, લાખ હોય તો એવી કિંમત નહિ. આવું આવું બોલે; પણ કદી એવું બોલતા ન આવડે, કે મંદિર સરસ, બંગલો સરસ નહિ. વ્રત નિયમોની કિંમત, વ્રત વિનાની જિંદગીની કિંમત નહિ. ત્યારે વર્તાવમાં કાયા અને એને લગતા સરંજામઅંગેની ઇષ્ટની પ્રવૃત્તિ હોંશભેર કરે, અનિષ્ટમાંથી નિવૃત્તિમાટે તલપાપડ રહે. દા.ત. રસ્તે જતાં કપડાપર કાદવના છાંટા ઉડવાથી ડાઘ પડી ગયા, તો તરત મનમાં ચક્કર ચાલશે, ઘરે જઈ આ ધોઈ નાખવા છે, ને ઘરે પહોંચતા જ પહેલું કામ એ ડાઘા ધોઈ નાખવાનું. બીજી બાજુ કાંઈ અસત્ય બોલાઈ ગયું, કોઈ જીવ પગ નીચે કચડાઈ ગયો, તો કશી તાલાવેલી નહિ કે આનાથી આત્મા પર પડેલા ડાઘ તરત જ ગુરુપાસે આલોચના કરી ધોઈ નાખું, આત્મા પર નજર જ નથી, પછી શાની આ હોંશ હોય ? એને તો બહારની જ અનુકૂળતા-પ્રતિકૂળતા જોવી છે, જડના જ લેખા માંડવા છે.

ત્યારે આમ તો પહેલી યોગદૃષ્ટિથી આત્મા તરફ દૃષ્ટિ જાગી છે, પરંતુ ત્રણ દૃષ્ટિ પસાર થાય ત્યારે આ વિકાસ થાય છે, કે હવે બહિરાત્મભાવનું રેચક કરી નાખે છે. અને અંતરાત્મભાવનું પૂરક કરે છે. અંતરાત્મભાવમાં 'કાયાદિકનો સાખીધર

રહ્યો.' એટલે એ કાયાના ધર્મ બજાવે ખરો, પરંતુ માત્ર સાક્ષીતરીકે, પણ નહિ કે એ પોતાની ચીજ માનવાની, કે એમાં રસ લેવાનો. દા.ત. ભૂખ લાગી છે, તો જમવા બેસે, પરંતુ એમાં એને રસ ન હોય, અર્થાત્ ગરમ રોટલીને બદલે ઠંડી રોટલી-રોટલો જમવા મળ્યો, તો એને મનપર લઈને દુઃખી ન થાય, મોં ન બગાડે. અને મેવા-મિઠાઈ જમવા મળ્યા તો રાજીનો રેડ ન થાય. ઉલ્ટું, **અધ્યાત્મસાર** શાસ્ત્ર કહે છે-

પકવાન્નના થાળપર જમનારા બે, એક રસલંપટ, બીજો રસથી ગભરાનારો, બંન્નેને પાણી છૂટે, પણ એકને જીભમાંથી, બીજાને આંખમાંથી. આમાં પહેલો બહિરાત્મા છે, કાયાની દૃષ્ટિવાળો. તેથી બહારમાં જ રસવાળો; બીજો અંતરાત્મા છે, એ આત્માની દૃષ્ટિવાળો. તેથી મીઠા મનગમતા રસમાં ભારે રાગ થવાથી આત્માનું ભયંકર અહિત જુએ છે. એ જુએ છે કે ગરમાગરમ ફુલકાં ય રાગ કરાવે છે પણ સામાન્ય; એને જો ડુંડુક્યિા મવાલી કહીએ, તો મેવા-પકવાન્ન-ફ્રૂટ એ ઉત્કટ રાગ કરાવતા હોવાથી ખંજરધારી ગૂંડા કહેવાય. એમાં પરલોકે મારું શું થશે, એ ભયથી એને આંખમાં આંસુ આવી જાય છે.

સંન્યાસી ભર્તૃહરી ભલે મિથ્યામાર્ગમાં પડેલા હતા, પરંતુ એમને બહિરાત્મભાવ ખૂંચતો હતો. તેથી આમ તો રાજપાટ-પરિવાર બધું છોડ્યું છે, તો પણ ખેદ કરે છે કે 'હા હા ! તથાપિ વિષયા ન પરિત્યજન્તિ !' અરેરેરે એટલો ત્યાગ કર્યો અને જીર્ણ કન્થા, ભિક્ષાનો આટો તથા સુવાની શીલા માત્ર એટલું જ રાખ્યું છે. છતાં ઈન્દ્રિયો-વિષયો મારો કેડો નથી મૂકતા. શાનાપર આ અફસોસી ! આમાં ક્યાં વિષયરાગ રહ્યો ? વિષયરાગ આ, આટામાં જરાક મનમાં આવી જતું, કે કાલનો આટો મીઠો હતો. આજે ભિક્ષામાં જરા ખોરો આટો મળ્યો. અથવા કાલની શિલા જરાક ખરબચડી, આજે ઠીક સુંવાળી આવી. વિષયોના આ રાગ-દ્વેષ હજી સતાવે છે, એ અફસોસી હતી. કેમકે અંતરાત્મભાવ હતો. તેથી અંદરવાળા આત્માના અહિતકારી રાગદ્વેષ ખૂંચતા હતા. **કાયાને ઈષ્ટ પણ આત્માને અહિતકર હોય, તો દિલને ખૂંચે એ અંતરાત્મ-ભાવ. બાહ્યપદાર્થમાં, આ સારું, આ વધારે સારું, આ ખરાબ, આ બહુ ખરાબ, એમ ટકાવારી આપે, એમાં બહિરાત્મભાવ. પરંતુ કાયાનું હિત ગણકાર્યા વિના આત્માને આ અહિતકર... આ હિતકર, આ વધુ હિતકર... એમ ટકાવારી આપે અને એ પ્રમાણે પોતાનું દિલ બનાવે ત્યાં અંતરાત્મભાવ.** આવા દિલપર ભાવના વધે તો ક્યાં સુધી પહોંચે, તે જુઓ, ચક્રવર્તી ભરત મહારાજા આરીસા ભવનમાં પોતાનું અલંકાર સજેલું શરીર જોતાં એક આંગળીએથી વીંટી સરી પડવાથી એ આંગળી બુઠ્ઠી દેખી ચોંક્યા ! હેં તો શું મારી કાયાની શોભા નહિ ? શોભા દાગીનાની ? અને દાગીના સહિત કાયાની ય શોભા ક્યાં સુધી ? અંદર આત્મા બેઠો છે, ત્યાં સુધી જ ને ? તો હું શાશ્વત આત્મા આ અનિત્ય નાશવંત કાયા વગેરેના મોહમાં ક્યાં ફસાયો ? મારે ને એને શી નિસ્બત તે એમાં જ મારું મારું ને સારું સારું કરતો રહી અનિત્ય કાયા-માયાના જ હિતમાં અટકી પડ્યો અને મારા શાશ્વત આત્માને ને આત્મહિતને વિસારી મૂક્યા ? બસ, અંતરાત્મભાવમાં ચડતા ગયા, વૈરાગ્ય વધતો ચાલ્યો. એકેકની આસક્તિ મૂકતા ગયા, સાથે આત્માના ઉપશમાદિ ગુણને વિકસાવતા ચાલ્યા. એમ અંતરાત્મભાવના પૂરક કુંભક અને વિકાસપર પરાકાષ્ઠાએ પરમાત્મભાવમાં પહોંચી ગયા, અર્થાત્ વીતરાગતા અને કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.

બસ, ચોથી દીપ્રાદૃષ્ટિમાં આ ભાવ-પ્રાણાયામ કરવાનો છે, બહિરાત્મભાવનું રેચક,

અંતરાત્મભાવનું પૂરક અને પરમાત્મભાવનું કુંભક. શય્યંભવ બ્રાહ્મણ યજ્ઞસ્તંભ નીચે મહિમાવંતી જિનપ્રતિમા દેખી એનું તત્ત્વ જાણવા ઉપડ્યા મહાવીર પ્રભુના પટ્ટધર સુધર્માગણધરના પટ્ટધર જંબૂસ્વામીના પટ્ટધર પ્રભવસ્વામી મહારાજ પાસે, ને એમને ભગવાનનું તત્ત્વ પૂછ્યું, તો મહારાજે એમને આત્માના ત્રણ સ્વરૂપ બહિરાત્મદશા, અંતરાત્મદશા, અને પરમાત્મદશા ઓળખાવી.

શય્યંભવ બ્રાહ્મણ આ જાણીને ચોથી યોગ-દૃષ્ટિના ભાવપ્રાણાયામ પર ચડે છે. બહિરાત્મભાવ છોડી અંતરાત્મભાવમાં આવી ખેદ અનુભવે છે, કે અરેરે ! અત્યાર સુધી ખાતાં જ ઉધા રાખ્યા, મહેનત ગદ્ધા મજુરી જેવી કરી, પરંતુ બધું કાયા-માયાના ખાતામાં ખતવ્યું. ખરી રીતે આત્માનાં જ ખાતાં સંભાળવા જેવા હતા. હું પોતે જ્યારે આત્મા છું, કાયા નહિ; તો પછી મારે મારા આત્માનાં જ ખાતાં પોષવાના હોય ને ? ડગલે ને પગલે આત્માને જ આગળ કરવાનો હોય. આત્મહિતને જ સંભાળવાનું -સાધવાનું હોય. કાયાનાં હિત તો આત્મામાટે ઝેર સમાન છે, આત્માના હિત જ્ઞાન-દર્શન-ચારિત્ર એ જ આત્માને અમૃત સમાન છે. બસ, ત્યાં જ સંસાર બધો પડતો મૂકી ચારિત્ર લઇ લીધું. અહીં પૂછવાનું મન થશે, -

પ્ર. - યજ્ઞના કામ અધુરાં હશે, ઘરે નવયુવાન પત્ની ગર્ભવતી છે, સંસારનો પથારો પાથરી મૂક્યો છે. વળી પોતે મિથ્યાધર્મના કુટુંબમાં જન્મેલા ઉછરેલા ને હજી સુધી એની કરણી કરનારા હતા, એમાં એક જ વારના ગુરુના ઉપદેશમાં સમસ્ત સંસારના ત્યાગનું જોમ શી રીતે આવી ગયું ?

ઉ. - ગુરુના સમ્યગ્ ઉપદેશથી સમ્યગ્ બોધ મળ્યો. એનાપર શુભ ભાવના જાગી ને વધી એટલે સત્પુરુષાર્થનું જોમ આવી ગયું.

પ્ર. - **ભાવના શી રીતે વધે ?**

ઉ. - ભાવના વસ્તુને અનેક દૃષ્ટિબિંદુથી જોવાથી વધે.

શય્યંભવ બ્રાહ્મણે કાયા-માયારૂપ સંસાર અને પોતાનો આત્મા એ બન્નેને અનેક દૃષ્ટિબિંદુથી જોયા, દા.ત.

(૧) સંસારની કાયા-માયાના હિતના પુરુષાર્થનું ફળ શું ? અને આત્માના હિતના પુરુષાર્થનું ફળ કેવું ?

(૨) સંસાર સારો કરવાની તક ક્યાં મળે ? આત્મહિતની તક ક્યાં મળે ?

(૩) સંસારનું સ્વરૂપ કેવું ? આત્માનું સ્વરૂપ કેવું ?

(૪) પૂર્વના પુણ્યે કાયા-માયા મળી, પૂર્વનાં પુણ્યે આત્મહિતનાં સાધનભૂત આર્ય માનવભવ-સારું શરીર-આયુષ્ય-આરોગ્ય-આવા ગુરુ-ધર્મ-ઉપદેશ મળ્યા, બેમાંથી કોની સાધનાના પરભવે કેવા વારસા મળે ?

(૫) જીવને માટે દુર્લભ શું ? કાયા માયા ? કે આત્મહિતની સામગ્રી ? દુર્લભની સાધના કરવી? કે ભવે ભવે સુલભની સાધના કરવી ?

(૬) અહીંનું સુધારીને ભાવી અનંતકાળનું બગાડવું અને અહીંનું બગાડીને ભાવી અનંતકાળનું સુધારવું, બેમાં ક્યાં બુદ્ધિમત્તા ને ક્યાં બુદ્ધુગીરી?

(૭) પૂર્વના ધર્મથી મને આ ઉત્તમ કાયાદિ મળ્યું. બીજાઓને પૂર્વના પાપથી દુઃખદ કાયાદિ મળ્યું. હવે મારે અહીં શું કરવું વાજબી ? પાપ કે ધર્મ ?

(૮) ચિત્તને શાંતિ સ્વસ્થતા ક્યાં ? કાયા-માયાની પલેવણમાં ? કે આત્મહિતની સાધનામાં?

ગુરુના તારક ઉપદેશનું નિમિત્ત મળવાપર આવા આવા અનેક દૃષ્ટિબિંદુથી વિચારતાં એમની ભાવના વધી ગઇ. આપણને તારક નિમિત્તો તો મળે છે, પરંતુ એનાપર અનેક દૃષ્ટિબિંદુથી વિચારતાં

ક્યાં આવડે છે ? વિચારવાની ગરજ - તમન્ના ક્યાં છે ? દા.ત. સવારે તારક નિમિત્ત ભગવાનનું દર્શન મળ્યું, ત્યાં ભગવાન અને દર્શનને સંસાર અને એની ક્રિયાઓની સામે અનેક દૃષ્ટિબિંદુથી આમ વિચારાય છે ? એ જ શય્યંભવે યજ્ઞસ્તંભ નીચેથી અરિહંતની મૂર્તિ મળેલી જોઇ, તો એ દૃષ્ટિબિંદુ લગાવ્યું, કે આ સમસ્ત યજ્ઞ સમારંભનો મહિમા જો આ મૂર્તિના પ્રભાવે છે તો મારે શું કરવું વાજબી? યજ્ઞસમારંભ પાછળ જિંદગી પૂરી કરવી ? કે આ મૂર્તિ જેમની છે એ ભગવાનની પાછળ ?

મરીચિને પહેલીવાર **ઋષભદેવ** ભગવાનનું સમવસરણ જોવા મળ્યું, અને એ દૃષ્ટિબિંદુથી વિચાર્યું કે આ સમોસરણનું ઐશ્વર્ય દાદા ઋષભદેવ ભગવાનના ધર્મના પ્રતાપે છે. ધર્મ મૂળ છે, ને આ સમૃદ્ધિ કે બાપા ભરત ચક્રવર્તીની સમૃદ્ધિ એ ધર્મના ડાળ પાંખળા છે. તો મારે સમૃદ્ધિને વળગીને બેસી રહેવું એમાં ડહાપણ ? કે મૂળભૂત ધર્મને જ વળગ્યા રહેવું એમાં ડહાપણ ? વાત આ છે,

વસ્તુને અનેક દૃષ્ટિબિંદુથી જુઓ તો ભાવના વધે.

યુવાન માણસ પરણીને પત્નીને રસોઇ - ઘર સંભાળ - વિષય સુખ - વાતવિસામો વગેરે કેટકેટલા દૃષ્ટિબિંદુથી જુએ છે ! ત્યારે પત્નીપ્રત્યે એની ભાવના વધે છે. જ્યારે, અહીં ભગવાન સામે દર્શનાર્થે ઊભા તો રહ્યા, પણ પછી ? માત્ર પોપટ-પાઠની જેમ સ્તુતિ જ બોલી કાઢવાની, કે આંગી જોયા કરવાની, પણ કશા દૃષ્ટિબિંદુથી ભગવાનને વિચારવાના જ નહિ ! કેવી મૂઢતા - મૂર્ખતા ? આમાં ભાવના ક્યાંથી વધે ? એવું પ્રભુપૂજા, સાધુદર્શન વગેરે નિમિત્તો મળવાપર અનેક દૃષ્ટિબિંદુથી વિચારવાનું જ ન હોય, ને રાબેતામુજબ એ પતાવવાનું હોય, ત્યાં ભાવના ક્યાંથી વધે ?

શય્યંભવે મૂર્તિ અને ગુરુએ ઓળખાવેલ બહિરાત્મદશા વગેરે ત્રણ દશાપર અનેક દૃષ્ટિ-બિંદુથી વિચાર્યું, તો એમની ભાવના વધી ગઇ. બહિરાત્મભાવનું રેચક કરી નાખ્યું. અંતરાત્મ-ભાવનું પૂરક અને પરમાત્મભાવનું કુંભક કરી ચારિત્રમાર્ગે ચડી ગયા.

ઉત્થાન દોષ ત્યાગ

દીપ્રા દૃષ્ટિમાં જેમ પ્રાણાયામ યોગાંગ સાધે, એમ ઉત્થાન દોષનો ત્યાગ કરે.

ઉત્થાન એટલે ઉકળાટ - વિહ્વળતા, મન ઊંચું નીચું થયા જ કરે, ઉઠીને બીજે દોડે તે. દા.ત. દેવાધિદેવનાં દર્શને તો નીકળે, પરંતુ ઘરમાં બોલા-ચાલી થઇ હોય, તેથી મનમાં ઉકળાટ હોય. પછી ત્યાં જે પ્રભુનાં દર્શને નીકળ્યો છે, રસ્તામાં એ પ્રભુનો કશો વિચાર નહિ કે 'હું કેવા પ્રભુનાં દર્શન કરવા જાઉં છું' ઉકળાટના - વિહ્વળતાનાં આવા અનેક પ્રતિકૂળ - અનુકૂળ નિમિત્ત હોય છે. દા.ત. વસ્તુ ખોવાઇ છે, અપમાન થયું છે, કોઇ અગત્યનું કાર્ય કરવાનું આવ્યું છે, યા મનમાન્યું માન-સન્માન - પત્ની - સંતાન કે ધનનું સુખ મળ્યું છે, તો એની ય વિહ્વળતા હોઇ શકે. આ વિહ્વળતા હોય, એટલે પછી મંદિરગમન, દેવદર્શન - પૂજન વગેરે કશામાં મન ઠરે નહિ. મનને ત્યાં સગાઇ જ ન થાય. મનને ત્યાં ગદ્ગદતા - અહોભાવ ન આવે.

જીવ ચોથી દીપ્રાદૃષ્ટિમાં આવે ત્યાં આ ઉત્થાન - ઉકળાટ - વિહ્વળતાનો દોષ ન હોય. કારણ એ છે, કે હવે એના ચિત્તમાં પ્રશાન્તવાહિતા છે. ચિત્ત પ્રશાન્તવાહી બન્યું છે. પ્રશાન્તવાહી એટલે શાંત - પ્રશાંત - ઉપશાંત. પૂર્વની ત્રણ દૃષ્ટિના યમ - નિયમ - આસનનાં અને ખેદ - ઉદ્વેગ - ક્ષેપદોષના ત્યાગના અભ્યાસ એવા જોરદાર થયા છે, તથા અદ્વેષ - તત્ત્વજિજ્ઞાસા - તત્ત્વશુશ્રૂષાની લગન એવી મુખ્ય બની ગઇ છે, કે દુન્યવી પદાર્થોનું હવે એને મન એવું મહત્વ જ નથી કે એની ખાતર

મન વિહ્વળ કરે. પહેલાં ચિત્તનો કબજો દુન્યવી વસ્તુઓ અને એની પાછળના ભારે રાગ-દ્વેષ-મદ-ઈર્ષા-ક્રોધ-લોભ-વેર-વિરોધ વગેરે મલિન ભાવોએ લીધો હતો, એ ભાવો હવે ત્રણ યોગદૃષ્ટિની આરાધનાથી શાંત થઈ ગયા, ચિત્તમાંથી હટી ગયા. એટલે ચિત્તમાં વૈરાગ્ય, ઉપશમભાવ, મૈત્રી, કરુણા, પ્રમોદ અને જગતના પદાર્થપ્રત્યે કાંઈક ઉદાસીનભાવ વગેરે પ્રશાંત ભાવોની ધારા ચાલે છે, એ જ પ્રશાન્તવાહિતા છે. એથી હવે ચિત્તમાં ઉત્થાન-ઉકળાટ-વિહ્વળતા દોષને જગા જ નથી. અતિ રાગ-દ્વેષ-મદવગેરે મલિનભાવોમાં દબાણ, ઉકળાટ-વિહ્વળતાને અવકાશ નથી. **પ્રશાંત-વાહિતાને ટૂંકમાં જોઈએ, તો દિલમાં જડજગત પ્રત્યે પ્રબળ વૈરાગ્યભાવનો અને જીવોપ્રત્યે નીતરતી મૈત્રી-દયાભાવનો શાંતરસ ખળખળ વહેતો હોય છે.**

અહીં યોગોત્થાનનો બીજો અર્થ આ છે, કે જે ધર્મયોગ સાધવા લીધો, એમાંથી ચિત્તનું ઉત્થાન થાય. અર્થાત્ ચિત્ત આ યોગમાંથી ઊઠીને બીજે જાય. બીજે, એટલે બીજા-ત્રીજા વિષયમાં કે બીજી ત્રીજી બાબતમાં, અથવા બીજા શુભ યોગમાં જાય. આ પણ ન કરાય, નહિતર એ, ડાંગરના રોપાને ત્રણ દિવસ એક ઠેકાણે, પછી ત્યાંથી ઉખેડીને ત્રણ દિવસ બીજે ઠેકાણે, વળી ત્યાંથી ઉખેડીને ત્રણ દિવસ ત્રીજે ઠેકાણે. એમ ફેરવવા જેવું થાય, એમાં પાક ન આવે. એટલે કે યોગસાધનાનું ફળ ન આવે. ડાંગરના રોપાનું વારેવારે ઉત્થાન કરવામાં એ રોપો જમીનમાં જામે જ નહિ, એમ મનનું પ્રસ્તુત યોગમાંથી વારેવારે ઉત્થાન કરવામાં, અથવા કહો, મનમાંથી પ્રસ્તુત યોગનું વારંવાર ઉત્થાન કરી કરી બીજું ત્રીજું ઘાલવામાં, પ્રસ્તુત યોગ મનમાં જામે જ નહિ. ઉત્થાન વારંવાર તો નહિ, કિન્તુ એકવાર પણ ન થવા દેવાય, નહિતર યોગવ્યાઘાત થાય. માટે અહીં ગાથામાં, અલમ્ એટલે કે અત્યન્ત કહ્યું. અત્યંત ઉત્થાન નહિ, અર્થાત્ એકવાર પણ ઉત્થાન નહિ. આ કેમ બની શકે ? તો કહ્યું આ દીપ્રાદૃષ્ટિમાં આવેલા આત્માને પ્રશાન્તવાહિતાનો લાભ થયો છે, દિલ જરાય આકુલ વ્યાકુલ નથી, પણ તદ્દન સ્વસ્થ છે. તેથી જે યોગ સાધવા લીધો એમાં દિલ પ્રશાંતધારાએ વધુ ચાલે.

આ પરથી જોવા જેવું છે, કે યોગની ચોથી દૃષ્ટિમાં આવેલા જીવે કેટલો બધો આત્મવિકાસ સાધ્યો હોય ! પૂછો, -

પ્ર. - આ પ્રશાંતવાહિતા કેમ આવે ?

ઉ. - **જગતના ભાવોથી જીવ ધરાઈ જાય ત્યારે એના ઉકળાટ મટે અને પ્રશાંતવાહિતા આવે.** કોઈપણ વાતનો ઉકળાટ-વિહ્વળતા ઉઠવા જાય, ત્યારે મનને સમજાવી દેવાનું કે

વિહ્વળતા ટાળવા વિચારણા

(૧) જોયું, બહુ જોયું, આ જગતમાં અનંતાકાળથી ભટકતાં જોવામાં બાકી નથી રાખ્યું. અહીં મળે છે એનાથી કેઈગણું ઊંચું જોયું. સંપત્તિઓ ય એવી બહુ ઊંચી જોઈ, અને આપત્તિઓ ય બહુ જાલિમ જોઈ, એની આગળ આ જનમની સંપત્-વિપત્ શી વિસાતમાં છે, તે આના પર વિહ્વળ થવું? વળી,

(૨) વિહ્વળતા કરવાથી આત્માનું મહા કિંમતી ધન સત્ત્વ અને મહાકિંમતી સ્વસ્થતા-સમાધિનું સુખ હણાય છે, તો શા સારુ વિહ્વળતા કરીને નિઃસત્ત્વ અને દુઃખી થાઉં ? બધું કર્માનુસાર ચાલે છે તે ચાલવા દો. આપણે આપણાં સત્ત્વ-સમાધિ-શાન્તિસુખ સાચવો.

(૩) મારે જાવું છે પરાકાષ્ઠાના નિર્વિકાર-ભાવમાં, અનાસક્ત અને વીતરાગ ભાવમાં, જો અહીંથી દરેક પ્રકારની વિહ્વળતા ટાળીને પ્રશાંત-

વાહિતાનો ખપ કરીશ-અભ્યાસ કરીશ, તો જ આગળ વધતાં ત્યાં પહોંચાશે. એના બદલે વિહ્વળતામાં તો ઉલ્ટું નિર્વિકારદશાથી આઘું ઠેલાવાનું થાય છે.

તત્ત્વશ્રવણ

ચોથી દીપ્રાદૃષ્ટિમાં તત્ત્વશ્રવણ નામનો ગુણ આવે છે, ત્રીજી દૃષ્ટિમાં શુશ્રૂષા ગુણ આવ્યો છે, એટલે સહજ છે કે એમાં આગળ વધતા તત્ત્વશ્રવણ ગુણ આવે, કેમકે શુશ્રૂષા એટલે કે શ્રવણની તાલાવેલી છે, એ સહેજે ગુરુને શોધે અને એ મળી આવતાં એમની પાસે શ્રવણ કરે.

આ શ્રવણ કેવી રીતે કરે ?

ધ્યાનમાં રહે કે તત્ત્વશ્રવણગુણથી આગળ વધીને પાંચમી યોગદૃષ્ટિમાં તત્ત્વબોધગુણપર જવાનું છે, તો એ તત્ત્વબોધ થાય એ રીતનું અહીં તત્ત્વશ્રવણ જોઈએ. એ કેવું હોય ? તો કે

શ્રવણવિધિ

(૧) પહેલા નંબરમાં ગુરુનો બાહ્યથી બરાબર વિનય સાચવીને અને આભ્યન્તર-હૈયામાં ગુરુપર અતિશય બહુમાન ધરીને સાંભળે.

(૨) સાંભળવાનું તે ઉભડક પગે બેસીને અને અંજલિ જોડીને, તેમજ આખા શ્રવણ દરમિયાન એકમાત્ર ગુરુપર દૃષ્ટિ, ને એક પણ ડાફોળિયું નહિ, કે માથું નીચું ઘાલવાનું નહિ.

(૩) શ્રવણકાળમાં બીજી કોઈ જ પ્રવૃત્તિ નહિ, દા.ત. આસન કપડું સરખું કરવું, ચીજ વસ્તુ ગોઠવવી, વારેવારે એક પગ નીચો ને બીજો ઊંચો કરવો, માથે હાથે પગે ખણ્યા કરવું, બીજા સાથે વાતો કરવી, બીજાને જવાબ દેવા, ઝોકા ખાવા વગેરે કશી પ્રવૃત્તિ નહિ. યોગીની જેમ સ્થિર બેસીને સાંભળવું.

(૪) સાંભળવાનું તે જાણે અપૂર્વ નિધાન મળી રહ્યું છે, એ ભાવથી સંભ્રમ સાથે અર્થાત્ રોમાંચ અને હર્ષોલ્લાસ સાથે સાંભળવું.

(૫) શ્રવણ કરતા જવું તે વક્તાના શબ્દે શબ્દ પકડીને, તેમજ આગળ આગળ સાંભળતાં પાછળ પાછળનું ધ્યાનમાં રાખીને અને વક્તાના કહેવાનો આશય સમજીને સાંભળવું. શબ્દે શબ્દ પકડવો હોય એટલે સહેજ પણ શૂન્ય મગજ કરાય નહિ. પાછળ પાછળનું ધ્યાન રાખવું હોય એટલે મગજ બીજે ત્રીજે લઈ જવાય નહિ, સાંભળેલાને સંભાળવામાં જ પરોવી રાખવું પડે. સાંભળતાં વક્તાનો આશય સમજીને જ ચાલવું હોય, એટલે સાંભળેલામાં ઊંધો કે આડો ટેઢો ભાવ ન લેવાય.

શ્રવણ દિનભર કરે, એના લાભ

આ રીતે શ્રવણ કરે, એમાં આનુષંગિક કેટલા બધા લાભ થાય !

(૧) વાચનામુદ્રાએ બે હાથની અંજલિ જોડી સાંભળે, ત્યાં ગુરુના વિનયધર્મનો અને નમ્રતા ગુણનો લાભ મળે. નહિતર હાથ ગમે તેમ રાખ્યા હોય ને બેઠક આરામની રાખી હોય, એમાં એ લાભ તો ગયા, ઉલ્ટું આત્મામાં અવિનય, અભિમાન વગેરે કચરા પેઠા ! કેવી દુર્દશા ! ગયો તત્ત્વશ્રવણ કરવા ને શ્રવણ કર્યું પણ ખરું, કિન્તુ કમાઇ લાવ્યો કચરા! ત્યારે વાચનામુદ્રાથી વિનય, નિરહંકારિતા કમાવાનું થાય. એમ

(૨) શ્રવણ વખતે સંભ્રમગુણથી શાસ્ત્ર અને ગુરુપર બહુમાન કમાવાનું થાય, મનની એકાગ્રતા સધાય.

(૩) ડાફોળિયા વગેરે નહિ, તેથી બાહ્ય-ભાવ બહિરાત્મભાવ અટકે.

(૪) બીજી ત્રીજી પ્રવૃત્તિ નહિ, એથી અમૂલ્ય યોગ સ્થિરતાની કમાઇ થાય.

(૫) વક્તાના શબ્દે શબ્દ પકડાય, તેથી શ્રુતની સક્રિય મમતા ઊભી થાય. નહિતર શ્રુતની મમતાનો દાવો તો રાખે, પણ શ્રુતગ્રહણ કરતી

વખતે શૂન્ય મગજ કે રખડતું મન રાખે, એ મમતા કેવી ? માત્ર કહેવાની મમતા. માણસને વેપારની મમતા હોય છે, તો કોઇ વેપારની વાત કરવા આવે ત્યારે કાન દઇને એનો શબ્દે શબ્દ પકડે છે. તાત્પર્ય, મમતા સક્રિય હોય તો વાસ્તવિક ગણાય.

(૬) વક્તાના કહેવાનો આશય સમજીને ચાલે ત્યાં વક્તા દોષથી બચી સરળ હૃદયનો લાભ થાય.

सूक्ष्मबोधविवर्जिता

આવા લાભોવાળી પદ્ધતિથી શ્રવણ કરે છે, પરંતુ શાસ્ત્રકાર અહીં કહે છે - એને સૂક્ષ્મબોધ અર્થાત્ નિપુણબોધ નથી થતો. નિપુણબોધ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનની વાણીથી મળે, કે મકે એ અનંતજ્ઞાનીની વાણીમાં જ વાસ્તવિક અને સૂક્ષ્મ હિતાહિતનું નિરૂપણ હોય, વાસ્તવિક તત્ત્વોનું નિરૂપણ હોય. તેમાં પણ સ્યાદ્વાદ - અનેકાંતવાદની શૈલીથી તત્ત્વોની ઘટના કરાતી હોય. માટે આનો બોધ જ સૂક્ષ્મબોધ - નિપુણબોધ કહેવાય. અલ્પજ્ઞાની ને મિથ્યાજ્ઞાનીના રચેલા શાસ્ત્રમાંથી આવો બોધ ન થાય.

અહીં ચોથી દીપ્રાદૃષ્ટિમાં હજી સર્વજ્ઞશાસન મળ્યું નહિ હોવાથી સર્વજ્ઞવચનની પ્રાપ્તિ નહિ, તેથી એવા સૂક્ષ્મ પદાર્થ જાણવા મળે નહિ, એટલે સૂક્ષ્મબોધ - નિપુણ બોધ થઇ ન શકે.

ભાવ પ્રાણાયામનો પ્રભાવ - ધર્મની ખેવના

भावरेचकादिगुणमाह-

प्राणेभ्योऽपि गुरुर्धर्मः, सत्यामस्यामसंशयम् ।
प्राणांस्त्यजति धर्मार्थं, न धर्मं प्राणसङ्कटे ॥५८॥

प्राणेभ्योऽपि-इन्द्रियादिभ्यो, **गुरुर्धर्मो**-महत्तर इत्यर्थः, **सत्यामस्यां**-अधिकृतदृष्टौ दीप्रायाम् **असंशयम्**, एतत्कुत इत्याह-**प्राणांस्त्यजति धर्मार्थं** तथोत्सर्गप्रवृत्त्या, **न धर्मं प्राणसङ्कटे** त्यजति-तथोत्सर्गप्रवृत्त्यैव ॥५८॥

ટીકાર્થ - ભાવરેચકઆદિનો ગુણ (શો થાય તે) બતાવે છે.

ગાથાર્થ : આ દૃષ્ટિ હોતે છતે નિશ્ચિતપણે એને પ્રાણ કરતા પણ ધર્મ મોટો છે. (તેથી જરૂર પડ્યે) ધર્મમાટે એ પ્રાણોનો ત્યાગ કરે છે, (કિન્તુ) પ્રાણના સંકટમાં પણ એ ધર્મનો ત્યાગ નથી કરતો.

ટીકાર્થ : 'प्राणेभ्योऽपि' એટલે કે ઇન્દ્રિયો આદિ કરતાં પણ ધર્મ 'ગુરુ' છે, યાને વધારે મહાન છે, 'सत्यामस्यां' એટલે પ્રસ્તુત દીપ્રાદૃષ્ટિ હોતે છતે, એમાં શંકા નહીં. એ શી રીતે ? તો કે ધર્મ-ખાતર પ્રાણો જતા કરે છે, એમ ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિથી; (કિન્તુ) પ્રાણના સંકટમાં ધર્મને જતો કરતા નથી, તે પણ ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિથી જ.

વિવેચન : ભાવપ્રાણાયામ યાને બહિરાત્મ-ભાવનો ત્યાગ અને અંતરાત્મભાવનો સ્વીકાર. એનું ફળ શું આવે ? તે હવે બતાવતાં કહે છે કે - એ કરનારને મન પ્રાણ કરતાં પણ ધર્મ ગુરુ રહે છે, મહાન રહે છે, અર્થાત્ પ્રાણ કરતાં પણ ધર્મને વધારે મહત્ત્વનો માને છે, ધર્મને વધારે મહત્ત્વ આપે છે. એ પણ મનમાં કોઇ શંકા-વસવસો રાખીને નહિ, કિન્તુ નિઃશંકપણે મહત્ત્વનો માને છે. આ પણ 'પ્રાણ કરતાં ય ધર્મ અધિક છે' એમ માત્ર કહેવા માટે નહિ, કિન્તુ હૃદયથી એવો પક્કો વિશ્વાસ છે, અને અવસરે એ વિશ્વાસ અમલી બને છે. અર્થાત્ ધર્મ ખાતર, એવો અવસર આવી લાગ્યે એ પ્રાણને જતા કરશે, પણ ધર્મ નહિ જતો કરે.

આનું કારણ આ કે એને મન ધર્મનું એવું મહત્ત્વ છે કે એ સમજે છે કે **'માનવ અવતારે ધર્મ ન કરવો અને શ્વાસોશ્વાસ લેવા મૂકવા, એ ધમણના વાયુને લેવા મૂકવા જેવું છે.** એમ તો ધમણે ય વાયુ લે છે ને કાઢે છે, માણસ પણ શ્વાસ વાટે વાયુ લે ને કાઢે, પણ ધર્મસાધના નથી, તો

ધમણ કરતાં એનામાં શો ફરક પડ્યો ?' આમ સમજે છે, માટે આ જનમની વિશેષતા ધર્મથી જ સમજે છે. તે પણ મહત્તા એટલી હદ સુધી કે ધર્મખાતર અવસરે ખાન-પાન-પૈસા-કુટુંબ તો છોડે જ, પણ જરૂર પડે તો પ્રાણ પણ જતા કરે. પૂછો-

પ્ર. - ધર્મખાતર પ્રાણત્યાગનું જોમ શેં આવે?

ઉ. - હંમેશા નજરસામે આત્માનો ઉદય રહે, તો ધર્મસાધના ખાતર અવસરે પ્રાણત્યાગનું પણ જોમ આવે. એ જુએ છે, કે ધર્મની સાધના જેટલી ભારે ભોગવાળી અને જોરદાર, એટલો આત્માનો ઉદય વધારે. વ્યવહારમાં દેખાય છે કે રાજાની કે મોટા શેઠની સેવા જો ભારે ભોગ આપીને અને જોરદાર કરે છે, તો એનો ગ્રેડ (Grade) - કક્ષા વધારી દેવામાં આવે છે. નજર સામે પોતાના આત્માનો ઉદય છે, ને ઉદયને ચમકાવનાર ધર્મ છે, પછી એ ધર્મસાધનામાટે પ્રાણત્યાગ સુધીનું પણ જોમ કેમ ન પ્રગટી ઊઠે ? એને તો ખાતરી છે કે કદાચ પ્રાણત્યાગમાં આ જનમ ગયો, તો ગયો, પછીના જનમમાં મારા આત્માનો મહાન ઉદય થવાનો છે.

બીજું એ છે કે ધર્મસાધનાથી આત્માનો ઉદય નજર સામે રહેવાને લીધે ધર્મસાધનાપર ભારે મમત્વ ઊભું થાય છે. એ દેખે છે કે જનમ જનમ દુન્યવી ચીજો અને દુન્યવી સગાસ્નેહીની ભોગ આપીને સાધના કર્યે રાખી. એમાં એની ભારે મમતા વધારી. તો હવે તો આ ઉત્તમ જનમમાં ભારે ભોગ સાથે ધર્મની સાધના કરી કરીને મનમાં એની મહત્તા કાં ન દઢ કરું ? હૃદયમાં એની મમતા કાં ન વધારું ?

આ ધ્યાન રાખવાનું છે કે ધર્મમાટે ભોગ આપીએ, તો ચિત્તમાં ધર્મની મહત્તા સ્થપાય છે. રુડી આંગીવાળા ભગવાનનાં દર્શન કર્યા, ત્યાં ઝટ ગજવામાંથી ૧-૨-૫ રૂપિયા કાઢીને ભંડારમાં નાખતાં 'અહો ! પ્રભુ તમે મને અરિહંતદર્શનનો અમૂલ્ય લાભ આપ્યો ! એની શી કિંમત અંકાય ? પ્રભુ ! તમારો મહાન ઉપકાર !' એ ભાવના કરાય, તો ત્યાં દર્શનની કિંમત આંકી ગણાય. પરંતુ કશો ભોગ આપ્યા વિના મફતિયા જ દર્શન કરવા હોય, 'પ્રભુ તમે મને વહાલા, પરંતુ મારા રૂપિયા મને વધારે વહાલા' કરવું હોય, તો ત્યાં તો સ્વાર્થ-માયા રમાઇ, પ્રભુ ખાતર રૂપિયાનો ઉપયોગ નહિ કરે, પણ જરૂર પડ્યે રૂપિયા ખાતર પ્રભુનો ઉપયોગ કરી લેશે. આમાં દિલમાં દર્શનધર્મનું શું મહત્ત્વ સ્થાપ્યું, કે રૂપિયા ખર્ચ્યા વિના પ્રભુ દર્શન ન મળે? બજારમાં નાનો માલ લેવો હોય, તો પણ રૂપિયા જોખવા પડે છે, ત્યાં મનમાં માલનું મહત્વ છે, માટે રૂપિયા ખરચીને લઇ આવે છે. અહીં માની લીધું કે રૂપિયા ખર્ચ્યા વિના દર્શન મળી શકે છે - એ દર્શનનું એને મન મહત્ત્વ કેટલું ? સમજી રાખો,

ધર્મની પ્રીતિ-પ્રભુની પ્રીતિ એમને એમ નથી આવતી, એ તો જડની પ્રીતિ છોડીએ તો ધર્મની પ્રીતિ આવે.

દેવચંદ્રજીએ **ઋષભદેવ** પ્રભુના *''ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કરો ચતુર વિચાર.''* એ સ્તવનમાં પહેલાં તો પ્રીતિ કરવામાં મુશ્કેલીઓ લખી, પછી છેવટે લખ્યું, -

''પ્રીતિ અનંતી પર થકી જે તોડે હો, તે જોડે એહ રે''

જીવે જડ પુદ્ગલપર એવી અનંત પ્રીતિ રાખી છે, કે બેલેન્સમાં હવે પ્રીતિ નથી, જે પ્રભુપર જોડી શકાય. તેથી રસ્તો આ છે કે પર-જડ પુદ્ગલ અને ચેતન કુટુંબીઓપરની પ્રીતિ તોડાય, એ પર-પદાર્થ ઉપરથી પ્રીતિ ઉઠાવી લેવાય, તો એને અહીં પ્રભુપર જોડી શકાય.

આ પુદ્ગલની પ્રીતિ તોડવામાટે પ્રભુદર્શન વગેરે સુંદર નિમિત્ત છે. એમાં પુદ્ગલ-પૈસા-શરીર

વગેરેનો ભોગ આપીએ, તો એનાપરથી એટલી પ્રીતિ ઊઠીને પ્રભુપર સ્થપાય. જો ભોગ ન અપાય તો એનાપર પ્રીતિ એમ જ ઊભી રહે. એ પ્રીતિ પ્રભુ પર ક્યાંથી જાય ?

મહારાજા **શ્રેણિક** આ સમજતા હતા, તેથી પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને મોટું ઈનામ આપી દેતા, રોજ ત્રિકાળ જિનભક્તિમાં તાજા ઘડેલા સોનાના ૧૦૮-૧૦૮ જવલાથી સાથિયો કરવા જોઈતા હતા. ૧૮ દેશના સમ્રાટ **કુમારપાળ** મહારાજાને રોજ પ્રભુપૂજામાં તદ્દન નવા નકોર જ વસ્ત્ર ખપતા. ખંભાતના **રામજી ગંધાર** શ્રાવકે જગદ્ગુરુ **હીર સૂરીશ્વરજી** મહારાજ ખંભાતની પાસે આવી ગયાની વધામણી લાવનાર માણસને ૧૧ લાખ રૂપિયા વધામણી દાન દઈ દીધેલું !

આ શું સૂચવે છે ? પુદ્ગલની પ્રીતિ તોડો, તો પ્રભુપર-ગુરુપર-ધર્મપર પ્રીતિ જોડાય ને જામે.

ચોથી દીપ્રાદૃષ્ટિમાં જો આ સ્થિતિ છે, ધર્મને ખાતર અવસરે પ્રાણ પણ જતા કરે, તો શું દેવદર્શન-પૂજન-ગુરુ આગમન આદિના સમાચાર વગેરે ખાતર થોડા રૂપિયા જતા ન કરાય ? અને ન કરાય તો મનપર મહત્ત્વ કોનું રહ્યું ? ધર્મનું કે પૈસાનું?

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી **હેમચન્દ્ર સૂરિજી** મહારાજના શિષ્ય આચાર્યશ્રી **રામચંદ્ર સૂરિજી**એ રાજા **અજયપાલને** કહી દીધું '**બાલચંદ્ર** મુનિને ગુરુએ આચાર્યપદવી આપવાની ના પાડી છે. તેથી એમને એ પદવી ન અપાય' રાજા કહે 'ન આપવી હોય, તો આ તપેલી લોઢાની કઢાઈપર બેસી જાઓ' આચાર્ય બેસી ગયા. શેકાઈ ને ભડથુ થઈ ગયા ! કેમ ? 'ગુરુ આજ્ઞાપાલનના ધર્મને સાચવવા પ્રાણ પણ જતા કરવા જોઈએ' એ સમજ હતી. મહત્ત્વ જેવું ધર્મનું છે, એવું પ્રાણનું નહિ. કેમકે ધર્મ જનમ-જનમની ચીજ છે, જન્મોજન્મ સુધારનાર છે, પ્રાણ એ ન સુધારે.

એક જનમની ચીજ પ્રાણ. એના ખાતર જનમ જનમની ચીજ ધરમ કોણ બગાડે ?

ખંભાતમાં **કસ્તૂરભાઈ અમરચંદ** શેઠને ત્યાં નવો ભૈયો નોકરીમાં આવ્યો.

શેઠ કહે 'જુઓ ભૈયાજી ! તમારો ૧૪ રૂા. પગાર, પરંતુ તમો અમારા રસોડે જમજો, તેથી તમારે જમવાના રૂા. ૬. બચી જશે.

ભૈયો કહે 'શેઠ અમને તમારા માણસની રસોઈ ન ખપે'

અમારે ત્યાં બ્રાહ્મણ રસોયો છે.

હશે. પરંતુ એ ઉભયકાળ નિયમિત સંધ્યા-પાઠ ક્યાં કરતો હશે ? તેમ જ ચોકો ય ક્યાં ચોકખો રાખતો હશે ?

શેઠ કહે - ભૈયાજી ! હવે તો તમે પરદેશમાં આવ્યા છો. રૂપિયા બચાવી લો.

ભૈયો કહે - 'શેઠ ! રૂપિયા તો એક જનમના છે, ધરમ જનમજનમનો છે. શું એક જનમના રૂપિયા ખાતર ધરમ બગાડી જનમજનમ બગાડું? એ મારાથી નહિ બને ! ધરમ મોટી ચીજ છે.'

લોકો આબરૂને મોટી ચીજ માને છે. તો આબરૂ સાચવવા ખાતર અવસરે પ્રાણ જતા કરે છે. મુંબઈમાં એક શેઠિયો ઉદાર બહુ, તે કમાતો ગયો ને ધર્મખાતે મોટા મોટા દાન દેતો ગયો. એમાં અશુભના ઉદયે વેપારમાં મોટી ખોટ ગઈ, 'લેણિયાતને મોં શું બતાવવું ? ને માંગવા આવે એને ના કેમ કહેવી ?' તે અગાસી જઈ ભગવાનની પૂજા કરી, પછી ગામ બહાર કૂવામાં જળસમાધિ લઈ લીધી.

આબરૂ ખાતર માણસ પ્રાણ પણ છોડી દે, તો ધર્માત્મા ધરમ ખાતર શું ન છોડે ?

રજપૂત સતી સ્ત્રી ગૂંડાઓના હાથમાં સપડાઈ. ધણી સાથે હતો, સતી કહે એને 'શું જોઈ રહ્યા છો ? મારું શીલ જાય એ પહેલાં ચલાવો

તલવાર મારા ગળાપર' રજપૂત ગૂંડાઓને કહે 'છોડી દો એને, નહિતર એ મરશે,' ગૂંડાઓ જાણે 'પોતાની પત્નીને આ શેનો મારે ?' ન છોડી, ને સતીના કપડા ખેંચવા જતા હતા. ત્યાં રજપૂતે પત્નીનું ગળું ઉડાવી દીધું. ગૂંડા જોઇ રહ્યા.

શીલધર્મ સાચવવા ખાતર આમ સતીઓ પ્રાણત્યાગ કરે, એમ યોગની ચોથી દૃષ્ટિમાં આવેલો 'ધર્મઅર્થે પ્રાણ પણ જવા દે છે.'

મહારાજા કુમારપાળ નવરાત્રિમાં એક બોકડાનો ભોગ આપવા તૈયાર નહિ, કંટકેશ્વરી દેવી એમના કપાળમાં ત્રિશૂળ મારી તીવ્ર વેદના અને કોઢના સફેદ સફેદ ચાઠાં ઊભા કરી કહે 'હજી માન, એક બોકડાનો ભોગ દઈ દે, તો જીવનમાં ઘણા જીવ બચાવી શકીશ, નહિતર આ કોઢિયો થઇ સવારે દુનિયામાં ફજેત થઇશ.' મહારાજ કુમારપાળે સાફ ના કહી દીધી અને ઉદયન મંત્રીને બોલાવી કહે 'ચિતા ખડકાવો, સવાર પડતાં પહેલાં મારા શરીરની રાખ કરી નાખીશ.' *'ધર્મઅર્થે ઈહાં પ્રાણને જી છડે, પણ નહિ ધર્મ.'*

ન ધર્મ પ્રાણસંકટે

ગ્રંથકાર કહે છે દીપ્રાદૃષ્ટિવાળો જેમ ધર્મ ખાતર પ્રાણ પણ જતા કરે, એમ પ્રાણના સંકટમાં પણ ધર્મ જતો ન કરે, 'ધર્મ સાચવવા પ્રાણ જાઓ, પણ ધર્મ ન જાઓ,' આ ટેક હોય છે. જેમ પેલી સતીએ શીલ સાચવવા મોત વધાવી લીધું, શીલ ભંગાવા ન દીધું, એમ પ્રાણસંકટમાં પ્રાણ જતા કરે, પણ ધર્મ ન જતો કરે. ધર્મ સાચવી લે.

વંકચૂલ ચોરને 'રાણીસાથે દુરાચાર નહિ' એવી બાધા, તે રાણીવાસમાં અડગ રહ્યો, તો રાજાનો મંત્રી બન્યો, હવે, 'કાગડાનું માંસ ન ખપે.' એવી બાધા હતી ને જીવલેણ પીડા આવી. વૈદ્ય કહે 'કાગડાના માંસમાં દવા લો, તો બચી જશો, નહિતર મરશો..' પ્રાણસંકટ આવ્યું, પરંતુ વંકચૂલે સત્ત્વ દાખવી નિયમધર્મ સાચવ્યો, પ્રાણ જતા કર્યા, તો મરીને ૧૨ માં દેવલોકે દેવ થયો.

સુદર્શન શેઠ પૂર્વભવમાં એજ ઘરમાં ઢોર ચારનારો નોકર. એને મહાત્માના મુખેથી ''નમો અરિહંતાણં'' સાંભળવા મળેલું, તે એની એણે એવી જીવંતરટણા બનાવેલી, કે પછીથી ઊંચી ભેખડપરથી નદીમાં ઝંપો મારતા નદીની અંદરમાં ચીપકેલો લાકડાનો ખૂંટો પેટ ફાડી અંદર પેઠો, પ્રાણ સંકટ આવ્યું, પણ સત્ત્વથી 'નમો અરિહંતાણં' પદની રટણાનો ધર્મ ન છોડ્યો, તો મરીને એ જ ઘરમાં સાત્ત્વિક શિરોમણિ સુદર્શન શેઠ થયા. સત્ત્વનું બંડલ અહીં કેવુંક લઇ આવ્યા, કે રાજાની રાણી એકાંતમાં પ્રાર્થના કરે છે લોભાવે છે, પરંતુ 'વિષય સુખ જાઓ, શીલધર્મ ન જાઓ.' એ હિસાબથી અડગ રહ્યા. ત્યાં રાણીએ આળ ચડાવ્યું, રાજા શેઠને પૂછે - બોલો શી હકીકત છે? 'જો હકીકત કહું, તો રાણીપર મોત જેવી સજા આવે, મારા શબ્દે મારો અહિંસાધર્મ ઘવાય' એમ વિચારી શેઠ ન બોલ્યા, રાજાએ શૂળીની સજા કરી. શૂળીએ ચડવાનું થયું. પ્રાણસંકટ આવ્યું, છતાં શેઠ 'મારા પ્રાણ જાઓ, પણ મારો અહિંસાધર્મ ન જાઓ,' એ નિર્ધારથી અડગ રહ્યા. આ શી રીતે બની શકતું હશે ? એમ આપણને લાગે, પરંતુ સુખશીલતાની બહુ પરવા ન રખાય, તેમ જ ધર્મ-માટેની લાગણી અપરંપાર ઊભી કરાય, તો આ બનાવવું સહેલું છે. એવી લાગણીવાળો ધર્મનો અર્થી માન-અપમાનને બહુ નહિ ગણે. સુખ-શીલતાને ફગાવી દેશે. ધર્મસામે પૈસાને તુચ્છ ગણશે. બહાર ગામથી મહારાજને વંદન કરવા ચાર સાધર્મિક આવ્યા, તો ભક્તિ કરવા દોડધામ કરે. મહાન સાધર્મિકભક્તિ ધર્મ આગળ પૈસા શી ચીજ છે ?

હજી ગામડાવાળા ધર્મની આવી કિંમત સમજે, પણ શહેરવાળાને કિંમત ઓછી, તે ધર્મ

ખાતર પ્રાણ ક્યાં છૂટે ? માટીના થોડા કૂકા ય ન છૂટે. અમદાવાદમાં પોળો છોડી બહાર સોસાયટીઓમાં બંગલે રહેવા ગયા. એમને પોળના મંદિર-ઉપાશ્રય અંગે ઘસાવું નથી. બંગલા-મોટરના મોટા ખર્ચ નભે, ધર્મનો ખર્ચ નહિ, ત્યારે અંતે દશા કેવી ? કદાચ હોસ્પિટલમાં કે ડૉક્ટરના પહેરા નીચે મરે ! નવકાર-નિઝામણા કશું ન પામે. ધર્મના ખપી હોય, ને પ્રાણસંકટ હોય, તો ય કહી દેશે કે 'મારે ડૉક્ટર હોસ્પિટલ ન જોઈએ. મને નવકાર સંભળાવજો. મારે સમાધિ જોઈએ.' ધર્મનું આટલું બધું મહત્ત્વ કેમ? તો કહે છે, -

ધર્મનું મહત્ત્વ કેમ ? ધર્મ જ એક મિત્ર-

अत्र प्रतिबन्धनिबन्धनमाह-

एक एव सुहृद्धर्मो, मृतमप्यनुयाति यः ।
शरीरेण समं नाशं, सर्वमन्यत्तु गच्छति ॥५९॥

एक एव सुहृद्धर्मो-नान्यः, तल्लक्षणयोगात् । तदाह-**मृतमप्यनुयाति य इति, शरीरेण समं नाशं-व्ययं, सर्वमन्यत्तु गच्छति** स्वजनादि ॥५९॥

ટીકાર્થ : અહીં (આવા) આગ્રહના નિયમનું કારણ કહે છે,

ગાથાર્થ : ધર્મ જ એકલો (જીવનો) મિત્ર છે કે જે મરેલા (જીવ) ની સાથે જાય છે. શરીરની સાથે જ બીજું બધું નાશ પામે છે.

ટીકાર્થ : એકલો ધર્મ જ મિત્ર છે, બીજો કોઇ નહિ, કેમકે મિત્રપણાનું લક્ષણ માત્ર ધર્મમાં જ છે. તે લક્ષણ કહે છે, જે મરેલાને પણ અનુસરે છે. બાકી બધું સ્વજનાદિ તો શરીરની સાથે નાશ પામે છે.

વિવેચન : ધર્મખાતર અવસરે પ્રાણ પણ જતા કરે એટલું બધું ધર્મનું મહત્ત્વ શા કારણે ? તે કારણ બતાવતાં કહે છે કે,

આ જગતમાં જીવનો સાચો મિત્ર હોય, તો તે એક માત્ર ધર્મ જ છે. કેમકે જીવનું મરણ થતાં જીવની સાથો-સાથ જનાર કોઇ હોય, તો તે ધર્મ જ છે. બાકી તો શરીર, સગા, સ્નેહી, મકાન, માલ-મિલ્કત વગેરે તો માણસના મરવાપર નાશ પામી જાય છે, અર્થાત્ જીવને એ બધાનો-અન્યનો વિયોગ થઇ જાય છે. તેથી પરભવે અહીંના કોઇ જ સાથે જતા નથી, એ મિત્ર શાના કહેવાય ? મિત્ર તો બધે સાથે રહી હુંફ આપતો હોય, તે ગણાય. એક ધર્મ જ એવી ચીજ છે, જે પરભવે જીવની સાથે રહી એને હુંફ આપે છે.

ખૂબી કેવી છે, કે શરીર કે જેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશ-પ્રદેશ આત્માના પ્રદેશે પ્રદેશસાથે ખીર-નીરની જેમ મળી ગયા હોય છે. જો એવું પણ શરીર આત્માની સાથે પરભવે જતું નથી, તો આત્માથી અલગ કુટુંબ, કંચન, મકાન, મિલ્કત, સ્નેહીઓ વગેરેની સાથે જવાની વાતેય શી ? એનો અર્થ એ કે શરીર સુદ્ધાં બહારના બધા જીવની સંસારમુસાફરીમાં અધરસ્તે ભેગા થયા ને અધવચ્ચે જીવને છોડી દેનારા ! એવાની સાથે મૈત્રી સંબંધ બાંધવામાં અને એની મમતા કરવામાં સરવાળે સંતાપ સિવાય બીજું કશું મળવાનું નહિ. તો અધવચ્ચે આપણને રખડતા કરી દેનાર એવાની સાથે મમતા અને મૈત્રી રખાય ? મમતા-મૈત્રીભાવ તો ધર્મ સાથે જ કરાય. જે પરલોકમાં સાથે આવે છે. પૂછો, -

પ્ર. - **અહીંનો ધર્મ પરલોકમાં ક્યાં સાથે આવે છે ?** નવા જનમમાં તો બાળપણમાં સાવ અજ્ઞાનદશા હોય છે. માતા મંદિરે લઇ જાય, તો જાય, એને પોતાને ક્યાં મંદિરે જવાની ય સૂઝ હોય છે ?

ઉ. - મંદિરે જવું એ બાહ્ય ક્રિયા છે. એ કરાવનાર અંતરના શુભભાવ છે. બાળપણમાં મગજની એટલી ખીલવટ નહિ, તેથી એટલી વિચારશક્તિ નહિ, તેથી અંતરમાં શુભભાવ છતાં

મંદિરગમનની એવી પક્વ વિચારણા નહિ. પરંતુ માતા રોજ મંદિરે લઇ જતાં એ વિચારણા પક્વ થાય છે, પછી એને મંદિરે કોઇ દિવસ ન લઇ જાય તો મંદિરે જવાની હઠ પકડે છે, ને પછી મંદિરે લઇ જવાતાં ભારે હર્ષ અનુભવે છે, એ પૂર્વોપાર્જિત શુભ ધર્મપરિણતિનું ફળ છે. આ શુભપરિણતિ શુભ-અધ્યવસાય એ બાહ્ય ખૂબ ધર્મપ્રવૃત્તિનું ફળ છે. કહો, ધર્મ ખરેખર અંતરની શુભપરિણતિરૂપ છે, તે એ જીવની સાથે પરલોક જાય છે, એને સદ્ગતિ અપાવે છે. ને એ ત્યાં એને અનુકૂળ સંયોગમાં ધર્માત્મા બનાવે છે.

માટે કહો, અહીં **ધર્મ કરીએ એનું ઉચ્ચ ફળ કયું? પૈસા ટકા, સુખ, સંપત્તિ નહિ; કિન્તુ શોભન અધ્યવસાય, નિર્મળ ભાવ, સમ્યક્ પરિણતિ ઊભી થાય તે.** આ લક્ષ્ય જો ધ્યાનમાં હોય, તો ધર્મસાધના કરતાં કરતાં આ જોતા રહેવાય, કે 'મારા અધ્યવસાય નિર્મળ થતા આવે છે ને ?' આ લક્ષ્ય જો બરાબર ધ્યાનમાં હોય, તો ધર્મસાધનાની વચમાં કોઇ ક્રોધ-અભિમાન-મરકરી-ઈર્ષ્યા વગેરે મલિનભાવ ન ઉઠવા દેવાય; તેમ સાધનાના ફળરૂપે મોટી પ્રભાવના, માનપાન, ધનકમાઈ કે દેવતાઈ સુખની કશી લાલસા ન રખાય. એટલે હવે સમજાશે કે ધર્મસાધના ચાલુ હોય, ત્યાં વચમાં કષાયો, ને સાધનાના ફળરૂપે માનપાનાદિની ઈચ્છા કેમ થાય છે ? કહો, ધર્મસાધનાના મુખ્ય ફળ તરીકે શુભ-પવિત્ર અધ્યવસાય અને ધર્મપરિણતિ લક્ષમાં નથી, માટે એવા ભાવ બગાડનાર કષાયો અને દુન્યવી ફળની ઈચ્છા થાય છે.

ખબર નથી કે, આ કષાયો જનમ-જનમ મારશે ! અને વિષયાકાંક્ષા દુર્ગતિના ભવોની જેલોમાં ભટકાવશે. માટે આનો ત્યાગ રાખીને અંતરમાં ધર્મની પરિણતિ જગાવવી. 'ધર્મ' જીવનો સાચો મિત્ર છે.

સદાશયનો પ્રભાવ

इत्थं सदाशयोपेतस्तत्त्वश्रवणतत्परः ।
प्राणेभ्यः परमं धर्मं, बलादेव प्रपद्यते ॥६०॥

इत्थम्-एवं **सदाशयोपतः** सन्, **तत्त्व-श्रवणतत्पर**-एतत्प्रधानः, **प्राणेभ्यः परमं धर्मं बलादेव प्रपद्यते,** तत्स्वभावत्वात् स्वतः । (तत) एव न योगोत्थानमस्य ॥६०॥

ગાથાર્થ : એ પ્રમાણે સમ્યગ્ આશયવાળો (થયેલો) તત્ત્વશ્રવણને પ્રધાન કરનાર હોય. (એટલે) ધર્મને સહેજે પ્રાણ કરતાં પણ શ્રેષ્ઠ માને.

ટીકાર્થ : 'ઇત્થં' એ પ્રમાણે સમ્યગ્ આશય યુક્ત થયેલો તત્ત્વશ્રવણમાં તત્પર અર્થાત્ એને મુખ્ય કરનારો હોય (એવો એ) ધર્મને સહેજે પ્રાણ કરતાં પણ શ્રેષ્ઠ માનનારો હોય છે. તેથી જ આ દૃષ્ટિવાળાને યોગોત્થાન નામનો દોષ રહેતો નથી.

વિવેચન : ધર્મ જ સાચો શ્રેષ્ઠ મિત્ર છે, જે પરભવે સાથે આવે છે, એ વાત કહી. તો જીવ કયા બળ ઉપર એને શ્રેષ્ઠ મિત્રતરીકે સ્વીકારે છે ? એ વાત આ શ્લોકમાં બતાવતાં કહે છે, કે જીવ અહીં ચોથી દૃષ્ટિ સુધી ચડ્યો, એમાં એનો આશય-એના અધ્યવસાય નિર્મળ બનેલા હોય છે.

યોગની પહેલી બે દૃષ્ટિનો અભ્યાસ કર્યા પછી જીવને ત્રીજી બલાદૃષ્ટિમાં એવા શુભ-અધ્યવસાય થયા હોય છે કે એથી હવે એને તત્ત્વ-શુશ્રૂષા અર્થાત્ ધર્મતત્ત્વ સાંભળવાની તાલાવેલી જાગે છે. એ લઈને ચોથી દૃષ્ટિમાં ચડ્યો, એટલે ત્યાં ધર્મતત્ત્વનાં શ્રવણનું કર્તવ્ય જીવનમાં મુખ્ય કરે છે. અને તત્ત્વશ્રવણ કરતો જાય, એટલે મગજમાં સહેજે સચોટ બેસી જાય છે કે 'ધર્મ જ આપણો શ્રેષ્ઠ મિત્ર છે.' એને મન ધર્મનું મહત્ત્વ ખૂબ વધી જાય છે, ધર્મની મમતા ભારે જોરદાર બને છે, તેથી જ ધર્મઅર્થે પ્રાણ જતા કરે, પણ ધર્મ જતો ન કરે.

પુસ્તક/પ્રત ક્રમાંક/

આ વસ્તુ એને હવે સહજ જેવી થઇ ગઇ છે. જેમ ઓઘ દૃષ્ટિમાં હતો, ત્યારે પત્ની, પૈસા વગેરેને સહજ રીતે પ્રાણથી અધિક માનતો હતો. એમ અહીં ચોથી યોગદૃષ્ટિમાં હવે આશયશુદ્ધિ અધ્યવસાય-નિર્મળતા એવી થઇ ગઇ છે કે, ને એમાં વળી તત્ત્વશ્રવણ જીવનમાં મુખ્ય બનાવવાથી એવી નવનવી આધ્યાત્મિક પ્રેરણા મળે છે, એટલે હવે એને મન ધર્મનું જ ઊંચું મહત્ત્વ છે, ધર્મને સહજ રીતે પ્રાણથી અધિક તરીકે આવકારે છે.

આ પરથી આપણી જાતમાટે જોવાનું છે, કે ધર્મસાધના તો આપણે કરતા હોઇએ, પરંતુ ત્યાં આપણા દિલમાં ધર્મને કેવો આવકારીએ છીએ, એ પરથી માપ નીકળે કે આપણા મનમાં ધર્મનું કેવું મહત્ત્વ છે ? ધર્મને આવકારવામાટે પહેલું તો હ�ૈયામાં એનો પારાવાર હરખ ઉભરાય, તે એવો કે દુનિયાના લાખો રૂપિયા વગેરે મળવાનો હરખ એની આગળ ફિક્કો પડી જાય. બધીય ધર્મસાધનાના પ્રારંભે હૈયામાં હર્ષ ઉભરાવવાના. ગુરુપાસે પાપની આલોચના કરવા જઇએ, ત્યારે પણ પહેલાં આ હરખ હોય કે અહો જિનશાસન મળ્યું છે તો આ કેવો સરસ પાપશુદ્ધિનો યોગ મળે છે ! મારું કેવું અહોભાગ્ય ! પૂર્વના ભવોમાં આ પાપઆલોચના-પ્રાયશ્ચિત ન થયાં, તેથી એ પાપના અશુભ અનુબંધોના પ્રતાપે અહીં પાપબુદ્ધિઓ, વિષયા-સક્તિઓ અને કષાયો સ્ફુર્યા કરે છે. ધન્યજીવન અહીં આલોચના કરવાનું મળે છે. 'અશુભ કર્મો અને અશુભ અનુબંધો છેદાઇ જશે.' એમ હરખ હોય.

અલબત્ પાપ કર્યાનો તીવ્ર સંતાપ હોય અને મુક્ત મનથી આલોચના કરાય, તો મહાન કર્મ-નિર્જરા થાય. વળી,

દુષ્કૃતગર્હા-સંતાપથી અશુભઅનુબંધો કપાય. સુકૃતઅનુમોદનાથી શુભઅનુબંધો ઊભા થાય.

જેમ આલોચનાના પ્રારંભે પણ એ મળ્યાનો હરખ, એમ બધી ધર્મસાધનામાં, ધર્મ ભારે હરખથી શરુ થાય. પછી એની વિધિ સાચવવામાં ચોકસાઈ... વગેરે હોય, તો કહેવાય કે આપણે ધર્મને સારો આવકારીએ છીએ. તત્ત્વશ્રવણથી આ વિશેષ બનતું આવે. એમાં હૈયાના ભાવ એવા નિર્મળ થતા આવે કે હૈયામાં ધર્મની મહત્તા અને મમતા અનન્ય બની જાય. ત્યાં તત્ત્વશ્રવણને મુખ્ય બનાવ્યું હોય, તો સો કામ પડતા મૂકીને પણ તત્ત્વ શ્રવણ કરવા દોડી જાય. મેવા-મિઠાઇ અને ધન-કમાઇ કરતાં પણ તત્ત્વશ્રવણનો એને રસ ભારે હોય.

આવું ઉચ્ચ તત્ત્વશ્રવણ કરે છે, તથા આશય નિર્મળ થયો ને ધર્મ એને પ્રાણથી પણ અધિક લાગ્યો છે, તેથી હવે ધર્મયોગની સાધનામાંથી મનનું ઉત્થાન થતું નથી, મન ઊંચકાઇ જતું નથી. ધર્મની સ્વતઃ રુચિ નથી એટલે કેટલાક ફરિયાદ તો કરે છે કે ધર્મ કરતાં કરતાં અમને બીજા-ત્રીજા વિચાર કેમ આવ્યા કરે છે ? પરંતુ આ નથી જોતા કે 'હૃદયનો આશય નિર્મળ કરી ધર્મને પ્રાણથી અધિક વહાલો કર્યો છે ?' ના, તો પછી ધર્મ કરતાં પ્રાણ તો શું પણ મામુલી પૈસાવગેરે વસ્તુઓને વધુ વહાલી કરી રાખેલ હોય, પછી એ વસ્તુઓમાં મન કેમ ન તણાઇ જાય ? પછી ત્યાં ધર્મયોગમાં વારે વારે મનનું ઉત્થાન થયા જ કરે એ સહજ છે.

દીપ્રાદૃષ્ટિમાં નિર્મળઆત્મપરિણતિથી ધર્મને એવો વહાલો કર્યો છે, મહાન લેખ્યો છે કે એને પ્રાણથી પણ અધિક માને છે. તેથી અહીં ઉત્થાન નામનો દોષ નથી રહેતો.

तत्त्वश्रवणनो गुण

तत्त्वश्रवणगुणमाह-

क्षाराम्भस्त्यागतो यद्वन्मधुरोदकयोगतः।
बीजं प्ररोहमादत्ते, तद्वत्तत्त्वश्रुतेर्नरः ॥६१॥

क्षाराम्भस्त्यागतो यद्वन्मधुरोदकयोगतः- तन्माधुर्यानवगमेऽपि स्पष्टसंवित्त्या **बीजं प्ररोहमादत्ते तद्वत्तत्त्वश्रुतेर्नरः,** तत्त्वश्रुतेरचिन्त्यसामर्थ्यात् महा-प्रभावत्वादिति ॥६१॥

ટીકાર્થ : તત્ત્વશ્રવણનો લાભ બતાવે છે.

ગાથાર્થ : જેવી રીતે ખારાપાણીના ત્યાગથી અને મીઠા પાણીના યોગથી બીજ ઉગવા-વધવાનું પામે છે, તેવી રીતે તત્ત્વશ્રવણથી માણસ (ધર્મ-બીજનો ઉદ્ગમ-વૃદ્ધિ પામે છે.)

ટીકાર્થ : જેવી રીતે ખારા પાણીના ત્યાગથી અને મધુર પાણીના યોગથી, (અલબત્) તેની મધુરતાનો ખ્યાલ નહિ છતાં, 'સ્પષ્ટસંવિત્ત્યા' (અર્થાત્ પ્રત્યક્ષ દેખાય છે કે) બીજ ઉદ્ગમ-વૃદ્ધિ પામે છે. તેવી રીતે માણસ તત્ત્વશ્રવણથી (ધર્મબીજની ઉદ્ગમ-વૃદ્ધિ પામે છે) કેમકે તત્ત્વશ્રવણનું અચિંત્ય સામર્થ્ય છે, મહાપ્રભાવ છે.

વિવેચન : અહીં શાસ્ત્રકાર તત્ત્વશ્રવણથી શો ગુણ થાય છે, એ બતાવતાં કહે છે,

જેમ મીઠા પાણીથી તેમ તત્ત્વશ્રવણથી બીજનું આરોહણ

માણસ જમીનમાં બીજ વાવે, ને ખારા પાણીના બદલે મીઠા પાણીનું સિંચન કરે છે.

અલબત્ બીજને મધુર પાણીનું સિંચન થાય એમાં એને મધુરતાનો રસાસ્વાદ-અનુભવ નથી થતો, કેમકે એકેન્દ્રિય હોવાથી એને મધુરતાના રસાસ્વાદ માટે રસનેન્દ્રિય જ નથી. છતાં મધુરોદક સ્વભાવે જ એવું છે, કે એ બીજને સિંચાતા બીજ ઉદ્ગમ-પ્રરોહ પામે છે. એની આપણને સ્પષ્ટ સંવિત્તિ થાય છે-પ્રત્યક્ષ દેખાય છે. આ સૂચવે છે કે મીઠું પાણી, બીજને એની મધુરતાનો ખ્યાલ નહિ છતાં, બીજ પર કેવો પ્રભાવ પાડે છે ! મીઠા પાણીના સિંચનના પ્રભાવે બીજમાંથી અંકુર વગેરે જન્મે છે, એમ તત્ત્વશ્રવણના પ્રભાવનો ખ્યાલ ન હોય, તોય તત્ત્વશ્રવણ કરવાથી એના પ્રભાવે જીવમાં ધર્મબીજોમાંથી અર્થાત્ ધર્મની પ્રશંસા-આદિમાંથી ધર્મરુચિ-અભિલાષાપર ધર્મપ્રવૃત્તિ જન્મે છે, તે ઠેઠ ધર્મસિદ્ધિ સુધી પહોંચે છે. એની પ્રશંસા કરીએ, એનાં આકર્ષણ-અહોભાવ થાય, એ આત્મક્ષેત્રમાં ધર્મનું બીજ પડ્યું કહેવાય. બીજાધાન એટલે કે બીજનું વાવેતર થયું ગણાય. કહીએ - 'ભાઇ ! **મહાવીર** ભગવાનની ક્ષમા જબરદસ્ત !' એ ક્ષમાની પ્રશંસા કરી. 'અહો ! ભગવાનની કેવીક ઉત્કૃષ્ટ ક્ષમા. છતી શક્તિએ હરામીઓનું પણ ખમી ખાધું. ધન્ય !' એવું મનને થાય એ ક્ષમાનું આકર્ષણ થયું, ક્ષમા પ્રત્યે અહોભાવ થયો કહેવાય. એ ક્ષમાનું બીજ છે.

એટલે તો શાસ્ત્ર ગુરુપ્રવેશ, તપસ્યા વગેરેના જે વરઘોડા કાઢવાનું કહે છે, તે ઇતર સમાજના લોકોને ધર્મબીજ પમાડવા માટે; કેમકે વરઘોડાનો ઠાઠ જોઇને, એમાં વળી સાથે અનુકંપાદાન કે ઔચિત્યદાનરૂપે લાડુ જેવું વહેંચવાનું રાખ્યું હોય, તે જોઇને જૈનેતરોને એમ થાય કે 'અહો કેવો મહાન જૈનધર્મ ! કેવો ઉદાર જૈનધર્મ !' આ એમનામાં જૈનધર્મનું બીજ પડ્યું ગણાય. એ આગળપર ઉગી-વિકસીને એને જૈનધર્મની પ્રાપ્તિ કરાવનારું બનવાનું. મોટો અટ્ઠાઇ મહોત્સવ નહિ સહી, માત્ર એક પૂજા ભણાવો, પણ મંદિરબહાર એ રસ્તેથી જનારને નાનું પણ ગોળ-સાકરનું પડીકું વહેંચવાનું રાખ્યું હોય, તે એમ કહીને 'લ્યો, આ અમારા પારસનાથ ભગવાનની પૂજાની ખુશાલી છે,' તો લેનારના દિલમાં પારસનાથ ભગવાનમાટે-ભગવાનની પૂજામાટે અહોભાવ થાય. 'અહો ! કેવા આમના પારસનાથ ભગવાન ! કેવી ભગવાનની પૂજા !' આ એનામાં ભગવત્પ્રાપ્તિનું ને પૂજાનું બીજ પડ્યું કહેવાય.

આનો લાભ કેટલો બધો ? ને એની સામે

ખરચ કેટલો ? લાભમાં સેંકડો લોકોમાં જૈનધર્મનું-તીર્થંકર ભગવાનની પ્રાપ્તિનું બીજ પડી જવાથી આગળપર એ પામીને કંદમૂળત્યાગ કરી અનંતા જીવોને અભયદાન દેનારા, તેમજ બીજા પણ દાન-શીલ-તપ-નિયમાદિ પામનારા બનશે ! એ ધર્મ વળી એના વારસદારોમાં અને બીજા સંપર્કમાં આવનારામાં ઊતરશે ! એ બધાની દુર્ગતિઓ અટકશે ! આ લાભનું શું પૂછવું ? સંસાર-અટવીમાં ભૂલા પડેલા અને જૈનધર્મ વિના ભટક ભટક કરનારા જીવોને માર્ગે ચડાવવામાં નિમિત્ત બનાય એના લાભના લેખા નહિ. એની સામે કેટલા પૈસાનો ખરચ ! કહો મામુલી ! એ અનુકંપા-ઔચિત્ય દાનનો ખરચ કાંઈ એટલો બધો નથી કે પોતાનું ઘર ઊઠી જાય, યા એક ટંક પણ ભૂખ્યા રહેવું પડે.

આ ગુણબીજ ધર્મબીજની વાત છે. ધર્મની સમ્યક્ પ્રશંસા આકર્ષણ પછી એ ગુણની-ધર્મની ચિંતા-રુચિ-અભિલાષા થાય એ અંકુર છે, એના પર એ ગુણ કે ધર્મ અંગેની જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ કરે એ નાળ કહેવાય. પછી એનાપર એ ગુણ કે ધર્મ અંગેની પ્રવૃત્તિ થાય એ પત્ર-પુષ્પ છે.

તો પ્રવૃત્તિ શાનાપર આવી ? તત્ત્વશ્રવણ પર. તત્ત્વશ્રવણ ધર્મબીજને ઊગવા વધવા મીઠા પાણીનાં સિંચનનું કામ કરે છે. ત્યારે અતત્ત્વશ્રવણ ખારા પાણીના સિંચનનું કામ કરે છે. ખેડૂત બીજ વાવી સમુદ્રના ખારા પાણીનું સિંચન કરે, તો બીજ ખલાસ થઈ જાય. પરંતુ એના બદલે નદીની નહેરના મીઠા પાણીનાં સિંચન કરે, તો બીજ ઉગે, વધે. સામાને ધર્મપ્રશંસા અહોભાવ તો થયા હોય. પરંતુ એ પછી જો એ ખારાપાણી જેવું અતત્ત્વશ્રવણ કરે, તો પેલાં અહોભાવ-આકર્ષણ સુકાઇ જાય. અહીં તત્ત્વશ્રવણથી ધર્મબીજના ઉગવા વધવામાં આ હેતુ સરસ બતાવ્યો કે તત્ત્વશ્રવણનું અચિંત્ય સામર્થ્ય હોવાથી એનો મહા પ્રભાવ છે.

તત્ત્વશ્રવણનું અચિંત્ય સામર્થ્ય એટલે આપણી કલ્પનામાં ન આવે એવી તાકાત. આપણને ઘણા પૂર્વપુરુષોમાં અને વર્તમાન માણસોમાં આ જોવા મળે છે. દા.ત. મોટા ગણધર **ગૌતમ સ્વામીજી** મ. વગેરે પરમાત્મા **મહાવીરદેવ** સાથે વાદ કરી જીતવા આવેલ, તે ભગવાનપાસેથી તત્ત્વશ્રવણ કરી વૈદિક બ્રાહ્મણધર્મમાંથી તત્કાલ સીધા જૈનધર્મમાં આવી ગયા. મહાઘાતકી, ક્રૂર અને નિર્દય **અકબર** બાદશાહ જગદ્ગુરુ આચાર્ય પુંગવ **હીરસૂરિજી** મ. પાસે તત્ત્વશ્રવણ કરતાં કોમળ અને દયાળુ બની ગયેલા. વગેરે વગેરે...

આ અચિંત્ય સામર્થ્ય તત્ત્વશ્રવણનું છે, આ સામર્થ્યના હિસાબે જ તત્ત્વશ્રવણનો મહાપ્રભાવ પણ પડે છે, કેમકે તત્ત્વશ્રવણથી બૂઝેલા શક્તિમાન આત્મા પ્રભાવક કાર્યો કરી લોકોપર ભારે પ્રભાવ પાડે છે. જેમકે, બ્રાહ્મણ પુરોહિત **હરિભદ્ર** બુઝીને જૈનસાધુ જૈનાચાર્ય થયા પછી ૧૪૪૪ શાસ્ત્રોનો રચયિતા બનેલા, જેનો પ્રભાવ આજ સુધી ચાલ્યો આવે છે.

વજ્રસ્વામી પૂર્વભવમાં દેવપણે અષ્ટાપદજી પર **ગૌતમસ્વામીજી** પાસેથી તત્ત્વશ્રવણ કરી બૂઝેલા. તે વજ્રસ્વામીના ભવમાં ત્રણ વર્ષની ઉંમરે દીક્ષા, ૧૧ અંગનું જ્ઞાન, પૃથ્વીપર વિહરી કરી પ્રભાવક પ્રવચન વગેરેથી જબરદસ્ત પ્રભાવ પાડી ગયા. તત્ત્વશ્રવણની બલિહારી છે, કે જે મીઠા પાણીની જેમ જૈનધર્મ બીજને અદ્ભુત સિંચન કરી પાક તરફ લઇ જાય છે.

ખારા પાણી સમ ભવયોગને ત્યાગો...

અસ્યૈવ ભાવાર્થમાહ-

क्षाराम्भस्तुल्य इह च भवयोगोऽखिलो मतः।
मधुरोदकयोगेन समा तत्त्वश्रुतिस्तथा ॥६२॥

क्षाराम्भस्तुल्य इह च भवयोगोऽखिलो मतोऽतत्त्वश्रवणरूपोऽपि, मधुरोदकयोगेन समा

तत्त्वश्रुतिस्तथा-तदङ्गतया तत्त्वश्रुतिरपीति ॥૬૨॥

ટીકાર્થ : આનો જ ભાવાર્થ કહે છે-

ગાથાર્થ : અહીં સમગ્ર ભવયોગ ખારા પાણી તુલ્ય મનાયો છે. તથા તત્ત્વશ્રુતિ મધુરપાણીના યોગ તુલ્ય (મનાઈ છે.).

ટીકાર્થ : સઘળો ભવ યોગ ખારાપાણી તુલ્ય મનાયો છે. અતત્ત્વશ્રવણરૂપી ભવયોગ પણ ખારા પાણી તુલ્ય છે મધુર પાણીનાં યોગસમું તત્ત્વ-શ્રવણ છે. 'तथा तदंगतया तत्त्वश्रुतिरपीति' એટલે કે તત્ત્વશ્રવણ કલ્યાણનું અંગ હોવાથી એ પણ કલ્યાણરૂપ છે. (પછીના શ્લોક સાથે સંબંધ છે.)

વિવેચન : અતત્ત્વશ્રવણને ખારા પાણીના યોગની ઉપમા આપી, એનો જ હવે ભાવાર્થ બતાવતાં કહે છે, કે આખો ય ભવયોગ ખારા-પાણી તુલ્ય છે, 'મોક્ષયોગ' એટલે જીવને મોક્ષસાથે યોજી આપે તે સમ્યગ્દર્શનાદિ યોગો. 'ભવયોગ' એટલે સંસારસાથે યોજી આપે તે મિથ્યાત્વ-હિંસાદિ યોગો. અર્થાત્ મોક્ષનાં કારણો તે મોક્ષયોગો, ભવનાં કારણ તે ભવયોગો.

આ બધાય ભવયોગો ખારા પાણી તુલ્ય છે. અતત્ત્વશ્રવણ રૂપી ભવયોગ પણ ખારાપાણી તુલ્ય છે. જેમ ખેડૂત બીજ વાવ્યા પછી દરિયાના ખારા પાણીનું સિંચન કરે, તો બીજ ઊગે-વધે નહિ, બીજ બગડી જાય; એમ ધર્મબીજ તો ઊભું કર્યું, પરંતુ પછી અતત્ત્વશ્રવણ કર્યા કરે, તો એ બગડી જાય. અથવા જેમ દરિયામાં પડેલો માણસ તરસથી દરિયાનું પાણી પીએ તો તરસ મટે નહિ પણ વધે, એમ અનાદિનો વિષય તૃષ્ણાળુ ને બહિર્મુખ જીવ અતત્ત્વનું શ્રવણ કરે, તો એ તૃષ્ણા શમે નહિ પણ વધી જાય. બધું ય ઈન્દ્રિય, વિષયો અને બાહ્ય-ભાવનું શ્રવણ એ અતત્ત્વનું શ્રવણ છે. એ શ્રવણ કરવાથી વિષયતૃષ્ણા અને બાહ્યભાવ વધે. માટે કહ્યું **'બને તેટલો અતત્ત્વશ્રવણથી પાછો વળ'** વિચારવું જોઈએ કે તત્ત્વશ્રવણ ગુણતરીકે તત્ત્વ-શ્રવણ કેટલું બધું મોઘેરું છે ! પહેલાં તત્ત્વનો દ્વેષ-અરુચિ ટાળો, પછી તત્ત્વની જિજ્ઞાસા ઊભી કરો. પછી તત્ત્વશુશ્રૂષા જગાવો, અર્થાત્ યોગની ત્રણ દૃષ્ટિ આત્મામાં ઉતારી દો, પછી ચોથી દૃષ્ટિમાં ગુણસ્વરૂપ તત્ત્વશ્રવણ પ્રાપ્ત થાય છે. હવે અજ્ઞાનતાભર્યા અનંતા ભૂતકાળની જેમ અહીં અતત્ત્વનું શ્રવણ કરતા રહેવાય ? કોણ એ કરાવે છે ? અતત્ત્વનો રસ.

પરંતુ અતત્ત્વનો રસ બહુ રાખ્યો, અનંતકાળ રાખ્યો, હવે એનાથી થાકવું જોઈએ. તો જ ગાડી મોક્ષતરફ આગળ વધે. એટલા માટે તો જયવીયરાય સૂત્રમાં પહેલી માગણીમાં ભવનિર્વેદ ભવવૈરાગ્ય માગ્યો, પછી તરત બીજી માગણીમાં 'માર્ગાનુ-સારિતા' માગી. એનો **'ललित विस्तरा'** શાસ્ત્રમાં અર્થ કર્યો- તત્ત્વાનુસારિતા, તાત્ત્વિક વાતનું અનુસરણ. ભવવૈરાગ્ય આવે એટલે એને હવે તત્ત્વ-તાત્ત્વિક વાત જ ગમે, એમાં જ એને રસ હોય, અતત્ત્વ એને ગમે નહિ. વિષયો અને કષાયોની વાતથી બને તેટલો આઘો રહે, એને ટાળે, એમાં ફસાય નહિ. ઉલ્ટું બીજાઓ એવી વાતો કરતા હોય, તો એમાં એને અશાંતિ લાગે, અકળામણ વર્તાય. એટલા જ માટે અતત્ત્વની વાતની-અતાત્ત્વિક યાને માલ વિનાની ને ક્ષુદ્ર વાતની ખેંચ પકડ ન કરે. **આપણી જાતનું પારખું કરવું હોય, તો જોવાનું કે માલ વિનાની બાબતની-ક્ષુદ્ર વાતની ખેંચપકડ કરીએ છીએ ? ખેંચ પકડ કોણ ન કરે ? કહો, જેને અતાત્ત્વિક વાતમાં રસ જ ન હોય.** રસ હોય તાત્ત્વિક વાતમાં, તત્ત્વાનુ-સારિતામાં. ભવવૈરાગ્યનું એ ફળ છે. વૈરાગ્ય છે એટલે મોટા દેવતાઈ વૈભવને ય તુચ્છ લેખે છે, એમાં એને રસ નથી. તો પછી એની અપેક્ષાએ સામાન્ય ગણાય એવી દુન્યવી વિષયોની વાતોમાં શાનો રસ

હોય ? તેથી ખાનપાન, નિંદા-વિકથા-કુથલી, રૂપ-રંગ-ઠઠ્ઠા-મશ્કરી-ખેલ-તમાશા વગેરે વગેરેમાં રસ જ નહિ. એથી એની વાતોનું શ્રવણ ગમે જ નહિ. એને ખારાપાણી તુલ્ય દેખે. માટે જ એ તત્ત્વની વાતમાં ઠરે, આનંદ અનુભવે. અને આ ઉઘાડો હિસાબ છે, **અતત્ત્વની વાતોનાં રસથી શ્રવણ કરે, એ અતત્ત્વની નિકટ જાય. તત્ત્વની વાતોનાં રસથી શ્રવણ કરે એ તત્ત્વની નિકટ જાય.**

માત્ર અતત્ત્વશ્રવણ જ નહિ, કિન્તુ સમસ્ત ભવયોગ-ભવવૃદ્ધિનાં કારણો ખારા પાણી જેવા છે. મિથ્યાત્વ લો, કે અવિરતિ લો, યા કામક્રોધાદિ કષાયો લો કે હિંસાદિ પાપયોગો લો, બધા ય ખારાપાણીના સિંચન જેવા, તે ધર્મબીજને બગાડી નાખનારા. તેથી જ અનુભવ થાય છે કે દા.ત. મંદિરમાં પ્રભુનાં દર્શન-ગુણગાન કર્યા એ પ્રભુની અને પ્રભુના સંયમાદિ યોગ તથા વિશ્વઉપકાર વગેરેની પ્રશંસા થઇ, એ આત્મભૂમિમાં બીજ પડ્યાં. પરંતુ બહાર નીકળ્યા પછી અતત્ત્વશ્રવણ અને વિષયસંપર્કો વગેરે ભવયોગમાં જીવ રસ લે છે, તો એ ભવયોગરૂપી ખારા પાણીથી પેલા બીજ બગડી જાય છે, એમાંથી આગળ અભિલાષા-તત્ત્વશ્રવણ પ્રવૃત્તિ ચાલતી નથી. આનો અર્થ શો? જિંદગી સુધી રોજ દેરાસર જઇ દેવદર્શન પૂજન ગુણગાનાદિ કરતા રહેવાનું, પણ પછી ભવયોગોથી એ બીજ બગડી જવાના લીધે આગળ કશી પ્રભુના સંયમ-ક્ષમાદિ યોગની અભિલાષા વગેરે કરવાનું નહિ, આવા જીવનના અંતે શું ખાટી જવાનું ? શું પામી જવાનું ?

માટે જ **અતત્ત્વશ્રવણ યાને વિષયોનાં ને બાહ્યનાં શ્રવણઆદિ ખારા પાણી જેવા ભવયોગ બંધ જ કરી દેવા જોઇએ.** એ નિશ્ચિત છે કે દુન્યવી વિષયોનું અને બાહ્યનું બહુ શ્રવણ દર્શન-પરિચય રહેતા, દેવદર્શનાદિ કરતાં રહેવા છતાં તત્ત્વજિજ્ઞાસા જ નહિ થાય, પછી આગળ સ્વતઃરુચિથી તત્ત્વ-શ્રવણ, તત્ત્વની-ધર્મની અભિલાષા પ્રવૃત્તિ વગેરે આવે જ શાના ? આની સામે અતત્ત્વશ્રવણ બંધ કરી તત્ત્વશ્રવણ કરતા રહેવાય, તો જીવને કલ્યાણ પ્રગટ થાય છે. તત્ત્વશ્રવણ એ આ કલ્યાણનું અંગભૂત (કારણભૂત) બને છે, તેથી તત્ત્વશ્રવણને ખુદને પણ કલ્યાણરૂપ કહી શકાય. **જીવ જો તત્ત્વ-શ્રવણ કરે છે, તો એ કલ્યાણ જ સાધી રહ્યો છે.**

तत्त्वश्रवणथी समस्त कल्याण

अस्या एव गुणमाह-

अतस्तु नियमादेव, कल्याणमखिलं नृणाम्।
गुरुभक्तिसुखोपेतं, लोकद्वयहितावहम् ॥६३॥

अतस्तु-इत्यत एव तत्त्वश्रुतेः किमित्याह **नियमादेव कल्याणं** परोपकारादि **अखिलं नृणां**-तत्त्वश्रुतेस्तथाविधाशयभावात्, तदेव विशिष्यते **'गुरुभक्तिसुखोपेतं**-कल्याणं, तदाज्ञया तत्करणस्य तत्त्वतः कल्याणत्वात्, अत एवाह **लोकद्वयहिता-वहं**-अनुबन्धस्य गुरुभक्तिसाध्यत्वादिति ॥६३॥

टीकार्थ : આ તત્ત્વશ્રુતિ (શ્રવણ) નો શો ગુણ થાય છે. તે કહે છે.

गीथार्थ : એટલા જ માટે તત્ત્વશ્રવણથી મનુષ્યોને સમસ્ત કલ્યાણ અવશ્ય જ જન્મે છે, જે ગુરુભક્તિના સુખથી સંપન્ન હોય છે અને આલોક પરલોકનાં હિતને લાવનાર-સધાવનાર બને છે.

टीकार्थ: 'એટલે તો' અર્થાત્ એટલામાટે જ, માણસોને તત્ત્વશ્રવણમાંથી સકલ કલ્યાણ પરોપકારાદિ અવશ્ય જન્મે છે. કેમકે તત્ત્વશ્રવણથી તેવા પ્રકારનો નિર્મળ આશય પ્રગટે છે. એની જ વિશેષતા બતાવતાં કહે છે, 'ગુરુભક્તિસુખોપેતં' - ગુરુભક્તિરૂપી કલ્યાણથી યુક્ત હોય છે એ કલ્યાણ; કેમકે ગુરુના વચનથી જ (ગુરુભક્તિ કરવાને લીધે) ગુરુભક્તિનું આચરણ પરમાર્થથી કલ્યાણસ્વરૂપ છે. એટલામાટે જ કહે છે કે (ગુરુ-

ભક્તિરૂપી કલ્યાણથી યુક્ત પરોપકારાદિ સકલ કલ્યાણ) 'લોકદ્વયહિતાવહ' આલોક-પરલોકનાં હિતને પમાડનાર બને છે, કેમકે (પરલોકમાં હિત અહીંના શુભ અનુબંધથી થાય, અને) શુભાનુબંધ ગુરુભક્તિથી સિદ્ધ થનારા હોય છે.

વિવેચન : તત્ત્વશ્રવણનો પ્રભાવ બતાવતાં અહીં ૬૩મા શ્લોકમાં કહે છે કે જીવોને તત્ત્વ-શ્રવણથી સમસ્ત કલ્યાણ અવશ્ય નીપજે છે. અહીં 'કલ્યાણ' શબ્દથી પરોપકાર વગેરે લેવાના છે.

'કલ્યાણ' શબ્દનો શાસ્ત્રો આ રીતે અર્થ બતાવે છે.

'कल्यम् अणति इति कल्याणम्'

કલ્ય અર્થાત્ સુખને બોલાવે તેનું નામ કલ્યાણ. ત્યારે પરોપકારાદિ કરાતા જીવોના સુખને અને પરોપકારાદિ કરનારના સુખને પણ બોલાવે છે., સુખને હાજર કરે છે, માટે એ પરોપકારાદિ કલ્યાણ કહેવાય. દા.ત. જેનાપર પરોપકાર કરાય એનું ય ભલું થાય, એને ય સુખ થાય, અને શુદ્ધ ભાવનાથી પરોપકાર કરનારને એથી અહીં ચિત્તનિર્મળતા ચિત્તપ્રસન્નતા થાય, એ સુખરૂપ છે. તેમ જ એ પરોપકારથી પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થાય, એથી પરલોકે સુખ મળે છે, ઉત્કૃષ્ટ ભાવનાથી પરોપકાર કર્યો હોય, તો તે પુણ્ય આ જનમમાં પણ ફળે છે, ને જીવને સુખ આપે છે. **મૂળદેવ-ગુણાકર** શેઠ વગેરેએ કપરી સ્થિતિમાં ઉત્કૃષ્ટભાવથી સુપાત્રદાન કર્યું, તો એમને આ જન્મમાં જ મહાન સંપત્તિનો લાભ થયો.

મૂળદેવ અત્યંત નિર્ધન થઇ ગયેલો, પણ પુરુષાર્થી જીવ હતો, તે નિરાશ ન થતાં પરદેશ ઉપડ્યો, છતાં હજી દુર્ભાગ્ય ઉદયમાં છે, તેથી પ્રવાસમાં એક બ્રાહ્મણને કંપની આપી. રસ્તામાં મનોરંજક વાતોચીતોથી સધિયારો આપ્યો, પરંતુ આગળ એ કૃપણ બ્રાહ્મણ પોતે પોતાની પાસેનું ભાતું લઇને ખાવા બેઠો, એમાંથી આ ભૂખ્યા મૂળદેવને જરાય ખાવા ન આપ્યું. પછી આગળ ચાલ્યા ને નગર આવ્યું એટલે 'લ્યો સાહેબજી !' કહીને બ્રાહ્મણ છૂટો પડી પોતાના ઇષ્ટ સ્થાને ચાલ્યો ગયો.

આમ છતાં **મૂળદેવ** ઉત્તમ જીવ છે તેથી એને બ્રાહ્મણપર દ્વેષ ન થયો, પરંતુ એની કૃપણતાપર દયા આવી, અને પોતાના કર્મની પરિણતિ વિચારતો રહ્યો. હવે ભૂખ કકડીને લાગી છે, તેથી આ પુરુષાર્થી જીવ નગરમાં જઇને કોઇક દાતાર પાસેથી સાથવો લઇ આવ્યો. ભૂખ કકડીને લાગી છે, છતાં નદીના કાંઠે ભાવના ભાવે છે, 'કોઇ મહાત્મા મળે, તો એમને દઇને પછી ખાઉં.' એમાં ભાગ્યયોગે મુનિ ઉદ્યાનમાંથી ગામમાં જતા હશે. એમને જોઇ ખૂબ ઉલ્લાસથી વિનંતી કરે છે - 'મને દાનનો લાભ આપો.' મુનિ આમ એની દરિદ્ર-નારાયણસ્થિતિ છતાં એના ભાવ જોઇ ખાલી પાત્ર ધરે છે, ને મૂળદેવ બધો જ સાથવો પાત્રની અંદર ઠાલવી દે છે. ત્યાં દેવતા પ્રસન્ન થયા. વરદાનમાં બીજી વાત સાથે કહ્યું - આજથી સાતમે દહાડે તું રાજા થઇશ ! ઉત્કૃષ્ટ ભાવનું પાપ કે પુણ્ય આ ભવમાં ફળે છે, એ હિસાબે ત્યાંથી આગળ ચાલતાં ખરેખર એ મૂળદેવ રાજા થાય છે.

આમ મૂળદેવને ઉત્કૃષ્ટ ભાવનાથી કરેલ મુનિને દાનરૂપી એક પ્રકારનો પરોપકાર આ લોકમાં સુખ આપનારો બન્યો.

એવું **ગુણાકર** શેઠને થયું. એમણે સારી સ્થિતિમાં પોતાના સસરા, સાળા વગેરેને સુખી કરેલા, પરંતુ હવે સ્થિતિ તદ્દન બગડી જતાં પત્ની કહે - જાઓ, મારા પિયરે, તમે મારા બાપાજી અને ભાઇઓને ઘણું આપ્યું છે, તો આવી કપરી સ્થિતિમાં સારી મદદ કરશે. શેઠે કહ્યું - આવી સ્થિતિમાં ન જવાય, પણ સ્ત્રીએ આગ્રહ કરીને

મોકલ્યા, સાથે એક ટંકનું ભાતું આપ્યું. રસ્તામાં આગલા દિવસનો ઉપવાસ હતો એટલે તળાવના કાંઠે પારણું કરવા બેસે છે, ને ભાવના કરે છે 'સુપાત્ર દાનનો લાભ મળે પછી પારણું કરું તો કેવું સારું !' ત્યાં જ મુનિઓ મળ્યા, શેઠને આનંદનો પાર નથી તે બધું જ ભાતું મુનિના પાત્રમાં ઠાલવી દીધું. પછી ભૂખ્યા ભૂખ્યા ગયા સાસરે. સસરો પરખી ગયો કે જમાઈ કેમ આવ્યા, તેથી મોં જ ન આપ્યું. ઉલ્ટું પૂછે છે - ક્યારે જવાના છો ? આ કહે - હવે તો રાત પડવા આવી છે, કાલે જઈશ. સસરો કહે - તો જુઓ, એમ કરજો, વહેલી સવારે નીકળી જશો તો ઠંડે ઠંડે ઘરે પહોંચી જશો.'

ગુણાકર શેઠને તો કંઈ બોલવાનું હતું નહિ, પોતાના કર્મનો વિપાક સમજી, આવા નિમકહરામી માણસો પ્રત્યે પણ મનમાં કશો દુર્ભાવ લાવ્યા નહિ. એ વહેલી સવારે નીકળી પડ્યા. રસ્તામાં પેલા તળાવ આગળ જ થાક ઉતારવા હાથ-પગ મોં ધોઈ વિચારે છે, જો ખાલી હાથે ઘરે જઈશ, તો પત્ની પ્રથમ દર્શને જ દુઃખી થશે. તેથી અહીં પડેલા પત્થરના ગોળ ગોળ ટૂકડાની પોટલી બાંધી લઈ જાઉં, તો પ્રથમ દર્શને તો રાજી થઈ જશે. પછી જોયું જશે.

બસ, પથરાની પોટલી બાંધી, લઈને ઘરે આવ્યા. બાઈએ પિયરથી આ માલ લઈને આવ્યા છે, સમજી કંસાર કર્યો. પતિને જમવા બોલાવ્યા, ને પોતે અંદર પોટલું ખોલી જોવા ગઈ. શેઠે ના પાડી કહ્યું - મને જમી લેવા દો, પછીથી બતાવું છું. પરંતુ અતિ આતુરતામાં પત્ની પોટલું ખોલી જુએ છે તો પથરાને બદલે મોતી ને રત્નો દેખ્યા ! ચકિત થઈ કહે છે - 'જુઓ તમે જવાની ના કહેતા હતા, પણ મારા બાપુજીએ તમને કેવા અમૂલ્ય મોતીઓ અને રત્નો આપ્યા ?' શેઠ પણ જોઈને ચકિત થઈ ગયા! કેમ આ બન્યું તે સમજ્યા નહિ, પરંતુ ઉત્કૃષ્ટ ભાવનાથી મુનિને કરેલ દાનથી એવું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું થયું કે આ ભવમાં સુખકારી થયું. પુણ્યના પ્રભાવે ત્યાંના ક્ષેત્રદેવતાને બુદ્ધિ જગાડી કે 'આ મહાન ધર્માત્મા સાધર્મિકની ભક્તિ કરું,' તે એણે જ પથરાનું મોતી-રત્નોમાં પરિવર્તન કરી દીધું !

વાત આ છે, પરોપકારાદિ કલ્યાણ આલોક પરલોક બંને ઠેકાણે સુખ પમાડનાર બને છે. અને પરોપકાર શું કે બીજા શું, બધાં કલ્યાણ તત્ત્વ-શ્રવણમાંથી જન્મે છે.

આત્માનું જ્ઞાન કેવું ?

તત્ત્વશ્રવણમાંથી આત્માનું જ્ઞાન થાય છે, કે આત્મા કેવો ? તો કે સહજસ્વભાવે રાગાદિ રહિત શુદ્ધ અનંતજ્ઞાનમય ! હવે આપણી સ્થિતિ જોઈએ, તો દેખાય છે કે આપણાં જ્ઞાન અર્થાત્ દર્શન શ્રવણ-સ્પર્શન વગેરે રાગ યા દ્વેષથી ખરડાયેલાં હોય છે, કેમકે પૂર્વે વિષયોના જ સંપર્ક બહુ રાખી એવાં જ રાગાદિથી મલિન જ્ઞાન જ કર્યા છે. તેથી એના સંસ્કાર એવો જ વારસો આપે ને ! એ આત્માનું મલિનસ્વરૂપ છે. એમાં રાગાદિની મલિનતા આવી, તેથી મમત્વભાવ ને સ્વાર્થભાવ ઊભો થાય છે. આ મારી ચીજ, આને હું જ રાખું, હું જ વાપરું... તત્ત્વશ્રવણમાંથી આ સમજવા મળે છે કે આ મમત્વભાવ અને સ્વાર્થવૃત્તિથી જ સંસાર અનંતકાળથી ચાલ્યો આવે છે. એને ટૂંકો કરવો હોય તો મમતા ને સ્વાર્થવૃત્તિ તોડ. એમાટે પરાર્થવૃત્તિ પરોપકારભાવ લાવ કે મારું બીજાને કામ લાગે. બીજા ભોગવે. આત્માનું શુદ્ધ સ્વરૂપ લાવવું છે ? તો મલિનવૃત્તિનાં કાર્ય ઓછા કરો, દા.ત. ખાઉં ખાઉં એ આહારસંજ્ઞાની મલિનવૃત્તિનું કાર્ય છે. નિરંકુશ ખાનપાનની સામે તપની વૃત્તિ રાખી એનાં કાર્ય અર્થાત્ તપસ્યાઓ કરો. એવી મલિનવૃત્તિ પરિગ્રહસંજ્ઞાની. એનાં કાર્ય ધંધો-ધનકમાઈ. એની સામે દાનવૃત્તિ રાખી દાનનાં કાર્ય કરો. એવી

મલિન વૃત્તિ વિષયસંજ્ઞાની. એના કાર્ય છે વિષય-સંપર્કો. એ ઓછા કરી જિનભક્તિ-સાધુસેવા-તત્ત્વશ્રવણ વધારો.

તત્ત્વશ્રવણ તત્ત્વદૃષ્ટિ ઊભી કરી આપે છે

તત્ત્વદૃષ્ટિ આ, - પૈસા એ સુખનું સાધન નથી, કેમકે પૈસા ખારા પાણીની જેમ તૃષ્ણા વધારી દે છે. તરસમાં ખારું પાણી પીએ એથી તરસ વધે. તૃષ્ણામાં પૈસા મળ્યે તૃષ્ણા વધે. સો રૂ. ની ઇચ્છા હતી. મહેનત કરી સો મળ્યા, તો સો મળવા પર હવે હજારની તૃષ્ણા થશે. શાસ્ત્ર કહે છે

'जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ'

દુન્યવી વિષયોમાં જેમ લાભ થાય, તેમ લોભ (તૃષ્ણા) થાય છે, લાભથી લોભ વધે છે. માટે તત્ત્વદૃષ્ટિ આ, કે -

પૈસા એ સુખનું નહિ પણ તૃષ્ણાની વૃદ્ધિનું સાધન છે. સુખનું સાધન તો તૃપ્તિ.

તત્ત્વનું શ્રવણ જેમ ગુરુ પાસેથી, એમ શાસ્ત્રના પરિચય, શાસ્ત્રના વાંચન-સ્વાધ્યાયમાંથી પણ મળે. એ પાતકો - પાપોને અટકાવી દે છે. ને એથી અશુભ ભાવો, અશુભ વિચારો અટકે છે. માટે તો **આનંદઘનજી** મહારાજે કહ્યું -

''પરિચય પાતકઘાતક સાધશું,
અકુશળ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી,
પરિશીલન નય હેત.''

આની પૂર્વની ગાથામાં કહ્યું 'ચરમાવર્તમાં ચરમ યથાપ્રવૃત્તિકરણ કરે, ત્યાં તથાભવ્યત્વની પરિણતિ પાકવા માંડે છે, અને ત્યાં 'પ્રાપ્તિ પ્રવચનવાફ્' જિનાગમ પ્રાપ્ત થાય છે. હવે કહે છે 'પરિચય' અર્થાત્ જિનાગમ શાસ્ત્રનો પરિચય, કે જે પાતક-ઘાતક છે, પાપ-દોષ-દુષ્કૃત્યોનો નાશક છે, એ શાસ્ત્રપરિચયને હવે સાધીશું. શી રીતે? તો કે અધ્યાત્મના ગ્રંથોનું શ્રવણ મનન કરીને. એ શા માટે ? તો કે પરિશીલનના માટે. આથી શું થાય ? તો કે, 'અકુશળ અપચય ચેત' અર્થાત્ અશુભ-ચિત્તનો અશુભ વિચારોનો હ્રાસ થાય.

આનો અનુભવ - દા.ત. **'સમરાઈચ્ચ કહા'** સમરાદિત્યકેવળી-ચરિત્ર વાંચીએ ત્યારે થાય છે. દિલમાં કેવા સુંદર અધ્યવસાયો ઉછળે છે. વિષય-કષાયના મલિન ભાવો મોળા પડી જાય છે. એનાથી અશુભ આશયોનું સંશોધન થાય. આવા અધ્યાત્મના ગ્રંથોનાં શ્રવણ વાંચન મનનની બલિહારી છે, - એનું વારંવાર પરિશીલન-પારાયણ-ભાવન કરી શકાય, જેથી આત્મા એનાથી ભાવિત થાય. 'પરિશીલન નય હેત' અર્થાત્ પરિશીલનનાં નય એટલે કે માર્ગનાં હેતુથી-પ્રયોજનથી શ્રવણ મનન કરવાનું. મનને એમ થાય કે અશુભ વિચારોથી બચવા જિંદગી તત્ત્વનાં પરિશીલનમાં જ જાય તો કેવું સારું ? એક મિનિટ પણ અધ્યાત્મ સિવાયની ન જાય. ત્યારે અનાદિની આત્માની બદીઓ-ખરાબીઓ અને ખોટા લેખાં તત્ત્વશ્રવણ અને અધ્યાત્મ વિના થોડા જ મીટે એમ છે ? તત્ત્વ શ્રવણથી અધ્યાત્મ આદિ સમસ્ત કલ્યાણ થવાનું કારણ એ છે કે

કલ્યાણનું મૂળ કારણ હૈયાનો વિશુદ્ધ આશય છે; ને તત્ત્વશ્રવણથી વિશુદ્ધ આશય યાને આશયની વિશુદ્ધિ થાય છે.

'गुरुभक्ति सुखोपेतम्'

તત્ત્વશ્રવણથી સમસ્ત કલ્યાણ થવાનું કહ્યું, એ કલ્યાણ કેવા ? તો કહે છે 'ગુરુભક્તિસુખોપેત' અર્થાત્ ગુરુભક્તિના સુખથી-કલ્યાણથી સહિત.

પ્ર. - **ગુરુભક્તિ એ કલ્યાણ શી રીતે ?**

ઉ. - સાચી ગુરુભક્તિ યાને ગુરુને ભજવાનું એ છે કે ગુર્વાજ્ઞાનું પાલન કરીએ.

એટલાજ માટે જયવીયરાય સૂત્રમાં 'ગુરુજણપૂઆ' પછી 'તવ્વયણસેવણા' અર્થાત્

ગુરુવચન-સેવના માગી છે. ગુરુની આજ્ઞાનુસાર જે કરીએ તે ભાવથી ગુરુભક્તિ છે. અને એ પરમાર્થથી કલ્યાણ છે. તો પ્રસ્તુતમાં ગુરુભક્તિ પણ ગુર્વાજ્ઞાથી કરાય છે. માટે એ વાસ્તવમાં કલ્યાણ સ્વરૂપ છે.

પ્ર. - 'જયવીયરાય' માં જિનવચનસેવાને બદલે ગુરુવચનસેવા કેમ માગી ?

ઉ. - ખાસ કરીને ગુરુવચનસેવા માગવાનું કારણ એ છે કે આપણા જીવન અનાદિના કુસંસ્કારોના ભારથી ભૂલકણાં છે, આત્મહિત ભૂલીને કાયાનાં હિતમાં ભળી જનારાં. તેથી એને વારેવારે સારણા, વારણા અર્થાત્ આત્મહિતનું સ્મરણ (યાદગીરી) અને અહિતથી વારણાની ખૂબજ જરૂર છે. એ કરવા કાંઇ ભગવાન નથી આવતા, એ તો ગુરુ જ કરી શકે. સાધુને ૨૪ કલાક ગુરુનું સાન્નિધ્ય હોય. એટલે આ લાભ મળી શકે. ભગવાન તો મંદિરમાં મૌન બેઠા છે. એ આપણે ભૂલતા હોઇએ, તો હાથ પકડીને રોકવા ન આવે. એ તો ગુરુ જ રોકી શકે. તેથી જ અહીં સમસ્ત કલ્યાણ એ ગુરુભક્તિસુખયુક્ત કહ્યું, એ ગુરુ-ભક્તિનું વિશેષ મહત્ત્વ બતાવે છે.

પ્ર. - ગુરુભક્તિના એવા ઊંચા ભાવ નથી જાગતા, તો શું કરવું ?

ઉ. - તત્ત્વ શ્રવણ વધારે કરો. તત્ત્વશ્રવણથી સમસ્ત કલ્યાણ સિદ્ધ થાય છે. તો ઊંચી ગુરુભક્તિ કેમ નહિ જાગે ? અને એવી ગુરુભક્તિ જ્યારે જાગે ત્યારે એવી જાગે છે; કે મનને ગુરુભક્તિમાં મહાન સુખ અનુભાવાય છે. જેમ રસના લાલચુને મિઠાઇ મળે તો અંતરમાં સુખનો શેરડો પડે છે, એવું ગુરુભક્તિના રસિયાને સુખનો શેરડો પડે છે. **ભવાભિનંદીને અર્થ-કામ અને કુટુંબ-પોષણમાં સુખ લાગે, ત્યારે યોગદૃષ્ટિવાળાને પરમાત્મ ભક્તિ-ગુરુભક્તિમાં સુખ લાગે;** તે એવું કે ક્યારેય એમાં કંટાળો નહિ, ઉલ્ટું જેમ અધિક કરવા મળે તેમ વિશેષ સુખ લાગે. જેમ ગુરુભક્તિમાં એમ તત્ત્વશ્રવણમાં અખૂટ રસ હોય.

પ્ર. - પણ બહુ થાય પછી ક્યારેક તો કંટાળો આવી જાય ને ?

ઉ. - ના, શું કામ કંટાળો આવે ? મમ્મણ પાસે બહુ ધન થઇ ગયું હતું છતાં એને ક્યારેય ધન ભેગું કરવામાં કંટાળો આવેલો ? ના, કેમ ? એને ધનનો અખૂટ રસ. એમ અહીં **તત્ત્વશ્રવણ અને ગુરુભક્તિનો અખૂટ રસ હોય, પછી એમાં કંટાળો શાનો આવે ?**

પ્ર. - ગુરુભક્તિના અખૂટ રસનું કારણ શું ?

ઉ. - મહત્ત્વનું કારણ એનાં અતિ ઉત્તમફળ તરફ દૃષ્ટિ છે, એ હવે ૬૪મી ગાથામાં બતાવે છે.

ગુરુભક્તિનું અત્યુત્તમ ફળ

अस्य एव विशेषतः परं फलमाह-

गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतम् ।
समापत्त्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ॥६४॥

गुरुभक्तिप्रभावेन-गुरुभक्तिसामर्थ्येन तदुपात्त-कर्मविपाकत इत्यर्थः, किमित्याह-**तीर्थकृद्दर्शनं मतं**=भगवद्दर्शनमिष्टम्, कथमित्याह-**समापत्त्यादिभेदेन** *'समापत्तिर्ध्यानतः स्पर्शना'* तया, आदिशब्दात्तन्नाम-कर्मबन्धविपाकतद्भावापत्त्युपपत्तिपरिग्रहः । **तदेव विशिष्यते निर्वाणैकनिबन्धनं**-अवन्ध्यमोक्ष-कारणमसाधारणमित्यर्थः ॥६४॥

ટીકાર્થ : આ ગુરુભક્તિનું વિશેષથી શ્રેષ્ઠ ફળ બતાવે છે.

ગાથાર્થ : ગુરુભક્તિના પ્રભાવે ભગવાનનું દર્શન ઈષ્ટ છે. તે સમાપત્તિ આદિ પ્રકારે બની આવે છે, એ એકમાત્ર મોક્ષનું કારણ છે.

ટીકાર્થ : 'ગુરુભક્તિ પ્રભાવથી' ગુરુભક્તિના સામર્થ્યથી અર્થાત્ તેનાથી ઉપાર્જિત પુણ્યકર્મના વિપાકથી શું ? તો કે (પરમાત્મા) તીર્થંકર ભગવાનનું દર્શન (કરવાનું) મત=ઈષ્ટ છે. તે કેવી

રીતે ? તો કે સમાપત્તિઆદિના પ્રકારથી. સમાપત્તિ એટલે ધ્યાનથી સ્પર્શના. 'આદિ' શબ્દથી (૧) નામકર્મના બંધનો વિપાક (૨) પરમાત્મભાવની પ્રાપ્તિની સુઘટિતતાનું ગ્રહણ છે. એની જ વિશેષતા બતાવે છે. 'નિર્વાણૈકનિબન્ધનં' અર્થાત્ મોક્ષનું અમોઘ (નિષ્ફળ ન જાય એવું) કારણ છે.

વિવેચન : ગુરુભક્તિનું એવું તે કયું મોટું ફળ છે કે એના તરફ દૃષ્ટિ રહેવાથી ગુરુભક્તિનો અખૂટ રસ રહે છે ? એ ફળ બતાવતાં અહીં કહે છે કે ગુરુ-ભક્તિના પ્રભાવથી પરમાત્મા તીર્થંકર ભગવાનનું દર્શન કરવાનું એને ઇષ્ટ છે. કેવી રીતે ? તો કે 'સમાપત્ત્યાદિભેદેન' 'સમાપત્તિ' એ ધ્યાનથી સ્પર્શના છે. 'આદિ' શબ્દથી તીર્થંકરનામકર્મનો વિપાક તથા તીર્થંકરપણાના ભાવની પ્રાપ્તિની સુસંગતતાનું ગ્રહણ છે. બહુ પ્રાચીન 'પંચસૂત્ર' શાસ્ત્રના ચોથા સૂત્રમાં ગુરુનિશ્રાની આરાધનાનું મહત્ત્વ બતાવતા કહ્યું છે કે-

'अओ चेव परमगुरु संजोगो'

આ ગુરુયોગની આરાધનાથી જ પરમગુરુ પરમાત્માનો યોગ થાય છે. કહો કે, પરમાત્મા પાસે પહોંચવામાટે ગુરુયોગ જ દરવાજો છે. અહીં 'જ' કારથી વાત કરીને એ સૂચવ્યું, કે પરમગુરુ પરમાત્માનો યોગથવા માટે ગુરુયોગની આરાધના છોડીને બીજો કોઇ ઉપાય જ નથી. આ પંચસૂત્ર શાસ્ત્રપર આ જ યોગદૃષ્ટિગ્રંથકાર શ્રી **હરિભદ્ર સૂરિજી** મહારાજે વિવેચના લખી છે. એ જ મહાપુરુષ અહીં આ ગ્રંથમાં લખે છે - ગુરુભક્તિના પ્રભાવે તીર્થંકર ભગવાનનું દર્શન થવાનું મહર્ષિઓને ઇષ્ટ છે - અભિપ્રેત છે. 'દર્શન' એટલે સાક્ષાત્કાર. ગુરુભક્તિ આરાધો એટલે પરમાત્માનો સાક્ષાત્કાર થાય.

જિનશાસનમાં ગુરુતત્ત્વનું બહુ મહત્ત્વ છે. એટલે ગુરુભક્તિનું ઊંચું સ્થાન છે.

ગુરુભક્તિ એટલે ગુરુનો આરાધ્ય તરીકે સ્વીકાર

મનને લાગી ગયું હોય કે, આ જીવનમાં મારે તત્ત્વશ્રવણ કરાવનાર ગુરુ સર્વેસર્વા આરાધ્ય છે, માટે એમની સર્વ પ્રકારે આરાધના કરવાની; માત્ર મનમાં લગાડીને બેસી ન રહે, કિન્તુ ગુરુને આરાધવા માંડે.

ગુરુને આરાધવા એટલે શું ?

જેમ આપણે માથે ઇષ્ટદેવતરીકે અરિહંત ભગવાનને ધર્યા, તે આરાધ્ય તરીકે આરાધવામાટે ધર્યા છે, ને એમની વિવિધ રીતે યાવત્ આજ્ઞા પાલનથી આરાધના કરીએ છીએ. એમ ગુરુ માથે ધર્યા તે આરાધ્ય તરીકે - આરાધવામાટે ધર્યા છે, તો એમની સર્વ પ્રકારે દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી ભક્તિ કરીએ. દ્રવ્યથી ભક્તિ અનુકૂળ આહાર-વસ્ત્રાદિથી થાય. ક્ષેત્રથી ભક્તિ હવા - ઉજાસ આદિની દૃષ્ટિએ એમને અનુકૂળ સ્થાન આપવાથી થાય. કાળથી ભક્તિ વંદન - વાચનાદિ એમને અનુકૂળ કાળ સાચવીને થાય. ટૂંકમાં સર્વ પ્રકારે એમને અનુકૂળતા કરી આપીએ, એમના તન ઉપરાંત મનને પણ શાતા રહે એવી રીતે બોલીએ, ચાલીએ, વર્તીએ, એમની શોભા વધે, યશ ફેલાય એમને મહત્ત્વ મળે એવા પ્રયત્નમાં રહીએ. એમની ઇચ્છા - અભિપ્રાય - હિતશિક્ષાને અનુસરીએ, આપણી સગવડ ભૂલી એમની સગવડ સાચવીએ. વગેરે વગેરે પ્રકારે ગુરુની આરાધના થાય.

આ બધું એટલામાટે કરીએ, કે એ જે આપણને કિંમતી સમ્યગ્ બોધ આપે છે, એનું મહત્ત્વ દુર્ગતિઓની અને ભવોની પરંપરા તોડવામાં અને મોક્ષની નિકટતા કરવામાં છે. મોક્ષની નિકટતા એ રીતે કે અશુભ ભાવોનો હ્રાસ થતો આવે અને શુભ ભાવો વધતા ચાલે. એ ગુરુથી અપાતા સમ્યગ્બોધથી નીપજે છે. આવા મહાન લાભને અપાવનાર ગુરુની બધી રીતે આરાધના કરવામાં કચાશ શાની રખાય ?

ગુરુની આરાધનામાં એમની સર્વ પ્રકારની આશાતનાનો ત્યાગ પણ આવે. ગુરુ જરાક અવાજ કરે 'કોણ છે ?' 'હાજી હું છું' જવાબ ન આપીએ તો આશાતના છે. ગુરુથી ઊંચા તો નહિ, પણ સમાન આસને બેસીએ, તોય એ આશાતના છે. ગુરુ કાંક કહે છે, ને આપણે મનમાં એટલું જ લાવીએ કે 'આવું કહેવાય ? આમ કેમ કહે છે ?' તો એમાં ગુરુનું કહેલું ન ગમ્યું, એ આશાતના છે. પોતાનું ડહાપણ આગળ કર્યું, ગુરુ કરતાં પોતાની અક્કલ વધુ હોવાનું માન્યું, એ ગુરુ સામે અભિમાન છે. આશાતનારૂપ છે. શું દેવાધિદેવની સામે આપણે ક્રોધ-અભિમાન વગેરે કરીએ છીએ ? ના, કેમકે દેવ આરાધ્ય છે. બસ, તે જ રીતે ગુરુને આરાધ્ય તરીકે સ્વીકાર્યા છે, તો એમની સામે કશો કષાય ન થાય, એમની કશી આશાતના ન થાય.

સારાંશ, જેમ દેવાધિદેવનું એમ ગુરુનું મહત્ત્વ છે. જેને ગુરુ ગમ્યા, એને જિનશાસન ગમ્યું. જેણે ગુરુને આરાધ્યા એણે જિનશાસન આરાધ્યું. જેણે ગુરુને અવગણ્યા એણે જિનશાસનને અવગણ્યું.

ભગવાન કહે છે જે ગુરુને માને છે, સ્વીકારે છે એજ મને માને છે સ્વીકારે છે. એટલે જ જેટલી ઊંચી ગુરુ ભક્તિ થાય, એટલા દેવાધિદેવને ઊંચા માન્યા, ને એટલું સમ્યગ્દર્શન નિર્મળ થયું.

વાત આ છે - ગુરુને આરાધ્ય તરીકે સ્વીકારવા માટે ગુરુને સમર્પિત થવું પડે. તેથી જ ચારિત્રની યોગ્યતાના ૧૬ લક્ષણમાં એક લક્ષણ 'ગુરુને સમુપસંપન્નતા' મૂક્યું. સારી રીતે ગુરુને ઉપસંપન્ન થાય. તો સમર્પિત ગણાય સમુપસંપન્ન થઇ જવાય પછી પોતાનું વ્યક્તિત્વ ભૂલાઈ જાય. ત્યાં ગુરુ સામે કદી જીભાજોડી - પ્રશ્નોત્તરી કરવાની રહે નહિ, ગુરુવચન 'તહત્તિ' જ થાય. આપમતિ સ્વેચ્છાચાર રહે નહિ, 'ગુરુની મતિ એ જ મારી મતિ, ગુરુને પસંદ એ જ મને પસંદ' એવો ભાવ રહે, 'અહં'નો ભાવ જ નહિ. અનંતકાળથી કષ્ટ બધું કર્યું, પણ 'અહં' ન છોડ્યું, એટલે જ રખડતા રહ્યા છીએ. માટે દેવાધિદેવની જેમ ગુરુ આગળ તદ્દન નમ્રભાવ લઘુભાવ જોઇએ.

ગુરુ આગળ લઘુતામાં પ્રભુતા આવી મળે છે.

પ્રભુતા એટલે પરમાત્મભાવ. એટલે જ અહીં કહે છે 'ગુરુભક્તિ પ્રભાવેણ તીર્થકૃદ્દર્શનં મતમ્' ગુરુભક્તિથી સમાપત્તિ આદિ પ્રકારો દ્વારા પરમાત્મદર્શન થવાનું મહર્ષિઓને સંમત છે.

'સમાપત્તિ' એટલે ધ્યાનથી સ્પર્શના. ગુરુભક્તિ - ગુરુસમર્પણનો એવો પ્રભાવ છે કે એમાં ગુરુને ભગવાન જેવા સમજી એમની જે આરાધના - ઉપાસના કરીએ છીએ, એમાં ભગવાનનું ધ્યાન લાગે છે, અર્થાત્ ભગવાનને ધ્યાનથી સ્પર્શીએ છીએ એ ભગવાનની આપણામાં સમાપત્તિ થઇ કહેવાય. પૂછો, -

પ્ર. - એમ તો ગુરુભક્તિ ન કરીએ તોય ભગવાનને ધ્યાનથી સ્પર્શી શકીએ ને ? તો પછી ગુરુભક્તિના પ્રભાવથી આ થવાનું કેમ કહ્યું ?

ઉ. - જિન શાસનમાં ભગવાનનું ધ્યાન સાચું ત્યારે ગણાય કે ભગવાને કહેલા તત્ત્વ પૂરેપૂરા સ્વીકાર્ય હોય. એ તત્ત્વોમાં ગુરુતત્ત્વ બહુ મહત્ત્વનું તત્ત્વ છે. એની અવગણના કરી જ ન શકાય. એ અવગણીએ એટલે ભગવાનને અવગણ્યા ગણાય.

ભગવાનના કહેલા તત્ત્વની અવગણના એ ભગવાનની જ અવગણના છે.

એમ કેમ ? તો કે ભગવાન સર્વજ્ઞ છે. એમના કહેલા એકે એક તત્ત્વ ટંકશાળી સત્ય છે. એમાંના એક પણ તત્ત્વને અવગણવું એટલે ભગવાનપર શ્રદ્ધા જ ન રહી, ગણના જ ન રાખી, અવગણના કરી કહેવાય. પછી ભગવાનની અવગણના કર્યે ભગવાનનું ધ્યાન કેવું

પ્ર. - તો શું ગુરુતત્ત્વની શ્રદ્ધા કરી એ સર્વજ્ઞ-કથિત બધા જ તત્ત્વની શ્રદ્ધા કરનારો હોય ?

ઉ. - હા, એનું કારણ એ છે કે જિનશાસનમાં ગુરુ પણ સર્વજ્ઞ ભગવાનની ને એમના કહેલા સમગ્ર તત્ત્વની સર્વે સર્વા શ્રદ્ધા કરનારા જ હોય છે, તો જ એ ગુરુ છે, ગુરુ તરીકે માન્ય છે. સર્વજ્ઞના એકાદ તત્ત્વપર પણ શ્રદ્ધા ન હોય એ કુગુરુ છે, સુગુરુ-સદ્ગુરુ નહિ. માટે તો જમાલિ એ જ્યાં ભગવાનના એક જ વચનની અશ્રદ્ધા-અવગણના કરી કે તરત જ એના સુશિષ્યોએ એને ગુરુ તરીકે છોડી દીધા.

હવે જ્યારે એવા સુગુરુને માન્ય કર્યા એટલે પછી એમનાય સર્વ વચન માન્ય થઈ જાય; ને એમનીપાસેથી ભગવાનની ઓળખ પણ એવી જ મળવાની કે 'ભગવાન સર્વજ્ઞ છે, ને એમનાં સમસ્ત વચન માન્ય છે.' ને એ પણ સ્વીકારાઈ જ જાય.

ગુરુભક્તિનો આ પ્રભાવ છે, કે જો ગુરુને સર્વ પ્રકારે આરાધ્યતરીકે સ્વીકારાય એ સાચી ગુરુ-ભક્તિ છે, ને એમનાં વચનનો સ્વીકાર એ એમની આરાધના છે, તો પછી એમણે ઓળખાવેલ સર્વજ્ઞ ભગવાન ને એમનાં વચન સર્વેસર્વા માન્ય થઈ જાય. ત્યારે શાસ્ત્ર કહે છે,

સર્વજ્ઞ વચન જો દિલમાં હોય તો, 'દિલમાં પરમાર્થથી સર્વજ્ઞ પ્રભુ જ છે.'

'अस्मिन् हृदयस्थे सति
हृदयस्थः तत्त्वतो मुनीन्द्र इति'

એટલે ભગવાનનાં વચનનું ધ્યાન એ ભગવાનનું જ ધ્યાન છે.

કારણ સ્પષ્ટ છે, ભગવાનનાં વચનની સાથે ભગવાન વણાયેલાં છે. કેમકે એ વચનનું ચિંતન ધ્યાન-સર્વજ્ઞકથિત તરીકે જ કરાય છે, અજ્ઞાની કથિત તરીકે નહિ. હવે પ્રશ્ન થાય કે,

પ્ર. - ઠીક છે, આમ ભગવાનસાથે સમાપત્તિ એટલે કે ભગવાનની ધ્યાનથી સ્પર્શના થઈ, પરંતુ એમાં ભગવદ્ દર્શન અર્થાત્ ભગવાનનો સાક્ષાત્કાર ક્યાં આવ્યો ? તો ગુરુભક્તિપ્રભાવથી તીર્થંકર ભગવાનનું દર્શન કેમ કહ્યું ?

ઉ. - સમાપત્તિ આદિ દ્વારા ભગવાનનું દર્શન થવાનું કહ્યું છે, એમાં સર્વજ્ઞ પરમાત્માસાથે સમાપત્તિથી આગળ લયઅવસ્થા આવશે ત્યારે ભગવાનનું દર્શન-સાક્ષાત્કાર થઈ જ જવાનો છે. સમાપત્તિમાં 'સંભેદ-પ્રણિધાન' યાને પરમાત્માનું આપણા આત્માથી ભિન્નતરીકે ધ્યાન છે, એમાં આગળ વધતાં 'અભેદ પ્રણિધાન' આવવાનું, એમને આપણા આત્માથી અભિન્ન તરીકે ધ્યાઈશું, એથી પછી તરત જ પરમાત્માનો સાક્ષાત્કાર-પ્રત્યક્ષજ્ઞાન થવાનું. આ સમાપત્તિ અર્થાત્ 'ધ્યાનજ સ્પર્શના' પરમાત્મ-ધ્યાનમાંથી ઉદ્ભવતી પરમાત્માની સ્પર્શના, એ બની આવવામાં મુખ્ય કારણ છે વિશુદ્ધભાવના, અને મનનું સમર્પણ. માટે તો કહ્યું છે,

'विशुद्धभावनासारं तदर्थार्पितमानसम्।
यथाशक्ति क्रियालिङ्गं, प्रणिधानं जगौ मुनिः॥'

વિશુદ્ધ ભાવનાની મુખ્યતાવાળું, યથાશક્તિ ક્રિયાથી સૂચિત, ને સૂત્રના પદાર્થમાં સમર્પિત મન એ પ્રણિધાન છે. એમ ગણધરમુનિ કહે છે. પ્રણિધાન એ ધ્યાન જ છે. એમાં વિશુદ્ધ ભાવનાની મુખ્યતા છે. માટે તો તળાવમાં ઊભેલા બગલાનું માછલી પકડવાનું એકાગ્રધ્યાન (?) શુભધ્યાન નથી, કેમકે ભાવના મલિન છે. એમ મલિન દુન્યવી આશંસાથી ભગવાનનું ધ્યાન કરે, એ પણ વાસ્તવમાં શુભધ્યાન નથી, એમ ભગવાનની આજ્ઞા અવગણીને કે ગુરુને સર્વેસર્વા આરાધ્ય તરીકે નહિ સ્વીકારીને કરાતું પરમાત્મધ્યાન એ પણ શુભ ધ્યાન નથી, કેમકે એમાંય ભાવના વિશુદ્ધ નથી.

બાકી વિશુદ્ધ ભાવનાપૂર્વકના મનનું સમર્પણ લાવવું હોય, તો જાત અને જાતની સુખ-સગવડ

બધી ભૂલાઈ જવી જોઇએ, અહંત્વ અને રાગાદિ રોગો શમી જવા જોઇએ. એ રીતે વિશુદ્ધ ભાવના અને મનના સમર્પણથી ગુરુભક્તિ થાય, પછી પરમાત્માસાથે સમાપત્તિ વગેરે આવ્યા વિના રહે નહિ. એવી ગુરુભક્તિમાં ગુરુને મન-હૃદય સમર્પી દીધું, તો જીવનમાં ગુરુ જ એવા સર્વેસર્વા થઈ જાય કે બધી વાતમાં ગુરુને જ આગળ કરાય. ચારિત્ર કેમ લીધું ? ગુરુ તારણહાર છે, માટે ગુરુની સર્વે સર્વા આરાધના કરવા ચારિત્ર લીધું. સંસારમાં રહીને એ ન થઇ શકે. પ્રતિક્રમણ કેમ કરો છો ? પ્રતિક્રમણથી પાપક્ષય કરવો જોઇએ, એવો ગુરુનો આદેશ છે માટે, અથવા પ્રતિક્રમણથી નિષ્પાપ થઇએ, તો જ ગુરુની શુદ્ધ દિલથી આરાધના થાય એ માટે. એમ સ્વાધ્યાય કરાય, ત્યાં ગુરુનો ઉપકાર બહુ યાદ આવે. અહો ! ગુરુદેવનો કેવો મહાન ઉપકાર, કે મને શાસ્ત્રઅધ્યયન કરાવ્યું અને એમણે મને શાસ્ત્રપારાયણ ચીંધ્યું. તાત્પર્ય ગુરુભક્તિમાં મન વિશુદ્ધભાવનાથી ગુરુને એવું સમર્પિત થઇ ગયું હોય, કે 'શી વાત ગુરુ !' ગુરુ જ સર્વેસર્વા આરાધ્ય બની જાય.

આ બને ત્યારે સમાપત્તિઆદિ નીપજે, ભગવાનની ધ્યાનજ નિત સ્પર્શના થાય, તેમ જ એનાથી તીર્થંકર નામકર્મ આદિ ઉત્કૃષ્ટ પુણ્યકર્મ ઊભા થાય ને એના વિપાકમાં તીર્થંકર-ભાવ-પરમાત્મભાવ ઊભો થાય, એટલે એ જ ભગવદ્-દર્શન થયું, સ્વયં ભગવત્સાક્ષાત્કાર થયો. એ થાય તો અવશ્ય મોક્ષ નીપજે. આ બધું ગુરુભક્તિમાંથી નીપજે છે, માટે કહેવાય ગુરુભક્તિના પ્રભાવથી ભગવદ્દર્શન જન્મે છે, જે મોક્ષનું જ એક કારણ છે, મોક્ષનું અવન્ધ્ય-અમોઘ કારણ છે.

અહીં એક પ્રશ્ન થાય, -

પ્ર. - તીર્થંકર નામકર્મ તો પુદ્ગલ વિપાકી કર્મ છે, પુદ્ગલપર પોતાનો પ્રભાવ દેખાડે; તો એનો આત્માના પરમાત્મભાવ સાથે શો સંબંધ ?

ઉ. - અહીં કર્મને-પુણ્યકર્મને ઓળખવા જેવું છે. પુણ્યકર્મ બે જાતના, (૧) સંક્લિષ્ટ ભોગનું પુણ્ય અને (૨) અસંક્લિષ્ટ ભોગનું પુણ્ય. સંક્લિષ્ટ ભોગનું પુણ્ય સુખભોગનાં સાધન આપે, પરંતુ તે સંક્લેશવાળા ભોગનાં સાધન; અર્થાત્ એ સુખભોગ વખતે ચિત્તમાં સંક્લેશ યાને તીવ્ર રાગ-આસક્તિ-મમતા વગેરે આવે. એથી ઉલ્ટું અસંક્લિષ્ટ ભોગના પુણ્યથી સુખભોગની સામગ્રી મળે, ત્યાં સુખભોગ તીવ્ર રાગાદિના સંક્લેશ વિનાનો હોય, દા.ત. અનુત્તરવાસી દેવતાને સુખ-ભોગની સામગ્રી બહુ ઊંચી; છતાં એમને સુખ-ભોગમાં જરાય સંક્લેશ ન હોય. એમ તીર્થંકર નામકર્મ અને એની સાથેના ઉચ્ચગોત્ર-યશ-આદેય-સૌભાગ્યાદિ પુણ્યકર્મ એ એવા ઉચ્ચ અસંક્લિષ્ટ ભોગનાં પુણ્ય કે એથી મળતા સુખ-ભોગ વખતે લેશમાત્ર રાગાદિનો સંક્લેશ ન હોય. ઉચ્ચગોત્ર કર્મ બીજાપર પ્રભાવ પાડે. દા.ત. ઉચ્ચ ગોત્રવાળા વેપારીથી ઘરાક એવા પ્રભાવિત હોય, કે એની પાસે માલ લેવા દોડ્યા આવે. એમ યશનામકર્મથી લોકમાં યશ પામે. પછી ત્યાં ગુણનો ય સવાલ નહિ. ગુણ ન હોય, છતાં યશનામકર્મ જોર કરતું હોય, તો લોકમાં યશ પામે. એમ આદેયનામકર્મથી એનું વચન લોકને ગ્રાહ્ય થાય, પછી ભલે યુક્તિવાળું બોલતાં ન આવડતું હોય. એટલે તો કેટલાક વડીલ યા નાનડિયા એવા આદેયકર્મના પુણ્યવાળા હોય છે, તો ભલે બોલે બિલકુલ સીધું સાદું અને થોડું, છતાં લોકને એ ગ્રાહ્ય માન્ય થાય છે. એમ સૌભાગ્યનામકર્મથી એના પગલાં સૌને ગમે. ચારે બાજુથી 'આવો આવો' થાય. પછી ભલે એ સેવા ન કરતો હોય. ત્યારે સેવા બહુ કરનાર હોય, પણ જો એનામાં આ પુણ્યની ખામી હોય, તો એના પગલાં બીજાને નહિ ગમે.

તાત્પર્ય, આ બધા ઉચ્ચગોત્ર પામે. પુણ્ય કર્મ જો અસંક્લિષ્ટભોગનાં પુણ્ય હોય, તો એના ભોગવખતે ચિત્તમાં અભિમાન-રાગવગેરેના સંક્લેશ નહિ ઊઠે. આ હિસાબે જૂઓ - તીર્થંકર ભગવાનનું ઉચ્ચગોત્ર કર્મ એટલું મહાન છે, કે ઇન્દ્રો પર પણ પ્રભાવ પાડી દે છે. યશ એવો ત્રિલોક વ્યાપી છે, કે પાતાલમાં બેઠા દેવતાઓ પ્રભુની પ્રશંસા ગુણાનુવાદ ગાય છે. ત્યારે પ્રભુનું સૌભાગ્ય નામકર્મ એવું છે, કે પ્રભુ ચાલે ત્યાં અક્કડ વૃક્ષો જેવા પણ નમે છે, ને પંખીડા પ્રભુને આકાશમાં પ્રદક્ષિણા દેતા ચાલે છે. આદેય નામકર્મ એવું છે, કે મોટા માંધાતા ઈન્દ્રો અને અજ્ઞાન તિર્યંચો જેવા પણ હોંશે હોંશે પ્રભુનાં વચનનો સ્વીકાર કરે છે.

આટલા બધા પુણ્યભોગ છતાં પ્રભુને લેશ પણ અભિમાન નથી કે રાગ નથી. એ ઉચ્ચ અસંક્લિષ્ટ ભોગના પુણ્યનો પ્રભાવ છે.

ધ્યાનમાં રહે, -

અસંક્લિષ્ટ ભોગનું પુણ્ય ધર્મ નિરાશંસભાવે સાધ્યો હોય, એનાથી ઊભું થાય છે.

ધર્મસાધનાવખતે જો પૌદ્ગલિક ફળની આશંસા અપેક્ષા આવી, તો એનાથી સંક્લિષ્ટ ભોગનું પુણ્ય ઊભું થવાનું. ને એના વિપાકમાં સુખ ભોગનાં સાધન તો મળશે, પરંતુ સાથે રાગ-અભિમાનઆદિના સંક્લેશ એવા રહેશે, કે જે નરકાદિ ગતિમાં તાણી જાય.

એટલે જ અહીં પુણ્યથી ગુરુ મળ્યા, પુણ્યથી ગુરુભક્તિની તન-મનવગેરે સામગ્રી તો મળી, છતાં ગુરુભક્તિના ભાવ નથી થતા. ગુરુ આરાધ્ય નહિ, પણ ગોરાણી આરાધ્ય લાગે છે. સાધુને જો બીજા અનુકૂળતા કરી આપનારા કે મીઠું બોલનારા આરાધ્ય લાગે છે તો સમજવું કે તન-મન વગેરે સામગ્રી મળવાનું પુણ્ય સંક્લિષ્ટ ભોગનું પુણ્ય છે, એ મલિનઆશયવાળા ધર્મથી ઊભું થયેલું છે. અનંત અનંત કાળથી જીવ ધર્મ કરતો આવ્યો, છતાં કેમ હજી પાપબુદ્ધિ છૂટતી નથી ? કહો, ધર્મ કર્યો પણ બધે જ મલિનઆશયથી કર્યો. એથી સંક્લેશવાળું પાપાનુબંધી પુણ્ય લઇને આવ્યો. તેથી પુણ્યના ઉદયમાં પણ પાપબુદ્ધિ સૂઝે એમાં નવાઈ નથી. વાંક દવાનો નહીં પણ અપથ્યસેવનનો. એમ અહીં વાંક ધર્મનો નહીં, પણ સંક્લેશ-મલિનતાનો છે. અહીં સારા સારા સન્માન સંગીતના શબ્દ મીઠા લાગે, પરસ્ત્રીનાં રૂપ સારા લાગે, સારી સારી પૌદ્ગલિક ચીજ વસ્તુ ખાનપાનાદિનું આકર્ષણ થાય, આશંસા-અભિલાષા થાય. એ બધી પાપબુદ્ધિ છે. એમ ક્રોધાદિ કષાયો, હાસ્યાદિ નોકષાયો સહેજ સહેજમાં ઊઠે, એવી રીતે હિંસા-આરંભ-સમારંભાદિની લગન રહે, એ બધી પાપબુદ્ધિ છે. એ કરાવનાર પૂર્વના પાપાનુબંધોનું પરિણામ છે. એવી ડગલે ને પગલે ચાલતી પાપબુદ્ધિઓ ધર્મસાધનામાં ય ઘુસે છે, એટલે નવા પાપાનુબંધો ઊભા કરે છે. ત્યારે પૂછો, -

પ્ર. - તો પછી આનો અંત શેં આવે ?

ઉ. - અંત આવે, પાપાનુબંધોને મોળા પાડતા જઇએ, તો એક દિવસ એનો અંત આવે.

પ્ર. - **પાપાનુબંધો શી રીતે મોળા પડે ?**

ઉ. - ખૂબ ખૂબ ધર્મશ્રવણ-ધર્મવાંચન-વૈરાગ્યનું વાંચન કરતા રહીએ, ને એની અસર લઇએ, એટલે કે હૃદયને એ અડવા દઇએ. અર્થાત્ અહિતાચરણનો સંતાપ ને હિતમાર્ગનો રાગ જગાવીએ, તો વિષયોનાં આકર્ષણ અને કષાયોના આવેગને મન મારીને પણ દબાવવાનું કરાય, અને એમ પાપાનુબંધો મોળા પડતા આવે.

પાપાનુબંધો કાંઇ એવા નથી, કે એ મંદ ન જ પડે, '**પંચસૂત્ર**' શાસ્ત્ર જ્યારે કહે છે 'ચાર શરણના સ્વીકારપૂર્વક દિલથી દુષ્કૃતગર્હા-સંતાપ કરતા ચાલો અને સુકૃત-આસેવન કરતા રહો, તો

અશુભ અનુબંધો તૂટે છે ને શુભ અનુબંધો એકત્રિત થાય છે,' તો એ સૂચવે છે કે ઉપાયથી આપણે પાપાનુબંધો મોળા પાડી શકીએ છીએ. ઉપાયમાં દુષ્કૃતગર્હા-સંતાપ દિલના છે, એટલે શક્ય એટલો પાપ-દુષ્કૃતોનો ત્યાગ પણ કરતા રહેવાય, અને સુકૃતાસેવનમાં સ્વ-પરના સુકૃતોની અનુમોદના ઉપરાંત સ્વયં દાન-શીલ-તપ-ભાવનાના સુકૃતોનું આચરણ પણ યથાશક્તિ કરતા રહેવાય. આ અવશ્ય પાપાનુબંધોને તોડી નાખે. **મહાવીર ભગવાને** એમ જ **પ્રિયમિત્ર ચક્રવર્તી**ના ભવની ક્રોડ વરસની ચારિત્ર સાધના અને **નંદન રાજર્ષિ**ના ભવની માસખમણના પારણે માસખમણસાથેની ચારિત્રસાધનાથી પૂર્વના જાલિમ પણ પાપાનુબંધોને તોડી નાખેલા. **પુણ્યને પાપાનુબંધીમાંથી પુણ્યાનુબંધી બનાવી શકાય છે.** એ વાત **શ્રી અષ્ટકજી** શાસ્ત્રના

'दया भूतेषु वैराग्यं, विधिवद् गुरुपूजनम्।
विशुद्धशीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः॥'

આ શ્લોકથી જાણવા મળે છે.

શ્લોક કહે છે, 'જીવોપર દયાભાવ, (વિષયો પર) વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુ (પરમગુરુ)નું પૂજન તથા નિર્મળ શીલ અને વૃત્તિ એ પુણ્યાનુબંધી પુણ્ય છે.

આ સૂચવે છે - તમે સત્ પુરુષાર્થ ફોરવીને જીવોની દયા કરો, હૃદયમાં વૈરાગ્યભાવ ખચાખચ ભરો... એ તમારું પુણ્ય પુણ્યાનુબંધી છે.

સારાંશ, દયાદિનો સત્ પુરુષાર્થ કરો ને એમ કરીને ચિત્તના રાગાદિ સંક્લેશ ઓછા કરતા આવો. મનને કહો - જગતની સારી ચીજો બહુ ગમે છે ? તો સમજી રાખ એ બધી રાગ-દ્વેષ-અભિમાનના બહુ સંક્લેશ કરાવી પરિણામે ભયાનક નીવડશે. એની ખાતર દયા-વૈરાગ્યઆદિ મહાન રત્નો કમાવાનું ન ગુમાવ. દુન્યવી લાલચમાં પાર વિનાનાં આરંભ-સમારંભ કરી દયા ગુમાવે છે. આરંભ-સમારંભમાં સંકોચ આવે તો દયા કમાવાય, એમ દુન્યવી ચીજો ખતરનાક લાગે ને દિલ એનાથી ઊભગી જાય, તો વૈરાગ્ય કમાવાય. આ અને દેવ-ગુરુ પૂજા તથા વિશુદ્ધ શીલવ્રત-નિયમો આ બધું પુરુષાર્થથી સાધ્ય છે; અને એથી અશુભ અનુબંધો તૂટે છે. એ તૂટી ગયા હોય, પછી ઉદયમાં પુણ્ય ભલે તીર્થંકર નામકર્મ, ઉચ્ચગોત્ર કર્મ, યશનામકર્મ વગેરે ઉત્કૃષ્ટ કોટિના હોય, છતાં ત્યાં કોઈ રાગાદિના સંક્લેશ કે પાપબુદ્ધિ લેશમાત્ર ન હોય; એવું હોય એ શુદ્ધ, પુણ્યાનુબંધી પુણ્યજાતનું માપ કાઢવા જેવું છે કે એમની અપેક્ષાએ આપણાં પુણ્ય તો સાવ મામુલી, છતાં એ પુણ્યાનુબંધી છે કે પાપાનુબંધી ? એની પરખ થાય વૈરાગ્ય યા તીવ્રરાગપરથી મળેલા વિષયો ભય પમાડે છે કે 'હાય ! આ દુર્ગતિના દોસ્તોથી મારું શું થશે !' તો વૈરાગ્ય સમજવાનો; જો હુંફ આપે છે કે 'હાશ ! સારી પત્ની, સારા પૈસા, સારા સુખ-સાધન મળ્યા! બસ, મજા છે !' તો આ હુંફમાં તીવ્ર રાગ સમજવાનો. પુણ્યોદય વખતે (૧) **જો વૈરાગ્ય થાય-ત્યાગ બુદ્ધિ થાય, વીતરાગભક્તિ સૂઝે... તો એ પુણ્યાનુબંધી પુણ્ય છે, પરંતુ (૨) જો તીવ્ર રાગ-અભિમાન થાય, પાપો સૂઝે તો એ પાપાનુબંધી પુણ્ય છે.** ઝેરના લાડુ જેવું; મીઠું લાગે પણ મોત પમાડી નાખે; દુર્ગતિમાં અનેક જન્મ-મોત આપે. ગુરુપાસે તત્ત્વ સાંભળવાનો ને વિદ્વાન બનવાનો આજ ઉપયોગ છે, કે વૈરાગ્ય પામીએ, પાપોને અટકાવીએ. નહિતર કોરી વિદ્વત્તા પંડિતાઈ શા કામની ?

ભણીને પંડિત થવું, યા ભણીને પરિણત થવું બેમાં મોટો ફરક છે. પંડિત થવામાં બાહ્ય-ભાવ અને સ્વાર્થવૃત્તિ છે, પરિણત થવામાં અંતરાત્મભાવ અને પરમાર્થ દૃષ્ટિ છે. કોરી

પંડિતાઇમાં જ્ઞાન ફૂટી નીકળ્યું. જ્ઞાન ઉપર જ મદ તૃષ્ણા વગેરે આત્મરોગો ખરાબીઓ ફાલે ફૂલે. પરિણતિમાં જ્ઞાન પચ્યું હોય, તો ત્યાગ-વૈરાગ્ય-નમ્રતા-લઘુતા વગેરે આરોગ્ય વિકસી ઊઠે. આ શી રીતે આવે ? પ્રભુ ભક્તિ ખૂબ કર. ગુરુભક્તિ ખૂબ કર.

ગુરુભક્તિથી ઠેઠ મોક્ષ સુધી પહોંચાય છે, કેમકે મોક્ષમાટે વીતરાગભાવ જોઇએ, એમાટે સ્વાર્થ-અહંત્વ-રાગાદિને મારવા જોઇએ. ગુરુભક્તિમાં એ મરે છે. કાંઇક સારું આવ્યું તો મનને થશે કે ગુરુભક્તિમાં લગાઉં. કાયાને સ્ફુર્તિ છે, તો ગુરુસેવા કરું. આમ સ્વાર્થ સાધવો પડતો મૂકી સર્વ વાતે ગુરુભક્તિ-વૈયાવચ્ચ કરે, તો રાગ મંદ થતો આવે-મરતો આવે, ને આ રાગની કરેલી મંદતા પરલોકમાં સાથે ચાલે, તે ક્યાં સુધી ? તો કે મંદતામાંથી શૂન્યતા થાય ત્યાં સુધી. અર્થાત્ મંદ રાગમાંથી વીતરાગતા સુધી પહોંચે. **માટે જ વૈયાવચ્ચ ગુણને શાસ્ત્રે અપ્રતિપાતી ગુણ કહ્યો, અર્થાત્ અહીં જ એનો પ્રતિપાત યાને નાશ નહિ, કિન્તુ પરલોકમાં એના ફળરૂપે રાગમંદતા સાથે આવે.**

પ્ર. - તો પછી શું ચારિત્ર અપ્રતિપાતી ગુણ નહિ ? એનો ય રાગમંદતાનો વારસો પરલોકમાં સાથે ચાલે જ ને ?

ઉ. - હા, આવે પણ ક્યારે ? ચારિત્રમાં ય ગુરુને સર્વેસર્વા આરાધ્યતરીકે સ્વીકારી, સ્વાર્થ ભૂલીને એમની ખૂબ ભક્તિ-વૈયાવચ્ચ અને એમને પસંદ એવી સાધુ-વૈયાવચ્ચ કરી હોય તો. પરંતુ એના તરફ આંખમિંચામણા કર્યા હોય, ભક્તિ વૈયાવચ્ચની છતે સંયોગે ઉપેક્ષા કરી હોય, તો ત્યાં તો સ્વાર્થ માયા જ મુખ્ય રહી અને એમ ગુરુભક્તિ વૈયાવચ્ચની ઉપેક્ષા કરે એમાં તો મોહનીયકર્મ ગાઢ કરનારો બને. જ્યાં ચારિત્રમાં મોહનીય કર્મનો ગાઢ ક્ષય કરવાનો હોય, ત્યાં એને જ ગાઢ કરે એ કેવી મૂઢ દશા !

ઋષભદેવ ભગવાનના પ્રથમ ગણધર શ્રી **પુંડરીકસ્વામી** સાથે ૫ ક્રોડ મુનિ શ્રીસિદ્ધગિરિ પર અનશન કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા, તે એમનું શું ગણધર ભગવાન જેવું ગજુ હતું ? તો શી રીતે કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા ? કહો, ગુરુભક્તિથી. ગુરુભક્તિમાં ગુરુને સર્વેસર્વા આરાધ્ય તરીકે સ્વીકાર્યા. પછી ગુરુ કહે છે - બસ, આપણે હવે કાયા સુદ્ધાં સમસ્તપરની મમતા-આસક્તિ મૂકી દઈ, અહીં અંતિમ અનશન કરી દેવાનું. તો પાંચે ક્રોડ મુનિઓએ ગુરુવચન તહત્તિ કરી લીધું. ગુરુ આરાધ્ય છે, તો એમનો અભિપ્રાય એ આપણો અભિપ્રાય કરીએ, એ જ એમની આરાધના છે. આ સ્વીકારી લીધું. પછી પરમાત્મદર્શન-પરમાત્મ-ભાવ અને મોક્ષ કેમ ન નીપજે? માટે જ અહીં કહ્યું-

ગુરુભક્તિના પ્રભાવે પરમાત્મા-તીર્થંકર ભગવાનનું દર્શન થાય છે. અને તે સમાપત્તિ આદિ પ્રકારે મોક્ષનું અમોઘ કારણ બને છે.

સૂક્ષ્મ બોધ

इह प्रतिषिद्धसूक्ष्मबोधलक्षणाभिधित्सयाह-

सम्यग्घेत्वादिभेदेन, लोके यस्तत्त्वनिर्णयः ।
वेद्यसंवेद्यपदतः, सूक्ष्मबोधः स उच्यते ॥६५॥

सम्यग्-अविपरीतेन विधिना, **हेत्वादिभेदेनेति** हेतुस्वरूपफलभेदेन, **लोके**-विद्वत्समवाये, **यस्तत्त्वनिर्णयः**-परमार्थपरिच्छेदः, कुत इत्याह **वेद्यसंवेद्यपदतः**, वक्ष्यमाणलक्षणाद्वेद्यसंवेद्यपदात्, **'सूक्ष्मबोधः स उच्यते'** निपुण इत्यर्थः ॥६५॥

ટીકાર્થ : આ ચોથી દીપ્રાદૃષ્ટિમાં નિષેધ કરાયેલ સૂક્ષ્મબોધનું લક્ષણ કહેવાની ઇચ્છાથી કહે છે.

ગાથાર્થ : લોકમાં સમ્યગ્ હેતુ વગેરે પ્રકારે જે તત્ત્વનો નિર્ણય થાય છે, તે વેદ્યસંવેદ્યપદ હોવાથી

સૂક્ષ્મબોધ કહેવાય છે.

ટીકાર્થ : 'સમ્યગ્' એટલે કે અવિપરીત વિધિથી, હેત્વાદિ એટલે કે હેતુ-સ્વરૂપ-ફળના પ્રકારથી લોકમાં જે તત્ત્વનિર્ણય થાય તે, વેદ્ય સંવેદ્ય પદના લીધે, અર્થાત્ આગળ કહેશે તે લક્ષણવાળા વેદ્યસંવેદ્યપદને લીધે બોધ સૂક્ષ્મ અર્થાત્ નિપુણ હોય છે.

વિવેચન : દીપ્રાદૃષ્ટિ સુધી ચડેલા આત્માને જે બોધ હોય છે, તે સ્થૂલ હોય છે, સૂક્ષ્મ નહિ. એટલે જિજ્ઞાસા થાય કે 'ધર્મઅર્થે પ્રાણ ત્યજે, પણ ધર્મ ન ત્યજે.' એટલી ઊંચી ભૂમિકાએ ચડેલા તો ય સૂક્ષ્મ બોધ નહિ. તો પછી એ સૂક્ષ્મબોધ કેવોક હોય છે ?' એના સમાધાનમાં આ ૬ પ માં શ્લોકમાં સૂક્ષ્મબોધનું સ્વરૂપ બતાવે છે.

સૂક્ષ્મબોધ એટલે વેદ્યસંવેદ્યપદના સહારે હેતુ-સ્વરૂપ-ફળના વિચારથી સમ્યક્ રીતે લેવાતો તત્ત્વનિર્ણય.

હજી ચોથી દૃષ્ટિમાં વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત નથી. 'વેદ્ય'નું જ્યાં 'સંવેદન' થાય છે, અર્થાત્ સર્વજ્ઞ-કથિત હેય-ઉપાદેય પદાર્થનું તેવા સ્વરૂપે સંવેદન યાને પરિણતિ થાય છે, એવું પદ-સ્થાન-કક્ષા એ વેદ્યસંવેદ્યપદ છે. ચોથી દૃષ્ટિમાં હજી વીતરાગ સર્વજ્ઞ ભગવાન મળ્યા નથી, યા મળ્યા છે, તો હજી તેવા સદ્દહ્યા નથી. તેથી એમના કહેલ હેય-ઉપાદેય પદાર્થની, એવા સ્વરૂપની શ્રદ્ધા-પરિણતિ-સંવેદ ક્યાંથી થાય ? તેથી ત્યાં વેદ્યસંવેદ્યપદ ન હોય. એ પાંચમી દૃષ્ટિમાં થનાર છે. અહીં એ નથી. માટે અહીં 'સૂક્ષ્મબોધ નથી, નિપુણ બોધ નથી.'

કોઇ પણ તત્ત્વનો સૂક્ષ્મબોધ-નિપુણબોધ કરવો હોય, તો એના હેતુ, સ્વરૂપ અને ફળથી વિચાર કરીને એનો નિર્ણય કરવો પડે.

દા.ત. આત્મતત્ત્વનો નિર્ણય લેવો છે, તો આત્માના હેતુ કયા ? આત્માનું સ્વરૂપ શું ? અને આત્માનું ફળ શું, કાર્ય શું ? એ વિચારવું પડે. ત્યારે હવે (૧) આત્માના હેતુ એટલે કે ઉત્પાદક કારણ, એનો વિચાર સર્વજ્ઞશાસન આ રીતે આપે છે, કે આત્મા આમ તો અનાદિથી ચાલ્યો આવે છે; એટલે કે દ્રવ્યથી નિત્ય છે. તો જ્યારે આત્મા ઉત્પન્ન થયેલો જ નથી, તો પછી આત્માને ઉત્પન્ન કરનારા હેતુઓ-કારણો ક્યા ? એનો વિચાર કરવાનો હોય જ નહિ. છતાં એ પર્યાયથી અનિત્ય છે. એટલે આત્મા દા.ત. મનુષ્યરૂપે મરે છે, દેવરૂપે ઉત્પન્ન થાય છે. આ હિસાબે દેવરૂપે ઉત્પન્ન થવાનાં હેતુઓ કારણો હોય. એ હેતુઓ કયા કયા, એ વિચારવા એ આત્મતત્ત્વનો હેતુથી વિચાર કર્યો કહેવાય.

આ હેતુથી વિચારવામાટે પણ અનંતજ્ઞાનીના શાસ્ત્ર જોવા પડે, જેથી એના વાસ્તવિક હેતુઓ જાણવા મળે, નહિતર તો અજ્ઞાનીના વચનનાં રવાડે ચડી જવાનું થાય, દા.ત. એ તો કહે, 'બકરાથી યજ્ઞ કરો, સ્વર્ગ મળે' દેવપણું ઉત્પન્ન થવામાં આ કેવો હેતુ બતાવ્યો ? બકરીની હિંસા ! આ માનનાર ને ખબર નથી કે જો હિંસાથી સ્વર્ગે જવાતું હોય, તો નરકે કોણ જશે ? શું અહિંસાવાળો નરકે જશે ? આવા રવાડે ન ચડી જવાય, એમાટે સર્વજ્ઞનાં શાસ્ત્રોનું જ આલંબન લેવું પડે. એમાંથી યથાર્થ જ્ઞાન મળે કે કેવા કેવા હેતુએ નરકગતિ ઉત્પન્ન થાય, કેવા કેવા હેતુએ દેવગતિ ઊભી થાય...

આ હેતુથી વિચાર આવી કેટલીય જગાએ કરવાનો રહે. દા.ત. સાધુવેશમાં સંયમી થતાં કેવા કેવા હેતુ સેવે, તો અસંયમી થાય ? એમ ગૃહસ્થને કેવા કેવા હેતુ સેવાય તો આત્મા મિથ્યાત્વી થાય ? ઇત્યાદિ વિચાર તે હેતુથી વિચાર છે. એમ કેવા કારણો સેવે અર્થાત્ કેવી સાધના કરે, તો જીવન્મુક્ત થવાય ? ઇત્યાદિ વિચારણા આત્માની તે તેરૂપે ઉત્પન્ન થવાના હેતુની વિચારણા કહેવાય. અહીં પણ તેના તેના વાસ્તવિક હેતુઓનું જ્ઞાન સર્વજ્ઞ-

વચનથી મળે. આ તત્ત્વના બોધહેતુથી તત્ત્વબોધ - તત્ત્વનિર્ણય કર્યો તેથી સૂક્ષ્મબોધ થયો કહેવાય.

(૨) એમ, તત્ત્વનો સ્વરૂપથી નિર્ણય કરવાનો. તે તે તત્ત્વનું સ્વરૂપ શું ? દા.ત. આત્મા અંગે જ આત્માનું સ્વરૂપ શું ? એ વિચારીને નક્કી કરવાનું. તો આ વિચારાય કે આત્માનું મુખ્ય સ્વરૂપ ચૈતન્ય, જ્ઞાન, સિદ્ધિ, મોક્ષસ્વરૂપ. એથી જ એ જડથી જુદી વસ્તુ છે. એમાંય આત્માનું મૂળ સ્વરૂપ અનંતજ્ઞાન - અનંતસુખ - અનંતવીર્ય - વીતરાગતા ને અરૂપીપણું વગેરે. આ સ્વાભાવિકસ્વરૂપ મોક્ષ-સ્વરૂપ કહેવાય, એનાપર કર્મના આવરણ ચડી જવાથી, જે સંસારસ્વરૂપ બન્યું છે, એમાં અજ્ઞાન - દુઃખ - મોહમૂઢતા શરીરધારીપણાથી રૂપીપણું વગેરે સ્વરૂપ ઊભું થયું, એ વૈભાવિક - ઔપાધિક (ભાડુતી) સ્વરૂપ ઊભું થયું કહેવાય. જેમ સ્ફટિકની પાછળ લાલ કપડું હોવાથી સ્ફટિક લાલ દેખાય છે. અંદરમાં એનું મૂળ ઉજ્જવલ સ્વરૂપ કાયમ છે, પણ લાલ કપડાની ઉપાધિથી - સંબંધથી ઔપાધિક લાલાશ આવી કહેવાય.

એમ બીજી રીતે જોઈએ, તો આત્માનું મૂળ સ્વરૂપ પરમાત્મદશા, પરંતુ વિકૃતસ્વરૂપ બહિરાત્મદશા અને એમાંથી કાંઇક સુધરેલું સ્વરૂપ અંતરાત્મદશા કહેવાય.

એમ આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ વીતરાગતા, પરંતુ અશુદ્ધ - મલિનસ્વરૂપ સરાગ સદ્વેષાદિ દશા, અર્થાત્, રાગ - દ્વેષ - કામ ક્રોધ... વગેરે, એ આત્માનું મલિન સ્વરૂપ છે. મલિન છતાં એ સ્વરૂપ છે આત્માનું. જડ કાયાદિનું નહિ; કેમકે રાગી દ્વેષી વગેરે કોણ ? તો કહેવાય, કે આત્મા જ, કાયા નહિ.

એમ, આત્માનાં સ્વરૂપ ક્ષાયિક - ઔપશમિક - ક્ષાયોપશમિક - ઔદયિક, ને પારિણામિક. આત્માના આવા કેટલાય સ્વરૂપ બને છે, મિથ્યાત્વી - સમકિતી, દેશવિરતિધર - સર્વવિરતિધર, પ્રમત્ત - અપ્રમત્ત... વગેરે. એમ સ્વરૂપથી વિચારણામાં દ્રવ્યથી આત્મ - સ્વરૂપ, ને પર્યાયથી આત્મસ્વરૂપ... કેવું એ નક્કી કરવાનું આવે. પર્યાય એટલે અવસ્થા. આત્મામાં અવસ્થાઓ ફરે, બાળ - કુમાર - યુવાન. દેવ - મનુષ્ય - તિર્યંચવગેરે. આમ પર્યાયથી આત્મ-સ્વરૂપ અનિત્ય, દ્રવ્યથી નિત્ય. અનેકાંત સ્યાદ્વાદશૈલીથી જ આ ઘટી શકે. ઇતર દર્શનો એકાંતવાદી હોવાથી એમાં આ ન મળે. આવાં વિવિધ સ્વરૂપથી આત્માનો બોધ થાય, એ સ્વરૂપથી આત્મતત્ત્વનો નિર્ણય કર્યો કહેવાય.

(૩) તત્ત્વનિર્ણય કરવા તત્ત્વના ફળથી - કાર્યથી વિચારણા થાય. દા.ત. આત્મતત્ત્વમાં આત્માનું મોહવશ કાર્ય જન્મ - મરણ - ચારગતિમાં પરિભ્રમણ અને આહારસંજ્ઞાદિનાં કાર્ય - કારણ વગેરે. એમાં ઉદયકાળ થાય, ત્યારે દાનાદિ ધર્મની પ્રજ્ઞાથી થતા દાનાદિ કાર્ય આવે. યાવત્ અંતે સર્વ બંધનમાંથી મુક્તિરૂપ કાર્ય આવે.

પ્ર. - તો શું મુક્તિ - મોક્ષમાં હવે આત્માનું કશું કાર્ય નહિ ને ? ને જો હજી પણ કાર્ય હોય, તો મોક્ષ એ અંતિમ કાર્ય ક્યાં થયું ?

ઉ. - મોક્ષ સુધીનાં કાર્ય પુરુષાર્થ સાધ્ય કાર્ય છે. પછી મોક્ષમાં સહજ સ્વરૂપનાં કાર્ય છે. એ છે કેવળજ્ઞાન - કેવળદર્શનમાં સમયે સમયે પરિવર્તન.

પ્ર. - કેવળજ્ઞાન તો સર્વકાળના સર્વ દ્રવ્યોના સર્વભાવો (પર્યાયો)નું પ્રત્યક્ષ જ્ઞાન છે, હવે આમાં શું જાણવાનું બાકી છે, તે જાણવા કેવળજ્ઞાનમાં પરિવર્તન થાય ?

ઉ. - આમાં જરા ઝીણવટથી જોવાનું છે, **કેવળજ્ઞાન-દર્શનમાં પરિવર્તન બે રીતે છે.**

(૧) કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સાથે નથી હોતા, પણ ક્રમસર થાય છે. અલબત્ બંને સમસ્ત જ્ઞાનાવરણ - દર્શનાવરણના નાશનું કાર્ય છે,

તેથી એકસાથે થવા જોઈએ, પરંતુ જ્ઞાન એટલે વસ્તુનું વિશેષરૂપે જ્ઞાન અને દર્શન એટલે વસ્તુનું સામાન્યરૂપે જ્ઞાન. હવે વસ્તુસ્વભાવ એવો છે કે જ્યારે વસ્તુને વિશેષરૂપે જુઓ, ત્યારે સામાન્યરૂપે ન દેખાય, ને સામાન્યરૂપે દેખો, ત્યારે વિશેષસ્વરૂપે ન દેખાય.

વ્યવહારમાં જુઓ, દા.ત. જૈનોનું જમણ છે. ત્યાં ચોકિયાત બીજાઓને પેસતાં રોકે છે. એમાં કોઈ નવો ભાઈ આવ્યો, એને રોકવા જાય, ત્યાં કોઈ અંદરથી આવીને કહે છે, 'રોકો નહિ, આ તો જૈનભાઈ છે આમ કહીને 'બીજાઓ જુદા, પણ આ તો જૈનભાઈ' એમ બીજાઓથી જુદો પાડી વિશેષ બતાવ્યો. પરંતુ જો એમ કહે કે 'આવવા દો એમને, આપણા જેવા જૈનભાઈ છે.' તો એમાં જેમ પેઠેલા બીજા જૈન ભાઈઓ, એમ આ પણ જૈન ભાઈ. એ રીતે પેઠેલાની સમાનતાથી અર્થાત્ સામાન્યરૂપે જોયું. પહેલામાં નહિ પેઠેલા ને બહાર ઉભેલાથી જુદો પાડીને એટલે કે વિશેષરૂપે જોયું. હવે વસ્તુનો સ્વભાવ એવો છે, કે સામાન્યરૂપે જુઓ તો વિશેષરૂપે ન દેખાય, ને વિશેષરૂપે જુઓ તો સામાન્યરૂપે ન દેખાય. અર્થાત્ સામાન્યરૂપે જોવું એ દર્શન, અને વિશેષરૂપે જોવું એ જ્ઞાન. એ હિસાબે જ્ઞાન અને દર્શન બે એકસાથે ન થાય, પરંતુ ક્રમશઃ થાય. પહેલા દર્શન થાય, પછી જ્ઞાન થાય. પરંતુ કેવળજ્ઞાન-દર્શનમાં ઉલ્ટું છે, સમસ્ત જ્ઞાનાવરણ નષ્ટ થયે પહેલું કેવળજ્ઞાન થાય, પછીના સમયે કેવળદર્શન થાય, કિન્તુ બે સાથે ન થાય. શાસ્ત્ર વચન છે, - **'जुगवं दो नत्थि उवओगा।'**

બે ઉપયોગ યાને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ, બે એકસાથે ન થઈ શકે. આમાં વસ્તુસ્વભાવ જ કારણ છે. જોવાની વસ્તુમાં બંને ધર્મ છે, સામાન્ય અને વિશેષ. પરંતુ સામાન્યની દૃષ્ટિથી જુઓ, ત્યારે વિશેષની દૃષ્ટિથી ન દેખાય.

આમ મોક્ષમાં પહેલા સમયે કેવળજ્ઞાન, બીજા સમયે કેવળદર્શન, ત્રીજા સમયે કેવળજ્ઞાન ચોથા સમયે કેવળદર્શન, એમ ચાલ્યા કરે છે. આ સમયે સમયે થતા પરિવર્તનની દૃષ્ટિએ કહેવાય, કે મોક્ષમાં પણ આત્માનાં આ કેવળજ્ઞાન કેવળ-દર્શનરૂપી કાર્ય ચાલ્યા કરે છે.

(૨) કેવળજ્ઞાન-દર્શનમાં બીજી રીતે પરિવર્તન. આ પરિવર્તન એ રીતે છે, કે જો કે કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્ય-પર્યાયોનું જ્ઞાન છે, પરંતુ એ પ્રત્યક્ષ જ્ઞાન છે. એટલે જે સમયે વસ્તુ જેવી હોય તેવી જુએ, પરંતુ જો પછીના સમયે વસ્તુમાં પરિવર્તન થયું છે, તો એ સમયે એને પરિવર્તિત તરીકે જુએ. તો જ એ તે સમયનું સાચું પ્રત્યક્ષજ્ઞાન છે. દા.ત. અત્યારે આંગળી સીધી છે, તો સીધી તરીકે જુએ, પણ બીજી ક્ષણે વાંકી થઈ, તો ત્યાં એને વાંકીતરીકે દેખે, તો જ એ સાચું જ્ઞાન કહેવાય, ત્યાં જો પહેલી ક્ષણે જુએ કે 'આંગળી વાંકી છે' તો એ ખોટું જ્ઞાન છે. કેમકે એ ક્ષણે એ સીધી છે, વાંકી નહિ. અલબત્ કેવળજ્ઞાન એ સમસ્તકાળની વસ્તુનું જ્ઞાન છે, તેથી પહેલી ક્ષણે જુએ છે આંગળી અત્યારે સીધી છે, પરંતુ બીજી ક્ષણે વાંકી થનાર છે. એમ બીજી ક્ષણે આ અત્યારે વાંકી છે, પરંતુ પૂર્વ ક્ષણે સીધી હતી, એમ જુએ છે. આમ કેવળજ્ઞાનનું કામ આ, કે પ્રત્યેક સમયે વસ્તુ હોય તેવી જોવાનું. હવે વસ્તુમાં સમયે સમયે પર્યાય ફરે છે, પરિવર્તન પામે છે, દા.ત. વસ્તુમાં પ્રથમ સમયે પ્રથમ સમયસંબંધ છે, પ્રથમ સમયકાલીનતા છે, ને બીજા સમયે દ્વિતીયસમયસંબંધ છે, દ્વિતીય-સમયકાલીનતા છે. આ વસ્તુનાં સમયે સમયે પરિવર્તન પામતા પર્યાય છે. તેથી એને હુબહુ જોનાર કેવળજ્ઞાન પણ સમયે સમયે પરિવર્તનશીલ હોવું જ જોઈએ. તો જ એ વસ્તુને જે સમયે જેવી છે, તેવી જ જોનાર એટલે કે વસ્તુનું સાચું પ્રત્યક્ષ-

જ્ઞાન કહેવાય.

આ જ હિસાબે ઉપા. **માનવિજયજી** મહારાજે **ઋષભદેવ** પ્રભુના સ્તવનમાં ગાયું કે

''મુજ મનડું છે ચપલ સ્વભાવ
તો હી અંતર્મુહૂર્ત પ્રસ્તાવ;
તું તો સમય સમય બદલાયે
ઇમ કિમ પ્રીતિ-નિર્વાહો થાયે.''

અર્થાત્ પ્રભુ ! મારું મન આમ ચંચળ સ્વભાવનું છે. એટલે વારેવારે આમ તેમ ફરનારું છે, છતાં કોઇ વસ્તુપર ધ્યાન લાગી જાય, ત્યારે એમાં અંતર્મુહૂર્ત ચોંટી પડે છે. હવે તું તો પ્રભુ સમયે સમયે પરિવર્તિત કેવળજ્ઞાન-દર્શનથી બદલાતો છે, એટલે મારે તારાપર પ્રીતિનો નિર્વાહ શી રીતે કરવો ? હું પ્રેમથી તારાપર મન લગાડું, તે તારામાં અંતર્મુહૂર્ત સ્થિર રહે, પરંતુ તું તો આ સમયના બીજા જ સમયે બદલાઇ ગયો હોય છે. પછી પ્રેમથી તારી પૂંઠે શી રીતે પડાય ?

કવિનો પ્રભુને આ મીઠો ઠપકો છે, એટલે જ એનો ઉપસંહાર કરતા કહે છે, *'તે માટે તું સાહિબ મારો, હું સેવક ભવોભવ તારો.'*

વાત આ હતી, મોક્ષમાં પણ આત્માનાં સહજસ્વભાવના સમયે સમયે પરિવર્તન પામતા આ કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપી કાર્ય ચાલુ છે. આ રીતે આત્માના મોક્ષ પહેલાં કાર્યો અને મોક્ષ પછીનાં કાર્યો, એમ બે રીતે કાર્ય (ફળ) દૃષ્ટિથી આત્મતત્ત્વનો વિચાર કર્યો.

આમ હેતુ, સ્વરૂપ, ફળના દૃષ્ટિબિંદુથી આત્મતત્ત્વનો નિર્ણય થાય. એવી રીતે બીજા અજીવઆદિ તત્ત્વોનો નિર્ણય થાય, તે પણ સમ્યગ્ હેતુ આદિનો વિચાર કરીને, નહિ કે મિથ્યા હેતુ-સ્વરૂપવગેરેથી વિચારીને. ત્યારે જે તત્ત્વનિર્ણય થાય તે સૂક્ષ્મબોધ કહેવાય. નિર્ણય પણ સમ્યક્ રીતે કરવાનો, બુદ્ધિના ૮ ગુણનો ક્રમ સાચવીને કરે. કિન્તુ વિપરીત વિધિથી નહિ. આ અવિપરીત વિધિ આ, કે પહેલાં ગુરુનો વિનયાદિ સાચવીને ગુરુ પાસે તત્ત્વજિજ્ઞાસાથી શાસ્ત્રશ્રવણ કરે, એનું ગ્રહણ (સમજ) કરે, એનું હૃદયમાં ધારણ કરે, એના પર શાસ્ત્રપદાર્થનું સ્પષ્ટ જ્ઞાન થાય. એટલે પછી તત્ત્વનિર્ણય થાય. એની આ ગાથા છે,-

'जिज्ञासा श्रवणं चैव, ग्रहणं धारणं तथा।
ऊहापोहार्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥'

જિજ્ઞાસા વગેરે ક્રમસર પ્રગટતા આઠ બુદ્ધિ ગુણ છે. એ રીતે તત્ત્વજ્ઞાન-તત્ત્વનિર્ણય થાય, એ સમ્યક્ અવિપરીત વિધિથી થયો કહેવાય. એ સૂક્ષ્મબોધ કહેવાય. સૂક્ષ્મબોધ એટલે સૂક્ષ્મ વસ્તુનો બોધ નહિ, પરંતુ સૂક્ષ્મ રીતે અર્થાત્ નિપુણ બુદ્ધિથી કરાતો બોધ. માટે અહીં સૂક્ષ્મબોધનો અર્થ કર્યો નિપુણબોધ. તત્ત્વબોધમાટે નિપુણતા આ કે તત્ત્વનો હેતુ-સ્વરૂપ-ફળથી બોધ કરાય. સર્વજ્ઞના શાસન વિના બીજું કોઇ આ હેતુ-સ્વરૂપ-ફળનો યથાર્થ વિચાર આપી શકતું નથી. દા.ત. સંસારી આત્માના અર્થાત્ આત્માની સંસારી અવસ્થાના હેતુ-કારણ ક્યા ? તો ન્યાયદર્શનવાળા કહે છે, 'તત્ત્વનાં અજ્ઞાન-મિથ્યાજ્ઞાનથી સંસાર'. પરંતુ આ અધુરું કારણ છે. જ્યારે વાસ્તવમાં મિથ્યાજ્ઞાન-મિથ્યાત્વની સાથે અવિરતિ-કષાય-યોગ પણ કારણ છે. એટલે જ નૈયાયિક મુક્ત આત્માના હેતુનરીકે માત્ર તત્ત્વજ્ઞાન કહે છે. તત્ત્વજ્ઞાનથી મોક્ષ, એમ કહે છે, એ પણ અધુરું કારણ છે. સંસારના જેટલા કારણો છે, એ બધા હટાવાય તો જ મોક્ષ થાય. આ જિનશાસનમાંથી જાણવા મળે.

વળી આત્માના સ્વરૂપઅંગે પણ બીજા દર્શનો યથાર્થ સ્વરૂપ બતાવી શકતા નથી. પહેલું તો એ અનેકાંતવાદી નથી, તેથી એકાંત સ્વરૂપે બતાવે એ યુક્તિસંગત ન થાય. દા.ત. આત્માનું જ્ઞાનસ્વરૂપ

કેવું? તો કહે છે 'જ્ઞાનગુણ આત્મદ્રવ્યથી તદ્દન જૂદો છે, જુદી વ્યક્તિ છે. એનાથી આત્મદ્રવ્યમાં કશો ફરક ન પડે.' તો પ્રશ્ન થાય કે તો પછી જડદ્રવ્ય અને આત્મદ્રવ્યમાં દ્રવ્ય તરીકે શો ફરક પડ્યો ? જ્ઞાનગુણને આત્મદ્રવ્યથી ભિન્નાભિન્ન માનો તો જ ફરક સ્થાપી શકો. માટે જ જૈન-દર્શન આ કહે છે. *'ઔદયિકભાવ એ સંસાર, ક્ષાયિકભાવ એ મોક્ષ' આનો બોધ એ સૂક્ષ્મબોધ છે.*

આ સૂક્ષ્મ બોધ કેવી રીતે થાય ?

તો કે વેદ્યસંવેદ્યપદથી થાય. વેદ્યસંવેદ્યનું લક્ષણ આગળ બતાવવાના છે. અહીં એની સામાન્ય ઓળખ આ, -

'વેદ્ય' એટલે કે સર્વજ્ઞકથિત હેય-ઉપાદેય; એ જ્યાં સંવેદ્ય બને છે, જ્યાં હૃદયમાં એનું સંવેદન થાય છે, એ 'પદ' એટલે કે એ સ્થાન, એ દશા, એ કક્ષા વેદ્યસંવેદ્યપદ કહેવાય.

વેદ્યસંવેદ્યપદ પાંચમી દૃષ્ટિમાં આવે છે. એ આત્માની એક દશા છે. એમાં મુખ્ય વાત 'વેદ્ય'ની આવી. સર્વજ્ઞકથિત હેય અને ઉપાદેય એ જ વેદ્ય છે. જાણવા-સદ્દહવા યોગ્ય છે. આ સૂચવે છે કે ઊંચો માનવ અવતાર પામ્યા છો, તો પહેલાં આ સમજી લો કે આત્માને માટે હેય-ત્યાજ્ય શું શું ? અને ઉપાદેય આદરણીય શું શું ? આ જો સમજવાનું ન રાખ્યું હોય, તો જીવન પશુના જેવું બને છે. બીજું જ્ઞાન ગમે તેટલું મેળવ્યું, પરંતુ જો હેય અને ઉપાદેય, હિત અને અહિત જાણ્યા નહિ તો અજ્ઞાન-મૂઢ દશા છે.

દશવૈકાલિક સૂત્ર કહે છે, *'અન્નાણી કિં કાહી? કિંવા નાહીહિ છેય પાવગં ?'* પુણ્ય-પાપ, હિતાહિત, હેય-ઉપાદેયના જ્ઞાન વિનાનો અજ્ઞાની છે. એ પોતાના આત્માનું શું ભલું કરી શકવાનો ? કેમકે હેય-ઉપાદેયના જ્ઞાનપર જ જીવનમાંથી બદીઓ ઓછી થાય, અને સારાં તત્ત્વો સુકૃતો જીવનમાં દાખલ થાય; તો જ આત્માનું ભલું થાય.

એટલે જ જૈનશાસ્ત્રોમાંથી 'વેદ્ય' હેય-ઉપાદેય જાણી લીધા, એટલાથી પતતું નથી. કેમકે જાણી તો લીધું, પરંતુ એની અસર ન લેવાની હોય, ને જીવનમાં થોડા ઘણા અંશે પણ ઉતારવાનું ન હોય, તો જાણેલું શું કામનું ? ઈતરધર્મી પંડિત જેવું થાય. જૈનશાસ્ત્રોમાંથી જાણી લીધું, પણ પંડિતાઈ પૂરતું, અસર કશી નહિ.

શેઠના ઘરમાં ચોર આવ્યા, શેઠાણી જાગીને શેઠને ભરઊંઘમાંથી જગાડી કહે છે, 'આ ચોર આવ્યા છે' શેઠને મીઠી મીઠી ઊંઘ બગાડવી નહોતી, તેથી કહે 'જાણું છું', પેલી કહે 'પણ આ કબાટમાં થી દાગીના રૂપિયા કાઢ્યા' તો ય શેઠ કહે 'ખબર છે', પેલી કહે 'આ પોટલું ઊંચકી ચાલવા માંડ્યા' શેઠ ગુસ્સે થઇ કહે 'જાણું છું.' આ શેઠનું જાણેલું શું કામનું ? સવારે પોક મૂકવાનો અવસર આવે. એમ અહીં હેય-ઉપાદેય જાણી મૂક્યા પણ અસર કશી લીધી નહિ, તો અંતે પોક જ મૂકવાનો અવસર આવે. **અંતે સમાધિ કોણ આપે છે ? જીવનમાં સારું કર્યું હોય, જીવન સારું ધાર્મિક જીવ્યા હોય, એ અંતકાળે સમાધિ આપી શકે.**

એટલે જ અહીં વેદ્યનું અંતરમાં સંવેદન કરવાનું છે, અસર લેવાની છે. **હેયને જાણ્યા પછી હેય પ્રત્યે તિરસ્કાર-ભય-બળતરા રહે. ઉપાદેયને જાણ્યા પછી એનું ભારે આકર્ષણ-અભિલાષા ઝગમગે.** આવી અસરવાળું વેદન (બોધ) એ સંવેદન કહેવાય. પોતાને જો આવી અસર હાડોહાડ લાગી હોય, તો પત્નીને-સંતાનને વારંવાર શું કહે? હેયની ઓળખ, ઉપાદેયની ઓળખ, એના ભેદ-પ્રભેદોની ઓળખ, આ જ મુખ્યપણે એમના કાનમાં નાખ્યા કરે ને ? પરંતુ સંસારના સ્વાર્થીઓને પોતાને જ આ હેયોપાદેયના જ્ઞાનની અસર નથી. એટલે એના બદલે પોતાના સંસારના માનેલા હેય-

ઉપાદેય જ શીખવવાના. સરવાળે એ આશ્રિતોની કેવી દશા ? વેદ્યનું સંવેદન એટલે અસરવાળું-પરિણતિવાળું વેદ્યનું જ્ઞાન. એવા સ્થાને ચડ્યો હોય એને સૂક્ષ્મબોધ હોય. બોધની સૂક્ષ્મતા શાના ઉપર કહેવાય છે તે હવે - ૬૬મી ગાથામાં કહે છે.

બોધ સૂક્ષ્મ કયા નિમિત્તે ?

इहैव विशेषत: प्रवृत्तिनिमित्तमाह-

भवाम्भोधिसमुत्तारात्कर्मवज्रविभेदत: ।
ज्ञेयव्याप्तेश्च कात्स्न्र्येन, सूक्ष्मत्वं नायमत्र तु ॥६६॥

भवाम्भोधिसमुत्तारात्-भवसमुद्रसमुत्तारणाल्लोकोत्तरप्रवृत्तिहेतुतया तथा **कर्मवज्रविभेदत:**-कर्मवज्रविभेदेन, विभेदस्त्वपुनर्ग्रहणत:, **ज्ञेयव्याप्तेश्च कात्स्न्र्येना**ऽनन्तधर्मात्मकतत्त्वप्रतिपत्त्या, **सूक्ष्मत्वं**-निपुणत्वं बोधस्य, **नायमत्र तु**-नायं सूक्ष्मो बोध: **अत्र**-दीप्रायां दृष्टौ, अधस्त्यासु च, तत्त्वतो ग्रन्थिभेदाऽसिद्धेरिति ॥६६॥

ટીકાર્થ : અહીં જ 'સૂક્ષ્મ' શબ્દ કેમ પ્રવર્તે છે એનું વિશેષનિમિત્ત કહે છે.

ગાથાર્થ : ભવસમુદ્રથી પાર ઉતારનાર હોવાથી, કર્મવજ્રને ભેદનાર હોવાથી અને જ્ઞેયમાત્ર પર સમગ્રપણે વ્યાપેલ હોવાથી (બોધમાં) સૂક્ષ્મતા છે. કિન્તુ આ (સૂક્ષ્મબોધ) અહીં (૪થી દૃષ્ટિમાં) નથી હોતો.

ટીકાર્થ : 'ભવામ્ભોધિ.' ભવસમુદ્રથી પાર ઉતારનાર હોવાથી, કેમકે (આ સૂક્ષ્મબોધ) લોકોત્તર પ્રવૃત્તિનું કારણ છે, તથા 'કર્મવજ્ર.' કર્મરૂપી વજ્રને ભેદી નાખનાર હોવાથી, કારણ કે વિભેદ એ ફરીથી કર્મનું ન ગ્રહણ કરવારૂપે છે, જ્ઞેયમાત્રઉપર વ્યાપી જનાર હોવાથી, કેમકે સમગ્રતાએ અનંતધર્માત્મક તત્ત્વનો સ્વીકાર કર્યો છે, બોધનું સૂક્ષ્મત્વ એટલે નિપુણતા. આ સૂક્ષ્મબોધ અહીં દીપ્રાદૃષ્ટિમાં નથી હોતો, કેમકે પહેલી ચાર દૃષ્ટિમાં ગ્રન્થિભેદ સિદ્ધ નથી.

વિવેચન : હવે સૂક્ષ્મબોધ એટલે કે નિપુણ બોધ તરીકે અર્થાત્ નિપુણતાએ કરેલા બોધ તરીકે ઓળખાવામાં ૩ નિમિત્ત બતાવે છે, -

બોધની સૂક્ષ્મતાનાં ત્રણ નિમિત્ત

(૧) ભવસમુદ્ર પાર કરાવનાર,

(૨) કર્મવજ્રનું ભેદન કરનાર, ને

(૩) જ્ઞેયમાત્રપર વ્યાપી જનાર.

બોધ સૂક્ષ્મતાથી અર્થાત્ નિપુણતાથી કર્યો એટલા માટે કહેવાય છે, કે આ બોધમાં આ ત્રણ વિશેષતા છે.

સૂક્ષ્મબોધની ૧લી વિશેષતા. એ ભવોદધિ ઉદ્ધારક છે.

જે બોધથી મોટો ભવસમુદ્ર પાર ઉતરાય, એ નિપુણબોધ કહેવાય એ સહજ છે. એમ તો જીવે અનંતીવાર ચારિત્ર લીધા, એમાં તત્ત્વબોધ પણ મેળવ્યા હોય, છતાં એણે જીવનો ભવમાંથી ઉદ્ધાર ન કર્યો, એ આજના આપણા ભવવાસ પરથી દેખાય છે. એટલે માનવું પડે કે એ બધા બોધ સૂક્ષ્મતાથી-નિપુણતાથી નહિ કરેલા. એ બોધમાં નિપુણતા નહોતી.

પ્ર. - કઠોર ચારિત્ર પાળ્યા યા મહાજોગી તાપસ થઈ કઠોર તપ તપ્યા, ત્યાં શું અટક્યું કે ભવનો અંત ન થયો ?

ઉ. - એ કષ્ટમય પણ બધી પ્રવૃત્તિ લૌકિક પ્રવૃત્તિ હતી, લૌકિક ધર્મ હતો, લોકોત્તર પ્રવૃત્તિ નહિ, લોકોત્તરધર્મ નહિ. સૂક્ષ્મબોધ હોત તો લોકોત્તર પ્રવૃત્તિ થાત; કેમકે લોકોત્તર પ્રવૃત્તિમાં કારણભૂત સ્થૂલબોધ નહિ, પણ સૂક્ષ્મબોધ છે.

ખૂબી કેવી ? આમ જોવા જઈએ, તો દ્રવ્ય-ચારિત્ર એ જિનશાસનના ઘરનું ચારિત્ર છે, લોકમાન્ય ચારિત્ર નહિ. છતાં જીવે એ લઈને લૌકિક જ પ્રવૃત્તિ કરી, લોકોત્તર પ્રવૃત્તિ નહિ. કેમકે આશય ખોટો હતો. એ તો જેમ સંસારી જીવ ધનકમાઈ

અર્થે અનેક કષ્ટો સહન કરે, એમ અહીં દુન્યવી સુખ લેવા અર્થે ચારિત્રનાં કષ્ટ ઉપાડ્યા.

લૌકિકઆશયથી પ્રવૃત્તિ કરી, એ લૌકિક જ પ્રવૃત્તિ કહેવાય. લોકોત્તર આશયથી પ્રવૃત્તિ કરે, તો જ એ લોકોત્તર પ્રવૃત્તિ કહેવાય.

લોકોત્તર આશય કોને કહેવાય, એ પણ સમજી લેવા જેવું છે. લોકોત્તર આશયમાટે માત્ર મોક્ષનો આશય હોય એટલેથી બસ નથી, કિન્તુ સર્વજ્ઞનાં શાસને જેને મોક્ષ કહ્યો છે, અને જે સાધનોથી એ મોક્ષ થવાનું કહ્યું છે, એ પ્રાપ્ત કરવાનો આશય એ લોકોત્તર પ્રવૃત્તિ છે.

એટલે જ દ્રવ્યચારિત્ર હોવા છતાં, મોક્ષનો એવો આશય નહિ, માટે એ લૌકિકપ્રવૃત્તિ બની રહી.

ત્યારે સંસારવાસ છોડી તાપસ બની જંગલમાં જઈ કષ્ટમય તપ તપ્યા, એમાં ભલે મોક્ષનો આશય રાખ્યો, પરંતુ ત્યાં સર્વજ્ઞે કહેલા સ્વરૂપવાળા મોક્ષનો આશયે ય નથી, ને સર્વજ્ઞ કથિત મોક્ષસાધનાની પ્રવૃત્તિ પણ નથી. તેથી એ મહા-કષ્ટમય તપની પણ સાધના લૌકિકપ્રવૃત્તિ છે. એનાથી ભવપાર ન કરી શકાય.

લોકોત્તર પ્રવૃત્તિથી જ ભવપાર કરી શકાય.

એટલા માટે તો તામલિતાપસ જેવો કે જેણે એક માત્ર મોક્ષના આશયથી ૬૦૦૦૦ હજાર વર્ષ છઠ્ઠ અને પારણે ૨૧ વાર ધોયેલા ભાતમાત્રનો તપ કર્યો, એની ય એ પ્રવૃત્તિ લોકોત્તર પ્રવૃત્તિ નહિ. ત્યારે પૂછો, -

પ્ર. - મોક્ષના આશયથી મોહમાયાનો ત્યાગ અને એટલી બધી કષ્ટમય તપસાધના લોકોત્તર પ્રવૃત્તિ કેમ નહિ ?

ઉ. - કારણ કે એમાં સર્વજ્ઞકથિત મોક્ષનો આશય નહોતો, તેમજ સર્વજ્ઞકથિત વિરતિમાર્ગની આરાધના નહોતી. એ વિરતિમાર્ગની આરાધનામાં તો પહેલું 'કરેમિ ભંતે સામાઈયં, સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' એ પચ્ચક્ખાણ કરવું પડે. યા એનો ભાવ લાવવો પડે. જેમકે **મરુદેવામાતા, ભરતચક્રવર્તી, પૃથ્વીચંદ્ર, ગુણસાગર** વગેરે એની ભાવનામાં ચડ્યા, ત્યારે એ પચ્ચક્ખાણનો ભાવ આત્મામાં લાવ્યા, તો એમને એ લોકોત્તર પ્રવૃત્તિ બની. તેઓ કેવળજ્ઞાન પામ્યા.

બીજી વાત એ, કે વિરતિમાર્ગની આરાધના માં તો ષટ્કાયજીવની સૂક્ષ્મઅહિંસાનું પાલન જોઈએ. એ તામલિમાં નહોતું. કાચા પાણીનો એ ઉપયોગ કરતો હશે, ભિક્ષામાં ભાત લઈ આવે પરંતુ એ નહિ જોતો હોય કે એ ભાત પોતાનામાટે તો નથી બનાવ્યા ને ? એટલે પોતાનામાટે બનાવેલું પોતે લે-વાપરે, તો ત્યાં સૂક્ષ્મઅહિંસાનું પાલન ન રહ્યું. તામલિ તાપસ બાજુના ગામમાં નિયમિત છઠ્ઠના પારણે ભિક્ષાર્થે જાય, તો સંભવ છે એમાં કોઇ ભક્ત બનેલ ગૃહસ્થ પારણાદિન જાણીને તાપસ માટે સારા ભાત બનાવે. તાપસપાસે જૈન-વિરતિ માર્ગ નથી, તો આ સૂક્ષ્મઅહિંસાની સમજ નથી, તેમ એ પણ સમજ નથી કે કદાચ તાપસ માટે ન બનાવ્યું હોય, પરંતુ ગૃહસ્થ એ ભિક્ષામાં આપી દીધા પછી પોતાના ખાવામાટે નવું બનાવે, તો ત્યાં પણ પૂર્વે લીધેલી ભિક્ષામાં પશ્ચાત્કર્મનો દોષ લાગ્યો. તાપસમાં આ વિચારવા ની અને એ દોષવાળી ભિક્ષા ટાળવાની ક્યાં સમજ જ હતી ? એ તો ક્યાંય એટલું જોતો હશે કે ભગતે ભાવથી ભિક્ષા આપી તો એ લેવા યોગ્ય. ભાવ વિના આપે તો એ લેવાય નહિ. આમાં પછી આધાકર્મ પશ્ચાત્કર્મ વગેરે દોષ જોવાની સમજ ક્યાં હોય ?

તાત્પર્ય જંગલવાસ છતાં સર્વજ્ઞકથિત ષટ્કાય જીવરક્ષામય વિરતિમાર્ગ-ચારિત્રમાર્ગની સાધના નહિ, તેથી તામલિનાં તપવગેરે લોકોત્તર પ્રવૃત્તિ નહિ. પ્રશ્ન થાય,

પ્ર. - તો શું તામલિની એટલી બધી તપસ્યા ધર્મ જ નહિ ?

ઉ. - ધર્મ ખરો, પરંતુ લૌકિકધર્મ, કેમકે વૈરાગ્ય, ભવનિર્વેદના પાયાપર ઊભો હતો. એટલે જ 'જયવીયરાય' સૂત્રમાં પહેલી છ માગણીને લૌકિકધર્મતરીકે ગણી. એમાં પહેલો ભવનિર્વેદ મૂક્યો. વૈરાગ્ય તો બધે જ પહેલો જરૂરી. દાન દો, પણ વૈરાગ્યપૂર્વક, તો લેખે. તપ તપો પણ વૈરાગ્યપૂર્વક, તો તપ લેખે. આ વૈરાગ્ય કેવો ? તો કે 'સુરનર સુખ જિહાં, દુઃખ કરી લેખવે' એવો વૈરાગ્ય. તામલિમાં એ હતો. માટે દેવીઓ નિયાણું કરાવવા આવી, તો અંતરથી તુચ્છકારી કાઢી. 'આવડો મોટો તપ તારા તુચ્છ અને નાશવંત સુખમાં વેંચી નાખવા કર્યો છે ? એ તો મોક્ષના અનંત અવિનાશી સુખ લેવા કર્યો છે. તું શું લલચાવે ?' જોવાનું આ છે, તામલિનો એવા પ્રબળ વૈરાગ્ય-વાળો પ્રખર તપ પણ લૌકિકધર્મ હતો, લોકોત્તર ધર્મ નહિ, તો લોકોત્તર ધર્મમાટે વિશેષ શું જોઇએ ? સૂક્ષ્મબોધ, યથાર્થ હેતુ-સ્વરૂપ-ફળના વિચાર પર કરેલ તત્ત્વનિર્ણય. પૂછો, -

પ્ર. - આ તત્ત્વનિર્ણય હોય, પછી વૈરાગ્ય ન હોય તો ચાલે કે નહિ ?

ઉ. - ન ચાલે. વૈરાગ્ય ન હોય, તો એ તત્ત્વનિર્ણય જ નથી. **તત્ત્વનિર્ણય એનું નામ, કે જ્યાં તત્ત્વ અંતરમાં પરિણામ પામેલ હોય. દા.ત. હેયતત્ત્વ હિંસાદિ કે ક્રોધાદિનું નામ પડતાં અરુચિ થાય.** આમ જો તત્ત્વો અંતરમાં પરિણત નથી થયા, તો એનો અર્થ એ, કે કોઇએ ગોખાવ્યું કે હિંસાદિ-ક્રોધાદિ એ હેયતત્ત્વ છે, તો એ ગોખી લીધું, એટલું જ, અંતરમાં અડ્યું નહિ. ફકીરે પોપટને પઢાવ્યું 'બિલ્લી આવે તો ભગ જાના' તો પોપટે એ રટ્યું એટલું જ, પણ અંતરમાં બિલ્લીનો કશો ફફડાટ નહિ. આને બિલ્લીનો નિર્ણય ન કહેવાય. એવું અહીં તત્ત્વનો નિર્ણય પણ તત્ત્વ-પરિણામ પામે તો નિર્ણય થયો કહેવાય.

જ્ઞેયમાત્રપર વ્યાપી જનાર :-

આવા તત્ત્વનિર્ણયમાં સ્પષ્ટ જણાય છે કે મિથ્યાદર્શનો વસ્તુને એક અંશે જોનારા છે, કેમકે એ એકાંતવાદી છે, તેથી એ વસ્તુને સર્વાંશે યાને સમગ્રપણે જોઇ શકતા ન હોવાથી, એમનો બોધ સમગ્ર જ્ઞેયપર ન વ્યાપ્યો, બોધની સમગ્ર જ્ઞેયપર વ્યાપ્તિ ન થઇ - વ્યાપવાપણું ન થયું. દા.ત. બૌદ્ધમત આત્માને એકાંતે ક્ષણિક માને છે, ત્યારે વાસ્તવમાં આત્મા નિત્ય પણ છે. એકાંતે ક્ષણિક એટલે કે ઉત્પન્ન થતાં જ બીજી ક્ષણમાં નષ્ટ હોય, તો એ બીજી ક્ષણે ઉત્પન્ન થતા નવા આત્માનું ઉપાદાન શું ? કપડાનું ઉપાદાન તાંતણા, એ જો બળી નષ્ટ થયા, તો પછી કપડું શાનાપર ઊભું થાય? અગર જો કહો, કે પૂર્વક્ષણે ઊભેલા એ ઉપાદાન બને છે, તો સવાલ એ થાય, કે અનેક આત્મા પૂર્વક્ષણે હતા, તે નષ્ટ થયા. હવે બીજી ક્ષણે ઉત્પન્ન થયેલા અનેક નવા આત્માઓ અને પૂર્વક્ષણના અનેક આત્માઓમાં કોને કોનું ઉપાદાન કહેવું ? વચમાં કોઇ સાંકળ તો છે નહિ. ત્યારે એ પણ સવાલ છે કે આત્મા ક્ષણિક છે, એવું જોનાર આત્મા પણ ક્ષણિક હોવાથી એજ ક્ષણમાં પોતાનો જન્મ, એ જ ક્ષણમાં આંખ-ઈન્દ્રિય લગાડવી, અને એજ ક્ષણમાં ક્ષણિક આત્માનું જ્ઞાન થવું. આ બધું એક જ ક્ષણમાં કેવી રીતે બની શકે ? ઈન્દ્રિય-મનનો પ્રયોગ એ કારણ છે. ક્ષણિકતાનું જ્ઞાન કાર્ય છે. કારણે તો કાર્યની પૂર્વક્ષણે હાજર થવું પડે. જો ત્યાં હાજર રહી ઈન્દ્રિયપ્રયોગ કરે છે, ને બીજી ક્ષણે જ્ઞાન કરે છે, તો એ ક્ષણિક ન રહ્યો.

તાત્પર્ય આત્મા ક્ષણિક છે, એમ નિત્ય પણ છે, પર્યાયથી અનિત્ય (ક્ષણિક) અને દ્રવ્યથી નિત્ય, એમ અનેકાંતતાથી માનવું જ પડે. આમ

જ્ઞેયવસ્તુમાત્રના નિત્ય-અનિત્યઅંશ, સત્-અસત્ અંશવગેરેને માન્ય કરાય, તો જ જ્ઞાનથી વસ્તુને સમગ્રપણે જાણી કહેવાય. જ્ઞાન સમગ્ર વસ્તુપર વ્યાપ્યું એટલે કે જ્ઞાનની સમગ્રજ્ઞેયપર વ્યાપ્તિ થઇ. એક અંશ જ માનનારના જ્ઞાનની સમગ્ર જ્ઞેયપર વ્યાપ્તિ ન થઈ.

વસ્તુમાત્ર અનંતધર્માત્મક છે. આ કેવી રીતે? એ સમજવામાટે એ જુઓ, કે જગતની એકેક વસ્તુ જગતની અનંત વસ્તુઓમાંથી પ્રત્યેક વસ્તુથી ભિન્ન ભિન્ન છે. આ હિસાબે પ્રસ્તુત કોઇ એક વસ્તુમાં જગતની પ્રત્યેકવસ્તુથી ભિન્નતા આવી. આ ભિન્નતાઓ કેટલી ? તો કહેવું પડે, કે અનંત વસ્તુઓના હિસાબે અનંતી ભિન્નતાઓ આવી, ને વસ્તુમાં આ તત્તદ્ભિન્નતા એ વસ્તુનો ધર્મ છે, તો જ વસ્તુ ભિન્નતાવાળી કહેવાય.

પ્ર. - ઠીક છે ભિન્નતા વસ્તુનો ધર્મ બની, પણ વસ્તુ તદાત્મક - તદ્ધર્માત્મક ક્યાં બની ? જો એ નહિ, તો વસ્તુ અનંતધર્મવાળી હો, પણ અનંતધર્માત્મક કેમ કહેવાય ?

ઉ. - વસ્તુસાથે વસ્તુના ધર્મનો કોઇક સંબંધ તો જોઇએ ને ? તો જ ધર્મ વસ્તુનો ગણાય. હવે આ સંબંધઅંગે ઇતર દર્શનો ભૂલા પડે છે. કોઇક ભેદસંબંધ દા.ત. સંયોગ-સમવાય વગેરે માને છે, ત્યારે બીજાઓ અભેદ(તાદાત્મ્ય) સંબંધ માને છે, ને એમાં સામસામા તર્કથી એક બીજાના મતનું ખંડન કરે છે, એથી જ બંને એકાન્ત મત અને એકાન્ત ભેદ તથા એકાન્ત અભેદ ખોટા ઠરે છે. ત્યારે જૈનદર્શન ભેદાભેદ સંબંધ માને છે, એ સાચો સંબંધ છે. એ સંબંધથી ધર્મ એ ધર્મી વસ્તુથી ભિન્ન પણ છે, અને અભિન્ન પણ છે.

આમ વસ્તુ જ્યારે અનંતધર્માત્મક સિદ્ધ થાય છે, ત્યારે એ માનનારનું જ્ઞાન અનંત ભિન્નતા ધર્મપર અને જેના જેનાથી એ ભિન્નતા છે, એના પર પહોંચ્યું. અલબત્ આ વિશેષરૂપે અર્થાત્ તત્ તદ્ વ્યક્તિરૂપે જ્ઞાન નહિ, પરંતુ સામાન્યરૂપે અર્થાત્ વસ્તુસામાન્યરૂપે શ્રદ્ધાત્મક જ્ઞાન થયું. આમ સૂક્ષ્મબોધ જ્ઞેયમાત્રપર વ્યાપ્યું. સર્વજ્ઞવચનની શ્રદ્ધાથી આ બને છે. બીજી રીતે જોઇએ, તો સર્વજ્ઞના શાસનમાં સકલ વિશ્વનું જે જ્ઞાન મળે, તે અલ્પજ્ઞાનીના દર્શનમાંથી ન મળે. આ હિસાબે પણ સૂક્ષ્મબોધ એ વિશ્વના સમગ્ર જ્ઞેયપદાર્થપર વ્યાપીને રહેલું છે. ત્યારે પ્રશ્ન થાય, -

પ્ર. - તો શું સૂક્ષ્મબોધવાળો સર્વજ્ઞ બની ગયો હોય છે ?

ઉ. - અલબત્ સર્વજ્ઞ વિશ્વને વિશેષરૂપે જુએ છે, જાણે છે, એવું આ સૂક્ષ્મબોધવાળો નથી જાણતો, પરંતુ સામાન્યરૂપે એ જરૂર સમગ્રવિશ્વને જાણે છે. કેમકે એની સર્વજ્ઞ ભગવાનપર ને સર્વજ્ઞનાં વચનપર સર્વેસર્વા શ્રદ્ધા છે, એટલે સર્વજ્ઞવચને કહેલા વિશ્વના સમગ્ર જ્ઞેયની એને શ્રદ્ધા છે. આમ શ્રદ્ધાત્મકબોધ સમસ્તજ્ઞેયને આવરી લે છે, સમસ્ત જ્ઞેયપર વ્યાપેલું હોય છે. જેને સર્વજ્ઞ નથી મળ્યા એટલે એમનાં વચન અને સૂક્ષ્મબોધ નથી મળ્યા, એ બિચારાને આવી શ્રદ્ધા ક્યાંથી હોય ?

કર્મવજ્રનું ભેદન કરનાર

(૨) ચોથી દીપ્રા યોગદૃષ્ટિ સુધી આ શ્રદ્ધા-આ સૂક્ષ્મબોધ નથી થતો, એનું કારણ એ છે કે યોગની પહેલી ચાર દૃષ્ટિમાં 'ગ્રંથિભેદ' થયો નથી હોતો . 'ગ્રંથિભેદ'ની સમજ પૂર્વે આપેલી છે, તે રાગદ્વેષની વાંસની ગાંઠ જેવી નિબિડ ગાંઠરૂપ હોય છે, જે સર્વજ્ઞ-વચનની શ્રદ્ધા જ ન થવા દે. એવી અતિ દુર્ભેદ્ય ગાંઠને ચરમ યથાપ્રવૃત્તિકરણ પછી તીવ્ર વીર્યોલ્લાસથી અપૂર્વકરણના શુભ અધ્યવસાય કરવામાં આવે તો ભેદી શકાય છે. પહેલી ચાર દૃષ્ટિમાં રહેલામાં એવું અપૂર્વકરણ કરવાનું સામર્થ્ય નથી હોતું. એટલે ગ્રન્થિભેદ થયા વિના સૂક્ષ્મબોધ

ક્યાંથી થાય ? સવાલ થાય કે, -

પ્ર. - આપણામાં ગ્રંથિભેદ થયાની શી ખબર પડે ?

ઉ. - આપણી પ્રવૃત્તિ જોવાથી ખબર પડે. જો ગ્રંથિભેદ થયો હોય, તો સૂક્ષ્મબોધ આવે અને એમાંથી લોકોત્તર ધર્મના ભાવ થઈ લોકોત્તર ધર્મની પ્રવૃત્તિ થાય. અલબત્ આ પ્રવૃત્તિ માનપાન, પૈસા ટકા - વિષયસુખવગેરેની મલિન આશંસા - અપેક્ષાથી રહિત જોઈએ. આમાં સમજવાનું છે કે,

પ્ર. - **લોકોત્તર ધર્મના ભાવ એટલે ?**

ઉ. - સૂક્ષ્મબોધ અર્થાત્ સર્વજ્ઞવચનને અનુસારે હેય અને ઉપાદેયનો વિવેક જાગીને એ હેયના ત્યાગ અને એ ઉપાદેયના આદરની પ્રવૃત્તિના ભાવ એ લોકોત્તરધર્મના ભાવ છે. આ ભાવ ખરેખર જાગે, આની અભિલાષા હાર્દિક જાગે, તો પછી શક્તિ - સંયોગની અનુકૂળતામાં લોકોત્તર ધર્મની પ્રવૃત્તિ થવી દૂર નથી. એટલે **જ જીવનમાં ખરેખર કરવા જેવા હોય, તો આ લોકોત્તર ધર્મના ભાવ કરવા જેવા છે.**

જો આ જીવનમાં સર્વજ્ઞનું શાસન મળ્યાની કિંમત સમજાય, તો જીવનમાં આ લોકોત્તર ધર્મના શુભભાવ સિવાય બીજા હાલતુ-ફાલતુ કે કચરાપટ્ટી વિષયોના ભાવ હૈયામાં ઘાલવાનું મન ન થાય. સમજીએ તો જિનશાસનસાથેના માનવભવમાં શુભ લોકોત્તરભાવની મોનોપોલી (સર્વેસર્વા હક) મળેલ છે.

એટલે જ આ જનમમાં આત્મામાં શુભ લોકોત્તરભાવ ઠસોઠસ ભરી શકાય. આ લૌકિક શુભભાવ તો પૂર્વે અનેક જન્મોમાં કર્યા. પણ એથી વીતરાગદેવાધિદેવ અને જૈનશાસનનો રંગ ન ચડ્યો. એટલે હવે દશા ફેરવવાની. આ જીવન તો પ્રાયોગિક જીવન છે, એમાં લોકોત્તરશુભભાવના વારંવાર પ્રયોગો થઈ શકે. **શુભભાવોના એટલે કે જિન-ભક્તિના, સાધુસેવાના, ૫૭ પ્રકારના સંવર-માર્ગોના, ૧૨ પ્રકારની નિર્જરા યાને બાહ્ય-આભ્યન્તર તપના, એની અંતર્ગત ક્ષમાદિ ૧૦ ધર્મના, શુભભાવોના પ્રયોગ કર્યે રખાય. દા.ત. મહાવીર ભગવાનની સંગમાદિ દુષ્ટો પ્રત્યે ક્ષમા અને કરુણાનો ભાવ, ગજસુકુમાળ મુનિની સમતાનો ભાવ, ખંધકમુનિનો દેહના ભેદજ્ઞાનનો ભાવ, ખંધક સૂરિના ૫૦૦ મુનિઓનો યંત્રમાં પીલનારપ્રત્યે ઉપકારી તરીકેનો ભાવ, ધરણ શાહ પોરવાલનો ધન-મમતા મૂકી જિનભક્તિભાવ, મગધસમ્રાટ શ્રેણિકનો દીક્ષાપ્રત્યે ભારે પક્ષપાતનો ભાવ, શાલિભદ્રનો મહાવૈરાગ્યભાવ વગેરે. લોકોત્તર શુભભાવોનો સર્વાંશે નહિ તો અંશે પણ જીવનમાં પ્રયોગો કરતા રહેવાય.** તો કહેશો -

પ્ર. - આવા ઉચ્ચ લોકોત્તરભાવ આવે ક્યાંથી ? સહેલા પડ્યા છે ?

ઉ. - હા, સહેલા પડ્યા છે, જે એની સામેના પાપભાવોને - એના પરિણામને બરાબર નજર સામે રાખ્યા કરે. એનામાટે નજર સામે આ તરવરે, ક્ષમા મૂકી ક્રોધના ભાવમાં **અગ્નિશર્મા** ચડ્યો, તો લાખો પૂર્વોના માસખમણ ફેઈલ (નિષ્ફળ) કર્યા! **વિશ્વભૂતિ** મુનિ (મહાવીર પ્રભુનો ૧૬ ભવે જીવ) સમતા મૂકી બળની મમતામાં પડ્યો, તો નિયાણું કરી ૧૦૦૦ વર્ષનાં તપ વેંચી નાખી ૧૮મા ભવે વાસુદેવ થઈ ૭ મી નરકમાં ગયો. **મમ્મણ** શેઠ ધનની મમતામાં પડી ૭મીએ સીધાવ્યો. એ જ ૫૦૦ શિષ્યોના ગુરુ **ખંધકસૂરિ** યંત્રમાં પીલતા પાલકને હવે ઉપકારી નહિ, પણ શત્રુતરીકે જોતા થયા, તો મોક્ષે જતા અટકી પડ્યા. **બ્રહ્મદત્ત** ચક્રવર્તીને પૂર્વભવના ભાઈમુનિએ ઘણોય પ્રતિબોધ આપ્યો, છતાં એ વૈરાગ્યને બદલે રાગ-ભાવમાં ચિટકી રહ્યા, તો ૭મી નરકે ઊતરી ગયા.

ધન-માલ-પરિવાર-કાયા-સત્તા-અહંત્વ

વગેરે વગેરે શું આપે છે ? નકરા આર્તધ્યાન. એ બધાપ્રત્યેનો વૈરાગ્ય-સમતા-ક્ષમા આદિના લોકોત્તર શુભભાવ જો નથી કરતો તો, એ પદાર્થો જીવને શું આપે છે? તિર્યંચગતિદાયી નકરા આર્તધ્યાન ! અને આગળ વધીને ઉગ્ર રાગદ્વેષના સંક્લેશ અને નરકદાયી રૌદ્રધ્યાન ! તો એમાં શું રાચવું હતું ? ટુંકાશા જીવનમાં અંતે અવશ્ય છૂટી જનારા એ પદાર્થો ખાતર દીર્ઘાતિદીર્ઘ કાળ આત્મા સાથે ચાલે એવા મહાખરાબ અશુભભાવો કરવા? સૂક્ષ્મબોધ નિપુણબોધ જ્ઞેયમાત્રપર વ્યાપી જઈ આ લોકોત્તર ભાવોને અને લોકોત્તર ધર્મ પ્રવૃત્તિને વિકસાવે છે.

૪થીમાં બોધ છાયાભાસ તુલ્ય.

તદાહ-

અવેદ્યસંવેદ્યપદં, યસ્માદાસુ તથોલ્બણમ્ ।
પક્ષિચ્છાયાજલચર-પ્રવૃત્ત્યાભમત: પરમ્ ॥૬૭॥

અવેદ્યસંવેદ્યપદં-વક્ષ્યમાણલક્ષણં, **યસ્માદાસુ**-મિત્રાદ્યાસુ ચતસૃષુ દૃષ્ટિષુ, **તથોલ્બણં**-તેન નિવૃત્ત્યાદિપદપ્રકારેણ પ્રબલમુદ્ભતમિત્યર્થ:, **પક્ષિચ્છાયાજલચરપ્રવૃત્ત્યાભં**-પક્ષિચ્છાયાયાં તદ્ધિયા જલચરપ્રવૃત્ત્યાકારમ્ અત: **પરમ્**-વેદ્યસંવેદ્યપદમાસુ ન તાત્ત્વિકમિત્યર્થ:, ગ્રન્થિભેદાડસિદ્ધેરિતિ । એતદપિ પદમાસુ ચરમયથાપ્રવૃત્તકરણેનૈવેત્યાચાર્યા: ॥૬૭॥

ટીકાર્થ : તે જ કહે છે-

ગાથાર્થ : કારણકે આ (પહેલી ચાર દૃષ્ટિ)માં અવેદ્યસંવેદ્યપદ એવું પ્રબળ હોય છે અને એ (સમુદ્રપર પડતી) પક્ષીછાયામાં જળચરની પ્રવૃત્તિના ભાસ જેવું છે, તેથી અહીં તાત્ત્વિક (વેદ્યસંવેદ્યપદ) નથી.

ટીકાર્થ : અવેદ્યસંવેદ્યપદ આગળ કહેવાશે તેવા લક્ષણવાળું, જે કારણથી આ મિત્રાદિ ચાર દૃષ્ટિમાં 'તથા ઉલ્બણ' અર્થાત્ તે નિવૃત્તિઆદિ પદના પ્રકારે પ્રબલ અર્થાત્ ઉત્કટ. (એ વળી કેવું? તો કે) 'પક્ષિછાયા' અર્થાત્ (આકાશમાં ઊડતા પક્ષીની (સમુદ્રપર પડતી-ચાલતી) છાયામાં જળચર પ્રાણીની બુદ્ધિથી જળચરગમનની પ્રવૃત્તિરૂપ (જણાય છે.) તેથી વેદ્યસંવેદ્યપદ (અર્થાત્ હેય-ઉપાદેયનું જ્ઞાન) આ (ચારદૃષ્ટિ)માં તાત્ત્વિક નથી, કેમકે આ (ચાર)માં ગ્રન્થિભેદ સિદ્ધ નથી થયો. એટલે આ તાત્ત્વિક પદ પણ સિદ્ધ નથી. છતાં જે અતાત્ત્વિક હેયો-પાદેયનું જ્ઞાનપદ છે, તે પણ અહીં જે ચરમ યથા- પ્રવૃત્તકરણ છે, તેના જ પ્રભાવે હોય છે. એમ આચાર્યો કહે છે.

વિવેચન : પ્ર: - ચોથી યોગદૃષ્ટિમાં વિકાસ જો આટલો બધો થયેલો છે, કે ધર્મઅર્થે પ્રાણ તજે, પણ ધર્મ ન તજે, તો અહીં વેદ્યસંવેદ્યપદ જેવી દશા દેખાય છે, તેનું શું ?

ઉ. - એ વેદ્યસંવેદ્યપદની દશા નથી, પરંતુ એના જેવી દશાનો આભાસ છે. દા.ત. સમુદ્રપર પક્ષી આકાશમાં ઊડતું જતું હોય, ત્યારે નીચે સમુદ્રના પાણીપર એની છાયા પડે છે, ને એ છાયા પણ ઉપર પક્ષીના ચાલવાના હિસાબે ચાલતી દેખાય છે. એ છાયામાં ભાસ એવો થાય છે, કે જાણે કોઈ જળચર પ્રાણી જ ચાલતું હોય. છતાં જેમ એ પક્ષીની છાયામાત્ર છે, એમ અહીં ચોથી દૃષ્ટિમાં ગુણવત્તાને લઈને ખરેખર વેદ્યસંવેદ્યપદ નહિ, પરંતુ એની છાયામાત્ર છે. ચોથી દૃષ્ટિમાં ખરેખર વેદ્યસંવેદ્યપદ ન હોવાનું કારણ આ, કે હજી અહીં મિથ્યાત્વ છે. મિથ્યાત્વના કારણે એનું જ્ઞાન અજ્ઞાન છે, **વિશેષાવશ્યક ભાષ્ય**માં કહ્યું છે કે મિથ્યાદૃષ્ટિને સત્ અને અસત્નો વિવેક નથી, બીજા છતાં ધર્મનો અપલાપ કરે છે, વળી એનું જ્ઞાન મિથ્યાત્વની પુષ્ટિમાં પરિણમે છે, સમ્યગ્જ્ઞાનનું જે પરિણામ-જે ફળ છે, એ એનામાં આવતું નથી. વગેરે કારણે એનું જ્ઞાન એ અજ્ઞાન મિથ્યાજ્ઞાન છે. દા.ત. એને પૂછો, ઘડો કેવો સત્ કે અસત્ ? તો એ કહેશે સત્ જ, એ જો હયાત છે, તો અસત્ શાનો ?

હવે વાસ્તવમાં જોઈએ તો માટીનો ઘડો માટીનો છે, સોનાનો નથી. એ હિસાબે સોનારૂપે અસત્ છે જ, કેમકે સોનું એનું પરરૂપ છે. આમ દરેક વસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવથી સત્ છે. પરંતુ સાથે જ પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ-પરભાવથી અસત્ પણ છે જ. આમ સત્ એ અસત્ પણ છે જ. આનું નામ અનેકાન્ત. એ એકાંતવાદી-મિથ્યાદૃષ્ટિને માન્ય નથી. આવું ધરાર દેખાય છતાં ન માને ? હા, એનું કારણ એ જીવ મિથ્યાત્વથી-મિથ્યાશાસ્ત્રોથી વાસિત છે. એના પ્રભાવે સત્યનો અપલાપ થાય છે. તેથી એનું બાકી એક અંશનું અને બીજું બધું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય, જેમ વેશ્યાનો વિનય વખાણવાયોગ્ય નહિ, કેમકે મૂળ પાયો ખોટો છે. દુરાચારના પાયા ઉપર એનામાં વિનયાદિ ગુણ છે. તેથી એ ખોટો. એમ અહીં મૂળપાયામાં એકાંતધર્મની જ શ્રદ્ધા. એ ખોટી, તેથી પછી બીજા તત્ત્વોવગેરેનાં જ્ઞાન ખોટાં, કેમકે એ મિથ્યાત્વથી વાસિત છે. તેથી એના અહિંસા સત્યવગેરે ગુણો આભાસમાં જાય. એ ય માને કે 'હિંસાદિથી અપાય થાય-પાપ લાગે,' પરંતુ આ એનું અપાયદર્શન તાત્ત્વિકદર્શન નથી, કિન્તુ એની છાયા છે, છાયાને વાસ્તવિક વસ્તુ ન કહેવાય, જેમ કે દરિયાપર પક્ષીની છાયા એ વાસ્તવિક પક્ષી નથી.

ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદના ઘરનું જ્ઞાન અલબત્ ઉત્કટકોટિનું છે. ઉત્કટ એ રીતે, કે એનામાં વૈરાગ્ય આવે, પાપનિવૃત્તિ આવે, એ નિવૃત્તિનું પાલન આવે, અર્થાત્ નિવૃત્તિપદ, પાલનપદ વગેરે પ્રાપ્ત થયા છે, જેમકે ભર્તૃહરિને વૈરાગ્ય, પાપ-નિવૃત્તિરૂપ સંન્યાસ, ને પછી એનું પાલન વગેરે આવેલા; એટલે એનું અવેદ્યસંવેદ્ય-પદના ઘરનું જ્ઞાન ઉત્કટ કોટિનું કહેવાય, છતાં એ તાત્ત્વિક નહિ, કેમકે એણે ગ્રન્થિભેદ નથી કર્યો. છતાં જે હેયોપાદેયના જ્ઞાનમાં ઉત્કટતા છે, એ ચરમ યથાપ્રવૃત્તિકરણના યોગે છે.

अपायशक्ति मालिन्य

किमेतदेवमित्याह-

अपायशक्तिमालिन्यं, सूक्ष्मबोधवि(नि)बन्धकृत् ।
नैतद्वतोऽयं तत्त्वे कदाचिदुपजायते ॥६८॥

अपायशक्तिमालिन्यं-नरकाद्यपायशक्ति-मलिनत्वम् किमित्याह-**सूक्ष्मबोधवि** (नि) **बन्ध-कृत्**-अपायहेत्वासेवनक्लिष्टबीजभावेन, **नैतद्वतो**-अपायशक्तिमालिन्यवतो **अयं**-सूक्ष्मो बोधः **तत्**-तस्मात् **तत्त्वे** इति तत्त्वविषये **कदाचिदुपजायते**-अवन्ध्यस्थूलबोध बीजभावादित्यर्थः ॥६८॥

ટીકાર્થ : કેમ એ તાત્ત્વિક નહિ ? એ કહે છે.

ગાથાર્થ : અપાય (અનર્થ) કરવાની શક્તિરૂપી મલિનતા સૂક્ષ્મબોધની પ્રતિબંધક છે. તેથી એવી શક્તિવાળાને તત્ત્વસંબંધમાં ક્યારેય સૂક્ષ્મબોધ થાય નહિ.

ટીકાર્થ : 'अपायशक्तिमालिन्यं,' એટલે નરકાદિ અનર્થ પેદા કરવાની શક્તિરૂપી મલિનતા, એ શું ? તો કે સૂક્ષ્મબોધની અટકાયત કરનારી હોય છે. કેમકે (હજી એનામાં) અપાયના કારણનાં આસેવનનું ક્લિષ્ટ બીજ પડેલું છે. તેથી અપાય-શક્તિમાલિન્યવાળાને આ તત્ત્વસંબંધી સૂક્ષ્મબોધ ક્યારેય ઉત્પન્ન થતો નથી, કેમકે અવંધ્ય સ્થૂલ બોધનું બીજ હજી પડેલું છે.

વિવેચન : અહીં ૪થી દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નહિ, એ વાત કરી આવ્યા, હવે એ સૂક્ષ્મબોધને અહીં કોણ અટકાવે છે, એ બતાવવા કહે છે કે,

'અપાયશક્તિરૂપી મલિનતા સૂક્ષ્મબોધને અટકાવે છે.'

'અપાય' એટલે નરકાદિ અનર્થ. એની 'શક્તિ' એટલે એના કારણોના આસેવનમાં મૂળ હેતુભૂત બીજશક્તિ. નરકાદિ અપાયો (અનર્થો) માં હેતુભૂત છે તીવ્ર-મધ્યમ રાગદ્વેષના સંક્લેશો,

ने એને પોષનારી આરંભ, પરિગ્રહ તથા વિષય-કષાયોની પાપપ્રવૃત્તિ. આ કોણ સેવરાવે છે ? મૂળમાં મિથ્યાત્વ પડ્યું છે, તે સેવરાવે છે. તેથી એ બીજશક્તિ કહેવાય. એ બીજશક્તિ આત્માની મલિનતા છે. મિથ્યાત્વવાસિત મન એ મલિનમન છે, એ જ મલિનતા છે. જેનાપર રાગાદિના સંક્લેશો અને પાપપ્રવૃત્તિઓ ફાલે ફૂલે છે, ને એમાંથી નરકાદિ અનર્થો નીપજે છે. મિથ્યામતના શાસ્ત્રોનો આ પ્રભાવ છે, કે જીવને સાચું સૂઝવા જ ન દે. મિથ્યાદર્શનોની જાળ મોટી અને દેખવામાં મનોહર, પણ 'આ જા ફસા જા' ના સોદા. યોગ- ધ્યાન-સમાધિની મોટી મોટી અને સુંવાળી વાતો એવી કરે, કે જીવો એમાં લલચાઈ ફસે, ને અંતે ભવભેગા થાય.

પ્ર. - યોગ-ધ્યાન-સમાધિની ઊંચી વાતો આદરી છતાં ભવભેગો ?

ઉ. - હા, કારણ એ છે કે બધુ ઊંચું ઊંચું સોહામણું દેખાય છે, પણ મૂળ પાયામાં વીતરાગ સર્વજ્ઞનું-પરમાત્માનું શરણું જોઈએ, ને એમના વચનપર તીવ્ર રાગ-આદર જોઈએ. તેના જ વાંધા છે. તો જ્યાં સુધી વીતરાગ-વીતરાગના વચનને બંધાયેલા નથી, ને ઊંચી ઊંચી માનેલી સાધનાની પ્રવૃત્તિ કરીએ છીએ, ત્યાં સુધી એ બધી સ્વચ્છંદ પ્રવૃત્તિ છે.

साधनामाटे पहेलां नंबरमां माथे अनंत ज्ञानीनुं बंधन जोईए.

બીજી સારી ઘણી પ્રવૃત્તિ હોય, પરંતુ એ બંધન ન હોય, એ આત્માની મલિનતા છે. એ બીજશક્તિ છે. એનામાં પછી અપાયો અનર્થોનાં કારણો સેવરાવવાની તાકાત છે. આ મલિનતા પડી હોય, ત્યાં સૂક્ષ્મ બોધ શાનો થાય ? સૂક્ષ્મ બોધને અટકાવનાર આ અપાયનાં હેતુઓ સેવરાવનારી બીજશક્તિનું માલિન્ય છે.

વીતરાગનું-સર્વજ્ઞનું શરણ નથી અને મિથ્યામાર્ગનું આકર્ષણ છે, એ મલિનતા છે, મલિનઆશય છે. જીવમાં સારા નરસા અનેક જાતના આશયોઆશય સ્થાનો હોય છે. વેદ્યસંવેદ્ય પદ એ એક ઉત્તમ આશયસ્થાન છે. એનાપર સૂક્ષ્મબોધ-નિપુણબોધ થાય છે. એનામાં નરકાદિ દુર્ગતિઓના જે અનર્થ અપાયો, એ અપાયોની શક્તિ અર્થાત્ એ અપાયોના-એ અનર્થોના કારણની બીજશક્તિ નથી. આ બીજશક્તિ એ મલિનતા છે. સૂક્ષ્મબોધ થયો, ત્યાં એ શક્તિ ખત્મ થઈ ગઈ.

સૂક્ષ્મબોધ થયો, એટલે શાસન હૃદયમાં આવી ગયું; તત્ત્વોનો હેતુ-સ્વરૂપ-ફળથી બોધ આવી ગયો. એમાં નરક-સ્વર્ગના કારણભૂત હેય-ઉપાદેય તત્ત્વોનું સાચું ભાન આવી ગયું, સાચો નિર્ણય થઈ ગયો. હૈયે શાસનની સ્પર્શના થઈ ગઈ. પછી ભવમાં ભ્રમણની બીજશક્તિ ન રહે. શાસનની સ્પર્શના થઈ, એટલે શાસન અસ્થિ-મજ્જા સંબદ્ધ થઈ ગયું. સૂક્ષ્મબોધ રગરગમાં વ્યાપી ગયો. બુદ્ધિ એનાથી પરિણત થઈ ગઈ. મન એનાથી ભાવિત કરી દીધું. એટલે પછી આખી વિચારણા તત્ત્વાનુસારી ચાલે, ત્યાં નરકાદિ મહા અપાયનાં કારણો ઊઠવાને જગા જ ક્યાં રહે ? એની બીજશક્તિરૂપ મલિનતા નષ્ટ થઈ ગઈ છે. તત્ત્વના સૂક્ષ્મબોધથી પરિણત થયેલી બુદ્ધિનો પ્રભાવ કેટલો બધો છે !

समरादित्य ચરિત્રમાં આવે છે, એક શ્રેષ્ઠિપુત્ર **समुद्रदत्त** પરણ્યા પછી પહેલીવાર પત્નીને તેડી લાવવા બાજુના ગામે નોકરને લઈને નીકળ્યો છે. રસ્તામાં વીસામો ખાવા બેસે છે. ત્યાં નોકર બેઠો બેઠો જમીન ખોતરે છે, એમાં ઢેખાળો ઉખડી જતાં તાંબાનો ચરુ (કળશ) દેખાયો, એમાં સોનૈયા ભરેલા હતા, સમુદ્રદત્તની નજર પડતાં જ

કહે, -

'અરે ઢાંક, ઢાંક ! આ તો અધિકરણ કહેવાય. આપણને નરકાદિ દુર્ગતિના અધિકારી બનાવે. એને જોવું ય પાપ, ને જો લઈ જઈએ તો તો કેટલાંય ઘોર પાપ કરાવે.' ખાડો પૂરાવી દીધો. કેમ વારુ ? સમજતો હતો, કે સંતોષમાં, સ્વસ્થ જીવન જીવતા હોઈએ એમાં, જો આવું કાંક આવે, તો તરત જ અતિશય રાગ કરાવી મન મલિન બનાવે.

સંસારમાં રહેનારો જીવ હતો, સાધુ નહોતો થયો. એમાં વળી નવી પરણેલી પત્નીને તેડવા જતો હતો. એટલે એને પહેલી મુલાકાતે આવી કિંમતી ભેટ આપવા કામ લાગે. પરંતુ ના, જિનોક્તતત્ત્વના સૂક્ષ્મબોધથી પરિણત થયેલી એની બુદ્ધિ હતી, લક્ષ્મીરૂપી હેયતત્ત્વનું હેતુ-સ્વરૂપ-ફળથી જ્ઞાન હતું, ત્યાં ફળમાં શું દેખે ? આ જ, કે **મોટી લક્ષ્મી પામે-રહે ત્યાં સુધી સતત્ ચિકણા રાગ-આસક્તિ-મમતા કરાવી કરાવી દુર્ગતિનાં ઘોર પાપ બંધાવે. પછી એનાપર બીજા વિષયવિલાસ અને ષટ્કાય જીવોના આરંભ સમારંભના પાપોનો તો ઢગલો થાય. બુદ્ધિ જ એવી તત્ત્વપરિણત-પક્વ થઈ ગયેલી, કે ધનને સુખસાધન નહિ, પણ દીર્ઘ દુર્ગતિસાધનરૂપ દેખે.**

વસ્તુપાલ-તેજપાલ ગુજરાતના મહામંત્રી નીમાયા. પહેલીવાર સપરિવાર સિદ્ધગિરિની યાત્રાએ નીકળ્યા. એમાં પહેલા જ મુકામે તંબૂ તાણવા ખીલો ઠોકવા માટે જ્યાં ખોદવામાં આવ્યું, ત્યાં ધનનો ચરૂ નીકળ્યો; વસ્તુપાલ નાનાભાઈની પત્ની **અનુપમાને** પૂછે છે, 'દેવી ! આને ક્યાં દાટીએ?' ત્યારે વસ્તુપાલ ગુજરાતના મોટા રાજાને પાઠ ભણાવનાર હતા, પણ આ એક બાઇ માણસ અનુપમા એમને પાઠ ભણાવનાર હતી, કેમકે એ જિનવચનથી ભાવિત મતિવાળી હતી. તે કહે છે, ભાઇજી ! નીચે જમીનમાં દાટીને શું કરશો ? **નીચે દાટનારા નીચે અધોગતિમાં ચાલ્યા ગયા. ઊંચે આકાશમાં દાટો, જેથી આપણને ઊંચે સ્વર્ગ-મોક્ષમાં લઈ જાય.** એ કેવી રીતે ?

'આપણે સિદ્ધગિરિ જવું છે ને ? ત્યાં આનાથી જીર્ણોદ્ધાર કરાવો. એટલે ઊંચા શિખરમાં આ દટાઇ જશે, દુનિયા દેખશે, પણ કોઇ ચોરી શકશે નહિ, અને આપણને ઊંચે લઇ જશે ! તરત વસ્તુપાલે હાથ જોડી મંજૂર કર્યું. અનુપમાદેવીમાં આ અક્કલ ક્યાંથી આવી? કહો, જિનવચનના સૂક્ષ્મબોધથી એની બુદ્ધિ પરિણત-ભાવિત થઇ ગયેલી હતી. પૈસાને એ ધન નહિ, પણ એરુ (સાપ) ના ભાર સમજતી.

શ્રાવકના પાંચમા પરિગ્રહપરિમાણવ્રતની કથામાં આવે છે, એક શ્રાવકે સાંજના સમયે નદી પાસેથી જતાં રસ્તામાં ભેખડ તૂટી પડેલી દેખી. ઊંચે બાજુમાં ડુંગરાપર નજર ગઈ. તો એમાં બખોલમાં રત્નોથી ભરેલો ચરુ જોયો, જોતાં જ તરત મૂઠ્ઠીઓવાળી દોડ્યો. ઘરે જઈ શ્રાવિકાને કહે,

'આજે ભયંકર અકસ્માતથી બચી ગયો'

શી રીતે ?

'રસ્તામાં આમ રત્નોનો ચરુ દેખ્યો, ગભરાયો કે મર્યા, જો જરાક ઊભો, તો ક્લિષ્ટ રાગ ઉછાળો મારશે, જીવ લેવા લલચાશે, પરિગ્રહ-પરિમાણવ્રત ભાંગશે, તેથી હું તો તરત દોડીને આવ્યો.

આ શું ? જિનોક્તતત્ત્વના સૂક્ષ્મબોધથી પરિણત-પક્વ થયેલી બુદ્ધિ. શ્રાવિકાએ પતિની અનુમોદના કરી. કંચન-કામિની-શરીર ધન વગેરે **જગતના જડપદાર્થો પવિત્ર ચિત્તમાં ઘાલ્યા કે ચિત્તને મલિન કરી નાખનારા છે. એ મલિનતા નરકના દરવાજા દેખાડે.** તેથી જ તીર્થંકર ભગવાન દેવોએ રચેલા મોટા ચાંદી-સોના-રત્નના ત્રણ ગઢ પર બિરાજી જગતને એની આ ઓળખ કરાવે છે.

જેનાપર બેઠા એનું ખંડન ? હા, બિચારા કર્મપીડિત છતાં કંચન, કામિનીમાં લુબ્ધ લંપટ બનેલા જગતને જો એની સાચી ઓળખ ન કરાવે, એ ઓળખમાટે એ લક્ષ્મીનું ખંડન ન કરે, ને એનાપર બેઠાની શરમમાં પડી એનું મંડન કરે, તો જગતનું મોત થઈ જાય, તેમ જ તત્ત્વનું મિથ્યા નિરૂપણ થાય. અનંતજ્ઞાની એવું કરે ? **હકીકતમાં કંચન અને કામિની શરીર સ્મરણ કે દર્શનમાત્રથી ચિત્તને મલિન કરનાર છે.**

પ્ર- ચિત્તમાં મલિનતા તો એના રાગથી આવે છે, તો રાગ ખરાબ; પણ વસ્તુ શી રીતે ખરાબ ?

ઉ- એ ખરાબ રાગ પણ પ્રભુમૂર્તિ કે ગુરુના શરીરથી નથી ઉઠતો, કિન્તુ કંચન અને કામિનીના શરીરથી ઉઠે છે. એ બતાવે છે કે એ વસ્તુ પણ ખતરનાક છે. એનામાં અપાયશક્તિમાલિન્ય છે, અર્થાત્ નરકાદિ ભયંકર અનર્થોનાં ઉત્પાદક તીવ્ર આસક્તિ આદિ સાધનો સેવરાવવાની તાકાત છે. ચિત્તમાં આ તીવ્ર આસક્તિ પડી હોય એ નરકાદિ અપાયના કારણો - ધન સંગ્રહવગેરે સેવવામાં ક્લિષ્ટ સંક્લેશભર્યા બીજનું કામ કરે છે. તેથી એ મનની મલિનતા છે. એ હોય ત્યાં સુધી સૂક્ષ્મબોધ ન આવે, સૂક્ષ્મબોધને અટકાવનાર છે.

अतात्त्विक अपाय दर्शन

यस्मादेवम्-

अपायदर्शनं तस्माच्छ्रुतदीपान्न तात्त्विकम् ।
तदाभालंम्बनं त्वस्य, तथा पापे प्रवृत्तितः ॥६९॥

अपायदर्शनं-दोषदर्शनं **तस्माच्छ्रुतदीपाद्**-आगमात्, **न तात्त्विकं**-न पारमार्थिकमस्येति योगः । **तदाभालम्बनं तु**-परमार्थाभाविषयं पुनर्भवति भ्रान्त्या, कुत इत्याह-**तथा पापे प्रवृत्तितः**-तथा चित्रानाभोगप्रकारेण पापे प्रवृत्तेरिति ॥६९॥

टीकार्थ : જે કારણથી એ પ્રમાણે છે,

ગાથાર્થ : એટલામાટે આગમરૂપી દીવાથી કરેલું દોષદર્શન તાત્ત્વિક નથી, કિન્તુ તાત્ત્વિકની છાયાને વિષય કરવાવાળું છે, કેમકે (હજી) તેની પાપમાં પ્રવૃત્તિ થાય છે.

ટીકાર્થ : 'અપાયદર્શન' એટલે દોષદર્શન, શ્રુત આગમરૂપી દીવાથી તાત્ત્વિક યાને પારમાર્થિક નથી. પરંતુ 'તદાભાલંબણં' તે ભ્રાંતિથી પારમાર્થિક પદાર્થની છાયાને વિષય કરવાવાળું છે; કેમકે 'તથા' અર્થાત્ અજાણ્યે ચિત્ર વિચિત્ર પ્રકારથી એની પાપમાં પ્રવૃત્તિ થાય છે.

વિવેચન : અપાયશક્તિમાલિન્યવાળા જીવને સૂક્ષ્મબોધ નથી થતો, તેથી જ અહીં ચોથી દૃષ્ટિમાં આવી ગયો હોય, અને કદાચ જિનાગમથી વાંચવા સાંભળવા દ્વારા એનો બોધ પણ થયો હોય. છતાં એનો એ બોધ તાત્ત્વિકબોધ નથી. આગમ-રૂપી દીવાથી નરકાદિ અપાયો-અનર્થો કયા કયા કારણે સરજાય છે ? એ એને જાણવા પણ મળ્યું હોય. અર્થાત્ એ અનર્થ કારણોમાં અપાયદર્શન થયું હોય, છતાં એ પરમાર્થથી અર્થાત્ વાસ્તવિક રીતે અપાયદર્શન નથી, કિન્તુ અપાયદર્શનની છાયા-અપાય દર્શનનો ભાસમાત્ર છે. પહેલાં જેમ કહી આવ્યા કે, જેમ સમુદ્રપર ઊડતા પંખીની સમુદ્રના પાણીપર પડતી છાયા કોઈ ચાલતા જળચર જીવની કલ્પના કરાવે, એમ અહીં ભ્રાન્તિથી અપાયદર્શનના આભાસ માત્રને તાત્ત્વિક અપાય-દર્શન સમજે છે. અહીં સવાલ થાય,

પ્ર. - જિનાગમમાંથી અપાયદર્શન થયું. છતાં ય એ સાચું નહિ ? તાત્ત્વિક-પારમાર્થિક નહિ? એવું કેમ ?

ઉ. - આ અપાયદર્શન પારમાર્થિક ન હોવાનું કારણ એ છે, કે વેદ્યસંવેદ્યપદ વિનાનાં અને સૂક્ષ્મ-બોધથી રહિત આ જિનાગમના ભણેલાથી પણ ચિત્ર વિચિત્ર અનાભોગ-અજાણપણું હોવાને લીધે તેવી તેવી પાપ પ્રવૃત્તિ થાય છે. માટે કહેવાય કે

એને હજી સાચું અપાયદર્શન થયું નથી. અહીં સહેજે પૂછવાનું મન થાય, -

પ્ર. - શ્રુતદીપ એટલે કે જિનાગમમાંથી અપાયદર્શન કર્યું, મિથ્યામતના શાસ્ત્રમાંથી નહિ, પછી એ અપાયદર્શન તો સાચું - તાત્ત્વિક જ હોય ને ? તો પછી અહીં એને અતાત્ત્વિક કેમ કહ્યું?

ઉ. - અહીં અપાયદર્શન એ જ્ઞાનમાત્ર નહિ, કિન્તુ શ્રદ્ધાયુક્ત જ્ઞાન લેવાનું છે. શ્રદ્ધા આ, કે **'જિનાગમકથિત હેય એ અત્યંત છોડવા જ જોઈએ, તેમજ જિનાગમકથિત ઉપાદેય આદરવા-આચરવા જ જોઈએ, આવો હૃદયથી સ્વીકાર. આ હાર્દિક સ્વીકાર હોય, પછી હેય તરફ અરુચિ-નફરતની જ નજર અને એના ત્યાગ ની ઉત્કંઠા રહે, તેમજ ઉપાદેય તરફ અનન્ય રુચિ આકર્ષણ અને આચરણની પ્રબળ ઈચ્છા રહે.'** આ વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત કર્યાથી થાય છે. એની સાથે સમ્યગ્ હેતુ - સ્વરૂપ - ફળની દૃષ્ટિએ કરાતા તત્ત્વનિર્ણય (કરાતું અપાયદર્શન) એ સૂક્ષ્મબોધ છે. હવે વેદ્યસંવેદ્યપદ પણ ન આવ્યું હોય અને સર્વજ્ઞકથિત હેય - ઉપાદેયની હેતુ - સ્વરૂપ - ફળની દૃષ્ટિએ શ્રદ્ધા ય ન રાખી હોય, પછી ત્યાં એકલું કોરુંધાકોર અપાયદર્શન ભલેને જિનાગમમાંથી મેળવ્યું હોય, છતાં એ એને ભ્રમણારૂપ છે. એવા અપાયદર્શનને તાત્ત્વિકદર્શન કેમ કહી શકાય ? તાત્ત્વિક અપાયદર્શન અને અતાત્ત્વિક અપાયદર્શન આકારમાં સરખું દેખાય એટલું જ, બાકી અતાત્ત્વિક અપાયદર્શન વાસ્તવમાં આભાસમાત્ર છે, જેમકે અસલ શુદ્ધ સોનાનો દાગીનો, અને સોનાનો માત્ર ઢોળ ચડાવેલ તાંબાનો દાગીનો, બેઉ ચળકાટમાં સરખા, પરંતુ ઢોળ ગીલેટવાળો દાગીનો એ સાચા સોનાનો દાગીનો નથી. માટે તો કહેવાય છે ને કે અસલ તે અસલ ને નકલ તે નકલ. અહીં અપાયદર્શન અતાત્ત્વિક અર્થાત્ આભાસમાત્ર હોવામાં એક હેતુ આ કહે છે કે, 'तथा पापे प्रवृत्तितः' અર્થાત્ આ અપાયના દર્શનાભાસવાળો અનાભોગથી - અજાણ્યે પાપમાં પ્રવૃત્તિ કરે છે, એટલે કે હું આ પ્રવૃત્તિ પાપપ્રવૃત્તિ કરું છું, એવો એને ખ્યાલ પણ નથી હોતો. આ અનાભોગ ચિત્ર અર્થાત્ નિરનિરાળા હોય છે, કોઈ એક પ્રકારે, તો કોઈ બીજા પ્રકારે. પાપપ્રવૃત્તિ થવાનું કારણ અ-વેદ્યસંવેદ્યપદ અને સ્થૂલબોધ છે. વેદ્યસંવેદ્યપદ અને સૂક્ષ્મબોધનો પ્રભાવ છે, કે પાપપ્રવૃત્તિને ઓળખાવી દે. કેટલીક એવી પ્રવૃત્તિ હોય છે, કે સામાન્ય માણસને ખબર ન પડે કે હું પાપપ્રવૃત્તિ કરું છું. દા.ત. તપસ્યા કરનારો તાપસ હોય અને મિથ્યામાર્ગનો ફેલાવો કરતો હોય, સ્થૂલબુદ્ધિવાળો જનસામાન્ય એને આમંત્રી - આવકારી સત્કાર સાથે પારણું કરાવવામાં પાપ ન સમજે. સૂક્ષ્મબોધ વાળો સમજી જાય, કે આ પાપપ્રવૃત્તિ છે, કેમકે એવાને સત્કારવામાં મિથ્યામાર્ગનું સમર્થન થાય.

એમ, કોઈ આત્મા વૈરાગી હોય, સંસાર ત્યજી ચારિત્ર લેવા ઝંખતો હોય; પણ માબાપ મોહથી ના પાડતા હોય, તો સ્થૂલબુદ્ધિવાળા એમ કહેશે કે 'માબાપની આજ્ઞા પાળવી જોઈએ. આજ્ઞા વિના સંસાર ત્યાગ ન થાય' પણ સૂક્ષ્મબુદ્ધિવાળો સમજે છે કે 'એમ સંસારમાં બેસી રહેવું અને માતાપિતાના મોહને પોષવો એ પાપપ્રવૃત્તિ છે, આ સંસારમાં ચારિત્રધર્મ આરાધનાનો પુરુષાર્થકાળ મળવો અતિ દુર્લભ છે, ઊંચા મનુષ્યજન્મમાં જ મળે, ને એવો આર્યકુળમાં મનુષ્યજન્મ મળવો, એ પણ ક્યાં રસ્તામાં પડ્યો છે ? એય અતિદુર્લભ છે. તો અતિદુર્લભ એવા આ મનુષ્યજન્મમાં ય બહુ દુર્લભ ચારિત્રારાધનાની પુરુષાર્થશક્તિ મળ્યા પછી માત્ર મોહાંધ અને અજ્ઞાન માતાપિતાની આજ્ઞા નથી, એટલા ખાતર થઈને ચારિત્ર આરાધના ગુમાવાય ?'

એમ, સ્થૂલબુદ્ધિવાળો ગોદાન-કન્યાદાન વગેરેને ધર્મ સમજે છે, પરંતુ એ પાપપ્રવૃત્તિ છે એવું સૂક્ષ્મબુદ્ધિવાળો સમજી શકે છે, કેમકે એમાં એક તો એ ગાય કે કન્યાને ગમે તેવાના હાથમાં પરતંત્ર બનાવવાનું થાય છે. ને એવા દાનની પાછળ વિષય વિલાસ તથા જીવહિંસામય આરંભ સમારંભ ચાલે છે. પૂછો, -

પ્ર. - તો શું સૂક્ષ્મબુદ્ધિવાળો કન્યાને પરણાવશે નહિ ? નહિ પરણાવે તો પછી શું કન્યા કુશીલના માર્ગે જવાનો મોટો સંભવ નથી ?

ઉ. - સૂક્ષ્મબુદ્ધિવાળો અસલ તો સંતાનોને નાનપણથી સંસારની અસારતા અને માનવ જનમની ચારિત્રથી સફળતા સમજાવનારો હોય, એ પછી પણ કન્યા જો ચારિત્રમાટે તૈયાર ન થઈ, ને એને શીલરક્ષાર્થે કોઈને દેવી પડે; તો એમાં એ દાનધર્મ નહિ સમજે, પણ પોતે સંસારમાં રહ્યાના પાપના લીધે લાચારીથી આ પાપપ્રવૃત્તિ કરવી પડવાનું સમજતો હોય છે. આવી આવી પાપ પ્રવૃત્તિને બિચારો સ્થૂલબુદ્ધિવાળો પાપરૂપ સમજતો નથી. તેથી અનાભોગથી અજાણ્યે એને આચરે છે. આવું સ્થૂલબોધ અને અવેદ્યસંવેદ્યપદના પ્રભાવે બને છે.

तप्तलोहपदन्यासप्राय पापप्रवृत्ति

अतोऽन्यदुत्तरास्वस्मात्पापे कर्मागसोऽपि हि।
तप्तलोहपदन्यास-तुल्या वृत्तिः क्वचिद्यदि ॥७०॥

अतोऽन्यदुत्तरास्विति प्रक्रमादवेद्यसंवेद्यपदादन्यद्वेद्यसंवेद्यपदम्, उत्तरास्विति स्थिराद्यासु चतसृषु दृष्टिषु। **अस्माद्**-वेद्यसंवेद्यपदात् **पापे**-पापकर्मणि हिंसादौ, **कर्मागसोऽपि हि**-कर्मापराधादपि किमित्याह-**तप्तलोहपदन्यासतुल्या वृत्तिः**-संवेगसारा, पापे **क्वचिद्यदि** भवति, प्रायस्तु न भवत्येवेति ॥७०॥

ગાથાર્થ : આનાથી જુદું (વેદ્યસંવેદ્યપદ એ) પછીની (ચારદૃષ્ટિ)માં હોય છે. (આ વેદ્યસંવેદ્યપદ)ના હિસાબે જો કર્મના અપરાધથી ક્યારેક પાપમાં વૃત્તિ થાય, તો તે તપી ગયેલ લોઢા પર પગલાં મૂકવા જેવી હોય છે.

ટીકાર્થ : 'अतोऽन्यद्' એટલે પ્રકરણ સંબંધથી અવેદ્યસંવેદ્યપદથી ભિન્ન વેદ્યસંવેદ્યપદ 'उत्तरासु' અર્થાત્ સ્થિરાઆદિ ચાર દૃષ્ટિઓમાં હોય છે. 'अस्मात्' આ વેદ્યસંવેદ્યપદના હિસાબે 'पापे' અર્થાત્ હિંસાદિ પાપકર્મમાં, 'कर्मागसोऽपि' અર્થાત્ કર્મના અપરાધથી પણ 'तप्त लोहपदन्यास तुल्यवृत्तिः' અર્થાત્ તપી ગયેલા લોખંડી પતરા પર પગલાં મૂકવાની સમાન વૃત્તિ (હોય છે, ને તે) સંવેગભરી હોય છે. પાપમાં ક્યારેક જો પ્રવૃત્તિ થાય તો. પ્રાયઃ તો થતી જ નથી.

વિવેચન : મિત્રાદિ પહેલી ચાર યોગદૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ હોય છે, ત્યારે પછીની સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં એનાથી ભિન્ન વેદ્યસંવેદ્યપદ હોય છે. અવેદ્યસંવેદ્યપદમાં અતાત્ત્વિક અપાયદર્શન હોય. એને શાસ્ત્રથી એ તો જણાય કે 'હિંસા, અસત્ય વગેરે પાપપ્રવૃત્તિ છે, એનાથી આત્મા પાપકર્મથી બંધાય, અને પરભવે એનાં દુઃખ-અનર્થ-અપાય ઊભા થાય' પરંતુ આ ભાન કેવું ? સમુદ્રપર પંખીની છાયા જેવું, છાયાને પ્રાણી સમજે. એમ અહીં હિંસાદિમાં અપાયદર્શન તો થાય, પરંતુ અતાત્ત્વિકદર્શન, કેમકે એવું અપાયદર્શન થયા પછી પણ પાપપ્રવૃત્તિ કરતો હોય છે, ત્યારે વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થાય, ત્યાં પાપપ્રવૃત્તિ લગભગ બંધ થઈ જાય છે. કદાચ કર્મદોષથી અર્થાત્ તેવા પ્રકારના કર્મોદયવશ પાપનું આચરણ કરે, તો પણ તે 'तप्तलोहपदन्यास' સમાન આચરણ હોય છે.

'तप्तलोहपदन्यास' એટલે તપેલા લોખંડી પતરાપર કદાચ ચાલવાનો પ્રસંગ આવે, તો માણસ ચાલે તો ખરો, જેમકે ઉનાળામાં પતરાની અગાશીમાં સૂકવા મૂકેલું (કપડું) લેવા જવા તપેલા

પતરા પર ચાલી કાઢે છે, કિન્તુ તે ઠંડક-આરામથી ધીરે ધીરે નહિ. કિન્તુ પગ બળે છે, માટે સપાટાબંધ ચાલી કાઢે છે. એમ અહીં પાપપ્રવૃત્તિમાં પરલોક-ભયનો તાપ લાગે છે, હૈયે સંતાપ છે, તેથી પ્રવૃત્તિ આરામથી ખુશખુશાલ થઈને નહિ કરે. પાપપ્રવૃત્તિ વખતે હૈયાની વૃત્તિ 'સંવેગસારા' હોય, સંવેગ-વૈરાગ્યભરી હોય.

શ્રેણિક રાજા ક્ષાયિક સમ્યક્ત્વવાળા હતા, તેથી વેદ્યસંવેદ્યપદવાળા હતા; પણ સાથે નિકાચિત કર્મના ઉદયવાળા હતા. તેથી પાપ-પ્રવૃત્તિઓ એમને કરવી પડતી, પરંતુ કેવી રીતે કરતા ? રાચીમાચીને નહિ. એટલી એમની જાગૃતિ હતી. અજ્ઞાનતામાં બાંધેલા નિકાચિત કર્મે નરકમાં જવું પડ્યું, તોય ત્યાં તત્ત્વજાગૃતિ ઊભી રહી. તેથી બાહ્યથી ભયંકર દુઃખ, છતાં એવું માનસદુઃખ નહિ; જેવું મિથ્યાદૃષ્ટિને હોય. મિથ્યાદૃષ્ટિ તો બાહ્ય દુઃખ પર અંતરમાં ભારે સંતાપ, કષાય, દુર્ધ્યાન વગેરે કરી દુઃખને વધારી મૂકે છે.

જીવ કાયાથી પાપ ઓછાં કરે છે, પણ મનથી-બુદ્ધિથી ઘણાં પાપ કરે છે.

અહીં તત્ત્વદર્શનવાળો જીવ સાવધાન બની જાય છે. એ સમજે છે કે આ મનના-બુદ્ધિનાં પાપથી જાલિમ પાપવિચારોના કુસંસ્કાર પડવાના, જે એને યોગ્ય દુર્ગતિના ભવોની પરંપરા ચલાવી એમાં પાપની જ વૃત્તિ ને પ્રવૃત્તિ કરાવ્યા કરશે. માટે કદાચ કાયાથી કે વાણીથી પાપનું કરવા-બોલવાનું આવ્યું, છતાં એમાં હૈયું ન ભેળવું, પાપ વિચારી ન બહેકાવું, ન વિસ્તારું, પાપની ખુશખશાલી ન રાખું; ઉલ્ટું 'કેવો આ પાપભર્યો સંસાર કે એમાં આવાં પાપ કરવા પડે છે ! માટે જ આમાંથી દેવ-ગુરુ-ધર્મ જ તારણહાર છે' એમ સંવેગ વધારે. **સંવેગ એટલે દેવ-ગુરુ-ધર્મ અને મોક્ષની પ્રીતિ.**

આ જનમ એવો આશીર્વાદરૂપ છે, કે એમાં સંવેગ જેટલો વધારવો હોય, એટલો વધારી શકાય. સંવેગ વધારવો હોય, તો દુન્યવી સુખને સુખરૂપ ન લેખે, દુઃખને દુઃખરૂપ ન લેખે. આ આવડે, તો સુખદુઃખ બંને તારણહાર થઈ જાય. ઉલ્ટું કરાય તો મારણહાર બને. વિષયસુખોને સુખરૂપ માને, એટલે પછી એની પાછળ પાપો કરવામાં કમી નહિ રાખે. એમ સુખ મારણહાર બને. જો એને બદલે સુખને દુઃખરૂપ માને, તો એનો ત્યાગ કરતો રહેવાનો. ત્યારે દુઃખને દુઃખરૂપ માનનારો દુઃખથી ભડકવાનો-ભાગવાનો, દુઃખ રોકવા-હટાવવા પાપાચરણો કરશે, એમ દુઃખ મારણહાર. ત્યારે દુઃખને દુઃખરૂપ ન માનનાર **મહાવીર પરમાત્મા** હોંશે હોંશે કેવા કઠોર-ત્યાગ-તપ અને ઘોર પરિષહ-ઉપસર્ગો વધાવતા રહ્યા ! સંયમ પર પ્રીતિ છે તેથી સમજે છે કે,

દુઃખપર દ્વેષ અરુચિ લાવું, તો એ અરુચિ જઈને સંયમપર પહોંચે. સુખની રુચિ અસંયમ પર પહોંચે છે.

દુઃખ-કષ્ટ નથી ગમતું-નથી ફાવતું. તેથી સંયમ નથી ફાવતું, કેમકે સંયમમાં કષ્ટ પડે છે. સુખ ગમે છે, એટલે અસંયમ ગમે છે, કેમકે અસંયમમાં સુખ અનુભવાય છે.

વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થાય, ત્યાં સુખ હેય અને સંયમ ઉપાદેય લાગે છે. એટલે પછી સુખમાટે પાપપ્રવૃત્તિમાં એને રસ શાનો હોય ? કદાચ પાપ-પ્રવૃત્તિ કરવી પડે, તો ય પેલા વણિકની જેમ રસ વિના અને ઝટપટ.

વણિક ઝવેરાત લઈને જંગલવચ્ચે થઈને પસાર થતો હતો. એમાં બહુ ચાલ્યા પછી ભૂખ લાગી, પગ ઢીલા પડ્યા, ને હજી ચાલવાનું લાંબુ છે, તેથી ઝાડ નીચે થોડું ભાતું વાપરી લેવા બેસી ભાતું વાપરે છે. એ બેસે કેવી રીતે ? ને ભાતું વાપરે

કેવી રીતે ? કહો, ઉભડક પગે જ બેસે, તેમાં પણ ભયથી ચારે બાજુ વારેવારે નજર નાખતો રહે, ને ભોજન મોટા મોટા કોળિયાથી તેમજ ઝટપટ ઝટપટ કરે, અને તે પણ રસ માણ્યા વિના ખાઈ લે.

બસ, વેદ્યસંવેદ્યપદવાળાની આ સ્થિતિ છે, જેમ પેલો બને ત્યાં સુધી જંગલનો રસ્તો ન લે, તેમ આ પણ બને ત્યાં સુધી પાપપ્રવૃતિ ન કરે, અને કરવી પડે, તો જેમ પેલાને, એમ આને ભય, ઉતાવળ, નીરસતા. એથી ઉલ્ટું ધર્મની-આત્મહિતની પ્રવૃત્તિમાં નિર્ભયતા, ઠંડક અને રસપૂર્ણતા હોય છે. દેવ-ગુરુ-ધર્મપર અત્યંત રાગ, એ જ આ સંસારમાં ખરી ચીજ લાગે, એટલે એમાં જ દિલ ઠરે, બાકી બધી મોહમાયા તો આળપંપાળ -માયાજાળ લાગે. એમાં પેલા રત્નોના વેપારીને જંગલ વચ્ચેના મીઠા લાડુના ભોજનની જેમ કશો રસ નહિ, નિરાંત નહિ. ત્યારે તો મહારાજા **શ્રેણિક**ને વહાલી પટ્ટરાણી **ચેલણા**ને કિંમતી રત્નકંબલથી રાજી કરવામાં જે રસ ન હોતો, એવો રસ વહાલા વીર ભગવાનની સુખશાતાના સમાચાર લાવનારને સોનૈયાથી રાજી કરવામાં હતો. એટલા હૈયે સંવેગ અને વૈરાગ્ય ઉછળતા હતા.

પ્રબળ સંવેગ-વૈરાગ્યમાં હૈયાને આખા જગત કરતાં વીતરાગ નજીક નિકટ લાગે. આ નિકટતા વધારતાં વધારતાં 'પ્રભુ !તું હી તુંહી તુંહી તુંહી' એવી પ્રભુમાં લય લાગે. હૈયામાં પ્રભુ એવા તાણે વાણે વણાઈ જાય. કવિઓ ભગવાનની આ રીતે સ્તુતિ કેમ કરતા ? હૈયામાં પરમાત્મા ભગવાનની નિકટતા વધારવા. એમ કરીને પોતાની પરમાત્મભાવની નિકટતા વધે. એક પ્રશ્ન, -

પ્ર. - ભગવાનપર રાગ થાય ભગવાનને આપણે નિકટ કરીએ, એમાં આપણો પરમાત્મ-ભાવ શી રીતે નિકટ થાય ?

ઉ. - વીતરાગપર રાગ એ પોતાની આત્મ-સંપત્તિના રાગપર આધારિત છે.

જેને પોતાની આત્મસંપત્તિ અહિંસા-ક્ષમા યાવત્ વીતરાગતા અને પરમાત્મભાવપર રાગ નથી, એણે વીતરાગને ઓળખ્યા જ નથી. તેથી એવાનો વીતરાગપરનો રાગ તાત્ત્વિક-વાસ્તવિક નથી, સંભવતઃ કોઈ દુન્યવી સ્વાર્થના પૂરક તરીકેનો રાગ છે. ત્યારે જો પોતાની છૂપી આત્મસંપત્તિપર રાગ છે, તો એ પ્રગટ કરવાની લગન હોય અને એ પ્રગટ થવાની પૂર્ણ આત્મસંપત્તિ જેમને પ્રગટ છે, એવા વીતરાગ પરમાત્માનું આલંબન ધરવાથી, એમને જ નજરસામે રાખવાથી, નહિ કે જગતના વિષયો નજર સામે રાખ્યા કરવાથી. આમ જગતના વિષયો હૈયાથી આઘા રાખી વીતરાગ પરમાત્માને હૈયાની નિકટ રાખતાં પોતાના પરમાત્મભાવની નિકટ થતા જવાય.

પરમાત્માને હૈયાની નિકટ રાખવા, એમને જ નજર સામે ને નજર સામે રાખવા ને મન એમનામાં એકાગ્ર કરવું, એનું નામ સંભેદ-પ્રણિધાન છે. પ્રભુનું સંભેદ પ્રણિધાન એટલે પરમ પવિત્ર પ્રભુને આપણા મલિન આત્માથી ભિન્ન તરીકે નજર સામે ધારી, આપણા આત્માને પવિત્ર કરવા એમનું ધ્યાન કરાય તે. એમાં પ્રભુ પર પ્રીતિ વધતાં વધતાં જગત આખું વીસરાઈ જાય, મનને એમ થાય કે આ વીતરાગ પરમાત્મા એ તો મારું જ પ્રતિબિંબ છે. ત્યારે જેવી રીતે દર્પણમાં આપણા મુખને જોતાં એમ જ લાગે છે કે આ તો હું જ છું. અહીં મને આ વાળ , આ મારું લલાટ, આ મારા કાન... એમ દેખાય છે, તાત્પર્ય પ્રતિબિંબ એ આપણે પોતે જ, એવો ભાસ થાય છે. એવી રીતે પરમાત્મા એ આપણું જ પ્રતિબિંબ - એટલે આપણે પોતે જ છીએ, એવો ભાસ થાય. એવું ધ્યાન લાગે ત્યાં 'પ્રભુ જુદા આપણે જુદા' એટલે

જુદાઈ એવો ભેદ મનમાંથી નીકળી જાય અને ત્યારે 'અભેદપ્રણિધાન' લાગે. ત્યાં પરમાત્માને આપણા હૈયાની એવા નિકટ કર્યા કે વીતરાગ પરમાત્મા અને આપણે એકરૂપ લાગી ગયા. એટલે કે આપણે વીતરાગ પરમાત્મા એવો ભાસ ઊભો થઈ ગયો.

આવું ચિંતવન **મરુદેવા**માતા, **ભરત** ચક્રવર્તી, **ગુણસાગર, પૃથ્વીચંદ્ર** વગેરેએ કર્યું હશે, પરમાત્માને હૈયાની નિકટ લેતાં પહેલાં સંભેદ પ્રણિધાન અને પછી અભેદપ્રણિધાન. એટલે એ તરત જ ખરેખર વીતરાગ બની સર્વજ્ઞ પરમાત્મા બની ગયા ને ? **ગૌતમસ્વામી** મહારાજે **મહાવીર પરમાત્મા** પાસે દીક્ષા લેતાં જ એ પરમાત્માને એવા હૈયાની નિકટ લીધા, કે પ્રભુનું સંભેદપ્રણિધાન લાગ્યું, તે ૩૦ વર્ષ સુધી એને પુષ્ટ કર્યું, તો પ્રભુ નિર્વાણ પામ્યાના સમાચાર સાંભળતા જ ચિંતવન એવું વિકસ્યું કે અભેદપ્રણિધાનમાં ચડી ગયા. ત્યાં જ પોતે વીતરાગ શુદ્ધ આત્મા પરમાત્મા બની કેવળજ્ઞાન પામી ગયા. સર્વજ્ઞ બની ગયા.

વેદ્યસંવેદ્યપદ અને સૂક્ષ્મ બોધની આ તાકાત છે, કે સંવેગ વૈરાગ્ય ઝબકી ઊઠીને હૈયામાં જગતના બધા વિષયો કરતાં પરમાત્મા વધુ નિકટ થઈ જાય, તે ઠેઠ પોતે પરમાત્મામય બની જાય.

આ વેદ્યસંવેદ્યપદનો પ્રભાવ છે, કે પાપ-પ્રવૃત્તિ લગભગ બંધ કરાવી દે, ને કદાચ કર્મશેષે પાપપ્રવૃત્તિ થાય તો, તે તપેલી ડામરી સડક પર ખુલ્લા પગે ચાલવાનું આવે, તો પગલાં કેવા ઝટપટ પડે, રસ અને ઠંડક વિના પડે, અને રસ્તો પસાર થઈ જાય, એમ આત્મા પાપપ્રવૃત્તિમાંથી પસાર થઈ જાય.

નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદ

किमित्येवम्भूतेत्याह-

वेद्यसंवेद्यपदतः, संवेगातिशयादिति।
चरमैव भवत्येषा, पुनर्दुर्गत्ययोगतः ॥७१॥

वेद्यसंवेद्यपदतो-वक्ष्यमाणलक्षणात्, **संवेगातिशयादि**त्यतिशयसंवेगेन, **चरमैव-भवत्येषा**-पापवृत्तिः। कुत इत्याह-**पुनर्दुर्गत्ययोगतः** श्रेणिकाद्युदाहरणात्। 'प्रतिपतितसद्दर्शनानामनन्तसंसारिणामनेकधा दुर्गतियोग इति यत्किंचिदेतत्,' **न**, अभिप्रायाऽपरिज्ञानात्, क्षायिकसम्यग्दृष्टेरेव नैश्चयिकवेद्यसंवेद्यपदभाव इत्यभिप्रायाद्, व्यावहारिकमपि तु एतदेव चारु, सत्येतस्मिन् प्रायो दुर्गतावपि मानसदुःखाभावात्, वज्रतन्दुलवदस्य भावपाकाऽयोगात्। अचारु पुनरेकान्तत एव अतोऽन्यदिति ॥७१॥

ટીકાર્થ : કેમ એવા પ્રકારની ? તે કહે છે, -

ગાથાર્થ : વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિથી સંવેગની ઉત્કટતા થઈ હોવાને લીધે આ (પાપવૃત્તિ) છેલ્લી જ હોય છે, કેમકે હવે ફરીથી દુર્ગતિ થતી નથી.

ટીકાર્થ : 'વેદ્યસંવેદ્યપદતઃ' આગળ કહેવાશે એવા લક્ષણવાળા વેદ્યસંવેદ્યપદથી 'સંવેગાતિશયાદિ' અત્યંત સંવેગ થયો હોવાને લીધે, 'ચરમૈવ એષા' આ પાપવૃત્તિ છેલ્લી જ હોય છે. કેવી રીતે તે કહે છે - 'પુનર્દુર્ગત્યયોગતઃ' ફરીથી દુર્ગતિ ન થતી હોવાથી, શ્રેણિકાદિના ઉદાહરણથી. (સવાલ થાય-) સમ્યક્ત્વથી પડેલા અને અનંતસંસારી બનેલાને અનેકવાર દુર્ગતિનો યોગ બને છે. એટલે આ તમારું કથન સારહીન છે. (તો આ સવાલ બરાબર) નહિ, કેમકે (અમારો) અભિપ્રાય સમજ્યા નથી. (ફરીથી દુર્ગતિ નહિ એ) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને જ નિશ્ચયનયનું વેદ્યસંવેદ્યપદ હોવામાં, એ અભિપ્રાય છે. વ્યાવહારિક પણ આ (વેદ્યસંવેદ્યપદ) જ સુંદર (બરાબર) છે, કેમકે એ હોય તો પ્રાયઃ દુર્ગતિમાં પણ માનસદુઃખ નથી હોતું, કારણ વજ્ર જેવા ચોખા (કોરડુ ચોખા) ની જેમ આનો ભાવથી પાક નથી થતો. બાકી સુંદર ન હોય, તે (અવેદ્યસંવેદ્યપદ) તો એકાન્તે જ આનાથી ભિન્ન છે.

Koba. Gu Gandhinagar-382 007
Phone : (079) 23276252, 23276204-0

વિવેચન : વેદ્યસંવેદ્યપદનો મોહમાં કેટલો બધો છે, કે નથી ને કદાચ જવલ્લે કર્મદોષે પાપ-પ્રવૃત્તિ થઈ જાય એમ બને, પરંતુ એક તો તેમાં જીવની વૃત્તિ તપ્તલોહ પર પગલાં માંડવા જેવી હોય છે. અને બીજું એ કે ખરેખર તો પાપપ્રવૃત્તિ થતી નથી, એટલે કહો, કે એ પાપપ્રવૃત્તિ થઈ તે છેલ્લી જ સમજવાની, અને તે હવે ફરીથી દુર્ગતિ નથી થતી એ પરથી સમજાય છે. આવી દુર્ગતિની કારણભૂત પાપપ્રવૃત્તિ ન જ થવાનું કારણ એ છે, કે જેને વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થયું એના દિલમાં સંવેગનો અતિશય હોય છે. અર્થાત્ અત્યંત સંવેગભાવ ઉછળી રહ્યો છે.

આ સંવેગભાવમાં બે ગુણ છે.

(૧) એક, સંસારપર તીવ્ર વૈરાગ્ય, તે એવો કે સંસારવાસ એ નરકાગાર અને કારાગાર જેવો લાગે; દુઃખથી ભરેલો માટે નરકાગાર, અને પાપની બેડીઓ (પરાધીનતા) વાળો માટે કારાગાર= જેલખાનું; એવા સંસારપર ભારોભાર અભાવ, ઉદ્વેગ, નફરત.

(૨) બીજો ગુણ, મોક્ષ અને દેવ-ગુરુ-ધર્મ તથા શાસ્ત્ર-તીર્થ-સંઘવગેરે ધર્મના અંગોનું અત્યંત રાગભર્યું આકર્ષણ અને એ આરાધવાની તીવ્ર અભિલાષા.

આમ, આ બંને હોય, પછી પાપવૃત્તિ જ શાની થાય ? તો પાપપ્રવૃત્તિની વાતે ય શી ? સમજે છે કે પાપપ્રવૃત્તિથી સંસાર વધશે અને મોક્ષથી આઘા પડાશે. એટલે એની સમ્યક્ત્વ પામવા પહેલાં પાપવૃત્તિ થઈ, એ છેલ્લી જ થઈ. હવે પાપવૃતિ ન થાય.

પ્ર. - એ શી રીતે કહી શકો છો કે સમ્યક્ત્વ આવ્યા પછી પાપવૃત્તિ ન થાય ?

ઉ. - કેમકે સમ્યક્ત્વ પામ્યા પછી એની દુર્ગતિ નથી થતી. આગમશાસ્ત્ર કહે છે કે સમ્યક્ત્વ પામેલો જીવ આછામાં ઓછો વૈમાનિક દેવ થાય. આ જોતાં, જો દુર્ગતિ નથી થતી, તો પછી એમાં કારણભૂત પાપપ્રવૃત્તિ પણ નથી થતી. આમાં **શ્રેણિક** વગેરેના દૃષ્ટાન્ત છે, જે સમકીત પામ્યા પછી દુર્ગતિ નથી પામ્યા. શ્રેણિક જે એકવાર નરકમાં ગયા, તે સમ્યક્ત્વ પામવા પૂર્વેની પાપવૃત્તિથી ઊભા થયેલ નિકાચિત કર્મનું ફળ હતું. બાકી હવે સમ્યક્ત્વના પ્રભાવે પાપપ્રવૃત્તિ થવાની નહિ, ને દુર્ગતિ ય નહિ થવાની. અહીં કેટલાક કહે છે, -

પ્ર. - સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા કેટલાકનો અનંત સંસાર પણ થાય છે, ને એમાં તો અનેકવાર જીવ દુર્ગતિઓમાં જાય છે, તો સમ્યક્ત્વ યાને વેદ્યસંવેદ્યપદ પામ્યા પછી જીવને દુર્ગતિ ન જ થાય. એ પ્રતિપાદન અસત્ ઠરે છે...

ઉ. - અમારા કથન પાછળનો અભિપ્રાય તમે નથી સમજ્યા. અભિપ્રાય આ છે, કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદ હોય છે, અને એવા વેદ્યસંવેદ્યપદ પામેલાને પાપવૃત્તિ ય નહિ ને દુર્ગતિ ય નહિ. આ નિશ્ચયથી વેદ્યસંવેદ્યપદ એ આત્માનો અવિનાશી નિર્મળ આશય-નિર્મળ પરિણામ છે. એ ઊભો થયો પછી જાય નહિ, એટલે સમ્યક્ત્વ પણ જાય નહિ. માટે તો એવા સમ્યક્ત્વને ક્ષાયિક સમ્યક્ત્વ અર્થાત્ દર્શન સપ્તકમોહનીય-કર્મના અત્યંત ક્ષયથી જન્મનારું સમ્યક્ત્વ કહે છે.

પ્ર. - દર્શનસપ્તક મોહનીય કર્મ એટલે ?

ઉ. - દર્શનસપ્તકમાં મોહનીય કર્મના ૨૮ પ્રકારમાંથી આ સાત પ્રકાર આવે છે, - ૩ દર્શન મોહનીય અને ૪ અનંતાનુબંધી કષાયો. ત્રણ દર્શન મોહનીયમાં સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય આવે. ચાર અનંતાનુ-બંધીના કષાયમાં ક્રોધ-માન-માયા-લોભ આવે. આ સાત મળીને દર્શન સપ્તક કહેવાય. આ દર્શન સપ્તકનો સર્વથા ક્ષય કરી નાંખ્યો, એટલે હવે

આત્માના સિલકમાં મિથ્યાત્વકર્મ લેશમાત્ર નથી, એટલે નિશ્ચયથી વેદ્યસંવેદ્યપદ છે. પછી પાપવૃત્તિ થાય જ શી રીતે ? એનો પ્રભાવ છે કે પાપવૃત્તિ થવા જ ન દે, કે જે દુર્ગતિમાં લઈ જાય.

પ્ર. - ઠીક છે. એ નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદનો પ્રભાવ હોય, તો તો પછી વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદનો પ્રભાવ તો કશો જ નહિ ને ?

ઉ. - ના, એવું નથી. વ્યાવહારિક પણ વેદ્યસંવેદ્યપદ જ સુંદર છે, અવેદ્યસંવેદ્યપદ નહિ. અને આ વ્યાવહારિક વેદ્યસંવેદ્યપદનો ય આ પ્રભાવ છે કે જીવ પૂર્વે મિથ્યાત્વ વખતે બાંધેલા પાપકર્મથી કદાચ દુર્ગતિમાં ગયો હોય અને ત્યાં શારીરિક દુઃખ હોય, તો પણ ત્યાં જો એની પાસે **વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત હોય, તો એનો આ પ્રભાવ છે, કે ત્યાં એને માનસિક દુઃખ હોતું નથી, મનથી એ દુઃખી નથી.** મનથી એને દુઃખ લાગતું નથી.

પ્ર. - શરીરપર જુલ્મની ઝડીઓ વરસતી હોય, ને મનથી દુઃખ ન લાગે એ કેમ બને ?

ઉ. - એ આ રીતે બને, કે જેવી રીતે કોરડું મગ કે કોરડું તંદુલ (ચોખા) ગમે તેટલા ઉકળતા પાણીમાં બફાય, છતાં એ સીઝે જ નહિ, એનામાં પાક નથી થતો, એનામાં બીજા મગ કે ચોખા જેવી નરમાશ નથી આવતી. એમ અહીં વેદ્યસંવેદ્યપદ અને સમ્યક્ત્વવાળો જીવ ગમે તેટલા દુઃખમાં રીબાય, છતાં એના હૃદયમાં દુઃખથી પીગળી જવાપણું નથી આવતું. દુઃખમાં દુઃખ જેવું કશું લાગતું નથી. એનું કારણ એ છે કે સમ્યક્ત્વ-શ્રદ્ધામાં કર્મતત્ત્વપર એટલી બધી જવલંત શ્રદ્ધા છે, કે એ દુર્ગતિના દુઃખોમાં જવાબદાર પોતાનાં કર્મ અને કર્મમાં કારણભૂત પોતાનાં પૂર્વનાં દુષ્કૃત પર નજર જાય છે. અને એ દુષ્કૃતોનો સંતાપ થાય છે, દુઃખોનો નહીં. **સમકિતીના હૈયે દુઃખોનું દુઃખ નહીં, પણ દુષ્કૃતોનું દુઃખ રહે છે. સમજે છે દુઃખોને શું રોવાં, મૂળનાં દુષ્કૃતને રોવાં જોઈએ. દુઃખને રોવા જતાં એને કાઢવા નવાં દુષ્કૃત આચરવાનું મન થશે, ત્યારે દુષ્કૃતોને રોતાં નવા દુષ્કૃત આચરણ અટકે...**

નરકમાં મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં આ મોટો ફરક, કે મિથ્યાદૃષ્ટિ દુઃખને રૂએ. તેથી નરકનો બીજો જીવ એનાપર શસ્ત્રનો ઘા કરે, તો એના દુઃખથી ત્રાસેલો આ જીવ પેલાની સામે શસ્ત્રનો ઘા કરે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના પૂર્વ દુષ્કૃતને રોનારો હોય છે. હાય, પૂર્વે મેં કેવા દુષ્કૃત આચર્યા કે આ પીડા આવી, એમ પીડા આપનારની સામે ન જોતાં - પીડામાં એને જવાબદાર ન માનતાં એનાપર દ્વેષ કરવાની જરૂર એને લાગતી નથી, પણ પોતાનાં દુષ્કૃતોને જ જવાબદાર માનવાથી દ્વેષ-ધિક્કાર એ દુષ્કૃતો પ્રત્યે અને દુષ્કૃત આચરનાર પોતાના આત્માપ્રત્યે છૂટે છે.

ભયંકર દુઃખમાં પણ આ કેવીક જાગૃતિ ! એનું કારણ વેદ્યસંવેદ્યપદ અને સમ્યક્ત્વનો પ્રકાશ પ્રગટ્યો છે. અવેદ્યસંવેદ્યપદ એનાથી જુદું જ છે, એ કાંઇ સુંદર નથી. કેમકે એમાં સર્વજ્ઞે કહેલા હેય-ઉપાદેયનો ને હિત-અહિતનો વિવેક જ નથી. ત્યારે **મનુષ્યજન્મની વિશેષતા હોય ને સફળતા હોય તો આ હેય-ઉપાદેય તથા હિત-અહિતના વિવેકથી અને હેય-ઉપાદેયના ત્યાગ તથા હિત-ઉપાદેયની પ્રવૃત્તિથી જ છે.** એજ જો જીવનમાં ન આવ્યું તો જીવનમાં શી સુંદરતા આવી? શી સફળતા થઈ ?

યદાહ-

अवेद्यसंवेद्यपदमपदं परमार्थतः ।
पदं तु वेद्यसंवेद्यपदमेव हि योगिनाम् ॥७२॥

अवेद्यसंवेद्यपदमिति-मिथ्यादृष्ट्याशय-स्थानम्, अत एवाह **अपदं परमार्थतः** यथावस्थित-वस्तुतत्त्वाऽनापादनात्। **पदं** तु-पदं पुनः, वेद्यसंवेद्य-

पदमेव वक्ष्यमाणलक्षणमन्वर्थयोगादिति ॥७२॥

ટીકાર્થ : કારણ કહે છે.

ગાથાર્થ : અવેદ્યસંવેદ્યપદ (આશયસ્થાન) એ તત્ત્વથી પદ (શુભાશુભસ્થાન) જ નથી. પદ તો યોગીઓના વેદ્યસંવેદ્યપદ જ કહેવાય.

ટીકાર્થ : અવેદ્યસંવેદ્યપદ એ મિથ્યાદૃષ્ટિનું (અશુભ) આશયસ્થાન છે. એટલા જ માટે કહે છે કે (એ) અપદ છે, પરમાર્થથી (તાત્ત્વિકરૂપે) પદ જ નથી. કેમકે એ યથાવસ્થિત વસ્તુતત્ત્વનું પ્રતિપાદન નથી કરતું. પદ તો વેદ્યસંવેદ્યપદ કે જેનું લક્ષણ આગળ પર કહેવાના છે તે છે. કારણ કે એમાં શબ્દાર્થ ઘટે છે.

વિવેચન : અવેદ્યસંવેદ્યપદ એ મિથ્યાદૃષ્ટિ જીવનું આશયસ્થાન છે. આશય એ ચિત્તનો અભિપ્રાય છે, અધ્યવસાય છે, પરિણામ છે. એ જુદા જુદા પ્રકારના હોય. એ દરેક પ્રકાર આશય-સ્થાન કહેવાય. મિથ્યાદૃષ્ટિ જીવનો આશય એવો છે કે જેમાં વેદ્યસંવેદકપણું નથી. એટલે એ અ-વેદ્યસંવેદ્યપદ કહેવાય. અહીં 'પદ' કહ્યું તે ઓળખાણ પૂરતું, પણ પરમાર્થથી એટલે કે તાત્ત્વિક રીતે જોતાં એ પદ નથી અ-પદ છે. કારણ એ છે, કે એ મિથ્યાદૃષ્ટિનું મલિનઆશયસ્થાન વાસ્તવિક વસ્તુતત્ત્વનું સ્થાપન નથી કરતું. પદ એ ગૌરવભર્યો શબ્દ છે, એ જે તે સ્થાનને ન લગાવાય; કિન્તુ પ્રશસ્તસ્થાનને લગાવાય. એવું ગૌરવવંતુ પદ વેદ્યસંવેદ્યપદ કહેવાય. 'વેદ્યસંવેદ્યપદ' શબ્દ જ એવો છે, કે એ પદમાં અર્થાત્ એ આશયસ્થાનમાં શબ્દનો અર્થ ઘરી શકે છે. કહો કે આ શબ્દ આ પવિત્ર આશયને લઈને સાન્વર્થ બને છે. જગતમાં દેખાય છે, કે કેટલાક શબ્દ ખાલી ખોખા જેવા શબ્દરૂપ હોય છે. એ શબ્દની વસ્તુમાં એનો પદાર્થ ન દેખાય. દા.ત. ભાઈ ઉતાવળિયા અને ઉગ્ર પ્રકૃતિના હોય, પણ નામ હોય શીતલચંદ; તો અહીં શબ્દ એના અર્થવાળો ન બન્યો, સાન્વર્થ ન બન્યો. એવું અહીં 'વેદ્યસંવેદ્યપદ' શબ્દમાં નથી, આ શબ્દ તો સાન્વર્થ છે. તો એનો શો અર્થ છે ? એ હવે આગળ ૭૩મી ગાથામાં કહે છે, -

'વેદ્યસંવેદ્યપદ' નો અર્થ

तथा चाह-

वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् ।
तथाऽप्रवृत्तिबुद्ध्यापि स्त्र्याद्यागमविशुद्धया ॥७३॥

वेद्यं-वेदनीयं वस्तुस्थित्या तथाभावयोगि-सामान्येनाविकल्पकज्ञानग्राह्यमिति योऽर्थः, **संवेद्यते**-क्षयोपशमानुरूपं निश्चयबुद्ध्या विज्ञायते, **यस्मिन्पदे**-आशयस्थाने किं विशिष्टमित्याह-**अपायादि-निबन्धनं**-नरकस्वर्गादिकारणम् स्त्र्यादि **तथा**-तेन प्रकारेण येन सामान्यानुविद्धं **अप्रवृत्तिबुद्ध्यापि**-तदुपादानत्यागाशयात्मिकया संवेद्यते, **स्त्र्यादि** वेद्यं **आगमविशुद्धया**-श्रुतापनीतविपर्ययमलया। प्रधान-मिदमेव बन्धकारणं प्रेक्षावतामपीति स्त्र्यादिग्रहणम् ॥७३॥

तत्पदं साध्वस्थानाद्भिन्नग्रन्थ्यादिलक्षणम् ।
अन्वर्थयोगतस्तन्त्रे वेद्यसंवेद्यमुच्यते ॥७४॥

तत्पदमिति पदनात् पदं-आशयस्थानं **साध्व-वस्थानात्**-परिच्छेदात् सम्यगवस्थानेन, **भिन्न-ग्रन्थ्यादिलक्षणं**-भिन्नग्रन्थिदेशविरतिरूपं किमि-त्याह-**अन्वर्थयोगतः**-अन्वर्थयोगेन, **तन्त्रे**-सिद्धान्ते **वेद्यसंवेद्यमुच्यते**-वेद्यं संवेद्यतेऽनेनेति कृत्वा ॥७४॥

ટીકાર્થ : અને તે પ્રમાણે કહે છે.

ગાથાર્થ : (૭૩) જે (પદ-આશય સ્થાન) માં સ્ત્રીવગેરે વેદ્ય (જ્ઞાતવ્ય વસ્તુ) અપાયાદિનું કારણ છે એવું (ત્યાગ-આદરની) પ્રવૃત્તિ વિનાની પણ આગમવિશુદ્ધ બુદ્ધિથી જણાય (૭૪) તે પદ ને શબ્દપ્રમાણે અર્થનો યોગ હોવાથી શાસ્ત્રમાં વેદ્યસંવેદ્યપદ કહે છે, ને તે સમ્યક્ સ્થિતિવાળું હોવાથી ભિન્ન ગ્રન્થિક આદિ સ્વરૂપ છે.

ટીકાર્થ : (૭૩) વેદ્ય=વેદનીય જ્ઞાતવ્ય, અર્થાત્ વસ્તુસ્થિતિએ તેવા ભાવયોગી (સામાન્યથી) દ્વારા (કોઇ જ બીજા) વિકલ્પ વિનાના જ્ઞાનથી જાણવા યોગ્ય જે પદાર્થ, 'સંવેદ્યતે' અર્થાત્ (પોતાના) ક્ષયોપશમ પ્રમાણે નિશ્ચય-બુદ્ધિથી જણાય છે, 'યસ્મિન્ પદે' = જે આશય સ્થાનમાં, કેવા ? તો કે 'અપાયાદિ નિબન્ધનં' અર્થાત્ નરક-સ્વર્ગાદિના કારણભૂત સ્ત્રી-ગુરુ વગેરે, 'તથા' અર્થાત્ તેવા પ્રકારેથી - સામાન્ય-રૂપથી (એ અપાયાદિનાં કારણ તરીકે વેદન થાય), 'અપ્રવૃત્તિ બુદ્ધ્યાપિ' અર્થાત્ તેનું ગ્રહણ કે ત્યાગ કરવાના આશયસ્વરૂપ બુદ્ધિથી પણ સંવેદન થાય; 'સ્ત્રીઆદિ' વેદ્ય, 'આગમવિશુદ્ધ્યા' અર્થાત્ શાસ્ત્રથી દૂર કરાયેલ વિપર્યાસ-ભ્રમરૂપી મળના અભાવવાળી (બુદ્ધિથી) અહીં 'સ્ત્રીવગેરે' કહ્યું એનું કારણ વિચારપૂર્વક કાર્ય કરનારને પણ એ જ કર્મબંધનું મુખ્ય કારણ છે.

ટીકાર્થ : (૭૪) 'તત્પદં' પદનથી 'પદ' કહેવાય, એનો અર્થ આશયસ્થાન 'સાધ્ધવ-સ્થાનાત્' અર્થાત્ જ્ઞાનથી સારીરીતે સ્થિરતા હોઈને, ભિન્નગ્રન્થિવગેરે લક્ષણ અર્થાત્ ગ્રન્થિ-ભેદવાળા તથા દેશવિરતિસ્વરૂપ, કેમ ? તો કે 'અન્વર્થયોગતઃ' અર્થાનુસારી શબ્દના પ્રયોગથી 'શાસ્ત્રે' સિદ્ધાન્તમાં 'વેદ્યસંવેદ્ય' કહેવાય છે, વેદ્યનું આનાથી સંવેદન થાય છે એટલા માટે.

વિવેચન : હવે અહીં શાસ્ત્રકાર 'વેદ્યસંવેદ્ય-પદ' ની વ્યાખ્યા કહે છે. 'વેદ્યસંવેદ્યપદ' એ હૃદયના અનેક આશયોમાંનું-આશયસ્થાનોમાંનું એક આશયસ્થાન છે, જેમાં વેદ્યનું સંવેદન થાય છે. અહીં વેદ્ય એટલે હૈયાને વેદનીય-સંવેદનીય, ભાવયોગી સામાન્યથી વસ્તુસ્થિતિએ નિશ્ચિતરૂપે સંવેદન કરવા યોગ્ય પદાર્થ. એ પદાર્થ કયા ? તો કે સ્ત્રીવગેરે જે અપાય (અનર્થ) આદિનાં કારણ છે. આમાં ભાવયોગી સામાન્ય એટલે દરેકે દરેક ભાવયોગી. અર્થાત્ **જેમણે ગ્રંથિભેદ કર્યો છે, માટે જ જે સર્વજ્ઞનું શરણું લે છે, સર્વજ્ઞના શાસ્ત્ર-આગમે બતાવેલ અપાય કે કલ્યાણનાં કારણનો સ્વીકાર કરી મોક્ષયોગની સાધના કરે છે, તે ભાવયોગી કહેવાય.** એ પોતાની બુદ્ધિને સર્વજ્ઞના આગમથી પરિશુદ્ધ કરે છે, અર્થાત્ સર્વજ્ઞના આગમે દર્શાવેલ અપાયસાધનો અને કલ્યાણ સાધનોને પોતાની બુદ્ધિમાં બરાબર નિર્ણયાત્મકરૂપે બેસાડી દે છે.

એટલે જ પછી, આગમે સ્ત્રી, ધન, હિંસાદિને નરકાદિ અપાયોનાં કારણ તરીકે ઓળખાવ્યા; તો પોતાની બુદ્ધિમાં પણ વસ્તુસ્થિતિએ એ એમ જ છે, એવું કોઇ જ વિકલ્પ-વિતર્ક-સંદેહ વિના નિશ્ચિતરૂપે ઠસાવી દીધું હોય. એમ પરમાત્મા, ગુરુ દાન-શીલ-તપ-અહિંસા વગેરે એ કલ્યાણનાં સાધન છે, એ બુદ્ધિને નિશ્ચિતરૂપે ઠસાવી દીધું હોય.

અનાદિની રાગદ્વેષની નિબિડ ગાંઠ ભેદ્યા વિના અર્થાત્ ગ્રંથિભેદ કર્યા વિના, મોક્ષયોગના સાધક 'ભાવયોગી' બનાય નહિ. દા.ત. વીતરાગ દર્શન અને ભાવાચાર્યની ભક્તિ એ મોક્ષયોગ છે, એને સાધે તો ખરો, પરંતુ એણે ગ્રંથિભેદ ન કર્યો હોય, તો એ યોગસાધક યોગી તો ખરો, પરંતુ દ્રવ્યયોગી છે. ત્યારે સર્વજ્ઞ શ્રીજિનેશ્વર ભગવંતે કહેલ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિ-કરણના શુભઅધ્યવસાય ઊભા કરીને ગ્રંથિભેદ જેમણે કર્યો છે, એ યોગસાધક ભાવયોગી કહેવાય.

આવા ભાવયોગી આગમશુદ્ધબુદ્ધિથી અપાયના હેતુ સ્ત્રીવગેરે અને કલ્યાણના હેતુ વીતરાગવગેરેને આગમશુદ્ધબુદ્ધિથી વસ્તુસ્થિતિએ નિશ્ચિત કરનારા હોય છે. આ પદાર્થો અહીં 'વેદ્ય' તરીકે લેવાના છે. પોતાનો આંતરિક આશય એ પદાર્થો પ્રત્યે એવા રૂપનો ઘડાઈ ગયો હોય. દા.ત. સ્ત્રી એટલે કર્મબંધનું પ્રધાન કારણ, જેમાંથી પછી

નરકાદિ દુર્ગતિમાંના અપાય-અનર્થ-દુઃખો ઊભા થાય; તો સ્ત્રીપ્રત્યે પોતાનો આંતરિક આશય-સંવેદન હેયતાનું-ત્યાજ્યતાનું બની ગયું હોય. એનાપ્રત્યે હૈયાના ઊંડાણમાં અરુચિ-અભાવ-ગ્લાનિનો ભાવ હોય. પૂછો, -

પ્ર. - તો શું સ્ત્રી સુશીલ વિનયવાન ધર્માત્મા અને ધર્મપ્રેરક હોય, તો એ પણ નરકાદિનું કારણ? એના પ્રત્યે ય અરુચિ-અભાવ ગ્લાનિ ?

ઉ. - અહીં 'સ્ત્રી' એટલે સ્ત્રીનું શરીર સમજવાનું છે, સ્ત્રીનો આત્મા નહિ. માટે તો 'નારી નરકની દીવડી' નારી નરકની ખાણ' એવા વચન મળે, તે નારીશરીરના હિસાબે સમજવાના છે. આવું કહેવામાં કાંઇ નારીની નિંદા નથી કરી, પરંતુ નારી-શરીરની ઓળખ કરાવી છે, અને વસ્તુસ્થિતિએ જોઇએ, તો દેખાય છે કે 'નારી' શબ્દ સંભળાતા કે નારીપર દૃષ્ટિ પડતાં નારીનો આત્મા કોણ જુએ છે ? એનું શરીર જ લક્ષમાં આવે. અને એ શરીર મોટા બુદ્ધિશાળીઓ-વિચારકમાટે પણ ભાવ ભુલાતાં વિહ્વળતાનું કારણ બને છે.

લોકમાં કહેવાય છે કે **વ્યાસઋષિએ** મહાભારતગ્રંથની રચના કરીને **પારાશરઋષિને** તપાસી જવા આપ્યો. પારાશર ઋષિએ જોઇ તપાસી કહ્યું : **बलवानिन्द्रियग्रामः पण्डितानपि पीडयेत्।** ઈંદ્રિયસમૂહ બળવાન છે, એ પંડિતોને પણ પીડે. આ લીટી પર લીંટો મારો (ભૂંસી નાખો) કેમકે જે પંડિત છે, વસ્તુતત્ત્વનો-ઈંદ્રિયોના દુર્ગતિદાયિત્વ તત્ત્વનો જાણકાર છે, એને ઈંદ્રિયો શું કરી શકે ?

વ્યાસ કહે 'આપણે થોડો સમય વિચાર કરીએ. પછી જોઇશું' ભલે ! થોડા દિવસ બાદ વ્યાસે મંત્રશક્તિથી પોતે એક યુવાન બાળાનું રૂપ લીધું. એ પારાશરઋષિની ઝુંપડીની નજીક વરસતા વરસાદમાં 'બચાવો, બચાવો ! મરી ગઇ,' એમ ચીસ પાડી પડી જમીનપર. ઋષિ દોડતા આવ્યા. બાળા કરુણ કલ્પાંત કરે છે, ઓ મારા સ્વામિનાથ! તમે ક્યાં ગયા ?....

ઋષિ પૂછે બાળા ! તું કોણ છે ? અહીં ક્યાંથી આવી ? તારા પતિ ક્યાં છે ? બાળા રોતી રોતી કહે 'શું કહું તમને ? હું રાજકુમારની પત્ની છું, અમે રસ્તો ભૂલ્યા, જંગલમાં વાઘ દેખાયો. અમે ભાગ્યા, છૂટા પડી ગયા, હાય, ! મારા સ્વામીનું શું થયું હશે ? હે ભગવાન !'

ઋષિ એનું બાવડું ઝાલી ઊભી કરે છે, ઝુંપડીમાં લઇ જઇ સુવાડે છે, પોતાનું વ્યાઘ્રચર્મ ઓઢાડે છે. પણ એ તો અડધું શરીર ઢાંકે, તેથી બાળાના પગ થરથર ધ્રુજી રહ્યા છે. ને એ હાય ને વોય કરે છે. ઋષિ દયાથી પીગળી ગયા, તે હવે એના પગ દાબવા બેસે છે. એમાં બાળાનાં ભીનાં કપડાવાળાં શરીરઅંગો અને એનું સૌંદર્ય જોઇ પીગળેલા, એમાં વળી કરુણરૂદન સાંભળી વધુ પીગળેલા, આગળ વધીને એનું બાવડું ઝાલી અનુભવેલા સુકોમળ સ્પર્શથી અને હવે સૂતેલી અવસ્થામાં ભીના કપડામાં થતા શરીરદર્શનથી તેમજ સુંવાળા પગના સ્પર્શથી ઋષિને ગિલ ગિલિયા વધ્યાં, તે ઢીંચણ ઉપરના સ્પર્શથી વાસના સતેજ થઇ ગઇ, ને જેવા એને ભેટવા જાય છે, કે તરત વ્યાસે બાળારૂપ છોડી દઇ મૂળરૂપે બેઠા થઇ ઋષિની સામે જોયું. ઋષિની મજાલ હતી કે ઊંચે મોઢે જોઇ શકે ? વ્યાસે પૂછ્યું - 'બોલો મહર્ષિ, પેલી લીટી ભૂંસી નાખવી છે ?'

ઋષિ કહે 'રહેવા દો. તમે તો ભારે કરી. તમારી ક્ષમા માંગુ છું.'

વાત આ હતી, સ્ત્રીશરીર રાગ કરાવી મહા-અનર્થકારી કર્મબંધનું કારણ બને છે, સ્ત્રીશરીર જ નહિ, પણ એનો પડછાયો પણ અનર્થકારી છે. એ ય જોવા જેવો નહિ. તાત્પર્ય સ્ત્રીઆદિ એ મહા-

આશ્રવ છે, એ નરકાદિનાં કારણ છે, એની સામે સંવર એ કલ્યાણ-સ્વર્ગ-મોક્ષનાં કારણ છે. ભાવયોગીએ આશ્રવત્યાગ અને સંવર-આદરમાં પ્રવૃત્તિનો આશય ન પણ કર્યો હોય, તો ય આગમશુદ્ધબુદ્ધિથી એ જે સ્ત્રી વગેરે આશ્રવનું અને વીતરાગદર્શનાદિ સંવરનું કોઇ વિકલ્પ વિના નિશ્ચિતપણે અપાય-કલ્યાણના કારણ તરીકે અને હેય-ઉપાદેય તરીકે દિલમાં વેદન-સંવેદન કરે, એ 'વેદ્ય' કહેવાય. અહીં આગમશુદ્ધબુદ્ધિ કહેવાનું કારણ એકે અત્યાર સુધી જિનાગમના સહારા વિના માનસિકઆશયોમાં ભ્રાન્તિ-વિપર્યાસ વગેરેના કચરા ભળવાથી આશયો મલિન રહ્યા હોય, તે કચરા-મળ હવે જિનાગમના સહારાથી દૂર થઇ જાય, એટલે આશય-બુદ્ધિ નિર્મળ બની જવાથી એનાથી વસ્તુતત્ત્વનું યથાર્થ વેદન-સંવેદન થાય. આ સંવેદન ભાવયોગીને પોતાના જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય આદિ કર્મોના ક્ષયોપશમ પ્રમાણે થાય. પરંતુ તે બરાબર નિર્ણયાત્મક થાય. **હૈયું બોલે - અપાયકારણ સ્ત્રીઆદિ આશ્રવ તે હેય જ, સંવર-આત્મ કલ્યાણ તે ઉપાદેય જ.**

આમાં અપાય કારણ તરીકે સ્ત્રી આદિ લીધા એનું કારણ એ કે એ પ્રેક્ષાપૂર્વકારી અર્થાત્ વિચાર પૂર્વક કાર્ય કરનારા પંડિતોને પણ કર્મબંધનું મુખ્ય કારણ બને છે. આમ ભાવયોગીને આગમ-શુદ્ધબુદ્ધિથી સ્ત્રીઆદિ જે વેદ્ય પદાર્થો છે, તેનું કોઇ પણ પ્રકારના વિકલ્પ-સંશય વિના હેય અને ઉપાદેયતરીકેનું સંવેદન થાય, એવા હાર્દિક આશયનાં સ્થાનનું નામ વેદ્યસંવેદ્યપદ છે, ને એ ભિન્નગ્રન્થિકતા તથા દેશવિરતિરૂપ છે. કેમકે એમાં વેદ્યસંવેદ્યપદના શબ્દનો અર્થ ઘટે છે. અહીં સવાલ થાય,

પ્ર. - વેદ્યસંવેદ્યપદમાં દેશવિરતિ લીધી, તો સમ્યક્ત્વ કેમ ન લીધું ? સર્વવિરતિ કેમ ન લીધી ?

ઉ. - વેદ્યસંવેદ્યપદમાં ભિન્નગ્રન્થિકતા લીધી એની અંતર્ગત સમ્યક્ત્વ આવી જ જાય છે, કેમકે અપૂર્વકરણના અધ્યવસાયથી ગ્રંથિ ભેદાયા પછી તરત અનિવૃત્તિકરણદ્વારા અંતરકરણ અને સમ્યક્ત્વના પરિણામ પ્રગટે છે. આમ ગ્રંથિભેદમાં વેદ્યસંવેદ્યપદનું આશયસ્થાન અને સમ્યક્ત્વમાં વેદ્યસંવેદ્યપદનું આશયસ્થાન બેમાં બહુ ફરક નથી. માટે સમ્યક્ત્વ જુદુ ન લીધું, ત્યારે દેશવિરતિનું આશયસ્થાન (અધ્યવસાયસ્થાન) એનાથી ઊંચી કોટિનું હોઇ, એમાં ઊંચા વેદ્યસંવેદ્યપદના અધ્યવસાય છે, માટે 'દેશવિરતિ'નું જુદું ગ્રહણ કર્યું. પરંતુ સર્વવિરતિનું ગ્રહણ એટલા માટે ન કર્યું, કે અહીં વેદ્યસંવેદ્યપદનું આશયસ્થાન સર્વ હેયના ત્યાગ અને સર્વ ઉપાદેયના આદરની પ્રવૃત્તિરૂપ નથી લીધું, એ 'તથાઅપ્રવૃત્તિ બુદ્ધ્યાપિ' કથનથી સમજાય એવું છે. એટલે સર્વવિરતિનો એવા વેદ્ય-સંવેદ્યપદમાં સમાવેશ ન થાય.

આવા **વેદ્યસંવેદ્યપદની બલિહારી છે**. એમાં આત્માનું એવું ઊર્ધ્વીભવન થયું છે, કે હવે અનાદિની પુદ્ગલદૃષ્ટિ, મોહદૃષ્ટિ અને કુમતદૃષ્ટિ તદ્દન મુકાઇ ગઇ છે અને સદ્જ્ઞાનદૃષ્ટિ એવી જાગી ગઈ છે, કે જિનોક્ત હેય-ઉપાદેયરૂપી જે વેદ્ય એનાં સંવેદનમાં એના અંગે નિર્ણયાત્મક સ્થિતિ ઊભી થઇ ગઇ છે. એટલે હવે એને સ્ત્રી, ધન વગેરે અત્યંત હેય ત્યાજ્ય લાગે છે, તે એવા ત્યાજ્ય લાગે, કે એમાં એ નિશ્ચિતરૂપે નરકના દરવાજા દેખે છે. ત્યારે તો એ હેયના સંગમાં એના હૈયામાં ભારે ભય-ફફડાટ ગ્લાનિ રહે છે, એમ ઉપાદેય કોઇ પણ સંયોગમાં અત્યંત આદરણીય લાગે છે. અર્થાત્ મોટી તકલીફ આવી-કષ્ટ આવ્યું, ત્યારે પણ ઉપાદેય એ ઉપાદેય જ, કર્તવ્ય એ કર્તવ્ય જ. દા.ત. ગુરુતરફથી હિતશિક્ષા મળે એ ઉપાદેય-સારી જ લાગે છે, પછી કદાચ તતડાવીને કે ઉતારી પાડીને

હિતશિક્ષા આપે તો ય ગ્રાહ્ય જ લાગે. જો આ ન રાખ્યું હોત તો **ચંડરુદ્રાચાર્ય**ના શિષ્ય કેવળજ્ઞાન ન પામત. લોચવાળા માથે ડંડા ખાવા છતાં ગુરુના શિક્ષા વચન વધાવી લીધાં તો કેવળજ્ઞાન પામ્યા. ૫૦૦ શિષ્યોએ પાલક પાપીની ઘાણીમાં પીલાઈ મરવાની પીડા છતાં ગુરુ **ખંધકસૂરિજી**ની હિત-શિક્ષા વધાવી લીધી, તો કેવળજ્ઞાન પામ્યા. **ગમે તે સંયોગમાં-કષ્ટમાં પણ ઉપાદેય તે ઉપાદેય જ.** વેદ્યસંવેદ્યપદનો આ પ્રભાવ છે, હેય અને ઉપાદેય પ્રત્યે દિલ જ એવું બની ગયું છે, કે સહજભાવે હેયપ્રત્યે ત્યાગરુચિ- ત્યાગનું વલણ અને ઉપાદેયપ્રત્યે આદરરૂચિ- આદરનું વલણ રહે. અલબત્ એ માટે જાગૃતિ પાકી જોઈએ; **કેમકે જગતવચ્ચેના જીવનમાં આકમક કે પ્રલોભક સંયોગો આવ્યા કરે, તેથી એમાં પેલી સહજ રુચિથી સહજવલણથી ચલિત ન થઈ જવાય. આ સમ્યક્ત્વની જાગૃતિ છે, જેમકે સંયમ-જીવનમાં સંયમભાવની પળોપળની જાગૃતિ જોઈએ છે. ગમે તેવા કષ્ટના આકમણ આવો કે પ્રલોભનો આવો, પરંતુ અહિંસાનો ભાવ, સત્યનો ભાવ, વગેરે ન ચુકાય.**

૫૦૦ મુનિઓએ આ જાગૃતિ અખંડ રાખી તો ઘાણીમાં પીલાતા મોક્ષ પામી ગયા. ત્યારે ગુરુ ખંધકસૂરિ જે એ પાંચસોને સંયમની જાગૃતિ આપી રહ્યા હતા, કહી રહ્યા હતા કે 'જો જો જાગતા રહેજો આ પાલક તો તમારો શત્રુ નહિ, પણ ઉપકારક મિત્ર છે, તમારા આત્મામાં ઊભા રહી ગયેલ આ તીવ્ર અશાતાનાં કર્મનો હવે નીકાલ કરી દેવામાં સહાયક ઉપકારક થઈ રહ્યો છે, એનાપર દ્વેષ નહિ-વાત્સલ્ય વહેવડાવજો, આવું કહેનારા પોતે પોતાના વખતે જાગૃતિ ચુક્યા, તો સંસારમાં અટવાઈ ગયા.

જાગૃતિનું મહામૂલ્ય છે. ખાનપાનાદિ અનુકૂળ વાપરે, પરંતુ જો એને હેય સંવેદવામાં જાગૃત હોય, તો સમકિત નહિ જાય, પરંતુ જો જાગૃત ન રહી અનુકૂળની ઘૃણાને બદલે આદર કરે અર્થાત્ અનુકૂળ પ્રત્યેની ત્યાજ્ય બુદ્ધિ ગુમાવે, તો સમકિત જાય. એવું પ્રતિકૂળને સહન કરી શકે અને તેથી એનો પ્રતિકાર કરે, પરંતુ જો સહી લેવા યોગ્ય તરીકે સંવેદવામાં અને ઘૃણા ન કરવામાં જાગૃત હોય, તો સમકિત નહિ જાય, પરંતુ જો પ્રતિકાર્ય સમજી ઘૃણા કરે અર્થાત્ સહી લેવા યોગ્ય તરીકે સંવેદવામાં જાગૃત ન હોય, તો સમકિત જાય.

તાત્પર્ય, **અંતરમાં હેયપ્રત્યે ઘૃણા અને ઉપાદેય પ્રત્યે આદર ઝગમગતો રહેવો જોઈએ.** એટલે, મોટા મોટા પાપ તો ત્યાજ્ય લાગે, એના પ્રત્યે ઘૃણા હોય, પરંતુ જ્ઞાનીઓએ ઓળખાવેલ નાનાં નાનાં પાપ પ્રત્યે પણ ઘૃણા જોઈએ. દા.ત. સાધુને હિંસા-જૂઠ વગેરે પ્રત્યે તો ઘૃણા ખરી, પરંતુ વિકથા, કુથલી, ડાફોળિયા, ઠઠ્ઠા-મશ્કરી વગેરે પ્રત્યે પણ ઘૃણા જોઈએ.

જગતમાં વેદ્ય જાણવા-સમજવા યોગ્ય છે હેય-ઉપાદેય, હિતકર-અહિતકર, પ્રશસ્ય-અપ્રશસ્ય. એમાં સ્ત્રીવગેરે હેય-અહિતકર-અપ્રશસ્ય તરીકે સમજી રાખવા યોગ્ય છે. કેમકે એ અપાયના હેતુ છે. એની સામે વીતરાગ દેવાધિદેવ-સદ્ગુરુ-અહિંસાદિ સદ્ધર્મ એ ઉપાદેય-હિતકર-પ્રશસ્ય તરીકે સમજી રાખવા યોગ્ય છે. એને એરૂપે હૈયામાં સંવેદે. હૈયાનો આશય હેય-અહિતકરપ્રત્યે ઘૃણાનો, અને ઉપાદેય- હિતકર પ્રત્યે આદરનો હોય, તો એ આશયસ્થાન વેદ્ય-સંવેદ્યપદ છે. આમાં સ્ત્રીવગેરે હેય એટલા માટે, કે એ સહેજ મનમાં પણ આવે, ત્યાં રાગનો સંક્લેશ ઊભો થાય છે. તત્ત્વવિચારણાથી વિશુદ્ધિ ચાલતી હોય, એ ખંડિત થઈ રાગની મલિનતા સરજાય છે. પાપક્ષયને બદલે પાપબંધ ચાલુ થાય છે. પ્રશસ્ય-વસ્તુ અને અપ્રશસ્ય વસ્તુ વચ્ચે આ મોટો તફાવત

છે. પ્રશસ્ય વીતરાગ ભગવાનનો ફોટો જુઓ, એટલે મનમાં ભગવાનના વૈરાગ્ય-ઉપશમ-ઉદાસીનતા વગેરે આવશે, એના બદલે અપ્રશસ્ય વેશ્યા જેવા વેષવાળી સ્ત્રીનો ફોટો જુઓ, તો મનમાં રાગ-આસક્તિ-ઉન્માદ ઊભા થશે. કહે છે 'મૂર્તિ જડ છે, એનું કશું મહત્ત્વ નથી', પરંતુ પ્રભુ કે સ્ત્રીનો મૂર્તિ-ફોટો જોતાં જ અંતરમાં ઊઠતા પ્રશસ્ત-અપ્રશસ્ત યાને શુભ-અશુભ ભાવને લક્ષમાં લે, તો મૂર્તિ-ફોટાનું મહત્ત્વ સમજાય.

જેમ ભાવનું મહત્વ, એમ એના આલંબનનું મહત્ત્વ છે.

માટે તો માલ-મેવાનો ત્યાગ અને લુખ્ખા આહારનો આદર કરવામાં આવે છે. નહિતર માલ મેવા ય જડ પદાર્થ છે, ને લુખ્ખો આહાર પણ જડ પદાર્થ છે, તો એક ત્યાજ્ય અને બીજો આદરણીય કેમ ? કહો, માલ-મેવાના આલંબને રાગ-આસક્તિના સંક્લેશ જાગે છે, લુખ્ખાના આલંબને એવા સંક્લેશથી બચાય છે. માટે એક ત્યાજ્ય બીજો આદરણીય. એવો જ સ્ત્રીની મૂર્તિ અને વીતરાગની મૂર્તિવચ્ચે ફરક છે. એટલે જ રાગ-ઉન્માદના સંક્લેશ અટકાવી વૈરાગ્ય-ઉપશમાદિના પવિત્ર ભાવ જગાડનારી જિનમૂર્તિની નિંદા કરવી, એની પૂજા-ભક્તિ-બહુમાનને અકર્તવ્ય-મિથ્યાત્વપોષક માનવા એ ઘોર અજ્ઞાન અને મહાપાપિષ્ઠ મૂઢદશા છે.

સમજી રાખો, **ઈન્દ્રિયો આત્માની ભાવ શત્રુ છે.** દુનિયાનો દુશ્મન આપણા આત્માનું જે નિકંદન ન કરે, એ નિકંદન આપણી ઇન્દ્રિયો કરે છે. ઇન્દ્રિયોની પરવશતામાં, ઇન્દ્રિયોને વિષયોમાં યથેચ્છ નચાવવામાં જીવ નરક-નિગોદમાં ચાલ્યો જાય છે, માટે ઇન્દ્રિયો એ ભાવશત્રુ છે. પૂછો,-

પ્ર. - એમ તો ઇન્દ્રિયો સાધનામાં લગાવે તો મહાકલ્યાણ પણ સધાવે છે. આંખ ભગવાનની મૂર્તિપર જાય, જીવરક્ષાતરફ જાય, કાન શાસ્ત્ર સાંભળવામાં જાય, નાક પ્રભુની આગળથી દુર્ગંધને પરખી દુર્ગંધ દૂર કરી સુગંધી કરવામાં વપરાય, જીભ કરિયાતુ વગેરે અનિષ્ટને પરખી એને વધાવી લેવામાં વપરાય, એમ જીભ પ્રભુનાં સ્તુતિ-સ્તોત્રો, સૂત્રો-શાસ્ત્રો અને ગુણાનુવાદ બોલવામાં જાય, તો કલ્યાણ પણ થાય છે ને ? તો એને એકાંતે ભાવશત્રુ કેમ કહો છો ?

ઉ. - જો ઇન્દ્રિયોનો મૂળ સ્વભાવ કયો એ જોશો, તો સમજાઇ જશે કે જ્ઞાનીઓ કેમ એને આત્માની ભાવશત્રુ કહે છે. હોંશિયાર વૈદ્ય સોમલ-અફીણને સંસ્કારિત કરી એમાંથી દવા બનાવે, તો એ વર્ષોના દમ કે જીર્ણજ્વરને મટાડી દે છે, એ હિસાબે એ જીવને જીવાડનારુ બન્યું, પરંતુ સામાન્ય રીતે સોમલ-અફીણ કેવા ? તો મારનારા જ કહેવાય છે. કેમકે એનો મૂળ સ્વભાવ મારવાનો છે. હોંશિયાર વૈદ્ય પ્રક્રિયાથી એને ફેરવે એ જુદી વસ્તુ બની ગઇ.

એમ ઇન્દ્રિયો મૂળ સ્વભાવે શત્રુપણાનું જ કામ કરનારી છે. પછી જ્ઞાનીની હોંશિયારીથી એનો સદુપયોગ થાય, એ જુદી વસ્તુ છે. ઇન્દ્રિયો મૂળ સ્વભાવે દેવ-ગુરુ-ધર્મ-ધર્મનાં સ્થાન-સાધના તરફ દોડનારી નહિ, પણ જગતના વિષયો રૂપ-રસ-ગંધાદિ તરફ દોડનારી છે. માટે તો મંદિરમાં વીતરાગની મૂર્તિનાં દર્શન કરતાં હતાં, ત્યાં ઉદ્ભટ્ટ વેષવાળું રૂપનું રમકડું આવી ગયું, તો ઝટ આંખ એનાપર જાય છે, પરંતુ બહારમાં રૂપનાં રમકડાં જોતાં ત્યાં વીતરાગનો ફોટો આવી ગયો, તો એના પર દૃષ્ટિ જઇને ઠેરતી-ઠરતી નથી. મૂળમાં ઇન્દ્રિયોનો કુદરતી પ્રવાહ વિષયો તરફ રહે છે.

પ્ર. - તો પછી કુદરતી પ્રવાહ વહેતો રહે, એમાં શો વાંધો ?

ઉ. - એમ તો દુર્જનોનો કુદરતી પ્રવાહ

દુષ્ટતા-દુર્જનતા કરવા તરફ હોય છે. ચોરનો કુદરતી પ્રવાહ ચોરી કરવા તરફ હોય છે, તો શું એમાં વાંધો નહિ ? એમને એમ કરવા દેવું ? સમજી જ રાખવાનું કે ઇન્દ્રિયો દુષ્ટ છે, દુર્જન છે, એનો મનગમતા વિષયોતરફ કુદરતી પ્રવાહ વહેતો ન રખાય. ઇન્દ્રિયો ધુતારી છે, જીવને વિષયોનું કૃત્રિમ સુખ દેખાડી અહીં ભુખારવો અને ભિખારી બનાવે છે. જ્યાં ને ત્યાં જીવને વિષયોની ભીખ મંગાવે છે, પછી એ મળતાં એના સુખમાં લયલીન એવો કરે છે, કે પોતાના આત્માની કશી જ શુધબુધ નહિ. કવિ પ્રભુ કહે છે,

''નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો,
કાજ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો;
શુધ બુધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો.''

બધું ચક્ષુ-ઇન્દ્રિયનાં પાપે. એનો કુદરતી પ્રવાહ જ રૂપતરફ. એમ કાનનો કુદરતી પ્રવાહ સંગીત-પ્રશંસા-સન્માનના શબ્દ સાંભળવા તરફ. જીભનો કુદરતી પ્રવાહ રસના ચટકા ચાખવા તરફ... આનું પરિણામ ? જીવને એકેન્દ્રિયપણામાંથી છૂટી ઉપર બેઇન્દ્રિયપણું તેઇન્દ્રિયપણું વગેરે પસાર કરી અહીં પંચેન્દ્રિય માનવપણામાં ચડતાં તો યુગના યુગ વીત્યા હશે; પરંતુ આ મહાધુતારી ઇન્દ્રિયો જીવને અહીંથી સીધાં એકેન્દ્રિયપણામાં એક ક્ષણમાં ઉતારી દેવા સમર્થ છે ! એવી ઇન્દ્રિયો ભાવશત્રુ નહિ, તો બીજું શું ? આમ છતાં આગમ શુદ્ધબુદ્ધિ બતાવીએ, તો આ જ ઇન્દ્રિયોની ભ્રાન્તિ-વિપર્યાસ કે 'આ વિષયથી આમ સુખ લઉં ને પેલા વિષયથી તેમ સુખ લઉં' એ ભ્રમણાનો મળ હટી જાય. પૂછો, -

પ્ર. - ઇન્દ્રિયના વિષયસંયોગથી સુખ થાય છે. એ તો અનુભવસિદ્ધ છે, એમાં વિપર્યાસ-ભ્રમ શાનો ?

ઉ. - વિપર્યાસ આ, કે એ સુખ સ્થાયી નથી. તેમજ વાસ્તવિક સુખ નથી, પણ કામચલાઉ દુઃખ-નિવૃત્તરૂપ છે, સુખાભાસ છે. એટલું જ નહિ, પણ ભવભ્રમણનું કારણ છે, અનંત દુઃખનું કારણ છે. ભવભ્રમણના કારણ અને અનંત દુઃખનાં કારણરૂપ વિષયસુખને, વિષયોને, અને ઇન્દ્રિયોને સુખ-શાંતિનું કારણ માનવું એ વિપર્યાસ છે, નરી ભ્રમણા છે. આ પાપી ઇન્દ્રિયો અને પાપી વિષયો જીવને એક પળમાં સીધા નરક-નિગોદમાં ઉતારી શકે છે. માટે **'આચારાંગ શાસ્ત્ર'** કહે છે,

'जे गुणे से मूलट्ठाणे'

અર્થાત્ જે ગુણો છે, પુદ્ગલના ગુણરૂપ શબ્દ-રૂપ-રસ-ગંધ સ્પર્શ છે, તે 'मूलट्ठाणे' મૂળનું સ્થાન છે. અહીં 'મૂળ' એટલે કે સંસારરૂપી વૃક્ષનું મૂળ રાગદ્વેષાદિ કષાયો લેવાના છે, એનું સ્થાન છે ગુણો, પુદ્ગલના ગુણરૂપ શબ્દાદિ વિષયો. કષાયો વિષયોમાં રહે છે. વિષયતરફ ખેંચાયા તો સમજી રાખવાનું કે કષાયો એમાં રહેનારા હોઈ, ઉઠવાના. આમ આગમશાસ્ત્રથી જાણીને વિષયો ભયાનક લાગે, એ વિષયોની ઓળખનું જ્ઞાન પરિણતજ્ઞાનરૂપ બને. પરંતુ આગમવચન સાંભળ્યા જાણ્યા છતાં વિષયોમાં ભયાનકતા નહિ પણ સુખકારિતા દેખાય, તો પેલું 'जे गुणे से मूलट्ठाणे' આગમવચનનું જ્ઞાન પ્રતિભાસજ્ઞાન થયું.

અભવી દુર્ભવી જીવ જરૂર પડ્યે સાધુ થાય, શાસ્ત્ર ભણે, બીજાને શાસ્ત્રની વાતો સંભળાવી સાધુ બનાવે, એમને શાસ્ત્ર ભણાવે, એમાં વિષયોની ભયાનકતા જોરદાર સમજાવી વૈરાગ્ય પેદા કરે, પરંતુ એને એ બધું જ્ઞાન પ્રતિભાસજ્ઞાન હોય; કેમકે એને હૈયામાં વિષયોની કશી ભયાનકતા-હેયતા જ ન લાગે. એ નવતત્ત્વમાંથી વધુમાં વધુ ૮ તત્ત્વ માને, પણ મોક્ષતત્ત્વ ન માને, જીવને સંસાર જો અનાદિનો અને રાગદ્વેષ જો અનાદિનાં છે, તો પછી

એનો સંપૂર્ણ અંત થઇ શકે જ નહિ. પછી મોક્ષ શાનો ? એવું એને લાગે છે. ત્યારે મહામિથ્યાદૃષ્ટિ નાસ્તિકને તો વળી કોઇ તત્ત્વ જ માન્ય નથી. એટલે એને તત્ત્વ જોવામાટે આંખ વિનાનો આંધળો કહીએ, તો પેલા સાધુ બનનાર અભવીને કાણો કહી શકાય. એની એક આંખ ૮ તત્ત્વ દેખે છે, બીજી આંખ જ નહિ એટલે મોક્ષતત્ત્વ નથી દેખી શકતો. માટે પંડિત વીર વિજયજીએ પૂજામાં કહ્યું:

'પ્રભુ ! તુજ શાસન અતિ ભલું,
માને સુરનર રાણો રે,
મિથ્યા અભવ્ય ન ઓળખે,
એક અંધો એક કાણો રે'

વેદ્યસંવેદ્યપદમાં પ્રતિભાસજ્ઞાન નહિ, પણ પરિણતિજ્ઞાન હોય. એમાં જેમ ઇન્દ્રિય-વિષયો તદ્દન હેય લાગે, એમ અજ્ઞાની-મિથ્યાજ્ઞાની અને અસર્વજ્ઞનાં શાસ્ત્રનાં તત્ત્વો પણ હેય લાગે. તો જ ગ્રંથિભેદ થઇ વેદ્યસંવેદ્યપદ અને સમ્યગ્દર્શન આવે. આ સૂચવે છે કે સમ્યગ્દર્શન થવા માટે મુખ્યત્વે બે વસ્તુ જોરદાર જોઇએ, - (૧) મહા વૈરાગ્ય અને (૨) સર્વજ્ઞવચનશ્રદ્ધા. ભર્તૃહરિને મહા વૈરાગ્ય હતો. પરંતુ સર્વજ્ઞવચનની શ્રદ્ધા ન હોતી, તેથી એમને ગ્રંથિભેદ નહિ, વેદ્યસંવેદ્યપદ નહિ, સમ્યગ્દર્શન નહિ.

ભર્તૃહરિનો મહાવૈરાગ્ય કેવો ? અતિપ્રિય રાણી પિંગલાનું દુશ્ચરિત્ર જાણી, એ રાજ્યપાટ અને આખો સંસાર છોડી સંન્યાસી બની નીકળી પડ્યા. આવા રાજા સંન્યાસીના ગુરુ થવા કોણ પસંદ ન કરે? પરંતુ ભર્તૃહરિએ એ બધામાં શિષ્યલોભ દેખી નાપસંદ કર્યા. અંતે એક નિઃસ્પૃહી સંન્યાસી જોઇ, એનીપાસે જઈ કહે છે 'આપ મને શિષ્ય બનાવો.'

સંન્યાસી કહે 'શિષ્ય બનાવીને શું કરું ?'

આ કહે 'મને બ્રહ્મજ્ઞાન આપજો.'

સંન્યાસી કહે 'બ્રહ્મજ્ઞાન માટે હજી હું જ કોશીશ કરી રહ્યો છું, તો તને બ્રહ્મજ્ઞાન શું આપું ?

ભર્તૃહરિ કહે 'આપની સાથે સાથે મને ય બ્રહ્મજ્ઞાન માટે પ્રયત્ન કરાવજો.'

સંન્યાસી કહે, 'એમ તારાતરફ ધ્યાન રાખવા જઉં, તો તો બ્રહ્મજ્ઞાનથી ઔર દૂર પડી જાઉં. શુદ્ધ-બ્રહ્મનું જ્ઞાન કરવામાં તો પોતાના શરીર અને અહંત્વને પણ ભૂલી જવાનું છે, ત્યાં તારું ધ્યાન રખાય જ કેમ ? માટે માફ કર, બીજો ગુરુ શોધી લે.

પછી ભર્તૃહરિને પાકો નિર્ણય થઇ જાય છે કે આ જોઇએ તેવા નિસ્પૃહી અને શુદ્ધ આત્માર્થી ગુરુ છે. તેથી પગે પડીને કહે છે- ગુરુજી ! મારું કશું ધ્યાન ન રાખશો, ફક્ત આપની સાધના જોઇને મારું કલ્યાણ થઇ જશે. માટે મને આપની પાસે રહેવા દો. એની મહેરબાની કરીને ના ન પાડશો. સંસારથી ત્રાસીને આવ્યો છું. અહીં મને સાચી શાંતિ દેખાય છે.'

બસ, પછી ભર્તૃહરિ ત્યાં રહી જાય છે, મળે એટલી ગુરુસેવા કરે છે, વખત જતાં જ્યાં જુએ છે કે ગુરુ મીઠી દૃષ્ટિથી જુએ છે, વાત્સલ્ય વરસાવે છે, એટલે પ્રાર્થના કરે છે, 'ગુરુજી ! હવે મને શિષ્ય બનાવી દો.' ગુરુ કહે છે 'જા. પિંગલાપાસેથી ભિક્ષા માગી લાવ.'

ભર્તૃહરિ ગુરુવચનને સર્વેસર્વા તાબે થઇ જવા પિંગલાપાસે જાય છે, ને પિંગલાનાં મહેલપાસે ઊભો રહી ભિક્ષા માગે છે, 'પિંગલા મૈયા ભિક્ષા દે' ગવાક્ષમાં બેઠેલી પિંગલાને પતિ ભર્તૃહરિ પોતાને તરછોડીને ગયાનો ભારે દ્વેષ છે, હવે પોતે રાજ્યની સરમુખત્યાર બનેલી છે, તેથી સત્તાધીશ અવાજે કહે છે : 'ચાલ ચાલ કૂતરા ! નીકળ અહીંથી.' છતાં ભર્તૃહરિનો એક જ બોલ છે - 'પિંગલા મૈયા ભિક્ષા દે,' એટલે પિંગલા વધુ તડુકીને ગાળ દેતી બોલે છે ગદ્ધા ! કોણે તને અહીં બોલાવ્યો ? બધાને રખડાવી જતાં શરમ ન આવી?

નાલાયક ચાલ્યો જા અહીંથી. ત્યારે ભર્તૃહરિ થાકીને કહે છે, 'પિંગલા મૈયા વધુ બોલવાનું રહેવા દે, હું બોલીશ તો તું સાંભળી નહિ શકે ! ભિક્ષા દે.' પિંગલા ગભરાણી, રખેને આ મારું દુશ્ચરિત્ર મોંટેથી બોલી ન કાઢે, તેથી એણે હાક મારી સિપાઈ ! સિપાઈ ! કાઢો કાઢો આ બાવાને ધકેલી ને બહાર કાઢો. ભર્તૃહરિ સમજી જઈ શાંતપણે બહાર નીકળી જઈ ગુરુ પાસે પહોંચે છે. જઈને ગુરુને વિગત કહી ભિક્ષા ન મળ્યાનું કહે છે, ને વિનંતી કરે છે 'પ્રભુ ! હવે દીક્ષા આપો, શિષ્ય બનાવો' ગુરુ કહે 'હજી વાર છે સંન્યાસ-દીક્ષામાં.' 'હું બોલીશ તો તું સાંભળી નહિ શકે' આટલું બોલવાનો પણ ઉકળાટ ન જોઈએ ! વૈરાગ્યની ખામી છે, વૈરાગ્ય પાકો કરો ભર્તૃહરિ સમજી ગયો. હાથ જોડ્યા, ક્ષમા માગી. પછી ગમે તેવા સંયોગમાં સહેજ પણ ઉકળાટ ન ઊઠે એવું હૃદયને વૈરાગ્યભાવનાથી ભાવિત કરવા માંડે છે. દિવસો વીત્યા પછી ફરીથી ગુરુને સંન્યાસ-દીક્ષાની પ્રાર્થના કરે છે. ત્યારે ગુરુ ફરીથી કહે છે, 'પિંગલા પાસેથી ભિક્ષા માંગી લાવો.' ભર્તૃહરિ ગુરુને નમસ્કાર કરી તહત્તિ કહીને જાય છે. જઈને પિંગલા આગળ 'પિંગલા મૈયા ભિક્ષા દે' કહે છે. પાછી પિંગલા ગાળોની ભાષાથી ધુત્કારી ચાલ્યા જવા કહે છે. છતાં ભર્તૃહરિનો શાંતપણે એક જ બોલ છે, 'પિંગલા મૈયા ભિક્ષા દે.' અંતે પિંગલા 'લે બાળ કૂતરા, બાળ તારું પેટ' એમ બોલતી આટો આપે છે, તે લઈને શાંતપણે 'પિંગલા મૈયા તેરા ભલા હો' કહીને ભર્તૃહરિ ભિક્ષા લઈ ગુરુપાસે પહોંચી જાય છે. ગુરુને વિગત કહેતા ગુરુ એને સંન્યાસ-દીક્ષા આપે છે.

ભર્તૃહરિનો આ વૈરાગ્ય ! એટલું જ નહિ, પણ વૈરાગ્યશતકમાં પોતે કહે છે 'મનોહર રમણીઓ, મનોહર મહેલ, ખજાના, લાવલશ્કર, રાજ્યપાટ, બધું મૂકી જીર્ણ કફની, આટાની ભિક્ષા અને શિલા પર શયનથી જીવવાનું રાખ્યું.

'हा हा ! तथापि विषया न परित्यजन्ति।

અત્યંત અફસોસ થાય છે, કે તો પણ વિષયો મારો કેડો નથી મૂકતા ! અને વૈરાગ્યભાવ નથી આવતો ! કેમ આમ કહે છે ? એટલા માટે કે આત્મ-નિરીક્ષણમાં જુએ છે કે 'ગઈકાલે ભિક્ષામાં આટો ખારો આવેલો, આજે ઠીક મીઠો આવ્યો, ગઈ કાલે સૂવામાટે શિલા સુંવાળી આવેલી, આજે જરા બરછટ છે, આવું જે લાગે છે, એ વિષય-વૈરાગ્યની ખામી સૂચવે છે.

ભર્તૃહરિનો એવો જવલંત વૈરાગ્ય અને આત્મનિરીક્ષણ છતાં એને સર્વજ્ઞશાસને કહેલ હેય-ઉપાદેય, હિત-અહિત, પ્રશસ્ત-અપ્રશસ્ત વેદ્યની ખબર ન હોતી, તેથી એને વેદ્યનું સંવેદન ન હોતું, તેથી વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ ન હોતી, કારણ ગ્રન્થિભેદ કર્યો નહોતો. મિથ્યામાર્ગના રાગની ગ્રન્થિ ઊભેલી હોય, ત્યાં સુધી વેદ્યસંવેદ્યપદ ન આવે. કહેવામાત્રરૂપે નહિ, પણ અંતરનો પોકાર જોઈએ, **ગ્રંથિ ભેદવા માટે સર્વજ્ઞનું શરણ જોઈએ, એમના વચનપર સર્વેસર્વા શ્રદ્ધા જોઈએ.**

આપમતિ ન ચાલે, પોતાનું ગણિત ન ચાલે. ગણિત તો સર્વજ્ઞ જિનનું જ સાચું. એ જ માન્ય; તો જ જિનવચન શ્રદ્ધા, ગ્રન્થિભેદ અને સમ્યક્ત્વ આવે.

સર્વજ્ઞનું ગણિત- આત્મા પર દબામણી બહારનાની નહિ, પણ અંતરના કષાયોની છે.

આવું સમ્યક્ત્વ પામીને સાધુ થાય, પછી કોઈ રોફથી દબડાવવા આવે, ત્યાં સર્વજ્ઞનું ગણિત મૂકે, મને આ બહારનો નથી દબાવતો, મને કષાયો દબાવે છે, પણ હું જ એને ક્ષમાથી દબાવી દઉં. એમ કરી બહારના માણસપર 'આ દુશ્મન છે' 'આ ખરાબ માણસ છે' એવો કશો વિચાર ને ગુસ્સો નહિ, પરંતુ એને ક્ષમા અને હૈયાના હેતથી

નવરાવી દે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થનું આ ગજુ ન હોય, તો પણ અંતરમાં ગણિત તો આ જ, હૃદય પોકારતું હોય ગણિત-સિદ્ધાન્ત તો ભગવાનના જ સાચાં, એજ અમલમાં મૂકવા જેવા. કલ્યાણ એનાથી જ થાય. આવો અટલ વિશ્વાસ હોય, એ સર્વજ્ઞના ગણિત-સિદ્ધાન્ત-તત્ત્વો હૃદયમાં સોંસરા ઊતરી ગયા હોય, ત્યાં ગ્રન્થિભેદ થઈ વેદ્યસંવેદ્યપદ આવ્યું કહેવાય, વેદ્યસંવેદ્ય શબ્દ અહીં વ્યુત્પત્તિસિદ્ધ સાર્થક શબ્દ કહેવાય.

અવેદ્યસંવેદ્યપદ

તસ્માદન્યદાહ-

અવેદ્યસંવેદ્યપદં, વિપરીતમતો મતમ્।
ભવાભિનન્દિવિષયં, સમારોપસમાકુલમ્ ॥૭૫॥

અવેદ્યસંવેદ્યપદં વિપરીતમતો-વેદ્યસંવેદ્યપદાત્ **મતં**-ઇષ્ટમ્, તથાહિ-અવેદ્યમવેદનીયં વસ્તુસ્થિત્યા ન તથાભાવયોગિસામાન્યેનાપ્યવિકલ્પકજ્ઞાનગ્રાહ્યં, તથાવિધસમાનપરિણામાનુપપત્તેઃ, તત્સંવેદ્યતે અજ્ઞાનાવરણક્ષયોપશમાનુરૂપં નિશ્ચયબુદ્ધ્યોપપ્લવસારયા મૃગતૃષ્ણોદકવજ્જ્ઞાયતે યસ્મિન્પદે તત્તથાવિધમ્। અત એવાહ-**ભવાભિનન્દિવિષયં** એતદ્, ભવાભિનન્દી વક્ષ્યમાણલક્ષણઃ, **સમારોપસમાકુલમિતિ**-મિથ્યાત્વદોષતોઽપાયગમનાભિમુખેન (खो न तथा पिङ्गलित? =शबलीकृत) मित्यर्थः ॥૭૫॥

ટીકાર્થ : તે વેદ્યસંવેદ્યપદથી જુદું (અવેદ્ય.) કહે છે,-

ગાથાર્થ : વેદ્યસંવેદ્યપદથી વિપરીત તરીકે અવેદ્યસંવેદ્યપદ માનેલું છે. તે ભવાભિનંદી જીવને વિષય કરવાવાળું અને ભ્રમથી વ્યાકુળ હોય છે.

ટીકાર્થ : 'અવેદ્યસંવેદ્યપદ વિપરીત તરીકે 'અતો' અર્થાત્ વેદ્યસંવેદ્યપદથી 'મતમ્' એટલે કે ઇષ્ટ છે. તે આ પ્રમાણે 'અવેદ્ય' એટલે કે વસ્તુસ્થિતિએ વેદન કરવા યોગ્ય નહિ તેવા, ભાવયોગી સામાન્યથી વિકલ્પ ન ઊઠે એવા, નિશ્ચિતજ્ઞાન દ્વારા. કેમકે તેવા પ્રકારનો સમાન પરિણામ હોતો નથી. તે એવું અવેદ્ય જ્યાં સંવેદાય છે, (એવું પદ તે 'અવેદ્યસંવેદ્યપદ'). અજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમને અનુરૂપ નિશ્ચયબુદ્ધિથી પણ તે ઉપપ્લવસારા અર્થાત્ ખંડિત થઈ જાય એવી (બુદ્ધિથી) ઝાંઝવાના પાણીની જેમ જણાય છે જે પદમાં તે અર્થાત્ તેવા પ્રકારનું. એટલા માટે કહે છે ભવાભિનંદીને વિષય કરવાવાળું આ (અવેદ્યસંવેદ્યપદ) છે. ભવાભિનંદી આગળ કહેશે તેવા લક્ષણવાળો હોય છે. 'સમારોપસમાકુલ' ભ્રાન્તિથી વ્યાકુળ હોય છે, અર્થાત્ મિથ્યાત્વદોષના લીધે અપાયતરફ ગમનને અભિમુખ-સન્મુખ થયેલા તેનાવડે તેવાપ્રકારનું 'પિંગલિત' = કાબરચિતરું (જ્ઞાન કરાય છે)

વિવેચન : વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ બતાવી આવ્યા, હવે અવેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ બતાવે છે.

અવેદ્યસંવેદ્યપદ એ વેદ્યસંવેદ્યપદથી વિપરીત છે. ઉલ્ટું છે. વેદ્યસંવેદ્યપદમાં વેદ્ય અર્થાત્ સર્વજ્ઞવચનાનુસારી યોગીજનોથી એટલે કે મોક્ષસાધક યોગવાળાથી (મોક્ષસાધક ધર્મપ્રવૃત્તિવાળાથી) જે જાણવાયોગ્ય હેય-ઉપાદેય પદાર્થ, એનું પરિણતિ જ્ઞાનથી સંવેદન કરનારા હોય છે, ત્યારે અવેદ્યસંવેદ્યપદમાં અવેદ્યનું સંવેદન કરનારા હોય છે. 'અવેદ્ય' એટલે ભાવયોગી સામાન્યથી નિશ્ચિતજ્ઞાન વડે વસ્તુસ્થિતિએ જાણવા યોગ્ય અર્થાત્ સદ્દહવા યોગ્ય નહિ, એવા મિથ્યાકલ્પિત પદાર્થ. એનું કારણ આ, કે એવા મિથ્યા પદાર્થને જાણનાર-સદ્દહનારનાં અંતરાત્મામાં પરિણામ-આશય એક સરખો નથી હોતો. અહીં આ વિશેષતા સમજી રાખવાની છે, કે અવેદ્યનું અર્થાત્ અસર્વજ્ઞમિથ્યાદૃષ્ટિકલ્પિત હેયોપાદેય પદાર્થની શ્રદ્ધા કરનારના અંતરાત્માના આશયો જુદા જુદા પ્રકારના હોય છે, કેમકે જગતમાં અસર્વજ્ઞ પ્રણીત જુદા જુદા

મિથ્યામતો જુદા જુદા પ્રકારના હેય-ઉપાદેય બતાવે છે. દા.ત. ન્યાય-વૈશેષિક દર્શન કહે છે 'તત્ત્વજ્ઞાનથી જ મોક્ષ; માટે તત્ત્વજ્ઞાન જ ઉપાદેય છે. ત્યારે યોગદર્શન કહે છે, 'ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગથી જ મોક્ષ, માટે એ યોગ જ ઉપાદેય.' ત્યારે બૌદ્ધદર્શન કહે છે 'ધ્યાનથી જ સર્વક્ષણિકત્વ-સાક્ષાત્કાર અને નિરુપપ્લવ ચિત્સંતતિરૂપ મોક્ષ. માટે ધ્યાન અને સર્વ ક્ષણિકત્વ સાક્ષાત્કાર એ જ ઉપાદેય.' ત્યારે, વેદાન્ત-અદ્વૈત દર્શન કહે છે 'તત્ ત્વમસિ' વેદવાક્યના સાક્ષાત્કારથી જ મોક્ષ, માટે એ જ ઉપાદેય.' આમ જુદા જુદા અસર્વજ્ઞોએ ચલાવેલા મતોમાં જુદી જુદી જાતના ઉપાદેય પદાર્થ છે. એમ જુદી જુદી જાતના હેયપદાર્થ છે. તેથી તે તેની શ્રદ્ધા કરનારાના ચિત્ત-આશય યાને પરિણતિથી પરિણામ એક સરખા હોતા નથી. માટે તો એક દર્શનવાળો બીજા દર્શનવાળાનું ખંડન કરે છે. આવા વિચિત્ર અર્થાત્ અસમાન આશય-વાળાના વેદ્યપદાર્થ પરસ્પર ટકરાતા હોવાથી વાસ્તવમાં વેદ્ય છે જ નહિ, અવેદ્ય છે. ત્યારે સર્વજ્ઞ પ્રણીત જૈનદર્શનમાં એકમાત્ર સર્વજ્ઞ ભગવાને કહેલા હેય-ઉપાદેય પદાર્થ, કે જે હેતુ-સ્વરૂપ-ફળથી ત્રિવિધે શુદ્ધ છે, એની જ શ્રદ્ધા કરવાની હોય છે, માટે આ શ્રદ્ધા કરનારાના આશયમાં અ-સમાનતા નથી હોતી, આ બધાનો સમાન આશય હોય છે, તેથી આમના શ્રદ્ધેય પદાર્થ એ વાસ્તવમાં વેદ્ય છે.

અહીં એક મજેનો પ્રશ્ન થાય, -

પ્ર.- જો ન્યાય-યોગાદિ દર્શનો પરસ્પર ટકરાતા હોવાથી એમના કહેલા પદાર્થ એ વાસ્તવમાં વેદ્ય નહિ, તો પછી જૈનદર્શન પણ એ દર્શનો સાથે ટકરાતું હોવાથી જૈનદર્શન કથિત પદાર્થ પણ વાસ્તવમાં વેદ્ય કેવી રીતે ?

ઉ. - જૈનદર્શન એ અનેકાંતવાદી દર્શન છે, ત્યારે ન્યાય-બૌદ્ધ-યોગ વગેરે દર્શનો એકાંતવાદી દર્શનો છે. એકાંતવાદી દર્શનને તો પોતે માનેલો પદાર્થ સાચો, બીજાનો માનેલો ખોટો. દા.ત. ન્યાયદર્શન આત્માને નિત્ય માને છે. એટલે એને તો આત્મામાં નિત્યતા સાચી, પણ બૌદ્ધદર્શને માનેલી ક્ષણિકતા ખોટી. આમ એ એકાંતવાદી એકેક દર્શન બીજા સાથે ટકરાઈ ને બીજાની દૃષ્ટિમાં ખોટો ઠરે છે. ત્યારે અનેકાંતવાદી જૈનદર્શન બીજા કોઈ દર્શનથી ખંડિત થતું નથી, ખોટું ઠરી શકતું નથી; કેમકે એ અનેકાંત શૈલીથી ઈતર દર્શનના માનેલા પદાર્થને ન્યાય આપે છે. દા.ત. જૈનદર્શન અનેકાંત શૈલીથી કહે છે, આત્મા દ્રવ્યાર્થિકનયદૃષ્ટિથી નિત્ય પણ છે, અને પર્યાયાર્થિકનયદૃષ્ટિથી અનિત્ય-ક્ષણિક પણ છે. હવે આવા જૈનદર્શનનું ન્યાયદર્શન કે બૌદ્ધદર્શન ખંડન કેવી રીતે કરી શકે ? કેમકે જૈનદર્શન તો સાપેક્ષભાવે ન્યાયનું માનેલું ય માન્ય કરે છે, ને બૌદ્ધનું માનેલું ય માન્ય કરે છે. આમ સમુદ્રમાં બધી નદીઓ સમાઈ જાય, એમ જૈન દર્શનમાં બધા દર્શન સમાઈ જતા હોવાથી જૈન દર્શન બીજા દર્શનો સાથે ટકરાતું નહિ હોવાથી, જૈન દર્શન પ્રણીત પદાર્થ વાસ્તવમાં વેદ્ય બની શકે છે.

સારાંશ, જુદા જુદા દર્શનોવાળાએ એકાંતે ભિન્ન ભિન્ન હેય-ઉપાદેય માનેલા હોવાથી, એમના આશય યાને ચિત્તપરિણામ ભિન્ન ભિન્ન હોય છે, તેથી એમના વેદ્યપદાર્થ વાસ્તવમાં વેદ્ય યાને સમ્યક્શ્રદ્ધાથી જાણવા યોગ્ય નહિ. સદ્દહવા યોગ્ય નહિ. એટલે એ વાસ્તવમાં અવેદ્ય છે. જ્યાં સુધી આત્મામાં મિથ્યાત્વ છે, ને ગ્રન્થિ ભેદાઈ નથી; ત્યાં સુધી એને એવા અવેદ્યનું સંવેદન થાય છે, ને એ થવામાં કારણ છે અજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ. જ્ઞાનપર કર્મનું આવરણ ઉદયમાં હોય ત્યાં સુધી તો જ્ઞાનબોધ થાય જ નહિ. તેથી જ્ઞાન થવા માટે એ આવરણનો ક્ષયોપશમ થવો જોઈએ.

ક્ષયોપશમ એટલે કેટલાક અંશે ક્ષય અને કેટલાક અંશે ઉપશમ. આમાંય બોધજ્ઞાન બે પ્રકારના (૧) સમ્યક્‌જ્ઞાન (૨) મિથ્યાજ્ઞાન. મિથ્યાજ્ઞાન વાસ્તવમાં અજ્ઞાન જ કહેવાય. તેથી આવરણ બે જાતના, (૧) જ્ઞાનાવરણ, તે સમ્યક્‌જ્ઞાનને રોકનારા, અને (૨) અજ્ઞાનાવરણ તે અજ્ઞાન-મિથ્યાજ્ઞાનને રોકનારા. એ અજ્ઞાનાવરણના ક્ષયોપશમથી અજ્ઞાન યાને મિથ્યાજ્ઞાન પ્રગટ થાય.

આ મિથ્યાજ્ઞાનથી અવેદ્યપદાર્થનું એ સંવેદન કરે છે. અર્થાત્ નિશ્ચયાત્મક બુદ્ધિ ધરે છે. અર્થાત્ અવેદ્ય એટલે કે જે વાસ્તવમાં હેય-ઉપાદેય નહિ, એને આ જ હેય-ઉપાદેય એવો નિર્ણય કરી નાંખે છે, નિશ્ચિત રીતે એનું સંવેદન કરે છે. માટે એને અવેદ્યસંવેદ્યપદ છે, અવેદ્યસંવેદ્યનું આશયસ્થાન છે.

પ્ર. - તો શું એનું આ અવેદ્યનું સંવેદન અર્થાત્ નિર્ણયબુદ્ધિ સાચી નહિ ?

ઉ. - **ના, એ 'ઉપપ્લવસારા' છે,** અર્થાત્ સામે વાસ્તવિક વેદ્યનું સંવેદન-નિર્ણય આવી પડતાં એ ખંડિત થઈ જાય એવી છે, અસત્ય તરીકે ભાસી જાય એવી છે. દા.ત. ઝાંઝવાના નીરમાં લાગે છે ત્યાં સુધી પાણીની બુદ્ધિ સાચી જ લાગે છે. પરંતુ જ્યાં ત્યાં જઈને જુએ, તો પાણી હોતું જ નથી. રણભૂમિમાં રેતીપર સૂર્યનાં કિરણ પડે છે, ત્યાં દૂરથી એ ચકચકતી રેતીમાં પાણી તરીકે ભાસ થાય છે આ ભાસ પાછો સંદેહાત્મક નહિ, કિન્તુ નિશ્ચયરૂપ હોય છે. મન કહે છે 'આ ચોક્ખું પાણી જ છે' પરંતુ પછી એનીપાસે જાય, ત્યારે ત્યાં પાણીનો છાંટો ય નહિ, નકરી રેતી જ દેખાય છે. એ વખતે લાગે છે કે અહીં પાણી જોયું એ નકરી ભ્રમણા જ હતી. એટલે પૂર્વનો પાણીનો નિર્ણય ખંડિત થઈ જાય છે. પણ જ્યાં સુધી ખંડિત ન થાય, ત્યાં સુધી તો પાણીનો ખ્યાલ ભલે ભ્રમરૂપ પણ પોતાની દૃષ્ટિએ બરાબર નિર્ણયાત્મક જ રહે છે.

એવું આ અવેદ્યનું સંવેદન અવેદ્યના નિર્ણય-રૂપ થાય છે. ચિત્તના જે આશયમાં આ થાય, એ આશયસ્થાનને અવેદ્યસંવેદ્યપદ કહે છે. આ અવેદ્યનું સંવેદન કરાવનાર અજ્ઞાનાવરણનો ક્ષયોપશમ છે, અને જીવભેદે ક્ષયોપશમ જુદી જુદી જાતના હોય છે, તેથી તે તે જીવને જે અવેદ્યનું સંવેદન થાય, તે પોત પોતાના ક્ષયોપશમને અનુરૂપ થાય છે, માટે જ એ તરેહ તરેહના અવેદ્ય-સંવેદન હોય છે. તેથી જ દેખીયે છીએ કે દા.ત. એક જ વેદાન્ત દર્શનને માનનારા પણ વેદ-સ્મૃતિવગેરેના વાક્યોના નિર-નિરાળા અર્થ કરે છે, અસ્તુ. હવે એ બતાવે છે કે,

અવેદ્યસંવેદ્યપદ કોને હોય છે ?

ત્યાં કહ્યું 'ભવાભિનંદિવિષયં', અર્થાત્ અવેદ્યસંવેદ્યપદ ભવાભિનંદી જીવને હોય છે, કેમકે એનામાં બે મોટી ખરાબી છે,

(૧) ભવ એટલે સંસારના પૌદ્‌ગલિક વિષયોનો જ આનંદ ભારે, પૌદ્‌ગલિક જ દૃષ્ટિ તરવરતી અને (૨) ભવ એટલે અતત્ત્વ-મિથ્યા-તત્ત્વની પકડ ભારે. પછી એનું સર્વજ્ઞકથિત તત્ત્વ અને મોક્ષમાર્ગ પર ધ્યાન બેસે જ નહિ; એવી સૂક્ષ્મદૃષ્ટિ એનામાં આવે જ નહિ. ત્યારે સ્થૂલ દૃષ્ટિથી જ જુએ, એટલે ઝાંઝવામાં નીરની બુદ્ધિની જેમ ભ્રાન્તિમાં જ અટવાય. પૂછો,

પ્ર. - યોગદૃષ્ટિની આ ચાર દૃષ્ટિમાં પણ ભવાભિનંદીપણું છે નથી. અને અવેદ્ય સંવેદ્યપદ છે. તો અવેદ્યસંવેદ્યપદ શી રીતે ભવાભિનંદીને કહ્યું ?

ઉ. - પહેલી ચાર દૃષ્ટિમાં પણ એનામાં સ્થૂલબોધના ભરચક સંસ્કાર પડેલા છે. જેમ કુંભાર પહેલાં તો ચાકડો ડંડાથી જોરજોરમાં ચલાવે, પછી ડંડો ફેંકી દે છે, તો પણ એ પૂર્વે વેગબંધ ફરવાના સંસ્કારથી ચાકડો ચાલ્યા કરે છે, અલબત્ ફરવાનો વેગ ઘટતો આવે છે, એમ પૂર્વે ભવાભિનંદીપણામાં સ્થૂલબોધનો ચાકડો ચાલ્યા કરેલો, એટલે એના

સંસ્કાર પડેલા, તે સ્થૂલબુદ્ધિ ચલાવ્યા કરે છે, પરંતુ એનો વેગ ઘટતો આવે છે એ ચોથી યોગદષ્ટિ વટાવતાં સમાપ્ત થઇ જાય છે.

બીજું કારણ એ છે કે ભવાભિનંદીપણામાં બે વાત કરેલી, પહેલી વાત, ભવ એટલે એકાંતે પુદ્ગલની જ દષ્ટિ, એ તો યોગદષ્ટિ પ્રવેશમાં મૂકાઈ ગઈ, પરંતુ બીજી વાત, ભવ એટલે કે અતત્ત્વ-મિથ્યાતત્ત્વનો જ આનંદ એની જ દષ્ટિ, એ હજી પહેલી ચાર યોગદષ્ટિમાં ઊભી છે, તેથી અહીં જે અવેદ્યસંવેદ્યપદ છે એ અપેક્ષાએ અવેદ્યસંવેદ્ય-પદના વિષય ભવાભિનંદી કહી શકાય.

આ અવેદ્યસંવેદ્યપદનું એક વિશેષણ આ મૂકે છે - **'સમારોપસમાકુલમ્'** અર્થાત્ એ પદ સમારોપથી સમાકુલ છે મિથ્યાત્વદોષના લીધે અપાયગમનસન્મુખ એ આત્માએ વસ્તુનું જ્ઞાન પિંગલિત અર્થાત્ કાબર ચીતરું કરી નાખ્યું છે. કપડું સ્વચ્છ હોય, પણ એમાં જો રંગના આડા અવળા પટ્ટા માર્યા હોય, કે જુદા જુદા રંગના છાંટણા નાખ્યા હોય તો કપડું કાબરચીતરું થઈ જાય છે. એમ અહીં વસ્તુદર્શનમાં મિથ્યા કલ્પનાઓ જોડી હોય, તો એ દર્શન સ્વચ્છદર્શન નહિ, કિન્તુ ભેળસેળિયું દર્શન બને છે. આ કરાવનાર સમારોપ છે, મિથ્યાત્વદોષ છે. કાબરચીતરા કાચમાંથી વસ્તુ જોઇએ, તો એ કાચની અસરને લીધે એ સ્વચ્છ પણ વસ્તુ કાબરચીતરી દેખાય, એમ અહીં મિથ્યાત્વદોષની અસરના લીધે મિથ્યાકલ્પિત ગુણધર્મવાળું વસ્તુ-દર્શન થાય છે. મિથ્યાત્વદોષના પ્રભાવે જીવ અપાયગમનને સન્મુખ બન્યો રહે છે, એ તો મિથ્યાત્વદોષ ટાળે, ત્યારે કલ્યાણ-ઉપાયને સન્મુખ બને. પરંતુ પહેલી ચાર દષ્ટિમાં મિથ્યાત્વ-દોષ ઊભો છે, એટલે એની અસર નીચે જીવ અવેદ્યનું સંવેદન કરે છે, ઝાંઝવાના નીરને નિશ્ચિત-પણે પાણી તરીકે જુએ. એની માફક અવેદ્યને સાચા વેદ્ય તરીકે નિશ્ચિતપણે જુએ છે.

સર્વજ્ઞવચનના ખીલે ન બંધાવામાં અજ્ઞાન મિથ્યાદષ્ટિ મિથ્યાદર્શનીઓએ કલ્પેલા મિથ્યા-તત્ત્વોના નિર્ણયમાં અટવાઈ જાય છે. એના એકાન્તિક નિર્ણય ધરી બેસે છે. પોતાના નિર્ણીત-તત્ત્વની સામે જુએ છે, કે બીજા દર્શનવાળાના કલ્પેલા તત્ત્વ એનાથી તદ્દન વિરુદ્ધ જાય છે, છતાં મિથ્યાત્વદોષના પ્રભાવે પોતાનો એકાન્તદષ્ટિનો નિર્ણય સાચો યથાર્થ જ લાગે છે. એવું બીજા દર્શનના મિથ્યાકલ્પિત તત્ત્વના નિર્ણયને પકડી બેસનારાને પોતાનું માનેલું સાચું લાગે છે. સર્વજ્ઞકથિત તત્ત્વને ન પકડનારા અને અલ્પજ્ઞ કલ્પિતતત્ત્વને પકડી બેસનારાની ઝાંઝવાના નીરને નિર્ણીતપણે નીર માની લેનારના જેવી દશા થાય છે.

સર્વજ્ઞકથિત તત્ત્વને જ નિશ્ચિતપણે પકડી બેસનાર તો આપમતિ કે અજ્ઞાની મિથ્યાજ્ઞાની-કલ્પિત તત્ત્વો ને શાસ્ત્રોની માન્યતાઓને મનમાંથી દૂર ફગાવી દેનારો હોય. સનાતનીને હરિજન-ઢેડ-ભંગીના સ્પર્શમાં જેમ આભડછેટ લાગે, એટલે ક્યાંય ક્યારેય પોતાને એનો સ્પર્શ ન થવા દે. એમ **સર્વજ્ઞવચનના ખીલે બંધાયેલ સમ્યગ્દષ્ટિ આત્માને સર્વજ્ઞવચન તથા સર્વજ્ઞકથિત તત્ત્વ અને માર્ગ નિશ્ચિતરૂપે સ્વીકાર્ય હોય છે, તેથી આપમતિ અને મિથ્યામતિના કલ્પિત તત્ત્વ માર્ગના હિસાબ મનમાં લાવવામાં ય આભડ-છેટ લાગે છે. સમ્યગ્દષ્ટિ તો સમજે છે કે**

સમ્યગ્દષ્ટિની સમજ

'ગણિત તો વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું જ સાચું. દા.ત. અનાડી પ્રત્યે પણ ક્રોધ-દ્વેષ નહિ, કિન્તુ ક્ષમા એ જ સ્વ-પરને લાભદાયી', આ ગણિત જ સાચું. એમાં આપણને કોઇ દબાવે તો ય ક્ષમા-શાંતિ-સમતા રાખવામાં આપણે

દબાયેલા નથી બનતા, કિન્તુ આંતરશત્રુને દબાવનારા-એના પર વિજયવંતા બનીએ છીએ, જેમકે મહાવીર ભગવાન પોતે એ રીતે અરિહંત બન્યા. એમ દા.ત. **જ્ઞાનનું ફળ વિરતિ. એ જ કમાવા યોગ્ય. ગણિત સાચું.** વાંચ્યું, જાણ્યું, ભણ્યા તો ઘણું, પરંતુ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કર્યો, ત્યાગની ઝંખના ય ન કરી, તો જાણેલું, ભણેલું જ્ઞાન એળે ગયું, ને તેથી તો જનાવરનું જ જીવન જીવ્યા. એમ દા.ત. **પ્રશસ્ત ચિત્તપરિણતિ એ જીવનનો સાર, આ સાચું ગણિત,** પછી કોઇ આપત્તિ-આફત આવી, તો પણ જો ચિત્તના પરિણામ બગડવા ન દીધા, મૈત્રી કરુણા, પ્રમોદ વૈરાગ્ય વગેરે પ્રશસ્ત પરિણામ રાખ્યા, તો એથી પછીથી પોતાને પારાવાર આનંદ થાય છે, અને અંતકાળે પોતાને એટલો બધો આહ્લાદ આશ્વાસન રહે છે, કે જગતના નાશવંત પદાર્થો ખાતર મેં મનના પરિણામ બને ત્યાં સુધી બગડવા દીધા નથી, શુભપ્રશસ્ત જ રાખ્યા છે. સમ્યગ્દૃષ્ટિને સર્વજ્ઞ ભગવાનનાં આ ગણિતપર ભારે વિશ્વાસ જામી જાય છે. શ્રેણિકરાજાને પુત્ર કોણિકે પ્રપંચ કરી જેલમાં પૂરાવેલા, અને રોજ ફટકા મરાવતો; પરંતુ શ્રેણિકને 'પોતાના કર્મથી જ સુખદુઃખ' એ સર્વજ્ઞના ગણિત પર ભારે વિશ્વાસ તેથી પોતે હસતા હતા અને ફટકા મારનારો જેલર રોતો હતો.

ભવાભિનંદીના ૮ લક્ષણ

भवाभिनन्दिलक्षणमाह-

क्षुद्रो लाभरतिर्दीनो, मत्सरी भयवान् शठः।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।७६।

क्षुद्रः-कृपणः । **लाभरतिः**-याञ्चाशीलः । **दीनः**-सदैवाकल्याणदर्शी । **मत्सरी**-परकल्याणदुःस्थितः । **भयवान्**-नित्यभीतः । **शठो**-मायावी । **अज्ञो**-मूर्खः । **भवाभिनन्दी**-संसारबहुमानी **स्यादे**-वम्भूतो, **निष्फलारम्भसङ्गतः**-सर्वत्राऽतत्त्वाभिनिवेशादिति ॥७६॥

ટીકાર્થ : ભવાભિનંદીનું લક્ષણ કહે છે.

ગાથાર્થ : ક્ષુદ્ર, લાભમાં આનંદવાળો, દીન, ઈર્ષ્યાળુ, ભયવાળો, શઠ, મૂઢ, નિષ્ફળ પ્રયત્નવાળો ભવાભિનંદી હોય છે.

ટીકાર્થ : 'ક્ષુદ્ર' અર્થાત્ કૃપણ 'લાભરતિ' એટલે કે માગણિયા સ્વભાવવાળો, 'દીન' યાને હંમેશા (પોતાનામાં) અકલ્યાણ (દરિદ્રતા) માની લેનાર, 'મત્સરી' અર્થાત્ પરનું કલ્યાણ (સારું) થવામાં બળનારો, 'ભયવાન' એટલે ભયભીત, 'શઠ' યાને માયાવી, 'અજ્ઞ' અર્થાત્ મૂર્ખ. ભવાભિનંદી અર્થાત્ સંસારપર બહુમાનવાળો આવો હોય. 'નિષ્ફલારંભસંગત' (નિષ્ફળ પ્રયત્નવાળો) કેમકે (એને) બધે જ અતત્ત્વનો હઠાગ્રહ હોય છે.

વિવેચન : ભવાભિનંદીને અવેદ્યસંવેદ્યપદ હોય, એમ કહ્યું, તો ભવાભિનંદી જીવ કેવો હોય તે બતાવવા હવે એના આઠ (અપ) લક્ષણ કહે છે. ૮ લક્ષણ આ,

૧. ક્ષુદ્ર	૫. ભયવાન
૨. લાભરતિ	૬. શઠ
૩. દીન	૭. મૂર્ખ
૪. મત્સરી	૮. નિષ્ફળારંભી

ભવાભિનંદી એટલે સંસારનું અભિનંદન કરનારો. અર્થાત્ સંસારપર બહુમાન-શ્રદ્ધા-પક્ષપાત ધરનારો હોય, સંસારને જ સુખકારી માને, ધર્મ ને નહિ, સંસારને સર્વેસર્વા માને, ધર્મને નહિ. ધર્મને દુઃખકર લેખે એવી એની ગણતરી હોય. આવા ભવાભિનંદી જીવમાં ૮ પ્રકારની ખાસિયતો હોય છે,-

(૧) ક્ષુદ્રતા :- ભવાભિનંદી જીવ ક્ષુદ્ર યાને કૃપણ હોય છે, કેમકે એ સંસારને બહુમાનનારો હોવાથી અને 'સંસાર તો પૈસાના આધારે જ ચાલે.'

'વસુ વિનાનો નર પશુ' 'દામ કરે કામ' 'પૈસા છે તો બધું છે' એમ માનનારો હોવાથી પૈસાને પ્રાણ ગણે છે. તેથી ખરચવાની બાબતમાં સહેજે કૃપણ બને એમાં નવાઈ નથી. પછી સામે ગમે તેટલું સારા સુકૃતનું કામ આવ્યું હોય, છતાં એને લેખામાં નહિ લે. એવું ક્ષુદ્ર એનું દિલ બની ગયેલું હોય છે.

આ ક્ષુદ્રતા - કૃપણતા માત્ર પૈસાની જ બાબતમાં નહિ, પણ શારીરિક શ્રમ, બૌદ્ધિક ઉદ્યમ, લાગવગ, પ્રતિષ્ઠાવગેરેથી થતા સત્ કાર્યોમાં પણ કામ કરી રહી છે. આ બાબતો ઉપસ્થિત થાય, ત્યાં પણ 'હું ક્યાં નવરો બેઠો છું તે આ માથે લઉં ? ક્યાં એમાં માથું ઘાલું ?' એવી ક્ષુદ્રતા ભવાભિનંદીના હૈયે તરવરતી રહે છે. સગો ભાઈ વ્યાધિમાં આકુળ વ્યાકુળ થતો હોય, અરે ! સગો પતિ કે પત્ની પીડાતી હોય, તો એની પાસે બેસી સાંત્વન - આશ્વાસનના બે શબ્દ કહેવાની એને પડી નહિ હોય, એ તો પૈસાના જોરે સોંપી દેશે નર્સને ! અથવા એવા પૈસા નહિ હોય, તો મૂકી દેશે કુદરતના ખોળે.

આવી દિલની ક્ષુદ્રતા - તુચ્છતા એ અધમતા છે. એ સાંભળશે, બોલશે, કામ કરશે તો ઉપલકિયા દૃષ્ટિથી - ઉછાંછળી રીતિ - નીતિથી. કોઇ ધીર - ગંભીરદૃષ્ટિ જ નહિ. શાસ્ત્રમાં આવે છે કે, ક્ષીરકદંબક બ્રાહ્મણઉપાધ્યાયે રાતના અગાસીમાં સૂતેલા ત્રણ વિદ્યાર્થી માટે આકાશમાંથી જતા ચારણમુનિના શબ્દ સાંભળ્યા કે આ ત્રણમાંથી બે વિદ્યાર્થી નરકગામી છે, એક સ્વર્ગગામી છે. વિચારી લીધું કે ત્રણમાં એક રાજપુત્ર વસુ તો રાજા થઈને નરકે જવાનો લાગે છે, પણ બાકી બેમાં એક પોતાનો પુત્ર 'પર્વત' અને બીજો બહારથી આવેલો નારદ, એ બેમાંથી કોણ નરકગામી એ તપાસી લઉં.

ઉપાધ્યાયે બીજે દિવસે લોટના બે કૂકડાં બનાવી એમાં લાખનો રસ ભર્યો. અંધારું થતાં બન્નેને કહે 'આ કૂકડા મંત્રથી મૂર્છિત કરેલા છે, તમે એકેક કૂકડો લઇ જાઓ અને જ્યાં કોઇ ન દેખે, ત્યાં મારીને લાવો.' નારદ લઈ તો ગયો, પણ જંગલમાં અને ગુફામાં જઈને ય પાછો અકબંધ લાવ્યો. પર્વત મારીને લાવ્યો.

ગુરુએ પૂછતાં નારદે ખુલાસા કર્યા કે જંગલમાં પંખેરા દેખતા હતા, ગુફામાં હું પોતે દેખતો હતો, મેં આંખ મીંચી તો પણ દૂરવર્તી યોગીજનો ને દેવતાઓ દિવ્યજ્ઞાનથી જોતા હતા. એટલે કોઇ જ ન દેખે એવું સ્થાન ન મળ્યું. ત્યારે મને લાગ્યું કે દયાળુ ગુરુ કૂકડાને મારવાનું ગોઝારું કામ સોંપે નહિ. તેથી આમ કહીને એમનો ઇરાદો અખંડ પાછો લાવવાનો જ છે. એમ નારદે ક્ષુદ્રતાથી નહિ, પણ ઉમદા ધીર ગંભીરદૃષ્ટિથી જોયું. પરંતુ પર્વત ક્ષુદ્ર હૃદયનો હતો, તેથી ઉપલક દૃષ્ટિથી ગુરુનો આદેશ સાંભળી હૈયાની અધમતાથી એને મારીને લાવ્યો. ક્ષુદ્રદિલવાળાને શાસ્ત્રના ગુરુના કે વડીલના યા હિતૈષીના બોલ કે વ્યવહારપર ગંભીરતાથી - ઊંડાણથી વિચારતાં જ ન આવડે. તેથી ગુરુ કહે 'જો પેલો સફેદ કાગડો' તો એ તો ઉપલકદૃષ્ટિથી સાંભળી કહેશે - ગુરુ અસત્ય બોલે છે. શાસ્ત્ર કહે છે, આ જગાએ ગુરુવચન 'તહત્તિ' (તથાસ્તુ) કરી લેવાનું. પછી એકાંતમાં એ કથનનો મર્મ પૂછવાનો; ને એમ જો પૂછે, તો ગુરુપાસેથી જાણવા મળે કે કાગડો રંગે કાળો, પરંતુ દિલથી કંઈક ઉજળો, તેથી રસ્તાપર કાંઇક ખાવાનું પડેલું જુએ, તો નીચે જઇ એકલો નહિ ખાય, પરંતુ પહેલાં છાપરે ચડી કાં કાં કરી બીજા કાગડાઓને બોલાવશે અને એની સાથે પોતે ખાશે. આવું દિલ એ ઉમદા દિલ, બાકી તો ક્ષુદ્ર દિલ. આ ક્ષુદ્રતા ટાળવામાટે એ વિચારવું જોઇએ, કે મારે આ ક્યો અવતાર ? ક્ષુદ્ર સ્વભાવના જનાવરના અને અનાર્ય મ્લેચ્છના અવતાર તો

અનંતા કર્યા, આ મહાન આર્યકુલ-જૈનકુળમાં અવતાર મળ્યો, એમાં ઉમદા-ઉદાર સ્વભાવ ન કેળવી લઉં તો મારા જેવો મૂર્ખ કોણ? અને ક્ષુદ્ર-કૃપણ-ટૂંકી દૃષ્ટિવાળું દિલ રાખ્યા કરી દિલને-ચિત્તને શી એવી પ્રસન્નતા ય મળે છે ? કશી નહિ. તો લોકમાં શો એવો જશ પણ મળે છે ? ત્યારે પરભવમાટે અહીં અનેકવાર કરેલ ક્ષુદ્ર વિચારો, ક્ષુદ્ર બોલ, ક્ષુદ્ર વ્યવહારના કુસંસ્કારોના બંડલ લઈને ચાલવાનું થશે ત્યારે ભવાંતરે મારા આત્માની કેવી દુર્દશા ?

(૨) **લાભરતિ :-** લાભરતિ એટલે મફતિયા કે સસ્તા નવનવા લાભ મેળવવામાં ભારે રતિ-હર્ષ, તેથી જ યાંચાશીલ-માગણિયા વૃત્તિ જ હોય. ક્યાંક કશુંક ઇષ્ટ દેખે, અને જો લાગે કે માગતાં મળે એવું છે, તો ઝટ માગ્યા વિના નહિ રહે. આ પણ ભવાભિનંદીપણું સૂચવે છે. એને ભવનો પૌદ્ગલિક વસ્તુઓનો જ આનંદ છે, તેથી એ માંગ્યા કરવામાં એને શરમ નહિ. સંકોચ નહિં.

સાંસારિક વસ્તુઓનો તીવ્ર આનંદ ક્ષુદ્રતાદિની ફોજ લઈ આવે છે.

એ ક્ષુદ્ર ય બને, માંગણિયો ય બને, જેની તેની ચાપલુસી અને ખોટી ખુશામત પણ કરે. ભવની આસક્તિ ભૂંડી, દીનહીન બનાવે, મનથી દુખિયારો બનાવે. પછી એમાં ભવભ્રમણાનો ભય નહિ, અહીં પણ લોકનિંદાનો ભય નહિ.

પાલીતાણામાં વર્ષો પહેલાં એક ઠુંઠિયો હતો, પાસે પૈસા હતા, છતાં તળેટિયેથી યાત્રિકોની એકેક ગાડી પાછળ પોતાનો એક ઠુંઠો હાથ બતાવી દયા ઉપજાવી 'હે બાપા ! એક પૈસો આપો.' એમ દયામણા અવાજે બોલતો ગાડી પાછળ દોડતો ચાલે. શું આ ? લાભરતિ.

આ 'લાભરતિ' ટાળવા શું કરવું ?

આ વિચારવું કે 'જીવ ! શેના લાભમાટે ભુખારવો અને માંગણિયો બની રહ્યો છે ? મરતાં જે અવશ્ય છૂટી જ જવાની, અને અંતકાળે જે મનને ઠારવાની નહિ, પણ બાળવાની કેમકે એનો વિયોગ દુઃસહ્ય હોય છે, એવી ચીજો ખાતર ઝંખના કરવાની અને યાંચા-ભીખ માંગ્યા કરવાની ? પરિણામે અને પરલોકે રોવરાવનારા એવા જડ પદાર્થોની ઝંખના અને પ્રાર્થના શા સારું કરું ? આ ઝંખના હોય છે, એટલે જ કોઇ દિવસ આત્મહિતની ઝંખના ને લગન નથી થતી. માટે એની સામે આત્મગુણોની આત્મસુકૃતોની જ ઝંખના રાખું, લગન રાખું, એ મેળવવા મથું.

(૩) **દીન :** દીન એટલે સર્વત્ર અકલ્યાણદર્શી. બધે જ એને અકલ્યાણ એટલે કે દુઃખ-કષ્ટ-તકલીફ જ દેખાય. વેપાર કરતો હોય, ત્યાં આ જ વિચારે ઘરાકો કેવા અનાડી આવે છે ! નોકર ક્યાં સરખી નોકરી કરે છે ! માલ કેવા ભેળસેળિયા ને નકલી મળે છે ! નોકરી કરતો હોય તો આ જુએ કે 'શેઠ કેવા મિજાજી છે ! કામ કેટલું બધું કરાવે છે ! નોકર બે, ને ત્રણનું કામ કરાવવાનું!' ઘર સારું હોય છતાં વિચારે 'રંગ કેવા ઝાંખા પડી ગયા છે ! હવા-અજવાસનું ક્યાં ઠેકાણું છે !' જમવા બેસે તો 'પાપડ આવ્યો, પણ ચટણી ક્યાં છે ? પાણી પીવા મળે ત્યાં પાણી ઠંડુ પણ ગ્લાસ કેવો બુધા જેવો છે ?' એમ મનને ઓછું ને ઓછું જ આવ્યા કરે. આ બધી હૈયાની દીનતા છે. એનાથી એને જીવનમાં નિસાસા નિરાશા હતાશા જ લમણે લખાયેલા હોય. કોઇ પ્રેમથી બોલાવતો હોય, તો માને કેવો માયાચાર કરે છે ! ત્યારે જો ન બોલાવે, તો માને 'કેવો અભિમાની છે! કેવો ગૂઢ દિલનો છે! મેંઢો મેંઢો' ! પૈસા સારા કમાયો, તોય આ જ વિચાર છે કે ઇન્કમટેક્ષ કેટલો બધો લાગશે ! તાત્પર્ય, બધે જ અધુરું-ખોટું-ખરાબ જ દેખાયા કરે. એટલે જેટલું સારું છે, અનુકૂળ છે, એનાપર

શાંતિ અનુભવવાનું એના ભાગ્યમાં જ નહિ.

(૪) **મત્સરી :-** મત્સરી એટલે પરકલ્યાણદ્વેષ્ટિ. અર્થાત્ બીજાનું સારું જોઇ જ ન શકે, અને સહી ન શકે. એનાપર વ્યાકુળ થાય, બળતરા સંતાપ કરે. એકલા પુદ્ગલની પ્રીતિ કેવી ખતરનાક છે ! ખરેખરી આત્માની આત્મગુણોની પ્રીતવાળો બીજા આત્માના ગુણો પ્રત્યે માત્સર્ય-ઈર્ષા-અસહિષ્ણુતા નહિ કરે. જ્યારે એકલી જડની પ્રીતવાળો બીજાનું સુખ-બીજાનું સારું સહી નથી શકતો ! એને વિચાર નથી, કે બીજાને સુખ મળ્યું, પૈસા મળ્યા, માનપાન મળ્યા, તો એના પુણ્યે મળ્યા. તું શું કામ બળે ? એમ બીજાએ સારુ સુકૃત કર્યું, તો પોતાના દિલની શુભભાવના અને સત્ પુરુષાર્થથી કર્યું, એમાં તું શું કામ બળે ? આ તો વરનારાનું વરે, ને ઘાંયજો પેટ ફૂટે ! એના જેવું ઈર્ષ્યામાં થાય છે. બીજાનું સારું સહન નથી થતું, એટલે એનું નરસું આગળ કરાય છે. નરસાની નિંદા કરાય છે. 'ભાઈ ! ફલાણાએ ભગવાનની પૂજા સારી ભણાવી' આવું સાંભળશે, તો એ ઈર્ષ્યાથી સહન ન થતાં ઝટ ગાજી ઊઠશે, 'ભણાયું ભણાયું? ધંધામાં જૂઠ અનીતિ કેટલી ચલાવે છે ? ગુસ્સો કેટલો બધો છે ?'....

દોષિત પર રહેમ કેમ રહે ?

ખરી રીતે વિચારવું તો એ જોઇએ, કે એમ તો દુનિયામાં જૂઠ અનીતિ કરનારા ક્યાં ઓછા છે? ગુસ્સાખોરો ય ક્યાં ઓછા છે ? પરંતુ એમાં ઉદારતાથી પ્રભુભક્તિ કરનારા કેટલા ? ત્યારે એમાં આવા કોક પ્રભુભક્ત પાકે, તો શું એનાપર ચીડ સૂગ કરાય ? હોસ્પિટલમાં ઘણા દરદી પડ્યા હોય, એમાં કોઈકને અમુક દરદ મટી ગયું, પણ બીજા દરદ ઊભા હોય, તો તેથી શું એનાપર એવી ચીડ-સૂગ કરાય કે - શું સારું થયું ? આ બીજા કેટલા દરદ ઊભા છે ? ના, કેમકે એવા ને પેલા દરદવાળાના તો ત્યાં કેટલાય ખાટલા પડેલા છે. એ જોતાં જેને થોડું ય સારુ થયું છે, એના એટલા વ્યાધિનાશપર આનંદ થાય,

એમ અહીં મનુષ્યજનમરૂપી હોસ્પિટલમાં ભરતી થયેલા દરદી ઘણા, એમાં આ એક ઉદારતાથી પ્રભુભક્તિ કરનારાને એટલું આરોગ્ય આવેલું દેખાય છે, ત્યાં સૂગ શાની કરવાની ? આનંદ જ થાય. આપણા ચિત્તનો ઉપયોગ કેવો કરવો, તે આપણા હાથની વાત છે.

બીજાનું ખરાબ બાજુએ મૂકી, સારું જ જુએ એ ચિત્તનો સદુપયોગ છે.

પરનું સારું જોવાથી મન સારું-ઉત્તમ ઉમદા બને, હલકું જોવાથી હલકું અધમ બને.

માટે દુશ્મનનું પણ સારું જોવાનું-સારુ બોલવાનું. એથી દુશ્મનનો વિરોધ ટળી જાય.

ભરુચમાં અનુપચંદ શેઠને દીકરી પરણાવવી હતી. તેથી નાતના ચોપડે વરો નોંધાવી દીધો. પછીથી બીજા ભાઇએ પોતાની દીકરીના લગ્ન નિમિત્તે વરો નોંધાવ્યો. પણ મનને વસવસો રહ્યો કે મોટા શેઠના હાઈક્લાસ જમણ પછી મને સામાન્ય જમણમાં જશ નહિ મળે, જશ તો શેઠ જ ખાટી જશે. તેથી પહેલેથી જ એમનું ઘસાતું બોલવા દે, જેથી લોક શેઠને હલકા સમજે, તો પછીથી શેઠના જમણથી ખુશી ન થાય ! બસ બહાર બજારમાં ને બીજે શેઠની નિંદા શરુ કરી. એમાં કોઈકે શેઠને આની વાત કરી. અનુપચંદ શેઠ વિચારે છે, 'હોય, એને દીકરીનો વરો સારો પંકાય એવી ઈચ્છા સહેજે હોય. તો ભલે એનો વરો પહેલો જમે મારો પછીથી.'

આ શું ? બીજાની નિંદકતા જોવાની બાજુએ રાખી એનું સારું જોયું કે 'એને દીકરીનું લગ્ન પંકાય એવી ઈચ્છા હોય' આમ શેઠનું દિલ પેલાનું સારું જોવાથી સારું ઉમદા બની ગયું, ને બીજી સવારે ચૈત્યપરિપાટી વખતે પેલાને ત્યાં જઇ એને કહે છે,

મેં સાંભળ્યું છે તમારી દીકરીના લગ્નપર વરો જમાડવાનો છે, તો જુઓ તમારી દીકરી એ મારી જ દીકરી છે. એનો વરો પહેલો જમાડવાનો, મારો પછીથી. એ પ્રમાણે હું નાતના ચોપડે નોંધ કરાવી દઉં છું. તમે એ પ્રમાણે તૈયારી રાખજો અને કાંઇ સેવાનો લાભ હોય, તો મને આપજો.'

પેલો આ સાંભળી ડઘાઈ ગયો. આંખમાં આંસુ સાથે શેઠની પોતે નિંદા કરી એની માફી માગે છે. શું આ ? શેઠે દુશ્મનનું પણ સારું જોવાનું - સારું બોલવાનું કર્યું, તો દુશ્મનની દુશ્મનાવટ ટળી. એની છાતીમાં શેઠ મહાન તરીકે જડાઈ ગયા.

ભવાભિનંદીને બિચારાને આ ન આવડે. એટલે શાસ્ત્રકાર કહે છે, એ મત્સરી-ઈર્ષ્યાળુ-પરકલ્યાણ-દુ:સ્થિત હોય. પરના સારામાં સંતાપવાળો હોય.

(૫) **ભયવાન :-** વળી ભવાભિનંદી જીવ ભયવાળો અર્થાત્ ભયભીત રહેનારો હોય. એને બધે ભય લાગ્યા કરે. દા.ત. એના મનને એમ થાય કે મારું શરીર બગડી જશે તો ? ખીસું કપાઈ જશે તો ? કપડું મેલું થઈ જશે તો ? સામાને મારા માટે ખોટું લાગશે તો ? બજાર ફરી જશે તો ? કુટુંબી રીસાઈ જશે તો ? રસ્તાપર ગાડી હાંકનારો મારા પર લાવી દેશે તો ? મોંઘવારી વધી જશે તો ? પત્ની બહુ મોટી છે તે મરી જશે તો ? નોકરીમાં શેઠ મારા પર નારાજ થશે તો ? મકાન જુનું છે તે પડી જશે તો ?

આમ ભવાભિનંદીને વાતવાતમાં ભય રહ્યા કરે છે. કારણ ? એને સંસારનો બહુ આનંદ છે. સંસારની ઝીણી ઝીણી જડ વસ્તુનો ય એને આનંદ છે. તેથી જ એને બહુ મહત્ત્વ આપે છે. જાણે આત્માનું કશું મહત્ત્વ જ નહિ ! રસોડાના મસોતાનું મહત્ત્વ ! તે ગુમ તો નહિ થઈ જાય ? એવો ભય રહે, સાવરણીનું મહત્ત્વ, તે જલ્દી ઘસાઈ તો નહિ જાય ? એવો ભય. પણ 'આ બહુ ભેગુ કરું છું, તો મારો આત્મા આ વિરાટ ભવસાગરમાં અને વિષયોના પથારામાં ખોવાઈ તો નહિ જાય ? એનો ભય નહિ ! આ બહુ સુખ ભોગવું છું, તો મારું પુણ્ય સાવ ઘસાઈ તો નહિ જાય ? એવો ભય નહિ ! ભય હોય તો બહુ સુખભોગ ન કરે. વિવિધ ત્યાગના નિયમ રાખે. દુન્યવી ચીજોના ભય ટાળવા આ કરવાનું છે. મનપર આત્મા અને આત્મહિતકર સ્થાનો અને આત્મહિતકર પ્રવૃત્તિઓવગેરેનું મહત્ત્વ ઝગમગતું રાખવાનું છે.

૫૦-૫૫ વરસ પહેલાંની આ વાત છે, - જીવાભાઈ શેઠ પરિવાર અને સાધર્મિકને લઈને યાત્રાએ નીકળ્યા. તીર્થોની કમસર યાત્રા કરતાં કરતાં વચમાં તાર આવ્યો. વાંચીને ખીસામાં મૂક્યો. સાધર્મિક પૂછે, -

શેઠ શાનો તાર ?

શેઠ કહે, આ તો એક પારસીને ત્યાં આપણા અઢી લાખ રૂપિયા હતા, તે પાર્ટી નબળી પડ્યાના સમાચાર છે.

પેલો કહે 'તો શેઠ ! આપને જવું પડશે ને ?'

શેઠ કહે - 'શું કામ ? **રૂપિયા ખાતર આપણી યાત્રા બગાડવી ? રૂપિયા તો એક જનમની ચીજ, યાત્રા જનમ જનમ તારનારી.** ભાગ્યમાં હશે તો રૂપિયા આવશે. જો ભાગ્યમાં નહિ હોય તો સંદેહ છે કે જાઉં તો ય આવે કે ન આવે ? યાત્રા તો નિશ્ચિત આત્મકમાઈ આપે છે ! શું આ ? મહત્ત્વ આત્મહિતને આપ્યું, રૂપિયાને નહિ, પછી રૂપિયા આવશે કે નહિ, એવો ભય નહિ. દુન્યવી ચીજ ભાગ્યને સોંપવાની.

એકવાર મુમુક્ષુ કન્યા આવી કહે, મારે અમુક સાધ્વી પાસે દીક્ષા લેવાની છે. મેં પૂછ્યું - તેં એમનો પરિચય કર્યો છે ? મને એ કહે, સાહેબ ! પરિચય શું કરવો હતો ? મેં કહ્યું, પરિચય કર્યો હોય, તો

એમને આપણા સ્વભાવની અને આપણને એમના સ્વભાવની ખબર પડે ને ? એ જોયા વિના ઝુકાવો, ને પછીથી ન બન્યું તો ?

એ કહે 'સાહેબ ! આપ ભલા તો જગ ભલા'

અને ખરેખર એમ જ બન્યું. આજે પણ ગુરુણી વગેરે બધાને પ્રિય બનીને મસ્તીથી ચારિત્ર પાળે છે. પૂછો, -

પ્ર. - પણ કોઈકવાર વાંધો વચકો ન પડે ?

ઉ. - ના, પોતાના આત્માના કલ્યાણને જ મહત્ત્વ આપે, અને એથી જ ક્ષમા-સમતા-સહિષ્ણુતા વગેરે જ કમાવાનું લક્ષ રાખે ને બાકી બહારના પ્રસંગો અંગે Everything O.K. બધું સારું-સરસ કરીને ચાલે, એને ક્યારેય વાંધો વચકો નથી પડતો.

તાત્પર્ય, ભવાભિનંદી જીવ જગતની જડ ચીજોને જ મહત્ત્વ આપે છે. ને એના જ આનંદનો એ ખપી બન્યો રહે છે, તેથી એ વાતવાતમાં ભય સેવે છે.

(૬) **શઠ :-** ભવાભિનંદી જીવ શઠ એટલે કે માયાવી હોય છે. માયાવીપણું, દંભ, દ્રોહ, વક્રતા, એ મોટો દુર્ગુણ છે. અંદરમાં કાંઈ ને બહારમાં બીજું. હૈયામાં દ્વેષ રાખે અને શબ્દોમાં 'મને તમારાપર બહુ પ્રેમ છે, તમારા વિના મને ગમતું નથી' બોલે, એ માયા છે, માયાત્યાગ એ ધર્મનો પાયો છે. માટે તો **અધ્યાત્મસાર**માં બધા સદ્ગુણ ને બધી સાધનાના પાયામાં ભવવૈરાગ્ય બતાવ્યો, પણ વૈરાગ્યના પાયામાં દંભત્યાગ મૂક્યો. માયા હોય ત્યાં વૈરાગ્ય ન રહે. સમકિત ન રહે. બોલો છો ને....

''સાચામાં સમકિત વસેજી,
માયામાં મિથ્યાત્વ રે પ્રાણી !
મ કરીશ માયા લગાર.''

પ્ર. - ગુસ્સામાં મિથ્યાત્વ, અભિમાનમાં મિથ્યાત્વ, લોભમાં મિથ્યાત્વ, એમ ન કહેતાં માયામાં મિથ્યાત્વ કહ્યું ?

ઉ. - ગુસ્સો કરતાં અભિમાન કરતાં કે લોભ કરતાં મનને હજી એમ લાગવા સંભવ છે, કે આ હું ખોટું કરી રહ્યો છું. પરંતુ માયા કરતાં એવું નથી લાગતું, કે આ હું ખોટું કરી રહ્યો છું, ત્યારે જે પાપ આચરતાં ખોટા ન લાગે, હેય-ત્યાજ્ય ન લાગે, તે પાપોના આચરણમાં મિથ્યાત્વ ભેગુ ભરેલું હોય.

માયા એ કાંઈ જીવનજરૂરી ચીજ નથી. પોતાની ખોટી કલ્પના અને કાંક્ષાદિને વશ થઈને જીવ માયા કરે છે. તેથી જ્ઞાનીઓએ જોયું છે કે માયાવી જીવ મિથ્યાત્વમાં ઘસડાઈ રહ્યો છે. તેથી કહ્યું 'માયામાં મિથ્યાત્વ'.

માયાની બીજી ખરાબી એ છે, કે હજી ક્રોધ, અભિમાન, લોભ બીજાની જાણમાં આવે છે, પણ માયા કોઈની જાણમાં નથી આવતી. તેથી એ માયાવીને કોઈ સમજાવનાર નથી મળતું. તેથી પછી જીવનના છેડા સુધી માયા ચાલ્યા કરે છે. એમાં વળી અંતકાળે કદાચ ઓઘ (જનરલ) ઉપદેશરૂપે પણ માયાત્યાગનું કહેનાર મળે, તોય જીવનભર માયાના કરેલા અભ્યાસથી એ ઉપદેશ અંતકાળે ઉપયોગી નથી થતો, માયાની ગાંઠ બંધાઈ ગઈ તે અંતે ય છૂટતી નથી !

રુક્મી સાધ્વીને એમ જ બન્યું. પરદેશી રાજકુમારપર સહેજ રાગની દૃષ્ટિથી એક જ વાર જોવાનું નાનું પાપ એણે ગુરુ આગળ દીક્ષા વખતે ન આલોવ્યું. દીક્ષા પછી પણ ન આલોવ્યું, છેવટે અંતે અનશન કરતાં પહેલાં ય ન આલોવ્યું, અને માયાથી કહેતી રહી કે 'મારે હવે આલોવવાનું કશું પાપ બાકી રહેતું નથી' ! ઉલ્ટું જ્યારે ગુરુ આચાર્યે યાદ દેવડાવ્યું, કે તમે રાજા હતા, ત્યારે હું રાજકુમાર અવસ્થામાં તમારી રાજસભામાં આવેલો. ત્યારે તમે મારી સામે રાગથી જોયેલું, તે કેમ આલોવતા

નથી ?' ત્યારે એણે માયાથી બચાવ કર્યો કે 'એ તો મેં તમારા બ્રહ્મચર્યની પરીક્ષા કરવા એ રીતે જોયેલું.' આમ અંતે પણ માયા છૂટી નહિ, ને એના એક લાખ ભવ દુર્ગતિઓમાં ભટકવાના વધી ગયા! માયા કેવી મહાદુઃખદ ! માયા પ્રાકૃત ભાષાનો શબ્દ લઈએ, તો એના બે અર્થ થાય. માયા અને માતા. આ હિસાબે **માયા એ માતા છે, જનેતા છે, કોની જનેતા ? અનેકાનેક જન્મોની.** અહીં માયા કરો તો એનાથી અનેકાનેક જન્મો સરજાય ! એમાં ભટકવાનું સરજાય ! આનો ભય હોય, તો માયા ન રમાય. પરંતુ ભવાભિનંદી જીવને માયા વિના ચાલે નહિ. તેમ એને અનેકાનેક ભવ ભટકવાનો ભય પણ નહિ, તેથી એ માયાવી શઠ કપટી બન્યો રહે છે.

(૭) **અજ્ઞતા :-** ભવાભિનંદી જીવ વળી અજ્ઞ અર્થાત્ મૂર્ખ-મૂઢ હોય છે. આમ ભણેલો ય હોય, શાસ્ત્રજ્ઞ પંડિતે ય હોય, પરંતુ સદ્ગુરુ-સત્ શાસ્ત્રનો ઉપદેશ હૃદયથી સમજવા, સદ્દહવા જેવો એને બોધ ન હોય. જાણે ખરો, પણ એનું હૈયું એ જાણેલ તત્ત્વ કે માર્ગ કબૂલ ન કરે.

અવધિજ્ઞાની મહાત્માને જંગલમાં શિકારી ભીલ ભેટી ગયો, અવધિજ્ઞાનથી એનો પૂર્વભવ જોઈ લાગ્યું કે આને એ બતાવવામાં આવે તો સંભવ છે કે આ શિકારનો પાપધંધો મૂકી દે.

મુનિ એને કહે, ભલા આદમી ! આ શું કરે ? નિર્દોષ પંખેરાને મારે ? એમણે તારું શું બગાડ્યું છે? ભીલ કહે 'બગાડે શું ? આ જેમ ઝાડના ફળ પાડી લઈએ, એમ આ પંખેરા પાડી લેવાનાં.'

મુનિએ જોયું કે, આ આમ નહિ સમજે. એને એનો પૂર્વભવ સંભળાવું, એટલે સમજશે. એમ વિચારી એને કહે, જો, તું જાણે છે કે પૂર્વભવે તું કોણ હતો ? એમ કહી એનો પૂર્વભવ સંભળાવ્યો. સંભળાવીને કહે, જો આ તેં પૂર્વે કરેલા પાપોનું કેવુંક ફળ અહીં પામ્યો. માટે હિંસા મૂકી દે.' સાંભળતાં ભીલને પૂર્વભવનું સ્મરણ તો થયું. કહો, હવે એને જ્ઞાન થયું કે નહિ ? ના, એ તો વિચાર કરે છે કે,

'અરે ! આ તો કોઈ જબરો જાદુગર લાગે છે, જેવું બોલે છે એવું દેખાડી આપે છે !'

એમ વિચારીને કહે 'જા, જા માયાવી, આમ કહી કહી લોકોને ઠગે છે ? હું એમ કાંઇ તારું માની લઉં, એવો મૂર્ખ નથી.

શું ભીલ ખરેખર મૂર્ખ નથી ? છે જ, કેમકે ભીલને જાતિસ્મરણ જ્ઞાન તો થયું, પણ કેવું ? જ્ઞાન પ્રમાણે જાણેલી વસ્તુ હૈયું કબૂલતું નથી, એટલે એ અજ્ઞ જ છે. બસ, ભવાભિનંદીની આ સ્થિતિ હોય છે.

આવો જીવ જગતના પદાર્થ જૂએ છે, જાણે છે ખરો, પણ એ નાશવંત ને અંતે રોવરાવનારા હોવાથી રાગ કરવા યોગ્ય નહિ, એવું એનું હૈયું કબૂલતું નથી. એટલે જ એ જ્ઞાનવાળો છતાં અજ્ઞ છે, મૂર્ખ છે. વળી ભવાભિનંદી અજ્ઞ-મૂર્ખ એટલા માટે કે, એ વસ્તુને જોતાં પૂર્વાપરનો વિચાર નથી કરતો, પરિણામ જોતો નથી. એટલે તાત્કાલિક સ્વરૂપ જોઈ ખોટો ખ્યાલ બાંધી અજ્ઞાનતાભરી પ્રવૃત્તિ કરે છે. જેમકે પેલા શેઠનો મૂર્ખ છોકરો 'કાંઇ કામ હાથમાં લેવું તે બહુ વિચાર કરીને લેવું અને એમ વિચારીને કામ હાથમાં લીધા પછી અધવચ્ચે છોડવું નહિ.' એવા બાપના બોલપર હવેલીના ઝરુખામાં બેઠો બેઠો સામે એક ગધેડો બેસતો, એનાપર મહિનાઓ વિચાર કરતો રહ્યો કે 'આનું પૂંછડું જોરથી પકડ્યું હોય, તો એ કબ્જે આવી જાય કે નહિ ?' પછી કબ્જે આવી જવાનો નિર્ણય લઇ બસ એક દિવસ નીચે ઉતરી ગધેડાનું પૂંછડું જોરથી બે હાથે પકડ્યું, ગધેડો ભડક્યો, ચારે પગે કૂદ્યો ને ભાગવા મંડ્યો. છોકરો પાછળ ઘસાડાયો જાય છે. લોકો કહે 'અરે ભાઈ ! છોડી દે પૂંછડું, પણ એ મૂર્ખ અથડાતો કૂટાતો ને ગધેડાના પાછલા પગની

લાતો ખાતાં છતાં પૂંછડું છોડતો નથી. લોકોને કહે બાપાજી કહી ગયા છે કે, 'બહુ વિચાર કરીને કામ હાથમાં લેવું, ને લીધા પછી અધવચ્ચે છોડવું નહિ.'

આમ આગળ પાછળનો ને પરિણામનો વિચાર કર્યા વિના વર્તમાનપર નિર્ણય લે અને 'ગધે કા પૂંછ પકડા સો પકડા, છોડના નહીં' જેવું કરે એ અજ્ઞ છે, મૂર્ખ છે. ભવાભિનંદીના નિર્ણય એવા મૂર્ખતાભર્યા હોય છે, જે આપમતિએ જ ચાલે યા મિથ્યામતિના તત્ત્વનો અભિનિવેશ રાખીને ચાલે, એને ગમે તેવો તાત્ત્વિક યથાર્થ ઉપદેશ આપો, એને સાંભળેલાનો બોધ તો થાય, પરંતુ પોતાના પકડેલાને છોડવાની વાત નહિ, એટલે બોધ મળ્યો છતાં એ મૂર્ખ અજ્ઞ જ રહે. વક્તાએ દોઢ કલાક ગળું ખેંચ્યું હોય, છતાં આ ભવાભિનંદી તો એક જ કહે 'મહારાજનો ધર્મ ઉપદેશનો. એટલે એ એમ જ કહે. આપણે તો ભાઈ ! કરતા હોઈએ એ કરતા રહેવાનું' એણે શું કર્યું આ ? દોઢ કલાકની મહેનતે ઊભા કરેલા ચિત્રપર શાહીનો ખડિયો ઢોળી દીધો!

આવી અજ્ઞતા કાઢવી હોય એના માટે એક જ સીધો માર્ગ વીતરાગ શરણ.

अचिंत सत्तिजुत्ता हि ते भगवंतो वीअरागा सव्वण्णू। परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं।

मूढे अम्हि पावे अणाइमोहवासिए अण-भिन्ने भावओ, हिआहिआणं अभिन्ने सिआ ।।

અર્થાત્ તે મહાન પ્રભાવવંતા વીતરાગ સર્વજ્ઞ (ભગવાન) ખરેખર અચિંત્ય સામર્થ્યવાળા છે. અમે પાપી, અનાદિના મોહથી વાસિત છીએ. ભાવથી અનભિજ્ઞ-અજ્ઞાન છીએ. (પણ ઇચ્છીએ છીએ કે અમે) સજ્ઞાન થઇએ, આમ સર્વજ્ઞનું શરણું લઇ દરેક બાબતમાં એમનાં વચનને અનુસરે, એ સુજ્ઞ બને. ભવાભિનંદીને એ આવડે નહિ, માટે એ અજ્ઞ જ બન્યો રહે છે.

(૮) **નિષ્ફલારંભસંગત :** વળી ભવાભિનંદી નિષ્ફળ કાર્યો કરવાવાળો હોય છે. કામ આરંભે હોંશથી, કેમ જાણે સમજતો હોય કે - 'પૂરું પાડી દઈશ.' પરંતુ એને પૂર્ણ કરી શકતો નથી, અથવા એમાં ધાર્યું ફળ લાવી શકતો નથી, એનું કારણ એ છે, કે 'सर्वत्रातत्त्वाभिनिवेशात्' એને બધે અતત્ત્વનો જ દુરાગ્રહ હોય છે, પૂછો, -

પ્ર. - નિષ્ફળતા અને અતત્ત્વદુરાગ્રહને શો મેળ ?

ઉ. - મેળ આ રીતે - એક વાત સમજી રાખો કે, ભવાભિનંદી જીવ ભવના એટલે કે પૌદ્ગલિક વિષયોના જ આનંદને આનંદ માનનારો હોય છે, એ એનો અતત્ત્વનો આગ્રહ છે, કેમકે પૌદ્ગલિક આનંદ એ વાસ્તવમાં આનંદ નથી, ક્યારેક જે વિષયોમાં આનંદ લાગતો હોય છે, એ જ વિષયોમાં સમય-સંયોગ-પરિસ્થિતિ ફરી જતા આનંદ લાગતો નથી, દુઃખ લાગે છે. દા.ત. સવારે નાસ્તો આવ્યો ત્યારે આનંદ લાગ્યો. પરંતુ પછી બાર વાગે ભૂખ છતાં પીરસનાર નાસ્તો હાજર કરે તો આનંદ નથી લાગતો, ત્યાં તો રોટી દાળ શાકમાં આનંદ લાગે છે. સમય ફર્યો આનંદ ડૂલ. એમ સવારે નાસ્તામાં પુરીસાથે ચાહ-દૂધનો સંયોગ હોય, તો આનંદ લાગે છે, પણ દાળનો સંયોગ હોય તો આનંદ નથી લાગતો. પૂરીસાથે સંયોગ ફરતાં પૂરીમાંથી આનંદ ઉડ્યો. એમ બાળપણમાં ખેલવામાં આનંદ લાગતો, ને કુમાર-યુવાઅવસ્થા આવતાં એમાં આનંદ નથી લાગતો. અવસ્થા પરિસ્થિતિ ફરતાં એ જ ખેલવામાંથી આનંદ ઉડ્યો.

આવા જગતના વિષયોના આનંદ કામ-ચલાઉ છે, અસ્થિર છે, કાયમી નથી, હંમેશમાટે આનંદ એટલે આનંદ જ એવું નથી. ભૂખ હતી ત્યાં સુધી ૫-૭ પેંડા ઉડાવવામાં મહા આનંદ દેખ્યો. પછી પેટ પૂરું ભરાઈ ગયે જજમાન વધુ બે પેંડાનો આગ્રહ કરે, તો આનંદ નહિ દુઃખ લાગે છે, અને

શરમમાં પડી જો વાપરી કાઢે અને પછી અકળામણ કે ઉલ્ટી થાય તો મહાદુઃખ લાગે છે. મોટી શેઠાણીને સારો પતિ, પુત્ર, પુત્રવધુ, મોટર, બંગલો વગેરે મળ્યાનો અનહદ આનંદ હતો, પણ પુત્ર અચાનક મરી ગયો, તો પતિ, પૈસા, બંગલો, મોટર, બધું એને ખાવા ધાય છે. ત્યાં પૂછો એને, કેમ આનંદ છે ને ? તો એ ઝટ ગાજી ઉઠશે, શું રાખ આનંદ ? આ આંખની કીકી ને કલેજાની કોર જેવો છોકરો મર્યો, એના કરતાં હું જ અભાગિયણ કેમ ન મરી? આ બિચારી વહુને મારે જિંદગી સુધી ઝૂરતી જોવાની?

એમ મોટો શેઠ છે, બધું ટીપટોપ બની આવ્યું છે, છોકરોય ધાર્યો હોશિયાર થઈ વેપાર સારો સંભાળે છે, પરંતુ જો એ સ્વયં કે મિત્રોનો ચડાવ્યો હવે બાપનું માનતો નથી ને સામું બોલે છે, મા-બાપ આગળ મોઢું ચડાવેલું રાખે છે, તો એ બાપ-શેઠને પૂર્વનો આનંદ ડૂલ ! હવે જિંદગી સુધી હૃદય-સંતાપ. કેમ મનગમતા વિષયો ઉડી ગયા ? ના, હાજર છે, છતાં એમાંથી આનંદ ઉડ્યો. એ બતાવે છે કે દુન્યવી વિષયોમાં આનંદ છે જ નહિ. તો પૂછો,

પ્ર. - એ જ પૈસા બંગલો મોટર પુત્ર વગેરે વિષયોમાં પહેલા આનંદ કેમ લાગતા હતા ?

ઉ. - એ આનંદ કલ્પનાના આનંદ હતા, માટે તો દેખાય છે, કોઈ શ્રીમંત વૈરાગ્યથી એ બધું જ છોડી ચારિત્ર લે છે. તો એનો આનંદ ઉડી ગયો નથી લાગતો, પરંતુ હવે એ સાચો આનંદ અનુભવાય છે, કેમકે વિષયોમાં આનંદની ખોટી કલ્પનાનો આનંદ હતો. હવે વિષયોમાં પરલોકના ભયંકર ત્રાસની કલ્પના આવે છે. એટલે વિષયોનો આનંદ ઊડી જાય છે. પૂર્વે કલ્પનાનો આનંદ હતો, હવે કલ્પનાને જ તિલાંજલિ દઈ દીધી.

સારાંશ, વિષયોમાં આનંદનું ટીપું ય નહિ, છતાં ભવાભિનંદી જીવને એમાં જ આનંદ લાગે છે, એ એનો અતત્ત્વનો આગ્રહ છે. તેથી એ હવે એ આનંદમાટેની પ્રવૃત્તિ કરે તો સરવાળે આનંદ રહેવાનો છે જ નહિ, તેથી એની પ્રવૃત્તિ અંતે નિષ્ફળ જ જવાની.

ભવાભિનંદી જીવ વિષયસુખમાટે ધર્મપ્રવૃત્તિ કરે, તો તે પ્રવૃત્તિ પણ આમ સરવાળે આનંદદાયી નહિ રહેવાની, તેથી આ પ્રવૃત્તિ પણ નિષ્ફળ-આરંભસ્વરૂપ જ છે. તાત્પર્ય, ભવાભિનંદીની દુન્યવી પ્રવૃત્તિ શું કે ધાર્મિક પ્રવૃત્તિ શું, સરવાળે બધીય નિષ્ફળ પ્રવૃત્તિ-નિષ્ફળારંભ છે. ભવાભિનંદી જીવ અતત્ત્વના આગ્રહથી બીજી રીતે પણ નિષ્ફળ આરંભવાળો છે, જેમ કે દારૂનું વ્યસન પાડનારો આનંદ માણે છે, પરંતુ એ વધુ ને વધુ મદિરા મદિરાપાનનો ચડસ લગાડનાર અને અંતે પાયમાલ કરનાર હોવાથી વાસ્તવમાં એની વ્યસનપ્રવૃત્તિ નિષ્ફળ છે, એમ **અહીં વિષયોના આનંદનો આગ્રહ-અભિનિવેશ એનો ચડસ લગાવનાર, અને અંતે પાયમાલ કરનાર હોવાથી એની વિષયપ્રવૃત્તિ સરવાળે નિષ્ફળ જ છે.**

બોધની સુંદરતા પરિણતિપર

यदि नामैवं ततः किम् ? इत्याह,-

इत्यसत्परिणामानु-विद्धो बोधो न सुन्दरः ।
तत्सङ्गादेव नियमाद् विषसंपृक्तकान्नवत् ॥७७॥

इति-एवं-भवाभिनन्दिपरिणामे सति, अस्या-ऽसत्परिणामत्वात् **असत्परिणामानुविद्धो बोधः** सामान्येन **न सुन्दरः** । कुत इत्याह-**तत्सङ्गादेव**-विवक्षिताऽसत्परिणामसम्बंधादेव, **नियमाद्**-किमि-त्याह **विषसम्पृक्तकान्नवत्** इति निदर्शनमात्रम् ॥७७॥

ટીકાર્થ : ત્યારે જો એ પ્રમાણે (ભવાભિનંદીને असत् પરિણતિ) છે, તો તેથી શું? એ કહે છે,-

ગાથાર્થ : એ પ્રમાણે असत् પરિણતિથી વણાયેલો બોધ असत्परिणतिના સંસર્ગથી જ અવશ્ય સુંદર નથી, જેમકે ઝેર મિશ્રિત ભોજન.

ટીકાર્થ : 'ઇતિ' અર્થાત્ એ પ્રમાણે, ભવાભિનંદીની પરિણતિ હોતે છતે એને અસત્ પરિણતિ હોવાથી એનો બોધ અસત્ પરિણતિથી વણાયેલો છે, ને એ સામાન્યથી સુંદર (પ્રશસ્ત) નથી. કેમ એમ ? તો કે 'તત્સંગાદેવ' અર્થાત્ વિવક્ષિત અસત્પરિણતિના સંબંધથી જ 'નિયમાત્' એટલે કે નિયમથી (યાને અવશ્ય). કોની જેમ ? તો કે વિષમિશ્રિત ભોજનની જેમ. આ દૃષ્ટાંતમાત્ર છે.

વિવેચન : અવેદ્યસંવેદ્યપદ ભવાભિનંદી જીવને હોય છે એ કહ્યું, અને ભવાભિનંદી જીવ કેવો હોય તો બતાવ્યું કે ક્ષુદ્ર, લાભરતિ, વગેરે... એ એવો છે તો તેથી શું ? એ હવે ૭૭મી ગાથામાં બતાવતાં કહે છે,

ભવાભિનંદીપણાનો પરિણામ અર્થાત્ પરિણતિ એ આત્માની અસત્ પરિણતિ છે, મલિન આત્મપરિણતિ છે, તેથી એવી મલિન આત્મ-પરિણતિથી વણાયેલ બોધ પણ મલિન છે સુંદર નથી.

પ્ર. - બોધ દેખાય તો યથાર્થ, દા.ત. જાણ્યું કે પશુ-પંખી, કીડા, મકોડા એ જીવ છે, એમ બોધ યથાર્થ હોવા છતાં, માત્ર પરિણતિ મલિન, તેથી બોધ ખોટો કેમ ?

ઉ. - જેમ ચોર પોતાના સાગરીતને ઓળખાવે કે 'જો પેલો શ્રીમંત', તો એ ઓળખ છે તો સાચી, પરંતુ એમાં ઓળખની સાથે લૂંટવાના ભાવ છે, લૂંટવાની પરિણતિ છે, તેથી એ ઓળખ અસત્ કહેવાય. એ રીતે ભવાભિનંદી જગતમાં જે કાંઈ જુએ-જાણે, એની સાથે જ વૈષયિક સુખ-દુઃખની દૃષ્ટિ હોય છે, કહો કે

ભવાભિનંદી જીવ જાણેલું બધું વૈષયિક સુખદુઃખના કારણે જ માપે છે. માટે એની જાણકારી આમ સત્ય છતાં અસત્ છે. અર્થાત્ એ જ્ઞાન વૈષયિકસુખ આપે, તો કામનું; અને વૈષયિક દુઃખ આપે, તો નકામું. એવી અંતરની અસત્ પરિણતિથી ખરડાયેલ જ્ઞાન હોવાથી એ જ્ઞાન મલિન છે, સુંદર નથી, આત્મહિતકર નથી. એટલે જ્ઞાન મેળવવા સાથે અંતરંગ પરિણતિ કેવી કામ કરે છે એ મુખ્ય જોવાનું છે.

દા.ત. ગામ બહાર વેશ્યાનું મડદું પડ્યું હોય, એનાપર ભોગી અને યોગી બંને ય જ્ઞાન કરે છે. ભોગી જ્ઞાન કરે કે 'બિચારી સુંદર શરીરવાળી મરી' પરંતુ ભોગીનું આ જ્ઞાન મલિન છે. કેમકે એની સાથે ભોગસુખ અને ધનકમાઈ કરી શકાત. એ દયાની પરિણતિ મલિન છે, અસત્ છે. તેથી એનું જ્ઞાન પણ અસત્ છે. ત્યારે યોગીની દયાની પરિણતિ એ છે કે જીવંત હોત અને આવા મોક્ષમાર્ગની તપ-સંયમની સાધનાને યોગ્ય સુંદર દેહને એમાં લગાવ્યો હોત, તો જન્મ-જન્માન્તરનાં પાપોનો નાશ કરી શકત. એ સારી દયાની પરિણતિ છે, તેથી એનું 'બિચારી મરી' એ જ્ઞાન પણ સુંદર છે. ભોગીની આંતર પરિણતિ ભોગતરફની, માટે ખોટી. એમ ભવાભિનંદી જીવની પણ આન્તર પરિણતિ વિષયસુખ તરફની અને આત્મહિતથી તથા સર્વજ્ઞવચનથી તદ્દન બેપરવા, માટે એ અસત્ મલિન પરિણતિ છે. એવી પરિણતિવાળાનો બોધ સાચો દેખાવા છતાં સુંદર નહિ. તેથી જ અસર્વજ્ઞનાં દર્શનો ધર્મની વાત તો મજેની કરે, પરંતુ એવી સર્વજ્ઞકથિત આત્મહિતની વાતોની તદ્દન ઉપેક્ષાની પરિણતિ કામ કરતી હોય છે, તેથી એ અસર્વજ્ઞ દર્શનની ધર્મની કે તત્ત્વની વાતો અસુંદર છે. આવા કેટલાકની સર્વજ્ઞવચન પ્રતિ ઉપેક્ષા તો વળી કેવીક ભારે કે, એ સર્વજ્ઞની પણ મશ્કરી કરે છે. તો શું એવાની ધર્મની તત્ત્વની વાતો સુંદર ગણાય ?

દા.ત. **બૌદ્ધદર્શન અસર્વજ્ઞનું દર્શન છે.** એ કહે છે કે જગતમાં સર્વજ્ઞ કોઈ હોઇ શકે નહિ. કદાચ કહો કે, સર્વજ્ઞ વિના સૂક્ષ્મ અતીન્દ્રિય પદાર્થ કોણ બતાવે ? તો એવા પદાર્થ માટે સર્વજ્ઞ જ પ્રમાણ-

ભૂત છે. તો બૌદ્ધ કહે છે કે **'प्रमाणं दूरदर्शी चेत्, वरं गृध्रानुपास्महे'**

અર્થાત્ જો સર્વજ્ઞ દૂરદર્શી છે, માટે પ્રમાણ-ભૂત છે, તો તો બહેતર છે કે ગીધડા દૂરદર્શી હોય છે, માટે એને જ ભગવાન માની એની જ ઉપાસના કરીએ.

બૌદ્ધનું આ વચન શું છે ? સર્વજ્ઞની મશ્કરી. કેમકે સર્વજ્ઞને એણે ગીધડાની તોલે ગણ્યા ! એને પૂછીએ, કે તો પછી સૂક્ષ્મ અતીન્દ્રિય પદાર્થના જ્ઞાન વિના સૂક્ષ્મ મોક્ષમાર્ગ ક્યાંથી સૂઝશે ?

તો બૌદ્ધ કહે છે, મોક્ષ છે નિરાકાર વિશુદ્ધ ચિત્સંતતિરૂપ. અર્થાત્ જગતના પદાર્થમાત્ર ક્ષણિક છે, તો આત્મા અર્થાત્ વિજ્ઞાન પણ ક્ષણિક છે, પરંતુ જેમ દીવાની જ્યોત ક્ષણિક યાને ક્ષણક્ષણ પલટાતી છતાં ઉત્તરોત્તર જ્યોત સમાન હોવાથી એની સમાન ધારાને લઈને એ જ્યોત સ્થિર છે, એમ ભાસ થાય છે, બસ એવી રીતે ઘડો, વસ્ત્ર વગેરે અને વિજ્ઞાનમય આત્મા ક્ષણિક છતાં એની ક્ષણે ક્ષણે ચાલતી સમાન ધારાને લઈને એ ઘડો વગેરે સ્થિર ભાસે છે.

હવે વિજ્ઞાનધારા યાને ચિત્સંતતિ ચાલે છે. એ અહંકાર વિષયક વિજ્ઞાનની ધારા છે. એનું નામ સંસાર છે.

सोपप्लव चित्संतति: संसार:

निरुपप्लव चित्संतति:=मोक्ष:

જ્યાં સુધી તમારા જ્ઞાનમાં કોઈ આકાર, કોઈ વિષય ભાસે, ત્યાં સુધી સંસાર, વિષય-આકાર-ભાસનો બંધ કરી દો. અને શુદ્ધ વિષયવિનિર્મુક્ત શુદ્ધ વિજ્ઞાનધારા ચલાવો, એટલે મોક્ષ થયો ગણાય. આમાં સર્વજ્ઞની-સર્વજ્ઞદૃષ્ટ સૂક્ષ્મ અતીન્દ્રિય પદાર્થને જાણવાની ક્યાં જરૂર પડી ? એ તો ક્ષણિકત્વની અને નિરાકારતાની ભાવના અને ધ્યાનનો અભ્યાસ કરો, એટલે આકાર છૂટી જવાથી મોક્ષ થઈ જવાનો. આમાં બીજા ત્રીજા સૂક્ષ્મ-અતીન્દ્રિય પદાર્થ ન જાણ્યા તો ક્યાં અટક્યું ? પછી સર્વજ્ઞની શી જરૂર?

આમ બૌદ્ધ સર્વજ્ઞને ઉડાવે છે. પણ એને ખબર નથી કે પહેલું તો આ ક્ષણિકત્વ એ જ સૂક્ષ્મ અતીન્દ્રિય તત્ત્વ છે, સર્વજ્ઞ વિના આ અતીન્દ્રિય ક્ષણિકત્વ કોણ પ્રત્યક્ષ જોઈ શકે ? કદાચ કહો, -

પ્ર. - અમે ક્ષણિકત્વ તર્કથી સાબિત કરીએ છીએ. પછી સર્વજ્ઞની ક્યાં જરૂર પડવાની ?

ઉ. - તમે પોતે જ ક્ષણિક છો, તેથી ક્ષણિકત્વ સાબિત કરવાની તમારી ગુંજાયશ નથી, કેમકે જે ક્ષણે તમે તર્ક લગાવશો, એની પછીની ક્ષણે તમે પોતે જ ક્ષણિક હોઈ હયાત નથી. પછી ક્ષણિકત્વનું જ્ઞાન કોણે કર્યું ? અને આ ક્ષણે જે ક્ષણિકત્વ જ્ઞાન કરવા જાય, એ પોતે પૂર્વ ક્ષણે હતો જ નહિ, તો ક્ષણિકત્વજ્ઞાન સાધક તર્ક કોણે લડાવ્યો? ત્યારે જો કોઈ એક જ પુરુષ આ ક્ષણે તર્ક કરે અને બીજી ક્ષણે ક્ષણિકત્વ નિર્ણય લેવા જાય, તો તે પુરુષ પોતે જ દ્વિક્ષણસ્થાયી બનવાથી સર્વ ક્ષણિકત્વ સિદ્ધાન્ત ઊડ્યો ! કદાચ કહેશો, -

પ્ર. - ભલે ક્ષણિકત્વ જેવા અતીન્દ્રિય પદાર્થને જાણવા સર્વજ્ઞની જરૂર પડતી હોવાથી અમે ક્ષણિકત્વ નહિ માનીએ. પરંતુ નિરાકાર ચિત્સંતતિ-રૂપ મોક્ષ સાધવામાં સર્વજ્ઞની ક્યાં જરૂર છે ?

ઉ. - પહેલું તો એ સમજો, કે જ્ઞાન અને નિરાકાર-નિર્વિષયક એ સંભવિત જ નથી. કેમકે જ્ઞાન એટલે પ્રકાશ, એ કોઈ પ્રકાશ્ય વસ્તુને લઈને જ હોય. કશું પ્રકાશ્ય જ જો નથી, તો પ્રકાશ શાનો? તાત્પર્ય, જ્ઞેયના આકાર વિનાનું જ્ઞાન હોય જ નહિ. બીજી વાત એ છે કે, મોક્ષરૂપ નિરાકાર ચિત્સંતતિ ઊભી કરવા માટે જરૂરી નિરાકારની ભાવના (અર્થાત્ જ્ઞાન) જે કરાય તે તો સવિષયક-સાકાર જ બન્યું. પછી નિરાકારનો અનુભવ કરશો કેવી

રીતે ? વળી 'જ્ઞાન નિરાકાર નિર્વિષયક હોઈ શકે છે' એ સાબિત શી રીતે કરશો ? જે તર્ક લગાવશો, એ સાકાર જ્ઞાનરૂપ જ રહેવાનો; અને તર્ક માટે દષ્ટાન્ત શોધશો, તો કોઈ નિરાકાર નિર્વિષયક જ્ઞાન દષ્ટાન્તરૂપે મળશે જ નહિ. ત્યારે તર્ક નિષ્ફળ જતાં નિરાકારતા જેવા અતીન્દ્રિય પદાર્થને પ્રત્યક્ષ જોનાર તરીકે સર્વજ્ઞની જરૂર પડવાની. પછી સર્વજ્ઞ વિના ક્યાં ચાલ્યું ?

તાત્પર્ય, સર્વજ્ઞ જ મોક્ષ અને મોક્ષસાધક અતીન્દ્રિય ભાવોને પ્રત્યક્ષ જોઈ શકે, ને જગતને બતાવી શકે. એમનો વિરોધ કરવો, એમને ન માનવા, એ આત્માની અસત્પરિણતિ છે. ને અસત્પરિણતિવાળો બોધ સુંદર હોઈ જ ન શકે. ત્યાં બોધ સાચો હોય, તેટલામાત્રથી સુંદર ન કહેવાય. પૂર્વે કહ્યું હતું તેમ, ચોરને અમુક માણસ પૈસાદાર છે એવું જાણવા મળ્યું, એ જ્ઞાન સાચુ હોવા છતાં, એની અંતરની પરિણતિ ચોરવાની છે, અસત્ પરિણતિ છે, તો એવી અસત્ પરિણતિવાળા જ્ઞાનના સાચાપણાને શું કરવાનું ? એ જ્ઞાન અસુંદર જ કહેવાય.

માટે જ્ઞાનની સુંદરતાનો આધાર અંતરાત્માની પરિણતિ ઉપર છે. પાયામાં પરિણતિ સુધરવી જોઈએ. જો પરિણતિ બગડેલી છે, મલિન છે, તો એકલા જ્ઞાનપ્રકાશને શું કરવાનો ? હવે જો પૂછો, -

પ્ર. - પરિણતિપર કેમ ભાર મૂકો છો ?

ઉ. - પરિણતિપર ભાર મુકવામાં બે કારણ છે.

(૧) પરિણતિ નિર્મળ હોય, તો થોડું પણ જ્ઞાન તારણહાર છે, જેમકે માષતુષ મુનિને માત્ર પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું જ્ઞાન. ત્યારે જો પરિણતિ મેલી છે, તો ઘણું પણ જ્ઞાન મારણહાર છે, જેમકે અભવી-દુર્ભવીને નવ પૂર્વ સુધીનું જ્ઞાન. પરિણતિપર ભાર મૂકવાનું આ એક કારણ.

(૨) પરિણતિપર ભાર મૂકવાનું બીજું કારણ એ છે કે, જ્ઞાનનો ઉદ્દેશ મોક્ષ છે, તે મોક્ષ શું છે ? આત્માનો અત્યંત વિશુદ્ધ પરિણામ યાને ૮ કર્મના ક્ષયથી પ્રગટ થતો આત્માનો સહજ શુદ્ધ સ્વભાવ. એથી હવે સમજાય એવું છે કે, આ અત્યંત નિર્મળ પરિણામ પ્રગટ કરવો હોય; તો સાધનાના પાયામાંથી અંતરાત્માના પરિણામ થોડા થોડા પણ નિર્મળ કરતા ચાલવું જોઈએ. તે અશુદ્ધ અસત્ પરિણામને દબાવતા જવાથી જ શક્ય બને. દા.ત. મોક્ષનું એક સ્વરૂપ અનાહારિપણાની પરિણતિ જો લાવવી હોય, તો આહારસંજ્ઞાના કાપની નિર્મળ પરિણતિ ઊભી કરવી જ જોઈએ. એકલું જ્ઞાન તો હોય કે 'આત્માનો સ્વભાવ અનાહારિપણાનો છે' પરંતુ દિવસમાં ઘણીવાર ખાતો રહેતો હોય, ઘી કેળાં ને રસગુલ્લા વગેરે ઉડાવતો રહેતો હોય, તો ત્યાં ખાનપાનની પરિણતિ ને આહારસંજ્ઞા ક્યાં દબાયા? નિરંકુશ યથેચ્છચારિતા રહી. ખરેખર તો આહાર-સંજ્ઞા પર સૂગ રહેવી જોઈએ. જો એ સૂગ હોય તો એટલી નિર્મળ પરિણતિ છે.

ધર્માત્માને બિમારીવશ ચૌદશે ખાવું પડતું હોય, તો એને ખેદ હોય. ખાવાપ્રત્યે સૂગ હોય. ખાય છે એટલે ખાવાની અસત્ પરિણતિ તો ખરી, ને એ આશ્રવ છે, પરંતુ ત્યાં જો ખાવાપર સૂગ છે તો એ સંવરની સત્ પરિણતિ છે.

પરિણતિ સુધારવાની આ ચાવી, કે આશ્રવને સંવર બનાવો.

પૈસા એ આશ્રવ છે, કેમકે એનાપર રાગ થાય છે, મૂર્ચ્છા થાય છે, સુખ વિલાસ ભોગવવાના કોડ થાય છે. પરંતુ જો ત્યાં આ વિચાર આવે કે 'આ પૈસા મારેમાટે ખતરનાક છે, કેમકે એના તીવ્ર રાગ-મમત્વથી ભવોની પરંપરા ચાલે !' ને અંતરમાં પૈસાપર ઘૃણા થાય છે, તો એ સંવરની પરિણતિ છે. અથવા એમ થાય કે 'આનાથી પ્રભુભક્તિ-

સંઘ-સેવા, જ્ઞાનસેવા, જીવદયાદિ કરીશ' તો એ સંવરની સમ્યક્ પરિણતિ છે.

એમ કોઈએ આપણું કાંઈક બગાડ્યું, અથવા આપણું અપમાન કર્યું, ત્યાં જો મનને 'આ કેવો ખરાબ માણસ' એમ એનાપર અરુચિ-દ્વેષ થાય, તો એ આશ્રવની પરિણતિ. માટે તો મહાવીર ભગવાનપર અનાડીઓ તરફથી જુલ્મની ઝડિયો વરસી છતાં, પ્રભુ 'આ કેવા ખરાબ માણસ' એટલું ય મનમાં ન લાવ્યા, કેમકે પ્રભુ સમજતા હતા કે એવું વિચારવામાં અરુચિ-દ્વેષની આશ્રવની પરિણતિ છે. ત્યારે જો ત્યાં એમ વિચારાય કે, 'આમાં તો મારામાટે કર્મક્ષયનો ધન્ય અવસર છે. પણ સામો જીવ તો દયાપાત્ર છે, એ બિચારો મારું નિમિત્ત પામી કર્મ બાંધે છે !' તો આ સંવરની સત્પરિણતિ છે. **વેઠવાનું આવ્યું, તે તો વેઠવું જ પડવાનું છે, પછી એને આશ્રવનું સ્થાન શા માટે બનાવવું ? સંવરનું જ બનાવવું. આશ્રવનું સ્થાન એટલે જ્યાં રાગ, દ્વેષ, ઉકળાટ, હિંસાદિની ભાવના વગેરે અશુભ ભાવો કરાય તે, સંવરનું સ્થાન એટલે જ્યાં ક્ષમા, દયા, સમતા, ઉપશમ, અહિંસા વગેરે શુભ ભાવો કરાય તે.** બસ, વારંવાર જાગૃતિ રાખીને આશ્રવનાં સ્થાનોને સંવરના સ્થાન બનાવવા; એમાં શુભભાવ આવે, ત્યાં આંતર-પરિણતિ સમ્યક્ બને. આવી સત્પરિણતિ સાથેનો શાસ્ત્રબોધ એ સુંદર બોધ કહેવાય, પછી ભલે એ બોધ થોડો હોય. ત્યારે શાસ્ત્રનો ઘણો પણ બોધ જો આંતરિક અશુભ પરિણતિથી મિશ્રિત હોય, તો તે અસુંદર છે. મિઠાઈનું પણ ભોજન જો ઝેરથી મિશ્રિત હોય, તો તે સુંદર નથી. એનાથી શરીરને પુષ્ટિ ન મળે, પણ મોત મળે. ત્યારે એવા ઝેર વિનાનું સાદું રોટલાનું પણ ભોજન શરીરને પુષ્ટિ આપે.

એમ, અવેદ્ય સંવેદ્યપદવાળાને ગ્રન્થિભેદ નથી થયો. સર્વજ્ઞનાં વચનનું માર્ગદર્શન નથી મળ્યું. એટલે મિથ્યાશાસ્ત્રોનાં મિથ્યાતત્ત્વોની શ્રદ્ધાની પરિણતિ અર્થાત્ અસત્ પરિણતિ છે. અથવા સર્વજ્ઞનાં શાસ્ત્રોનો બોધ છે, પરંતુ એકાંતે દુન્યવી વિષયોનો જ રાગ છે, તો એની અસત્પરિણતિ છે, તો એ ઝેર સમાન છે. એનાથી મિશ્રિત ગમે તેટલો બોધ હોય તોય તે અસુંદર છે.

ત્યારે સમ્યક્ આંતરપરિણતિ એ અમૃત સમાન છે, એનાથી મિશ્રિત થોડો પણ બોધ આત્માને પુષ્ટિકારક છે, સમ્યક્ છે. આમ,

પરિણતિપર મુખ્ય ભાર દેવાનું કારણ બધી સાધનાનો ચરમ ઉદ્દેશ વીતરાગતાની પરિણતિપર જવાનો છે.

એમ ચરમઉદ્દેશ અનાહારીપણાનો ખ્યાલમાં હોય, ને ચૌદશ જેવી પર્વતિથિ આવી, તો ત્યાં ઉલટભેર ઉપવાસ થાય; ને કદાચ શરીરાદિના કારણે તપ ન થઈ શક્યો, તો હૈયાને ભારે રુદન હોય. તપ ન કરી શકવાનો ખેદ એ સમ્યક્ પરિણતિ છે.

આપણા સ્વ. પંન્યાસજી શ્રી **પદ્મવિજયજી** ને કેન્સરનો જાલિમ વ્યાધિ હતો, માથું દુખવાની વેદનામાં તો લાગે કે, માથાના જાણે ટુકડા થઈ રહ્યા છે. એમાં એકવાર ચૌદશે એમની પાસે હું બેઠેલો તે રોવા જેવા થઈને કહે કે, 'જુઓને ! આજે પર્વ દિવસે પણ મારે નવકારશી વાપરવાનું પાપ કરવાનું? કેવો કમભાગી !' પછી એમના આશ્વાસન માટે મારે કહેવું પડ્યું કે, એક જ બાજુ કેમ જુઓ છો ? જેમ ખાવું એ પાપ છે, આશ્રવસ્થાન છે, તેમ આવો જાલિમ કેન્સર રોગ સમતાથી સહન કરવો, એ રોગપરિષહ નામનું મહાન સંવરસ્થાન છે. વળી એમાં આટલી જાલિમ વેદના સમતા-સમાધિથી સહન કરવામાં મહા કઠણાઈ છે, કષ્ટ છે; ને જેમ ઉપવાસવગેરે એ તપ છે, તેમ આ જાલિમ વેદના સમતા-સમાધિથી સહન કરવાનું કાયકષ્ટ એ પણ મહાન તપ છે. અવસરે ઉપવાસાદિ

તપને પણ ટપી જાય એવો તપ છે. એમાં કેટલો બધો સત્ત્વવિકાસ અને કેટલી બધી અદ્‌ભુત કર્મ નિર્જરા છે !' સાંભળી ને હસી પડ્યા.

વાત આ છે, આશ્રવસ્થાનને સંવર સ્થાનમાં ફેરવી નાખતા આવડે, તો સમ્યક્‌પરિણતિ આવે. ગુરુએ ઠપકો આપ્યો, ત્યાં મનને ખોટું લાગે, તો એ આશ્રવસ્થાન બનાવ્યું. પરંતુ મનને જો એમ લાગે, મારા હિતનામાટે ઠપકો ગુરુ નહિ આપે, તો બીજું કોણ આપવાનું હતું ? એ કહે છે એ મારા હિતને માટે કહે છે, ને તેથી મારે જાગૃતિ રહે છે, ભૂલ સુધારવાની તક મળે છે,' તો એ સંવરસ્થાન થયું.

આશ્રવમાં અસત્ પરિણતિ; સંવરમાં સત્ પરિણતિ. અસત્ પરિણતિ ભવનો વિસ્તાર કરે. સત્ પરિણતિ ભવનો સંકોચ કરે. જેમ મવાલીના સંબંધથી સારો માણસ પણ ખરાબમાં ખપે, એમ અસત્‌પરિણતિ સાથેનો બોધ ખરાબ.

પ્ર. - અસત્‌પરિણતિ હોય, તો એવું ન બને કે થોડો બોધ ખરાબ ને બાકીનો સારો હોય ?

ઉ. - ના, દૂધપાકના એક ખૂણામાં પણ ઝેર, આખા દૂધપાકને ઝેરી તરીકે ઓળખાવે છે. ત્યાં એમ નથી કહેવાતું કે 'આટલા ખૂણામાંનો જ દૂધપાક ઝેરી છે, બાકીનો નહિ' એ તો સમગ્ર દૂધપાક ઝેરી જ ગણાય છે. એમ અસત્ પરિણતિના સંબંધથી સમગ્ર બોધ અસુંદર ગણાય, પણ નહિ કે થોડો બોધ સારો, ને થોડો ખરાબ. એટલે જ **જમાલી**એ જ્યાં ભગવાનનું માત્ર એક જ વચન ઉત્થાપ્યું, ને એનામાં અસત્ પરિણતિ ઊભી થઈ, ત્યાં હવે એનો માત્ર એ વચનનો જ બોધ બગડ્યો એમ નહિ, પણ એનો બાકીનો સમગ્ર બોધ બગડ્યો.

સારાંશ - હૈયામાં અસત્ પરિણતિ ઊભી થાય એ ઝેર છે, એ હૈયામાં સમગ્ર બોધને અસમ્યક્ કરી નાખે છે.

અસત્ પરિણતિ ક્યાં ક્યાં ઊભી થાય છે?

(૧) પહેલી તો સર્વજ્ઞ ભગવાનના એકાદ પણ વચનની ઉપેક્ષા - આવગણના કરવામાં અસત્ પરિણતિ ઊભી થાય, પછી સમગ્ર સર્વજ્ઞ શાસનની ઉપેક્ષા કરે, એને અમાન્ય કરે, ત્યાં તો પૂછવાનું જ શું ?

(૨) સર્વજ્ઞશાસન - જિનશાસનને માન્ય કરવા છતાં, જો કામ, ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા, રાગ, દ્વેષ વગેરે કષાયની પરિણતિ ઊભી કરે, તો પણ પરિણતિ બગડી, અસત્ થઈ. આ કષાયોથી બહુ જ સાવધ રહેવા જેવું છે. એ કામ - ક્રોધાદિના સૂક્ષ્મ રૂપે આવે, તો પણ પરિણતિ બગડી ગણાય. દા.ત. બ્રહ્મચારી રુક્મી સ્ત્રીરાજાએ પરદેશી રૂપાળા રાજકુમારપર સહેજ રાગની દૃષ્ટિથી ક્ષણવાર પણ જોયું, તો ત્યાં સૂક્ષ્મ કામ આવ્યો. એની પરિણતિ બગડી.

એમ ક્ષમાશીલ માણસને કોઈ પૂછે, ભાઈ ! તમને પેલો બહુ બોલી ગયો છતાં તમને કેમ સહેજ પણ ગુસ્સો ન આવ્યો ? અને ત્યાં આ જો કહે કે 'ભાઈ ! આપણે તો ક્ષમાનું જ જીવન સૂત્ર રાખ્યું છે,' તો આમાં સૂક્ષ્મ અભિમાન આવ્યું, ને એમાં અસત્‌પરિણતિ થઈ.

એમ ધર્મ કરવાની શક્તિ છતાં જો પોતે માને કે મારી શક્તિ નથી. તો એમાં સૂક્ષ્મ માયાનું સ્વરૂપ આવ્યું, ને ત્યાં પરિણતિ બગડી. જીવને અસત્ પરિણતિઓ - અસત્ પરિણામો હિસાબ વિનાના થાય છે.

આમાં મોટો અસત્ પરિણામ મિથ્યાત્વનો છે, રાગ - દ્વેષની ગ્રન્થિનો છે. ત્યાં સર્વજ્ઞવચનની શ્રદ્ધા નથી, એટલે વેદ્યસંવેદ્યપદ નથી. સર્વજ્ઞ વચનની શ્રદ્ધા હોય, તો ખરેખરા વેદ્યનું સંવેદન થાય ને ? ગ્રન્થિ ભેદે નહિ, ત્યાં સુધી આ આવતું નથી,

તેથી અવેદ્યસંવેદ્યપદમાં રહે છે.

ફલત એતદેવાહ,-

एतद्वन्तोऽत एवेह, विपर्यासपरा नराः ।
हिताहितविवेकान्धाः, खिद्यन्ते साम्प्रतेक्षिणः ।७८।

एतद्वन्तो-अवेद्य(संवेद्य)पदवन्तः **अत एव**-कारणात् **इह**-लोके, **विपर्यासप्रधाना नराः** किमित्याह-**हिताहितविवेकान्धाः**-एतद्रहिता इत्यर्थः । अत एवाह-**खिद्यन्ते साम्प्रतेक्षिणः** सन्त इति ॥७८॥

ટીકાર્થ : ફળથી આ જ અવેદ્યસંવેદ્યપદ (વસ્તુ) કહે છે.

ગાથાર્થ : આ (અવેદ્યસંવેદ્યપદ) વાળા માણસો આ જ કારણે લોકમાં ભ્રમવાળા હોય છે. તેથી જ હિત-અહિતનો વિવેક કરવામાટે અંધ (માત્ર) વર્તમાનદર્શી અને ખેદ પામનારા હોય છે.

ટીકાર્થ : આવાળા-અવેદ્યપદવાળા માણસો, આ જ કારણે અહીં=લોકમાં 'વિપર્યાસપરા' અર્થાત્ મુખ્યતાએ ભ્રમ-વિપરીત બોધવાળા (હોય છે, એટલે શું તો કે) હિતાહિતના વિવેકમાં અંધ એટલે કે એવા વિવેકથી રહિત હોય છે. એટલા જ માટે કહે છે 'खिद्यन्ते सांप्रतेक्षिणः' અર્થાત્ (માત્ર) વર્તમાનદર્શી બન્યા રહ્યા થકા ખેદ પામે છે.

વિવેચન : અવેદ્યસંવેદ્યપદનો (૧) સ્વરૂપથી વિચાર કર્યો કે એનું સ્વરૂપ કેવું ? રાગ-દ્વેષની ગાંઠ ઊભી હોવાથી પરમાર્થથી જે વેદ્ય છે, એનું એમાં સંવેદન નહિ, શ્રદ્ધા નહિ. હવે (૨) ફળથી વિચાર કરે છે કે અવેદ્યસંવેદ્યપદનું ફળ શું ? તો કે **અવેદ્યસંવેદ્યપદવાળા વિપર્યાસપરા** અર્થાત્ પ્રધાનતાએ વિપરીત યાને ઉલ્ટો બોધ કરનારા હોય છે. પ્રશ્ન થાય,

પ્ર - બોધ તો આપણે કરીએ તેવો હોય, દા.ત. આપણે ઘર-ઘડો વસ્ત્ર વગેરે જોઈએ એમ એ પણ એમ જ જુએ છે, તો આમાં બોધ વિપરીત શી રીતે ?

ઉ. - બોધમાં વિપરીતતાનું કારણ એને આંતરિક અસત્પરિણતિનો સંપર્ક છે. આ અસત્ પરિણતિ કેવી હોય છે ? તો કે એને એકાન્તવાદી મિથ્યાદર્શનની શ્રદ્ધા હોવાથી વસ્તુને એકાન્તરૂપે જ જોવાની વૃત્તિ હોય છે, ને આવી વૃત્તિ અ-સમ્યક્ પરિણતિ છે. જગતમાં વસ્તુમાત્ર અનેકાંત ધર્મી હોય છે. દા.ત. ઘડો સ્વ-સ્વરૂપે સત્ પણ છે, અને પરરૂપે અસત્ પણ છે. માટીમયતાએ સત્, કાંચનમયતાએ અસત્. પરંતુ એકાન્તરૂપે જોવાની વૃત્તિવાળો ઘડાને એકલો સત્ તરીકે જૂએ છે. એટલે આ એનું દર્શન યાને બોધ ભ્રમરૂપે છે, યથાર્થબોધ નહિ. અનેકાંતધર્મીને એકાંતધર્મી તરીકે જોવો, એ ભ્રમ-વિપર્યાસ-વિપરીતબોધ જ કહેવાય.

બસ, અવેદ્યસંવેદ્યપદની આ ખરાબી છે, કે એ માણસને ભ્રમમાં જ રાખ્યા કરે. એક બાજુ મહાવૈરાગ્ય પણ હોય, છતાં બીજી બાજુ બિચારાને સર્વજ્ઞશાસન નહિ મળ્યું હોવાથી એની વૃત્તિ-પરિણતિ મિથ્યાશાસનના અનુસારે એકાન્ત મતની માન્યતાની હોય છે, અનેકાંતમતની નહિ. તેથી વૈરાગ્ય છતાં બોધ વિપરીત છે.

ત્યારે આપણે જૈનકુળમાં જન્મવામાત્રથી ગળથુથીમાં સર્વજ્ઞનું શાસન-જિનશાસન પામ્યા એ કેટલા બધા પુણ્યશાળી ? પણ તેથી શું? જોવાનું આ છે કે,-

કુળમહત્તાએ જૈનશાસન પામ્યા ખરા, પણ જૈનશાસન હૈયામાં સ્પર્શ્યું છે ? વણાયેલું છે ? કુળથી જૈન છીએ, હૈયાથી જૈન છીએ ?

હૈયામાં જૈન શાસન વણાયું એટલે ?

જેમ હૈયામાં સંસાર ને સંસારના વિષયો વણાઈ ગયા છે, તો એના જ આધારે અર્થાત્ ઈષ્ટ-અનિષ્ટ વિષયોના આધારે પોતાને સુખ દુઃખ એવી સમજ રહે છે, ને રાત દિવસ એના જ વિચારો ચાલે છે. તેમ

હૈયામાં શાસન વણાઈ ગયું, એટલે શાસનના આધારે એટલે કે શાસને કહેલ શુભ-અશુભ આલંબનો અને શુભ-અશુભ યોગોના આધારે પોતાને સુખ-દુઃખ, એવી સમજ રહે ને શક્ય અશુભને ટાળવાની તથા શક્ય શુભને આદરવાની કાળજી તથા પ્રયત્ન રહે. હૈયે સંસાર વણાયેલને પૈસાની નોટો દેખે, મેવા મિઠાઈનો થાળ દેખે એટલે આંખ નાચે છે, હૈયું ખીલે છે. તેમ હૈયે શાસન વણાયેલને ભગવાન, ભગવાનનો ધર્મ, ગુરુ ને મંદિર, તીર્થ, શાસ્ત્રો તથા ધર્મની સાધનાઓ દેખે એટલે હૈયાને આનંદ થાય. એની સામે સંસારની બાબતો દેખે, ત્યાં હૈયાને એ પરદેશી માલ જેવું લાગે. કન્યા પરણીને પિયર છોડી સાસરે જાય, ત્યારે એના હૈયામાં સાસરું ને પતિ તથા સાસરિયા કેવા વણાઈ જાય છે ? બસ, હૈયામાં સંસાર પડતો મૂકી શાસન વણાઈ જાય, એટલે શાસનની જ વાતોનો વિચાર રહ્યા કરે.

એમ હૈયામાં શાસન સ્પર્શ્યું હોય એટલે ? હૈયાને જૈનશાસન જ સારભૂત લાગે.

(૧) જૈનશાસનના કાયદા-કાનુન જ સારભૂત લાગે.

(૨) જૈનશાસનના તત્ત્વો સર્વજ્ઞકથિત જીવ અજીવ વગેરે નવ તત્ત્વ જ સારભૂત લાગે.

(૩) જૈનશાસને કહેલો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જ સારભૂત લાગે.

(૪) જૈનશાસને કહેલા દાન-શીલ-તપ-ભાવનારૂપ ધર્મ જ સારભૂત લાગે.

(૫) જૈનશાસનમાં કહેલા દેવાધિદેવ વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા અને ગુરુ સંયમી સાધુ જ સારભૂત લાગે.

આ જ બધું સારભૂત તારણહાર લાગે, એટલે એની સામે મિથ્યા દેવ-ગુરુ-ધર્મ, દુન્યવી કુટુંબ-સગાવહાલા, પૈસા ટકા, માલ-મિલ્કત, જાતની હોંશિયારી, માન સન્માન વગેરે બધું અસાર તુચ્છ અને મારણહાર લાગે. એ લાગે ત્યાં વેદ્યસંવેદ્યપદ હોય, એટલે પરિણતિ સમ્યક્ કહેવાય, સત્ પરિણામ કહેવાય, અને એવી પરિણતિવાળાનો બોધ યથાર્થબોધ કહેવાય. બાકી અવેદ્યસંવેદ્યપદ-વાળાની પરિણતિ અસત્ એટલે જ એનો બોધ અયથાર્થ યાને વિપરીત હોય. એવા એ બિચારા સાચા હિતઅહિતને જોવામાટે અંધ હોય છે 'આ મારું હિત છે' 'આ મારું અહિત છે', એવો વિવેક વહેંચણ એને હોય નહિ જનમથી અંધને 'આ અજવાળું, પેલું અંધારું,' એવો વિવેક કરવાની તાકાત ક્યાંથી હોય ?

વિપર્યાસવાળો હિતાહિત જોવામાં અંધ. એટલે હિતને અહિત માને, અહિતને હિત માને. દા.ત. ઈતર ધર્મવાળાએ શૌચને પહેલો ધર્મ માન્યો, તે ક્યાં સુધી કે સર્વસંગત્યાગી સાધુ મહારાજને પણ એ કહેવા તૈયાર કે તમે સ્નાન નથી કરતા, તેથી તમારામાં પાયાનો પહેલો શૌચ ધર્મ જ નથી. તેથી તમારી પાસે ધર્મ નથી. પરંતુ એમને ખબર નથી. કે 'સ્નાનં મદદર્પકરં' સ્નાન એ મદ અને કામોન્માદ પેદા કરનાર છે 'સ્નાનં કામાંગ-વર્ધનમ્' સ્નાન એ કામના અંગની વૃદ્ધિ કરનાર છે. બ્રહ્મચારીને *'વિભૂસા ઇત્થીસંસગ્ગો સિણાણં સોભવજ્જણં'* સૂત્રથી સ્નાનનો ત્યાગ કહ્યો છે. વળી પાણીના ટીપેટીપે અસંખ્ય જીવો, એ સ્નાનમાં મરે એનીય ખબર નથી. આમ આત્માને અહિતકર એવા સ્નાનને હિતકર માને છે. આ કોણ કરાવે છે? મતિનો વિપર્યાસ, હિતાહિતનો વિવેક નથી. સ્નાન ત્યાગમાં અસંખ્ય જીવોને અભયદાન છે, એ આત્મહિતકર છે, એને અહિતકર માનવું છે, એમાં વિવેક ક્યાં રહ્યો ?

માત્ર વર્ત્તમાનદર્શીઓના ભાગે ખેદ....

અવેદ્યસંવેદ્યપદવાળાની આંતરિક આત્મ-

પરિણતિ જ ખોટી. તેથી જેમ એને હિતાહિતનો વિવેક નહિ, એમ એ 'સાંપ્રતેક્ષી' હોય છે. અર્થાત્ માત્ર વર્તમાનને જોનારા-તાત્કાલિકને જોનારા હોય છે. જૂઓ બૌદ્ધદર્શનવાળાએ શું કર્યું ? સારી રીતે દિવસમાં ફાવે તેટલીવાર ખાઓ, પીઓ, ને શાંતિથી ધ્યાન ધરો. ધ્યાનથી જ મોક્ષ થશે. શું કર્યું આ ? વર્તમાન જોયું, વર્તમાનને બદલે ભવિષ્યના કલ્યાણની દૃષ્ટિએ જોઇ ત્યાગ તપસ્યા કરીએ, તો ખાવામાં મન જાય, ને તેથી ધ્યાન બરાબર ન થાય. એના બદલે વર્તમાનમાં મનમાન્યા ખાનપાન કરી મનને શાંત રાખ્યું હોય, તો મનને અસત્ વિકલ્પો અને અશુભ ધ્યાન થાય નહિ, તેથી ધ્યાન સારું થાય. આમ વર્તમાન જોવા ગયા. પરંતુ અહીં એ જોવું ભૂલ્યા કે, કોઈપણ પ્રકારના ત્યાગ-તપ રાખ્યા વિના મનમાની રીતે ખાનપાન કરતા રહેવામાં આહારસંજ્ઞા પુષ્ટ રહેવાની, ને એનાપર તો સંસાર અખંડ ચાલ્યો આવે છે. એટલે ભાવી દીર્ઘ સંસાર જ ઊભો થવાનો.

પ્ર. - તો પછી ત્યાગ-તપસ્યા કરવામાં મનને ખાવાના વિકલ્પો રહે, એમાં ધ્યાન શી રીતે થવાનું ?

ઉ. - એવું નથી, ત્યાગ અને તપસ્યાના અભ્યાસથી એનો આનંદ વધતો રહેવાથી અસત્ વિકલ્પો બંધ થઈ જાય છે. ચિત્તને સમાધિ રહે છે. ત્યારે તપને બદલે યથેચ્છ ખાનપાનમાં શાંતિ સંતોષ આનંદ રહે, એ તો રાગની મોટી અસમાધિ છે. આવી રાગની પરિણતિ અકબંધ હોય, ત્યાં એકલું ધ્યાન બિચારૂં શું કરે ? એમાં સમ્યક્ બોધ ન આવે.

આ તો વર્તમાનદર્શીનો એક દાખલો. એવા જગતમાં બીજા પણ દાખલા ઘણા, જેમાં માત્ર વર્તમાન જોઈને ચાલનારા ગોથાં ખાય છે. એટલે જ અહીં કહ્યું 'ખિદ્યન્તે સાંપ્રતેક્ષિણઃ' અર્થાત્ આ વિપર્યાસવાળા માણસો માત્ર વર્તમાનને જોઈને ચાલનારા ખેદ પામે છે, સંતાપમાં પડે છે.

પ્ર. - વર્તમાનદર્શીને ભાગે ખેદ કેમ ?

ઉ. - ખેદ એટલા માટે કે સાંસારિક જીવનમાં અનેક જાતનાં અશુભ કર્મો કામ કરતા હોય છે. એટલે ત્રણ સાંધતા તેર તૂટે છે. બધું ધાર્યું થતું નથી. તેમ અણધાર્યું કાંઈક ને કાંઈક અનિષ્ટ આવી પડે છે. ત્યાં સાચા હિત-અહિતને સમજવાની શક્તિ નથી, માત્ર વર્તમાન સુખ-દુઃખ જોવું છે, તેથી ઈષ્ટ પૂરું ન બની આવવામાં ને અનિષ્ટ આવી પડવામાં એને ખેદ સંતાપ થયા વિના શાનો રહે ?

પ્ર - તો શું હિતાહિતજ્ઞને અશુભ કર્મવશ ઈષ્ટભંગ-અનિષ્ટાગમનથી ખેદ નહિ થાય ?

ઉ. - **ના, હિત-અહિતને સમજનારા સાંસારિક ઈષ્ટ-અનિષ્ટને બહુ મહત્ત્વ આપતા નથી. એ તો ભાવી હિત-અહિતને મહત્ત્વ આપે છે. હિત અહિતને એટલે, એ મુખ્યપણે એ જુએ છે કે, મારા આત્માને હિતકર ધર્મ અને સદ્ગુણો કમાવાનું કેટલું મળે છે ? આત્માને અહિતકર પાપથી બચવાનું કેટલું મળે છે ?** એટલે એને કોઈ ઈષ્ટભંગ થયો યા અનિષ્ટ આગમન થયું, તો એ તો જુએ છે કે, ઈષ્ટ-અનિષ્ટ સાંસારિક સુખ-દુઃખ, એ તો પૂર્વના શુભ-અશુભ કર્મની લીલા છે. એની સાથે હરખ-શોક કરવા ખોટા છે. જે આપણા હાથની વસ્તુ નહિ, પણ કર્મના હાથની વસ્તુ છે. ત્યાં શા માટે શોક-સંતાપ કરવા ? એથી કોઈ કશું સુધરી જતું નથી, ઉલ્ટું શોક-સંતાપથી દુઃખમાં વધારો થાય છે, ને પાપ બંધાય એ નફામાં, બહારનું તો મારા કર્મે બગાડ્યું, પરંતુ મારા આત્માની અંદરનું તો હું બગાડું તો જ બગડે. તો હું શા માટે મારી જાતે જ મારું બગાડું ? શોક-સંતાપથી અંદરના અધ્યવસાય બગડે છે, એ ન બગડવા દેવા હું સ્વતંત્ર છું. શોક સંતાપ કરવા કે ન કરવા એ

मारा आत्माना हाथनी वात छे.

आम એકલા वर्तमानने બદલે ભવિષ્યદર્શી બનવાથી શોક-સંતાપ કરવામાં ભાવી અહિતનો અને સમતાભાવ રાખવામાં ભાવી હિતનો વિચાર રાખીને એને વર્તમાન અનિષ્ટ પર ખેદ કરવાની જરૂર નથી રહેતી.

પરંતુ આ તો હિત અહિતનો વિવેક યાને વિભાગ જોઈ શકે એમની વાત છે. પણ એ વિભાગ જોવામાં અંધ હોય, એ ઈષ્ટવિયોગ અને અનિષ્ટ આગમનના ખેદથી શી રીતે બચે ?

तथा च-

जन्ममृत्युजराव्याधि, रोगशोकाद्युपद्रुतम्।
वीक्षमाणा अपि भवं, नोद्विजन्तेऽतिमोहतः ॥७९॥

जन्म-प्रादुर्भावलक्षणं, **मृत्युः**-प्राणत्यागरूपः, **जरा**-वयोहान्यात्मिका, **व्याधिः**-कुष्ठादिलक्षणः **रोगो**-विशुचिकाद्यातङ्कः, **शोकः**-इष्टवियोगादिजो मनोविकारः, आदिशब्दाद्ग्रहादि परिग्रहः, **एभिरुपद्रुतं**-कदर्थितम्। **वीक्षमाणा अपि**-पश्यन्तोऽपि सन्तः। **भवं**-संसारं **नोद्विजन्तेऽस्मादिति** प्रक्रमः । **अतिमोहतो** हेतोरिति ॥७९॥

टीकार्थ : હિતાહિતના વિવેકની અંધતા અને માત્ર વર્તમાનદર્શિતા કેવી દુઃખદ દુર્દશા કરે છે, તે હવે કહે છે,-

गाथार्थ : અને એ રીતે જન્મ-મૃત્યુ-ઘડપણ-(કોઢ જેવા) વ્યાધિ-રોગ-શોક વગેરેથી વિડંબાતો સંસાર (નજરે) દેખવા છતાં અતિમોહને લીધે (એનાથી) ઉદ્વેગ નથી પામતો.

टीकार्थ : 'जन्म' (નવા અવતારમાં) પ્રગટ થવા સ્વરૂપ, 'मृत्यु' પ્રાણત્યાગ સ્વરૂપ, 'जरा' (બાકીની) ઉંમરમાં હાનિરૂપ, 'व्याधि' કોઢ વગેરે સ્વરૂપ, રોગ અજીર્ણાદિ જીવલેણ બિમારી, 'शोक' ઈષ્ટવિયોગાદિથી ઉત્પન્ન થતો માનસિક વિકાર. 'આદિ' શબ્દથી ગ્રહ વગેરે લેવા, એનાથી ઉપદ્રુત અર્થાત્ કદર્થિત (વિડંબિત) 'वीक्षमाणा अपि' એટલે કે (નજરે) દેખાતા હોવા છતાં, (કોને ? તો કે) ભવ યાને સંસારને એનાથી ઉદ્વેગ નથી પામતા એમ સંબંધ જોડવા. 'अतिमोहतो' પ્રબળ મોહના લીધે.

संसारना उपद्रवो

विवेचन : હિતાહિત જોવામાં અંધ અને માત્ર વર્તમાન સુખ દુઃખને જ મહત્ત્વ આપનારા મૂઢ જીવો સંસાર અનેક ઉપદ્રવો-વિટંબણાઓથી ભરેલો છતાં એવા સંસારથી કંટાળતા નથી.

સંસારમાં ઉપદ્રવો કેવા ? તો કે જન્મ અર્થાત્ નવા અવતારમાં જકડાવું; મૃત્યુ એટલે કે એ અવતારમાં જકડાયા પછી અંતે પ્રાણ છૂટી જવા. જરા યાને ઉંમરમાં ઘસારો થતો આવવો. વ્યાધિ અર્થાત્ મોટા કોઢ, લકવો, ક્ષય વગેરે હઠિલા જીવલેણ દરદ. રોગ એટલે કે અજીર્ણ, તાવ, ખાંસી વગેરે બિમારીઓ. શોક યાને મનગમતાનો વિયોગ કે અણગમતાનો યોગ વગેરે થવાથી અનુભવાતો માનસિક દુઃખવિકાર. 'આદિ' શબ્દથી ગ્રહ વગેરે લેવાના, અર્થાત્ કોઈ શનિ-મંગળ વગેરે ગ્રહની પીડા, યા ભૂત-વળગાડ, ડાકણ, કોઈની નજર લાગવી, વગેરે આવા આવા ઉપદ્રવોની વિટંબણાં-સંસારમાં પાર વિનાની પોતાના અને બીજાના જીવનમાં નજરે દેખાવા છતાં પરલોકતરફ અંધ અને માત્ર વર્તમાન ભવનાં સુખને જોનારા જીવો એવા વિટંબણાભર્યા સંસારથી ઉદ્વિગ્ન થતા નથી, એમને સંસારવાસનો કંટાળો આવતો નથી કે 'હાય! આ કેવા સંસારમાં રહેવાનું ને ભટક્યા કરવાનું !' ન સંસારપર કંટાળો, ન સંસારની વિટંબણાઓપર કંટાળો, એમના મનને એવી અફસોસી જ નહિ કે, હાય! આ સંસારમાં વારે વારે જનમવાનું ને મરવાનું? મર્યા પછી પાછું જનમવાનું નહિ એવું નહિ ! ને જનમ્યા પછી મરવાનું નહિ એવું નહિ ! વળી

જનમ્યા પછી ય આયુષ્ય ઘટતું જ ચાલે ! ત્યારે જનમ અને મૃત્યુ વચ્ચેનું જીવન પણ કેવું ? એમાં દુર્ભાગ્યે કદાચ કોઢ, લકવો, ક્ષય, ભગંદર, કેન્સર વગેરે હઠિલા જીવલેણ દરદ પણ આવે. એ અસહ્ય એવા કે એનાથી છૂટવા મરી ખૂટવાનું મન થાય. છતાં જલ્દી મોત આવે નહિ. ન સહેવાય, ન મરાય. કદાચ આવી વ્યાધિ ન આવી, તો ય તાવ, ઉધરસ, કફ, ખાંસી, અજીર્ણ, ગેસ, શરદી, શિરોદર્દ, કંમર તૂટવી, પગતોડ વગેરે બિમારીઓમાં ની એક યા બીજી બિમારી તો ક્યાં લેવા જવી પડે એમ છે ?

ત્યારે જીવનમાં ઈષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ તો હાલતાં ને ચાલતાં બન્યા જ કરતા હોય છે. જીવે જીવનમાં ઈષ્ટ અને અનિષ્ટ માનેલા કેટલા? એનો હિસાબ નથી. 'આ મને ગમે, આ ન ગમે' એવું કેટલી બાબતોમાં ? એની ગણતરી નથી. દા.ત. સારું કપડું ગમતું, પરંતુ એ લાંબુ ટકે નહિ એ અણગમતું. એનો રંગ ગમતો, પરંતુ બરછટ સ્પર્શ અણગમતો. કિંમત ઓછી હોય એ ગમતી, પણ ઝટ મેલું થઈ જાય, એ અણગમતું. આ તો એક કપડાની વાત. બાકી ઘરવખરીની ઢગલાબંધ ચીજોમાં એકેકમાં ગમતું ને અણગમતું જોવા જાય તો એ ઈષ્ટ-અનિષ્ટની અગણિત સંખ્યા થાય ! આમાં ઈષ્ટનું ચાલી જવું અને અનિષ્ટનું આવી પડવું જીવનમાં ધારાબદ્ધ ચાલુ છે. એક બાજુ એક ગમતું થાય છે, તો બીજી બાજુ કશું અણગમતું બની આવે છે. થોડી વારે પાછું એ જ ગમતું બગડી જાય છે, યા નષ્ટ થાય છે. જીવનમાં આવા ઈષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગની લોથનો જાણે સતત વરસાદ પડતો રહે છે. કારણ એ છે કે ઈષ્ટની પ્રાપ્તિ થવી અને સંયોગ બની રહેવો, એ પુણ્યને આધીન છે, પણ પુણ્ય દુબળું છે. તેથી ધાર્યું બધું ક્યાંથી બની આવે? એમ જીવના માથે અશુભ કર્મોના ઢગ પણ એવા પડ્યા છે કે, એથી કોઈ ને કોઈ અનિષ્ટો ઊભા થતા જ રહે, ને ઈષ્ટ ચાલ્યા જાય યા બગડી જાય. આ વિટંબણા જ છે.

આમ સંસાર જન્મ-મૃત્યુવગેરેની વિટંબણાઓથી વિડંબિત છે, કદર્થિત છે. એ નજરે દેખાવા છતાં જીવોને આ સંસાર પર કંટાળો નથી આવતો !

સંસારપર કંટાળો ન આવવાનું કારણ

આનું કારણ ?

શાસ્ત્રકાર કહે છે, કારણ અતિમોહ છે. અતિ મોહ એટલે પ્રબળ વિષયરાગ, જાલિમ અજ્ઞાન દશા, અને મિથ્યામતિ.

(૧) પ્રબળ વિષયરાગના લીધે ભલે ઉપદ્રવો વિટંબણાઓ-કદર્થનાઓ સહવી પડે, પણ મધના બિંદુ જેટલું ય વિષયસુખ ચાટવા મળે છે ને ? એ લાલસા લંપટતા બની રહેવાથી શું કામ ઉપદ્રવોથી કંટાળી સંસાર પર ઉભગી જાય ? 'નાક કટ્ટા, મગર ઘી તો चट्टा ?' જેવો ઘાટ છે. ચોરીથી ઘી ખાવા ગયો, એમાં ઘરધણીએ સીફતથી ચોરનું નાક કાપી લીધું, તો ય દુઃખ કરવાને બદલે સંતોષ માને છે, કે ઘણા દિવસથી ચોકખું સોજજું ઘી ખાવાની લગન હતી, તે આજે ભલે નાક કપાયું પરંતુ વાહ ! કેવું સરસ ઘી ખાવા મળ્યું ! આ ઘીના પ્રબળ રાગની જેમ સંસારી જીવોને અતિ પ્રબળ વિષયના રાગ નાકछेदનની જેમ સંસારની વિટંબણાઓ અને સંસારપર ઉદ્વેગ નથી થવા દેતો. એમ (૨) જાલિમ અજ્ઞાનદશા ભવિષ્યમાં પરલોકમાં આવનારા ભયંકર દુઃખોથી અજાણ રાખે છે, જાણે તો ય શ્રદ્ધા નથી થવા દેતી. તેથી વર્તમાન સુખોપરની લંપટતા સંસારની વિટંબણાઓથી ઉભગવા દેતી નથી. એમ (૩) મિથ્યામતિ ઊંધી જ કલ્પનાઓ કરાવે છે, તેથી વિટંબણાઓથી બિહામણા સંસારને સોહામણો મજાનો મનાવે છે. આ અતિપ્રબળ વિષયરાગ,

અજ્ઞાનદશા અને મિથ્યામતિ સ્વરૂપ અતિમોહથી મૂઢ બનેલા જીવો હંમેશા સંક્લિષ્ટ દશામાં વર્તે છે, એમને ચિત્તના પ્રબળ સંક્લેશો પીડતા હોય છે. તીવ્ર મિથ્યાત્વ અને કષાયો એ ચિત્તને પીડતા હોય છે, તેથી એ સંક્લેશ કહેવાય છે.

સંક્લેશવાળું ચિત્ત સંક્લિષ્ટચિત્ત કહેવાય. સંક્લેશ ઓછા થાય, તો વિશુદ્ધિ આવે. જેટલા પ્રમાણમાં સંક્લેશ-સંક્લિષ્ટતા ઓછી કરાય, એટલા પ્રમાણમાં વિશુદ્ધિ-વિશુદ્ધતા આવે.

અહીં અતિપ્રબળમોહ જીવને નરદમ સંક્લિષ્ટ મતિવાળો-સંક્લિષ્ટ ચિત્તવાળો રાખે છે. એ સંસારની વિટંબણાઓથી ઉભગવા દે નહિ. એને કહો, 'અલ્યા ભાઈ ! સંસારની આટલી બધી વિટંબણાઓથી તમને ત્રાસ નથી થતો ? સંસાર પરથી દિલ ઊઠી નથી જતું ?' ત્યારે એ કહેશે, 'એમાં ત્રાસ શાનો થાય ? એ તો સમજી જ રાખવાનું છે કે સંસાર એટલે વિટંબણા તો હોય, પરંતુ એમાં સારું સારું ખાવા-ભોગવવા મળે છે ને?' કેટકેટલી જાતનાં સુખ ભોગવવા મળે છેને ? પછી બીજી મુશ્કેલીઓનું દુઃખ શાનું કરવાનું? ઉલ્ટું એમ દુઃખ કરી કંટાળીને ભાગીએ તો સુખે ય જાય અને શોષાઈ જઈએ. સમુદ્રના માછલાં સમુદ્રની અંદરના સંઘર્ષથી કંટાળી ભાગીને સમુદ્રની બહાર નીકળી જાય તો સુકાઈ જ જાય ને ? આ એમની અતિમોહદશા !

આમ અતિમોહ મૂઢતાથી એમની **મિથ્યામતિ શું કરાવે છે,** તે હવે કહે છે,-

तथा चामीषां किम् ? इत्याह,-

कुकृत्यं कृत्यमाभाति, कृत्यं चाकृत्यवत्सदा।
दुःखे सुखधियाकृष्टाः, कच्छूकण्डूयकादिवत् ॥८०॥

कुकृत्यं-प्राणातिपातारम्भादि **कृत्यमाभाति** मोहात्, **कृत्यं चाहिंसाऽनारम्भादि च अकृत्यवत्स**-दाऽऽभाति मोहादेव। **दुःखे**-समारम्भादौ **सुखधिया**-सुखबुद्ध्या **आकृष्टा**-आकर्षिताः किंवदित्याह **कच्छूकण्डूयकादिवत्** कच्छू-पामा तस्याः कण्डू-यकाः-कण्डूयन्त इति कण्डूयकाः, आदिशब्दात्कृ-मिप्रतुद्यमानाग्निसेवककुष्ठिपरिग्रहः ॥८०॥

ટીકાર્થ : અને એ રીતે આવાઓનું શું ? તે કહે છે.

ગાથાર્થ : (એમને) સદા ખરાબ કૃત્ય એ કર્તવ્ય લાગે છે. ને કર્તવ્ય એ ખરાબ કૃત્ય લાગે છે (એ) ખરજવાને ખણનારની જેમ સુખની બુદ્ધિથી દુઃખ (દુઃખરૂપ વસ્તુ) માં આકર્ષાય છે.

ટીકાર્થ : 'કુકૃત્ય' અર્થાત્ જીવહિંસા ને આરંભસમારંભ આદિ (દુષ્કૃત્ય એમને) મોહથી કર્તવ્ય લાગે છે, અને અહિંસા ને આરંભત્યાગ આદિ હંમેશા અપકૃત્ય જેવા લાગે છે. (એ પણ) મોહથી જ, 'દુઃખે' એટલે કે આરંભ-સમારંભાદિ માં 'સુખધી' -સુખબુદ્ધિથી 'આકૃષ્ટ' આકર્ષિત, કોની જેમ ? તો કે 'કચ્છૂ કંડૂયકાદિની જેમ' 'કચ્છૂ' એટલે કે ખસ-ખરજવું. તેને 'કંડૂયક' અર્થાત્ ખણનારા, આદિ શબ્દથી કૃમિથી પીડાતા અને અગ્નિને સેવનારા કોઢવાળા લેવા.

વિવેચન : જન્મ-મૃત્યુઆદિ વિટંબણાઓથી ભરેલા સંસારથી નહિ ઉભગનારાનું સ્વરૂપ કેવું હોય છે? તો કે, એવા જીવોને કુકૃત્ય-અપકૃત્ય-દુષ્કૃત્ય એ કૃત્ય-કર્તવ્ય લાગે છે. દા.ત. પ્રાણાતિપાત યાને જીવહિંસા કર્તવ્ય લાગે છે, એમ આરંભ-સમારંભ આદિ કર્તવ્ય લાગે છે, 'આદિ' શબ્દથી એ સૂચવ્યું છે કે અસત્યવગેરે પણ કર્તવ્ય લાગે છે. મનમાં એમ સમજી રાખ્યું હોય છે કે, ''સંસાર માંડીને બેઠા, એટલે બધું કરવું જ જોઈએ. પછી પૈસા ય જોઈએ, એ ઊભા કરવા બધું કરવું પડે, જીવો ય મરે અને જુઠું ય બોલાય, આજના કાયદા કેવા છે? માણસ સીધો ચાલે તો ભૂખે મરવાનો જ અવસર આવે. આજે સાચાની દુનિયા નથી ને દયાની ય

દુનિયા નથી. હિંસા-જૂઠ અનીતિ બધું ય ચલાવવું પડે. એમાં પાપ શાનું ? એ ચલાવીએ તો રોટલા ભેગા થવાય'' આમ એને નાના આરંભથી માંડીને મોટા યંત્રવાદના હિંસામય મહા આરંભ સમારંભો સુધી બધું કર્તવ્ય લાગે છે.

એમ મહાઆરંભ સમારંભની ડામરી સડકો થાય, નહેરો થાય, રેલગાડીઓ અને ટ્રકો ચાલે, બધું ય બરાબર લાગે, કર્તવ્ય લાગે. એમાં કશું પાપ નથી સમજતો. કશી અફસોસી નહિ. એને તો ઉલ્ટું, અહિંસા, તપ, સંયમ વગેરે પવિત્ર કૃત્યો નહિ કરવા જેવા લાગે છે. ભવાભિનંદીપણાની આ સ્થિતિ છે, તેથી અહિંસામાં વેદિયાપણું સમજે છે. સંયમમાં મૂર્ખતા સમજે છે. તપમાં અંધ શ્રદ્ધા માને છે. વૈયાવચ્ચ કરવાની આવે ત્યારે કહેશે 'એથી તો સામાના પ્રમાદનું પોષણ થાય.' ત્યારે આપણી જાતમાં આના પરથી આ જોયા કરવાનું કે, આપણે કોઇવાર કોઈ કર્તવ્યને અકર્તવ્ય નથી માની બેસતાને ? કે અકૃત્યને કર્તવ્ય નથી માની લેતા ને? મોહમૂઢને અકૃત્યો સેવવામાં કશી જ અફસોસી નહિ. એને જો કહો કે, આના કરતાં તો સાધુ જીવન સારું ને ? કશા આવા દુષ્કૃત્યો જ ન કરવા પડે. તો એ કહેશે 'સાધુજીવન તો કાયરોનું જીવન છે. ગૃહસ્થ જીવનની હાડમારીઓથી કંટાળી ને નિષ્ક્રિય એદી બનવાનો એ ધંધો છે.' આમ સાધુજીવનના હિંસા-આરંભ-સમારંભઆદિથી રહિત અહિંસામય અને નિરારંભ-નિષ્પાપ જીવન એને એદીપણા તરીકે અકર્તવ્ય લાગે છે. પૂછો, -

પ્ર. - અકૃત્યોને કર્તવ્ય અને સત્કૃત્યોને અકર્તવ્ય માનવાનું ને ઊંધા વેતરણ કરવાનું એ કેમ કરે છે ?

ઉ. - કારણ એ છે કે એ દુઃખમાં સુખબુદ્ધિ રાખે છે. મોટા આરંભ-સમારંભો એ પરિણામે દુર્ગતિઓનાં ભ્રમણના ભયંકર દુઃખ લાવનારા છે, છતાં એથી વર્તમાનમાં સુખકારી બને છે. તેથી એમાં સુખ સમજીને એમાં આકર્ષાઈને એ બધું એને કરવા જેવું જ લાગે છે. દા.ત. શરીરે ખસ ખરજવું થયું હોય, એને ખણવાથી એમાં સુખ દેખાય છે. અલબત્ ખણી ખણીને દરદ વધે છે, છતાં એની મૂઢતા એવી કે ખણવાને એ દુઃખરૂપ નહિ, પણ સુખરૂપ સમજે છે, આ દૃષ્ટાંતને સ્પષ્ટ કરતાં કહે છે.

અમુમેવાર્થં સ્પષ્ટયન્નાહ-

યથા કણ્ડૂયનેષ્વેષાં, ધીર્ન કચ્છૂનિવર્તને।
ભોગાઙ્ગેષુ તથૈતેષાં, ન તદિચ્છા પરિક્ષયે ॥૮૧॥

કસ્યચિત્કણ્ડૂયકસ્ય કણ્ડૂયનાતિરેકાત્પરિક્ષીણનખસ્ય સિકતાક્ષિતિનિવાસાત્કથઞ્ચિદનવાપ્ત-તૃણકણ્ડૂવિનોદકસ્ય ભિક્ષાપુટિકાદ્યૈર્ગૃહીતતૃણપૂલકેન વૈદ્યપથિકેન દર્શનં બભૂવ। સ તેન તૃણમેકં યાચિતો, દતં ચાનેન તત્તસ્મૈ। પરિતુષ્ટોઽસૌ હૃદયેન, ચિંતિતં ચ સસન્તોષં 'અહો ધન્યઃ ખલ્વયં યસ્યૈતાવન્તિ કણ્ડૂયનાનિ,' પૃષ્ટશ્ચ સ ક્વ ખલ્વેતાન્યેવમતિપ્રભૂતાન્યવાપ્યન્તે? તેનોક્તમ્-લાટદેશાદૌ, પ્રયોજનં કિઞ્ચ તવૈભિઃ ? તેનોક્તં કચ્છૂકણ્ડૂવિનોદનમ્। પથિક આહ-યદ્યેવં તતઃ કિમેભિઃ? કચ્છૂમેવ તે સપ્તરાત્રેણાપનયામિ ''કુરૂપયોગં ત્રિફલાયાઃ''। સ પુનરાહકચ્છ્વપગમે કણ્ડૂવિનોદાભાવે કિં ફલં જીવિતસ્ય, તદલં ત્રિફલયા, કૈતાન્યવાપ્યન્ત ઇત્યેતદેવ કથય, ઇતિ શ્લોકગર્ભાર્થઃ। અક્ષરગમનિકા તુ-**યથા કણ્ડૂયનેષ્વેષાં** તથૈતેષાં ભવાભિનન્દિનાં **ધીર્ન તદિચ્છાપરિક્ષયે**-ન ભોગેચ્છાનિવૃતૌ, તત્ત્વાનભિજ્ઞતયૈવ વયઃપરિપાકેઽપિ વાજીકરણાદરાત્। ઇચ્છાગ્રહણમિહ ભોગક્રિયોપલક્ષણમ્ ॥૮૧॥

ટીકાર્થ : આ જ પદાર્થને સ્પષ્ટ કરતાં કહે છે.

ગાથાર્થ : જેવી રીતે એ (ખસ - ખરજવાવાળા જીવો) ને ખણવા તરફ મન જાય છે, પરંતુ ખસ ખરજવું મટાડવા તરફ નહિ. તેવી જ રીતે આ (ભવાભિનંદી જીવો) ને ભોગના અંગો સેવવામાં

મન (જાય છે), પરંતુ ભોગની ઇચ્છા મિટાવવામાં નહિ.

ભોગરસિકોમાટે ખરજવાવાળાનું દૃષ્ટાંત

ટીકાર્થ : કોઈક (ખરજવું) ખણનારને ખણવાની અતિશયતાથી નખ ઘસાઈ જવાના લીધે ખણવાનું તણખલું નહિ મળવાથી ભિક્ષાપુડીઓ માટે તણખલાઓનો ઝૂડો લઈને જતા વૈદ્યપ્રવાસી સાથે મિલન થયું. એણે એની પાસે એક તણખલું માગ્યું, ને પેલાએ તેને તે આપ્યું. એથી એ દિલથી ખુશી થઈ ગયો, અને આનંદથી વિચાર કરે છે કે 'અહો ! આને ધન્ય છે કે આની પાસે આટલી બધી ખણવાની સામગ્રીઓ છે.' પછી તેને પૂછે છે કે આ આટલી બધી તૃણસળીઓ ક્યાં મળે છે ? વૈદ્યે કહ્યું, 'લાટદેશવગેરેમાં, પણ તારે એ શું કામ જોઈએ છે ?' ત્યારે એ કહે 'ખસ-ખરજવાની ખણજ મિટાવવા' પ્રવાસી કહે, 'જો એમ છે, તો તો આ સળીઓનું શું કામ છે ? હું સાત રાતમાં તારી ખણજ જ મિટાવી આપું. તું ત્રિફળાનો ઉપયોગ કર' પેલો સામે કહે ''જો ખસ ખરજવું જ ન રહે, તો તો ખણવાની મજા જ ચાલી જાય. પછી જીવવાનું ફળ શું ? માટે મારે ત્રિફળાથી સર્યું, આ તૃણસળીઓ ક્યાં મળે છે ? એટલું જ મને કહે.'' શ્લોકનો આ ગર્ભિત અર્થ છે. ગાથાના અક્ષરની સમજ તો આ પ્રમાણે - જેવી રીતે એ જીવોને ખણવામાં મન લાગે છે, પણ ખણજ (મૂળમાંથી) મટાડી દેવામાં નહિ, એમ ભવાભિનંદી જીવોને ભોગના અંગોમાં મન લાગે છે, પણ ભોગેચ્છાનો ક્ષય કરવામાં નહિ. કેમકે તત્ત્વની અજ્ઞાનતા હોવાથી જ વય પાકી જવા છતાં વાજીકરણનો પ્રયત્ન કરે છે. (અહીં 'ઇચ્છાનો ક્ષય' એમાં) ઇચ્છા કહ્યું, એ ભોગ ક્રિયાનું સૂચક છે. અર્થાત્ જેમ એને ભોગેચ્છા મિટાવવી નથી. એમ એને ભોગક્રિયા પણ મિટાવવી નથી.)

વિવેચન : હિંસા આરંભ સમારંભ આદિ કુકૃત્યોને કર્તવ્ય માની લેવાનું કેમ કરે છે ? તો કે એ કુકૃત્યો દુઃખરૂપ છે, છતાં એમાં સુખબુદ્ધિ કરી એના તરફ આકર્ષાય છે. કોની જેમ ? તો કે ખસ ખરજવાની ખણજ ખણનારની જેમ, આ દૃષ્ટાન્તને અહીં સ્પષ્ટ રીતે બતાવે છે.

કોઈ એક ખસ-ખરજવાનો દરદી રેતાળ પ્રદેશમાં રહેતો હતો. તેથી એને ખણવામાટે ભાગ્યે જ ઘાસની સળી મળે, તેથી નખેથી ખણતો હતો. પણ એમ ખણતાં ખણતાં એના નખ ઘસાઈ ગયેલા અને ચળ તો ઉપડ્યા જ કરતી. એવામાં કોઈ પ્રવાસી વૈદ્યના દર્શન થયાં. વૈદ્ય પાસે ઘાસની સળીઓનો ઝૂડો દેખ્યો, તેથી એ વૈદ્યની પાસે એક સળી માંગે છે. વૈદ્યે એને સળી આપી. એને ઘણા વખતે જોઈતી સળી ખણવા માટે મળી તેથી એના દિલમાં ખૂબ આનંદ થયો. પરંતુ એને આલ્હાદ સાથે વિચાર આવ્યો કે, -

'વાહ ! ધન્ય છે આનેકે, આની પાસે આટલી બધી ખણવાની સળીઓ છે. તેથી લાગે છે કે આને ખણજો ખૂબ આવતી હશે ! તેથીસ્તો આટલી બધી સળીઓ રાખે ને ? તો આટલી બધી ખણજોવાળો આ કેવો ભાગ્યશાળી !'

પ્રવાસી વૈદ્યને એ પૂછે છે, 'આ સળીઓ આટલી બધી ક્યાં મળે ?'

વૈદ્ય કહે - લાટદેશ વગેરેમાં મળે. પરંતુ તારે આનું શું કામ છે ?

આ કહે, - ખણજ ખણવાના આનંદમાટે આ જોઈએ છે.

આના કહેવા પર વૈદ્ય સમજી ગયો કે આ ચામડીનો રોગી છે. તેથી આને ખણજ બહુ આવતી લાગે છે. તો લાવ, એના ભલામાટે એનો મૂળ રોગ નિવારવાનો ઉપાય જ બતાવી દઉં, જેથી ખણજ ઊઠે જ નહિ. એટલે રોગીને કહે 'જો એમ છે, તો તારે આ સળીઓની જ શી જરૂર છે ? હું સાત

દિવસમાં તારો ખસ-ખરજવાનો રોગ જ મટાડી આપું. જેથી પછી તને ખણજ ઊઠે જ નહિ. પછી ખણવાની ને એના માટે આવી સળીઓની જરૂર જ નહિ પડે. બસ, તું ત્રિફળાનો ઉપયોગ કર, તારો રોગ સાત દિ'માં મટી ગયો સમજજે.'

આ સાંભળીને પેલો રોગી ભડક્યો, કહે છે, - અરે ? જો ખણજ જ ન રહે, તો ખરજ ખણવાની જે મજા આવે છે તે જ ઉડી જાય ! પછી જીવન જીવવાની મજા શી ? હું તો જીવું છું તે આ ખરજ ખણવાની મજા લૂટતો જીવું છું. માટે ખરજ મટાડનાર ત્રિફળાના ઉપયોગનું કશું કામ નથી. તું તારે મને આટલું બતાવી દે કે, આ સળીઓ લાટદેશમાં ક્યાં મળે ?'

આ દૃષ્ટાન્ત સાંભળીને આપણને લાગે કે 'આ રોગી કેવો મૂર્ખ ! ખરજનો મૂળ રોગ રહેવા દઈ જિંદગીભરના દરદી રહેવું છે, અને જીવનભર ખરજ ખણવાની વેઠ રાખવી છે !' પરંતુ આ મૂર્ખતા એકલા આનામાં જ નથી, કિન્તુ જગતભરના ભવાભિનંદી જીવોમાં છે, એ હવે શાસ્ત્રકાર આ દૃષ્ટાન્તનો સાર ભવાભિનંદી જીવોમાં ઘટાવી આપે છે, તે પરથી સમજાય એવું છે.

ભવાભિનંદીજીવોને વિષયતૃષ્ણાની ખરજ

ભવાભિનંદી જીવો પણ વિષયતૃષ્ણાના રોગવાળા છે. એ રોગથી એમને વિષયભોગની ખણજો ઉઠ્યા કરે છે. ઈચ્છાઓ જાગ્યા કરે છે. પછી ખરજ ખણવાના આનંદની જેમ વિષયોના સંગ કરી એના ભોગવટામાં આનંદ માને છે. ત્યાં એને દયાળુ જ્ઞાની પુરુષો કહે 'ભાગ્યવાન ! શું કામ જીવનભર આ વિષયતૃષ્ણાના રોગમાં પીડાય ? મૂળ આ રોગ છે, માટે જ તને વિષયભોગની ખણજો ઊઠે છે, ને પછી તારે ખરજવાની ખણજની જેમ વિષયસંગની વેઠ કરવી પડે છે. લાવ, અમે તારો વિષયતૃષ્ણાનો રોગ જ મટાડી આપીએ, જેથી પછી વારે ને વારે આ વિષયસંગની વેઠ નહિ કરવી પડે.'

ત્યારે ભવાભિનંદી જીવ આ સાંભળીને ભડકે છે, 'હેં વિષયતૃષ્ણા જ ખલાસ ? પછી તો વિષય-સંગની જે મજા છે, એજ ઉડી જાય ને ? જીવન જીવીએ છીએ, તે આ વિષયસંગની મજા લૂટવા તો જીવીએ છીએ. જો એ વિષયસંગની મજા જ ગઈ, તો પછી મજા વિનાના જીવનનો અર્થ શો?

આમ, જેમ પેલા ખરજવાના દરદીને દરદ મટાડવાની ઈચ્છા નથી થતી, પણ ખણ ખણ કરવાની મજા જ જોઈએ છે, બસ આજ રીતે ભવાભિનંદી જીવોને મૂળભૂત વિષયતૃષ્ણાનો રોગ મટાડવાની ઈચ્છા નથી થતી, પણ વારે વારે વિષયોના સંગરૂપ ભોગના પ્રકારોની જ મજા જોઈએ છે. એટલે તો ભરપૂર ભોગો ભોગવતા ભોગવતાં ઉંમર પાકી ગઈ, ને હવે અંગ શિથિલ પડી ગયા છે, તો ય એમાં હવે ઉત્તેજના લાવવા રસાયણ, વસાણા વગેરે વાજીકરણના ઉપાય સેવન કરવા જોઈએ છે.

પેલા ખરજના દરદીને જેમ વૈદ્યે કહ્યું ''ભાઈ! આમ સળીઓના ફાંફાં શું કામ મારે ? હું તારો ખરજનો મૂળ રોગ જ મટાડી આપું. તમે ત્રિફળાનું સેવન કરો, પછી ખણખણ કરવાની વિટંબણા જ નહિ. ત્યારે એ કહે છે 'તો તો મારે ખણવાનો આનંદ જ જતો રહે ને ? પછી એ આનંદ ક્યાંથી મળે ? મારે ખરજ મટાડવાની ઈચ્છા નથી, મને તો ખણવા માટેની સળીઓ ક્યાં મળે ? એ બતાવવું હોય તો બતાવો.'

એમ આ વિષયરંગીને કદાચ સાધુ કહે 'આ તમે રસાયણવગેરેના ફાંફાં શું કામ મારો ? શાસ્ત્ર તમારો મૂળભૂત વિષયાસક્તિનો રોગ જ મટાડી આપે છે. પછી તમને વિષયોની ચળ-ખરજ જ નહિ ઊઠે. એટલે ભોગક્રિયાની વિટંબણા જ નહિ.

તો આ વસાણા ફસાણાની જરૂર જ નહિ પડે. તમે ૨-૩, ૨-૩ દિવસનો બ્રહ્મચર્યનો નિયમ કરો, એ પાળતા ચાલો, પૂર્વનાં મહાપુરુષો અને સતીઓના બ્રહ્મચર્યનાં દૃષ્ટાન્તોની ભાવના કરો, સાધુપુરુષોના સંપર્ક-પરિચય કરો, જિનવાણીનું અમૃતપાન કરો, અરિહંતની બધી રીતે ખૂબ ઉપાસના કરો, નવવાડનું પાલન કરો, જુઓ એમાં ખાસ કરીને પૂર્વ ક્રીડાના સ્મરણના ય ત્યાગની વાડ છે, તો સ્ત્રીસંબંધી કે ભોગસંબંધી કશો વિચાર પણ મનમાં નહિ લાવવાનો. આ બધું કરતા રહો, તો તમારી કામવાસનાની ખણજ જ શાંત થઈ જશે. પછી આ તમારે વસાણા વગેરેની કશી અપેક્ષા જ નહિ રહે.''

આમ સદ્‌ગુરુ શિખામણ-ઉપદેશ આપે, ત્યારે આ વિષયરંગી ભવાભિનંદી જીવ ભડકે છે કે હેં ? વાસનાની ખરજ જ ન રહે ? તો તો પછી મારે ભોગક્રિયાના આનંદ ક્યાં રહે ? મારે એ કાંઈ શાંત કરી દેવાની ઈચ્છા નથી. તમે કાંઈ ઉત્તેજનાના ઉપાય બતાવતા હો તો બતાવો.

પેલાને જેમ ખસ-ખરજનો મૂળભૂત રોગ છે, એ દુઃખરૂપ છે. છતાં એમાં એને એવી સુખ-બુદ્ધિ થાય છે કે, આ ખરજ આવે છે, તો પછી ખણવાની લહેજત મળે છે, પછી એ મૂળરોગપર ગમે તેટલી ખણવા વગેરેની વેઠ કરવી પડે, સળીઓ માટે ફાંફાં મારવા પડે, છતાં આ બધું પસંદ છે, પણ મૂળરોગ કાઢવાની ઈચ્છા નથી, અરે ! એને એ રોગરૂપ સમજતો જ નથી, પછી કાઢે શેનો ? એમ અહીં વિષયાંધ જીવને વિષયવિકાર ઈન્દ્રિય-વિકાર-વાસનાવિકાર એ મૂળભૂત રોગ છે, એ સમજ નથી, એ માનવું નથી, એટલે જ એ રોગ કાઢવા ઈચ્છે જ શાનો ? એને તો એમાં સુખબુદ્ધિ થાય છે. તેથી પછી એનાપર ગમે તેટલા બીજા દુઃખ ઊભા થાય, વેઠ ઊભી થાય, અકૃત્યો કરવા પડે, તો ય એને કંટાળો શાનો આવે ? એ તો બધું કર્તવ્ય જ લેખે છે.

સંસારીઓની શી સ્થિતિ છે ? આ જ મૂળભૂત સંસારવાસનાનો રોગ, એમાં જ સુખ માન્યું, પછી એ મૂળભૂત રોગપર બીજા Complimentary સહચારી રોગ-વેઠ ગમે તેટલી ઊભી થાય, છતાં ક્યાં કોઈ દિ' કંટાળો છે ? જિંદગીના છેલ્લા દિવસે પણ કંટાળો નથી !

એ પસ્તાવો નથી કે 'હાય ! મેં આ ગોઝારી સંસારવાસના અને વિષયવાસના પાછળ આ શું કર્યું ? ઊંચી માનવજિંદગી બરબાદ કરી ? આ ઉંચા જનમમાં સાધી લેવા જેવા ત્યાગ, તપ, બ્રહ્મચર્ય, પ્રભુભક્તિ, સાધુસેવા વગેરે સાધવાના ગુમાવ્યા ? હાય ! મારું શું થશે ? હવે હું ક્યાં જઈશ? આવો કશો પસ્તાવો જ નહિ, અંતકાળે પણ વાસનાને મૂળરોગ માનવા તૈયાર નહિ.

રેશમના કોશેટાની કઈ સ્થિતિ છે ?

એ ખોરાક ખાતો જાય છે, અને મોંમાથી લાળ કાઢતો જઈ એના તારને પોતાના શરીરની આસપાસ ગૂંડાળતો જાય છે. જેમ જેમ તાર ગૂંડાળતો જાય, તેમ તેમ શરીર ફૂલેલું મોટું દેખાય; ને કોશેટો એથી રાજી થતો નવી નવી લાળ કાઢી એના તાર વળી ઉપર ગૂંટાડતો જાય છે, તે મોટી દડી જેવો બની જાય છે. પણ પછી દશા કઈ ?

આવા કોશેટાઓને ઉછેરનારો ઉકળતા બાફ પાણીમાં ઝીકી દે છે. એ પાણીમાં બફાવાની પીડા કેવી ? એ પાણી ધીમે ધીમે ઉપરના તારમાં થઈને ઠેઠ અંદર એ જીવડાપર પહોંચે, ત્યાં હવે એ ભાગી શકતો નથી. એટલે કડકડતા ગરમ પાણીમાં દઝાવાની ને જીવતા બફાવાની વેદના કેટલી બધી જાલિમ ? છતાં એ માનવા તૈયાર નથી કે મેં આ તાર લપેટ્યે રાખ્યા, તેથી આ જાલિમ પીડા આવી! તાર જ ન લપેટ્યા હોત, તો કોણ મને નાના કીડાને

ઉકળતા પાણીમાં ઝીકવાનું હતું ? ના, એ તારને દુઃખરૂપ નહિ માને ! એ તો ઉકળતા પાણીને અને એ પાણીમાં ઝીકનારને દુઃખકારક માનશે ! એવી આ વિષયવાસનામાં સુખ માનનારની દુર્દશા હોય છે કે, જીવનના અંતે પણ વાસનાને દુઃખરૂપ માનવા તૈયાર નથી ! મરણવખતના દુઃખ એ પાપી વાસનામાંથી જનમ્યા એમ નહિ, એ તો બીજા બીજા કારણે દુઃખ ઊભા થયા, એવું માને છે. એ તો કોક વિરલા કે જેનું ભવાભિનંદીપણું નબળું પડી ગયું હોય, એને છેવટે અંતકાળે પણ સીધું સૂઝે કે આ બધાં દુઃખ-બધી બરબાદી મૂળભૂત મારી વાસનાના રોગના લીધે જ ઊભી થઈ છે.

સીતાજી પર કલંક ચડ્યું, એકલા અટુલા ઘોર જંગલમાં તરછોડાઈ ગયા, ત્યાં એમને આ લાગ્યું હશે કે,

આ બનવામાં મારા પૂર્વકર્મ તો કારણ ખરા, પરંતુ એથી ય વિશેષ મારી સંસારવાસના કારણભૂત છે, કેમકે મારા **મુનિસુવ્રત ભગવાને** તો કહ્યું હતું, કે શ્રાવકે આઠ વરસની ઉંમરે ચારિત્ર લેવું જોઈએ; કેમકે ચારિત્રમાટે એકમાત્ર મનુષ્યભવ જ યોગ્ય છે, સમર્થ છે, પરંતુ મેં એમ ચારિત્ર ન લીધું સંસારના પાપમાં પડી, એટલે જ આ દિવસ જોવાનો આવ્યો, મોટા રાજાની રાણી અને ગર્ભિણી છતાં જંગલમાં એકલી અટુલી તરછોડાવાનો અવસર આવ્યો. મૂળ પાપ સંસારવાસનાનું, તેથી હવે આ કલંક ઉતરી જાય, કે તરત મારે સંસાર ત્યાગ કરી ચારિત્ર લેવું, એ જ મારે કલ્યાણમાર્ગ છે.'

સીતાજીને આવું લાગ્યું હશે, તો જ એમણે દિવ્ય કર્યું, અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગયું, મહાસતી તરીકેનો યશવાદ ફેલાઈ ગયો, પછી રામચંદ્રજી અને બીજાઓનાં ઘણા મનામણા છતાં સંસારવાસ ન રાખ્યો ને ત્યાં જ કેશનો લોચ કરી ગુરુપાસે ચારિત્ર લેવા નીકળી પડ્યા. ભવાભિનંદી જીવને સંસારવાસના અર્થાત્ ભોગની ઈચ્છા એ મૂળભૂત રોગ છે, એવું લાગતું નથી, એટલે પેલા અબૂઝ ખરજના દરદી જેવી દશા છે. જેમ એને ખરજ એ મૂળભૂત દરદ છે, એવું નહિ લાગવાથી એ દરદ મટે અને ખણવાની ઈચ્છા જ ન થાય એવું જોઈતું નથી, એને તો ચળ, ખરજ ખણવાના સાધનો અને ખણવાની ક્રિયાનો આનંદ જોઈએ છે. એમ ભવાભિનંદીને ભોગની ઈચ્છા વાસના મરે એ જોઈતું નથી. એને તો ભોગની ચળ આવ્યા કરે અને ભોગના સાધન તથા ભોગની ક્રિયા અને ભોગનો આનંદ મળે એજ જોઈએ છે. એટલે એ શું કરે છે તે હવે કહે છે,-

यतश्चैवमतः-

आत्मानं पाशयन्त्येते, सदाऽसच्चेष्टया भृशम्।
पापधूल्या जडाः कार्यमविचार्यैव तत्त्वतः ॥८२॥

आत्मानं-जीवं **पाशयन्ति**-गण्डयन्ति **एते**-अधिकृतसत्त्वाः **सदा**-सर्वकालं **असच्चेष्टया**-प्राणातिपातारम्भरूपया हेतुभूतया **भृशम्**-अत्यर्थम्। कया पाशयन्तीत्याह-**पापधूल्या**-ज्ञानावरणीयादिलक्षणया **जडा**-मन्दाः **कार्यमविचार्यैव तत्त्वतः**-परमार्थेन क्षणिककुसुखसक्ततयाऽऽत्मानं पाशयन्तीति ॥८२॥

ટીકાર્થ : જે કારણથી આવી સ્થિતિ છે, તેથી જ,

ગાથાર્થ : એ જડ (ભવાભિનંદી જીવો) કાર્યને-પરમાર્થને વિચાર્યા વિના અતિશય અસત્ ચેષ્ટાથી પોતાના આત્માને પાપરૂપી ધૂળથી ગૂંડાવે છે.

ટીકાર્થ : આત્માને અર્થાત્ પોતાના જીવને પાશયન્તિ એટલે કે ગૂંડાળે છે. એ પ્રસ્તુત (ભવાભિનંદી) જીવો 'સદા' બધો જ કાળ. અર્થાત્ જીવહિંસાવાળા આરંભ સમારંભરૂપ અસત્ ચેષ્ટાથી જે હેતુભૂત છે (પાપબંધમાં કારણભૂત છે) એના દ્વારા એ ફાંસે છે, (એ કેવી રીતે ? તો કે)

જ્ઞાનાવરણાદિ સ્વરૂપ પાપની ધૂળથી પોતાના આત્માને ગૂંડાળે છે. 'જડ' અર્થાત્ મંદબુદ્ધિવાળા જીવો કાર્યનો તત્ત્વથી અર્થાત્ પરમાર્થથી વિચાર કર્યા વિના ક્ષણિક કુસુખમાં આસક્ત હોવાથી એ આત્માને (પાપકર્મથી) બાંધે છે.

ભવાભિનંદીઓની અસત્ ચેષ્ટાઓ

વિવેચન : ભવાભિનંદી જીવોને વિષયોની એટલી બધી આસક્તિ રહે છે, કે એ વિષયોના ભોગ માટે હિંસામય આરંભ-સમારંભોની અસત્ ક્રિયાઓમાં સદા વણથાક્યા પૂરપાટ દોડે છે. આ દોટ જનમથી માંડી મૃત્યુસુધી ચાલુ હોય છે. બાળકમાં ય દેખાય છે ને કે, ખાનપાનની અને રમકડાથી રમવાની કેટલી બધી લગન હોય છે. સવારે જાગે તે રાતે જંપે ત્યાં સુધી એ ચાલુ ! પછી કુમાર થાય, યુવાન થાય,.... યાવત્ બુઢ્ઢો થાય, ને મરે, ત્યાં સુધી હિંસામય આરંભ સમારંભો, જૂઠ, અનીતિ, ગુસ્સો, અભિમાન-માયા-પ્રપંચ-ક્લેશ-કલહ વગેરે અસત્ પ્રવૃત્તિઓમાં દોટ ચાલુ! ડોસાને મરતાં મરતાં ય હવે તો બધું મૂકીને જવાની ઘડી પાકી ગઈ છે, છતાં એમાંથી દાન-સુકૃત-પરમાર્થ-કરવાનું નહિ સૂઝે, પણ છોકરાને ભલામણ કરતો રહેશે, જો જે માલ-મિલ્કત બરાબર સાચવજે. ધંધામાં કોઈથી ઠગાતો તથા કોઈનાપર ભરોસો મૂકતો નહિ. ધંધો બરાબર સંભાળજે. કુટુંબને બરાબર સુખમાં રાખજે... આ શેની ભલામણ છે ? હિંસામય આરંભ-સમારંભો અને પાપપ્રપંચો ગમે તેટલા કરવા પડે, તો કરીને ઘર-દુકાન-કુટુંબ બધું બરાબર ચલાવવાની ભલામણ.

ત્યારે શું આ અસત્ ચેષ્ટાઓ-પાપક્રિયાઓ આત્માને કશું કર્યા વિના જાય છે ? ના, બાહ્યથી તો કદાચ એ પાપક્રિયાઓનું ધાર્યું ફળ આપે કે ન ય આપે, પણ જીવ આંતરિક રીતે તો પાપકર્મોની ધૂળથી ગૂંડવાય જ છે, અશુભ કર્મોનાં બંધન જીવ પર ચડે જ છે. પાપપ્રપંચો પાપારંભો કરવા છતાં ધાર્યું ફળ ન આવવાના દાખલા કેવા, કે એટલું કરીને ધંધો કર્યા છતાં ખોટ આવે ! જુઠાણા લગાડીને કેસ લડ્યા, છતાં કેસમાં હારી જવાય. બહુ પાપ પ્રપંચો કરી કુટુંબને સાચવે છે છતાં કુટુંબને બીજા ગમે છે, પોતે એવો નથી ગમતો. પત્ની પાછળ મરી ફીટે છે છતાં પત્ની પુત્રોનું તાણે છે, ને વાંક આનો (ધણીનો) જ કાઢે છે. પાપપ્રપંચો કરીને સ્નેહીનું સાચવવા છતાં સ્નેહી દગો દે છે. અનેક સમારંભોથી તૈયાર થયેલ જમણ આનંદથી ખાય છે. પણ એ જ પછીથી અજીર્ણ-શૂળ ગેસ-કફ વગેરે પીડા ઊભી કરે છે.

આમ અસત્ ચેષ્ટાઓના બાહ્ય વિપરીત ફળ ઊભા થાય, એટલે બાહ્યથી ધાર્યું ફળ (સુખ) ન મળ્યું, પ્રવૃત્તિ નિષ્ફળ ગઈ લાગી, પરંતુ આત્મામાં તો એ અસત્ પ્રવૃત્તિઓથી ઢગલો જ્ઞાનાવરણીયાદિ અશુભ કર્મ અચૂક બંધાય છે.

ત્યારે સવાલ થાય, કે **જીવ આવું કેમ કરતો હશે ?** એનો શાસ્ત્રકાર ઉત્તર કહે છે કે, -

'कार्यमविचार्यैव तत्त्वतः ।'

અર્થાત્ જીવને સંસારના ક્ષણિક મિથ્યા-સુખોની આસક્તિ-લગન-લાલસા એવી છે કે, એ વિષયાસક્તિમાં અંધ જીવ પરમાર્થથી કાર્યનો વિચાર જ નથી કરતો. વિચાર કરે તો સમજાય એવું છે કે, જીવ સંસારમાં વિવિધ ગતિઓમાં કેમ ભમે છે, ને કેમ ચિત્ર વિચિત્ર ક્લેશો અનુભવે છે ? તો કે એમાં જીવના એવાં ચિત્ર વિચિત્ર કર્મોના હિસાબે જ એમ બને છે, ત્યારે આ કર્મો પણ ક્યાંથી ઊભા થાય ? તો કે જીવના તેવા તેવા પ્રકારના અશુભ અસત્ યોગો અને અશુભ ઉપયોગોથી ઊભા થયા. નહિતર બીજું શું કારણ હતું ? 'યોગ' એટલે વાણી-વિચાર-વર્તાવની પ્રવૃતિઓ-ચેષ્ટાઓ-ક્રિયાઓ, અને 'ઉપયોગ' એટલે અંતરના અશુભ

અસત્ ભાવો-અધ્યવસાયો. આ અશુભ યોગો-ઉપયોગો જ એવાં દારુણ કર્મ ઊભાં કરે છે, જે પરિપાક પામતાં જીવને દુર્ગતિના દુઃખોની રિબામણ આપે છે.

આ સ્પષ્ટ સમજાય એવું છે. જો જીવ એ સમજી લે, તો જેનાથી દુઃખદ કર્મો બંધાય એવી અસત્ ચેષ્ટાઓ ન કરે, પરંતુ અજ્ઞાની જીવને એ સમજ જ નથી. કોઈ સમજાવે તો મિથ્યાત્વના દુરાગ્રહવશ એ સમજવું માનવું જ નથી, કેમકે નરકાદિ પીડા આપે એવા જૂથબંધ બંધાતા કર્મ એને આંખે દેખાતા નથી, તેમ શ્રદ્ધાથી કે તર્કથી ય એને માનવા નથી. તેથી આંખે દેખે તો ભડકે ને ? ભડકીને અસત્ ચેષ્ટાઓથી પાછો વળે ને ? આમ ક્ષણિક મિથ્યાસુખોની જ એક લગનમાં 'તત્ત્વથી કાર્ય વિચારવું નથી' અર્થાત્ (૧) પોતાની ચેષ્ટાઓનું પરમાર્થથી સ્વરૂપ કેવું ? તેમ પરમાર્થથી એનું દીર્ઘકાળ વ્યાપી ફળ કેવું ? એ વિચારવું નથી. તેથી અસત્ ચેષ્ટાઓ આચર્યે જાય છે, ને પાપ-ધૂળથી ખરડાય છે.

અથવા 'તત્ત્વથી કાંઈ વિચારવું નથી' એટલે કે (૨) આ મનુષ્ય જન્મમાં પરમાર્થથી શું કાર્ય-શું કર્તવ્ય કરવા જેવું છે, એનો એને વિચાર નથી. તથાહિ-

धर्मबीजं परं प्राप्य, मानुष्यं कर्मभूमिषु ।
न सत्कर्मकृषावस्य, प्रयतन्तेऽल्पमेधसः ॥८३॥

धर्मबीजं-धर्मकारणं **परं**-प्रधानं **प्राप्य**-आसाद्य किं तदित्याह **मानुष्यं**-मानुषत्वं । क्वेत्याह **कर्मभूमिषु**-भरताद्यासु । किमित्याह **न सत्कर्म-कृषौ**-धर्मबीजाधानादिरूपायां **अस्य**-धर्मबीजस्य **प्रयतन्तेऽल्पमेधसः**-अल्पमतय इत्यर्थः ॥८३॥

ટીકાર્થ : તે આ રીતે....

ગાથાર્થ : કર્મભૂમિઓમાં ધર્મના પ્રધાન કારણભૂત મનુષ્યપણું પામીને અલ્પબુદ્ધિવાળા (લોકો) આ બીજપર સત્કર્મરૂપી ખેતીને વિષે ઉદ્યમ નથી કરતાં.

ટીકાર્થ : 'ધર્મબીજ' અર્થાત્ ધર્મનું કારણ (કેવું ? તો કે) પર એટલે કે પ્રધાન (કારણ) પામીને કયું એ? તો કે 'માનુષ્ય=મનુષ્યપણું. ક્યાં? તો કે ભરતાદિ કર્મભૂમિઓમાં, શું ? તો કે 'ન સત્કર્મકૃષિને વિષે' આ ધર્મબીજની ધર્મબીજાધાન વગેરે સ્વરૂપ ખેતીમાં 'अल्पमेधसः' - અલ્પમતિવાળા મહેનત કરતા નથી.

ધર્મનું પ્રધાન બીજ કર્મભૂમિમાં માનવભવ

વિવેચન : એવા અલ્પબુદ્ધિવાળા ટૂંકી મતિવાળા લોકોને 'મનુષ્યજન્મમાં પરમાર્થથી કાર્ય શું ?' એનો વિચાર આ રીતે નથી, કે એને વિચારવું જ નથી કે, આ મનુષ્યપણું - માનવભવમાં જન્મ એ તો ધર્મનું પ્રધાન કારણ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે-

चत्तारि परमङ्गाणि दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा संजममंमि अ वीरियं ॥

સંસારમાં જીવને ધર્મના ચાર અંગો મળવા દુર્લભ છે. (૧) મનુષ્યપણું, (૨) ધર્મશ્રવણ, (૩) ધર્મશ્રદ્ધા, અને (૪) સંયમધર્મમાં વીર્યોલ્લાસ.

ધર્મનાં ચાર અંગો યાને ચાર કારણોમાં પહેલા કારણતરીકે મનુષ્યભવમાં જન્મનો મૂક્યો. કેમકે માનવ જન્મ એ ખેતર સમાન. મૂળમાં ખેડૂત પાસે ખેતર હોય, તો પછી એમાં બીજ વાવેતર વગેરે કરી શકે. એમ મનુષ્યજન્મ હાથમાં હોય, તો એમાં ધર્મના બીજાધાનવગેરે સત્કાર્યરૂપી ખેતી કરવાનું કામ થઈ શકે. જનાવર કે કીડા મંકોડાનો અવતાર મળ્યો હોય, તો ખેતી શું કરી શકે ?

એટલે જ આપણી નજર સામે આ કીડા-કીડી કે પશુ-પંખી આવે, ત્યાં ચોંકામણ થવી જોઈએ કે, અરે ! આ બિચારાને આત્મા તો છે,

પરંતુ એમના અવતાર એવા છે કે ધર્મબીજનું વાવેતરવગેરે ખેતીકાર્ય કરી શકવાનો કોઈ જ ક્લાસ નથી. ત્યારે મને ખેતીના કાર્યને યોગ્ય અવતાર મળ્યો, તો ય હું એ કાર્ય કશું કરતો નથી ? ખેડૂત બિમાર હોય અને ખેતીનું કાર્ય ન કરી શકે, તો એનું કલેજું કેવું કપાઈ જાય ? એમ અહીં ધર્મઉદ્યમ ન કરતા હોઈએ તો આપણું કલેજું કપાઈ જાય છે ? કંપી ઊઠે છે ? જો જો ભવાભિનંદી જીવને આ કલેજે કંપારો જ નથી થતો. આ મનુષ્યજન્મ પણ ક્યાં ? ભરત ઐરાવત કે મહાવિદેહરૂપી કર્મભૂમિમાં મળી ગયો. **'કર્મભૂમિ'** એટલે જ્યાં ખેતી વેપાર વગેરે કર્મ ચાલે છે, ને માણસો એનાપર જીવે છે, તે ક્ષેત્ર. હિમવંત વગેરે અકર્મભૂમિમાં આ ખેતી આદિ કશું નહિ, ત્યાં તો માણસો કલ્પવૃક્ષપર જીવતા હોય છે, ખાનપાન વગેરે બધું કલ્પવૃક્ષો આપી દે છે. પછી શું કામ વેઠિયાની જેમ ખેતી વેપાર વગેરેની વેઠ કરે ? આજે અહીં પણ કેટલાય પુણ્યશાળીને જીવનનિર્વાહ સારી રીતે થાય એટલું મળ્યું છે, ને ઉંમરે ય થઈ છે. છતાં એમને ધંધા-ધાપાની વેઠ ગમે છે. તેથી જ સંયોગો છતાં ધર્મ નથી કરતા. પેલાને ધર્મસંયોગો મળવાનું ભાગ્ય નથી, તેથી ભાગ્યહીન હોઈ ધર્મ કરતા નથી. ત્યારે આ ? **ધર્મ-સંયોગોનું ભાગ્ય મળેલું, છતાં ધંધાના લોભથી ધંધાની વેઠમાં જકડાયેલા રહી ધર્મ નથી કરતા, એ ફૂટેલા ભાગ્યના છે. પ્રમાદથી કેમ જાણે ધર્મ સંયોગોના ભાગ્યને ફોડી રહ્યા છે !** ભાગ્યહીન એ બિચારા છે, ભાગ્ય ફૂટેલાએ બેવકૂફ ગણાય. આ કર્મભૂમિનો એક અર્થ, ખેતીવગેરે કર્મવાળી ભૂમિ.

કર્મભૂમિનો બીજો અર્થ એ છે કે કર્મોનો સર્વથા નાશ કરવાની ભૂમિ. ૫-૫ ભરત-ઐરાવત વગેરે પંદર કર્મભૂમિ એવી છે કે, જ્યાં ધર્મ મળી શકે, ને એથી કર્મોનો સર્વથા ક્ષય કરી શકાય છે. **કર્મભૂમિ એટલે કર્મોનો નાશ કરવાની ભૂમિ.** અકર્મભૂમિમાં દેવ-ગુરુ ધર્મના સંયોગ જ નહિ, તેમ પોતાને એની સમજ નહિ, પછી ધર્મ શું કરી શકે? એ સંયોગો અહીં કર્મભૂમિમાં મળે છે. છતાં અલ્પબુદ્ધિ યાને બહુ ટૂંકી મતિવાળા ભવાભિનંદી જીવો આ પુણ્યસંયોગોનું મૂલ્ય નથી આંકતા અને સંસારની પાપપ્રવૃત્તિઓનું ને પાપસંયોગોનું મૂલ્ય આંકે છે, મહત્ત્વ માને છે.

બાકી કર્મભૂમિમાં મનુષ્યભવ એ ધર્મનું પ્રધાન કારણ મળ્યું છે. એ ધર્મની ખેતી કરવામાટે એક અવ્વલ ખેતર છે. એમાં ધર્મ બીજાધાન અર્થાત્ ધર્મની સત્પ્રશંસા-અહોભાવ વગેરે જે ધર્મબીજ ગણાય, એનાંપર ધર્મની અભિલાષા થાય. એ બીજમાંથી અંકૂર ફૂટ્યા. એમ આગળ આગળ ધર્મશ્રવણ, ધર્મપ્રવૃત્તિ વગેરે થાય એ ખેતીના જેવી પ્રક્રિયા થઈ.

ક્ષણિક તુચ્છ વિષયસુખોમાં આસક્ત અને અંધ બનેલા એમને મન કિંમત નથી કે મને કેવું સરસ આ મનુષ્યજન્મરૂપી રસાળ ક્ષેત્ર મળ્યું છે ! અહીં સત્કર્મ યાને વિવિધ ધર્મસાધના કરવારૂપી ખેતી કરી ધર્મબીજનું વાવેતર કરો. એમાંથી અંકૂર નાળ વગેરે ઉગે, એની કાળજી રાખો, આગળ ધર્મગુણસિદ્ધિનો ખાસ્સો પાક આવીને ઊભો રહેશે.

સત્કર્મ શું છે ? ધર્મપ્રશંસા, ધર્મરુચિ, ધર્મની અભિલાષા, ધર્મશ્રવણ, ધર્મઅભ્યાસ અર્થાત્ વારંવાર ધર્મપ્રવૃત્તિ. એમાં વિઘ્નજય યાને સ્થિરતા-અડોલતા, આ બધી ધર્મસાધનાઓ એજ સત્કર્મ. એ કરવા એટલે આત્માના મનુષ્ય-અવતારરૂપી ક્ષેત્રમાં ખેતી ખેડી કહેવાય.

વિષયાંધોને ધર્મ-ખેતી ન સૂઝે

વિષયાંધોને આ સૂઝતું નથી, કેમકે એ ટૂંકી ક્ષુદ્રબુદ્ધિવાળા છે, માત્ર આ જનમનું જ જોવું છે. પરલોકપર અને આ વિષયસુખોની લાલસા અને

એથી કરેલા વિષયભોગોના ભયંકર વિપાકો પર લાંબી નજર જ પહોંચતી નથી. એ નથી પહોંચતી, અને તત્કાળનું જ જોવું છે. તેથી કેમ ? તો કે દા.ત. સવારે ઉઠ્યા, નાસ્તાપાણી, છાપુંવગેરે સૂઝશે, આવશ્યકક્રિયા ભગવાનના દર્શન પૂજનાદિ સાધના નહિ સૂઝે, ઉલ્ટું બીજા આ સાધના કરતા હશે. ભલું હોય તો એની મશ્કરી કરવાનું સૂઝશે. કહેશે જૂઓ આ ભગતડા પઢો પોપટજી સીતારામ કરવા વેદિયાની જેમ પત્થર પૂજવા ચાલ્યા.

એકવાર ધોળકામાં દેરાસર જતી બેનોને એક જુવાનિયો દાતણ કરતો કરતો બોલ્યો, ભગવાનને તે શી એવી ખીચડી પકાવવાની ઉતાવળ છે, જે આ ચોખા લઈને દોડતી દોડતી ચાલી ?

બેનો એ વખતે તો કશું બોલી નહિ, પણ પછીથી નગરશેઠ પાસે જઈને આ વાત કરી. નગરશેઠે તરત ગામમાં માણસ ફેરવી કહેવરાવ્યું કે, આ ફલાણા ભાઈને નાતબહાર મૂકેલો છે, તો કોઈએ એની સાથે કશો બોલવા સરખો પણ સંબંધ રાખવો નહિ; સંબંધ રાખશે એ પણ નાતબહાર. બસ, જુવાનિયો દાતણ કરી ઘરે ગયો, ત્યાં ઘરના માણસોએ ના પાડી દીધી, આ ઘરમાં પગ નહિ; નહિતર અમે ય નાતબહાર થઈએ. આમ ઘરવાળા જ ન રાખે, તો કાકા મામા કોણ રાખવાના હતા ?

પૂર્વના કાળમાં જ્ઞાતિના-સંઘના આ બંધારણ-સંગઠન હતાં. એક નગરશેઠ-એક આચાર્યનું શાસન ચાલતું.

પૂછો, પણ એ નગરશેઠ વગેરે નાલાયક હોય તો ?

આવું પૂછશો નહિ, કેમકે ખાનદાન કુળ-પરંપરામાં નગરશેઠાઈ ચાલી આવતી. તેથી ભાગ્યે જ સેંકડે ટકો બે ટકા નાલાયક નીકળે. આજે ખાનદાની વિના જેવા તેવાને સત્તાનો દોર મળ્યો, એટલે ભાગ્યે જ સેંકડે ટકા બે ટકા લાયક નીકળે.

પેલો જુવાનિયો અહીં ગયો, તહીં ગયો, બધે જ હડધૂત થયો. હવે જાય ક્યાં ? સમજી ગયો કે કાં તો હવે ચોરા પર કૂતરાની જેમ પડ્યા રહેવું પડશે. અથવા હવે અહીંથી જ પહેર્યે લુગડે પરગામ જવું પડશે. ને એ કાંઈ બને નહિ, તેથી હવે ક્યાં જાય ? ગયો નગરશેઠ પાસે. નગરશેઠ કહે ''હરામી ! કેમ અહીં આવ્યો ? તને બીજા કોઈની નહિ, ને ભગવાનની મશ્કરી કરવાની મળી ? ભગવાનને સવારે ખીચડી પકાવવાની ઉતાવળ હતી ? જા ચાલ્યો જા, આ ગામ છોડીને. તારા જેવા નાલાયકનો ગામને ચેપ ન લાગે.'' જુવાનિયાએ ત્યાં રોતા કકળતા દિલે માફી માંગી, 'જિંદગીમાં આવું ક્યારેય નહિ બોલું. આજ બોલ્યો એનો ભારેમાં ભારે દંડ આપો, પણ ભાઈ સાબ ! મને નાતમાં લઈ લો.'

શેઠે દંડ આપી ગામમાં પાછું કહેવરાવી દીધું 'એણે માફી માગી ભારે દંડ લીધો છે. તેથી હવે એને નાતમાં લઈ લીધો છે. એની સાથે સંબંધની છૂટ મૂકવામાં આવે છે.'

પૂર્વના કાળે સંઘસત્તા-મહાજનસત્તા, નગરશેઠની સત્તા, આચાર્યની સત્તા, વગેરેથી તંત્ર કેટલા બધા વ્યવસ્થિત ચાલતા, આજે એ સત્તાઓ તોડી નાખી, તો કેટલું ઉચ્છૃંખલ ચાલે છે ?

આપણી એ વાત હતી કે, ટૂંકી બુદ્ધિવાળાને કુસુખો-વિષયસુખોમાં જ આસક્ત માણસોને સવારથી તાત્કાલિક સુખોની દોડધામ સૂઝે છે, એના પરલોકમાં આવનાર ભયંકર વિપાક નજરમાં જ નથી. તેથી માનવભવના રસાળ ક્ષેત્રમાં સત્કર્મ ક્યાંથી સૂઝે ? કેમ એ એટલા બધા વિષયસુખોમાં આસક્ત કે સત્કર્મ એને સૂઝે જ નહિ ? એનો જવાબ આગળની ગાથામાં કહે છે.

કિન્તર્હિ-

बडिशामिषवत्तुच्छे, कुसुखे दारुणोदये।
सक्तास्त्यजन्ति सच्चेष्टां, धिगहो दारुणं तमः ॥८४॥

बडिशामिषवदिति निदर्शनं मत्स्यगलमांसवत् तुच्छे-અલ્પે **कुसुखे**-દુષ્ટભોગજે **दारुणोदये**-રૌદ્ર-વિપાકે, **समयपरिभाषेयम्, सक्ता**-ગૃદ્ધા: **किमित्याह त्यजन्ति सच्चेष्टां**-ધર્મસાધનમ્, **कर्मदोषोऽयमित्याह धिगहो दारुणं तम:**- कष्टमज्ञानमिति योऽर्थ: ॥८४॥

ટીકાર્થ : તો શું (સૂઝે છે ? તો કે)

ગાથાર્થ : માંસપેશીના નાના ટૂકડામાં (આસક્ત) માછલીની જેમ ભયંકર વિપાક કરાવનારા તુચ્છ વિષયસુખોમાં આસક્ત (જીવો ધર્મ સાધનારૂપી) સત્કર્મનાં આચરણ જતા કરે છે. અહો ! ધિક્કાર છે આ ભયંકર અજ્ઞાનને !

ટીકાર્થ : 'બડિશામિષવત્' એ દૃષ્ટાન્ત છે. (અંદર છૂપા લોખંડી કાંટાવાળા અને) માછલીને ગળે ઉતરી જાય એવા માંસની જેમ તુચ્છ = અલ્પ કુસુખ (તે કેવું ? તો કે) દુષ્ટ ભોગજનિત અને દારુણોદય = ભયાનક વિપાક લાવનારા, (અહીં) આ 'બડિશામિષ' એ શાસ્ત્રપરિભાષા છે. 'સક્ત' એટલે કે ગૃદ્ધિવાળા, શું કરે છે ? એ કહે છે - 'त्यजन्ति सच्चेष्टां' જતી કરે છે, ધર્મ સાધનારૂપી સમ્યક્ પ્રવૃત્તિ. આ (એના) કર્મનો દોષ છે એ કહે છે - અહો ! ધિક્કાર છે (કર્મજનિત) ભયંકર અજ્ઞાનને !

વિષયાંધોની માંસગૃદ્ધ માછલી જેવી સ્થિતિ

વિવેચન : બિચારા ભવાભિનંદી જીવો કુસુખ અર્થાત્ દુષ્ટ વિષયભોગજનિત સુખમાં આસક્ત થયેલાને એના દારુણ પરિણામની ખબર નથી. અને ખબર છે, તો એની શ્રદ્ધા નથી - પરવા નથી, ભય નથી, તેથી એ છોડીને 'સત્ ચેષ્ટા' સત્ક્રિયા યાને ધર્મસાધનામાં પ્રયત્ન કરતા નથી. આ શેની જેમ છે ? તો કે માછીમાર માછલી પકડવા લોખંડી કાંટાને માંસપેશીના ટુકડાની અંદરમાં પરોવી દે છે. પછી દોરીએ બાંધેલો એ કાંટો નદી - તળાવના પાણીમાં વહેતો મૂકે છે. ત્યાં માંસની ગંધથી માછલી દોડતી આવી ટૂકડો બહુ સરસ, એમ કરી તાત્કાલિક સુખને જોતી એને મોંમાં લઈ જ્યાં હરખમાં આવી જઈ મોં બંધ કરી જોરથી જડબા દાબે છે, ત્યાં અલબત્ માંસ તો ખાવા મળ્યું, પરંતુ પેલો પેશીની અંદરનો છૂપો કાંટો એના તાળવાને વીંધી તાળવાની વચ્ચે સજ્જડ પકડાયેલો રહે છે. એની પાસે પંચેન્દ્રિયપણું છતાં હાથ આંગળાની પુણ્યાઈ નથી, તેથી મોંમાં આંગળા ઘાલી કાંટાને શી રીતે બહાર ખેંચી કાઢે ? તેથી કાંટો કાઢવા પાણીમાં માથાં પછાડે છે, પણ કાંટો એમ શાનો નીકળે ? માછીમાર દોરી ખેંચી એને હાથમાં પકડી લે છે, પછી તો કેવી વેદનાઓ ? તો કે દા.ત. માણસ પપૈયું છોલી એની છાલ ઉતારી નાખે, એમ માછલીને જીવતાં છોલાઇ જવું પડે છે. ઉપર લૂણ મરચાના પાણી છંટાય છે, ને કડકડતા તેલમાં ભજિયાની જેમ તળાવું પડે છે. અથવા માછીમારના હાથમાં પકડાયા પછી કેમ ? તો કે ભાતના ઉકળતા આંધણની જેમ ઉકળતા પાણીના આંધણમાં નંખાઈ બફાવું પડે છે. એક નાનો માંસપેશીનો ટુકડો ખાવા જતાં શું મળ્યું ? આ ભયંકર પરિણામની એને ખબર નથી. એટલે જ એવા માંસના એક નાના ટૂકડાના વર્તમાન સુખમાં આસક્ત બને છે.

સુરતમાં એક પારસી ભાઈના હૈયે જીવદયા, તે માછલીઓ બિચારી આવી ક્રૂર વેદનામાં ન પડે, એટલા માટે રોજ સવારે ઘરના ઓટલે બેસે. ત્યાંથી માછણો માછલીની ટોપલીઓ ભરીને જતી હોય, એની પાસેથી એ ખરીદી લઈ, એ માછલીઓને પોતાના ઘરના હોજમાં નખાવી દેતા. થોડીવારમાં તો મૂર્ચ્છિત માછલીઓ સજીવન થઈ પાણીમાં કલ્લોલ કરતી દોડતી જોઈ પારસી બાવાનું કલેજું ઠરતું, કે હાશ ! આ બિચારી કેવી ભયંકર જીવતા જીવે છોલાવા - બફાવાની વેદનાથી બચી ! સુરત ધર્મપ્રેમી શહેર, તે એમાં આવા દયાળુ જૈનેતરો પણ

વસતા. જેવી અબુઝ માછલીની દશા, એવી કુસુખોમાં યાને દુષ્ટ ભોગજનિત તુચ્છ સુખોમાં આસક્ત જીવોની હોય છે.

અહીં ભોગોને 'દુષ્ટ' એટલા માટે કહ્યા કે એમાં જીવના અંતરના પરિણામ અધ્યવસાય પ્રાયઃ અતિરાગના સંક્લેશ દોષવાળા અર્થાત્ દુષ્ટ બને છે. આવા સંક્લિષ્ટભાવ વિષયભોગનાં કારણે જ બને છે. માટે એ ભોગ-ભોગસુખ પણ સારા નહિ, કિન્તુ દુષ્ટ ગણાય. રૂપસુંદરીસામે આવી, એને હરખે જોવા જાઓ, તો અંતરના અધ્યવસાય બગડ્યા વિના રહે નહિ. માટે રૂપસુંદરી જોવી એ વિષયભોગ કહેવાય. આ ભોગનું સુખ દુષ્ટ છે, કુસુખ છે. કુસુખોમાં આસક્ત બનેલા જીવો હિંસામય આરંભ સમારંભાદિની અસત્ ચેષ્ટા આદરે છે. કુસુખની આસક્તિ એને મનાવે છે, કે સુખો જોઇએ છે, પછી જૂઠ અનીતિ વગેરેથી વેપાર કરવા પડે એમાં ખોટું શું ? આખી દુનિયા એ કરે છે, ફલાણા ફલાણાએ કર્યું, માટે તો એ મોટા શેઠિયા થયા, સુખી થયા. એવા વેપારની તેજી આવી એને સીઝન માનશે, મહાન મનુષ્ય જન્મને ધર્મની સીઝન નહિ માને ! એટલે પછી ધર્મસાધનાની સત્ પ્રવૃત્તિરૂપી ખેતી કાર્ય શાનો કરે ?

આમાં દોષ કોનો ? તો કે દારુણ અજ્ઞાનનો. માટે કહે છે,

'धिगहो दारुणं तमः ।'

ધિક્કાર હો આ ભયંકર અજ્ઞાનને! પોતાના મહાન ભાવી અનર્થને જ ન જુએ, અનર્થની સામે નજર જ ન નાખે, માત્ર વર્તમાન સુખાભાસને જોઇને અનર્થકારી એવી આરંભ-વિષય-પરિગ્રહની અસત્ ચેષ્ટામાં દોડ્યો જાય, ઝંપલાવે, અને પછી નરકાદિ દુઃખના મહા અનર્થમાં ફસાય, એ અજ્ઞાન કેવું ભયંકર ! ધિક્કાર પડો આ અજ્ઞાનને ! પરંતુ આ અજ્ઞાનને ધિક્કાર એ અજ્ઞાનજીવપર ન પહોંચી જાય, અર્થાત્ જીવપર ધિક્કાર ન છૂટે, માટે અહીં ટીકાકાર ખુલાસો કરે છે.

'कर्मदोषोऽयम्'

આ દોષ કર્મનો છે. આ અજ્ઞાન જીવના એવા જ્ઞાનાવરણીયાદિ કર્મનો છે. કર્મના વાંકે જીવમાં અજ્ઞાન છે, અને અજ્ઞાનથી એ અસત્ પ્રવૃત્તિમાં પડે છે. મૂળ વાંક જીવોના કર્મનો છે. એટલે **ધિક્કારપાત્ર કર્મ છે, જીવો નહિ. જીવો તો દયાપાત્ર છે.**

શાસ્ત્રકાર ભગવંતની આ કેવી ખૂબી છે કે જીવોપર ધિક્કાર-તિરસ્કાર ન છૂટે, પરંતુ એમના પર આપણા હૈયાની ભાવદયા વરસે, એમાટે અજ્ઞાન જીવોનો વાંક ન કહ્યો, કિન્તુ 'કર્મદોષોડયં' કહીને વાંક કર્મનો બતાવ્યો. આમ બતાવીને જ્ઞાની આપણને સૂચવે છે.

જ્ઞાનીનું કિંમતી સૂચન

'તમારી જાતને ડાહી માનતા હો, તો ભૂલ કરનાર, દોષ સેવનાર, પાપાચરણ કરનાર જીવો પર કરુણા લાવો, તિરસ્કાર નહિ. દયા લાવીને એ ચિંતવો કે આ બિચારા જીવો શું કરે ? એ તો ઘણાય સારા છે, પરંતુ જેમ પાકીસ્તાની ગૂંડા ત્યાં ફસાયેલા સારા દયાળુ જીવના હાથમાં બળાત્કારે છરો પકડાવી એનાથી બળાત્કારે બકરાનું ખૂન કરાવે, તો ત્યાં આપણને એ દયાળુ જીવપર ધિક્કાર ન છૂટે, કિન્તુ ગૂંડાપર ધિક્કાર છૂટે. એમ અહીં જીવ તો મૂળ સ્વરૂપે સારો, પરંતુ એને વળગેલા કર્મગૂંડા એને પરાણે અજ્ઞાન મૂઢ બનાવે એટલે કે અજ્ઞાનતાનો છરો પકડાવી જીવપાસે એનાથી બકરાના ખૂન જેવી અસત્ પ્રવૃત્તિ કરાવે છે, માટે વાંક કર્મગૂંડાનો જોઈ જીવોપર નીતરતો દયાભાવ લાવો કે બિચારા કેવા કર્મ પરાધીન છે !

આ દયાભાવ આવે તો આપણે ડાહ્યા, શાણા. બાકી બીજાના દોષ જ જોતા આવડતું હોય

તેમજ એને ધિક્કારની દૃષ્ટિથી જોતા આવડતું હોય, અને એમાં આપણું ડહાપણ માનતા હોઈએ, તો તે ડહાપણ નથી, પરંતુ બીજાની ભૂલપર અભિમાન ને દ્વેષ કરી આપણા જ આત્માને બગાડવાની મૂર્ખતા છે. **ડહાપણ તો કર્મપરાધીન જીવોપર દયાભાવ વરસાવવામાં છે, એને કરુણા અને મૈત્રી વાત્સલ્યભાવથી નવરાવી નાખવામાં છે.** માતા ભૂલ કરતા બચ્ચા પર એજ કરે છે, જીવો પર દયા આવે એ માટે આ વિચારવાનું -

અજ્ઞાન જ ભયંકર

''કર્મદોષ શું કામ કરે છે ! આત્માપર અજ્ઞાનતાનો એવો અંધકાર ફેલાવી દે છે, કે જીવને એ જોવા નથી દેતો કે આ હું જે ઘરવાસમાં રહી વેપાર ધંધાદિના હિંસામય આરંભ સમારંભો જૂઠ, અનીતિ, પરિગ્રહ, તથા એની પાછળ ક્રોધ, કષાયો, રાગ-દ્વેષ-કલહ વગેરેની ધૂમ પાપ-પ્રવૃત્તિઓ રાચી માચીને કરું છું, એ ભયંકર દુઃખમય નરકાદિના દરવાજા દેખાડનારા છે. એ પરલોકે ઘોરાતિઘોર દુઃખો સરજનાર પાપ-પ્રવૃત્તિઓ- અસત્ ચેષ્ટાઓ હું શા માટે કરું ? જીવનો કર્મદોષ આ સૂઝવા જ નથી દેતો.

ત્યારે આ અજ્ઞાનનું અંધારું કેવું ભયંકર ! બાહ્ય અંધારું હજી સારું કે એકવાર માથું ફૂટે પછી અજવાસ રાખવાની સાવધાની આવી જાય, ત્યારે આ અજ્ઞાનતાના અંધકારથી તો જનમ જનમ માથાં ફૂટે ! છતાં જ્ઞાનનો અજવાસ રાખવાની સૂઝ જ ન પેડ. **માટે જ જ્ઞાનનો મહિમા છે. શાસ્ત્રો કેમ ભણવાના ? કેમ વારંવાર વાગોળવાનાં ?**

કહો, અજ્ઞાનનો અંધકાર ટાળવા માટે.

સાધુને શાસ્ત્રાભ્યાસમાં પ્રમાદ - આળસ કંટાળો આવતો હોય, છાપાં - ચોપાનિયાં - કુથલીની વાતોચીતોની લાલચ લાગતી હોય, તો આ ધ્યાનમાં રાખવા જેવું છે કે, છાપા ચોપાનિયાથી સમ્યગ્જ્ઞાન નહિ મળે. તીર્થંકર ભગવંતોનાં શાસ્ત્રો દ્વારા સમ્યગ્જ્ઞાન મેળવવાની અહીં મળેલી અનન્ય અને મોઘેરી તક ચાલી જશે. અને અહીં અજ્ઞાન રહી અજ્ઞાનનો વારસો લઈને જઈશ. એ અજ્ઞાન કેટલું ભયંકર ! જ્ઞાની કહે છે -

अज्ञानं खलु कष्टं हिंसादिभ्योपि सर्वपापेभ्यः

અર્થાત્ ખરેખર હિંસાદિ સર્વપાપો કરતાં અજ્ઞાન વધુ ભયંકર છે, હિંસાદિ એટલા ભયંકર નહિ, કેમકે જો હિંસાદિની ભયાનકતા જાણતો હોય અને કોઈક અવસરે હિંસાદિ પાપ કરવાનું આવ્યું, તો એ જાણકારીના હિસાબે ડરતો ડરતો કરશે. એથી કર્મબંધ ઓછો અને એમ કરતાં કરતાં કોઈક દિવસ હિંસાદિ પાપને કાયમમાટે ફગાવી દેશે. ત્યારે અજ્ઞાન એક એવું પાપ છે, કે અજ્ઞાનના હિસાબે પાપની ભયાનકતાની ખબર જ નથી. તેથી જ્યારે હિંસાદિ કરશે, ત્યારે ત્યારે રાચી માચીને જ કરવાનો. તેથી કોઈ દિ પાપથી છૂટકારો જ ન થાય. તંદુલિયો મચ્છ જે હિંસાદિનો વિચાર કરે છે કે 'મારા મોંમાં આવેલ બધી માછલીઓને ખાઈ જાઉં' એને જો એના પ્રભાવે જે નરકના પાપ ઊભા થઈ નરકની ભઠ્ઠીની શેકામણ નજર સામે દેખાય, તો એ હિંસામય ભક્ષણનો વિચાર શાનો કરે ?

અજ્ઞાન મહાભયંકર, માટે જ **જ્ઞાનની બલિહારી,** ને તે શાસ્ત્રો દ્વારા અહીં મળી શકે એમ છે, બહુ સુલભ છે. ભેંશના ભવમાં કે દેવતાના ભવમાં શાસ્ત્રો લઈ ભણવા નહિ બેસાય, મનુષ્ય-ભવમાં જ શાસ્ત્રો ભણવાનું ને જ્ઞાન મેળવવાનું બની શકે.

મુંબઈ માધવબાગમાં એક સંન્યાસીનું ભાષણ હતું, એમાં એણે કહ્યું -

જગતમાં જ્ઞાનદાન એ શ્રેષ્ઠ દાન છે.

કારણ કે કુદરતનો નિયમ છે, જેવું દો, તેવું લો. તમે રોટલાનું દાન કરો, તો તમને રોટલા મળે,

એ નક્કી થઈ ગયું. અભય-શાતાનું દાન કરો, તો એ મળવાનું નક્કી થઈ ગયું. એમ જો જ્ઞાનનું દાન કરો તો બીજા ભવે જ્ઞાન મળવાનું અને તેથી માનવ બનવાનું નક્કી થયું. કેમકે જ્ઞાનદાતા કાંઈ કૂતરાના ભવમાં જ્ઞાન ન પામે. હજી મોટરનું દાન કર્યું હોય, તો વિલાયતની રાણીના કૂતરા થઈને પણ મોટરમાં બેસવાનું મળી શકે. એટલે મોટરના દાનના બદલા માટે મનુષ્ય જ ભવ જોઈએ એવું નહિ, પણ જ્ઞાનદાનનો બદલો મળવાનું નક્કી થવાના લીધે મનુષ્યભવ નક્કી થઈ જાય. કહો જ્ઞાનદાન એ મનુષ્યભવનું રીઝર્વેશન છે. કેવી અદ્ભુત દલીલ ! મોટા પંડિત પણ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. મનુષ્ય જન્મની કિંમત હોય, તો જ્ઞાનથી છે. જ્ઞાન એ જગતનો દીવો છે. જ્ઞાનથી જગતના પદાર્થો પ્રકાશિત થાય, પ્રગટ થાય. નરકાદિ દુર્ગતિના માર્ગ, સ્વર્ગાદિ સદ્ગતિના માર્ગ અને પરમગતિ મોક્ષના માર્ગ જ્ઞાનથી સાફ જણાઈ આવે. જ્ઞાન એ તો જીવનનું અણમોલ ધન છે. દુન્યવી ધનથી દુનિયાની બાદશાહી ભોગવી શકાય. પરંતુ તે તુચ્છ છે, ચંચળ છે, પરાધીન છે, બીજા અનેકની અપેક્ષાઓ પર જીવવું પડે. ત્યારે આંતર-ધન જ્ઞાનથી આત્માની બાદશાહી ભોગવવા મળે. કહ્યું ને **જ્ઞાનસારમાં**, -

परस्वत्वकृतोन्माथा भूनाथा न्यूनतेक्षिणः ।
स्वस्वत्वसुखपूर्णस्य न्यूनता न हरेरपि ।

પરધનના ઢગલાથી ઉન્માદવાળા રાજાઓ પણ સ્વસ્થ નથી, કેમકે એ ન્યૂનતા-ઓછાશને જોનારા હોય છે. ગમે તેટલું મળ્યું, તો ય તે ઓછું લાગે એ, અને વધારેની કાંક્ષા રહે એ, વ્યાકુળતા-અસ્વસ્થતા છે.

ત્યારે જ્ઞાનથી પોતાના આત્માની સંપત્તિ નિર્લોભતા, સમતા, સ્વસ્થતાના સુખથી ભરેલાને મોટા ઈન્દ્ર કરતાં ય કશું ઓછું નથી. ઉલ્ટું વિશેષ છે, કેમકે પરની અપેક્ષાઓ જ નથી. માટે જ -

''જ્ઞાન સમું કોઈ ધન નહિ
સમતા સમું નહિ સુખ.''

જ્ઞાન આવે તો અજ્ઞાન જાય. અજ્ઞાન એ આધાર છે. અજ્ઞાનના આધારે જ કષાયો મહાલે છે. આધાર ગયો, આશ્રિતોના પાવર ઉતરી જાય. અજ્ઞાન એ સેનાપતિ છે, કામ, ક્રોધાદિ કષાયો અને હિંસાદિ દુષ્કૃત્યોની વૃત્તિઓ એ સૈનિકો છે. સેનાપતિ મરે તો સૈનિકો ભાગી જાય.

કવિ **વીરવિજયજી મહારાજે** જ્ઞાનને બદલે જ્ઞાનયુક્ત મનને લઈને આ વાત કરી છે, કે -

મહાવીર ભગવાન સામે જે અજ્ઞાન યુક્ત મન સેનાપતિ કામ-ક્રોધ, મદ-માયા, રાગ-દ્વેષ, રતિ-અરતિ, વગેરે મોહના સુભટોને લઈને લડવા આવ્યો હતો, પ્રભુએ મનરૂપી સેનાપતિને ફોડ્યો એને જ્ઞાનયુક્ત બનાવી પોતાના પક્ષમાં લઈ લીધો, હવે સેનાને દોરવનાર પાણી ચડાવનાર જવાથી સેનાનો પાવર શો રહે ? કષાયોના પાવર અજ્ઞાન ઉપર, અજ્ઞાની મન ઉપર નભે છે. મન ફરી ગયું, જ્ઞાન સમૃદ્ધ બની ગયું. કષાયોવગેરે સુભટોના પાવર ઉતરી ગયા, એટલે જાય ભાગ્યા. કવિએ પૂજામાં કહ્યું -

'તસ રક્ષક શિર મન પલટાયો,
મોહ તે ભાગ્યો જાય, લલના.''

વીરપ્રભુએ તે સેનાના શિરે રહેલા રક્ષક સેનાપતિ મનને પલટાવી દીધું, પોતાના પક્ષમાં લઈ લીધું. એટલે મોહ-મોહની ફોજ ભાગી ગઈ, અને પછી ત્યાં પ્રભુ વીતરાગ બની ગયા, વીતરાગ બની સર્વજ્ઞ બની ગયા.

આ વાત છે, - **જ્ઞાન એ માનવભવની સ્પેશિયલ કમાઈ છે.** માટે જ્ઞાન ખૂબ મેળવો, શાસ્ત્રોને ભણો, વિચારો અને ખૂબ વાગોળો. ભેંસ ઘાસ ખાઈ લીધા પછી એને મોંમાં લાવી લાવી ખૂબ વાગોળે છે, ત્યારે એમાંથી સોજ્જુ દૂધ તૈયાર થાય

છે. એમ જ્ઞાન વાગોળવાથી ને પરિણમાવવાથી વેદ્યસંવેદ્યપદ વગેરે માલ એમાંથી તૈયાર થાય છે.

उपसंहरन्नाह-

अवेद्यसंवेद्यपद-मान्ध्यं, दुर्गतिपातकृत्।
सत्सङ्गागमयोगेन, जेयमेतन्महात्मभिः ॥८५॥

अवेद्यसंवेद्यपदमुक्तलक्षणं, आन्ध्यं-अन्धभावरूपम्। अत एवाह **दुर्गतिपातकृत्**-दुर्गतिपातकरणशीलम्। **सत्संगागमयोगेन**-विशिष्टसंगागमसंबन्धेनेत्यर्थः, एकवद्भावः पुरुषप्राधान्यख्यापनपरः। **जेयमेतद्**-अवेद्यसंवेद्यपदं, **महात्मभिः**-पुम्भिः, अस्यामेव भूमिकायामन्यदा जेतुमशक्यत्वात्। अत एवानुवादपरोऽप्यागम इति योगाचार्याः, अयोग्यनियोगाऽसिद्धेरिति ॥८५॥

सत्संग-आगमथी अवेद्यसंवेद्यपद जीतो

टीकार्थ : ઉપસંહાર કરતાં કહે છે,-

गाथार्थ : અવેદ્યસંવેદ્યપદ એ અંધાપો છે, દુર્ગતિમાં પતન કરાવનારું છે. એને મહાન આત્માઓએ સત્સંગ અને જિનાગમના યોગથી જીતી લેવું જોઈએ.

टीकार्थ : અવેદ્યસંવેદ્યપદ પૂર્વે કહેલા લક્ષણવાળું, એ 'आन्ध्य' અંધભાવ સ્વરૂપ છે. એ દુર્ગતિમાં 'પતનકારી' પતન કરાવવાના સ્વભાવવાળું છે. 'સત્સંગ અને આગમના યોગથી' અર્થાત્ વિશિષ્ટ સત્સંગ અને વિશિષ્ટ આગમના સંબંધથી, અહીં સત્સંગ-આગમ એ બે પદનો એક પદભાવ સમાસ થયો. પુરુષની પ્રધાનતાને સૂચવવાનું તાત્પર્ય છે, મહાત્મા પુરુષોએ (આ) અવેદ્યસંવેદ્યપદ જીતવા યોગ્ય છે; કેમકે એને આ ભૂમિકામાં જ જીતવું શક્ય છે. એટલા જ માટે આગમ અનુવાદપરક પણ છે, એમ યોગાચાર્યો (કહે છે) કારણ કે 'अयोग्यनियोगासिद्धि' અયોગ્યને પ્રેરણા થઈ શકે નહિ.

विवेचन : પ્ર. - વેદ્યસંવેદ્યપદ ન લાવીએ ને અવેદ્યસંવેદ્યપદ ઊભું રહે તો શો વાંધો ?

ઉ. - વાંધો મોટો છે, અવેદ્યસંવેદ્યપદ એ જીવનો અંધાપો છે. જેમ આંધળા માણસને અંધાપાને લીધે ચાલવામાં આગળ ખાડો આવી રહ્યાનું દેખાતું નથી, તેથી ખાડામાં જઈ પડે છે. એમ આ અવેદ્યસંવેદ્યપદના અંધાપાને લીધે જીવન જીવવામાં આગળ દુર્ગતિનો ખાડો આવી રહ્યાનું દેખાતું નથી. તેથી એમાં જઈ પડે છે. વાત સ્વાભાવિક છે, જેને પોતાનાં હિત અહિત ન દેખાતા હોય, એ અહિતત્યાગ શી રીતે કરવાનો હતો ? પછી અહિતઆચરણથી દુર્ગતિમાં જઈ પડે, એ સહજ છે. સવાલ થાય,

પ્ર. - વાત સાચી કે અવેદ્યસંવેદ્યપદ અંધાપો છે ને એ જીવને દુર્ગતિમાં તાણી જાય છે. પરંતુ અવેદ્યસંવેદ્યપદની જીવને પરવશતા એવી છે કે, એથી જીવ અહિત-આચરણ અને હિતત્યાગમાં સહેજે સહેજે લલચાઈ જાય છે, જેમકે શરદીના પ્રકોપવાળો સહેજે સહેજે ખાટું-ગળ્યું ખાવામાં લલચાઈ-તણાઈ જાય છે. પછી ભલે એથી શરદી વધે, તો ય એ ખાટું-ગળ્યું ખાતા અટકતા નથી. આ લલચાવાનું શી રીતે અટકે ?

ઉ. - આ રીતે અટકાય -

'सत्संग - आगम योगेन'

જેવી રીતે એ શરદીનો દરદી જો સત્સંગ એટલે કે એવા દરદ વિનાના માણસોના સંગમાં રહે કે, જે ખાટું-ગળ્યું ખાનારા ન હોય. ઉપરાંત ખાટું-ગળ્યું ખાવાના વિશાળ નુકસાન કેટલા ? એ બતાવનાર વૈદ્યકશાસ્ત્ર સાંભળે, તો સહેજે એની લાલચ અને પરવશતાને કાબુમાં લેનારા બને છે. બસ એજ રીતે આ અવેદ્યસંવેદ્યપદની પરવશતાને જીતી લેવા જેવી છે, કાબૂમાં લેવા જેવી છે. એને જીતી લેવાના આ જ બે ઉપાય, સત્સંગ અને આગમ શાસ્ત્રનો યોગ.

સત્સંગમાં કરવાનું આ, કે જેમણે અવેદ્ય-

સંવેદ્યપદ જીતી લીધું છે, એટલે કે એનો ત્યાગ કર્યો છે, ને વેદ્યસંવેદ્યપદમાં રહી જે હિત-અહિત તરફ સદા જાગ્રત રહે છે. અને અહિત-ત્યાગ તથા હિત-આચરણમાં રચ્યા-પચ્યા રહે છે, એવા સત્-પુરુષોના સંગમાં રહેવાનું અને અહિતાચરણના કેવા વિશાળ નુકસાન ? તેમજ હિતઆદરના કેવા મહાન લાભ ? એને બતાવનારા આગમશાસ્ત્ર સાંભળતા રહેવાનું.

અહીં બે વાત કરી, સત્સંગ અને આગમ. અહીં પ્રશ્ન થાય, -

પ્ર. - એકલા આગમથી ન ચાલે ? સાથે સત્સંગ કેમ લીધો ?

ઉ. - એકલા આગમથી બોધ તો થઈ જાય, પરંતુ બોધ થયા પછી એ પ્રમાણે આચરણના વીર્યોલ્લાસ માટે એ આચરનારનું આલંબન જોઈએ. આલંબનોને જોઈને આપણને આચરણનું જોશ પ્રગટે, ને તે આલંબન તરીકે સત્ પુરુષો છે. એમના આલંબને જોશ મળે. એમનો સત્સંગ કરવાથી એમના જીવનની આપણા મનપર છાયા પડે છે, તેથી 'લાવ, હું પણ કાંઈક ધર્મ કરું' એમ ઉલ્લાસ જાગે છે, તેમજ આગમશાસ્ત્ર પણ જાતે વાંચી ભણી લેવાના નથી, કિન્તુ ગુરુગમથી - ગુરુમુખેથી સાંભળવા સમજવાના છે. જેથી ગુરુપાસેથી શાસ્ત્ર-વચનોના યથાર્થભાવ, રહસ્ય અને ઐદંપર્ય પ્રાપ્ત થાય.

આવા સત્સંગ અને આગમશાસ્ત્રોના યોગથી, ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી, મહાન બનેલા આત્માઓએ અવેદ્યસંવેદ્યપદપર વિજય મેળવવાનો છે, જેથી અવેદ્યસંવેદ્યપદનો અંધાપો દૂર થઈ દુર્ગતિના ખાડામાં પડવાનું ન થાય. આ અવેદ્યસંવેદ્યપદ અહીં ચોથી દૃષ્ટિમાં જ જીતી લેવાનું કેમ કહ્યું ? તો ટીકાકાર મહર્ષિ કહે છે કે એ જીતવા માટે આ જ ભૂમિકા છે. બીજા સમયે અર્થાત્ ચોથી દૃષ્ટિનાં પૂર્વ સમયમાં એ જીતાવું અશક્ય છે. કેમકે ત્યાં એ જીતવાનું બળ નથી આવ્યું, એટલે ત્યાં જીતવાની ભૂમિકા જ નથી ઊભી થઈ, ચોથી યોગદૃષ્ટિ વખતે એ ભૂમિકા ઊભી થઈ ગઈ છે.

આ સૂચવે છે કે અવેદ્યસંવેદ્યપદપર વિજય મેળવી અર્થાત્ આત્માપરથી એની પકડ (hold) હટાવી વેદ્યસંવેદ્યપદને અર્થાત્ સર્વજ્ઞ કથાનુસાર તત્ત્વોના સંવેદનને આત્મામાં જીવંત કરવામાટે કેટલાક સદ્આચરણો અને સદ્વૃત્તિઓનો અભ્યાસ જરૂરી છે. દા.ત. ૫ યમોનું પાલન, ૫ નિયમોનું પાલન, યોગબીજોનો સંગ્રહ, વગેરે વગેરે એ કાર્ય યોગોની પહેલી ત્રણ દૃષ્ટિમાં થાય છે. એવી શુભ-પ્રવૃત્તિઓ અને શુભવૃત્તિઓનો ખૂબ અભ્યાસ થાય, ત્યારે અવેદ્યસંવેદ્યપદમાં બેસાડી રાખનાર મિથ્યામાર્ગનો અભિનિવેશ મોળો પડે, ને સર્વજ્ઞ-કથિત માર્ગનાં તત્ત્વો તરફ ઝુકાવ થાય. આ ધર્મ-ક્રિયા અને આચારનું મહત્ત્વ બતાવે છે. અલબત્ એમાં વૃત્તિ મલિન ન જોઈએ નહિતર અચરમાવર્ત-કાળમાં અનંતીવાર ધર્મક્રિયા અને આચાર પાળ્યા, છતાં કલ્યાણ કેમ ન થયું ? કહો કે વૃત્તિ મલિન હતી. એકલી પૌદ્ગલિક સુખલાલસાની જ વૃત્તિ હતી. પરંતુ અહીં જીવ યોગદૃષ્ટિમાં આવ્યો, તે વૃત્તિ સુધરવાથી આવ્યો છે. અને યોગની ત્રણ દૃષ્ટિમાં અનેકવિધ ધર્મક્રિયા અને આચારોનું પાલન કરે છે. એના અભ્યાસથી ચોથી દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદપર વિજય મેળવવાની શક્તિ-યોગ્યતા ઊભી થાય છે. તેથી શાસ્ત્રકાર કહે છે કે, અહીં સત્સંગ અને આગમના યોગથી એ વિજય મેળવી લેવો જોઈએ.

આ પરથી સમજાશે કે પહેલી ત્રણ દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદની એવી પ્રબળતા હોય છે કે ત્યાં એને જીતવાની જીવમાં શક્તિ નથી-યોગ્યતા નથી, એટલે જ પહેલી ત્રણ દૃષ્ટિમાં એને જીતવાની શાસ્ત્રે પ્રેરણા ન કરી, કેમકે

'અયોગ્યનિયોગાસિદ્ધે: અત્યન્ત-નિતરાં સમ્યગ્જ્ઞાનયોગાત્, આગમપ્રામાણ્યાવગમાત્। **કુતર્કવિષમગ્રહો**-દૃષ્ટાપાયહેતુત્વેન ગ્રહ ઇવ ગ્રહ: ॥૮૬॥

અયોગ્યને નિયોગ અર્થાત્ પ્રેરણા આદેશ નથી કરાતા. લાંબી બિમારીમાંથી હમણાં જ ઊઠેલો શ્રમવાળાં કાર્ય કરવાને અયોગ્ય છે, તેથી એને એવો આદેશ નથી કરાતો કે 'તું આ (શ્રમવાળુ) કાર્ય ઝટપટ પતાવી દે.' એવો આદેશ કરવાનો કોઈ અર્થ નથી. એ તો શરીરમાં શક્તિ ભરાય, પછી એ એવા શ્રમિત કાર્યને યોગ્ય બને છે. ત્યારે એને એનો આદેશ કરાય છે. અને એ આદેશનું એ પાલન કરી શકે છે. અલબત્ જ્યાં સુધી શરીરમાં શક્તિ નથી ભરાઈ, ત્યાં સુધી એને સામાન્યથી કહેવાય ખરું કે આવશ્યક કાર્યો-કર્તવ્યો બજાવવા જેવા છે, પરંતુ તે તો માત્ર સ્વરૂપ-દર્શક કથન છે, અર્થાત્ અનુવાદવચન છે, વિધિવાદ વચન નહિ. અર્થાત્ આદેશાત્મક કથન નહિ.

એ પ્રમાણે અહીં પહેલી ત્રણ દૃષ્ટિમાં જીવની હજી અવેદ્યસંવેદ્યપદને જીતવાની શક્તિ નથી. યોગ્યતા નથી. એટલે ત્યાં એને એ જીતવાનો નિયોગ-આદેશ ન હોય કે, તું એને જીતી લે. પરંતુ 'એ પદ આ આ રીતે જીતવા જેવું છે, જીતી શકાય છે.' એમ સ્વરૂપદર્શક કથન યાને અનુવાદ-વચન હોય. એટલા માટે યોગાચાર્યો કહે છે કે આગમો ક્યારેક અનુવાદપરક પણ હોય છે. વિધિવાદ-પરક કેમ નહિ ? તો કે જીવની નિયોગપાલનની અયોગ્ય-અશક્ત દશામાં એને નિયોગ-આદેશ પ્રેરણા કરવાનું અનુચિત છે.

અત એવ જયલિઙ્ગાન્યાહ,-

જીયમાને ચ નિયમા, દેતસ્મિંસ્તત્ત્વતો નૃણામ્।
નિવર્તતે સ્વતોઽત્યન્તં, કુતર્કવિષમગ્રહ: ॥૮૬॥

જીયમાને ચ નિયમાદેતસ્મિન્-અવેદ્યસંવેદ્યપદે મહામિથ્યાત્વનિબન્ધને પશુત્વાદિશબ્દવાચ્યે। **તત્ત્વત:**-પરમાર્થેન **નૃણાં**-પુંસાં **નિવર્તતે સ્વત:**-આત્મનૈવાપરોપદેશેન, નિમિત્તાભાવે નૈમિત્તિકાભાવાત્।

ટીકાર્થ : એટલા જ માટે (હવે) વિજયના ચિહ્નો કહે છે,-

ગાથાર્થ : આ (અવેદ્યસંવેદ્યપદ) ને જ્યારે જીતી લેવામાં આવે, ત્યારે (એ) મનુષ્યોનો કુતર્કરૂપી વિષમગ્રહ સ્વતઃ (બીજાના ઉપદેશ વિના) નિશ્ચિતપણે સમૂળગો દૂર થાય છે.

ટીકાર્થ : અવેદ્યસંવેદ્યપદ જે મહામિથ્યાત્વનું કારણ છે. અને પશુત્વાદિ શબ્દથી ઓળખાય છે, તે જીતાયે છતે 'તત્ત્વતઃ' અર્થાત્ પરમાર્થથી મનુષ્યોનો, 'સ્વતઃ' = બીજાના ઉપદેશ વિના, સમ્યગ્જ્ઞાનના યોગથી કુતર્કરૂપી વિષમ ગ્રહ નિશ્ચિતપણે સમૂળગો દૂર થાય, છે કેમકે જો નિમિત્ત ન હોય, તો નૈમિત્તિક (એનું કાર્ય) બને નહિ. કુતર્ક એ ગ્રહની જેમ એક ગ્રહ એટલા માટે છે કે એ પ્રત્યક્ષ અનર્થોનું કારણ છે.

અવેદ્યસંવેદ્યપદ પર જીત : કુતર્ક ગ્રહ નિવૃત્તિ

વિવેચન : અવેદ્યસંવેદ્યપદને જીતવાનું કહ્યું, તો એ જીતાવાનું ચિહ્ન શું ? એ હવે કહે છે.

અવેદ્યસંવેદ્યપદપર વિજય મેળવ્યો એનું ચિહ્ન એ છે કે, કુતર્કનો વિષમગ્રહ દૂર થાય છે. કુતર્ક એ એક વિષમ ગ્રહ છે. માણસને ગ્રહ-ભૂત વળગે પછી એને સારા-સારાનું ભાન નથી રહેતું, ગાંડાની જેમ બોલે છે, એવી કુતર્કનો ગ્રહ લાગેલાની દશા હોય છે. સત્ તર્ક નથી, કુતર્ક છે, એટલે પોતાનું આપમતિએ માનેલું યેન કેન પ્રકારે સાચું ઠરાવવા કુતર્ક લડાવવા પડે છે. આ હઠવાદ છે, મિથ્યા અભિમાન છે. એ મહામિથ્યાત્વને તાણી લાવે છે. કેમકે કહે છે ને કે 'બ્રહ્માપિ તં નરં ન રંજયતિ' અર્થાત્ અજ્ઞ નહિ, વિશેષજ્ઞ નહિ, પણ દુર્વિદગ્ધ હોય, દોઢડાહ્યો હોય, એને બ્રહ્મા પણ ન સમજાવી

શકે. એ તો પોતે પકડ પકડી તે પકડી, સામે તર્ક-યુક્ત વાત આવી, તો કુતર્ક લડાવવા મથશે, પણ પકડ નહિ છોડે, આવાનું મિથ્યાત્વ મંદ મિથ્યાત્વ નહિ, પરંતુ તીવ્ર મિથ્યાત્વ-મહામિથ્યાત્વ હોય છે. કુતર્કની પકડ એવી, કે સાચું માનવા જ ન દે. તેથી એને પશુતા વગેરે શબ્દથી ઓળખવામાં આવે છે.

કુતર્કની પકડ પશુતા કેમ ?

એટલા માટે કે પશુને-જનાવરને સારાસાર અને હિતાહિતનું ભાન નહિ. જીવનમાં સારભૂત શું અને અસાર શું ? એ જનાવર સમજે નહિ. એટલે એ સારભૂત સંતોષવગેરેને છોડી અસારને જ વળગે છે. હિતકરને છોડી અહિતને જ વળગે છે. એમ આ કુતર્કની પકડમાં રહેલો સારભૂત છોડી સંસારને જ સારભૂત તરીકે સિદ્ધ કરવા મથે છે, હિતકર ને છોડી પકડેલા અહિતકરને હિતકર તરીકે સાબિત કરવા મથે છે. વ્યવહારમાં દેખાય છે કે બિન-અનુભવી કુતર્કી છોકરાને અનુભવી બાપ કહેશે 'આ તારા સારા માટે નથી' તો છોકરો એ નહિ માને અને ઉપરથી સામો કુતર્ક લડાવશે. એમ કુતર્કી કુશિષ્યને ગુરુ કહેશે 'તું આમ બોલે ચાલે છે, એ સારું નથી. એમાં તારું હિત નથી,' તો એ નહિ માને, ઉપરથી કુતર્ક લડાવી કહેશે 'મને આ જ સારું લાગે છે, આમાં જ મારું હિત છે.' ખાવાનો વિવેક ન હોય, સારું સારું ખાવાનો લાલચુ હોય, એની કઈ દશા હોય છે ? એને વાયુની-ગેસની તકલીફ રહેતી હોય, હિતેષી કહે 'આ તું દૂધ બહુ પીએ છે, તેથી ગેસ થાય છે, માટે એ બંધ કર', તો કુતર્કથી એ કહેશે, દૂધ તો પુષ્ટિકારક છે, એનાથી મને શક્તિ મળે છે, આ કુતર્કની પકડ એવી, કે એમાં ને એમાં શરીર બગડતું બગડતું મૃત્યુ સુધી પહોંચશે. છતાં દૂધથી શક્તિ મળે છે, એ એનું મહામિથ્યાત્વ નહિ ટળે. એમ ગુરુ શિષ્યને કહે 'આ આખો દિવસ માળાને જાપ લઈને બેસે છે એ સારું નહિ, શાસ્ત્ર ગોખવા પાઠ કરવો વગેરે સ્વાધ્યાય કર, એથી બોધ વધશે અજ્ઞાન ઓછું થશે, અને કુવિકલ્પોથી બચાશે,' ત્યારે કુતર્કી શિષ્ય કહેશે, 'મને જાપમાં શાંતિ રહે છે,' અલ્યા ! શાંતિ માત્ર જાપમાં કે જ્ઞાનીનાં વચનમાં ? પરંતુ કુતર્કની પકડમાં ગુરુને ય બાજુએ રાખશે, ને શાસ્ત્રનું ય નહિ માને, એની દશા કેવી ? સંયમના ગુણઠાણેથી તો જાય, પણ અવેદ્યસંવેદ્યપદમાં આવી જવાથી સમ્યક્ત્વથી ય જાય. મહામિથ્યાત્વમાં ફસી જાય. કુતર્કની પકડ ભૂંડી. કુતર્કીને ભગવાન પણ ન પહોંચે. તીર્થંકર ભગવાનની પર્ષદામાં ૩૬૩ પાખંડી બેસતા, પણ ભગવાન એમને ન પહોંચી શકે. પ્રભુએ ગમે તેટલું તર્કયુક્ત કહ્યું હોય, છતાં એ કુતર્કી પાખંડી સમવસરણથી નીચે ઉતરીને કહે 'જોયું ? કેવી ઈન્દ્રજાળ કે ખોટાને સાચામાં ખપાવી દે ! સાચું તો આપણે માનીએ છીએ તે જ છે.' કુતર્કની પકડ ભૂંડી. જીવનની કેટલીય બાબતોમાં એ નડ્યા જ કરતી હોય છે. અને કુતર્કને પરવશ કેટલાય કુકૃત્યોને કર્તવ્ય માની આચરતો રહે છે. તેથી જ અહીં એને પશુતા કહી.

સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા માથે નથી, એટલે કુતર્કોની પકડમાં ફસ્યો રહે છે, એ અવેદ્યસંવેદ્ય-પદમાં છે. આ કુતર્કની પકડ કેવાક અનર્થ સરજે છે ? ચારિત્રજીવન એટલે તો ભગવાનની આજ્ઞાનું જીવન, વેદ્યસંવેદ્યપદનું જીવન, પરંતુ એમાં કુતર્કોની પકડોથી એવો દુર્લભબોધિ થાય, કે ભવાંતરે જન્મોના જન્મો સુધી જૈનધર્મનું નામ પણ ન મળે.

પ્ર. - કુતર્કની પકડવાળાને પરભવે જૈનધર્મ કેમ ન મળે ? આમ તો અહીં એ જૈનધર્મ પાળે છે ને ?

ઉ. - કુતર્કની પકડ એટલે જિનવચન સામે યાને જૈનધર્મ સામે બળવો પોકાર્યો. જિનવચન-જૈનધર્મ સામે બળવો કરનારો જિનવચન-જૈન ધર્મ

ફરીથી શાનો પામે ?

જૈન ધર્મ પાળવો એને કહેવાય કે, જિનવચન ઉપર પૂરેપૂરી વફાદારી હોય, એકાદ જિનવચનની સામે પણ બળવો ન હોય.

કુતર્કની પકડ આંતરિક માનસિક વસ્તુ છે, ને મન એવું ચંચળ છે કે, એની પકડ મુકાતી નથી. ત્યારે **કુતર્કથી બચવા આ વિચારવું જોઈએ કે** - 'મારું જ્ઞાન કેટલું ? ને તીર્થંકર ભગવાનોનું જ્ઞાન કેટલું? એમનું જ્ઞાન એટલે ? એ સર્વ દ્રવ્યોના અનંતાનંત કાળના અનંતાનંત સર્વ પર્યાયો જાણે જુએ - એની સામે મારું જ્ઞાન કૂછ નહિ, તો એમણે અનંતજ્ઞાનમાં જોયા પ્રમાણે તત્ત્વ, માર્ગ અને સિદ્ધાન્ત પ્રકાશ્યા. એની સામે મારે કેટલી બુદ્ધિથી સવાલ ઉઠાવવાનો હોય, એમ વિચારવાથી કુતર્ક હટી જાય. માત્ર એકાદવાર આમ વિચારવાનું એમ નહિ, કિન્તુ પૂર્વગાથામાં અવેદ્યસંવેદ્યપદ પર વિજય મેળવવા અર્થાત્ એમાંથી બહાર નીકળી જવા અને વેદ્યસંવેદ્યપદ પામવા માટે બે ઉપાય બતાવ્યા, તે સત્સંગ અને સર્વજ્ઞના આગમની સારી રીતે ઉપાસના કરવાની. એનો પ્રભાવ કેટલો ઊંચો છે? તો કે - સત્સંગ અને જિનાગમની સારી ઉપાસનાથી મોહસંયોગ ટળીને સમ્યગ્જ્ઞાનયોગ ઊભો થાય છે.

સમ્યગ્જ્ઞાનયોગનું ફળ આ, કે પહેલાં મોહસંયોગની ફસામણમાં જીવ બધું મોહના કાટલે માપતો હતો. અર્થાત્ કોઈ પણ કામ કરતાં એ જોતો હતો કે 'આમાંથી સરવાળે મને પૌદ્ગલિક અનુકૂળતા ભૌતિક સુખ - સગવડ કેવીક મળે છે ! મારું અહંત્વ - મારી વિચારધારા કેવીક પુષ્ટ થાય છે? મારા માનને ટક્કર તો નથી લાગતી ને ?' આ મોહયોગને હવે જ્ઞાનયોગથી હટાવી દે છે. જ્ઞાન-યોગમાં પહેલું તો પોતાનું અહંત્વ આપમતિપણું - માનાકાંક્ષા ફગાવી જ્ઞાનીભગવંતોએ આગમમાં કહ્યું, તે જ મારે પ્રમાણ. આમ આગમ-પ્રામાણ્યને જ મનપર ધરે. એટલે સ્વાભાવિક છે, કે જ્યાં આગમને પ્રમાણ તરીકે આગળ કર્યા ત્યાં અહંત્વ - આપમતિ ટળી જાય, કુતર્કની પકડ છૂટી જાય.

સત્સંગ સેવવા સાથે આગમશાસ્ત્ર કે ન્યાય ભણતાં જીવને આ જ સાવધાની રાખવાની છે કે 'જીવ ! જો જે શાસ્ત્રો ભણે છે એટલે બુદ્ધિનો વિકાસ થતો રહેશે, ને એ વિકસિત બુદ્ધિથી તર્કશક્તિ ખીલતી રહેશે, પરંતુ એ વિકસિત બુદ્ધિ અને તર્ક-શક્તિથી કુતર્ક કરવાનું શીખીશ નહિ, સદા શાસ્ત્ર-પ્રતિબદ્ધ બન્યો રહેજે.

શાસ્ત્રપ્રતિબદ્ધ હોય, એ જ સાચો સબુઝ છે. એને કુતર્ક હોય નહિ. અબુઝને કુતર્ક પાર વિનાના. કેમકે અબુઝને શાસ્ત્રબંધન નથી. તેથી એની મતિ ગમે તેમ - ગમે ત્યાં ભટક્યા કરતી હોય. આમ,

જ્ઞાનયોગમાં પહેલું આગમ - પ્રામાણ્ય આજ્ઞાપ્રામાણ્ય, એટલે કે 'મારે વીતરાગ પરમાત્મા ની આજ્ઞા જ પ્રમાણ' એ ભાવ હૈયામાં કોતરી રાખવાનો છે, ને પછી બધી વૃત્તિ - પ્રવૃત્તિમાં જ્ઞાન દષ્ટિ રાખવાની. જિનેશ્વર ભગવાનની, ભગવાનના ચરણની સાચી સેવા આ જ કે ભગવાનની આજ્ઞાને સર્વેસર્વા પ્રમાણ કરાય. એ કરાય પછી તો બીજો બધો જ્ઞાનયોગ લાવવો સહેલો છે. કઠિન છે જિન-ચરણસેવા એટલે કે સંપૂર્ણ જિનાજ્ઞા સ્વીકાર. માટે તો **આનંદઘનજી** મહારાજે ૧૪માં ભગવાનના સ્તવનમાં ગાયું કે -

''ધાર તરવારની સોહિલી, દોહિલી
ચૌદમાં જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા
સેવના ધાર પર રહે ન દેવા.''

અર્થાત્ તરવારની ધાર પર નાચવાનું - ચાલવાનું તો જાદુગરો કરી શકે છે, એટલે એ સહેલું, પરંતુ જિનચરણસેવામાં સ્થિરપણે ચાલ્યા કરવું,

એ દોહિલું છે, કઠણ છે; કેમકે મોટા દિવ્યશક્તિ-વાળા દેવતાઓ પણ જિનચરણસેવારૂપી ધારપર સ્થિર રહી શકતા નથી. આમ જિનચરણસેવા અર્થાત્ જિનાજ્ઞાને - શાસ્ત્રને - સૂત્રને સર્વથા બંધાયેલા રહેવું એ પ્રથમ નંબરનું મહાકર્તવ્ય છે, મહાન ધર્મ છે. માટે જ જૈનશાસ્ત્રને - સૂત્રને ઓળંઘવું - ઓળવવું એ મહાપાપ છે. તેથી જ એ સ્તવનમાં કહ્યું -

''પાપ નહિ કોઈ ઉત્સૂત્ર - ભાષણ જિસ્યું
ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો''

'સૂત્ર અનુસાર કિરિયા' એટલે સૂત્રને જિનાજ્ઞાને પહેલી પ્રમાણ કરીને કરાતી ક્રિયા.

સારાંશ, સત્સંગ અને જિનાગમના સેવનથી અવેદ્યસંવેદ્યપદ જીતી લીધું એટલે કે હિતાહિત-સારાસાર - હેયોપાદેય અનંતજ્ઞાનીએ કહ્યા પ્રમાણે નહિ, કિન્તુ પોતાની મતિકલ્પના અને મિથ્યા-શાસ્ત્રની દોરવણી મુજબ માનવાનું પડતું મૂક્યું, એટલે એનાપર નભતા મહામિથ્યાત્વ અને પશુતા તથા કુતર્ક સહેજે હટી જાય, અને તેથી જ કુતર્ક સહેજે નિવૃત્ત થઈ જાય છે. અવેદ્યસંવેદ્યપદ કુતર્કનું નિમિત્ત છે. નિમિત્ત ગયું તો નૈમિત્તિક (કાર્ય કુતર્ક) સહેજે નિવૃત્ત થઈ જ જાય. હવે તો આગમશાસ્ત્ર પ્રમાણ કર્યા, તો કદાચ કોઈ તર્ક ઊઠે કે સામેથી આવે, તો એ જોશે કે 'આ શાસ્ત્રાનુસાર છે ? શાસ્ત્રને અનુકૂળ છે ? શાસ્ત્રની વાતનો સમર્થક છે ? જો નથી, તો એ સત્ તર્ક નહિ કુતર્ક છે, ને એ ખપે નહિ.' આમ

શી રીતે આ વિચાર આવે ?

કારણ એ કે એનામાં હવે જ્ઞાનયોગ પ્રગટી ગયો છે. આ જ્ઞાનયોગ એટલે શાસ્ત્રકાર મહર્ષિ કહે છે, આગમ - પ્રામાણ્યનો નિર્ધાર. સર્વજ્ઞના આગમને જ પ્રમાણ માન્યા એટલે કુતર્ક બિચારો શેં ઊભો રહી શકે ? જીવનમાં આ ખાસ કરવા જેવું છે કે કુતર્કરૂપી વિષમ ગ્રહને દૂર હટાવી દેવાય, કેમકે એ વિવિધ ગુણો માટે ખતરનાક છે.

કુતર્ક કયા ગુણોનો નાશક

किं विशिष्टोऽयमित्याह-

बोधरोगः शमाऽपायः, श्रद्धाभङ्गोऽभिमानकृत्।
कुतर्कश्चेतसो व्यक्तं, भावशत्रुरनेकधा ॥८७॥

बोधरोगस्तद्यथावस्थितोपघातभावात्। शमापायोऽसदभिनिवेशजनकत्वात्। श्रद्धाभङ्गः- आगमार्थाप्रतिपत्तेः। **अभिमानकृन्मिथ्याभिमान**-जनकत्वात्। एवं **कुतर्क** आगमनिरपेक्ष इत्यर्थः। किमित्याह **चेतसः** अन्तःकरणस्य **भावशत्रुः** परमार्थरिपुः **अनेकधा** आर्यापवादादिकारणेन॥८७॥

ટીકાર્થ : આ કુતર્ક કેવોક હોય છે, એ કહે છે,

ગાથાર્થ : (૧) બોધમાટે રોગ સમાન, (૨) ઉપશમભાવમાટે અનર્થરૂપ, (૩) શ્રદ્ધાનો ભંગ કરનારો, અને (૪) અભિમાન કરાવનારો (આ) કુતર્ક સ્પષ્ટ છે કે અંતઃકરણનો અનેક પ્રકારે ભાવ શત્રુ છે.

ટીકાર્થ : કુતર્ક એ બોધને લાગુ પડેલો રોગ છે, કેમકે (એથી) બોધની યથાર્થતાનો ઉપઘાત થાય છે. ઉપશમભાવને નુકસાનરૂપ છે, કેમકે અસદ્ અભિનિવેશ કરાવનારો છે. શ્રદ્ધાનો ભંગકારી છે, કેમકે સર્વજ્ઞભાષિત આગમના પદાર્થ સ્વીકારવા દેતો નથી. અભિમાનકારી છે, કેમકે મિથ્યા અભિમાન પેદા કરાવનારો છે. એમ કુતર્ક આગમથી નિરપેક્ષ છે. એ શું છે ? આર્યત્વની હલકાઈ વગેરે કારણે એ ચિત્ત અર્થાત્ અંતઃકરણનો અનેક પ્રકારે ભાવશત્રુ અર્થાત્ વાસ્તવમાં શત્રુ છે.

વિવેચન : ધર્મ કરનાર માણસને પણ મોહરાજા કુતર્કો કરાવી કેવો ફસાવે છે, અને કેવો ખતરનાક નીવડે છે, એ હવે બતાવે છે.

કુતર્ક જીવના ગુણિયલ અંતઃકરણપ્રત્યે વાસ્તવમાં અનેક પ્રકારે શત્રુનું કામ કરે છે, કેમકે એ ગુણોનો ઉપઘાત કરનારો-ગુણોને હાનિ પહોંચાડનારો બને છે. દા.ત.

(૧) **બોધરોગ :** કુતર્ક સમ્યગ્ બોધને માટે રોગ સમાન છે, કેમકે કુતર્ક ઊઠે એટલે સમ્યગ્ બોધનું જે આરોગ્ય-યથાવસ્થિતતા-યથાર્થતા એ હણાય છે. કુતર્ક ઊઠે ત્યાં બોધ યથાર્થ રહે નહિ. દા.ત. ''જૈનશાસ્ત્રો મુજબ નિગોદ અનંત-વનસ્પતિકાયના એકેક શરીરમાં અનંત જીવો હોય છે, એમ સમ્યગ્ યથાર્થ બોધ થયો. પરંતુ હવે જો ત્યાં મનમાં કુતર્ક ઊઠે કે, જૈનશૈલીમાં કાંઈ એવું નથી કે પૂર્વભવમાંથી નવા ભવમાં જનમ લેનાર જીવ અહીં કોઈ તૈયાર શરીરમાં આવીને પેસી જાય, જેથી કહી શકાય કે એક તૈયાર શરીરમાં અનંતા જીવો આવીને પેસી ગયા. તેથી અનંતનું એક શરીર બન્યું. કિન્તુ જૈનશૈલી મુજબ તો નવા ભવમાં આવતાં જીવ આહાર લેતો જાય છે, ને એમાંથી આત્મપ્રદેશસાથે ખીર નીરની જેમ એકમેક થતું શરીર બનતું જાય છે. તો જે અનંત જીવોને એક શરીર ધારણ કરવું છે, એ દરેક જીવ પોતાનાં આહારથી પોતાનું સ્વતંત્ર શરીર બનાવવાનો, તો અનંતા જીવોનું એક સાધારણ શરીર બની જ શી રીતે શકે ?''

આ કુતર્ક ઊઠે, પછી આગમથી નિગોદના એકેક શરીરમાં અનંતા જીવનો થયેલો બોધ હવે ડગમગ થઈ જાય. ઉક્ત કુતર્કથી મનને એમ થવાનું કે, 'એક શરીરમાં અનંતા જીવ હોઈ જ કેમ શકે ?' પત્યું શાસ્ત્રબોધ માંદો મંદ પડી જાય. એમ, કુતર્કનો બીજો દાખલો

જૈનશાસ્ત્ર કહે છે, આ સંસાર અનાદિ છે, એમ અનંત છે, કદી એનો અંત નહિ, કદી ખાલી થવાનો નહિ, એનાપર કુતર્ક કરે કે, સંસારમાંથી જીવોનું મોક્ષે જવાનું ચાલુ રહેવાનું છે. તેથી એટલા જીવ સંસારમાંથી ઓછા જ થવાના છે, ને નવા ઉત્પન્ન થવાના નથી. તો કોઈવાર તો સંસાર ખાલી થઈ જ જાય ને ? પછી સંસાર અનંત ક્યાં રહ્યો ? એનો અંત આવી જવાનો. બસ પત્યું, આ કુતર્કથી શાસ્ત્રે કરાવેલ બોધ મંદ પડી જાય. કુતર્ક એ બોધનો રોગ છે. બોધને યથાસ્થિત સમ્યક્ ન રહેવા દે. ત્યારે જીવને ભાન નથી કે તારી સ્થૂલબુદ્ધિના કુતર્ક ઉઠાવતો રહીશ, તો સમ્યગ્ બોધ ગુમાવીશ. પૂર્વના મહાપુરુષો પ્રખર વિદ્વાન છતાં કુતર્ક નહોતા ઉઠાવતા, કેમકે એ સમજતા કે શાસ્ત્રો કોના કહેલા છે ? અતીન્દ્રિય પદાર્થોને પણ પ્રત્યક્ષ જોઈ શકનાર અને ભૂત-ભવિષ્ય-અનંતકાળના પદાર્થને જોઈ શકનાર અનંતજ્ઞાનીના કહેલા છે, ત્યાં આપણે ચર્મ ચક્ષુથી જ માત્ર સ્થૂલપદાર્થને જોઈ શકનારના કુતર્ક શા કામ લાગે ? તેથી સર્વજ્ઞકથિત વચનમાં કુતર્ક નહોતા ઉઠાવતા.

(૨) **શમાપાય :-** કુતર્ક દિલના શમને શાંત-સૌમ્યભાવને અનર્થરૂપ છે, શમનો ઘાત કરનાર છે. એનું કારણ એ કે કુતર્કથી દિલમાં અભિનિવેશ ઊભો થાય છે. કુતર્ક કરનારને પોતાની બુદ્ધિ-અક્કલ ઉપર મદાર બંધાય છે, એના મનને એમ થાય છે કે મારી બુદ્ધિમાં આમ બેસે છે એ ખોટું શાનું હોય ? મને જે લાગે છે એ સાચું જ છે. એમ હઠવાદ પકડાઈ જાય છે. એ અસત્ અભિનિવેશ છે. એ આવ્યો ત્યાં દિલમાંથી શમ-શાંતતા ગઈ.

આવા હઠવાદવાળા જીવો હોંશિયાર હોય છે. દેખાવમાં ખૂબ શાંતતા દેખાડે. આવા જીવને સમજાવવા બેસો, છતાં એ ધરાર સાચું માનવા તૈયાર ન હોય. ત્યાં જો તમે સહેજ કડક થઈ બોલો, તો એ જરાય ગુસ્સો નહિ કરે, અને હસતાં હસતાં કહેશે 'જોયું ? ખોટું પકડ્યું છે ને સાબિત કરી શકતા નથી એટલે ગુસ્સો કરે છે,' પરંતુ આવી એ કુતર્કીઓની શાન્તિ દેખાવની હોય છે. વાસ્તવમાં

દિલમાં દુરાગ્રહ છે. એ અનંતજ્ઞાનીઓનાં વચનની સામે છે, સત્‌તત્ત્વના વિરોધમાં છે. હૈયામાં અનંતજ્ઞાનીઓનો સામનો અને સત્‌ તત્ત્વનો વિરોધ હોય, એ શું શાંતતા છે ? શમ-ઉપશમભાવ છે ?

ના, ઠંડો પણ ભારે અ-સૌમ્યભાવ છે. શાંતતા-શમભાવ-સૌમ્યતા તો અનંતજ્ઞાની શાસ્ત્રોએ કહેલું સર્વેસર્વા સત્ય માની એના આધારે ચાલતા હોય, એમને હોય. કુતર્ક લડાવનારને નહિ.

તો શું તર્ક ઉઠાવવો જ નહિ ? ઉઠાવી શકાય પણ સત્‌તર્ક ઉઠાવાય. બાકી તો **આનંદઘનજી** મહારાજે કહ્યું તેમ **'તર્કવિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે કોય'** કેમ આમ કહ્યું ? કહો એ સમજીને કહ્યું કે, જગતમાં કુતર્ક ઘણા, એનો અંત જ ન આવે.

(૩) **શ્રદ્ધાભંગ** : કુતર્કથી શાસ્ત્રશ્રદ્ધાનો ભંગ થાય. કારણ સ્પષ્ટ છે, આગમશાસ્ત્ર અતીન્દ્રિયાર્થદર્શીનાં લખેલા છે, અતીન્દ્રિય પદાર્થ પોતાની ચર્મચક્ષુએ દેખાય નહિ, તેથી 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ' કરીને અંતે શ્રદ્ધાગમ્ય જ રાખવા જોઈએ. કુતર્કવાળો એને બુદ્ધિગમ્ય કરવાની પંચાતમાં પડે છે. બુદ્ધિગમ્ય થતું નથી એટલે એની સામે કુતર્ક લડાવે છે, ને એમ શ્રદ્ધાનો ભંગ કરે છે, શાસ્ત્રવચનપર એને શ્રદ્ધા રહેતી નથી. પરિણામ ? કુતર્કથી તત્ત્વ અને તત્ત્વદેશક શાસ્ત્ર, ગુરુ અને દેવાધિદેવ ઉપરની શ્રદ્ધાથી તે ભ્રષ્ટ થાય છે. આ સૂચવે છે કે

શ્રદ્ધા વિનાનું શાસ્ત્રપઠન જોખમી

જ્યાં સુધી શાસ્ત્રપર સર્વજ્ઞવચનપર સર્વેસર્વા શ્રદ્ધા ન થાય, ત્યાં સુધી શાસ્ત્રો ભણો તો ય ખરો લાભ થાય નહિ, કેમકે શ્રદ્ધા નથી ને શાસ્ત્ર ભણતાં એમાં કોઈ આચાર યા તત્ત્વની વાત આવી કે જે બુદ્ધિમાં બેસતી નથી, તો ત્યાં કુતર્ક ઉઠીને શાસ્ત્રપર વિશેષ અરુચિ કરાવશે. ત્યારે જો પહેલી શ્રદ્ધા ઊભી કરીને ભણશે, તો બુદ્ધિમાં નહિ બેસતી વાત અંગે મનને સમાધાન કરી દેશે કે 'મારી બુદ્ધિ કેટલી ? અનંત જ્ઞાનીનું આ કહેલું અસત્ય હોય નહિ'. તો શ્રદ્ધા નથી તો જ્યાં જૈનશાસ્ત્ર ભણવા છતાં જોખમ છે, પછી બહારના તર્કશાસ્ત્ર ભણવામાં કેટલું મોટું જોખમ ? અરે ! એટલું જ નહિ, પણ આધુનિક નિબંધો, કથાઓ, ચોપડીઓ, છાપાં, ચોપાનિયાં વગેરે વાંચવામાં ય મહાજોખમ છે. કેમકે એ બધા ધર્મના આચાર અને તત્ત્વોની સામે કુતર્ક પૂરા પાડવા સંભવ છે. ત્યાં મૂળમાં સર્વજ્ઞવચનપર સર્વેસર્વા શ્રદ્ધા જો નથી, તો પછી આ કુતર્ક દિલમાં જડ ઘાલી જશે અને રહી સહી ધર્મશ્રદ્ધા, પ્રભુપર આસ્થા તથા ગુરુપર બહુમાન મોળા પાડી દેશે. માટે એનાથી દૂર જ રહેવું. ત્યારે પૂછો, -

પ્ર. - ભલે શ્રદ્ધા ન હોય, છતાં પણ શાસ્ત્રો ભણે, આધુનિક લેખકોના નિબંધ-પુસ્તક-છાપાં વગેરે વાંચે, એમાંથી સારું મળે તો ખરુ ને ?

ઉ. - ના, શાસ્ત્રમાંથી સારું લેવા જતાં બીજી બે વાત એવી મળે કે, જે બુદ્ધિમાં નહિ બેસે, એવી હશે, ત્યાં મૂળમાં શ્રદ્ધા નથી એટલે કુતર્ક થઈને શાસ્ત્ર-શાસ્ત્રકાર પર અશ્રદ્ધા થશે.

હા, શાસ્ત્ર ગુરુગમથી ભણે, તો ગુરુ શ્રદ્ધા ઉત્પન્ન થાય, શ્રદ્ધા પુષ્ટ થાય, એ રીતે ભણાવશે, ને સર્વજ્ઞવચનપર શ્રદ્ધા ઊભી થઈ પછી શાસ્ત્રમાં પોતાની બુદ્ધિને ન બેસતી વાત આવશે, તો કુતર્ક ન લડાવતાં પવિત્ર શ્રદ્ધાથી એ માન્ય કરી લેશે. બાકી શાસ્ત્રપર શ્રદ્ધા ન હોય, એણે આધુનિક લેખકોનું વાંચવું જોખમી છે, કેમકે આજના લેખકોમાં એવા હોય છે કે જે શાસ્ત્ર પૂરા ભણ્યા નથી હોતા, ભણેલા શાસ્ત્રો પણ પોતાની અલ્પ-બુદ્ધિએ લગાડ્યા હોય છે, પી.એચ.ડી.નું પૂછડું મેળવવા ભણ્યા હોય... એમાં પછી કુતર્કોથી પીડાતા હોય છે. એ પોતાની મતિકલ્પનાનું કહે,

અને શાસ્ત્રનું લખે, તો ય ક્યાંની વાત ક્યાં લગાડી દે, અથવા શાસ્ત્રના પદાર્થ ધરાર ઊડી જાય એવી રીતે એના પરમાર્થ કાઢે, અથવા ઉપલી કક્ષાની દેશના નીચેની કક્ષાવાળાને આપે. દા.ત.

(૧) હજી બે પ્રતિક્રમણનાં સૂત્રો ન આવડતા હોય, તેથી એ ગોખાવાના હોય, ત્યાં કહે 'એકલી ગોખણપટ્ટી નકામી, અર્થ સમજવા જોઇએ, અર્થની કિંમતી છે પોપટપાઠની નહિ' અથવા. (૨) હજી ધર્મના આચાર અનુષ્ઠાનની પુષ્કળતા નથી, અતિઅલ્પતા છે, ને સંસારની પ્રવૃત્તિઓ ભરચક છે, પૈસા અને રંગરાગની લગન છે, ધર્મક્રિયા અને જ્ઞાનની લગન જ નથી, ત્યાં કહેવું કે 'ક્રિયા તો વ્યવહાર છે, અંતરના ભાવ એ નિશ્ચય છે, નિશ્ચયથી ભવસાગર તરાય, વ્યવહારથી નહિ'. અથવા (૩) જે ભોગમાં લંપટ અને ડૂબેલા છે એને કહેવું કે 'ભલે તમે ભોગ ભોગવતા હો, પરંતુ તમને સુખ ભૂંડા લાગે, તમારા દિલમાં ભોગપ્રત્યે હેયભાવ જાગ્રત હોય, તો તમે ત્યાં એકાન્તે કર્મની નિર્જરા કરનારા છો', આ બધા પ્રતિપાદન શું પરિણામ લાવે ? (૧) સૂત્રો ગોખવા પર દુર્લક્ષ ઊભું કરે. સૂત્રપરની શ્રદ્ધા ઉડાડી દે. (૨) મહાવીર પ્રભુથી ચાલી આવતા પવિત્ર ક્રિયામાર્ગ અને આચારમાર્ગપર રુચિ જ નહિ થવા દે. (૩) મનથી મનાવશે કે 'મને સુખ ભૂંડું લાગે છે, હું ભોગ ને હેય માનું છું.' પછી ભોગલંપટતા જિંદગી સુધી નહિ છોડે, કદાચ દુરાચારે ય સેવી લેશે, ને મનાવશે કે આને હું હેય માનું છું. શ્રદ્ધા ન હોય અને એવાં એવાં વાંચન શ્રવણ કરે, એ કુતર્કમાં ફસાય. એટલા જ માટે શાસ્ત્રે પરસ્થાન-દેશનાને પાપદેશના કહી, કેમકે ઊંચી કક્ષાવાળાને યોગ્ય દેશના નીચેની કક્ષાવાળાને અપાય, દા.ત. ધર્મના ખૂબ આચારો અને ખૂબ ક્રિયાઓમાં રક્ત હોય, એને આંતરિક તેવી તેવી પરિણતિ જગાવવાનો અને તેમાટે આંતરિક પરિણતિનું મહત્ત્વ સમજાવતો ઉપદેશ આપવો યોગ્ય છે, પરંતુ જેનામાં હજી વિપુલ આચાર નથી. વિપુલ ધર્મક્રિયાઓ નથી, એની આગળ આંતરિકપરિણતિનું મહત્ત્વ સમજાવવા કહે, 'એ જ તારણહાર છે, બાકી એ વિનાની બાહ્ય ક્રિયાઓ સંસારવર્ધક છે' તો એ પરસ્થાનદેશના થઈ, ને એથી એ નીચેની કક્ષાવાળા જીવ સાંભળીને શું લઈ જશે ? ક્રિયા-આચારની બેપરવાઈ. આ પાપ લીધું, ધર્મ નહિ. એમ ભોગના ભમરાઓ આગળ તીર્થંકર ભગવાનના સમ્યગ્દર્શનનું એવું વર્ણન કરે કે 'ભગવાન સમ્યગ્દર્શનના પ્રભાવે ભોગ ભોગવતા છતાં, અંતરથી એમાં અલિપ્ત હતા. તેથી એ પાપ બાંધતા નહોતા. માટે સમજો કે ભોગ ભયંકર નથી, ભોગમાં આસક્તિ ભયંકર છે. 'ભોગ ભૂંડા ન લાગે એ ભયંકર છે,' તો આ પરસ્થાન દેશના થઈ. સાંભળીને ભોગલંપટ જીવો શું લઈ જવાના ? આ જ કે ભોગ ભલે ચાલે, એમાં આસક્ત નહિ થવું-અલિપ્ત રહેવું. આ શું લીધું ? 'ભોગ વાંધાજનક નહીં' એવું પાપ લીધું, ધર્મ નહિ.

મૂળમાં લેખકને કે વક્તાને મૂળમાં શ્રદ્ધા નથી એટલે આવા કુતર્કો ઉઠાવે છે, ને શ્રદ્ધા વિનાના ભોળા વાંચક-શ્રોતાઓ એથી પોતાના મગજમાં કુતર્ક ભરે છે.

(૪) **અભિમાન કૃત્** : કુતર્ક એ અભિમાન કરાવનારું છે, આત્મામાં મિથ્યાગર્વ પેદા કરે છે. જિનવચનને વરેલા હોય, એ તો શાસ્ત્રની વાતોને સરળ હૃદયે સ્વીકારી લેશે. પરંતુ જ્યારે પોતાની બુદ્ધિનું, પોતાની તર્કશક્તિનું અહંત્વ આવે છે, ત્યારે એ આગમની વાતોમાં કુતર્ક ઉઠાવે છે, અથવા કહો જ્યારે કુતર્ક ઉઠે છે, ને એને સ્થાપવા મથે છે, ત્યારે અભિમાન ઉઠે છે. **જમાલી**એ જ્યાં સુધી કુતર્ક ન હોતો કર્યો, ત્યાં સુધી એ **મહાવીર ભગવાન** પ્રત્યે નમ્ર હતો, પરંતુ જ્યાં કુતર્ક ઊઠાવ્યો

કે 'શિષ્યે જ્યાં સુધી સંથારો પૂરો પાથર્યો નથી, ત્યાં સુધી એ શાનો કહે છે કે સંથારો થયો ? એમ કહેવાય જ નહિ.'

આ કુતર્કમાંથી એને પોતાના નવા સિદ્ધાન્તની સ્થાપના કરવામાં અભિમાન ઊઠ્યું, કે 'મારી આંખે પ્રત્યક્ષ દેખાય છે, કે સંથારો પૂરો થયો નથી, પછી થયો કેમ કહેવાય ? શિષ્યો કહે 'ભગવાન કહે છે કે 'કાર્ય થતું હોય ત્યારે પણ થયું કહેવાય,' પરંતુ ત્યાં જમાલિને એ ન સૂઝ્યું, કે ભગવાનની કેવળજ્ઞાનની આંખે દેખાય એ બધું જ સાચું; ત્યારે આપણને ચામડાની આંખે દેખાય એ બધું જ સાચું ન હોય. આવું કેમ ન સૂઝ્યું ? મિથ્યા અભિમાન હતું, માટે ન સૂઝ્યું. એ અભિમાન કુતર્કમાંથી જન્મ્યું હતું.

પ્ર. - આ અભિમાન મિથ્યા, તો શું **સમ્યક્ અભિમાન હોય છે ?**

ઉ. - **હા, આ અભિમાન એટલે ખુમારી, ગૌરવ.** સમ્યક્ત્વનું અભિમાન, ધર્મનું અભિમાન, એમ અહિંસા-સંયમ-બ્રહ્મચર્ય વગેરેનું અભિમાન સમ્યગ્ હોય. પ્રશસ્ત હોય. એટલે કે મનને એની ખુમારી. એ એવી હોય કે દા.ત. મનને એમ થાય કે દુન્યવી ગમે તેવી લાલચ સામે આવે, પરંતુ મારું સમ્યક્ત્વ-મારું બ્રહ્મચર્ય અખંડ જ રહેવાનું. તૂટવા નહીં દઉં. ૧૯માં મલ્લિનાથ ભગવાન દીક્ષાપૂર્વે કુમારીઅવસ્થામાં હતા, ત્યારે એમને દેવતાઈ કુંડલજોડી ભેટ કરનાર **અર્હન્નક** શ્રાવકને એ જોડી ક્યાંથી મળી ? તો કે ઈન્દ્રે એના સમ્યક્ત્વની નિશ્ચલતાના દેવસભામાં વખાણ કર્યા. એક મિથ્યાદૃષ્ટિ દેવતાને એ સહન ન થવાથી અર્હન્નકને સમ્યક્ત્વથી ચલાયમાન કરવા આવ્યો, અને માલ ભરેલા વહાણમાં જઈ રહેલા અર્હન્નક શ્રાવકને એણે ભયંકર ઉપદ્રવો કર્યા, તે ત્યાં સુધી કે એનું વહાણ દરિયાપરથી આકાશમાં સાત તાડ જેટલું ઊંચે લઈ ગયો અને હવે નીચે પટકવાની તૈયારીમાં છે. શ્રાવકને કહે છે ''મૂકી દે તારું જૈનધર્મનું પકડેલું પૂછડું નહિતર વહાણ પટકું છું દરિયામાં'' પરંતુ શ્રાવક વિચારે છે, 'મારે તો નિર્ગ્રન્થપ્રવચનરૂપી જૈનધર્મ એ જ સારભૂત છે. ઈષ્ટ છે, બાકી બધું અનિષ્ટ-અનર્થરૂપ છે. તો બીજું બધું જ જાઓ, મારું સમ્યક્ત્વ ન જાઓ !' ત્યાં દેવતા એની દૃઢતા પર તુષ્ટ થઈ એને દેવતાઈ હીરાનાં કુંડલની જોડી ભેટ આપે છે.

જંબૂકુમારને બ્રહ્મચર્યનું ભારે ગૌરવ હતું, તો આઠ આઠ નવોઢા રૂપસુંદરીઓ એમને એમાંથી ચલિત કરી શકી નહિ. એમ **સુદર્શનશેઠને** બ્રહ્મચર્યથી ચલિત કરવા **અભયારાણીએ** પહેલા ગમે તેટલા હાવભાવ અને પછી ભય દેખાડવા છતાં એ સફલ ન થઈ, કેમકે શેઠને બ્રહ્મચર્યનું ગૌરવ હતું. ''મારી કાયા જાઓ, કિન્તુ મારું બ્રહ્મચર્ય ન જાઓ.'' બ્રહ્મચર્યનું આ ગૌરવ અભિમાન સમ્યક્ કહેવાય.

ઝાંઝરિયા મુનિને એક મોટી રૂપાળી શ્રીમંત શેઠાણીએ સંયમથી ભ્રષ્ટ કરી પોતાના પતિ બનાવવા ઘણા વાનાં કર્યા, કેમકે એનો પતિ પરદેશ ગયેલો તેનો પત્તા નહોતો. ત્યાં મુનિ શેઠાણીને કહે છે,

'મન-વચન-કાયાએ કરીને
લીધું વ્રત નવિ ખંડું,
ધ્રુવ તણી પરે અવિચલ પાળું
અમ ઘરવાસ ન મંડુ''

શું છે આ ? સંયમનું મહાગૌરવ, સમ્યક્ અભિમાન.

એક **મુનિની** પરીક્ષા કરવા દેવતાએ એમના વિહાર રસ્તામાં દેડકીઓ વિકૂર્વી. એક પણ દેડકી ન ચગદાય એપર ધ્યાન રાખીને મુનિ બહુ ધીમે ધીમે ડગ માંડે છે. એમાં દેવે સામેથી દોડતો આવતો હાથી દેખાડ્યો. મુનિ જરાય ગભરાયા વિના

પોતાના સંયમ, પોતાની અહિંસા, અને પોતાના ઈર્યાસમિતિ-આચારમાટે ગૌરવ અને મમતા ધરે છે, 'શરીર કચરાવાના ભયથી શું હું મારું સંયમ ચૂકું?' શું છે આ ? સંયમનું સમ્યક્ અભિમાન. સદ્ગુણ-સુકૃત-સાધના-સમ્યક્ તત્ત્વનાં એ પ્રશસ્ત અભિમાન તો સારાં, કેમકે એ સદ્ગુણાદિની પકડ રખાવે. પરંતુ કુતર્કજનિત નિજબુદ્ધિનાં અભિમાન ખોટાં, કેમકે એ મિથ્યાતત્ત્વ, મિથ્યા-માર્ગ, કે આપમતિ વગેરેની પકડ ન મૂકવા દે.

આ બોધમાં રોગ, શમને ધક્કો, શ્રદ્ધાનો ભંગ તથા મિથ્યા અભિમાન કરાવનાર કોણ ? તો કે કુતર્ક. 'કુતર્ક' એટલે જ્યાં સમ્યક્ જ્ઞાનયોગ નહિ, અર્થાત્ વીતરાગના આગમની પ્રમાણભૂતતા માન્ય નહિ, એવા વિચાર અધ્યવસાય એ કુતર્ક. એના એ બોધરોગકારકતા વગેરે કેવાં ભયંકર પરિણામ! માટે એ કુતર્ક અંતઃકરણનો ભાવશત્રુ છે, વાસ્તવિક શત્રુ છે, દુનિયાના દુશ્મન અથવા શરીરહાનિકર આહાર વિહારાદિ એ દ્રવ્યશત્રુ, અંતકરણને બગાડે એવો નિયમ નહિ, કિન્તુ કુતર્ક એ ભાવશત્રુ. દ્રવ્યશત્રુ ભવોભવ ન રખડાવે, પરંતુ ભાવશત્રુ ભવોભવ ભટકાવે, ને અનેકાનેક અપાયો-અનર્થો સરજે ! કેમકે એ અંતઃકરણના ભાવ બગાડે. કુતર્કમાં આગમનિરપેક્ષ-સ્વચ્છંદ વિચારણા છે. તેથી ચિત્તની વિશુદ્ધિ ન રહી શકે.

મુક્તિવાદી માટે કુતર્કાગ્રહત્યાગ આવશ્યક

યતશ્ચૈવમતઃ કિમિત્યાહ-

કુતર્કેઽભિનિવેશસ્તન્ન, યુક્તો મુક્તિવાદિનામ્ ।
યુક્તઃ પુનઃ શ્રુતે શીલે, સમાધૌ ચ મહાત્મનામ્ ॥૮૮॥

કુતર્કે-ઉક્તલક્ષણેઽભિનિવેશસ્તથાતદ્ગ્રહરૂપઃ। કિમિત્યાહ **ન યુક્તઃ** કેષામિત્યાહ **મુક્તિવાદિનાં** સંન્યાસિનામિત્યર્થઃ। **યુક્તઃ પુનઃ શ્રુતે**-આગમે **શીલે**-પરદ્રોહવિરતિલક્ષણે **સમાધૌ ચ**-ધ્યાનફલભૂતે મહાત્મનાં મુક્તિવાદિનામભિનિવેશો યુક્ત ઇતિ ॥૮૮॥

ટીકાર્થ : જો એમ છે તો તેથી શું ? તે કહે છે.

ગાથાર્થ : મુક્તિવાદીઓને કુતર્કમાં કદાગ્રહ યોગ્ય નથી. પરંતુ મહાત્માઓનો શ્રુત-શીલ અને સમાધિ સંબંધમાં આગ્રહ યોગ્ય છે.

ટીકાર્થ : ઉક્ત સ્વરૂપવાળા કુતર્કને વિષે તેવા પ્રકારના ગ્રહસ્વરૂપ હઠાગ્રહ (રાખવો) યોગ્ય નથી. કોણે ? તો કે મુક્તિવાદીઓએ અર્થાત્ સંન્યાસીઓએ. (હા,) તો પણ યોગ્ય છે મહાત્માઓએ શ્રુતપર યાને આગમપર, શીલપર યાને પરદ્રોહત્યાગપર, અને ધ્યાનના કાર્યરૂપ સમાધિપર આગ્રહ રાખવો એ.

વિવેચન : પૂર્વ ગાથામાં કુતર્કનો દુરાગ્રહ અનેક પ્રકારે અનર્થો લાવનાર હોવાનું બતાવ્યું. તો હવે શું કરવું ? એ બતાવતા કહે છે કે,

સંસારથી સંન્યાસ (ત્યાગ) લીધેલા મહાત્માઓએ કુતર્કપર આગ્રહ રાખવો યુક્તિયુક્ત નથી.

પ્ર. - અહીં કુતર્ક રાખવો યોગ્ય નથી, એમ કેમ ન કહ્યું ? ને કુતર્કનો આગ્રહ રાખવો યોગ્ય નથી એમ કેમ કહ્યું ?

ઉ. - કુતર્કનો ત્યાગ કરવામાટે સર્વજ્ઞનાં આગમને સર્વેસર્વા પ્રમાણભૂત માનવા જોઈએ, ને તે પાંચમી સ્થિરા નામની યોગદૃષ્ટિમાં વેદ્યસંવેદ્યપદ દ્વારા સમ્યગ્દર્શન આવ્યેથી જ આવે. ત્યારે હજી અહીં તો ચોથી 'દીપ્રા' દૃષ્ટિની વાત ચાલે છે. એમાં હજી વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત નહિ હોવાથી મિથ્યાત્વ અવસ્થા છે. એટલે એમાં 'માત્ર સર્વજ્ઞ-આગમ જ પ્રમાણભૂત' એવો નિર્ધાર નહિ હોવાથી કુતર્ક ઊભો છે, કુતર્કનો ત્યાગ નથી. છતાં અહીં ૪થી દૃષ્ટિમાં મિથ્યાત્વ બહુ મંદ પડી ગયું હોવાથી કુતર્ક ઊભો હોવા છતાં કુતર્કનો આગ્રહ નથી.

તેથી જ ચોથી દૃષ્ટિમાં આવેલા જેઓ સંસાર દારૂણ સમજાઇ ગયો હોવાથી એનો ત્યાગ કરી

સંન્યાસ લે છે, ને સક્રિય મુક્તિવાદી બને છે; એમણે કુતર્કનો આગ્રહ રાખવો યોગ્ય નથી. ભલે સર્વજ્ઞઆગમ મલ્યા નથી, તેથી મિથ્યાઆગમનો કુતર્ક જેવો બોધ મળ્યો છે, છતાં એનો અભિનિવેશ -દુરાગ્રહ- રાખીશ નહિ. શાસ્ત્રકાર સાવધાન કરે છે, કે જ્યારે તેં સમસ્ત સંસારમાયા છોડી સંન્યાસ લીધો છે, તો હવે કુતર્કમાં અટકી ના જઈશ; એ એમ સમજીને કે આ કુતર્ક એ ચિત્તનો ભાવશત્રુ છે. એ ચિત્તમાં અનેકરીતે અનર્થો ઊભા કરનારો છે. એનો આગ્રહ પકડાતાં ચિત્તમાંથી તારું બધું સારું રદબાતલ થઇ જશે.

મહાનિશીથ આગમમાં આવે છે, આર્યા **રજજુકા સાધ્વી**ને શરીરે વિસ્ફોટક નીકળ્યો, શરીર બળુ બળુ થાય છે. એ વેદનામાં એના મનને કુતર્ક પકડાઈ ગયો, કે આ ગરમ (યાને ઉકાળેલું) પાણી પીવાથી ગરમી ફૂટી નીકળી. ભગવાને અચિત્ત પાણી પીવાનું કહ્યું, એ બરાબર ન કહ્યું. આ કુતર્કનો એણે અભિનિવેશ-દુરાગ્રહ એવો રાખ્યો, કે સાધ્વીઓએ વીતરાગ સર્વજ્ઞ ભગવાનને જૂઠ બોલવાનું કારણ ન હોય એમ કહીને કુતર્ક મૂકી દેવા સમજાવી, તો ય ન સમજી. ને પછી કેવળજ્ઞાની પધાર્યા, એમના ય સમજાવવા છતાં ન સમજી. ને દુર્ગતિઓના પલ્લે પડી ગઈ. કુતર્કના આગ્રહે બધો ધર્મ યાવત્ કેવળજ્ઞાનીનો સંયોગ પણ નિષ્ફળ બનાવ્યો. તેથી સમજાય એવું છે, કે જેને કુતર્કની પકડ, હોય એ જો એનો ઉપદેશ કરે તો સામાની શ્રદ્ધા વગેરેનું કેવું ઊઠમણું કરી નાખે ? માટે **અધુરા જ્ઞાને ઉપદેશક ન બની બેસવું, તેમ જેનું તેનું સાંભળવું પણ નહિ.** દા.ત. શાસ્ત્ર કહે છે કે ભવનિર્વેદ માંગનારા મોક્ષાર્થી જીવને રોટલાના સાંસા પડ્યા, ને મન મુંઝાય છે, તો એ કાંઈ જેની તેની આગળ ભીખ માંગવા ન જાય, પણ ભગવાનની આગળ મુંઝવણ ટાળનારી ઈષ્ટફલ-સિદ્ધિ અર્થાત્ ઐહિકજરૂરિયાતના પદાર્થની નિષ્પત્તિ માંગે, એવા શાસ્ત્રકાર મહર્ષિઓનાં વચન છે, એનાપર શ્રદ્ધાવાળા જીવ આગળ કુતર્કવાળા એમ ઉપદેશ કરે કે, ભગવાન આગળ સંસારની કોઈ વસ્તુ માંગાય જ નહિ. તો તે ઉપદેશ પેલા **જયવીયરાય** વગેરે સૂત્ર અને શાસ્ત્રપર શ્રદ્ધાવાળાની શ્રદ્ધાનું ઊઠમણું જ કરનારા બને ને ? માટે કુતર્કનો અભિનિવેશ નહિ રાખવો.

તો પછી શેનો આગ્રહ રાખવો ? તો કહે છે સંન્યાસ લેનાર મહાન આત્માઓએ શ્રુત, શીલ અને સમાધિનો જ આગ્રહ રાખવો જોઈએ.

આમાં શ્રુત એટલે આગમ. શીલ એટલે પરદ્રોહથી વિરમણ. સમાધિ એટલે ધ્યાન સિદ્ધ થયા પછી પ્રગટતી લયઅવસ્થા. કેવી મહા કલ્યાણકર સુંદર અવસ્થાઓ ? વાત પણ સાચી. અભિનિવેશની પકડ રાખવી તો દુર્ગુણોની-મિથ્યામાર્ગની અને અસદ્ આચારોની શી પકડ રાખવી ? એ તો નરાધમો ઘણીય રાખે છે, ધર્મથી નરોત્તમ બનેલામાં ઉત્તમતા શી આવી ? બાજુમાં ભૂખ્યો રીબાતો મનુષ્ય કે સાધર્મિક હોય, એને આપવાની વાત નહિ, ને પોતાને મળેલું પોતે ખાય એનામાં શી ઉત્તમતા આવી ? **ઉત્તમતા જાતે ખાવાથી નહિ, પણ બીજાને ખવરાવવાથી આવે છે.** પરંતુ સ્વાર્થ માયાની જ પકડ હોય એને એ કાંઇ સૂઝે નહિ.

શ્રુતનો સદ્ અભિનિવેશ રાખો

ચોથી દૃષ્ટિમાં આવેલો આત્મા કેટલી બધી ઉચ્ચતા પામ્યો ગણાય ?

એને તો અસદ્ અભિનિવેશ હોય નહિ, તો પછી સદ્ અભિનિવેશ હોય ? હા, હોય, પરંતુ એ શેનો ? તો કે શ્રુત-શીલ-સમાધિનો. એનો અભિનિવેશ એટલે કે આગ્રહ રખાય ? હા, એ રાખો, તો જ એના પ્રતિપક્ષીનું આત્મા પર કાંઇ

ઉપજે નહિ. દા.ત. શ્રુત યાને આગમનો, વીતરાગ-વચનનો જિનાજ્ઞાનો પાકો આગ્રહ હોય, તો જિનાગમથી વિરુદ્ધ ગમે તે કુતર્કનું વચન આવે, યા ગમે તેવી લોભામણી વસ્તુ કે બાબત આવે તો પણ મન અહીં જિનવચનમાં અતિ મમત્વથી-આગ્રહથી પકડાયેલું હોવાથી એ કુતર્કાદિમાં જાય નહિ. જો જિનાગમનો આગ્રહ અભિનિવેશ છે કે 'મારે તો આ જ તારણહાર, આ જ સર્વેસર્વા સાર તો એ જિનાગમપર ભારે બહુમાન થાય. જિનાગમ કહેનારાપર ભારે બહુમાન થાય. અને વાતવાતમાં જિનાગમ આગળ કરે કે 'જિનાગમ (શાસ્ત્ર) આ કહે છે...'

પ્ર. - શાસ્ત્રને આગળ કરવાથી શો લાભ ?

ઉ. - **शास्त्रे पुरस्कृते तस्मिन् वीतरागः पुरस्कृतः ।**

શાસ્ત્રને આગળ કરવાથી પોતાના જીવનમાં વીતરાગ પ્રભુને આગળ કરવાનો લાભ મોટો એટલે કે પ્રભુની પ્રત્યે નિશ્રિત જીવન બનાવવાનો મોટો લાભ મળે. મોટાપ્રત્યે આપણું જીવન નિશ્રિત હોય, એટલે કે મોટાની નિશ્રાવાળુ હોય, **મોટાપર આધારિત જીવન હોય, એ એક મહાન સદ્‌ગુણ છે, એનાથી ઉચ્છૃંખલ જીવનથી બચી જવાય.** વાતવાતમાં 'મારા ભગવાને આ કરવાનું કહ્યું છે માટે એ કરવું જોઈએ, આ ટાળવાનું કહ્યું છે, માટે એ મારાથી ન કરાય' એમ ભગવાનની નિશ્રા સ્વીકાર્યાથી આપણે આપણા જીવનની દોરી પ્રભુના હાથમાં મૂકી દીધી. પછી આપણી ચિંતા આપણે ન કરવી પડે, ભગવાન જ કરી લે.

પ્ર. - શું વીતરાગ ભગવાન જીવોની ચિંતા કરે ખરા ? કરે તો કઈ રીતે ?

ઉ. - વીતરાગ ચિંતા કરે તે આ રીતે કહેવાય કે આપણે વીતરાગ ભગવાનની નિશ્રાનો આપણા અંતરમાં શુભ અધ્યવસાય ઊભો કર્યો. એમાં આપણે અંતરમાં વીતરાગભગવાન વસાવ્યા, હવે એ વીતરાગનો શુભ અધ્યવસાય જ આપણા કામ સિદ્ધ કરી આપનારા છે, તેથી વીતરાગના અધ્યવસાયે કર્યું, એ વીતરાગે કર્યું એમ કહેવાય. શેઠની ચિટ્ઠિથી કામ થયું, એ શેઠથી જ થયું કહેવાય છે. બેકાર માણસ હોય, કોઈ કમાઈ ન હોય, ને કોઈ શેઠ પરદેશ સારા શહેરમાં કોઈ વેપારીપર ચિટ્ઠિ લખી આપે. એ લઈને જાય, ને ત્યાં વેપારી ચિટ્ઠિ વાંચી એને મોટા પગારથી નોકરી રાખી લે, પેલો બરાબર નોકરી બજાવે ને મહિને એને ન ધાર્યો મોટો પગાર મળે, ત્યારે શું માને છે ? બીજાને પણ શું કહે છે ? આ જ કે 'રુડા પ્રતાપ મારા ગામના શેઠના, તો આ સારી કમાઈ કરી રહ્યો છું,' બસ, એ પ્રમાણે વીતરાગની ઉપાસનાથી સારું ફળ આવ્યું, એ પ્રતાપ વીતરાગનો માનવાનો, વાતવાતમાં એ પ્રભુને ને એમના શાસ્ત્રને આગળ કરવાના.

શાસ્ત્રે કહ્યા મુજબનાં જીવન, અને આપણા અજ્ઞાનતાભર્યા જીવન, બે વચ્ચે એટલો બધો ફરક દેખાય, કે મનને શાસ્ત્રનો અપરંપાર ઉપકાર યાદ આવે, બહુ યાદ આવે, અને શાસ્ત્રનો ઉપકાર એટલે શાસ્ત્રના કહેનાર વીતરાગ ભગવાનનો ઉપકાર બહુ યાદ આવ્યા કરે. ત્યારે **ષોડશક શાસ્ત્રે** આ જ કહ્યું કે **વીતરાગનું જબરદસ્ત કોટિનું ધ્યાન કર્યું ? તો કે વીતરાગનાં વચનનું ધ્યાન.** અર્થાત્ વીતરાગનાં વચનરૂપી આગમ શાસ્ત્રને-શાસ્ત્રોક્ત પદાર્થને મનમાં બહુ મમરાવો, કહ્યું છે, -

''तस्मिन् हृदयस्थे सति
हृदयस्थः तत्त्वतो मुनीन्द्र इति ।''

અર્થાત્ દિલમાં જો આગમવચન છે, તો પરમાર્થથી જિનેન્દ્રભગવાન જ દિલમાં છે. માટે અહીં કહ્યું -

મહાત્માઓને શ્રુતનો અભિનિવેશ હોય, એવો પ્રશસ્ત આગ્રહ હોય, કે ત્યાં કુતર્ક, મિથ્યામતિ,

આપમતિના અસદ્‌અભિનિવેશ ઊભા જ ન રહે.

બીજો સદ્‌ અભિનિવેશ શીલનો.

ટીકાકારે અહીં શીલનો અર્થ લખ્યો 'પરદ્રોહ વિરતિ'. પૂછો, -

પ્ર. - અહીં 'શીલ એટલે 'બ્રહ્મચર્ય-સદાચાર' ન લેતાં 'પરદ્રોહવિરતિ' કેમ લીધી ?

ઉ. - અહીં કુતર્ક ટાળવાનું પ્રસ્તુત છે, એ માટે જેમ શ્રુતનો યાને સર્વજ્ઞવચનનો અભિનિવેશ જરૂરી છે, એમ એ અભિનિવેશ આવ્યા પછી બીજાનો દ્રોહ ન કરવાનું જરૂરી છે. અત્યાર સુધી આ શ્રુત-જિનાગમ ન હોતા મળ્યા, ત્યાં સુધી અજ્ઞાનતાવશ પોતાની જેમ કુટુંબ કબીલા વગેરે ને ય એના આત્માના અહિતના રવાડે ચડાવી દેતા હતા, અને એમાં આપણા ભરોસે રહેલ એમનો વિશ્વાસઘાત થતો. પણ હવે આપણને જિનાગમ-વાણી મળી, તો પૂર્વની જેમ એમને અહિતના રવાડે ચડાવવાનું કેમ કરાય ? એમાં તો પરદ્રોહ થાય, પરનો વિશ્વાસઘાત થાય. એટલે હવે તો એમને વાત્સલ્યભાવે હિતશિક્ષા આપી અહિતના ત્યાગ અને હિતના આદરના માર્ગે ચડાવવા જોઈએ.

એવી જ ફરજ મુક્તિવાદી સંન્યાસીની ય છે. એના સંપર્કમાં લોકો આવે છે, એ ભરોસે આવે છે, કે આ અમને કલ્યાણનો રસ્તો બતાવશે. હવે જો એને સમ્યક્‌ શાસ્ત્ર નથી મળ્યા, એટલે એ અજ્ઞાનતાથી હિતનાં નામે અહિતનું બતાવે. તો એ પણ પરદ્રોહ કરનારો થાય. ત્યારે જો એને શ્રુત-જિનાગમ મળી ગયા છે, અને એનો એને અભિનિવેશ-ગાઢ મમત્વ લાગી ગયું છે, તો સાથે આ પણ આગ્રહ હોય, કે હવે પણ સામાને જરી પુરાણી અજ્ઞાનતાના ઘરની અહિતની વાતો બતાવતો જ રહી એમનો દ્રોહ કરવાનું ન જ રાખું. હવે તો જિનાગમની જ - હિતની વાતો કરવાનું રાખી એમનો દ્રોહ ન જ થાય એવું કરું. જેવો શાસ્ત્રનો આગ્રહ, એવો શાસ્ત્રાનુસારે હિતની જ વાતો કરી, પરદ્રોહ ટાળવાનો આગ્રહ. **મહાવીર ભગવાન**નો જીવ **મરીચિ** સાધુતાથી પતિત થઈ સંન્યાસી થયેલા, છતાં એમણે આ પરદ્રોહત્યાગનો બીજો અભિનિવેશ રાખેલો. તેથી લોક જ્યારે એમને પૂછતા કે તમારો આ સાધુથી નિરાળો વેશ-નિરાળો પંથ કેમ ? તો એ કહેતા કે 'જુઓ ભાઈ ! હું તો પતિત છું. તેથી આ કુવેશ કર્યો છે. બાકી માર્ગ તો **આદીશ્વર ભગવાન** જે રત્નત્રયીનો બતાવે છે. એ જ સાચો માર્ગ છે. કેમ આમ કહેતા ? તો કે આપણાપર વિશ્વાસ મૂકી પૂછે, એને વીતરાગ-પ્રભુના ઘરનું સાચું જ બતાવાય, જેથી વિશ્વાસભંગ ન થાય, પરનો દ્રોહ કરવાનું ન થાય.

માટે જ સાધુ-સંન્યાસી શિષ્યની બરાબર સંભાળ રાખે, જેથી એ આત્માના અહિતમાં ન પડે. શિષ્યે સંસાર છોડી ગુરુને જીવન સોંપ્યું, આવા ગુરુના વિશ્વાસમાં આવેલાને ગુરુ જો શાસ્ત્રાનુસાર એને આત્મહિત ન આપ્યા કરે, તો ગુરુ શિષ્યનો દ્રોહ કરનાર થાય, શાસ્ત્રે એમને કસાઈ કરતાં ભૂંડા કહ્યા છે. કસાઈ વિશ્વાસે રહેલા પશુની માત્ર એક જન્મમાં કત્લ કરે છે, ત્યારે શિષ્યને ઊંધે રવાડે ચડાવનાર યા ચડતાને ન રોકનાર ગુરુ એની જનમ જનમ કતલ કરનારા બને છે. સાધુ સંન્યાસીને બીજી રીતે પરદ્રોહત્યાગ આ, કે પોતે શાસ્ત્રનો આગ્રહી તો બન્યો, પરંતુ તદનુસાર પોતાનું જીવન ન બનાવે તો જ્ઞાનીનો અને લોકનો દ્રોહ કરનારો બને. કેમકે જ્ઞાનીના વચનથી વિરુદ્ધ વર્તે છે.

એમ, લોકોમાં વિશ્વાસ છે, કે આ સાધુ છે, અને તેથી જ એના આહાર-વસ્ત્ર-મકાન વગેરેથી ભક્તિ-સન્માન કરે છે. પણ સાધુમાં સાધ્વાચાર જો નથી, તો લોકનો એણે દ્રોહ કર્યો ગણાય.

સારાંશ, શાસ્ત્રના આગ્રહની જેમ શીલનો આગ્રહ જોઈએ, એ શીલ એટલે શાસ્ત્રથી વિરુદ્ધ

આચાર અને ઉપદેશ રાખી પરનો દ્રોહ કરવાનું ન જ કરવું.

પ્ર. - અહીં જો 'શીલ' પદથી આચાર અને ઉપદેશ જ લેવા છે, તો શીલનો સીધે સીધો એ અર્થ ન કરતાં પરદ્રોહવિરતિ અર્થ કેમ લીધો ?

ઉ. - આચાર અને ઉપદેશને પરદ્રોહ-ત્યાગરૂપે કહેવાનું કારણ એ, કે જો સીધે સીધો એટલો જ ખ્યાલ હોય કે શીલથી મારે અમુક અમુક આચાર પાળવાના છે, ને આચારનો ઉપદેશ દેવાનો છે, તો સંભવ છે કે મનને એમ થાય, કે બને તેટલું પાળશું, અને એથી એમાં શક્યમાં પણ શિથિલતા પ્રમાદ આવવા સંભવ છે. પરંતુ જો એ ખ્યાલ હોય, કે મારે એ આચાર ઉપદેશમાં આ ધ્યાન રાખવાનું છે કે એમાં જ્ઞાનીનો અને લોકનો દ્રોહ ન થાય એવા પ્રકારના જ આચાર અને ઉપદેશ પાળવાના છે. આ ધ્યાન હોય તો પાલનમાં પ્રમાદ નહિ થાય. એટલા માટે અહીં શીલ પરદ્રોહવિરતિ સ્વરૂપ લીધું.

મુક્તિવાદી સંન્યાસીને શ્રુત અને શીલની જેમ ત્રીજો સમાધિનો અભિનિવેશ હોય.

(૩) **સમાધિનો અભિનિવેશ** : શ્રુતનો ને શીલનો અભિનિવેશ છે, એટલે ચિત્ત કુદરતી રીતે એમાં જ રહે. ચિત્તનું આ એમાં બંધાવું, એ ધ્યાન છે, ધ્યાનમાં મન પ્રશસ્ત વસ્તુને સમર્પિત થતું જાય છે. દા.ત. અરિહંત ભગવાનનું વીતરાગ તરીકે ધ્યાન લગાવ્યું, તો મન વીતરાગમાં ચોંટવા માંડે છે, તે એવું કે વીતરાગને મન અર્પિત થવા માંડે છે. સીતાને મન એક રામ, તો એનું મન રામમાં એવું સમર્પિત થઈ જતું, કે એ વખતે બીજી કોઈ વ્યક્તિનો કે વસ્તુનો ખ્યાલ નહિ. **એવું વીતરાગમાં આપણું મન એવું લાગે કે વીતરાગને સમર્પિત થઈ જાય. ત્યાં વીતરાગ સિવાય બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુમાં મન જાય જ નહિ.**

ધ્યાનમાં મનનું આ સમર્પણ વધતું વધતું એટલી હદે પહોંચે, કે પોતે જાણે જાતે વીતરાગ થવા માંડ્યો છે એવું લાગે, ધ્યાનની આ કક્ષાનો અભ્યાસ વધતો જાય, વધતાં વધતાં મન વીતરાગ સાથે અભિન્ન એકાકાર થઈ જાય, એ સમાધિ અવસ્થા છે. પાલક પાપીની ઘાણીમાં **ખંધક સૂરિના શિષ્યોએ** પીલાતાં પીલાતાં, એમ **ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ** વગેરેએ ઘોર ઉપસર્ગ સહતાં સહતાં વીતરાગનું ધ્યાન લગાવી, મનને વીતરાગ ભગવાનમાં સમર્પિત કરીને ભગવાનની સાથે એકાકાર સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી હશે. એટલે જ એમના આત્મામાં સમત્વયોગની અવસ્થા ઊભી થઈ. એમાં મનોવૃત્તિનો સંક્ષય કરતાં કેવળજ્ઞાન પામી ગયા, અને ત્યાં જ શેષ કર્મોનો ક્ષય કરી મોક્ષ પામી ગયા.

આવી સમાધિનો અભિનિવેશ રાખવાનો. મનને થાય કે 'તારણહાર આ જ, માનવભવે પ્રાપ્ત કરવા જેવી આ સમાધિ જ.' એની મમતા સાથે એનો આગ્રહ આવી જાય, એટલે એની પ્રતિપક્ષી પોતાની રાગાદિભરી અવસ્થાપર ભારે ઘૃણા રહે, એ બને તેટલી ખંખેરતા જવાય.

મિથ્યાશાસ્ત્રથી ઉત્પન્ન કુતર્કનો અસદ્ અભિનિવેશ હટાવ્યા પછી સદ્અભિનિવેશ શ્રુત-શીલ-સમાધિનો જાગે. એનો પ્રભાવ કેવો પડે છે કે પોતે જિનભક્તિ કરતો હોય, એમાં ભક્તિના ઉત્તરોત્તર ચડિયાતા યોગની પ્રવૃત્તિ કરે છે, પૂજા-સ્તોત્ર-જપ-ધ્યાન-લય, આ પાંચ ભક્તિની ઉત્તરોત્તર ચડતી અવસ્થા છે. કહ્યું છે, -

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटीसमो जपः।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटि समो लयः ॥

આ 'લય' એટલે સમાધિ અવસ્થા છે, જો સમાધિનો અભિનિવેશ લાગી જાય, તો એ પહેલાની પૂજા-સ્તોત્ર-જપ-ધ્યાન એ ચાર જિનભક્તિમાં કેવો રંગ લાગે ? વિચારવા જેવું છે કે

જ્યારે એક ક્રોડ પૂજા બરાબર એક સ્તોત્રપાઠ કહ્યો, તો એ **સ્તોત્રપાઠ કેવા ઢંગથી ને કેવા ભાવથી કરવાનો હોય ?** માણસ દાવો રાખે છે 'હું નવસ્મરણ રોજ ગણું છું, હું અમુક સ્તોત્ર ગણું છું, પણ કેવા ઢંગથી ને કેવા ભાવથી એ ભણાવા જોઈએ, જેથી એકવારનો સ્તોત્રપાઠ ક્રોડવારની પૂજાના લાભ જેટલો લાભ આપનારો બને, એનો વિચાર ક્યાં છે ? સ્તોત્ર બોલવાનો ઢંગ એ, કે

(૧) સ્તોત્ર પવિત્ર વસ્ત્રે અને પવિત્ર સ્થાને બોલાય. તે પણ,

(૨) ચોપડીમાંથી વાંચીને નહિ, કેમકે એમાં ધ્યાન વાંચવામાં લઈ જવું પડે. કિન્તુ સ્તોત્ર મોઢે કરીને બોલાય, એના એકેક શબ્દ પોતાના નામની માફક પરિચિત થયા હોય. તેથી

(૩) શબ્દ બોલતાં જ એનો ભાવ મગજમાં આવે. એટલે જ રખડતા ચિત્તે નહિ, પણ તન્મય ચિત્તથી બોલાય.

(૪) ઝટપટ ઉતાવળથી નહિ, પણ એકેક શબ્દ મોતીની માળાના મણકાની જેમ એક પછી એક સ્પષ્ટ ભાસે બોલાય.

(૫) ઉમળકાથી અહોભાવ રાખીને બોલાય. ઈત્યાદિ ઢંગથી બોલાય.

સ્તોત્રપાઠનો આ ઢંગ સચવાય તો સ્તોત્ર પર બહુમાન રહે, મનની એકાગ્રતા રહે, સ્તોત્રપાઠ વખતે બીજી ત્રીજી ક્રિયા બંધ રહે.

(૬) સ્તોત્ર બહુ ઊંચા ભક્તિભાવથી બોલાય. સ્તોત્રમાં કહેલા ભાવપર ભારે શ્રદ્ધા અને પ્રેમ હોય દા.ત. 'નમુત્થુણં' સ્તોત્રમાં સ્તુતિ કરી 'નમોત્થુ'. એટલે કે ઊંચી કોટિનો - સામર્થ્ય યોગનો નમસ્કાર હું નથી કરી શકતો, પણ એ જોઈએ છે. માટે પ્રાર્થના કરું છું, કે એવો નમસ્કાર હો, મને એવો નમસ્કાર કરવાનું મળો. એમ સ્તુતિ કરી કે 'આઈગરાણં' અર્થાત્ ધર્મની આદિ કરનારને નમું છું. ત્યાં અટલ શ્રદ્ધા હોય કે શુદ્ધધર્મની સ્થાપના અરિહંત ભગવાને જ કરી. કેવા અનન્ય ઉપકારી !' સ્તુતિ કરી 'અભયદયાણં' ત્યાં શ્રદ્ધા હોય, કે અભય અર્થાત્ ચિત્તની નિર્ભયતા-સ્વસ્થતા અરિહંત જ આપે છે. અલબત્ એ સ્વસ્થતા પોતે પુરુષાર્થ કરીને કેળવવાની છે, પરંતુ દિલ માને કે એ અરિહંત ભગવાનની કૃપાથી - એમના અચિંત્ય પ્રભાવથી જ મળે છે. મહાજ્ઞાની **ગણધર મહારાજ** આ સ્તુતિ કરે છે, તે ખરેખર માનીને કે ભગવાન અભયના દાતા છે. ભગવાનના અચિંત્ય પ્રભાવે જ અભય મળે છે.

વળી સ્તોત્ર ભાવથી બોલવાનાં, એટલે કે ત્યાં સ્તોત્રના શબ્દોના ભાવને અનુરૂપ ચિત્તમાં અધ્યવસાય ઊઠે, અનુરૂપ લેશ્યા પ્રવર્ત્તે, ચિત્ત તલ્લેશ્ય બની જાય. વળી સ્તોત્રમાં પ્રભુનાં ગુણગાન હોય, તો એ બોલતાં આપણા દિલમાં પ્રભુપ્રત્યે ભક્તિભાવ ઉછળે - ઉછળ્યા કરે. ને સ્તોત્ર આત્મનિંદાનું હોય, તો એ બોલતાં આપણા અંતરાત્મામાં પારાવાર સંતાપ - પશ્ચાતાપ વ્યાપી જાય. દા.ત. બોલ્યા 'ક્ષણં સક્તં ક્ષણં મુક્તં', અર્થાત્ પ્રભુ ! હું ક્ષણવાર તો જડ પુદ્ગલમાં આસક્ત બનું છું, ને પાછો એક ક્ષણમાં એની પ્રત્યે ઈતરાજી કરું છું. કોઈએ જરાક માનથી બોલાવ્યા, એટલે આસક્ત થઈ ફુલાયા. પણ પછી તરત એણે આપણી ભૂલ બતાવી, એટલે નાખુશ થયા કરમાઈ ગયા. પ્રભુ આગળ આ આત્મનિંદા કરતાં દિલમાં પોતાની આવી અધમ વૃત્તિઓ માટે પારાવાર શરમ લાગે, સંતાપ થાય. સંતાપથી હૈયું વલોવાઈ જાય.

સારાંશ, સ્તોત્ર આવા ઢંગથી અને આવા ભાવથી બોલાય, તો એનો લાભ એટલો બધો છે કે એ લાભ ગમે તેટલા કિંમતી દ્રવ્યોથી દા.ત. પ્રભુને લાખોની કિંમતના આભૂષણથી પૂજા કરી, એનાથી ન મળે. માટે અહીં જે કહ્યું, કે પૂજાકોટિસમં સ્તોત્ર,

એમાં નવાઈ નથી. માટે જ સ્તોત્રપાઠ એવા ઢંગથી અને એવા ભાવથી કરાવો જોઈએ.

જપયોગ

પ્ર. - ત્યારે જપને સ્તોત્રકોટિ સમાન કહ્યો એ કેવી રીતે ?

ઉ. - પૂજામાં ભગવાનને આપણાં કિંમતી દ્રવ્યનું અર્પણ છે, એટલે ભગવાનખાતર એ દ્રવ્યની મૂર્ચ્છાનો ત્યાગ થાય છે. ત્યારે સ્તોત્રમાં ભાવનું અર્પણ છે. અનાદિકાળથી આપણા ભાવ જડ-વિષયોને અર્પિત કરતા આવ્યા, તે હવે ભગવાનને અર્પિત કરીએ છીએ. પૂજાના અમુક દ્રવ્યની મૂર્ચ્છાના ત્યાગના ભાવ કરતાં એ ભાવ ચડિયાતા છે. ત્યારે હવે જપ-જાપમાં તો એ ભાવ ઉપરાંત કાય-અંગોપાંગની અમુક જ મુદ્રા રાખવાની હોવાથી એમાં એનું ચોક્કસ પ્રકારનું નિયમન કરવાનું રહે છે, એથી અતિપ્રિય કાયાની સુખ-શીલતા પર કાપ પડે છે. એ સ્તોત્ર કરતાં વિશેષ છે. વળી, સ્તોત્રમાં વિવિધ શબ્દો આવ્યા કરે છે. એટલે મનને એમાં ફરતા રહેવાનું સરળ રહે છે. ત્યારે જાપમાં તો અમુક એના એ જ અક્ષરોપર બંધાયેલું રહેવાનું હોય છે, એ પેલા કરતાં કઠિન કામ છે, કેમકે મન વૈવિધ્યપ્રિય છે. તેથી સ્તોત્રના વિવિધ શબ્દોમાં મનને રમાડવું સહેલું, પરંતુ ૧૦ મિનિટ પણ જાપના એના એજ અક્ષરોમાં રમાડવું - સ્થિર રાખવું ને વચમાં બીજો કોઇ વિકલ્પ - વિચાર ન આવવા દેવો, એ અઘરું કામ છે. આવી રીતના જાપમાં જરાય કંટાળો - સુસ્તી ન આવવા દેવી અને ચડતી સ્ફુર્તિ ઉલ્લાસ રાખી એમાં તન્મય રહેવું, એ વળી વધારે કઠિન કામ છે. આમાં જગતને ભૂલવું પડે, ને દેહાધ્યાસ - દેહમમતા પણ પડતા મૂકવા પડે. આ હિસાબે, અને જાપના મંત્રાક્ષરોનો પ્રભાવ અતિ કિંમતી હોવાનાં હિસાબે જાપનું મહત્ત્વ સ્તોત્ર કરતાં ઘણું ઊંચું. તેથી કહ્યું 'સ્તોત્રકોટિસમો જપઃ'

ધ્યાન-સમાધિ

પ્ર. - તો જપ કરતાં ધ્યાન કેમ બહુ લાભદાયી કહ્યું ?

ઉ. - જપમાં ભલે એના એ જ અક્ષર, પરંતુ એનાપર મન હજી ફરતા ફરતી ચાલ્યા કરે છે. દા.ત. પહેલી વારનું 'નમો અરિહંતાણં' પદ, પછી બીજી વારનું 'નમો અરિહંતાણં' પદ. એમ ત્રીજીવારનું એ જ પદ, એના પર મન ફરતું રહે છે. તેથી એમાં એવું નથી કે પહેલી જ વારના એ પદમાં મન ચોંટ્યું તે ચોટ્યું. બીજીવારના પદપર જાય જ નહિ. ત્યાં એટલી બધી મનની એકાગ્રતા - તન્મયતા નહિ. ત્યારે ધ્યાનમાં તો 'નમો અરિહંતાણં' પદપર મન ચોંટાડ્યું તે ચોંટાડ્યું. મન એમાં સ્થિર થઈ ગયું. ત્યાં પછી બીજીવારનું 'નમો અરિહંતાણં' પદ લાવવાનું જ નહિ, મન એનાપર જાય જ નહિ. એક જ વાર જે 'નમો અરિહંતાણં' પદ ધાર્યું, એનાપર જ ચોંટ્યું રહે. આમ જાપ કરતાં આ ધ્યાનમાં મનનું સત્ત્વ વધુ વિકસાવવું પડે, મન એમાં ખૂબ સ્થિર બની જાય, તેથી જાપ કરતાં ધ્યાનમાં અનેકગુણો લાભ.

પ્ર. - ધ્યાન કરતાં સમાધિનું ફળ કેમ કોડગણું ?

ઉ. - ધ્યાનમાં અલબત્ એકાગ્રતા છે. મનની ફેરાફેરી નથી, કિન્તુ હું ધ્યાતા, આ ધ્યેય, એનું હું ધ્યાન કરું છું. એમ ધ્યેયથી પોતે ભિન્ન એવો ભાસ - પોતાની જાતમાં ધ્યેયથી ભિન્નતાનું જ્ઞાન છે. ત્યારે સમાધિમાં પોતાની જાત ધ્યેયથી ભિન્ન તરીકે ભાસતી નથી. પોતાના આત્માને ધ્યેય - સ્વરૂપ જ જુએ છે. દા.ત. વીતરાગનું ધ્યાન હોય, તો પોતાને પોતાનો સરાગ તરીકે ખ્યાલ છે અને સામે વીતરાગ આવા,' એવો ભાસ છે. પરંતુ જ્યારે એનો બહુ અભ્યાસ થઈ જાય, વીતરાગમાં મનની સ્થિરતા વધી જાય એટલે 'આ વીતરાગ આવા' એમ

વીતરાગમાંથી 'આ આવાનો' ભાસ ઊઠી જાય છે, કેવળ વીતરાગનો જ ભાસ રહે છે. તેથી 'આ' 'આવા' થી જે ભિન્નતા ભાસતી હતી, તે 'આ' 'આવા' નો ભાસ જ ઊઠી જવાથી ઊડી જાય છે. સરવાળે પોતાનો આત્મા જ વીતરાગતરીકે ભાસે છે. આ લયઅવસ્થા છે, ધ્યેય 'વીતરાગ'માં પોતાના આત્માનો લય થઈ ગયો, એકરસ પ્રવેશ થઈ ગયો. એ 'સમાધિ' અવસ્થા પણ કહેવાય. સમાધિ એટલે સમ્+આધિ સમ્યક્રૂપે અર્થાત્ એકવદ્ભાવરૂપે આધાન સ્થાપન થઈ ગયું. અથવા સમાધિ એટલે સમ+આધિ એટલે કે સમત્વભાવ અર્થાત્ વીતરાગની સાથે પોતાના આત્માની સમાનતાનું 'આધિ' સ્થાપન, તાત્પર્ય પોતાના આત્મામાં વીતરાગતાનું સ્થાપન.

આમ ધ્યાન વખતે ધ્યાતા અને ધ્યેય વચ્ચેનો જે ભેદભાવ હતો, તે સમાધિવખતે ખસી જઈ અભેદભાવ ઊભો થાય. એ જે સમાધિમાં ઊભો થાય, એ સમાધિઅવસ્થા ધ્યાનઅવસ્થા કરતાં કોટિ ગુણી ઊંચી હોય, એનો લાભ ધ્યાનના લાભ કરતાં કોટિ ગુણો ઊંચો હોય, એમાં નવાઈ નથી. અહીં એક પ્રશ્ન થાય, -

પ્ર. - તો શું સમાધિવખતે આત્મામાં વીતરાગભાવ આવી જાય ? જો આવી જતો હોય, તો સમાધિ પોતે સાધ્ય જ બની ગઈ. જ્યારે ખરેખર તો સમાધિ સાધન છે, એ વસ્તુ ક્યાં રહેશે ?

ઉ. - અહીં તફાવત સમજવાની જરૂર છે, કે સ્વયં વીતરાગઅવસ્થા પ્રાપ્ત થવી, એ જુદી વસ્તુ છે, અને ધ્યેય વીતરાગ કરતાં પોતાનું જુદું વ્યક્તિત્વ ભુલાઈ જવું એ જુદી વસ્તુ છે. સમાધિઅવસ્થા લય અવસ્થામાં આ બને છે, પોતાનું અલગ વ્યક્તિત્વ ભુલાઈ જાય છે. દૂધમાં પાણી ભળે એટલે અલબત્ પાણી દૂધ નથી થઈ જતું, કિન્તુ દૂધમાં પાણીનું જુદું વ્યક્તિત્વ ભાસતું નથી. અર્થાત્ પાણી જુદી વ્યક્તિ તરીકે ભાસતી નથી. એટલું બધું એ દૂધ સાથે એકમેક થઈ જાય છે. એમ અહીં ધ્યાનની પરાકાષ્ઠાએ આત્મા સ્વયં અવીતરાગ હોવા છતાં ધ્યેયભૂત વીતરાગસાથે એવો એકમેક થઈ ગયો છે, કે ત્યાં પોતે વીતરાગથી જુદી વ્યક્તિતરીકે ભાસતો નથી, વીતરાગસાથેનો અભેદભાસ ઊભો થાય છે. આ અભેદભાસનું બહુ મૂલ્ય છે, આત્માને એ વીતરાગતાની એકદમ નિકટ પહોંચાડે છે....

આમ યોગી કુતર્કના અસદ્અભિનિવેશ ટાળી શ્રુત-શીલ અને સમાધિના સદ્અભિનિવેશવાળો બને છે.

હવે આ શ્રુતાદિનું સાધન શું ? એ બતાવવા કહે છે.

बीजं चास्य परं सिद्ध-मवन्ध्यं सर्वयोगिनाम् ।
परार्थकरणं येन, परिशुद्धमतोऽत्र च ॥८९॥

बीजं चास्य श्रुतादेः, **परं सिद्धं**-प्रधानं प्रतिष्ठितम् **अवन्ध्यं**-नियतफलदायि **सर्वयोगिनां** कुलयोगिप्रभृतीनाम् किं तदित्याह-**परार्थकरणं** परप्रयोजननिष्पादनं, **येन** कारणेन **परिशुद्धं** अन्यानुपघातेन **अतः** कारणात् **अत्र च** परार्थकरणे युक्तोऽभिनिवेश इति ॥८९॥

ગાથાર્થ : આ (શ્રુતાદિ)નું સર્વયોગીઓને નિશ્ચિત ફલદાયી પ્રધાન સાધન આ સિદ્ધ છે, કે પરનાં પ્રયોજન સાધી આપવા. જે કારણથી આ વિશુદ્ધ છે, માટે આનો જ (અભિનિવેશ યોગ્ય છે.)

'પરાર્થકરણ' બીજ

ટીકાર્થ : અને બીજ (સાધન), આ શ્રુતાદિનું, પ્રધાનરૂપે સ્થાપિત થયેલું છે, (તે પણ) કુલયોગીવગેરેને 'અવન્ધ્ય' એટલે કે નિશ્ચિત ફલદાયી સાધન છે, તે સાધન શું, તો કહે છે 'પરાર્થકરણ'. અર્થાત્ પરનાં પ્રયોજન સાધી આપવા. જે કારણથી (આ પરાર્થકરણ, બીજાને

ઉપઘાત નહિ કરનારું હોવાથી) વિશુદ્ધ સાધન છે, તેથી આ પરાર્થકરણમાં અભિનિવેશ (આગ્રહ રાખવો) યોગ્ય છે.

વિવેચન : હવે અહીં એક મહત્ત્વની વાત બતાવે છે. તે આ છે કે, શ્રુત-શીલ-સમાધિનો અભિનિવેશ પ્રાપ્ત કરવો હોય, તો એનું બીજ છે પરાર્થકરણ, પરનાં પ્રયોજન-પરનાં કાર્ય સાધી આપવા યા એ પોતે સાધે એમાં મદદગાર થવું. આ બીજ છે, એનાથી પાક આવે, જીવનમાં પરાર્થકરણ રાખ્યું હોય, તો એનાપર શ્રુત-શીલ-સમાધિ આવે. દા.ત. ૧લી યોગદૃષ્ટિમાં ૫ યોગ-બીજ બતાવ્યા, એ જીવનમાં હોય, તો એનાપર પછી અધ્યાત્માદિ યોગ આવે. એમ અહીં જીવનમાં પરાર્થકરણ હોય તો જીવનમાં શ્રુત-શીલ-સમાધિ આવે. ત્યારે અહીં પ્રશ્ન થાય, -

પ્ર. - પરાર્થકરણને શ્રુતાદિ સાથે શો સંબંધ કે પરાર્થકરણ હોય તો જ શ્રુતાદિ આવે ? શ્રુતમાં તો આગમશાસ્ત્રની ઉપાસના છે, પરાર્થકરણ - પરોપકાર ન પણ કરતા હોઈએ, તો એ શ્રુત-શાસ્ત્રોપાસના ક્યાં અટકી પડે છે ?

ઉ. - અહીં જરાક ઊંડાણમાં જવાની જરૂર છે, શું શાસ્ત્રની ઉપાસના કે શું શીલની યા જિનની ઉપાસના, એ વિશાળ અને ઉદાર-ઉમદા દિલથી કરાવી જોઈએ. જો દિલ વિશાળ નહિ હોય, તો દા.ત. પોતે શાસ્ત્ર ભણવા બેઠો ને ત્યાં બીજો કોઈ ભણવા આવ્યો, તો પોતાને સાંકડા સ્વાર્થમય દિલના લીધે ઈર્ષ્યાથી મનને એમ થશે, કે આ વળી ક્યાં અહીં ભણવા આવ્યો ? એ વિદ્વાન થઈ જશે, તો બહારમાં આપણી કિંમત એટલી રહેશે નહિ. એવી ઈર્ષ્યા સંકુચિતતા રાખી શાસ્ત્ર ભણે. એનામાં શાસ્ત્રના ઉત્તમતત્ત્વ જીવનમાં શાના પેસે ? એને તો સ્વાર્થપર બહુમાન, એટલે શાસ્ત્રપર બહુમાન જ ક્યાંથી આવે ? એટલે હવે પરાર્થકરણને શો સંબંધ એ સમજાશે કે, -

જે હૃદયથી શ્રુત-શીલ-સમાધિ આરાધવા જેવો છે, એ હૃદય ઘડી આપનાર પરાર્થકરણ છે.

પરાર્થકરણને સ્વભાવ બનાવવો છે, ત્યાં સ્વાર્થકરણને તદ્દન ગૌણ કરી દેવું પડે, માટે તો તીર્થંકર બનનાર આત્માઓમાં જુગજુના કાળથી આ એક ગુણ મૂક્યો કે એ *'પરાર્થવ્યસનિનઃ ઉપસર્જનીકૃત સ્વાર્થાઃ'* પરાર્થકરણના વ્યસનવાળા અને સ્વાર્થને ગૌણ બનાવી રાખનારા હોય છે. આ હિસાબે પરાર્થકરણનો કેટલો બધો પ્રભાવ, કે એ આગળ જઈને ઠેઠ અનંત ઉપકારક તીર્થંકરપણું અપાવે છે, એ બધા સુખો આપે છે.

બીજી દૃષ્ટિએ જોઈએ, તો લોકોત્તર ધર્મ પ્રાપ્ત કરવા પૂર્વે અવશ્ય પ્રાપ્તવ્ય છ લૌકિક ધર્મ, કે જે **જયવીયરાય** સૂત્રમાં બતાવેલ છે, એમાં પણ છઠ્ઠો લૌકિક ધર્મ પરાર્થકરણ છે. ત્યાં કહ્યું છે, લોકોત્તર ધર્મ 'શુભગુરુયોગ' ચારિત્રસંપન્ન મુનિનો હૈયામાં યોગ થવાનો અધિકારી તે જ છે, કે જેણે પૂર્વોક્ત ભવનિર્વેદાદિ છ લૌકિક ધર્મ જીવનમાં ઉતાર્યા હોય. એટલે એમાં પરાર્થકરણ પણ જીવનમાં ઉતાર્યું હોય, પૂછો, -

પ્ર. - પરાર્થકરણને શુભ ગુરુયોગ સાથે શો સંબંધ હશે, કે એ કરાતું રહે, તો જ હૈયામાં સાચો શુભગુરુયોગ આવે ?

ઉ. - સંબંધ આ, કે પરાર્થકરણથી દિલ વિશાળ-ઉદાર-ઉમદા બનાવે, તો જ હૈયામાં શુભગુરુનો સાચો યોગ થાય. શુભગુરુનો હૈયામાં યોગ કરવો છે, એટલે એમને હૈયામાં કોઈ મિત્ર-સ્નેહી તરીકે સ્થાપવા નથી, પરંતુ જીવનના સુકાની તરીકે સ્થાપવા છે. વહાણમાં બેઠેલો સમજી જ રાખે છે, કે આ સુકાનીના આધારે જ મારે આ સમુદ્રપ્રવાસ ક્ષેમકુશળ પાર પાડવાનો છે, એના ભરોસે જ મારે રહેવાનું છે. એમ અહીં હૈયામાં

શુભગુરુનો યોગ કરવો છે, તે આ સમજીને, કે હવે મારે જીવન જીવવાનું છે, તે આ શુભગુરુના ભરોસે, ને એમના માર્ગદર્શન મુજબ જ જીવવાનું છે. આવો શુભગુરુયોગ હૈયામાં લાવવો હોય, તો હૈયું સાંકડું કે કૃપણ અને સ્વાર્થરસિક કેમ ચાલે ? એમાં તો પછી પોતાની સ્વાર્થવૃત્તિ-ક્ષુદ્રવૃત્તિ-સંકુચિતવૃત્તિ સાચવીને જ ગુરુ માથે ધરાશે.

એટલે જ દિલ વિશાળ અને ઉદાર બનાવવું જોઈએ, જેથી ગુરુને જીવનમાં સર્વેસર્વા માર્ગદર્શક તરીકે સ્થાપિત કરાય. એ વિશાળ-ઉદાર બનાવવા માટે પરાર્થકરણ જરૂરી છે. **બીજાનું કાર્ય કરી છૂટવું, બીજાને એના કાર્યમાં સહાયક થવું, આપણી શક્તિ બુદ્ધિ વસ્તુ બીજાના ઉપયોગમાં આપવી, એ પણ પોતાના કોઈ સ્વાર્થ વિના એ પરાર્થકરણ છે.** આ લાવવા માટે અથવા આ આવે એટલે સહેજે હૈયું વિશાળ કરવું પડે, ઉદાર અને ઉમદા કરવું પડે. એવું દિલ બનાવાય, ત્યારે જ સાચી શ્રુત-શીલ-સમાધિની આરાધના આવે. નહિતર તો, દા.ત. આગમની આરાધના કરવા જશે, પણ સ્વાર્થપ્રિયતા અને હૈયાની સંકુચિતતા ઊભી છે, એટલે આગમની મહાન વાતો હૈયાને જચશે નહિ. હૈયું એમાં ઠરશે નહિ. શાસ્ત્ર કહેતું હશે 'ગમે તેવા દુશ્મનપર પણ ગુસ્સો દ્વેષ નહિ રાખવો, પોતાના જ કર્મનો વાંક સમજી સામાપર વાત્સલ્ય ધરવું, ઉપશમભાવ રાખવો,' પણ પોતાનાં સંકુચિત અને ક્ષુદ્ર સ્વાર્થપ્રિય હૈયાને એમ થશે કે આમ તો કેમ બને ? આપણે એનું કાંઈ બગાડ્યું નથી, ને એ આપણું આટલું બગાડી જાય, એ શું ચલાવી લેવાનું ? શાસ્ત્ર ભણતાં દિલને આવું જો લાગે, તો શું એ શાસ્ત્રની ઉપાસના છે ? શાસ્ત્રોને તારણહાર માન્યા પછી શાસ્ત્ર જે કહે, તે સર્વેસર્વા સ્વીકારવાનું હોય. અમલ કદાચ ઓછો બને, છતાં હૈયું તો એમ જ બોલે કે શાસ્ત્ર જે કહે છે દા.ત. અખંડ ઉપશમભાવ અને વાત્સલ્ય રાખવાનું, તે જ બરાબર, તે જ કરવું જોઈએ. આનું નામ સ્વીકાર કહેવાય. એ દિલ વિશાળ અને ઉદાર હોય તો જ બને, ને તે **વિશાળતા-ઉદારતા પરાર્થકરણથી આવે. જ્યાં જ્યાં શક્ય હોય, ત્યાં ત્યાં સ્વાર્થ ગૌણ કરી પરોપકાર કરતા ચાલો, ઉદારતા વધતી આવશે. દિલની આ વિશાળતા હોય એટલે શાસ્ત્ર પર બહુમાન થાય, અને બહુમાનથી શાસ્ત્રશ્રવણ કરે, તો એ શ્રવણ લેખે લાગે, સફળ થાય. એમ દિલ ઉદાર-ઉમદા હોય એટલે શાસ્ત્રની વાતોપર તુચ્છતા-ક્ષુદ્રતાથી આડી અવળી કે માલ વિનાની શંકા કુશંકા ન કરાય. આ ઉમદા દિલ પરાર્થકરણથી ઘડાય.**

જેવું શ્રુતમાં, એવું શીલમાં પણ બીજ પરાર્થકરણ-શીલ એટલે પરદ્રોહવિરતિ યાને દેવ-ગુરુ-વ્રત-આચાર વગેરેની વફાદારી હોય. હું દેવાધિદેવ આગળ કરેલ પ્રતિજ્ઞા બરાબર પાળું, જેથી એમનો દ્રોહ-વિશ્વાસઘાત ન થાય. એમ ગુરુનો વિનય, ગુરુની નિશ્રા, ગુરુની અનુવર્તકતા, ગુરુસમર્પણ વગેરેમાં એમનો વિશ્વાસઘાત ન થાય, એ રીતે એને બરાબર જાળવું, એમ શાસ્ત્રોક્ત આચાર અનુષ્ઠાનો બરાબર વિધિસર પાળું, તો શાસ્ત્રનો દ્રોહ ન થાય. દાવો રાખું કે 'મેં શાસ્ત્ર માથે રાખ્યા છે,' ને પછી શાસ્ત્રવિરુદ્ધ વર્તું. તો એથી શાસ્ત્રનો દ્રોહ કર્યો ગણાય. આ રીતે શીલ યાને પરદ્રોહત્યાગ પાળવામાં પણ એ બધા અંગોમાં પૂરેપૂરી વફાદારી જાળવવા વિશાળ અને ઉદાર દિલ હોય, તો વિશુદ્ધ ઉપાસના કરી શકે. આ વિશાળ અને ઉદાર દિલ ઘડાય છે પરાર્થકરણથી. પરાર્થકરણની ઉલટ જ ન હોય, ત્યાં સહેજે સ્વાર્થપ્રિયતા મુખ્ય રહેવાની, ને એમાં દિલ સાંકડું અને ક્ષુદ્ર રહેવાનું.

એમ સમાધિમાટે તો સુતરામ્ વિશાળ-

ઉદાર-ઉમદા દિલ જોઈએ જ, કેમકે એમાં તો શુભ ધ્યેય દા.ત. નમો અરિહંતાણં આદિ પદ યા વીતરાગ દેવાધિદેવ અરિહંતમાં પોતે જ ભાવનાથી તન્મય તદ્રુપ થવાનું છે. ત્યાં સ્વાર્થમાયા શું કે બીજી માયા યાવત્ દેહાધ્યાસ વગેરે શું, બધાયથી પર થઈ જવાનું છે, એ સંકુચિતવૃત્તિ ને ક્ષુદ્રસ્વભાવમાં શેં બને ? દિલ વિશાળ તે એવું જોઈએ, કે જેમાં આખું વિશ્વ આત્મવત્ સમાય. દિલની એ વિશાળતા પરાર્થ-કરણથી આવે.

આમ શ્રુત-શીલ-સમાધિ ત્રણેના પાયામાં પરાર્થકરણ જોઈએ. માટે કહ્યું પરાર્થકરણ એ ત્રણેનું પ્રધાન બીજ છે.

પરાનુપઘાતથી પરાર્થકરણ કેવી રીતે ?

અહીં આ ગાથાની ટીકામાં પરાર્થકરણ બીજ કહેવાયું. હેતુ બતાવ્યો પરાનુપઘાત. અર્થાત્ પરાર્થકરણ બીજ કેમ છે ? તો કે એ શ્રુત-શીલના અભિનિવેશવાળો પરનો ઉપઘાત-હાનિ નહિ કરતો હોવાથી. પૂછો, -

પ્ર. - બીજાને હાનિ ન કરે, એમાં પરાર્થકરણ શી રીતે ? પરાર્થકરણ તો પરનું કાર્ય કરી આપે એ કહેવાય ને ?

ઉ. - પરાર્થકરણ બે રીતે છે, -

(૧) બીજાનું કાર્ય કરે એ ય પરાર્થકરણ

(૨) બીજાને હાનિ ન પહોંચાડે, એ પણ પરાર્થકરણ છે. કેમકે પોતે જીવન જીવતાં બીજાનો વિચાર રાખ્યો કે 'કોઈને હાનિ ન પહોંચાડું'. પૂછો, -

પ્ર. - પરને હાનિ ન પહોંચાડી, એ પરાર્થ શી રીતે ?

ઉ. - એ આ રીતે કે, પરાર્થ બે પ્રકારે છે. અહીં 'અર્થ' એટલે જીવનું ઈચ્છિત બે પ્રકારે હોય છે.

(૧) પોતાને કોઈ કાર્ય સિદ્ધિ કરવી છે. તો તે કાર્ય પણ ઈચ્છિત છે, તેમ જ

(૨) પોતાને કોઈ વિઘ્ન ન આવે, હાનિ ન પહોંચે એ પણ જીવને ઈચ્છિત હોય છે. એટલે જેમ કાર્યસિદ્ધિ ઈચ્છિત, તેમ હાનિનો અભાવ પણ ઈચ્છિત છે. બંને પોતાના ઈચ્છિત છે, અર્થ છે, પ્રયોજન છે. તેથી બીજાને આપણે હાનિ ન પહોંચાડીએ, એ પણ બીજાનું ઈચ્છિત જ સાધ્યું કહેવાય, પરાર્થ સાધ્યો કહેવાય. એટલે જ **'પંચવસ્તુ'** શાસ્ત્રમાં કહ્યું કે, સાધુ સદા પરાર્થવૃત્તિ હોય છે, એમાં હેતુ આ બતાવ્યો કે, એ જીવહાનિથી ત્રિવિધ ત્રિવિધે વિરામ પામેલા છે, અહિંસાદિ મહાવ્રતધારી છે, તેથી કોઈપણ જીવને લેશ પણ હાનિ ન પહોંચાડવાની તકેદારીવાળા હોય છે. કોઈ નાનો પણ જીવ પોતાની હિંસા ઇચ્છતો નથી, પોતાની હિંસા ન થાય, એ જ ઇચ્છે છે. તો હિંસાનો હાનિનો અભાવ, એ પણ જીવનું પોતાનું પ્રયોજન થયું. સાધુને સકલસત્ત્વહિતાશયવાળા કહ્યા, એમાં પણ આ જ ભાવ છે કે સત્ત્વ એટલે જીવ. સકલ જીવોનું પોતે હિત કરવાના આશયવાળા છે. એમાં મુખ્ય હિત એ કે કોઈ પણ જીવનું અહિત ન કરવું. નહિતર તો દા.ત. ભિખારીને રોટલી તો આપે, પણ જો તમાચો મારીને આપે, તો એ શું એણે એનું ભલું કર્યું ? એનું ઈચ્છિત કર્યું ? પરનાં હિતકાર્ય સાધી આપવા એ મર્યાદિત છે, પણ પરનું લેશ પણ અહિત ન કરવું લેશ પણ એને હાનિ ન પહોંચાડવી એ અમાપ છે. સર્વજીવો પ્રત્યે આ તકેદારી રાખવી એ સકલસત્ત્વહિતાશય છે, ને એ સાધુ જ રાખી શકે.

સારાંશ, પરને ઉપઘાત ન પહોંચાડવો એ પરાર્થકરણ છે. અથવા કહો, પરને ઉપઘાત ન પહોંચાડવાથી પરના ઇષ્ટ કાર્ય સરળતાથી થાય છે. આ પરાર્થકરણ આપણે કોઇ પણ શ્રુત-શીલ-સમાધિમાં પરનો વિચાર રાખવાથી શક્ય બને.

માણસ મંદિરમાં પ્રભુદર્શન કરતાં એવો વચમાં કેમ ઊભો રહે છે કે તેથી પાછળવાળાને દર્શન જ ન થાય ! કહો પોતે દર્શન કરતીવખતે બીજાનો, પ્રસ્તુતમાં પાછળવાળાનો વિચાર નથી રાખતો માટે. એ એમને દર્શનમાં અંતરાયરૂપ બને છે. એમ પોતાને કોઈ કાર્ય છે, એમાટે નીચે જોયા વિના કેમ ઝટપટ જાય છે ? કહો, નીચે ચાલતા જીવ મરશે, એનો વિચાર નથી રાખતો માટે. એમ, નાનડિયાને શિખામણ તો આપે છે, પણ કેમ એને જોરથી તડકાવીને - તિરસ્કારીને આપે છે ? કારણ, સામાના હૃદયને આઘાત લાગશે એનો વિચાર નથી માટે.

સારાંશ, આપણા સ્વાર્થ સાધવામાં તો ખરું જ, પરંતુ હિત કરવામાં પણ પરને ઉપઘાત-હાનિ-આઘાત ન પહોંચે, એનો વિચાર ખાસ રાખવાનો છે. એ પરાર્થકરણ છે. આ પરને અનુપઘાત સ્વરૂપ પરાર્થકરણ ક્યાં જરૂરી નથી ? કહો, બધે જ જરૂરી છે. એટલે શ્રુત-શીલ-સમાધિ સાધતાં પણ જરૂરી છે. તેથી પરાર્થકરણને અહીં પ્રધાનબીજ કહ્યું.

પરાર્થકરણ કેમ અવંધ્ય બીજ ?

વળી કહે છે આ પરાર્થકરણ સર્વયોગીઓને અવન્ધ્ય બીજ છે. અર્થાત્ અવશ્ય સફળ થનારું કારણ છે. અહીં 'યોગી' શબ્દ કોઈ મહાન યોગીના અર્થમાં નથી સમજવાનો, પણ યોગી એટલે જે કોઈ પ્રારંભિક પણ ધર્મયોગ સાધતો હોય એ, એ અર્થમાં સમજવાનો છે. એ જો પરાર્થકરણ સાચવે, તો એ એને અવશ્ય સફળ થાય છે. કેમકે 'કોઈને પણ હું હાનિ ન પહોંચાડું' એવો આશય એ વિશાળ ઉમદા આશય છે. એનાંથી બાધક વિઘ્નો તૂટી જઈ કાર્ય સિદ્ધ થાય એમાં નવાઈ નથી. આવું અવંધ્ય-અવશ્ય સફળ પરાર્થકરણ વિશુદ્ધ છે, કેમકે એમાં પોતાનો કોઈ સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ નથી, પણ પરપ્રત્યે સહાનુભૂતિ છે. મને કોઈ હાનિ પહોંચાડે તો એ મને નથી ગમતું. તેમ બીજાને હાનિ પહોંચે એ એને નથી ગમતું, એવી સમાન લાગણી છે - તેથી એ પરાર્થકરણ મલિન નથી, વિશુદ્ધ વસ્તુ છે. તેથી એવા પરાર્થકરણનો અભિનિવેશ-આગ્રહ-મમત્વભાવ રાખવો યુક્તિયુક્ત છે. જેમ શ્રુત-શીલ આદિનો આગ્રહ, એમ એના બીજભૂત પરાર્થકરણનો પણ આગ્રહ હોવો જોઈએ. શ્રુત-શીલાદિના આશય વિશુદ્ધ અધ્યવસાય છે. એમ આ પાયાના પરાર્થકરણનો આશય એ પણ વિશુદ્ધ અધ્યવસાય છે. ત્યારે વિશુદ્ધ આશયનો - વિશુદ્ધ અધ્યવસાયનો તો આગ્રહ મમત્વભાવ હોવો જ જોઈએ ને ? કેમકે

વિશુદ્ધ આશયનો આગ્રહ - અભિનિવેશ હોય, તો જ મલિન આશયોથી અને મલિનાશય કરાવનાર વસ્તુ કે બાબતથી બચવાની તકેદારી રહે.

દા.ત. જિનભક્તિથી અંતરમાં થતા નિર્મળ આશય-અધ્યવસાયનો આગ્રહ હશે, તો જિન-ભક્તિ છોડીને મલિન અધ્યવસાય કરાવનારા મોહમાયાની પલેવણ કે વાતોચીતોમાં પડવાનું નહિ થાય. એવું સામાયિકથી થતા નિર્મળ અધ્યવસાયનો આગ્રહ હશે, તો સામાયિક છોડીને વિષયસંગાદિ પ્રમાદ વિકથા-કુથલી યા આરંભ- સમારંભમાં પડવાનું નહિ થાય,

એમ તત્ત્વનો ને તાત્ત્વિક વાતનો જ આગ્રહ હશે, તો મિથ્યાતત્ત્વમાં કે માલ વિનાની બાબતમાં પડવાનું નહિ થાય. બસ, ઉપદેશ આ છે કે **કુતર્ક-કુમાન્યતાના આગ્રહ છોડો, અને શ્રુત-શીલ-સમાધિ તથા પરાર્થ કરણના આગ્રહ રાખો.**

कुतर्काऽसारतामेवाभिधातुमाह-

अविद्यासंगता: प्रायो, विकल्पा: सर्व एव यत् ।
तद्योजनात्मकश्चैष, कुतर्क: किमनेन तत् ॥९०॥

अविद्यासंगता: ज्ञानावरणीयादिसंपृक्ता:,

प्रायो બાહુલ્યેન, **विकल्पाः सर्व एव** શબ્દવિકલ્પા અર્થવિકલ્પાશ્ચ **यत् तद्योजनात्मको**-વિકલ્પ-યોજનાત્મકશ્ચૈષ ગોમયપાયસાદિવિકલ્પનેન **कुतर्क** उक्तलक्षणः **किमनेन तत्?** ન કિંચિદિત્યર્થઃ ॥૯૦॥

ટીકાર્થ : કુતર્કની અસારતા બતાવે છે.

ગાથાર્થ : મોટા ભાગે બધા જ વિકલ્પો અવિદ્યાસાથે સંબદ્ધ હોય છે, અને આ કુતર્ક વિકલ્પોના આયોજનરૂપ હોય છે. તેથી એવા (કુતર્ક) થી શું ?

ટીકાર્થ : 'અવિદ્યાસંગત' એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મથી સંબદ્ધ (હોય છે) 'પ્રાય' એટલે બહુલતાએ (મોટાભાગે) વિકલ્પો બધા જ યાને શબ્દવિકલ્પો અને અર્થવિકલ્પો. 'યત્' = જે કારણથી અને તદ્યોજનાત્મક' અર્થાત્ વિકલ્પોના આયોજન સ્વરૂપ ગોબર અને દૂધ આદિના વિકલ્પ ઉઠાવવાથી આ કુતર્કરૂપ બને છે, (તો) આનાથી શું ? અર્થાત્ કશું ફળ નહિ.

વિવેચન : હવે કુતર્ક કેવા અસાર છે, માલ વિનાના છે, એ બતાવે છે.

કુતર્ક યાને મિથ્યા માન્યતા શું છે ? અવિદ્યા પર રચાતા વિકલ્પોનું એક આયોજન.

અવિદ્યા શું છે ?

અવિદ્યા જ્ઞાનાવરણીયાદિ કર્મનો ઉદય છે. એમાં અજ્ઞાન આવે, મિથ્યાજ્ઞાન આવે, મોહ આવે. અજ્ઞાનતાને લીધે વસ્તુતત્ત્વની ગમ હોય નહિ, તેથી આંધળુકિયા ચલાવે, દા.ત. અધ્યાત્મનું સ્વરૂપ શાસ્ત્ર શું કહે છે ? એની ઝાઝી ખબર ન હોય, એટલે સમજી બેસે કે નિશ્ચયથી આત્માનું સ્વરૂપ વિચારવું. જ્યારે શાસ્ત્ર કહે છે **'પોતાના ઉપરથી મોહનો અધિકાર ઉઠાવી આત્માને ઉદ્દેશીને પ્રવર્તમાન શુદ્ધ ક્રિયા એ અધ્યાત્મ.' આમાં ક્રિયા-પ્રવૃત્તિ-યોગની મુખ્ય વાત છે.** એને અધ્યાત્મની મનઘડંત વ્યાખ્યા કરી ક્રિયામાર્ગ-આચરણમાર્ગ ઊડાવે.

અથવા અવિદ્યા એટલે મિથ્યાજ્ઞાન-વિપરીતજ્ઞાન. દા.ત. અનિત્યને નિત્ય માને, પરકીયને સ્વકીય માને, અહિતકરને હિતકર માને. દા.ત. કંચન-કુટુંબ-વિષયોના સંયોગ અનિત્ય નાશવંત છે, એને કાયમી માની લઈ દિવસ-રાત એની જ પલેવણમાં રહી ધર્મસાધના ચુકે. પરિણામ? શોક ને સંતાપ. જો નાશવંત સમજી રાખે, તો વિચાર રહે કે નાશવંતની પાછળ શોક શો કરવો ! બજારમાંથી રૂપિયાનો ઘડો લાવ્યા, રૂપિયાનો ફૂલહાર લાવ્યા, સાંજ પડ્યે ફૂલહાર કરમાઈ ગયો, ત્યાં કોઈ શોક નથી થતો કે 'હાય ! હાર બગડી ગયો !' કેમકે પહેલેથી એની નાશવંતતાની ખબર છે. પણ ઘડો સાંજે નહિ ચાર દહાડે ય ફૂટી જાય તો શોક થાય છે. 'હાય ! ઘડો ફૂટી ગયો.' કેમકે પહેલેથી માની રાખ્યું છે કે આ ૨-૪ મહિના તો ચાલશે. આ નાશવંતમાં કાયમીપણાની ટકવાપણાની બુદ્ધિ એ મિથ્યાજ્ઞાન છે, અવિદ્યા છે, એમ દુન્યવી પદાર્થો શું જડ કે શું ચેતન, બધા જ પરકીય છે, સ્વકીય નહિ, આપણા પોતાના નહિ, કેમકે આજે આપણા પોતાના ગણતા હોઈએ, પણ કાલે પારકા થઈ બેસે છે, છેવટે મૃત્યુ બાદ તો આપણા છે જ નહિ. એ દીવા જેવું સ્પષ્ટ દેખાય છે કે, આપણા બાપાજી, એમના બાપાજી, સૌ દુન્યવી પદાર્થ પોતાના માનીને એને વળગીને બેઠા રહેલા, પણ એ કોઈ જ પદાર્થ એમની સાથે ન ગયા. અરે ! પોતાની માનેલી કાયા પણ પોતાની સાથે ન ગઈ. તેથી એને પોતાના માનવા એ મિથ્યાબુદ્ધિ છે, અવિદ્યા છે.

એમ, અહિતકર પદાર્થ કે પ્રવૃત્તિને હિતકર માનવી, એ પણ મિથ્યા-વિપરીત બુદ્ધિ છે, અવિદ્યા છે. દા.ત. શરીરની દૃષ્ટિએ વધારે પડતી મિઠાઈ ખાવી અહિતકર છે, પરંતુ મૂર્ખ જીવ પોતે હિતકર માને છે. કહે છે,-'अधिकस्य अधिकं

ફલમ્' આ માનવું અવિદ્યા છે. ને એમ કરવા જતાં શરીર સ્વાસ્થ્ય ગુમાવે છે. આત્માની દૃષ્ટિએ અહિતકર દુરાચારાદિ પાપને હિતકર માને એ અવિદ્યા છે, જ્ઞાનાવરણીયાદિ કર્મનો ઉદય છે. એમ અનાત્મામાં આત્મબુદ્ધિ અર્થાત્ શરીરને જ આત્મા માને, એ અવિદ્યા છે, મૂઢતા છે. તેથી જ કાયાના વાંધા વચકાએ જીવ પોતે દુઃખી થાય છે. કાયાના વાંધા વચકા જુએ છે, પણ પોતાના આત્માના દુઃખ નથી જોતો, એને એક વારેય યાદ પણ નથી કરતો. કાયાના દુઃખ વારેવારે મન પર લાવે છે, કાયાની સારાં ખાનપાનાદિની જાહોજલાલીમાં જાતની જાહોજલાલી જુએ છે. પછી ભલે ભવાંતરે દુર્ગતિઓમાં દીર્ઘકાળ કૂટાવાનું આવે. પણ આત્માની વ્રત, નિયમ, જિનભક્તિ, દયા, દાન, સાધુસેવા, પરોપકારાદિ સુકૃતો-સદ્ગુણોની જાહોજલાલીને પોતાની જાહોજલાલી તરીકે જોતો નથી. એમ કાયાના બળ, રૂપ, શ્રીમંતાઈ વગેરે ગુણોને પોતાના ગુણો માની લે છે. હું પૈસાદાર એવું યાદ લાવી કુલાય છે, હું ધર્મવાળો-વ્રતવાળો એવું યાદ કરી કુલાતો નથી. કાયા તગડી બની એટલે પોતાને તગડો બન્યો માને છે, મૂર્ખને ખબર નથી કે કાયા તગડી બની તે પરલોકે તું સારો કૂટાય એવી તૈયારી કરી આપે છે. સુકૃતોથી પુણ્યથી શુભાનુબંધોથી આત્મા તગડો કરવાનું જોતો જ નથી.

અનાત્મામાં આત્મપણાની બુદ્ધિ અને અનાત્મા એવી કાયાની જાહોજલાલીમાં મસ્તી એ સાધુને ય પાગલ બનાવે. એને ભાન ન રહે કે કાયાની જાહોજલાલીમાં દુન્યવી પદાર્થના રંગરાગ આનંદ ઉડાવતાં આત્માનું નિકંદન નીકળે છે. **વિષયોના ગમે તેવા આનંદ, અનાત્માની જાહોજલાલી છે.** એની જ લગનમાં બિલાડી ને ગિરોલી જેવી દશા થાય છે. એને 'ક્યાં ઉંદર મળે? કેમ એને ઝડપું ? ક્યાં માખી મળે ? કેમ એને હડપ કરું ?' ચોવીસે કલાક એ જ એક લેશ્યા; એમ એકાન્તે વિષયોના આનંદ માણનારને પણ એવી જ ભૂંડી લેશ્યા !

ત્યારે આત્મા-અનાત્માનો જો વિવેક આવી જાય, તો ઘણા વિષય-કષાયો ઓછા થતા આવે.

આ અવિદ્યાને કારણે વિકલ્પો ઊઠે છે, જ્યાં માની લીધું કે દુન્યવી સંયોગો બહુ ટકવાના છે. એટલે પછી એના પર જીવ વિકલ્પો કરે કે 'આની આમ વ્યવસ્થા કરીશ, આમ ભોગવીશ. કોની મજાલ છે કે એને ઉઠાવી શકે ?' વગેરે, એ સહજ છે. એમ પરકીયને સ્વકીય માન્યા પછી પણ અઢળક પાપવિકલ્પો ચાલે છે. એ કરાવનાર કુતર્ક છે.

વિકલ્પો બે પ્રકારના,

(૧) શબ્દ વિકલ્પો, ને

(૨) અર્થ વિકલ્પો.

શબ્દ વિકલ્પો એટલે શબ્દ લઈને ચાલતા વિકલ્પો, પછી ભલે છળ કરાતો હોય. દા.ત. **કુમારપાળ મહારાજા**ની સભામાં આચાર્ય ભગવાન કલિકાલ સર્વજ્ઞ **હેમચંદ્રસૂરિજી** મહારાજ પધાર્યા, તો ઈતર પંડિતોએ શબ્દથી મશ્કરી કરી કે 'નવકંબલો હેમાચાર્યઃ ગોપાલનાર્થં દંડેન સહ આગતઃ' નવીન કાંબલવાળા હેમાચાર્ય (ભરવાડ) ગાયોના રક્ષણ માટે દંડ લઈને આવેલ છે.' હેમચંદ્રસૂરિએ હસતાં હસતા તરત જવાબ વાળ્યો જુઓ આ વિદ્વાનો કહે છે, પંડિતોની વાણીની રક્ષાર્થે હેમાચાર્ય નવ કાંબલો ઓઢીને દંડ લઈને આવેલ છે. આમાં પંડિતોએ શબ્દના વિકલ્પ લઈ કુતર્ક સક્રિય કર્યો. એમ,

અર્થવિકલ્પો એટલે પદાર્થઅંગે વિકલ્પો. દા.ત. ઈશ્વર છે એમ સિદ્ધ કરવા જાય ને અનુમાન કરે 'ઈશ્વર અસ્તિત્વવાન્' ત્યાં સામેથી વિકલ્પ ઉઠાવે, કે અનુમાનમાં ઈશ્વરને પક્ષ બનાવ્યો, તો

તે ઈશ્વર સિદ્ધ છે ? કે અસિદ્ધ ? જો સિદ્ધ હોય, તો પછી ઈશ્વરને સાબિત કરવા અનુમાનની શી જરૂર છે ? જો કહો, પક્ષ ઈશ્વર અસિદ્ધ છે, તો અસિદ્ધ પક્ષથી અનુમાન ન થઈ શકે.

વિકલ્પયોજનાત્મક કુતર્કનો ટીકાકાર મહર્ષિ આ દાખલો આપે છે - ગોમય-પાયસાદિવત્' અર્થાત્ ગોબર અને દૂધ વગેરેની જેમ. સવાલ થાય કે ગોબર પણ ગાયથી ઉત્પન્ન થાય છે, અને દૂધ પણ ગાયથી ઉત્પન્ન થાય છે, તો કેમ ગોબર વાપરવા યોગ્ય નહિ ? ને દૂધ કેમ વાપરવા યોગ્ય ? કારણ તો એક જ છે. બંને ય ગાયનાં સર્જન છે. પછી કાર્યમાં કેમ ભેદ પડે છે ?

આમ તાત્ત્વિક બાબતમાં ય વિકલ્પો ઉઠાવી શકાય, પણ એ કુતર્કજનિત હોઈ, એમાં તત્ત્વ હાથમાં ન આવે. એટલે જ કુતર્કનો આગ્રહ છોડી દઈ શ્રુત-આગમનો જ આગ્રહ રાખવો કે આગમ કહે તે સાચું. પ્રશ્ન થાય,

પ્ર. - આગમ તો સૌ પોતપોતાના આગળ કરે, અને તે તો પરસ્પર વિરુદ્ધ વાત કહેનારા હોય છે, એટલે આગમ પકડવાથી તત્ત્વનો તાગ થોડો જ મળે ?

ઉ. - આગમ નામમાત્રથી પ્રામાણિક નથી ઠરતા. આગમ તો અતીન્દ્રિય પદાર્થોના પ્રત્યક્ષદર્શી સર્વજ્ઞ ભગવાનના જ સાચા હોય. પ્રામાણિક હોય. એટલે તત્ત્વઅંગે તાગ સર્વજ્ઞના આગમમાંથી જ મળે. માટે આગ્રહ રખાય તો તે સર્વજ્ઞઆગમનો જ રખાય. અને એ આગ્રહ રાખવો જ જોઈએ, કે મારે તો તત્ત્વઅંગે સર્વજ્ઞઆગમ કહે, તે જ પ્રમાણ. એટલે પછી કુતર્કના વિકલ્પો ગમે તેવા આવે, આમ જિનાગમનો આગ્રહ રાખ્યો હોય, તો જ કુતર્કના વિકલ્પોની માછીજાળમાં ન ફસી જવાય. કુતર્ક અવિદ્યામાંથી જન્મે છે. અવિદ્યા એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મના ઉદય. જ્યારે આવરણ નડતા હોય, ત્યાં સમ્યગ્જ્ઞાન શી રીતે થાય ? ત્યાં તો અજ્ઞાન મિથ્યાજ્ઞાનની જ બોલબાલા હોય.

સારાંશ, સર્વજ્ઞ આગમ એ જ શરણ છે. કુતર્કની બિમારીને મટાડનારું ઔષધ છે.

(પૂજ્યપાદ ભવોદધિત્રાતા ગુરુદેવે વ્યવસ્થિત તૈયાર કરેલું, પૂ. હિતેશ્વર વિ. મ. દ્વારા લખાયેલું મેટર અહીં સમાપ્ત થાય છે.)

કુતર્કો બધા જાતિપ્રાયઃ

जातिप्रायश्च सर्वोऽयं, प्रतीतिफलबाधितः ।
हस्ती व्यापादयत्युक्तौ, प्राप्ताऽप्राप्तविकल्पवत् ॥९१॥

जातिप्रायश्च-दूषणाभासप्रायश्च **सर्वोऽयं**-कुतर्कः **प्रतीतिफलबाधित** इति कृत्वा, एतदेवाह-**हस्ती व्यापादयत्युक्तौ**-मेण्ठेन, किमिवेत्याह-**प्राप्ताप्राप्तविकल्पवत्** इति । कश्चिन्नैयायिकश्छात्रः कुतश्चिदागच्छन् अवशीभूतमत्तहस्त्यारूढेन केनचिदुक्तः, भोः ! भोः ! त्वरितमपसरः हस्ती व्यापादयति इति च। तथाऽपरिणतन्यायशास्त्र आह रे रे बठर ! किमेवं युक्तिबाह्यं प्रलपसि ? तथाहि-''किमयं प्राप्तं व्यापादयति किं वाऽप्राप्तमिति ? आद्यपक्षे भवत एव व्यापत्तिप्रसङ्गः प्राप्तिभावात् द्वितीये त्रिभुवनस्य अप्राप्त्यविशेषात्'' एवं यावदाह तावद्धस्तिना गृहीतः स कथमपि मेण्ठेन मोचित इति। जातिप्रायता (च) सर्वत्र भिन्नार्थग्रहणस्वभावसंवेदनवेदने तद्गताकारविकल्पनस्यैवम्प्राय-त्वादिति चर्चितमन्यत्र ॥९१॥

ગાથાર્થ :- આ બધો કુતર્ક પ્રતીતિફળબાધિત (પ્રતીતિબાધિત અને ફળબાધિત અથવા પ્રતીતિરૂપફળથી બાધિત) હોવાથી જાતિપ્રાયઃ છે. જેમકે 'આ હાથી મારે છે.' એમ કહેવામાં 'એ પ્રાપ્તને મારે છે કે અપ્રાપ્તને ?' ઇત્યાદિ વિકલ્પો કરવા.

ટીકાર્થ : આ બધો કુતર્ક પ્રતીતિફળબાધિત હોવાથી જાતિપ્રાયઃ દૂષણાભાસરૂપ છે. (જેમાં દૂષણ નથી, એમાં દૂષણનો આભાસ ઊભો કરવારૂપ છે.) આ જ વાત કરે છે - જેમકે મહાવત

'હાથી મારે છે' એમ કહે, ત્યારે પ્રાસા-પ્રાસ વિકલ્પ કરવા. (દૃષ્ટાંત વિશદ કરે છે.) ક્યાંકથી આવી રહેલો ન્યાય ભણતો વિદ્યાર્થી વશમાં નહીં રહેલા-પાગલ બનેલા હાથીપર રહેલા કો'ક (મહાવત) વડે કહેવાયો - અરે ! અરે ! જલ્દીથી દૂર ખસ ! આ હાથી મારી નાંખશે. ત્યારે જેને ન્યાયશાસ્ત્ર હજી પરિણામ નથી પામ્યો એવો તે વિદ્યાર્થી કહે છે - રે ! રે ! બઠર ! આવો યુક્તિ વિનાનો પ્રલાપ કેમ કરે છે? (આ યુક્તિ વિનાનો પ્રલાપ કેમ છે તે બતાવે છે) શું આ પ્રાસ (=અડેલાં)ને મારે છે કે અપ્રાસ (=નહીં અડેલા) ને મારે છે ? પ્રથમ પક્ષે આપને જ મારવાનો પ્રસંગ છે, કેમ કે આપ (હાથીને) અડેલા છો, બીજા પક્ષે ત્રિભુવન (=આખા જગત)ને મારવાનો પ્રસંગ છે, કેમ કે બધા સમાનતયા હાથીને અપ્રાસ છે. (=અડેલા નથી.) વિદ્યાર્થી આમ કહે છે ત્યાં તો એ વિદ્યાર્થી હાથી વડે ગ્રહણ કરાયો. મહાવતે જેમ તેમ કરી છોડાવ્યો. બધા સ્થળે (બધા કુતર્કો) આમ જાતિપ્રાયઃ - દૂષણાભાસ-રૂપ એટલા માટે બને છે કે ભિન્નાર્થગ્રહણસ્વભાવ-સંવેદનવેદન છે. અર્થાત્ વાદી જે અર્થમાં કહેવા ઇચ્છે તેથી ભિન્ન-અલગ જ અર્થ પકડવાનાં પડી ગયેલા સ્વભાવનું જ સંવેદન થતું હોઇ, તે મુજબ જ અમલમાં મુકવા પ્રયત્નશીલ હોય છે. અર્થાત્ દરેક સ્થળે પ્રતિવાદી સત્યાર્થી બનવાના બદલે વાદીને ખોટો પાડવાનો ઇચ્છુક હોય છે. તેથી વાદી જે અર્થમાં જે વાત કહે, ત્યારે સીધા દોષ બતાવવા શક્ય ન હોય, તો ખોટો અર્થ-પકડીને પણ દોષ બતાવી વાદીને ખોટો પાડવા જ પ્રયત્નશીલ રહે છે. તેથી જ આ ખોટું પકડવાના આકાર - પરિણામના કારણે જ આ પ્રતિવાદી જે વિકલ્પ ઉઠાવે, તે પ્રાયઃ જાતિરૂપ - દૂષણાભાસરૂપ જ હોવાના. આ વાતની ચર્ચા અન્યત્ર કરી છે. ॥૯૧॥

વિવેચન : કુતર્ક હંમેશા ખોટા વિકલ્પો કરવા દ્વારા જ પોષાતો હોય છે. આ વિકલ્પો ખોટા હોવાથી જાતિપ્રાયઃ હોય છે. સામેવાળાની વાતમાં ખોટા દૂષણો ઊભા કરી તોડી પાડવા લગાડાતા તર્ક અને ઊભા કરાતા વિકલ્પો જાતિ કહેવાય છે.

કો'ક નૈયાયિકદર્શનનો અભ્યાસી વિદ્યાર્થી રસ્તાપરથી જઇ રહ્યો હતો. તે વખતે સામેથી પાગલ હાથી આવી રહ્યો હતો. વિદ્યાર્થી પોતાની ધૂનમાં હતો. તે વખતે હાથીપર રહેલા મહાવતે વિદ્યાર્થીને ચેતવતા બૂમ પાડી - અરે ! અરે ! જલ્દીથી આઘો ખસ, નહીંતર આ હાથી ચગદી નાંખશે. ત્યારે ન્યાયશાસ્ત્રના તર્કને બરાબર નહીં પચાવેલા હોવાથી અપરિણત એવા એ વિદ્યાર્થીએ ખસવાને બદલે સામો પ્રશ્ન કર્યો - રે ! રે ! બઠર ! આમ યુક્તિ વિનાનો પ્રલાપ કેમ કરે છે ? આ હાથી પ્રાસ = અડેલાને મારે છે ? કે અપ્રાસ = નહીં અડેલાને ? જો પ્રથમ પક્ષ લઇને, એટલે કે 'જે હાથીને અડે, તેને હાથી મારે' એમ માનીએ, તો હાથી સૌ પ્રથમ તો તમને જ મારે. તમારે ચગદાવાનો પ્રસંગ છે, કેમ કે તમે હાથીને પ્રાસ = અડેલા છો. જો 'હાથી નહીં અડેલાને મારે છે' એમ માનીએ તો તો દૂર ખસવાથી સર્યું. કેમકે હાથીને ત્રણ ભુવન (=ત્રણે ભુવનની વસ્તુઓ) અડકતું નથી. તેથી હાથી એ બધાને ચગદી નાંખે તેવી આપત્તિ છે.

વિદ્યાર્થી આમ વિકલ્પો કરી રહ્યો હતો, ત્યાં તો હાથીએ સૂંઢથી પકડ્યો. માંડ માંડ મહાવતે છોડાવ્યો. આમ તત્ત્વથી નિરપેક્ષ માત્ર વિકલ્પો કરે રાખવા એ જાતિપ્રાય છે, કુતર્ક છે. ॥૯૧॥

કિઞ્ચ-

સ્વભાવોત્તરપર્યન્ત, એષોઽસાવપિ તત્ત્વતઃ ।
નાર્વાગ્દૃગોચરો ન્યાયાદન્યથાઽન્યેન કલ્પિતઃ ॥૯૨॥

સ્વભાવોત્તરપર્યન્ત એષ-કુતર્કઃ અત્ર ચ વસ્તુસ્વભાવૈરુત્તરં વાચ્યમિતિ વચનાત્ । એવમગ્નિર્દ-

हत्यापः क्लेदयन्तीति स्वभाव एषामिति। **असावपि** स्वभावः **तत्त्वतः**-परमार्थेन **नार्वाग्दृग्गोचरो**-न छद्मस्थविषयः न्यायाद्-न्यायेन परप्रसिद्धेन। किम्भूतः सन्नित्याह-**अन्यथा**-प्रकारान्तरेण, **अन्येन**-प्रतिवादिना, **कल्पितः** सन्निति । तथाहि-अथ वस्तुस्वभावैरुत्तरं वाच्यमिति सर्वत्रैव तथा(न) तत्तत्सिद्धौ वक्तुं पार्यते। कथम्? येन तदर्थक्रियाकरणस्वभावस्तेन तां करोति न पुनः क्षणिकतया, तस्याः सर्वभावेष्वेवाभ्युपगमात्, यतः कुतश्चित्तदर्थक्रियाभावप्रसङ्गात्तन्निबन्धनाविशेषादिति। एवमग्निः क्लेदयत्यप्सन्निधौ तथाऽऽपो दहन्त्यग्निसन्निधौ तथास्वभावत्वादेव । स्वभाववैचित्र्यान्नात्रापि लोकबाधामन्तरेणाऽपरो वा स्वभावो, दृष्टान्तमात्रस्य सर्वत्र सुलभत्वात्। तदेवमसमञ्जसकारी कुतर्क इत्यैदम्पर्यम् ॥९२॥

કુતર્કનો છેડો સ્વભાવવાદ

વળી,

ગાથાર્થ : આ કુતર્ક પણ છેવટે 'સ્વભાવ' નામના ઉત્તર (=જવાબ) પર જઈ અટકે છે. વળી, ન્યાયવડે અન્ય-પ્રતિવાદીવડે ભિન્ન રીતે કલ્પાયેલો આ સ્વભાવ પણ છદ્મસ્થનો વિષય બની શકે તેમ નથી.

ટીકાર્થ : આ કુતર્ક 'સ્વભાવ' જવાબે અટકે છે, કેમ કે (ક્ષણિકવાદી બૌદ્ધોનું) વચન છે કે 'વસ્તુસ્વભાવોદ્વારા જવાબ આપવો' આમ 'અગ્નિ બાળે છે, અને પાણી ભીંજવે છે, કેમકે તેઓનો તેવો સ્વભાવ છે.' આ સ્વભાવ પણ પરમાર્થથી છદ્મસ્થનો વિષય નથી, પરમત પ્રસિદ્ધ ન્યાયથી, (કેવા પ્રકારનો કલ્પાયેલો આ સ્વભાવ? તે બતાવે છે-) પ્રતિવાદી દ્વારા અન્ય પ્રકારે કલ્પાયેલો આ સ્વભાવ. (અર્થાત્ પરમત માન્ય ન્યાયથી પરવાદીવડે અન્યપ્રકારે કલ્પાયેલો આ સ્વભાવ છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી.) તે આ પ્રમાણે - 'વસ્તુસ્વભાવો દ્વારા ઉત્તર કહેવો' એમ હોય, તો બધે જ તે રીતે-સ્વભાવને આગળ કરી તે તેની સિદ્ધિમાં કહેવું શક્ય છે. કેવી રીતે ? તે બતાવે છે - જેથી તે અર્થક્રિયા કરવાનો સ્વભાવ છે, તેથી તે અર્થક્રિયા કરે છે, નહિ કે ક્ષણિકતાથી, કેમકે ક્ષણિકતાનો તો બધા જ ભાવોમાં સ્વીકાર કર્યો હોવાથી કોઇ પણ વસ્તુમાંથી તે-તે અર્થક્રિયા થવાનો પ્રસંગ છે. (અર્થાત્ ગમે તે વસ્તુ ગમે તે અર્થક્રિયા કરવાની આપત્તિ છે.) આમ (સ્વભાવ જ કારણ ગણાવાથી) અગ્નિ તથા સ્વભાવથી પાણીની સંનિધિમાં ભીંજવે છે અને પાણી તથા સ્વભાવથી અગ્નિની સંનિધિમાં બાળે છે. કેમકે સ્વાભાવો વિચિત્ર હોય છે. (એમ પણ કહી શકાશે.) અહીં લોકબાધા સિવાય (બીજો કોઇ દોષ આપી શકાય નહીં.) અથવા બીજો સ્વભાવ પણ કલ્પી શકાય કેમકે દૃષ્ટાંતમાત્ર તો સર્વત્ર સુલભ છે. આમ કુતર્ક અસમંજસકારી છે. (કાર્ય-કારણભાવમાં અવ્યવસ્થા કરનારો છે.) આ તાત્પર્ય છે. ॥૯૨॥

વિવેચન : આ કુતર્ક પણ 'સ્વભાવ જ એવો છે' અંતે એવા ઉત્તમ પર જ અટકે છે, જેમકે 'અગ્નિ બાળે છે અને પાણી ભીંજવે છે' એમાં તે-તેનો તેવો સ્વભાવ જ કારણભૂત છે. પણ બીજાઓ અંતે જ્યારે સ્વભાવનો આશરો લે છે, ત્યારે પણ તેઓ જે સ્વભાવ કલ્પે છે, તે ન્યાયસંગત નથી, કેમકે આ સ્વભાવ પણ હકીકતમાં છદ્મસ્થનો વિષય બની શકતો નથી. જૂઓ - વસ્તુના તે-તે સ્વભાવને જ આગળ કરી ઉત્તર આપવાનો હોય, તો તો તે-તે કાર્યકારણભાવ આદિની સિદ્ધિ 'બસ, આ તો તેનો તેવો સ્વભાવ છે, માટે આમ થયું' આ એક જ ઉત્તરથી થઈ શકે. અને સર્વત્ર આ એક જ ઉત્તર માસ્ટર કીનું કામ કરે.

'તો ભલેને એ રીતે ઉત્તર અપાય વાંધો શો છે ?' એવી શંકાનું સમાધાન એ છે કે તો સર્વત્ર વસ્તુનો તે-તે અર્થક્રિયા કરવાનો સ્વભાવ હોવાથી વસ્તુ તે-તે કાર્ય કરે છે એમ કહેવાશે. હવે જોવાની

વાત એ છે કે સ્વભાવવાદી બૌદ્ધો સર્વત્ર કાર્યકારણભાવ માટે ક્ષણિકતાને આગળ કરવાની ના પડે છે. કેમકે ક્ષણિકતા તો સર્વત્ર સમાનતયા સ્વીકારી હોવાથી એ રૂપે તો બધી જ પાણી-અગ્નિવગેરે વસ્તુ સમાન બની જવાની. પછી પાણી-અગ્નિની જૂદી જૂદી અર્થક્રિયાકારિતા ક્યાંથી આવશે ? ગમે ત્યાંથી ટપકી પડી, એમ કહેવાનો પ્રસંગ જ ઊભો રહેશે, કેમકે ક્ષણિકતા નામનું કારણ તો અગ્નિ-પાણી વગેરે બધામાં જ સમાન છે. તો દૃષ્ટાંતોના આધારે સ્વભાવવાદ માનવામાં પણ એવી જ આપત્તિ છે કે કેમકે સ્વભાવોની વિચિત્રતાથી તથા સ્વભાવથી જ પાણીની હાજરીમાં અગ્નિ ભીંજવશે અને અગ્નિની હાજરીમાં પાણી બાળશે, એમ કહેવાની પણ આપત્તિ આવશે. એ જ પ્રમાણે દૃષ્ટાંતો તો સર્વત્ર સુલભ હોવાથી અન્ય સ્વભાવ પણ કલ્પી શકાય. જેમ કે સમાન ક્ષણિક પાણી અને કીચડની ઉત્તર ક્ષણો કીચડ અને પાણીરૂપ માની 'પાણી ડાઘ લગાડે છે અને કીચડ ડાઘ સાફ કરે છે' એમ પણ સ્વભાવગત વિચિત્રતાને આગળ કરી કહી શકાશે. આ બધે સ્થળે તેવા-તેવા સ્વભાવો કલ્પી લેવામાં લોક બાધ (લોકવ્યવહારથી આવતી આપત્તિ) સિવાય બીજું કોણ વાંધો ઉઠાવશે ? આમ માત્ર દૃષ્ટાંતના આધારે કુતર્ક લડાવવો એ માત્ર અસમંજસતા જ ઊભી કરે છે. ॥૯૨॥

અમુમેવાર્થં વિશેષેણાભિધાતુમાહ-

અતોઽગ્નિઃ ક્લેદયત્યમ્બુસન્નિધૌ દહતીતિ ચ।
અમ્બ્વગ્નિસન્નિધૌ તત્સ્વાભાવ્યાદિત્યુદિતે તયોઃ ॥૯૩॥

યતો નાર્વાગ્દૃગ્ગોચરોઽધિકૃતસ્વભાવઃ **અતઃ**-અસ્માત્કારણાદ્ **અગ્નિઃ ક્લેદયતિ,** અધ્યક્ષવિરોધ-પરિહારાયાહ **અમ્બુસન્નિધૌ** ઇતિ। **દહતિ ચાઽમ્બુ,** ન પ્રતીતિબાધેત્યાહ-**અગ્નિસંનિધૌ** ઇતિ। કિમિત્યેતદેવ-મિત્યાહ-**તત્સ્વાભાવ્યાત્તયોઃ**-અગ્ન્યમ્બુનોરિતિ **ઉદિતે** સત્યપિ પરવાદિના ॥૯૩॥

આ જ વાતને વિશેષથી સમજાવતા કહે છે-

ગાથાર્થ : તેથી 'પાણીની હાજરીમાં અગ્નિ ભીંજવે છે, અને અગ્નિની હાજરીમાં પાણી બાળે છે, કેમ કે તે બેનો તેવો સ્વભાવ છે.' આ પ્રમાણે કહેવાયે છતે....

ટીકાર્થ : આમ પ્રસ્તુત સ્વભાવ છદ્મસ્થના જ્ઞાનનો વિષય ન હોવાથી જ પરવાદીવડે એમ કહેવાય કે 'અગ્નિ ભીંજવે છે' અહીં સ્પષ્ટ દેખાતો પ્રત્યક્ષવિરોધ ટાળવા એટલું ઉમેરે કે 'પાણીના સંનિધાનમાં' (અર્થાત્ પાણી સમીપે હોય, તો અગ્નિ ભીંજવે છે) એ જ પ્રમાણે 'પાણી બાળે છે' અહીં પ્રતીતિબાધા ટાળવા કહે - 'અગ્નિની સંનિધિમાં' (અર્થાત્ અગ્નિના સંનિધાનમાં પાણી બાળે છે) આમ કેમ ? તો કારણ આપે કે અગ્નિ અને પાણીનો ક્રમશઃ તેવો સ્વભાવ છે માટે. આમ પરવાદી કહે ત્યારે... ॥૯૩॥

વિવેચન : આમ તો અગ્નિ ભીંજવે એ વાતમાં પ્રત્યક્ષવિરોધ છે, તો પાણી બાળે એમાં પણ પ્રતીતિબાધા છે. પણ એવું બને કે કોઈ ઘરમાં આગ લાગી છે, અને પાણી છંટાઈ રહ્યું છે. તે વખતે તે-તે વસ્તુનો તે-તે સ્વભાવ છાદ્મસ્થિક જ્ઞાનનો વિષય ન હોવાથી બીજો વાદી છદ્મસ્થ જીવને એમ કહે કે તથાસ્વભાવથી જ 'અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે' હવે કોઈ એમાં પ્રત્યક્ષનો વિરોધ ન દર્શાવે એટલા માટે પાણીની હાજરીમાં તથાસ્વભાવથી જ અગ્નિ ભીંજવે છે અને અગ્નિની હાજરીમાં તથાસ્વભાવથી જ પાણી બાળે છે' એમ કહે ત્યારે....

કિમિત્યાહ-

કોશપાનાદૃતે જ્ઞાનોપાયો નાસ્ત્યત્ર યુક્તિતઃ ॥
વિપ્રકૃષ્ટોઽપ્યયસ્કાન્તઃ સ્વાર્થકૃદ્ દૃશ્યતે યતઃ ॥૯૪॥

કોશપાનાદૃતે-કોશપાનં વિના, **જ્ઞાનોપાયો**

नास्त्यत्र-स्वभावव्यतिकरे, **युक्तितः**-शुष्कतर्क-युक्त्या, कश्चिदपरो दृष्टान्तोऽप्यस्यार्थस्योपोद्बलको विद्यते न वेत्याह-**विप्रकृष्टोऽप्ययस्कान्तः**-लोहाकर्ष उपलविशेषः, **स्वार्थकृत्**-लोहाकर्षादिस्वकार्य-करणशीलः, **दृश्यते यतः** लोके, स हि विप्रकृष्ट एव न सन्निकृष्टः, लोहमेव न ताम्रादि, आकर्षत्येव न कर्त-यति, तदित्थमस्येवाग्न्यादीनां तथास्वभावकल्पनं केन बाध्यते ? न केनचिदिति भावनीयम् ॥९४॥

शुं थाय ?.... ते कहे छे.....

स्वभावमां निर्णायक सोगंद

गाथार्थ : अहीं कोशपान = सोगंद सिवाय युक्तिथी ज्ञानोपाय नथी, केमके दूर रहेलुं पण लोहचूंबक पोतानुं कार्य करतुं देखाय छे.

टीकार्थ : स्वभावना प्रसंगमां कोशपान-सोगंद सिवाय शुष्कतर्कयुक्तिथी ज्ञानोपाय नथी. आ अर्थनुं उपोद्बलक = समर्थक बीजुं कोई दृष्टांत छे के नहीं ? तेनी शंका अंगे कहे छे - लोहचूंबक-(पथ्थरविशेष) लोकमां स्वार्थकृत् = पोतानुं लोखंडने आकर्षवारूप कार्य करतुं देखाय छे. जेम लोकमां दूर रहेलुं ज - नहीं के नजीक रहेलुं लोहचूंबक लोखंडने ज - नहीं के तांबावगेरेने आकर्षे ज छे - नहीं के कापे छे. आ ज प्रमाणे अग्निवगेरेनो पण तेवो स्वभाव कल्पवामां कोण बाधक बनी शके ? अर्थात् कोई नहीं.

विवेचन : आम परवादीओ कोई पण दृष्टांतने लई कोई पण स्वभावनी कल्पना करे, तो त्यां अमुक ज स्वभाव छे, ने अमुक नथी ज. एवो निर्णय केवी रीते थशे ? कारण के स्वभावनो निर्णय करी शके, तेवुं विशिष्ट - अतीन्द्रिय ज्ञान हाजर नथी, ने दरेकने पोते कल्पेला स्वभावने पुष्ट करतुं दृष्टांत मळी जाय छे. प्रस्तुतमां ज अग्निना पाणीनी हाजरीमां भींजववाना स्वभावनी अने पाणीना अग्निनी हाजरीमां बाळवाना स्वभावनी वात क्यांक अग्नि अने पाणीनी साथे हाजरी जोवा मात्रथी कल्पी लेवाई. हवे खरेखर आवो स्वभाव छे के नहीं, ते केवी रीते नक्की थशे ? अहीं शुष्क तर्कयुक्तिओथी तो निर्णय थई शके तेम नथी, केमके वात स्वभावनी छे. अने स्वभावो तो विचित्र होई शके छे. तेथी छेवटे सोगंद पर जईने वात अटके छे. 'भाई, तुं आ जे स्वभाव कहे छे ते खरेखर ज छे, ते सोगंद खाईने कहे !' ज्यां तत्त्वनिर्णय करवानो होय, त्यां आ रीते सोगंद खाईने निर्णय करवो शिष्टसंमत नथी. स्वभावनी विचित्रता साधक - अने तेथी गमे ते स्वभाव होवानी सिद्धि करी शकाय तेवा तर्कनुं समर्थक बीजुं पण दृष्टांत छे - जुओ, लोहचूंबक दूर रहीने पण मात्र लोखंडने ज आकर्षे छे. अहीं स्वभावनी विचित्रता जुओ - (१) मात्र लोहचूंबक ज, बीजा पथराओ नहीं, (२) दूर रहीने पण - नजीक होवानी जरूरत नहीं (३) लोखंडने ज - धातु तरीके रहेला तांबा वगेरेने नहीं अने (४) मात्र आकर्षे ज. - कापवा वगेरेनी क्रिया न करे. अहीं लोहचूंबकनी ज आवी विचित्र अर्थक्रिया - कारितामां कोण कारण? कहो, के तेनो तेवो स्वभाव. बस, आ ज दृष्टांतथी सिद्ध थाय छे, के वस्तुओनो कोई पण प्रकारनो विचित्र स्वभाव संभवी शके छे, माटे ज अग्नि पाणीनी हाजरीमां भींजवे के पाणी अग्निनी हाजरीमां बाळे एवा स्वभावनी कल्पना करवामां पण कोई वांधो नथी. ॥९४॥

कुतर्को दृष्टांतप्रधान

उपसंहरन्नाह-

दृष्टान्तमात्रं सर्वत्र यदेवं सुलभं क्षितौ ।
एतत्प्रधानस्तत्केन स्वनीत्यापोद्यते ह्ययम् ॥९५॥

दृष्टान्तमात्रं साध्ये वस्तुनि लोकप्रतीतिबाधितं-(ते?) **सर्वत्राऽविशेषेण यदेवं**-उक्तनीत्या **सुलभं क्षितौ**-पृथिव्याम्। **एतत्प्रधानोऽयं** कुतर्कः, **केनापो-द्यते** बाध्यते, न केनचित्, स्वनीति-विरोधादित्यर्थः ॥९५॥

ઉપસંહાર કરતાં કહે છે -

ગાથાર્થ : આમ જેથી પૃથ્વીપર બધે જ દૃષ્ટાંતમાત્ર સુલભ છે. તેથી દૃષ્ટાંતપ્રધાન આ કુતર્ક કોના વડે સ્વનીતિથી બાધિત કરાય ?

ટીકાર્થ : સાધ્ય વસ્તુના વિષયમાં (પૃથ્વીપર બધે જ અવિશેષરૂપે) લોક-પ્રતીતિથી બાધિત થતું દૃષ્ટાંતમાત્ર તો ઉપરોક્ત કહેલી નીતિથી તો મળવું સુલભ જ છે. તેથી આવા દૃષ્ટાંતને આગળ કરી કરાયેલો કુતર્ક કોના વડે બાધિત કરાય ? અર્થાત્ કોઇના વડે બાધિત નહીં કરાય, કેમકે એમાં સ્વનીતિનો વિરોધ આવે છે. ॥૯૫॥

વિવેચન : 'બે પાટા ભેગા થતાં દેખાવા' વગેરે દૃષ્ટાંતો લોકસિદ્ધ વાતોથી વિરુદ્ધ છે. અથવા જે વાત સિદ્ધ કરવી છે, તે વાત લોક- પ્રતીતિથી વિરુદ્ધ હોય, છતાં તે વિષય-વાત અંગે પણ જગતમાં દૃષ્ટાંતો મળી જ રહેવાના. જેમ સદ્વસ્તુવિષયક દૃષ્ટાંતો મળી જવા સુલભ છે, તેમ અસદ્વસ્તુ-વિષયક પણ દૃષ્ટાંત મળી જાય. હવે જેઓ સિદ્ધાંતને અનુરૂપ દૃષ્ટાંત નહીં, પણ દૃષ્ટાંતને અનુરૂપ સિદ્ધાંતમાં માને છે, તેઓ તો ગમે તે દૃષ્ટાંત પકડી ગમે તેવો કુતર્ક લગાડી ગમે તેવો સિદ્ધાંત બાંધી દેશે. પછી આવા કુતર્ક કે સિદ્ધાંતને કોઇ અટકાવી શકે નહીં, કેમકે બધાની-બધા જ પરવાદીઓની આવી જ નીતિ રહી છે. પોતે જે રીતે પોતાનો તર્ક લગાડે, એ જ રીતે બીજો પણ તર્ક લગાડે તો 'આવા ભાઈ હરખા, આપણે બે સરખા'ની જ વાત રહે ! વિરોધ કેવી રીતે કરી શકે? આમ દૃષ્ટાંત પ્રધાન કુતર્કથી ગમે-તે સિદ્ધાંત બાંધી દેવાની ભયંકર અવ્યવસ્થા ઊભી થશે. ॥૯૫॥

इहैव दृष्टान्तमाह-

द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थितः ।
निरालम्बनतां सर्वज्ञानानां साधयन् यथा ॥९६॥

द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थित इति निदर्शनं-उदाहरणमेतत्सामर्थ्योपजातः। **निरालम्बनतां**-आलम्बनशून्यतां, **सर्वज्ञानानां**-मृगतृष्णिका-जलादिगोचराणाम् अविशेषेण सामान्येन, **साधयन् यथा** केनापोद्यते ? ॥९६॥

આ જ વાતના સમર્થનમાં દૃષ્ટાંત આપે છે -

ગાથાર્થ : જેમ કે દ્વિચન્દ્ર-સ્વપ્ન વિજ્ઞાન દૃષ્ટાંતોના બળપર ઉત્થાન પામેલો અને બધા જ જ્ઞાનોની નિરાલંબનતા સિદ્ધ કરતો (બૌદ્ધ કોના વડે નિવારાય ?)

ટીકાર્થ : દ્વિચંદ્ર અને સ્વપ્નવિજ્ઞાન.... આ બે દૃષ્ટાંત-ઉદાહરણ છે. આના સામર્થ્યથી ઉદ્ભવેલો અને મૃગતૃષ્ણા-મૃગજળના પાણી વગેરેને વિષય બનાવતાં બધા જ્ઞાનોની અવિશેષથી-સામાન્યથી નિરાલંબનતા સિદ્ધ કરતો (બૌદ્ધ) કોના વડે અટકાવાય ?

વિજ્ઞાનવાદની અયોગ્યતા

વિવેચન : બૌદ્ધદર્શનમાં ચાર મત છે. તેમાં વિજ્ઞાનવાદી યોગાચારમતવાળા કહે છે - આ જગત માત્ર વિજ્ઞાનમય છે. માત્ર વિજ્ઞાન જ સત્ છે. સત્યરૂપ છે. અને તે પણ ક્ષણિક છે. એક ક્ષણ રહેવાના સ્વભાવવાળું છે. વિજ્ઞાનને છોડી બાહ્ય ઘડાવગેરે બીજી કોઇ નિત્ય કે અનિત્ય વસ્તુ આ જગતમાં નથી. અહીં એ વિજ્ઞાનવાદી બૌદ્ધ-પૂર્વપક્ષ પ્રત્યે પ્રશ્ન થાય - જ્ઞાનનો સ્વભાવ અર્થને ગ્રહણ કરવાનો છે - ઘડાવગેરે બાહ્ય વસ્તુઓને વિષય બનાવી ઉત્પન્ન થવાનો છે. જો હવે બાહ્ય ઘટવગેરે વસ્તુ જ ન હોય, તો જ્ઞાન કોને વિષય બનાવી ઉત્પન્ન થશે? અને 'આ લાલ રંગ' 'આ લીલો રંગ' એવા ભિન્ન-ભિન્ન પ્રકારના બોધ કેવી રીતે થશે ?

પૂર્વપક્ષ : અહીં વસ્તુનો નહીં, જ્ઞાનના આકારનો બોધ થાય છે. 'આ લાલ' 'આ લીલું' એવો બોધ બહાર વસ્તુની ઉપસ્થિતિ સૂચવતો

નથી. કેમકે આ તો જ્ઞાનના જ જૂદા-જૂદા આકારો છે. અને જ્ઞાનના આકારો જ્ઞાનરૂપ જ છે. તેથી 'આ લીલું' વગેરે પણ માત્ર જ્ઞાનરૂપ જ છે. બહાર તેવી વસ્તુરૂપ નથી.

ઉત્તરપક્ષ : જો બહાર લીલી-પીળી એમ ભિન્ન-ભિન્ન વસ્તુ ન હોય, તો જ્ઞાનના પણ 'આ લીલું' 'આ પીળું' એમ ભિન્ન-ભિન્ન આકાર પણ કેવી રીતે સંભવે ? અર્થાત્ બહાર વિવિધ ભિન્ન-ભિન્ન વસ્તુઓ ન હોય, અને માત્ર જ્ઞાન જ હોય, તો જ્ઞાન તો એકરૂપ-એકાકાર જ હોવાનું, કેમ કે જ્ઞાનમાં ભેદ એના વિષયોમાં પડતાં ભેદના કારણે છે. દા.ત. કોઁક ઘડાનો લાલ રંગ જોયો, તો તેને 'આ લાલ છે' એમ બોધ થશે. અને કોઁકે ઘાસની લીલાશ જોઇ, તો તેને 'આ લીલું છે.' એમ બોધ થવાનો. પણ બહાર ઘડો કે ઘાસ કશું હોય જ નહીં. તો 'આ લાલ' 'આ લીલું' એવો ભિન્ન-ભિન્ન આકારનો બોધ થશે કેવી રીતે ?

પૂર્વપક્ષ : બહાર તો કશું જ નથી. છતાં વિજ્ઞાનના આકારોમાં જે ભેદ પડે છે, તે માત્ર વાસનાઓના કારણે છે. ભિન્ન-ભિન્ન વાસનાઓથી જ્ઞાન એકરૂપ હોવા છતાં ભિન્ન-ભિન્ન આકારવાળું ભાસે છે.

ઉત્તરપક્ષ : અમને વસ્તુઓ ભિન્ન-ભિન્ન ભાસે છે, પણ ભિન્ન-ભિન્ન વાસનાઓ દેખાતી-ભાસતી નથી, પછી એ વાસનાઓ માનવી કેવી રીતે ?

પૂર્વપક્ષ : જેવું જેવું દેખાય છે, તેવું તેવું દેખાવા પાછળ તે-તે વાસના જ કામ કરે છે. એટલે કે તે-તે સ્થળે તેવી તેવી વાસનાઓ માની લેવાની.

ઉત્તરપક્ષ : આમાં તો અન્યોન્યાશ્રય જેવી વાતો છે. જે હકીકતમાં દેખાય છે, તે માટે બધાને ન દેખાતી-અદશ્ય વાસનાઓને કલ્પી લેવાની, અને તેવી તેવી અદશ્ય વાસનાઓ કેમ છે ? તો તેમાં તેવું-તેવું બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે તે કારણ માની લેવું. એટલે આમાં કોઇ ચોક્કસ જવાબ મળતો ન હોવાથી આ ઉત્તર જાતિ- વિકલ્પ સમાન છે. કારણ કે બાહ્ય ચીજ આલગ વસ્તુ છે, અને આત્માને થતું જ્ઞાન અલગ વસ્તુ છે. આ બાહ્ય ચીજ-અર્થ છે, તો તેને વિષય બનાવી જ્ઞાન થાય છે. તેથી બંનેને એક માની લેવા ઠીક નથી. વળી, જો બાહ્ય ચીજ ન જ હોય, તો જેના અંગે નીલ એવું જ્ઞાન થાય છે. એ નીલ ચીજ કે જેના માટે 'આ પાણી' એવું જ્ઞાન થાય છે તે પાણી હાથમાં આવે કેવી રીતે ? નીલ ચીજ કે પાણી જેવી કોઇ બાહ્ય ચીજ હોય જ નહીં, તો તે હાથમાં આવી પણ શકે નહીં. અને પાણી ઇચ્છીએ ત્યારે પાણી જ હાથમાં આવે છે, માટી નહીં... એ અનુભવસિદ્ધ વાત છે.

પૂર્વપક્ષ : આ જ્ઞાનાત્મક સ્વભાવો છે. તેથી જળના બોધ વખતે જળનો અનુભવ થાય છે.

ઉત્તરપક્ષ : આ વળી નવો જાત્યુત્તર. વાસનાની કલ્પના કરી. હવે સ્વભાવપર આવ્યા. આમ જો અંતે તમારે સ્વભાવ સ્વીકારવો જ છે, તો વસ્તુના અસ્તિત્વને અને નિત્યત્વને પણ વસ્તુના સ્વભાવતરીકે સ્વીકારી લ્યો.

ટૂંકમાં બૌદ્ધોએ ક્ષણિક વિજ્ઞાનવાદની કલ્પના કરી બીજાઓએ ઉઠાવેલા પ્રશ્નોના જવાબ જે ઉટાંગ-પટાંગ આપ્યા છે, એ બધા જાતિઉત્તર ગણાય. વસ્તુ સ્થિર દેખાતી-અનુભવી શકાતી હોવા છતાં દીવાની જ્યોતને દષ્ટાંત બનાવી બધી જ વસ્તુને ક્ષણિક માની છે. અને દીવાની જ્યોતની જે મ સર્વત્ર સ્થિરતા-નિત્યતાને બોગસ-અવિદ્યા-ભ્રાન્તિરૂપ માની છે. આમ એકાદ દષ્ટાંતના બળે આખી દુનિયાને હંકારવા જતાં એકાંત અનિત્યવાદી બૌદ્ધોએ ઘણી ખોટી કલ્પનાઓ કરે રાખી છે. અને તેને સાચી ઠેરવવા

જાતિઉત્તરો આપે છે. જેમ કે આત્મા-આત્માનું જ્ઞાન આ બંને માત્ર એક જ ક્ષણ ટકે, તેથી કાર્યકારણભાવનું જ્ઞાન ક્યારે થાય ? અને એ મુજબ કારણદ્વારા કાર્ય ક્યારે કરવાનું ? આવા અનેક પ્રશ્નો ઉઠે, ત્યાં તેઓ સ્વભાવવાદને આગળ કરી જવાબો આપવા પ્રયત્ન કરે છે. જે જાતિ ઉત્તરરૂપ બની રહે છે. અને પછી પોતાની વાત સાચી ઠેરવવા સોગંદ આપવા સિવાય બીજો કોઇ વિકલ્પ બચતો નથી.

આમ આખો વિજ્ઞાનવાદ કુતર્ક પર ઊભો છે... સ્વપ્ન દેખાતું હોવા છતાં એમાંની કોઇ વસ્તુ હકીકતમાં હોતી નથી - આ એક દૃષ્ટાંતપર આખા જગતને મિથ્યા કહેવાની ચેષ્ટા યુક્તિયુક્ત કેવી રીતે ગણાય ? આ તો એના જેવી વાત થઇ કે દૂધ બિલાડી ચાટી ગઇ. તેથી એ દૂધમાંથી દહીં બન્યું નહીં, તે મુદ્દાને આગળ કરી કોઇ એમ કહે કે દૂધમાંથી દહીં બનતું નથી. જો બનતું હોત, તો બિલાડી ચાટી ગયેલા દૂધમાંથી પણ દહીં બનવું જોઇતું હતું. તે બનતું દેખાતું નથી. માટે નક્કી થાય છે કે દૂધમાંથી દહીં બને નહીં.' 'પણ દૂધમાંથી દહીં બનતું દેખાય છે, તેનું શું ?' આવી શંકાનો એમનો જવાબ એ છે કે એ જે દેખાય છે, તે ભ્રાન્તિ છે. જેમ કે સ્વપ્ન દેખાય છે. તો તે ભ્રાન્તિ છે. આ રીતે કુતર્કો કરીને દૂધમાંથી દહીં બને-દૂધમાં દહીં બનવાનો સ્વભાવ છે. આ વાતને બિલાડી દૂધ ચાટી ગઇ એટલા દૃષ્ટાંતના કુતર્કથી ઉડાવનારો જેમ હાસ્યાસ્પદ છે, એમ સપનાના દૃષ્ટાંતથી આખા જગતને મિથ્યા કહેવાનો સિદ્ધાંત હાસ્યાસ્પદ છે.

વળી વિજ્ઞાનવાદીઓ દૃષ્ટાંત મુકે છે ઊંઘમાંથી ઉઠનારની આંખે પોપડા બાઝેલા હોય, ઝાંખપ હોય ત્યારે આકાશમાં બે ચન્દ્ર દેખાય, કે મોતિયાવાળાને ઘણા ચંદ્રો દેખાય છે. અહીં એક સિવાયના બીજા કે ઘણા ચંદ્રોનું દર્શન વસ્તુ ન હોવા છતાં થાય છે. આમ નક્કી થાય છે કે વસ્તુના જ્ઞાનમાટે વસ્તુ હોવી જરૂરી નથી. એટલે કે આ જગતમાં માત્ર જ્ઞાન જ છે. જ્ઞાનના વિષય બનતા પદાર્થો નથી. જેમકે બે ચંદ્રનું જ્ઞાન સત્ છે, પણ બે ચંદ્ર રૂપી પદાર્થો સત્ નથી.

વિજ્ઞાનવાદીની આ વાત પણ વાહિયાત છે. કેમકે સાચું જ્ઞાન-દર્શન કે ભ્રાન્ત જ્ઞાન-દર્શન પણ થાય છે, તો સત્ વિષયને આશ્રીને જ. કોઇને ડીત્થ-ડવિત્થ જેવા સર્વમાન્ય અસત્ પદાર્થને આશ્રયીને જ્ઞાન થતું નથી. જો ચંદ્ર નામનો પદાર્થ જ જગતમાં ન હોત, અથવા પૂર્વે ક્યારેય ચંદ્ર નામના પદાર્થને આશ્રયીને સાચું દર્શન-કે જ્ઞાન થયું જ નહોત, તો બે ચંદ્ર વગેરેરૂપે ચંદ્રનું ભ્રાન્તજ્ઞાન પણ થાત નહીં.

વળી જો વિષય જ ન હોય, તો અર્થાત્ વિષયભૂત વસ્તુઓ અસત્ હોય, તો એને વિષય બનાવતું જ્ઞાન કેવી રીતે સત્ હોઇ શકે ? એટલે જ્ઞાનને પણ અસત્ જ માનવું પડે. અને જો અસત્ વસ્તુઓને વિષય બનાવતું જ્ઞાન સત્ હોય, અર્થાત્ વિષયરૂપી આધાર-આલંબન વિનાનું જ્ઞાન પણ જો સાચું હોય, તો સર્વં સર્વાત્મકમ્-બધું જ બધારૂપે બની જશે. એટલે કે દૂર પડેલા દૂધની બોટલના ચમકતા બૂચને કોઇ નકામા બૂચ તરીકે જ્ઞાત કરે ને કોઇ ચાંદી તરીકે જ્ઞાત કરે, તો બંનેનું જ્ઞાન એકસરખું જ માનવું પડશે કેમકે બંને અસત્ પદાર્થોને જ વિષય બનાવે છે. આમ દરેક વસ્તુઅંગે બધા જ પ્રકારના જ્ઞાન સંભવી શકશે અને એ બધા જ જ્ઞાન અસત્ વસ્તુપર જ અવલંબિત હોવાથી એકસરખા માનવા પડશે અને એ પ્રમાણે પ્રવૃત્તિઓ થવાથી સર્વત્ર વ્યવહારગરબડના લોચા વળશે. તમને જમવામાં કાંકરી મળે તો પણ ગોળનું જ્ઞાન કરી સ્વાદ અનુભવી શકશો ! નિષ્કર્ષ, આ વિજ્ઞાનવાદ માત્ર જાતિપ્રાયઃ છે.

એ જ પ્રમાણે સર્વં ક્ષણિકં પણ કલ્પનામાત્ર

છે. બધું જ જો એકાંત ક્ષણિક જ હોય, તો જમશો શા માટે ? 'ભૂખ લાગે છે માટે' એ જવાબ ન આપશો કેમકે ભૂખ જે ક્ષણાત્મ જીવને લાગે છે, તે તો બીજી ક્ષણે નષ્ટ છે. વળી ખાધેલું પણ ક્ષણિક છે-નષ્ટ છે. પછી એનો અર્થ શો? આમ વ્યવહારમાં પણ ક્ષણિકવાદ ઊભો રહી શકે તેમ નથી.

નિરર્થક કુતર્કો અતીન્દ્રિયાર્થો માટે અનુપયોગી

न चैवं तत्त्वसिद्धिरित्याह-

सर्वं सर्वत्र चाप्नोति यदस्मादसमञ्जसम् ।
प्रतीतिबाधितं लोके तदनेन न किञ्चन ॥९७॥

सर्वं निरवशेषं साध्यमिति प्रक्रमः **सर्वत्र** च सर्वत्रैव वस्तुनि, प्राप्नोति **यदस्मात्**-कुतर्कात्, **असमञ्जसं**-अतिप्रसङ्गेन **प्रतीतिबाधितं लोके** तथाविधदृष्टान्तमात्रसारं, **तदनेन न किञ्चन** कुतर्केण ॥९७॥

આ પ્રમાણે તો તત્ત્વસિદ્ધિ થઇ જ ન શકે, એ બતાવે છે -

ગાથાર્થ : જેથી આ કુતર્કથી તો સર્વત્ર લોકમાં પ્રતીતિબાધિત બધું જ અસમંજસ પામે છે. તેથી આ કુતર્કથી કશું સરતું નથી.

ટીકાર્થ : सर्व - પ્રસ્તુતમાં નિરવશેષ સાધ્ય. તેવા પ્રકારના દૃષ્ટાંતમાત્ર જેમાં સારભૂત છે તેવા આ કુતર્કથી લોકપ્રતીતિબાધિત જ બધું બધે સિદ્ધ થતું હોવાથી અતિપ્રસંગના કારણે માત્ર અસમંજસ જ પ્રાપ્ત થાય છે. તેથી આ કુતર્કથી કશું પ્રયોજન સરતું નથી.

વિવેચન : આ કુતર્કો કોઇ પણ તત્ત્વની સિદ્ધિ કરી શકે તેમ નથી. કેમકે, માત્ર દૃષ્ટાંતપર જ ઊભો હોવાથી એનાથી તો લોક પ્રતીતિબાધિત અને સર્વત્ર અતિપ્રસંગસર્જક અવ્યવસ્થા જ નિર્મિત થાય છે. આમાં તો દરેકની ઇચ્છા જ તંત્ર બની રહે. સાકર ખારી કેમ ? તો કે, દાળમાં સાકર નાંખવા છતાં દાળ ખારી લાગે છે માટે... દાળમાં મીઠું જેટલા પ્રમાણમાં નાંખ્યું, તેના કરતાં વધુ પ્રમાણમાં સાકર નાંખી છે. અને દાળ ખારી થઇ છે. આ દૃષ્ટાંતથી નક્કી થાય છે કે સાકર ખારી છે. અને એમાં તેનો તેવો સ્વભાવ કારણભૂત છે. હવે આમાં કેવી ગરબડ સર્જાઇ જાય ? તત્ત્વસિદ્ધિને બદલે અતત્ત્વસિદ્ધિ જ થાય ને !

इतश्चैतदेवमित्याह-

अतीन्द्रियार्थसिद्ध्यर्थं यथाऽऽलोचितकारिणाम् ।
प्रयासः शुष्कतर्कस्य न चासौ गोचरः क्वचित् ॥९८॥

अतीन्द्रियार्थसिद्ध्यर्थं-धर्मादिसिद्ध्यर्थमित्यर्थः। **यथालोचितकारिणां**-प्रेक्षावतां, **प्रयासः**-प्रवृत्त्युत्कर्षः, **शुष्कतर्कस्याधिकृतस्य, न चासावतीन्द्रियोऽर्थो गोचरो**-विषयः **क्वचिदिति** ॥९८॥

આ બાજૂ આ વાત આ જ પ્રમાણે છે - તે બતાવે છે.

ગાથાર્થ : પ્રેક્ષાવાન પુરુષોનો પ્રયાસ અતીન્દ્રિય અર્થોની સિદ્ધિ માટે હોય છે. અને આ અતીન્દ્રિયઅર્થો ક્યારેય શુષ્કતર્કના વિષય બનતા નથી.

ટીકાર્થ : યથાલોચિતકારી - વિચાર મુજબ આચરણ કરવાવાળા પ્રેક્ષાવાન પુરુષો ધર્મવગેરે અતીન્દ્રિયપદાર્થોની સિદ્ધિ માટે જ. ઉત્કર્ષવાળી પ્રવૃત્તિ કરે છે. અને પ્રસ્તુતમાં ચર્ચિત શુષ્કતર્કના વિષય કદાપિ આ અતીન્દ્રિય પદાર્થો બની શકતા નથી.

વિવેચન : આમ વિજ્ઞાનવાદી બૌદ્ધોના બધા તર્કો યુક્તિપૂર્ણ ન હોવાથી કુતર્કો છે, આ જ પ્રમાણે બધા પરદર્શનકારોના સિદ્ધાંતો કો'ક કો'ક દૃષ્ટાંતનો આધાર લઇ કુતર્કો પર રચાયા હોવાથી જાતિપ્રાયઃ છે.

આ પરદર્શનકારો મહત્ત્વની થાપ ત્યાં ખાય છે કે જે અતીંદ્રિયપદાર્થો છે, એનો નિર્ણય કાં તો કેવળજ્ઞાનરૂપ પ્રત્યક્ષજ્ઞાનથી થાય, કાં તો એ

કેવળજ્ઞાનીએ કહેલા આગમને સ્વીકારવાથી થાય, ત્યાં એ બંને છોડી દેખાતા કોઈક દૃષ્ટાંતને પોતાની મતિથી કે તર્ક-અનુમાનથી સમજવા જાય, તો થાપ ખાવાનો જ અવસર આવે.

કર્મ-આત્મા જેવા પદાર્થો કેવળજ્ઞાની જેવા વિશિષ્ટ જ્ઞાનીઓને છોડી બીજાઓમાટે પ્રત્યક્ષ નથી - અતીન્દ્રિય છે. દૂધમાં ઘી હોવા છતાં જેમ આંખે દેખાતું નથી, તેમ આવા પદાર્થો પણ આંખે દેખાતા નથી.

પ્રશ્ન : પણ દૂધમાં તેવા પ્રકારની પ્રક્રિયા કરવાથી તૈયાર થતું ઘી દેખાય છે, માટે દૂધમાં ઘી છે, તેમ ન દેખાવા છતાં માની શકાય છે.

ઉત્તર : આ જ પ્રમાણે આરાધનાની પ્રક્રિયાથી જ્ઞાનાવરણીયકર્મો છૂટવાથી કેવળજ્ઞાન દ્વારા નિર્મળ આત્માના દર્શન થાય છે. અને એ રીતે આત્માને ઉપલબ્ધ કરનાર મહાપુરુષો જ પછી કહે છે કે આ દેહમાં આત્મા છે. ત્યારે આપણે એ આગમવચન પર શ્રદ્ધા રાખી આત્મતત્ત્વવગેરે તત્ત્વો માનવા જોઇએ. એમાં દેખાડવાની કે બતાવવાની વાત ન હોય. હા, એવો તર્ક લગાડી શકાય, કે જોનાર અને સાંભળનાર આંખ કે કાન નથી, તો એ બંનેથી અન્ય કોઈક ત્રીજું હોવું જોઇએ. કેમ કે ઘણીવાર એવો અનુભવ થાય છે કે 'જે હું જોનાર છું, તે જ હું સાંભળનાર પણ છું' આંખ કે કાન સ્વતંત્રરૂપે આવો બોધ કરવા સમર્થ નથી.

પ્રશ્ન : આંખ - જો જોનારી નથી, કાન જો સાંભળતા નથી, તો એ બેનું કામ શું છે ?

ઉત્તર : કર્ત્તાભાવે ન હોવા છતાં, એ બંને આત્મારૂપી કર્ત્તાને સાધનરૂપે ઉપયોગી છે. સાક્ષાત્જ્ઞાનને નહીં પામેલો આત્મા રૂપ કે શબ્દને સીધા પકડી બોધ કરી શકતો નથી. એ આંખ-કાનવગેરે ઇન્દ્રિયરૂપ સાધનોથી રૂપ આદિને પકડી બોધ કરી શકે છે. આ ઇન્દ્રિયો સાધનરૂપ હોવાથી જ એનો ઉપયોગ કરનાર કોઈક અન્ય તરીકે આત્મા નિશ્ચિત થાય છે.

લૂહાર ભઠ્ઠીમાં રહેલા નાના-મોટા સળિયાને પકડી બહાર કાઢવા નાના-મોટા સાણસા હાથમાં લે છે. આ સાણસાઓથી સળિયાને પકડી બહાર કાઢે છે. અહીં સાણસાઓ સાધન છે, પણ પકડનાર લૂહાર અન્ય છે. એમ રૂપ કે શબ્દને પકડે છે (તે-તે અનુરૂપ સાધન તરીકે સ્વીકૃત) આંખ કે કાન, પણ તે બધા સાધન છે. એના દ્વારા ખરેખર પકડીને બોધ કરે છે આત્મા. આમ આપણે અતીન્દ્રિય આત્માને તર્કથી જાણી શકીએ છીએ.

अतीन्द्रियार्थो आगमगम्य

गोचरस्त्वागमस्यैव ततस्तदुपलब्धितः ।
चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात् ॥९९॥

गोचरस्तु-गोचरः पुनः, **आगमस्यैवा**-तीन्द्रियोऽर्थः । कुत इत्याह **ततस्तदुपलब्धितः**-आगमादतीन्द्रियार्थोपलब्धितः । एतदेवाह-**चन्द्र-सूर्योपरागादिसंवाद्यागमदर्शनात्**, लौकिकोऽयमर्थ इति भावनीयम् ॥९९॥

ગાથાર્થ : ચંદ્ર-સૂર્ય ગ્રહણાદિ અર્થોમાં સંવાદ પામતા આગમ દેખાય છે. તેથી આગમથી જ અતીન્દ્રિયાર્થોની ઉપલબ્ધિ થતી હોવાથી એ પદાર્થો આગમના જ ગોચર = વિષય છે.

ટીકાર્થ : અતીન્દ્રિયાર્થો આગમના જ વિષય છે. (કેમ એમ કહો છો ? અહીં કારણ બતાવે છે.) કેમકે આગમથી જ અતીન્દ્રિયાર્થોની ઉપલબ્ધિ થાય છે. આ જ વાત કરે છે - ચંદ્રગ્રહણ અને સૂર્ય-ગ્રહણ દર્શાવતા આગમોમાં સંવાદ દેખાય છે. આ અર્થ-દૃષ્ટાંત લૌકિક છે, તેમ ભાવિત કરવું.

વળી સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્રોની સીધી ગતિ-વક્રગતિ, તિથિઓના માપ વગેરે સર્વજ્ઞએ બતાવ્યા. એ ગણિતપર આજે પણ જોષીઓ દિવસો કે મહીનાઓ કે વર્ષો પૂર્વે કહી દેતા હોય છે

કે અમુક વર્ષે, અમુક મહીને કે અમુક દિવસે આટલા વાગ્યે ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ થશે... ઇત્યાદિ. તો ત્યાં જોષીઓની એ વાત સ્વીકારી લેવાય છે, પણ એમાં 'આ આમ જ કેમ ? આમ કેમ નહીં ?' ઇત્યાદિ વિકલ્પો કે કુતર્કો ઉઠાવાતા નથી. આમ સાવ લૌકિક અર્થ સમા ગણાતા ગ્રહણાદિઅંગે એ જ્યોતિષીઓ પર ભરોસો રાખવામાં આવે છે. તો વર્ત્તમાનના જ્યોતિષીઓ કરતાં ઘણા જ્ઞાની પૂર્વના મહાપુરુષો પર અને એ પરંપરાદ્વારા કેવળજ્ઞાનીપર વિશ્વાસ રાખીને જ આત્મતત્ત્વ સ્વીકારી લેવામાં ડહાપણ છે, નહીં કે ખોટા જાતિવિકલ્પો ઊભા કરવામાં.

કોણ અતીન્દ્રિયાર્થોને જાણે ?

ઉપસંહરન્નાહ-

एतत्प्रधानः सच्छ्राद्धः शीलवान् योगतत्परः ।
जानात्यतीन्द्रियानर्थांस्तथा चाह महामतिः ॥१००॥

एतत्प्रधान इति-आगमप्रधानः, **सच्छ्राद्धः**-प्राज्ञः, **शीलवान्**-परद्रोहविरतिमान्, **योगतत्परः**-सदा तदभियुक्तः, एवम्भूतः सन् **जानात्यतीन्द्रियानर्थान्**-धर्मादीन्। **तथा चाह महामतिः- पतञ्जलिः** ॥१००॥

ઉપસંહાર કરતાં કહે છે -

ગાથાર્થ : (૧) આગમપ્રધાન (૨) સત્ શ્રાદ્ધ (૩) શીલવાન્ (૪) યોગતત્પર. આ ચાર વિશેષતાવાળી વ્યક્તિ અતીન્દ્રિય અર્થો ને જાણી શકે છે. આ બાબતમાં મહામતિ કહે છે.

ટીકાર્થ : (૧) એતત્પ્રધાન=આગમપ્રધાન (૨) પ્રાજ્ઞ (૩) પરદ્રોહથી અટકવાવાળો=શીલવા ૂ અને (૪) હંમેશા યોગમાં અભિયુક્ત આવા ગુણવાળી વ્યક્તિ ધર્મ વગેરે અતીન્દ્રિય-પદાર્થોને જાણી શકે છે. આ વિષયમાં મહામતિ=પતંજલિનો અભિપ્રાય બતાવે છે. ॥૧૦૦॥

આગમપ્રધાન બનવાનો લાભ

વિવેચન : ખોટા વિકલ્પો કરવામાં કે કુતર્ક લડાવવામાં અતીન્દ્રિયપદાર્થોનો બોધ હાથમાં આવતો નથી, પણ સરકી જાય છે. ચાળણીથી પાણી પીવા જનારની તૃષા છિપે શી રીતે ? તેથી **સમજુ માણસ કુતર્કપ્રધાન નહીં, પણ આગમ પ્રધાન બને.** એ આગમશ્રદ્ધામાં એટલો બધો આગળ વધેલો હોય કે દરેક વાતે આગમ શું કહે છે? એ જ જૂએ. અરે, પ્રત્યક્ષ દેખાતા અને તર્કથી નિશ્ચિત થતાં પદાર્થોમાં પણ પોતીકો નિર્ણય ન કરતાં, આ બાબતમાં આગમનો શો મને છે ? તે જ વિચારે, અને કદાચ પોતાના દર્શન કે તર્કથી વિપરીત આગમમત હોય, તો પોતાના દર્શનમાં જ ખામી કે તર્કમાં જ ભૂલ માની, આગમને સત્યાર્થ તરીકે જ સ્વીકારે. ટૂંકમાં આગમે પદાર્થોના વિષયમાં બાંધેલી મર્યાદાઓ, દોરેલી લક્ષ્મણ-રેખાઓ, તૈયાર કરેલી તત્ત્વફ્રેમને જ આગળ કરી, તેને અનુરૂપ બને, એ રીતે જ પોતાના ઇન્દ્રિયાદિ પ્રત્યક્ષજ્ઞાનને અને તર્કને એ ઘડનારો હોય.

આગમને મહત્ત્વ આપવામાં વીતરાગને જ મહત્ત્વ અપાતું હોવાથી જ પહેલો ગુણ આગમ પ્રધાન બનવાનો કહ્યો છે.

આગમને આગળ કરનાર વીતરાગને આગળ કરે છે.

પ્રશ્ન : આગમપ્રધાન બનવામાં વીતરાગ કેવી રીતે આગળ કરાય છે ?

સમાધાન : આગમ શું છે ? વીતરાગની-અરિહંતની વાણી. વાણીમાં સત્યતા-અસત્યતા સ્વતંત્રપણે નથી આવતી, પણ એ બોલનારની સત્યવાદિતા-અસત્યવાદિતાના આધારે આવતી હોય છે. માટે જ જૂઠુ બોલવાની ટેવવાળાના શબ્દો પર કોઇને ભરોસો બેસતો નથી. ભગવાનની વાણી એટલા માટે જ સર્વત્ર આગળ કરાય છે કે એ કહેનાર ભગવાન સ્વયં માત્ર સર્વજ્ઞ હતા એમ નહીં, સાથે કદી પણ ખોટું નહીં બોલનારા હતા. સર્વજ્ઞતા અને

વીતરાગતાથી મંજાયેલી એમની વાણી હંમેશા અને બધાની અપેક્ષાએ સત્યરૂપ જ રહે છે. આમ જિનવાણીને સર્વજ્ઞતા અને વીતરાગતાનું પીઠબળ મળેલું હોવાથી તે સર્વત્ર આગળ કરવા યોગ્ય બને છે. અને આ સર્વજ્ઞતા-વીતરાગતા જિન-અરિહંત સિવાય બીજે ક્યાં જોવા મળવાની ? તેથી જિનવાણીને આગળ કરવામાં વાસ્તવમાં તો અરિહંત પરમાત્મા જ સર્વત્ર આગળ કરાય છે. તેથી **આપણા હૈયામાં આગમ-આગમ થાય, એટલે હકીકતમાં અરિહંત-અરિહંત થાય છે, અને હૈયામાં ને વ્યવહારમાં અરિહંતને જ આગળ કરવા જેવો શુભભાવ બીજો કયો હોઈ શકે ?** તમે અરિહંતના વચનને કેટલા વફાદાર છો ? કેટલીવાર તમને અરિહંતના વચનો યાદ આવે છે ? ક્યાં ક્યાં તમે અરિહંતના વચનોને આગળ કરી વર્ત્તન કરો છો ? આ બધાના આધારે નિર્ણીત થાય છે કે તમે ખરેખર અરિહંતને કેટલા શરણભૂત માન્યા છે ?

પણ આ તો જ આવે જો જિનવચનપર પ્રેમ હોય, અરિહંતતત્ત્વપર અદ્‌ભુત સ્નેહ હોય. અહોભાવ હોય. આ અહોભાવ પણ તો જ આવે, જો એવી પાકી શ્રદ્ધા ઘડી હોય કે મારા આત્માનું ભલું તો મારા ભગવાન જ - મારા ભગવાનની વાણી જ - મારા ભગવાને બતાવેલો માર્ગ જ કરશે. અરિહંત સિવાય બીજા કોની તાકાત છે કે જગતના તમામ જીવોનું - અને તેમાં સમાવેશ પામેલા મારા આત્માનું ઉત્કૃષ્ટ, કાયમી ભલું કરી શકે ? આવો રણકો હૈયે ઊઠતો હોય, તો સતત જિનવાણીને જ આગળ કરવા દ્વારા જિનને જ સતત હૈયામાં રમતા રાખી શકાય. અને જો હૈયે જિન રમતા હોય, તો જિને જેઓને મહાશત્રુ માની તગેડી મુક્યા છે, તેવા શબ્દાદિ વિષયો તો યાદ આવે જ શાના ? ભગવાનની અમૃતરસાસ્વાદતુલ્ય પ્રસન્નતાથી છલકાવી દેતી સતત ઊઠતી સ્મૃતિમાં ડૂબેલાનું પછી અંતે અશુચિ બનનારા, તુચ્છ ખાન-પાન તરફ લક્ષ્ય પણ શાનું જાય ? સર્વશ્રેષ્ઠ અને અદ્‌ભુત આનંદદાતા અરિહંતમાં જ મગ્ન થઈ અપૂર્વ આનંદના રોમે રોમે ફૂવારા ઊઠતા હોય, પછી મનોરંજનમાટે કે મસ્તીમાટે પણ જગતતરફ જોવાનું મન શાનું થાય ?

આમ પરમાત્મભાવને આગળ કરવા માત્રથી બધો બાહ્યભાવ અલોપ થઈ જાય છે, પુદ્‌ગલના રંગો ફિક્કા થઈ જાય છે. અને અંતર્મુખ થયેલો જીવ પ્રથમ અરિહંત સાથે સંભેદ પ્રણિધાનથી અપૂર્વ સુખાનુભૂતિનો રસાસ્વાદ કરે છે. આ સંભેદ-પ્રણિધાન 'તું પ્રભુ મારો ! હું પ્રભુ તારો !' આ ભેદપર ઊભું છે. ભગવાન શરણ્ય, હું શરણાગત; પ્રભુ નાયક, હું સેવા કરવા લાયક; પ્રભુ શેઠ, હું એનો દાસ; પ્રભુ સ્વામી, હું સેવક; પ્રભુ પરમગુરુ, હું એનો રાંક શિષ્ય; પ્રભુ માલિક, હું બંદો-નોકર; પ્રભુ મહાગોપ, હું ગરીબ ગાય; પ્રભુ મહા-નિર્યામક, હું એમના તરણતારણ જહાજનો મુસાફર; પ્રભુ મહાસાર્થવાહ, હું એમના સાર્થમાં જોડાયેલો પથિક; પ્રભુ ધન્વંતરી વૈદ્ય, હું એમની આશાએ આવેલો દર્દી; પ્રભુ ગરીબનવાજ, હું ગરીબ; પ્રભુ શ્રીમંત, હું એમની પાસે હાથ લંબાવેલો ભિખારી; પ્રભુ પરમકલ્યાણમિત્ર, હું એમની મૈત્રી ઝંખતો એકાકી; પ્રભુ નાથ, હું નાથને ઇચ્છતો અનાથ; પ્રભુ સર્વસ્વભૂત પતિ, હું એમની આજ્ઞાંકિત પત્ની; પ્રભુ પરમ પિતા, હું એનો ભૂલો પડેલો બાળ.... ઇત્યાદિ પ્રકારે પ્રભુને સર્વોત્કૃષ્ટરૂપે અને પોતાને એમના સાંનિધ્યને ઝંખતા સર્વાધમ આદિરૂપે જ્યારે ચિંતન કરાય છે, ત્યારે તે સંભેદ પ્રણિધાન કહેવાય છે. આ પ્રણિધાનના પ્રભાવે આપણા તાવવગેરે આગંતુક અને રાગ વગેરે અનંતકાળથી ચોંટી પડેલા રોગો દૂર થાય છે, બાહ્ય

દરિદ્રતા અને આભ્યંતર ગુણદરિદ્રતા ભાગી જાય છે. બાહ્ય-આભ્યંતર ભયો નાશ પામે છે. દાસ બનવાથી બધા દોષો ટળે છે. એકલવાયાપણું, અનાથતાનો આભાસ વગેરે દૂર ખસતાં દેખાય છે. આમ અરિહંતધ્યાને પોતાને પણ દોષમુક્ત થતો ભાસે છે... અને પોતાને અરિહંતતત્ત્વમાં વધુને વધુ એકાકાર થતો અનુભવી અંતે સંપૂર્ણ દોષમુક્ત અને અરિહંતમય બનેલા સ્વરૂપે પ્રણિધાન કરે છે. આ છે અભેદપ્રણિધાન. આના દ્વારા પરમાત્મભાવની પ્રાપ્તિ થાય છે.

सत्श्राद्ध જ પ્રાજ્ઞ છે

આમ આગમપ્રધાન બનનારી વ્યક્તિ પરમાત્મતત્ત્વસાથે પોતાને જોડવાદ્વારા પોતાની પ્રાજ્ઞતા વ્યક્ત કરે છે. તેથી જ સચ્છ્રાદ્ધ = સારી શ્રદ્ધાવાળો, એ પદનો અર્થ પ્રાજ્ઞ કર્યો છે. જેઓનો સંબંધ આહારઆદિ બાહ્ય-તુચ્છ-નાશવંત પદાર્થો સાથે જોડાતો રહે છે, અને સતત એ બધાના વિચારોમાં જ જે લેવાયેલો છે, તે વ્યક્તિ સંજ્ઞા-પ્રધાન છે. એ બહારના આકર્ષક લાગતા આહારાદિ પદાર્થોને જોતાં જ એમાં લલચાઈ જાય છે.

પરમાત્મતત્ત્વ સાથે સંબંધ જોડનારો પ્રાજ્ઞ પરમાત્મતત્ત્વની સામે બાહ્યપદાર્થોને સાવ તુચ્છ દેખે છે; રાજા સાથે વાત કરવાનો મોકો મળ્યો હોય, ત્યારે કોણ દરિદ્ર-ભિખારી સાથે વાતો કરવાનો વિચાર કરે ! તેથી જ પ્રાજ્ઞ પુરુષની પ્રજ્ઞા એ પુરુષને આહારાદિતરફ આકર્ષાતો અટકાવે છે, વિષયોથી લલચાતો બચાવે છે.

शीलवान = પરદ્રોહત્યાગી

આમ પ્રાજ્ઞ પુરુષ આગમપ્રધાન બનવાથી વિષયલાલસાથી મુક્ત બનતો હોવાથી જ **शीलवान्** બને છે. અહીં શીલનો અર્થ છે અદ્રોહ વિષયલોલૂપ જીવ તે મેળવવાના ધમપછાડામાં બીજાને છેતરે છે, ઠગે છે, દગો દે છે. વિષયમુક્ત થયેલો પ્રાજ્ઞ આ પરદ્રોહ કરતો નથી. એ જ પ્રમાણે વિષયોમાંથી મન-વચન-કાયાના યોગને અટકાવી યોગ=મોક્ષદાયક અરિહંત ચિંતનાદિમાં પ્રવર્ત્તાવી આત્મદ્રોહથી પણ બચે છે. તેથી જ અહીં શીલવાન શબ્દથી પરદ્રોહઅકારી અર્થ લઇ, તે પછી યોગ-તત્પર થવાની વાત કરી છે.

યોગતત્પરને આનંદ શામાં ?

યોગતત્પર બનેલો પ્રાજ્ઞ મોક્ષદાયક અનુષ્ઠાનમાં જ આનંદ માને, તેથી એ પકવાન્ન ખાતાં રડે ને આંબેલ કરતાં હસે. ભોગ દેખાય, આકર્ષક વિષયો દેખાય ને એને ભવસાગરમાં ડૂબવાનું દેખાય. બીજી બાજુ યોગ દેખાય, કોઈપણ પ્રકારની સાધના દેખાય કે તરત જ એ ભવ-સાગરમાંથી તરવાની નૌકા મળીનો આનંદ અનુભવે. નૌકા મળે ને સાગર કપાતો જાય, કિનારો નજીક આવતો જાય, એમ નૌકા ગણાતી યોગ-સાધના જેમ જેમ આગળ વધતી જાય, એમ એ સાધકનો ભવસાગર ટૂંકો થતો જાય, મોક્ષ કિનારો નજીક આવતો જાય. આ યોગતત્પર આ સાધનાના બળે મોહનીયને બાળતો જાય છે અને જ્ઞાનાવરણને છેદતો જાય છે. તેથી એકબાજૂ સતત પૈસા-ટકા-કુટુંબ-મોહમાયા પરથી આકર્ષણ ઊઠતું જાય, બીજી બાજુ વિદ્વત્તા વધતી જાય, યાવત્ અતીન્દ્રિયપદાર્થોનું જ્ઞાન પણ સહજ આવતું જાય. મોહ-માયા-કે પૈસા-ટકાનું જ્ઞાન કે હોંશિયારી શું કામની ? ધૂળ ભેગી કરવી એ કંઇ બુદ્ધિમત્તા નથી. જ્ઞાનની ખરી મહત્તા જ એમાં છે કે અતીન્દ્રિય પદાર્થોનો બોધ કરી આ જ ખરેખર ઉત્તમતત્ત્વની પ્રાપ્તિ છે, એમ અનુભવી એની મસ્તીમાં મસ્ત રહેવું.

અહીં આવા ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિમાટે આમ, (૧) આગમપ્રધાનતા (૨) સદ્શ્રદ્ધા=પ્રાજ્ઞતા (૩) શીલ=પરદ્રોહત્યાગ (૪) યોગતત્પરતા -

આગમાર્થમાં સદા અભિયુક્તતા. આ ચાર ગુણ બતાવ્યા. આવા ગુણોથી ભરેલી વ્યક્તિ જ અતીન્દ્રિયપદાર્થોનો બોધ કરી શકે છે. આ બાબતમાં 'મહામતિ' **પતંજલિ**નો અભિપ્રાય આ છે,

કિમિત્યાહ-

आगमेनानुमानेन योगाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥१०१॥

आगमेन-आप्तवचनेन लक्षणेन, **अनुमानेन**-लिङ्गाल्लिङ्गिज्ञानरूपेण, **योगाभ्यासरसेन च**-विहितानुष्ठानात्मकेन, **त्रिधा प्रकल्पयन् प्रज्ञां**-उक्तक्रमेणैव, अन्यथा हि प्रवृत्त्यसिद्धेः, किमित्याह-**लभते तत्त्वमुत्तमं**-पापसंमोहनिवृत्त्या श्रुतादिभेदेन ॥१०१॥

ઉત્તમતત્ત્વ પામવાના ત્રણ ઉપાય

શો અભિપ્રાય છે ? તે બતાવે છે-

ગાથાર્થ : (૧) આગમથી (૨) અનુમાનથી અને (૩) યોગાભ્યાસરસથી આમ પ્રજ્ઞાની ત્રિવિધ પ્રકલ્પના કરતો જ ઉત્તમ તત્ત્વ પામે છે.

ટીકાર્થ : આગમ - આપ્તપુરુષના વચનરૂપ. અનુમાન - લિંગથી લિંગીના જ્ઞાનરૂપ અને યોગાભ્યાસરસ= વિહિતનાં અનુષ્ઠાનરૂપ. આમ - આ જ કહેવાયેલા ક્રમથી જ પ્રજ્ઞાની પ્રકલ્પના કરતો કેમકે - અન્યથા-બીજા ક્રમથી પ્રવૃત્તિ જ સિદ્ધ થતી નથી. પાપસંમોહની નિવૃત્તિથી શ્રુતાદિભેદથી ઉત્તમ તત્ત્વ પામે છે.

પતંજલિ કેમ મહામતિ ?

વિવેચન : અહીં સૂરિપુરંદર **હરિભદ્રસૂરિ** મહારાજે 'મહામતિ' શબ્દનો પ્રયોગ કરી પતંજલિને ઓળખાવ્યા આ છે. અહીં પ્રશ્ન થાય, સર્વજ્ઞકથિત જૈનવચનના વિચારની સત્યતામાટે અન્ય અસર્વજ્ઞ એવા પતંજલિના મતની સાક્ષી લેવાની શી જરુર છે ? તો સમાધાન આ છે કે, જૈન સિવાયના દર્શનોમાં યોગવિષયક વિચારણામાં પતંજલિનું સ્થાન પ્રથમ છે, કહો કે તે પરદર્શનકારો એમ જ માને છે, કે યોગવિષયક તત્ત્વજ્ઞાન સૌ પ્રથમ પતંજલિએ જ પીરસ્યું છે. તેથી એ બધાને પણ જૈનમત પ્રતિ અભિમુખ કરવા અને પતંજલિએ જે કહ્યું, છે તે અન્ય શબ્દોમાં અમારા સર્વજ્ઞએ એ પૂર્વે પણ કહેલું જ છે, એમ શ્રદ્ધા બેસાડવા આ સાક્ષી આપવામાં આવી છે. એમ માની શકાય.

પ્રશ્ન : ઠીક છે, પણ અહીં તો પતંજલિની સાક્ષી લીધી, એમાં પતંજલિને 'મહામતિ' બતાવ્યા, મિથ્યામતિ ને મહામતિ કેવી રીતે કહી શકાય ?

ઉત્તર : અહીં જ સૂરિપુરંદરશ્રીની વિશાળ દૃષ્ટિ અને સજ્જનતાના દર્શન થાય છે, વિશાળ દૃષ્ટિવાળો સજ્જન જ સડેલી કૂતરીના સફેદ દાંતો જોઇ શકે. સૂરિપુરંદરે પતંજલિમાં રહેલા મિથ્યાત્વના દલિકોરૂપી સડેલા ભાગને જોવાનું ટાળી, એમની વિચારધારામાં રહેલી જિનવચનોની છાંટ, અરિહંતનું અનુયાયિપણું જોવાનું રાખ્યું. જેઓ એક યા બીજારૂપે અરિહંત વચનોને અનુસરે છે, તેઓ ખરેખર મતિમાન છે, મહામતિ છે. આ દૃષ્ટિથી સૂરિપુરંદરે પતંજલિને મહામતિ તરીકે નવાજ્યા છે. અથવા ચોથી દૃષ્ટિમાં રહેલો જીવ હજી મિથ્યાત્વમાં છે. એ જીવની કક્ષામાં રહેલા પરદર્શનના અનુયાયીઓની અપેક્ષાએ 'મહામતિ' શબ્દનો પ્રયોગ વાજબી છે.

પ્રજ્ઞા માટે પ્રથમ જોઇએ આગમશ્રવણ

પતંજલિએ ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિમાટે ત્રણ મુદ્દા બતાવ્યા છે. (૧) આગમ (૨) અનુમાન અને (૩) યોગાભ્યાસરસ. આ ત્રણથી પ્રકલ્પિત-પરિભાવિત કરેલી પ્રજ્ઞાથી ઉત્તમતત્ત્વ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રજ્ઞાનો અર્થ છે તત્ત્વને અભિમુખ થયેલી બુદ્ધિ. જ્યાં સુધી બુદ્ધિ જડ-પુદ્ગલ-

દુન્યવી-નાશવંત તત્ત્વને અભિમુખ રહે છે, ત્યાં સુધી તે સંજ્ઞારૂપ છે. જ્યારે બુદ્ધિ નિત્ય અને હિતકારી આત્મિકતત્ત્વને સમજવા ઉદ્યત થાય છે, ત્યારે તે પ્રજ્ઞા બને છે.

પ્રજ્ઞા પ્રાપ્ત થવા માત્રથી ઉત્તમ તત્ત્વ મળે નહીં, એને ઘડવી પડે. એને વિશુદ્ધ કરવી જોઇએ. પ્રજ્ઞા પથ્થર છે. તો પ્રતિમા બનવા ઘડતર જોઇએ. પ્રજ્ઞા મીઠું જળ છે, પણ ડહોળાયેલું છે, તો તે નિર્મળ-વિશુદ્ધ બનવું જોઇએ. એમાટે સૌ પ્રથમ જરુરત છે આગમશ્રવણની. આગમને સાંભળ્યા-સમજ્યા વિના સીધા તર્કો લડાવવા જનારો તત્ત્વ પામી શકતો નથી. તર્ક-કુતર્કના વિષચક્રમાં ફસાઈ જાય છે. બુદ્ધિ અત્યાર સુધી આગમાર્થ સમજ્યા વિના તર્કો લડાવતી હતી, તેથી જ સૂક્ષ્મ, અદશ્ય, દૂર રહેલા પદાર્થોને પામી શકતી ન હોતી અને સ્થૂળ-દેખાતા પાસે રહેલા પૌદ્ગલિક પદાર્થોમાં અટવાતી રહેતી હતી. આગમથી વિરુદ્ધ અર્થોને જ ઉપાદેયઆદિ રૂપે સિદ્ધ કરવા તર્ક લડાવતી હતી, તેથી બુદ્ધિ સંજ્ઞા હતી, તર્ક કુતર્ક હતો. આગમ ખુબ સાંભળવાથી, આગમાર્થ વાતોને ખૂબ મમળાવવાથી બુદ્ધિ સાચી દિશામાં પરિકર્મિત થાય છે. દાદાજીની વાતો સાંભળનારો બાળક સુસંસ્કારિત થાય છે, ને ટી.વી.ની વાતોમાં આવી જનારો સંસ્કારભ્રષ્ટ થાય છે. એમ પરમદાદા પરમાત્માની વાણીને શ્રવણ-આદિથી મમળાવનારાની બુદ્ધિ સુપરિકર્મિત બને છે, અને દુન્યવી પદાર્થોને જ વિચાર્યા કરતી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

આગમ પછી જોઇએ અનુમાન

અનુમાનમાટે આગમપરિકર્મિત બુદ્ધિ જરૂરી છે, કેમકે આ બુદ્ધિ યોગ્ય લિંગ=હેતુદ્વારા યોગ્ય જ લિંગી=સાધ્યનો નિર્ણય કરશે. એટલે કે જે આગમમાન્ય પદાર્થો છે, એને જ સિદ્ધ કરવા અનુમાનતર્કનો ઉપયોગ કરશે, નહીં કે (૧) આગમાર્થોનું ખંડન કરવા કે (૨) અનાગમિક પદાર્થોનું મંડન કરવા. જે-તે પદાર્થો વચ્ચે, જ્યાં ત્યાં સંબંધ જોઇ લઇ પછી બધે જ એ બે વચ્ચે સંબંધ જોડી દેવો, ને એકની હાજરીમાં બીજાને પણ સ્વીકારી લેવો એ કુતર્ક છે, અનુમાનાભાસ છે. જેમકે કો'કને અનીતિ કરતો જોયો, અને કરોડપતિ થતો જોયો. એટલે તરત કાર્યકારણભાવ જોડ્યો. અનીતિ કરવાથી જ કરોડપતિ થવાય. પછી જેટલા કરોડપતિ દેખાશે, તે બધા અનીતિથી જ કરોડપતિ થયા છે, એમ અનુમાન કરવાનું મન થશે. અહીં કરોડપતિપણું લિંગ, અને અનીતિ-લિંગી, કહેવાય. આમ સર્વત્ર આ રીતે સંબંધ જોડી દેવાથી પછી રૂા. મેળવવા પુણ્ય જોઇએ, આ આગમિક વાત ભૂલાઈ જવાની, અને અનીતિ કરવાની વાત જોડાઇ જવાની. આ ખોટું અનુમાન છે-ખોટો તર્ક છે. કેમકે જે કરોડપતિ થયા, તે બધા પૂર્વે કરેલા દાનાદિજન્ય પુણ્યના કારણે જ થયા છે. અનીતિ કંઇ કરોડપતિ બનવાનું કારણ નથી, પણ વર્ત્તમાનમાં જેલમાં અને પરભવમાં દાસપણું વગેરે દુર્ગતિનું જ કારણ છે.

સાચું અનુમાન તો એ કહેવાય કે આગમે કહ્યું છે કે ધર્મથી સુખ છે, અને પાપથી દુઃખ. તો વર્ત્તમાનમાં કો'ક તેવા પ્રકારની આવડત-હોંશિયારી વિનાની કે સખત પરિશ્રમ નહીં કરતી વ્યક્તિ પણ સુખમાં મહાલતી દેખાય, તો તરત અનુમાન કરે કે ધર્મથી સુખ છે. ધર્મ કારણ છે. સુખ કાર્ય છે. અને કાર્યથી કારણનું અનુમાન થાય, આ ન્યાયે સુખરૂપ કાર્યથી ધર્મરૂપ કારણનું અનુમાન થાય છે. એટલે કે આ ભાગશાળીએ પૂર્વભવમાં પાંચે આંગળીએ પ્રભુને પૂજવા આદિરૂપ ધર્મ કર્યો હશે, માટે આ ભવમાં સુખી છે.

માટે પહેલા આગમાર્થ ખુબ ભણો... સાંભળો... જાણો... જેનાથી અતીન્દ્રિયપદાર્થો

અંગે માર્ગદર્શન મળે છે. પછી બુદ્ધિથી તર્ક લગાવી એ પદાર્થોને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવાથી આગમે જે કહ્યું છે, એ માત્ર 'બાબા વાક્યં પ્રમાણં' કરીને સ્વીકારી લેવું પડે એમ નહીં, પણ તર્કથી પણ સિદ્ધ થાય છે; એમ ખાતરી થવાથી શ્રદ્ધા દઢ થાય છે. આમ પ્રજ્ઞાને આગમથી ભાવિત કરી, અનુમાન-તર્કથી દઢ કરવી જોઇએ. સંશોધિત કરવી જોઇએ.

અનુમાન પછી યોગાભ્યાસરસ જરૂરી તે પછી યોગાભ્યાસરસથી સંવર્ધિત કરવી જોઇએ. આગમે પ્રતિક્રમણ, ચૈત્યવંદન, બાર ભાવનાઓનું ભાવન, દાન-શીલાદિ ચાર ધર્મો, આ બધા કર્ત્તવ્યતરીકે-વિહિતતરીકે સ્થાપ્યા છે. એમાં અનુષ્ઠાન-સતત પ્રવૃત્ત રહેવું એ યોગાભ્યાસ છે. રસ અર્થાત્ ઇચ્છા. વારંવાર મોક્ષદાયક કર્ત્તવ્યો (=યોગ)માં પ્રવૃત્ત રહેવું-આચરતા રહેવું તે યોગાભ્યાસ. અને પ્રવૃત્તિકાળની જેમ અપ્રવૃત્તિકાળમાં પણ સતત તે જ કરતા રહેવાની ઇચ્છા રહ્યા કરે એ યોગાભ્યાસરસ છે. તે-તે અનુષ્ઠાન કરતી વખતે તીવ્ર અહોભાવ ઉછળતો હોય. જિનશાસનના મને મળેલા આ એક-એક અનુષ્ઠાન અત્યંત પવિત્ર છે, આ અનુષ્ઠાનો મારા આત્માને લાગેલા કર્મ-કષાય-વિષયોના કચરાને દૂર કરી નાંખે છે, કુમતિ-દુર્ગુણો અને દુષ્ટવૃત્તિઓને દૂર કરી નાંખે છે. એટલું જ નહીં, સ્વચ્છ થયેલા આત્મઘરમાં અનંત ગુણોનો નિવાસ કરાવી આપે છે. **માનવભવનું મુખ્ય લક્ષ્ય છે દોષોનો નિકાલ અને ગુણોનો વિકાસ.** આ લક્ષ્યની સિદ્ધિ-સફળતામાં કારણ બને છે પ્રભુએ બતાવેલા અનુષ્ઠાનો. માનવભવ મળ્યો છે સંજ્ઞાથી ઘડાયેલી બુદ્ધિની માવજત કરી એને પ્રજ્ઞાના રસ્તે ઘડવા માટે. આ કાર્ય કરવાનું કામ કરે છે મારા જિનજીએ બતાવેલા અનુષ્ઠાનોનું સેવન. આગમવચનની યથાર્થતાની ખાતરી, અને તેના આધારે કરેલા અનુમાનોની સચોટતાનો નિર્ણય થાય છે અરિહંતે બતાવેલા અનુષ્ઠાનોને આદરવાથી. આવા આવા ચિંતનોથી જિનશાસનના અનુષ્ઠાનો પ્રત્યે પરમ આદર અને અત્યંત અહોભાવ ઊભો થાય છે. આ આદર-અહોભાવપૂર્વક આરાધના કરવી એ યોગાભ્યાસરસ છે. આ જરુરી છે ખાસ તો આગમાર્થ અને એનું સમર્થન કરનાર અનુમાન પર ખરી શ્રદ્ધા પ્રગટ કરવા અને સ્થિર કરવા. સામાયિક નહીં કરનારાઓ જગતના તમામ પાપવ્યાપારો સાથે સંબંધિત રહેવાદ્વારા તે બધા કર્મોથી બંધાય છે, જ્યારે સામાયિકમાં રહેનારો એ બધા પાપોથી બચે છે અને સમતા-સ્વસ્થતા-શુભભાવ વગેરેની અપૂર્વ કમાણી કરે છે, આ બધી વાત આગમથી જાણી અને તર્કથી સિદ્ધ પણ કરી. પણ પછી શું? આ પછી પોતે સામાયિક અનુષ્ઠાન ન કરે તો જાણકારીકે તર્કથી સિદ્ધિનો ફાયદો શો? સમ્યક્ત્વી દેવો અવિરતિના તીવ્ર ઉદયના કારણે સામાયિકના લાભવગેરે જાણ્યા પછી પણ સામાયિક ન જ કરી શકે, તેમાં તો તેઓની ભવસ્થિતિવગેરે કારણ છે. પણ જેને મનુષ્યભવરૂપે ભવસ્થિતિ અનુકૂળ છે, ઔદારિક સ્વસ્થ શરીરરૂપે શરીરસ્થિતિ પણ અનુકૂળ છે, પૂરતા પ્રમાણમાં પૈસાવગેરે હોવાથી આર્થિકસ્થિતિ પણ અનુકૂળ છે, ઘર વગેરેની દિવસો કે મહીનાઓ સુધી એકાદ કલાક પણ ન કાઢી શકાય તેવી કોઇ પ્રતિકૂળ પરિસ્થિતિ ન હોવારૂપે કૌટુંબિકસ્થિતિ પણ અનુકૂળ છે, પોતે આગમવચનને જાણે છે અને તર્કથી સમજે પણ છે, તેથી જ્ઞાન-દર્શન દૃષ્ટિએ પણ સ્થિતિ બરાબર છે, અને છતાં જો લોભ-પ્રમાદ-આળસ આદિ કારણસર જ સામાયિક ન કરે, તો તેનાં જ્ઞાન કે તર્ક શું કામના? પોતે નિર્દંભ હોય, તો પણ લોકો તેને દંભી ગણવાના. આગમ કે અનુમાન આચરણમાં આવે, તો જ ચરિતાર્થ થાય છે. અનુભૂતિના સ્તરે

સ્પર્શે છે. તેથી ઉત્તમતત્ત્વનો બોધ થયા પછી વિહિત અનુષ્ઠાન હોવું પણ અત્યંત જરૂરી છે. તત્ત્વની પ્રાપ્તિ ટકાવવી હોય, તો આત્મા ભાવિત થવો અત્યંત આવશ્યક છે, અને ભાવિત થવા માટે તે મુજબનું અનુષ્ઠાન આવશ્યક છે, સામાયિક જ આત્માને ઠારનારું આત્મઘર છે, એમ લાગ્યા પછી એ અહોભાવપૂર્વક સામાયિક કરતાં રહેવાથી જ આત્મા સામાયિકથી ટેવાય છે, અને સહજ સામાયિકમાં આવે અને ઠરવા માંડે છે. આમ આગમ એ શ્રદ્ધા, અનુમાન= જ્ઞાન અને અનુષ્ઠાન= ક્રિયા-આચરણ-ચારિત્ર આ ત્રણ ભેગા થયે મોક્ષ નિશ્ચિત છે. અથવા આગમ અને અનુમાન જ્ઞાનાત્મક છે અને અનુષ્ઠાન ક્રિયાત્મક છે, આ બેના સુભગ મિલનથી સાધક સિદ્ધિદશા પામે છે.

અહીં આ ત્રણ રીતે ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિની વાત કરી. એમાં તત્ત્વની પ્રાપ્તિમાં અટકાયત કરતાં પરિબળ છે પાપ અને સંમોહ. એમાં પાપ એટલે રાગ અને દ્વેષ. તથા સંમોહ એટલે મોહદશા. આ ત્રણ જ તત્ત્વપ્રાપ્તિને અટકાવનારા છે. અથવા પાપરૂપ સંમોહ જ તત્ત્વપ્રાપ્તિને રોકે છે. અસંમોહ એ શ્રેષ્ઠ બોધિરૂપ છે. (જૂઓ ગા.૧૨૧ ટીકાર્થ) તેથી એનો વિરોધી સંમોહ એટલે જઘન્ય કોટિની અબોધિ-મોહ-મિથ્યાત્વદશા છે. આગમ-અનુમાન અને યોગાભ્યાસરસની ત્રિપુટી પાપ અને સંમોહ - અથવા પાપરૂપ સંમોહનો નાશ કરે છે. દૂર હટાવે છે. અને આગમાદિથી જ શ્રુતાદિ જ્ઞાનોની પ્રાપ્તિ થાય છે. આગમના શ્રવણથી શ્રુતજ્ઞાન, એનાપર અનુમાન-તર્કદ્વારા ચિંતાજ્ઞાન અને તે બેના બળપર વિહિતાનુષ્ઠાન દ્વારા યોગાભ્યાસ-રસથી ભાવનાજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને ભાવના-જ્ઞાનથી સર્વત્ર જિનાજ્ઞાને જ આગળ કરતો જે તાત્પર્યબોધ પ્રાપ્ત થાય છે. તે જ ઉત્તમ તત્ત્વ છે. આમ આ જ ક્રમથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આમ આગમાદિથી એક બાજૂ પાપસંમોહ નાશ પામતો જાય, અને બીજી બાજૂ શ્રુતાદિજ્ઞાનો દ્વારા તત્ત્વમાર્ગે આગળ વધવાનું થાય. છેવટે ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય.

तत्त्वथी सर्वज्ञ એક છે

અમુમેવાર્થમાહ-

न तत्त्वतो भिन्नमताः सर्वज्ञा बहवो यतः ।
मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ॥१०२॥

न तत्त्वतः-परमार्थेन, **भिन्नमताः**-भिन्नाभिप्रायाः, **सर्वज्ञाः बहवो यतः**- यस्मात् । **मोहस्तदधिमुक्तीनां**-सर्वज्ञातिशयश्राद्धानां, **तद्भेदाश्रयणं**-सर्वज्ञभेदाङ्गीकरणं, **ततः**-तस्मादिति॥१०२॥

આ જ અર્થ બતાવે છે.

ગાથાર્થ : જેથી ઘણા સર્વજ્ઞો હોવા છતાં તેઓ તત્ત્વથી ભિન્ન મતવાળા નથી, તેથી તે-તે સર્વજ્ઞપર શ્રદ્ધાવાળાઓ દ્વારા સર્વજ્ઞોમાં જે ભેદનો આશ્રય કરાય છે, તે તેઓનો મોહ છે.

ટીકાર્થ : જેથી ઘણા સર્વજ્ઞો હોવા છતાં તેઓ પરમાર્થથી ભિન્ન અભિપ્રાયવાળા નથી. તેથી તદધિમુક્તિ- તે-તે સર્વજ્ઞપર અતિશય શ્રદ્ધા-વાળાઓ સર્વજ્ઞોમાં જે ભેદ-ભિન્નતા સ્વીકારે છે, તે તેઓનો મોહ છે.॥૧૦૨॥

કથમિત્યાહ-

सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि ।
स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ॥१०३॥

सर्वज्ञो नाम यः कश्चिद्-अर्हदादिः, **पारमार्थिक एव हि**-निरुपचरितः **स एक एव सर्वत्र** सर्वज्ञत्वेन **व्यक्तिभेदेऽपि तत्त्वतः** ऋषभादिलक्षणे सति॥१०३॥

આમ કેમ ? એ બતાવે છે -

ગાથાર્થ : જે કોઇ સર્વજ્ઞ છે, તે પારમાર્થિક છે. અને વ્યક્તિભેદ હોવા છતાં તત્ત્વથી તો તે સર્વત્ર એક જ છે.

ટીકાર્થ : અરિહંતવગેરે જે પારમાર્થિક = નિરૂપચરિત સર્વજ્ઞ છે, તે **ઋષભાદિ**રૂપે વ્યક્તિરૂપે અનેક હોવા છતાં સર્વજ્ઞત્વરૂપે તો સર્વત્ર એક જ છે.

પ્રશ્ન : અહીં સૌ પ્રથમ સાધન તરીકે આગમ બતાવ્યા. પણ આગમો તો ઘણા છે, ઘણા સર્વજ્ઞોએ ભિન્ન-ભિન્ન અભિપ્રાયસૂચક ભિન્ન-ભિન્ન આગમો બતાવ્યા છે. એમાંથી અમારે કયા આગમને પકડીને આગળ વધવું ?

ઉત્તર : અહીં 'ઘણા સર્વજ્ઞોના ઘણા ભિન્ન મતવાળા આગમો' આ વાત જ અનુચિત છે. સર્વજ્ઞો ઘણા હોય, તો પણ તેઓનો મત-અભિપ્રાય એક જ હોવાનો. તેઓમાં ભિન્ન મત-અભિપ્રાય-આશય હોતા નથી. માટે મોક્ષાર્થી જીવે સર્વજ્ઞમાં ભેદ પાડવાની જરૂર નથી. ઉચિત પણ નથી. ખરેખર તો આવી ભેદદૃષ્ટિ અજ્ઞાનતા અને મૂઢતાના સૂચક છે. કેમકે ભેદ પાડ્યા પછી શંકા થાય 'આ સાચું કે તે સાચું ?' આ શંકા પડ્યા પછી તત્ત્વપ્રાપ્તિ ન થાય. તેથી સર્વજ્ઞમાં ભેદ પાડવો ઉચિત નથી. સર્વજ્ઞ બધા તત્ત્વદૃષ્ટિથી એકમત હોય છે. અલબત્ત, શ્રોતાની અવસ્થાવગેરેને અપેક્ષીને જૂદા જૂદા નયથી દેશનારૂપે ભેદ પડે અથવા વ્યક્તિરૂપે ભેદ પડે જેમકે **ઋષભદેવ-મહાવીર** સ્વામી વગેરે. પણ તાત્ત્વિક-વાસ્તવિક ભેદ સંભવતો નથી, કેમકે તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો જે **ઋષભદેવે** કહ્યું છે, તે જ મહાવીરસ્વામીએ કહ્યું છે.

આ બાબતનો એક પ્રસિદ્ધ પુરાવો એ છે કે ભગવાન **ઋષભદેવે** પોતાના ૯૮ પુત્રોને જે ઉપદેશ આપ્યો હતો, તે જ ઉપદેશ પ્રભુ **મહાવીર સ્વામીના** મુખેથી સાંભળીને **સુધર્માસ્વામી** ગણધરે **સૂયગડાંગ સૂત્ર**માં વણી લીધો છે. આમ પરમાર્થથી સર્વજ્ઞ એક છે. પણ અહીં સર્વજ્ઞનો અર્થ થોડું ઘણું તત્ત્વજ્ઞાન જાણી લેવું, એ નથી પણ બધું જ જાણે તે સર્વજ્ઞ. એમ સમજવાનો છે. તેથી જેમ સૂંઠને ગાંગડે ગાંધી થવાતું નથી, તેમ થોડું ઘણું તત્ત્વજ્ઞાન ભણી લેવાથી કે જાણી લેવાથી સર્વજ્ઞ થઈ જવાતું નથી. એવા ગાંધી થનારા કે પોતાને સર્વજ્ઞ કહેવડાવનારા ઘણા હોય, તો પણ તેઓની ખાસ કિંમત નથી.

प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावताम् ।
ते सर्वेऽपि तमापन्ना इति न्यायगतिः परा ॥१०४॥

प्रतिपत्तिः ततस्तस्य-सर्वज्ञस्य **सामान्येनैव यावतां**-तन्त्रान्तरीयाणामपि, **ते सर्वेऽपि तमापन्नाः** सर्वज्ञं मुख्यमेवेति **न्यायगतिः परा**, तमन्तरेण तत्प्रतिपत्तेरसिद्धेः ॥१०४॥

ગાથાર્થ : બધાએ જ સર્વજ્ઞનો સ્વીકાર સામાન્યથી જ કર્યો છે. તેથી તેઓ બધા જ સર્વજ્ઞને જ અનુસરે છે - આ જ શ્રેષ્ઠ ન્યાયગતિ છે.

ટીકાર્થ : બીજા દર્શનોવાળાઓ પણ સામાન્યથી જ સર્વજ્ઞને સ્વીકારે છે. તેથી તેઓ બધા પણ મુખ્ય સર્વજ્ઞને જ અનુસરે છે, એમ સ્વીકારવું એ જ ન્યાયમાર્ગ છે, કારણ કે મુખ્ય સર્વજ્ઞના અભાવમાં તેનો સ્વીકાર જ અસિદ્ધ ઠરે.

વિવેચન : બધા જ દર્શનવાળાઓએ જ્યારે સર્વજ્ઞનો સ્વીકાર કર્યો છે, ત્યારે સામાન્યથી જ સર્વજ્ઞનો સ્વીકાર્યો છે. ત્યાં 'જે બધું જાણે છે, તે સર્વજ્ઞ' આવી સામાન્યબુદ્ધિથી જ સર્વજ્ઞને સ્વીકારે છે. તેથી જ નામથી કોઈ પણ સર્વજ્ઞ સ્વીકૃત હોય, તત્ત્વથી તો જે બધું જાણે છે, તે મુખ્ય સર્વજ્ઞ જ સ્વીકૃત થાય છે, કેમ કે જો મુખ્ય સર્વજ્ઞ - કે જે બધું જાણે છે, તે હોય જ નહીં, અથવા તે માન્ય જ ન હોય, તો 'સર્વજ્ઞને સ્વીકાર્યો છે' એ વાત જ અસિદ્ધ થાય. ॥૧૦૪॥

विशेषस्तु पुनस्तस्य कात्स्न्र्येनासर्वदर्शिभिः ।
सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ॥१०५॥

विशेषस्तु-भेद एव, **पुनस्तस्य**-सर्वज्ञस्य,

कात्स्न्र्येनासर्वदर्शिभिः-પ્રમાતૃભિઃ **सर्वैर्न विज्ञायते**, તદદર્શનાત્, દર્શનેઽપિ તજ્જ્ઞાનાઽગતેઃ, **तेन** કારણેન **तं**-સર્વજ્ઞં **आपन्नः**-પ્રતિપન્નો, **न कश्चना**સર્વદર્શી ॥૧૦૫॥

કોઇ વિશેષથી સર્વજ્ઞને સ્વીકારી ન શકે

ગાથાર્થ : તથા સર્વજ્ઞનો સંપૂર્ણતયા ભેદ જ અસર્વજ્ઞો એવા બધા વડે જાણી શકાતો નથી. તેથી કોઇ જ તેને સ્વીકારતો નથી.

ટીકાર્થ : તે = સર્વજ્ઞના વિશેષને = ભેદને જ સંપૂર્ણરીતે અથવા સંપૂર્ણતયા ભેદને બધા અસર્વજ્ઞ પ્રમાતાઓ જાણતા નથી. કેમકે વર્ત્તમાનમાં સર્વજ્ઞ દેખાતા નથી. દેખાતા હોય, તો પણ તેમના જ્ઞાનનો નિર્ણય થઇ શકતો નથી. તેથી કોઇ અસર્વદર્શી છદ્મસ્થ સર્વજ્ઞને પ્રતિપન્ન-સ્વીકારતો-માનતો નથી.

જેઓ માત્ર પોતાના મતના સ્થાપકને જ સર્વજ્ઞ કહે છે, તે કેવી રીતે કહી શકે ? જેઓ અર્વાક્દર્શી-માત્ર આગળનું - ઉપર ઉપરનું જ જોઇ શકે છે, તેઓ બીજાનું જ્ઞાન કે જે બીજાની આંતરિક બાબત છે તે જાણવા સમર્થ નથી, માટે એ બીજો સર્વજ્ઞ છે કે નહીં ? તેનો નિર્ણય કરી શકે નહીં. વળી, તેઓ પ્રભુ **મહાવીરસ્વામી**વગેરે સાચા સર્વજ્ઞને પણ અસર્વજ્ઞ ઠેરવી શકે નહીં. તેઓ માટે પ્રત્યક્ષ ભગવાન **મહાવીરસ્વામી** પણ પરોક્ષ છે, કેમકે તેઓ પ્રભુ વીરના અપડકારનીય, અખંડનીય, સર્વકાલીન સત્યરૂપ સ્યાદ્વાદ સિદ્ધાંતોને ઝીલવાની તાકાત ધરાવતા નથી. માટે સ્તો નમોસ્તુ વર્ધમાનાય સૂત્રમાં 'પરોક્ષાય કુતીર્થિનામ્' એમ કહ્યું. અન્ય દર્શનમાં રહેલા અર્વાગ્દર્શીઓ પ્રભુ વીરના વચનો સમજી શકતા નથી. બીજા પણ અસર્વજ્ઞ-વાદીઓ પ્રભુ વીરને સર્વજ્ઞ તરીકે સ્વીકારવા તૈયાર નથી, તેઓ પણ ગજબ કરે છે, પોતાની ચામડાની આંખે બીજાના જ્ઞાનના વિસ્તારને માપવા પ્રયત્ન કરે છે.

ખરેખર તો જેઓ સર્વજ્ઞ નથી, તેઓ પ્રભુ વીર વગેરે સર્વજ્ઞ છે કે નહીં ? તે અંગે કશું કહેવાને અધિકારી નથી. તેથી લૌકિક ધર્મોના સ્થાપકોએ પોતાના અનુયાયીઓને સામાન્યથી હિતકર વાતો કહી હોવાથી અહોભાવથી તેઓ પોતાના મતના સ્થાપકને સર્વજ્ઞ માને તે સંભવે છે. છતાં વાસ્તવિકતા જૂદી છે. પરમાર્થથી તેઓ સર્વજ્ઞ છે કે જેઓ સર્વજ્ઞની સાથે સર્વથા મોહવિજેતા પણ હોય. વીતરાગ થયેલા સર્વજ્ઞો વ્યક્તિથી અનેક હોવા છતાં, તેઓનું જ્ઞાન અને તેઓનો મત એક સરખો-એકરૂપ જ હોવાથી સંગ્રહનયની અપેક્ષાએ તેઓ એક જ છે. એ અપેક્ષાએ ભગવાન એક જ છે. તેથી જ્યારે સર્વજ્ઞની સ્તુતિ કરીએ છીએ, ત્યારે ત્રણેય કાળના સર્વદ્રવ્ય-સર્વપર્યાયને જાણતા-જોતા, ત્રણેય કાળે થયેલા, થતાં અને થનારા તીર્થંકરોની-સર્વજ્ઞોની સ્તુતિ થાય છે.

સર્વજ્ઞતા સિદ્ધિ

અલબત્ત, આપણામાં એ તાકાત નથી કે એ સર્વજ્ઞ-સર્વદર્શીના જ્ઞાન-દર્શન કેવા હતા, તે જોઇ-જાણી શકીએ. છતાં ભગવાને જ્ઞાન અવરોધક તમામ કર્મોનો ક્ષય કર્યો હતો, તે વાત સામાન્યથી આપણે જાણી શકીએ છીએ. અહીં પ્રશ્ન થાય, અહીં વર્ત્તમાનમાં રહેલી વ્યક્તિ અનંતકાળ પહેલાનું અને અનંતકાળ પછીનું જીવવગેરે દ્રવ્યસંબંધી જ્ઞાન કેવી રીતે કરી શકે?

ઉત્તર : અહીં અમે તમને પૂછીએ છીએ, કે જાણવાનું કામ શાનાથી થાય ? જ્ઞાનથી. જ્ઞાનનું કાર્ય જાણવાનું છે, જેમ અરીસાનું કાર્ય છે પ્રતિબિંબ પાડવાનું. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. આ સ્વભાવભૂત જ્ઞાનની જાણવાની મર્યાદા કેટલી? એ મર્યાદા નક્કી કરી શકાતી નથી. કારણકે જ્ઞાનનો સ્વભાવ છે જ્ઞેય પદાર્થોને જાણવા. જેટલી પણ સત્ વસ્તુ છે. તે બધી જ્ઞાનનો વિષય = જ્ઞેય છે. અસત્ વસ્તુઓ જ્ઞેય નથી, માટે જ્ઞાનનો વિષય બને નહીં,

જ્ઞાન એ વસ્તુઓને જાણી શકે નહીં. જે પણ સત્ પદાર્થ હોય, તે જ્ઞાનનો વિષય બને જ. બીજા શબ્દોમાં કહીએ, તો જે જ્ઞાનનો વિષય બની ન શકે, તે જ્ઞેય ન હોવાથી સત્-વાસ્તવિક વસ્તુ પણ નથી, પણ ગધેડાના શિંગડાની જેમ અસત્ છે. આના પરથી તાત્પર્ય એ આવ્યું કે અનંત ભૂતકાળ પહેલા બનેલી કે અનંત ભૂતકાળ પછી બનનારી વાતો તે-તે કાળની અપેક્ષાએ સત્ છે. માટે જ્ઞાનનો વિષય=જ્ઞેય બની શકે તેમ છે. તો એ વસ્તુઓને કોણ જાણી શકે ? વસ્તુ જ્ઞેય તો જ કહેવાય, જો તેને જાણનાર કોઇ હોય. આપણે તો જ્ઞાનઆવારક કર્મોથી દબાયેલા છીએ, તેથી આપણે બધું જોઇ-જાણી શકતા નથી. વાદળામાં ઢંકાયેલો સૂર્ય બધે પ્રકાશ રેલાવી શકતો નથી, એમ જ્ઞાનાવારક કર્મોથી ઢંકાયેલું આપણું જ્ઞાન બધી વસ્તુને વિષય બનાવી શકતું નથી. પણ જેમ બધા વાદળા હટ્યે સૂર્ય સર્વત્ર પ્રકાશે છે, તેમ જ્ઞાનાવરક કર્મો હટ્યે જીવનો જ્ઞાન-સ્વભાવ બધા જ જ્ઞેય પદાર્થોને જાણે છે. તેથી જે પણ જ્ઞેય છે, તે બધું જ જ્ઞાનથી જાણી શકાય, તેમાં કોઇ દોષ નથી. વળી ભૂતકાળ-ભવિષ્ય-કાળની કેટલી મર્યાદાનું જાણી શકે ? એ બંધન પણ રહેતું નથી, જે જ્ઞાન અલ્પભૂતકાળમાં થયેલી વસ્તુ જાણી શકે, તો એ પૂર્વેની વસ્તુને કેમ નહીં? હા, વચ્ચે કર્મરૂપ આવારક હોય, તો વાત જૂદી છે. જ્યારે કોઇ આવારક ન હોય, ત્યારે ભૂતકાળ જાણી શકતું જ્ઞાન અનંતભૂતકાળને અને એ જ રીતે અનંત ભવિષ્યકાળને કેમ ન જાણી શકે ? તેથી સર્વજ્ઞો અનંત ભૂત-ભવિષ્યના તમામ જ્ઞેય પદાર્થોને જાણે છે, તે તર્કયુક્ત શ્રદ્ધાપૂર્વક સ્વીકારવામાં જ પ્રજ્ઞાગત ડહાપણ છે.

જ્યારે રાગ-દ્વેષથી ખરડાયેલા અસર્વજ્ઞ પરદર્શન-સ્થાપકોને પણ સર્વજ્ઞ સમજીને તેઓના અનુયાયીઓ નિર્વ્યાજ બહુમાનપૂર્વક સર્વજ્ઞતરીકે સ્વીકારી, એમના બતાવેલા માર્ગે દોડે છે - બધું ન્યોછાવર કરે છે. ત્યારે આપણને તો વીતરાગ સર્વજ્ઞ મળ્યા છે. એમની વીતરાગતા અને સર્વજ્ઞતાને કોઇ પણ પ્રકારની બદલાની અપેક્ષા વિના ઔચિત્યસભર રીતે સ્વીકારવી જોઇએ. પૂર્ણ બહુમાનભાવપૂર્વક સ્વીકારવી જોઇએ. કાચને ચિંતામણિ સમજી અહો અહો ભાવથી છલકાતા બીજાઓને જોયા પછી સાક્ષાત્ ચિંતામણિ મેળવનાર એ ચિંતામણિ પ્રત્યે કેવો અહોભાવ ધરાવે ! અને ચિંતામણિ પ્રત્યે અહોભાવ માત્ર અહો આ ચિંતામણિ ! એવો લુખ્ખો ન હોય, પણ આ ચિંતામણિને ઉચિત રીતે સેવીશ, તો મારા તમામ દુઃખ, દારિદ્ર્ય, રોગ-શોકને દૂર કરશે, એવો ભીનો ભીનો હોય. અને એવી પ્રવૃત્તિ તરફ લઇ જનારો હોય.

તારક વીતરાગ પરમાત્મા અચિંત્ય-ચિંતામણિ સમા લાગે, તે માત્ર માનવા માટે-કહેવા માટે નહીં, પણ હૃદયના ઊંડાણથી, આ લાગે-લાગણીરૂપ હોય.... એમાં અહોભાવની આર્દ્રતા પૂરેપૂરી હોય, એટલું જ નહીં, આ તારક વીતરાગની વાણીને સાચા દિલપૂર્વક આદરીશ તો મારું કલ્યાણ થઇ જશે, એવી પૂરેપૂરી શ્રદ્ધા હોય, અને પછી એ મુજબ જ જીવનવ્યવહાર હોય. તમે જીવનમાં વીતરાગવાણીને જેટલી ઉતારો ખરેખર, વીતરાગવાણી તેટલી તમારા હૈયામાં ઉતરી છે, એમ કહેવાય. તમે જિનવાણીને જ્યારે સ્વીકારો છો, ત્યારે જિનને સ્વીકારો છો, તમારા જીવન-વ્યવહારમાં જેટલી વાર તમે જિનવાણીને આગળ કરો છો, તેટલીવાર જિનને આગળ કરો છો.

આ જિનવાણી જ આપણા જેવા છદ્મસ્થ-અજ્ઞાનીને મહાજ્ઞાનીની ભૂમિકામાં મુકી દે છે. પ્રભુએ જગતના તમામ ભાવો-પર્યાયો વિશેષરૂપે જોયા છે, અને એ બધાને સામાન્યરૂપે વાણીમાં-

વચનોમાં ઉતાર્યા છે. તેથી તેઓ વિશેષથી સર્વજ્ઞ કહેવાય. એમની વાણીને શ્રદ્ધાપૂર્વક આપણે સમજીએ છીએ, ત્યારે આપણે વિશેષથી નહીં, તો સામાન્યથી સર્વજ્ઞ બનીએ છીએ.

આમ જેઓ અસર્વજ્ઞ દશામાં હોવા છતાં જેટલા અંશે જિનવાણીને સ્વીકારે છે, તેટલા અંશે સર્વજ્ઞતાની નજીક છે. જ્ઞાની છે. તેથી તે સિદ્ધિદશા-મોક્ષના એટલા નજીક છે.

સામાન્યથી સર્વજ્ઞતાપ્રતિપત્તિ સર્વત્ર સમાન

तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि।
निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ॥१०६॥

तस्मात्सामान्यतोऽप्येनं-सर्वज्ञं, **अभ्युपैति य एव हि**-कश्चिदसर्वदर्शी, **निर्व्याजं**-औचित्ययोगेन तदुक्तपालनपरः। **तुल्य एवासौ तेनांशेन** सर्वज्ञप्रतिपत्तिलक्षणेन, **धीमतां**-अनुपहतबुद्धीनामित्यर्थः ॥१०६॥

ગાથાર્થ : તેથી જે નિર્વ્યાજભાવે સામાન્યથી પણ આ સર્વજ્ઞને સ્વીકારે છે, બુદ્ધિમાનો માટે એટલા અંશે તે તુલ્ય જ છે.

ટીકાર્થ : તેથી જે કોઇ અસર્વજ્ઞ-છદ્મસ્થ ઔચિત્યયોગથી સર્વજ્ઞના વચનનું પાલન કરવામાં તત્પર બની એ રીતે સામાન્યથી આ સર્વજ્ઞને સ્વીકારે છે, અનુપહતબુદ્ધિવાળા ધીમંતપુરુષો એ છદ્મસ્થને સર્વજ્ઞની પ્રતિપત્તિના વિષયમાં તુલ્ય જ ગણે છે.

વિવેચન : પોત-પોતાના દર્શન-સિદ્ધાંતમાં રહેલી જે વ્યક્તિ સર્વજ્ઞના વિષયમાં 'મારા દર્શનના સર્વજ્ઞ સાચા, બીજાના ખોટા' એવા સાચા-ખોટાના વિશેષ દર્શન કરવાના-ભેદ પાડવાના પ્રયત્નથી દૂર રહી, 'મારે મારી અવસ્થાઆદિની ઉચિતતાને ધ્યાનમાં લઇ યમ-અહિંસાદિનું પાલન કરવું જોઇએ, કેમકે મારા ધર્મગુરુએ પોતાના જ્ઞાનમાં જોઇ આ જ મારા હિતમાટે કહ્યું છે.' આમ વિચારી પોતાના ધર્મસ્થાપક ગુરુના વચનમુજબ જીવવા યથાશક્તિ પ્રયત્ન કરે છે. એ વ્યક્તિ પોતાના ગુરુને સર્વજ્ઞ માની એમના વચનમુજબ જીવવા પ્રયત્નશીલ છે, આ એનો મોટો ગુણ છે. કેમકે અહીં તે સમર્પણભાવ-નમ્રતાભાવમાં છે, અહંકારમાં નહીં. તેથી જ તે હિતની ખેવનામાં છે. વિવાદ વધારવાની પંચાતમાં નહીં. ભલે આવા પ્રકારની વ્યક્તિઓ જૂદા-જૂદા દર્શનમાં રહી હોય, તો પણ તે બધા જ બુદ્ધિમાનપુરુષોની દૃષ્ટિએ સમાન જ છે. તે બધાએ સામાન્યથી સર્વજ્ઞનું જ શરણું પકડ્યું છે. અને સર્વજ્ઞનો સ્વીકાર પણ પોતાના આત્મહિતની શુભભાવનાથી જ કર્યો છે. સર્વજ્ઞતાના વિષયમાં સાચા-ખોટાનો નિર્ણય કરવા જેટલી શક્તિ-જ્ઞાનક્ષમતા ન હોવાથી એ વિષયમાં તેઓ નિર્દોષ છે. આમ તેઓ બધા ભલે દર્શન-ધર્મની અપેક્ષાએ જૂદા-જૂદા દર્શનમાં હોય, તો પણ સર્વજ્ઞની પ્રતિપત્તિ-સ્વીકૃતિના વિષયમાં તો સમાન જ છે. તેથી એમાં એક બીજાને ઊંચા-નીચા માની સાચા-ખોટા માની અહંકાર-તિરસ્કાર કરવા યોગ્ય નથી.

અહીં धीमताम्=अनुपहतबुद्धीनाम् એમ કહ્યું. જેની બુદ્ધિ પક્ષપાતથી, મારા-તારાના ભેદભાવથી, દૃષ્ટિરાગ-પૂર્વગ્રહજન્ય વાદ-વિવાદના વમળથી મુક્ત છે - હણાયેલી નથી, તે જ ખરા બુદ્ધિમાન છે, એ આશય છે. અને આવા બુદ્ધિમાનો જ સ્વ-પર દર્શનનો ભેદ પડ્યા વિના બધાને સર્વજ્ઞના સ્વીકારના વિષયમાં સમાન માની શકે. ॥૧૦૬॥

અમુમેવાર્થં નિદર્શનગર્ભમાહ-

यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः।
दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥१०७॥

यथैवैकस्य नृपतेः-कस्यचिद्विवक्षितस्य, **बहवोऽपि समाश्रिताः**-पुमांसो, **दूरासन्नादिभेदेऽपि**

सति तथा नियोगादिभेदेन कृते, **तद्भृत्या**-विवक्षित-नृपतिभृत्याः, **सर्व एव ते** समाश्रिता इति ॥१०७॥

આ જ વાત દૃષ્ટાંતપૂર્વક કહે છે -

ગાથાર્થ : જેમ એક જ રાજાને આશ્રયીને ઘણા રહ્યા હોય, તો તે બધા જ દૂર-નજીકાદિ ભેદ હોય, તો પણ તેના જ નોકરો છે.

ટીકાર્થ : જેમ કો'ક વિવક્ષિત રાજાનો ઘણા પુરુષોએ આશ્રય કર્યો હોય, તો નિયોગાદિ ભેદના કારણે તેઓમાં દૂર-નજીકનો ભેદ પડવા છતાં તે જ રાજાને સમાશ્રિત તેઓ તે જ રાજાના નોકરો ગણાય છે.

दार्ष्टान्तिकयोजनमाह-

सर्वज्ञतत्त्वाऽभेदेन तथा सर्वज्ञवादिनः ।
सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥१०८॥

सर्वज्ञतत्त्वाभेदेन-यथोदितनीत्या हेतुभूतेन **तथा**-नृपतिसमाश्रितबहुपुरुषवत् **सर्वज्ञवादिनः सर्वे**-जिनादिमतभेदावलम्बिनः **तत्तत्त्वगाः**-सर्वज्ञतत्त्वगाः, **ज्ञेया** भिन्नाचारस्थिता अपि तथाधिकारभेदेनेति ॥१०८॥

દૃષ્ટાંતનો દાર્ષ્ટાન્તિકસાથે યોગ કરતાં કહે છે...

ગાથાર્થ : તે જ રીતે સર્વજ્ઞતત્ત્વમાં અભેદ હોવાથી બધા જ સર્વજ્ઞવાદીઓ ભિન્નઆચારમાં રહ્યા હોવા છતાં સર્વજ્ઞતત્ત્વ તરફ જ જનારા છે.

ટીકાર્થ : પૂર્વે કહેલી નીતિ મુજબ, રાજાને આશ્રયીને રહેલા પુરુષોના દૃષ્ટાંતની જેમ જિનાદિ ભિન્ન-ભિન્ન મતના સર્વજ્ઞવાદી બધા અનુયાયીઓ તથાઅધિકારભેદથી ભિન્ન-ભિન્ન આચારમાં રહ્યા હોવા છતાં, સર્વજ્ઞતત્ત્વતરફ જ જનારા છે, એમ સમજવું.

જેમ કોઇ મોટા રાજાની સેવામાં રહેલા ઘણા સેવકોમાં નિયુક્તિઆદિ કારણે કો'ક દૂર હોય, કો'ક નજીક, છતાં તે રાજાની આજ્ઞામાં જ ગણાય છે. રાજા પાસે આવવા નીકળે, તો કો'ક એક દિવસ પછી રાજાને મળે, કો'ક ત્રણ દિવસે, તો કો'ક પંદર દિવસે ! પણ છતાં તે બધા રાજાની આજ્ઞામાં જ છે. આ જ પ્રમાણે જેઓ સર્વજ્ઞના વચનને સ્વીકારે છે, અને તે દ્વારા સર્વજ્ઞને સ્વીકારે છે, તેઓ કદાચ ભવની દૃષ્ટિએ દૂર-નજીક હોઇ શકે છે, કો'ક એ જ ભવે, કો'ક એકાદ ભવે, કો'ક ૨/૪/૮/૧૦ ભવે મોક્ષ પામી શકે છે. છતાં તે બધા જ સર્વજ્ઞની છત્રછાયામાં જ છે. ભગવાનના સેવક જ છે. આ દૃષ્ટિએ વિચારીએ તો કદાચ ભિન્નમત-આચારમાં રહેલાઓ પણ જો સર્વજ્ઞવચનને માન્ય કરે છે અને એદ્વારા સર્વજ્ઞતત્ત્વને સ્વીકારે છે, તો સર્વજ્ઞની છત્રછાયામાં રહેલા છે. કદાચ તેઓ સર્વજ્ઞને જૂદા નામે સ્વીકારે છતાં નામભેદ બહુ મહત્ત્વનો ન હોવાથી અને તત્ત્વથી ભેદ ન હોવાથી વિશાળદૃષ્ટિથી જોઇએ, તો તેઓ સર્વજ્ઞની આજ્ઞામાં જ છે.

જેમ જૂદા-જૂદા માર્ગે વહેતી નદીઓ સમુદ્રને જઇને મળે છે, તેમ જિનઆદિ જૂદા-જૂદા મતોને આશ્રીને રહેલાઓ પણ સર્વજ્ઞ વચનને પકડી જૂદા-જૂદા યોગમાર્ગે આગળ વધી સર્વજ્ઞે બતાવેલા તત્ત્વ તરફ જ જઇ રહ્યા છે. હા, કક્ષાદિ ભેદથી નિકટ-દૂર હોઇ શકે છે, કેમકે સર્વજ્ઞતત્ત્વમાં કોઇ ભેદ સંભવતો નથી. આમ ભાવથી જેઓ સર્વજ્ઞતત્ત્વને સ્વીકારી મોક્ષમાર્ગે આગળ વધવા પ્રયત્નશીલ છે, તેઓ પરદર્શનમાં રહેવા છતાં સર્વજ્ઞતત્ત્વને જ અનુસરે છે.

નામાદિ ભેદમાં પણ સર્વજ્ઞતામાં અભેદ

उपसंहरन्नाह-

न भेद एव तत्त्वेन, सर्वज्ञानां महात्मनाम् ।
तथा नामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ॥१०९॥

न भेद एव तत्त्वेन-परमार्थेन, **सर्वज्ञानां महात्मनां**-भावसर्वज्ञानामित्यर्थः **तथेष्टानिष्ट-नामादिभेदेऽपि** सति, **भाव्यमेतन्महात्मभिः** श्रुतमेधाऽसंमोहसारया प्रज्ञया ॥१०९॥

ઉપસંહાર કરતાં કહે છે -

ગાથાર્થ : તે પ્રકારે નામાદિભેદ હોવા છતાં તત્ત્વથી સર્વજ્ઞ મહાત્માઓમાં કોઇ ભેદ નથી, આ વાત મહાત્માઓવડે ભાવિત કરાવી જોઇએ.

ટીકાર્થ : તે પ્રકારે - ઇષ્ટ - અનિષ્ટ નામાદિ ભેદ પડતો હોવા છતાં ભાવ સર્વજ્ઞોમાં પરમાર્થથી કોઇ ભેદ નથી. આ વાત શ્રુત, મેધા અને અસંમોહથી સારભૂત થયેલી પ્રજ્ઞાવાળા મહાત્માઓએ ભાવન કરવી જોઇએ.

વિવેચન : પોતે જે દર્શનમાં રહ્યો હોય, તે દર્શનમાન્ય સર્વજ્ઞનું નામ ઇષ્ટ અને પરદર્શનમાન્ય સર્વજ્ઞનું નામ અનિષ્ટ. આમ સામાન્યથી નામ-સંબંધી ઇષ્ટ-અનિષ્ટનો ભેદ સંભવે છે. આમ નામમાં ભેદ પડી શકે. પણ તેથી કંઇ જેઓ ખરેખર સર્વજ્ઞ છે, તેઓના સ્વરૂપમાં તો કશો ભેદ પડતો જ નથી. જ્યાં જાણકારી ઓછી વત્તી હોય, ત્યાં જાણકારના સ્વરૂપમાં વ્યવહારમાં ભેદ પડી શકે, પણ જ્યાં પૂર્ણ જાણકારી હોવાથી જાણકારીના વિષયમાં ઓછા-વત્તાપણું રહ્યું નથી, ત્યાં-સર્વજ્ઞતાના સ્વરૂપમાં કોઇ ભેદ પડી શકતો નથી. આગમજન્ય શ્રુતજ્ઞાન, અનુમાનમય બનેલી મેધા અને યોગાભ્યાસરસથી પરિભાવિત અસંમોહ. આ શ્રુત-મેધા-અસંમોહથી પરિકર્મિત પ્રજ્ઞાવાળા મહાત્માઓએ આ વાત બરાબર ભાવિત કરવી જોઇએ.

મહાત્મા-મોહાત્મા વચ્ચે ભેદ

અહીં 'મહાત્મા' શબ્દ મજાનો છે. મોહની અસરમાં તણાયેલા, અને વિષયથી વાસિત થયેલી બુદ્ધિવાળા બધા **મોહાત્મા** છે. જ્યારે મોહની નિદ્રામાંથી જેઓ ઉઠી ગયા છે, અથવા આંખ પટપટાવી ઉઠવાની તૈયારીમાં છે એટલે કે જેઓનો મોહ મોળો પડ્યો છે, અને તેથી જેઓની બુદ્ધિ શ્રુત-આગમથી પરિકર્મિત થઇ છે, સંશુદ્ધ થઇ છે; તે બધા **મહાત્માઓ** છે. જેઓ કાયાને હું તરીકે જૂએ છે, તે બધા મોહાત્માઓ છે, જેઓ કાયાથી પોતાને જૂદો માને છે, તે બધા મહાત્મા છે. જેઓ ધન-માલપર મમતા કરવામાં રચ્યા-પચ્યા છે, તે બધા મોહાત્મા છે. જેઓ ધન-માલને અસાર સમજી મમતા ઘટાડતા જાય છે, તે બધા મહાત્માઓ છે.

જેઓ વિષય-વાસનામાં સુખબુદ્ધિ માની એ પાછળ દોડ્યે રાખે છે, તેઓ બધા મોહાત્માઓ છે, જેઓ વિષયો-વાસનાઓ એ ભૂંડ જેવા પશુભવોની તુચ્છ રમત સમજી એનાથી આકર્ષાતા નથી, તે બધા મહાત્માઓ છે. જેઓને જગતનું દેખાતું બધું રળિયામણું લાગે છે, તે મોહાત્મા છે. જેઓને એ રળિયામણું લાગતું બધું જ બિહામણું લાગે છે, તે બધા મહાત્માઓ છે. જેઓ આમ જાત અને જગતનું વિપરીત-મલીન દર્શન કરે છે તે બધા મોહાત્માઓ છે, અને જેઓ આગમથી પરિષ્કૃત મતિવાળા થઇ જાત અને જગતનું વિશુદ્ધ-નિર્મળ દર્શન કરે છે, તે બધા મહાત્માઓ છે.

જંબૂસ્વામી આ દૃષ્ટિ પામી ગયા હતા. માટે જ્યારે **પ્રભવચોરે** તાલોદ્ઘાટિની - અવસ્વાપિની એ બે વિદ્યા આપવાની તૈયારી બતાવી (અલબત્ત બદલામાં પોતે એમ માની લીધેલ કે જંબૂસ્વામી પાસે સ્તંભિનીવગેરે બે વિદ્યા છે - તે માંગી લીધેલી) ત્યારે જંબૂસ્વામીએ કહ્યું- મારી પાસે એવી કોઇ વિદ્યા નથી, સિવાય કે આત્મવિદ્યા, અને મારે તારી કોઇ વિદ્યાનો ખપ નથી. કેમકે હું તો આ ૯૯ક્રોડ સોનૈયા વગેરે બધું છોડીને કાલે જ દીક્ષા લેવાનો છું. જંબૂસ્વામીએ આઠે ય પત્નીઓને પણ આ જ વાત સમજાવી, એની તમામ વાત-તર્ક-દૃષ્ટાંતોનો મુખ્ય ધ્વનિ જ એ હતો, કે દેખાતું જે કાંઇ સારું છે, તે વાસ્તવમાં બિહામણું છે, ભવભ્રમણ વધારનારું છે. આ દેખાતા દરેક આકર્ષક

પદાર્થોએ મહોરું પહેર્યું છે નિર્દોષતાનું, પણ અસલ ચહેરો છે, સદોષતાનો. મહોરું પહેર્યું છે નિર્દોષ બાળકનું, ચહેરો છે મહા ખુનીનો ! આ પદાર્થોએ સુખના લેબલવાળી બરણીમાં દુઃખના હળાહળ ઝેર છુપાવ્યા છે. આ પદાર્થોનો દેખાવ છે, મિત્રનો; પણ સ્વરૂપ છે, દગાબાજ દુશ્મનનું. આ બધું તો આપણા મનરૂપી ઉંદરમાટે પાંજરાની લટકતી રોટલી સમાન છે. આ વાતોથી જ પત્નીઓ પણ વૈરાગ્ય પામી.

સર્વજ્ઞતાનો દ્રવ્ય-ભાવ સ્વીકાર

જંબૂસ્વામીની જેમ મહાત્માઓનું લક્ષણ છે, સંસારના દેખાતા દરેક સારામાં વાસ્તવિક નરસાને જ જોવું. આવા મહાત્માઓ જ પોતાના જ્ઞાનબળે વૈરાગ્ય અને મોક્ષની વાતો કરનારા સર્વજ્ઞોને ભાવથી સ્વીકારે છે. આપણે ભગવાન **મહાવીર** સ્વામીને સર્વજ્ઞ માનીએ, અને છતાં આપણને સંસારના વિષયોમાંથી વૈરાગ્ય ન થાય, એ બધું ખરાબ ન દેખાય, છોડવા જેવું ન લાગે, તો આપણી આ સર્વજ્ઞતરીકેની માન્યતા દ્રવ્યરૂપ છે. (સંભવે છે કે દંભરૂપ છે.) જો આપણને આપણા ભગવાન ખરેખર સર્વજ્ઞરૂપ લાગતા હોય, તો તેઓએ દેખાતા જે સારામાં અસારતા, સંસારભ્રમણની ભયંકરતા, દુઃખ-પીડાની ઉત્પાદકતા જોઇ, એ બધું આપણને અપનાવવા જેવું લાગે કેવી રીતે ? ભગવાન સર્વજ્ઞ ખરા, પણ હું જે માનું છું, જે પકડું છું, તે બરાબર. આ વાત કેવી છેતરામણી છે ? તેથી જ આપણે ભગવાનને સર્વજ્ઞ માનીએ છીએ, આ માન્યતા દ્રવ્યમાન્યતા છે. **ભર્તૃહરિ** જેવા પર-દર્શનમાં રહેલા મહાત્માઓ અલબત્ત ભગવાન **ઋષભદેવ** કે ભગવાર **વીરસ્વામી** વગેરેને વ્યક્તિ-રૂપે સર્વજ્ઞ તરીકે માનતા નથી, ઓળખતા નથી, પણ એ સર્વજ્ઞોએ કરેલી વિષયવૈરાગ્ય, ભવનિર્વેદ અને મોક્ષની પ્રબળ ઇચ્છા આ બધી વાતોને તેઓ માન્ય કરે છે, તેથી તેઓ સંસારથી વિરક્ત થઇ મોક્ષમાર્ગ તરફ પ્રયાણ આદરે છે. તેથી તેઓ દ્રવ્યથી ઋષભદેવ વગેરેને ન સ્વીકારતા હોવા છતાં, સર્વજ્ઞના વચનોને જ એક યા બીજી રીતે સ્વીકારી તે મુજબ માનવા આચરવા કટિબદ્ધ છે. માટે તેઓએ સર્વજ્ઞને ભાવથી સ્વીકાર્યા છે, એમ માની શકાય. તેથી તેઓ મોક્ષની નજીક ગણાય.

ભર્તૃહરિના પ્રબળ વૈરાગ્ય અને વિશિષ્ટ ઉપશમભાવનો સૂચક પ્રસંગ ગા. ૭૪ના વિવેચન વખતે વિચાર્યો. મોક્ષ મેળવવાની અને સંસારથી છૂટવાની તીવ્ર તાલાવેલી વિના આવા વૈરાગ્ય-ઉપશમભાવ આવવા પ્રાયઃ અશક્ય છે.

આવા વૈરાગ્ય-ઉપશમભાવ ભાવથી સર્વજ્ઞને સ્વીકારનારા મોક્ષેચ્છુક મહાત્માઓને શ્રુતના પરિશીલનથી તત્ત્વબોધ થવાથી સંભવતા હોય છે.

પ્રશ્ન : જેઓને **વીરપ્રભુ**વગેરે જૈન સર્વજ્ઞના શાસન-આગમ સાથે કોઇ લેવા-દેવા નથી, તેઓ ભાવથી સર્વજ્ઞને સ્વીકારે છે અને શ્રુતના અભ્યાસથી તત્ત્વબોધ પામે છે, તે વાત કેવી રીતે માની શકાય ?

સમાધાન : સર્વજ્ઞ સિવાય બીજો કોણ સારા દેખાતા સંસારના વિષયો પરિણામે દારુણ છે, તે બતાવી શકે ? કષાયો કરવા ગમે છે, પણ સંસાર-રૂપી વિષવૃક્ષના એ જ બીજો છે, તેવી વાત ત્રિકાળદર્શી વિના બતાવવાની તાકાત કોની છે ? તથા દિવ્ય સુખ-ભોગ પણ વિનાશી અને લપટાયા તો પરિણામે હાનિકારક છે, માટે એમાં પણ લલચાવા જેવું નથી, આવો નિર્ણય અનંતજ્ઞાની સિવાય કોણ કરાવી શકે ? તેથી પરમતમાં રહેલાઓ પણ જે ઓ વિષય-કષાય-ભવ-દિવ્યસુખોથી વિરક્ત છે, તે બધા સર્વજ્ઞના વચનને સ્વીકારે છે, તેમ જ આવીને ઊભુ રહે છે. હવે આ

સર્વજ્ઞવચન તેઓને કેવી રીતે મળ્યું ? તે પ્રશ્ન રહે, તો તેનો જવાબ એ છે કે બધા જ દર્શનો ભગવાનની વાણીને પામી, એના આધારે જ પ્રગટ થયા છે. તેથી જ *'જયઇ સુયાણં પભવો'* દ્વારા જ્યારે **વીરપ્રભુની** સ્તુતિ થાય છે, ત્યારે તેમાં 'શ્રુતાનામ્' આ બહુવચન જૈનાગમ સિવાયના બીજા આગમોનો પણ સમાવેશ કરે છે. તેથી તમામ આગમોનું (જૈનેતર પણ) બીજ જિનવચન છે. તેથી જ પરદર્શનકારોએ પણ હિંસા ન કરવી, જૂઠું ન બોલવું... વગેરે પાયાની વાતો સ્વીકારી છે અને પ્રરૂપી છે.

તેથી જ તેઓમાં પણ વિષયવૈરાગ્ય, કષાય-ઉપશમ અને દયાદિક ગુણો પણ દેખાય છે. તેથી પરદર્શનમાં પણ જેઓ મિથ્યાભિનિવેશ વિનાના છે, તથા દુરાગ્રહ વિનાના છે, તેઓ નામભેદે સર્વજ્ઞ અને વીતરાગને સ્વીકારે છે. અને સ્વયં મુમુક્ષુ હોવાથી મોક્ષમાર્ગે આગળ વધવા પ્રયત્નશીલ છે. હા, તેઓને આપણા જેવો સૂક્ષ્મ આચાર નથી મળ્યો, છતાં તેઓ પોતાને મળેલા સદાચારના પાલનમાં તત્પર છે. તેથી એ બધા પણ અનુમોદનાપાત્ર છે, ઘૃણાપાત્ર નથી. આ જ સમ્યક્ત્વનું બીજ છે.

સંસારી-મુક્તદેવોની ભક્તિમાં ભેદ

शास्त्रगर्भमेवोपपत्त्यन्तरमाह-

चित्राऽचित्रविभागेन यच्च देवेषु वर्णिता ।
भक्तिः सद्योगशास्त्रेषु ततोऽप्येवमिदं स्थितम् ॥११०॥

चित्राऽचित्रविभागेन-वक्ष्यमाणलक्षणेन **यच्च देवेषु वर्णिता**-लोकपालमुक्तादिषु **भक्तिः सद्योग-शास्त्रेषु**-सौवाध्यात्मचिन्ताशास्त्रेषु, **ततोऽपि** कारणात् **एवमिदं स्थितं**-प्रस्तुतमिति ॥११०॥

આ અંગે શાસ્ત્રને મુખ્ય કરી બીજી યુક્તિ બતાવે છે -

ગાથાર્થ : વળી, સદ્યોગશાસ્ત્રોમાં ચિત્ર-અચિત્રઆદિ વિભાગથી દેવોના વિષયમાં જે ભક્તિ વર્ણવી છે, તેનાથી પણ આ વાત એ જ પ્રમાણે સ્થિત થાય છે.

ટીકાર્થ : જે ગ્રંથોમાં સારી રીતે અધ્યાત્મનું ચિંતન કરવામાં આવ્યું છે, એ ગ્રંથોમાં આગળ બતાવશે એ રીતે ચિત્ર-અચિત્રભેદથી લોકપાલ-મુક્તાદિ દેવોનાં વિષયમાં જે રીતે ભક્તિ વર્ણવી છે, તે કારણથી પણ પ્રસ્તુત વાત આ જ પ્રમાણે છે, તેવો નિર્ણય થાય છે.

વિવેચન : 'યોગ' વિષયક ગ્રંથો ઘણા છે. પણ બધા કંઇ સારા નથી. રાજયોગ-હઠયોગ વગેરેની વાતો કરનારા શાસ્ત્રો પણ યોગશાસ્ત્રો ગણાય છે. તેથી અહીં 'સદ્' વિશેષણયુક્ત યોગશાસ્ત્રોની વાત કરી છે. જે ગ્રંથોમાં મુખ્ય રીતે અને ઉચિત રીતે અધ્યાત્મની વિચારણાઓ કરી હોય, એ સદ્યોગશાસ્ત્રો છે. એ યોગગ્રંથોમાં દેવભક્તિને અપેક્ષીને બે ભાગ બતાવ્યા છે. લોકપાળવગેરે જે સાંસારિક દેવો છે તેઓને અપેક્ષીને ભક્તિ વિવિધ પ્રકારની હોય છે. ચિત્ર હોય છે. અને જે વીતરાગ દેવો છે તેઓની ભક્તિમાં વિવિધતા નથી જોવા મળતી પણ એકરૂપતા જોવા મળે છે. અલગ-અલગ દર્શનોના યોગશાસ્ત્રોમાં આમ વીતરાગ-સર્વજ્ઞ માટે એક સરખી ભક્તિ જોવા મળે છે. આનાથી સિદ્ધ થાય છે કે જૂદા-જૂદા દર્શનોના સર્વજ્ઞોમાં નામાદિથી ભેદ હોવા છતાં મૂળભૂત સર્વજ્ઞતત્ત્વ અંગે કોઇ તાત્ત્વિક ભેદ નથી.

કોણ કોની ભક્તિ કરે ?

अमुमेवार्थं स्पष्टयन्नाह -

संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् ।
तदतीते पुनस्तत्त्वे तदतीतार्थयायिनाम् ॥१११॥

संसारिषु हि देवेषु-लोकपालादिषु **भक्तिः**-सेवा, **तत्कायगामिनां**-संसारिदेवकायगामिनां, **तद-तीते पुनः**-संसारातीते तु, **तत्त्वे तदतीतार्थयायिनां**-संसारातीतमार्गयायिनां योगिनां भक्तिः ॥१११॥

એ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે -

ગાથાર્થ : સંસારી દેવોપર જ ભક્તિ તે કાયગામીની હોય છે અને સંસારાતીત તત્ત્વપર તદ્વતીતાર્થયાયીઓની ભક્તિ હોય છે.

ટીકાર્થ : લોકપાળવગેરે સંસારી દેવોપર સેવાભક્તિ સંસારીદેવકાયગામીઓ (=સંસારી દેવવગેરેમાં ઉત્પન્ન થવાવાળાઓ) ની હોય છે. સંસારાતીત માર્ગતરફ જનારા યોગીઓની ભક્તિ તો સંસારાતીત તત્ત્વપર જ હોય છે.

વિવેચન : અહીં સમજવાની વાત એ છે કે દેવતત્ત્વને ભજનાર વ્યક્તિ કયા દેવપ્રત્યે શ્રદ્ધા ધરાવે છે ? ઇષ્ટદેવ તરીકે કયા દેવોને સ્વીકારે છે ? એના આધારે તેઓ સંસારરસિક છે કે યોગી છે ? તેનો નિર્ણય થાય છે. દેવતત્ત્વ બે પ્રકારે છે. (૧) સંસારી-લૌકિક દેવો, જેવા કે ચંડી, ભવાની, વગેરે. આ બધા સંસારી દેવો સર્વજ્ઞ નથી, વીતરાગ નથી, પણ પોતાની દૈવી શક્તિથી પોતાને પૂજનારપર જો પ્રસન્ન થાય છે, તો આ ભવસંબંધી ઇષ્ટની પૂર્તિ કરે છે. (૨) સર્વજ્ઞ દેવ - આ અલૌકિક દેવો છે. સંસારઅવસ્થાને પાર કરી ગયા છે. આ દેવો આ ભવસંબંધી ઇષ્ટની પૂર્તિ કરવી, કો'ક પર પ્રસન્ન થવું, કો'ક પર નારાજ થવું, આવી ખટપટોમાં પડતાં નથી.

લૌકિક દેવોને પૂજનારા દેવના આત્માની નહીં, દેવની કાયાની ભક્તિ કરે છે. એમની દૃષ્ટિ આત્માતરફ નથી, પરંતુ કાયાતરફ છે. અર્થાત્ બાહ્ય ઠાઠ માઠ તરફ છે. અલૌકિક દેવો કે જે સર્વજ્ઞ-વીતરાગ છે, તે દેવોને ભજનારા એ દેવોની કાયાતરફ નહીં, પણ આત્માતરફ જૂએ છે. 'આ મારા ઇષ્ટદેવ રાગ-દ્વેષ વિનાના છે, વસ્તુતત્ત્વના જ્ઞાતા છે, શુદ્ધ સ્વરૂપને પામેલા છે, મારે પણ રાગદ્વેષથી મુક્ત થવું છે, વસ્તુતત્ત્વના જ્ઞાતા થવું છે, અને શુદ્ધસ્વરૂપ પામવું છે, માટે આ દેવની ઉપાસના કરું...' આ પ્રજ્ઞાથી એ દેવોપ્રત્યે મુમુક્ષુઓ આકર્ષાય છે.

લૌકિકદેવોની ભક્તિ અનેક પ્રકારે

अनयोर्विशेषमाह-

चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता।
अचित्रा चरमे त्वेषा शमसाराखिलैव हि ॥११२॥

चित्रा च-नानाप्रकारा **च आद्येषु**-सांसारिकेषु देवेषु **तद्रागतदन्यद्वेषसङ्गता**-स्वाभीष्टदेवतारागाऽन्यभीष्टद्वेषसंयुक्ता, मोहगर्भत्वात्। **अचित्रा**-एकाकारा, **चरमे**-तदतीते तु तत्त्वे, **एषा**-भक्तिः, सा च **शमसारा**-शमप्रधाना, **अखिलैव हि**, तथा संमोहाभावादिति ॥११२॥

આ બે ભક્તિમાં તફાવત બતાવે છે.

ગાથાર્થ : આદ્ય દેવોપ્રત્યેની ભક્તિ ચિત્ર હોય છે, અને તેના પ્રત્યે રાગ અને અન્ય પ્રત્યે દ્વેષથી યુક્ત હોય છે. ચરમ દેવો પ્રત્યેની ભક્તિ અચિત્ર હોય છે, અને એ અખિલ ભક્તિ શમપ્રધાન હોય છે.

ટીકાર્થ : ચિત્ર=અનેક પ્રકારની. અચિત્ર=એક જ પ્રકારની. સંસારી દેવોમાં જે ભક્તિ છે, તે અનેકપ્રકારની છે. વળી એ ભક્તિ મોહગર્ભિત હોવાથી જ તે - કે જે દેવની ભક્તિ થાય છે, તેના પ્રત્યે રાગવાળી અને તે સિવાયના દેવોપ્રત્યે દ્વેષયુક્ત હોય છે. જ્યારે સંસારાતીત તત્ત્વભૂત દેવો = સર્વજ્ઞ વીતરાગ દેવો પ્રત્યે જે ભક્તિ હોય છે, તે એકસરખી હોય છે, અને સંમોહ ન હોવાથી જ એ આખી ભક્તિ શમપ્રધાન હોય છે.

વિવેચન : જેઓ મોહાધીન છે, તેઓને જ સંસારી દેવોની ભક્તિ કરવાનું સૂઝે છે. આ મોહાધીનતાના કારણે જ તેઓને જાત-જાતની ઇચ્છાઓ થાય છે. એમની દેવભક્તિ કોઇ જરૂરિયાતમાટે નહીં, પણ મુખ્યતયા ઇચ્છાઓ-મહત્ત્વાકાંક્ષાઓ-બીજાથી આગળ વધી જવાની ઝંખનાથી પ્રેરિત હોય છે. આથી જ તેઓ સતત

રાગ-દ્વેષના ભાવોમાં રગદોળાતાં હોય છે. અને આ રાગ-દ્વેષની રમત માત્ર સમકક્ષ વ્યક્તિઓ પૂરતી મર્યાદિત ન રહેતા ભક્તિથી પૂજાતા દેવોઅંગે પણ આવી જાય છે. પોતે જેને ઇષ્ટદેવ માની પૂજે છે, એ દેવને જ શ્રેષ્ઠ માને છે, એના પ્રત્યે આંધળો રાગભાવ રાખે છે, તો બીજાઓપ્રત્યે દ્વેષાદિ હોવાથી એ બીજાઓ જે દેવની ભક્તિ કરે છે, તે દેવોપ્રત્યે પણ દ્વેષભાવ આવી જાય છે. આ જ ગણાય છે 'ધર્મઝનુન'. આમાંથી જ કહેવાતા ધર્મયુદ્ધો ખેલાય છે. આ લોકોથી પૂજાતા દેવો પણ સંસારી છે-લૌકિક છે.

આ લૌકિક દેવો ઘણા પ્રકારના છે, તેઓ ભિન્ન-ભિન્ન રુચિવાળા છે, અને રાગ-દ્વેષ કરનારા છે. તેઓને રીઝવવા અલગ-અલગ પ્રકારની ભક્તિ જરુરી બને છે, કે જેમાં વિવિધ બાહ્ય-સામગ્રીઓ અપેક્ષિત છે. એમાં અંતરાત્માને શુભભાવોથી ભરવા જરૂરી નથી. અનેક બહિર્મુખ આશયોથી અંતરાત્મા છલકાયેલા હોય છે.

અલૌકિક દેવોની ભક્તિ-ઉપશમમાટેની

અલૌકિક દેવો નામભેદે અનેક હોવા છતાં વીતરાગભાવે એકરૂપ જ છે. તથા તેઓની ખરી ભક્તિ એક જ પ્રકારની છે અને તે છે ઉપશમ-પ્રધાન. આ અલૌકિક દેવોની ભક્તિ પાછળ મુખ્ય આશય હોય છે, તેઓના જેવો ઉપશમભાવ પામવાનો. આ અલૌકિક દેવોને ભજનારા પ્રાયઃ દુનિયાદારીની અપેક્ષા રાખતા નથી, કારણ કે એ ભક્તયોગીઓનો દુનિયા પ્રત્યેનો-દુનિયાની આકર્ષક લાગતી સામગ્રીઓ પ્રત્યેનો સંમોહ હટી ગયો છે. મોહદશા દૂર થઇ છે. જ્ઞાનભાવિત વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. દુન્યવી કામ તો લૌકિક દેવો કરી આપે છે. જે પણ લૌકિક દેવો પાસે નથી ને અલૌકિકદેવો પાસે જે છે, એ વસ્તુ ઉપશમ છે. ઉપશમ એટલે દુનિયાનું ધન-દૌલત-માન-પાન-પ્રતિષ્ઠાન કશું જ જોઇતું નથી. કારણકે દુનિયાનું બધું કેવું છે, તે જોઇ લીધું. દુનિયામાં રહેવા છતાં હવે દુનિયા જેની પાછળ દોડે છે, તે દોડ નથી જોઇતી. કેમકે એ બધું જેમ જેમ મેળવતા ગયા, તેમ-તેમ ગુલામી વધતી ગઈ. ઝુપડીમાં કશું ન હોતું, કશાની ગુલામી ન હોતી. બંગલામાં ગયા, તો બંગલાની, બંગલામાં વસાવેલા ફર્નીચરની, બંગલા સાથે જોડાયેલા સ્ટેટસૂનીવગેરે ઘણી ઘણી ગુલામીઓ પણ આવતી ગઈ. દુનિયાની અપેક્ષાએ વિચારીએ, તો પણ વર્ત્તમાન જીવનમાટે મુખ્ય ગણાતા ત્રણ સુખ, પેટ ભરીને ભોજન, નિરાંત અને શાંતિની નિદ્રા આ ત્રણ ઝુપડામાં હતા. બંગલામાં ગયા એટલે આ ત્રણે ય સુખ ગયા. દોડધામ-ટેન્શન-ઉપાધિથી અનેક રોગ થવાથી ભૂખ મરી જવાથી-અરુચિ થવાથી નથી ખાઇ શકાતું. ભોજનનું સુખ ગયું. એ દોડધામમાં નથી નિરાંતે બેસી શકાતું. અને એ ઉપાધિઓમાં નથી રાતે ઉંઘ આવતી. અને પાપપ્રવૃત્તિઓ ખુબ વધવાથી પરલોક પ્રાયઃ બગડવાનો !

હવે આ દુનિયાનું કશું નથી જોઇતું, આ ભાવ છે ઉપશમભાવ. આ માટે અલૌકિક દેવોને ભજવા જોઇએ. ભક્તિ કરવી જોઇએ. આ ભક્તિમાં જ એવી શક્તિ છે કે ભક્તિદ્વારા જે મોક્ષની મસ્તી, આનંદ મેળવવા છે, તે બધું જાણે ભક્તિ કરતાં કરતાં જ અનુભવવા મળે છે. માટે જ આ દેવોની લયલીન થઇને ભક્તિ કરનારનું જીવન ખુશનુમા, સદા પ્રસન્ન, આનંદસભર જોવા મળે છે. તેથી જ અલૌકિક દેવોના ભક્તો કોઇ પણ દર્શન-મતમાં હોય, એક સરખા પ્રસન્ન-મસ્ત દેખાય છે.

પ્રશ્ન : તમે કહ્યું કે લૌકિક દેવોની ભક્તિ અનેક પ્રકારની છે, અને અલૌકિક દેવોની ભક્તિ એક જ પ્રકારની છે. પણ અમે તો જોઇએ છીએ કે, વીતરાગ-અરિહંતો અલૌકિક દેવો હોવા છતાં એમની ભક્તિમાં, જળપૂજા, ચંદનપૂજા, ફૂલપૂજા

વગેરે અનેક પ્રકારો દેખાય છે. આમ કેમ ?

સમાધાન : પ્રસ્તુતમાં ભક્તિમાં વિવિધતા કે એકતા બાહ્ય સાધનોના આધારે સમજવાની નથી, પરંતુ આંતરિક આશયોના આધારે સમજવાની છે. લૌકિકદેવની ભક્તિ કરનારાઓના આશયો વિવિધ છે, કોઇ પુત્ર માટે, કોઇ ધન માટે, કોઇ શરીર માટે.... વગેરે અનેક માંગણી-ઇચ્છા-આશયો રહ્યા હોવાથી ભક્તિમાં વિવિધતા છે. અલૌકિકદેવોની જળ પૂજાવગેરે વિવિધ પૂજાઓ તો માત્ર સાધનવૈવિધ્ય રૂપ છે. આશય તો બધી જ પૂજા વગેરેનો એક જ છે ઉપશમભાવ મેળવાનો. 'વીતરાગદેવની જળ-ચંદન પૂજા કરો કે એમના મસ્તકે લાખ રૂપિયાનો મુગટ ચઢાવો, એમની વીતરાગતામાં કોઇ ફેરફાર થતો નથી, કેમકે તેઓ વીતરાગભાવના-ઉપશમભાવના રાજા છે, મારે પણ આવો ઉપશમભાવ જોઇએ છે. તેથી પૂજા રૂપે આ જૂદા-જૂદા દ્રવ્યસમર્પણ કરું છું' આ આશયથી વિવિધ પૂજાના દ્રવ્યોથી પૂજા થાય છે. રાગી-દ્વેષીની પૂજા કરવાથી કે તેઓના માથે મુગટ ચઢાવવાથી તેઓને રાગઆદિ થવા સંભવ છે. વિહ્વલતા અને અશાંતિ ઊભી થાય છે. આ બધા ભાવો ઉપશમભાવના વિરોધી છે. તેથી ઉપશમ-ભાવ ઇચ્છુક મુમુક્ષુ વીતરાગદેવોની ઉત્કૃષ્ટ દ્રવ્યોથી અને હૈયાના ઉછળતા ભાવોથી ભક્તિ-પૂજા કરે છે. સંસારી દેવો તરફ આકર્ષાતા નથી.

સ્થિરપ્રજ્ઞતા-સ્થિતપ્રજ્ઞતા

જેમ વેશ્યાના પલંગના માલિકો ઘણા હોય. એમ સંસારી લૌકિક દેવને માનનારાના હૈયાના માલિકો ઘણા થઇ જાય. અને એ દેવોને પ્રસન્ન કર્યા પછી મળેલી સામગ્રી સાચવવા અને એ દેવ શાપ ન આપે તેની ચિંતા કર્યા કરવાની રહે, અને દુનિયાને પણ સંભાળવી પડે. ટૂંકમાં એ પછી દેવદાસ અને દુનિયાદાસ બનીને રહે છે.

જ્યારે લોકોત્તર દેવને પૂજનારો દેવના શરીરને નહીં, પણ પરમશુદ્ધ થયેલા આત્મતત્ત્વને પૂજે છે. તેથી એકસ્વરૂપી પરમાત્માનો જ ભક્ત બનીને રહે છે. એના જીવનનું ધ્યેય પણ નિશ્ચિત થયેલું છે. મારે આ વીતરાગદેવની ભક્તિ કરી વૈરાગ્ય-ઉપશમભાવ કેળવવાનો છે. એટલે બહાર બનતા સારા-નરસા પ્રસંગોમાં મારે તણાવાનું નથી. મારી પ્રજ્ઞાને માત્ર આત્મભાવમાં જ-આત્માની વિશુદ્ધિમાં જ સ્થિત કરવાની છે અને સ્થિર રાખવાની છે. આત્મસ્વભાવમાં જ રોકાયેલી પ્રજ્ઞાવાળો જીવ સ્થિતપ્રજ્ઞ છે. અને એમાં રોકાયેલી પ્રજ્ઞાને એમાં જ સ્થિર રાખી, બાહ્ય ભાવોમાં આવતી-જતી અટકાવવી એ સ્થિરપ્રજ્ઞતા છે. અથવા સ્થિત=નિશ્ચય પામેલી પ્રજ્ઞાવાળો સ્થિતપ્રજ્ઞ કહેવાય. અર્થાત્ જેણે વ્યવસ્થિત તત્ત્વનો નિર્ણય કરી લીધો છે, તે સ્થિતપ્રજ્ઞ છે. અને ગમે તેવા બાહ્ય-અભ્યંતર એવા નિમિત્તો ઊભા થાય કે જે કરાયેલા નિર્ણયથી વિપરીતતાનો ભાસ કરાવતા હોય, છતાં કરાયેલા નિર્ણયમાં જ બુદ્ધિને સ્થિર રાખવી, તે સ્થિરપ્રજ્ઞતા છે.

આ સ્થિતપ્રજ્ઞ અને સ્થિરપ્રજ્ઞ જીવ પુદ્ગળોની, બાહ્યભાવોની ચંચળતા-અસ્થિરતા-સતત બદલાતા રહેવાની પરિણતિને જાણી ચૂક્યો છે, તેથી એ પોતાની પ્રજ્ઞાને એ ભાવોથી અલિપ્ત રાખે છે-દૂર રાખે છે. નહિંતર અસ્થિર-પરિવર્ત્તનશીલ પદાર્થો સાથે જોડાયેલી પ્રજ્ઞા પણ અસ્થિર બની જાય. અને પ્રજ્ઞાની આ અસ્થિરતા જ અશાંતિ-અજંપાનું કારણ બને છે. તેથી સ્થિતપ્રજ્ઞ-સ્થિરપ્રજ્ઞને બહારની કોઇ ચીજ જોઇતી નથી, કોઇ ચીજનું આકર્ષણ નથી.

જે ઓ આવી સ્થિતપ્રજ્ઞા/સ્થિરપ્રજ્ઞતા પામ્યા નથી, તેઓ બાહ્યભાવો સાથે જોડાયેલા છે. તેઓને બાહ્યભાવો પામવા ટકાવવામાં રસ છે, તેથી

તેઓ એ બાહ્યભાવમાં ઉપકારી બનતા લૌકિક દેવોને આરાધે છે.

લૌકિકદેવોની ભક્તિમાં વિવિધતાનો હેતુ

અત્રૈવ હેતુમાહ-

संसारिणां हि देवानां यस्माच्चित्राण्यनेकधा।
स्थित्यैश्वर्यप्रभावाद्यैः स्थानानि प्रतिशासनम् ॥११३॥

संसारिणां हि देवानां-लोकपालादीनां **यस्माच्चित्राणि**-अनेकाकाराणि **अनेकधा**-अनेकैः प्रकारैः। कैः कानीत्याह-**स्थित्यैश्वर्यप्रभावाद्यैः** आदिशब्दात्सहजरूपादिपरिग्रहः, **स्थानानि**-विमानादीनि **प्रतिशासनं**-शासनं प्रति ब्रह्माण्डत्रैविध्यानुभेदात् ॥११३॥

અહીં હેતુ બતાવે છે-

ગાથાર્થ : જેથી પ્રતિશાસન સંસારી દેવોના સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવાદિથી વિચિત્ર અનેક પ્રકારના સ્થાનો છે.

ટીકાર્થ : બ્રહ્માણ્ડના ઉર્ધ્વ-અધો-મધ્ય એમ ત્રણ ભેદ છે. આ પ્રત્યેક ભેદમાં લોકપાળાદિ સંસારી દેવોના આયુષ્ય, ઐશ્વર્ય, પ્રભાવાદિ-આદિ શબ્દથી સહજ રૂપવગેરે લેવાના છે. આ કારણોથી અનેક પ્રકારના વિમાનઆદિ સ્થાનો છે.

વિવેચન : સંસારી દેવોના સ્થાન જૂદા-જૂદા છે, જેમકે જૂદી જૂદી દિશાના જૂદા જૂદા લોકપાળ-વગેરે દેવો છે. દેવોના સ્થાન વિષયમાં જૂદા જૂદા ધર્મોની માન્યતા પણ જૂદી-જૂદી છે. એ દેવોના સ્વરૂપમાં પણ વિવિધતા છે, અને તે તે ધર્મોની દેવો પ્રત્યે કલ્પનારૂપે પણ ઘણી વિવિધતાઓ છે. એ જ પ્રમાણે જૂદા-જૂદા દેવોની તાકાત-પ્રભાવકતા પણ જૂદી-જૂદી માની છે, તે-તે દેવોની રુચિ અંગે પણ ઘણી વિવિધતા જોવા મળે છે. તેથી તેઓની ભક્તિ એકરૂપ બનતી નથી.

यस्मादेवम्--

तस्मात्तत्साधनोपायो नियमाच्चित्र एव हि।
न भिन्ननगराणां स्यादेकं वर्त्म कदाचन ॥११४॥

तस्मात्कारणात् तत्साधनोपायः-संसारिदेवस्थानसाधनोपायो **नियमाच्चित्र एव हि** भवति। इदमेव वस्तु लोकप्रसिद्धोदाहरणद्वारेणाह-**न भिन्ननगराणां स्याद्**-भवेत् एकं वर्त्म **कदाचन**, तथा तद्भेदानुपपत्तेरिति ॥११४॥

આમ હોવાથી.....

ગાથાર્થ : તેથી જ તેના સાધનનો ઉપાય અવશ્ય ચિત્ર જ હોય. ક્યારેય પણ ભિન્ન નગરોનો રસ્તો એક હોતો નથી.

ટીકાર્થ : તેથી જ સંસારી દેવોના સ્થાન પ્રાપ્ત કરવાના ઉપાયો અવશ્ય ચિત્ર = અનેક પ્રકારના જ હોવાના. આ જ પદાર્થને લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા બતાવે છે - અલગ-અલગ નગરોનો રસ્તો ક્યારેય પણ એક નથી હોતો, કેમકે જો રસ્તો એક જ હોય, તો નગરો અલગ હોવા સિદ્ધ ન થાય.

વિવેચન : આમ સંસારી દેવોના આયુષ્ય-સત્તા-પ્રભાવવગેરે તર-તમભાવવાળા છે. તેથી જ એ દેવસ્થાનો પ્રાપ્ત કરવાના ઉપાયો પણ તીવ્ર-મંદ આદિરૂપે અલગ-અલગ જ હોવાના. તેથી જ તે-તે દેવોને રીઝવવાના ઉપાયો પણ અલગ અલગ હોવાના.

જૂદા-જૂદા નગરોમાં જવાના રસ્તા એક નથી હોતા. અનેક રસ્તાઓની ભૂલ-ભૂલામણીમાં અટવાઈ જવાનું પણ બને. વળી, ઘડીમાં આ દેવને તો ઘડીકમાં બીજા દેવને રીઝવવાનું મન થાય. અને કોઇ એક ઉચિત આદર્શ પણ નજરસમક્ષ આવે નહીં.

ઈષ્ટાપૂર્ત્તનું સ્વરૂપ

तथा--

इष्टापूर्तानि कर्माणि लोके चित्राभिसन्धितः।
नानाफलानि सर्वाणि द्रष्टव्यानि विचक्षणैः ॥११५॥

इष्टापूर्तानि कर्माणि-वक्ष्यमाणलक्षणानि **लोके**-प्राणिगणे **चित्राभिसन्धितः** कारणात् किमि-

ત્યાહ **નાનાફલાનિ**-ચિત્રફલાનીતિ યોઽર્થઃ **સર્વાણિ દ્રષ્ટવ્યાનિ** હેતુભેદાત્, કૈરિત્યાહ **વિચક્ષણૈ**:-વિદ્વદ્ભિરિતિ ॥૧૧૫॥

તથા

ગાથાર્થ : વિચક્ષણોએ લોકમાં બધા ઇષ્ટ-પૂર્ત્ત કર્મો વિચિત્રઅભિસંધિ-આશયોના કારણે વિચિત્ર ફળોવાળા સમજવા.

ટીકાર્થ : ઇષ્ટ-પૂર્ત્તનું સ્વરૂપ આગળ બતાવશે. વિદ્વાનોએ જીવસમુદાયમાં અભિપ્રાયો-આશયો તીવ્ર-મન્દાદિ અનેક પ્રકારના હોવાથી બધા જ ઇષ્ટ-પૂર્ત્ત કર્મો-ક્રિયાઓના ફળો પણ વિચિત્રપ્રકારના-અનેક પ્રકારના મળે છે તેમ સમજવું, કારણ કે હેતુના ભેદથી કાર્યભેદ થાય છે.

વિવેચન : ઇષ્ટ-પૂર્ત્તવગેરે કાર્યો કરતી વખતે એ એ કાર્ય કરનારાઓનાં ઇચ્છાઓ-આશયો શ્રદ્ધાની તીવ્રતા-મંદતા વગેરે દ્વારા પરિણામોમાં ઘણી વિચિત્રતાઓ સર્જાતી હોય છે. અને ફળમાં મુખ્ય હેતુ ક્રિયા નહીં, પણ પરિણામ છે. તેથી ઇષ્ટ-પૂર્ત્તાદિ ક્રિયા એકસરખી થવા છતાં આશયોમાં વિવિધતા હોવાથી એ ક્રિયાઓના ફળમાં વિવિધતાઓ આવે, તે સહજ છે. આમ આશયોની વિવિધતાથી ભક્તિમાં વિવિધતા અને તેના ફળમાં વિવિધતા સિદ્ધ થાય છે.

ઇષ્ટાપૂર્તસ્વરૂપમાહ-

ઋત્વિગ્ભિર્મન્ત્રસંસ્કારૈર્બ્રાહ્મણાનાં સમક્ષતઃ ।
અન્તર્વેદ્યાં હિ યદ્દત્તમિષ્ટં તદભિધીયતે ॥૧૧૬॥

ઋત્વિગ્ભિ:-યજ્ઞાધિકૃતૈઃ **મન્ત્રસંસ્કારૈ**:કરણભૂતૈઃ **બ્રાહ્મણાનાં સમક્ષત**ઃ તદન્યેષાં, **અન્તર્વેદ્યાં હિ યદ્દત્તં** હિરણ્યાદિ, **ઇષ્ટં તદભિધીયતે**, વિશેષલક્ષણયોગાત્ ॥૧૧૬॥

વાપીકૂપતડાગાનિ, દેવતાયતનાનિ ચ ।
અન્નપ્રદાનમેતત્તુ, પૂર્તં તત્ત્વવિદો વિદુઃ ॥૧૧૭॥

વાપીકૂપતડાગાનિ-લોકપ્રસિદ્ધાન્યેવ, **દેવતાયતનાનિ ચ**-વસતિકાદીનિ, તથા **અન્નપ્રદાનં** લૌકિકમેવ, **એતત્તુ**-એવમ્ભૂતં, કિમિત્યાહ- **પૂર્તં તત્ત્વવિદો વિદુ**ઃ-ઇતિ પૂર્તપરિભાષયા તત્ત્વવિદો વિદન્તિ ॥૧૧૭॥

હવે ઇષ્ટાપૂર્ત્તનું સ્વરૂપ બતાવે છે.

ગાથાર્થ-ટીકાર્થ : અહીં, યજ્ઞકાર્યોમાં અધિકારી ગણાતા ઋત્વિજો, બ્રાહ્મણોની સમક્ષ યજ્ઞની વેદિકાની મધ્યમાં મંત્ર સંસ્કારપૂર્વક જે સુવર્ણ વગેરે આપે તે ઇષ્ટ કહેવાય છે. કેમકે એમાં ઇષ્ટના વિશેષ લક્ષણ સંભવે છે. ॥૧૧૬॥ તથા પુણ્યહેતુ લોકપ્રસિદ્ધ વાવ, કૂવા, તળાવ વગેરે કરાવવા અથવા દેવસ્થાનક બનાવવું કે લૌકિક (લોક વ્યવહારમાં પ્રસિદ્ધ) રીતે અન્નદાન કરવું, આ બધું તત્ત્વના જાણકારો 'પૂર્ત્ત'ની પરિભાષાથી પૂર્ત્તકર્મ કહે છે. ॥૧૧૭॥

ફળભેદમાં હેતુ-આશયભેદ

આન્તરં હેતુમધિકૃત્યાહ-

અભિસન્ધેઃ ફલં ભિન્નમનુષ્ઠાને સમેઽપિ હિ ।
પરમોઽતઃ સ એવેહ વારીવ કૃષિકર્મણિ ॥૧૧૮॥

અભિસન્ધે:-તથાવિધાશયલક્ષણાત્ કિમિત્યાહ **ફલં ભિન્નં**-સંસારિદેવસ્થાનાદિ, **અનુષ્ઠાને સમેઽપિ હિ** ઇષ્ટાદૌ। **પરમ**ઃ-પ્રધાનઃ, **અત**ઃ-કારણાત્ **સ એવ**-અભિસન્ધિરેવ **ઇહ**-ફલસિદ્ધૌ। કિંવદિત્યાહ **વારીવ કૃષિકર્મણિ** ઇતિ દૃષ્ટાન્તઃ પરમો લોકરૂઢ્યા ॥૧૧૮॥

હવે આંતરિક હેતુને ઉદ્દેશીને કહે છે-

ગાથાર્થ : સમાન પણ અનુષ્ઠાનમાં પણ અભિસંધિના કારણે ફળ ભિન્ન મળે છે. તેથી એ જ અહીં મુખ્ય છે. જેમકે કૃષિકર્મમાં પાણી મુખ્ય છે.

ટીકાર્થ : ઇષ્ટ વગેરે સમાન પણ અનુષ્ઠાનમાં તેવા પ્રકારના આશયરૂપ અભિસંધિના કારણે સંસારી દેવસ્થાનરૂપ ફળમાં ભેદ પડે છે. તેથી

પ્રસ્તુતમાં ફળની સિદ્ધિમાં અભિસંધિ જ પ્રધાન-મુખ્ય કારણરૂપ છે. કોની જેમ ? તે કહે છે - જેમ લોકરુઢિથી ખેતીના કાર્યમાં પાણી જ મુખ્ય કારણ ગણાય છે.

વિવેચન : અહીં ઇષ્ટાપૂર્તમાં અનુષ્ઠાનોની આ રીતે થતી ક્રિયાઓમાં વિવિધતા દેખાય છે. એમાં તે-તે અનુષ્ઠાન કરનારાઓનો આંતરિક આશય જૂદો જૂદો હોવો એ જ મુખ્ય કારણ છે. તેથી જ એક સરખા અનુષ્ઠાનથી પણ ભિન્ન-ભિન્ન સંસારી દેવસ્થાનોની પ્રાપ્તિઆદિરૂપ ફળની પ્રાપ્તિમાં જે ભેદ પડે છે, તેમાં આંતરિક આશયભેદ જ મુખ્ય કારણ બને છે. આમ ફળની સિદ્ધિમાં તો આંતરિક આશય જ મુખ્ય ભાગ ભજવે છે, જેમકે ખેતીક્રિયામાં વિવિધ ખેતરવગેરે અનેકવિધતામાંકે એક જ ખેતર ઇત્યાદિરૂપે સમાનતામાં પણ પાક ઓછો-વત્તો થવામાં મુખ્ય કારણ પાણી છે. અર્થાત્ પાક પકાવવામાં મુખ્ય કારણ જેમ પાણી છે, આ લોકરૂઢિથી દૃષ્ટાંત છે. તેમ તે-તે અનુષ્ઠાનના ફળ મળવારૂપ કાર્યમાં મુખ્ય કારણ તેવા પ્રકારના આશયરૂપ અભિસંધિ જ છે.

અભિસન્ધિભેદનિબન્ધનાન્યાહ--

रागादिभिरयं चेह, भिद्यतेऽनेकधा नृणाम् ।
नानाफलोपभोक्तृणां, तथा बुद्ध्यादिभेदतः ॥११९॥

रागादिभिर्दोषैः अयं च-अभिसन्धिः **इह**-लोके **भिद्यतेऽनेकधा नृणां** तन्मृदुमध्याधिमात्रभेदेना किंविशिष्टानामित्याह-**नानाफलोपभोक्तृणां तथा बुद्ध्यादिभेदतः**-वक्ष्यमाणाद् भिद्यतेऽभिसन्धिरिति ॥११९॥

અભિપ્રાયભેદ પડવાના કારણો કહે છે.

ગાથાર્થ : અહીં નાનાપ્રકારના ફળોનો ઉપભોગ કરતાં મનુષ્યોની અભિસંધિ રાગાદિ દોષોથી અને બુદ્ધિવગેરેના ભેદથી અનેકપ્રકારે ભેદ પામે છે.

ટીકાર્થ : લોકમાં અલગ-અલગ ફળોનાં ઉપભોક્તા મનુષ્યોના આશયોમાં મૃદુ-મધ્ય-અધિમાત્રાદિ જે ભેદો પડે છે, તેમાં રાગાદિ દોષો કારણ છે. તથા હવે પછી જેઓનું સ્વરૂપ બતાવાશે તે બુદ્ધિવગેરેના ભેદથી આશયોમાં ભેદ પડે છે.

આશયભેદમાં રાગાદિ કારણ

વિવેચન : જેમ પાણી એક સરખું હોવા છતાં જૂદા-જૂદા નક્ષત્રમાં વરસતું પાણી પાકના વિષયમાં વિવિધતાનું કારણ બને છે, તેમ ફળ-સિદ્ધિમાં કારણ બનનાર અભિસંધિમાં પણ રાગ-દ્વેષના ઓછા-વત્તાપણાના કારણે ભેદ પડે છે. દરેક સ્થળે રાગ-દ્વેષ અસરકારક બને છે. ઘરે મહેમાન આવ્યા, તમે સામાન્યભાવથી 'આવો' કહ્યું. પછી બીજા મહેમાન આવ્યા, તમે વધુ ભાવ બતાવીને 'આવો, પધારો' એમ કહ્યું. અને ત્રીજા મહેમાન આવ્યા તે વખતે ઉછળતા ભાવસાથે કહ્યું, 'આવો, પધારો, તમે પધાર્યા તે મને ગમ્યું', તો દેખાય જ છે કે મહેમાનોને આ ભાવની અસર જૂદી-જૂદી થાય છે. આમ રાગના જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ભેદથી ભાવવગેરે આશયમાં ફરક પડતો દેખાય છે. એટલે કે અભિસંધિરૂપ આશય પણ મૃદુ, મધ્ય કે અધિમાત્રરૂપ બને છે.

અહીં મૃદુ=કોમળ અર્થાત્ નબળો, મંદ એવો અર્થ લેવાનો છે. આશય જેટલો મોળો ફળ એટલું મોળું. અનુષ્ઠાન અને અનુષ્ઠાનના ઉદ્દેશ્ય દેવવગેરે પર જેટલો રાગભાવ વધુ હોય, તીવ્ર હોય, તેટલી તીવ્રતા આશયમાં ભળે છે, અને તેના કારણે ફળમાં પણ તે તીવ્રતા રૂપાંતરિત થાય છે.

એક નવકારજાપ જેવી ક્રિયા પણ મૃદુ, મધ્યમ કે અધિમાત્ર.... કેવા આશયથી ગણો છો, તેનાપર મળનારા ફળનો આધાર રહે છે. અને એ આશયને તાકાતવંતો કરવાની તાકાત છે, નવકાર વગેરે પર શ્રદ્ધાત્મક રાગભાવમાં. આ ભાવ જેટલો

ઊંચો તેટલું સ્વાધ્યાય-પડિલેહણ વગેરે અનુષ્ઠાન બળવત્તર, ફળદાયક અને રસભરપૂર બને.

આ વાત આપણા મગજમાં બરાબર ફીટ થવી જરુરી છે. ક્રિયા તો કરીએ જ છીએ, પૂરેપૂરી કરીએ છીએ, છતાં ભાવ ભેળવતાં નથી, તેથી એ ક્રિયાઓ ઉચિત ફળ દેવા સમર્થ બનતી નથી, આ તો લોકોમાં જે કહેવાય છે કે 'મીઠા ખાતર ખીચડી બગાડી' એના જેવી વાત છે. ચોખા અને દાળ ઓરી ખીચડી બનાવી. એમાં આંધણનો પણ ખર્ચ થયો. પણ છેવટે ચપટી મીઠું નાંખવામાં કંજુસાઇ કરી. એમાં ખીચડી બગડી. આપણે શુભક્રિયાઓ માટે ખર્ચ કરીએ, સમય આપીએ, શરીરકષ્ટ પણ ઉઠાવીએ, બીજા-ત્રીજા મનગમતાં કાર્યો છોડીએ, આ બધું કર્યા પછી તે-તે ક્રિયાને અનુરૂપ તીવ્રભાવ ભેળવવામાં કંજૂસાઇ કરીએ. પછી થાય શું ? ક્રિયા થાય, પણ કંટાળાવાળી, ખેદવાળી, સાવ મોળી, એમાં જો શ્રદ્ધા-ભાવ-સંવેગ ભળે, તો એ જ ક્રિયા કેવી આનંદદાયક, અલૌકિક આહ્લાદદાયક બની શકે ! તેથી દરેક ક્રિયામાં રાગ-શ્રદ્ધાનું રસાયણ ભેળવી એ ક્રિયાઓને જીવંત-પ્રફુલ્લિત બનાવો.

આમ રાગાદિથી અભિસંધિ-આશયમાં પડતો ભેદ બતાવ્યો. એ જ પ્રમાણે બુદ્ધિવગેરેથી પણ અભિસંધિમાં પડતો ભેદ બતાવે છે.

એનમેવાહ--

બુદ્ધિર્જ્ઞાનમસંમોહસ્ત્રિવિધો બોધ ઇષ્યતે ।
તદ્ભેદાત્સર્વકર્માણિ, ભિદ્યન્તે સર્વદેહિનામ્ ॥૧૨૦॥

બુદ્ધિર્વક્ષ્યમાણલક્ષણા જ્ઞાનમપ્યેવમેવ, અસંમોહશ્ચૈવં, ત્રિવિધો બોધ ઇષ્યતે શાસ્ત્રેષુ। **તદ્ભેદાદ્**-બુદ્ધ્યાદિભેદાત્, **સર્વકર્માણિ**-ઇષ્ટાદીનિ **ભિદ્યન્તે સર્વદેહિનાં**, તદ્ધેતુભેદાત્ફલભેદ ઇતિ કૃત્વા ॥૧૨૦॥

આ જ બતાવે છે.

ગાથાર્થ : (૧) બુદ્ધિ (૨) જ્ઞાન અને (૩) અસંમોહ, આમ ત્રણ પ્રકારે બોધ ઇષ્ટ છે. આ બુદ્ધિઆદિના ભેદથી બધા જીવોના બધા કાર્યોમાં ભેદ પડે છે.

ટીકાર્થ : આશયભેદમાં જેમ રાગ વગેરે ભાગ ભજવે છે. તેમ અનુષ્ઠાનાદિવિષયક બોધની વિવિધતા પણ આશયભેદમાં ભાગ ભજવે છે. શાસ્ત્રોમાં બોધ ત્રણ પ્રકારનો કહ્યો છે. (૧) બુદ્ધિ (૨) જ્ઞાન અને (૩) અસંમોહ. ત્રણેયનું સ્વરૂપ આગળ બતાવે છે. બધા જીવોના બધા ઇષ્ટવગેરે કાર્યોમાં આ ત્રણ પ્રકારનો બોધ ફળભેદરૂપે ભેદ પાડે છે. કારણ કે હેતુમાં પડતો ભેદ, કાર્યમાં ભેદ પાડે છે.

બુદ્ધિ શું ? જ્ઞાન શું ? અસંમોહ શું ? તે બતાવે છે-

ઇન્દ્રિયાર્થગ્રાહી બુદ્ધિ

તત્ર--

ઇન્દ્રિયાર્થાશ્રયા બુદ્ધિર્જ્ઞાનં ત્વાગમપૂર્વકમ્ ।
સદનુષ્ઠાનવચ્ચૈતદસંમોહોઽભિધીયતે ॥૧૨૧॥

ઇન્દ્રિયાર્થાશ્રયા બુદ્ધિસ્તીર્થયાતૃકદર્શને તદ્-ગમનબુદ્ધિવત્। **જ્ઞાનં ત્વાગમપૂર્વકં** તીર્થયાત્રાવિધિ-વિજ્ઞાનવત્, **સદનુષ્ઠાનવચ્ચૈતજ્જ્ઞાનમ્** કિમિત્યાહ **અસંમોહોઽભિધીયતે** બોધરાજ ઇતિ ॥૧૨૧॥

તેમાં,

ગાથાર્થ : બુદ્ધિ ઇન્દ્રિયાર્થનો આશ્રય કરે છે. જ્ઞાન આગમપૂર્વક હોય છે. આ જ જ્ઞાન સદનુષ્ઠાન-યુક્ત બને, તે અસંમોહ કહેવાય છે.

ટીકાર્થ : બુદ્ધિ ઇંદ્રિયાર્થનો આશ્રય કરે છે. જેમ કે તીર્થયાત્રા કરવા જનારને જોઇ તીર્થયાત્રા કરવા જવાની બુદ્ધિ થવી. જ્ઞાન આગમપૂર્વક છે. જેમ કે તીર્થયાત્રાની વિધિનું વિશેષ જ્ઞાન મેળવવું. આ જ જ્ઞાન જ્યારે સદનુષ્ઠાનથી યુક્ત બને છે, ત્યારે તે અસંમોહ-બોધરાજ બને છે.

બુદ્ધિનું કામ છે ઇંદ્રિયોના વિષયને પકડવાનું. બુદ્ધિ વર્ત્તમાનગ્રાહી છે, ઇંદ્રિયોથી પકડાતાં

વિષયોને જ જાણનારી છે. એનું કાર્ય એટલું જ છે કે કયા વિષયો ઇંદ્રિયોને અનુકૂળ છે, મનગમતા છે, અને કયા વિષયો ઇંદ્રિયોને પ્રતિકૂળ છે, અણગમતા છે, એનો વિભાગ કરી એ મુજબ ઇંદ્રિયોના અનુકૂળ વિષયોતરફ પ્રવૃત્તિ કરાવવી. આ બુદ્ધિપર જીવનારો બુદ્ધિજીવી છે. એ શુભસ્થાને પણ જાય, તો તેનું કારણ આત્મબોધ પામવાની ઇચ્છા નથી હોતી, પણ ઇંદ્રિયબોધ પામવાની તલપ હોય છે. પેલો કાલસૌકરિક કસાઇ ભગવાન **મહાવીર સ્વામી**ની દેશના સાંભળવા જતો હતો, દેશના સાંભળતી વખતે મસ્તીમાં આવી જઇ માથુ પણ ડોલાવતો હતો... પણ શા માટે ? એ તો અભવ્ય હતો, પોતે રોજ જે ૫૦૦ પાડાની હિંસા કરતો હતો, તેમાંથી જરા પણ પીછેહઠ કરવા તૈયાર ન હતો, તો પછી ડોકું શાનું ધુણાવે ? સમવસરણમાં શા માટે જતો હતો ?

આનું કારણ એ છે કે એને ભગવાનના સમવસરણમાં બધા ઇંદ્રિયઅનુકૂળ વિષયો ઉત્કૃષ્ટરૂપે સહજ-મફત માણવા મળતા હતા. ભગવાનનું રૂપ, સમવસરણના ઝાકઝામળ થતાં ત્રણ ગઢ, દેવ-દેવીઓ, આવું રૂપદર્શન બીજે ક્યાં થવાનું ?

ઝરમર ઝરમર થતાં છએ ઋતુના ફૂલોની મઘમઘ થતી સુગંધ... ઘ્રાણેન્દ્રિયને તરબતર કરી દે એવું સ્થાન આ સિવાય બીજું ક્યું ?

મંદ મંદ અનુકૂળ વાતો પવનવગેરે ઉત્કૃષ્ટ સ્પર્શ પણ સમવસરણમાં જ મળે ને ! અને એ બધામાં શિરમોર જેવી ભગવાનની માલકોશ રાગે ગવાતી દેશના ! અહાહા ! કેવું સંગીત ! કેવી સુરાવલી ! ભગવાનનો કેવો કંઠ ! કહ્યું છે ને,

જિન મુખ દીઠી વાણી મીઠી, સુરતરુ વેલડી,
દ્રાખ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ શેલડી,
સાકર સેતી તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સૂરવધૂ ગાવતી.....

ભગવાનની વાણીની મીઠાશ એવી જબ્બર હતી કે, તે સામે ટક્કર નહીં લઇ શકવાના કારણે કલ્પવૃક્ષ-કલ્પવેલ પૃથ્વીપરથી ભાગીને આકાશમાં ચાલી ગઇ. દ્રાક્ષને પોતાની મીઠાશ અપમાનિત થઇ જવાનો ડર લાગ્યો, તેથી સમજીને જ વનવાસ લઇ લીધો. શેરડીને જિનવાણીની મીઠાશસામે પોતાની મીઠાશ મોળી પડતી લાગવાથી શરમ આવી અને જાણે કે આપઘાત કરવામાટે જ પીલાઇ ગઇ. અને સાકરને પોતાની મીઠાશ ભગવાનની વાણીની મીઠાશસામે ફીક્કી લાગવાથી સીદાવા માંડી, અને જાણે ભગવાન આગળ હારી જઇ શરણે આવે છે, એમ બતાવવા તરણા (= ઘાસ) લીધા. હા, એમાં થોડીક મીઠાશ હતી, પણ તેને તો પશુઓ ચાવી ગયા. અને અમૃત મીઠું ખરું ! પણ ભગવાનની વાણીની મીઠાશ આગળ એ ક્યાં ટકી શકે ? તેથી અમૃત પણ પૃથ્વી છોડી સ્વર્ગે ચાલ્યું ગયું. આમ જાણે કે સમગ્ર સૃષ્ટિમાં મીઠાશ માત્ર જિનવાણીમાં બચી રહેવા પામી. આમ દેવાંગનાઓ જિનવાણીની મધુરતાને ગાવા લાગ્યા હતા.

બસ, કાલસૌકરિક કસાઇ કાનને તૃપ્ત કરતાં આ વિષયને માણવા ભગવાનની દેશનામાં જતો હતો..... એ ભગવાનની વાણીથી આત્મબોધ પામવા નહીં, ઇંદ્રિયોની ખણજ છિપાવવા સમવસરણમાં જતો હતો.

ઇંદ્રિયવિષય સુધી જ જતી આ બુદ્ધિ અનાદિથી આપણને ઉપલબ્ધ છે. અરે ! એકેન્દ્રિય જીવને પણ આ બુદ્ધિ મળેલી છે.... એ પણ પોતાને મળેલી ઇંદ્રિયને તૃપ્ત કરવા પ્રયત્ન કરે છે.

તેથી જો તમારો બોધ માત્ર ઇંદ્રિયોના વિષય સુધી જ પહોંચ્યો, તો તમારે સમજવું જોઇએ કે તમારો બોધ એકેન્દ્રિયના બોધથી ખાસ વિશેષ

નથી. ફરક એટલો કે તે એક ઇંદ્રિયથી વિષયબોધ પામે છે, તમે પાંચ ઇંદ્રિયથી !

આ બુદ્ધિની કક્ષા છે. મોટાભાગના લોકો આમાં અટવાયા છે. આ બધાને ઇંદ્રિયોને તૃપ્ત કરવી છે, તેથી એમાટે જ બુદ્ધિ લડાવ્યા કરે છે. નવા-નવા ઉપભોગના શોધાતા અને વસાવાતા સાધનો શાનામાટે છે ? એ કહેવાતા બુદ્ધિજીવીઓને ખબર નથી કે, તફાવત માત્ર સાધનોનો પડે છે, ઇન્દ્રિય-સંતુષ્ટિમાં કોઇ ઝાઝો ફરક પડતો નથી. તમે શું એમ માનો છો કે દૂધપાક પીતા તમને જે આનંદ આવે છે, એ વિષ્ઠા ચૂંથતા ભૂંડને મળતાં આનંદ કરતાં વધારે ચઢિયાતો કે વધારે તીવ્ર છે ? તમે દૂધપાક પીતા આનંદ વ્યક્ત કરવા બહુ બહુ તો અહા ! સરસ ! એટલું જ કરો છો, ભૂંડો તો આનંદથી ચીચિયારીઓ પાડે છે ! તેથી સાધનોના ફરકથી ઇંદ્રિયસંતુષ્ટિમાં તમે પશુ કરતાં પોતાને આગળ માનો, એ મૂર્ખામી જ છે.

અને આ ઇન્દ્રિયસંતુષ્ટિ પશુસુલભ ચેષ્ટા છે. એ કંઇ માનવભવની વડાઇરૂપ નથી. માનવભવની વડાઇ છે એનાથી ઊંચે ઉઠવાની. બુદ્ધિના સ્તરપરથી જ્ઞાનના સ્તરપર જાવ, તો તમે ઊંચે ઉઠ્યા ગણાવ.

જ્ઞાનબોધ આગમપૂર્વક

જ્યારે તમે કોઇ પણ પ્રકારનો બોધ આગમાર્થ મુજબ જિનાજ્ઞાને વફાદારીપૂર્વકનો કરો, ત્યારે તમે જ્ઞાની થયા ગણાવ.બીજાને તીર્થયાત્રાએ જતાં જોઇ, તમે પણ તીર્થયાત્રાએ બધા પરિવારના સભ્યો, મિત્રોવગેરે સાથે જાવ, ત્યારે બધા સાથે હોય, તો મજા આવે એ ગણત્રી રાખો છો ! ત્યાં પ્રશ્ન છે, તમે કઇ મઝાની ઇચ્છા રાખો છો ? સાથે બધા હોય, તો વાતો-ચીતો થાય; રમવું હોય, તો રમી શકાય; પીકનીક મણાવી શકાય, ટૂંકમાં કંટાળવાનું રહે નહીં.... આવી ગણત્રી હોય, તો તમારી તીર્થયાત્રા બુદ્ધિના સ્તરે છે, એમાં યાત્રા ઓછી ને ભ્રમણ ઘણું !

એના બદલે તીર્થયાત્રા કેવી રીતે કરવી જોઇએ ? એમાં વિધિ શું છે ? તે-તે તીર્થના ભગવાનની ભક્તિમાં લયલીન બનવા શું કરવું ? વગેરે માર્ગદર્શન વિધિપૂર્વકનું મળી રહે, અને સાથે એવા કલ્યાણમિત્રો હોય, તો પ્રમાદ-આળસથી અટકાવે, ભક્તિમાં વધુ સારી રીતે જોડી શકે. ઘણા હોય, તો પૂજા-ભાવના સારી રીતે ભણાવી શકાય, આવી જો ઇચ્છા કે ગણત્રી હોય, તો તમે જ્ઞાનના સ્તરપર છો. **જિનાજ્ઞાના બોધપૂર્વક જે થાય, તે જ્ઞાન અને મનફાવે તેમ વર્ત્તવું એ બુદ્ધિ.** જ્ઞાન-પૂર્વકની ક્રિયામાં કર્મની નિર્જરા છે. બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિમાં નર્યો કર્મબંધ છે. આમ જ્ઞાનમાર્ગ સંસારથી પાર ઉતારે, બુદ્ધિમાર્ગ સંસારમાં રખડાવે.

અનુષ્ઠાનયુક્ત જ્ઞાન અસંમોહ

અલબત્ત, જ્ઞાન પણ અધુરું છે, કેમકે એમાં આગમાનુસાર વિચારણા છે. બોધ છે. પણ તદનુરૂપ પ્રવૃત્તિ નથી. અર્થાત્ જ્ઞાનપૂર્વક થતી ક્રિયામાં જ્ઞાન અને ક્રિયા બંને હોવા છતાં જે એકમેકીભાવ જોઇએ, તથારૂપ જે અનુભૂતિ જોઇએ અને જે અખંડઅનુષ્ઠાન ઇત્યાદિ જોઇએ, તે હજી આવ્યું નથી. તીર્થયાત્રાએ જનારને જોઇ જોડાઇ જવું, એ બુદ્ધિની પ્રવૃત્તિ છે. તેમાટેની ખરેખરી આગમિક વિધિ જાણવી એ જ્ઞાનની ક્રિયા છે. અને તેઅંગેના સદનુષ્ઠાનમાં વિધિપૂર્વક પ્રવર્ત્તાવે એવું જ્ઞાન એ બોધરાજ = શ્રેષ્ઠ બોધ = અસંમોહ છે.

કાલસૌકરિક જેવા જીવો પ્રભુની વાણી કાનના વિષયરૂપે પકડે. તે બધા બુદ્ધિજીવી. શ્રાવકો પ્રભુની વાણી લીન થઇ સાંભળે, હૃદયપૂર્વક સ્વીકારે, સમજે અને તે મુજબ થોડું-ઘણું આચરે પણ ખરા, એ બધા જ્ઞાનની ભૂમિકાપર છે. પણ જિનવાણીના શ્રવણમુજબ જ પ્રવૃત્તિ આચરી અને

એ પ્રવૃત્તિમાં જિનવચનની પૂર્ણ સંવાદિતા અનુભવે, તે સાધુઓ અસંમોહ દશામાં છે. જેમકે શ્રાવકો 'સંસાર છોડવા જેવો છે' તેમ સાંભળે, સમજે, સ્વીકારે ખરા અને તે મુજબ સ્થૂળ હિંસાદિરૂપ થોડો-ઘણો સંસાર છોડે પણ ખરા, છતાં હજી પૂર્ણતયા સંસાર છોડતા નથી, આ એમનો સંમોહ છે.

અથવા ભગવાનની મૂર્ત્તિમાં માત્ર સારી આંગી જોઇ 'આંગી સારી છે' એટલો જ આનંદ માણનાર બુદ્ધિની દશામાં છે, 'આ આંગીમાં ભગવાનની પ્રતિમા સારી શોભી રહી છે, વીતરાગભાવ ઝળકાવી રહી છે.' આ જ્ઞાનદશા છે. અને અહો! અહો! આવી અનુકૂળ ઉત્તમ સામગ્રી વચ્ચે પણ મારા પ્રભુજી કેવા નિર્લેપ છે, નિર્વિકાર છે, વાહ આવા પ્રભુજીને જોયા પછી મારે જગતમાં હવે શું જોવું? ભગવાન જો આ બધા વચ્ચે નિર્લેપ છે, તો મારે પણ જગતના પદાર્થોથી નિર્લેપ થઇ, બસ માત્ર મારા પ્રભુજીની આ નિર્લેપદશા જ જોયા કરવાની, ધ્યાનમાં લાવ્યા કરવાની, અને એનો જ અખંડ આનંદ માણ્યે જવાનો! આ અસંમોહ છે.

રત્નનું દૃષ્ટાંત

એવમેતેષાં લક્ષણે વ્યવસ્થિતે સતિ લોકસિદ્ધ-મુદાહરણમાહ-

रत्नोपलम्भतज्ज्ञानतत्प्राप्त्यादि यथाक्रमम्।
इहोदाहरणं साधु, ज्ञेयं बुद्ध्यादिसिद्धये ॥१२२॥

'रत्नोपलम्भः' सामान्येनेन्द्रियार्थाश्रया बुद्धिः, **'तज्ज्ञानं'** त्वागमपूर्वकं रत्नज्ञानं, **'तत्प्राप्त्यादि'** त्वसंमोहः, बोधगर्भत्वादस्य **यथाक्रमम् इह**-बुद्ध्यादौ **उदाहरणं साधु**, अभिप्रेतार्थसाधकत्वात्, अत एवाह-**ज्ञेयं बुद्ध्यादिसिद्धये**-बुद्धिज्ञानाऽ-संमोहसिद्ध्यर्थमिति ॥१२२॥

આમ બુદ્ધિ વગેરેના લક્ષણનો નિર્ણય થયો. હવે એ અંગે લોકસિદ્ધ દૃષ્ટાંત બતાવે છે.

ગાથાર્થ : બુદ્ધિવગેરેની સિદ્ધિમાટે અહીં રત્નોપલમ્ભ, રત્નજ્ઞાન અને રત્નપ્રાપ્તિ આ ત્રણ યથાક્રમ ઉદાહરણરૂપે યોગ્ય છે એમ જાણવું.

ટીકાર્થ : રત્ન નજરે ચઢે, અને ચળકાટ ગમે, તે ઇંદ્રિયાર્થનો આશ્રય કરવાવાળી સામાન્યાર્થવાળી બુદ્ધિ, રત્નશાસ્ત્રના જ્ઞાનપૂર્વક એ રત્નને પારખવું એ જ્ઞાન. અને તેમુજબ એ રત્ન મેળવવા મથવું - એ અસંમોહ.... કેમકે એ બોધયુક્ત છે. આ લોક-પ્રસિદ્ધ દૃષ્ટાંતથી પણ આ રીતે બુદ્ધિવગેરેમાં ભેદ સમજી શકાય છે. બુદ્ધિવગેરે અંગે આ સરસ ઉદાહરણ છે, કેમકે બુદ્ધિવગેરેના લક્ષણો સમજાવવારૂપ અભિપ્રેતાર્થનું સાધક છે. માટે જ કહ્યું કે બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહની સિદ્ધિમાટે આ દૃષ્ટાંત સમજવું.

વિવેચન : શાલિભદ્ર-ધન્નાજીવાળા ધન્નાજી-ધન્યકુમાર ધનખાતર ભાઇઓ સાથે થતાં સંઘર્ષથી કંટાળી ઘર છોડી નીકળી ગયા.

ફરતાં ફરતાં એક રાજસભામાં જઇ ચઢ્યા. રાજાએ તિજોરીમાંથી રત્ન કાઢી એની પરીક્ષા કરી ખરેખરું મૂલ્ય બતાવવા ઝવેરીઓને બોલાવ્યા હતા. ત્યાં ઉપસ્થિત સામાન્ય પ્રજાજન તો બસ એટલું જાણે કે એ ચળકતું મહામૂલ્ય રત્ન છે.

ઝવેરીઓ રત્નને ચારે બાજૂથી તપાસી કિંમત આંકતા હતા, એક લાખ, બે લાખ વગેરે. પણ રાજાને સંતોષ નથી થતો. કેમકે માત્ર આટલી કિંમત ખાતર કંઇ પૂર્વપુરુષો આ રત્નને આટલું જાળવી રાખે નહીં.

ધન્નાજીએ રાજાની આજ્ઞા લઇ રત્ન હાથમાં લીધું. રાજાને કહ્યું - આપ કહો, તેટલા રૂા. આપી દઉં. આ રત્ન મને આપો. રાજાએ કહ્યું- આ રત્ન વેચવા કાઢ્યું નથી. પૂર્વજોએ વેચવા નહીં, જાળવી રાખવા જણાવ્યું છે મારે તો આ રત્ન જાળવી રાખવામાટેનું રહસ્ય જાણવું છે, આનો પ્રભાવ

જાણવો છે.

ધન્નાજીએ પ્રભાવ બતાવવા ચોખા ભરેલો થાળ મંગાવ્યો. ચોખાના ઢગલાવચ્ચે રત્ન મૂકાવી દઇ, એ થાળ ખુલ્લા ચોગાનમાં મુકાવ્યો. પંખીઓ ચોખા જોઇ ચણવા આવે છે, પણ થાળપર તૂટી પડવાને બદલે થોડા ઉપર રહી ગોળ-ગોળ પ્રદક્ષિણા આપે છે.

ધન્નાજીએ રાજાને કહ્યું - હવે રત્ન કઢાવી લઇ થાળ મુકાવો. રાજાએ એ પ્રમાણે કરાવ્યું. ક્ષણભરમાં તો પંખીઓ થાળપર તૂટી પડ્યા. થોડીવારમાં તો બધા ચોખા સાફ.....

ધન્નાજીએ રાજાને કહ્યું - આ રત્નનો પ્રભાવ છે કે જ્યાં સુધી આ રત્ન તમારીપાસે રહેશે, ત્યાં સુધી દુશ્મન રાજાઓ તમારાપર હલ્લો કરી શકશે નહીં. રાજા આ પ્રભાવ જાણી તાજ્જુબી પામ્યો.

અલબત્ત, ધન્નાજીની રત્ન મેળવવાની ઇચ્છા અને તૈયારી હોવા છતાં ન મળ્યું, એ વાત જૂદી છે, પણ કહેવાની વાત આ છે કે આ રીતે સદનુષ્ઠાન-પૂર્વકનું સંવેદન અસંમોહ છે.

સંમોહ = પ્રાયઃ જિંદગી સુધી ન ખસે તેવો-સારી રીતે જામેલો મોહ. જેમ કે સૂત્રસ્વાધ્યાય કરવાથી પાપવિકલ્પો ન ઊઠે, સ્વાધ્યાય કરવા જેવો છે તેવું જિનવચન છે, સ્વાધ્યાય કરવાથી હેય-ઉપાદેયનો બોધ થાય છે, અને જિનાજ્ઞાનું પાલન થાય છે. ઇત્યાદિ જ્ઞાન કર્યા પછી એ જ ભાવથી સ્વાધ્યાય કરવો એ અસંમોહ છે. પણ સ્વાધ્યાય કરું તો પંડિત બનું, લોકોમાં માન જળવાયેલું રહે ઇત્યાદિ વિચાર આવે, તો તે સંમોહ છે. આ સંમોહને દૂર કરે છે, આગમપૂર્વકનું જ્ઞાન કર્યા પછી તે મુજબ કરાતું સમ્યગ્ અનુષ્ઠાન.

આ સમ્યગ્ અનુષ્ઠાન કેવું હોય, તેનું લક્ષણ શું છે ?

सदनुष्ठानलक्षणमाह--

आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः ।
जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥१२३॥

आदरो-यत्नातिशय इष्टादौ, **करणे प्रीतिर**-भिष्वङ्गात्मिका । **अविघ्नस्तत्करण** एवादृष्ट-सामर्थ्यात्, **सम्पदागमः**-तत एव शुभभावपुण्य-सिद्धेः, **जिज्ञासेष्टादिगोचरैव, तज्ज्ञसेवा च**-इष्टादिज्ञाऽऽसेवा चशब्दात्तदनुग्रहग्रहः । **एतत्सद-नुष्ठान-लक्षणं**, अनुबन्धसार-त्वादस्य ॥१२३॥

સદનુષ્ઠાનનું લક્ષણ બતાવે છે

ગાથાર્થ : (૧) આદર (૨) કરણમાં પ્રીતિ (૩) અવિઘ્ન (૪) સમ્પદાગમ (૫) જિજ્ઞાસા અને (૬) તજ્જ્ઞસેવા. આ સદનુષ્ઠાનનું લક્ષણ છે.

ટીકાર્થ : (૧) ઇષ્ટવગેરેમાં યત્નાતિશય રૂપ (=વિશેષ પ્રયત્ન) આદર. (૨) ઇષ્ટાદિના કરણમાં અભિષ્વંગરૂપ પ્રીતિ. (૩) ઇષ્ટાદિ કરતી વખતે અદૃષ્ટ (=પુણ્ય) વિશેષના સામર્થ્યથી અવિઘ્ન. (૪) ઇષ્ટાદિના કારણે જ શુભભાવ અને પુણ્ય સિદ્ધ થવાથી સંપત્તિ પ્રાપ્ત થવી. (૫) ઇષ્ટઆદિ કાર્યો અંગે જિજ્ઞાસા થવી. અને (૬) ઇષ્ટ આદિ કાર્યોના જાણકારની આસેવા. મૂળમાં 'ચ' પદથી (૭) એ ઇષ્ટાદિના જાણકારનો અનુગ્રહ પણ અહીં સમજવાનો. આ સાત સદનુષ્ઠાનના લક્ષણરૂપ છે, કેમ કે આ લક્ષણ અનુબંધથી પ્રધાન બનેલું છે. અથવા આવા લક્ષણયુક્ત સદ્અનુષ્ઠાન અનુબંધથી સારભૂત બનતું હોવાથી આ સાત સદનુષ્ઠાનના લક્ષણરૂપ છે.

વિવેચન : આદર :- આદર = બહુમાન-વિશ્વાસ એવો અર્થ તો આપણે જાણીએ છીએ પણ ખરો અર્થ એ છે કે આદર = ઇષ્ટપ્રાપ્તિ-અનિષ્ટ પરિહાર માટે અતિશય પ્રયત્ન. વિરતિમાટે ત્રણ વિકલ્પથી આઠ ભાંગા બને છે (૧) જાણવું (૨) આદરવું અને (૩) પાળવું. આદરવું = પ્રયત્નપૂર્વક *પ્રતિજ્ઞાબદ્ધ થવું. (૧) મિથ્યાત્વીઓ વિરતિધર્મ*

જાણતા નથી, આદરતા નથી, પાળતા નથી. (૨) ચક્રવર્ત્તીના ઘોડાઓ બ્રહ્મચર્યરૂપે મૈથુનવિરતિવ્રત જાણતાં નથી, આદરતાં નથી માત્ર પાળે છે. (૩) શ્રેણિક જેવા અવિરતિધર શ્રાવકો જાણે છે, આદરતા નથી, પાળતા નથી. (૪) અજ્ઞાનદશામાં વ્રત લેનારો જાણતો નથી, આદરે છે, પાળે છે. (૫) અનુત્તરવાસી દેવો ૩૩ સાગરોપમ જેટલા જંગી કાળ સુધી બ્રહ્મચર્યજાણે છે, પાળે છે. પણ પ્રતિજ્ઞાબદ્ધ રીતે આદરતા નથી. (૬) અજ્ઞાન-દશામાં વ્રત લીધા પછી સ્ત્રી સામે જોવું, વગેરે પ્રવૃત્તિ દ્વારા વ્રત પાળતા નથી, તેઓ જાણતા નથી, આદર્યું છે, પણ પાળતા નથી. (૭) સમજીને વ્રત લીધા પછી શીથિલ થયેલો સાધુ જાણે છે, આદરે છે, પણ પાળતો નથી. અને જે સમજણપૂર્વક લીધેલા વ્રતને અણિશુદ્ધ રીતે પાળે છે, તે (૮) જાણે છે, આદરે છે અને પાળે પણ છે.

આમ અનુષ્ઠાન કરવામાં અત્યંત પ્રયત્ન કરવો એ આદર છે. પણ આ પ્રયત્ન પણ લૂખો - ભાવ વિનાનો ન જોઈએ, પણ....

પ્રીતિ : એ અનુષ્ઠાન કરવામાં અત્યંત પ્રીતિ જોઈએ. અત્યંત ઉછળતું હૈયું જોઈએ. હૈયું એના રંગથી રંગાઈ જવું જોઈએ.

એક જિનદર્શનની ક્રિયા પણ એવી હોય, કે એમાં ખોવાઈ ગયેલાને પછી આસપાસ શું બને છે? તેની ખબર પણ પડે નહીં. પ્રીતિ-પ્રેમ જ એવો હોય, કે એમાં હૈયું એકાકાર બની જાય... ઓલિયા ભગતનું બિરુદ સહજ મળી જાય. **ગૌતમસ્વામી** પ્રભુના ઓલિયા ભગત હતા, ભગવાન જે કહે, તે કરવાનું. પણ કેવી રીતે ? ઉછળતા બહુમાનપૂર્વક, રોમાંચપૂર્વક આનંદિત-આનંદિત થઈને ! હા, આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડમ્ આપવા જવાની ક્રિયા પણ એ જ પ્રીતિથી કરવાની, કેમ વારુ? મારા પ્રભુએ કહ્યું છે માટે. પ્રભુએ મને કહ્યું - 'હે ગૌતમ! આનંદ શ્રાવક સાચા છે, તમે ખોટા છો, જાઓ આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડમ્ દઈ આવો.' અહો ! મારા પ્રભુની કરુણા ! મને ખોટામાંથી ઉગારવાની અપાર દયા ! બસ આ જ ભાવસાથે ગૌતમસ્વામી મિચ્છામિ દુક્કડમ્ દેવા ગયા.... આ છે કરણમાં પ્રીતિ !

પ્રીતિવગરનું અનુષ્ઠાન એટલે શોક્યના છોકરાને ઉછેરવાનો ખેલ ! શોક્યના છોકરાને ખવરાવે, નવરાવે બધું કરે, પણ દિલથી દૂર ને દૂર ! આ અનુષ્ઠાન નથી, વેઠ છે. એમ બધી ક્રિયા કરો, પણ દિલથી દૂર રહો, દિલ એમાં અહો ! અહો ! ભાવથી ભેળવો નહીં. તો એ શોક્યક્રિયા થઈ, સદનુષ્ઠાન નહીં.

આ પ્રીતિપૂર્વકનું અનુષ્ઠાન પણ પાછું કેવું હોય ?

અવિઘ્ન : પ્રીતિપૂર્વક થતાં અનુષ્ઠાનમાં દિલ ભળવાથી પછી તે અનુષ્ઠાન અધુરું છોડી દેવાનું મન જ ન થાય. નિર્વિઘ્ને પૂરું થાય. બે પ્રકારના વિઘ્ન છે. (૧) દશ્ય-અથવા પોતાનો જે વિઘ્નોપર કાબૂ છે, જેવા કે આળસ, પ્રમાદ, થાક, કંટાળો, દુન્યવી લાલચ-આકર્ષણ-શારીરિક પ્રતિકૂળતાવગેરે અને (૨) અદશ્ય અથવા જે વિઘ્નોપર દ્રવ્યથી પોતાનો કાબૂ નથી, એવા કર્મો કે દેવ વગેરેથી ઊભા થયેલા છે. પરંતુ ભાવથી એ વિઘ્નો જીતી શકાય, તેવા હોય છે. આ બંને પ્રકારના વિઘ્નોમાં જે વિઘ્નો ઓળંગવા પોતાના હાથમાં છે, તેવા આળસવગેરે વિઘ્નો તો અનુષ્ઠાનમાં ઊછળતી પ્રીતિ હોવાથી પ્રાયઃ ઊઠતા જ નથી. શારીરિક પ્રતિકૂળતા જેવા વિઘ્નો પણ પોતાના અનુષ્ઠાનમાં પ્રાયઃ બાધક બનતા નથી.

ઊછળતો બહુમાનભાવ એવી પ્રચંડ તાકાત ઊભી કરે છે, કે પ્રાયઃ કર્મકૃત વિઘ્નો પણ મોળા પડી જાય છે. હટી જાય છે. દેવે કરેલા વિઘ્નોમાં

પણ એ સત્ત્વશાલી ટકી જાય છે. અચ્ચુંકારી ભટ્ટા પાસે સાધુ મહારાજ લક્ષપાક તેલ વહોરવા આવે છે. તે વખતે દેવ અદશ્યરૂપે અચ્ચુંકારી ભટ્ટાના ક્ષમાભાવની પરીક્ષા કરવા આવે છે. અચ્ચુંકારી ભટ્ટાએ દાસીપાસે લક્ષપાક તેલ મંગાવ્યું. દાસી લઈને આવે છે. ત્યારે દેવપ્રભાવથી તેલનો બાટલો હાથમાંથી છટકી ફૂટી જાય છે. દાનક્રિયામાં આ વિઘ્ન આવ્યું.

પણ અચ્ચુંકારી ભટ્ટાને એકબાજુ સુપાત્રદાન પ્રત્યે તીવ્ર અહોભાવ-પ્રીતિભાવ છે, તો અપરાધી પ્રત્યે અદ્‌ભુત ક્ષમાભાવ છે. તેથી અકળાયા વિના દાસીને બીજો બાટલો લઈ આવવા કહ્યું.... દેવ પ્રભાવથી દાસીના હાથેથી છટકી એ બાટલો પણ ફૂટી ગયો. આ જ પ્રમાણે ત્રીજો બાટલો પણ ફૂટ્યો. દાસી રડવા બેઠી. અચ્ચુંકારી ભટ્ટાએ આશ્વાસન આપ્યું. પોતે ચોથો બાટલો લઈ આવ્યા. શીલ-ક્ષમા અને અપૂર્વ દાનપ્રીતિના પ્રભાવે દેવ આ બાટલો ફોડી શક્યો નહીં. દાનક્રિયા પૂર્ણ થઈ.

આ છે અવિઘ્ન. અવિઘ્ન=વિઘ્નનો અભાવ. આ બે રીતે, કાં તો વિઘ્નો આવે જ નહીં, અથવા આવેલા વિઘ્નોને ઓળંગી જાય. કદાચ તેવી પરિણતિવશથી-કર્મસંયોગે બાહ્યદૃષ્ટિથી વિઘ્નના કારણે તે પ્રવૃત્તિ ન થાય -અટકી જાય, તો પણ ભાવ અખંડ હોવાથી ભાવથી તો એ પ્રવૃત્તિ અખંડ જ રહે છે. માટે અનુષ્ઠાન પર ભાવ-ઉછળતો ભાવ હોવો ખુબ જરુરી છે. મનને એ વાત બરાબર સમજાવી દીધી હોય, કે ભાઈ ! વિષયોની વેઠ અનંતીવાર કરી. અને દુઃખમય સંસારમાં રખડ્યો. હવે તું આત્મહિતકર અનુષ્ઠાનમાં દિલ દઈને લાગી જા... ભગવાને બતાવેલી એક એક ક્રિયાપર અહો! અહો ! થી નીતરતું હૈયુ બનાવી દે, જેથી કંટાળવાનું -થાકવાનું આવે જ નહીં ! ક્રિયામાં જ એવો આનંદ ઊભો કરી દે, કે જેથી ક્રિયાના ફળની અપેક્ષા અને તેના કારણે અધીરતા આવે જ નહીં.

આનાથી લાભ એ થાય છે, કે આભ્યંતર વિઘ્ન કે જે પોતાના હાથની વાત છે, તે વિઘ્ન તો આવે જ નહીં. પોતે જાગૃત રહી, દિલ પરોવી નવકાર ગણે, તો બાહ્ય કોઈ પણ પરિસ્થિતિમાં પણ અંદરમાં નવકારની રટણા સતત ચાલુ જ રહે. મન તેમાં ચોંટેલું જ રહે ! સ્થિરતાથી નવકાર જાપ ચાલુ રહે.

અનુષ્ઠાનના મહત્ત્વ, મહિમા, પ્રભાવને બરાબર જાણ્યા ન હોય, તો મન તેમાં સ્થિર થતું નથી. અને અસ્થિર મને કરેલી ક્રિયા એટલે છારપર લિંપણની ક્રિયા ! એમાં હૃદય ભળે જ નહી ! પછી એ અનુષ્ઠાનનો લાભ ફોતરા ખાંડવા જેવો મળે !

આની સામે અનુષ્ઠાનનું મહત્ત્વ, એનો મહિમા, એનો પ્રભાવવગેરે જાણી, મન દઈને-સ્થિરચિત્તે એ જ અનુષ્ઠાન થાય, તો લાભ અપરંપાર મળે. એ અનુષ્ઠાન કરતાં કરતાં થાક લાગે નહીં, મન કંટાળે નહીં, બીજે જવા લલચાય નહીં. ભરત ચક્રવર્તીએ અનિત્ય ભાવનાપર મન લગાડી દીધું. સ્થિર કરી દીધું. માત્ર રૂપ નહીં, આ છ ખંડ પણ રહેવાના નથી, કાયા પણ રહેવાની નથી, એવા અનિત્યતાના ચિંતનમાં ચઢી ગયા, સ્થિર થઈ ગયા, તો કેવળજ્ઞાન પામી ગયા. પ્રસંગ નાનો હતો. બાહ્ય ક્રિયા ખાસ કશી ન હતી, પણ અંદરનું મન જાગૃત હતું. કામ થઈ ગયું. 'જો કાયાવગેરેને અનિત્ય ગણી ભરત ચક્રવર્તી પોતાના મનને અનિત્યભાવનામાં સ્થિર કરી શક્યા, તો મારું કયું સ્થિર છે, કાયમી છે, કે જેથી તે બધામાં મન લઈ જઈ મારા અનુષ્ઠાનમાં અસ્થિરતા, ચંચળતા લાવું !' ઇત્યાદિ ભવ્ય અનિત્યાદિભાવનાઓપર કરેલી વિચારધારા અને પ્રત્યેક અનુષ્ઠાનમાં જામેલી પ્રીતિના બળે આપણે અવશ્ય વિઘ્નોના ડુંગરોને ઓળંગી શકીએ.

વિઘ્નો જો પ્રતિકૂળ હોય, તો ત્યાં કર્મ-

નિર્જરાનો હિસાબ લગાવી, સ્વસ્થતા ટકાવી શકાય. આ વિઘ્નો નથી, કર્મનો હિસાબ સરભર થવાનો અવસર છે ! એમ વિચારી સમાધાન મેળવી શકાય. અને જો વિઘ્નો અનુકૂળ હોય, તો અનિત્યતાનો વિચાર કરી સમાધિમાં રહી શકાય. આ જે સારું - અનુકૂળ - મનગમતું સામે આવ્યું છે, તે ટકી ટકીને કેટલું ટકવાનું ? વિકૃતપણું, વિરૂપપણું અને વિનાશીપણું જેને જોડાયેલું છે, એ મને કેટલો સમય ઉપયોગમાં કે ઉપભોગમાં આવવાનું ? એટલા ખાતર હું શા માટે મારી ભવિષ્યમાં જંગી કાળમાટે ગુણ કરી આપનારી સાધના ગુમાવું ! કામચલાઉને ખાતર કાયમીને છોડવાની મૂર્ખાઈ મારે શા માટે કરવાની ? આ વિચારથી અનુકૂળ વિઘ્નોસામે ટકી શકાય છે. રાજિમતીએ રથનેમિને આવા તર્કો આપીને જ સ્થિર કર્યા હતા ! આપણે એ જોવાનું છે કે આપણા મનને લલચાવનારું જે કંઈ આવે છે, તે પુદ્ગળમય છે. અને પુદ્ગળનો સ્વભાવ જ છે પૂરણ - ગલન ! શટન - પતન અને વિનાશ ! પુદ્ગળના તમામ નવારૂપને જૂનું બનાવી દેવાની, સુંદરને અસુંદર બનાવી દેવાની, સુરૂપને કુરૂપ બનાવી દેવાની, રમ્ય ને બિભત્સ બનાવી દેવાની તાકાત છે 'કાલ' નામના તત્ત્વની ! સમયની - કાળની સૌથી વધુમાં વધુ અસર પુદ્ગળતત્ત્વને છે! માટે મારે પૌદ્ગલિક આકર્ષણોમાં લલચાઈ જવું નથી, પણ એને મારી સાધનામાં વિઘ્નરૂપ ગણી એ વિઘ્ન ઓળંગવા વધુ સાવધ બનવું છે. આમ વિચારી વિઘ્નો ઓળંગી જવા જોઈએ.

સંપદાગમ : વિઘ્નને જીતો કે ઈનામ મળે ! વિઘ્નરહિત થયા કે સંપદ્ - સંપત્તિ પ્રાપ્ત થવાની. સદનુષ્ઠાન ખરેખર ત્યારે સાર્થક થાય, કે તે અનુષ્ઠાન આદરતાં આદરતાં જ સંપત્તિ પ્રાપ્ત થવા માંડે.

અહીં સંપત્તિનો અર્થ ધન નથી લેવાનો. એ ચંચળ, તુચ્છ, અનર્થભૂત છે. **ખરી સંપત્તિ તો તે કહેવાય કે જે આત્માને લાભકારી હોય.** દરેક શુભ અનુષ્ઠાનની તાકાત છે, કે તે આત્માને લાભકારી સંપત્તિ કમાવી આપે, જેમ કે વીતરાગ - અરિહંત પરમાત્માને નમસ્કાર કરીએ તો આપણને વિનય નામની સંપત્તિની કમાણી થાય છે. અને તે પણ લોકોત્તર. ગુરુભગવંતને વાંદણા દેવાની ક્રિયામાં ગુરુપ્રત્યે મમતા, બહુમાનની સંપત્તિ પ્રાપ્ત થાય છે. **ગુરુપ્રત્યે મમતા જોડાયેલી રહે, તો બહારના સ્વારથિયા સંસાર-સંસારીજનો પ્રત્યે મમતા ઊભી ન થાય.** જો સંસારની ચીજપ્રત્યે મમતા જાગી, તો ગુરુપ્રત્યે મમતા ઘટવાની !

અષાઢાભૂતિને લાડવાપર અને તેથી નટડીઓ પર મમતા જાગી, તો ગુરુપ્રત્યે મમતા સૂકાઈ ગઈ. સંસારના ઘોર દુઃખોમાંથી છોડાવનાર ગુરુને છોડી સંસારની ચક્કીમાં પિસાવનારી નટડીઓના ઘરે જવાનું મન થયું !

વાંદણા - વારંવાર વાંદણાથી ગુરુપ્રત્યે મમતા નામની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

વાંદણા દેવાથી પ્રમાદવશ, અજ્ઞાનવશ ગુરુ પ્રત્યે સેવાયેલા દોષ - અપરાધની આલોચના થાય છે. આમ દોષની આલોચના સંપત્તિ પ્રાપ્ત થાય છે, જે સંપત્તિના બળપર દોષસેવનમાં ઘટાડો નોંધાતો જાય છે.

આ જ રીતે પડિલેહણ કરતી વખતે 'રખે ને! કોઈ જીવ બિચારો ભૂલો તો નથી પડ્યો ને !' ઇત્યાદિ કરુણાના વિચારો ઊઠે. આ કરુણાસંપત્તિ - જયણાસંપત્તિ છે.

આમ - એક - એક અનુષ્ઠાનમાં તે - તે અનુષ્ઠાનને અનુરૂપ ભાવ ઊઠે, એ આત્મામાટે સંપત્તિરૂપ બને છે. કેમકે એનાથી જ આત્માને ગુણ - સંવર અને નિર્જરાનો લાભ થાય છે. આમ અનુષ્ઠાનમાંથી આત્મસંપત્તિની કમાણી થાય, તો તે સદનુષ્ઠાન બને. અનુષ્ઠાન નાનું હોય કે મોટું,

અહોભાવ ! 'મારા ભગવાને બતાવ્યું !' એવા બહુમાનભાવ સાથે થાય, તો સંપત્તિનું આગમન થાય. રસ્તે જતાં સાધુના દર્શન થાય અને 'સાધૂનાં દર્શનં પુણ્યં' આમ અહોભાવથી માથું ઝુકાવી 'મત્થએણ વંદામિ' કહેવા જેવી નાની ક્રિયા કરો, તો પણ તમને સાધુવિનય સંપત્તિની મોટી કમાણી જ છે !

માટે દરેક અનુષ્ઠાનમાં કમાણીની તક - સંપત્તિના આગમને જોતાં શીખો. દાન આપ્યું. ચલો, પરોપકાર અને ત્યાગની સંપત્તિ પ્રાપ્ત થઈ. અલબત્ત અહીં પાત્રની પણ મહત્તા છે, પાત્ર સુપાત્ર હોય, તો સંપત્તિમાં એ વિશેષતા ઉમેરાતી હોય છે.

કોઇ પણ અનુષ્ઠાનથી બે લાભ થવા જોઇએ - (૧) શુભભાવનો અને (૨) શુભ પુણ્યનો.

અશુભઆશયથી, મલિનઆશયથી, તુચ્છ ઇચ્છા પૂર્ણ કરવાના આશયથી સારું પણ અનુષ્ઠાન થાય, ત્યારે આશય-ભાવ અશુદ્ધ છે. જેમકે કુટુંબને - જમાઇને અપાતી પહેરામણી પાછળ આશય અશુભ છે. તેથી અશુભ ભાવ-પાપની કમાણી છે. એ જ પહેરામણીની ક્રિયા સાધર્મિકને થતી હોય, ત્યારે આશય શુભ હોવાથી શુભભાવ અને પુણ્યની કમાણી થાય છે. અલબત્ત, ક્યારેક ઉપરોક્ત બંને ક્રિયાઓમાં આશય વૈપરીત્ય પણ સંભવે છે. અને ત્યારે લાભ-નુકસાનના લેખા-જોખા પણ બદલાય છે.

કોઇ પણ ક્રિયા જ્યારે પરાર્થમય બને છે, ત્યારે તે શુભભાવ લાવનારી બને છે. એમાં સ્વાર્થ ગૌણ હોય છે. તેથી અશુભભાવ રહેતા નથી. પરાર્થભાવ ઉત્તમ શુભભાવ હોવાથી સંવર-નિર્જરામાં અને શુભસંસ્કારમાં કારણ બને છે. અને શુભક્રિયા પુણ્યબંધમાં નિમિત્ત બને છે.

વળી શુભાનુષ્ઠાન જે મનાપરની શ્રદ્ધાથી અથવા જેમને ઉદ્દેશીને કરાય છે, તેમના ગુણો સાથે પણ આ અનુષ્ઠાનોદ્વારા સંબંધ જોડાય છે. સાધુને નમસ્કાર ઊછળતા ભાવથી કરનારો સાધુના ગુણોની અને સાધનાઓની પણ અનુમોદનાનો લાભ મેળવે છે. કેમકે સાધુને જે નમસ્કાર કરવાની બુદ્ધિ થાય છે, તે તેમનો ચહેરો જોઇને નહીં, પણ ગુણો-સાધનાને જોઇને થાય છે.

નમસ્કાર મહામંત્રના જાપનો આ એક વિશિષ્ટ લાભ છે. **'નમો અરિહંતાણં'** બોલો કે તરત નજરસામે ભૂત-વર્તમાન-ભાવીના અનંતા તીર્થંકરો સમવસરણમાં બેઠેલા દેખાય અને પોતે એ તીર્થંકરોને નમી રહ્યો છે, તેવી લાગણી ઊભી થાય. આ એક નમસ્કાર અનંતા તીર્થંકરોને પહોંચ્યો! લાભ કેટલો ? અનંતા તર્થંકરોના પ્રત્યેકની તીર્થંકર થવાની સાધનાની, તીર્થંકર તરીકે શુભ કાર્યોની અને તીર્થંકરોના અનંત ગુણોની અનુમોદનાનો સીધો લાભ મળી ગયો !

પણ આ બધું થાય ક્યારે ? તમે દરેક અનુષ્ઠાનમાં તેવી-તેવી સંપત્તિ લાવનાર ભાવ ઊભો કરો તો. એટલે કે 'મારે આ અનુષ્ઠાનથી આ આત્મકમાઇ મેળવવી છે' એવો ભાવ ઊભો થવો જોઇએ. આ આત્મકમાઇ જેવી કલ્પી હોય, અને પછી એમાં જેવા શુભભાવો પૂર્યા હોય, તેવું અનુષ્ઠાન થાય, અને તેવી સંપત્તિની કમાણી થાય.

તેથી તદ્હેતુ - સંપત્તિ - વિનયાદિસંપત્તિ મેળવવાના હેતુથી કરાયેલું અનુષ્ઠાન સદનુષ્ઠાન બને છે.

અહીં જિજ્ઞાસા થાય, કયું અનુષ્ઠાન કરવું ? કેવી રીતે કરવું ? કયા ભાવથી કરવું ? કઇ કઇ સંપત્તિ કમાવવા કરવું. તે-તે અનુષ્ઠાનથી કઇ કઇ સંપત્તિ મળે ? ઇત્યાદિ... માટે જ સદનુષ્ઠાન માટે એક લક્ષણ મુક્યું -

જિજ્ઞાસા : મોટે ભાગે અનુષ્ઠાનો - ક્રિયાઓ

વર્ષોથી થવા છતાં રગશિયા ખાતા જેવી ચાલે છે, કારણ ? એ અનુષ્ઠાન ક્રિયાઓઅંગે - તેના હેતુઓ - સ્વરૂપો - ફળ - અનુબંધ - સાધકતત્ત્વો, બાધક-તત્ત્વોવગેરે જાણવાની ઇચ્છા જ થઇ નથી. ઇચ્છા નથી માટે જાણવાની કોઇ તૈયારી નથી. તેથી 'આગે સે ચલી આતી હૈ' જેવી ક્રિયાઓ થાય છે.

દરેક ક્રિયાઓ પૂર્વે જિજ્ઞાસા થવી જોઇએ, જેમ કે 'દેવવંદનમાં પહેલી થોય પૂર્વે અરિહંત ચેઇયાણં બોલવાનું અને બીજી થોય પૂર્વે સવ્વલોએ અરિહંત ચેઇયાણં બોલવાનું. આમ કેમ?' આવો પ્રશ્ન ઉઠે- જિજ્ઞાસા જાગે, તો એનું જ્ઞાની ગુરુ-ભગવંતોપાસેથી સમાધાન મેળવી શકાય કે પહેલા નજીક રહેલા, (અથવા દેરાસરમાં હોઇએ, તો સામે રહેલા) કે જે સાક્ષાત્ છે અથવા યાદ આપવાદ્વારા વિશેષ ઉપકારી પણ છે; તેથી પહેલી વંદના એમને કરવી જોઇએ. કેમકે એમના દ્વારા આપણને ચિત્તની સમાધિ પણ મળે છે. પછી એમના દ્વારા એમના જેવા જ બધા તીર્થંકરો યાદ આવવા શક્ય છે, તેથી એ બધા અરિહંતોને વંદનાદિ કરવાનો લાભ લેવા પછી સવ્વલોએ અરિહંત ચેઇયાણં... પહેલા સામે રહેલો ઘડો જ્ઞાનનો વિષય બને, પછી તેના દ્વારા તેમાં રહેલા ઘટત્વસામાન્યના આધારે બધા ઘડા જ્ઞાનવિષય બને.

અહીં આ વાત સમજવા જેવી છે, કે મૈત્રી-પ્રમોદ - કરુણા - ઉપેક્ષા ભાવના જગતવ્યાપી બનાવવાની છે, પણ તેની શરુઆત ક્યાંથી કરવાની? તો કે ઘરથી, પાસે રહેલાથી ! વિશ્વબંધુત્વની વાતો કરનારો ઘરમાં જ ક્લેશ કરે, તે કેમ ચાલે ? ઘરને ઠારનારો જગતને ઠારી શકે. એવી રીતે સમારંભો કે જાહેર મેળાવડાઓમાં જગતભરના સારા કાર્યોને વખાણનારો ઘરની ચાર વ્યક્તિ આગળ ઘરની જ કોઇ વ્યક્તિના સારા કામ દિલથી વખાણે નહીં, તે કેમ ચાલે ? જે નજીકનાને દિલથી વખાણી શકતો નથી, તે માણસ જગતના સારા કાર્યો વખાણે તેને બીજા દંભ ન માને ? બસ આ જ રીતે પહેલી કરુણા કે ઉપેક્ષા, નજીકનાની, પછી બધાની.

અહીં પ્રસ્તુત વાત એ છે, કે આ રીતે દરેક ક્રિયા - અનુષ્ઠાનના સ્વરૂપવગેરે જાણવાની જિજ્ઞાસા થવી જોઇએ. કેમકે જે આરાધવું છે, એના સ્વરૂપને બરાબર ઓળખ્યા વિના એમાં ઓતપ્રોત થવાય એવી રીતે આરાધના થશે કેવી રીતે ?

આ જિજ્ઞાસાપર આવે શુશ્રૂષા. આ શુશ્રૂષાને પાતાળસેર જેવી બતાવી છે. તેથી એના હેતુભૂત જિજ્ઞાસા પણ પાતાળસેર જેવી છે. પાતાળસેર એટલે સતત પાણીનું વહેણ ચાલુ. જેમ જેમ પાણી કાઢતાં જાવ, તેમ તેમ પ્રવાહ વધતો જાય. એ જ રીતે જેમ જિજ્ઞાસા વધે, એમ શુશ્રૂષા વધે, જેમ શુશ્રૂષા વધે એમ શ્રવણાદિના માધ્યમથી જ્ઞાન વધતું જાય, ક્રિયાવગેરેના રહસ્યો સમજાતા જાય, એ જાણવાથી ક્રિયામાં આનંદ વધે. તેથી ફરી નવું નવું જાણવાનું મન થાય. આ પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે.

તજ્ઞસેવા : કોની સેવા ? જિજ્ઞાસાને સંતોષનારા જ્ઞાની ગુરુભગવંતની સેવા. કોઇ પણ અનુષ્ઠાનરૂપ વેપારમાંથી આત્મસંપત્તિ કમાવવા અનુષ્ઠાનના હેતુ-સ્વરૂપ-ફળવગેરેનું જ્ઞાન મેળવવું જરુરી છે. એ માટે જ્ઞાની ગુરુ ભગવંતોની સેવા-સારામાં સારી રીતે ઉપાસના કરવી જોઇએ. ઇષ્ટદેવે કહેલી પદ્ધતિ મુજબ સેવા કરવાથી આત્મા ઘડાય છે. સેવાનું રહસ્ય છે સમર્પિતતા, વિનીતતા અને ઉપાદેયતા. આ ત્રણપૂર્વક સેવા કરવી.

તદનુગ્રહ : સૂત્રમાં 'ચ' શબ્દના સામર્થ્યથી આ અર્થ લેવાનો છે. ઇષ્ટદેવ - ગુરુની સેવા કરવાથી તેઓનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. બીજી રીતે કહીએ, તો જે અનુષ્ઠાન કરવાથી ઇષ્ટદેવ-ગુરુનો અનુગ્રહ પ્રાપ્ત થાય, તે અનુષ્ઠાન સદનુષ્ઠાન બને છે.

દેવ વીતરાગ છે, ગુરુ વીતરાગ થવા તરફ છે - વૈરાગી છે, તેઓપાસેથી નિગ્રહ કે અનુગ્રહની અપેક્ષા રાખી શકાય નહીં, તો તેઓનો અનુગ્રહ મળે કેવી રીતે ? આ પ્રશ્નનો જવાબ એ છે, કે આ અનુગ્રહ કે કૃપા તેઓપાસેથી નહીં, પણ હૃદયમાંથી મેળવવાની છે. હૃદયમાં ઊભી કરવાની છે. આપણા હૃદયમાં દેવ-ગુરુનું સ્થાન જેટલું ઊંચું - બહુમાનભાવ જેટલો જોરદાર અને એ બહુમાનને અનુરૂપ હૃદયમાં તેઓપ્રત્યેનો સમર્પિતભાવ જેટલો જોરદાર એટલી કૃપા આપણને સહજ પ્રાપ્ત થાય છે. સાક્ષાત્ દ્રોણાચાર્યે તરછોડેલા એકલવ્યે આ કામ કર્યું. પોતે જંગલમાં જઈ દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી, એ પ્રતિમાની સમક્ષ ધનુર્વિદ્યા શીખવાનું શરું કર્યું. દરેક વખત પ્રતિમાને પૂછી પૂછીને (ભલે પ્રતિમા જવાબ ન આપે) બાણ ચલાવવા માંડ્યા. આ જે બહુમાનભાવ અને સમર્પિતભાવ હતો, એના પ્રભાવે એકલવ્ય અર્જુનને પણ ઈર્ષ્યા કરાવે એવો બાણાવલી બન્યો. સાક્ષાત્ ગુરુ તરફથી અવકૃપા મળવા છતાં, હૈયામાં ગુરુબહુમાનભાવ હોવાથી અંદરથી મહાઅનુગ્રહ પ્રાપ્ત કર્યો.

તેથી જ જ્યારે ભસતા કૂતરાના મોંમા કૂતરાને ઈજા ન પહોંચે એ રીતે બાણો ભરી દીધા. અને તે જોઈ બધા પાંડવો ચકિત થયા. અને આવી ધનુર્વિદ્યા કોની પાસેથી શિખ્યા એમ પૂછ્યું. ત્યારે એકલવ્યે કહ્યું - ગુરુ દ્રોણાચાર્ય પાસેથી. ખિન્ન અને આશ્ચર્યચકિત અર્જૂને આ વાત દ્રોણાચાર્યને કહી. દ્રોણાચાર્ય એકલવ્ય પાસે આવ્યા. કહ્યું - મેં તો તને કાઢી મુક્યો હતો, પછી તેં એમ કેમ કહ્યું કે ધનુર્વિદ્યા દ્રોણાચાર્ય પાસે શીખ્યો. એકલવ્યે દ્રોણાચાર્યની પ્રતિમા બતાવી કહ્યું - આપે મને કાઢી મુક્યો હતો, પણ મેં મારા હૃદયમાંથી આપને કાઢ્યા ન હોતા. આ હૃદયમાં રહેલા આપની કૃપાથી હું આ શીખ્યો.

આ છે હૃદયમાં બહુમાનભાવથી સ્થાપેલા દેવ-ગુરુની નિરંતર મળતી કૃપાની કમાલ. આવી વ્યક્તિ દરેક વાતમાં દેવ-ગુરુને જ આગળ કરે. કાર્યારંભે કૃપાની યાચના કરવી અને કાર્ય પૂર્ણ થયે કૃપાનો ચમત્કાર માની આભાર વ્યક્ત કરવો જોઈએ. પંચસૂત્રમાં પણ કહ્યું છે કે **'अओ चेव परमगुरुसंजोगो'** આમ દરેક વાતમાં ગુરુને આગળ કરનારો અંતે પરમગુરુ = પરમાત્માનો સંયોગ પામે છે. ગુરુનામની પવિત્રગંગાનદી અંતે પરમગુરુ-નામના મહાસાગરમાં મળે છે. તેથી એ ગંગાના કિનારાને - ગંગાપ્રવાહને પકડી રાખનારો અંતે પરમગુરુનામના મહાસાગરને પામે છે.

અહીં પૂછો કે, એક સમ્યગ્ અનુષ્ઠાન લાવવા આટલા બધા લક્ષણો કેમ બતાવો છો?

અહીં સમાધાન આ છે, જે અનુષ્ઠાનો શુભાનુ-બંધી હોય, તે સદનુષ્ઠાન છે. અર્થાત્ એ અનુષ્ઠાનોથી એવા પુણ્યદળિયા કમાવા મળે કે જેથી પરભવમાં સમૃદ્ધિની સાથે ફરી સદનુષ્ઠાન માટેની સામગ્રી મળે, અને એ અનુષ્ઠાનોથી એવા શુભભાવ કમાવા મળે, કે જેથી પરભવમાં પણ એવી સામગ્રી મળ્યે ફરીથી એવા સદનુષ્ઠાન આદરવાનાં કોડ જાગે. જો શુભાનુ-બંધ ન પડ્યા હોય, તો એ શુભઅનુષ્ઠાનથી ઉપાર્જિત પરભવની પુણ્યાઈથી સમૃદ્ધિ મળે, પણ શુભ અનુષ્ઠાન ન મળે. (સામગ્રી અને/અથવા એવા ભાવ ન મળે.)

આમ સદનુષ્ઠાન કરતાં કરતાં શુભભાવ ઊઠવા જોઈએ, શુભ સંસ્કારો આત્મામાં પડવા જોઈએ. તો જ શુભાનુબંધ થાય. પણ આ સંસ્કારો એમ સહજ-સસ્તામાં ઊભા થતાં નથી. એમાટે ઉપરોક્ત આદર-પ્રીતિ-અવિઘ્ન વગેરે સામગ્રી જોઈએ છે. ખોટા અનુષ્ઠાનો સહજ આદર વગેરેથી થતાં હોવાથી એના સંસ્કારો સહજ પડી જાય છે. સામે પક્ષે સદનુષ્ઠાનો સહજ આદર વગેરેથી થતાં

નથી, કેમકે નવા છે. મનને હજી ફાવતા-ગમતા નથી. માટે એમાં આદર આદિ લાવવા પ્રયત્નશીલ બનવું પડે છે. આ સદનુષ્ઠાનની ચર્ચા થઇ. અસંમોહથી થતું અનુષ્ઠાન આવું સદનુષ્ઠાન હોય છે. આમ બુદ્ધિ જ્ઞાન અને અસંમોહ આ ત્રણ પ્રકારના બોધની વાત કરી. હવે કોણ બુદ્ધિપૂર્વક કાર્યો કરે છે ? અને તેના ફળરૂપે શું મેળવે છે ? ઇત્યાદિ વાત કરે છે.

બુદ્ધિપૂર્વકના કાર્યો સંસારફળક

તત્ર--

બુદ્ધિપૂર્વાણિ કર્માણિ, સર્વાણ્યેવેહ દેહિનામ્ ।
સંસારફલદાન્યેવ, વિપાકવિરસત્વતઃ ॥૧૨૪॥

બુદ્ધિપૂર્વાણિ કર્માણિ-યથોદિતબુદ્ધિનિબન્ધનાનિ **સર્વાણ્યેવ** સામાન્યેન **ઇહ**-લોકે, **દેહિનાં**-પ્રાણિનામ્ કિમિત્યાહ-**સંસારફલદાન્યેવ** અશાસ્ત્રપૂર્વકત્વાત્, તથા ચાહ-**વિપાકવિરસત્વતઃ** ઇતિ-તેષાં નિયોગત એવ વિપાકવિરસત્વાદિતિ ॥૧૨૪॥

આમાં,

ગાથાર્થ : અહીં જીવોના બુદ્ધિપૂર્વકના બધા જ કાર્યો વિપાકવિરસ હોવાથી સંસારફળદાયક બને છે.

ટીકાર્થ : અહીં - લોકમાં જીવોના પૂર્વે કહેલા લક્ષણવાળી બુદ્ધિને આગળ કરી કરાતાં સામાન્યથી બધા જ કાર્યો શાસ્ત્રપૂર્વક ન હોવાથી સંસારરૂપ ફળ આપનારા બને છે. કારણ કે તે કાર્યો નિયોગથી જ વિપાકે વિરસ પરિણામવાળા હોય છે.

વિવેચન : પ્રાયઃ જીવોના બધા કાર્યો સામાન્યથી ઇન્દ્રિયજનિત બુદ્ધિપૂર્વક થતાં હોય છે. કેમકે પ્રાયઃ બધા જીવો ઇન્દ્રિયાર્થભૂત વિષયોના લાલચુ હોય છે. બુદ્ધિનું કામ છે ઇન્દ્રિયના વિષયોને જ પકડવા. એ કાર્યો ઘણા હોવા છતાં, ઘણા પ્રકારના હોવા છતાં, ફળ એકરૂપ એ અંશે છે કે એ બધાથી અંતે તો સંસાર જ વધે છે. અર્થાત્ એ બધા કાર્યોથી સંસારનામનું ફળ મેળવે છે. કારણ કે એ કાર્યો સ્વભાવથી વિપાક-પરિણામે વિરસ = વિપરીત રસવાળાં છે.

આનો અર્થ એ થયો, કે કોઇ પણ વિષયમાં તમે જજમેંટ ઇન્દ્રિયોના આધારે લેવાનું રાખો; તો અંતે ફળરૂપે સંસાર જ મળવાનો છે. અહીં સંસાર એ ફળરૂપ હોવા છતાં સોહામણો બિલ્કુલ નથી, પણ માત્ર બિહામણો છે, તે સમજી લેવાનું. તાત્પર્ય એ આવીને ઊભું કે જેઓ બુદ્ધિને આગળ કરી ચાલે છે, અને ઇન્દ્રિયોને મનગમતા વિષયોને જ મેળવવામાં સાર્થકતા માને છે, તેઓને પરિણામે સંસારની દુઃખમય ચક્કીમાં પિસાવાનું જ રહે છે.

ઇન્દ્રિયોના વિષયોમાંથી તત્કાલ શાતા મેળવવા જનારો, અને તેમાટે વિષયોમાં અનુકૂળ-પ્રતિકૂળ, સારા-નરસાનો ભેદ પાડનારો પોતાની બુદ્ધિથી તત્કાલ કદાચ શાતા પામે છે અને અશાતાથી ભાગે છે. પણ પરિણામે અશાતાના ચક્કરમાં જ ફસાય છે. અશાતાવેદનીય કર્મ બાંધે છે. આ વિપાકની કટુતા છે. બધા જ કાર્યો બુદ્ધિ-પૂર્વક થાય, તો અંતે અશાતા અને અસમાધિ દેનારા બને છે. અને જ્ઞાનપૂર્વક થાય, તો સમાધિદાયક બની મોક્ષના અંગભૂત બને છે. શાસ્ત્રનિરપેક્ષ બધું વિપાકદારુણ છે, શાસ્ત્રસાપેક્ષ બધું વિપાકમધુર છે, આ નિચોડ છે.

જ્ઞાનપૂર્વકના કાર્યો મોક્ષાંગરૂપ

જ્ઞાનપૂર્વાણિ તાન્યેવ, મુક્ત્યઙ્ગં કુલયોગિનામ્ ।
શ્રુતશક્તિસમાવેશાદનુબન્ધફલત્વતઃ ॥૧૨૫॥

જ્ઞાનપૂર્વાણિ-યથોદિતજ્ઞાનનિબન્ધનાનિ **તાન્યેવ**-કર્માણિ કિમિત્યાહ **મુક્ત્યઙ્ગં** ભવન્તિ **કુલયોગિનાં**-વક્ષ્યમાણલક્ષણાનામ્ । કુલયોગિગ્રહણમન્યાઽસમ્ભવજ્ઞાપનાર્થમ્, કુત ઇત્યાહ **શ્રુતશક્તિસમાવેશાત્** હેતોઃ, અમૃતશક્તિકલ્પેયં, નૈતદભાવે મુખ્યં કુલયોગિત્વમ્। અત એવાહ **અનુબન્ધફલ-**

त्वतः-मुक्त्यङ्गत्वसिद्धेः, तात्त्विकानुबन्धस्यैवम्भूतत्वादिति ॥१२५॥

ગાથાર્થ : જ્ઞાનપૂર્વકના તે જ કાર્યો શ્રુતશક્તિના સમાવેશથી અનુબંધફળવાળા હોવાથી કુલયોગીઓને મુક્તિનું અંગ બને છે.

ટીકાર્થ : પૂર્વે કહ્યું એવા જ્ઞાનથી કરાતા કર્મો કુલયોગીઓમાટે મોક્ષનું કારણ બને છે. અહીં કુલયોગીની વાત કરવાથી નક્કી થાય છે, કે જેઓ કુલયોગી નથી, તેઓને આ જ્ઞાનપૂર્વકના કાર્યો સંભવતા નથી. કારણ કે આ કાર્યો શ્રુતશક્તિના સમાવેશવાળા કાર્યો છે. આ શ્રુતશક્તિ અમૃતસમાન છે. એના વિના વાસ્તવિક કુલયોગિપણું ઘટે જ નહીં. તેથી શ્રુતશક્તિ મુખ્યતયા કુલયોગીઓને જ સંભવે છે. આથી જ કહે છે આવા અનુષ્ઠાનો મુક્ત્યંગ બનવાનું કારણ પણ એ જ છે કે આ રીતે શ્રુતશક્તિયુક્ત હોવાથી તે તાત્ત્વિક અનુબંધના ફળવાળું હોવાથી મુક્તિનું કારણ બનેલું છે.

વિવેચન : જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ કરનાર દરેક પ્રવૃત્તિ કરતાં પહેલા હિસાબ માંડે છે. આ કાર્ય કરું તો મારા આત્માને શું લાભ થશે ? આમ દરેક કાર્ય આત્મહિતને લક્ષ્યમાં લઈ કરતો હોવાથી તેની દરેક પ્રવૃત્તિ મુક્તિનું કારણ બને છે. મુક્તિ = મોક્ષ એટલે શું ? **જગતના બધા વિષયોથી અને આત્માને વળગેલા બધા કષાયોથી છુટકારો એનું નામ મોક્ષ છે.**

જ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિમાં આ વિષય-કષાયોથી આંશિક છુટકારો હોવાથી તે મોક્ષાંગ બને છે. આવી પ્રવૃત્તિ ગોત્રયોગીઓને હોતી નથી, પણ કુલયોગીઓને હોય છે. દેવગુરુપૂજન, સાધર્મિક સન્માન, જીવદયાભાવવગેરે સારા અનુષ્ઠાનો જેના કુળમાં છે, તે કુળયોગી કહેવાય. આવા કુળયોગીની પ્રવૃત્તિ જ્ઞાનપૂર્વકની હોય છે. ગોત્રયોગીઓની તેવી પ્રવૃત્તિ હોતી નથી. અહીં ગોત્રયોગીની સાથે પ્રવૃત્તચક્રયોગીની પણ બાદબાકી જો ઇષ્ટ હોય, તો તેનું કારણ એ સંભવે છે, કે પ્રવૃત્તચક્રયોગીઓ કુલયોગીઓની ઉપરની ભૂમિકામાં હોવાથી એમના અનુષ્ઠાનોને અસંમોહપૂર્વકના ગણવાની શાસ્ત્રકારની ગણત્રી હોય. અથવા, યોગની વાતોની યોગ્યતાનો આરંભ કુલયોગીઓથી છે. અહીં કુલયોગીઓથી અન્યને જે અસંભવ કહ્યો, તે ઉપલીકક્ષા-પ્રવૃત્તચક્રના વ્યવચ્છેદમાટે નહીં, પણ નીચલી ગોત્રયોગીવગેરેની કક્ષાના વ્યવચ્છેદમાટે કહ્યો હોય, કેમકે પ્રવૃત્તચક્રયોગિતા કુલયોગિતાના જ વિકાસરૂપ છે. અર્થાત્ એમાં કુલયોગિતા અંતર્ગતરૂપે રહેલી જ છે. જેમકે ઉપાધ્યાયમાં સાધુતા.

કુલયોગીઓમાં જ આવી પ્રવૃત્તિ હોવામાં બે કારણો છે. (૧) શ્રુતશક્તિનો સમાવેશ અને (૨) અનુબંધફળકતા. આ બે કારણો કુળયોગીઓમાં જ ઉપલબ્ધ હોવાથી તેઓના જ અનુષ્ઠાનો જ્ઞાનપૂર્વકના બની મોક્ષના અંગભૂત બને છે.

શ્રુતશક્તિનો અર્થ છે આગમશક્તિ. આ આગમશક્તિ કેવી છે ? તો કહે છે, અમૃત સમાન છે.

અમૃતની શક્તિ છે નિર્જીવને સજીવ કરવાની. અલ્પાયુષીને દીર્ઘાયષી બનાવવાની. મરવા પડેલાને અમર બનાવવાની. માંદલાને તંદુરસ્ત બનાવવાની. આ જ પ્રમાણે ભગવાનની વાણીરૂપ આગમની પણ એવી જ તાકાત છે. આગમજ્ઞાન ભળવાથી સાવ નિર્જીવ જેવી થતી ક્રિયાઓ ભાવપૂર્વક થવાથી સજીવ બનતી જાય છે. જ્ઞાન વિનાની ક્રિયાઓ થોડી કર્યા પછી કે, થોડો વખત કર્યા પછી છોડી દેવાય છે. જ્ઞાનથી એ ક્રિયાના લાભો દેખાવાથી એ ક્રિયાઓ દીર્ઘકાલ સુધી ટકી

રહેનારી બને છે. સાવ મરવા પડેલી ક્રિયાઓ ફરીથી જોશભેર થવા માંડવાથી આજીવન ટકી જવાદ્વારા અમર બની જાય છે, અને વીર્યોલ્લાસ-જોમ-ઉત્સાહ વિના થતી હોવાથી માંદલી બનેલી ક્રિયાઓ આગમની જાણકારીના બળપર વીર્યોલ્લાસથી સભર બને છે. તેથી તંદુરસ્ત બને છે.

આગમિકજ્ઞાન વિના ધર્મ કરવા છતાં અનેક પ્રકારના ભય-શંકા-ભ્રમ ઊભા થતાં હતા. આગમજ્ઞાન મળવાથી આ બધા દૂર થાય છે. અને ભયવગેરેના કારણે જ ઉદ્ભવતી દીનતા-ઉન્માર્ગિતા, ખિન્નતાઓ પણ દૂર થાય છે. આમ થવામાં કારણ એ છે, કે આગમજ્ઞાનથી પૂત થયા પહેલા પુદ્ગળપર-માનેલા મનગમતા ધન-સાધનવગેરે ભોગોપભોગના સાધનોપર મમતા-આસક્તિઓ ઊભી થઇ હતી. આ પુદ્ગળમમતાના કારણે જીવ પુદ્ગળભાનમાં હતો, આત્મદષ્ટિએ બેભાન હતો. જેને પોતાનું ભાન નથી તે બેભાન કહેવાય. જેને આત્માનું ભાન નથી, તે બધા બેભાન છે. આગમશક્તિ આત્મજ્ઞાન કરાવવાદ્વારા આત્માને ભાનમાં લાવે છે. પુદ્ગળની મમતા છોડાવે છે. અત્યંત હિતકર પુરુષ આપ્તપુરુષ કહેવાય. આ આપ્તપુરુષની વાણી આગમ છે. આપણા પરમાપ્તપુરુષ ભગવાન **મહાવીરસ્વામીની** વાણી પરમ આગમભૂત છે. એ ભગવાને કહ્યું છે 'એગે આયા' 'એગો મે સાસઓ અપ્પા' આત્મા એક છે. મારો એક આત્મા જ શાશ્વત છે, બાકી બધા બાહ્યભાવો છે, અશાશ્વત છે. મારા આત્માસાથે કોઇ લેવા દેવા ધરાવતા નથી. તેથી એ બધાપર મમતા રાખવામાં મારે મારું ગુમાવવાનું છે' ઇત્યાદિ જ્ઞાન આ આગમથી પ્રાપ્ત થાય છે. આ આગમ-શક્તિ-જ્ઞાનશક્તિ છે. આના પ્રભાવે પુદ્ગળપરની મમતા ટળવાથી એ મમતાસાથે જોડાયેલા ભય-શંકા-ભ્રમ-દીનતા વગેરે પણ ટળી જાય છે. માટે આગમશક્તિને અમૃતશક્તિ સમાન ગણી છે.

આ જ્ઞાન-આગમ-શ્રુતશક્તિના સમાવેશ-પૂર્વકની થતી બધી પ્રવૃત્તિઓ શુભાનુબંધવાળી બને છે. આ શુભાનુબંધોના પ્રભાવે પરભવમાં જ્યારે ફરીથી સામગ્રી મળે છે, ત્યારે સાથે સન્મતિ પણ મળે છે. આ સન્મતિ આત્માને ફરીથી મોક્ષમાર્ગપર જોડે છે. આ શુભાનુબંધ પરંપરાએ મોક્ષજનક બને છે. તેથી શુભાનુબંધ અને તેમાં કારણભૂત જ્ઞાનપૂર્વકની ક્રિયા મોક્ષના અંગ=કારણભૂત બને છે. અહીં શ્રુતશક્તિ શુભાનુબંધ-વાળી ક્રિયામાં કારણભૂત છે એ નહીં ભૂલવું, કેમકે શ્રુતશક્તિથી ભાવિત આત્મા પ્રત્યેક શુભાનુષ્ઠાનમાં તદનુરૂપ શુભભાવોને જોડે છે. અને ભાવ અનુબંધમાં કારણભૂત છે. અહીં આ મુક્ત્યંગ બનનારા અનુબંધને તાત્ત્વિક શુભાનુબંધ એમાટે કહ્યો છે, કે શ્રુતશક્તિના સમાવેશ વિના પણ જ્યારે જીવ શુભક્રિયા કરે છે, ત્યારે તેમાં કોઇને કોઇ પ્રકારનો ભાવ જોડાયેલો હોય છે. પણ તે આગમપૂર્વકનો ન હોવાથી જેવો આગમમાં કહ્યો છે, તેવો નથી હોતો. અજ્ઞાનવાસિત, સંજ્ઞાવાસિત અને કષાય-વાસિત હોવાથી તે ભાવો સ્વયં અશુભ છે. તેથી એ ભાવોના કારણે જે અનુબંધો ઊભા થાય છે, તે પણ અશુભ બને છે. પરિણામે મોક્ષહેતુક ક્રિયાઓથી પણ પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થતો નથી. તેથી એ અનુબંધો અને તેમાં કારણભૂત અશુભ ભાવો તાત્ત્વિક નથી. ત્યારે શ્રુતશક્તિ ભળવાથી થતાં ભાવો અને અનુબંધો મોક્ષાંગ બને છે. માટે શુભાનુબંધ છે અને તાત્ત્વિક છે.

असंमोहसमुत्थानि, त्वेकान्तपरिशुद्धितः ।
निर्वाणफलदान्याशु, भवातीतार्थयायिनाम् ॥१२६॥

असंमोहसमुत्थानि-पुनर्यथोदितासंमोह-निबन्धनानि तु **एकान्तपरिशुद्धितः**-कारणात्, परिपाकवशेन किमित्याह-**निर्वाणफलदान्याशु-**

शीघ्रं तान्येव कर्माणि केषामित्याह-**भवातीतार्थ-यायिनां**-सम्यग् परतत्त्ववेदिनामित्यर्थः ॥१२६॥

ભવાતીતાર્થયાયીઓની અસંમોહપ્રવૃત્તિ

ગાથાર્થ : ભવાતીતાર્થયાયીઓના અસંમોહથી ઉદ્ભવેલા અનુષ્ઠાનો એકાંત પરિશુદ્ધ હોવાથી શીઘ્ર નિર્વાણફળદાયક બને છે.

ટીકાર્થ : સારી રીતે પરમતત્ત્વને જાણનારા ભવાતીતાર્થયાયીઓનાં પૂર્વોક્ત લક્ષણોવાળા અસંમોહજન્ય અનુષ્ઠાનો એકાંત પરિશુદ્ધ હોવાથી પરિપાકદ્વારા શીઘ્ર મોક્ષદાયક બને છે.

વિવેચન : ભવાતીતાર્થયાયી=પરમતત્ત્વને સારી રીતે જાણનારાઓ. આમના અનુષ્ઠાનો બુદ્ધિપૂર્વક કે જ્ઞાનપૂર્વક નહીં, પરંતુ અસંમોહજન્ય હોય છે.

જ્ઞાન અને અસંમોહમાં શું ફરક ? આ પ્રશ્નનો જવાબ છે કે, જ્ઞાન પણ આગમશક્તિરૂપ છે, અને અસંમોહ પણ આગમપૂર્વક છે, છતાં જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનોમાં અસંમોહ જન્ય અનુષ્ઠાનોના બીજા બતાવેલા લક્ષણો સ્પષ્ટ ઉપલબ્ધ થતાં નથી. અલબત્ત બીજરૂપે હોઇ શકે છે. વળી, જ્ઞાન-પૂર્વકના અનુષ્ઠાનો હોવા છતાં, એ વખતે એ અનુષ્ઠાનોમાં કે અન્યદા પ્રમાદાચરણવગેરે સંભવે છે. જ્યારે અસંમોહની ભૂમિકા પામેલા જરા પણ પ્રમાદ સેવતા નથી. આમ અસંમોહના કારણે કાર્યો પ્રમાદ વિનાના, કષાય વિનાના બને છે, અને ઉપશમરસથી છલકતાં થાય છે. આગમની વાણી માને, પણ પૂરેપૂરી અમલમાં ન મુકી શકે એ જ્ઞાની છે, જેમકે આગમથી જાણી પૈસાને ઝેર માને છે, પણ સંસારમાં રહ્યો છું, એ મારી નબળાઇ છે, અને માટે પૈસા રાખું છું એ કમનસીબી છે, એમ સમજીને પણ પૈસા સાથે સંબંધ રાખનારો જ્ઞાની છે. જ્યારે અસંમોહદશા ત્યારે જ આવે જ્યારે આગમાર્થ જાણ્યા મુજબ હેયનો ત્યાગ કરે, ઉપાદેયને આદરે. પૈસા સાથે રહેવું એ ઝેરી સાપ સાથે રમવા જેવું છે. એમ આગમથી જાણ્યા પછી પૈસાનો ત્યાગ કરે, ત્યારે અસંમોહદશા આવે. આમ આગમાર્થને અનુરૂપ પરિશુદ્ધ અનુષ્ઠાન એ અસંમોહની વિશિષ્ટતા છે. એના કાર્યોમાં ક્યાંય દૂષણ કે અતિચાર લાગવા દે નહીં. આ એકાંત શુદ્ધ કર્મો-કાર્યોથી એના કર્મો પરિપક્વ બને છે. અને શીઘ્ર મોક્ષમાં કારણ બને છે.

ગુણસેનરાજાએ એ ભવના અંતકાળે અસંમોહભરી પ્રવૃત્તિ આદરી. એમાં દેવ બનેલા અગ્નિશર્માએ કરેલા મરણાંત ઉપસર્ગો પણ સમ્યક્ સહી લીધા. આ અસંમોહના ફળરૂપે માત્ર ૧૭ ભવમાં (નવ ભવ મનુષ્યના વચ્ચે આંતરાના આઠ ભવ દેવલોકના) નિસ્તાર થઇ ગયો. અનંત પુદ્ગળપરાવર્ત્તો પસાર કરનાર જીવ માટે ૧૭ ભવ કોઇ વિસાતમાં નથી.

આ અસંમોહ છે. પરતત્ત્વને સારી રીતે જાણનાર ભવાતીતાર્થયાયી જીવો આ અસંમોહ પામે છે. ભવ=સંસારથી અતીત-છેક પેલે પાર રહેલું જે પરમતત્ત્વ છે કે જે પરમશુદ્ધ આત્મતત્ત્વ-રૂપ છે; તે જ પરમ અર્થભૂત છે. તે તરફ યાયી = જનારા... માત્ર જનારા નહીં, ઝંખનાપૂર્વક જનારા... લય લગાડીને મચી પડનારા. પર = શ્રેષ્ઠતમ આત્મતત્ત્વને એટલે કે કર્મમળથી રહિત અત્યંત શુદ્ધ, કોઇ પ્રકારની ઉપાધિ વિનાના, જ્ઞાનઉદ્યોતથી ઝળહળતાં, અમાપ આનંદમાં ઝીલતાં આત્મતત્ત્વને જાણી લેનારો પછી સંસારના બધા તુચ્છ-રાંકડા-દુઃખજનક પદાર્થોમાં કેવી રીતે રમમાણ બની શકે ? તેથી એ જ શુદ્ધ આત્મતત્ત્વને પામવાની લગનવાળો અસંમોહી એવા જ ભવ્ય અનુષ્ઠાનોના માધ્યમથી સતત એ તત્ત્વના જ સંપર્કમાં રહે છે. એનાથી જરા પણ આઘો પાછો થતો નથી. ઇન્દ્રિયાર્થોને આ અસંમોહીએ દૂર

હડસેલી દીધા છે. આગમને માત્ર જ્ઞાત નહીં, પણ આત્મસાત્ કર્યા છે. આગમની વાત એની સ્વબુદ્ધિ-રૂપ થઇ ગઇ છે. અર્થાત્ હવે એને આગમનો રેફરન્સ નથી લેવો પડતો, એ જે સહજ રીતે આરાધના કરે છે, એમાં જ આગમાર્થ ટપકતો હોય છે.

અસંમોહની આ દશામાં જ ખરેખર જીવ 'જીવે છે' એમ કહેવાય. કેમકે અસંમોહ દશામાં રહેલો જીવ 'ક્રોધ કરવો એ મોત છે, ક્ષમા એ જ જીવન છે. અહંકાર-મદ-અભિમાન મોત છે. નમ્રતા વિનય એ જ જીવન છે. કષાયો એ મરણરૂપ છે, ઉપશમભાવ જીવનરૂપ છે, ઇન્દ્રિયોની આસક્તિ મોતરૂપ છે, ઉત્કટ વિરાગદશા એ જ જીવન છે.' આ દૃષ્ટિને પામી ગયો છે. એનું ગણિત એ છે, કે જેમાં આત્મા, આત્માના ગુણો ધબકતાં હોય, તે જીવન. જેમાં આત્મગુણોની કતલ થાય, તે મરણ. આ અસંમોહદશાની તરત નજીકમાં છે પરમાત્મદશા. પરમ શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ.

આ ભવાતીતાર્થયાયી અસંમોહી જીવોનું લક્ષણ શું હશે ? એવી જિજ્ઞાસામાં કહે છે...

एतेषामेव लक्षणमाह--

प्राकृतेष्विह भावेषु, येषां चेतो निरुत्सुकम्।
भवभोगविरक्तास्ते, भवातीतार्थयायिनः ॥१२७॥

प्राकृतेष्विह भावेषु-शब्दादिषु बुद्धिपर्यवसानेषु, **येषां चेतो निरुत्सुकं** निःसङ्गतासमावेशात्, **भवभोगविरक्तास्ते**-एवम्भूता जीवा मुक्तकल्पा **भवातीतार्थयायिन** उच्यन्ते, भवचित्ताऽ(न्ताऽ) संस्पर्शादिति ॥१२७॥

ભવાતીતાર્થયાયીઓનું લક્ષણ બતાવે છે

ગાથાર્થ : અહીં જેઓનું ચિત્ત પ્રાકૃત ભાવોમાં નિરુત્સુક બન્યું છે, તે ભવભોગવિરક્ત જીવો ભવાતીતાર્થયાયી છે.

ટીકાર્થ : પ્રાકૃત = તુચ્છ શબ્દાદિ વિષયો કે જે બુદ્ધિ સુધી પહોંચી શકે છે, તેઓમાં જેઓનું ચિત્ત નિઃસંગતાના સમાવેશથી ઉત્સુકતાથી રહિત બન્યું છે. અને જેઓ સંસારગત ભોગોથી વિરક્ત થયા છે, આવા જીવો મુક્તજીવો જેવા છે. ભવસંબંધી વિચારોથી સ્પર્શાયેલા ન હોવાથી તેઓ ભવાતીતાર્થયાયી કહેવાયા છે.

વિવેચન : શબ્દાદિ વિષયો જડ-પુદ્ગળ પ્રકૃતિના ભાવો છે. તેથી પ્રાકૃત ગણાય છે. આ વિષયો બુદ્ધિના સ્તર સુધી ગ્રાહ્ય બનતાં હોય છે. ઇન્દ્રિયાર્થગ્રાહી બુદ્ધિ પણ આવા જડ-પ્રાકૃત-વિષયોને પકડતી હોવાથી જડપ્રકૃતિરૂપ છે. કેમકે એ બુદ્ધિથી દોરવાયેલો અને ઇન્દ્રિયના વિષયભૂત શબ્દાદિમાં રાચતો આત્મા પણ જડ જેવો બની જાય છે.

શુદ્ધ ચેતનવંતા આત્મતત્ત્વની લગન જેને લાગી ગઇ છે, તે જીવને આ પ્રાકૃત શબ્દાદિ વિષયો તરફ જરા પણ આકર્ષણ થતું નથી. આમ ભવાતીતાર્થયાયીનું પ્રથમ લક્ષણ એ છે, કે એ જીવોને ઉપરોક્ત પ્રાકૃતશબ્દાદિ વિષયોતરફ જરા પણ ઉત્સુક્તા થતી નથી. કારણ કે તેઓ નિઃસંગદશા પામ્યા છે. નિઃસંગતાનો સમાવેશ થયો છે. એથી અસંમોહદશામાં એ જીવ આવ્યો છે. હવે એ બદ્ધિએ બતાવેલું માનતો નથી, બુદ્ધિ પર શ્રદ્ધા રાખતો નથી, પણ આગમે બતાવેલું માને છે, એનાપર શ્રદ્ધા રાખે છે. બુદ્ધિએ જે વિષયોને સારા માન્યા છે, આગમે તે જ વિષયોને હેય-છોડવા જેવા કહ્યા છે. તેથી આગમજ્ઞાતા એ મહાનુભાવ વિષયોના સંગમાં આવતો નથી. આમ નિઃસંગતા પ્રગટ થાય છે. અને એના પ્રભાવે હવે ચિત્તમાં શબ્દાદિ વિષયોઅંગે કોઇ પ્રકારની ઉત્સુક્તા જ જાગતી નથી.

વિષયોથી અલિપ્ત રહેવાના ઉપાય

પૂછો, પ્રાકૃત શબ્દાદિ ભાવોની વચ્ચે રહી લેશમાત્ર ઉત્સુક્તા રાખવાની નહીં, આ કેમ બને?

અહીં આ જવાબ છે કે, (૧) વિષયોનો અને વિષયોથી ઊભા થતાં ભવસ્વરૂપનો સ્પષ્ટ બોધ થઇ ગયો છે, તેથી (૨) માથે ભય ઊભો થયો છે કે જો એક ક્ષણમાટે પણ વિષયોમાં ખેંચાયો, તો મોત છે.

મનની સ્થિરતાપર શેઠપુત્રનું દૃષ્ટાંત

એક નગરમાં રાજા-પ્રજા ધાર્મિક, પરલોકની ચિંતાવાળા. પણ એક શેઠપુત્ર નાસ્તિક. પરલોકને માને નહીં, ધ્યાન-યોગ વગેરેમાં પણ માને નહીં. એનું માનવું હતું કે મન ચંચળ છે, એ પરમતત્ત્વમાં કે પરમાત્મામાં પરોવાવું શક્ય જ નથી. માટે એવી ચેષ્ટા કરનારા કે એવી પ્રરૂપણા કરનારા સાધુઓ ઠગ છે, દંભી છે.

રાજાને શેઠપુત્રના આ વિચારોની ખબર પડી. રાજાએ એની શાન ઠેકાણે લાવવા યુક્તિ ઘડી. ગુપ્તરીતે એના ઘરમાં સોનામહોરોની એક થેલી મુકાવી દીધી. પછી શહેરમાં જાહેરાત કરાવી કે સોનામહોરની થેલી ગુમ થઇ છે. જેને મળી હોય, તે આપી જાય, નહીંતર રાજા તપાસ કરાવશે, અને જેને ત્યાંથી મળશે એને ગરદને મારશે.

શેઠપુત્ર તો 'મારીપાસે નથી' એ વિશ્વાસમાં હતો. રાજાના સિપાઇઓએ એના ઘરે તપાસ કરી. થેલી મળી. મુદ્દામાલસાથે રાજાપાસે લઇ ગયા.

રાજાએ શેઠપુત્રપર આંખ લાલ કરી - હરામખોર ! ધોળા લિબાસમાં આવા કાળા કામ કરે છે. શેઠ શાહુકારનો છોકરો થઇ લબાડીગીરી કરે છે. જાઓ શૂળીએ લટકાવો આને !

શેઠ દોડતા દોડતા આવ્યા. માફ કરો ! મહારાજ, મારા દિકરાનો આ એક અપરાધ ખામી ખાવ.

શેઠે બહુ કાલાવાલા કર્યા ત્યારે પીગળ્યાનો દેખાવ કરી રાજાએ કહ્યું - જો તમારો પુત્ર તેલથી છલોછલ ભરાયેલા આ પાત્રને લઇ આખા નગરમાં ચક્કર મારીને આવે, તો અભયદાન આપું, પણ એટલો ખ્યાલ રાખવો પડશે, કે એક પણ ટીપું ભૂમિપર પડવું જોઇએ નહીં. જો એક પણ ટીપું ભૂમિપર પડ્યું તો ત્યાં ને ત્યાં તેનું ડોકું કાપી નાંખવામાં આવશે.

જીવવાની આશાથી શેઠપુત્ર આ કામ માટે તૈયાર થયો. તેલપાત્ર લઇને શહેરમાં ચક્કર મારવા નીકળ્યો. રાજાએ ઠેર ઠેર પાંચે ઇંદ્રિયના જોરદાર આકર્ષક વિષયસાધનો ગોઠવી દીધેલા. ક્યાંક ભવ્ય સંગીત જલસો ચાલે, ક્યાંક સુંદર નાટક ચેટક, હેરતભર્યા ખેલો થાય, ક્યાંક ફૂલ-અત્તર વગેરેની સુગંધ મહેકી રહી હતી. ક્યાંક જીભને ચટાકા પડે એવી જાતજાતની ખાવાની વાનગીઓ ગોઠવી હતી. તો ક્યાંક સુંદર લલનાઓ મોજમજા માટે આકર્ષી રહી હતી.

પણ શેઠપુત્ર તો મોતના ભયે એકમાત્ર તેલના પાત્રપર ધ્યાન કેન્દ્રિત કરી ધી...મે... ધી...મે... પગલા ભરતો ચક્કર મારી આવ્યો. એણે કશાપર નજર સુદ્ધા નાંખી નહીં.

એક પણ ટીપું તેલ ઢોળાયું નથી. એના આનંદ સાથે રાજા પાસે પહોંચ્યો.

રાજાએ પૂછ્યું - કેમ તેલનું ટીપું પડ્યું ? પેલાએ સગૌરવ કહ્યું - ના. એક ટીપું પડ્યું નથી. રાજા કહે - અરે એ બને જ કેમ ? તમે દોઢ પ્રહર (સાડા ચાર કલાક) નગરમાં ફર્યા, છતાં તેલનું ટીપું કેમ પડ્યું નહીં ? એણે કહ્યું - મેં મન બરાબર એ પાત્રમાં ચોંટાડી દીધું હતું. સાવધાની રાખી. તેથી ટીપું ઢોળાયું નહીં. રાજાએ પૂછ્યું- પણ રસ્તામાં જાતજાતનું જોવા-સાંભળવા તો મળ્યું હશે ને ! શેઠ પુત્રે કહ્યું - મેં એ કશા તરફ ધ્યાન આપ્યું નથી, તેથી મને કશી ખબર નથી.

ત્યારે રાજાએ કહ્યું - તો અત્યારસુધી શાનો બકવાસ કરતો હતો કે સાધુઓનું મન પણ સ્થિર

રહી શકે જ નહીં ? મનગમતા વિષયોવગેરેમાં ગયા વગર રહે જ નહીં. જો તારું મન એક મોતના ભયે બહારના વિષયોમાં ગયું નહીં અને તેલના પાત્રપર સ્થિર થઇ ગયું; તો જેઓને વિષયોમાં મન જવાપર ભવોભવના મોત દેખાતા હોય, તેઓનું મન વિષયોથી વિરક્ત બની પરમતત્ત્વમાં-પરમાત્મામાં સ્થિર થાય, એમાં ખોટું શું છે ? દંભ કે ઠગાઈ ક્યાં આવી ? બોલ કબૂલ કરે છે ને કે મુનિઓનું મન પરમતત્ત્વમાં સ્થિર થઇ શકે છે. શેઠપુત્રે કાન પકડી કબૂલાત કરી.

ત્યારે રાજાએ કહ્યું - જાઓ ! નગરમાં જઇ ઘોષણા કરો, કે મેં અત્યાર સુધી જે કહ્યું હતું, તે બધું ખોટું હતું. પરલોક-પરમતત્ત્વ છે. અને પરલોકના ભયે-સંસારમાં દુઃખ ભોગવવાની પીડાના ભયે અથવા પરમતત્ત્વપ્રત્યે આકર્ષણના કારણે મુનિઓનું મન વિષયોથી વિરક્ત થઇ પરમતત્ત્વમાં સ્થિર થઇ શકે છે.

આ વિચારણાપર વિષયોની વચ્ચે પણ વિષયોથી વિરક્ત થઇને રહી શકાય છે. અત્યારસુધીની અનાદિકાળથી સસંગદશા હતી. વિષયોતરફ આસક્તિ હતી. વિષયાસક્તિના કારણે અનંત મોત મળવા છતાં એતરફ દૃષ્ટિ હતી.

અસંમોહદશાને પામેલા આગમજ્ઞાની જીવને હવે તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થઇ છે. વિષયોમાં એક નહીં અનંત મોત દેખાય છે. આ અનંત મોતના ભયે આસક્તિ તૂટે છે. નિઃસંગદશા આવે છે. ભોગોથી વિરક્તિ જાગે છે. અને મનગમતા વિષયો તરફ ઉત્સાહ જાગતો જ નથી. બસ આ રીતે સંસાર-સુખથી ઊભગી જવું એનું જ નામ છે, વૈરાગ્ય. નહીં જોયેલા દેવતાઇ સુખોતરફ ન આકર્ષાવા માત્રથી વૈરાગ્યરંગ પાકો ન ગણાય. પણ અહીં દેખાતા, મળતા, સહજ પ્રાપ્ત થતાં સારા કપડાં, સારા ભોજન, સારા સાધનો, સારા માન-પાનથી ચિત્ત ઊભગવું જોઇએ. ગરમ ચા મળે, ને ગમી જાય, તો વૈરાગ્ય ક્યાં ટકે ? પવનવાળી જગ્યા મળે, ને મનને ફાવી જાય, તો વૈરાગ્ય ક્યાં રહ્યો ? સારું કપડું કે સારી પેન આવે ને લલચાઇ જવાય, તો વૈરાગ્યનો પાવર ક્યાં રહ્યો ?

સમજો, **મોક્ષમાર્ગની સાધનામાં કેટલા આગળ વધ્યા ? એની કસોટી જ આ વૈરાગ્ય છે.** અલબત્ત, ગૃહસ્થોને લલચાઇ જવાના સ્થાનો-વિષયો ઘણા છે, ઘણા આકર્ષક છે. તેથી તેઓ માટે વૈરાગ્યમાં ટકવું ઘણું અઘરું છે. સાધુને એવા સ્થાનો-વિષયો ઓછા છે, છતાં જો એમાં પણ એ લલચાઇ જાય, તો વૈરાગ્યરસ સૂકાવા માંડ્યો એમ સમજી લેવાનું.

જો પોતાના ગુણો - આત્મગુણોની ભૂખ જાગે, અને એમાં રમણતારૂપ આત્મગુણ-ભોગમાં જે મસ્તી માણે, એને એમાં વિઘ્નભૂત વિષયપર વિરક્તિ જાગે.

આત્મગુણરમણતા ચારિત્રરૂપ છે. આ ચારિત્રગુણનો ભોગવટો એ જ સંવર-નિર્જરા છે. અને સંવર-નિર્જરાના રાગીને જ ચારિત્ર ગુણનો ભોગવટો ગમે.

આત્મગુણના ભોગના રાગી બને, તે જ ભવભયજનક વિષયભોગના વિરાગી બને.

આવા ભવવિરક્ત જીવો સશરીરી હોવા છતાં મુક્તજીવો જેવા છે. જેમ મુક્ત જીવોને સંસાર-સંસારના વિષયોસાથે જ્ઞાન સિવાય બીજો કોઇ સંબંધ નથી, તેમ આ વિરક્ત જીવોને પણ સંસાર-સંસારના વિષયોપ્રત્યે જ્ઞાન સિવાય બીજો કોઇ સંબંધ નથી. કેમકે એ બધા માટે કોઇ ઉત્સુકતા નથી, ચિત્ત ચોંટતુ નથી. તેઓનું ચિત્ત ભવપર નહીં, ભવને ઓળંગી ગયેલા પદાર્થોપર છે. તેથી જ તેઓ ભવાતીતાર્થયાયી છે.

एक एव तु मार्गोऽपि, तेषां शमपरायणः ।

अवस्थाभेदभेदेऽपि, जलधौ तीरमार्गवत् ॥१२८॥

एक एव तु मार्गोऽपि चित्तविशुद्धिलक्षणः । तेषां-भवातीतार्थयायिनां शमपरायणः-शमनिष्ठः, अवस्थाभेदभेदेऽपि-गुणस्थानकभेदापेक्षया जलधौ तीरमार्गवदिति निदर्शनम् । अवस्थाभेदश्चेह तद्दूरासन्नतादिभेदेन ॥१२८॥

મોક્ષમાર્ગ એક જ - શમપરાયણ

ગાથાર્થ : તેઓનો અવસ્થાભેદથી ભેદ હોવા છતાં સમુદ્રમાં કિનારાના માર્ગની જેમ શમપરાયણ માર્ગ તો એક જ છે.

ટીકાર્થ : આ ભવાતીતાર્થયાયીઓમાં ગુણસ્થાનકભેદની અપેક્ષાએ ભેદ હોવા છતાં શમનિષ્ઠ ચિત્તવિશુદ્ધિરૂપ માર્ગ તો એક જ છે. જેમકે સમુદ્રમાં કિનારાતરફ જતાં રસ્તાપર રહેલાઓનો કિનારાથી દૂર-નજીક હોવારૂપ અવસ્થાભેદ હોવા છતાં રસ્તો તો એક જ છે.

વિવેચન : આ અસંમોહી જીવો જૂદા-જૂદા દર્શનને પામ્યા હોવા છતાં બધા એક માર્ગે છે. બધા સંસારપ્રત્યે નિરુત્સાહી છે. મોક્ષની ઝંખનાવાળા છે. અને સંસારની સામે રહેલા મુક્તિના કિનારે પહોંચવાનો એક માત્ર માર્ગ છે ચિત્તવિશુદ્ધિ. ચિત્તની નિર્મળતા-રાગદ્વેષ રહિતપણું. સંક્લેશ વિનાની અવસ્થા. ચિત્તમાં સંક્લેશ ઊભા થવાના મુખ્ય કારણો છે રાગ-દ્વેષ અને અભિનિવેશ. આ ત્રણ જાય તો ચિત્ત સંક્લેશ વિનાનું બને. અને તો ચિત્ત વિશુદ્ધ બને.

તેથી નક્કી થાય છે કે ક્રિયા ભલે જૂદી જૂદી હોય, પણ તે બધામાંથી તારવણી એ જ કાઢવાની કે આનાથી ચિત્તવિશુદ્ધિ કેટલી થઇ ? દરેક ક્રિયાની ખરી કમાણી આ જ છે. કેમકે ચિત્તવિશુદ્ધિ વધતી જાય એમ સંયમના વિશુદ્ધ અધ્યવસાયસ્થાનો વધતા જાય. એમાં પરાકાષ્ઠા આવે ત્યારે વીતરાગ-ભાવ પ્રાપ્ત થાય છે.

રાગાદિભાવોમાં અને હાસ્યાદિ લાગણી-ઓમાં તણાયેલાના ઉપશમભાવો વિલોપ પામે છે. કષાયની અવસ્થાઓના કારણે આત્મા અપરતત્ત્વમાં ઉતરી જાય છે. આમ રાગાદિભાવો, હાસ્યાદિ લાગણીઓ અને કષાયાદિ પરિણામોના કારણે અપરતત્ત્વ = સંસારમાં અટવાયેલા જીવો સંક્લેશમય જીવન જીવે છે. અને ચિત્તને દુષ્ટ-અશુદ્ધ કરતા જાય છે. ટૂંકમાં એમ કહીએ તો ચાલે કે **સંસારતરફનો માર્ગ એક છે - કષાયરૂપ.** આ કષાયના કારણે સંસારરૂપ અપરસ્થાનમાં જીવનું અવસ્થાન છે. આમ કાર્યો ભલે ઘણા હોય, પણ એમાં અંતર્ગત એક જ કારણ છે કષાય, કે જે સંસારનું કારણ છે. એ જ રીતે ક્રિયામાર્ગો ઘણા હોવા છતાં અંતર્ગત કારણ એક જ છે કષાય-મુક્તિનો- ચિત્તવિશુદ્ધિનો. આ માર્ગ પરતત્ત્વનો છે. સંસારમુક્તિનો છે. આ માર્ગે જ આત્માની ઉન્નતિ છે. પોતે જે સંસારખાડામાં પડી ગયેલો તેમાંથી બહાર નીકળવાનો આ જ ઉપાય છે. અલબત્ત આ ચિત્તવિશુદ્ધિમાં તર-તમભાવ હોઇ શકે છે. શમભાવના વિકાસમાં આગળ-પાછળપણું સંભવે છે. પણ તેથી માર્ગભેદ ગણાતો નથી. માર્ગ તો એક જ ગણાય છે.

અહીં સવાલ થાય કે 'દેખિયે માર્ગ શિવનગરનો, જેહ ઉદાસીનપરિણામ રે...' ચેતન જ્ઞાન અજુવાલીયે - અમૃતવેલની આ સજ્ઝાયમાં મહો. **યશોવિજયજી**એ શમપરિણામને બદલે ઉદાસીનપરિણામને શિવનગરનો=મોક્ષનો માર્ગ બતાવ્યો છે. જ્યારે પ્રસ્તુતમાં શમભાવ=ચિત્તવિશુદ્ધિ મોક્ષમાર્ગરૂપ બતાવી છે. આમકેમ?

અહીં જવાબ આ છે, કે ઉપાધ્યાયજી મહારાજે શમભાવથી ભાવિત થવા બાહ્ય જગત સાથે કેવી રીતે વર્ત્તવુ તે બતાવ્યું છે. જો તમે જગતના પદાર્થો-પ્રસંગોપ્રત્યે ઉદાસીનભાવ લાવશો, તો જ

तमे शमभावमां रही शकशो, आगळ वधी शकशो. जेटली उदासीनता वधे, तेटलो शमभाव वधे, तेटली चित्तविशुद्धि वधती जाय.

जगतना पदार्थोने पकडवा जशो, तो अंदर उकळाट वधशे, शमभाव हटशे. कहो, बीजाना बंगला-फ्लेट, फर्नीचर के सारी कार जोईने शुं थाय छे? कहो, ईर्ष्या के अहंतृप्तिना आधारे कषायभाव.

जो तमारे कषायोथी बचवुं होय, तो तमारे कषाय करावनारा पदार्थोपरथी मनने वाळी देवुं ज पडे. उदासीनभाव केळववो ज जोईए. एवा दरेक पदार्थ जोई 'आ मारा आत्मामाटे हितकर छे के अहितकर छे ? ए विचारो. जो आ पदार्थो मारा आत्मामाटे हितकर नथी, तो मारे एनी शी जरूर छे ? आ विचार ऊठे, तो मन ए पदार्थोपरथी ऊठे. अने तो ए पदार्थोना निमित्ते ऊठतां कषायो ऊठे ज नहीं. आम कषायने ऊठवाना निमित्तो घटतां जाय, तो कषाय मंद पडतो जाय. आम उदासीनभाव शमभावनुं कारण होवाथी बंने महात्माओनी वात एक ज छे. विरोधी नथी.

निर्वाणशब्दभेदमां पण अर्थएकता

परतत्त्वाभिधित्सयाऽऽह--

संसारातीततत्त्वं तु, परं निर्वाणसंज्ञितम्।
तद्ध्येकमेव नियमाच्छब्दभेदेऽपि तत्त्वतः ॥१२९॥

संसारातीततत्त्वं त्विति-संसारातीतं पुनस्तत्त्वम् किमित्याह **परं**-प्रधानं **निर्वाणसंज्ञितं**-निर्वाणसंज्ञा संजाताऽस्येति कृत्वा, **तद्ध्येकमेव** सामान्येन, **नियमात्**- नियमेन **शब्दभेदेऽपि** वक्ष्यमाणलक्षणे सति, **तत्त्वतः**-परमार्थेन ॥१२९॥

आ परतत्त्व बतावववानी ईच्छाथी कहे छे-

गाथार्थ : संसारातीत तत्त्व निर्वाणसंज्ञा पामेलुं परतत्त्व छे. ते शब्दभेद होवा छतां तत्त्वथी तो अवश्य एक ज छे.

टीकार्थ : आ परतत्त्व श्रेष्ठ एवुं संसारातीत तत्त्वरूप छे. केमके ए ज निर्वाणसंज्ञा पामेलुं छे. आ तत्त्व शब्दभेद धरावतुं होवा छतां सामान्यनी अपेक्षाए परमार्थथी नियमा एकरूपे ज छे.

विवेचन : संसारगतभावोथी सर्वथा विमुक्त थयेलुं तत्त्व परतत्त्व छे. निर्वाण = बुझाई जवुं. जेमां बधा ज कलुषितभावोना तणखा-ज्वालाओ-अंगाराओ बुझाई गया छे. शांत थई गया छे, ए निर्वाण कहेवाय. अहीं बधी अशांति खतम थई गई छे.

परतत्त्व ज श्रेष्ठ संसारातीततत्त्व छे, अने 'निर्वाण' शब्दथी ओळखाय छे. अलबत्त, जूदा जूदा दर्शनोना हिसाबे आनी शब्दरूपे ओळख अलग-अलग मळे छे, पण तत्त्वथी तो आ बधुं ज निर्वाणरूप ज छे. अर्थात् नामभेद छे, पण स्वरूपभेद नथी.

एतदेवाह-

सदाशिवः परं ब्रह्म, सिद्धात्मा तथातेति च।
शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ॥१३०॥

सदाशिव इति-सर्वकालं शिवो न कदाचिदप्यशिवः, त्रिकालपरिशुद्धः सर्वाशिवाऽभावात्। **परं**-प्रधानं **ब्रह्म**-तथा बृंहत्त्वबृंहकत्वाभ्यां सद्भावालम्बनत्वात्। **सिद्धात्मा**-कृतकृत्यात्मा निष्ठितार्थ इत्यर्थः। **तथातेति च**-आकालं तथाभावात्। **यथोक्तम्**-*"उपादाननिमित्ताभ्यामधिकारित्वतो ध्रुवा। सर्वकालं तथाभावात्तथातेत्यभिधीयते ॥१॥ विसंयोगात्मिका चेयं त्रिदुःखपरिवर्जिता। भूतकोटिः परात्यन्तं भूतार्थफलदेति च ॥२॥"* इत्यादिशब्दैस्तन्निर्वाणमुच्यते, **अन्वर्थाद्**-अन्वर्थानोक्तनीत्या **एकमेव सत् एवमादिभिरिति** ॥१३०॥

आ ज वात करे छे-

गाथार्थ : अन्वर्थथी एक ज होवा छतां सदाशिव, परं ब्रह्म, सिद्धात्मा, तथाता वगेरे शब्दोथी ते ओळखाय छे.

ટીકાર્થ+વિવેચન : આ નિર્વાણને કો'ક **સદાશિવતરીકે** ઓળખે છે. સદાશિવ = હંમેશા શિવરૂપ - ક્યારેય પણ અશિવ = ઉપદ્રવ થાય નહીં. સંસારના ભાવો કર્મજનિત છે. તેથી કર્મના અંતની સાથે એ ભાવોનો પણ અંત આવી ગયો. તેથી અશિવ=ઉપદ્રવનો પણ અંત આવી ગયો. કર્મજન્ય અશુદ્ધિઓ પણ ક્યારેય પાછી ન ફરે, એ રીતે ચાલી ગઇ છે. આથી જ અવતારવાદીઓ ખોટા ઠરે છે. સદાશિવરૂપ બનેલાની વિશુદ્ધિ અને નિરૂપદ્રવઅવસ્થા કાયમી છે. અવતાર લેવો એનો અર્થ છે કર્મજન્ય અશુદ્ધિમાં અટવાવું અને કર્મજન્ય ઉપદ્રવોથી પીડાવું. તેથી પાછો અવતાર લેવાનો જેને બાકી છે, તે સદાશિવઅવસ્થાને પામ્યો નથી, અને જે સદાશિવઅવસ્થાને પામી ગયો, તેને અવતાર લેવાનો સંભવ નથી, એમ નિર્ણય થાય છે.

આ જ રીતે કોક આ નિર્વાણને **પરંબ્રહ્મ** કહે છે. બ્રહ્મ બે પ્રકારે છે. (૧) પરં = મુખ્ય-શ્રેષ્ઠ-પ્રધાનભૂત અને (૨) અપર = ગૌણ-અપ્રધાન-ઉતરતી કક્ષાનું.

બ્રહ્મત્વ પણ બે પ્રકારે આવે (૧) બૃંહત્વ અને (૨) બૃંહકત્વ. બૃંહત્વ = મોટાપણું-ઘણાપણું-બહુપણું. **વેદાંતિક**મતનું એક સૂત્ર છે- *એકોઽહં બહુ સ્યામ્* 'એક એવો હું બહુ થાઉં' બ્રહ્મસ્વરૂપ ઈશ્વરને આવી ઇચ્છા થઇ - આ માયા છે. એક બ્રહ્મસ્વરૂપ ઈશ્વરઆત્માએ માયાથી આ જગત ઊભું કર્યું. બ્રહ્મના અંશભૂત ઘણા જીવાત્માઓ થયા. અવિદ્યાથી આ જીવો એમ માની લે છે કે આ જૂદો હું જૂદો. પણ ખરેખર તો છે એક શુદ્ધ બ્રહ્મ. આ જે બહુપણું-બૃંહત્વ છે, તે બ્રહ્મનું એક સ્વરૂપ છે.

બ્રહ્મનું બીજું રૂપ છે, બૃંહકત્વ, બૃંહક= પોષક. બહુ થયેલા જીવોમાં ચૈતન્ય આવ્યું. એના પોષણરૂપે પૃથ્વી, અપ-તેજવગેરે પાંચ ભૂતો પ્રગટ્યા. આ જડતત્ત્વ ઊભું થયું. આ બધા ભાવોનું પોષકતત્ત્વ હોવાથી બ્રહ્મમાં બૃંહકત્વ છે.

જ્યારે જીવાત્મા અવિદ્યાથી છુટે છે, ત્યારે માયાનો વળગાડ જાય છે. તે વખતે એમાં રહેલું બૃંહત્વ અને બૃંહકત્વ પણ અલોપ થાય છે. આમ માત્ર શુદ્ધ પરબ્રહ્મ જ એક બાકી રહે છે. બસ આ પ્રધાન બ્રહ્મ જ નિર્વાણરૂપ છે.

'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' આ અનુભૂતિથી અવિદ્યા ટળે છે. અને પરબ્રહ્મમાં લીન થયા પછી આ માયાજગત સાથે કોઇ સંબંધ રહેતો નથી. આ પરબ્રહ્મ ઉપદ્રવ અને ભ્રાંતિ રહિત છે. તેથી નિર્વાણરૂપ જ છે.

કેટલાક આને **સિદ્ધાત્મા** તરીકે ઓળખાવે છે. સિદ્ધ એટલે શું ? જેણે સાધવાનું બધું સાધી લીધું છે તે સિદ્ધ. હવે આ જીવને કોઇ પ્રયોજન બાકી નથી. તેથી જ તેઓ કૃતકૃત્ય, નિષ્ઠિતાર્થ વગેરે પણ કહેવાય છે.

સિદ્ધાવસ્થાપૂર્વેની બધી અવસ્થાઓમાં આત્માને પ્રયોજન બાકી રહે છે. જેમકે, સંયમ પાળવાનું, તો શા માટે ? અહીં પ્રયોજન છે, ગુણસ્થાનકની પરિણતિ વધારવી છે, ઊંચા ઊંચા સંયમસ્થાનો પામવા છે. તો પ્રશ્ન થાય, ગુણ-સ્થાનકની પરિણતિ-ઊંચા સંયમસ્થાન શા માટે? અહીં પ્રયોજન છે, કે આત્મામાં તેવું સામર્થ્ય પ્રગટતું જાય, કે જેથી કર્મના આવરણોને તોડતો જાય. આ સામર્થ્યનું કે કર્મઆવરણ તોડવાનું પ્રયોજન શું ? તો કે વીતરાગભાવ પ્રાપ્ત થાય તેમાટે. વીતરાગભાવ શા માટે જોઇએ છે ? તો છેવટનો જવાબ છે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવા. અર્થાત્ હવે કોઇ પ્રયોજન બાકી ન રહે, તેવી અવસ્થા પ્રાપ્ત કરવાનું અંતિમ પ્રયોજન સિદ્ધ થયા પછી કોઇ પ્રયોજન રહેતું નથી. આ અવસ્થા હવે કાયમી થઇ ગઈ. કાળ નામનું તત્ત્વ રહે, ત્યાં સુધી હવે આ જ

અવસ્થા રહેવાની. આ છે સિદ્ધઅવસ્થા. એ અવસ્થાને પામેલો સિદ્ધાત્મા ગણાય છે.

વળી કોક નિર્વાણને **તથાતા** કહે છે. તથાતા = હંમેશા હવે તથા = જે રૂપ પામ્યા, તેરૂપે જ રહેવાનું. બધા જ કર્મોના નાશથી શુદ્ધ સુવર્ણ-રૂપતા જેવી શુદ્ધ અવસ્થા થઇ ગઇ. આ શુદ્ધ અવસ્થા પણ એવી રીતે થયેલી છે, કે હવે પછી ક્યારેય મલિનતા ન થાય. કર્મરૂપ મલિનતત્ત્વ સાથે એકમેકીભાવ પામી મલિન થવાની યોગ્યતા પણ નાશ પામી ગઇ છે. તેથી હવે હંમેશા તથારૂપે જ રહેવાનો... માટે તથાતા કહેવાય.

કાર્ય થવા માટે કારણો બે છે (૧) ઉપાદાન કારણ અને (૨) નિમિત્તકારણ (સહકારી કારણ)

એમાં યત્રોપાદેયં કાર્યં તિષ્ઠતિ અથવા યદુપાદાય કાર્યં તિષ્ઠતિ... આ વ્યાખ્યા મુજબ જેને વળગીને કાર્ય થાય-કાર્ય રહે તે ઉપાદાન કારણ. જેમકે માટીમાંથી ઘડો બને છે. તો 'ઘડા' નામનું કાર્ય 'માટી' નામના ઉપાદાનને વળગીને જ રહે છે. ક્યારેય એ ઘડો માટીથી નોંખો ઉપલબ્ધ થાય નહીં. આ ઉપાદાનકારણ વિના નિમિત્ત કારણો પાંગળા છે. ઉપાદાનકારણની હાજરીમાં નિમિત્ત કારણો કાર્ય સાધક બની શકે.

ઉપાદાનકારણ સિવાયના બીજા જે કાર્યોપયોગી બને, તે બધા નિમિત્તકારણો ગણાય. ઉપાદાનકારણને આશ્રયીને થતું કાર્ય પણ નિમિત્ત પામ્યા વિના થતું નથી. દૂધમાંથી ઘી બનાવવું હોય, તો તે એમને એમ બની જતું નથી. દૂધમાં મેળવણ નાંખી, સ્થિર રાખવું પડે. એમ દહીં બને. દહીમાં પાણી ભેળવી છાશ બનાવી વલોણું કરવાથી માખણ તૈયાર થાય. પછી એ માખણને તપાવવાથી ઘી છુટું પડે.

આ જ પ્રમાણે આત્મા પરતત્ત્વનું ઉપાદાન કારણ છે. પણ તેટલામાત્રથી પરતત્ત્વની પ્રાપ્તિ નથી થતી. આત્માને લાગેલા કર્મ-કષાય-રાગાદિ પરિણતિઓના વળગણ દૂર કરવા પડે. એમાટે વૈરાગ્ય-શમ-સમતાભાવ કેળવવા પડે. એ માટે જ્ઞાનનો અભ્યાસ અને ચારિત્રની ક્રિયાઓ આદરવી જોઇએ. આ રીતે ઉપાદાન અને નિમિત્તો ઉભયની સાધનાના બળે પરતત્ત્વની અધિકારિતા આવે. **આનંદઘનજી**એ કહ્યું છે *'કારણ જોગે કારજ નિપજે, એમાં કોઇ ન વાદ, (પણ) કારણ વિણ કારજ નિપજે એ નિજમત ઉન્માદ.*

કારણથી કાર્ય થાય, તે સર્વનય સંમત વાત છે, પણ કારણ વિના કાર્ય ઉત્પત્તિ સ્વીકારવી એ ઉન્માદ છે. આમ ઉપાદાન અને નિમિત્તકારણના સમન્વયથી સાધનાના બળે આત્મા પરતત્ત્વને પામે છે. માટે આ પરતત્ત્વ 'તથાતા' તરીકે ઓળખાય છે. કેમકે હવે આત્મામાં આ અધિકારિતા સર્વકાલીન થઇ છે. આ તથાતા કર્મ-કષાયવગેરે મલીનતત્ત્વોના વિસંયોગરૂપ છે - વિયોગરૂપ છે. અને આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ અથવા આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિકરૂપ ત્રૈવિધ્ય દુઃખથી રહિત છે. આ શ્રેષ્ઠ ભૂતકોટિ= સ્વરૂપઅવસ્થા છે. અથવા ભૂતકોટિ= પાંચ ભૂતોના વળગાડની કોટિ= અંતની આ અવસ્થા છે. અને પરા=શ્રેષ્ઠ અથવા આધિ-વ્યાધિ-ઉપાધિથી પર=દૂર છે. અને ભૂતાર્થ=વાસ્તવિક અર્થ= આત્મસ્વભાવભૂત આનંદરૂપ ફળને દે છે. આ તથાતા છે. આ પણ નિર્વાણ સૂચક જ છે. આ બધા સદાશિવવગેરેના ઉપર બતાવેલા અન્વર્થથી તો એક જ અર્થ-નિર્વાણ અર્થ જ પ્રાપ્ત થાય છે. તેથી જૂદા જૂદા નામે ઓળખાતું નિર્વાણ બધા મતે એકરૂપ જ ઠરે છે. કેમકે આ નિર્વાણરૂપ પરતત્ત્વના લક્ષણો સદાશિવવગેરે શબ્દોથી પ્રાપ્ત થતાં અર્થોમાં પણ સ્પષ્ટ દેખાય છે.

નિર્વાણના ત્રણ લક્ષણ

कथमेकमेवे(वमि) त्याह-

तल्लक्षणाविसंवादान्निराबाधमनामयम्।
निष्क्रियं च परं तत्त्वं, यतो जन्माद्ययोगतः ॥१३१॥

तल्लक्षणाऽविसंवादादिति-निर्वाणलक्षणाविसंवादात् । एनमेवाह-**निराबाधं** निर्गतमाबाधाभ्यः, **अनामयं**-अविद्यमानद्रव्यभावरोगम्, **निष्क्रियं च**- कर्तव्याभावान्निबन्धनाभावेन **परं तत्त्वमेवम्भूतं यतो**-यस्मात् **जन्माद्ययोगतो**-जन्मजरामरणाऽयोगेन ॥१३१॥

આ એક જ કેમ છે ? તે બતાવે છે-

ગાથાર્થ : જેથી જન્મવગેરેનો સંભવ નથી, તેથી આ પરં તત્ત્વ નિરાબાધ, નિરામય અને નિષ્ક્રિય છે. આ લક્ષણનો અવિસંવાદ હોવાથી આ પરતત્ત્વ એક જ છે.

ટીકાર્થ : (સદાશિવઆદિશબ્દોથી ઓળખાતું નિર્વાણસંજ્ઞા પામેલું પરતત્ત્વ એક જ હોવામાં કારણ એ છે કે-) આ બધા શબ્દોથી સૂચિત પરતત્ત્વમાં 'નિર્વાણ'ના લક્ષણનો અવિસંવાદ છે = બધામાં 'નિર્વાણ'ના લક્ષણો ઘટે છે. નિર્વાણના લક્ષણો કયા ? તે બતાવે છે - જેથી નિર્વાણમાં જન્મ, જરા અને મરણ નથી, તેથી તે (૧) નિરાબાધ - આબાધાથી રહિત છે. (૨) અનામય - દ્રવ્ય-ભાવ રોગથી મુક્ત છે અને (૩) નિષ્ક્રિય - ક્રિયામાં કારણભૂત કર્ત્તવ્યોનો અભાવ હોવાથી ક્રિયા વિનાનું છે.

વિવેચન : પરતત્ત્વ-નિર્વાણનું લક્ષણ સદાશિવ, સિદ્ધાત્મા વગેરે બધામાં લાગુ પડે છે, એ વાત કહી, ત્યાં સવાલ થાય કે, પરતત્ત્વનું લક્ષણ કેવું છે ? એના સમાધાનમાં કહે છે.

(૧) **નિરાબાધ :** જ્યાં કોઇ બાધા-પીડા નડતી નથી, તેવું નિરાબાધ પરતત્ત્વ છે. હવે આનું નિરાબાધસ્વરૂપ સદાશિવમાં કે સિદ્ધાત્મામાં પણ તે-તે મતવાળાઓને માન્ય જ છે.

બધા મતે જ્યાં સુધી જીવ અસદાશિવ કે અસિદ્ધ અવસ્થામાં હોય છે, ત્યાં સુધી જન્મ-મરણની પીડા હોય છે. કર્મકૃતપીડાઓ હોય છે, મોહાદિની પરિણતિજન્ય પીડાઓ હોય છે. આત્મા સિદ્ધ થાય છે ત્યારે જન્મ-મરણ-કર્મ-મોહ-પરિણતિવગેરે નાશ પામી ગયા હોવાથી એ સંબંધી કોઇ પીડાઓ-બાધાઓ પણ રહેતી નથી. આમ સદાશિવ કહો કે સિદ્ધાત્મા કહો, બંને વચ્ચે માત્ર નામનો ફરક છે. વસ્તુસ્વરૂપનો નહીં.

વળી પરતત્ત્વ (૨) **નિરામય** છે. પરતત્ત્વમાં તમામ આમય-રોગ વિનાશ પામેલા છે. નથી શરીરગત જ્વરવગેરે રોગ કે નથી દેવતાઇ ઉપદ્રવ વગેરે રૂપે આધિદૈવિક રોગ કે નથી મનમાં થતાં સંક્લેશ, સંતાપ વગેરેરૂપ આધ્યાત્મિક રોગ. મનમાં (૧) ભય (૨) શંકા અને (૩) વિહ્વળતા - આ ત્રણ પ્રકારના રોગ થાય છે કે જે આભ્યન્તર રોગ ગણાય છે. આ ત્રણના કારણે મન બેચેન બને છે. ભયભીત, શંકાશીલ અને વિહ્વળ મન રોગગ્રસ્ત થયેલું ગણાય. પરતત્ત્વમાં શરીરાદિ જ ન રહેવાથી એવા કોઇ રોગો પણ હોવા સંભવતા નથી. મૂળ જ ન હોય તો શાખા ક્યાંથી હોવાની ? સદાશિવ કે સિદ્ધાત્માવગેરે નામે પરતત્ત્વને ઓળખનારા પણ સદાશિવવગેરે અવસ્થામાં આ રોગોનો અભાવ માને જ છે. શરીર નથી, માટે તાવવગેરે આધિ-ભૌતિક રોગો નથી, જીવ પરતત્ત્વમાં માત્ર અરૂપી-જ્યોતિરૂપ રહેતો હોવાથી દેવતાદ્વારા ઉપદ્રવ થવાનો સંભવ પણ રહેતો નથી. અને મન ન હોવાથી મનોગત સંતાપાદિ પણ થવા સંભવતા નથી.

તથા (૩) પરતત્ત્વ **નિષ્ક્રિય** છે. કોઇ કર્ત્તવ્ય બાકી રહ્યું ન હોવાથી કોઇ ક્રિયા રહી નથી. તેથી નિષ્ક્રિય છે. સદાશિવવગેરે માનનારા પણ સદાશિવવગેરે અવસ્થાઓને નિષ્ક્રિય માને છે.

અહીં પ્રશ્ન થાય કે, શું પરતત્ત્વ-નિર્વાણ અવસ્થામાં જ્ઞાનક્રિયા નથી ? પ્રથમ ક્ષણે જ્ઞાન ઉપયોગ અને બીજી ક્ષણે દર્શનઉપયોગ. આમ ક્ષણાંતરે બદલાતા જ્ઞાન-દર્શન ઉપયોગ વખતે જ્ઞાન-દર્શનની ક્રિયા તો નિર્વાણ અવસ્થામાં પણ માની જ છે. તો આ ક્રિયા રહી કે નહીં ?

અહીં ઉત્તર એ છે કે પ્રયત્નપૂર્વક થાય, તે ક્રિયા. અર્થાત્ ક્રિયા પ્રયત્નને આધીન છે. જ્યારે કેવળીઓને જ્ઞાન-દર્શન ઉપયોગ સહજ છે, સ્વભાવગત છે. જેમકે સૂર્યનો સ્વભાવ જ પ્રકાશવાનો છે. તો એમાટે સૂર્યને કોઇ પ્રયત્ન કરવાનો હોતો નથી. આમ આત્માનું આ શુદ્ધજ્ઞાન સ્વભાવભૂત હોવાથી એમાટે કોઇ ક્રિયા નથી.

પ્રશ્ન : છતાં વિષયોને ગ્રહણ કરવારૂપે-પકડવારૂપે તો ક્રિયાત્મક પ્રયત્ન છે જ ને !

સમાધાન : ના, જ્ઞાન વિષયને પકડવા - ગ્રહણ કરવા જતું નથી. વિષયો-પદાર્થો-જ્ઞેય છે. જ્ઞેયસ્વભાવવાળા છે. અને જ્ઞાનમાં પ્રતિભાસ પામવો, એ જ જ્ઞેયતત્ત્વની જ્ઞેયત્વ- રૂપતા છે. જ્ઞેય સ્વસ્વભાવથી જ જ્ઞાનમાં સ્વાકાર- પરિણતિ ઊભી કરે છે. આમ જીવને કેવળજ્ઞાનની અવસ્થામાં જ્ઞાન કરવામાં કે જ્ઞેયને ગ્રહણ કરવામાં કોઇ ક્રિયા કરવાની રહેતી નથી. તેથી નિર્વાણપદ નિષ્ક્રિય છે. પરતત્ત્વ નિરાબાધ, અનામય, અને નિષ્ક્રિય છે, તે જ પ્રમાણે નિર્વાણ, સિદ્ધાત્મા, સદાશિવ કે તથાતા પદથી વાચ્ય પદાર્થ પણ નિરાબાધઆદિરૂપ જ છે. આમ લક્ષણની એકરૂપતાથી લક્ષ્યાત્મક સદ્ભૂત પદાર્થ પણ એકરૂપ જ છે, તેમ નિર્ણય થાય છે.

આ પરતત્ત્વ નિરાબાધવગેરેરૂપ હોવામાં પણ મુખ્ય કારણ એ છે કે હવે આત્માને સાંયોગિક, કષ્ટદાયક અને દુઃખની પરંપરાજનક જન્મ-જરા-મરણવગેરે રહ્યા નથી. જન્માદિ જેને હોય, તેને જ બાધા, આમય કે ક્રિયા ઊભી રહે છે. અને તેથી તે અપરતત્ત્વ છે.

પ્રશ્ન : આ નિર્વાણતત્ત્વના જ્ઞાનનું તાત્પર્ય શું છે ? તો તાત્પર્યાર્થ બતાવે છે.

ऐदम्पर्यमाह--

ज्ञाते निर्वाणतत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः ।
प्रेक्षावतां न तद्भक्तौ, विवाद उपपद्यते ॥१३२॥

ज्ञाते-परिच्छिन्ने, **निर्वाणतत्त्वेऽस्मिन्**-एवम्भूते **असंमोहेन** बोधेन, **तत्त्वतः**-परमार्थतः । किमित्याह **प्रेक्षावतां**-बुद्धिमतां **न तद्भक्तौ**-निवार्णतत्त्वसेवायां किमित्याह **विवाद उपपद्यते** तत् तत्त्वज्ञानभेदाभावात् (तत्तत्त्वज्ञानाभेदात्) अन्यथा प्रेक्षावत्त्वविरोधादिति ॥१३२॥

ઐદંપર્ય બતાવે છે-

ગાથાર્થ : અસંમોહથી તાત્ત્વિક રીતે આ નિર્વાણતત્ત્વ જાણ્યા પછી પ્રેક્ષાવાન પુરુષોને તેની ભક્તિના વિષયમાં વિવાદ કરવો ઘટતો નથી.

ટીકાર્થ : અસંમોહાત્મકબોધથી પરમાર્થથી આવા પ્રકારના નિર્વાણતત્ત્વનો બોધ થયા પછી બુદ્ધિમાન પુરુષોને નિર્વાણતત્ત્વની ઉપાસના-સેવાના વિષયમાં વિવાદ થવો ઘટતો નથી, કારણ કે નિર્વાણતત્ત્વના તત્ત્વસ્વરૂપના જ્ઞાનમાં કોઇ ભેદ રહ્યો નથી, અને તાત્ત્વિકભેદ વિના પણ વિવાદ જો થાય, તો તે પ્રેક્ષાવત્તાસાથે વિરોધ ધરાવે છે. અર્થાત્ તો પ્રેક્ષાવત્તા રહેતી નથી. બુદ્ધિમાનપણું રહેતું નથી.

तत्त्वप्रेमी प्राज्ञो शब्दभेदमाटे लडता नथी

विवेचन : उत्तर : બુદ્ધિથી નહીં, પણ અસંમોહથી નિર્વાણતત્ત્વનું જ્ઞાન થયા પછી, પ્રાજ્ઞપુરુષોને એ નિર્વાણતત્ત્વસેવામાં શબ્દભેદને આગળ કરી વિવાદ કરવાનો અવસર રહેતો નથી. કેમકે શબ્દભેદ હોવા છતાં અર્થભેદ (તત્ત્વભેદ) નથી એ વાત સમજી ચુક્યા છે. તેથી હવે 'નિર્વાણ-

તત્ત્વની નહીં, પણ સદાશિવતત્ત્વની ઉપાસના-સેવા કરીશું' ઇત્યાદિરૂપ વિવાદ ઊભો રહેતો નથી, પરંતુ 'નિર્વાણ કહો કે સદાશિવ, બધું એક જ છે. માટે મારે હવે એ તત્ત્વની સેવા કરવી છે' એવી નિર્ણયપર જીવ આવી શકે છે.

પ્રાજ્ઞપુરુષ તત્ત્વપ્રેમી છે, શબ્દપ્રેમી નહીં. તેથી શબ્દભેદને આગળ કરી એક જ તત્ત્વમાં વિવાદ કરતાં નથી. જો તત્ત્વને છોડી શબ્દની મારામારીમાં પડે, તો તેમની પ્રાજ્ઞતાને અને અસંમોહને કલંક આવે, વિરોધ આવે. તેથી પ્રાજ્ઞપુરુષો આ શબ્દોની માયાજાળને છોડી નિર્વાણતત્ત્વની સાધનામાં લાગી જાય છે. કેમકે અસંમોહના ઘરની જાણકારી તો જ ગણાય જો જાણકારી મુજબ ક્રિયા હોય.

અસંમોહથી નિઃસંગદશા

એમ જાણ્યું કે નિર્વાણ-મોક્ષ જ આત્માનું સાચું સ્વરૂપ છે કે જેમાં કોઇ ઉપાધિ નથી, પછી એમાં જ લગની લાગી જાય. બધી પ્રવૃત્તિમાં એની જ ઝલક દેખાય. એ ગોચરી જાય કે વાપરે, તો પણ નિર્વાણને જ નજરમાં રાખે છે, તેથી એમ થાય કે મારું સ્વરૂપ તો નિરૂપાધિક છે. પછી આ પુદ્ગળને પાળવા-પોષવાની વેઠ ક્યાંથી ? એ કપડાની પણ પળોજણમાં આ જ જુએ, હું મારા ગુણોથી સુશોભિત છું, મારે આ કપડાની પળોજણ શાની ? પારકુ ગણાતું શરીર, એને સજાવવા વસ્ત્રોની ટાપટીપ કરું, એ પારકાની પળોજણ થઇ. એમાં મને શો લાભ ? બસ આ જ રીતે નામનાની કામના પણ રહે નહીં, નામ કોનું ? હું તો અનામી! નામનો ભાર મારે શો વેંઢારવો ? આ વિચારોથી ભાવિત થયો હોવાથી એની તમામ પ્રવૃત્તિઓ નિઃસંગ થાય છે. સંગ = આસક્તિ, લગાવ, આકર્ષણ, ખાટી જવાની, મેળવી લેવાની ઇચ્છા. આ તમામથી પર થઇ એ પ્રવૃત્તિ કરતો હોય છે. ભૂતનો પ્રવેશ થયેલો માણસ ગાંડી-ઘેલી પ્રવૃત્તિઓ કરતો હોય છે. ભૂતના ગયા પછી, ભૂતનો પાવર ઉતરી ગયા પછી એ ડાહી ડાહી પ્રવૃત્તિ કરતો થાય છે. એમ, મોહ, કષાય, વાસનાના ભૂત વળગેલી અવસ્થામાં જગતના જીવો સસંગ પ્રવૃત્તિ કરે છે. ઉપાધિભૂત પ્રવૃત્તિમાં રચ્યો-પચ્યો રહે છે. અસંમોહદશા પામેલો જીવ મોહઆદિ ભૂતના વળગાડથી મુક્ત થયેલો જીવ છે. તેની પ્રવૃત્તિ અસંગભૂત છે. નિરુપાધિક છે. ઉપાધિપ્રત્યે ઉદાસીન છે. શુદ્ધસ્વરૂપમાં જ રમમાણ છે.

માટીમાં ચાલનારને માટીનો ભેજ લાગે છે, કદાચ ચોંટે છે, અને કીચડમાં પગ લપસે છે - ખુંપે છે. સંસારની પ્રવૃત્તિઓ રસપૂર્વક કરવી એ માટીમાં ચાલવા જેવું છે. એમાં રાગદશાનો ભેજ લાગે છે. કર્મ-કષાય-વાસનાઓનો કાદવ ચોંટે છે અને વિષયાકર્ષણના કીચડમાં તે ખુંપતો જાય છે. પણ જો કોઇ ત્યાં લાકડા ઉપરથી ચાલી જાય, તો ભેજવગેરેથી બચે છે, અને સડસડાટ મુકામે પહોંચી જાય છે. એમ નિઃસંગ થઇને રસ વિના પ્રવૃત્તિઓ કરનારાને રાગદશાનો ભેજવગેરે લાગતા નથી, અને પોતાની મોક્ષરૂપી મંજિલને સડસડાટ પામી જાય છે. આમ અસંમોહદશામાં જ્ઞાનદશા સક્રિય હોવાથી, મોહદશા નષ્ટ થાય છે. આ સક્રિય જ્ઞાનદશામાં રહેલા અસંમોહીને મોક્ષના નામમાટે સંઘર્ષ-ઝગડો કરવો ફાવતો નથી. એ એટલું સમજે છે કે નિર્વાણ કહો કે સદાશિવ કહો, બધું એક જ છે, અને તેને પાળવાનો ઉપાય પણ એક જ છે કે સંસારની પુદ્ગળની પ્રવૃત્તિમાં લેપાવાનું નહીં. આ ઉપાયને અજમાવતો તે અસંગદશાથી મુક્ત થાય છે, સંસારની શક્ય છોડી શકાતી તમામ પ્રવૃત્તિઓની જંજાળથી મુક્ત થાય છે, અને જે પ્રવૃત્તિ છોડવી શક્ય નથી હોતી, તેમાં અંતરથી નિર્લેપ રહે છે. વેઠની જેમ પતાવી દે છે.

આવો જીવ પોતાના પુદ્ગળરહિત નિઃસંગ સ્વરૂપને ભાવથી કથંચિત્ અનુભવે છે. પૂર્ણતયા પુદ્ગળરહિત-નિઃસંગઅવસ્થા મોક્ષ છે. એનો આંશિક અનુભવ આ આંશિકનિઃસંગ અવસ્થામાં માણવા મળે છે. એ આંશિક અનુભવવખતે મોક્ષના અનંત આનંદનો પણ આંશિક અનુભવ કરે છે. તેથી એ પૂર્ણતયા પામવાની તાલાવેલી જાગે છે. અનુક્રમે પૂર્ણ અસંગદશા પામવાના પ્રયત્નો ગતિમાન થાય છે.

અલબત્ત કર્મના બંધનો હોવાથી વર્ત્તમાનમાં પૂર્ણ અસંગદશાનો અનુભવ થતો નથી. કેમકે પૂર્ણઅસંગદશા પૂર્ણતયા કર્મમુક્ત અવસ્થા છે. જરા પણ કર્મસંયોગ ન રહે, ત્યારે જ આ દશા પ્રાપ્ત થાય છે. તેથી કર્મસંયોગ કાળે પૂર્ણ અસંગદશા પ્રાપ્ત ન થાય, પણ જેમ-જેમ કર્મસંયોગ ઘટે, તેમ તેમ આંશિક-આંશિક અસંગદશા પ્રાપ્ત થતી જાય છે. અને મન-વચન-કાયાથી જેટલા જેટલા અંશે તમે પુદ્ગળના સંગ ઓછા કરતાં જાવ, તેટલા તેટલા પ્રમાણમાં કર્મસંયોગ ઘટતા જાય છે. જૂના કર્મ-બંધન તૂટતા જાય, નવા-નવા કર્મબંધન બંધાવાના ઓછા થતાં જાય. આમ મન-વચન-કાયાથી પુદ્ગળનો સંગ ઘટાડતાં જવું, પુદ્ગળની આસક્તિ અને પુદ્ગળમાં પ્રવૃત્તિ ઘટાડતાં જવી, એ અસંગદશા પામવાનો રાજમાર્ગ છે. અસંમોહી-જ્ઞાનદશાને પામેલો આ કરતો જાય છે. એનું એક જ ગણિત છે, સંગ તોડો, કર્મ તૂટશે, અસંગ પ્રાપ્ત થશે.

સર્વજ્ઞપૂર્વકનો માર્ગ સરળ-ટૂંકો

सर्वज्ञपूर्वकं चैतन्नियमादेव यत्स्थितम् ।
आसन्नोऽयमृजुमार्गस्तद्भेदस्तत्कथं भवेत् ॥१३३॥

सर्वज्ञपूर्वकं चैतद्-अधिकृततत्त्वं निर्वाणाख्यं **नियमादेव यत्स्थितम**सर्वज्ञस्य निर्वाणानुपपत्तेः, **आसन्नोऽयं** निर्वाणस्य सर्वज्ञलक्षण **ऋजुः**-अवक्रो **मार्गः**-पन्थाः । **तद्भेदः**-सर्वज्ञभेदो मतभेदलक्षणः **तत्**-तस्मात् **कथं भवेद् ? नैव** भवतीति ॥१३३॥

ગાથાર્થ : અને આ નિયમથી સર્વજ્ઞપૂર્વક જ નિશ્ચિત થાય છે. નિર્વાણનો આ જ સીધો માર્ગ જ નજીક છે. તેથી તેમાં ભેદ કેવી રીતે હોય?

ટીકાર્થ : (અસંમોહજન્ય સક્રિયજ્ઞાનમાં સંઘર્ષ નથી. આ જ્ઞાન નિર્વાણતરફ લઇ જાય છે.) આ અધિકૃત નિર્વાણપદ અવશ્ય સર્વજ્ઞત્વ-પૂર્વક જ હોય, એમ નિશ્ચિત થાય છે. કેમકે અસર્વજ્ઞને નિર્વાણ યુક્તિસંગત નથી. તેથી સર્વજ્ઞતા એ નિર્વાણનો નજીક-સીધો રસ્તો છે. તેમાં મતભેદને સ્થાન ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય.

વિવેચન : જે સર્વજ્ઞ બનવા માંગે છે, એ વ્યક્તિએ સર્વજ્ઞનો આશરો લેવો જોઇએ. દુનિયામાં દેખાય છે, કે ધનવાન થવાની ઇચ્છાવાળો ધનવાનનો અને વિદ્વાન થવાની ઇચ્છાવાળો વિદ્વાનનો આશરો લે છે. બસ, એ જ રીતે સર્વજ્ઞ થવાની ઇચ્છાવાળાએ સર્વજ્ઞનો આશરો લેવો જોઇએ. સર્વજ્ઞનો આશરો લેવો એનો અર્થ શું ? સર્વજ્ઞની ઉપાસના કરવી. સર્વજ્ઞની ઉપાસના કરવી એટલે શું ? તો જવાબ છે, કે સર્વજ્ઞના વચનને અનુસરવું... સર્વજ્ઞે બતાવેલા માર્ગે શ્રદ્ધાપૂર્વક સમર્પિત થઇને આગળ વધવું. સર્વજ્ઞનો માર્ગ કેવો છે ? તો જવાબ છે કે સરળ છે, ઋજુ છે... માટે જ ટૂંકામાં ટૂંકો છે. નિર્વાણની નજીકમાં નજીક છે. જેટલો વક્ર-કુટિલ માર્ગ પકડો, એટલું નિર્વાણ નામનું મુકામ દૂર દૂર થતું જાય.

કુતર્કવાળો, અભિનિવેશવાળો, પૂર્વગ્રહ-કદાગ્રહવાળો માર્ગ વક્ર છે. ખરેખર તો તે મોક્ષતરફ લઇ જતો માર્ગ જ નથી. સર્વજ્ઞે બતાવેલો માર્ગ જ સરળ છે. અને સર્વજ્ઞ થયા કે શીઘ્ર નિર્વાણ થયું જ સમજો. સર્વજ્ઞનો માર્ગ નિર્વાણમાટે ટૂંકો માર્ગ છે. અને સર્વજ્ઞોએ બતાવેલા માર્ગમાં ક્યારેય ભેદ હોતો

નથી. સર્વજ્ઞો સંપૂર્ણ જ્ઞાની હોવાથી તેઓનું દર્શન સંપૂર્ણ છે. અને સંપૂર્ણ હોવાથી તેમાં મતભેદને અવકાશ જ રહેતો નથી.

સર્વજ્ઞદેશનાભેદના કારણો-શિષ્યોને અનુરૂપ દેશના

देशनाभेदः कथमित्याशङ्क्याह-

चित्रा तु देशनैतेषां, स्याद्विनेयानुगुण्यतः ।
यस्मादेते महात्मानो, भवव्याधिभिषग्वराः ॥१३४॥

चित्रा तु-नानाप्रकारा पुनः **देशना** ''नित्य आत्मा, अनित्य इति च'' इत्यादिरूपा **एतेषां**-सर्वज्ञानां **कपिलसुगता**दीनां, **स्याद्**-भवेत् **विनेया-नुगुण्यतः**-तथाविधशिष्यानुगुण्येन, कालान्तरापाय-भीरुमधिकृत्योपसर्जनीकृतपर्याया द्रव्यप्रधाना नित्य-देशना, भोगास्थावतस्त्वधिकृत्योपसर्जनीकृतद्रव्या-पर्यायप्रधाना अनित्यदेशना । न तु तेऽन्वयव्यतिरेक-वद्वस्तुवेदिनो न भवन्ति, सर्वज्ञत्वानुपपत्तेः । एवं देशना तु तथागुणसम्पादनेनाऽदुष्टैवेत्याह **यस्मादेते महा-त्मानः**-सर्वज्ञाः किमित्याह **भवव्याधिभिषग्वराः**-संसारव्याधिवैद्यप्रधानाः ॥१३४॥

અવતરણ : અહીં પ્રશ્ન થાય કે, સર્વજ્ઞો જો બધા એક જ છે, તેઓના માર્ગમાં ભેદ નથી, તો તેઓની મોક્ષમાર્ગદર્શક દેશનાઓ કેમ જુદી પડે છે? અહીં ગ્રંથકાર સ્વયં સમાધાન આપે છે.

ગાથાર્થ : આમની દેશના શિષ્યોના અનુ-ગુણથી વિચિત્ર હોય છે. કેમકે આ મહાત્માઓ ભવરૂપ વ્યાધિમાટે શ્રેષ્ઠ વૈદ્યો છે.

ટીકાર્થ : કપિલ-સુગતવગેરે સર્વજ્ઞોની 'નિત્ય આત્મા' 'અનિત્ય આત્મા' ઇત્યાદિરૂપ દેશના કાળાન્તરે અપાયથી ડરેલા શિષ્યોને ઉદ્દેશીને પર્યાયોને ગૌણ કરી દ્રવ્યને મુખ્ય કરી નિત્યતાદર્શક દેશના અને ભોગમાં શ્રદ્ધા રાખતાં શિષ્યોને ઉદ્દેશીને દ્રવ્યને ગૌણ કરી પર્યાયને મુખ્ય કરી અનિત્યતા-દર્શક દેશના-એમ તે-તે પ્રકારના શિષ્યોની અનુગુણતાને અનુસરીને નિત્ય-અનિત્યાદિરૂપે વિચિત્ર દેશના અપાઇ. પણ આમાં તેઓ અન્વય-વ્યતિરેકથી યુક્ત વસ્તુના જાણકાર ન હતા, એ કારણ માનવાનું નથી. કેમકે નહિતર તો તેઓમાં સર્વજ્ઞતા જ ન ઘટે. આવા પ્રકારની દેશના તે-તે ગુણનું સંપાદન કરતી હોવાથી અદુષ્ટ જ હતી - એ આશયથી કહે છે - કેમકે તે સર્વજ્ઞ મહાત્માઓ સંસારરૂપી રોગમાટે શ્રેષ્ઠ વૈદ્યો હતા.

વિવેચન : કપિલ, ગૌતમબુદ્ધ વગેરે તે તે દર્શનમાં માન્ય સર્વજ્ઞોએ દેશના જે જૂદી જૂદી આપી, તેમાં તેમની સામે ઉપસ્થિત થયેલો શિષ્યસમુદાય જૂદો-જૂદો હતો તે કારણભૂત છે. ગ્રહણ કરનાર શિષ્યને નજર સામે રાખીને દેશનાઓ અપાતી હોય છે. જેમ જૂદી જૂદી દવાઓ અપાય છે, તેમાં કારણ જૂદા જૂદા (જૂદી-જૂદી અવસ્થાને પામેલા) દર્દીઓ છે. સાચા વૈદ્યો તો બધા એકસરખા જ છે, દવામાં ફરક દર્દીઓના કારણે છે. તેમ સંસારરૂપી રોગને દૂર કરનારા શ્રેષ્ઠ વૈદ્યસમાન આ કપિલ-ગૌતમ આદિ મહાત્માઓ તો સર્વજ્ઞરૂપે એક સરખા જ છે, પણ દેશનામાં ફરક શિષ્યોમાં ફરકના કારણે પડે છે. આમ દવાભેદ દર્દીભેદથી છે એમ દેશનાભેદ શિષ્યભેદથી છે.

ભય-ભોગને ઉદ્દેશી નિત્ય-અનિત્ય ઉપદેશ

જેમકે કપિલની સામે જે શિષ્યવર્ગ હતો, તે 'ભવિષ્યમાં મારો નાશ થશે, નુકસાન થશે' એવા ભયથી ડરપોક હતો. તેથી એની સામે **કપિલે** પર્યાયોને ગૌણ કરી દ્રવ્યપ્રધાન દેશના આપી. આત્મા પુરુષરૂપ છે અને પ્રકૃતિ જડ છે. પુરુષભૂત આત્મા હંમેશા એકરૂપે રહેનારો નિત્ય છે. એટલે કે બહાર ઓછું-વત્તું થાય, કે ઉત્પત્તિ-નાશ થાય, એમાં આત્માનું કશું સુધરતું નથી કે કશું બગડતું નથી. નિત્ય આત્માપર દૃષ્ટિ રાખો, તો તમારી સાધના અખંડ ચાલુ રહેશે. શિષ્યોની આત્માપર દૃષ્ટિ ગઇ. નિત્યતાનો બોધ થયો. હિંમત આવી

અને સાધનામાં આગળ વધ્યા.

ગૌતમબુદ્ધે પોતાની પાસે આવેલા શિષ્યોનો ભાવરોગ જોયો. તેઓ જાણે કદી મરવાનું નથી, એમ મસ્તીમાં આવી ભોગતરફ આસક્ત-આસ્થાવાળા બન્યા છે. ભોગો પણ કાયમ રહેવાના છે, માની ભોગોના ભરોસે ચાલે છે. તેથી ગૌતમબુદ્ધે દ્રવ્યને ગૌણ કરી, પર્યાયને મુખ્ય કરી અનિત્યતાપ્રધાન દેશના આપી. બધું નાશવંત છે. ક્ષણ પછી તું પણ નથી, તારા ભોગો પણ નથી.... પછી શાનો ભોગ પાછળ આટલો લટ્ટુ થાય છે. એક ક્ષણનો અવસર મળ્યો છે, તો ભોગમાં ગુમાવવા કરતાં, ચિત્તને વિશુદ્ધ કરવામાં વાપર...' ઇત્યાદિ અનિત્યદેશના આપી પોતાના શિષ્યોને ભોગવિમુખ કર્યા. મોહવિયુક્ત કર્યા. વૈરાગ્ય વાસિત કર્યા. **આમ ભયની દવા નિત્યતાનો બોધ છે. અને ભોગ રોગની દવા અનિત્યતાનો બોધ છે.**

દ્રવ્યથી બધું નિત્ય છે, પર્યાયથી બધું ફરે છે. આ દર્શન- આ દૃષ્ટિ ખરેખર ઉપયોગી છે. આના આધારે તો પાલક પાપીએ ઘાણીમાં પીલી નાંખવા છતાં **સ્કંધકાચાર્યના** ૫૦૦ શિષ્યો સમાધિમાં રહી શક્યા અને કર્મો ખપાવી કેવળજ્ઞાન-મોક્ષ મેળવી લીધો. એ બધાએ જોયું કે 'મારો આત્મા નિત્ય છે, આ ઘાણીની પીડા આત્માને નથી દેહને છે. ટૂકડા આત્માના નથી, દેહના થાય છે. અને દેહ કે દેહને પીડા બંને ક્ષણિક છે, તો ભલેને ક્ષણિક પીડા દેહને આવે, એમાં નિત્ય-અખંડ એવા મારા આત્માએ અકળાવાનું શું ? આત્માને જે પીડાની સંવેદના થાય છે, એ તો દેહ જેવા દુર્જન સાથે રહેવાનો નાનકડો દંડ છે. એમાં અકળાવાનું શું?' બસ આ દેહ-પીડા-કષ્ટ પર્યાયોને અનિત્ય જોયા અને પોતાના આત્મ-તત્ત્વને નિત્ય જોયા, તો તેઓનું કામ થઇ ગયું.

પર્યાયપ્રધાન દૃષ્ટિ આત્માને વૈરાગી, ભોગો પ્રત્યે વિરક્ત બનાવે છે, સારા દેખાતા ભોગોમાં જે લલચાઇ જાય, તે વિરક્ત નથી, પર્યાયદૃષ્ટિને પામ્યો નથી. એ જ પ્રમાણે દ્રવ્યપ્રધાન દૃષ્ટિ જીવને સ્થિતપ્રજ્ઞ બનાવે છે. શાસ્ત્રમાં તપનો મહિમા જાણી તપ કરવા તૈયાર થયા ને કોઇ કહે, ભાઇ સંભાળજો ! આજના ખોરાક-પાણી સારા નથી, તપ કરવા જતાં લેવાઇ જશો. આ સાંભળી જો તપનો વિચાર ડગુમગુ થાય, તો આત્મા નિત્ય છે. અખંડ છે. એ બધી વાતો સાંભળી હોવા છતાં દૃષ્ટિ પામ્યો નથી. સ્થિતપ્રજ્ઞદશામાં આવ્યો નથી.

દ્રવ્ય-પર્યાયદૃષ્ટિની સાર્થકતા

જે 'પુદ્ગળ પુદ્ગળને ખાય છે, એમાં મારા નિત્ય આત્માને શું ?' એમ ભોગ ભોગવતા આત્મદૃષ્ટિની વાતો કરે છે, તે બધા દંભી છે. નિત્ય આત્મદૃષ્ટિનો ઉપયોગ સાચો ત્યારે ગણાય, કે જ્યારે તપ કરવાથી શરીર ઘસાવા છતાં, એમાં પોતાનો આત્મા ઘસાતો નથી, એમ જોઇ સ્વસ્થ રહે. મનને અનુકૂળ પડે, એ બધું કરવાનું ને નામ આત્મદૃષ્ટિનું આપવાનું, એના જેવી દાંભિકતા બીજી કઇ હોઇ શકે ?

એ જ રીતે પર્યાયદૃષ્ટિ સાચી તો કહેવાય, જો કોઇ બહારની ચીજનું આકર્ષણ જામે નહીં. બધી આકર્ષક ચીજો વાપરતાં જવાનું અને પછી 'ભાઇ! આપણને કંઇ આકર્ષણ નથી, આ તો બધું અનિત્ય છે' એમ કહેતા જવાનું એ પણ આત્મઠગાઇ છે. દંભ છે. બહારની આકર્ષક ગણાતી ચીજ લેવાનું જ મન ન થવું કે 'ભાઇ ! આમાં શું લેવાનું ? બહારનું છે, અનિત્ય છે ! પછી એવી નાશવંત ચીજ ખાતર નકામું મન બગાડવું !' આ વૈરાગ્ય છે. ખરેખર ઉપયોગી ચીજ પણ અવસરે બગડી જાય, તો પણ આ વિરક્ત મનવાળો સ્વસ્થ જ રહે, કારણ કે તે આ સ્વરૂપ જાણે છે.

તાત્પર્ય એ જ છે કે પર્યાયો પ્રતિક્ષણ બદલાય છે. આમ પર્યાયદૃષ્ટિથી જગત અનિત્ય છે.

આમ જૂદા જૂદા સર્વજ્ઞોની દેશના જૂદી જુદી હોવામાત્રથી મુંઝાવાની જરુર નથી.

ઉપદેશ તર્કમાટે નથી, ભાવરોગ દૂર કરવા છે

અહીં કોઇ શંકા કરે, કે નિત્યતા કે અનિત્યતા અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થતાં નથી. કેમકે આત્મા જો નિત્ય હોય કે અનિત્ય હોય, તો તે જ આત્મા દેવઆદિ ગતિઓમાં પરિભ્રમણ કરે છે એ વાત કેવી રીતે બને ? કેમકે અહીં આત્મા નિત્ય હોવા છતાં દેવઆદિરૂપે અનિત્ય છે અને દેવઆદિરૂપે અનિત્ય હોવા છતાં તે જ આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે. આમ નિત્યતા-કે અનિત્યતા હોય, તો પરિવર્ત્તનશીલતા ન ઘટે, અને પરિવર્ત્તનશીલતા હોય, તો નિત્યતા કે અનિત્યતા ન ઘટે. નિત્ય હંમેશા એકરૂપ રહે છે, માટે પરિવર્ત્તનશીલ નથી. અને અનિત્ય તરત નાશ પામે છે, માટે પરિવર્ત્તનશીલ નથી. તેથી માત્ર નિત્યતા કે અનિત્યતાને આગળ કરવામાં દેવાદિગતિવગેરે કેવી રીતે સંભવે ? આવી કો'કને શંકા થાય, તો ત્યાં કહેવાનું એ છે કે કપિલ કે ગૌતમબુદ્ધ મહાત્મા હતા, સંસારરૂપ રોગને દૂર કરનારા મહાવૈદ્ય હતા. તેઓએ જે ઉપદેશ આપ્યો, તે અન્વયવ્યતિરેક સિદ્ધ કરવા કે તર્ક બતાવવા નથી આપ્યો, પણ પોતાના તે-તે શિષ્યોના તેવા-તેવા પ્રકારના ભાવરોગોને જોઇ તે દૂર કરનાર ઔષધરૂપે આપ્યો છે. જેમ વૈદ્યની દવા અન્વય વ્યતિરેકના વિચાર માટે નથી, પણ રોગ દૂર કરવા માટે છે. તેમ અહીં પણ સમજવું.

કોઇનો પણ તિરસ્કાર યોગબાધક

અહીં પ્રશ્ન થાય, આ રીતે કપિલ-ગૌતમબુદ્ધ વગેરેને સર્વજ્ઞ ઠેરવી તેઓની એકાંતે નિત્ય કે અનિત્ય વાતોને માન્ય રાખી સૂરિપુરંદર આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ મિથ્યાત્વને સમર્થન આપી રહ્યા હોય તેવું નથી લાગતું ?

અહીં ઉત્તર એ છે કે સૂરિપુરંદરશ્રીનો આ ઉપદેશ યોગમાર્ગે જેઓએ આગળ વધવું છે એઓમાટે છે. જેને પોતાની યોગદૃષ્ટિનો વિકાસ સાધવો હોય, તેણે કોઇનો તિરસ્કાર કરવો જોઇએ નહીં, તો તે-તે મતના આદ્ય પ્રણેતાના તિરસ્કારનો તો સવાલ જ આવતો નથી.

અહીં પ્રશ્ન થાય, ખોટી વાતનો તિરસ્કાર કરવામાં શો વાંધો છે ? સમાધાન, એમાં ખોટી વાતના તિરસ્કાર કરતાં પણ કહેનારપર તિરસ્કાર આવવાનો સંભવ છે. અને આ તિરસ્કાર કરવામાં ચિત્તમાં સંક્લેશ ઊભો થાય છે. આ સંક્લેશની હાજરીમાં યોગદૃષ્ટિમાં વિકાસ શક્ય નથી, કેમકે યોગદૃષ્ટિના વિકાસમાટે અસંક્લિષ્ટ ચિત્ત હોવું અત્યંત આવશ્યક છે.

પ્રશ્ન : તો શું આ સંક્લેશના ડરે કપિલ કે ગૌતમબુદ્ધની એકાંત વાતોનું - ખોટી વાતોનું સમર્થન કરવું એ મોટો દોષ નથી ?

સમાધાન : અહીં ખોટી વાતોનું સમર્થન કરવાની વાત નથી. પણ કપિલે નિત્યતાપર જોર કેમ આપ્યું ? ગૌતમબુદ્ધે અનિત્યતાપર ભાર કેમ આપ્યો ? એનું નિરીક્ષણ કરી સમન્વય કરવાનો છે કે ભયભીતમાટે નિત્યતાની દેશના અપાઇ. ભોગાસક્તમાટે અનિત્યતાની. આમ બંનેની દૃષ્ટિને માન આપવાદ્વારા અનેકાંતની સિદ્ધિ પણ થાય છે.

અને આ જરુરી પણ છે. આપણી અનાદિ સિદ્ધ આદત છે, કે આપણી માન્યતા કે ધારણાથી વિપરીત જોવા, અનુભવવા કે સાંભળવા મળે તો તરત દ્વેષભાવ ઊભો થવો અને વિરોધ પ્રગટ કરવો. ત્યાં એ પ્રયત્ન કરવાનું મન નથી થતું, કે આ દેખીતા વિરોધમાં મારા ભગવાનની આજ્ઞાને અનુસરનારો સમન્વય કેવી રીતે સાધી શકાય ? અને કેવી રીતે દ્વેષભાવથી મુક્ત રહી શકાય ?

પછી આ દ્વેષભાવ તત્ત્વ કે વ્યક્તિ પ્રતિ

સંક્લિષ્ટતા ઊભી કરે છે. તેના પ્રભાવે યોગદષ્ટિમાં પ્રવેશ મળતો નથી. માટે યોગદષ્ટિના વિકાસના ઇચ્છુક યોગમાર્ગીએ દ્વેષમુક્ત સૌમ્યહૃદય રાખવું જરૂરી છે. અને અંદર ઊઠતા દ્વેષને કાઢવા જરૂરી છે.

આ હેતુથી સૂરિપુરંદરે ચોથી દષ્ટિમાં રહેલા જીવની ભૂમિકાને નજરમાં રાખી કપિલ-ગૌતમબુદ્ધ વગેરેને ન્યાય આપવા અને જૈન અનેકાંતદષ્ટિને જ પુષ્ટ કરવાં બંનેની દેશના-પદ્ધતિના ફરકનું તાત્પર્ય શોધવાનો પ્રયત્ન કર્યો છે. અને તાત્પર્ય બતાવ્યું કે એક પાસે વિનાશ વગેરેના ભયવાળો આવેલો હતો, માટે એની કક્ષા જોઇ નિત્યતાની દેશના આપવામાં આવી. બીજાપાસે ભોગાસક્ત જીવ આવેલો, માટે તેની કક્ષા જોઇ અનિત્યતાની દેશના આપવામાં આવી.

જૈનમતે ત્રણ પ્રકારના શ્રોતા

માર્ગજિજ્ઞાસુ શિષ્યનું હિત થાય, એ રીતે એ શિષ્યની કક્ષા જોઇ દેશના આપવામાં દોષ નથી. કક્ષાભેદે દેશનાભેદ જૈનમત-સંમત વાત છે. સૂરિપુરંદરે ષોડશકમાં ધર્માર્થી શ્રોતાના ત્રણ વર્ગ પાડ્યા છે. (૧) બાલ (૨) મધ્યમ (૩) તત્ત્વજ્ઞ-તત્ત્વદર્શી. આ શ્રોતાઓ જેવા હોય, તેવા પ્રકારની દેશના આપવાની વાત કરી છે.

(૧) **બાલ શ્રોતા :** આ પ્રકારનો શ્રોતા બાહ્ય ક્રિયા-વેશ ને જુએ છે. અને આકર્ષાય છે. એને કેવો ઉપદેશ અપાય ? બહારનું જુએ છે માટે એને સમ્યક્‌પ્રકારની કષ્ટમયક્રિયા વગેરેનો ઉપદેશ આપી શકાય. વિવેકપૂર્વકની કષ્ટમયક્રિયા બતાવવાથી એ શ્રોતા તે માટે પ્રેરણા પામે છે. જેમકે એવા શ્રોતાને સાધુધર્મના લોચ-વિહાર વગેરે કષ્ટો ભરેલી ક્રિયા બતાવી પ્રેરણા કરાય, કે તમે પણ મનોરથ કરો કે ક્યારે હું આવા કષ્ટ સહન કરીશ ? ક્યારે લોચ કરાવીશ! ક્યારે પાદવિહાર કરીશ !

(૨) **મધ્યમશ્રોતા** : વિવેકપૂર્વકના આચારને જુએ છે. અભ્યંતર ગણાતા આચારધર્મ તરફ આકર્ષાય છે. તેથી એની આગળ પાંચ મહાવ્રતોનું સ્વરૂપ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, જ્ઞાનાચાર વગેરે આચારોનું સૂક્ષ્મ નિરૂપણ કરી એ માટે પ્રેરણા આપવી જોઇએ. આ ઉપદેશથી એ આવા આચારસંપન્ન થવા ઉદ્યત થાય છે. પોતે આચારપાલનમાં ભૂલતો હોય, તો ભૂલ સુધારે છે.

(૩) **તત્ત્વજ્ઞ :** પંડિત શ્રોતા - આ તત્ત્વ-જિજ્ઞાસુ છે. તે વેશ-કષ્ટ કે આચારમાત્રથી આકર્ષાતો નથી, તે-તે આચાર પાછળ રહેલા સૂક્ષ્મ તત્ત્વરહસ્યને જાણવા ઇચ્છે છે. તેથી એની આગળ આચારપાલન પાછળ રહેલા તત્ત્વનું નિરૂપણ કરવું જોઇએ. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના રહસ્યાર્થો, અનેકાંતવાદનું મહત્ત્વ, આચાર-પાલનથી આત્મશુદ્ધિ કેવી રીતે સંભવે? નિત્ય-અનિત્ય કેવા પ્રકારનો આત્મા માનવાથી ધર્મ-અધર્મ, બંધ-મોક્ષ વગેરે વાતો ઘટી શકે? ઇત્યાદિ નિરૂપણ કરવાથી આ જીવ તત્ત્વ અને ધર્મતરફ આકર્ષાય છે. આની આગળ માત્ર આચાર સારા પાળવા જોઇએ એમ કહેવાથી ન ચાલે. પણ મૂળસ્વરૂપથી નિત્ય અને શુદ્ધ આત્માને ઉપાધિથી વળગેલા કર્મો અને ચાર ગતિવગેરેમાં જન્મ-મરણાદિ અવસ્થાઓથી ઊભી થતી અનિત્યતા-વગેરેપર આ ચારા પાલનની શી અસર હોઇ શકે છે ? એ પણ બતાવવું જરુરી પડે છે.

બાળજીવો કષ્ટમયક્રિયાઓ જોઇ ને આકર્ષાય છે, મુગ્ધ થાય છે, તેથી તેઓ પાસે કષ્ટ સહેવાના લાભની દેશના કરવાની છે. તેઓ આગળ તત્ત્વની વાત કરવી નકામી છે. તો કષ્ટ- સહિષ્ણુ અને આચારસંપન્ન થયેલા તત્ત્વ-જિજ્ઞાસુઓ આગળ તત્ત્વની-પરિણતિની દેશના આપવી જરુરી છે. 'આચારથી જો પરિણતિ ન ઘડાય, તો આચાર શું કામનો ?' ઇત્યાદિદ્વારા તત્ત્વની વાત

કરવી જરુરી છે.

કક્ષામુજબ દવા-ઉપદેશ

વૈદ્ય જેમ રોગીની કક્ષા જોઇ દવા આપે છે, એમ બાળાદિ જીવોના ભાવરોગ જોઇને કક્ષામુજબ દેશના આપવી ઉચિત જ છે.

કલિકાળસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રાચાર્યએ સિદ્ધરાજ જયસિંહ**ની કક્ષા જોઇ એમને ઉપદેશ આપ્યો- 'તમારે બધા દેવ-ગુરુને માનવા-પૂજવા જોઇએ.' તો પરમાર્હત **કુમારપાળની** કક્ષા જોઇ ઉપદેશ આપ્યો- 'અરિહંત જ દેવ છે, નિર્ગ્રંથ પંચ-મહાવ્રતધારી જ ગુરુ છે.' આ જ દેવ,-આ જ ગુરુને માનવા-પૂજવા, બીજાને નહીં.' આમ કેમ? તો આ બંનેની કક્ષા અલગ હતી માટે. માટે જ લોભીને દાનની પ્રેરણા કરાય ને, ખાઉધરાને તપનો ઉપદેશ અપાય. વિષય-લંપટ આગળ શીલધર્મપર ભાર મુકવો જરૂરી છે, તો ચિંતાતુર આગળ ચિંતનાત્મક ભાવધર્મ બતાવવો યોગ્ય છે. દેહપ્રેમીને ઊભા-ઊભા ખમાસમણા દેવાની - વૈયાવચ્ચ કરવાની દેશના અપાય છે. તો ભણવામાં કાયરને ભણવાનો લાભ બતાવાય છે.

આમ કક્ષાભેદના કારણે દેશનાભેદ સંભવે જ છે. ઉપસ્થિત મુમુક્ષુની યોગ્યતા જોઇ 'કઇ રીતે એનામાં મોક્ષમાર્ગનું બીજાધાન થાય?' આ નક્કી કરી દેશના દેતા ગૌતમબુદ્ધ કે કપિલ વગેરેની સર્વજ્ઞતાપર આક્ષેપ કરવો યોગ્ય નથી. એ રીતે દેશના દેવાથી બીજાધાન થાય, તો એનાપર અંકૂર, ડાળ, પત્ર, ફૂલ, ફળ આવી શકે. માટે જ કહ્યું છે કે જેને જે રીતે બીજાધાન થાય, તે રીતે દેશના આપવી.

દેશનાનો આશય સાનુબંધ બીજાધાન

अतः किमित्याह-

यस्य येन प्रकारेण, बीजाधानादिसम्भवः ।
सानुबन्धो भवत्येते, तथा तस्य जगुस्ततः ॥१३५॥

यस्य-प्राणिनो, **येन प्रकारेण**-नित्यदेशना-दिलक्षणेन, **बीजाधानादिसम्भवस्तथाभवो**-द्वेगादिभावेन **सानुबन्धो भवति** तथातथोत्तर-गुणवृद्ध्या **एते**- सर्वज्ञाः **तथा**-तेन प्रकारेण **तस्य जगुः** गीतवन्तः **तत इति** ॥१३५॥

તેથી શું ? તે બતાવે છે-

ગાથાર્થ : આ સર્વજ્ઞોએ જેને જે રીતે સાનુબંધ બીજાધાન થવાનો સંભવ હોય, એ રીતે જ એને એ પ્રકારની દેશના આપી છે.

ટીકાર્થ : આ સર્વજ્ઞોએ જે પ્રાણીને નિત્ય દેશનાઆદિ જે પ્રકારે તેવા પ્રકારના ભવોદ્વેગાદિ ભાવથી તે-તે પ્રકારે ઉત્તરગુણોની વૃદ્ધિ થવા પૂર્વક સાનુબંધ બીજાધાન સંભવે, તે જ પ્રકારે તેને દેશના આપી.

સત્પ્રશંસા બીજ છે

વિવેચન : અહીં બીજાધાન શું ? *'बीजं सत्प्रशंसादि'* આ સૂત્ર છે. જે ધર્મનું બીજ વાવવું હોય, તે ધર્મની પ્રશંસા કરવાથી એ ધર્મનું બીજ વવાય છે. ભગવાન **મહાવીરસ્વામી** જેવી ક્ષમા લાવવી છે, તો ઉપાય કર્યો ? એ જ કે, ક્ષમાપ્રત્યે અહોભાવ લાવી ક્ષમાધર્મની અને તે ધર્મસિદ્ધ-ધર્મસાધકની પ્રશંસા કરો.

ભગવાને છ મહીના સુધી સંગમે કરેલા ઉપસર્ગો સહન કર્યા છતાં ક્ષમા ધારણ કરી રાખી. લેશમાત્ર પણ ખોટો વિચાર ન કર્યો. પ્રતિકૂળતા કે પ્રતિકૂળતા કરનાર ખરાબ છે, એવું મનમાં પણ આવવા દીધું નહીં. આ છે ક્ષમાની કક્ષા. 'શરીરની શાતા રહી કે નહીં' આ જુએ તો ક્ષમા ન રહે. ભગવાન આત્માની શાતાને જોતા હતાં. માટે ક્ષમા રાખી. કેમકે ભગવાને જોયું કે આત્મા ઉપર જે કર્મરોગ લાગ્યો છે, તે આ ઉપસર્ગ સહવાથી મટી રહ્યો છે.

જેમ ગૂમડાપર ડોક્ટર છરી મુકે છે, તો મજેથી મુકાવા દેવાય છે, કેમકે છરીથી કાપકૂપ વિના

ગૂમડાની રસી જશે નહીં, અને ગૂમડું મટશે નહીં. ગૂમડાપર ચેક મુકાશે, તો જ તે મટશે. આ ધારણા હોવાથી સમતાપૂર્વક ચેકો મુકાવાય છે, અને તે મુકનાર ડોક્ટર પણ ઉપકારી લાગે છે. બસ આ જ રીતે ભગવાનને ઉપસર્ગ કરનાર સંગમવગેરે કર્મ ગૂમડાપર ચેકો મુકનારા ડોક્ટર જેવા લાગ્યા. તેથી આત્માની શાતાને જોનારા ભગવાન સમતામાં રહ્યા. આ ક્ષમામાટે સહિષ્ણુતા જોઇએ. જેમ જીવપ્રત્યે સહિષ્ણુતા હોવી જરુરી છે, તેમ પથ્થર વગેરે જડપર પણ ક્ષમાભાવ જરુરી છે. ઠોકર વાગેને પથ્થર પર દાઝ કાઢવાનું મન થાય, તો જડપર કેળવાયેલો આ દ્વેષભાવ જીવપર પણ આવવાનો જ. એટલે પથ્થર પણ ખરાબ લાગવો જોઇએ નહીં. આવી સહિષ્ણુતા અને ક્ષમા પ્રભુ વીરની હતી. એમ વિચારી પ્રભુની ક્ષમાપ્રત્યે આકર્ષણ અહોભાવ અને પ્રશંસાભાવ ઊભા થાય, તો ક્ષમાધર્મનું બીજાધાન થયું ગણાય.

કપિલે પોતાના શિષ્યોમાં ડરપોકવૃત્તિ જોઇ. તેથી આત્મા નિત્ય છે એ પ્રકારે દેશના આપી. કરોળિયાના જાળા તૂટે છે. છતાં કરોળિયો તો એનો એ જ રહે છે. એમ આત્મા હંમેશા ઊભો રહેતો હોવાથી સાધના ચાલુ રાખો. ભવ ભલે બદલાય, આત્મા બદલાતો નથી. તેથી 'સાધના તો કરીએ પણ સાધના અધુરી રહી જાય, અને ભવ પૂરો થઇ ગયો તો ?' એવો ડર કાઢી નંખાવવાદ્વારા કપિલે પોતાના શિષ્યોમાં ધર્મબીજનું આધાન કર્યું. ધર્મપર આકર્ષણ કરાવ્યું.

ગૌતમ બુદ્ધે રંગરાગમાં રાચતા શિષ્યોને જાગૃત કરવા અનિત્યતાનો ઉપદેશ આપ્યો હતો. જૈનશાસ્ત્રોમાં પણ **નાગદત્ત** શેઠને હવેલી બંધાવતા ૧૨ વર્ષ લાગ્યા. રંગારાને એવો રંગ કરવા કહે છે કે જે સો વર્ષ ચાલે. ત્યારે આ સાંભળીને ત્યાંથી પસાર થતાં સાધુ મહારાજને હસવું આવ્યું. નાગદત્તે પછી ઉપાશ્રયમાં જઈ સાધુમહારાજને હસવાનું કારણ પૂછ્યું. ત્યારે સાધુ મહારાજે કહ્યું - આ મકાન, રંગ બધું ટકશે. તમે એ બધાની વચ્ચે કેટલું ટકવાના એ વિચાર્યું ? શેઠનો અતિઆગ્રહ થતાં જ્ઞાની સાધુ મહારાજે કહ્યું, તમારું આયુષ્ય માત્ર સાત દિવસનું બાકી છે, અને તમે સો વર્ષ ટકે તેવા રંગની વાત કરો છો ! તેથી હસવું આવેલું. આમ કહી અનિત્યભાવના સમજાવી.

આ ચીજ - માલમિલકત નિત્ય રહેવાના લાગે છે, માટે મમતા-રાગ જાગે છે. એ જો અનિત્ય લાગે, તો રાગ જાગે નહીં. કહ્યું જ છે.

अनित्यताकृतबुद्धि र्म्लानमाल्यो न शोचते ।
नित्यताकृतबुद्धिस्तु भग्नभाण्डोऽपि शोचते ।।

'ફૂલની માળા અનિત્ય છે' એ પ્રમાણે અનિત્યતાના વિષયમાં બુદ્ધિ નિશ્ચિત થઇ જવાથી માળા કરમાઇ જાય, તો પણ શોક કરાતો નથી. અને માટીના ઠીકરા જેવો ઘડો-વાસણ પર 'ટકશે' એવી નિત્યતાની બુદ્ધિ થવાથી એ ભાંગી જાય છે તો પણ શોક કરાય છે.

આ પ્રમાણે પોતાના શિષ્યોને અનિત્યતા સમજાવી ધર્મપ્રત્યે આકર્ષણ ઊભુ કરાવ્યું.

ધર્મના અંકૂરવગેરે...

આમ સત્પ્રશંસા એ બીજ છે. તો એ ધર્મ-સ્થાનની અભિલાષા અંકૂરસમાન છે. ભગવાનની ક્ષમાની પ્રશંસા કર્યા પછી ઇચ્છા થવી જોઇએ, કે મારામાં આવી ક્ષમા ક્યારે આવશે ? બીજાધાનભૂત પ્રશંસામાં ભગવાનની ક્ષમા - ભગવાનસામે જોવાનું છે. અભિલાષામાં પોતાના તરફ જોવાનું છે કે 'ભાઇ ! તને ક્ષમા ગમી એમ માને છે, તો એ પાળવાની તને ઇચ્છા જાગી કે નહીં ? અને જો ઇચ્છા સાચી જાગી છે, તો એવા નાના-મોટા પ્રસંગમાં કોઇ મારું બગાડી જાય, વાંકુ કરી જાય, તો પણ હું ક્ષમા જ રાખું એવી તલપ જાગી છે ?'

વારંવાર આ પ્રમાણે અભિલાષા કરતાં રહેવાથી એવો પ્રસંગ આવીને ઊભો રહે, ત્યારે ક્ષમા રાખવાનો ખ્યાલ તરત જ આવી જાય.

ક્ષમાનું રટણ રાખ્યું હોય, તો જાતને જોવાનો-તપાસવાનો ભાવ આવે, અને જાત ક્રોધ કરીને ભૂલે, તો જાતને ઠપકો આપવાનું મન પણ થાય.

જ્યારે જ્યારે ક્ષમાની વાત આવે, ત્યારે ત્યારે દિલ દઈને રસપૂર્વક અને અહોભાવપૂર્વક સાંભળવાનું મન થાય, તો સમજવું કે ક્ષમાની ડાલ પ્રગટ થઈ છે.

અને પછી અવસરે મન મારીને પણ ક્ષમાની પ્રવૃત્તિ-મહેનત ચાલુ થાય, ત્યારે પત્ર-પુષ્પોની પ્રાપ્તિ સમજવી. અને જ્યારે ક્ષમા બિલ્કુલ સહજ-સ્વભાવગત થઈ જાય, ત્યારે ક્ષમા ફળસ્વરૂપે પ્રાપ્ત થઈ સમજવાની. આ જ પ્રમાણે દરેક ધર્મસ્થાન માટે સમજવાનું છે.

સાનુબંધ બીજાધાન એટલે ?

ટૂંકમાં, જેને જે રીતે ધર્મનું બીજાધાન થાય, તેને તે પ્રમાણે ઉપદેશ સર્વજ્ઞો આપતા હોય છે. વળી આ બીજાધાન પણ સામાન્ય નહીં, પરંતુ સાનુબંધ થાય, એ રીતે દેશના અપાય છે. જ્યારે ઉત્તર-ઉત્તરગુણોની વૃદ્ધિ દ્વારા ભવોદ્વેગ ભળવા માંડે, ત્યારે બીજાધાન સાનુબંધ થાય.

બીજાધાન સાનુબંધ થાય, તો પરંપરા ચાલે, અહીં અનુબંધ=બીજશક્તિ. વર્ત્તમાનની પ્રવૃત્તિ જો બીજશક્તિવાળી હોય, તો ભવાંતરમાં પણ ઉત્તરોત્તર વર્ધમાન તાકાતવાળું બીજાધાન થયા કરે. જેથી તે-તે ભવની પ્રવૃત્તિ વધુને વધુ સામર્થ્યવાળી બનતી જાય. જેથી આત્માની પરિણતિ પણ વધતી જવાથી તે-તે ધર્મનું પરિણમન પણ વધુ ને વધુ સારા પ્રમાણમાં થતું જાય. **પ્રત્યેક શ્રવણ જીવમાં સમજ, શ્રદ્ધા અને પરિણતિ વધારનારું બને છે.** તેથી શ્રવણમાં ક્યારેય કંટાળો આવવો જોઈએ નહીં.

આ ફરક આપણને ધર્મદેશનાવગેરેમાં દેખાય છે. જેઓએ પૂર્વમાં સાનુબંધ બીજાધાન કર્યું હોય છે, તેઓ એકની એક દેશના સાંભળી વિશિષ્ટ પરિણતિ પામે છે, સાધુ થવા જેટલી ઊંચી ભૂમિકાપર પહોંચી જાય છે. એથી નબળા બીજાધાનવાળા બીજાઓ શ્રાવક બને છે, એથી પણ નબળા અનુબંધવાળા બીજાધાનવાળા માત્ર સમ્યક્ત્વ પામે છે. એમ ક્રમશઃ ઉતરતા ઉતરતા જેને પૂર્વે ક્યારેય ધર્મનું બીજાધાન કર્યું નથી, તેવાઓ સામાન્યથી જ અહોભાવ પામી રવાના થાય છે. અને બીજાધાનની યોગ્યતા વિનાનાઓ ઉપેક્ષા, કટાક્ષ વગેરે કરે છે.

બળવત્તર બીજાધાનવાળા જીવો ભવાંતરમાં શુભપ્રવૃત્તિમાં વધુ શીઘ્રતાથી જોડાય છે, એકાદ પ્રસંગ પણ કે એકાદ વાક્ય પણ તેમને જાગૃત કરવા સમર્થ બની જાય છે.

એક જ દેશના શ્રોતાભેદે ભિન્ન

परिहारान्तरमाह-

एकापि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः ।
अचिन्त्यपुण्यसामर्थ्यात् तथा चित्राऽवभासते ॥१३६॥

एकापि देशना तन्मुखविनिर्गममधिकृत्य । **एतेषां**-सर्वज्ञानां **यद्वा श्रोतृविभेदतस्तथाभव्यत्व-भेदेन अचिन्त्यपुण्यसामर्थ्यात्**-परबोधाश्रयोपात्त-कर्मविपाकादित्यर्थः, **तथा**-नित्यादिप्रकारेण **चित्राऽवभासत** इति ॥१३६॥

બીજું સમાધાન આપે છે.

ગાથાર્થ : અથવા તો આમની એક જ પ્રકારની દેશના અચિંત્યપુણ્યના સામર્થ્યથી શ્રોતાઓના વિભેદથી તેવા પ્રકારે વિચિત્ર ભાસે છે.

ટીકાર્થ : દેશનાદાતાના મુખમાંથી નીકળવારૂપે -એ મુદ્દાને અપેક્ષીને આ સર્વજ્ઞોની દેશના એક સરખી જ હોવા છતાં શ્રોતાભેદથી= શ્રોતાઓના

તથાભવ્યત્વના ભેદથી અને બીજાઓને બોધ પમાડવાને આશ્રયીને ઉપાર્જેલા શુભકર્મ-પુણ્યના વિપાકથી નિત્યાદિ પ્રકારે ભિન્ન-ભિન્ન ભાસે છે.

न च नैवमपि गुण इत्याह--

यथाभव्यं च सर्वेषामुपकारोऽपि तत्कृतः ।
जायतेऽवन्ध्यताप्येवमस्याः सर्वत्र सुस्थिता ॥१३७॥

यथाभव्यं च-भव्यसदृशं च **सर्वेषामुपकारोऽपि**-गुणोऽपि, **तत्कृतो**-देशनानिष्पन्नः **जायते**-प्रादुर्भवति। **अवन्ध्यताऽपि**-अनिष्फलतापि **एवम्**-उक्तनीत्या **अस्याः**-देशनायाः, **सर्वत्र सुस्थितेति** ॥१३७॥

દેશનાદ્વારા ભવ્યતાનુસારે બોધ-લાભ

આ પ્રમાણે હોય, તો પણ ગુણ થતો નથી, એમ કહેવું નહીં, કેમકે

ગાથાર્થ : અને આ દેશનાથી બધાપર યથા-ભવ્ય ઉપકાર પણ થાય છે. અને આમ એ દેશનાની સર્વત્ર અવન્ધ્યતા પણ સુસ્થિત બને છે.

ટીકાર્થ : આ દેશનાથી બધાપર પોત-પોતાની ભવ્યતાને અનુરૂપ ગુણ થવારૂપ ઉપકાર પણ પ્રાદુર્ભાવ પામે છે. આમ - ઉક્તનીતિથી સર્વત્ર દેશનાની અનિષ્ફળતા-અમોઘતા પણ સુસ્થિત બને છે.

વિવેચન : કપિલ, સુગતવગેરે સર્વજ્ઞ હોવાથી તેઓની દેશના પણ એકસરખી હતી, એમ કહેવામાં પણ વાંધો નથી. છતાં કપિલ નિત્યવાદી અને સુગત = ગૌતમબુદ્ધ અનિત્યવાદી જે કહેવાય છે, તેમાં કારણ સાંભળનારાઓમાં તથાભવ્યત્વના ભેદથી જે ભેદ પડે છે, તે છે. તે-તે સર્વજ્ઞના બીજાને બોધ પમાડવામાં કારણભૂત ગણાતા પુણ્યના વિપાકથી તે-તે સર્વજ્ઞની તે-તે દેશના તે-તે શ્રોતા તેવા-તેવા પ્રકારે ગ્રહણ કરી બીજાધાનાદિ પામે છે.

તાત્પર્ય : દરેક શ્રોતાનું તથાભવ્યત્વ જૂદું જૂદું છે. ત્યારે કપિલવગેરે સર્વજ્ઞોનું બીજાને પ્રતિબોધ પમાડવાનું વિશિષ્ટ પુણ્ય છે. તેથી તેઓ એક પ્રકારની દેશના આપતા હોવા છતાં તેઓના વિશિષ્ટ પુણ્યના કારણે શ્રોતાઓનું તથાભવ્યત્વ જે પ્રકારે પાકવાનું હોય, તે પ્રકારે શ્રોતાઓ એ દેશના ગ્રહણ કરે છે. જેમકે શ્રોતા નિત્યતાના બોધથી તથા-ભવ્યત્વનો પરિપાક પામી બીજાધાન પામવાનો હોય, તો તે કપિલના વચનોને તે જ પ્રકારે સમજી, એ રીતે બોધ પામે છે.

એ જ રીતે ગૌતમબુદ્ધ સામે આવેલા શ્રોતાઓનું તથાભવ્યત્વ અનિત્યાદિના બોધથી પાકવાનું હશે. તેથી તેઓએ એ પ્રવચનમાંથી અનિત્યતાને પકડી ધર્મબીજાધાન કર્યું. અહીં શ્રોતાઓના તથાભવ્યત્વનો ભેદ અને તે સર્વજ્ઞોના અચિંત્યપુણ્ય બેના સંમિલનથી આ પ્રમાણે પ્રતિબોધઆદિ સમજવું.

અહીં **વક્તાના પુણ્યની પણ એટલી જ જરૂરત છે,** તે સમજવાની વાત છે. માત્ર શ્રોતાના તથાભવ્યત્વને જ આગળ ધરી વક્તાના ઉપદેશને ગૌણ કરી શકાય નહીં. શ્રોતાના કલ્યાણની ભાવનાથી વક્તા ઉપદેશ આપે છે, ત્યારે શુભકર્મ બંધાય છે. આ શુભકર્મનો દેશનાવખતે ઉદય થાય છે. આ પુણ્યોદયરૂપ છે. વક્તાના ઉપદેશની અસર પાછળ વક્તાના આ પુણ્યની તાકાતને પણ ઉપેક્ષી શકાય નહીં. કેમકે જોરદાર પુણ્યવાળાનું સામાન્ય-વચન પણ બીજાને જોરદાર અસર પમાડે છે. તેથી જ આદેય નામકર્મ વક્તાઓ માટે અત્યંત ઉપયોગી મનાય છે. આદેય નામકર્મ જોરદાર હોય, તો વક્તાની વાતને શ્રોતાઓ સારી રીતે ઝીલી લેતા હોય છે.

'આદેય' નામકર્મ કમાવામાટે (૧) ભગવાનના વચનોપર અત્યંત આદરભાવ, (૨) વડીલોપ્રત્યે હાર્દિક આમન્યા-બહુમાનભાવ અને (૩) દરેકના શુભ કાર્યો પ્રત્યે ઉછળતો

અનુમોદનાભાવ ખુબ જરુરી છે. આ જ પ્રમાણે દેવ-ગુરુ-સાધર્મિક-સંઘનો સહવાસ સતત ગમતો રહે, તો સૌભાગ્યનામકર્મ બંધાય છે. આ સૌભાગ્યયુક્ત આદેય નામકર્મની તાકાત છે કે તમારા વચનો શ્રોતાના હૃદયપરિવર્ત્તન કરીદે. ટૂંકમાં ગુણવાન વ્યક્તિપ્રત્યે આદરથી સૌભાગ્ય અને એ વ્યક્તિના વચનના આદરથી આદેયનામકર્મ પ્રાપ્ત થાય છે.

તથાભવ્યત્વના આધારે બોધ

અહીં પ્રશ્ન થાય, સર્વજ્ઞોની દેશના એક સરખી હોવા છતાં શ્રોતાઓના ભેદથી ભેદ પડે છે. તો એનો અર્થ એ થયો કે એકસરખી દેશનામાંથી જેને જે ફાવ્યું, તેણે તે પકડ્યું. તો આમ મનફાવતું પકડવામાં ગુણ ક્યાંથી થાય ?

સમાધાન એ છે કે અહીં શ્રોતા જે પોતાને અનુરૂપ પકડે છે, એ હકીકતમાં તથાભવ્યત્વનો પ્રભાવ છે. જે શ્રોતાનું તથાભવ્યત્વ જે રીતે પાકવાનું હોય, તે શ્રોતા તે રીતે એ વચનને પકડે છે. અને બોધ પામે છે. અને આમ શ્રોતા તથાભવ્યત્વના ભેદથી જૂદું જૂદું પકડતો હોવા છતાં, અંતે તો ધર્મબીજ જ પામે છે. એમાં જ તે-તે સર્વજ્ઞના અચિંત્યપુણ્યની વડાઇ છે. આ રીતે શ્રોતાઓમાં વિભિન્નરીતે જે ઉપકાર થાય છે, એ જ ગુણ છે; જેના પ્રભાવે આગળઉપર નવા-નવા ગુણો પ્રગટે છે.

આમ તે-તે સર્વજ્ઞની દેશનાદ્વારા શ્રોતા જેવો ભવ્ય હોય (=જેવું તથાભવ્યત્વ ધરાવતો હોય) તે પ્રમાણે એનાપર ઉપકાર થાય છે. આમ બધા ભવ્યજીવોપર ઉપકાર થતો હોવાથી જ, એ-એ સર્વજ્ઞોની દેશના પણ અમોઘ-સફળ સમજવી જોઇએ. આ રીતે દેખાતા દેશનાભેદમાં સુસ્થતા-યુક્તિસંપન્નતા સમજવી જોઇએ. જેથી કપિલાદિમાં સર્વજ્ઞતા જોવામાં બાધ આવે નહીં.

કાલના પ્રભાવે નયભેદથી દેશનાભેદ

प्रकारान्तरमाह--

यद्वा तत्तन्नयापेक्षा, तत्त्कालादियोगतः ।
ऋषिभ्यो देशना चित्रा, तन्मूलैषापि तत्त्वतः ॥१३८॥

यद्वा तत्तन्नयापेक्षा-द्रव्यास्तिकादीनधिकृत्य **तत्तत्कालादियोगतः**-दुःषमादियोगात् **ऋषिभ्यः** - कपिलादिभ्य एव **देशना चित्रेति** । न चेयमपि निर्मूलेत्याह-**तन्मूलैषापि**-सर्वज्ञदेशनामूलैषापि **तत्त्वतः**-परमार्थेन, तत्प्रवचनानुसारतस्तथा-प्रवृत्तेरिति ॥१३८॥

અથવા બીજા પ્રકારે કહે છે-

ગાથાર્થ : અથવા તો ઋષિઓએ જ તે-તે કાલના યોગથી તે-તે નયની અપેક્ષાવાળી વિચિત્ર દેશના આપી. તત્ત્વથી તો આ દેશના સર્વજ્ઞદેશના-મૂળક જ છે.

ટીકાર્થ : અથવા તો કપિલવગેરે ઋષિઓએ જ દુઃષમાવગેરે તે-તે કાળને લક્ષ્યમાં લઇ દ્રવ્યાર્થિકઆદિ નયોને અપેક્ષીને વિચિત્ર દેશનાઓ આપી. આ પણ નિર્મૂળ નથી, એ બતાવવા કહે છે - આ દેશનાઓ પણ પરમાર્થથી તો સર્વજ્ઞ-દેશનામૂળક જ છે, કેમકે સર્વજ્ઞ પ્રવચનને અનુસારે જ તથાપ્રવૃત્તિ થતી દેખાય છે.

વિવેચન : ભવ્યજીવોને જે રીતે ઉપકાર થાય, એ રીતે દેશના દેવાતી હોય છે, આ દેશના-ભેદમાટેનું સમાધાન છે, તેમ બીજું સમાધાન એ પણ છે, કે દેશના તે-તે નયની અપેક્ષાએ દેવાતી હોય છે. નયો દ્રવ્યાસ્તિકનય-પર્યાયાસ્તિકનય, જ્ઞાનનય-ક્રિયાનય, નૈગમ-સંગ્રહ વગેરે સાત નય. એમ અનેક પ્રકારે છે. આમાંથી કોઇ એક પ્રસ્તુતો-પયોગી નયને આગળ કરી, તથા દુઃષમાવગેરે કાળને ધ્યાનમાં લઇ કપિલાદિ ઋષિઓએ આપેલી દેશના ભેદવાળી થઇ. આ દેશનાઓ તે-તે સર્વજ્ઞોની દેશનાને અનુસારે જ થયેલી છે, તેમ પરમાર્થથી

સમજવું જોઈએ; કેમ કે તે-તે સર્વજ્ઞના પ્રવચનને અનુસારે જ તે-તે પ્રવૃત્તિઓ થતી દેખાય છે.

અલબત્ત તે-તે નયને અપેક્ષીને દેશના ભલે દેવાતી હોય, પણ તે સર્વજ્ઞના વચનને સાપેક્ષ જ હોય છે, કેમકે વચનસાપેક્ષ વ્યવહાર સાચો ને વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠ્ઠો કહ્યો છે આ તાત્પર્ય છે.

વ્યવહારમાં દેશના લોકવ્યવહાર અને સામી વ્યક્તિ તથા તે-તે કાલને અપેક્ષીને દેવાતી હોવાથી એ નયપ્રધાન હોય છે. પર્વતપર ધૂમાડો જોઈને 'પર્વત બળે છે' એમ કહેવું લોક-વ્યવહારથી ખોટું નથી. જો કે પર્વતપર હકીકતમાં ઘાસ બળે છે, પથ્થરનો બનેલો પર્વત બળતો નથી. છતાં એમ કહેવાય છે, ત્યાં લોકવ્યવહારની સાપેક્ષતા છે. એ નયની મુખ્યતા છે. કુંજામાં પાણી વધુ પડતું ભરવા જતાં પાણી ઉભરાય છે, છતાં 'કુંજો ઊભરાયો' એમ કહેવામાં કોઇ ખોટું ગણતું નથી

આમ જુદા જુદા નયોની અપેક્ષાએ તે-તે વચનો નીકળતા હોય છે. વળી તે-તે કાળની પણ તેમાં ગણત્રી હોય છે. જેમકે હાલ દુષમાકાળ છે. એમાં લોકો વિષય રંગ-રાગમાં ડૂબ્યા છે, તો વિષયરંગ-રાગમાંથી કેમ બહાર કાઢવા, તે લક્ષ્યમાં રાખી દેશના આપવી જોઈએ.

તેથી જ આજના કેટલાક વક્તાઓ માનવતાની વાતો ને સમાજસુધારણાની વાહિયાત વાતો કરે છે, તે બિનપાયાદાર છે. આ બધા વક્તાઓને, શ્રોતા-વર્ગને મોહમાંથી બહાર કાઢવાની ક્યાં ખેવના છે? વિષય-કષાયમાંથી જીવને બહાર કાઢવાનું અને જન્મ-મરણના ચક્રને તોડવાનું લક્ષ્ય ન હોય, તે બધી વાતો ફોગટ ફોફા ખાંડવા જેવી છે.

અલબત્ત, તે-તે કાળને અનુરૂપ દેશના દેવાનો અર્થ એ પણ છે, કે તે-તે કાળના સંઘયણ-બળને પણ નજરમાં રાખી દેશના દેવી. આજના છેવટ્ઠા સંઘયણના કાળમાં પહેલા સંઘયણને અનુરૂપ દેશના દેવામાં શ્રોતા કદાચ ગાંઠનું ગુમાવે, તે પણ બને.

જેમકે દસવૈકાલિકમાં કહ્યું છે 'आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा....' ઠંડી-શરદીની ઋતુમાં ખુલ્લા-ઉઘાડા થઈને ઊભા રહેવું... આ વાત કરી. હવે સંઘયણબળ ન હોય, ને એ રીતે ઊભો રહેવા જાય, તો શરદી હાડકામાં ઘુસી જાય, માંદો પડે, થઇ શકતી સાધના પણ ગુમાવે. તેથી સર્વજ્ઞમૂલક દેશના પણ તે-તે કાળના, તે-તે રૂચિવાળા, તે-તે દોષથી પીડાતા શ્રોતાને નજરમાં રાખી તે-તે નયથી અપાતી હોય છે. તેથી તે દેશનાઓમા ભેદ પડે તે સહજ છે.

सर्वज्ञप्रतिक्षेप महानर्थकारी

प्रकृते ऋषिभ्यो योजनमाह--

तदभिप्रायमज्ञात्वा, न ततोऽर्वाग्दृशां सताम्।
युज्यते तत्प्रतिक्षेपो, महानर्थकरः परः ॥१३९॥

तदभिप्रायं-सर्वज्ञाभिप्रायं **अज्ञात्वा, न ततः** कारणात् **अर्वाग्दृशां सतां**- प्रमातृणाम् किमित्याह- **युज्यते तत्प्रतिक्षेपः**-सर्वज्ञप्रतिक्षेपः, किंविशिष्ट इत्याह **महानर्थकरः परः**-महानर्थ-करणशीलः प्रधान इति ॥१३९॥

પ્રસ્તુતમાં યોજના બતાવે છે-

ગાથાર્થ : તેથી તેમના અભિપ્રાયને જાણ્યા વિના અર્વાગ્દર્શી સત્પુરુષોએ તેઓનો અત્યંત મહાઅનર્થકારી પ્રતિક્ષેપ કરવો યોગ્ય નથી.

ટીકાર્થ : તે કારણથી સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વિના છદ્મસ્થ પ્રમાતાઓએ તે સર્વજ્ઞનો અત્યંત મહાઅનર્થ કરવાના સ્વભાવવાળો પ્રતિક્ષેપ કરવો જોઈએ નહીં.

વિવેચન : આપણે અર્વાગ્દશ્ છીએ એટલે કે સપાટી ઉપરનું, બહારનું, નજીકનું, ઈંદ્રિયને સ્પર્શતું જ જાણી શકીએ છીએ. અતીન્દ્રિય પદાર્થોને

જાણવાનું આપણું સામર્થ્ય નથી. જ્યારે સર્વજ્ઞો બધા અતીન્દ્રિયદર્શી છે. તેથી તેઓના વચનમાં ઊંડા આશયો છુપાયેલા છે. આ આશયો - અભિપ્રાયો જાણવાની આપણામાં ત્રેવડ નથી. તેથી તેઓના અભિપ્રાયને જાણ્યા વિના તેઓની વાતોનો વિરોધ કરવો તે મહાઅનર્થકારી બને છે. સજ્જનો બીજાઓના અભિપ્રાયને જાણ્યા વિના એમનો વિરોધ કરતાં નથી, તો સર્વજ્ઞનો વિરોધ તો ક્યાંથી કરે ? તેથી પહેલા અભિપ્રાય જાણો. કપિલે આત્મા નિત્ય કહ્યો, તો એ પાછળ દ્રવ્યાસ્તિક-નયની અપેક્ષા છે, અને આમ કહેવાથી શ્રોતા જીવોનું કલ્યાણ છે, એમ જોયું હશે. એ જ પ્રમાણે બુદ્ધવગેરેના વચનો અંગે સમજવું.

જો આમ અભિપ્રાય જાણી લેવામાં આવે, તો તિરસ્કાર કરવાનું મન ન થાય. કેમકે જાણ્યા વિના કરેલા આ વિરોધથી માત્ર સર્વજ્ઞનો વિરોધ નથી થતો, એમણે કહેલા તત્ત્વનો પણ વિરોધ થાય છે. આમ ઉપદેશક અને તત્ત્વનો વિરોધ કરવાથી મન દ્વેષયુક્ત બને છે. અને યોગદૃષ્ટિનો ગુણ છે અદ્વેષ. આ અદ્વેષનું તાત્પર્ય તો ત્યાં સુધી છે કે તત્ત્વપર તો દ્વેષ નહીં, પરંતુ તત્ત્વને નહીં માનનારા પર પણ દ્વેષ નહીં. આટલી સહિષ્ણુતા જોઈએ. તેથી જો દ્વેષભાવ આવ્યો, તો પહેલી દૃષ્ટિમાંથી પણ બાકાત થઈ જવાનું થાય. માટે દ્વેષકારક વિરોધ ત્યાજ્ય છે.

ચંદ્રના દૃષ્ટાંતથી છદ્મસ્થોમાટે સાવધાની

इहैव निदर्शनमाह--

निशानाथप्रतिक्षेपो, यथाऽन्धानामसङ्गतः ।
तद्भेदपरिकल्पश्च, तथैवार्वाग्दृशामयम् ॥१४०॥

निशानाथप्रतिक्षेपः-चन्द्रप्रतिक्षेपः **यथाऽन्धानां**-चक्षुर्विकलानां, **असङ्गतो** नीत्या, **तद्भेदपरिकल्पश्च**-निशानाथभेदपरिकल्पश्च वक्रचतुरस्रत्वादिः, **तथैवार्वाग्दृशां**-छद्मस्थानाम् **अयं** सर्वज्ञप्रतिक्षेपः तद्भेदपरिकल्पश्चासङ्गत इति ॥१४०॥

અહીં દૃષ્ટાંત આપે છે -

ગાથાર્થ : જેમ અંધપુરુષોમાટે ચંદ્રનો પ્રતિક્ષેપ કરવો કે તેમાં ભેદની પરિકલ્પના કરવી યોગ્ય નથી, તેમ અર્વાગ્દર્શીઓ માટે આ પણ યોગ્ય નથી.

ટીકાર્થ : જેમ ચક્ષુરહિત-અંધપુરુષોમાટે નિશાનાથ=ચંદ્રનો પ્રતિક્ષેપ કરવો કે ચંદ્રમાં વાંકો-ચોરસવગેરે ભેદની કલ્પના કરવી નીતિથી જોતાં યોગ્ય નથી. તેમ છદ્મસ્થોમાટે સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો કે સર્વજ્ઞમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી.

વિવેચન : આકાશમાં ચંદ્ર ઊગ્યો હોય, ત્યારે આંધળો માણસ એમ કહે કે 'ચંદ્ર ઊગ્યો જ નથી ! જો ઊગ્યો હોય, તો મને દેખાયને ?' તો લોકોમાં હાસ્યાસ્પદ ઠરે છે. અંધપુરુષમાટે ચંદ્રનો વિરોધ કરવો યોગ્ય નથી. એ જ રીતે કદી ચંદ્રને ન જોનારા અંધપુરુષો કદાચ એમ કહે, કે ભલે ભાઈ ! ચંદ્ર છે. પણ તે વાંકો છે, અથવા ચોરસ છે ! ઇત્યાદિરૂપે ચંદ્રમાં ભેદની કલ્પના કરવા જાય, તો તે પણ અસંગત જ છે.

એ જ રીતે છદ્મસ્થો સર્વજ્ઞનો વિરોધ કરે, તે હાસ્યાસ્પદ છે. ઘણી પંડિત ગણાતી વ્યક્તિઓ સર્વજ્ઞનું ખંડન કરે છે, ત્રણ કાળનું - અનંત કાળનું જ્ઞાન કોઈને થાય જ નહીં, એમ કહે છે.

એમને પૂછો, કે વિશિષ્ટજ્ઞાનીને અનંતજ્ઞાન ન થાય, તો કેટલું જ્ઞાન થાય? એ કહે, કે અમુક કાળ જેટલું... તો પ્રશ્ન છે કે તમે કેવી રીતે નિર્ણય કર્યો કે અમુક કાળસુધીનું જ થાય, પહેલાનું કે પછીનું નહીં ? વળી એટલા કાળનું થાય, તો તે પહેલાના-પછીના કાળનું કેમ ન થાય ? આનો જવાબ નથી.

ખરેખર તો આ ખંડનવાદીઓ જ્ઞાનગુણને સમજ્યા નથી. જ્ઞાનગુણનું કાર્ય છે, જ્ઞેયને જાણવાનું.

અહીં કયા જ્ઞેયને કે કેટલા જ્ઞેયને એવો કોઇ વિશેષ નથી. અર્થાત્ જેટલા જ્ઞેય છે, તેટલા બધા જ જ્ઞાનમાં જાણવાયોગ્ય છે. તેથી જ્ઞેયમાત્રને જાણવાના સ્વભાવવાળા જ્ઞાનમાં જ્ઞેયઅંગે મર્યાદા બાંધવી યોગ્ય નથી. પ્રતિબિંબ પાડવા સમર્થ અરીસો કેટલાનું પ્રતિબિંબ પાડશે ? જેટલા પ્રતિબિંબ યોગ્ય પદાર્થો હોય, એમાંથી અમુકનું જ પ્રતિબિંબ પાડીશ, બીજાનું નહીં, એવી અરીસાની કોઇ મર્યાદા હોતી નથી. જેમ અરીસો પોતાની પ્રતિબિંબ પાડવાની સીમામાં આવેલી તમામ પ્રતિબિંબ્ય-વસ્તુનું પ્રતિબિંબ પાડે છે, તેમ લોક-અલોક માટેના અદ્‌ભુત અરીસા સમાન કેવળજ્ઞાનમાં જ્ઞેયતરીકે યોગ્ય તમામ પદાર્થોના જ્ઞાનરૂપ પ્રતિબિંબ પડે, તેમાં નવાઇ શું છે ? એમાં છદ્મસ્થ એવા આપણે મર્યાદા બાંધનાર કોણ ?

ખરેખર તો આપણી આ ચેષ્ટા ચંદ્રને નહીં સ્વીકારતાં અંધપુરુષ જેવી છે.

વળી એ જ રીતે જેમ ચંદ્રમાં ભેદની કલ્પના કરવી અંધમાટે યોગ્ય નથી. એમ સર્વજ્ઞોમાં ભેદ પાડવો એ પણ આપણા જેવા છદ્મસ્થોમાટે યોગ્ય નથી. ગૌતમબુદ્ધે જે કહ્યું તે તેમના - પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ સાચું છે, તો કપિલે જે કહ્યું તે પણ દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાને આગળ કરી એટલું જ સાચું છે.

પછી તે-તે મતના અનુયાયીઓ આ નયદેશનાને ભૂલી જઇ એકને જ સર્વજ્ઞ માને, બીજાને નહીં. ઇત્યાદિરૂપે સર્વજ્ઞોમાં ભેદકલ્પના કરે, તે ચંદ્રમાં ભેદની કલ્પના કરવા સમાન હાસ્યાસ્પદ ઠરે છે.

કિઞ્ચ--

न युज्यते प्रतिक्षेपः, सामान्यस्यापि तत् सताम् ।
आर्यापवादस्तु पुनर्जिह्वाच्छेदाधिको मतः ॥१४१॥

न युज्यते प्रतिक्षेपो-निराकरणरूपः **सामान्य-स्यापि**-कस्यचित्पुरुषादेः, **तत्**-तस्मात् **सतां**-मुनीनाम् **आर्यापवादस्तु पुनः**-सर्वज्ञपरिभवः इत्यर्थः किमित्याह **जिह्वाच्छेदाधिको मतः**-तथाविध-प्रत्यपायभावेन ॥१४१॥

આર્યાપવાદ જીભ કાપવાથી પણ ભયંકર

વળી,

ગાથાર્થ : તેથી સત્પુરુષોએ સામાન્ય માણસનો પણ પ્રતિક્ષેપ કરવો યોગ્ય નથી. માટે આર્યાપવાદ તો જિહ્વાછેદથી પણ અધિક મનાય છે.

ટીકાર્થ : તેથી સત્પુરુષો=મુનિઓમાટે કોઇ સામાન્ય માણસનો પણ નિરાકરણ-નિષેધરૂપ પ્રતિક્ષેપ કરવો યોગ્ય નથી. તો આર્યાપવાદ= સર્વજ્ઞનો પરિભાવ તો તેવા પ્રકારના પ્રત્યપાયના કારણે જીભના છેદ કરતાં પણ અધિક મનાયો છે.

વિવેચન : વ્યવહારમાં પણ સજ્જનતા એમાં છે, કે સામાન્ય માણસના પણ પ્રતિક્ષેપ-વિરોધ-ખંડન કરવા નહીં. સામાન્ય માણસની વાત પણ એની દૃષ્ટિથી સમજ્યા વિના તોડી પાડવામાં ડહાપણ મનાતું નથી, કેમકે આ જ ક્લેશનું કારણ બને છે. તપાસો, ઘર-ઘરમાં ક્લેશનું વાતાવરણ કેમ જામ્યું છે ? કહો કે સામાની દૃષ્ટિ, પરિસ્થિતિ સમજ્યા વિના જ ઝનુનથી એની વાત તોડી પડાય છે, વિવાદ કરીને સંઘર્ષ તરફ તાણી જવાય છે. બસ આના જ કારણે જીવનભર રગડા-ઝગડા-વિરોધો ચાલ્યા કરે છે. એના બદલે જો બીજાની વાત સમજવાની અને ન સમજાય તો પણ વિરોધ નહીં કરવાની નીતિ રાખી હોય, તો પણ વિરોધ નહીં કરવાની નીતિ રાખી હોય, તો બધા રગડા-ઝગડા મટી જાય.

સજ્જનો-મુનિઓમાટે જો સામાન્ય માણસનો વિરોધ પણ યોગ્ય ગણાતો ન હોય, તો આર્યાપવાદ = સર્વજ્ઞ મહાપુરુષોનો વિરોધ તો ઘણો

મોટો ગુનો ગણાય. આ અપરાધ તો કોઈની જીભ કાપી નાખીએ એના કરતાં પણ વધુ ભયંકર કક્ષાનો છે.

સર્વજ્ઞોએ જીવોની તેવી તેવી રુચિ જોઈને દેશના આપી. એ મહર્ષિઓના વચનથી સેંકડો માણસોને લાભ થઈ શકે. જ્યારે તમે એમના વચનનું ખંડન કરો છો, ત્યારે તમે એ સેંકડો માણસોને શ્રદ્ધાપૂર્વક એ વચનના સેવનદ્વારા થનારા લાભની આડે દિવાલ ઊભી કરો છો. કેમકે એ પણ સંશયમાં પડશે, શ્રદ્ધા ગુમાવશે, વચનથી અન્યથા પ્રવૃત્તિ કરશે. આમ સેંકડો માણસોને થનારા લાભથી વંચિત કર્યા. જીભ કપાય, તો એક માણસ બોલતો અટક્યો. કદાચ એનું ભલું થતું અટક્યું. પણ સર્વજ્ઞના વચનનું ખંડન કર્યું, તો તમે હજારોનું ભલું થતું અટકાવ્યું.

વિરોધ કરનારનું બોલવાનું ખરેખર તો બોળવાનું થાય છે. પોતાના પુણ્યને બોળી નાંખે છે ! તેથી સર્વજ્ઞનું ખંડન યોગ્ય નથી.

કિઞ્ચ--

कुदृष्ट्यादिवन्नो सन्तो, भाषन्ते प्रायशः क्वचित्।
निश्चितं सारवच्चैव, किन्तु सत्त्वार्थकृत्सदा॥१४२॥

कुदृष्ट्यादिवत् (कुदृष्टं कुश्रुतं कुज्ञातमि.. पाठा.) कुत्स्यमित्यादि, **न सन्तो**-मुनयो, **भाषन्ते प्रायशः**-प्रायेण **क्वचित्**। कथं तर्हि भाषन्त इत्याह-**निश्चितं**-असन्दिग्धं, **सारवच्चैव** नापार्थकं किन्तु **सत्त्वार्थकृत्**-परार्थकरणशीलं **सदा** भाषन्ते॥१४२॥

સાધુઓ કુદૃષ્ટિવાળું બોલે નહીં

વળી,

ગાથાર્થ : સંતપુરુષો પ્રાયઃ ક્યારે'ય પણ કુદૃષ્ટિઆદિથી યુક્ત બોલતા નથી, પરંતુ હંમેશા નિશ્ચિત, સારયુક્ત અને સત્ત્વાર્થકૃત્ જ બોલે છે.

ટીકાર્થ : (સર્વજ્ઞોનું નિરાકરણ ન કરવાની વાત પર કેમ જોર મુકવામાં આવે છે ? તો કહે છે કે) આ ઋષિઓ ખોટી-મિથ્યાદૃષ્ટિવાળાઓની જેમ પ્રાયઃ ક્યારેય પણ કલ્પિત-અસત્-કુત્સિત વાતો કરતા નથી. છદ્મસ્થતાના કારણે અનુપયોગથી બોલાઈ જાય, એ વાત ધ્યાનમાં રાખી 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ છે.

આ મહર્ષિઓ સંદેહ વિનાનું-નિશ્ચિત બોલનારા હોય છે. એ નિશ્ચિતવચન પણ સારયુક્ત હોય છે, અસાર-તુચ્છ નહીં. સારવાળું એટલે કે જેથી શ્રોતાને કંઈક આત્મકલ્યાણની વાત જાણવા મળે એવું. અને તે પણ પરાર્થ-કરણના સ્વભાવ-વાળું હોય છે. અર્થાત્ એમના વચન બીજાઓના (આત્મ-લાભકારી) પ્રયોજનોને સાધનારા હોય છે.

વિવેચન : આ મુદ્દાઓથી આપણે પણ સમજવાનું છે, કે જો સજ્જન બનવું હોય, તો (૧) જે બાબતમાં પોતાના હૈયામાં જ ડગમગ સ્થિતિ હોય, પોતે જેનો નિર્ણય નથી કરી શક્યો, એવું બોલવું નહીં. કેમકે એ સંદેહજનક છે. કદાચ પોતે સંદેહમાં હોવા છતાં બોલે, તો ચોખવટ કરી લે, કે ભાઈ ! મને આ વિષયમાં નિર્ણય થયો નથી, હજી હું પોતે આ બાબતમાં નિશ્ચિત નથી. આ રીતે જો જીભપર તાળું આવી જાય, તો પણ શાસ્ત્રોના નામે ને પૂર્વપુરુષોના નામે જે ગોળા ગબડાવવાના થાય છે, તે અટકી જાય. વળી (૨) નિશ્ચિતવચન પણ પરિમિત હોવું જોઈએ. અપરિમિત બોલવામાં શ્રોતા ગુંચવાઈ જાય, અને સંદેહમાં અટવાયા કરે.

આ નિશ્ચિત થયેલું પણ (૩) બધું બોલવાનું નથી. માલ વિનાનું, નકામું ન બોલાવું જોઈએ. તેથી તો **જયવીયરાય** સૂત્રમાં ભવનિર્વેદ પછી માર્ગાનુ-સારિતાની પ્રાર્થના કરી છે. અહીં માર્ગાનુસારિતા એટલે તત્ત્વાનુસારિતા. વિચાર, વાણી અને વર્ત્તાવ તત્ત્વાનુસારી હોવા જોઈએ. તત્ત્વાનુસારી= સમજણવાળું. વિચાર પણ તત્ત્વાનુસારી, વાણી

પણ તત્ત્વાનુસારી અને વર્ત્તાવ પણ તત્ત્વાનુસારી હોવા જોઈએ. આથી બધી ફજુલ પ્રવૃત્તિઓ અટકી જાય. વર્ત્તાવથી-ફોગટિયા પ્રવૃત્તિ વિનાનો-સ્થિર થયેલો હોય, તે પછી વાણી અને વિચારથી પણ સ્થિર બને.

જો ખરેખર ભવનિર્વેદ આવ્યો હોય, તો તત્ત્વાનુસારિતા અવશ્ય આવે જ. માટે જ્ઞાનીએ ભવનિર્વેદ પછી બીજો માગવાયોગ્ય ગુણ તરીકે તત્ત્વાનુસારિતા (માર્ગાનુસારિતા) બતાવી. સંસારપર વૈરાગ્ય જાગે, તો સંસારની કોઇ વ્યર્થ પ્રવૃત્તિ કરવી ગમે નહીં. ગમે તે જોવા કરવાનું મન થાય જ નહીં. ખોટી-વ્યર્થ પ્રવૃત્તિઓ બધી અનર્થદંડરૂપ છે. અને ખોટા વિચારો બધા આર્ત-રૌદ્ર ધ્યાનરૂપ કે તે તરફ ખેંચી જનારા છે.

પરદેશનાં માનસશાસ્ત્રીઓ પણ કહે છે, કે એક પણ નિષ્ફળ વિચાર કરો, એટલે મન એટલું નબળું પડે. અને સફળ વિચાર કરો, તો મન સબળ બને.

જ્ઞાનીઓ પહેલેથી જ કહેતા આવ્યા છે, કે ખોટા વિચારો પણ અનર્થદંડરૂપ છે અને આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરાવે છે, અસમાધિ કરાવે છે. માર્ગાનુ-સારિતાનો ગુણ આવે, તો આ ખોટા વિચાર-વાણી-વર્ત્તાવ બંધ થાય.

સત્પુરુષ તત્ત્વાનુસારી મતિવાળો હોવાથી જ અસંદિગ્ધ એવું પણ જે સારભૂત હોય, તેવું જ બોલે છે. વળી તેઓ (૪) પરાર્થકરણશીલ છે, અર્થાત્ શ્રોતાનું હિત થાય, એવા જ વચનો બોલવાના સ્વભાવવાળા છે. આવા સત્પુરુષોના વચનના નિરાકરણ-તિરસ્કાર કરી ન શકાય. તેઓના કથન આપણામાટે અતીન્દ્રિય છે, એની પરીક્ષા કેવી રીતે થાય ? દા.ત. એમનું વચન છે કે 'જૂઠ ન બોલો' કેમ ? કર્મબંધ થાય, જેથી પરભવમાં જીભ ન મળે. અને મળે, તો પણ ગુંગો કે મુંગો થાય, એનું બોલેલું બીજા સમજી ન શકે.

હવે જૂઠ બોલવાથી કર્મબંધ થાય અને પછીના ભવમાં જીભ ન મળે ઇત્યાદિ વાતની પરીક્ષા આપણે કેવી રીતે કરી શકવાના ? એ માટે જરુરી દિવ્યજ્ઞાન એમની પાસે છે, આપણી પાસે નથી.

યોગિજ્ઞાન વિના અતીન્દ્રિયાર્થનિર્ણય અશક્ય उपसंहरन्नाह--

निश्चयोऽतीन्द्रियार्थस्य, योगिज्ञानादृते न च।
अतोऽप्यत्रान्धकल्पानां, विवादेन न किञ्चन ॥१४३॥

निश्चयोऽतीन्द्रियार्थस्य-सर्वज्ञादेः **योगि-ज्ञानादृते न च**, तत एव तत्सिद्धेः, **अतोऽपि** कारणाद् अत्र सर्वज्ञाधिकारे, **अन्धकल्पानां**-विशेषतस्तद-तत्त्वदर्शिनां, **विवादेन न किञ्चन**-सच्चित्तनाशफलेन ॥१४३॥

ઉપસંહાર કરતાં કહે છે-

ગાથાર્થ : વળી, અતીન્દ્રિયઅર્થનો નિશ્ચય યોગિજ્ઞાન વિના સંભવે નહીં. તેથી પણ અંધ-તુલ્યોના વિવાદથી કશું સરતું નથી.

ટીકાર્થ : વળી, સર્વજ્ઞઆદિ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય યોગિજ્ઞાન વિના સંભવે નહીં, કેમકે યોગિજ્ઞાનથી જ તેની સિદ્ધિ થાય છે. આ કારણથી પણ સર્વજ્ઞના અધિકારમાં વિશેષથી તે તત્ત્વને નહીં જોઇ શકનારાઓના વિવાદથી કશું સારું સરતું નથી, કેમકે તેમાં સત્ચિત્તના નાશરૂપ ફળની જ પ્રાપ્તિ થાય છે.

વિવેચન : યોગીઓ પાસે અતીન્દ્રિય પદાર્થોને જોવા-જાણવામાટે જે વિશિષ્ટ જ્ઞાન છે, તે આપણીપાસે નથી. અતીન્દ્રિયપદાર્થો માટે આપણે અંધસમાન છીએ. તેથી એ વિષયમાં વિવાદ કરવો ઉચિત નથી, કેમકે વિવાદથી સત્ચિત્તનો નાશ થાય છે. અહીં સત્ચિત્ત=સમ્યક્ =નિર્મળ ચિત્ત=મનનો નાશ બતાવ્યો, કેમ આમ? તો જવાબ એ છે કે નિર્મળ ચિત્ત એટલે શું ? તો કે

સત્યનું આગ્રહી-સત્યના પક્ષપાતવાળું ચિત્ત. બીજા જે સત્ય કહે છે, તેને પોતે જાણી શકતો ન હોવા છતાં વિવાદ કરી તોડી પાડવા પ્રયત્ન કરનાર સત્યના પક્ષપાતને ગુમાવતો હોવાથી નિર્મળ ચિત્તનો નાશ કરે છે. તેથી સર્વજ્ઞતા જેવી અતીન્દ્રિય બાબતો વિવાદ કરવા માટે નથી. અહીં પ્રશ્ન થાય, કે જે વાત અમને પ્રત્યક્ષ ન દેખાતી હોય, તે બધી વાત અમારે માની લેવાની ? તો જવાબ એ છે કે સર્વજ્ઞતા જેવી વાતો સર્વજ્ઞ સિવાય બીજા કોને પ્રત્યક્ષ થવાની ? અર્થાત્ આપણા માટે પ્રત્યક્ષનો વિષય જ નથી.

જો પ્રત્યક્ષનો વિષય નથી, તો અમે અનુમાનથી નિર્ણય કરીશું ! એવું પણ વિચારવું યોગ્ય નથી.

न चानुमानविषय एषोऽर्थस्तत्त्वतो मतः ।
न चातो निश्चयः सम्यगन्यत्राप्याह धीधनः ॥१४४॥

न चानुमानविषयो-न च युक्तिगोचरः **एषोऽर्थः**-सर्वज्ञविशेषलक्षणः **तत्त्वतो मतः**-परमार्थेनेष्टः (र्थेन दृष्टः)। **न चातः**-अनुमानात् **निश्चयः सम्यग्, अन्यत्रापि**-सामान्यार्थे **आह धीधनः**-स भर्तृहरिः॥१४४॥

અતીન્દ્રિયાર્થો અનુમાનનો વિષય નથી

ગાથાર્થ : આ અર્થ પરમાર્થથી તો અનુમાનનો વિષય પણ નથી. વળી, આ અનુમાનથી સમ્યગ્ નિર્ણય થતો નથી. (આ બાબતમાં) ધીધને (=ભર્તૃહરિએ) બીજે કહ્યું છે.

ટીકાર્થ : સર્વજ્ઞતા અનુમાનનો વિષય નથી. અર્થાત્ સર્વજ્ઞતા છે કે નહીં ? તે કોઇ યુક્તિઓ દ્વારા વિચારવાની વસ્તુ નથી. તેથી પરમાર્થથી જોવા જાવ, તો સર્વજ્ઞતા અનુમાનગ્રાહ્ય પણ નથી. પ્રત્યક્ષથી જ્યાં હેતુ-હેતુમાન (હેતુ-સાધ્ય) નો સંબંધ જોવાયો નથી, તે અનુમાન માત્ર યુક્તિઓના આધારે ટકે છે. પણ માત્ર યુક્તિઓ પર થતું અનુમાન હકીકતમાં તો સામાન્ય અર્થોમાં પણ નિર્ણય કરાવવા સમર્થ બનતું નથી. અહીં ભર્તૃહરિએ કહેલી વાતની સાક્ષી આપે છે.

किमाहेत्याह--

यत्नेनानुमितोऽप्यर्थः, कुशलैरनुमातृभिः ।
अभियुक्ततरैरन्यैरन्यथैवोपपाद्यते ॥१४५॥

यत्नेनानुमितोऽप्यर्थोऽन्वयाद्यनुसारेण, **कुशलैरनुमातृभिः**-अन्वयादिज्ञैः **अभियुक्ततरैरन्यैरन्वयादिज्ञैरेव अन्यथैवोपपाद्यते**-तथाऽसिद्ध्यादिप्रकारेण ॥१४५॥

શું કહ્યું છે ? તે બતાવે છે -

ગાથાર્થ : કુશલ અનુમાતાઓદ્વારા યત્નપૂર્વક અનુમાન કરાયેલો પણ અર્થ વધુ અભિયુક્ત અન્યોવડે સાવ અન્યથારૂપે જ ઉપપન્ન કરાય છે.

ટીકાર્થ : અન્વય-વ્યતિરેકના કુશળ જ્ઞાતાઓ તર્કદ્વારા અન્વય-વ્યતિરેક સિદ્ધ કરી પ્રયત્નપૂર્વક એક પદાર્થ સિદ્ધ કરે છે. ત્યારે બીજી બાજુ અન્વય-વ્યતિરેકના વિષયમાં અને તર્ક લડાવવામાં વધુ કુશળ બીજા જ્ઞાતાઓ એ જ અનુમિત (-અન્વય-વ્યતિરેકદ્વારા સિદ્ધ કરાયેલા પદાર્થ) ને અસિદ્ધ આદિદ્વારા સાવ જ અન્યથારૂપ સિદ્ધ કરી દેખાડે છે.

વિવેચન : પ્રસ્તુતમાં કોઇ અનુમાન કરે કે અમુક વ્યક્તિ સર્વજ્ઞ છે; કેમકે અતીન્દ્રિયજ્ઞાની છે. જે-જે અતીન્દ્રિયપદાર્થો કહી શકે છે, તેઓ તેઓ સર્વજ્ઞ છે. જેઓ સર્વજ્ઞ નથી તેઓ અતીન્દ્રિયાર્થને કહી શકતા પણ નથી. આમ અન્વય-વ્યતિરેક દ્વારા તર્ક લગાડી એક વ્યક્તિ સર્વજ્ઞતાની સિદ્ધિ કરે, ત્યારે બીજો તર્ક લગાડે, કે અતીન્દ્રિયાર્થજ્ઞાતૃત્વને સર્વજ્ઞતા સાથે કોઇ લેવા-દેવા નથી. અર્થાત્ જે અતીન્દ્રિયજ્ઞાની હોય, તે સર્વજ્ઞ જ હોય તેવો નિયમ નથી. સર્વજ્ઞતા વિના પણ અતીન્દ્રિયજ્ઞાન સંભવે છે કે જેનાદ્વારા અતીન્દ્રિયપદાર્થો કહી શકાય. આમ એકે તર્કથી સિદ્ધ કરેલી વાતને બીજો

તર્ક લડાવીને જ અસિદ્ધ કરી શકે છે. તર્ક સામે તર્ક લડાવવાથી ક્યારેય કોઇ પદાર્થ સિદ્ધ થતો નથી. તેથી જ કહે છે -

હેતુવાદથી અર્થનિર્ણય ન થાય

अभ्युच्चयमाह-

ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥१४६॥

ज्ञायेरन् हेतुवादेन-अनुमानवादेन **पदार्था यद्यतीन्द्रियाः**-सर्वज्ञादयः **कालेनैतावता प्राज्ञैः**-तार्किकैः **कृतः स्यात्तेषु निश्चयः**-अवगम इति ॥१४६॥

અભ્યુચ્ચય બતાવે છે -

ગાથાર્થ : જો હેતુવાદથી અતીન્દ્રિય પદાર્થો જાણી શકાતા હોત, તો પ્રાજ્ઞોવડે આટલા કાલમાં તેઓ અંગે નિશ્ચિય કરાઇ ચૂક્યો હોત.

ટીકાર્થ : જો હેતુઓ અને તર્કો દ્વારા કરાતા અનુમાનોથી જ અતીન્દ્રિયપદાર્થોનો નિર્ણય થઇ શકતો હોત, અને જ્ઞાન થઇ શકતું હોત, તો આટલો બધો સમય પસાર થઇ ગયો. અત્યાર સુધીમાં બધા જ પદાર્થોનો નિર્ણય થઇ ગયો હોત. અર્થાત્ એક પણ અતીન્દ્રિય પદાર્થ અજ્ઞાત ન રહેત. પણ જગતમાં દેખાય છે કે અતીન્દ્રિયપદાર્થો અંગે અનેક પ્રકારના મતભેદો પ્રવર્ત્તી રહ્યા છે. આમ હેતુવાદથી સર્વજ્ઞતાવગેરે સિદ્ધ થતા નથી. તેથી જ સર્વજ્ઞતાને શ્રદ્ધાનો વિષય બનાવવો જોઇએ.

વિવેચન : સન્મતિતર્કમાં કહ્યું છે કે જગતના પદાર્થો બે પ્રકારે છે, કેટલાક આગમગમ્ય છે અને કેટલાક હેતુગમ્ય છે. એમાં આગમગમ્ય પદાર્થોને હેતુગમ્ય બતાવવામાં મિથ્યાત્વ લાગે છે. તો હેતુગમ્ય પદાર્થોને માત્ર આગમગમ્ય ઠરાવવામાં પણ મિથ્યાત્વ લાગે છે. જેમકે 'આત્મા છે' એ વાત કેમ માનો છો ? જો એમ કહો, આગમ કહે છે માટે, તો એ મિથ્યાત્વ છે; કેમકે હેતુથી-તર્કથી સ્વસંવેદન પ્રત્યક્ષથી પણ આત્માનું અસ્તિત્વ જાણી શકાય છે.

શરીર-ઇન્દ્રિય-મનનો રાજા આત્મા

જ્યાં સુધી શરીરમાં આત્મા છે, ત્યાં સુધી શરીરસાથે જે વ્યવહાર થાય છે, અને આત્મા ગયા પછી શરીર સાથે જે વ્યવહાર થાય છે, તેમાં ફરક છે. જીવતા માણસને અગ્નિમાં પડતો અકટાવાય છે, અને મરદાને આગ-ચિતાના અગ્નિપર મુકવામાં આવે છે.

જીવતો માણસ કામકાજ કરે છે, અને મરદું થયા પછી બધી ક્રિયાઓ અટકી જાય છે. આમ શરીરથી, શરીરના અવયવોથી, આંખવગેરેથી ભિન્ન આત્મા સિદ્ધ થાય છે, કેમકે જે જોનારો છે, તે જ સાંભળનારો છે. એમ ઘણી ઇન્દ્રિયોના કાર્યોને જાણનારો એક જ હોવાથી ઇન્દ્રિયભિન્ન આત્મા સિદ્ધ થાય છે.

મલાડની શિબિરમાં (સંવત ૨૦૨૩) એક યુવક આવેલો. એને મેં પૂછ્યું - દેરાસર દર્શન-પૂજા કરવા જાય છે કે નહીં ? એ યુવકે કહ્યું- ગુરુદેવ! દર્શન-પૂજા કરવાનું મન તો ઘણું થાય છે. પણ ત્યાં આંખ ભગવાનપર ચોંટવાના બદલે આવતી-જતી છોકરીઓપર જયા કરે છે. તેથી પુણ્ય ને બદલે પાપ બાંધવાનું થાય છે. માટે નથી જતો.

મેં કહ્યું - જો સાંભળ ! હું તને એક પ્રયોગ બતાવું છું. આ પ્રયોગ એક યુરોપિયને ભારતના પ્રવાસે આવ્યા પછી ફરી પોતાના દેશમાં જઇ લખેલા પુસ્તકમાં બતાવ્યો છે. આ પુસ્તકનું નામ છે 'અ સર્ચ ઓફ ડીવાઇન લાઇફ' આ પુસ્તકમાં એ લેખકે લખ્યું છે કે ભારતમાં યોગીઓપાસેથી મને જે દિવ્યજીવનની અનુભૂતિઓ થઇ તેના સેમ્પલ્સ્ આ પુસ્તકમાં બતાવીશ.

મન-ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનો કીમિયો

એમાં એણે એક પ્રયોગ લખ્યો છે. દરેક

વસ્તુમાં આપણે પોતાના માટે I (હું) નો પ્રયોગ કરીએ છીએ. તો સવાલ થાય, કે આ I (હું) એ શું છે? એ કોઇ વ્યક્તિ તો હોવી જોઇએ. એ કેવી છે ? છે એ વાત નક્કી છે, કેમકે એ ઇન્દ્રિયોપર વર્ચસ્વ ધરાવે છે. આ હું (I) ને મન થાય કે, મારે જોવું છે. તો આંખથી જૂએ છે. અને એને મન થાય, કે મારે સાંભળવું છે, તો તે કાનથી સાંભળે છે. અથવા એને મન થાય કે હવે આને બદલે આ જોવું છે. તો આંખ એક જોવાની ચીજપરથી બીજી ચીજપર જાય છે. તેથી નિર્ણય થાય છે કે આંખ જેવી ઇન્દ્રિયોને પ્રવર્ત્તન-નિવર્ત્તન કરાવનાર કોઇક છે.

આ હું નો ઇન્દ્રિયોપર પ્રભાવ છે, કે તે ઇચ્છે ત્યાં ઇન્દ્રિયોને ફેરવી શકે. એ જ રીતે એનું ગાત્રો પર પણ વર્ચસ્વ છે. ધારે ત્યારે હાથ-પગ વગેરેને ઊંચા-નીચા કરી શકે છે. એ જ રીતે વાણીપર પણ હું નું વર્ચસ્વ છે. જેમકે ઘરાક વેપારીને 'વેપારી લોકો લુચ્ચા છે' એમ કહે, ત્યારે વેપારી કહે - 'તો ઘરાકો ક્યાં કમ છે' ત્યારે ઘરાકમાં રહેલા હુંને બાજી ફેરવવા જેવી લાગે તો એ તરત કહે - 'હું જે વાત કરું છું તે બીજા વેપારીઓની છે, તમારી નહીં' તો વેપારીના હું ને પણ વાત બદલવા જેવી લાગે તો તરત કહે 'હું પણ જે વાત કરું છું, તે બીજા ઘરાકોની છે, તમે એવા નથી.' આમ ફેરવીને બોલાવનાર કોણ છે ? જવાબ છે 'હું'. આ 'હું' નો કંટ્રોલ મનપર પણ છે. મન એક વિચારમાં-રોકાયેલું હોય, ત્યાં અચાનક બીજું યાદ આવે અને મનની આખી વિચારધારા બદલાઈ જાય. મનની આ દિશા બદલનાર કોણ ? તો કે અંદર બેઠેલો 'હું'. આમ I-હું એક સોવરીન એમ્પરર છે (મહાન રાજા છે.) આ વાત દ્વારા ઇન્દ્રિયો, શરીર, વાણી અને મનપર જેનો અધિકાર છે, તે આત્માની સિદ્ધિ કર્યા બાદ આ લેખકે આગળ લખ્યું 'તમે એકાંત ઓરડામાં બેસી જાવ. બધું જોવા-સાંભળવાનું મુકી દો. બસ 'હું કોણ છું' એ વિચારપર ધ્યાન કેન્દ્રિત કરો. તમને મન સુદ્ધાંથી પર આત્મા હું તરીકે ભાસશે. પછી તમે આત્માને ઉદ્દેશીને કહો 'બધા કહે છે, કે મન કાબૂમાં નથી રહેતું. પણ મન ચોર છે, એને કાબુમાં લાવવા તું સાહુકાર થઇ જા. મનનું ધારેલું નહીં, તારું ધારેલું થવું જોઇએ, એમ મનપર હુકમ બજાવ. બસ એ જ રીતે આંખ-કાનને પણ તું કહી દે, હે આંખ! તું જ્યાં જાય, ત્યાં મારે આવવાનું એ ગુલામી હવે નહીં ચાલે ! હવે હું કહીશ, એ જ તારે જોવાનું ! કાને એ જ સાંભળવાનું ! હું કહું તો જ હાથ-પગે ઊંચા-નીચા થવાનું. ટૂંકમાં બધાએ મારા ઇશારે ચાલવાનું છે. આમ સતત તમે તમારા આત્માને આ શરીરરૂપી કિંગડમ-રાજ્યના એકમાત્ર રાજા તરીકે જૂઓ. મનવગેરેને તમારા નોકરતરીકે જૂઓ. અને એ તમારાપર હાવી ન થાય તેની સતત તકેદારી રાખો... તમને અદ્‌ભુત અનુભવ થશે.'

લેખકની આ વાત મેં યુવાનને સમજાવી યુવાનને કહ્યું - જા, તું પણ આ રીતે પ્રયોગ કર. એકાંતમાં જઇ તને - તારા આત્માને બધાના માલિક તરીકે જો. એ યુવાને બે-ત્રણ દિવસ બબ્બે-અઢી કલાક એકાંતમાં જઇ આ પ્રયોગ મુજબ વિચારવાનું શરુ કર્યું. પછી દેરાસર જવા લાગ્યો.

બે ચાર દિવસમાં જ યુવાને કહ્યું - ગુરુદેવ ! કમાલ થઇ ગઇ, હવે દેરાસરમાં ભગવાન સિવાય બીજે નજર જતી જ નથી, અને બીજા-ત્રીજા વિચારો પણ આવતા નથી. ખરેખર મજા આવે છે. બીજુ ત્રીજું જોવા આંખ, કે મન જાય, કે તરત હુકમ કરું છું. 'હે આંખ ! હે મન ! માલિક તમે નથી, હું છું... તમારે હું કહું તે સિવાય બીજે ક્યાંય જવાનું નહીં... ' તેથી હવે નજર ક્યાંય જતી નથી.

તો વાત આ છે- આત્મા સ્વસંવેદન અને હેતુગમ્ય છે. એને માત્ર આગમગમ્ય કરી છોડી ન

દેવાય.

એમ જે આગમગમ્ય પદાર્થો છે - દા.ત. નિગોદમાં જે અનંતા જીવો છે, તે સર્વકાલના સિદ્ધો કરતાં પણ અનંતગુણા છે. આવી વાતને સિદ્ધ કરવા હેતુવાદ કામ ન લાગે, ત્યાં તમારે આગમગમ્ય-પદાર્થ સમજી શ્રદ્ધા રાખવી જોઇએ. તે જ રીતે આટલા બધા અનંતા જીવો નિગોદમાં હોવાથી સતત ભવ્ય જીવો મોક્ષમાં જતાં હોવા છતાં સંસારમાં કદી ખાલી નથી થવાનો એ વાત આગમગમ્ય છે; હેતુગમ્ય કરવા જાવ, તો સિદ્ધ થઇ શકે નહીં.

તેથી અતીન્દ્રિયપદાર્થો આગમગમ્ય બતાવ્યા છે. અત્યારસુધી અતીન્દ્રિયપદાર્થો અંગે એકમતે નિર્ણય થઇ શક્યો નથી તે જ બતાવે છે, કે આ પદાર્થોઅંગે તર્ક ચાલી શકતો નથી.

શુષ્કતર્કનો મુમુક્ષુએ ત્યાગ કરવો

न चैतदेवं यत्तस्माच्छुष्कतर्कग्रहो महान् ।
मिथ्याभिमानहेतुत्वात्त्याज्य एव मुमुक्षुभिः ॥१४७॥

न चैतदेवं यद्-येन કારણેન **तस्माच्छुष्क-तर्कग्रहो महान्**-અતિરૌદ્રः **मिथ्याभिमानहेतुत्वा-त्त्याज्य एव मुमुक्षुभिः**-મોક્તુમિચ્છુભિः ॥૧૪૭॥

ગાથાર્થ : જેથી આ આમ નથી, તેથી જ મુમુક્ષુઓએ મિથ્યાભિમાનનો હેતુ બનતો હોવાથી મોટો શુષ્ક તર્કગ્રહ છોડી દેવો જોઇએ.

ટીકાર્થ : જે કારણથી આમ થતું નથી, તેથી મુક્ત થવાની ઇચ્છાવાળા મુમુક્ષુઓએ મિથ્યા-ભિમાનમાં હેતુ બનતો હોવાથી અતિરૌદ્ર એવો શુષ્કતર્કગ્રહ છોડી દેવો જોઇએ.

વિવેચન : આમ તર્કવાદથી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય થયો નથી. છતાં શુષ્ક તર્કનો આગ્રહ રાખવો, એ ડાહ્યાને પાગલ બનાવવાની વાત છે. ગ્રહ કે ભૂત વળગે તો ડાહ્યો પણ પાગલ જેવું વર્ત્તન કરે છે, તેમ શુષ્ક તર્કનો આગ્રહ વળગે એ પણ પાગલ બને છે. ડાહ્યાને દીવાનો બનાવે છે. અતિરૌદ્ર એવો આ ગ્રહ માત્ર મિથ્યાભિમાનનો હેતુ જ બને છે. તેથી મુમુક્ષુએ આવો ગ્રહ છોડી દેવો જોઇએ. મોક્ષની ઇચ્છાવાળો મુમુક્ષુ કહેવાય. અને મોક્ષ શાનો ? તો કે આત્મા પર અનાદિકાળથી જે અહંત્વ, મોહ, તૃષ્ણાના બંધનો વળગેલા છે, તેનાથી છુટકારો. હવે જો તર્ક પકડવા જાય, તો મિથ્યાભિમાન-અહંકારનું બંધન ઢીલું થવાને બદલે વધુ ગાઢ બને. તો છુટકારો કેવી રીતે થાય ? તેથી ખરો મુમુક્ષુ આવા મિથ્યાભિમાનો લઇને ફરતો હોતો નથી.

જે પદાર્થો સામાન્યતર્કથી પ્રતીત થાય અને લોકવિરુદ્ધ કે પ્રતીતિવિરુદ્ધ ન હોય, તેવા સર્વમાન્ય પદાર્થો ભલે હેતુ-તર્કગમ્ય બને, પણ જે ઇન્દ્રિય-ગમ્યતરીકે સિદ્ધ નથી, તેથી જે પદાર્થો વિશિષ્ટ જ્ઞાન વિના નિર્ણીત થવા શક્યા નથી; તે પદાર્થોને આગમ-ગમ્ય માની શ્રદ્ધેયતરીકે સ્વીકારવા જોઇએ. પણ ખોટા તર્કવગેરેનો ગ્રહ તો જોઇએ જ નહીં.

કિઞ્ચ--

ग्रहः सर्वत्र तत्त्वेन, मुमुक्षूणामसङ्गतः ।
मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः किमनेन तत् ॥१४८॥

ग्रहः सर्वत्र-વસ્તુનિ **तत्त्वेन**-પરમાર્થેન, **मुमुक्षू-णामसङ्गतः**-અયુક્તः, કુત ઇત્યાહ **मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः**, પ્રાયોગ્રહણં ક્ષાયિકધર્મવ્યવચ્છેદા-ર્થમ્, **किमनेन** ગ્રહેણ **तत्** ? ન કિઞ્ચિદિત્યર્થः ॥૧૪૮॥

વળી,

ગાથાર્થ : તત્ત્વથી તો મુમુક્ષુ માટે સર્વત્ર આગ્રહ અસંગત છે. મુક્તિમાં તો પ્રાયઃ ધર્મો પણ છોડવાના છે, તો આનાથી શું ?

ટીકાર્થ : પરમાર્થથી તો બધી વસ્તુમાં આગ્રહ રાખવો અયોગ્ય છે. કેમ ? તે બતાવે છે - મોક્ષમાં તો પ્રાયઃ ધર્મો પણ છોડવાના છે. 'પ્રાયઃ' એટલામાટે કે ક્ષાયિકધર્મોની બાદબાકી કરવી છે -

અર્થાત્ મોક્ષમાં ક્ષાયિક ધર્મો છોડવાના નથી. તેથી આ તુચ્છ આગ્રહથી શું ? અર્થાત્ કશું સરતું નથી.

વિવેચન : મુમુક્ષુએ બંધનોથી મુક્ત થવાનું છે. ગ્રહ એ સૌથી મોટું બંધન છે. પકડ જ બંધન છે. માટે મુમુક્ષુએ બંધનરૂપ ગ્રહ-પકડ છોડવા જોઇએ.

સાંગલીમાં એક મુનિરાજને સંગ્રહણિ થઇ. વૈદ્યપાસે દવા લેવા ગયા. વૈદ્યે દવા આપી. સાથે કહ્યું, અશક્તિ છે, માટે આ દવા લેજો. તરત પેલા સાધુએ વિચાર્યું, અશક્તિ છે તો દૂર કરવા દૂધ તો લેવાનું જ હોય ને ! તેથી વૈદ્યને પૂછ્યું - દૂધ કેટલું લેવાનું ? અને વૈદ્યરાજ બગડ્યા - મહારાજ ! કુછ સમજતે હો યા નહીં ? પેટ ઇતના બિગડા હુઆ હૈ, ઔર આપ દૂધ લેને કી બાત કરતે હો, દૂધમેં ઘી ભરા હુઆ હૈ, આપ કે લિયે અચ્છા નહીં હૈ, આપ દૂધ કા નામ ભૂલ જાઇએ !

વાત આ છે, દૂધમાં શક્તિ છે, એ પણ પકડ છે. જેમ એ પકડ છોડવાની છે, તેમ દરેક ઠેકાણે પકડ છોડવાની છે.

એજ રીતે પૂર્વગ્રહ પણ ન જોઇએ. પહેલેથી જ અમુક વ્યક્તિ કે વિષયમાટે ખરાબ તરીકેની ધારણા બાંધી દેવી, એ પૂર્વગ્રહ છે. આ પૂર્વગ્રહ એ વ્યક્તિ કે વિષયમાં સારી વાતને પણ જોવા જ ન દે. અને સતત કષાય કરાવ્યા કરે.

વ્યુદ્ગ્રહ : કોકના ઉપદેશથી કે અનુભવના નામે કાંક ખોટું પકડાઇ ગયું. ખોટો સિદ્ધાંત બંધાઇ ગયો. પછી ગમે તે થઇ જાય, ગમે તેટલું સમજાવવામાં આવે, છતાં એ પકડ ઢીલી કરવાને બદલે સમજાવનાર જ ખોટો લાગવો એ વ્યુદ્ગ્રહનું કાર્ય છે.

આવા તો કંઇ કેટલાય ગ્રહો જીવોને વળગેલા છે. મોક્ષાર્થીએ એ બધા ગ્રહો છોડવાના છે.

શાસ્ત્રકારો તો કહે છે, કે મોક્ષમાં તો પ્રાયઃ બધા ધર્મો પણ છોડી દેવાના છે, તો આવા તુચ્છ ગ્રહોની તો વાત જ ક્યાં રહી ? અહીં પ્રાયઃ શબ્દ પ્રયોગ એટલા માટે છે, કે ક્ષાયિકભાવના ધર્મો મોક્ષમાં પણ છે, તે છોડવાના નથી. તેથી ક્ષાયિક-ધર્મોને છોડી બાકીના ધર્મો છોડવાના છે તે બતાવવા પ્રાયઃ શબ્દપ્રયોગ છે. આમ મુમુક્ષુ માટે પરમાર્થથી જોતાં કોઇ પણ પ્રકારનો ગ્રહ અયોગ્ય જ છે.

ગ્રહો આપણને વાણી-વ્યવહાર-વર્ત્તાવ વગેરે અંગે ખોટી કલ્પનાઓના ખીલે બાંધી દે છે. પછી મિયા ઠેર કા ઠેર.... ધર્મ કરવા છતાં જીવ આગળ વધી જ ન શકે.

તેથી જ્ઞાનીઓ પોકાર કરીને કહે છે, કે દિલને સરળ બનાવી મહાપુરુષોના માર્ગે ચાલ્યા કરો. માયાવી કોઇને અનુસરી શકતો નથી. માટે સાધનાના માર્ગે પહેલી શરત છે, કે કોઇ માયા ન જોઇએ. માયા એ પોતાના કો'ક ગ્રહ-પકડનું જ વિકૃતરૂપ છે. અરે ભગવાન માટે પણ **આચારાંગ** વગેરે સૂત્રોમાં વિશેષણ છે, કે ભગવાન નિર્માયી હતા. માયારહિત હતા.

ભગવાને જો માયા કરી હોત, તો ઉપદ્રવો વખતે માયાના કારણે છટકી શકત. પણ ભગવાને ઉપસર્ગ સહેવામાં પણ 'શક્તિ નથી, શરીર નહીં ખમે' ઇત્યાદિ બહાનાઓ કાઢી માયા કરી ઉપસર્ગથી છટકવાનું રાખ્યું નહીં, તો કેવળજ્ઞાન પામ્યા.

તેથી માયામુક્ત-સરળ બનવું જરૂરી છે. અને સરળવ્યક્તિ જ પૂર્વના મહાપુરુષોના દૃષ્ટાંતને નજરમાં રાખી શકે છે. જેમ કે **સનતકુમાર** ચક્રવર્તીને સોળ મહારોગ ઉત્પન્ન થયા, તો છ ખંડના માલિક હોવા છતાં; બધું જ એકસાથે છોડીને નીકળી ગયા. એ વખતે એ જ હિસાબ રાખ્યો - કે દવાવગેરે કરવાથી કદાચ રોગો દબાશે, પણ જશે નહીં, કેમકે જ્યાં સુધી એવા કર્મો હશે, ત્યાં સુધી રોગો તો રહેવાના જ. અને રોગ સમભાવે ભોગવીશ, તો જ

એ કર્મો જશે. ઓછા થશે.

વળી આ રોગ ભોગવવાએ પાપનો ઉદય નથી પણ મારા પાપનો ક્ષય છે. **'પાપ ઉદયમાં આવ્યા' એમ વિચારવાથી દીનતા આવવાની સંભાવના છે, 'પાપ નાશ પામી રહ્યા છે' એમ વિચારવાથી ખુમારી અને સત્ત્વ વધે છે.** અને પાપનો ક્ષય કર્મનો ક્ષય કરે જ છે. માટે ભોગવે રાખો ! આ સનતકુમાર ચક્રવર્તીએ હિસાબ રાખ્યો, તો સાતસો વર્ષ સુધી મજાથી રોગની વેદના ભોગવી. રોગ આવ્યે આવા મહાપુરુષો નજર સામે રાખવાના છે.

મહાપુરુષોના માર્ગે ચાલો

યત એવમ્--

तदत्र महतां वर्त्म, समाश्रित्य विचक्षणैः ।
वर्तितव्यं यथान्यायं, तदतिक्रमवर्जितैः ॥१४९॥

तदत्र-व्यतिकरे, **महतां वर्त्म समाश्रित्य**-अङ्गीकृत्य **विचक्षणैः**-पण्डितैः, **वर्तितव्यं यथान्यायं**-न्यायसदृशं, **तदतिक्रमवर्जितैः**-महद्वर्त्मातिचाररहितैः ॥१४९॥

આમ હોવાથી-

ગાથાર્થ : તેથી આ પ્રસંગમાં મહાપુરુષોના માર્ગનો આશ્રય કરી, એમને તૈયાર કરેલા માર્ગમાં તેમાં અતિક્રમ ન લાગે એ રીતે યથાન્યાય વર્ત્તવું જોઈએ.

ટીકાર્થ : તેથી આ વ્યતિકરમાં મહાપુરુષોનો માર્ગ સ્વીકારીને પંડિત પુરુષોએ મોટા માણસના માર્ગને અતિચાર ન લાગે એ રીતે ન્યાયને અનુરૂપ વર્ત્તવું.

વિવેચન : યથાન્યાયં વર્ત્તિતવ્યમ્-ન્યાય એટલે પોતાની સમાધિમાટે જે યોગ્ય હોય એ રીતે. ચિત્તની સમાધિ એટલે ? જેથી રાગ-દ્વેષ, હર્ષ-શોક ઓછા થાય એ રીતે રહેવું. જ્ઞાનીના વચનોને આંખસામે રાખી વર્ત્તવું, એ સમાધિ છે. ભગવાનના વચનો - મહાપુરુષોએ ચીંધેલો માર્ગ આપણામાટે આગળ વધવાનો માર્ગ છે. એ માર્ગે ચાલવું એ આપણી સાધના છે. એ સાધના ભગવાને બતાવેલા અતિચારથી મુક્ત હોવી જોઈએ. દરેક સાધના અતિચાર વિનાની કરવાની ટેક જોઈએ. સાધનામાં અતિચાર લાગવાનું એક મુખ્ય કારણ છે, વીર્ય ગોપવવું. યથાશક્તિ નહીં થનારી સાધના સાતિચાર થાય છે. અને વીર્ય ગોપાવવાનું મન થયું એ પણ એક પ્રકારની માયા છે. આમ સાધનામાં અતિચાર લગાડીએ, તો માયા અને વીર્યાન્તરાયના દોષયુક્ત કર્મબંધ થાય છે.

આ અતિચાર અને માયાથી અટકવા મહાપુરુષોને નજરસામે રાખવા જોઈએ. એમના આલંબને આપણું સાધનાનું વહાણ પતનના ખરાબે ચઢતું નથી. એટલું જ નહીં, ન્યાય-પુરસ્સર વ્યવહાર સહજ બને છે, જેથી ખોટી પકડનો ત્યાગ થાય છે. એતદેવાહ--

परपीडेह सूक्ष्मापि, वर्जनीया प्रयत्नतः ।
तद्वत्तदुपकारेऽपि, यतितव्यं सदैव हि ॥१५०॥

परपीडा-परबाधा **इह**-लोके, **सूक्ष्माप्यास्तां** महतीति, किमित्याह **वर्जनीया**-परित्यक्तव्या, **प्रयत्नतः**-सूक्ष्माभोगेन **तद्वत्**-प्रयत्नत एव **तदुपकारेऽपि**-परोपकारेऽपि, **यतितव्यम**-नुष्ठानद्वारेण, **सदैव हीति** ॥१५०॥

આ જ - **મહાપુરુષોનો માર્ગ** બતાવે છે-

ગાથાર્થ : અહીં પ્રયત્નપૂર્વક સૂક્ષ્મ પણ પરપીડા વર્જવી. તેજ પ્રમાણે તેના ઉપકારમાં પણ હંમેશા પ્રયત્ન કરવો.

ટીકાર્થ : પ્રયત્નપૂર્વક=સૂક્ષ્મોપયોગ રાખીને બીજાની મોટી તો શું, નાની પીડા પણ છોડવી જોઈએ. એટલું જ નહીં, બલ્કે શુભ પ્રવૃત્તિઓદ્વારા હંમેશા બીજાઓ પ્રત્યે ઉપકાર કરવા પણ ઉદ્યત થવું જોઈએ.

પરપીડાનો ત્યાગ

વિવેચન : ઝીણામાં ઝીણી સાવધાની કેળવવાથી જ બીજાઓને સૂક્ષ્મ પણ પીડા આપવામાંથી બચી શકાય. પણ એટલાથી ન ચાલે. બીજાના ભલામાટે પણ પ્રયત્ન કરવો જોઇએ. આપણી શક્તિ કે આપણી વસ્તુ બીજાઓના ઉપયોગમાં આવે, તો પરોપકાર થાય.

જીવમાં અનાદિકાલથી કનિષ્ઠવૃત્તિ પડેલી છે. હું મારું કરી લઉં ! મારું કામ થઇ જાય, પછી મારે બીજા સાથે શી લેવાદેવા ? આ સ્વાર્થાંધવૃત્તિનું કારણ છે હૃદયની સંકુચિતતા. આ વૃત્તિ હૃદયપર મોહરાજે ઢાકેલું ઢાંકણું છે. જેમ સાંકડા મોંવાળો કે ઊંધો ઘડો વરસાદમાં પણ પાણીથી ભરાતો નથી, તેમ મોહના આવા ઢાંકણાથી સંકુચિત અને આવૃત્ત થયેલા હૃદયમાં જ્ઞાન-વિવેક ક્યાંથી આવવાના ?

આ સંકુચિતતા હોવાથી હૃદયમાં ગુણો આવતા નથી. ગુણોને આવવા, ટકવા અને વધવા માટે વિશાળ હૃદયની જરૂર છે, વિશાળહૃદયવાળી વ્યક્તિ જ વિચારી શકે, કે જેમ હાથી અને ઉંદરને પણ કાયા મળી છે, પણ એ કોઇના કામમાં આવતી નથી, તો એ કાયા શી કામની ? એમ મારી કાયા જો બીજા માટે ઘસાઇ છૂટે નહીં, તો એ મારી કાયા શી કામની ?

જયવીયરાય સૂત્રમાં પરાર્થકરણનો ગુણ પ્રાપ્ત કરવામાટે પ્રાર્થના કરવામાં આવી છે. એ બતાવે છે કે મોક્ષમાર્ગના સાધક માટે પરાર્થકરણ કેટલું બધું આવશ્યક છે? અલબત્ત, જયવીયરાયમાં પરપીડાત્યાગ અલગ બતાવ્યો નથી, પણ ત્યાં એનો સમાવેશ પરાર્થકરણમાં કર્યો છે, કેમકે પોતાના તરફથી બીજાને પીડા ન પહોંચે, એ પાયો છે. એના આધારે જ પરાર્થકરણ ગુણ ઊભો થાય છે. નહીંતર તો પરપીડા ઊભી રાખી, પરાર્થકરણ-ગુણ તો સોટી મારી મલમ લગાડવા જેવો બની રહે. તેથી પરપીડાત્યાગ તો જોઇશે જ.

પરાર્થકરણ

મુમુક્ષુએ ન્યાયપૂર્વક મહાપુરુષોના જે માર્ગે આગળ વધવાનું છે, તે માર્ગનું પ્રથમ પગથિયું પરપીડાત્યાગ અને બીજું પગથિયું **પરાર્થકરણ છે,** આના દ્વારા નક્કી થાય છે કે મહાપુરુષ થવા અને મોક્ષમાર્ગે આગળ વધવા હૃદયની વિશાળતા પાયાની જરૂરિયાત છે. પણ એમાં ય પકડ-ગ્રહ ત્યાગ જરૂરી છે. કારણ કે પકડ હોય ત્યાં હૃદયની વિશાળતા ન હોય. અને તો પરપીડાત્યાગ વગેરે ગુણો પણ આવે નહીં.

મેઘકુમારનું કલ્યાણ કેવી રીતે થયું ? રાતે દુર્ધ્યાનમાં ચઢી ગયા હતા. આવતા-જતા સાધુઓના પગ લાગવા-ધૂળ પડવી વગેરેના કારણે દીક્ષાની પ્રથમ રાતે જ ઉંઘ ન આવી, લાગ્યું કે સંયમજીવન નહીં પાળી શકાય. સવારે ભગવાનને ઓઘો આપી ઘરભેગો થઇ જઇશ.

પણ બીજે દિવસે સવારે ભગવાને મેઘકુમારને પૂર્વનો હાથીનો ભવ યાદ કરાવી કહ્યું- મેઘકુમાર, તમે હાથીના ભવમાં સસલાની દયા કરી અને એમાટે કષ્ટ સહ્યું. હવે આ ભવમાં સાધુ મહાત્માઓની રજથી હેરાન થઇ ગયા ? એટલું સહન નથી થતું ?

ત્યારે જો મેઘકુમારે પકડ રાખી હોત, તો તરત કહેત - તે વખતે-હાથીના ભવમાં તો હું અબૂઝ હાથી હતો. ત્યારની વાત જૂદી હતી. હવે આ ભવમાં તો હું રાજકુમાર-ફૂલની શય્યામાં ઉછરેલો છું. આ બે પરિસ્થિતિવચ્ચે ફરક ખરો કે નહીં ? વળી એ ભવમાં તો કો'કનો જીવ બચાવવાનો હતો, આ ભવમાં આ ધૂળ સહેવાથી કોનો જીવ બચવાનો છે?

પણ મેઘકુમારે પકડ રાખી નહીં. ભગવાનના જ્ઞાન અને ભગવાનના વચનપર વિશ્વાસ રાખ્યો. પરિણામે ફરીથી સાધનામાં સ્થિર થઇ ગયા, એટલું જ નહીં વધુ જોશભેર સાધના ઉપાડી. આત્મનિરીક્ષણ

કરી જોયું - હું કાયાની માયામાં ભૂલ્યો. તો હવે મારે એ જ તોડવી જોઇએ. અને પ્રભુપાસે અભિગ્રહ લીધો - સાધુઓની વૈયાવચ્ચ-સેવા કરીશ... અને એ કરતાં કરતાં જે સહન કરવાનું આવે, તે બધું સહી લઇશ. બસ એક આંખને સહન કરવાનું આવે, તો માવજત કરીશ, તે પણ સેવા-વૈયાવચ્ચ-જીવદયા સારી રીતે થઇ શકે તે માટે.' આ કેમ બન્યું? શરીરના કષ્ટથી થાકીને ભગવાન પાસે ઓઘો મુકવા ગયેલા મેઘકુમારે ઓઘો મુકવાની વાત તો બાજૂપર રાખો, વધુ શરીર કષ્ટ ઉઠાવવાનો અભિગ્રહ લીધો... કેવી રીતે બન્યું આ? તો કહો, કે પકડ નહોતી રાખી માટે. અને ખરી વાત એ છે, કે **સંસારના હિસાબ પડતા મુકો, તો સાધના થાય. સંસારના બંડલ સાથે હોય, તો સાધના ન થાય.** ચક્રવર્ત્તીના ભાઇ હોવા છતાં બાહુમુનિ-સુબાહુમુનિ ૫૦૦ સાધુઓની સેવા-વૈયાવચ્ચ કેવી રીતે કરી શક્યા? સંસારના હિસાબસાથે રાખ્યા હોત, તો બીજા માટે -પરાર્થ માટે શરીર ઘસવાનું મન ન થાત, અને આટલી સરળતા ન હોત. પણ પછી આટલા આગળ પણ ન વધી શકત.

બીજા ભવમાં આરિસાભવનમાં કે બેનોના વચન સાંભળી તરત સ્વીકારી લઇ પગ ઉપાડવા-માત્રથી કેવળજ્ઞાન ભરત-બાહુબળીને થયા, તેમાં આ સરળતાપૂર્વકની પરાર્થકરણ ક્રિયા કામ કરી ગઇ.

મૂળ વાત આ છે, આગ્રહ છોડી, સંસારના હિસાબ છોડી, મહાપુરુષોના માર્ગે આગળ વધો કે જેમાં પ્રથમ છે પરપીડાનો ત્યાગ અને પરાર્થ-કરણ. કેમકે આગ્રહ રાખનારો સરળ ન હોઇ શકે. કોઇપણ પ્રકારની પકડ કે સંસારી સ્વાર્થી રમત હૈયાને મેલું બનાવે છે, કપટી બનાવે છે; કે જે સાધનાના મુખ્ય વિરોધી પરિબળ છે. અને જીવનના અંત સુધી પાયાની જે બે વાત જાળવી રાખવાની છે, તે મુકાવે છે. અંત સુધી ટકાવવા જેવી પાયાની બે વાત છે (૧) પરપીડાનો ત્યાગ - 'હું કોઇને પણ ક્યારે'ય પણ પીડા કરનારો ન થાઉં' આ પ્રતિજ્ઞા હોવી જોઇએ અને (૨) પરાર્થકરણ.. 'જીવનના છેવાડા સુધી હું બીજામાટે મારાથી બનતું બધું જ કરી છુંટું' આ આદરપૂર્ણ સંકલ્પ જોઇએ.

મહાપુરુષોના માર્ગે આગળ વધવામાટે બીજા કર્ત્તવ્યો આ છે -

પૂજ્યોની પૂજા....

તથા-

गुरवो देवता विप्रा, यतयश्च तपोधनाः ।
पूजनीया महात्मानः, सुप्रयत्नेन चेतसा ॥१५१॥

गुरवो-मातापितृप्रमुखाः, **देवता** सामान्येनैव, **विप्राः**-द्विजाः, **यतयश्च**-प्रव्रजिताश्च, **तपोधनाः**-तद्वन्तः, **पूजनीया महात्मानः**, सर्व एवैते यथार्हम् । कथमित्याह **सुप्रयत्नेन चेतसा**-आज्ञाप्रधानेनेत्यर्थः ॥१५१॥

તથા,

ગાથાર્થ : ગુરુઓ, દેવતા, વિપ્રો, યતિઓ, અને તપોધનો આ મહાત્માઓ સુપ્રયત્નવાળા ચિત્તથી પૂજનીય છે.

ટીકાર્થ : ગુરુઓ = માતાપિતાવગેરે. દેવતા = સામાન્યથી જ જે દેવ હોય. વિપ્ર = બ્રાહ્મણો - દ્વિજ. યતિ = પ્રવ્રજિત - દીક્ષિત. તપોધન = તપથીયુક્ત - મહાપુરુષો. આ બધા જ મહાત્માઓ યથાયોગ્ય પૂજનીય છે. શી રીતે ? તે બતાવે છે. સુપ્રયત્નેન ચેતસા - આજ્ઞાપ્રધાન ચિત્તથી.

વિવેચન : મહાપુરુષોનો માર્ગ વિનયનો છે, ઉપકારીઓને ઉપકારીતરીકે સ્વીકારી, ગુણવાનોને ગુણવાનતરીકે સ્વીકારી, પૂજનીય માનવા જોઇએ. અહંકારથી બચવા અને અહંકારને દૂર કરવા આ જરૂરી છે. આ પૂજ્યો તરીકે જેઓનો સમાવેશ થાય છે, તે બતાવે છે. (૧) ગુરવઃ - માતા-પિતા

વિદ્યાગુરુ વગેરે વડીલવર્ગનો આમાં સમાવેશ થાય. આમને માત્ર મનમાં માની લેવા માત્રથી નહીં ચાલે. યોગ્ય ભક્તિ કરીએ, તો પૂજ્ય માન્યા ગણાય. પોતે જૂના કપડા પહેરી આ પૂજ્યોને નવા કપડા પહેરાવે. એ જ રીતે ભોજન-પાનવગેરેમાં પણ એમનું પહેલા સાચવે... અરે કોઇ સારું કામ પોતે કરીને પણ જશ આ ગુરુવર્ગને આપે. નામ એમનું આગળ કરે. ક્યાં'ક એ ગુરુવર્ગથી પણ કશુંક અજૂગતું થઇ ગયું હોય, તો પણ દંડ કે અપજશનો ટોપલો પોતાના માથે ચઢાવે. એમની હાજરીમાં એમની પૂરી આમન્યા જળવાય, એ રીતે જ ઉઠવા-બેસવાનું વગેરે કરે... વાતો પણ ધીમા સ્વરે કરે. મારવાડીમાં હજી જોવા મળે છે, કે ગોચરી ગયા હોઇએ, ત્યાં વહૂ સાસુને કશું કહે, તો પણ તે એકદમ ધીમા સ્વરે, કાનમાં ગુનગુન કરે એટલા જ સ્વરે.

આ બધો ગુરુવિનય છે. ટૂંકમાં બધાને સ્પષ્ટ ખ્યાલ આવે, કે આ ગુરુવર્ગ પૂજ્ય છે અને આ તેનો પૂજક છે. સાધુ-સાધ્વીઓએ પણ આમાંથી ઘણું સમજવાનું છે, દીક્ષા લીધી એટલે ગુરુ માતા-પિતાના સ્થાને આવ્યા. એમનો પૂરો વિનયભાવ સાચવવાપૂર્વક ભક્તિથી પૂજ્ય બનાવવા જોઇએ.

દેવતા અને દ્વિજ = બ્રાહ્મણ એટલે કે વિદ્યા-સંપન્ન અને વિદ્યાદાનકર્તા વ્યક્તિ પણ પૂજ્ય છે. દેવતાથી સામાન્યથી જે પણ પોતાને દેવતાતરીકે ઇષ્ટ હોય, તે લેવાના છે. અવસરે બ્રાહ્મણવર્ગને પણ ભોજનાદિથી સંતુષ્ટ રાખે. સંસારત્યાગી સાધુજનો પ્રત્યે પણ આદર-બહુમાન રાખી અવસરોચિત સેવા ભક્તિ કરવી જોઇએ. આ સાધુઓ તપોધન છે, તપરૂપી ધનવાળા છે. ધન માને એટલે એને જ માલ-મિલકત-મૂડી તરીકે જૂએ. તપ ન થતો હોય, તો પણ તપને જ ખરી મૂડી માને, અને ખાવાને ધૂળ સમાન સમજે. તપના ઉપલક્ષણથી ભક્તિ, વૈયાવચ્ચ, જ્ઞાન, પરાર્થ આ બધામાં જ ધન-સંપત્તિ માને. અહીં ધન-સંપત્તિ કહેવાનું કારણ એ છે, કે જીવને એની અનુમોદના રહે કે મારે આટલી તપસંપત્તિ, જ્ઞાનસંપત્તિ ભેગી થઇ. અને નવી-નવી કમાવાની ઝંખના રહે. આવા તપોધન સાધુઓની ભક્તિ કરવી જોઇએ. આગ્રહ પૂર્વક લાભ લેવો જોઇએ. પણ ઝપાઝપી ન હોય. મર્યાદામાં હોવું જોઇએ.

જીવાભાઇ (જીવતલાલ પ્રતાપશી) ના બંગલે ક્યારેક ઉતરાવાનું થાય. નીચેના વિશાળ ખાલી હોલમાં ઉતરીએ. એ દિવસે જીવાભાઇના ધર્મપત્ની જાસુદબેન લાભ લેવાની તીવ્ર ઇચ્છા રાખે. સાધુમહારાજને ગોચરી બોલાવવા વસંત-ભાઇને મોકલે. આગ્રહ કરી ઘરે લઇ જાય. પછી વહોરાવવા યોગ્ય બધી વસ્તુના ડબ્બા ખુલ્લા કરી, એવા ગદ્ગદ્ કંઠે વિનંતી કરે કે 'સાહેબ ! કુટુંબ વસ્તારી છે, તેથી આપનેમાટે બધું માત્ર નિર્દોષ છે એમ નહીં, પૂરતો લાભ આપશો, તો પણ વાંધો નહીં આવે, બાકી બંગલાવાળા બનવાના અહંમાં ગુરુભક્તિનો લાભ ગુમાવી બેઠા છીએ.' એવા ગળગળા થાય, કે લાભ આપવો જ પડે. પણ એમાં વિવેક હતો, પાત્રા ઝુંટવી લેવા કે વિવેક વિનાનો આગ્રહ ક્યાંય નહીં. આ તો આવે, જો ગુરુતત્ત્વપર શ્રદ્ધા-વિવેકપૂર્ણ બહુમાન પૂજનીય ભાવ હોય.

આમ મહાપુરુષના પંથે જવા આ રીતે માતા-પિતાવગેરે પૂજ્યોની સેવા-ભક્તિપરાયણતા લાવવી પડે. પ્રસ્તુતમાં 'મહાત્મા' શબ્દ બધા પૂજ્યોમાટે જોડવાનો છે. માતા-પિતાવગેરે પણ મહાત્મા વિશેષણથી યુક્ત છે. કદાચ માતા-પિતા ધાર્મિક ન પણ હોય, તો પણ મહાન એટલા માટે છે, કે સંતાનપ્રત્યે ખુબ વાત્સલ્ય રાખ્યું છે, અને ઘણો ભોગ આપ્યો છે. તેથી સંતાનમાટે તો માતા-પિતા મહાત્મા જ ગણાય. ચોથી દૃષ્ટિમાં હજી

મિથ્યાત્વ ગયું ન હોવા છતાં વિનયની કેટલી ઊંચી ભૂમિકા બતાવી છે ? તે આના પરથી વિચારવાનું છે.

આ બધા મહાત્માઓ સુપ્રયત્નવાળા ચિત્તથી પૂજ્ય છે. સુપ્રયત્ન = સારો પ્રયત્ન. સારો પ્રયત્ન કોને કહેવાય ? જે પ્રયત્ન આજ્ઞાપ્રધાન હોય. અર્થાત્ જેમની સેવા-ભક્તિ કરીએ છીએ, તેમની આજ્ઞાને મુખ્ય રાખવાની છે. સેવા-ભક્તિ પાછળ આશય છે કે મારી સેવાથી રંજિત થયેલા આ પૂજનીયો મને ક્યારે આજ્ઞા કરે ? અને હું કેવી રીતે સારામાં સારી રીતે એમની આજ્ઞાનું પાલન કરું ?

ગૌતમસ્વામીમાં આ જોવા મળે છે. સતત ગુરુકુલવાસ સેવ્યો. અને સતત પ્રભુઆજ્ઞાની અપેક્ષાવાળા હતા ! ક્યારે પ્રભુ આજ્ઞા કરે ? હું ક્યારે પ્રભુની આજ્ઞાને માથે ચઢાવું ? ક્યારે મને આજ્ઞાપાલનનો લાભ મળે ? આ સતત ઝંખના હતી. તેથી જ પ્રભુએ પોતાના અંતસમયે કે જ્યારે પ્રભુ અસ્ખલિતધારાએ દેશનામેઘ વરસી રહ્યા હતા, ત્યારે ગૌતમસ્વામીને કહ્યું કે જાઓ દેવશર્માને પ્રતિબોધ કરવા. ત્યારે પણ ગૌતમસ્વામી જરા પણ ઊંચા-નીચા થયા વિના હોંશભેર ઉપડ્યા.

ભગવાને આજ્ઞા કરી, જાઓ આનંદશ્રાવકને મિચ્છામિ દુક્કડમ્ દઈ આવો. અને ગૌતમસ્વામી એ જ પ્રસન્નતાથી મિચ્છામિ દુક્કડમ્ દઈ આવ્યા.

ખરેખર, અહીં કેવી આજ્ઞા કરી, એ ન જોતા, ભગવાને મને આજ્ઞા કરી ! અહો મારા અહોભાગ્ય! આવો ભાવ જ મનમાં ઊભો કર્યો હશેને ! અને ખરી વાત જ એ છે, કે આવો અહોભાવ થાય, તો એક-એક આજ્ઞા કર્મના ઝુંડના ઝુંડ ઉખેડી નાંખવા સમર્થ બને. હું તો ગુરુનો અદનો સેવક ! ગુરુની આજ્ઞા મારા જેવાને મળે ક્યાંથી ? ખરેખર મારા પુણ્ય તપે છે કે ગુરુ મને આજ્ઞાયોગ્ય ગણે છે ! આ ભૂમિકાની તાકાત છે કે વિપુલ કર્મક્ષય કરાવી દે ! ગુણશ્રેણિ મંડાવી દે !

માલિકનો વફાદાર ઘોડો માલિક પાસે હંમેશા ઝુકેલો જ હોય, બસ એ જ રીતે પૂજનીય ગુરુતત્ત્વ આગળ ઝુકેલા જ રહેવું જોઈએ. આ છે આજ્ઞા-પ્રધાનતા... અહીં આજ્ઞાને સાપેક્ષ રહેવાની વાત નથી. આજ્ઞાની કાંક્ષાવાળા બનવાની વાત છે. આજ્ઞાને વધાવી લેવાની વાત નથી, આજ્ઞા ક્યારે થાય ? તેવી સતત ઝંખનાની વાત છે !

મનને આવા આજ્ઞાકાંક્ષી બનાવવું, એ પણ એક જબરી યોગસાધના છે. એ આવ્યા પછી ઉપરની કક્ષાના ગુણોની ભૂમિકા બને છે. જીવનમાં જીવવાની સફળતા આનાપર જ છે, કે તમે મનને કેટલું વાળ્યું ? કેટલું ઘડ્યું ? ખરેખર જોવા જાવ, તો મહાપુરુષનો માર્ગ જ મનને ઘડવાનો માર્ગ છે. મન ખોટી વાતોથી ઘડાઈ ગયેલું છે... અને એમાં કાંઠુ થઈ ગયેલું મન જલ્દી સુધરવા નથી માંગતું... **મનના મુખ્ય ત્રણ દૂષણો છે.**

(૧) **મન દુષ્ટ છે,** એ બીજાની પીડાને માત્ર ગણકારતું નથી એમ નહીં, પણ બીજાની પીડાપર રાજી થાય છે. ત્યાં મનને સુધારવા **પરપીડાત્યાગનો** માર્ગ બતાવ્યો. ગમે તે થાય, મારે બીજાને પીડા આપવી નહીં, કે બીજાને પીડાતા જોઈ રાજી થવું નહીં. બીજાની પીડાપર રાજી થનારો ઘા ભલે નથી કરતો, પણ ઘામાં મીઠું તો ભભરાવે જ છે. તેથી એ પણ મોટી પરપીડા જ છે. (૨) **મન સ્વાર્થી** છે, આત્મકેન્દ્રી છે. મનને બીજાનો કદી વિચાર આવતો નથી, બીજામાટે નિસ્વાર્થભાવે ઘસાઈ છૂટવાની વાત મનમાટે મરી જવા કરતાં અઘરી છે. અહીં મનને ઘડવામાટે **પરાર્થકરણપર** ભાર મુક્યો. પોતાનું નુકસાન વેઠીને પણ બીજાનું ભલું કરો, બીજામાટે ઘસાઈ છુટો, બીજાનું કશું સારું કર્યા વિનાના ગયેલા વરસ, મહીના, દિવસ, કલાક તો શું મિનીટ કે સેકંડને પણ વ્યર્થ, પાણીમાં ગયેલી,

ગોઝારી ગણો. બીજાના સારાની માત્ર અનુમોદનાથી નહીં ચાલે, કેમકે એટલાથી મનના સ્વાર્થને ઘસારો નથી પહોંચતો, સક્રિયરીતે મનને બીજાના સારામાં જોડો. (૩) **મનની ત્રીજી દુષ્ટતા છે અહંવૃત્તિ,** જે વિનય-કૃતજ્ઞતાને ચુકાવે છે. ઉપકારીઓ અને ઉત્તમપુરુષોપ્રત્યે પણ સદ્‌ભાવ, સેવા, આજ્ઞાંકિતતા વગેરે ન આવવા દેનાર આ અહંકાર છે. આના જ કારણે ઉત્તમપુરુષોનો થયેલો યોગ પણ નિષ્ફળ જાય છે. માટે મનને સંસ્કારિત કરવા, અને અહંકાર મુક્ત કરવા, ઉત્તમ ઉપકારી ગુરુઓની પરાધીનતામાં રાખવાની જરૂરત છે. તેમાટે આ ત્રીજો **ગુરુજન-પૂજનો** માર્ગ બતાવ્યો.

આ ત્રણ કર્યા વિના ક્રિયાઓ કરીશું તો તે ઉપરછલ્લી રહેશે, અંતે પરભવમાં શું લઇ જવાનું રહેશે ? એ જ કાઠુ મન... ક્રિયાઓના કારણે પુણ્યના પડીકા મળશે, પણ પરિવર્ત્તન નહીં મળે. **આ ભવ મનના પરિવર્ત્તનમાટેનો છે.**

મન ઔદયિક ધર્મોને પકડીને બેઠું છે. ક્રોધ, સ્વાર્થ આ બધા ઔદયિક ધર્મો છે. ધર્મો મુખ્યતયા ત્રણ પ્રકારના છે. (૧) ઔદયિક-કર્મોના ઉદયથી આવતા ધર્મો, જેમકે જ્ઞાનાવરણકર્મના ઉદયથી જ્ઞાનાવરણ. દર્શનાવરણના ઉદયથી દર્શનાવરણ. વગેરે... એમાં મિથ્યાત્વવગેરે જાતજાતના મોહનીય કર્મોના ઉદયથી મિથ્યાત્વ, ક્રોધવગેરે ધર્મો આવે છે. આ બધા ધર્મો ઘાતિકર્મોના ઉદયથી પ્રાપ્ત થાય છે. (૨) મોહનીયકર્મના ક્ષયોપશમથી ચારિત્ર પ્રાપ્ત થાય, એટલે મોહનીયજન્ય ઔદયિક ધર્મો ઘસાતા જાય છે, અને ઉત્તમ ક્ષમાવગેરે ૧૦ યતિ-ધર્મો ક્ષયોપશમભાવે પ્રાપ્ત થાય છે. આમ ક્રોધ-વગેરે ઔદયિક ધર્મો જાય અને ક્ષમાવગેરે ક્ષાયોપ-શમિક ધર્મો આવે.

એ ક્ષાયોપશમિક ધર્મોનું વારંવાર સેવન-પરિશીલન કરતાં કરતાં વિશિષ્ટ સામર્થ્ય પ્રગટે ત્યારે (૩) ક્ષાયિકધર્મો પ્રાપ્ત થાય છે. ઘાતિકર્મોના ક્ષયથી પ્રગટ થતાં ધર્મો ક્ષાયિક છે જેવા કે વીતરાગતા, વીતદ્વેષતા વગેરે. આપણે આરાધના ક્ષાયોપશમિક ધર્મોદ્વારા ક્ષાયિક ધર્મોમાં જવામાટે કરવાની છે.

ક્રોધ નામના ઔદયિકધર્મમાંથી ક્ષાયોપ-શમિક ક્ષમા પામી ક્ષાયિક ઉપશાન્ત ભાવના ધણી થવાનું છે. આ માટે ભગવાનવગેરે મહાપુરુષો આલંબનભૂત છે. એમને નજર સામે રાખવાના છે. પાલક પાપીની ઘાણીમાં પિલાતા મુનિઓને સ્કન્દકાચાર્યે નિર્યામણા કરાવી. તેઓ ક્ષાયોપશમિક ક્ષમામાંથી સ્વભાવભૂત-સહજ બનેલ ક્ષાયિક ઉપશમભાવમાં પહોંચી ગયા. આત્મા અને શરીર વચ્ચેનો ભેદ ઓળખીને અને હાડકા કડકડ તૂટી રહ્યા હતા, ત્યારે ભગવાન **મુનિસુવ્રતસ્વામીને**-એમના ઉપદેશને નજર સામે લાવીને ક્ષમાને સ્વભાવભૂત બનાવી દીધો.

આ જ વાત નજરમાં રાખો. આપણને કર્મ સાથે કે શરીરસાથે કોઇ લેવા-દેવા નથી, શુદ્ધ આત્મસ્વભાવભૂત ગુણો-ધર્મોસાથે જ લેવા દેવા છે. ને આ ભવમાં એ જ કરવું છે કે કેવી રીતે મારા સ્વરૂપયોગ્ય ગુણો પ્રગટરૂપતાને પામે! આત્મામાં ધરબાયેલા અનંત ગુણો કેવી રીતે બહાર આવી વિકસે ? જે અત્યારસુધી દુષ્ટતા, સ્વાર્થીપણું, અહંકારવગેરે સહજ હતા, વગર ભણ્યે કે અભ્યાસ કર્યે અવસરે હાજર થઇ જતા હતાં, તે બધા કેવી રીતે ભૂલાતા જાય, ઘસાતા જાય અને એના પ્રતિપક્ષીગુણો સહજ થતાં જાય ? બસ આ જ લગની હોવી જોઇએ, તો આપણે ક્ષાયોપશમિક ગુણો આ ભવમાં અને તેના દ્વારા ક્ષાયિક ગુણો પરભવમાં પામી શકીશું.

આ લગની હોય, તો પરભાવમાં-ઔદયિક-ભાવોમાં મન જાય નહીં. નાની-મોટી કોઇ પણ

ચીજપ્રત્યે આકર્ષણ જામે નહીં ! પ્રત્યેક આકર્ષણ અને મોહયુક્ત મનની પ્રત્યેક ધારણા બંધનરૂપ લાગે.

ઔદાયિકભાવોરૂપ બંધન તોડવાના ઉપાય

સુધર્માસ્વામીએ દીક્ષિત થયેલા **જંબૂસ્વામીને** કહ્યું, *બુજ્ઝિજ્જત્તિ, તિઉટ્ટિજ્જા, બંધણં પરિયાણિયા...* હે જંબૂ ! તમે એમ ન માનશો કે ૯૯ કરોડ સોનૈયા છોડી દીધા ! રૂપરૂપના અંબાર જેવી આઠ પત્નીઓ ત્યાગી ! અત્યંત વાત્સલ્ય ધરાવતા માતા-પિતા છોડ્યા... તેથી સમજદાર છું ! કેમકે આ પણ બંધન છે. છોડવાના અભિમાનનું !

ત્યારે જંબૂસ્વામી પૂછે છે - હે પ્રભો ! તો બંધન શું છે ? કયો ભાવ લાવવાથી બંધન તૂટે ? સુધર્માસ્વામી કહે છે, કે એક તણખલાનો મોહ પણ બંધન છે, તો કાયાનો મોહ તો બંધન કેવું ભારી ? મનના માનેલા ગણિતો બંધન છે, ક્રોધ-માન-માયા-લોભ બંધન છે ! ટૂંકમાં જે આત્મ-સ્વભાવભૂત નથી, તે બધું જ બંધનરૂપ છે.

બંધન જાણી બંધન તોડવાના ઉપાય બે રીતે અજમાવવાના, જ્ઞપરિજ્ઞાથી અને પ્રત્યાખ્યાન-પરિજ્ઞાથી. જ્ઞપરિજ્ઞા બંધનનું સ્વરૂપ અને તેને છોડવાના ઉપાયો બતાવે છે. બંધન આત્મગુણોને ઢાંકનારા છે, બાધક છે, મારક છે. આ જ્ઞાનપૂર્વકની તીવ્ર શ્રદ્ધા ઊભી કરો. માત્ર મોઢેથી કહેવાની વાત નથી, કે મને શ્રદ્ધા છે, હું માનું છું.... આ લૂખ્ખી શ્રદ્ધા છે. ખરી શ્રદ્ધા ત્યારે કહેવાય, કે આવા બંધનો દેખાયને હૃદયને ફફડાટ થાય... અરર ! આ બંધન તો મારા ગુણોના ઘાતક છે ! આ ફફડાટ છે. બિલાડી ઘાતક લાગે છે, તેથી તેને જોતાં જ કબૂતર જે રીતે ફફડાટ કરે છે, એવો ફફડાટ, આત્મગુણોના ઘાતક ઔદયિકભાવના તમામ સ્વરૂપોમાં થાય... ટૂંકમાં વસ્તુને જાણી તેપર શ્રદ્ધા કરવી તે જ્ઞપરિજ્ઞા છે.

પ્રત્યાખ્યાનપરિજ્ઞા : બંધન ખોટા છે તે જાણ્યા પછી બંધનથી મુક્ત કરાવે તેવા વ્રત-નિયમ લઈ-પચ્ચક્ખાણ કરવા તે પ્રત્યાખ્યાનપરિજ્ઞા છે.

આ બંને પરિજ્ઞા મોક્ષના ઉપાયભૂત છે. આશ્રવના અને સંવરના એમ બંને પ્રકારના સ્થાનોમાં આ બંને પરિજ્ઞા ઉપયોગી છે.

અઢાર પાપસ્થાનકો આશ્રવસ્થાનો છે, તો પહેલા જ્ઞપરિજ્ઞાથી સમજી ફફડાટ ઊભો કરાય અને પછી એ પાપસ્થાનકોના ત્યાગમાટે પ્રત્યાખ્યાન-પરિજ્ઞા.

એ જ રીતે સ્વાધ્યાય, ધ્યાન, કાઉસગ્ગ વગેરે સંવર સ્થાનો છે. જ્ઞપરિજ્ઞાથી એ જાણીને એ સેવવાના ઉમળકા જાગે અને પછી નિયમપૂર્વક એ સ્થાનો સેવવામાટે પચ્ચક્ખાણ-નિયમ કરાય, તે પ્રત્યાખ્યાન-પરિજ્ઞા. જેમકે કાઉસગ્ગ કરવાનો - પ્રતિક્રમણ કરવાનો કે એવો કોઇ આરાધનાનો સમય થાય, ને હૈયુ આનંદથી ઉભરાય. વાહ ! કેવો સંવરનો સમય આવ્યો ! કર્મક્ષયનો કેવો સરસ અવસર આવ્યો ! તપ કરવાનો આવે ને થાય, કે વાહ ! ભગવાને કેવો સરસ તપનો માર્ગ બતાવ્યો. રાતના પહેલા-છેલ્લા પહરે સ્વાધ્યાય કરતી વખતે પણ કંટાળો નહીં પણ ઉમંગ આવે કે વાહ ! ભગવાને કેવું સરસ સાધુજીવન બતાવ્યું કે જેમાં આવો મજાનો સ્વાધ્યાય કરવા મળે છે. આમ જ્ઞપરિજ્ઞાદ્વારા આનંદભાવ ઊભો થાય અને પછી તે-તે અનુષ્ઠાન કરતી વખતે તે કરવાનો સંકલ્પ થાય, ત્યારે પ્રત્યાખ્યાનપરિજ્ઞાદ્વારા એ અનુષ્ઠાનમાં એકાકાર થવાનો નિશ્ચય થાય.

આ રીતે ક્ષાયોપશમિક ભાવે ક્રોધાદિત્યાગ-ક્ષમા વગેરે કરતાં કરતાં ક્ષાયિકભાવે પણ તે આવી જાય. પહેલા મહાપુરુષોના આલંબનઆદિ દ્વારા ક્ષમા રાખવાનો પ્રયત્ન થાય, પછી આલંબન વિના પણ સહજભાવે ક્ષમાવગેરે આવી જાય. અર્થાત્ હવે કોઇ આલંબનથી નહીં કે કોઇ પ્રયોજનથી

નહીં; પણ સ્વભાવથી ક્ષમા આવી જાય. જે વાત ક્ષમામાટે એ જ વાત બીજા આત્મિક ગુણોમાટે સમજવાની.

એ જ રીતે દોષો-દુર્ગુણોથી બચવા હવે સભાન પ્રયત્ન નહીં કરવો પડે, સહજ જ દોષો છૂટી જવાના. આમ ક્ષાયિકભાવના ગુણો લાવવા અને અવગુણોનો ક્ષાયિકભાવે નાશ કરવા મહાપુરુષોના માર્ગે ચાલવાનું છે. અને મનની ખોટી પકડો છોડવાની છે. ચોથી દૃષ્ટિમાં આ કરવાથી પાંચમી દૃષ્ટિથી જે સમ્યક્ત્વઆદિ વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ છે, તેમાટે યોગ્ય ભૂમિકાનું સર્જન થાય છે.

આ હેતુથી જ ચોથી દૃષ્ટિમાં મનની ત્રણ કુટેવો -ત્રણ ખોટી વાત ટાળવા ત્રણ વાત કરી. પર-પીડાનો ત્યાગ, પરાર્થકરણ અને પૂજ્યોની સેવા-ભક્તિ-વિનયયુક્તતા. અલબત્ત અહીં વિપ્ર-દ્વિજની જે વાત કરી છે તેનો અર્થ બ્રાહ્મણ ખરો. પણ બ્રાહ્મણ એટલે સદાચારી, પવિત્ર જીવન ગુજારવાવાળો, વિદ્યાસંગી અને સંતોષી. પોતે જે ધર્મમાં છે તે ધર્મમાં રહેલા આવા ગુણોવાળા સજ્જનોની સેવા કરવી એ આશય છે. દ્વિજ = બે વખત જેનો જન્મ થયો છે તે. એકવાર માતાએ જન્મ આપ્યો તે, અને બીજો યજ્ઞોપવિત વિધિ વખતે જનોઇ પહેરે ત્યારે. એ જ રીતે દીક્ષા લેનાર સાધુ પણ દીક્ષા લેતી વખતે બીજો જન્મ પામતા હોવાથી દ્વિજ કહેવાય.

સમ્યક્ત્વ પામનાર સમ્યક્ત્વ પામે, ત્યારે બીજો અવતાર પામ્યો ગણાય, તેથી દ્વિજ ગણાય. ટૂંકમાં જે માતાના પેટમાંથી જનમવારૂપ સામાન્ય જનપ્રવાહ પ્રસિદ્ધ જન્મથી ઊંચે ઊઠી કાં'ક વિશેષ ઉત્તમ કાર્ય કરવા સંકલ્પપૂર્વક આરંભ કરે તે દ્વિજ ગણાય. અહીં સમ્યક્ત્વ પૂર્વેની અવસ્થા-યોગની ભૂમિકામાં રહેલી વ્યક્તિની વાત છે. એ વ્યક્તિ કોઇ પણ ધર્મ પાળતી હોય, છતાં જો મહાપુરુષોએ બતાવેલા માર્ગે ચાલતી હોય, તો યોગની આગળની દૃષ્ટિઓ પામી શકે છે, આ લક્ષ્યથી અહીં વિપ્રપૂજાવગેરે વાત કરી છે. કારણ કે કોઇ પણ ધર્મની ભૂમિકામાં રહેલો જીવ જો મહાપુરુષોએ આચરેલા માર્ગે આગળ વધવાનો પ્રયત્ન કરે, તો જ મન ઘડાય. અને મોહનીય કર્મજનિત ઔદયિક-ભાવોથી પડી ગયેલી મનની ખોટી ટેવો નીકળે.

મુખ્ય વાત એ હતી, કે મનની ત્રણ કુટેવો મુખ્ય છે. મન દુષ્ટ છે, મન સ્વાર્થી છે, મન અહંકારી છે. એમાટે ત્રણ વાત કરી (૧) પરપીડાત્યાગ (૨) પરાર્થકરણ અને (૩) પૂજ્યોની પૂજા. હજી મનની એક કુટેવ છે - બીજાને અપરાધી જોવો, અને દંડપાત્ર ગણવો. એ સામે મહાપુરુષોના માર્ગની ચોથી વાત કરે છે.

પાપીપર પણ અનુકંપા

किञ्च--

पापवत्स्वपि चात्यन्तं, स्वकर्मनिहतेष्वलम्।
अनुकम्पैव सत्त्वेषु न्याय्या धर्मोऽयमुत्तमः ॥१५२॥

पापवत्स्वपि चात्यन्तं-लुब्धकादिषु, **स्वकर्मनिहतेष्वलं**-अत्यर्थम् **अनुकम्पैव सत्त्वेषु न्याय्या**, न मत्सरो, **धर्मोऽयमुत्तमः** कारणे कार्योपचारादिति ॥१५२॥

વળી,

ગાથાર્થ : પોતાના કર્મોથી હણાયેલા અત્યંત પાપીઓપર પણ અત્યંત અનુકંપા કરવી એ જ ન્યાયયુક્ત છે. આ ધર્મ ઉત્તમ ધર્મ છે.

ટીકાર્થ : પારધિ જેવા પણ પાપીઓ કે જે પોતાના તેવા દુષ્ટ કર્મોથી હણાઇ રહ્યા છે તેવા જીવો પ્રત્યે પણ મત્સર નહીં; પરંતુ અનુકમ્પા-દયા રાખવી એ જ ન્યાયોચિત છે. કારણમાં કાર્યોપચાર કરીને કહી શકાય કે આ ઉત્તમ ધર્મ છે.

વિવેચન : અહીં ભયંકર પાપીપર પણ દ્વેષ કરવાની તો ના કહી, પણ ઉપેક્ષા કરવાની પણ

વાત નહીં કરી, બલ્કે કરુણાદૃષ્ટિથી ખૂબખૂબ અનુકમ્પા જ કરવાની કહી, કેમકે દ્વેષની જેમ ઉપેક્ષામાં પણ અરુચિ સૂગ આવી જવાની સંભાવના છે. અને જીવોપ્રત્યે જરા પણ અરુચિ કે દ્વેષ આવે, તે પણ મહાપુરુષોને માન્ય નથી.

પાપીપર દ્વેષ કે અરુચિ દૂર કરવા વિચારો કે એમાં એનો શો વાંક ? બિચારો, કર્મોના માર ખાઇ રહ્યો છે, કર્મ નચાવે તેમ નાચી રહ્યો છે, કર્મોની જોર જૂલમી સહન કરી રહ્યો છે. કર્મોના ઇશારે બિચારો પાપ કરે, એમાં એનાપર દ્વેષ કરીને ઘા પર મીઠું ક્યાં ભભરાવવું ? બીજા બળવાનના હાથે માર ખાતો માણસ માર ખાતાં ખાતાં ગબડે અને તમને એનો ઠેબો લાગે, અને તમે પણ એને મારવા બેસી જાવ, એ તમારી સજ્જનતા નથી. બળવાનનો માર ખાઇ રહેલાને મારનાર કંઇ બહાદૂર નથી. કર્મસત્તાનો માર ખાઇ રહેલા અને તેથી જ પાપમાં ગબડી રહેલાથી તમને કાં'ક નુકસાન થતું દેખાય, અને તમે પણ એનાપર જૂલમ ગુજારવા બેસી જાવ, તે તમારી સજ્જનતા નથી. બળવાન કર્મથી પીડાઇ રહેલાને પીડવામાં બહાદૂરી નથી. બહાદૂરી તો એની દયા ચિંતવવામાં છે, એના તમારાતરફ થયેલા અપરાધોને નજરમાં ન લઇ એના પ્રત્યે કરુણા વરસાવવામાં છે. આ મહાપુરુષોનો માર્ગ છે.

વળી પાપીપર ભાવદયા ચિંતવવી જોઇએ. વિચાર કરો, એ પાપી છે, તમે ધર્મી છો. હવે તમે એ પાપીપર દ્વેષ કરો, તો તમારાપર પાપીનું મન બગડશે. એને થશે, આ ધર્મી જીવો? શું એ જ સારા છે, અને અમે બધા ખરાબ-માત્ર તિરસ્કારપાત્ર જ ? શું ધર્મ બીજાનો તિરસ્કાર શીખવાડે છે ? આ ધર્મ કરનારા આવા ? બળ્યો એમનો આ ધર્મ !.... પાપીનું માત્ર તમારાપર જ મન બગડે, તો તો સમજ્યા, પણ ભેગું ભેગું તમારા ધર્મપર પણ મન બગડવાનું ! અને ધર્મપર મન બગડે, તો બિચારો ભવાંતરમાં દુર્લભબોધિ થાય.

મેતારજ મુનિનું પૂર્વભવમાં ધર્મ દેનારા ધર્મ-ગુરુપર મન બગડ્યું. તો સુંદર સાધુપણું પાળવા છતાં મેતારજ મુનિના ભવમાં દુર્લભબોધિ થયા. વચ્ચેના દેવભવમાં જ કેવળજ્ઞાની ભગવાનદ્વારા ખબર પડી ગઇ, કે હવે પછીના ભવમાં હું દુર્લભ-બોધિ થવાનો છું. તો પાણી પહેલા પાળ બાંધવા મિત્રદેવની પાસે વચન લઇ લીધું, કે તમે મને કોઇ પણ હિસાબે ધર્મ પમાડજો. મિત્રદેવ કહે- પણ તું ધર્મ ન પામે તો ? મેતારજના જીવ દેવે કહ્યું- તો દંડા મારીને પણ ધર્મ પમાડજે. કારણ કે દુનિયાના બીજા બધા માન-પાન-સુખ-સગવડ - સાધનો સંસારમાં ભમાડનારા છે. આ પ્રમાણે સાવચેતી લીધેલી, તો દુર્લભબોધિ થવા છતાં અંતે ધર્મ પામ્યા અને કેવળજ્ઞાન-મોક્ષ પામ્યા. બાકી દુર્લભબોધિ થનારને ભવાંતરમાં જલ્દી ધર્મ નથી મળતો.

પાપીના દ્વેષથી પોતાને નુકસાન

અહીં પ્રશ્ન થાય, કે ઠીક છે, પાપી જીવપર દ્વેષ કરીએ અને એનું મન બગડે, તો એ ધર્મપર દ્વેષ કરી દુર્લભબોધિ થાય. પણ અમને તો કશું નુકસાન થતું નથી ને ? અમને તો પાપીપરના દ્વેષ દ્વારા પાપપર દ્વેષનો ફાયદો જ છે ને ! અહીં સમાધાન છે, કે જો કોઇ તમારા નિમિત્તે દુર્લભ-બોધિ થાય, તો તમે પણ એમાં નિમિત્ત બનવાથી દુર્લભબોધિ બનો છો. **મરીચિના** ઉપદેશથી **કપિલે** મિથ્યાધર્મ પકડ્યો. એથી કપિલ તો દુર્લભબોધિ બન્યો જ. પણ એમાં નિમિત્ત બનવાથી મરીચિને પણ પછી સોળમાં ભવ સુધી જૈનધર્મ મળ્યો નહીં. આમ બીજાને દુર્લભબોધિ બનવામાં નિમિત્ત બનનાર પણ દુર્લભબોધિ બને છે. અલબત્ત સામી વ્યક્તિ પોતાની જ અધુરી સમજ કે ધર્મદ્રોહ ઇત્યાદિ બુદ્ધિથી ધર્મદ્વેષ કરે, તો વાત જૂદી છે. બાકી આપણે પાપીને તિરસ્કારાદિ કરવા દ્વારા

ધર્મદ્વેષનું નિમિત્ત આપીએ, તો આપણે પણ દુર્લભબોધિ બની શકીએ. અને આપણું મન ચાલાક છે, એ પાપને બદલે પાપીને ધિક્કારે છે. અને ધર્મીને વખાણવાનું છોડી માત્ર ધર્મને જ વખાણે છે.

એટલે તમે પાપીનો તિરસ્કાર કરો છો, ત્યારે ખરેખર પાપનો તિરસ્કાર થાય છે કે નહીં તે વિચારવા જેવું છે.

દ્વેષથી બચવા ઉપબૃંહણાનો ગુણ

પ્રશ્ન : તો પાપીના તિરસ્કારથી બચવા શું કરવું?

સમાધાન : જૈનશાસનમાં સમ્યક્ત્વના આચારોમાં ઉપબૃંહણાનો જે આચાર બતાવ્યો છે, તે આ માટે ખુબ ઉપયોગી છે. આ ગુણની ખુબી છે કે એની હાજરીમાં પાપીપર પણ દ્વેષ નહીં જાગે. કેમકે ઉપબૃંહણા - બીજાનું સારુ જોઇ વખાણવાનું જ રાખેલું હોય, તો પછી ખોટું જોવાનું રહે જ નહીં. પ્રશંસામાંથી કુરસદ મળે, તો નિંદામાં પડવાનું થાય ને ? માટે જ નાનામાં નાના બાળકના કે દુશ્મનના પણ ધર્મ-ક્રિયા-ગુણ જોઇ અહોભાવથી ઉપબૃંહણા કરવાની છે. હૈયામાં છલોછલ પ્રમોદ-ભાવ લાવવા માટે આ ગુણ જરુરી છે. બીજા શબ્દોમાં કહીએ, તો સારું જોઇ જીવોપ્રત્યે હૈયામાં ઉમળકો ઉછળતો હોય, તો જ પ્રમોદથી ઉપબૃંહણા થાય. તેથી ઉપબૃંહણા હોય, તો પાપીપર પણ દ્વેષ ન આવે. અને ઉપબૃંહણાનો ગુણ ન હોય, તો પાપીની વાત જવા દો, સારું કરનારપર પણ અરુચિ થયા વિના રહે નહીં. તેથી જ ઉપબૃંહણા ચુકનારને અતિચાર લાગે છે. બીજાનું સારું જોઇ રાજી થવાનું અને ઉપબૃંહણા કરવાનું ચુકી જનારો પોતાનું અને બીજાઓનું કેટલું બગાડી શકે છે ? તે માટે એક આચાર્ય અને તેના ચાર શિષ્યોની વાત શાસ્ત્રમાં આવે છે.

એ મહાન પ્રભાવક આચાર્યને ચાર વિશિષ્ટ શક્તિ ધરાવતા શિષ્યો હતા. (૧) વાદી (૨) શાસ્ત્રપારગામી (૩) તપસ્વી અને (૪) વૈયાવચ્ચી. ચારે ય જણ પોત પોતાના એ ક્ષેત્રમાં પરાકાષ્ઠાએ પહોંચેલા.

એકવાર એક ગામના જૈનસંઘે આચાર્ય ભગવંતને વિનંતી કરી. અમારા ગામમાં એક વાદી આવ્યો છે. વાદમાં બધાને જીતી લીધા છે. એ વાદી જૈનધર્મની ખુબ નિંદા કરે છે. જૈનધર્મની હિલના થઇ રહી છે, તો આપ આપના વાદસમર્થ શિષ્યને આ ઉપદ્રવ દૂર કરવા મોકલવાની કૃપા કરો. આચાર્યએ પોતાના વાદી શિષ્યને મોકલ્યો. રાજ સભામાં વાદ થયો. આ શિષ્યે પોતાની વાદશક્તિથી પેલા વાદીને હરાવી દીધો. જૈનશાસનની પ્રશંસા અને પ્રભાવના જબરદસ્ત થઇ.

એ વાદી શિષ્યને પાછા આચાર્ય મહારાજ પાસે વળાવવા તે ગામનો સંઘ આવ્યો. સંઘે આચાર્યભગવંત પાસે એ વાદી શિષ્યની ખુબ પ્રશંસા કરી અને કેવી રીતે વાદીને હરાવી જૈન-શાસનની પ્રભાવના કરી, તે બધી વાતો ઉમળકાભેર કરી.

આચાર્યે બધી વાત સાંભળી, પણ મોં ઉદાસીનભાવમાં રાખી, પ્રશંસા-ઉપબૃંહણાનો એક શબ્દ પણ કહ્યો નહીં.

આ જ રીતે શાસ્ત્રજ્ઞ વગેરે શિષ્યોએ તે-તે અવસરે જબરદસ્ત શાસનપ્રભાવના કરી, છતાં એકપણ શિષ્યના આ સારા કાર્યની આચાર્યએ પ્રશંસા-ઉપબૃંહણા કરી નહીં. પરિણામે ચારે ય શિષ્યો વિપરિણામ પામ્યા. આપણા કામ ગુરુ-મહારાજને ગમતા ન હોય, તો પછી આપણે શા માટે એ માટે ઘસાવું ? ચારેય જણે પોતાની એ શક્તિની ઉપેક્ષા કરી. પરિણામે પાંચેય વિરાધક બની, દુર્ગતિગામી બન્યા.

તેથી જ જેમ બીજા ધર્મવગેરેની ઉપર ઉપરની સારી દેખાતી વાતોથી કે જૈન ધર્મમાં દેખાતી અથવા કલ્પેલી કેટલીક ખોટી વાતોથી શંકા-કાંક્ષા વગેરે કરવા અતિચારભૂત છે, તેમ બીજાના સારા કામને વખાણવા નહીં, એ પણ અતિચારરૂપ જ છે.

માટે ઉપબૃંહણાનો ગુણ કેળવવા જેવો છે. તેથી બીજાને પણ ધર્મનો ઉત્સાહ ટકે છે, વધે છે. આપણું સમ્યક્ત્વ પણ ટકે-નિર્મળ થતું જાય. અને મોટી વાત તો એ છે, કે ઉપબૃંહણાની ટેવ રાખી હોય, તો પાપીની પણ નિંદા કરવાને બદલે એનામાં પણ સારું જોવાનું મન થાય. તથા દયા-અનુકંપા-ભાવ ટકી રહે. અને પાપીપ્રત્યેના દ્વેષ-ગ્લાનિ અરુચિથી બચવાનું થાય.

ઉત્તમ ધર્મ પાપસ્થાનોથી બચાવે છે

અહીં ઉત્તમ ધર્મની વાત છે, તે સમજવાની વાત છે. પૈસા, પ્રાણ ને પરિવાર આ જન્મની ચીજ છે જ્યારે ધર્મ જનમ-જનમ સાથે જોડાયેલી ચીજ છે. તેથી પૈસાવગેરે ખાતર ધર્મ છોડવાનું મન ન થાય.

ધર્મ ઉત્તમ છે. જનમોજનમ સાથ આપે છે. તેથી શાના ખાતર શું છોડવાનું ? વિચારી લો. વંકચૂલે નિયમોખાતર યાવત છેવટે પ્રાણ જતાં કર્યા, તો છેક બારમા દેવલોક સુધી પહોંચી ગયા.

ધર્મ ઉત્તમ છે, કેમકે તે ૧૮ પાપસ્થાનકોને છોડાવી ૧૮ ધર્મસ્થાનકોમાં જોડે છે. હિંસાની સામે અહિંસા, જૂઠની સામે સત્ય, એમ ક્રોધની સામે ક્ષમા... માનની સામે નમ્રતા-વિનય... દુન્યવી વસ્તુઓ અને અધર્મના રાગની સામે વીતરાગનો અને વીતરાગભાષિત ધર્મનો રાગ લાવી આપે છે.

અઢાર પાપસ્થાનકો મોક્ષમાર્ગનો સંબંધ આત્માસાથે થતો અટકાવવામાં આડી શિલા જેવા છે. પાપસ્થાનકોપ્રત્યે નફરત થાય, અને ધર્મપ્રત્યે આકર્ષણ થાય, તો વેદ્યનું સંવેદ્ય કર્યું કહેવાય. વેદ્ય-સંવેદ્યપદ પ્રાપ્ત થાય.

આ છે ઉત્તમ ધર્મ. ચોથી દૃષ્ટિના પ્રસ્તુતી-કરણમાં પ્રાસંગિક ઘણી વાતો કહી. હવે પાંચમી દૃષ્ટિ તરફ લઇ જાય છે.

(અહીં ગૌતમબુદ્ધ આદિને સર્વજ્ઞ તરીકે વર્ણવ્યા એ શાસ્ત્રકાર પરમર્ષિનો અંગત અભિપ્રાય હોય, તેવું લાગતું નથી. પરંતુ ચોથી દૃષ્ટિને પામેલાની ભૂમિકા કેવી હોય અને તે કેવી વિચારધારા રાખે, તો વિકાસ પામીને આગળની દૃષ્ટિઓ પામી શકે? તેનું તે દૃષ્ટિને લક્ષમાં રાખીને નિરૂપણ કર્યું હોય, તેમ લાગે છે.)

उपसंहरन्नाह--

कृतमत्र प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमोऽधुना ।
तत्पुनः पञ्चमी तावद्योगदृष्टिर्महोदया ॥१५३॥

कृतं-पर्याप्तं **अत्र**-व्यतिकरे **प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमोऽधुना**-साम्प्रतं, **तत्पुनः**- प्रकृतं **पञ्चमी तावद्योगदृष्टिः** स्थिराख्या किं विशिष्टेत्याह-**महोदया**- निर्वाणपरमफलेत्यर्थः ॥१५३॥

ઉપસંહાર કરતાં કહે છે-

ગાથાર્થ : અહીં પ્રસંગથી સર્યું. હવે પ્રકૃતની પ્રસ્તાવના કરીએ છીએ. તે પ્રસ્તુત છે મહોદયભૂત પાંચમી યોગદૃષ્ટિ.

ટીકાર્થ : અહીં પ્રસંગથી સર્યું. હવે નિર્વાણરૂપ પરમ-શ્રેષ્ઠફળ આપતી હોવાથી પરમમહોદયભૂત પ્રસ્તુત પાંચમી **'સ્થિરા'** નામની દૃષ્ટિની વાત કરીશું.

પાંચમી સ્થિરા દૃષ્ટિ

एवं सप्रपञ्चं चतुर्थीदृष्टिमभिधाय पञ्चमीमभिधातुमाह-

स्थिरायां दर्शनं नित्यं, प्रत्याहारवदेव च।
कृत्यमभ्रान्तमनघं सूक्ष्मबोधसमन्वितम् ॥१५४॥

स्थिरायां-दृष्टौ, **दर्शनं**-बोधलक्षणं, **नित्यं**-अप्रतिपाति निरतिचारायाम्, सातिचारायां तु (अ)-प्रक्षीणनयनपटलोपद्रवस्य तदुक्तोपायानवबोधकल्पम-नित्यमपि भवति, तथातिचारभावात् रत्नप्रभायामिव धूल्यादेरुपद्रवः। **प्रत्याहारवदेव च**- *स्वविषयाऽ-सम्प्रयोगे स्वचित्तस्वरूपानुकारी चेन्द्रियाणां प्रत्याहारः* (यो.सू.२-५४) तद्वदेतद्दर्शनं, **कृत्यं**-वन्दनादि, **अभ्रान्तं**-क्रममधिकृत्य। अत एव, **अनघं**-अन-तिचारत्वात्। एतदेव विशेष्यते, **सूक्ष्मबोधसमन्वितं**-ग्रन्थिभेदाद्वेद्यसंवेद्यपदोपपत्तेरिति ॥१५४॥

આમ સવિસ્તર ચોથી દૃષ્ટિનું વર્ણન કર્યું. હવે પાંચમી દૃષ્ટિ બતાવવા કહે છે -

ગાથાર્થ : સ્થિરા દૃષ્ટિમાં દર્શન નિત્ય છે, વળી પ્રત્યાહારથી યુક્ત છે. અને કૃત્ય અભ્રાન્ત છે, અનઘ છે અને સૂક્ષ્મબોધથી યુક્ત છે.

ટીકાર્થ : સ્થિરા દૃષ્ટિમાં બોધસ્વરૂપ દર્શન નિત્ય-અપ્રતિપાતી છે. આ વાત નિરતિચાર સ્થિરા દૃષ્ટિમાટે છે. નયનપરનો પટલ હજી ક્ષીણ ન થવારૂપ ઉપદ્રવથી પીડિત જેમ તેમાટે કહેલા ઉપાયને જાણી શકતો નથી, એમ સાતિચાર દશામાં દર્શન અનિત્ય પણ થાય છે, કેમકે જેમ ધૂળના ઉપદ્રવથી રત્નની પ્રભા ઝાંખી થાય છે, એમ તેવા પ્રકારના અતિચારની હાજરીથી આ દર્શન ઝાંખુ હોય છે.

વળી આ દર્શન પ્રત્યાહારથી યુક્ત હોય છે. *પોતાના વિષયનો અસંપ્રયોગ થયે ઇન્દ્રિયો પોતાના ચિત્તના સ્વરૂપને અનુકારી બને એ પ્રત્યાહાર છે.* (યો.સૂ.૨/૫૪) વળી આ દૃષ્ટિમાં વંદનાદિ કૃત્યો ક્રમને આશ્રયીને અભ્રાન્ત હોય છે. તેથી જ અતિચારરહિત હોવાથી અનઘ હોય છે. આને જ વિશેષથી કહે છે - સૂક્ષ્મબોધસમન્વિતં - ગ્રંથિનો ભેદ થવાથી વેદ્યસંવેદ્યપદ સંભવતું હોવાથી જ આ દૃષ્ટિમાં સૂક્ષ્મ બોધ છે.

વિવેચન : આ દૃષ્ટિમાં **'પ્રત્યાહાર'** નામનો યોગ છે. **ભ્રાન્તિ** નામના દોષનો ત્યાગ થાય છે અને **'બોધ'** ગુણની પ્રાપ્તિ થાય છે. દર્શન=વસ્તુનો બોધ. આ દૃષ્ટિમાં અતિચારો ન લાગે તેની કાળજી રખાય તો આ દર્શન સ્થિર બને છે, નિત્ય રહે છે, ટકેલું રહે છે. પૂર્વની ચાર દૃષ્ટિમાં બોધાત્મક પ્રકાશ ક્રમશઃ ઘાસ, છાણ, લાકડા અને દીવાના પ્રકાશ જેવા બતાવ્યા. આ બધા પ્રકાશ અસ્થિર અને અંતે બૂઝાઇ જવાના-નાશ પામવાના સ્વભાવવાળા છે. ઘાસવગેરે બળીને ખાખ થયા પછી પ્રકાશ નહીં રહે.

હવે પછીની દૃષ્ટિઓના પ્રકાશ, રત્ન, તારા, સૂર્ય અને ચંદ્રના પ્રકાશ સમાન હોવાથી કાયમી ટકવાના.

વેદ્યસંવેદ્યપદ વિવરણ

આ પાંચમી દૃષ્ટિમાં રત્નનો પ્રકાશ છે. નિત્યદર્શન છે. પ્રથમ ચાર દૃષ્ટિમાં આત્મવિકાસ માટે જે જહેમત ઉઠાવી છે, તેના પ્રભાવે હવે આ દૃષ્ટિમાં જીવ વેદ્યસંવેદ્યપદ સુધી પહોંચી જાય છે.

જ્ઞાનીઓ હેય-ઉપાદેયઆદિનું હેય-ઉપાદેય રૂપે જે રીતે સંવેદન કરે છે, તે જ રીતનું સંવેદન કરવું એ વેદ્ય-સંવેદ્યપદ છે. અત્યારસુધી આવું સંવેદન ન હતું. આ દૃષ્ટિમાં આવનાર આ વેદ્ય-સંવેદ્યપદ પામ્યો છે. આપણી જાતને તપાસો - આપણી પાસે આ જ્ઞાનીગમ્ય સંવેદન છે ? ગરમીની ઋતુ છે અને ઠંડા પવનની લહેરખી આવી. આપણી સ્પર્શેન્દ્રિયને હાશ થઇ, પણ તે વખતે તમારા હૈયાને આ હાશ અકારી લાગે છે ? આ વાયુકાયની

અનુકૂળતામાં હાશ કરીશ, ને જો આયુષ્ય બંધાયું, તો વાયુકાયમાં ફેંકાઈ જઈશ. વળી આ હાશ ઇન્દ્રિયને થઈ. અને ઇન્દ્રિયને ગમતામાં હાશ માનવામાં જ ભવો બગાડ્યા. આમાં આત્માને તો હાય જ મળી. માટે આ હાશકારો મારા આત્મામાટે તો હાયકારો જ છે. વળી આ પવન મારા શરીર સાથે અથડાયો, એમાં બિચારા કેટલા વાયુકાય-જીવોને પીડા થઈ હશે ? એમની હાયપર મારે હાશ માનવાની ? આ વેદ્યસંવેદ્યપદ છે. પાંચમી દૃષ્ટિમાં આ આવે છે. કષાય અને વિષય, મનને ગમતા અને ઇન્દ્રિયને અનુકૂળ સાધનો, આ બધા અત્યંત અનિષ્ટ છે એમ સચોટ લાગી જાય; તો વેદ્યસંવેદ્યપદ આવે. આ પદ અને આ દૃષ્ટિમાં આવું દર્શન સ્થિર છે નિત્ય છે; એટલું જ નહીં નિરતિચાર છે. એટલે કે શંકા, કાંક્ષા કે વિચિકિત્સાથી રહિત છે. ક્ષાયિક સમ્યક્ત્વીની દૃષ્ટિ કેવી નિર્મળ થઈ હશે? કેમકે એ દૃષ્ટિમાં નિઃશંકપણું, નિરાશંસપણું, નિર્વિચિકિત્સા-પણું સહજ આચારરૂપ છે, પાલનપ્રયત્નરૂપ નથી, પાલનસ્વભાવરૂપ છે.

મિથ્યામતનું આકર્ષણ નહીં

સત્યનારાયણની મહાપૂજાના ડેકોરેશન, ભીડ, પ્રસાદવગેરે જોઈ 'આ લોકો પણ કંઈ પાછા પડે એવા નથી ?' એટલો ય ભાવ ઊભો થાય, તો કાંક્ષા નામનો દોષ-અતિચારનો કાળો ધાબ્બો સમ્યક્ત્વની ઉજળી ચાદરપર ઉપસી આવવાનો.

બીજાપુરુષના ઠઠારા જોઈને આકર્ષાઈ જનારી સ્ત્રી સતીત્વમાં ટકી ન શકે. સતી સ્ત્રીને જેમ બીજાના ઠઠારાનું આકર્ષણ નથી, માત્ર પતિરંજનમાં બધું જ આવી ગયું ગણે છે, તેમ સાચા સમકીતીને બીજા બહારના કોઈ આકર્ષણમાં દિલ ચોટતું નથી, એને તો બસ મારા પ્રભુ! મારા ગુરુઓ! મારો ધર્મ! એમાં જ પોતાનું સર્વસ્વ આવી ગયું દેખાય. વિષ્ઠાના પોદળા પર ફૂલ ગમે તેટલું સારું દેખાતું પણ શું કામનું? કિંમત કેટલી ? એમ બાહ્યભાવોના પાયાપર રચાયેલી બહિર્મુખ જીવોની ધમાધમ જોઈ સમકીતીને શું લાગે ? કુછ નહીં. વ્યર્થ... નકામું !

સ્થિરાદૃષ્ટિવાળાની આ દૃષ્ટિ છે, એ સમજે છે કે મિથ્યામતનું ગમે તેટલું સારું દેખાય, તો પણ હૈયું આકર્ષાવું જોઈએ નહીં. મિથ્યામતવાળાની વાણી ગમે તેટલી મધુરી હોય, હેતુ-દૃષ્ટાંતપુરસ્સર દેખાતી હોય છતાં, એમાં જરા પણ લેવાનું નહીં. જો લેવાયા, તો એટલા અંશે શ્રદ્ધામાં-સમ્યગ્ દર્શનમાં ખામી આવી એમ સમજી લેવાનું.

સીતાને મન રામ સર્વસ્વ હતા. રાવણ ગમે તેટલો મોટો અધિપતિ હોય, રૂપાળો હોય, શક્તિસંપન્ન હોય કે ઠઠારો કરી શકતો હોય, છતાં એમાં 'કુછ નહીં' કર્યું. અરે રાવણની પટ્ટરાણી મંદોદરી વિનવણી કરે, કે અમારી જેવી હજારો રાણીઓ તારાપર શોક્યભાવ રાખવાની વાત તો દૂર રહો, પણ સમાનભાવ પણ નહીં રાખીશું, તારી દાસી થઈને રહીશું. છતાં પણ સીતાજી જરા પણ આકર્ષાયા નહીં. 'કુછ નહીં' કર્યું. આનું નામ સચોટ પ્રેમ-શ્રદ્ધા ગણાય. અને તો સીતાજી મહાસતી તરીકે ગવાયા. આગળ ઉપર પણ જુઓ, રામે ક્ષુલ્લક લોકોની વાતોને વજન આપી, કશી ઊંડી તપાસ કરાવ્યા વિના કે સીતાને પોતાની સતીત્વની ખાતરી આપવાનો ચાન્સ આપ્યા વિના, ગર્ભવતી અવસ્થામાં જંગલમાં એકલા-અટૂલા ઢકેલી મુક્યા. તો પણ જંગલમાં મુકીને રવાના થતાં સેનાપતિને આપેલા સંદેશામાં ક્યાંય પતિ રામ પર રોષનો અંશ પણ દેખાડ્યો નથી. બલ્કે જ્યારે લવ-કુશ સમર્થ યુવકો થઈ પોતાની માતાને અન્યાય કરનાર પિતાજી અને કાકાજી રામ-લક્ષ્મણ સામે લડવા તૈયાર થઈ માતાની રજા લેવા જાય છે. ત્યારે સીતા પુત્રોને શું કહે છે ? - ગાંડા થયા છો ? પિતાજી પાસે જવું હોય, તો આશીર્વાદ લેવા જવાય, લડવા

નહીં. આ હતી પતિ રામ પ્રત્યેની શ્રદ્ધા અને પ્રીતિ.

દર્શન બદલાયું-હિતાહિતના કાટલા બદલાયા

આ શ્રદ્ધા અને પ્રેમ વીતરાગ પ્રભુપર આપણે જગાવવાનો છે. એસ અત્થે સમત્થે... બસ મારા ભગવાને કહેલું જ સમર્થ-યુક્તિસંપન્ન-નિઃશંક-પણે સત્ય છે, બાકી બધું અસમર્થ-યુક્તિહીન-અસત્ય છે. આ હૈયામાં ઊઠતું હોય, તો માનવું પડે કે શ્રદ્ધા સ્થિર થઇ.

પછી લોકોની વાતોમાં લેવાઇ જાય નહીં. રંગેલા ઘાસના આકર્ષણ ઊભા હોય, તો પણ ઝવેરી એમાં લોભાતો નથી, કેમકે પોતાની પાસે રહેલા હીરાને એ સમજે છે. આ જ પ્રમાણે લોકોના મેણાં-ટોણા-મશ્કરી-ઠઠ્ઠાઓમાં આવી જઇ આ માર્ગ છોડી દેવા જેવો એ ઢીલો-પોંચો ન રહે.

ઇન્દ્રભૂતિ ગૌતમને પ્રભુ વીરે વેદપંક્તિને લઇને જ સમાધાન આપ્યું, કે આત્મા છે અને નથી. દ્રવ્યદૃષ્ટિથી છે, દેવરૂપે-મનુષ્યરૂપે એ જ આત્મા છે. પર્યાયદૃષ્ટિથી નથી. દેવ થયો, તેથી હવે મનુષ્ય-રૂપે-એ પર્યાયરૂપે નથી. ઉત્તરપર્યાય આવ્યો, પૂર્વપર્યાય ગયો-પ્રેત્યસંજ્ઞા નાસ્તિ! ઉત્તર પર્યાય-વખતે પૂર્વપર્યાય રહેતો નથી. બસ ગૌતમસ્વામીને વાત બેસી ગઇ. ભગવાનની સર્વજ્ઞતાપર શ્રદ્ધા બેસી ગઇ. ભગવાન કહે તે જ તત્ત્વ, બાકી 'કુછ નહીં' ! આ ભાવ સચોટ ઊભો થયો. તેથી વેદ, બ્રાહ્મણપણું, ગૌરવ, બધું છોડી ભગવાનના ચરણમાં બાળકબની બેસી ગયા. હા, તે વખતે સંસારના ઘણા કામ અધુરા રહી ગયા હશેને ? અરે યજ્ઞ જ અધુરો મુકીને આવેલા. તો 'બધા કામ પૂરા કરીને પછી આવું' એવો વિચાર આવ્યો નહીં હોય?

ના. કેમ ? તો કહો, દર્શન બદલાઇ ગયું, દૃષ્ટિ બદલાઇ ગઇ, હિતાહિતના કાટલા બદલાઇ ગયા. સમજી ગયા, અત્યારસુધીનો બધો હિસાબ ઊંધો લગાવેલો હતો, મિથ્યાત્વના ઘરનો હતો, હિતાહિતના સાચા વિવેક વિનાનો હતો. હવે એ અધુરા હોય કે પૂરા, એનાથી મને શો ફરક પડવાનો? **ગાંડપણના કાળના અધુરા હિસાબ ડહાપણના કાળમાં પતાવવાના ન હોય,** છોડી દેવાના હોય. આ છે શ્રદ્ધા.

પૂજ્ય આચાર્યદેવ **ત્રિલોચન સૂરિ** મહારાજ. શરુઆતના વર્ષો હતા. મોટા-વડીલોના મેલા-ફાટેલા કપડા પોતે લઇ લે. પહેરે... માથે લગાડે, પણ કાપ કાઢે નહીં ! એકવાર બીજા મહાત્મા એ કપડું લઇ કાપ કાઢવા બેઠા - ત્યારે પૂજ્ય ત્રિલોચન સૂરિ મહારાજ કહે - અરે, આ શું કરો છો ? આમાં તો રતન ભરેલા છે. **પૂજ્યોના કપડામાં મેલ નથી, ઔષધ છે, પસીનો નથી, બ્રહ્મચર્યના અમી છાંટણા છે. આ કપડામાં તો તેઓની સાધનાના રત્નો પડેલા છે, એ તો માથે મુકવાના હોય. ધોઇ નાંખવાના ન હોય.**

આ પૂજ્યો પ્રત્યેની શ્રદ્ધા બેઠી હતી. આ દૃષ્ટિ હતી. વેદ્યસંવેદ્યપદના ઇષ્ટાનિષ્ટના આ કાટલા હતા.

'કુછ નહીં' મંત્ર

આ રીતે જ્યાં સુધી ઇષ્ટાનિષ્ટના લેખા-જોખાં ન બદલાય, ત્યાં સુધી સમ્યક્ત્વ આવે નહીં. આ લેખા ફરે, તો પ્રથમ સમ્યક્ત્વ આવે અને પછી ચારિત્ર આવે. **સમ્યક્ત્વનો મંત્ર છે, મિથ્યાદર્શનનું અને સંસારનું જે કંઇ સારું દેખાય, ત્યાં કુછ નહીં લાગે.** એના દરેક ઉજળામાં મિથ્યાત્વનું મેલું દેખાય. બસ એ બધે સ્થળે 'કુછ નહીં' નો મંત્રજાપ કરો, તો જ એની ચુંગાલમાંથી નીકળાય, સમ્યક્ત્વ મળે.

બે સ્થળે **કુછ નહીં** ચાવી લગાડો. (૧) મિથ્યામાર્ગમાં-મિથ્યાત્વીઓના માર્ગમાં 'કુછ નહીં'. આનાથી મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ થાય. અથવા મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી ત્યાં-મિથ્યામાર્ગમાં અંદરથી જ 'કુછ નહીં' નો રણકો ઉઠે. (૨) સંસારનું - સંસારના વિષયોનું

જ્યાં પણ સારું, મનગમતું, ફાવતું, અનુકૂળ દેખાય, ત્યાં 'કુછ નહીં' લાગે. અનંતાનુબંધી કષાયોના ક્ષયોપશમથી આ ભાવ ઊભો થાય. અથવા એવા ભાવો જોતાં આ 'કુછ નહીં' સતત વિચારવાનું રાખીએ, તો અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થાય. આ ચાવીઓ ન હોય, તો તીર્થમાં જગ્યા સારી મળી ગઇ તે યાદ આવે છે, પણ જાત્રા સારી થઇ એ નથી ઊઠતું. સંવત્સરી પ્રતિક્રમણમાં જગ્યા અનુકૂળ મળી, તે ખુશી ઉપજાવે છે, પ્રતિક્રમણ સારું થયું, હૈયાને સ્પર્શી ગયું, તે નથી ઊઠતું.

ખરેખર, અનંતાનુબંધીના ઘરના રાગ-દ્વેષ જીવને અટકાવે છે. આરાધનામાં ઢીલા પાડી નાંખે છે. બસ ત્યાં 'કુછ નહીં' નો મંત્ર લગાવો, આત્મામાં પાવર આવી જશે, આરાધનાનું જોમ આવી જશે, લાલચ, દીનતા દૂર થઇ જશે. સ્થિરાદૃષ્ટિમાં રત્નપ્રકાશ સમાન બોધ છે. આ સમ્યગ્રત્ન છે, એના કિરણો મિથ્યામાર્ગે અને સંસારના આકર્ષક સ્થાને અંધારામાં અટવાતા જીવને કુછ નહીંનો પ્રકાશ ફેલાવી આપે છે.

પ્રભુ વીર વર્ધમાનકુમાર હતાં, ત્યારે હીરાના હાર પહેરાવવા મનાવવા પડતાં હતા, માનું મન ન દુભાય, એમાટે પહેરે; પણ અંદર તો માનતા જ કે આ કુછ નહીં. હા, *મને સંસાર શેરી વિસરી રે લોલ!* સંસારશેરીમાં બહુ ભટક્યા, હવે સંસાર શેરી ભૂલાઇ જવી જોઇએ તો ઉત્કૃષ્ટદર્શન આવે. આ ન આવે ત્યાં સુધી મોક્ષ ઘણો દૂર છે. આગમ અરિસામાં જૂઓ, આત્માને-આત્માના ભાવને નિરખો. શું લાગે છે ? સંસારની સારી ચીજ મળે ને ગલીપચી થાય. એ ખટકવાને બદલે લટુડા પટુડા બનાય છે? મેળવવાની તીવ્ર ઇચ્છા-ઝંખના-તડપ જાગે છે? મળે છે ને આછો વાના થાય છે? ખુશી ખુશી અનુભવાય છે ? જો હા, તો માનજો, મોક્ષ દૂર છે. હજી સમ્યક્ત્વ જામ્યું નથી.

માટે જ તો અનંતા ચારિત્ર લેવા છતાં ઠેકાણું પડ્યું નહીં. કેમકે દેવલોકના સુખ સારા માન્યા. સમ્યગ્દર્શનને સારું માન્યું નહીં ? દેવલોકના સુખ મળ્યાને એમાં પાગલ-પાગલ બની ગયા, પણ એમાં કુછ નહીં એમ લાગ્યું નહીં. મહાપુરુષોએ ઉત્તમ આરાધના કરી, એ આરાધનામાં જ સાર જોયો, પણ આરાધનાથી મળતા ઊંચા દેવતાઇ સુખમાં તો કુછ નહીં જ રાખ્યું. તો આગળ વધી ગયા.

ધન્ના-શાલિભદ્રે કેવી આરાધના કરી ! શરીરનો કસ કાઢી નાંખ્યો. અરે શાલિભદ્રપર અત્યંત વહાલ રાખતી સગી માતા **ભદ્રા** ગોચરી માટે આવેલા શાલિભદ્રને ઓળખી શક્યા નહીં. આટલો કસ કાઢ્યો, તે ઓછો પડ્યો, તે ભગવાનને કહે છે - પ્રભુ ! હજી આ શરીરમાં કસ છે, તો એ કસ કાઢી નાંખવા અનશન આદરવાની અને ધગધગતા શિલાપર સંથારો કરવાની અનુજ્ઞા આપો! ઘરે ફૂલની શય્યા ખુંચતી હતી, હવે આરામથી ધગધગતી શિલાપર લંબાવી દીધું. કેમ વારું ? કહો, ઇષ્ટાનિષ્ટના ગણિત બદલાઇ ગયા. શરીરને સારુ લાગે તેમાં કુછ નહીં, અને આત્માને સારું લાગે તેમાં જ સારું દેખાવા માંડ્યું.... અને પહોંચી ગયા અનુત્તર દેવલોકમાં. પણ તે સુખ પણ ગમે છે એમ નહીં. એમાં પણ કુછ નહીંની વૃત્તિ ઊભી જ છે.

આ ગણિત લાવો ! શરીરના, ઇન્દ્રિયના, મનના, કે લોકના ગણિત છોડો, આત્માના ગણિત માંડો, ભગવાને બતાવેલા ગણિતને પકડો. તો વેદ્યસંવેદ્યપદ આવશે, સમ્યક્ત્વ ઝળહળશે, અને યોગદૃષ્ટિ સ્થિર થશે. પાંચમી સ્થિરા યોગદૃષ્ટિ પ્રાપ્ત થશે, કે જેમાં નિત્ય દર્શન છે. સમ્યક્ત્વનો પ્રકાશ કદી નાશ નહીં પામે.

અતિચારથી બચો....

પ્રશ્ન : પણ ક્યારેક અતિચાર તો લાગે ને ?

સમાધાન : હા, પ્રમાદાદિના કારણે કદાચ

અતિચાર લાગે, અને દર્શન ધૂંધળુ-અસ્થિર થઇ જાય, પણ તે કેવા ? રત્નપર ઊડેલી ધૂળ જેવા, ઝાપટો-ખંખેરો ને ઊડી જાય એવા ! રત્નપર ધૂળ બાઝે, પણ દૂર કરતાં વાર ન લાગે. એમ ક્યારેક અતિચારની ધૂળ લાગે, પણ તે નીકળતા વાર ન લાગે, અને પાછું દર્શન ઝળહળતું થઇ જાય. હા, શંકા-કાંક્ષા દોષોની ધૂળ વારંવાર ઊડતી રહે, તો દર્શન સ્થિર ન રહે, અનિત્ય બને. ઉપરથી પડદો દૂર થતાં આંખ ચોકખી હોય, તો બરાબર દેખાય, પણ ઝાંખનો ઉપદ્રવ આવે તો જોવાનું ધુંધળુ થઇ જાય. અતિચારોની હાજરીમાં દર્શન અસ્પષ્ટ થાય છે. એ જ રીતે ધૂળના કારણે રત્નની પ્રભા પણ ઝાંખી થાય, એ બને. તાત્પર્ય એ છે કે આંખમાં ખામી અને રત્નપર ધૂળ આ બેના કારણે દર્શન-બોધમાં તકલીફ ઊભી થાય. એમાં આંખમાં ખામી દીર્ઘકાલીન અસર ઊભી કરે. રત્નપર ધૂળ એ અલ્પકાલીન છે. એમ અતિતીવ્ર અતિચારો લગાડવા એ આંખમાં ખામી ઊભી થવા જેવા છે, જેથી ઉપાયોનો બોધ જોઇએ તેવો થતો નથી અને એથી દર્શનમાં અનિત્યતા ઊભી થાય છે.

સામાન્યથી અતિચારો રત્નપર ધૂળ સમાન છે, જે ક્ષણિક છે. દર્શન-પ્રકાશને થોડો ઝાંખો પાડે છે, પણ સર્વથા અટકાવતો નથી.

પણ આનું રહસ્ય એ સમજવાનું છે કે સમ્યક્ત્વને અતિચાર લાગે એવા શંકા-કાક્ષાવગેરે દોષોથી દૂર રહેવું જોઇએ. ગુણીની પ્રશંસા ઉપબૃંહણા ન કરવી, એ પણ અતિચાર છે, તો ધર્મમાં ઢીલા પોલાને શક્તિ હોવા છતાં સ્થિર કરવા નહીં, તે પણ અતિચાર છે. સાધર્મિકપર હેત/વાત્સલ્ય હોય, તો ઉપબૃંહણા અને સ્થિરતા કર્ત્તવ્ય સારીરીતે બજાવી શકાય.

ધર્મના પાયામાં મૈત્રીભાવ છે. મૈત્રી એટલે સ્નેહ-પ્રેમ. તમામ જીવો પ્રત્યે સ્નેહ જોઇએ, તો જેઓ ઊંચે ચઢ્યા છે, એવા સાધર્મિકોપ્રત્યે તો વાત્સલ્ય જોઇએ. તેથી ઉપબૃંહણા અને સ્થિરીકરણ સહજ બને. વળી પ્રભાવના પણ સમ્યક્ત્વને અજવાળે છે.

તપ-દાન વગેરે કોઇ પણ ક્રિયા-અનુષ્ઠાન એવી રીતે કરવા જોઇએ કે જે જોઇને બીજાઓને પણ થાય, કે વાહ, શું ધર્મનો રંગ લાગ્યો છે ? બીજાને ધર્મપ્રત્યે, ધર્મક્રિયા-અનુષ્ઠાનપ્રત્યે અહોભાવ થાય, તો એનામાં ધર્મબીજ વવાય. આ જ છે ખરી પ્રભાવના. ખરી પ્રભાવના રૂા. પૈસાની નથી. એ તો માધ્યમ છે. ખરી પ્રભાવના છે ધર્મ-બીજની. તમે યોગ્યરીતે ઔચિત્યપૂર્ણ થઇ આચરેલો ધર્મ પ્રભાવનારૂપ બને. અને તો તમે સમ્યક્ત્વને ઉજાળ્યું ગણાય. જેમ-તેમ કરો અને ઔચિત્ય પણ જાળવો નહીં, તો તમારી ક્રિયા જોઇ બીજાને તમારા ભેગો ધર્મપર પણ અભાવ જાગે. આ અભાવ એ બીજાને ધર્મબીજથી વંચિત કરે છે. એમાં નિમિત્ત બનવાદ્વારા તમે સમ્યક્ત્વને મલિન કરો છો. અને **જેનું સમ્યક્ત્વ મેલું એની ઉપરની બધી જ સાધના મેલી. સમકીત ઉજવળ, તો ઉપરનું બધુ ઉજવળ.** માટે આરાધના પણ એવી કરો કે સમ્યક્ત્વ ઉજવળ બને. અતિચાર ન લાગે.

'પ્રત્યાહાર' યોગાંગ

આ નિત્યદર્શનાત્મક દૃષ્ટિમાં યોગાંગ છે પ્રત્યાહાર. આ+હૃ ધાતુથી બનતા 'આહાર' શબ્દનો અહીં અર્થ છે 'લઇ જવું.' ઇન્દ્રિયોને વિષય તરફ લઇ જવી એ આહાર છે. એને વિષયોમાંથી પાછી વાળી આત્માભિમુખ-અંદરતરફ લઇ જવી, એ પ્રત્યાહાર છે.

ઇન્દ્રિયો બિલાડી જેવી છે. 'વિષય' નામનો ઉંદર દેખાયો નથી, ને પકડવા દોડી નથી! આમ વારંવાર વિષયો પકડવા દોડી જતી ઇન્દ્રિયોને વિષયોથી વાળવાની છે. આત્માભિમુખ બનાવવાની

છે. ઇન્દ્રિયો પોતપોતાના વિષયોનો સમ્પર્ક ટાળીને સ્વચિત્તાનુકારી થાય, તો પ્રત્યાહાર થાય. આ માટે ઇન્દ્રિયોને સમજાવો- શું બહાર ભટકે છે ? અંદરનું સૌંદર્ય જો. વિષયોના ઠીકરા ચાટવામાં અનંતોકાળ ગુમાવ્યો. હવે આત્મગુણોના અમૃતને પી. વાસનાને ભડકાવનારા ગીતો ઘણા સાંભળ્યા હવે, ભગવાનની અમૃતધારાએ વરસતી વાણી સાંભળ. વાસનાના વિકારને દૂર કરનારા પ્રભુના ગીતો સાંભળ. આંખના ડોળા બહાર ઘણા ભટકાવ્યા, હવે જરા પ્રભુતરફ સ્થિર કર. ન બોલવાનું ઘણું બોલી, હવે જરા થોભ, અને બોલવું હોય, તો ભગવાનની સ્તુતિઓ બોલ! સજ્જનોની પ્રશંસાના ગીત ગા. ઇત્યાદિરૂપે ઇન્દ્રિયોને અંદર તરફ વાળવી એ પ્રત્યાહાર છે. પાંચમી દૃષ્ટિમાં રહેલાને હવે બહારના વિષયો કુચા જેવા લાગે છે અને આત્મગુણો મિષ્ટભોજન સમાન લાગે છે.

'ભ્રાન્તિ' દોષ ત્યાગ

વળી આ દૃષ્ટિમાં વંદનાદિ કૃત્યોમાં ક્રમઆદિ અંગે 'ભ્રાન્તિ' નામનો દોષ સતાવતો નથી. કાઉસગ્ગ ચાર લોગસ્સનો કરવાનો છે. અને મનને થાય કે ત્રણ થયા કે પાંચ, તો તે ભ્રમ થયો. પણ ત્યાં સિદ્ધચક્રના ગટ્ટાને ધારી એમાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુને ચાર દિશામાં ધારી એ પ્રમાણે લોગસ્સ ચિંતવતા ભ્રમ રહે નહીં.

આમ આ દૃષ્ટિમાં વંદનાદિ કૃત્યો જે ક્રમે કરવાના હોય, તે ક્રમે જ થાય, એમાં ભ્રાન્તિ ન ઊભી થાય, કે આ પ્રથમ કરું કે આ પ્રથમ ? અથવા આ થઇ ગયું ! (ખરેખર થયું ન હોય તો પણ) ક્રિયામાં ભ્રમ ઊભો થવાનું કારણ બને છે, ચિત્તનો અનુપયોગ અથવા અન્યોપયોગ. આ બંને ટળવાથી ભ્રમ પણ ટળી જાય છે. અને તેથી જ અહીં થતાં વંદનાદિ કર્ત્તવ્યો અતિચારરૂપ પાપથી રહિત નિર્મળ હોય છે.

સૂક્ષ્મબોધ

તથા એ કર્ત્તવ્યો માત્ર કર્ત્તવ્યરૂપ ન રહેતા સૂક્ષ્મબોધથી સુશોભિત પણ હોય છે. આ દૃષ્ટિ પામેલાએ ગ્રંથિભેદ કર્યો છે. અને તેથી વેદ્યસંવેદ્યપદ પામ્યો છે. તેથી એનો બોધ પૂર્વની દૃષ્ટિવાળાઓના બોધની અપેક્ષાએ સૂક્ષ્મ બન્યો છે. માટે જ આ દૃષ્ટિનો વિશેષ ગુણ છે બોધ. અલબત્ત પૂર્વની ચારે દૃષ્ટિમાં પણ બોધ છે, પણ તે સ્થૂળ, ગરબડિયો, ઝાંખો અને ચલાયમાન હોય છે. અહીં બોધ સૂક્ષ્મ, નિપુણ, સ્પષ્ટ અને સ્થિર થાય છે.

દરેક તત્ત્વવિચારણા સૂક્ષ્મબોધપૂર્વકની હોય છે. જેમકે 'નમો અરિહંતાણં'માં મુખ્ય શું? નમો- નમસ્કાર ક્રિયા કે અરિહંત? 'નમો અરિહંતાણં'નો અર્થ અરિહંતભગવાનને નમસ્કાર હો, એમ નહીં, પણ 'હું અરિહંત ભગવાનને નમસ્કાર કરું છું' એ છે. 'હો' માં વાત ભવિષ્યપર ગઇ. અને પોતાને સંડોવતી નથી. 'હું નમસ્કાર કરું છું.' એ વર્ત્તમાનપર ભાર આપે છે, અને પોતાને નમસ્કાર ક્રિયાનું સંવેદન કરાવે છે. આ સૂક્ષ્મ બોધ છે.

એ જ પ્રમાણે નમોપદ પહેલું છે, પણ મુખ્ય નથી. એ પહેલું એટલામાટે છે, કે અરિહંતને સન્મુખ થવાનો એ માર્ગ છે. પણ મુખ્યતા તો અરિહંતની જ છે, કેમકે નમસ્કારક્રિયા થાય છે તેમાં કારણ અરિહંત છે. ઋષભદેવવગેરે અરિહંત છે, માટે નમસ્કરણીય છે હું નમસ્કાર કરું છું. નમસ્કારકાર્યના પાંચ કારણ છે, એમાં અરિહંત પ્રથમ- મુખ્ય કારણ છે. આ સૂક્ષ્મ બોધ છે. રાગ-દ્વેષની ગાઢ ગ્રંથિના ભેદથી આ બોધ આવે છે. આ બોધ અરિહંત-શ્રદ્ધામાં ઝબોળાયેલો છે. અરિહંતની આંખે જોતા જે બોધ થાય, તે આ છે. અરિહંતે જેમાં હિતાહિત જોયાં, બસ એમાં એ જ રીતે હિતાહિત જોવાના, એ અરિહંતની આંખે જોયું ગણાય. એ જ રીતે ગુરુની શ્રદ્ધાથી ચાલવું જોઇએ. ગુરુદેવ ચૌદસે

નવકારશી કરાવે, તો પણ કરે ! કેમ? ગુર્વાજ્ઞા છે માટે. ભાવતું હતું ને વૈદે કહ્યું એમ નહીં. ગુર્વાજ્ઞા એ જ ધર્મ છે. માટે તો જયવીયરાયમાં રોજ માંગીએ છીએ, શુભગુરુનો યોગ અને તેમના વચનની સેવા મળો. ક્યાં સુધી? જ્યાં સુધી સંસારવાસ છે ત્યાં સુધી ! ભગવાનને કહો, ભગવાન ભવોભવ તારા ચરણોની સેવા ને ગુરુવચનની સેવા મને મળે.

હિત આમાં છે. **ગુરુઆજ્ઞામાં, ગુરુવચનમાં હિત.** જિનકલ્પ સ્વીકારવો હોય, તો પણ ગુરુની આજ્ઞાથી જ લેવાય. આપમતિથી જિનકલ્પ સ્વીકારવાની ચેષ્ટા કરનારે ગુર્વાજ્ઞા ઉલ્લંઘી ગણાય. આપમતિથી કાર્યો કરે, ત્યાં ગ્રંથિભેદ નથી. આતાપનાના કષ્ટ પણ ગુરુની આજ્ઞા હોય, તો ઉઠાવાય, નહિંતર નહીં. **દ્રૌપદી** પૂર્વભવમાં સાધ્વી હતાં. ગુરુણીની આજ્ઞા ન હોવા છતાં બગીચામાં આતાપના લેવા ગયા, એમાં પતન પામ્યા.

માટે આપમતિ નહીં ચાલે. ગ્રંથિભેદ થાય, તો ગુરુવચન તહત્તિ કરવાનું સૂઝે. અને પછી દેવ-ગુરુ કહે, તે મુજબ હિતાહિત દેખાય. ભગવાન કહે છે કે સંસારની બધી ક્રિયા તારામાટે અહિત કરનારી છે, ખતરનાક છે. ગ્રંથિભેદ થયો હોય, તો એ વાત એ પ્રમાણે જ સંવેદિત થાય. તેથી જ હવે એને આખી સંસારલીલા કેવી લાગે? તે બતાવે છે.

સંસારચેષ્ટા = બાળકની ધૂળક્રીડા

बालधूलीगृहक्रीडातुल्याऽस्यां भाति धीमताम् ।
तमोग्रन्थिविभेदेन, भवचेष्टाखिलैव हि ॥१५५॥

बालधूलीगृहक्रीडातुल्या-प्रकृत्यसुन्दरत्वाऽस्थिरत्वाभ्यां **अस्यां**-स्थिरायां दृष्टौ, **भाति धीमतां**-पुंसां **तमोग्रन्थिविभेदेन** हेतुना, **भवचेष्टाखिलैव हि**-चक्रवर्त्यादिचेष्टारूपाऽपि, प्रकृत्यसुन्दरत्वादस्थिरत्वाच्च ॥१५५॥

ગાથાર્થ : આ દૃષ્ટિમાં બુદ્ધિમાનોને તમોગ્રંથિનો ભેદ થવાથી સમગ્ર ભવચેષ્ટા બાળકોની ધૂળમાં ઘર બનાવવાની રમત જેવી જ ભાસે છે.

ટીકાર્થ : આ દૃષ્ટિમાં રહેલા પ્રાજ્ઞપુરુષને ચક્રવર્ત્યાદિ ચેષ્ટાવાળી હોય, તો પણ સમગ્ર ભવચેષ્ટાઓ બાળકની ધૂળના ઘરની ક્રીડા જેવી જ ભાસે છે. કેમકે તે બધી ચેષ્ટાઓ પ્રકૃતિથી જ અસુંદર અને અસ્થિર છે. આવું ભાસવામાં કારણ છે અંધકારમય અજ્ઞાનની અત્યંત ક્લિષ્ટ ગ્રંથિનો ભેદ. ગ્રંથિભેદ થયા પછી જ આ રીતે ભવચેષ્ટા તુચ્છ ભાસે.

વિવેચન : વરસાદ કે પેશાબથી માટી જેવી બનેલી ધૂળથી ઘર બનાવવાની બાળકની ચેષ્ટા મોટાઓને મન કંઈ સારી કે કાયમી ભાસતી નથી. બોધથી પુષ્ટ થયેલાને સંસારની - પછી તે ચક્રવર્ત્તીની હોય, તો પણ બધી ચેષ્ટાઓ સારી કે કાયમી ન હોવાથી જ બાલિશ - બાળકની ચેષ્ટા જેવી જ ભાસે છે. સંસારની તમામ પ્રવૃત્તિને સ્વભાવથી જ બે અપલક્ષણો લાગુ પડેલા છે, (૧) તે અસુંદર છે. સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ સુંદર છે. આત્મા તેનાથી સુંદર બને છે. જગતની તમામ પ્રવૃત્તિઓ આ ત્રણને મલિન કરવાદ્વારા આત્માને કાળો કરે છે. માટે એ બધી પ્રવૃત્તિઓ અસુંદર છે. જે આત્માને ઉજળો ન બનાવે, તે સુંદર કેવી રીતે હોય? આત્માને કર્મ, વાસના, કષાયથી કાળો કરનારી પ્રવૃત્તિઓ બધી અસુંદર છે. કદાચ કોઈને એમ થાય કે, ભલે આત્મિક દૃષ્ટિથી અસુંદર હોય, પણ લોકદૃષ્ટિથી તો સુંદર છે, પછી એમાં શો વાંધો છે ? તો એના સમાધાનમાં કહે છે, (૨) અસ્થિર છે. આંખ બંદ, ડૂબ ગઈ દુનિયા જેવું છે. આત્માને મલિન કરનારી પ્રવૃત્તિઓ તમે બહારથી સારી માનીને પણ આચરવા જાવ, તો પણ ટકવાની કેટલી ? એ તકલાદી પ્રવૃત્તિઓ ખાતર આત્માને મલિન કરવામાં ડહાપણ નથી. બાળકે ધૂળનો મહેલ બનાવ્યો, પણ રાચશે ક્યાં સુધી ? પવનનો

એક ઝપાટો આવ્યો કે અંતે ધૂળની ધૂળ. એમાં રાચતો બાળક હાસ્યાસ્પદ બને. તો જે ગમે ત્યારે નાશ પામનારી સંસારની ચેષ્ટાઓમાં રાચ્યો રહે તે હાસ્યાસ્પદ કેમ ન બને ? પેલો બાળક ગણાય, તો આ બાલિશ ગણાય.

मायामरीचिगन्धर्वनगरस्वप्नसन्निभान् ।
बाह्यान् पश्यति तत्त्वेन, भावान् श्रुतविवेकतः ॥१५६॥

मायामरीचयो-મૃગતૃષ્ણિકા **गन्धर्वनगरं**-હરિશ્ચન્દ્રપુરાદિ **स्वप्नः** પ્રતીત એવ, **एतत्सन्निभान्**-એતદાકારાન્, **बाह्यान्**-દેહગૃહાદીન્, **पश्यति तत्त्वेन**-પરમાર્થેન, **भावान्**-પદાર્થાન્ । કુત ઇત્યાહ **श्रुत-विवेकतः**-સમ્યક્પરિણતેન શ્રુતજ્ઞાનેન ॥૧૫૬॥

બાહ્યભાવો મૃગજળાદિસમાન

ગાથાર્થ : શ્રુતવિવેકથી તે (બુદ્ધિમાન) બધા જ બાહ્ય ભાવોને તત્ત્વથી તો માયા મરીચિ, ગંધર્વનગર કે સ્વપ્ન જેવા જ જૂએ છે.

ટીકાર્થ : માયામરીચિ= મૃગજળ. ગંધર્વનગર =હરિશ્ચંદ્રપુરવગેરે. સ્વપ્નનો અર્થ બધાને પ્રતીત છે. (આ દૃષ્ટિવાળો જીવ) દેહ-ઘરવગેરે બધા જ બાહ્ય પદાર્થોને પરમાર્થથી મૃગજળ, ગંધર્વનગર કે સ્વપ્ન જેવા જ જૂએ છે. શાના બળપર ? આ બતાવે છે - શ્રુતવિવેકથી - સારી રીતે પરિણામ પામેલા શ્રુતજ્ઞાનના બળપર.

વિવેચન : આ દૃષ્ટિમાં વિવેકદૃષ્ટિ ઊભી થઇ છે. આ વિવેક પણ શ્રુતથી-સાંભળેલા શાસ્ત્રોથી પરિકર્મિત થયેલો છે. અને વેદ્યસંવેદ્યપદથી સંવલિત છે. આ હિતાહિતનો વિવેક પ્રગટ્યા પછી બાહ્ય-પદાર્થો ઝાંઝવાના જળ જેવા લાગે. આકાશમાં વાદળો અને અંધારું ગોઠવાઇ જાય કે જાણે એક નગર ઊભું ન થયું હોય ! એવું લાગે. આ ગંધર્વનગર કહેવાય છે. પણ એ માત્ર ભાસરૂપ છે હકીકત નથી. બસ એ જ રીતે સંસારના બધા ભાવો ગંધર્વનગર જેવા, સપનાની સુખડી જેવા કે કલ્પનાના મહેલ જેવા લાગે.

વાસી લોટનું ઠીકરું પાસે રાખી ભિખારી સૂઇ ગયો. સપનું આવ્યું. પોતે રાજા છે. સોનાની દિવાલ ને સોનાના છતવાળા મહેલમાં સોનાના હિંચકે હિંચી રહ્યો છે. ત્યાં રાણી આવી. અપ્સરા જેવી રુડી રાણી છે. રાણીસાથે પરણ્યો પણ ઠાઠમાઠથી. હવે આ રાણી રાજાને કાંક કહે છે. રાજાને ગુસ્સો ચઢ્યો. રાણીને લાત મારી. 'ધૂમ' અવાજ આવ્યો. સપનું તૂટ્યું. ઉંઘ ઊડી ગઇ. ભિખારીએ જોયું, સપનામાં રાણીને મારેલી લાત ખરેખર તો ઠીકરાને લાગેલી. ઠીકરું દૂર ફેંકાઇ ગયું. બધો લોટ ઢોળાઇ ગયો. સપનું ખોટું, નુકસાન સાચું. સંસારના રંગ-રાગ આ સપના જેવા ખોટા. પણ તેથી આત્માને થતું નુકસાન સાચું.

અહીં પ્રશ્ન થાય, ખરેખર દેખાય છે એ સપનું કેમ કહેવાય ? તો સમાધાન એ છે કે, જે દેખાય છે, તે બાહ્ય ચામડાની આંખે દેખાય છે, તત્ત્વથી તમારું કશું નથી. ભવ પૂરો થયો ને આ ભવની લીલા પૂરી થઇ. સાથે શું ? જેમ સપનામાં અનુભવેલું, જોયેલું, ભેગું કરેલું ખુલી આંખે સાથે આવતું નથી, દેખાતું નથી. એમ આ ભવની ખુલી આંખે ભેગુ કરેલું કે અનુભવેલું આંખ બંધ થયે પરભવમાં સાથે આવતું નથી, દેખાતું નથી. માટે તત્ત્વથી જૂઓ, તો આ બધું સપનું જ છે ને!

દેવલોકમાં રતનના મહેલ, સુધારસ પાન, દેવાંગનાઓના નૃત્ય, ધૂળ, મેલ, પસીનો કાંઇ નહીં. ને ભવ પૂરો થયો કે કેવી વિચિત્રતા. માતાના પેટમાં સાંકડી જગામાં નવ મહીના ઉંધે મસ્તકે લટકવાનું.... રતનના તો શું દીવાના પણ પ્રકાશ નહીં. અંધારું ઘોર ! સુધારસ છોડો, ચોખ્ખું ભોજન પણ નહીં, માએ ખાધેલામાંથી જે રસી થઇ એ બિભત્સનું ભોજન. આ વિચારો, દેવલોક સપનું જ લાગે ને !

એક શેઠ કરોડપતી, એક સગાને ત્યાંથી લગ્નની કંકોત્રી આવી. આ ભાઇ પોતાની કારમાં લગ્નના માંડવે ગયા. એ ભાઇએ શેઠને ખુબ જ ઉમળકાભેર રીસીવ કર્યા. પહેલી પંગતમાં જ યોગ્ય સ્થાને આગ્રહ કરી જમવા બેસાડ્યા. પકવાન-ફરસાણવગેરે આગ્રહ કરી કરી પીરસવા માંડ્યું. પુત્ર પાસે પંખો નંખાવ્યો. છેલ્લે પાન-બીડા ધર્યા. પધારવા બદલ લળી લળીને ઉપકાર માન્યો...

એ પછી દસેક વર્ષના વા'ણા વીતી ગયા. શેઠની પરિસ્થિતિ બગડી. કરોડપતિમાંથી સીધા કોડીપતિ બની ગયા. ફરીથી પેલા ભાઇને ત્યાંથી બીજા પુત્રના લગ્નની કંકોત્રી આવી. આ ભાઇ ગયા, પણ કારમાં નહીં, પગે ચાલીને. કારણ કે હવે કાર રહી નથી. બસ-ટેક્ષી ભાડાના પૈસા નથી. માંડવે પહોંચ્યા. પણ કોઇ રીસીવ કરનાર નથી. પ્રથમ દરવાજે પ્રવેશ મળ્યો નહીં, કેમકે તો દરવાજે મોટા શ્રીમંત વી.આઇ.પી. મહેમાનો માટે હતો. બીજા દરવાજેથી પણ પ્રવેશ મળ્યો નહીં. એમાં મધ્યમવર્ગનાનો નંબર હતો. માંડ માંડ ત્રીજા દરવાજેથી પ્રવેશ મળ્યો. ભિખારીઓની જેમ ભોજનની લાઇનમાં ઊભા રહેવું પડ્યું. ભીડ-ધક્કા સહન કરી ભોજનમાટે બેઠા, પણ પીરસનારાઓ તિરસ્કારપૂર્વક પીરસતા હતા. પકવાન કે ફરસાણ નહીં, શીરા-પૂરી પીરસી દીધા. હજી તો બે ચાર કોળીયા ઉતાર્યા નથી ને પીરસણિયાઓએ બુમા બુમ કરવા માંડી - ઉઠો... ઉઠો... ખાવામાં કેટલીવાર લગાડો છો, જાણે છપ્પનિયા દુકાળમાંથી આવ્યા લાગો છો. બોલો, શેઠને આ ભોજન ગળે ઉતરે !

કીચડમાં પડ્યા ન રહો....

કર્મ-સત્તાની રમત આવી છે. પહેલા દેવલોકના સુખ દેખાડ્યા. રત્નના વિમાન અને નૃત્યાંગનાઓના નૃત્ય. પછી તરત જ નાંખ્યા માતાની પેટનાં ગંદવાડમાં, અંધારામાં... પહેલે જ ધડાકે તમારા માન-અરમાન ઉતારી નાંખ્યા. તેથી આ બધા દેખાતા લાલ-પીળા પરમાર્થદૃષ્ટિથી અસુંદર છે. અને સ્વપ્નની માયા છે એમ લાગે. તેથી **આ દૃષ્ટિ-વાળો સંસારમાં રહ્યો ભલે હોય, રમતો ન હોય.**

કોઇ અપ ટુ ડેટ કપડાવાળો માણસ કાદવમાં લપસે, તો પણ એને એમાં પડ્યા રહેવાનું મન ન થાય, ઝટ ઊભો થાય, કપડા ખંખેરી એ સ્થાનેથી જલ્દી રવાના જ થાય. આ જ પ્રમાણે સમકીતી આત્મા - આ દૃષ્ટિને પામેલો જીવ સંસારના કીચડમાં પડ્યો હોય, તો પણ એને એમાં પડી રહેવાનું મન ન થાય, ઝટ બહાર નીકળવાનું જ મન થાય.

પ્રશ્ન : સાધુ ભગવંતો તો કીચડમાંથી નીકળી ગયા ને ?

સમાધાન : અમારાથી પણ એમ ન મનાય. જ્યાં સુધી વીતરાગભાવ ન આવે, ત્યાં સુધી કીચડમાં જ છીએ. રાગ-દ્વેષના કીચડમાં ફસાયા છીએ. સમજી લ્યો, જ્યાં સુધી ક્લેશ છે, ત્યાં સુધી સંસારનો કીચડ છે. ક્લેશરહિત થાઓ ત્યારે ભવપાર પામ્યા. એટલે ત્યાં સુધી સતત કીચડમાંથી છુટવાનો પ્રયત્ન ચાલુ જ રાખવાનો.

પૂજ્ય આચાર્યદેવ **ત્રિલોચન સૂરિ** મહારાજ કદી નવા કપડા પહેરે નહીં. જૂના-મેલા જ પહેરે. ભૂલે ચૂકે નવા કપડા કે કાપ કાઢેલા કપડા પહેરવાનો અવસર આવે, તો એ કપડા વડીલ મહાત્માને થોડા દિવસ પહેરાવી પછી મેલા થયે જ પોતે પહેરે... કેમ ? તો કે રાગ-દ્વેષના કીચડથી બચવા. હિસાબ રાખેલો, કે ક્યાંય આસક્તિ-મોહમાં ફસાઇ ન જવાય. આ વાત છે. વીતરાગ ન થઇએ ત્યાં સુધી સાવધાની રાખવાની છે.

વિવેકનો પ્રભાવ

મૂળ વાત એ છે કે શાસ્ત્રશ્રવણ-અભ્યાસનું ફળ છે વિવેક. અને આ વિવેકદૃષ્ટિ ખુલી હોય, તો

બાહ્યભાવમાં લોભાવાનું ન થાય. અંતરાત્મામાં જો જ્ઞાન પરિણત થાય, અને સમ્યક્ પરિણતિઓ ઊભી થાય, તો જ્ઞાન ભણ્યાનું ફળ મળ્યું કહેવાય અને વિવેક પ્રગટ્યો ગણાય.

'સંસાર અસાર છે' એવું સાંભળ્યું, શ્રુતજ્ઞાન થયું, પણ તે પરિણામ ક્યારે પામે ? અનુત્તર વિમાન સુધીના સંસારના તમામ સુખને ડાંગરના ફોતરાની જેમ અસાર માને ત્યારે. હૈયામાં એ બધા સુખ તુચ્છ ભાસે ત્યારે.

સાપ કેવો ભયંકર ? સાપમાં સાક્ષાત યમરાજનું ભાન છે, તેથી સાપનું નામ સાંભળતા પણ ચોંકી જવાય છે. બસ એ જ રીતે સંસારના સુખ-વિષયોમાં દુર્ગતિનું જ્ઞાન થાય, પછી એ પરિણત થાય તો સુખની વાત આવે ભડકવાનું મન થાય. *सल्लं कामा विसं कामा... कामा आसी विसोवमा....* વિષયોમાં શૂળ આપનારા તીક્ષ્ણ શલ્ય-કાંટા દેખાયા, વિષયોમાં ભવોભવ મારનારું ઝેર દેખાય.... વિષયોમાં સાક્ષાત્ તત્કાળ મારનારા ઝેરવાળા સાપના દર્શન થાય.

આ વિવેક આવે, પછી ભોગો સુંદરને બદલે અસુંદર લાગે, અને પાછી એમાં સપનાની માયા જેવું-ચંચળ ક્યારે ઊડી જાય, તે કહેવાય નહીં, એમ અસ્થિરતાની પણ બુદ્ધિ થાય.

કોઇ નગરમાં વેપારીઓને આમંત્રણ આપી બોલાવવામાં આવે કે 'આવો ! તમે ધમધમાટ વેપાર કરો... વેપાર કરવાની તમને બધી અનુકૂળતા કરી આપવામાં આવશે.... કમાણી પણ સારી થશે.' આ સાંભળી ભલભલા વેપારીઓ આકર્ષાઇ જાય, પણ પછી છેવટે ઘોષણા કરે કે 'અમારો એક ધારો છે કે પાંચ વર્ષ પૂરે થયે વેપારીએ બધુ અહીં જ છોડી પહેરેલે કપડે રવાના થઇ જવાનું !' તો કયો વેપારી ત્યાં આકર્ષાય.... પછી ત્યાંના કરોડો રૂા. ના ઢગલા પણ કેવા તુચ્છ ભાસે !

બસ આ જ વાત સંસારનગરની છે. તમે મનુષ્યભવની ગલીમાં ગમે તેટલા વિષય ભોગોનો ઢગલો કરો. ભેગું કરો.... અંતે એ બધું છોડીને રવાના થઇ જવાનું. શ્રુતજ્ઞાનથી વિવેક પામેલો કયો માણસ આ ભોગોમાં આકર્ષાય ? એને તો આ બધા ભોગો તુચ્છ જ લાગે.

એ તો સમજે છે, કે આ બધી કર્મની માયાજાળ છે. પહેલા આ બધામાં સારું સારું દેખ અને સારું સારું લેખ. (માન.) પછી એમાં લલચાય એટલે માયાજાળ સંકેલી લેવાની. બધું જ હત-પ્રહત કરી નાંખવાનું. તેથી સારી રીતે પરિણત થયેલા શ્રુતજ્ઞાનવાળો આ દૃષ્ટિગત જીવ બાહ્ય દેહ, ઘર વગેરે દેખાતા તમામ ભાવોને મૃગતૃષ્ણિકા કે ગંધર્વનગર જેવા કે પછી માત્ર સપનાની માયા જેવા જ પ્રતીત કરે છે.

પ્રશ્ન : સંસારનું બધું જ માયાજાળ છે, તો કશું સારભૂત છે ખરું ?

સમાધાન : હા, છે. તે જ હવે બતાવે છે.

अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।
यदत्र तत्परं तत्त्वं, शेषः पुनरुपप्लवः ॥१५७॥

अबाह्यं-आन्तरं **केवलं**-एकं **ज्योतिः**-ज्ञानं, **निराबाधं**-अमूर्ततया पीडारहितं, **अनामयं**-अरोगम्-अत एव, **यदत्र**-लोके, **तत्परं तत्त्वं** वर्तते, सदा तथा-भावात्। **शेषः पुनरुपप्लव**-स्तथास्वरूपेण भावादिति ॥१५७॥

શ્રેષ્ઠ તત્ત્વ-કેવલ જ્યોતિ

ગાથાર્થ : લોકમાં જે અબાહ્ય, નિરાબાધ, અનામય કેવલ જ્યોતિ છે, તે જ પર તત્ત્વ છે. બાકી બધું ઉપપ્લવ સમાન છે.

ટીકાર્થ : લોકમાં જે અબાહ્ય = આંતરિક, નિરાબાધ = અમૂર્ત્ત હોવાથી પીડારહિત, અનામય = રોગરહિત એવી જે કેવલ = એક જ્યોતિ = જ્ઞાન છે, તે જ શ્રેષ્ઠ તત્ત્વરૂપ છે, કેમકે તે હંમેશા તેરૂપે જ

રહે છે. બાકી બધું ઉપપ્લવ સમાન છે, કેમકે તે બધાનું સ્વરૂપ જ તેવું છે.

વિવેચન : આંતરિક કેવળજ્યોતિ જ પરતત્ત્વ-રૂપ છે. જ્યોતિ = પ્રકાશ - જ્ઞાન. આત્મા જ્યોતિર્મય - કેવળ પ્રકાશમય છે. સિદ્ધોએ પોતાની જ્યોતિ નિર્મળ કરી દીધી છે, તેથી એમાં અનંતાનંતકાળના અનંતાનંત જ્ઞાનપ્રકાશ ભર્યા છે. અનંતાનંતનું જ્ઞાન કરે છે. **જ્ઞાનવિમલસૂરિકૃત** સ્તવનમાં પંક્તિ છે - *અબળા સાથે નેહ ન જોડ્યો, તે પણ ધન્ય કહાણી એકરસે બિહું પ્રીત થઇ તો, કીર્તિ કોડ ગવાણી... (નેમિ નિરંજન નાથ હમારો, અંજનવર્ણ શરીર...)*

શ્રી નેમિનાથ ભગવાને અબળા એવી રાજિમતી સાથેનો નવભવનો સ્નેહસંબંધ તોડ્યો. આ ભવમાં પણ સ્નેહ જોડવાનો પ્રસંગ આવ્યો, ત્યારે રથ પાછો વાળી સંયમી થઇ નેહસંબંધ જોડ્યો નહીં. આ ભવ્ય પ્રસંગ ધન્ય બની ગયો. લોક વ્યવહારમાં નેહ તોડ્યો. હકીકતમાં તો રાજિમતીને પણ દીક્ષા આપી, કેવળજ્ઞાન આપી, મોક્ષઘરે મોકલી આપી પોતે પણ મોક્ષે ગયા. બંનેના નિર્મળ આત્મામાં કેવળજ્ઞાનની જ્યોત પ્રકાશી રહી છે. બંનેને અનંત - અનંતકાળનું અનંતનું જ્ઞાન છે. તેથી જેમ બે અરીસા સામ સામે ગોઠવ્યા હોય, ને એમાં પરસ્પરના અસંખ્ય પ્રતિબિંબ પડે. એમ નેમનાથ ભગવાન પોતાના કેવળજ્ઞાનમાં રાજિમતીને જૂએ છે, એટલું જ નહીં રાજિમતીના કેવળજ્ઞાનમાં પોતાનું પ્રતિબિંબ પણ જૂએ છે. એ જ પ્રમાણે રાજિમતી અંગે પણ સમજવું... આમ બંને એક - બીજાના આત્મસ્વરૂપને અનંત - અનંતરૂપે એકમેક જૂએ છે. આ છે એક રસે થયેલી પ્રીત... અને તેથી જ તેઓની આ પ્રીતની કીર્તિ કરોડો મુખે ગવાય છે.

આ જ્યોતિ નિરાબાધ છે

ટૂંકમાં આ રીતે માત્ર નિર્મળ આત્મસ્વરૂપ અનંત જ્ઞાન જ્યોતિર્મય છે. આ જ આત્મતત્ત્વ સારભૂત છે. એ પાછું સકલ કર્મના હ્રાસથી નિપજતું હોવાથી જ નિરાબાધ છે. અમૂર્ત્ત હોવાથી કોઇ પણ પ્રકારની ભૌતિક, કાર્મિક કે દૈવિક પીડાઓ આને સંભવતી નથી. પીડા અનુભવવા શરીર જોઇએ. શરીર નથી, તો પીડાનો અનુભવ પણ નથી. તેથી જ આ આત્મતત્ત્વ રોગ - વ્યાધિની પણ પીડા વિનાનું છે. આ શુદ્ધ થઇ ગયેલા આત્માને હવે ફરીથી મેલા થવાનું રહ્યું નથી. સદાશુદ્ધ રહેશે. જગતના કોઇ પણ પૌદ્ગલિક ભાવો એવા નથી, કે જે ચોક્ખું - શુદ્ધ કર્યા પછી કાયમમાટે ચોક્ખું - શુદ્ધ જ રહે. એ તો ફરીથી બગડે. જ્યારે શુદ્ધ આત્મતત્ત્વ જ એવું છે કે અનાદિકાલથી મલિન હોવા છતાં એકવાર તદ્દન નિર્મળ - શુદ્ધ કરી દો પછી ક્યારેય મેલું થાય જ નહીં. કાયમમાટે શુદ્ધ જ રહે. મેલા થવું એ આત્મામાટે ઉપપ્લવ સમાન છે. ઉપદ્રવ - ઉપાધિ સમાન છે. પણ નિર્મળ થયેલા કેવળ જ્યોતિરૂપ રહેલા આત્માને આ ઉપદ્રવ નથી. માટે જ લોકમાં આ શ્રેષ્ઠ તત્ત્વરૂપ છે. બાકી તમામ બાહ્ય ભાવો આવા ન હોવાથી ઉપદ્રવ - ઉપાધિ - ઉપપ્લવ સમાન જ છે. નાશવંત છે.

આમ સ્થિર અને સુંદર માત્ર આંતરિક જ્યોતિરૂપ શુદ્ધ આત્મતત્ત્વ જ છે, અને બાકીનું બહારનું બધું ઝાંઝવાના નીર જેવું, સપના જેવું છે. તેથી ખરેખર તો આત્મજ્યોતિનું ધ્યાન ધરવા જેવું છે. ભગવાને જે જ્ઞાન આપ્યું છે તે આત્મસાત્ કરવાનું છે. એનું પરિણમન કરવાનું છે, એ થાય, તો આત્મતત્ત્વનું ધ્યાન આવે. અનંતજ્ઞાનમય આત્માને મોહ - અવિદ્યાએ પકડી લીધા છે. જેથી આત્મા આ જ્ઞાનપરિણમન અને આત્મધ્યાન છોડી બાહ્યભાવમાં પડ્યો છે. અવિદ્યાનું કામ જ આ છે. પરકીયને સ્વકીય મનાવવું, નાશવંતને ટકાઉ મનાવવું, અપવિત્ર - અસુંદરને સુંદર મનાવવું.

શેઠનું દૃષ્ટાંત

એક શેઠે લાખો રૂા. ખર્ચી બંગલો બનાવ્યો. બંગલાને નમૂનેદાર બનાવવા અંગત પરિશ્રમ ભારે ઉઠાવેલો. પછી શેઠને થયું, આ બંગલો આખી દુનિયામાં પ્રસિદ્ધ ન થાય, તો ખર્ચ્યાનો ફાયદો શો ? પણ પ્રસિદ્ધ કરવો કેવી રીતે ? એ વખતે પોસ્ટર વગેરેનો જમાનો ન હોતો.

શેઠે વિચાર્યું, મોટા આચાર્યભગવંતને પગલા કરાવવાના નામે બોલાવું. આચાર્ય મહારાજ ગામ ગામ ફરતા હોય ને મોટા મોટા શેઠ વગેરે મળવા આવતા હોય. તેઓ આગળ જો આચાર્યદેવ મારા બંગલાના વખાણ કરે, તો બંગલાને સારી નામના મળી જાય. શેઠે આચાર્યભગવંતને વિનંતી કરી. બાપજી ! આ ગરીબની ઝૂંપડીમાં પાવન પગલા કરો. ઘણી વિનંતી જોઇ આચાર્યભગવંત પધાર્યા. ગોચરી-પાણીવગેરેનો ઔપચારિક વિવેક કરી પછી આચાર્યભગવંતને બંગલો બતાવવા માંડ્યો.

આ આપણો બંગલો ! આ ફરશી ઇરાની છે, આ નકશી કાનપુરની છે. આ થાંભલા આગ્રાના છે !! શેઠ ઉછળી ઉછળીને એક એકના વખાણ કરે છે ! ને બાપજીને પૂછતો જાય છે - બાપજી કેવું લાગ્યું ?

આચાર્ય મહારાજને થયું - આ પાગલ થયો છે. હવે મોં મલકાવીશ, તો બચારો વધારે પાગલ થશે, તેથી ગંભીર મોઢું રાખીને બધી વાતો સાંભળી.

શેઠને લાગ્યું, બાપજી બોલતાં નથી એથી લાગે છે કે ગામોગામ ફરનારા બાપજીએ આનાથી પણ સારું જોયું લાગે છે. તેથી વધુ સારું બતાવવા ઉપરના માળે લઇ ગયો. પાછું આગ્રા... કાનપુર... પુરાણ ચાલ્યું... પણ આચાર્ય મહારાજ ગંભીર. 'સરસ !' બોલવામાં પણ અનુમોદના-અનુમતિનું પાપ ચોંટે. તેથી મૌન રહ્યા.

પણ શેઠ એમ હારે એવા ન હતા. પાછા ઉપરના માળે લઇ ગયા. પાછું ફરશી, નકશી, શિલીંગ પુરાણ ચાલ્યું. પણ બાપજી મૌન. શેઠે બધું બતાવ્યું, પણ આચાર્યભગવંતે હોંકારો પણ ભણ્યો નહીં. શેઠને લાગ્યું હું તો કૂવાનો દેડકો ! બાપજી બધે ફરેલા. તેથી મારા જેવા તો ઘણાના બંગલા જોઇ લીધા હશે. પછી બોલે શું ? પણ હા, મારા બંગલાનો દરવાજો બાપજીએ જોયો નથી. એ જોશે પછી તો બાપજી પણ મોંમા આંગળા નાંખી દેશે.

આમ વિચારી શેઠે આચાર્યદેવને દરવાજો બતાવ્યો. અને કહે - બાપજી ! જૂઓ તો ખરા આની સૂક્ષ્મ નકશીકામ ! અરે મેં આમાં ૨૫ હજાર નાંખી દીધા છે.

ત્યારે આચાર્યભગવંતે મોં મલકાવ્યું. શેઠ ખુશખુશ થઇ ઉછળીને કહેવા લાગ્યા - હું કહેતો હતો ને કે આવો દરવાજો તો ક્યાંય જોવા નહીં મળે!

ત્યારે આચાર્યદેવે ખુલાસો કરતાં કહ્યું - અરે હું તારા દરવાજાની વડાઇ પર નહીં, તારી મૂર્ખાઇ પર હસું છું. શેઠ ઝંખવાણા પડી ગયા. પૂછ્યું - મારી કઇ મૂર્ખાઇ ? આચાર્યએ કહ્યું- તેં મને બંગલો ઘણા ઉત્સાહથી બતાવ્યો. તેથી મને લાગે છે કે તને આ બંગલો ઘણો ગમે છે. શેઠ કહે - હા ! આ બંગલામાટે તો મેં રાત-દિવસ, પૈસો-ટકો જોયાં નથી, તેથી ગમે જ ને! આચાર્યદેવે કહ્યું - માટે જ કહું છું - તે આ દરવાજો બનાવી ગંભીર ભૂલ કરી છે. જો આ દરવાજો જ બનાવ્યો ન હોત, તો તું કાયમમાટે અંદર રહી શકત, અને મરી ગયા પછી પણ તને કોઇ બહાર કાઢી શકત નહીં. આ દરવાજો બનાવીને તો તેં જ તને મુશ્કેટાટ બાંધીને બહાર કાઢવાની સગવડ બીજાઓને કરી આપી. પેલો શેઠ તો આ સાંભળી સજ્જડ થઇ ગયો. ટકોર લાગી ગઇ. બાપજીના પગ પકડી, કહે - બાપજી ! જૂલમ થઇ ગયો. આમાં તો લાખો રૂા. પાણી થઇ

ગયા. આચાર્યદેવે કહ્યું - તારે આ બંગલાની જાહેરાત કરવી હતી ને ! તો એ જાહેરાત પણ થઇ જાય, ને તારા નાખેલા પૈસા નિષ્ફળ ન જાય, તેનો ઉપાય બતાવું ? શેઠ કહે- બતાવો. આચાર્યદેવે કહ્યું - આને દેરાસરમાં ફેરવી દે. તું નહીં બોલાવે, તો પણ બધા આવશે! શેઠે કહ્યું - બાપજી ! આપ રોકાઇ જાવ. પ્રતિષ્ઠા કરાવીને જાવ. હું ભગવાન લઇ આવું છું.

ખરેખર શેઠે ત્રણેય માળમાં ભગવાન પધરાવી દીધા અને લોકોના ટોળે ટોળા દર્શન માટે આવ્યા.

બસ આ વાત છે, શેઠ પરકીયને સ્વકીય માનવાની ભૂલમાં હતા. આચાર્ય ભગવંતના ટકોરે જાગી ગયા. આ અવિદ્યાનો પ્રભાવ છે કે જીવને ભૂલાવે છે. પરકીયને સ્વકીય મનાવી એની પળોજણમાં ભમાડે છે કાયા પર છે, એ પોતાની માની સાચવે છે; ને આત્મા યાદ આવતો નથી. બંગલા પર છે, અહિતર છે; એ ઊભા કરાવે છે ને દેરાસર ખાતે ખરચ કરાવતાં અટકાવે છે કે જે હિતકર છે.

પાંચમી દૃષ્ટિ પામેલો બાહ્યભાવોને તુચ્છ માની માત્ર જ્યોતિર્મય શુદ્ધ આત્મસ્વરૂપને જ પરમ તત્ત્વ તરીકે સંવેદે છે. *'એગો મે સાસઓ અપ્પા'* બસ 'એક માત્ર શાશ્વત આત્મા જ મારો છે' એની ધૂન મચે છે. અને શુદ્ધ જ્ઞાન-દર્શન આદિ ગુણો જ પોતાના દેખાવાથી એની જ કમાણીમાં દિલ લાગેલું રહે છે.

પુદ્ગળના ખેલમાં લેપાવાનું નહીં

અશુદ્ધ જ્ઞાન-દર્શન રાગ-દ્વેષથી ખરડાયેલા હોવાથી વાત-વાતમાં રાગ-દ્વેષ કરાવે છે. ઉજળું કપડું દેખાય ને હરખાય, મેલું કપડું દેખાય ને સૂગ ચડે..... ઇત્યાદિ થવામાં કારણ છે રાગ-દ્વેષ. વસ્તુનો જ્ઞાન-બોધ થાય, પણ રાગ-દ્વેષ હોવાથી એ સાથે ગમો-અણગમો પણ પ્રગટ થાય.

માટે શુદ્ધ જ્ઞાનતરફ પ્રયત્નશીલ બનવાનું છે. અરીસા જેવા બનો. અરીસો સારા-નરસાનું પ્રતિબિંબ પાડે, પણ પોતે કશી અસર ન લે. એમ **બાહ્ય આવતા સારા-નરસા ભાવો માત્ર જોવાના. એમાં લેવાવાનું કે લેપાવાનું નહીં.** સતત એમ થાય કે આ બાહ્ય ભાવ છે તુચ્છ છે, બસ મારો આત્મા જ તાત્ત્વિક છે. આમ વારંવાર ભાવવાથી પછી બહારનો ભાવ આવે, તો પણ જરા લેવાવાનું થાય નહીં. અરુચિ કે મલકાવાનું થાય નહીં.

શાસ્ત્રમાં **સુબુદ્ધિ મંત્રીનું દૃષ્ટાંત આવે છે.** રાજાને ત્યાં બધા અધિકારીઓ સાથે ભોજન-સમારંભ હતો. બધા એક એક ચીજનો સ્વાદ લેતા જાય, ને અહો! શું સ્વાદ છે ! વખાણતા જાય. પણ સુબુદ્ધિ મંત્રી ચૂપ. જરા પણ વખાણ કર્યા વિના ચૂપચાપ ભોજન કરી લીધું. રાજાએ પૂછ્યું- તમે કેમ વાનગીઓ વખાણી નહીં ? સુબુદ્ધિ મંત્રીએ કહ્યું - શું વખાણે ? આ તો પુદ્ગળનો ખેલ છે.

પછી બધા ફરવા નીકળ્યા. વચ્ચે ગટર આવી. ગંદા પાણીની ભયંકર દુર્ગંધ. બધાએ નાકે ડૂચો મારી નિંદા કરી. અરર ! કેવું ગંદુ પાણી? પણ સુબુદ્ધિ મંત્રીએ નાકે ડૂચો પણ માર્યો નહીં કે નિંદા પણ કરી નહીં. સ્વસ્થ રહ્યા. હા, ભાવિત વ્યક્તિ જ સ્વસ્થ રહી શકે.

ભરુચના અનુપચંદ ભાઇ એક સાધુના સ્વાસ્થ્યની ખબર લેવા ગયા. સાધુ મહારાજને તાવ આવે. અનુપચંદ શેઠે સુદર્શન ચૂર્ણની ડબ્બી કાઢી કહ્યું - આ ફાકી જાવ. તાવ ઉતરી જશે. સાધુએ ચૂર્ણ હાથમાં લીધું તો ખરું... પણ મોંમા જાય નહીં. અનુપચંદ શેઠે કહ્યું - અરે સાહેબ ! એમાં શું મંઝાવ છો ? આ તો પુદ્ગળના ખેલ છે. જૂઓ હું ફાકો મારું છું. એમ કહી ફાકો મારી ગયા. શાંતિથી વગર પાણીએ ઉતારી ગયા. સાધુ તો સજ્જડ થઇ ગયા. આ છે ભાવિતતા.

સુબુદ્ધિ મંત્રી આવા ભાવિત હતા. તેથી દુર્ગંધ આવવા છતાં સ્વસ્થ હતા. રાજાએ પૂછ્યું - મંત્રીશ્વર ! આ પુદ્ગળના ખેલ શું છે ? સરસ ભોજનમાં અને આ ગંદા પાણીમાં એ સમાનતયા કેમ બોલાયા ? સુબુદ્ધિ મંત્રીએ કહ્યું - હું આપને થોડા દિવસ પછી સમજાવીશ.

પછી મંત્રીશ્વરે આ જ ગટરનું પાણી મંગાવ્યું. કોલસીવગેરેના સાત સાત દિવસના પ્રયોગથી પાણીને દુર્ગંધ વિનાનું બનાવ્યું. પછી એમાં સારો સ્વાદ અને સુગંધ આવે તેવા દ્રવ્યોથી વાસિત કર્યું. પછી રાજાને જમવા બોલાવ્યા. એમાં આ જ પાણી પીરસ્યું. રાજા તો પાણીના સ્વાદથી છક જ થઇ ગયા. મંત્રીશ્વરને કહે - મંત્રીશ્વર ! તમે ખરા કંજૂસ! આવું સ્વાદિષ્ટ પાણી મને ક્યારેય પિવડાવ્યું નહીં. ક્યાંનું છે આ પાણી ?

મંત્રીએ હસીને રાજાને કહ્યું - પહેલા આપ મને અભયદાન લખી આપો. પછી કહીશ. રાજાએ અભયદાન લખી આપ્યું. પછી સુબુદ્ધિમંત્રી રાજાને જ્યાં પાણી શુદ્ધીકરણની પ્રક્રિયા ચાલતી હતી, ત્યાં લઇ ગયો. ગંદુ પાણી બતાવી કહ્યું - પેલી ગટરનું જ આ પાણી છે. આ રીતે શુદ્ધ અને સુવાસિત કરી તમને પીવડાવ્યું. રાજા કહે - તો શું મને ગટરનું પાણી પીવડાવ્યું ? મંત્રી કહે - રાજા સા'બ ! આ જ પુદ્ગળના ખેલ છે. જ્યાં સુધી સારી દેખાતી ચીજની ખરાબ બાજૂ જોઇ નથી, કે સાંભળી નથી ત્યાં સુધી એ ગમે છે, સારી લાગે છે. એની ખરાબ બાજૂ પણ દેખાઇ જાય, તો સૂગ ચઢે છે. આ જ પુદ્ગળની રમત છે, સારા-નરસા થયા કરવું.

અમદાવાદમાં પોળમાં એક ભાઇએ મોહનથાળના ટૂકડા ઘરે ઘરે મોકલ્યા. દિવાળીના દિવસો. લોકો આ ભાઇને કંજૂસ તરીકે ઓળખે. તેથી બધાને આ ભાઇએ મોહનથાળ ખવડાવ્યો, તેનું આશ્ચર્ય થયું. એમનીપાસે આવી મોહનથાળના વખાણ કરી કહ્યું - તમને કેમ મોહનથાળ બધાને ખવડાવવાનું મન થયું ? એ ભાઇએ કહ્યું - શું કરું? મોહનથાળ તૈયાર કરી આ મોટા થાળમાં પાથરી ઠરવા મુક્યો હતો. ત્યાં આ બાજૂવાળા મોહન-કાકાના બે વર્ષના ટબ્બૂડાએ એમાં જ પેશાબ છોડ્યો. તેથી વિચાર કર્યો.... આ ખવાય એમ નથી, તો તમને બધાને વહેંચ્યો. તરત જ બધા બરાડી ઉઠ્યા - હેં તમે અમને આવો મોહનથાળ ખવડાવ્યો ?

જોયું ! પહેલા મોહનથાળના વખાણ અને હવે થુથુ ! કેમ ? બસ આ જ પુદ્ગળના ખેલ ! સારી લાગતી ચીજ પણ ખરાબ થાય, અને ખરાબ લાગતી ચીજ પણ સારી થાય, એ બધી પુદ્ગળની કરામત છે. એમાં લેપાવાનું શું ?

एवं विवेकिनो धीराः, प्रत्याहारपरास्तथा।
धर्मबाधापरित्यागयत्नवन्तश्च तत्त्वतः ॥१५८॥

एवं-उक्तनीत्या, **विवेकिन** एते **धीरा**-अचपलाः, **प्रत्याहारपराः**-उक्तलक्षणप्रत्याहारप्रधानाः **तथा**-तेन प्रकारेण **धर्मबाधापरित्यागयत्नवन्तश्च** तथान्तःपरिशुद्धेः, **तत्त्वतः**-परमार्थेन, एते हि भिन्नग्रन्थित्वादुत्तमश्रुतप्रधाना इत्येवमालोचयन्ति ॥१५८॥

ગાથાર્થ : આ પ્રમાણે વિવેકી ધીરપુરુષો જ તત્ત્વથી પ્રત્યાહારપર છે. તથા ધર્મબાધા પરિત્યાગમાં પ્રયત્નવાળા છે.

ટીકાર્થ : આમ - ઉપર કહ્યું, તે મુજબ આ વિવેકી, ધીર = અચપલ, આગળ કહેલા લક્ષણવાળા પ્રત્યાહારમાં તત્પર તથા - તેવા પ્રકારથી પરમાર્થથી અંતઃકરણપરિશુદ્ધિ હોવાથી ધર્મબાધાના પરિત્યાગમાં પ્રયત્નવાળા છે. આ જ પુરુષો ભિન્ન ગ્રંથિવાળા હોવાથી ઉત્તમ શ્રુતપ્રધાન હોવાથી આ પ્રમાણે વિચારે છે.

વિવેકી ધીર સ્થિતપ્રજ્ઞ બને...

વિવેચન : આ પ્રમાણે બાહ્યભાવોમાં

પુદ્ગળની રમત જોનારો વિવેકી પુરુષ જ ધીરપુરુષ બને છે. ધીર એટલે ધીરતાવાળો. કોઇપણ પ્રસંગમાં ધીરતા = સ્વસ્થતા ટકાવી રાખનારો. માટે ધીરપુરુષ સ્થિતપ્રજ્ઞ હોય છે. આગમ, ગુરુપરંપરા અને સ્વપ્રતિભાથી - અનુભવથી ઊભી કરેલી પ્રજ્ઞામાં સ્થિર રહે... એ પ્રજ્ઞા કાયમ રહે, વારંવાર બદલાયા ન કરે, તેમ જ પરિસ્થિતિઓમાં તણાઇ ન જાય.

જે કંઇ બાહ્ય છે, તે બધું ઝાંઝવાના નીર જેવું છે; આ વિવેકથી પ્રજ્ઞા ઘડાઇ ગયા પછી, દરેક બાહ્યભાવમાં આ જ દેખાવું જોઇએ. તો તે સ્થિતપ્રજ્ઞ ગણાય. એ જ રીતે માન-સન્માન કે અપમાન થાય, તો પણ તે બાહ્યભાવ માની પ્રજ્ઞાને સ્વસ્વભાવમાં જ સ્થિત રાખે. અરે કોઇ ઉપસર્ગ કરે, ત્યારે પણ 'આ આત્મા નહીં, પણ શરીરે ઉપસર્ગ કરે છે, કેમકે ઉપસર્ગની પ્રવૃત્તિ શરીરથી જ થઇ શકે. અને શરીર બાહ્યભાવરૂપ છે. તેથી એ તુચ્છ છે. માટે મારે આમાં ક્રોધાદિ કરવા નથી' આ સ્થિતપ્રજ્ઞતા છે.

આ પણ ટકવાનું નથી...

એક રાજાપર અચાનક દુશ્મન રાજા ચઢી આવ્યો. આ રાજા ઉંઘતા ઝડપાઇ ગયા. મહેલની સુરંગવાટે નગર બહાર નીકળી જંગલ તરફ ભાગી ગયા. માંડ માંડ જીવ તો બચ્યો. પણ હવે શું ? નથી સેના, નથી કાણી કોડી, નથી આશ્વાસન આપનાર કોઇ. આ રાજા પોક મુકીને રડવા માંડ્યો. માથુ પછાડવા માંડ્યો. ત્યાં ગળે બાંધેલું માંદલિયુ ખુલી ગયું. એમાંથી એક ચીઠ્ઠી પડી. વાંચી. રોવાનું બંધ કર્યું. સ્વસ્થ બન્યા. હિંમત આવી.

સાવધાનીપૂર્વક જંગલ પસાર કરી મિત્રરાજાને ત્યાં પહોંચ્યા. પૂર્વે આ મિત્રરાજાપર આ રાજાએ અનેકવાર ઉપકાર કર્યા હતા. તેથી આ રાજાને જોઇ મિત્રરાજાએ અહોભાવપૂર્વક આવકાર આપ્યો. અને સાવ એકલા આ રીતે અહીં આવવાનું કેમ બન્યું ? તે પૂછ્યું. આ રાજાએ દુશ્મનરાજાની વાત કરી. મિત્રરાજાએ કહ્યું - અહો ! એ વાત છે. એ રાજાને આપણે ક્ષણવારમાં જીતી લઇશું. તરત જ મિત્રરાજાએ પોતાના સહાયક રાજાઓને સસૈન્ય બોલાવ્યા. મોટી સેના લઇ એ દુશ્મન રાજાપર આક્રમણ કર્યું. મોટી સેના જોઇ દુશ્મન રાજા ડરીને ભાગી ગયો. આ રાજાને પોતાનું રાજ્ય પાછું પ્રાપ્ત થયું. પાછા આનંદમાં આવી ગયા.

એકવાર મંત્રીએ રાજાને પૂછ્યું - આવી વિકટ પરિસ્થિતિમાં આપ કેવી રીતે સ્વસ્થ રહી શક્યા ? ત્યારે રાજાએ માંદલિયાનો કાગળ કાઢી મંત્રીને આપતાં કહ્યું - મંત્રીશ્વર ! આ કાગળમાં એક મંત્ર લખ્યો છે, એના પ્રભાવે સાવ હતાશ થઇ ગયેલા મારામાં નવું જોમ આવ્યું. આવા ભયંકર દુઃખમાં પણ સ્વસ્થ રહી શક્યો. મંત્રીએ કાગલ લીધો. વાચ્યું. ગંભીર બની ગયા. રાજા પૂછે છે - મંત્રીશ્વર આપ ગંભીર કેમ બની ગયા ? મંત્રીશ્વરે કહ્યું - રાજા સા'બ આપ ફરીથી આ ચીઠ્ઠી વાંચો. રાજાએ વાંચી પૂછ્યું - એ જ લખ્યું છે. **'આ પણ ટકવાનું નથી'** આ જ લખાણ પહેલા પણ હતું. મંત્રીએ રાજાને પૂછ્યું - તે વખતે આપે આ વાંચી શું વિચારેલું ? રાજાએ કહ્યું - એ જ કે આ દુઃખ પણ કંઇ કાયમ ટકવાનું નથી. તેથી તો દુઃખમાં લેવાયો નહીં. મંત્રીશ્વર કહે - રાજા સા'બ ! આ ચીઠ્ઠી હમણાં પણ એ જ કહે છે 'આ પણ ટકવાનું નથી' એટલે કે આ રાજ્ય, આ સત્તા કે આ સુખ પણ કાયમી નથી - છોડવા પડવાના છે. દુઃખમાં જે સૂત્ર હતું, તે જ સૂત્ર સુખમાં પણ છે. તો ક્યાં સુધી આ સુખના ભરોસે રહી જિંદગી પૂરી કરશો ? પરલોકનું ક્યારે સુધારશો ? રાજા ઊભા થઇ ગયા. મંત્રીનો આભાર માન્યો. પોતે સત્તા, મહેલ બધું છોડી સંન્યાસ લઇ લીધો. મંત્રીએ રાજાને સ્થિતપ્રજ્ઞ બનાવી દીધા. દુઃખ આવે કે સુખ - બધું જ બાહ્ય

છે, ક્ષણિક છે. એમાં લેવાવાનું શું ?

સગરચક્રી પાસે મરેલા યુવાન પુત્રને લઇ છાતીફાટ રોતો બ્રાહ્મણ આવ્યો. (જે હકીકતમાં ઇન્દ્ર હતા). સગરચક્રીએ અનિત્યતાઆદિ શિખામણ આપી આશ્વાસન આપ્યું. ત્યાં તો સગરચક્રીને ૬૦ હજાર પુત્રોના મરણના સમાચાર આપવામાં આવ્યા. સગરચક્રી અસ્વસ્થ થયા, ત્યારે બ્રાહ્મણે એ જ ઉપદેશ યાદ કરાવી સગરચક્રીને સ્થિતપ્રજ્ઞ અને સ્વસ્થ બનાવ્યા.

ઇન્દ્રિયો કરોડપતિની વંઠેલ કન્યા જેવી

વિવેકીઓ આવા સ્થિતપ્રજ્ઞ-ધીર બનેલા હોય છે. ધીર એટલે ચંચળ નહીં, સ્થિર, ટકાઉ પ્રજ્ઞાવાળા. આવા ધીરપુરુષો પ્રત્યાહારપરા બને છે. ઇન્દ્રિયોને પોતાના વિષયમાં જવા દેવી નહીં. આ ઇન્દ્રિયપ્રત્યાહાર છે.

ઇન્દ્રિયોને તો મનગમતા વિષય દેખાય, એટલે એ ત્યાં દોડવાની. આત્મા ભેગો ભેગો ત્યાં તણાય છે, અને ઇન્દ્રિયના સુખે પોતાને સુખી મનાવે છે. આ આત્મા ખડુસ-ખવાસ જેવો છે.

એક કરોડપતિ શેઠને અત્યંત લાડકી એક કન્યા હતી. શેઠને ઘણી વ્હાલી હોવાથી કન્યાપર કોઇ રોક-ટોક-પ્રતિબંધ નહીં. તેથી એ કન્યા સાવ વંઠેલ-દુરાચારિણી-ઉદ્ધત થઇ ગયેલી. શેઠને આ ખબર. છતાં કન્યાપર વહાલ હોવાથી કન્યા જે કરે તે બરાબર જ લાગે.

આ કન્યા પરણવાયોગ્ય બની છે. પણ આવી કન્યાને કોણ ગળે વળગાડે ? શેઠે જાહેરાત કરી - મારી કન્યાને જે પરણશે, એને ફેક્ટરીમાં અડધો ભાગ મળશે, પણ શરત એટલી જ કે મારી કન્યા જ્યાં જાય, ત્યાં એની પાછળ પાછળ એનો ઝબ્બો ઊંચકીને ચાલવાનું. એ જે કરે તે કરવા દેવાનું, એટલું જ નહીં, એ જેમાં રાજી થાય, એમાં રાજી થવાનું.

કયો મરદ આ શરતે આ કન્યાને પરણવા તૈયાર થાય ? પણ એક વિષયલંપટ અર્થલોભી માણસ તૈયાર થયો. કન્યાસાથે લગ્ન થયા. કન્યાએ કહ્યું - ચાલો ! મારા પેલા યારને ત્યાં ! મારે એની પાસે જવું છે ! કન્યાની પાછળ પેલો લંપટ ઊઠ્યો. ભર બજારે કન્યાની પાછળ પાછળ એનો ઝબ્બો ઊંચકી ચાલવા માંડ્યો. કન્યાએ પોતાના યાર સાથે ખુશી-મઝા કરી. પેલાને પૂછ્યું - કેમ તને મજા આવી ? એટલે આ ખવાસે કહ્યું - હા, તું રાજી તો હું રાજી. પાછી પેલી કન્યા બીજા યારને ત્યાં ગઇ. મોજમજા કરી. પેલો લંપટ એની પાછળ પાછળ ભમ્યા કરે, અને પેલીની બધા મોજમજામાં ખુશી ખુશી મનાવે. આ ખવાસ કેવો ?

કર્મરાજાએ આપણી સાથે આ કન્યા જેવી પાંચ પાંચ ઇન્દ્રિયો પરણાવી છે. અને કહ્યું છે તારે એનો ઝબ્બો ઊંચકીને ચાલવાનું. એ જ્યાં જાય, જે વિષયોમાં જાય, એ વિષયોમાં જવા દેવાની, અને એની તૃપ્તિમાં તારે આનંદ માનવાનો. આ જીવરામ ભટ્ટે કર્મસત્તા નામના આ સસરાની બધી શરત માન્ય કરી છે. ઇન્દ્રિયો જૂદા-જૂદા વિષયોરૂપી પોતાના યારોસાથે મોજમજા કરે છે, અને પછી પૂછે છે, કેમ તમને મઝા આવી ? ઇન્દ્રિયલંપટ આપણે કહીએ છીએ - હા... હા... તું રાજી તો હું રાજી !

ત્યારે સદ્ગુરુ ભગવંતો કહે છે, મૂરખ ! આમાં તારે રાજી થવા જેવું કશું નથી, ઇન્દ્રિયો મજા કરે છે, ને પુણ્ય તારું ખલાસ થાય છે. પરપુરુષસાથે ક્રીડા કરતી સ્ત્રીને જોઇ રાજી થતાં પતિ જેવી નાલેશી વિષયોમાં રમતી ઇન્દ્રિયોને જોઇ ખુશ થતાં આત્માની છે.

ઇન્દ્રિયોને રોકે તે પ્રત્યાહારપર...

પ્રત્યાહાર તો થયો ગણાય, જો ઇન્દ્રિયો આ વિષયોમાં જતી અટકે. આઠ **યોગદૃષ્ટિની**

સજ્ઝાયમાં મહો. **યશોવિજયજી** મહારાજે લખ્યું છે *'વિષયવિકારે ઇન્દ્રિય ન જોડે, તે પ્રત્યાહારો જી.'*

એક વાત સ્થિર થઇ જાય કે 'બહારનું બધું ખોટું અને અંતરાત્માનું બધું સાચું' તો પછી દેવતાઇ વિષયો તરફ પણ ઇન્દ્રિયો લલચાશે નહીં. આવી સ્થિતપ્રજ્ઞતા અહીં કેળાયેલી હશે, તો દેવલોકમાં સાથે આવશે.

દેવલોકમાં જ્યાં મિથ્યાદૃષ્ટિ દેવો દેવાંગનાઓના નૃત્ય વગેરેમાટે કરગરે છે. ત્યારે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ તત્ત્વચિંતનમાં એવા લીન છે, કે દેવાંગનાઓના નૃત્ય જોવાની કુરસદ નથી. દેવાંગનાઓ આ દેવોને પોતાનું નૃત્ય જોવા કરગરે છે.

સજ્ઝાયમાં *'વિષય વિકારે ઇન્દ્રિય ન જોડે'* એમ કહેવા પાછળ આશય એ છે કે કો'ક આગ્રહ કરી વિષયતરફ ખેંચી જાય, દેવાંગનાઓ નૃત્ય જોવા આગ્રહ કરે, કોઇના ઘરે ગયા, ત્યાં આગ્રહ કરી મિષ્ટાન્ન ભોજન કરાવે, ટી.વી. પર સારા દશ્યો દેખાડે, ત્યારે ઇન્દ્રિયો વિષયમાં જવાની જ ! પણ આ પ્રત્યાહાર કરવા ઉદ્યત છે. સ્થિતપ્રજ્ઞ છે. તેથી એ સારા વિષયોમાં આનંદ ન માણે. એવી જ રીતે કડવી બદામ, દુર્ગંધ વગેરે અનિષ્ટ વિષયોના સંપર્ક વખતે દુઃખી ન થાય. કેમકે એ જાણે છે દેખાતું સારું કે નરસું એ વિષયોનો વિકાર છે. એમાં ખુશી-નાખુશી લાવી મારા આત્માને વિકારગ્રસ્ત શું કામ બનાવું ? અહીં પ્રશ્ન થાય, કે અનંતકાળથી ઇન્દ્રિયરાણીના ખવાસ બન્યા છીએ, વિષયમગ્ન જ બન્યા છીએ, હવે આ ઇન્દ્રિયોને એ અનંતકાળની ટેવ ભૂલાવી, વિષયોમાંથી પાછી વાળવી કઇ રીતે ? પ્રત્યાહાર કરવો કેવી રીતે ?

નિર્મળ ચિત્તસ્વરૂપનું ધ્યાન ધરો....

તો એનો જવાબ છે કે, પોતાના પવિત્ર ચિત્તનું સ્વરૂપ વિચારવું. આત્માના સ્વરૂપને અનુસરવું. પવિત્રચિત્ત કેવું હોય ? સમવસરણમાં ઇંદ્રાણીઓ ને અપ્સરાઓ આવે, ત્યારે વીતરાગ ભગવાનની વાત જવા દો, સરાગ દશામાં બેઠેલા ગૌતમઆદિ સાધુભગવંતો એ બધા સામે આંખ ઊંચી કરી જોવા નવરા નથી. કેમ ? તેઓએ એ વિચાર આત્મસાત કર્યો છે કે આ બહારના રૂપના રમકડાઓ સાથે મારે શો સંબંધ ? **જગતના જેટલા પદાર્થોને જોવા જાવ તેટલા જાતે મેલા થાવ...** કેમકે જોવા જવાનું મન કુતુહલવૃત્તિ છે. અને જોવા ગયા એટલે રાગ-દ્વેષ થવાના. ધૂળની ડમરી ઉડતી હોય, ને તેલવાળા કપડા પહેરી જોવા જાવ, તો થાય શું?

બસ ગણધરઆદિ મુનિભગવંતો આ જ વિચારે છે, બહારનું જોવા જઇ મેલા થવા કરતાં અંદરની નિર્મળ ચિત્તવૃત્તિઓ જોઇ વધુ નિર્મળ કાં ન બનવું ? ચિત્તનું સ્વરૂપ નિર્મળ છે, એનો અર્થ જ એ થયો કે એને વિષયોસાથે કોઇ સંબંધ નથી. પોતાના સ્વરૂપતરફ દૃષ્ટિ જાય, કે મારું પોતાનું સ્વરૂપ શું છે ? કેવું છે ? એ પછી જગતતરફ જોનારો બને નહીં. આમ આત્મદૃષ્ટિ બનવાથી ઇન્દ્રિયોનો પ્રત્યાહાર થાય. ઇન્દ્રિયના વિષયના જરા પણ વખાણ કર્યા, કે જરા પણ એમાં ખુશી અનુભવી કે આત્મદ્રવ્ય મેલું થયું સમજો. આ ઊભુ થાય, તો ઇન્દ્રિયોનો વિષયતરફ જવાનો હઠવાદ મંદ પડે. ઇન્દ્રિયોને અંકૂશમાં રાખવાથી એ આત્માને અનુસરશે. એને બતાવી દીધું હોય, કે તારે અંદરના સૌંદર્યને માણવાનું છે. એને જ અનુસરવાનું છે, એમાં જ રમમાણ થવાનું છે. તો જરૂર ઇન્દ્રિયો એ રીતે ટેવાય. યોગ્ય અંકૂશમાં રહેલી સ્ત્રી પતિવ્રતા બને છે, એટલે પતિ જો ઓછું બોલનારો હોય, તો પોતે પણ ઓછું બોલનારી બને. પતિ જો સહિષ્ણુ હોય, તો પોતે પણ સહિષ્ણુ બને છે. ટૂંકમાં પતિને જે ગમે તેને પોતાને ગમતું બનાવી દે.

એમ અંકૂશમાં આવેલી ઇન્દ્રિયો પછી

આત્માને અનુસરે છે. આત્માને ગમતી-ફાવતી-હિતકારી વસ્તુઓમાં જ એ રમતી થઇ જાય. માટે આ કરવાનું છે. **ઇન્દ્રિયોને અને મનને આત્માભિમુખ બનાવો.**

અચલગઢ શિબિરમાં છોકરાઓ સાંજના ફ્રી સમયે નખી સરોવર અને સનસેટ પોઇંટ જોવા ગયા. જવા-આવવાના મળી બાર માઇલ ફરી આવ્યા. પછી અંદરોઅંદર અને અમારીપાસે સરોવર અને સનસેટ પોઇંટની વાતો કરવો માંડી. વ્યાખ્યાનમાં આ જ મુદ્દો લઇ કહ્યું - તમે ૧ માઇલનું નખી તળાવ જોયું, અમે ૧૦ માઇલનું તળાવ જોયું. તમે જોયેલા સરોવરની પાળ માટીની હતી, વનસ્પતિના ઉગેલા કમળો જોયા. અમે જે સરોવર જોયું, એની પાળો સોનાની હતી, કમળો સોનાના હતા. તમે ક્યાં સરોવરમાં નૃત્ય જોયું ? અમે તો ગંધર્વનું સંગીત ને અપ્સરાના નૃત્યો જોયા. છોકરાઓએ પૂછ્યું - આપે, આ બધું કેવી રીતે જોયું ? તો કહ્યું - કલ્પનાની સૃષ્ટિમાં આ બધું જોયું, તમે આંખે જોયું, અમે કલ્પનામાં જોયું. આનંદ તો બંને સ્થળે મનને જ મળવાનો છે ને ! એમાટે બાર માઇલ જવાની મહેનત વગેરે કરીને તમે શું હોંશિયારી મારી ?

જે કલ્પનામાં વધુ સારી રીતે માણી શકાય, તે માટે આટલી દોડધામ શીદ ને ! પણ પછી કલ્પનામાં ય રાચ્યા રહેવાની જરૂર નથી, કેમકે અંતે એ બધામાં છે શું ? આત્માનો શો લાભ ? જો તમે બધે આ સૂત્ર લગાડી દો, **'આમાં જોવા જેવું શું છે?'** તો તમારું મન ધરાઇ જશે, ઇન્દ્રિયો એ વિષયોમાંથી પાછી ફરશે. જે અનંતીવાર જોયું, તે જોવામાં શી ધાડ મારી ? આ જ ભવમાં જે જોવાનો અવસર છે, તે મારા આત્મસૌંદર્યને ન જોઉં ? બસ આ વાત મન-ઇન્દ્રિયોને પકડાવી દો. કામ થઇ જશે.

પ્રશ્ન : પણ સારું સાંભળવા મળે, તો કાન ત્યાં જાય, અને સારું જોવા મળે, તો આંખ ત્યાં જવાની, કરવું શું ?

સમાધાન : ત્યાં તમે આ સૂત્રને લગાડી દો, સાંભળ્યું, સાંભળ્યું ! જોયું જોયું ! અનંતીવાર સાંભળ્યું કે જોયું. હવે શું જોવું છે ? શું સાંભળવું છે! એના કરતાં લાવ સમવસરણનું ધ્યાન ધરું. ત્યાં કલ્પનાની સૃષ્ટિમાં ભગવાનની પિયૂષમયી વાણી સાંભળું ! ભગવાનનું આંખમાટે અમૃત સમાન રૂપ જોઉ ! ત્યાં રહેલા પંચવર્ણી સુગંધી પુષ્પોની સુવાસ માણું. બસ આમ અંતર્લીન બનતાં આવડી જાય, તો ઇન્દ્રિયોનો પ્રત્યાહાર થયો સમજવો. હવે એ બગીચો મળે, તો આમાં મોહવાનું શું ? એમ જોશે. ઉકરડો મળશે, તો આમાં કરમાવાનું શું ? એમ વિચારશે !

આ આવવાથી **તત્ત્વતઃ અંતઃપરિશુદ્ધિ આવે છે.** અંતઃકરણની વાસ્તવિક શુદ્ધિ થાય છે. અહીં પ્રશ્ન થાય, કે તમે વાસ્તવિક પરિશુદ્ધિ કહો છો, તો અવાસ્તવિક શુદ્ધિ કેવી હોય ? તો સમાધાન છે, કે સર્વવિરતિ ચારિત્ર લેવાથી બાહ્યજગત સાથે સંબંધ છૂટી જાય છે. ઉત્કૃષ્ટ તપ-ત્યાગ-મૌન રાખે. 'હું મારામાર્ગમાં સ્થિર રહું' એવા ભાવ રાખે. આમાં કાયા-ઇન્દ્રિયોએ અનુકૂળતામાં - વિષયોમાં મહાલવાનું છોડી દીધું છે. આ શુદ્ધિ દેખાય તો ખરી, પણ એ શા માટે ? તો કે અંદર બેઠું છે, આનાથી મને દેવલોકના અસંખ્ય વર્ષના સુખ મળશે ! તેથી આ દેખાતી શુદ્ધિ વાસ્તવિક નથી, પણ ખરેખર તો મલિનતા જ છે. અતાત્ત્વિક શુદ્ધિ છે. તાત્ત્વિક પરિશુદ્ધિમાં તો સંસારના કોઇ પણ સુખની લાલસા અંતઃકરણમાંથી જ નીકળી ગઇ હોય છે.

આ શુદ્ધિવાળો હંમેશા ધર્મબાધાપરિત્યાગ કરવાના પ્રયત્નવાળો હોય. ધર્મબાધામાં મુખ્ય કારણ છે ઇન્દ્રિયના વિષયોના વિકારો. પણ હવે

ઇન્દ્રિયોનો પ્રત્યાહાર કર્યો છે. હવે તે બહારને બદલે અંદર જોતી-વિચારતી થઇ છે. એ બાહ્ય લોભામણા ભાવોને બદલે અંદરના ભગવાનના સમવસરણ-ઉપદેશના વિચાર-ભાવોમાં લાગી છે. આમ અંદરમાં ઠારેલી ઇન્દ્રિયો પછી કોઇ ઉત્પાત મચાવતી નથી, તેથી ધર્મબાધા પહોંચતી નથી. આ શુદ્ધિ અને આ પ્રત્યાહાર થવામાં પણ કારણ છે ગ્રંથિભેદ. વિષયોમાં ઇન્દ્રિયોને દોડાવનાર હતા રાગ અને દ્વેષ. રાગ-દ્વેષ અંતરમાં 'આ સારું-આ ખોટું' એમ હિસાબ કરાવતા હતાં. રાગ-દ્વેષની આ ગાંઢ ગાંઠ તોડી નાંખી, અર્થાત્ જીવે રાગ-દ્વેષને શત્રુ તરીકે ઓળખી લીધા. ઝેરરૂપ જાણી લીધા. જીવને ચીડ ચડી કે આ કેવી લત કે વાત વાતમાં આ સારું, આ નરસું ! એમ પ્રમાણપત્રો ફાડ્યે જવાના !

એટલે હવે, જેવા અંતરમાં એવા રાગ-દ્વેષ ઉઠે અને સારું-નરસું કરવા જાય, કે તરત જીવને ખટકો લાગે. બસ આ છે ગ્રંથિભેદ. હવે એ રાગદ્વેષને ઝેર માને છે. વેદ્યસંવેદ્યપદ પામીને સર્વજ્ઞના કહેલા હિતા-હિતને યથાર્થ સમજતો થયો છે. તેથી જ દરેક વાતમાં શાસ્ત્રને-જિનાજ્ઞાને આગળ કરતો થયો હોવાથી શ્રુતપ્રધાન જીવનવાળો બન્યો છે, આ પ્રકાશ એટલો બધો ઉજવળ બન્યો છે કે સતત આંતરખોજ-આંતરપરિશુદ્ધિ ચાલુ રહે છે. અને આંતરજ્યોતિને જ મુખ્યભાવ મળતો રહે છે. હવે બાહ્ય ભાવોને બદલે અંતરાત્માની મમતા જાગી છે.

ગરીબીથી જોડાયેલી લક્ષ્મી નકામી....

ન હ્યલક્ષ્મીસખી લક્ષ્મીર્યથાનન્દાય ધીમતામ્ । તથા પાપસખા લોકે, દેહિનાં ભોગવિસ્તરઃ ॥૧૫૯॥

ન હિ-નૈવ, **અલક્ષ્મીસખી લક્ષ્મીસ્તથો**-ભયપરિભોગેન **યથાનન્દાય**-આનન્દાર્થં **ધીમતાં**-બુદ્ધિમતાં, **તથા પાપસખા લોકે** તદવિનાભાવેન, **દેહિનાં ભોગવિસ્તરો** નાનન્દાય, *''નાનુપહત્ય ભૂતાનિ ભોગઃ સંભવતિ, ભૂતોપઘાતાચ્ચ પાપમિતિ ભાવના''* ॥૧૫૯॥

ગાથાર્થ : જેમ બુદ્ધિમાનોને અલક્ષ્મીસખી લક્ષ્મી આનંદ દેનારી થતી નથી, તેમ લોકમાં જીવોને પાપસખા વિવિધ ભોગો આનંદ દેનારા થતાં નથી.

ટીકાર્થ : જેમ બુદ્ધિમાન પુરુષોને અલક્ષ્મી-સખી લક્ષ્મી = જે લક્ષ્મીના ઉપભોગમાં અલક્ષ્મી = દરિદ્રતાનો ઉપભોગ પણ નિશ્ચિત છે. આમ ઉભયપરિભોગ છે, તેવી લક્ષ્મી (= દરિદ્રતાને લાવનારી સંપત્તિ) આનંદમાટે બનતી નથી. તે જ રીતે લોકમાં જીવોને જેમાં પાપનો અવિનાભાવ છે = અવશ્ય હાજરી છે. (= જેથી અવશ્ય પાપબંધ છે.) તેવા વિવિધ ભોગો પણ આનંદદાયક બનતાં નથી. અહીં 'જીવોને હણ્યા વિના ભોગ સંભવતો નથી, અને જીવોને હણવાથી પાપ લાગે છે.' આ ભાવના છે.

વિવેચન : આ જીવને બહારની અત્યારસુધી ગમતી દરેક ચીજ પાપ કરાવનાર, નરકે મોકલનાર લાગે. એ દરેકમાં એને અંતે નાશ-ચીજનો, વિનાશ દુર્ગતિગમનદ્વારા સુખનો અને સત્યાનાશ જીવનો-જીવના ગુણોનો દેખાય.

શેઠે લક્ષ્મીને કાઢી

શેઠને સ્વપ્નમાં લક્ષ્મીજીએ દર્શન આપ્યા. લક્ષ્મીજીએ કહ્યું - હું આ ઘરમાં ઘણા વખતથી રહી છું, તેથી મમતાથી તમને ચેતવવા આવી છું, આઠમે દિવસે તમારા ઘરમાંથી વિદાય લઇશ. લક્ષ્મીદેવી અલોપ થયા.

સવાર પડી. શેઠે શ્રાવિકા, પુત્રોવગેરેને ભેગા કરી સપનાની વાત કરી. હવે આ લક્ષ્મી જવાની છે, તો સાવચેતીરૂપે કયા પગલા લેવા ? તેની વિચારણા માંડી. કોઇ પુત્ર કહે છે - લક્ષ્મીને ધરતીમાં દાટી દો, કોઇ કહે છે, તિજોરીમાં ભરી

તાળા લગાવી દો. શેઠ કહે છે - આ લક્ષ્મીએ આપેલું સપનું છે. ફોક થવાનું નથી. તેથી ગમે ત્યાં રાખીશું, કશું વળશે નહીં. ધરતીમાં દાટીશું, તો એ ધૂળ થઇ જશે. તિજોરીમાં એ કાળોતરો સાપ થઇ જશે ! મને એમ લાગે છે, કે આ જ મર્દાનગીનો અવસર છે, લક્ષ્મી આપણને લાત મારીને જાય, એમાં આપણી નાલેશી છે, એના કરતાં આપણે જ કેમ લાત મારીને ન કાઢીએ ? લક્ષ્મીજીએ હજી સાત દિવસ આપ્યા છે ને ! આપણે આજથી જ દાન-ધરમ કરી એ જાય, તે પહેલા જ એને વિદાય કરી દઇ આપણું ગૌરવ વધારી દઇએ.

બધા સંમત થયા. શેઠ પાસે સાતપેઢી ચાલે એટલું ધન હતું. એમણે તો સવારથી જ દાન દેવાનું શરુ કર્યું. લેનારો થાકે, દેનારો નહીં, એ રીતે ઘરના બધાએ દેવા જ માંડ્યું. શેઠે તો આખા રાજ્યમાં ઢંઢેરો પીટાવડાવ્યો. 'શેઠ દેવા બેઠા છે, જેને જે-જેટલું જોઇએ, તેટલું લઇ જજો...' ગામડે-ગામડેથી લોકો આવવા માંડ્યા. શેઠે ભંડાર ખોલી નાંખ્યા છે. હાથ જોડીને કહે છે. ભાઇ ! લઇ જવાય, એટલું લઇ જાવ ! સાતમાં દિવસની રાત આવી, ત્યાં સુધીમાં તિજોરી ખાલી કરી નાંખી. શેઠને હાશ થઇ. **હાશ, મર્દાનગી વાપરી, લક્ષ્મી ગઇ નહીં, કાઢી મુકી.** હવે કાલે સવારે ચારિત્ર લઇશું ! રાતે સુતા છે, ને લક્ષ્મી આવી સપનામાં અને કહે - શેઠ મારા ! આપે આ શું કર્યું ? શેઠ કહે - કેમ ? તું જવાની હતી, તો મેં તે પહેલા જ તને વિદાય આપી. લક્ષ્મી દેવી કહે - અરે, તમે મને વિદાય નથી આપી, દાન નામની લોખંડી સાંકળે મને બાંધી દીધી છે. તમે ઉત્કૃષ્ટ દાન આપી, ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું છે. તેનું ફળ આ ભવમાં જ મળે. તેથી હવે મારાથી નહીં જવાય. શેઠ કહે - પણ હવે છે શું ? તિજોરીનાં તળિયા સાફ કરી નાંખ્યા છે. લક્ષ્મી કહે - ભલેને ! પણ તમારા જે વહાણો ડૂબી ગયાના સમાચાર હતા, તે કાલે હેમખેમ પાછા આવશે, એટલું જ નહીં, તમારી ધારણા કરતાં કંઇ ગુણી કમાણી કરીને આવશે. શેઠ કહે - આવવા દે ! એ બધું કાલે દાનમાં આપી દઇ અમે તો સંયમ સ્વીકારીશું.

શેઠે જોઇ લીધું, જે લક્ષ્મીની પાછળ અલક્ષ્મી-દરિદ્રતા છે, તે લક્ષ્મીથી ખુશ શું થવાનું? **જે લક્ષ્મીની સખી, બેનપણી ગરીબી હોય, તે લક્ષ્મીને રાખવાથી નહીં, કાઢવાથી જ આનંદ થાય. કેમકે લક્ષ્મીની સાથે ગરીબી પણ જાય છે અને આત્મા ખરો અમીર થાય છે.** ગરીબી એ લક્ષ્મીની સેક્રેટરી છે. અને લક્ષ્મીના નામે બધે ગરીબીનું જ રાજ ચાલતું હોય છે. માટે લક્ષ્મીને કાઢો, ગરીબી સ્વયં નિકળી જશે.

ગરીબ-શ્રીમંત સાદુભાઈઓ

એક નવાબ દિલનો અમીર હોવા છતાં બેગમના રૂપમાં લટ્ટુ થયેલો. બસ આખો દિવસ બેગમપાસે પડ્યો રહે. રાજદરબારના કામકાજનો ભાર દિવાનપર નાંખી દીધો. દિવાન-પ્રજા બધા પરેશાન થઇ ગયા. દિવસોથી રાજાના દર્શન વિના બધા આકળા થયેલા.

પણ કોણ નવાબને દરબારમાં લાવે, પ્રજાને દર્શન કરાવે ? એક બુદ્ધિશાળીએ બીડું ઝડપ્યું. ગરીબીના વાઘા સજી, એ નવાબના મહેલપાસે ગયો. દરવાનને કહ્યું - નવાબને કહો, આપના સાદુભાઇ આવ્યા છે.

દરવાને નવાબને સમાચાર આપ્યા. નવાબે બેગમને પૂછ્યું - તમારે કોઇ બેન છે ? બેગમે ના પાડી. નવાબ વિચારે, તો પછી સાદુભાઇ આવ્યો ક્યાંથી ? ચોક્કસ કોઇક ગરબડ લાગે છે. આમ વિચારી દરવાનને કહ્યું - એ સાદુભાઇને અંદર મોકલો. એ આવ્યો. એના અત્યંત ગરીબી સૂચક કપડા જોઇ નવાબ આભો બન્યો. એને પૂછ્યું -

તમે મારા સાઢુભાઈ કેવી રીતે ? પેલાએ કહ્યું - ખુદાને બે દીકરી. એક શ્રીમંતાઇ અને એક ગરીબી. એમાં શ્રીમંતાઇ તમને પરણાવી અને ગરીબાઇ મને. તો બોલો ! હું તમારો સાઢૂભાઇ થયોને !

નવાબ હસી પડ્યા. પ્રસન્ન થઇ કહ્યું - ઠીક છે, મારા સાઢુભાઇ. તમે કહો કયા કામે આવ્યા છો ? ત્યારે આ ભાઇએ કહ્યું - આપ ! મહેલના બંદીખાન નથી, નગરના નવાબ છો. આપ માત્ર બેગમસાહિબાના નથી, આખી પ્રજાના છો. બધા આપના દર્શનમાટે દિવસોથી આતુર છે. દર્શન આપો. નવાબની આંખ ખુલી. એ દરબારમાં આવ્યા. સવારી કાઢી નગરમાં ફર્યા. લોકોએ ફૂલડે વધાવ્યા.

વિષયો પાપના પોટલા મુકતા જાય છે

કહેવાની વાત આ છે, કે શ્રીમંતાઇ ને ગરીબી બે બેનો છે. સખી છે. વિષયોના ભોગવટા સાથે પાપના પોટલા જોડાયેલા છે. વિષયો જાય, ને પાપના પોટલા ગળે ભરાવતા જાય. બ્રિટીશરો ગયા, પણ તેમના દફ્તરો - તેમની ગુલામી મુકતા ગયા. લોકોના માનસને આ દફ્તરો દ્વારા ભરમાવતા ગયા. જે સત્યાનાશ બ્રિટીશરો ન કાઢી શક્યા, તે સત્યાનાશ આ દફ્તરોએ કાઢ્યું. તેથી સ્વરાજ્ય મળવા છતાં કોઇને આનંદ નથી.

બસ આ જ પ્રમાણે વિષયો જાય છે, પાછળ પાપના પોટકા મુકતા જાય છે. આ જોયા-જાણ્યા પછી કોને વિષયમાં આનંદ આવે ? **થાવચ્ચાપુત્રને** પ્રભુ **નેમનાથની** દેશનાના પ્રભાવે આ દેખાઇ ગયું, કે વિષયો પાપના પોટકા સાથે બંધાયેલા છે. તેથી વિષયોને છોડી સાધુ થઇ શક્યા.

અહીં પ્રશ્ન થાય, અમને જે ભોગો મળે છે, તે અમારા પુણ્યથી મળે છે. પુણ્યે મળ્યું છે, તો શા માટે ન ભોગવીએ ? એમાં શું પાપ લાગવાનું ? તો સમાધાન બતાવે છે - નાનુપહત્ય ભૂતાનિ.

પૌદ્ગલિક કોઇપણ ભોગવટો સ્થાવરાદિ જીવોની હિંસા વિના સંભવતો નથી. અબ્રહ્મના એક વખતના સેવનમાં બેથી નવ લાખ ગર્ભજ મનુષ્ય તરીકે આવેલા જીવોની કતલ થાય છે ! અલબત્ત, આ શાસ્ત્રવચનથી આપણને આપણા જનમની ઊંચી કિંમત આંકતા આવડવું જોઇએ. આપણી સાથે બીજા બેથી નવ લાખ માના પેટમાં આવેલા, એમાંથી બાકીના બધા મરી ગયા. આપણે જીવી ગયા. જે પુણ્યશાળી હોય, તે બચી જાય, બાકીનાનો ખુરદો બોલાઇ જાય. માટે આ જનમની ઊંચી કિંમત લાગવી જોઇએ. અને એ લાગે, તો ઊંચા આદર્શો સિદ્ધ કરવા મચી પડવાનું મન થાય. મૂળ વાત એ છે કે એક એક ભોગવટામાં જીવોની હિંસા છે. માટે જ એ બધાની અનુમોદના કરવામાં કે ખુશી મનાવવામાં પણ એ હિંસાનું પાપ ચોંટે છે.

બીજાનો બંગલો જોઇને 'વાહ ! કેવો સારો!' એમ થયું કે અસંખ્ય જીવોના સંહારની અનુમોદનાનું પાપ ચોંટ્યું સમજો.

કર્મસત્તાનો સીધો હિસાબ છે, પાપની અનુમોદનાથી પાપ બંધાય, ધર્મની અનુમોદનાથી પુણ્ય બંધાય. માટે સમ્યગ્દર્શન પામેલો માણસ પાપ બંધાવનાર, જીવહિંસામાં નિમિત્તભૂત ભોગોથી ખુશ ન થાય.

અહીં પ્રશ્ન થાય, આ બધા ભોગો મળે છે તો ધર્મથી, તો પછી ધર્મની આપેલી ચીજ ભોગવીએ એમાં ગુનો કયો ? ને નુકશાન શાનું ? અહીં જવાબમાં કહે છે -

ધર્મપ્રાપ્ત ભોગ પણ પ્રાયઃ અનર્થક

ધર્મભોગઃ સુન્દર इत्यप्याशङ्कापोहायाह--

धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम्।
चन्दनादपि सम्भूतो दहत्येव हुताशनः ॥१६०॥

धर्मादपि भवन् भोगो-देवलोकादौ, **प्रायो**-

बाहुल्येन, **अनर्थाय देहिनां** तथाप्रमादविधानात् । प्रायोग्रहणं शुद्धधर्माक्षेपिभोगनिरासार्थं, तस्य प्रमादबीजत्वायोगात्, अत्यन्तानवद्यतीर्थकरादि-फलशुद्धेः पुण्यसिद्ध्यादावागमाभिनिवेशाद्धर्म-सारचित्तोपपत्तेरिति । सामान्यतो दृष्टान्तमाह-**चन्द-नादपि सम्भूतः** तथा शैत्यप्रकृतेः किमित्याह **दहत्येव हुताशनः** तथास्वभावत्वात् । प्राय एतदेवं, न दहत्यपि कश्चित् सत्यमन्त्राभिसंस्कृताद् दाहाऽसिद्धेः । सकल-लोक(प्र) सिद्धमेतदिति ॥१६०॥

'ધર્મભોગ તો સુંદર જ હશે,' એવી પણ આશંકા દૂર કરવા કહે છે -

ગાથાર્થ : ધર્મથી પણ ઉદ્ભવતા ભોગ પ્રાયઃ જીવોને અનર્થમાટે થાય છે. ચંદનથી પણ પ્રગટતો અગ્નિ અવશ્ય બાળે જ છે.

ટીકાર્થ : ધર્મથી પણ દેવલોકવગેરેમાં પ્રાપ્ત થતાં ભોગો પ્રાયઃ = બહુલતાથી જીવોના અનર્થ માટે થાય છે, કેમકે તે તેવા પ્રકારનો પ્રમાદ કરાવે છે. અહીં 'પ્રાયઃ' શબ્દ શુદ્ધ ધર્મને લાવનારા ભોગની બાદબાકી માટે છે. અર્થાત્ શુદ્ધ ધર્મને લાવનારો ભોગ પ્રમાદ કરાવતો ન હોવાથી અનર્થરૂપ બનતો નથી, કેમકે તે ભોગમાં પ્રમાદની બીજતા = કારણતા રહી નથી. કારણ કે અત્યંત નિરવદ્ય તીર્થંકરાદિ ફળશુદ્ધિથી પુણ્યસિદ્ધિવગેરેમાં આગમ પ્રત્યે અભિનિવેશથી ધર્મસારચિત્તની ઉપપત્તિ સંભવે છે. સામાન્યથી દષ્ટાંત બતાવે છે - તેવા પ્રકારની શીતળતાના સ્વભાવવાળા ચંદનથી પણ પ્રગટતો અગ્નિ તેવા સ્વભાવથી જ બાળે છે. અહીં પણ 'પ્રાયઃ' આમ જ થાય તેમ સમજવું, કારણ કે સત્યમંત્રથી સંસ્કારાયેલો કો'ક અગ્નિ ન બાળે તેમ પણ સંભવે. આ વાત સકલલોકમાં પ્રસિદ્ધ છે.

વિવેચન : સ્વભાવથી શીતળ ગણાતા ચંદનને સળગાવી એમાંથી પ્રગટેલા અગ્નિને અડો, તો તે દઝાડશે જ. શીતળતા નહીં આપે. અગ્નિ ચંદનમાંથી પ્રગટે, તો પણ બાળનારો જ, કેમકે અગ્નિનો સ્વભાવ જ બાળવાનો છે. એ જ પ્રમાણે વિષયોના ભોગવટા જીવને પાપદ્વારા બાળનારી જાત છે, પછી ભલેને એ ધર્મમાંથી ઊભી થઇ હોય. તેથી ધર્મથી ભોગ મળ્યા માટે ભોગવવામાં વાંધો નથી, એમ બચાવ કરવાનો કોઇ અવકાશ નથી. ભોગ જીવો માટે અનર્થકારી છે. ભોગો મળે ધર્મથી, પણ ભોગવો તો બંધાય પાપ. કારણકે ભોગપર-વશતા જીવને તેવા પ્રકારના પ્રમાદમાં પાડે છે. વિષયવગેરેને પ્રમાદ કહ્યા છે. તેથી વિષયભોગ પ્રમાદરૂપ છે. તેથી ધર્મથી મળેલા આ ભોગ પણ પ્રમાદદ્વારા અહિતકર બને છે. પૈસા અનીતિથી નહીં, પુણ્યથી મળ્યા હોય, તો પણ તે જવાનો ભય વગેરે તો ઊભા કરાવે જ છે. પછી એના સંક્લેશ થાય એટલે દુર્ધ્યાન દ્વારા દુર્ગતિ થાય. માટે આ ભોગો કે પૈસા ધર્મથી મળ્યા હોવા છતાં ખુશીથી ભોગવવા કે રાખવા જેવા નથી.

અલબત્ત અહીં 'પ્રાયઃ' શબ્દપ્રયોગ છે. તેથી બધા ભોગો = વિષયો અનર્થકારી જ બને એવો એકાંત નિયમ સમજવો નહીં. ધર્મથી પ્રાપ્ત ભોગોથી અનર્થ થાય, એ ઔત્સર્ગિકવચન છે, એકાંતિક નહીં. કેમકે તીર્થંકર જેવાને શુદ્ધ ધર્મથી પ્રાપ્ત થયેલા ભોગો અનર્થકારી બન્યા નથી. શુદ્ધધર્મને ખેંચી લાવનારા તે ભોગો અનર્થકારી બનતા નથી, કેમકે તે પ્રમાદમાં કારણ બનતા નથી. અત્યંત નિષ્પાપ તીર્થંકરાદિ ફળશુદ્ધિમાં કારણભૂત પુણ્યસિદ્ધિ અત્યંત આગમ અભિનિવેશના કારણે ધર્મસાર ચિત્તથી થતી દેખાય જ છે. અથવા એવા પુણ્યથી ધર્મસારચિત્ત મળવું યુક્તિસંગત ઠરતું દેખાય છે.

ભગવાનના ભોગો પાપકારી નહીં

ભગવાન જબરદસ્ત પુણ્યના સ્વામી છે, માતાના ગર્ભમાં આવે ત્યારથી જન્મઆદિ વખતે

એમ વારંવાર દેવતાઓ પિતાના ભંડારવગેરેમાં ધન નાંખી જતાં હોય છે. પણ એ બધું ધન શેના કામમાં આવે ?

ભગવાન જન્મે ત્યારે દેવોએ નાંખેલું ધન ઉત્સવવગેરે દ્વારા પ્રજાહિતમાં જાય. તે દિવસોમાં રાજા વેપારીઓમાટે કાયદો કરે કે તમારે ત્યાં જે કોઇ માણસ જે કશું લેવા આવે, ત્યારે તે માણસને માંગે તેથી વધુ આપવું, પણ પૈસા નહીં લેવા. પૈસા રાજા પોતાના ભંડારમાંથી ચુકવશે ! લક્ષ્મી આવી ખરી, પણ ઉપયોગ શામાં થયો ? ભગવાન દીક્ષા લેવાના હોય, તે વખતે પણ દેવો ભરપૂર ધન ભંડારમાં નાંખે, પણ ભગવાન એ ધનનો ઉપયોગ શો કરે ? સાંવત્સરિક દાન દઇ જગતનું દળદર ફેડવામાં. આમ પ્રભુના જન્મવખતે પણ દાનધર્મ, ભગવાન દીક્ષા લે તે વખતે પણ દાનધર્મ ! જેમ સતીત્વ કે તેવા પ્રકારના મંત્ર આદિના પ્રભાવે બાળનારો અગ્નિ પણ ક્યારેક બાળતો નથી, તેવી વાત ભગવાનને મળેલા ભોગોમાટે છે.

ભગવાન ગૃહસ્થાવાસ ભોગવે, લગ્ન કરે, રાજ્ય કરે.... આ બધામાં શું પાપ કરે ? ના... એ બધામાં પણ પોતાનો વૈરાગ્યભાવ અને અનાસક્તભાવ વધાર્યે જાય. શુભપુણ્યોદયરૂપ કર્મબેડીથી જકડાયેલા હોવાથી લગ્ન-રાજ્યાદિ કાર્યો કરવા પડે. પણ અસંક્લિષ્ટ ભોગ હોવાથી એ બધામાં પણ વૈરાગ્યભાવ જોરદાર હોય. સામાન્ય માણસને ભોગ મળે ખરા, પણ એમાં રાગ-દ્વેષ રહ્યા જ કરે. આ સંક્લિષ્ટ ભોગ છે. જ્યારે તીર્થંકર પરમાત્માને અસંક્લિષ્ટ પુણ્ય છે. સામગ્રી પાર વિનાની મળે, તો વૈરાગ પણ તીવ્ર અને વર્ધમાન ! મિષ્ટાન્ન ભોજન ભરપુર હોય, છતાં આરોગતાં ય જડની માયા સમજી વિરક્તિ વધારતા જાય. 'અરર ! આ પેંડા ક્ષણભર સારા, પણ ગળાની ઘાટી ઉતરે કે થાય માટી ! આ ખાતર બિચારા લોકો પાગલ બને ! ના મારે આ માટીમાં રાગી થવું નથી !' આવી વિચારણા સતત ચાલુ જ હોય.

શુદ્ધ ધર્મથી પ્રાપ્ત ભોગોમાં આ મન ભળે છે! જરાય આસક્તિ આવે નહીં. અનર્થકારી થાય નહીં. કેવું છે ? ભગવાનનું હૃદય પણ આપણા હૃદય જેવું જ છે. માંસના લોચામાં કોઇ ખાસ ફરક નથી. છતાં તત્ત્વપરિણતિ અને ભાવના કેવી ઉદાત્ત હતી ? સતત વિચાર-ચિંતન-સાવધાનીમાં રહેવાની એમની ભૂમિકા કેવી ભવ્ય હતી ? એ સમ્યગ્દૃષ્ટિ હતા. ગૃહસ્થાવાસમાં પણ પાંચમી દૃષ્ટિની ભૂમિકા પર હતા... સમ્યગ્દર્શન ઝળહળતું હતું. ધર્મે આપેલા ભોગમાં પણ અનર્થકારિતા ભાસતી હતી. ક્યારે તક મળે ને આ ભોગોનો ત્યાગ કરું ? એ સતત ઝંખના હતી. આગમાર્થના સતત જ્ઞાનોપયોગ, તેનાથી થતી સતત ચિત્તની વિશુદ્ધિ અને તેના આધારે ધર્મથી સારભૂત બનેલા ચિત્તે તેઓ ભોગોથી મળતી તૃપ્તિમાટે વિચારતા....

ભોગથી તૃપ્તિ ક્ષણિક

भोगात्तदिच्छाविरतिः स्कन्धभारापनुत्तये।
स्कन्धान्तरसमारोपस्तत्संस्कारविधानतः ॥१६१॥

भोगात्सकाशात्, तदिच्छाविरतिः-भोगेच्छाविरतिस्तात्कालिकी। किमित्याह **स्कन्धभारापनुत्तये**-स्कन्धभारापनुत्त्यर्थं **स्कन्धान्तरसमारोपः** वर्तते। कुत इत्याह **तत्संस्कारविधानतः**। तथाकर्मबन्धेनानिष्टभोगसंस्कारविधानात्तत्त्वतस्तदिच्छाऽनिवृत्तेरिति। **उक्ता पञ्चमी दृष्टिः**।

सत्यामस्यामपरैरपि योगाचार्यैरलौल्यादयो गुणाः प्रोच्यन्ते। **यथोक्तम्**-(स्कंदपुराणे माहेश्वरखण्डे-कुमारिकाखण्डे च, तथा शार्ङ्गधरपद्धतौ च)

अलौल्यमारोग्यमनिष्ठुरत्वं। गन्धः शुभो मूत्रपुरीषमल्पम्।

कान्तिः प्रसादः स्वरसौम्यता च। योगप्रवृत्तेः

प्रथमं हि चिह्नम् ॥१॥

मैत्र्यादियुक्तं विषयेष्वचेतः । प्रभाववद्धैर्य-समन्वितं च ।

द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभः जनप्रियत्वं च तथा परं स्यात् ॥२॥

दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी ।

वैरादिनाशोऽथ ऋतम्भरा धीर्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥३॥

इत्यादि । इहाप्येतदकृत्रिमं गुणजातम् अत एवारभ्य विज्ञेयम् ॥१६१॥

ગાથાર્થ : ભોગથી ભોગઇચ્છાની વિરતિ ખભા પરથી ભાર દૂર કરવા બીજા ખભાપર ભાર મુકવા સમાન છે, કેમકે તે તેવા પ્રકારના સંસ્કારનું વિધાન કરે છે.

ટીકાર્થ : ભોગથી તાત્કાલિકી થતી ભોગેચ્છા વિરતિ ખભાપરથી ભાર દૂર કરવા બીજા ખભાપર મુકવા સમાન છે. કેમ ? તો કહે છે - તત્સંસ્કાર-વિધાનતઃ - તેવા પ્રકારના કર્મબંધથી અનિષ્ટ ભોગના સંસ્કાર ઊભા કરે છે માટે. અને આમ તત્ત્વથી તો ભોગની ઇચ્છાની નિવૃત્તિ જ થતી ન હોવાના કારણે.

વિવેચન : મજૂર એક ખભાપરથી ભાર ઉતારી બીજા ખભે મુકે એના જેવી ભોગથી મળનારી તૃપ્તિ છે. જેમ ખભાપરથી ભાર ઉતારવાથી થતી દુઃખમુક્તિ કામચલાઉ છે. એક ખભેથી ઉતરી બીજા ખભે ચઢે, ત્યાં સુધી જ છે. પછી બીજા ખભે દુઃખ ઊભું જ છે. એમ કોઇ વસ્તુની ઇચ્છા થાય, ત્યારે વિહ્વળતા-દુઃખ ઊભું થાય છે. પછી એ ચીજ પ્રાપ્ત થાય. તેથી એ દુઃખના ભારથી મુક્તિ મળી. પણ તે ક્યાં સુધી ? મોટરની ઇચ્છા હતી. મળી ગઇ. મોટરમાં ફરવા નીકળ્યા. હવે પગ અકડાઇ ગયા... તેનું દુઃખ છે. તેથી મોટરમાંથી નીકળી પગ છૂટા કરવા ફરવાનું સારું લાગ્યું. આમ મોટરની ઇચ્છાની તૃપ્તિ પૂરી થઇ. નવી ઇચ્છા જાગી. દુઃખ એક ખભેથી બીજા ખભે ગયું. એક ભોગ ભોગવવા જતાં એવા કર્મો બંધાય, કે જેથી અનિષ્ટ ભોગના સંસ્કાર પડે. એટલે કે એક ભોગનું સુખ અનુભવવા જતાં દુઃખજનક કર્મબંધ થાય. આ કર્મથી દુઃખ આવીને ઊભુ રહે. એટલે પાછી સુખની ઇચ્છા જાગે. આમ કામચલાઉ એક ઇચ્છા અટકે, ત્યાં બીજી ઇચ્છા ઊભી થવાની. માટે જ ભોગને ખણજ ગણવામાં આવે છે. એકની ચળ ઉપડી, તમે એ આપ્યું. ચળ શાંત થઇ, ત્યાં બીજીની ચળ ઉપડવાની. આમ એમાં ને એમાં અથડાયા કરવાનું !

તીર્થંકરપરમાત્મા જેવા સ્થિરા દૃષ્ટિ પામેલા ગૃહસ્થો પણ સમ્યગ્દર્શનના પ્રકાશમાં ઉપરોક્ત વિચારો કરી સુખત્યાગની ઘડીની ઝંખનામાં હોય છે. મળેલા દેવતાઇ સુખો પણ ઘાસના તણખલા જેવાં એમને ભાસે છે. સંસાર ભૂમિ નાટકભૂમિ લાગે છે. જીવ નાટક કરે છે, ને ઇચ્છાઓ નાટક કરાવે છે. તેથી સતત ભોગત્યાગ, સુખત્યાગના માર્ગે જવા ઉત્સુક બનેલા હોય છે. સ્થિરા દૃષ્ટિ પામેલા ઝળહળતા સમ્યગ્દર્શનવાળા જીવોની આ સ્થિતિ છે. **અહીં સ્થિરા દૃષ્ટિનું વિવરણ પૂરું થાય છે.**

પાંચમી દૃષ્ટિવાળાના ગુણો - (૧) આલોલતા

આ પાંચમી દૃષ્ટિ પામેલાઓ અલોલતાવગેરે કેવા કેવા ગુણવાળા હોય, તેનું વર્ણન અન્ય દર્શનના યોગાચાર્યોએ **સ્કન્દપુરાણ** વગેરેમાં જે વર્ણવ્યું છે, તે બતાવે છે.

(૧) અલોલતા : ઇન્દ્રિયના વિષયોની લંપટતા-લાલસા ખતમ થઇ જાય છે. આ કેમ બને? જુઓ-

કોઇ મોટી કરોડપતિ શેઠાણીને આંખના રતન સમો એકનો એક દીકરો છે. હોંશિયાર છે. વેપાર

ધંધો સારો સંભાળે છે. દોઢો નફો કરે છે. આ દીકરો પચીશ વર્ષની જુવાનજોધ વયે ત્રણ દિવસના તાવમાં ગુજરી જાય, તો એ માતાની દશા શી થાય ? ત્યારે તમે એમને પેંડા ધરો. એ શું કરશે ? બળ્યા પેંડા! તમે કહેશો, રુઓ છો શું ? તમારી મોટર, તમારા બંગલા, બધુ સલામત છે. ત્યારે એ શું કહેશે ? બળી મોટર, બળ્યા બંગલા ! હવે મારે એ બધાને શું કરવાનું ? મારો આવો રુડો, વિનયી, હોંશિયાર જૂવાન જોધ દીકરો આ રીતે ઉપડી ગયો, મારું તો સર્વસ્વ લૂંટાઇ ગયું.

હા, શેઠાણીનું બાકી કશું ગયું નથી. છતાં એક દીકરો જવામાત્રથી બધું બળ્યું લાગે છે. જુવાનજોધ વહુને વિધવા થયેલી જુએ છે, ને અરેરાટી થાય છે... બધા વિષયોની લંપટતા ઘડીભરમાટે ઓસરી જાય છે. દીકરો જીવતો હતો, ત્યાં સુધી શી વાતનો દીકરો! શી વાતની મોટર ! બંગલા ! અહો અહો થતું હતું. લંપટતા અને અભિમાન હતા. દીકરો જતાં આ બધાપરથી એક ઝાટકે લંપટતા ઓસરી જાય છે. યોગમાર્ગે આ પાંચમી દૃષ્ટિ પામેલા આત્માની પણ આ રીતે બધી લંપટતાઓ ઓસરી જાય છે. પેલી દુઃખથી ઓસરી, આ તત્ત્વવિચારણાથી.... એટલો ફરક. તેથી પેલી કામચલાઉ ઓસરે એમ બને, પણ તત્ત્વવિચારણાથી લંપટતા જે ઓસરે, તે પ્રાયઃ કાયમી હોય. આ લોલતામુક્ત બનેલા આત્મામાં બીજો ગુણ આવે છે, **આરોગ્ય.**

(૨) **આરોગ્ય :** ઇન્દ્રિયલંપટતા જવાથી રસલંપટતા પણ જાય છે. તેથી જીભમાટે નહીં, પણ યોગ સહાયક સ્વાસ્થ્ય ટકાવવા જરુરી જ આરોગવાનું હોવાથી આરોગ્ય સહજ રહે. વળી લોલતા ન રહેવાથી ઇન્દ્રિયવિષયોમાં પ્રવૃત્તિ-આતુરતા-ચિંતાવગેરે ન રહેવાથી મન પ્રસન્ન રહેતું હોવાથી પણ સતત આરોગ્ય જળવાયેલું રહે છે. આ યોગસોપાનમાં રહેલાનો ત્રીજો ગુણ છે... અનિષ્ઠુરતા.

(૩) **અનિષ્ઠુરતા :** આત્મા કોમળ બન્યો છે. બે બાબતમાં કોમળતા કામની છે. (૧) કોઇના દુઃખને જોઇ જે કોમળ હોય, તે પીગળી જાય છે, દુઃખ જોઇ શક્તો ન હોવાથી એના દુઃખને ટાળવા સક્રિય પ્રયત્નશીલ બને છે. કોમળ જીવ જ આ કરી શકે. અને (૨) સાધુપુરુષની વાણી સાંભળતા પાણી-પાણી થઇ જાય. કોમળ આત્માને જ સાધુપુરુષની વાણી સ્પર્શે છે, અને પાણી પાણી બનાવે છે. જો નિષ્ઠુર હોય, તો બોલવા પૂરતી અસર બતાવે, હૈયામાં કોઇ કંપન-સંવેદન ન હોય. સંતવાણી સાંભળે ત્યારે 'હાજી', 'તહત્તિ' કરે, પણ અંદર કશું અડે નહીં. એમ જ માને કે સાધુનો ધર્મ છે કહેવાનો, આપણો ધર્મ છે સાંભળવાનો !

આ યોગદૃષ્ટિને પામેલો આવો નિષ્ઠુર ન હોય, એને આ ક્ષણને બદલે અનંતો ભૂતકાળ દેખાય છે. જ્યારે જ્યારે હું વાઘ, સિંહ, ગરોળી વગેરે હતો ત્યારે મેં કોઇને સુખી કરવાને બદલે બધાને દુઃખી જ કર્યા છે. આ તો એવી કોઇ પુણ્યની ચાવી લાગી ગઇ, કે આજે માનવભવ મળ્યો છે. હવે હૈયું નિષ્ઠુર નહીં, કોમળ બનાવવું છે. જો હૈયું નિષ્ઠુર બનાવીશ, તો પાછો એ નિષ્ઠુરતાના ભવોમાં ફેંકાઇ જઇશ, ને કોમળ બનવાની ફરી તક મળતાં પહેલા અનંતો કાળ વહી જશે. ભગવાનનું શાસન અને સાધુ-ભગવંતોની વાણી મળ્યા પછી પણ હૈયાને કશું થાય નહીં, એવા નિષ્ઠુર બનવું હવે નહીં પાળવે ! જે વાણીએ **ધન્ના-શાલિભદ્ર** જેવા શ્રીમંતોને જગાડી દીધા એ વાણીથી મને કંઇ અસર જ ન થાય ! આવું હૈયામાં લાગે, તો આંચકો લાગે અને ગુરુભગવંતને કહેવાનું મન થાય કે આપ ભગવાનની વાણી સંભળાવો છો, એ જ ખરું તત્ત્વ છે, એનો જ આશરો લેવા જેવો છે. હજી ગઇકાલ સુધી દેવતાઇ ભોગ ભોગવતા હતાં એવા શાલિભદ્ર જેવા સાધનાની

કઠોરભૂમિકાને સ્પર્શી જાય, મહીનાઓના અનશન લગાવી દે. પેલા **ધન્ના કાકંદી** જેવાઓ છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણે માખી ન વંછે તેવા આહાર કરે, અને મને હૈયે કાંઇ અસર જ ન થાય ! આ વિચારતાં ને વાણી સાંભળતા સાંભળતા રુંવે રુંવે થઇ જાય. આ હૈયાની કોમળતા છે, આ હોય તો વાણી હૈયામાં ઉતારવાનું મન થાય. અને હૈયું એ રીતે કોમળ બને, ને વાણીની અસર લે, તો સાચી અલોલતા પણ આવે ને તેથી, ભોગો મળે તો ય શું ને ન મળે તો'ય શું ? ભોગોની રોજ-રોજ ગુલામી કરવાનો કંટાળો આવે, અને ખાન પાન કે ભોગ વખતે પણ લંપટતા ન રહેવાથી એ બધી પ્રવૃત્તિ વૈરાગ્યથી કરે. એકાકાર થઇને નહીં. આમ અનિષ્ઠુરતા ગુણ આવ્યે અલોલતા પણ સહજ બને. હવે ચોથો ગુણ બતાવે છે...

(૪) **ગંધ શુભ હોય :** ભોજનાદિવખતે ઉપરોક્ત વૈરાગ્યભાવના કેળવી ભોજન કરવાથી ભોજનનો રસ સૂકાઇ જાય છે, અને પવિત્રભાવ ભળે છે. આ ભોજનથી શરીરમાં બનેલા લોહી-માંસ પણ પવિત્ર-દુર્ગંધ વિનાના બને છે. તેથી સહજ શરીરમાંથી શુભ ગંધનો પ્રવાહ વહે છે. આ સુગંધિત એટલી હદે ફેલાય છે કે (૫) **મળ-મૂત્ર પણ અત્યંત અલ્પ અને દુર્ગંધ-બિભત્સતા વિનાના બને છે.**

વૈરાગ્યભાવ અને અલોલતાથી તથા કોમળ-પરિણામના કારણે હૈયામાં રાગભાવ ઉઠતો નથી. તેથી આત્માની જે સહજ (૬) **કાંતિ છે,** એને પ્રકાશિત થવાનો અવસર મળે છે. તેથી શરીર કાંતિમય અને મુખ લાવણ્ય નિતરતું બને છે.

ભગવાન **મહાવીરસ્વામી** ગૃહસ્થાવાસમાં હતાં, ત્યારે પણ આ અલોલતાઆદિના કારણે અલૌકિક રૂપ, ઓજ, કાંતિ, લાવણ્ય ધરાવતાં હતાં. **ત્રિશલામાતા** કહેતા હતાં *'નિરખત તૃપ્તિ ન હોત'* હે કુમાર ! તમને જોઇને અમારું મન ધરાતું જ નથી. જેના હૈયેથી કઠોરતા રવાના થઇ ગઇ હોય, તેના મુખપર જ આવી કાંતિ ઝળહળે. કેમકે કઠોરતા-ક્રોધ મોને પણ વિકૃત-ભયંકર કરી નાંખે છે.

વર્ધમાનકુમાર બાળકોસાથે આમલકી ક્રીડા માટે ગયા. દેવે પરીક્ષામાટે ફણીધર-સાપનું રૂપ લીધું. બધા છોકરા ડરી-ભાગી ગયા ને દૂરથી સાપ પર પથ્થર ફેંકવા માંડ્યા. ભય અને ક્રોધ બંનેથી મુક્ત ભગવાને સાપને ઊંચકી સલામત સ્થાને મુકી દીધો. જરા પણ ક્રૂરતા આચરી નહીં. જરા પણ ક્રોધ આવ્યો નહીં.

ફરી દેવે બાળકનું રૂપ લીધું. **વર્ધમાનકુમાર** સાથે રમતમાં શરત રાખી, હારેલો જીતેલાને પોતાના ખભે બેસાડે. દેવ રમતમાં સમજીને હાર્યો. વર્ધમાનકુમારને ખભે બેસાડ્યા. કુમાર બેસવાની આનાકાની કરે છે. 'ભાઇ ! ખભે હાથે મુક્યો એટલે બધુ આવી ગયું.' તો પેલાએ આગ્રહ કરી ખભે બેસાડ્યા. પછી સાત તાડ ઊંચા થઇ ભયંકર રાક્ષસનું રૂપ કર્યું. ત્યારે પણ ભગવાનના હૈયે ક્રોધ, કઠોરતા કે ક્રૂરતા આવી નહીં. ભગવાને અવધિજ્ઞાનથી જોયું, કે આ તો દેવ છે, ત્યારે પ્રેમ-ભરી દૃષ્ટિ રાખીને પ્રેમથી ધબ્બો મારે એ રીતે હળવેકથી મુક્કી મારી. એમાં કઠોરતાનો અંશ ન હોવા છતાં દેવના હાજા ગગડી ગયા. ભગવાનને નીચે ઉતારી માફી માંગી. ભગવાનના ગુણગાન કરી રવાના થયો. પણ ભગવાનની કોમળતામાં કોઇ ફરક નહીં. પ્રેમાળ મુખમુદ્રામાં જરા પણ ફરક નહીં. આમ કેમ ? કહો, આ દૃષ્ટિનો પ્રભાવ. આ પાંચમી દૃષ્ટિ પામેલાના હૈયે કોમળભાવ વહેતા હોવાથી જ એ સતત પ્રસન્ન હોય, અપરાધીપર પણ (૭) **પ્રસાદ કરવો** સહજ હોય, ચિત્તમાં સતત પ્રસન્નતાની ધારા વહેતો હોય, તો જ આ બને. **મન જેનું**

શાતામાં હોય તેનો ચહેરો પ્રસન્ન હોય અને તેનો વિષયભોગ-વિષયલંપટભાવ ઘટતો હોય...

જુઓ, ઉપર ઉપરના દેવલોકમાં મનની શાતા વધતી જાય છે, અને ઇન્દ્રિયની ખણજ, વિષય-લંપટતા ઘટતી જાય છે. પહેલા બે દેવલોક સુધી દેવો મનુષ્યની જેમ ભોગ ભોગવે. ત્રીજા દેવલોકના દેવ માત્ર સ્પર્શથી સુખ માણે. એમ ઉપર ઉપર દેવલોકોમાં જતાં ક્રમશઃ રૂપ જોઇ, માત્ર શબ્દ સાંભળીને અને છેવટે માત્ર મનમાં વિચાર કરીને ઉત્તરોત્તર વધુ વધુ સુખનો અનુભવ કરે. ત્યાં અડવાનું, જોવાનું કે ગીતઆદિ સાંભળવાનું ય ન હોવા છતાં સુખ વધતું જાય. શાતા વધતી જાય. યાવત્ ગ્રૈવેયક અને અનુત્તરમાં તો વિષયભોગની કોઇ ખણજ જ ન ઉઠે. એ માટેની આતુરતા જ ન જાગે. અને શાતા કેવી જોરદાર? વર્ણવી ન શકાય તેવી.

આ બતાવે છે કે વિષયોની ખણજ - આતુરતા આ બધી મનની અશાતાની સૂચિકાઓ છે. આ અશાતા જ જો ન ઉઠે, વિષયોની ઘણી ગુલામી-માંથી મુક્તિ મળી જાય. ગ્રૈવેયકમાં તો મિથ્યાત્વી પણ ગયો હોય. એ પણ વિષયભોગ વિના ગજબની શાતા અનુભવે છે. પણ સમયક્ત્વ પામતો એક જીવ એથી પણ વધુ શાતાને સહજ અનુભવે છે. અને ચિત્તની પ્રસન્નતાનો અનેરો અનુભવ કરે છે. પછી બાહ્ય પદાર્થોમાં જરા પણ સારું લાગે નહીં. માત્ર પરમાત્માની ભક્તિ વગેરે જ સારા લાગે. હા, એને ચક્રવર્ત્તીના ભોગ - ૬૪ હજાર રાણી - મહેલો, નવનિધિઓ, આ બધા પણ તુચ્છ લાગે. એકમાત્ર પ્રભુભક્તિ જ માલવાળી લાગે.

રાવણે અષ્ટાપદપર્વતપર કરેલી પ્રભુભક્તિથી **ધરણેન્દ્ર** ખુશ થયો. કહે છે - તારી પ્રભુભક્તિથી હું પ્રસન્ન થયો છું.. તું માંગ, માંગે તે આપું ! ત્યારે પ્રભુભક્તિથી અનન્ય ચિત્ત - પ્રસન્નતા અનુભવતા રાવણને ધરણેન્દ્રની આ ઓફરમાં કશું આકર્ષણ ન થયું. એ કહે છે - તમે શું આપી શકવાના ? મારે પ્રભુભક્તિના બદલામાં જે જોઇએ છે, તે તમે આપી શકો તેમ નથી. મારે તો જ્યાં સદા આનંદ છે, એવો મોક્ષ જોઇએ છે, બોલો, તમે આપી શકશો ? ત્યારે ધરણેન્દ્રને પણ આની ભક્તિ સામે હારવું પડ્યું. આ ભક્તિનો આનંદ છે, એની સામે બાહ્ય બધું જ તુચ્છ - 'કુછ નહીં' લાગે. રાવણ યુદ્ધ માટે નીકળ્યો હોવા છતાં સહાયમાટે કશું માંગતો નથી. કેમ ? એણે કોઇ લાલસાથી ભક્તિ કરી ન હોતી. એ ભાવથી ભક્તિ કરી હતી કે જિંદગીમાં કરવા જેવું કશું હોય, તો તે પ્રભુભક્તિ જ છે. આ જ ખરું જીવન છે. બાકી બધું બહારનું છે. એ કંઇ જીવન નથી, સન્નેપાત છે.

આ વિચારણા સમ્યક્ત્વના બળપર છે. યોગની પાંચમી દૃષ્ટિમાં રહેલો આ આંતરિક આનંદ - પ્રસન્નતા અનુભવે છે, માટે જ એનું શરીર કાંતિમય હોય છે ને ચહેરો તથા આંખ પ્રસાદયુક્ત હોય છે.

એટલું જ નહીં એમની વાણીમાં (૮) **સૌમ્યતા** ભળેલી હોય છે. ઉન્માદ, દીનતા, ઉકળાટ વિનાની વાણીના એ સ્વામી બને છે. સમ્યગ્દર્શનથી જોઇ લીધું છે, કે બાહ્ય બધું ઉન્માદ કરાવનાર છે, તેમાટે હૈયાને શા માટે ઉકળાટભર્યું કરવું ? પદાર્થો ઊભા રહે છે. ને મન માંકડુ - વાંદરો એની આજૂબાજૂ ઠેકડા મારે રાખે, એ કેટલું ઉચિત છે ? મારા મળેલા ભોગોમાં છે વિશિષ્ટતા કઇ, કે તે માટે મારે ઉન્માદ કરવો પડે ? ઇન્દ્રવગેરેના ભોગો આગળ આ સાવ તુચ્છ છે.

એ જ રીતે 'જે થાય છે, જે થશે, તે ભાગ્ય મુજબ થવાનું છે' આવા વિચારો કરી તે હૈયામાં દીનતાને પણ લાવવા દેતો નથી.

અમદાવાદના **છોટુભાઇ સંઘવી.** મહાન

શ્રાવક હતા. રોજ વ્યાખ્યાનમાં સમયસર હાજર થઈ જ જવાનું ! ગુરુ ભગવંતને શ્રાવકો ભેગા કરવા-વ્યાખ્યાન માટે શ્રાવકોની રાહ જોવા ફાંફાં ન મારવા પડે, તેથી પોતે બીજા બે ચારને પણ સાથે લાવે. એકવાર પ્રવચનમાં પા કલાક-અડધો કલાક મોડા પડ્યા. વ્યાખ્યાન પૂરું થયે ગુરુમહારાજે પૂછ્યું - આજે કેમ મોડા પડ્યા ? છોટુભાઈએ સહજતાથી કહ્યું - બાપજી, મહેમાનને વળાવવા ગયો હતો.

મહારાજ સમજે કે મોટા શેઠ છે, તેથી કોઈ આડતિયો વેપારમાટે આવ્યો હશે, તે વળાવવા ગયા હશે. તેથી ટકોર કરી. ત્યાં બાજૂમાં બેઠેલા માણસે ખુલાસો કર્યો - સાહેબ ! આ મહેમાન એટલે જૂવાનજોધ છોકરો. એમનો જૂવાનજોધ છોકરો ગુજરી ગયો છે, તે વળાવવા એટલે સ્મશાને લઈ ગયેલા.

મહારાજ સાહેબ તો આ સાંભળી સડક થઈ ગયા. છોટુભાઈ શેઠને જોતા રહી ગયા. શેઠના હૈયામાં જરા ય અરેરાટી નહીં, વાણીમાં જરાય દીનતા નહીં, કેમ ? સમજતા હતા, ભાગ્યમાં લખાયા મુજબ થાય, એમાં અકળાવાનું શું ? આ હતું, તેથી દીનતા ન હતી. તેથી વાણી સૌમ્ય હતી. આમ આ દૃષ્ટિમાં **તન કાંતિયુક્ત, મન પ્રસન્નતા-યુક્ત અને વચન સૌમ્યતાયુક્ત હોય.** આ બધા આ યોગદૃષ્ટિ પામ્યાના પ્રાથમિક ચિહ્નો છે.

(૯) **નિષ્પન્ન યોગીના લક્ષણો :-** હવે આગળ કહે છે, ચિત્ત મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્યથી ઉભરાતું હોય.

જગતના જીવોને જોતાં હૈયાના હેત ઉભરાય, નિતરતો સ્નેહ છલકાતો હોય, આ **મૈત્રીભાવના** છે. દુઃખીને જોઈ હૈયું જે દયાથી ભરાઈ આવે, અને દુઃખ દૂર કરવાની તીવ્ર ઈચ્છા થઈ આવે એ કરુણા.

સામી વ્યક્તિમાં એક પણ ગુણ જોઈને એના પર આનંદ થવો તે **પ્રમોદભાવના** છે. આ આવે, તો કદી ઈર્ષ્યા ન થાય. દોષો જાહેર કરવાનું મન ન થાય. પ્રમોદભાવ એટલે માત્ર ગુણ જ જોવાના અને તેમાં જ હૈયાને હરખાવવાનું. જેને જગતમાં જે કંઈ દેખાય, એમાં સારું જ દેખતા આવડે; એ જ આ કરી શકે. **કૃષ્ણ મહારાજાને** દુનિયાને સડી ગયેલી બિભત્સ દેખાતી કૂતરીમાં પણ સફેદ દૂધ જેવા દાંત દેખાયા. અને એ દાંતની પ્રશંસા કરવાનું મન થઈ ગયું. આ પ્રમોદભાવ છે.

તમે દેરાસરમાં ચૈત્યવંદન કરો છો, ને કોઈ આવી ગભારા પાસે ભગવાનના તમને દર્શન ન થાય એમ આડો ઊભો રહી ગયો. ત્યારે પ્રમોદભાવ હોય, તો વિચાર ઉઠે - અહો, આ સંસારથી બળેલો-ઝળેલો અહીં પ્રભુદર્શનથી પોતાની જાતને કેવી ઠારે છે ! વાહ ! આ વિચાર ઉઠે, તો એનાપર ગુસ્સો ન આવે. આ સારું જોવાની વૃત્તિ ઘડી હોય, તો નરસું જોવાની વૃત્તિ નાબૂદ થાય. અને તો બીજાના દોષો જોવાને બદલે ઉપેક્ષિત કરવાનું મન થાય. આથી આવે **માધ્યસ્થ્ય ભાવના.** આ ભાવના તો સાચી ઠરે, જો મગજમાં બીજાના દોષ લઈએ નહીં. આ ધર્મના પાયાની વાત છે. બીજાની નરસી વાત જોવા-સાંભળવાની તો નહીં, પણ વિચારવાની ય નહીં.

(૧૦) **આ ચાર ભાવનાથી વાસિત થયેલું ચિત્ત પછી વિષયોમાં જતું નથી.** જેને અંદરનું જોતા આવડી ગયું છે તેને બહાર ગમતું જ નથી. **અંબડ** પરિવ્રાજકે રાજગૃહીના ચાર દ્વારપર ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને તીર્થંકરના રૂપની માયાજાળ રચી. આખું નગર એ જોવા ઉભરાયું. પણ **સુલસા** ગઈ નહીં. એક જ વિચાર 'મારે મારા ભગવાનનું ઘણું જોવાનું છે. તેમાં ફૂરસદ નથી મળતી, તો ક્યાં બીજું જોવા જાઉં ?' આ છે **વિષયોમાં અપ્રવૃત્ત ચિત્ત.**

(૧૧) વળી આ યોગમાં પ્રવૃત્ત થયેલો

આત્મા **પ્રભાવવાળો** હોય છે. બે લડનારા આ આત્માની હાજરીથી શાંત થઇ જાય. દુઃખી-શોકાકુલ થયેલાઓ દુઃખ-શોક મુકી દે.

મણીભાઇ વકીલ યોગસાધનામાં સારા આગળ વધેલા. એમની દીકરી લગ્ન પછી બે વર્ષમાં જ રાંડી. મણિભાઇ દીકરીના ઘરે ગયા. દીકરીના સાસુ-સસરા વગેરેને પણ ભેગા કર્યા. બધાની વચ્ચે દીકરીને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો. ત્યારે કોઇને આ અનુચિત ન લાગ્યું - બધાએ શાંતિથી સાંભળ્યું... દુઃખ-શોક હળવા થતાં અનુભવ્યા. આ યોગનો પ્રભાવ છે. પોતે ઓછું બોલતા-ખપ પૂરતું જ બોલતા, તે પણ સારું જ બોલતા અને મધ જેવું મધુર બોલતા... માટે પ્રભાવ પડ્યો. વર્ષોથી ધર્મ કરનારા ઘણાનો પ્રભાવ નથી પડતો. કેમ વારુ ? બસ એ જ કે આ રીતે યોગભાવિત થયા નથી.

આ યોગીઓનો વ્યવહાર સૌમ્ય હોય અને ચિત્ત (૧૨) **ધૈર્યયુક્ત** હોય.

વીતરાગ પ્રભુએ બતાવેલી બધી સાધના યોગરૂપ બની શકે. પ્રભુના બે મિનીટના દર્શન પણ યોગરૂપ બની શકે. નવકારવાળીનો જાપ પણ યોગરૂપ બની શકે. શરત એટલી કે ચિત્ત ધૈર્યપૂર્ણ હોવું જોઇએ. ધૈર્ય એટલે ? **સત્ત્વ.** જે કંઇ પણ બને, વિહ્વળતા ન લાવવા દે તે સત્ત્વ. ઇન્દ્રિયના આકર્ષક વિષયોમાં લલચાઇ ન જાય, એ સત્ત્વ.

આપત્તિ આવ્યે, તૂટી ન જાય એ પણ સત્ત્વ. આ જ ધૈર્ય છે. રામ-સીતા, હરિશ્ચંદ્ર-તારામતી, નલ-દમયંતીને વનવાસ વગેરે આપત્તિઓ આવી. છતાં ધૈર્ય મુક્યું નહીં. રામ વનમાં ગયા, ત્યારે સીતાને સાથે આવવા કહ્યું ન હોતું, છતાં સાથે ગયા. વનવાસને પણ ધૈર્યથી વધાવી લીધો. **જે આવ્યું તે નભાવી લેવું એમ નહીં, પણ વધાવી લેવું એ ધૈર્ય છે.** પછી એમાં દીનતા-આકુળતા-વ્યગ્રતા ન આવે. સીતાએ વનવાસ દરમ્યાન કદી રામને સંભળાવ્યું નથી, કે લો, તમને પરણ્યાને આ વનવાસ મળ્યો ! અરે રામે કાઢી મુક્યા પછી બીજા રાજાને ત્યાં પુત્રોને જન્મ આપવો પડ્યો, વગેરે થવા છતાં ધૈર્ય ગુમાવ્યું નહીં. પોતાના સમર્થ પુત્રોને પણ ક્યારેય રામવિરુદ્ધ એક શબ્દ પણ અજુગતો કહ્યો નથી.

આ આરાધના-સાધનામાં કેળવવાની વાત છે. ધર્મ આપણને સોનેરી શિક્ષા આપે છે. જે આવ્યું, તે તારા કર્મથી આવ્યું છે. તેથી તારે સ્વીકારી લેવાનું. દેવાળિયા નહીં પણ શાહુકાર થાવ. દેવાળિયો દેવું ચુકવવામાં આનાકાની કરે, ગપચી જવાની દાનત રાખે. શાહુકાર દૂધે ધોઇ ચુકવી આપે. **પૂર્વે ઉધુ વેતર્યું હોય, તો કર્મફળતરીકે કષ્ટવગેરે આવે, ત્યારે શાહુકાર બની ચૂકવી આપવું જોઇએ.**

ધર્મ શિખવાડે છે, આવે અવસરે ભગવાન સામે જો. સંગમે ભગવાન જેવાને છ-છ મહીના રંજાડ્યા હતા. આ સામે મને કોણ કેટલું રંજાડે છે? આમ ભગવાનસામે જોવાથી સ્વસ્થતા-ધૈર્ય આવે. ધૈર્ય ન હોય, તો મન આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનમાં ખેંચાઇ જાય. ધૈર્ય હોય, તો દરેક વિકટ પ્રસંગ પણ સત્ત્વની કમાઇ કરવાના અવસર લાગે.

ધૈર્યમાટેનો પ્રસંગ

એક પરદેશી પુસ્તકમાં એક પ્રસંગ ટાંક્યો છે. એક કુશળ મેનેજરની કુશળતાપર કંપનીના ડાઇરેક્ટરોએ એક કંપની ખોલી. ફેક્ટરી ચાલુ કરી. બીજી કંપનીએ આ મેનેજરને ઓફર મુકી - આ કંપનીમાં તમને ૮૦૦ ડોલર મળે છે, અમારે ત્યાં આવી જાવ, મહીને ૧૨૦૦ ડોલર વેતન આપશું.

આ મેનેજરે ડાઇરેક્ટરોને વાત કરી. ડાઇરેક્ટરોએ કહ્યું - આ પગાર મેળવવાની તમારી લાયકાત છે જ. અમે એટલો પગાર આપી શકીએ એમ નથી, એ તમે જાણો જ છો. અમે તમારા

ભરોસે ફેક્ટરી ખોલી છે, તમે જશો, તો ફેક્ટરી બંધ કરવી પડશે. માટે તમે વિચારો.

ડાઈરેક્ટરોની વાત સાંભળી મેનેજરે બીજી કંપનીમાં જોડાવાનો વિચાર માંડવાળ કર્યો. પણ બન્યું એવું કે ૪ / ૬ મહીનામાં જ ડાઈરેક્ટરો સાથે વાંધો પડ્યો. અંતે પોતાને રાજીનામું આપવું પડ્યું. ઘરે બેઠા રહેવાનો વારો આવ્યો. ઘરે બેઠા બેઠા બળાપો કાઢે રાખે છે.

એમાં એક વખત એક માનસશાસ્ત્રી સાથે મુલાકાત થઈ. એણે માનસશાસ્ત્રીને કહ્યું - ઈશ્વરના રાજમાં આ અંધેર ? જે ફેક્ટરી માટે મેં લોહી-પાણી એક કર્યા, દોઢા પગારની ઓફર જતી કરી, એ જ ફેક્ટરીના ડાઈરેક્ટરોએ મારી સાથે આ વ્યવહાર કર્યો? મારે નોકરી ગુમાવવી પડી ! માનસશાસ્ત્રીએ આની હૈયાવરાળ સાંભળી. પછી કહ્યું- ભાઈ ! ઈશ્વરે તો તને ઘણું આપ્યું છે. અત્યાર સુધી પૈસા આપ્યા, હવે સત્ત્વ કેળવવાની તક આપી. ભગવાનની આ દયા સામે જો. જો સત્ત્વ નહીં હોય, ધૈર્ય નહીં રહે, તો તું કેવી રીતે ટકી શકે ? માટે રોજ સવાર-સાંજ ભગવાન આગળ પ્રાર્થના કર - એમાં ભગવાનની દયાનો આભાર માન, અને એ મળતી રહે એમ માંગ. એ ભાઈએ રોજ ભગવાનને પ્રાર્થના કરવાનું ચાલું કર્યું - હે ભગવાન! તું કેટલો બધો દયાળુ ? કે મને સત્ત્વ કેળવવાની તક આપી !

આ ધૈર્ય છે. યોગની આ દષ્ટિમાં સદા ચિત્તપ્રસન્ન હોવાની વાત આવી. ચિત્ત આ રીતે પ્રસન્ન રહે કે ગમે તે પ્રસંગ આવે, નભાવી નહીં લેવાનો પણ વધાવી લેવાનો ! આ ધૈર્ય છે.

(૧૩) આ ધૈર્યવાળો જ **સુખ-દુઃખ આદિ દ્વન્દ્વોથી લેવાતો નથી.** અસરવાળો થતો નથી. ડઘાતો નથી. સુખમાં હરખાઈ જાય નહીં, ને દુઃખમાં કરમાઈ જાય નહીં. જશમાં ઘેલો ન થાય, ને અપજશમાં દીન નહીં થાય.

સીતાને અસતી તરીકેનો મોટો અપજશ આવ્યો, છતાં રોવા નથી બેઠા, છોડવા આવેલા સેનાપતિને આશ્વાસન આપ્યું છે. કહે છે, આમાં વાંક કોઈનો નહીં, મારા કર્મોનો, મારી વાસનાનો છે. જો સાધ્વી થઈ ગઈ હોત, તો આ ન થાત, સંસાર માંડ્યો તો આ હાલત થઈ. આ હિસાબ હતો, તેથી સ્વસ્થ રહી શક્યા.

જીવનમાં દુનિયામાં બનતા કોઈ પણ પ્રસંગની કે કોઈ પણ વસ્તુની અસર નહીં લેતા શીખો. નાના પ્રસંગોમાં આ કેળવતા જાવ, તો આ ગુણ સિદ્ધ થશે. આપણી મુશ્કેલી છે, કે જ્યાં નજર પડે છે, કે જે કંઈ બને છે, તેમાં જીવ તરત જ લેવાઈ જાય છે. રાગ-દ્વેષ કરવા બેસી જાય છે. હૈયામાં ઓછું-વત્તું લગાડી દે છે.

પણ યોગની આ દષ્ટિ પામેલો આ રીતે લેવાતો નથી. યોગની આ મજા છે, આ દિવ્ય જીવન છે. દિવ્ય જીવનની આ ચાવીઓ છે.

(૧૪) વળી આગળ કહે છે, આને **અભીષ્ટનો લાભ થાય.** તમે કહેશો કે ઈષ્ટનો લાભ તો પુણ્યથી થાય, એમાં યોગને શી લેવા દેવા ? તો એનું સમાધાન એ છે, કે યોગીના કાટલા બદલાઈ ગયા છે. ઈષ્ટ-અનિષ્ટના લેખા-જોખા ફરી ગયા છે. દુનિયા જેને ઈષ્ટ ગણે છે, તેને એ અનિષ્ટ ગણે છે. દુનિયા ઇન્દ્રિયોના પનારે પડી છે, તેથી ઇન્દ્રિયના ગમતા વિષયોને ઇષ્ટ ગણે છે. આ ઇન્દ્રિયોને કાબુમાં લેનારા છે. તેથી આ યોગીઓ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોને અનિષ્ટ ગણે છે. દુન્યવી પદાર્થો નાટકરૂપ લાગે છે. જેનાથી આત્મહિત થાય, એ એનું ગમતું બને છે. ઇષ્ટ બને છે.

આ યોગી જુએ છે, કે આત્માના હિતમાં શું છે ? સંવર અને નિર્જરા. બોલવાની ખણજ ઉપડે, બોલીએ તો બધાને હસાવી શકીએ એમ પણ છે. છતાં ત્યાં મૌન રાખે. આ સંલીનતા છે. સંવર છે.

વધુ પડતું બોલવું એ સંવરવિરોધી હોવાથી અનિષ્ટ ભાસે. ૧૮ પાપસ્થાનકો, એના સાધનો, કષાયો અનિષ્ટ લાગે છે, કેમકે સંવરવિરોધી છે. આમ એ યોગી અભીષ્ટ લાભ તરીકે સંવર અને નિર્જરાની સાધનાઓને જ ગણે છે.

હિતમાટે પ્રભુકૃપા-પુરુષાર્થ મુખ્ય

આ રીતે આત્માના હિતાહિતને સમજનારાએ કર્મની દયાપર જીવવું ન પડે. કર્મ આપે, તો આગળ વધાય, એવી દીનતા ન રાખે. અહીં પ્રશ્ન થાય, કે યોગીને મોક્ષ ઇષ્ટ છે. પણ તે પહેલા સંઘયણ-બળપર જ મળે. અને આ સંઘયણની પ્રાપ્તિ કર્મથી થાય. તો આ કર્મની દયાપર જીવવાની વાત આવી કે નહીં ? અહીં સમાધાન એ છે, કે મોક્ષના કારણ તરીકે અરિહંતનો પ્રભાવ કામ કરે છે. અરિહંતના અનુગ્રહરૂપ અસાધારણ કારણ મળ્યા વિના મોક્ષ ન સંભવે. આમ મોક્ષમાટે અરિહંતનો પ્રભાવ કામ કરે છે. એમ નક્કી થાય છે. હવે પ્રભુના આ અનુગ્રહ માટે કર્મની દયાની જરૂરત નથી. વળી મોક્ષમાટે સાધન છે જ્ઞાન-દર્શન-ચારિત્ર. એ પુરુષાર્થની વસ્તુ છે. એક ઘડીમાટે આપણને થાય, કે ભગવાન **મહાવીરસ્વામી** અને બીજા મહાપુરુષો જે સાધના કરી ગયા, તે તો આપણાથી થઇ શકે તેમ નથી. પણ તેઓ સાધનાની ચાવીઓ બતાવતા ગયા છે. એક ચાવી એ છે, કે મહાપુરુષોએ બાહ્ય ઉપસર્ગ-પરિષહ સહન કરવા, સતત કાઉસગ્ગ-ધ્યાનમાં રહેવું વગેરે જે કર્યું, તે આપણે ભલે ન કરી શકીએ પણ આપણી આંતરપરિણતિને તો આપણે સુધારી શકીએ ને ? એ તો વધારી શકીએ ને ! એમાં કંઇ આ પાંચમો આરો આડો આવતો નથી. જેમકે **નાગકેતુ** ભગવાનની ફૂલપૂજા કરવા બેઠેલા. આ કંઇ બહુ ઉગ્ર સાધના ન હતી, પણ પરમાત્મભક્તિની અને કાયાપ્રત્યે અનાસક્તિની એવી ઊંચી આંતર-પરિણતિ વિકસાવી કે કેવળજ્ઞાન પામી ગયા.

ભરત-બાહુબળીએ પૂર્વભવમાં ૫૦૦ સાધુઓની ગોચરી-પાણી સેવા કે વિશ્રામણા-વૈયાવચ્ચની ભક્તિના જે લાભ લીધેલા, તે અત્યારે આપણે કરી શકીએ તેમ નથી, પણ તે માટે આંતર પરિણતિ તો ઘડી શકીએ છીએ ને ! ગુરુમહારાજને એક પાત્રી પાણી આપવામાં પણ આ ભાવને વિકસાવી શકાય. કઇ રીતે ? આ રીતે - આ મારા ગુરુભગવંત ગુણ ગણના ભંડાર છે. અનેક શિષ્યોના પાલનહાર-તારણહાર છે, મારા ભવોદધિતારક છે એમને આ પાણીથી સ્ફુર્તિ આવશે. તેઓ શાસનને દીપાવતી કેટલી બધી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, કરશે! એમાં આ સ્ફુર્તિ કેટલી બધી કામ લાગશે! અહા! મને કેવો મજાનો લાભ મળ્યો. મારા જેવા પામરને આ લાભ ક્યાંથી ? મારે તો આ અમૃતવૃષ્ટિ છે.

બસ આ રીતે ભાવનો વિકાસ કરો, પરિણતિનું ઊર્ધ્વીકરણ કરો. આમ આપણે ઘણી સાધના કરીએ છીએ, પણ એક પણ સાધનામાં ઠેકાણું નથી. છતાં એ સાધનાઓમાં આપણે આ કરી શકીએ તો બેડો પાર.

દર્શન કેવી રીતે કરશો ?

દર્શન કરવા ગયા. **શાંતિનાથ** ભગવાન ! અને થાય. અહો ! કેવા મારા વીતરાગ દેવ ! ત્રણ લોકના નાથનું મને દર્શન મળ્યું ! અહો ! કેવા મારા પ્રભુ ! છ ખંડનું ચક્રીતરીકેનું રાજ્ય મળ્યું, ને એને લાત મારીને નીકળી ગયા ! વાહ પ્રભુ ! પ્રભો ! આપે છ ખંડ ફગાવી દીધા ને મારાથી તો ઠીકરું પણ નથી છુટતું ! શું આપનો ત્યાગ ! કેવી આપની સાધના ! ચક્રી તરીકેના મળેલા ભોગયોગ્ય શરીરમાં પણ આપે ખડે પગે ઊભા રહી કેવી સાધના કરી ! જ્યાં સુધી કેવળજ્ઞાન ન મળ્યું, ત્યાં સુધી પલાંઠી વાળીને નિરાંતે બેઠા પણ નહીં ! પ્રભો ! આપે ચક્રી તરીકે કેવી સુકોમળતા ભોગવી હતી ! મશરુ ને મલમલની પથારીમાં પોઢેલા આપ કોઇ ઉઠાડે ત્યારે નહીં,

પણ આપની મરજી પડે ત્યારે ઊઠતા હતા. અને પછી સંયમ લઇ કાઉસગ્ગ ધ્યાનમાં જ ઊભા રહી તત્ત્વચિંતનમાં જ સદા મસ્ત રહ્યા, એમાં વચ્ચે કોઇ વિકલ્પ-સંકલ્પ પણ નહીં ! ચક્રીના ભોજન કરનારા આપ, સંયમ લઇને કેવા ઉપવાસો ને અરસ-વિરસ આહારમાં મસ્ત બન્યા !

વાહ પ્રભુ ! આવા આપના મને દર્શન મળ્યા! પ્રભુ આ આર્યક્ષેત્ર-કુળમાં જનમવાનું સૌભાગ્ય મળ્યું, તો આપના દર્શન મળ્યા ! ધન્ય પ્રભુ ! વાહ પ્રભુ ! ખરી આપની કૃપા પ્રભુ !

દર્શન તો એના એ જ છે, પણ હૈયાને આ રીતે આનંદથી ઉછળતું કરતા જાવ ને આંખને આંસુથી ભરતા જાવ... પરિણતિ સુધરતી જશે, વિકસતી જશે ! આ છે ઇષ્ટલાભ !

આમાં છે કમાણી લખલૂટ ! પણ મૂરખ જીવ આ કમાણીને બાજૂએ મુકી થોડી ઘણી બહારથી ક્રિયા કરી લઇ સંતોષ માની બેસી જાય છે. બાકી જો લક્ષ્ય હોય, તો એક-એક ક્રિયામાં પરિણતિ સુધારવાનો લાભ દેખાય. કાજો લેતા લેતા જીવ-દયાની પરિણતિ ઊભી કરી શકાય. મારા પ્રભુના વહાલા સંતાનો ! ભૂલા તો નથી પડ્યાને ! લાવ, એમને બચાવી લઉં ! આ લાભ મને ક્યાંથી ! દેવવંદન-ચૈત્યવંદન કરતાં કરતાં આ રીતે પ્રભુ-ભક્તિની પરિણતી કેળવી શકાય. ગુરુવંદન કરતાં કરતાં વિનયની પરિણતિ ઊભી થાય ને સુખશાતા પૂછતા પૂછતા વૈયાવચ્ચની પરિણતિ ઘડાય. આ છે અભીષ્ટ લાભો ! યોગની પાંચમી દૃષ્ટિ પામેલાને એ મળ્યા કરતાં હોય છે.

(૧૫) વળી આ યોગદૃષ્ટિને પામેલાઓ **લોકપ્રિય** હોય છે. લોકપ્રિય થવાના મુખ્ય ત્રણ મુદ્દા છે (અ) લોકોમાટે ઘસાઇ છુટવું, તન-ધન-સાધનથી. (બ) ક્યારેય બદલામાં પણ લોકો તરફથી કશી અપેક્ષા રાખવી નહીં. માંગનારો - ઇચ્છનારો લોકપ્રિય ન હોઇ શકે. અને (ક) આટલું કર્યા પછી પણ જેનામાટે ઘસાઇ છુટ્યા હોઇએ એને પણ ગમે તેવી એવી સૌમ્યવાણી જ બોલવી. કટાક્ષ, કરેલા ઉપકારની યાદ, બીજાના અપરાધ બતાવવા વગેરેથી સંકળાયેલા વચનપ્રયોગ લોકપ્રિયતામાં ખાસ્સો ઘટાડો પહોંચાડી શકે.

પાંચમી દૃષ્ટિને પામેલો જીવ અલૌલ્યવગેરે ગુણોથી ભરેલો હોવાથી ઉપરોક્ત ત્રણેય બાબતમાં પૂર્ણ હોય છે. તેથી સહજ લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. એની પાસે ઉદારતા છે, ગંભીરતા છે, સૌમ્ય મુદ્રા છે, એ પરાર્થકરણરસિક છે. તેથી સહજ લોકપ્રિય છે.

યોગ એ એક અવ્વલ કોટિની સાધના છે. આ સાધનામાં આવ્યા પછી જો આત્માના દેદાર ન ફરે, તો શું કામનું ? આત્માના દેદારને ફેરવનારા છે ગુણો. ગુણો વિનાનો આત્મા મુફલીસ છે. આત્મા ગુણસંપન્ન બનવો જોઇએ, તો દેદાર ફરે. આત્મામાં કાયરતા હતી, તે જાય, વીરતા આવે. કર્મો સામે લડવાનું જોમ આવે ને સહી લેવાનું બળ આવે. ઉતાવળિયો આત્મા ધૈર્યવાન બને. અસહિષ્ણુ હતો, હવે સહિષ્ણુ બને. લોભ, કંજૂસાઇ ને તુચ્છતાથી નિંદનીય હતો, હવે ઉદારતા, સંતોષ ને ગંભીરતાથી લોકપ્રિય બને. આ આત્માના દેદાર ફર્યા ગણાય.

યોગની આ ભૂમિને પામેલાના આ રીતે દેદાર ફરી ગયા હોય. લોકપ્રિય બનવામાટે સહિષ્ણુ બનવું પણ જરુરી છે. બીજાના જે - તે વર્તાવમાં લેવાઇ જનારો પ્રિય ન બની શકે. ગંભીર ને સહિષ્ણુ માણસ બીજાના વર્ત્તાવ ગમે તેવા હોય, તો પણ ગંભીરતા ન છોડે.

વઢકણી ડોશીને ગંભીર વહૂ

પેલી વઢકણી ડોસી ! સવાર પડે ને લડવાનું ચાલુ ! નગરની એક વ્યક્તિ એની ઝપટમાંથી બચી ન શકે. લડવાના નિમિત્ત શોધવા જવા ન પડે. બધા

ત્રાસી ગયા. રાજાને ફરિયાદ કરી. રાજાએ ડોસીને બોલાવી. સમજાવવાની કોશીશ કરી. ડોસી કહે - મારો લડવાનો સ્વભાવ, એ નહીં છૂટે. છેવટે નક્કી થયું. રોજના વારા રાખો. જેનો નંબર આવે, એણે ડોસીપાસે જવું. એ દિવસ ડોસી એની સાથે લડે. પણ બીજા બધાને લડવાના ત્રાસથી મુક્તિ મળે. વારો નગરશેઠના ઘરનો આવ્યો. કોણ જાય ? બધા ડોસીની જબાનથી ડરે. અંતે નાની વહૂ તૈયાર થઈ. સાથે સીંગ-ચણા-જાંબૂવગેરે લીધા. હાથે કરી થોડી મોડી પહોંચી. ડોસીને લડવાનું નિમિત્ત મળી ગયું. ધનાધન બોલવા માંડી. પણ વહૂએ નક્કી કરેલું, સામો જવાબ આપવો જ નહીં. ડોસી બોલી બોલીને થાકે, એટલે ખાતી જાય, ને ડીંગો બતાવતી જાય. પાછી ડોશી ઉછળે... પણ અંતે આ એક તરફી વ્યવહાર ક્યાં સુધી ચાલે. ડોસી થાકી. વહૂને પગે પડી. ત્યારે વહૂએ ડોસીને સમજાવી. છેલ્લી જિંદગી સુધારી લેવા સલાહ આપી અને જિંદગીભરના નહીં લડવાના નિયમ આપ્યા. **લોઢું ને લુહાર ભેગા થાય, તો ધનાધની ચાલે. એકલું લોઢું કે એકલો લુહાર હોય, તો શું થવાનું ?** ગંભીર વ્યક્તિ આ કામ કરી શકે.

અચ્ચુંકારી ભટ્ટા

શેઠને સાત દીકરાપર એક દીકરી. શેઠને એકદમ વહાલી એટલે મોઢે ચડાવેલી. બહાર કોઇ સાથે લડીને આવી હોય, ને ફરિયાદ આવે તો ફરિયાદીને શેઠ ખખડાવી નાંખે. આમ કોઇ ચુંકારો કરી શકે નહીં, તેથી **અચ્ચુંકારી ભટ્ટા** તરીકે પ્રસિદ્ધ થયેલી. લોકોમાં આ છોકરીના લક્ષણોની વાત ફેલાઇ ગયેલી. તેથી યુવાન, રૂપાળી, અને ઘણું ધન લાવનારી હોવા છતાં કોઇ પરણવા તૈયાર નથી.

અંતે મિત્રોના ચઢાવવાથી કે 'તમે ઘણા બુદ્ધિશાળી છો, તો આ કન્યાને પરણી બતાવો' બીજા ગામના મંત્રી તૈયાર થયા. લગ્ન થયા. અચ્ચુંકારી ભટ્ટાએ ફરમાન કાઢ્યું - સાંજ ઢળતા પહેલા ઘરે આવી જવું. મંત્રીએ વાત સ્વીકારી. મંત્રી પણ સમજું હતો, ભટ્ટા માંગે એથી ડબલ આપી દે, તેથી ઘરમાં ટંટો થાય નહીં. અને પોતે સમયસર આવી જાય. આમ ગાડું સુખે ચાલવા માંડ્યું. વિઘ્નસંતોષીઓને પસંદ ન પડ્યું. રાજાને ચાવી મારી, મંત્રી તમારી નહીં, ઘરવાળીની આજ્ઞામાં છે. ખાતરી કરવી હોય, તો સાંજે મોડા મોકલો. રાજાએ મંત્રીને સાંજે રોકી રાખ્યા. મંત્રીએ ઘણા ફાંફાં માર્યા. પણ મોકો મળ્યો નહીં. ઘરે મોડા પહોંચ્યા, ભટ્ટાએ બારણા બંધ કરી દીધેલા. મંત્રી ખખડાવે... સમજાવે, પરિસ્થિતિની વાત કરે... પણ પેલીએ દાદ દીધી નહીં. અંતે મંત્રીએ મોટા અવાજે પૂછ્યું- તમે આ બારણા ખોલવાની ના કોને કહો છો ? આ સાંભળી પેલી વિફરી- કોને એટલે? તમે ઘરના માલિક છો, ને હું નહીં. એમ! તો લો આ તમારું ઘર! હું ચાલી પિયર! મંત્રીએ રોકવાનો, સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ માને એ બીજા. નીકળી પડી અંધારી રાતે ઘરે જવા. વચ્ચે જંગલ આવ્યું. ચોર મળ્યા. એય ઊભી રહે ! બૂમ પાડી. પણ આ તો રોફમાં હતી. બેસ બેસ ! મને ઊભી રાખનાર તમે કોણ ? પણ આ તો ચોર હતા. એમ કંઇ રોફથી ડરે થોડા ? બે લાફા લગાવી, માલ લૂંટી લીધો. હવે શું કરવું ? આ તો ભલા છે. ગળે કોણ વળગાડે ?

બીજા દેશમાં વેંચી મારી. ક્રૂરતાથી ભરેલો એ પ્રદેશ અને ખરીદનાર પણ હતો ક્રૂર. થાંભલા સાથે આને બાંધી. થાળામાં બેસાડી.... પછી માણસો સોઇ લઇને તૂટી પડ્યા. ઘચા ઘચ સોય ઘોંચે છે, લોહીની ધાર છૂટે છે. ચીસો પાડે. પણ કોણ બચાવે? લોહી એકઠું કરી લીધું. પછી તાજામાજા થવા ફરી આઠ દિવસ માલમલીદા ખવડાવ્યા. પાછું લોહી ભરાયું એટલે જેમ કેરીમાંથી રસ નિચોવી નાંખે, તેમ લોહી નિચોવી નાંખ્યું. વેદના અપાર છે, પણ બચાવે કોણ ? ઉપર આભ ને નીચે ધરતી ! કોણ

બચાવનાર ! પસ્તાવો થઇ રહ્યો છે પોતાને મળેલા લાડ-કોડનો. પસ્તાવો થઇ રહ્યો છે પોતાના અસહનશીલ સ્વભાવનો, પસ્તાવો થઇ રહ્યો છે ઉતાવળિયાપણાનો, પણ હવે કરે શું ? બોલકણા સ્વભાવને બદલવાનો, ક્ષમાના સ્વભાવને જીવનસાત્ કરવાનો સંકલ્પ તો કર્યો. પણ બચાવે કોણ ? ભગવાન કહે છે, કે ભોગ અને ઇન્દ્રિયોના વિષયો આ રીતે તમારું લોહી કાઢી નાંખશે ! માટે ચેતજો!!

ઘણા વખત સુધી અચ્ચુંકારી ભટ્ટાએ આ સહન કર્યું. એકવાર એના મામા ત્યાં કામસર આવ્યા હતા... અચ્ચુંકારી ભટ્ટાને ઓળખી ગયા. ભટ્ટા પણ મામા પાસે રડી પડી. મામાએ પેલાઓને પૈસા આપી છોડાવી. ઘરે લઇ ગયા. દવાવગેરેથી પાછી સ્વસ્થ બની. પણ સ્વભાવ બદલાઇ ગયો. આગ બરફ બની ! ક્રોધનું સ્થાન ક્ષમાએ લીધું. ધૈર્ય-ગંભીરતા સહજ થઇ ગયા. આના પિતાના આગ્રહથી અનિચ્છાએ મંત્રીએ પોતાને ત્યાં ચાર દિવસ રાખી. પણ બદલાયેલા સ્વભાવથી આકર્ષાઇને ફરીથી ઘરની રાણી બનાવી દીધી.

ભટ્ટાએ પણ નિર્ણય કર્યો છે, આભ તૂટી પડે પણ બોલવું નહીં. ક્ષમાભાવે બધું જ સહી લેવું. આ ક્ષમાગુણના વખાણ ઇન્દ્રે કર્યા. ત્યારે એક દેવ પરીક્ષામાટે આવે છે. સાધુને વહોરાવવા માટે દાસી પાસે મંગાવેલા લક્ષપાક તેલના ત્રણ-ત્રણ બાટલા દાસીના હાથે તૂટી જાય છે. છતાં એ ક્ષમાભાવ છોડતી નથી. આ ક્ષમાભાવથી દેવ પણ પ્રસન્ન, વખાણ કર્યા.

ક્ષમાભાવ માટે ઉપેક્ષાભાવ આવશ્યક

આ ક્ષમાભાવમાટે દોષો પ્રત્યે ઉપેક્ષા મહત્ત્વની છે. માટે જ કહી શકાય, કે મૈત્રી-પ્રમોદ કરતાંય ઉપેક્ષાભાવ અઘરો છે. યોગસાધનામાં મૈત્રી આદિ ચારભાવો ખુબ અપેક્ષિત છે. સવારે ઊઠીને આ ચાર ભાવનાઓ ભાવવાની છે, વળી, દિવસના આરંભે મંગલ કરવાથી દિવસ મંગલમય-પવિત્ર જાય છે. મંગલમાટે નવકાર ગણ્યા બાદ આ ભાવનાઓ ભાવવી જોઇએ. સવારે ઠંડકવાળું વાતાવરણ હોવાથી વાતાવરણ પણ કોમળ છે, તેથી આ ભાવો ભાવવા સહેલા પડે. રાતે સુતી વખતે દિવસભરની ગરમીથી વાતાવરણ કાં'ક તાપવાળુ હોય છે. તાપ કઠોર છે. તેથી રાતે ચાર ભાવના ભાવવા વાતાવરણ અનુકૂળ નથી. કેમકે મૈત્ર્યાદિ ભાવો કોમળ છે, દ્વેષ-નફરત આ બધા કઠોરભાવો છે. તેથી રાતે મૈત્ર્યાદિભાવો ભાવવા પ્રયત્નવિશેષ કરવો જરુરી બને છે, જે સવારે એટલો અઘરો નથી પડતો.

મુખ્ય વાત એ છે કે ક્ષમામાટે મૈત્ર્યાદિ કરતાં પણ બીજાના દોષપ્રત્યે ઉપેક્ષા વધુ જરૂરી છે. આ ઉપેક્ષા પણ કોમળભાવ છે, કેમકે એમાં કોઇની પણ હલકી વાત હૈયામાં ઘાલવાની જ નથી. હલકો વિચાર મનને કાળું ઠરે. ઉજ્વળ વિચાર મનને ઉજળું કરે.

આ હૈયું હોય, તો ઉપેક્ષા સહજ થવાથી અપરાધીપ્રત્યે પણ સહજ કોમળ વ્યવહાર થાય. અને લોકપ્રિયતામાટે સૌથી વધુ માર્ક આને જ મળતાં હોય છે. દેખાતા અપરાધી પ્રત્યે પણ એનો અપરાધ હૈયામાં લાવ્યા વિના કોમળ વ્યવહાર કરનાર લોકપ્રિય જ નહીં, લોકપૂજ્ય પણ બની જાય છે.

આ મૈત્ર્યાદિભાવો - ખાસ ઉપેક્ષાભાવપૂર્વક કરાતી કોઇ પણ ક્રિયા પાવરફુલ બને છે. ક્રિયામાં ભાવપાવર પૂરવાનું કામ આ ભાવો કરે છે. પુષ્પપૂજા કરતી વખતે નાગકેતુને સાપ કરડ્યો. સાપના આ અપરાધ-ડંખ-પ્રત્યે ઉપેક્ષા રાખી અને સાપપ્રત્યે મૈત્ર્યાદિભાવો ભાવવાથી નાગકેતુનો પાવર વધી ગયો. આપણે આવે વખતે 'અરે ! હું મરી ગયો-મરી જવાનો...' આવા વિચારોમાં ચઢી

જઈએ, એટલે આર્તધ્યાનમાં આવી જવાના, ને પછી આ પીડા દેવા બદલ સાપપર ક્રોધ આવી ગયો, તો રૌદ્રધ્યાનમાં પણ આવી જવાના. આમાં પ્રભુ કે પ્રભુપૂજાના સારાપણાના ભાવ ક્યાં રહેવાના?

આ જ રીતે અન્ય સગાવગેરેના મરણવખતે એ મરી ગયાનો શોક હૈયામાં ઘાલ્યો, તો મરનારના સારાપણાના ભાવ નહીં આવે, સારાપણાના ભાવ સુકૃતના ભાવસાથે જોડાયેલા છે. એને કરેલા સુકૃતના ભાવ યાદ આવે, તો એના સારાપણાના ભાવ મનમાં જાગે.

નાગકેતુને સાપ કરડ્યો, ત્યારે કેવળજ્ઞાન થયું, કેમકે મરવાના કે સાપ ખરાબના હલકા વિચાર મનમાં લાવવાના બદલે અરિહંતવગેરેના અને પોતાની પ્રભુપૂજા વગેરે સુકૃતના વિચારને જ હૈયામાં સ્થાન આપ્યું. એમાં વીતરાગ થઇ કેવળજ્ઞાન પામી ગયા.

સમતાભાવ લાવવો છે? તો કષ્ટમાં સહિષ્ણુતા કેળવો ! જે કષ્ટમાં કષ્ટને જૂએ, તે બીજાને દુષ્ટ તરીકે પણ જોવાનો. તેથી તેની સહિષ્ણુતા ઊડી જવાની. સમતા ક્યાંથી આવે ?

દરેક સાધના બહારનું છોડી અંદરનું સાધવા માટે છે. જો બીજાની દુષ્ટતા જોવા જઈને, તો પાછું બહારમાં જવાનું થાય, અને તો અંદરનું ચૂકાય. ભગવાન મહાવીર સ્વામી સંગમની દુષ્ટતા જોવા ન ગયા, કેમ ? બસ આજ સારુ, કે એમાં હું મારું અંદરનું સાધવાનું ચુકી જઈશ.

તો વાત આ છે, અંદરનું સાચવવા, સમતા લાવવા, બીજાનું સારાપણું જ હૃદયમાં લાવો, અને દોષો પ્રત્યે ઉપેક્ષા રાખો. આ મૈત્ર્યાદિભાવના પાયાપર ધર્મક્રિયા પાવરફુલ બને છે. અને એ વધતા યોગ સિદ્ધ થાય છે.

અલબત્ત, પહેલા-પહેલા મનને આ અઘરું લાગે છે, કેમકે એ ટેવાયેલું નથી. તેથી મનને તે-તે સાધનામાં ખેંચીને લાવવું પડે છે. કેમકે એ યોગબાહ્ય વાતોમાં ભટકવાના ટેવવાળું છે. તેથી બની શકે કે દેરાસર આવતા, કે ગભારા સુધી પહોંચતા મન ભટકતું હોય, પછી સામે ભગવાનની પ્રતિમા દેખાય, ત્યારે સ્તુતિવગેરે માટે કે દર્શન માટે મનને લાવવું પડે છે. આમ શરુઆતમાં યોગ-ક્રિયામાં મનને લાવવું પડે છે, આ સાધક અવસ્થા છે. પછી એ ક્રિયા-યોગમાં જ મન વસી જાય સહજ જામી જાય, તો એ યોગની સિદ્ધ અવસ્થા ગણાય. આ વ્યક્તિ પછી દહેરે જવા મન કરે, ત્યારથી દર્શનમાં જ ચિત્તવાળો હોવાથી ચોથતણું (= ઉપવાસનું) ફળ મેળવે. એમ ને એમ મન વિના ઉપડી જાવ, તો ન મળે. આ દર્શનાદિ ક્રિયામાં સિદ્ધ થયેલાને પછી ઘર-ઉપાશ્રય-બજારમાં પણ સતત મન પ્રભુ દર્શનમય જ રહે. એ દર્શન હટે જ નહીં.

આ રીતે સાધુને ઈર્યાસમિતિવગેરેના પાલનમાં પહેલા મન લાવવું પડે, એ સાધકની અવસ્થા. પછી વારંવાર પાલન કરતાં જવાથી એના સંસ્કાર ગાઢ થતાં જાય, પાવર વધતો જાય. પછી એ સમિતિઓ સિદ્ધ થઇ જાય. પછી બેસવું, ઉઠવું, દરેક ક્રિયામાં સહજ જોવા-પ્રમાર્જવાનું આવી જ જાય. આ સિદ્ધયોગી અથવા નિષ્પન્નયોગી કહેવાય. આવા યોગીઓ કે જે પાંચમી દૃષ્ટિએ પહોંચી ચૂક્યા છે. તેઓના લક્ષણ આપણે વિચારી રહ્યા છીએ. છેલ્લે જોયું કે મૈત્ર્યાદિભાવો-વિશેષથી ઉપેક્ષા ભાવ વગેરેથી તે લોકપ્રિય હોય.

હવે આગળ કહે છે-

(૧૬) દોષવ્યપાય

દોષનો વિશેષથી અપાય = નાશ. દોષોનો વિશેષથી નાશ એટલે જડમૂળથી નાશ, ફરીથી ઊભા ન થાય, એવો નાશ. નિષ્પન્નયોગી બનેલાના દોષો આ રીતે નાશ પામેલા હોય. દોષોમાં મોટો દોષ છે

વિષયોની ભૂખ - ખણજ - અતૃપ્તિ. યોગીના બધા દોષ નાશ પામ્યા હોવાથી વિષયભૂખ દોષ પણ નાશ પામ્યો છે. માટે યોગીનો આગળનો ગુણ છે,

(૧૭) 'પરમા ચ તૃપ્તિઃ'

તૃપ્તિ ન હોય, તો મેળવવાની - ભોગવવાની વગેરે ઝંખના થાય, તૃપ્તિ આવે, તો ઝંખના ન રહે. યોગીને હવે કશું જ મેળવવા - ભોગવવા જેવું લાગતું નથી. તેથી પરમ તૃપ્તિનો અનુભવ છે. વસ્તુને ભોગવતા થતી તૃપ્તિ તુચ્છ છે, કેમકે ક્ષણિક છે, પાછી ઝંખના ઊભી થવાની છે. પરમા તૃપ્તિ વસ્તુના ભોગવવાથી નથી, પણ વસ્તુવગેરેની ઇચ્છાના અભાવની છે. માટે કાયમી છે, શ્રેષ્ઠ છે. આ તૃપ્તિ મેળવવા તરફ આપણું લક્ષ્ય હોય, તો જ આપણને ભોગસાધનોથી આકર્ષણ નહીં થાય અને યોગસાધનામાં જોમ આવે.

જયવીયરાય સૂત્રમાં દુક્ખખઓ... વગેરે ચાર માંગણી ચોથી ગાથામાં મુકી છે. અહીં દુખનો ક્ષય એટલે શું? **વસ્તુ ઓછી હોવી એ દુઃખ નથી, પણ ઓછી લાગવી એ દુઃખ છે.** મનને વસ્તુનું ઓછાશ પણું જે લાગી રહ્યું છે, તે દુઃખ છે. તે દૂર થાઓ, એ માંગણી છે. વસ્તુની ઓછાશ એ દ્રવ્ય દુઃખ છે. એવી ઓછાશ મનને લાગવી એ ભાવદુઃખ છે.

આ સિદ્ધયોગીને આવી કશી ઓછાશ લાગતી નથી. એ જ એની પરમતૃપ્તિ છે. આ શેં આવે ? આપણને આ કાળમાં પૂર્ણયોગ ભલે નથી મળ્યો. પણ એ યોગમાટેના કેટકેટલા સાધન મળ્યા છે ? દેવ, ગુરુ, નવકાર વગેરે ધર્મ, જિનશાસન, સંઘ, સાધનાઓ આ બધા આપણને યોગમાટે મળેલા સાધનો છે. આના બળપર આ કાળમાં પણ આ કાળને અનુરૂપ યોગ સિદ્ધ થઇ શકે છે. જો આ બધા મળ્યાનો આનંદ હોય, તો આ મળવાપર હૈયુ ગદ્ગદ્ થાય. ભગવાનના દર્શન કરે ને આંખેથી આંસુ ઝરે...

સૂત્રના એક - એક પદ બોલતા ગદ્ગદ્ભાવ ભળે. સૂત્રના અક્ષરે અક્ષરે આનંદ ઉભરાય. એમાં ભગવાનનું નામ આવે ને હૈયાસાથે માથું ઝુકી જાય. આ થાય, તો મનને થાય કે મને આ - દુનિયામાં કોઇને ન મળે એવા દેવાધિદેવ મળ્યા ને હું હજી કષાયોથી ભરેલો રહું ? વિષયોમાં સબડતો રહું ? વિષયો ઓછા મળ્યા. એવો રોતળ રહું ? આમ દોષગ્રસ્તતાને ધક્કો લાગે - દોષોતરફ જાગૃતિ આવે, દોષો ઓછા સેવાતા જાય. પછી બહારની ચીજોમાં ઓછાશનો અનુભવ ન રહે.

આ ગદ્ગદ્ભાવ, આ ભગવાનના નામે નમવાનો ભાવ નથી આવતો માટે આપણી બધી ક્રિયાઓ અને બોલાતા સૂત્રો 'હીરો ઘોઘે જઇ આવ્યો, ડેલીએ હાથ દઇ પાછો આવ્યો' જેવા બની રહે છે. આખો લોગસ્સ બોલાઇ જાય, પણ ચોવીશમાંથી એક ભગવાનની પણ મુલાકાત ન થાય. કેમકે ક્યાંય અટક્યો નથી, નામ લેતા નમ્યો નથી. માટે ગદ્ગદ્ભાવ લાવો. ધર્મ - યોગ - સાધનાના જે સાધનો મળ્યા છે, તે બધામાં અહોભાવ લાવો, એટલે બહારની ઓછાશ લાગશે જ નહીં. પરમતૃપ્તિનો અનુભવ સહજ થશે. હીરા મળ્યાનો આનંદ હોય, તો કાચ ટૂકડા બે/ચાર ઓછા મળે તેનો અફસોસ રહેતો નથી.

(૧૮) ઔચિત્ય

વળી, આ યોગીના જીવનમાં હંમેશા **ઔચિત્ય** વણાયેલુ રહે છે. વિચાર પણ એક પણ અનુચિત ઉઠે નહીં. પછી વાણી - ઇંદ્રિય કાયાની અનુચિત પ્રવૃત્તિની તો વાત જ ક્યાં રહી ? જગતના જીવોની પ્રવૃત્તિ બાળકની પ્રવૃત્તિ જેવી લાગે. તેથી જેમ બાળક અનુચિત પ્રવૃત્તિ કરે, તેટલામાત્રથી ઘરના વડીલ બદલારૂપે અનુચિત પ્રવૃત્તિ કરતાં નથી. એમ આ યોગી પણ દુનિયાની અનુચિત પ્રવૃત્તિઓથી અકળાઇને સ્વયં અનુચિત પ્રવૃત્તિ આદરતા નથી. એટલું જ નહીં, કરુણાદૃષ્ટિ ખિલેલી

હોવાથી વિચાર પણ અનુચિત ઉઠતો નથી. તેથી બધા જ એવા જીવોને કર્મવશ સમજી સ્વસ્થ રહે. પોતે આ ગણિતપર ચાલે કે જીવ કર્મવશ હોવાથી અનુચિત પ્રવૃત્તિ કરે છે, કર્મરોગ ઓછો થતો જશે, તેમ અનુચિત પ્રવૃત્તિ પણ ઘટતી જશે, આમ સર્વત્ર ઔચિત્યયોગી હોય.

વળી, (૧૯) **'समता च गुर्वी'** વળી આ યોગી સમતારસ ભરપૂર હોય. ઊંચી સમતાવાળો હોય, એટલે કે એક જણ રંધા જેવા તીક્ષ્ણ સાધનોથી છોલી રહ્યો હોય, અને બીજો ચંદનનો લેપ કરી રહ્યો હોય, તો પણ બેઉ ઉપર સરખો ભાવ રાખે. રાગ-દ્વેષ ન થાય. **પાર્શ્વનાથ ભગવાન** કાયોત્સર્ગમાં હતાં. કમઠે મેઘમાળી દેવ બની ઉપસર્ગ કર્યો. નાક સુધી પાણી આવી ગયા. ધરણેન્દ્ર ત્યાં ભગવાનની ભક્તિથી આવ્યા. ભગવાનને ઊંચકી લીધા, માથે છત્ર ધર્યું... બે બાજૂ ચામર વિંજવા માંડ્યા. પણ ભગવાનને નથી કમઠ-મેઘમાળીપર દ્વેષ કે નથી ધરણેન્દ્રપર રાગ. આવી ઊંચી સમતા લાવવાની છે. પાંચમી દૃષ્ટિવાળા યોગીને આવી સમતા હોય.

(૨૦) આવી સમતા આવે પછી કોઇ પ્રત્યે વૈરઆદિ દુર્ભાવો રહે ખરા ? સવાલ જ નથી. તેથી કહે છે આ યોગીઓના **વૈરાદિનો નાશ** થયો હોય. તેઓ અજાતશત્રુ બની ગયા હોય. વૈરાદિના કારણ છે ગમતાપર મમતા ને ન ગમતાપર ઘૃણા.

સમતામાં જીવતા પાંચમી દૃષ્ટિવાળા યોગીઓને મમતા-ઘૃણા ન હોવાથી જ વૈરાદિ પણ નથી.

(૨૦) તથા આ નિષ્પન્નયોગીઓની **મતિ-ધી પણ ઋતમ્ભરા હોય છે.** ઋતં=સત્યં. સત્યંભરા =સત્યનું જ પોષણ કરનારી બુદ્ધિ હોય છે. એમની પ્રજ્ઞા વસ્તુ જે સ્વરૂપે હોય, તે સ્વરૂપે જ સ્વીકારવાની ટેવવાળી બનેલી છે. માટે એ ઋતમ્ભરાપ્રજ્ઞા કહેવાય છે.

ઋતંભરા પ્રજ્ઞાવાળા આ યોગીઓને નરકમાં પરમાધામીઓના હાથે દુઃખ પામતા જીવોપર તો દયા હોય જ છે, પરમાધામીઓ પર પણ તિરસ્કાર નથી હોતો, કેમકે જાણે છે કે નરકના જીવો જે દુઃખ પામે છે, તેમાં તેમના જ તેવા કર્મો કારણ છે. અર્થાત્ ખરેખર તો તેમને તેના કર્મો જ દુઃખ આપી રહ્યા છે.

ભગવાનના સમવસરણમાં ૩૬૩ પાખંડીઓ પણ બેસે. પ્રભુની દેશનાથી ભલભલાના ડોકા હલી જાય, ત્યારે આ પાખંડીઓ વિચારે, ખરો ઇંદ્રજાલિક છે. પોતાની ઇંદ્રજાલમાં ભલભલાને ફસાવે છે. આમ એ પાખંડીઓ પ્રભુદેશનામાં ઇંદ્રજાલ જૂએ. છતાં નિષ્પન્ન યોગીને એના પર દ્વેષ ન થાય, કેમ? ઋતમ્ભરાપ્રજ્ઞા-પોતાની સત્યને પકડનારી દૃષ્ટિથી જૂએ છે, કે આ બિચારાઓ તેવા પ્રકારના મિથ્યાત્વ મોહનીય કર્મોથી પીડાઇ રહ્યા છે. તેથી આમ વિચારે છે કે બોલે છે ! બાકી ભગવાન તો માત્ર જગતદૃષ્ટા નહીં, જાત દૃષ્ટા પણ છે. પ્રભુના ગુણો બહાર દેખાડવામાટે નથી, અંદરથી સહજ પ્રગટેલા છે. આ વિચારધારા ઋતમ્ભરા પ્રજ્ઞાવાળાની છે.

નિષ્પન્નયોગીના ઉપરોક્ત લક્ષણો બતાવ્યા, એકથી ચાર દૃષ્ટિમાં આત્મખેતરમાં યોગબીજોનાં વાવેતરની વાત હતી-અભ્યાસની વાત હતી. આ પાંચમી દૃષ્ટિથી હવે સારી રીતે યોગપ્રવૃત્તિ થઇ શકે છે.

પાંચમી દૃષ્ટિથી આ ૨૧ ગુણોની સિદ્ધિ ઓછા-વત્તા અંશે વાસ્તવિકસ્વરૂપે પ્રગટ થતી જાય છે.

પાંચમી સ્થિરા દૃષ્ટિ વિવેચન સંપૂર્ણ

હવે છઠ્ઠી કાંતા દૃષ્ટિનું વિવેચન કરવા કહે છે.

છઠ્ઠી કાંતા દૃષ્ટિ

तथा च **षष्ठीं दृष्टिमभिधातुमाह--**

कान्तायामेतदन्येषां प्रीतये धारणा परा।
अतोऽत्र नान्यमुन्नित्यं मीमांसास्ति हितोदया ॥१६२॥

कान्तायां-दृष्टौ एतद्-अनन्तरोदितं नित्य-दर्शनादि **अन्येषां प्रीतये** भवति, न तु द्वेषाय। तथा **धारणा परा**-प्रधाना चित्तस्य देशबन्धलक्षणा। यथोक्तम् *''देशबन्धश्चित्तस्य धारणा''* (३-१ पा. यो.सू.) **अतो**-धारणातः **अत्र दृष्टौ, नान्यमुद्**-नान्यत्र हर्षः, तदा तत्तत्प्रतिभासाऽयोगात्। तथा **नित्यं**-सर्वकालं, **मीमांसास्ति**-सद्विचारात्मिका। अत एवाह **'हितोदया'** सम्यग्ज्ञानफलत्वेन ॥१६२॥

ગાથાર્થ : કાન્તાદૃષ્ટિમાં આ બીજાઓની પ્રીતિમાટે થાય છે, તથા શ્રેષ્ઠા ધારણા થાય છે. આનાથી અહીં અન્યમુદ્ હોતો નથી. અને હિતોદય કરનારી મીમાંસા હંમેશા હોય છે.

ટીકાર્થ : કાન્તાદૃષ્ટિમાં આ = પાંચમી દૃષ્ટિમાં કહેલા નિત્યદર્શનવગેરે બીજાની પ્રીતિમાટે થાય છે, નહિં કે દ્વેષમાટે. તથા ચિત્તના દેશબંધરૂપ ધારણા પ્રધાનરૂપે હોય છે. કહ્યું છે કે 'ચિત્તનો દેશબંધ ધારણા છે.' (યો.સૂ. ૩/૧) આ દૃષ્ટિમાં આનાથી = આ ધારણાથી બીજા કશામાં આનંદ આવતો નથી, કેમકે ત્યારે તે-તે અન્ય વસ્તુનો પ્રતિભાસ જ થતો નથી. તથા હંમેશા સમ્યગ્જ્ઞાનરૂપ ફળ દેનારી હોવાથી હિતોદયરૂપ સદ્વિચારાત્મક મીમાંસા હોય છે.

વિવેચન : પાંચમી દૃષ્ટિમાં બતાવેલું નિત્યદર્શન આ છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં આગળ વધે છે, આ દર્શન બીજાને પ્રીતિ ઉપજાવે છે, નહીં કે દ્વેષ.

બીજાને પ્રીતિ

પાંચમી દૃષ્ટિથી જીવનાં દર્શન-વ્યવહાર ફરી ગયા છે. વસ્તુના સ્થિર દર્શન કરવાથી એને અનુરૂપ વ્યવહાર ચાલુ થયો. હવે બહારથી રસ ઊડી ગયો છે. બધા બાહ્યભાવો તુચ્છ, સ્વપ્નતુલ્ય અને અનર્થક લાગે છે. પણ પાંચમી દૃષ્ટિમાં આવેલા જીવના વ્યવહારમાં આવતા આ અચાનક ફેરફારથી બીજાને અપ્રીતિ થાય એવું બની શકે. બાહ્ય દુનિયામાં રાચતા જીવોને શરુ શરુમાં આ દૃષ્ટિ-વાળાના-ધર્મ પામેલાના વ્યવહારો રુચતા નથી-ફાવતા નથી.

પ્રદેશી રાજા કેશી ગણધર પાસેથી બોધ પામીને આવ્યા. નાસ્તિકતા ત્યજીને પરમ આસ્તિક બનીને આવ્યા. હવે એમની ચાલ પણ બદલાઇ ગઇ છે. એમની નજર પણ બદલાઇ ગઇ છે. મહેલના ઝરુખેથી રાહ જોતી સૂર્યકાંતા રાણી એમના આ વ્યવહારથી જ સમજી ગઇ, આજે આ કાંઇક લફરું લઇને આવ્યા છે.

પહેલાં તો આવતા ત્યારે પ્રેમઘેલા બનીને દૂરથી જ આંખવગેરેના ઇશારાથી મને વહાલ વરસાવતા. હવે તો નજીક સુધી આવવા છતાં નીચે ઢાળેલા નૈન ઊંચું જોતા નથી. જાણે અચાનક જ મારામાં કશું જોવાપણું લાગતું નથી. કેશી ગણધર પાસેથી એવો તે કેવો ધર્મપાઠ શીખીને આવ્યા કે વર્ષોની પ્રીતિ એક ક્ષણમાં અલોપ થઇ ગઇ ?

ખરેખર પ્રદેશી રાજાની દૃષ્ટિ અને તેના કારણે વ્યવહાર બદલાઇ ગયા. સમજાઇ ગયું. આ બધી બાહ્યની તુચ્છ-નાદાન રમતો છે. એમાં આનંદ-મંગળ હવે ન મનાય, આમ બાહ્યની રમત એમને બંધ કરી. દૃષ્ટિ કાયાપરથી ઉઠી નિત્ય એવા આત્માપર ગઇ છે. 'કાયા એટલે હું, કાયાને ગમે એમાં મને લીલાલહેર' એ બાહ્ય દૃષ્ટિ હવે રહી નથી. હવે આત્મદૃષ્ટિ ખીલી છે, કાયા માત્ર ખોળું છે. ખોખું છે. અહીં પડી રહેવાનું છે. અંતે દટાઇ જવાનું કે ખાખ થઇ જવાનું છે. પણ આ કાયાની માયાએ અત્યારસુધી આત્માના ગણિત ભૂલાવ્યા. હવે બધા ગણિત ફરી ગયા. જેમ સાસરે જનારી કન્યાના

સાસરે જાય એટલે બધા ગણિત ફરી જાય. બાપનું ઘર પરાયું લાગે, સસરાનું-વરનું ઘર પોતીકું લાગે. એમ આત્મદૃષ્ટિ ખુલે એટલે ગણિત ફરી જાય, કાયાના અત્યારસુધી ચાલતા ગણિતો બંધ થઇ જાય. તેથી એને આધારે ઇંદ્રિયોને ખુશ રાખવા વિષયો અને બાહ્યભાવો તરફ જે દોડાદોડ હતી, અને મળવાપર જે ગળગળિયા હતાં, તે હવે વ્યર્થ, નુકસાનકારી લાગે.

આ બદલાયેલા ગણિતપર પ્રદેશી રાજા ગંભીર બની ગયા છે. હવે સૂર્યકાંતા રાણીને રમાડતાં નથી. પરિણામે સૂર્યકાંતા રાણીને પ્રદેશી રાજાપર અપ્રીતિ થઇ. 'હવે આ મારા કામના રહ્યા નથી' એવી લાગણી થઇ. અંતે પોતે જ પ્રદેશીને મારી નાંખ્યા.

આમ પહેલા પહેલા આ સ્થિરા દર્શનથી અને તે મુજબના વ્યવહારથી જગતને અપ્રીતિ થાય તેમ બને. જગતને તમારો વ્યવહાર સ્વીકાર્ય ન બને, તે શક્ય છે.

પણ પછી એ દર્શન આગળ વધે, એમ તમારા બાહ્ય ભાવો પ્રત્યેના ઉદાસીનતાભરેલા વ્યવહારનો વ્યાપ ફેલાતો જાય, સતત અને સહજ બનતો જાય, ગંભીર મનોવૃત્તિ અકૃત્રિમતાનો નિશ્ચિત બોધ કરાવતી જાય, તેમ તેમ સમજુ સ્નેહીવર્ગ પણ જો તદ્દન અયોગ્ય ન હોય, તો તમારી મનોવૃત્તિને સમજી જાય. 'ભઇ ! આ છતે વૈભવે એમાં રસ વિનાના થયા છે, તે સાધુવૃત્તિ છે. ખરેખર ઊંચી ભૂમિકાએ પહોંચ્યા છે' પછી સ્વજનો પણ તમને અનુકૂળ થતાં આવે, એટલું જ નહીં, તમે ઉદાસીન-ગંભીરભાવવાળા હોવા છતાં, માત્ર એમને રાજી રાખવા કેટલીક પ્રવૃત્તિ આદરો, ત્યારે તેઓ અત્યંત પ્રસન્ન પ્રસન્ન થઇ જાય છે.

વર્ધમાનકુમારને (શ્રી મહાવીરસ્વામીને) **ત્રિશલામાતા** હીરા-માણેકના હાર પહેરવા આપે. એમના ગળે નાંખે, ત્યારે **વર્ધમાનકુમારને** આ હાર ભારરૂપ લાગે છે, એમાં કોઇ રસ જ નથી, છતાં માનું મન રાખવા પહેરે. ત્યારે **ત્રિશલામાતા** રાજી થાય, 'મારા લાલને આ હાર પહેરવાની કોઇ રુચિ જ ન હોવા છતાં મને ખુશ રાખવા પહેરે છે.' આ વિચાર જ **ત્રિશલામાતાને** આનંદ આનંદ પમાડી દે.

આમ દર્શન-વ્યવહાર બદલાવાપર પ્રથમ અપ્રીતિ-વિરોધ અને પછી પ્રેમપૂર્વક સ્વીકાર, એ જગતની નીતિ છે.

છઠ્ઠી દૃષ્ટિને પામેલાનો સમ્યગ્દર્શનના પ્રભાવે વ્યવહાર વ્યાપક રીતે બાહ્યના રસ વિનાનો ને અભ્યંતરના રસવાળો હોય છે. આમ કાન્તા દૃષ્ટિના પ્રભાવે વ્યાપકરીતે ઉદાસીનભાવ પ્રગટ થાય છે.

તેથી જ આ દૃષ્ટિ લાવવા ઇચ્છનારે પોતાની આ દૃષ્ટિની વ્યાપક અસર વિચાર, વાણી અને કાયા-વ્યવહારપર લાવવી જરૂરી છે.

તેથી કોઇ પ્રતિકૂળ વ્યવહાર કરવા આવે, ત્યારે આપણા વિચાર પણ આ દૃષ્ટિની અસરવાળા હોય, વાણી-આપણા બોલ પણ એને ઠારનારા હોય, ધર્મભાવનાથી ભિંજાયેલા હોય. આપણે કાયિક વ્યાપાર-ચેષ્ટા પણ એને અનુકૂળ હોય.

આ દૃષ્ટિની અસર હોય, તો સાંભળવા મળે કે ફલાણા માણસે ઢીકણા માણસને આટલા રૂપિયામાં નવડાવી નાંખ્યો. ત્યારે બીજાઓ ભલે એમ કહે, કે એ નાલાયકને તો સીધો દોર કરી નાંખવો જોઇએ, આ દૃષ્ટિવાળો તો એ જ વિચારે, કે બીચારો કર્મથી પીડિત છે, કે જેથી આવા ઉત્તમ જન્મમાં આવી ડાંડાઇ-હલકાઇનું કામ કરવું પડ્યું! આમ લેશમાત્ર દ્વેષ ન આવે.

લલિતવિસ્તરા ગ્રંથમાં કહ્યું છે, કે ધર્મનો અર્થી કોણ હોય ? જે ધર્મબહુમાનવાળો હોય તે. ધર્મપર બહુમાનવાળો જ ધર્મનો ખરો અર્થી છે, સામાયિક પર બહુમાન ન હોય, તે સામાયિકધર્મનો અર્થી નથી.

પછી પ્રશ્ન આવ્યો, આ ધર્મબહુમાનવાળો કેવો હોય ? તો ત્યાં એના ૧૫ લક્ષણો બતાવ્યા. એમાં એક લક્ષણ એ બતાવ્યું છે, કે તે (ધર્માર્થી-ધર્મબહુમાનવાળો) બીજા ધર્મહીન જીવોની નિંદા કરનારો ન હોય. એના પ્રત્યે દ્વેષવાળો ન હોય, પરંતુ એના પ્રત્યે અનુકંપાભાવવાળો હોય. એમ વિચારતો હોય કે 'જે ધર્મ પામે છે, તે ભાગ્યશાળી છે. જે બીચારા ધર્મ નથી કરી શકતા કે પામી નથી શકતા તે બધા બીચારા કર્મથી પીડાયેલા છે.' આવી વિચારસરણી હોય, તો ધર્મબહુમાન આવ્યું ગણાય. તેથી પોતે જો દાનરુચિ હોય, ને અવસરે દાન આપતો હોય, તો તે બીજા દાન નહીં દેનારા પ્રત્યે અરુચિ-દ્વેષ કે તિરસ્કારની લાગણી રાખે નહીં.

આમ છઠ્ઠી દૃષ્ટિને પામેલા ધર્મદૃષ્ટિવાળા જીવની વિચારસરણી પણ વિશાળતાને સ્પર્શેલી હોય. તે સમજતો હોય, મારા વિચારો તત્ત્વસ્પર્શી હોવા જોઈએ-ફઝુલ વ્યર્થ નહીં. એ જ રીતે વાણી-વ્યવહાર પણ એવી જ છાપવાળા હોય. અલબત્ત ધર્મની આવી છાયા પાંચમી દૃષ્ટિમાં આવે છે, પણ પછી આ દૃષ્ટિમાં - કાંતા દૃષ્ટિમાં આ છાયા એવી દૃઢ બને, કે જે યોગની દૃષ્ટિમાં નથી આવ્યા તેમને પણ આનાપર પ્રીતિ થાય.

આ કાંતા દૃષ્ટિમાં યોગાંગ છે **ધારણા**.

ધારણા એટલે? ચિત્તનું એક-અમુક ભાગમાં બંધાઈ જવું. ચિત્તસ્ય દેશબંધલક્ષણા ધારણા... **પતંજલિ**એ પણ કહ્યું છે - દેશબંધશ્ચિત્તસ્ય ધારણા.

ધારણા પ્રત્યાહાર પછી છે. પહેલા ઈંદ્રિયોને અને મનને વિષયમાં દોડતા અટકાવવારૂપ પ્રત્યાહાર થવો જોઈએ. પછી ધારણા આવે.

જ્યાં સુધી ઈંદ્રિયો અને મન વિષયોમાં દોડે છે, ત્યાં સુધી ધારણા ન આવે. ઘણા બુદ્ધિના ખાં હોય છે. તેઓને ઘણું યાદ રહી જાય છે. તો તેઓની આ ધારણા ગણાય કે નહીં ? તો જવાબ છે ના. આ ધારણા નથી, તત્ત્વનો મગજમાં ભરાવો જરૂર થયો છે, પણ એમાં ચિત્ત જોડાયું-લાગ્યું નથી. ધારણાના લક્ષણમાં ચિત્તને જોડવા-બાંધવાની વાત છે, માત્ર મગજમાં ભરવાની વાત નથી. ચિત્ત તો સમ્યગ્દર્શનવાળાનું એ તત્ત્વમાં બંધાય છે, માટે આ દૃષ્ટિકે સમ્યગ્દર્શન નહીં પામેલાઓને યાદ ભલે ઘણું રહે, ધારણા નથી.

ચિત્ત તત્ત્વના રહસ્યમાં બંધાઈ જાય-એમાંથી ખસે નહીં, એ ધારણા છે. તત્ત્વના મુખ્ય બે હિસ્સા છે. હિત અને અહિત. આશ્રવ ને સંવર, હેય ને ઉપાદેય. હિતકારી સંવરરૂપ ને ઉપાદેય છે. અહિતકારી આશ્રવરૂપ ને ત્યાજ્ય છે. તેથી એ ત્યાજ્યની કોઇ કિંમત દેખાય નહીં. પ્રભુભક્તિ, ગુરુસેવા વગેરે હિતકારી તત્ત્વ અત્યંત ઉપાદેય લાગે, બધુ જ મૂલ્ય એમાં દેખાય. બધી જ આરાધનાઓમાં સંવરતત્ત્વ દેખાવાથી એ તરફ ઉપાદેય બુદ્ધિ હોય, અને ચિત્તમાં સતત એ આરાધનાઓ રમતી રહે. પાપસ્થાનકો બધા આશ્રવરૂપ લાગે, તેથી સહજ એ પ્રત્યે ઘૃણા રહે. વિષયોમાં મન અને ઈંદ્રિયોની દોડાદોડ અટકે, તો આ આવે. તેથી અનાદિના આ ઈંદ્રિયોના વિષયોની આતુરતા અને દોડાદોડ અટકાવી ધારણા લાવવાનું કામ કરવાનું છે. લાખ રૂ. મળે કે કરોડ મળે. એમાં આતુરતા ન આવે, 'આંખ મિંચાયે ડૂબ ગઇ દુનિયા' આ વિચારી એ તરફ આકર્ષણ ન થાય, તો પ્રત્યાહાર અને પછી ધર્મતરફ ચિત્ત વળગે, તે ધારણા. આ આવે, તો ઉપધાન વગેરે આરાધનાઓ તરફ લક્ષ્ય જાય. અને એ આરાધનાઓનો કાળ પૂરો થયા પછી પણ એની અસર - છાયા ઊભી રહે. દરેક કાર્યમાં જયણાનો ઉપયોગ રહે. ભોગો-પભોગમાં મર્યાદા આવી જાય, દાળ-ભાત, રોટલી-શાક આવી ગયા પછી ચટણી-ફટણીની અપેક્ષા ન રહે. **'જેમાં રાગ, તેમાં**

મન નહીં રાખ' આ ગણિત આવી જાય. રાગના સાધનોમાં મન જરા પણ વળોટાઈ ન જાય, તેની સાવધાની આવી જાય. વચનપર સહજ નિયંત્રણ આવી જાય, અને જે બોલાય, તે જયણાપૂર્વકનું જ બોલાય, તેવી સાવચેતી આવી જાય. ધર્મથી હૃદય વાસિત થવાથી હવે માત્ર ધર્મસાથે જ સગાઇ રહી છે એ વાત મનમાં પાકી થઇ જાય.

આ ધારણાના પ્રભાવે મનમાં ધર્મ જ ખરો સગો લાગે, બધે જ - બધા જ વ્યવહારમાં ધર્મની જ છાયા પડે. ધર્મખાતર બધો ભોગ આપવાનું સહજ થઇ જાય. જે તુચ્છ ચીજોમાં આનંદ માણે, તે અધમ કોટિમાં છે. જે દુન્યવી ઊંચી - કિંમતી ચીજોપર આનંદ માણે તે મધ્યમ છે. પણ જે ઉત્તમ કોટિના - આ દૃષ્ટિને - ધારણા ને પામેલા છે, તેઓને તો દુન્યવી ઊંચી - કિંમતી ચીજોમાં પણ આનંદ નથી આવતો, એમને આનંદ આવે છે તીર્થયાત્રામાં, જિનભક્તિમાં, ગુરુસેવામાં ને આરાધનાઓની સાધનામાં.

કાંતાદૃષ્ટિવાળાઓનું ઉત્તમતત્ત્વની ધારણામાં ચિત્ત ઠરે છે. આપણે આપણી જાતને પૂછીએ - આપણું ચિત્ત ક્યાં ઠરે છે ? માન સરોવરના હંસની જેમ ઉત્તમ વાતોરૂપી મોતીના ચારામાં કે કાગડાના જમાતની જેમ તુચ્છ - વિષયોના ગંદવાડમાં? સમજી લ્યો, પ્રભુએ બતાવેલી વાતો, ગુરુઓએ પીરસેલું તત્ત્વજ્ઞાન એ મોતીનો ચારો છે, અને સંસારની બીજી - ત્રીજી લપ્પન - છપ્પનો એ ગંદવાડ છે.

જેમ - જેમ યોગદૃષ્ટિમાં જીવ આગળ વધતો જાય, તેમ તેમ તેનો આત્મા પ્રસન્ન થતો જાય, શાંત થતો જાય, શીતળ બનતો જાય. તે - તે યમઆદિ યોગાંગો સિદ્ધ થતાં આવે. એમ છઠ્ઠી દૃષ્ટિમાં આવ્યો એટલે ધારણા યોગાંગ સિદ્ધ થયો.

અને જેમ પૂર્વની દૃષ્ટિઓમાં ઉત્તરોત્તર એક - એક દોષનો હ્રાસ થયો, યાવત પાંચમી દૃષ્ટિમાં ભ્રમ ટળ્યો, તેમ છઠ્ઠી દૃષ્ટિમાં તમામ ક્રિયાઓ ઉપયોગ પૂર્વક કરતો હોવાથી **અન્યમુદ્ નામનો દોષ ટળે છે.**

'અન્યમુદ્' એટલે જે સાધના ચાલે છે તેનાથી અન્ય - ભિન્ન એવી બીજી - ત્રીજી વસ્તુઓમાં આવતો મુદ્ = આનંદ. તેનો ત્યાગ આ દૃષ્ટિમાં આવે. આત્માને એવો કેળવવાનો છે, કે એક ક્રિયા કરતી વખતે બીજી ક્રિયાનો પણ આનંદ વચ્ચે ન લવાય. ક્રિયા પ્રત્યે વફાદારી જોઇએ. જે વખતે જે ક્રિયા કરતાં હોઇએ, તે વખતે એનો જ આનંદ માણીએ, એ એ ક્રિયા પ્રત્યે વફાદારી છે.

પાંચમી દૃષ્ટિના પ્રભાવે ભ્રાન્તિદોષ ટળ્યો ને સ્થિરતા આવી, તેનો ઉપયોગ આ છઠ્ઠી દૃષ્ટિમાં એ માટે જ છે, કે હવે 'આ ક્રિયા કરતાં આ સારી' એમ ચાલુ ક્રિયા કરતાં બીજી ક્રિયાને સારી માનવાની ભ્રાન્તિ ટળી જાય છે, અને તે - તે ક્રિયામાં સ્થિરતા આવે છે. બીજામાં રસ હોય, ચાલુ યોગ કરતાં બીજામાં વધુ આનંદ આવશે, એવી ગણત્રી બેઠી હોય, તો ચાલુ ક્રિયામાં મન સ્થિર ચોંટેલુ નહીં રહી શકે. જો જે ક્રિયા - યોગ ચાલતાં હોય, એમાં જ સ્થિરતા અને મહાનંદ અનુભવાય, તો બીજાનો રસ પણ સુકાતો જાય. તેથી જ વિશુદ્ધ સાધના - ચોકખી સાધના કરવા માટેની શરત છે કે તે - તે સાધનાપ્રત્યે અત્યંત કર્ત્તવ્યતાનો ભાવ ઊભો કરાય.

દરેક આરાધનાના યોગમાં 'અહો કેવું સૌભાગ્ય ! કે આવા અલૌકિક આરાધનાના યોગ મળ્યા' એવો ઊછળતો હર્ષ - આનંદ અનુભવાતો હોય, તો તેમાં પછી બીજા - ત્રીજાનો આનંદ પ્રવેશે નહીં. અહીં સમજવાની વાત છે, કે એક આરાધના - ક્રિયાવખતે બીજી આરાધના - ક્રિયાનો પણ જો આનંદ કે રસ લાવવાનો નથી, તો બીજી અનુકૂળતા - પ્રતિકૂળતાનો અભાવ વગેરેનો આનંદ લાવવાની તો વાત જ ક્યાં રહી ? જો અનુકૂળતાનો આનંદ માણવા ગયા, તો તમારી ક્રિયાનું બારદાન રહી જશે, અંદરના શુભભાવોની કસ્તૂરી ચોરાઇ જશે.

દાણો નીકળી જશે, ને ફોતરા ખાંડવાના બાકી રહેશે. તેથી જે ક્રિયા થાય, એમાં એકાગ્રતા રાખી આનંદ ઊભો કરવો જોઈએ, અને તેમાટે તે-તે ક્રિયાની કર્ત્તવ્યતાનો તીવ્રબોધ થવો જોઈએ. જ્ઞાનીઓ કહે છે, કે દરેક ક્રિયાઓ અંતરમાં શુભ-ભાવ - અધ્યાત્મ જગાડવા માટે છે. જે ક્રિયા કરો તે તીવ્ર અહોભાવપૂર્વક કરો, તો તે ક્રિયા સારામાં સારો શુભભાવ જગાડી આપે છે, તે વખતે તે ક્રિયાથી બીજી કોઈ ક્રિયા ઊંચા મૂલ્યવાળી બનતી નથી. આપણે માનેલી ઊંચા મૂલ્યવાળી ક્રિયા પણ જો પતાવવાના આશયથી થતી હોય, તો તે કંઈ શુભભાવ જગાડવા ઉપયોગી બનતી નથી.

વેપારીને દરેક વેપારમાં કમાણી દેખાય છે, તેમ આપણને કરાતી દરેક ધર્મક્રિયામાં શુભભાવની કમાણી દેખાવી જોઈએ. દરેક ક્રિયાવખતે પછી તે સ્વાધ્યાયની હોય, પ્રતિક્રમણની હોય, પડિલેહણની હોય, કે દાન-શીલ-તપ-ભાવની હોય, આ જ વિચાર ઊઠવો જોઈએ, કે આ ક્રિયાથી મારા કયા દોષ-કેટલા દોષ ઘસાયા ? મને કેટલા શુભભાવોની કમાણી થઇ ? મને અત્યંત દુર્લભમાં દુર્લભ મળેલી આ ક્રિયાઓ મારા આત્માના કેટલા રાગ-દ્વેષને મોળા પાડનારી બની ? બસ સતત દરેક ક્રિયામાં આ લક્ષ્ય હોય, એકાગ્ર ચિત્ત હોય, મન સ્થિર થયેલું હોય, અહોભાવ ઊછળતો હોય, પછી એમાંથી મળતાં આનંદનું પૂછવું જ શું? પછી બીજા-ત્રીજામાંથી આનંદ મેળવવાનું મન જ ક્યાંથી થવાનું ? આમ છઠ્ઠી દૃષ્ટિમાં જીવ અન્યમુદ્ નામનો દોષ ત્યજે છે.

પાંચમી દૃષ્ટિમાં બોધ ગુણ પ્રાપ્ત થયેલો. આ છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં **મીમાંસા ગુણ** પ્રાપ્ત થાય છે.

જેમકે - જુઓ તત્ત્વાર્થસૂત્રનો બોધ થયો, તો નજર સામે તત્ત્વાર્થસૂત્રનો બોધમહેલ દેખાય, એમાં દરેક અધ્યાય એક-એક માળ-મજલારૂપે દેખાય. આમ આ મહેલ દસ મજલાનો થયો. પ્રથમ કારિકા પાયારૂપે દેખાય.... દરેક અધ્યાયના સૂત્રો એક-એક બ્લોકરૂપે દેખાય, તેથી કોઇ મજલે ૩૫ બ્લોક તો કોઇ મજલે બાવન બ્લોક ઇત્યાદિ. અંતિમ કારિકા અગાશી. આમ પાંચમી દૃષ્ટિના પ્રભાવે બોધમહેલ તૈયાર થયા પછી તેમાં રહેવા-વસવારૂપે છઠ્ઠી દૃષ્ટિમાં એ બોધના આધારે મીમાંસા આવે.

ચૈત્યવંદનભાષ્ય આ રીતે ૨૪ દ્વારનો મહેલ છે. હવે એમાં મીમાંસા થાય કે પહેલા નિસીહી પછી પ્રદક્ષિણા કેમ? આ રીતે બોધ ઉપર અન્વય-વ્યતિરેક પૂર્વક જે વિચારણા કરવી, તે મીમાંસા છે.

ધારણાથી ચિત્ત એક સાધના-તત્ત્વમાં બંધાઇ ગયું છે. અન્યમુદ્ જવાથી બાજા-ત્રીજાના આનંદ જવાથી મન પણ એ બધામાં જતું અટક્યું છે. અને બોધ પ્રાપ્ત થયેલો છે, આમ બધી અનુકૂળ સામગ્રી હોવાથી છઠ્ઠી દૃષ્ટિમાં તત્ત્વવિચારણારૂપ મીમાંસા સહજ બને છે.

તત્ત્વવિચારણાથી આંતરિક ઘડતર થાય છે. શાસ્ત્રો ઘણા ગોખી લેવાથી, ક્રિયાઓ ઘણી કરી લેવાથી કે ઉપવાસાદિ તપ ઘણા કરી લેવાથી આત્મઘડતર નથી થતું... એ જે કંઇ કરીએ એનાપર તત્ત્વવિચારણા કરવાથી ઘડતર અને વિકાસ સુલભ બને છે.

હા, પણ તે મીમાંસા-તત્ત્વવિચારણા આગમાનુસારી હોવી જોઇએ, આત્માને હિતકર બનવી જોઇએ. તત્ત્વનું મળેલું જ્ઞાન વધુને વધુ નિર્મળ બને એવી હોવી જોઇએ. તત્ત્વજ્ઞાન-વસ્તુબોધ નિર્મળ બને તો સમ્યગ્જ્ઞાનરૂપ બને. આમ મીમાંસા હિતોદયવાળી અર્થાત્ સમ્યગ્જ્ઞાનદાયક બને છે.

અમુમેવાર્થં સ્પષ્ટયન્નાહ--

અસ્યાં તુ ધર્મમાહાત્મ્યાત્સમાચારવિશુદ્ધિતઃ ।
પ્રિયો ભવતિ ભૂતાનાં ધર્મૈકાગ્રમનાસ્તથા ॥૧૬૩॥

અસ્યામેવ-દૃષ્ટૌ કાન્તાયાં નિયોગેન, **ધર્મ-**

माहात्म्यात्-કારણાત્, **समाचारविशुद्धितो** હેતોઃ किमित्याह **प्रियो भवति भूतानां**-પ્રાણિનાં, **धर्मैकाग्रमनास्तथा** भवतीति ॥૧૬૩॥

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે-

ગાથાર્થ : આ દૃષ્ટિમાં ધર્મના માહાત્મ્યથી અને સમાચારની વિશુદ્ધિથી જીવોને પ્રિય બને છે, તથા ધર્મમાં એકાગ્રમનવાળો બને છે.

ટીકાર્થ : **કાન્તાદૃષ્ટિ**માં અવશ્ય ધર્મની મહત્તાના કારણે તથા સામાચારીની વિશુદ્ધિના હેતુથી તે જીવોને પ્રિય થાય છે, અને ધર્મમાં એકાગ્ર મનવાળો થાય છે.

ધર્મમાહાત્મ્ય

વિવેચન : પાંચમી દૃષ્ટિથી પ્રગટેલું નિત્યદર્શન જ્યારે આ છઠ્ઠી દૃષ્ટિમાં ધારણા, અન્યમુદ્ગ્રત્યાગ અને મીમાંસાગુણથી યુક્ત બને છે, ત્યારે તે સહજ બધાને પ્રિય બને છે.

બળરામ મુનિ (શ્રી કૃષ્ણ વાસુદેવના મોટા-ભાઈ) દીક્ષા પછી પોતાના રૂપથી સ્ત્રીઓને ઘેલી થતી જોઈ જંગલમાં જ રહેવાનું નક્કી કરે છે, કેમકે રૂપના કારણે સ્ત્રીઓ જે કાંઇ મોહાદિ દુર્ભાવ પામે અને નરકાદિ દુર્ગતિમાં જવાની ભૂમિકા પામે તેમાં પોતે નિમિત્ત બને. તેથી એ બધાની ભાવદયા ચિંતવી જંગલમાં રહ્યા. તો ત્યાં પણ સાધનામાં એકાકાર બનેલા અને તત્ત્વ ચિંતનમાં લીન બનેલા એમના પ્રભાવે ત્યાં રહેલા હિંસક પશુઓ પણ ક્રૂરતા છોડવા માંડ્યા. તેઓ પરસ્પર પ્રેમથી રહેવા માંડ્યા. આમ **બળરામ** મુનિ ત્યાંની પશુસૃષ્ટિને પણ અતિ પ્રીતિજનક બન્યા.

કુવલયમાળાકથામાં આવે છે કે કુવલયકુમાર જંગલમાં આશ્ચર્યકારી બીના જૂએ છે, કે સિંહ ને હરણો, સાપને નોળિયાઓ સાથે ફરી રહ્યા છે. ક્યાંય ક્રૂરભાવ દેખાતો નથી. બધા પ્રેમ-મસ્તી-આનંદમાં મસ્ત છે. ત્યારે કુવલયકુમારને વિચાર આવ્યો કે ચોક્કસ આટલામાં કો'ક મહાયોગી બિરાજતા હોવા જોઇએ. તપાસ કરી તો જોયું, એક ઝાડનીચે એક બાજુ દેવ, બીજી બાજૂ સિંહ અને વચ્ચે યોગીપુરુષ બિરાજમાન છે. યોગીપુરુષ દેવતાને કશુંક કહી રહ્યા છે, ને સિંહ પણ સાંભળી રહ્યો છે. યોગીપુરુષના ચહેરાની પ્રસન્નતા અદ્ભુત છે. આમ કેમ બન્યું ? કહો, દુનિયા બીજા જીવોને જે બાહ્ય દૃષ્ટિથી જુએ છે, તે દૃષ્ટિથી જોવાનું છોડી અંતરની કરુણાદૃષ્ટિથી જોવાનું ચાલુ કર્યું છે. તેથી હવે કોઈનાપર દ્વેષ નથી. માત્ર પ્રેમ છે. શુદ્ધ આત્મ-તત્ત્વના ચિંતનથી બધામાં જ શુદ્ધ આત્મસ્વરૂપ દેખાવા માંડે, તેથી પોતે સર્વત્ર દ્વેષમુક્ત બને. આના પ્રભાવે, પડઘારૂપે આસપાસ પણ દ્વેષમુક્ત વાતાવરણ તૈયાર થાય. વળી, આ તત્ત્વચિંતન-વગેરેથી આત્મામાં એક ધર્મતેજ-પુંજ ઉદ્ભવે છે. એના બળપર પણ અપ્રીત્યાદિ ભાવો દૂર થાય છે.

વ્યંતરે નગરઉપર વિકુર્વેલી શીલાને **નાગકેતુએ** દેરાસરના શિખરપર ચઢી એક આંગળી બતાવવા માત્રદ્વારા રોકી. આમાં હાડ-માંસની આંગળીની કોઇ તાકાત નથી. તાકાત હતી **નાગકેતુના** ધર્મ-તેજની. આ ધર્મતેજ આવ્યું ક્યાંથી ? કહો કે, આંતરિક પરિણતિ કેળવવાથી આવ્યું. અને આંતરિક પરિણતિ ઘડાઇ છે ઇન્દ્રિયનિગ્રહ અને બોધમીમાંસાના બળપર. ઇન્દ્રિયદમન અને મીમાંસાથી મનઃ શમન થાય, તો ધર્મનો મહિમા વધી જાય. **નાગકેતુ**પાસે બંને હતું. માટે એના ધર્મમહિમાથી શીલા સંહરી દેવ નમતો આવ્યો, અના પગે પડી માફી માંગવા માંડ્યો. નાગકેતુ દેવને, પ્રજાને અને રાજાને બધાને પ્રીતિપાત્ર બની ગયો.

બાપાએ દીકરામાટે ફરિયાદ કરી, સાહેબ આ મારો સાડા પાંચ વરસનો બાબો, દેરાસરમાં લઇ જાઉં છું, તો ત્યાં ધમાલ-ધમાલ કરી પૂજા કરનારા બધાને ત્રાસ પહોંચાડે છે. મારી પૂજા પણ બગડી જાય છે.

દેરાસર ન લઈ જાઉં, તો સંસ્કાર કેવી રીતે પડે ?

બાબાને બોલાવી મેં કહ્યું - જો ! તને દેરાસર જવું ગમે છે ? બાળકે હા પાડી ! તને ભગવાન ગમે છે ? બાબાએ હા પાડી. જો તું કોઈના ઘરે મહેમાન થઈને જાય, તો ઘરના બધાને મળે કે નહીં ? બાબાએ કહ્યું - બધાને મળું !

તો જો ! તું દેરાસર જાય ને એટલે ભગવાનના ઘરે જાય છે. બરાબર ? બાબાએ કહ્યું - હા ! તો દેરાસરમાં તારે બધા ભગવાનને મળવું જોઈએ કે નહીં? બાબાએ હા પાડી! મેં કહ્યું- તો જો તારે છે ને, દરેક ભગવાનને મળવાનું ! અને ભગવાનને કહેવાનું- **'નમો જિણાણં.'** બાબાએ યાદ રાખી લીધું.

થોડા દિવસે એ ભાઈ ખુશ ખુશ હતા. કહે સાહેબ ! આપે તો મુશ્કેલી કરી દીધી. 'કેમ શું થયું? શું દેરાસરમાં બાબાએ ધમાલ વધારી દીધી ?'

એ કહે - ના! પણ મારી મુશ્કેલી વધારી દીધી.

કેવી રીતે ?

હવે એ બધા ભગવાનપાસે જઈ 'ભગવાન તમને નમો જિણાણં' એમ કહે છે.

મેં કહ્યું - તો ભલેને કહે, શું વાંધો છે ? ધમાલ તો નથી કરતો ને ? એમણે કહ્યું - ના ! હવે ધમાલ બિલ્કુલ નથી કરતો, પણ સાહેબ, એતો ચોવીસી પાસે ઊભો રહી બધા ભગવાનને નમો જિણાણં કહે છે. હું કહું કે એકવાર કહીએ તો ચાલે, તો એ કહે, ના, સાહેબે બધા ભગવાનને નમો જિણાણં કહેવાનું કહ્યું છે. બીજા બધા ભગવાન બાકી રહી જાય, તો એમને ખોટું ન લાગે ? એમ કહી સાહેબ! એ તો ચોવીસીપાસે પણ- આ ઉપરના ત્રીજા ભગવાન ! તમને નમો જિણાણં... એમ કહે છે. મારે પૂજા કરતાં જેટલો સમય લાગે છે, તેથી વધુ સમય એને નમો જિણાણં કહેતા લાગે છે. દેરાસરમાં પણ બધા એને જ જોયા કરે છે.

તો વાત આ છે ! ધર્મનો યોગ એવો હોય કે જે બધાને પ્રીતિ પમાડે. ધર્મનું આ માહાત્મ્ય છે. પણ આ માહાત્મ્ય આવે છે વિશુદ્ધ આચારથી. 'સમાચાર'થી બધા સાથે સારો આચાર - વ્યવહાર એવો અર્થ લઈએ, તો તાત્પર્ય એ છે કે જીવમાત્ર સાથે ભેદભાવ વિના સારો વ્યવહાર હોવો જોઈએ. બધાને આવકાર, કોઈને તિરસ્કાર નહીં. આ રીતે સર્વપ્રિય બનેલો તે ધર્મમાં એકાગ્રમનવાળો થાય છે. આ દૃષ્ટિને પામેલા જીવનો અંતરાત્મા અત્યંત પાપભીરુ અને ગુણાઢ્યી બની ગયો હોય છે. પોતાના જીવનમાં એક પણ દોષ ન લાગે, એની તકેદારીવાળો હોય. દોષ ભૂંસવાનો ને ગુણ કમાવાનો ભવ આ માનવભવ છે, પશુગતિમાં ક્યાં એ શક્ય છે ? આ વાત બરાબર ધ્યાનમાં હોવાથી તે ધર્મમાં એકાગ્ર મનવાળો બને છે, કેમકે ધર્મનું કાર્ય છે, દોષ ભૂંસી આપવા, ગુણ કમાવી આપવા. અહીં મન એકાગ્ર કરવું એટલે, દરેક ધર્મકાર્યમાં મન એવું ચોંટાડ્યું હોય, કે ગમે - તેવી આપત્તિ - તકલીફ આવે, તો પણ ધર્મમાંથી મન ઉખડે નહીં. અને જે પણ ધર્મ કાર્ય કરે તે એકરસ થઈને કરે. તેથી સડસડાટ ચાલે. ગ્રંથલેખન કાર્ય કરે, તો પણ અસ્ખલિતપણે લેખન ચાલે. કેમકે શ્રુતધર્મમાં મન નિત્ય ચોંટેલું રહે છે. રમ્યા કરે છે. આગમિક સૂત્રો અને પદાર્થોમાં રમ્યા કરતાં મનને લેખનમાં પણ સહજ એકાગ્રતા પ્રાપ્ત થઈ જાય. જેમ પરણેલી સ્ત્રી પિયર ગઈ હોય, કે એનો પતિ બજારમાં ગયો હોય, છતાં એ સ્ત્રીનું મન પતિમાં જ લાગેલું રહે છે. તેમ શ્રુતધર્મને પ્યારો ગણવાવાળો આ દૃષ્ટિવાળો જીવ બીજા - ત્રીજા કાર્ય કરતો હોય, ત્યારે પણ મનથી તો શ્રુતધર્મના સ્વાધ્યાયમાં જ રમ્યા કરતો હોય.

एतदेवाह--

श्रुतधर्मे मनो नित्यं कायस्त्वस्यान्यचेष्टिते ।
अतस्त्वाक्षेपकज्ञानान्न भोगा भवहेतवः ॥१६४॥

श्रुतधर्मे-આગમે, **मनो नित्यं** तद्भावनोपपत्तेः, **कायस्तु**-काय एव अस्याधिकृतदृष्टिमतो **अन्यचेष्टिते**-સામાન્યે, **अतस्तु**-अत एव कारणात् **आक्षेपक-ज्ञानात्**-सम्यगाक्षेपकज्ञानेन हेतुभूतेन, **भोगाः**-इन्द्रियार्थसम्बन्धाः **भवहेतवः**-संसारहेतवो न इति ॥१६४॥

આ જ વાત કરે છે.

ગાથાર્થ : આનું મન હંમેશા શ્રુતધર્મમાં હોય છે, અને કાયા જ અન્ય ચેષ્ટામાં હોય છે. તેથી જ આક્ષેપકજ્ઞાનના કારણે આને ભોગો ભવના હેતુ બનતા નથી.

ટીકાર્થ : આ છઠ્ઠી દૃષ્ટિવાળાનું મન હંમેશા શ્રુતધર્મ-આગમમાં જ રહે છે, કેમકે તે આગમના ભાવનમાં લીન હોય છે. તેથી માત્ર કાયા જ બીજી સામાન્ય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાય છે. આ જ કારણથી સમ્યગ્આક્ષેપકજ્ઞાનના કારણે ઇન્દ્રિયના વિષયોરૂપ ભોગો સંસારના કારણ બનતા નથી.

શ્રુતધર્મમાં મનોરતિ

વિવેચન : पुक्खरवरदीवड्ढे સૂત્રમાં અંતે આપણે પ્રાર્થીએ છીએ, મારો ધર્મ = શ્રુતધર્મ વધો. આનો અર્થ એ જ કે મારું મન વારંવાર-હંમેશા શ્રુતધર્મમાં જ રમ્યા કરો. જિનકલ્પી મુનિઓ કલાકો સુધી ધ્યાનમાં રહે, તે વખતે એમનું મન શ્રુતધર્મમાં જ લીન હોય. પછી ગોચરીમાટે નીકળે, ત્યારે પણ મન તો શ્રુતધર્મમાં જ હોય. અહીં પ્રશ્ન થાય, ગોચરીમાટે જાય, ત્યારે ઇર્યાસમિતિ જોતા ચાલવાનું છે. અને ગોચરી વહોરતાં એષણા સમિતિમાં ધ્યાન રાખવાનું છે, તો ત્યાં શ્રુતધર્મમાં મન ક્યાં રહ્યું ?

અહીં જવાબ એ છે કે એ જે ઇર્યાસમિતિ કે એષણાસમિતિ જાળવે છે, તે કોનું આલંબન લઇ, કોનો સહારો લઇ ? કહો કે આગમનો. આમ એની ઇર્યાસમિતિ કે એષણાસમિતિ પણ આગમાર્થના ઉપયોગપૂર્વકની હોવાથી, ત્યાં પણ મન શ્રુતધર્મમાં રમી રહ્યું છે, તેમ જ કહેવાય. તેથી જ કહ્યું, મન શ્રુતધર્મમાં હોય, અને કાયા અન્ય ચેષ્ટામાં 'कायस्त्वस्यान्यचेष्टिते' શરીરથી ભલે ગોચરી લાવવા-વાપરવાની ચેષ્ટા કરે, પણ તે બધા સમયમાં પણ એનું મન તો શ્રુતધર્મમાં જ હોય, તેથી જ ગોચરી વાપરતી વખતે પણ મન વિષય-ભોગમાં ન હોય. **ગૌતમસ્વામી** ભલે લાડુ વહોરીને લાવે, પણ વાપરતી વખતે મન લાડુમાં નહીં, પણ આગમમાં હોય. સાધુને જેમ બેંતાલીશ દોષથી નિર્દોષ ગોચરી લાવવાની કહી છે, તેમ ખાતા-ખાતા રાગવગેરે પાંચ દોષથી રહિતપણે વાપરવાનું પણ કહ્યું છે. ભગવાનનું વચન છે, કે જે રીતે બીલમાં સાપ પ્રવેશી જાય - સીધો સટ-સડસડાટ જરા પણ બીલની ભીંતને અડ્યા વિના, એ રીતે સાધુ પણ આહાર સડસડાટ ઊતારી જાય, જરા પણ જીભને કે દાંતને સ્વાદ અડ્યા વિના !

આ આગમવચનને નજરમાં રાખી વાપરતી વખતે સાધુનું મન આગમાર્થમાં જ છે, એમ જ કહેવાય ને ? વળી, આહારસાથે જ આહારનો સ્વાદ પણ જીભને અડતો હોવા છતાં, એ સ્વાદના અનુભવ વિના જ વાપરી જવાનું ત્યારે જ શક્ય બને, જો તે વખતે મન આહારના સ્વાદને જાણવા-માણવાને બદલે આગમાર્થમાં-શ્રુતધર્મમાં રોકાયેલું હોય.

'न भोगाः भवहेतवः' આ હેતુથી સાધુ વાપરતો હોવા છતાં ઉપવાસી કહેવાય છે. આવા જ હેતુથી ઇંદ્રિયોના વિષયોના સંપર્કરૂપ ભોગો કેટલાક અંશે સાધુને પણ હોવા છતાં તે સાધુમાટે સંસારના કારણરૂપ બનતા નથી, કારણ કે એનો જે બોધ છે-જ્ઞાન છે, તે સમ્યગ્આક્ષેપક છે, અર્થાત્ પરિણતિને ખેંચી લાવનાર-ઘડનાર બને છે. એ જ્ઞાનથી એ સાધુ આશ્રવને સમ્યગ્રીતે ત્યાજ્ય અને સંવરને સમ્યગ્ રીતે ઉપાદેય સમજે છે, કેમકે એને આ જ બોધથી સંસારનો ભય ઊભો

થયો છે. તેથી જરા પણ રાગ કરાવનારી વસ્તુ આવે, તો તરત સાવચેતીભર્યો વ્યવહાર કરે, સમજોને કે હેયતુલ્ય વ્યવહાર કરે. આ જ્ઞાન સમ્યગાક્ષેપક છે, કે જેના કારણે ઇંદ્રિયના વિષયભોગો સંસારના કારણ બનતા નથી.

अमुमेवार्थं दृष्टान्तमधिकृत्याह--

मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम्।
तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ॥१६५॥

मायाम्भस्तत्त्वतः पश्यन्-मायाम्भस्त्वेनैव, **अनुद्विग्नस्ततो**-मायाम्भसः **द्रुतं**-शीघ्रं, **तन्मध्येन**-मायाम्भोमध्येन **प्रयात्येव**-न न प्रयाति, **यथा** इत्युदाहरणोपन्यासार्थः **व्याघातवर्जितः**-मायाम्भस्तत्त्वेन व्याघाताऽसमर्थत्वादिति ॥१६५॥

આ જ વાત દૃષ્ટાંતને અધિકૃત કરીને કહે છે -

ગાથાર્થ : જેમ તત્ત્વથી માયા જળને જોતો તેનાથી ઉદ્વિગ્ન થયા વિના શીઘ્ર તેની મધ્યમાંથી વ્યાઘાત રહિતપણે નીકળી જ જાય છે.

માયાજળનું દૃષ્ટાંત

ટીકાર્થ : 'यथा' શબ્દ ઉદાહરણની રજૂઆત માટે છે. જેમ માયાજળને તત્ત્વથી - પરમાર્થથી માયાજળરૂપે જ જોતો માણસ માયાજળથી ઉદ્વેગ પામ્યા વિના શીઘ્ર એ માયાજળની વચમાંથી નથી નીકળતો એમ નહીં, પણ નીકળી જ જાય છે. અને તે વખતે માયાજળ વાસ્તવમાં વ્યાઘાત પમાડવા સમર્થ ન હોવાથી જ એ માણસ વ્યાઘાતથી રહિત જ હોય છે.

વિવેચન : યુધિષ્ઠિરની રાજસભામાં દુર્યોધનની હાંસી થઇ. એ જ્યાં પાણી સમજી સાવચેતીથી ચાલવા ગયો, ત્યાં પાણી ન હોતું. અને જ્યાં પાણી નથી એમ માની અસાવધ રહ્યો, ત્યાં ખરેખર પાણી હતું, એમાં લપસ્યો. ત્યારે દ્રૌપદીએ 'આંધળાના દીકરા આંધળા' આ ટોણો માર્યો, મહાભારતના યુદ્ધમાં આ મહત્ત્વનું કારણ બની ગયું.

અહીં દુર્યોધન માયાજળ (પાણીના આભાસ માત્રને) માયાજળ તરીકે ઓળખી શક્યો નહીં, એમાં ફસાયો. જીવ માયાજળને માયાજળતરીકે, મૃગજળને મૃગજળ તરીકે ઓળખી લે છે, તો એમાં ફસાતો નથી. એમાં કોઇ સ્વાદ અનુભવતો નથી. એમાં લેપાતો નથી. ભૂમિપર લપસ્યા વિના એ પસાર થઇ જાય છે. તેથી જ એ એમાંથી સડસડાટ નીકળી શકે છે, કોઇ પ્રકારનો વ્યાઘાત અનુભવતો નથી.

भोगान्स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान्।
भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ॥१६६॥

भोगान्-इन्द्रियार्थसम्बन्धान्, **स्वरूपतः पश्यन्**-समारोपमन्तरेण, **तथा**-तेनैव प्रकारेण **मायोदकोपमान्**-असारान्, **भुञ्जानोऽपि हि** कर्माक्षिप्तान्, **असङ्गः सन् प्रयात्येव परं पदं,** तथाऽनभिष्वङ्गतया परवशताऽभावात् ॥१६६॥

ગાથાર્થ : તે જ રીતે ભોગોને સ્વરૂપથી જ માયાજળસમાન જોતો આ દૃષ્ટિવાળો જીવ ભોગ ભોગવવા છતાં અસંગ રહેતો જ પરંપદ તરફ જાય છે.

માયાજળ જેવા ભોગોમાં નિર્લેપ

ટીકાર્થ : તે જ પ્રમાણે ઇંદ્રિયાર્થવિષયોના સંબંધરૂપ ભોગોને સમારોપથી નહીં, પણ સ્વરૂપથી જ માયાજળ જેવા જ અસાર જોતો આ છઠ્ઠી દૃષ્ટિવાળો યોગી કર્મોના ઉદયથી આવેલા ભોગોને ભોગવવા છતાં અસંગ = ભોગોપ્રત્યે આકર્ષાયા - લેપાયા વિના જ પરંપદ તરફ જાય છે, કેમકે તેવા પ્રકારનો અભિષ્વંગ ન હોવાથી પરવશતા પણ હોતી નથી.

વિવેચન : જો ઇંદ્રિયના વિષયમાં અટક્યા, તો સંસાર છે, એમાંથી જો નીકળી ગયા, તો મોક્ષપદ પામી શકાય છે. ખોટાને સાચું માનનારો ઉદ્વેગ પામે, ખોટાને ખોટું સમજી જનારો ઉદ્વેગ વિનાનો રહી શકે, કેમકે ખોટું માનેલું છોડતા વાર નથી લાગતી

અને ખોટું રહે ત્યાં સુધી પણ એનું આકર્ષણ રહેતુ નથી. એનો આસક્તિરૂપ સંગ રહેતો નથી. દુન્યવી વિષયો મૃગજળ જેવા ખોટા લાગી જાય, તો આ સ્થિતિ આવી શકે. આ જ માપદંડ છે. છઠ્ઠી દૃષ્ટિમાં આવેલો જીવ વિષયોના માયાજળમાંથી રાગ-દ્વેષની ભૂમિપર લપસ્યા વિના નીકળી જાય છે, કેમકે તે આ બધાને માયાજળતુલ્યરૂપે ઓળખી ગયો છે. આવી જતાં સારા-નરસા વિષયોમાંથી જો રાગ-દ્વેષ કર્યા વિના નીકળી જતાં આવડે, તો માની લેવું કે મોક્ષ નજીક છે.

ભગવાન **મહાવીરસ્વામીએ** સાધના આરંભી ત્યારથી મનને વિષયોમાંથી વાળી દીધું, સંગમ જેવાના ઉપસર્ગ આવે કે ઇન્દ્ર જેવાઓની પૂજા આવે, મનને એ બધાથી વિમુખ બનાવી દીધું, બધા વિષયોમાં આવવાનું થાય, પણ ત્યાંથી રાગ-દ્વેષ કર્યા વિના પસાર થવાનું રાખ્યું. આ સાધના સાડા-બાર વરસ કરી, તો કેવળજ્ઞાન પામી ગયા. નૂતન દીક્ષિત કે ચિરદીક્ષિત જો હિતશિક્ષા ઇચ્છતા હોય, તો આ જ હિતશિક્ષા છે, વિષયોને મૃગજળ માની એમાં લેપાવાથી બચો, રાગ-દ્વેષથી બચો, એને મનથી અડ્યા વિના પસાર થઇ જાવ, બસ આ જ ખરી સાધના છે. પણ આપણને એ અઘરું પડે છે, કેમકે દરેક વિષયમાં ચંચૂપાત જેવી ચેષ્ટા કરવી સારી ફાવે છે ! માટે જ શ્રી **વીરવિજય** મહારાજે કહ્યું- 'પ્રભુ ! તુજ આગમ અરિસો જોવતાં, મોક્ષનગર દીઠું અતિ દૂર જો...' મોક્ષ કેમ અતિ દૂર? બસ એ જ કારણ, કે ડગલે ને પગલે સંસારના વિષયોમાં અટકી પડીએ છીએ ! વિષયોથી લેપાઇ જઇએ છે! સારા લાગતા વિષયો ઓછા મળતાં તરત મન લેવાઇ જાય છે ! અને આ જ તો સંસારનું ખરું-મોટું દુઃખ છે. જ્યાં પાણી નથી પણ કાચ છે ત્યાં કપડા ઊંચા કરીને ચાલવાની જરૂર નથી પડતી, સડસડાટ ચાલી જવાય છે. (જોકે દુર્યોધન અહીં પણ ભૂલ્યો ! પાણીને બદલે માત્ર કાચ હતા, ત્યાં પાણી સમજી કપડા ઊંચા કર્યા.) તેમ પાણીવાળા સ્થાને પણ જે સાવધ રહી સડસડાટ ચાલી જાય, તે જીત્યો. એમ જ્યાં રાગ-દ્વેષ થાય, તેવા વિષયો નથી, ત્યાં જેમ અનાસક્તભાવે તરત પસાર થઇ જવાય છે, તેમ આસક્તિ જગાડનારા વિષયોમાંથી પણ અનાસક્તભાવે સડસડાટ નીકળી જવાય, તો મોક્ષ નજીક. ભગવાન જ્યારે સમવસરણમાં પધારે છે, ત્યારે ચાંદી, સોના, રત્નના ગઢ, રત્નમય સિંહાસન વગેરે પાંચેય ઇંદ્રિયોને અત્યંત આકર્ષે તેવા વિષયો ત્યાં હાજર હોવા છતાં, ભગવાન ત્યાં નજર ફેરવવા જેટલું પણ અટક્યા વિના સડસડાટ ઉપર પહોંચી જાય છે. એવી ઉત્તમ ભૂમિકા અનાસક્તભાવની છે.

भोगतत्त्वस्य तु पुनर्न भवोदधिलङ्घनम्।
मायोदकदृढावेशस्तेन यातीह कः पथा ॥१६७॥

भोगतत्त्वस्य तु-भोगपरमार्थस्य **पुनः, न भवोदधिलङ्घनं**-तथाबुद्धेस्तदुपायेऽप्रवृत्तेः। आह च, **मायोदकदृढावेशः तथाविपर्यासात्, तेन यातीह कः पथा**-यत्र मायायामुदकबुद्धिः ॥१६७॥

ગાથાર્થ : પણ ભોગતત્ત્વવાળાને સંસાર-સાગરલંઘન નથી. અહીં માયાજળમાં દઢ આવેશ-વાળો કોણ તે માર્ગે જઇ શકે ?

ભોગમાં તત્ત્વ જોનારાની હાલત

ટીકાર્થ : ભોગમાં જ પરમાર્થ માનનાર સંસારસાગર ઓળંગી શકતો નથી, કેમકે તેવી બુદ્ધિવાળાની સંસારસાગર તરવાના ઉપાયોમાં પ્રવૃત્તિ થતી જ નથી. અહીં દૃષ્ટાંતરૂપે કહે છે- તેવા પ્રકારના વિપર્યાસથી માયાજળમાં જ દઢ આવેશવાળો કોણ તે માર્ગે જઇ શકે, કે જ્યાં માયામાં પાણીની બુદ્ધિ હોય ?

વિવેચન : જો તમે મૃગજળ જેવા વિષયોને સાચા-તાત્ત્વિક માની લો, તો તમે એમાંથી નીકળી તો ન શકો એમાં ઊંડા ને ઊંડા ઉતરતા જવાના !

પુણ્યપાળ રાજાના આઠ સપનામાં પહેલું સપનું છે ને, કે હાથી ભંગારશાળાની બહાર ઝુલતો હતો, એને લેવા રાજપુરુષો આવ્યા, એને મનાવે છે, કે તને રાજાની સવારી મળશે, તને નવી શાળા મળશે, ઉત્તમ આહારવ્યવસ્થા થશે... વગેરે વગેરે... છતાં માનતો નથી ને પોતાની ભંગારશાળાને જ સારી માની છોડતો નથી. આ અભિનિવેશ છે. ખોટી પકડ છે. એ જ રીતે ભંગાર જેવા વિષયોને પકડીને બેઠેલાને ઘણું સમજાવવામાં આવે, અધ્યાત્મની, આત્માનુભૂતિની ઘણી લાભકારી વાતો કરવામાં આવે, છતાં વિષયાભિલાષી જ નહીં, બલ્કે વિષયાભિનિવેશી વિષયોમાં જ અટકેલો રહે, પછી તે કદાચ સાધુના કપડા પહેરે, તો પણ ઈંદ્રિયોને ગમતાં ગોચરી-પાણી-કપડામાં જ અટવાયેલો રહે.

જે મૃગજળને-માયાજળને સાચુ જળ માની લે, એને પછી સાચા જળમાટે આગળ જવાનો ઉત્સાહ રહેતો નથી. એમ જે વિષયોમાં જ સુખાકારિતા માની લે, એને વિષયો છોડી આગળ વધવાનો ઉત્સાહ રહેતો નથી.

ઘરેથી પાણી લેવા નીકળેલો માયાજળમાં સાચું પાણી માની લે, તો ત્યાં અટકી જાય, આગળ ન વધે, એમ સંસારમાંથી નીકળેલો - વૈરાગ્યમાર્ગ પામેલો પણ જો પછી મળતા મનગમતા આહાર-પાણીને જ સાચા સુખરૂપ માની લે, તો પછી તે વૈરાગ્યમાર્ગે આગળ વધી શકતો નથી.

स तत्रैव भयोद्विग्नो यथा तिष्ठत्यसंशयम्।
मोक्षमार्गेऽपि हि तथा भोगजम्बालमोहितः ॥१६८॥

स-मायायामुदकदृढावेशः, **तत्रैव**-पथि, **भयोद्विग्नः सन् यथा**-इत्युदाहरणोपन्यासार्थः, **तिष्ठत्यसंशयं**-तिष्ठत्येव जलबुद्धिसमावेशात्। **मोक्षमार्गेऽपि हि** ज्ञानादिलक्षणे **तथा** तिष्ठत्यसंशयं **भोगजम्बालमोहितः**-भोगनिबन्धनदेहादिप्रपञ्चमोहित इत्यर्थः ॥१६८॥

ગાથાર્થ : જેમ ભયોદ્વિગ્ન થયેલો તે ત્યાં જ ઊભો રહી જાય છે, એમાં કોઇ સંશય નથી, તેમ ભોગજંબાલથી મોહેલો તે મોક્ષમાર્ગમાં પણ ત્યાં જ અટકી જાય છે.

ટીકાર્થ : જેમ (ઉદાહરણરૂપે) માયામાં પાણીના દઢ આવેશવાળો જીવ ભયથી ઉદ્વિગ્ન થઇ ત્યાં અટકી જ જાય છે - કેમકે પાણીની બુદ્ધિ થઇ ગઇ છે. તેથી આ બાબતમાં કોઇ સંશય નથી. તેમ ભોગમાં સાધનભૂત શરીરાદિપ્રપંચથી મોહ પામેલો જીવ પણ જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગમાં આગળ વધવાને બદલે અટકી જાય છે, એમાં કોઇ સંશય નથી.

વિવેચન : દેહવગેરે ભોગના સાધનોમાં મોહ પામી અટવાઇ ગયેલો જીવ મોક્ષમાર્ગે આગળ વધવાને બદલે ત્યાં જ અટકી જાય છે. વળી જેમ, માર્ગમાં આગળ વધવા જતાં પાણીની બુદ્ધિ થવાથી ભયથી ઉદ્વિગ્ન થયેલો માર્ગે આગળ વધવાનું છોડી દે છે અને ત્યાં જ અટકી જાય છે, તેમ વિષયો બંધન છે, અદશ્ય બંધન છે, એમાં તમે જો બંધાયા, તો તમારું મોક્ષતરફનું પ્રયાણ અટક્યું જ સમજો. એટલું જ નહીં, એ બંધન-જાળ ફેંકનાર છે મોહશિકારી. બંધનમાં ફસાયેલા તમને પોતાની તરફ ખેંચવા માંડશે. તેથી હવે મોક્ષમાર્ગે આગળ વધવાનું તો અટક્યું, પાછા હઠવાનું ચાલુ થશે.

છેદશાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે એક દોષ સેવાયા પછી પ્રાયશ્ચિત્ત લીધા પછી પણ જો તમે એ દોષ બે વાર-ત્રણવાર સેવો પછી ભલેને દર-વખતે પ્રાયશ્ચિત્ત લો, તો પણ સમકીત ગુમાવવાનો અવસર આવે છે. તેથી જ **ઉપદેશમાળાકાર** પણ કહે છે કે (વૈરાગ્યથી સાધુ થયા પછી પાછો વિષયમાં-માયાજળમાં અટકી જઇ સાધુક્રિયાથી વિમુખ થનાર કે) જે પ્રતિજ્ઞા લીધા પછી જેવી પ્રતિજ્ઞા લીધી - પ્રતિજ્ઞા લેતી વખતે પોતે જે કહ્યું હતું, એવા પ્રકારનું પછી પાળતો નથી, પ્રતિજ્ઞાને-

પોતાના વચનને અનુરૂપ આચારપાલન જે કરતો નથી, તેના જેવો મિથ્યાત્વી બીજો કોણ હશે ?

એવું નથી કે પ્રતિજ્ઞા મુજબ જીવવા જેટલી પુરુષાર્થશક્તિ નથી, શક્તિ તો છે જ, માત્ર એને ખરી રીતે માપવામાં થાપ ખવાઇ જાય છે, અને ખોટી પકડો પકડાઇ જાય છે. તેથી જીવ સાધનામાં આગળ વધી શકતો નથી.

એક વખત આ રીતે પુરુષાર્થમાં મોળો પડે, અને વિષયો કે અનુકૂળતાના માયાજળમાં અટકી પડે, પછી બધે જ એ વિષયો કે અનુકૂળતા જ જોતો થઇ જાય. જેમ કે મરીચિ. બેઠા બેઠા પ્રતિક્રમણ ફાવી ગયું, હવે ઊભા થવાની વાત ગઇ. નજીકના ઘરોમાં જઇ ગોચરી લાવવાનું ફાવી ગયું, હવે દૂર જાય મારી બલા ! ગૃહસ્થો પણ તીર્થયાત્રાએ જાય, પણ ત્યાં દર્શનના લહાવાને બદલે વધુ ધ્યાન હોય અનુકૂળતા-સગવડ મેળવી લેવામાં.

છઠ્ઠી દૃષ્ટિની ભૂમિકાવાળો આ માયાજળમાં અટવાતો નથી, એની વચ્ચેથી સડસડાટ નીકળી જાય છે. કેમ ? તો કે એની પાસે 'મીમાંસા' નામનો ગુણ છે.

मीमांसाभावतो नित्यं न मोहोऽस्यां यतो भवेत् ।
अतस्तत्त्वसमावेशात्सदैव हि हितोदयः ॥१६९॥

मीमांसाभावतः-सद्विचारभावेन, **नित्यं**-सर्वकालं, **न मोहोऽस्यां दृष्टौ, यतो भवेत् अतस्तत्त्वसमावेशात्**कारणात्, **सदैव हितोदयोऽस्यां** दृष्टाविति ॥१६९॥

ગાથાર્થ : જેથી આ દૃષ્ટિમાં નિત્યમીમાંસા હોવાથી મોહ હોતો નથી. તેથી જ તત્ત્વના સમાવેશથી હંમેશા હિતોદય હોય છે.

મીમાંસાથી મોહનાશ

ટીકાર્થ : જેથી આ દૃષ્ટિમાં સદાકાળ સદ્-વિચારરૂપે મીમાંસા હોય છે, તેથી મોહ હોતો નથી. આથી જ તત્ત્વના સમાવેશના કારણે આ દૃષ્ટિમાં હંમેશા હિતોદય હોય છે.

વિવેચન : મીમાંસા એટલે તત્ત્વની વિચારણા. હંમેશા-નિત્ય આ તાત્ત્વિક વિચારણા ચાલતી રહેવાથી આ દૃષ્ટિમાં રહેલાને મોહદોષ સતાવતો નથી. મીમાંસાથી હિતોદય થાય છે. મોહોદયને હિતોદયસાથે અંધારા-અજવાળા જેવો વિરોધ છે. સૂર્ય અંધારાને રહેવા ન દે, મીમાંસાગુણ મોહને રહેવા ન દે. દરેક સ્થળે, પ્રસંગે, સમર્થ મીમાંસા ચાલુ રહેવી જોઇએ. ઠંડી પડી, 'આ જાલિમ ઠંડી છે, સહન થતી નથી' આ મોહદશા છે. 'વાહ શીત પરિષહ સારો સહેવાનો મળ્યો, કેમકે સાધુએ સહેવાના બાવીશ પરિષહમાંથી શીતપરિષહ સહેવાનું તો જ મળે, જો ઠંડી પડતી હોય. વળી ઠંડીની ઋતુમાં ઠંડી ન પડે તો શું પડે ? એમાં અકળાવાનું શું ?' ઇત્યાદિ વિચાર મીમાંસાના ઘરના છે. આ જ રીતે ગરમી પડતી હોય, તો ઉષ્ણ પરિષહ સહેવાનો લાભ મળ્યો દેખાય. જો આ મીમાંસા હોય, તો દૃષ્ટિ કાયાપરથી ઉઠી આત્માપર જાય ને જીવને થાય કે કાયાની આરતી તો ઘણા ભવોમાં ઉતારી, હવે મારા આત્માની આરતી ઉતારું. એટલે કે હવે અનુકૂળતા-પ્રતિકૂળતાનું ગણિત કાયાના ધોરણે નહીં, આત્માના ધોરણે લગાડું. ભગવાન **મહાવીર સ્વામી** આ ગણિતપર આર્યદેશ છોડી અનાર્યદેશમાં ગયા. અનાર્યદેશમાં કાયાને કષ્ટ મળશે, તો આત્માપરનો કર્મભાર ઓછો થશે. આત્મામાટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાશે.

મીમાંસાનો અર્થ જ છે મોહદૃષ્ટિના સ્થાને જ્ઞાનદૃષ્ટિ. દેહાધ્યાસ છોડો, આત્માધ્યાસ જોડો. કાયાની મમતા તોડો, આત્માની મમતા પકડો. શરીરની ઉપાસના છોડી આત્માની ઉપાસનામાં લાગો.

તામલી તાપસે ૬૦ હજાર વર્ષના કાળમાં પરોઢિયે જાગવાપર આ વિચારણા આદરી કે અત્યારસુધી

મેં કાયાની ઉપાસનામાં જિંદગી પૂરી કરી, આત્માની ઉપાસનાનું કશું કર્યું નથી, તો લાવ હવે એ શરું કરું. આ નિર્ણય કરી, બીજે જ દિવસે ઘરનો પૂરો ભાર પુત્રોવગેરે પર સોંપી ઘર છોડી વનવાસી બન્યા, ગૃહસ્થમાંથી તાપસ બન્યા. પછી કાયાના કષ્ટમાં આત્માની મિજબાની જોઇ, એટલે છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા માંડ્યા. પારણે માત્ર એકવાર જ ભાત ખાવાના, તે પણ ૨૧વાર ધોયેલા. પૂરા સાંઇઠ હજાર વર્ષ આ કર્યું. કંટાળ્યા વિના કર્યું. કહો, મિથ્યાત્વી હોવા છતાં, કેવી ઊંચી દૃષ્ટિ હશે ? મીમાંસા ગુણ વિના આ ઊંચાઇ સંભવે નહીં. મીમાંસા કહે છે, કાયાની માયા મુકો, આત્માની માયા ઊભી કરો. અને એ તો જ થશે, જો તમને એમ લાગશે કે કાયાને જે પ્રતિકૂળ, તે મારા આત્માને અનુકૂળ. કાયાવગેરે આ બીજા-બાહ્યમાં રસ હોય, આનંદ હોય, ત્યાં સુધી આત્માની વાતોમાં, આત્માને હિતકારી ક્રિયામાં રસ-આનંદ જામતા નથી. માટેસ્તો, આ છઠ્ઠી દૃષ્ટિમાં મીમાંસા ગુણના પ્રભાવે 'અન્યમુદ્' નામના દોષનો ત્યાગ બતાવ્યો. મીમાંસા ગુણ આવે એને કરવા યોગ્ય ક્રિયાવગેરેને છોડી બીજા-ત્રીજામાં રસ આનંદ આવે જ નહીં, કેમકે મીમાંસાની આ જ બલિહારી છે.

तत्त्वविचारणानी मजा

અથવા બીજી રીતે કહીએ, તો 'અન્યમુદ્' બીજા-ત્રીજામાં આનંદ માણવાનું અટકે, તો મીમાંસાગુણ પ્રગટે. બીજા-ત્રીજામાં હૈયું ભળે, મન ભળે, પછી તત્ત્વની વિચારણા ક્યાંથી થાય ? તત્ત્વની વિચારણા એકાદ વખત આવી જાય, તેની ના નથી, પણ તે લાંબી-સતત ક્યારે ચાલે ? જો એમાં આનંદ આવતો હોય. જેમ તત્ત્વવિચારણા કરતાં જાવ, તેમ તેમ નવો-નવો આનંદ મળતો રહે, તો લાંબા કાળમાટે તત્ત્વવિચારણા ચાલે. હવે આપણને જો બીજા-ત્રીજામાં આનંદ આવતો હોય, તો તત્ત્વવિચારણામાં આનંદ ક્યાંથી આવવાનો ?

ભગવાન કલાકો, દિવસો, મહીનાઓ સુધી, ઠંડી-ગરમી વગેરે કષ્ટોની વચ્ચે, અને દેવતાઇ આદિ ઉપસર્ગોની ઝડી વરસતી હતી છતાં તત્ત્વ-વિચારણામાં મસ્ત કેવી રીતે રહી શક્યા હશે ? કહો, એમને એ સિવાય બીજા કશામાં રસ નહોતો. શરીરપર પણ કોઇ માયા ન હોતી. બહારનું જોવા-સાંભળવામાં કશો આનંદ દેખાતો ન હોતો. જે કંઇ રસ-આનંદ છે, તે માત્ર તત્ત્વ વિચારણામાં જ છે, એ હૈયે નહીં, હાડોહાડ ઉતરી ગયેલું. આપણે જો ભગવાનને માનીએ છીએ, તો ભગવાનપાસેથી આ લેવાનું છે. **જેને માનીએ, એનું ન માનીએ,** તે કેમ ચાલે ? દુન્યવી માણસો પાસેથી આપણે ઘણું લઇએ છીએ ને શીખીએ છીએ. તો ભગવાન પાસેથી શું લીધું ? શું શીખવાનું રાખ્યું ? ભગવાનની વાત સર્વાંશે નહીં લઇ શકાય, તો અંશે તો લઇ શકાય ને ? ભગવાન, ગુરુ કે ધર્મક્રિયા મળેલાં તો ફળ્યા ગણાય, જો એમની પાસેથી આત્મોદ્ધારનું-જીવનસુધારનું કશુંક લેતા શીખીએ.

દુકાને બેઠેલો વેપારી એક ઘરાકને ખાલી જવા દે નહીં, ને ધર્મમાં બેઠેલા આપણી મુહપત્તિ પડિલેહણથી માંડી બધી જ ધર્મક્રિયા એમનેમ જતી રહે, તે કેમ ચાલે ? કાઉસગ્ગ કરીએ ને સ્થિરતા ગુણ કમાઇએ, સ્વાધ્યાય કરીએ ને નવનવા સંવેગો કમાઇએ, પ્રભુચૈત્યવંદન કરીએ ને પ્રભુના ક્ષમાઆદિ અલૌકિકગુણોની ભીનાશ અનુભવીએ. ઇર્યાસમિતિ પાળીએ ને જીવપ્રેમ-બીજા જીવોની કાળજીનો ગુણ કમાઇએ. ગુરુમહારાજ પાસે જઇને જીવન શાંત, પવિત્ર, સમાધિમય જીવવાની કોઇ ઉપદેશ-જડીબુટ્ટી લઇને આવીએ. જો આમ થાય, તો યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચકની જે વાત આવે છે, તે સાર્થક થાય.

નદીના પૂરમાં સામાન તણાતો હોય, તો

દોડાદોડ કરી આપણે એક વાડકીને તણાવા દેતાં નથી, ને ક્રિયાઓ બધી એમ જ ફળ વિના તણાઇ જાય છે, તે તરફ લક્ષ્ય નથી. માટે ભગવાનપાસેથી આપણે લેતા શીખીએ. ભગવાન તત્ત્વવિચારણામાં મસ્ત હતાં, એમનું તત્ત્વચિંતન ઘણી ઊંડાઇએ પહોંચેલું હતું, તે આપણામાટે જો શક્ય નથી, તો આપણે આપણી શક્તિ મુજબનું પકડીએ. અરે ! એક સ્તુતિકે સ્તવનને પકડીને પણ કડીબદ્ધ જોડતાં જઇ તત્ત્વવિચારણા આદરી શકીએ.

જુઓ, સુણો શાંતિ જિણંદ સોભાગી.... એક સ્તવન પકડીએ, હવે બીજું કંઇ વિચારતા નથી આવડતું, તો કમ સે કમ આના આધારે ગદ્યમાં પ્રાર્થના બનાવી હૈયું જોડી શકીએ.

હે પ્રભો ! તમે સૌભાગ્યવંતા છો. આપના આ સૌભાગ્યના પ્રભાવે મને આપના ગુણો પ્રત્યે રાગ થયો છે, હું આપનો ગુણરાગી બન્યો છું. પણ આપ તો મારા પ્રત્યે નિરાગી છો, આપને કંઇ મારા પ્રત્યે રાગ નથી. આ પરિસ્થિતિ જોતાં મુંઝવણ ઊભી થઇ છે, કે આપણા બંનેના તંતુઓ જોડાશે કેવી રીતે ? બે વ્યક્તિ એક સ્થળે એક સમયે એક બીજાને મળ્યા વિના કંઇ બંનેનું મિલન થયું ગણાતું નથી. તેમ બે વ્યક્તિવચ્ચે પરસ્પર, એક સમયે પ્રીતિ-રાગ ન થાય, તો પ્રેમતંતુ જોડાયો ગણાતો નથી.

પણ તંતુ જોડાશે કેવી રીતે ? ખરેખર મેળ મળવો મુશ્કેલ છે, કેમકે હું તો ક્રોધ કષાયનો ભરિયો છું. જે કંઇ પ્રતિકૂળ-અણગમતું દેખાય, એનાપર દ્વેષ-ક્રોધ આવે છે. આવું તો આ જગતમાં પાર વિનાનું છે. માટે એ બધાપર ક્રોધ કરનારો હું ક્રોધ કષાયથી ભરિયો જ નહીં, દરિયો છું. જ્યારે પ્રભુ ! તમે સામે છેવાડે છો, ઉપશમરસના દરિયા છો, તમારું બગાડવાવાળા ઘણા હતાં, છે, છતાં તમે ઉપશમભાવના દરિયા છો. હે નાથ ! મારું બીજા નહીં, મારો ક્રોધ જ બધું બગાડે છે, છતાં હું એને પકડીને બેઠો છું, ખરેખર હું તો અજ્ઞાનથી આવરાયો છું.

ચલાવો ! આ રીતે સંકલનાબદ્ધ ચાલે, તો તેમાં ચિત્ત પરોવાયેલું રહે, તો પછી બીજા-ત્રીજા ફાલતુંના આનંદનું આકર્ષણ ન રહે, પણ એ બીજા-ત્રીજામાં આનંદ કચરા જેવો લાગવો જરૂરી છે. એ કચરો દેખાય ને કાઢવાનું થાય, તો જ આ તત્ત્વવિચારણાનો આનંદ ઊભો થાય, એક વખત એ ઊભો થયા પછી બીજા-ત્રીજામાં ચિત્ત નહીં જાય.

ધર્મ યુવાનીમાં દૃષ્ટિ બદલાય

ધર્મ કરવો એ અલગ ચીજ છે, ને ધર્મમાં આરાધકભાવ ઊભો થવો, એ અલગ ચીજ છે. ધર્મ કરી લેવામાત્રથી નહીં, પણ ધર્મમય-સાત્ત્વિક સદ્વિચારની પરંપરા ઊભી થાય તો આપણામાં આરાધકભાવ છે, એમ માની શકાય. કેમકે સદ્વિચારોની પરંપરા ચાલે, તો મીમાંસાગુણ જામે અને મોહનીય કર્મ નાશે. આ છઠ્ઠી દૃષ્ટિમાં તેથી જ મોહનીય કર્મનો પ્રભાવ રહેતો નથી. છઠ્ઠી દૃષ્ટિમાં આવેલો જીવ રાજહંસ જેવો છે. જેમ રાજહંસ માત્ર મોતીનો જ ચારો ચરે, બીજા-ત્રીજાપર નજરે ય ન ફેરવે, એમ આ દૃષ્ટિવાળાનું મન તત્ત્વદૃષ્ટિપર જ - તત્ત્વવિચારણાપર જ ચોંટેલુ હોય, બીજે ક્યાંય ચોંટે નહીં.

બાળકાળની ચેષ્ટા યૌવનકાળે રહેતી નથી. શૈશવકાળમાં માટી ને કાદવમાં રગદોળાવાનું ગમતું હતું ! એમાં હાથ નાંખી હાથ કાદવવાળા કરી ઘર બનાવવાની બાલિશ ચેષ્ટા થતી હતી. પગ કાદવમાં ખરડવા ગમતા હતાં, ગટરપાસે રમત ચાલતી હતી. હવે યુવાન થયો, હવે આ રીતે માટી-ગારના ઘર બનાવવાની રમતમાં રસ નથી. કાદવમાં હાથ-પગ ઘાલવાની વાતથી ચીતરી ચડે છે, ને ગટરપાસે ઊભા રહેતા ઘૃણા થાય છે. યૌવનવય પામ્યાથી આ સહજ ફેરફાર થાય છે.

એમ ધર્મની અપેક્ષાએ બાલ્યવયમાં જીવને વિષયોના કાદવ-કીચડ અને ગટરમાં રમવું ગમતું હતું. ઘર ને પરિવારની અનાદિની રમતોમાં રમવાનું મન થયા કરતું હતું. હવે છઠ્ઠી દૃષ્ટિ પામ્યા પછી - ધર્મયૌવન પામે છે. હવે એ જીવને આ બધી બાલ્યકાળની ચેષ્ટાઓમાં માત્ર રસ નથી એમ નહીં, હવે તો એ દૃષ્ટિ ય ગમતી નથી. મનને વિષયોમાં ઘાલવું એટલે કીચડમાં ઘાલવા જેવું લાગે...

ઉન્નત વિચારધારામાં રમતા અને હવે આ બધી બાલીશ વાતો લાગે, મન ને માફક જ ન આવે. આથી જ એ જીવનો આત્મવિકાસ એકદમ વધી જાય છે.

तत्त्वसमावेशथी विषयराग दूर थाय

અહીં પ્રશ્ન થાય, કે હજી અમને વિષયોપર ઘૃણા આવતી નથી, તો અમે હજી બાલ્યવયમાં છીએ, તો અમારે હજી યુવાવયરૂપે કાળ પાકે તેની રાહ જોવાની ને ? ધર્મયૌવન પામીશું ત્યારે સહજ એ આવી જશે. તો તે બરાબરને !

અહીં સમાધાન આ છે - કે આમ બધું કાળ કે કર્મપર છોડી હાથપર હાથ મુકી બેસી ન રહેવાય. કાળ કે કર્મ તો જ અનુકૂળ થશે, જો તેમાં પાંચમું પુરુષાર્થ નામનું કારણ પણ જોડાશે. તેથી વિષયો ગમે છે, તત્ત્વવિચારણા ફાવતી નથી, એમ કહી બેસી ન રહેવાય. આરંભ-આરંભમાં વિષયોપર કૃત્રિમ ઘૃણા ઊભી કરવી પડે. મનને મનાવીને પણ ધર્મવિચારણામાં એને જોડવું જોઈએ. વારંવારના આ અભ્યાસ પછી વિષયઘૃણા પણ સહજ થશે ને તત્ત્વવિચારણાપણ સહજ બની જશે. કાદવમાં હાથ નાંખતા બાળકને પહેલા પરાણે કાદવમાંથી હાથ ખેંચાવવો પડે, 'કેવું ગંદુ લાગે છે, કેવો ગંદો' ઇત્યાદિ કૃત્રિમ તિરસ્કાર વચનો સંભળાવવા પડે, અને અવસરે થપ્પડ મારવાદિરૂપ કડક વલણ પણ અખત્યાર કરવું પડે. પછી એ જેમ જેમ સમજણો થાય, તેમ તેમ 'આ ખરાબ' તરીકેના સંસ્કારને દૃઢતર કરતો જઈ યુવાન થાય, ત્યાં સુધીમાં તો કાદવવગેરેને ધિક્કારતો થઈ જાય.

બસ એ જ રીતે વિષયોમાં જતાં મનને પ્રારંભે પરાણે રોકવું પડે, ઘણું ખોટું કર્યાનો વસવસો ઊભો કરવો પડે ને પ્રાયશ્ચિત્ત વગેરે દ્વારા દંડ પણ આપવો પડે. આમ થતાં ધીરે ધીરે ટેવાયેલું મન સહજ વિષયોપર ઘૃણા કરતું થઈ જશે. કારણ કે હવે દરેક પ્રવૃત્તિમાં વિષયરાગનો નહીં, તત્ત્વવિચારણાનો સમાવેશ થાય છે. દરેક પ્રસંગપર વિચારણા પણ તત્ત્વના સમાવેશપૂર્વકની થાય. હવે સારી ચીજ દેખાય કે તરત મનને થાય કે આ જ મને અનંતીવાર દુર્ગતિમાં રખડાવનાર છે. તેથી એના પર શું રાગ કરવો ? એ જ રીતે ખોટી ચીજ દેખાય કે તરત થાય, ચીજ તો જે છે, તે છે, દ્વેષ કરીને મારા મનને ક્યાં કાળું કરું? બસ, આમ દરેક સ્થળે તત્ત્વસમાવેશ થવાથી હવે ખોટી ખેંચપકડ રહેતી નથી. તુચ્છનો આગ્રહ-કદાગ્રહ-મમત રહેતો નથી. હુંપણું કે સામા પ્રત્યેની અરુચિ કે જે ઉપશમભાવના ઘાતક છે, તેને હવે અવસર મળતો નથી.

जयवीयराय સૂત્રમાં જે मग्गानुसारिया = માર્ગાનુસારિતા માંગી છે. તે આ તત્ત્વવિચારણારૂપ છે. આનું સૂત્ર છે. **'જગતનું કાંઇ જોવા જેવું નથી, જે જોવા જેવું છે, તે બધું મારા આત્મામાં છે.'** આ ભૂમિકાવાળા શ્રાવકની પણ દિનચર્યા સતત તત્ત્વવિચારણાથી પવિત્ર થયેલી હોય, એ દુકાને કમાવા તરફ લક્ષ્ય આપવાને બદલે વધુ લક્ષ્ય એનાપર આપે કે મારા અનીતિ કરવાના સંસ્કાર કેટલા તૂટે છે? શ્રાવિકા ચૂલો સળગાવે ત્યારે ય મન આશ્રવ-સંવરની વિચારણામાં રમતું હોય. પાપપર ઘૃણા અરુચિ ઊભી થવાથી તે વખતે પણ નિર્જરા કરે. તો ઊંચી ભૂમિકાએ પહોંચેલા સાધુ-સાધ્વીની તો વાત જ શી કરવી ?

સાતમી પ્રભા દૃષ્ટિ

प्रतिपादिता षष्ठी दृष्टिः । साम्प्रतं सप्तम्युच्यते--

ध्यानप्रिया प्रभा प्रायो नास्यां रुगत एव हि ।
तत्त्वप्रतिपत्तियुता विशेषेण शमान्विता ॥१७०॥

ध्यानप्रिया-ध्यानवल्लभा विक्षेपोद्वेगात् **प्रभा**-दृष्टिः । **प्रायो**-बाहुल्येन **न अस्यां**-दृष्टौ रुग्-वेदना **अत एव हि** । तथा **तत्त्वप्रतिपत्तियुता विशेषेण** एवं सत्प्रवृत्तिपदावहेति पिण्डार्थः ॥१७०॥

ध्यानजं सुखमस्यां तु जितमन्मथसाधनम् ।
विवेकबलनिर्जातं शमसारं सदैव हि ॥१७१॥

ध्यानजं सुखमस्यां तु-अधिकृतदृष्टावेव किं-विशिष्टमित्याह-**जितमन्मथसाधनं** -व्युदस्तशब्दादिविषयम्, एतदेव विशेष्यते-**विवेकबलनिर्जातं**-ज्ञानसामर्थ्योत्पन्नम्। अत एव **शमसारं सदैव हि**, विवेकस्य शमफलत्वादिति ॥१७१॥

આમ મીમાંસા નામના ગુણથી તત્ત્વવિચારક બનેલા જીવની છઠ્ઠી દૃષ્ટિમાં ભૂમિકા વિચારી. હવે સાતમી દૃષ્ટિ કહેવાય છે. (વિશેષમાટે જૂઓ યોગદૃષ્ટિ સમુચ્ચય ભાગ-૧ પૃષ્ઠ ૧૮૬ તથા પૃષ્ઠ ૧૯૯ જૂઓ)

ગાથાર્થ : 'પ્રભા' દૃષ્ટિ પ્રાયઃ ધ્યાનપ્રિય છે. તેથી જ આ દૃષ્ટિમાં રોગ નથી. વળી આ દૃષ્ટિ તત્ત્વની પ્રતિપત્તિથી યુક્ત છે અને વિશેષથી શમયુક્ત છે. ॥૧૭૦॥

આ દૃષ્ટિમાં મન્મથના સાધનને જિતનારું, વિવેકબળથી ઉદ્ભવેલું અને હંમેશા 'શમ'થી સારભૂત બનેલું ધ્યાન જ સુખ હોય છે. ॥૧૭૧॥

ટીકાર્થ : પ્રભાદૃષ્ટિ બહુલતાથી ધ્યાનપ્રિય છે, કેમકે વિક્ષેપથી ઉદ્વેગ થાય છે. આ જ કારણથી આ દૃષ્ટિમાં રોગ=વેદના નથી. તથા વિશેષથી તત્ત્વપ્રતિપત્તિથી યુક્ત છે. આમ આ દૃષ્ટિ સત્પ્રવૃત્તિપદને લાવનારી છે. આ પિણ્ડાર્થ છે.

આ અધિકૃતદૃષ્ટિમાં ધ્યાનજન્ય સુખ છે, તે કેવું વિશિષ્ટ છે ? તે બતાવે છે - આ સુખ શબ્દાદિ-વિષયોનું વિઘાતક છે. ફરીથી આ સુખનું જ વિશેષણ બતાવે છે. આ સુખ વિવેકબળથી અર્થાત્ જ્ઞાનના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું છે. તેથી જ હંમેશા શમથી સારભૂત બનેલું છે, કેમકે વિવેકનું ફળ જ છે શમભાવ.

તત્ત્વસ્વીકારમાં અર્હન્નકનું દૃષ્ટાંત

વિવેચન : આ **'પ્રભા'** નામની દૃષ્ટિ છે. ધ્યાનપ્રિય છે. આમાં સૂર્યપ્રભા જેવો બોધ બતાવ્યો છે. છઠ્ઠી દૃષ્ટિમાં ધારણા યોગાંગ હતો. ધારણા પક્વ થાય, એટલે ધ્યાન આવે. તેથી આ દૃષ્ટિમાં **ધ્યાન** યોગાંગ છે. **'રોગ'** નામનો દોષ દૂર થાય છે. અહીં શારીરિક નહીં, માનસિક રોગ-શંકા-કુશંકા કરવાનો રોગ મુખ્યરૂપે સમજવાનો છે. ભ્રમ, સંશય, ઓછું આવી જવું... વગેરે મનના રોગો છે. એ જ રીતે તત્ત્વપર અશ્રદ્ધા, આરાધનામાં ચંચળતા વગેરે પણ મનના રોગો છે. ધ્યાન યોગાંગ સિદ્ધ થયે, આ બધા મનના રોગો રહેતા નથી, તેથી રોગ દોષ ટળે છે. એ જ રીતે છઠ્ઠી દૃષ્ટિમાં 'મીમાંસા' ગુણ ખીલેલો. હવે આ દૃષ્ટિમાં **'પ્રતિપત્તિ'** ગુણ પ્રગટ થાય છે. પ્રતિપત્તિ = તત્ત્વનો સ્વીકાર. તત્ત્વ-વિચારણા કર્યાનો સાર છે, એ વિચારેલા તત્ત્વનો સ્વીકાર. એવો સ્વીકાર કે પછી મોટા દેવતા આવે ને ઉપસર્ગ કરે, તો પણ એ સ્વીકારમાંથી ડગે નહીં.

મલ્લિનાથ ભગવાનના કાળમાં **અર્હન્નક** નામના શ્રાવક હતા. દૃઢ સમ્યક્ત્વી હતા. વહાણો લઈ સાગરખેપ કરવા નીકળેલા. મધદરિયે પરીક્ષા કરવા દેવ આવ્યો. દેવે કહ્યું - તું તારો ધર્મ મુક, નહિંતર તારા વહાણને ઉઠાવી ઉપરથી નીચે ફેંકું છું. પણ શ્રાવક મક્કમ હતા. એણે કહ્યું - મારે મન તો આ જિનશાસન જ સર્વસ્વ છે, પ્રભુએ પીરસેલા તત્ત્વ જ મારામાટે પરમાર્થરૂપ છે.

દેવ ડગાવવા મથી મથીને થાક્યો. પણ એમ

શ્રદ્ધા મુકે એ બીજા. જે જિને કહેલા તત્ત્વ છે એ જ અર્થભૂત છે. બાકી બધું અનર્થભૂત છે. આ જિન-શાસન જ સાર છે, બાકી બધું અસાર છે. આવા તત્ત્વનો મનથી સ્વીકાર સાતમી દૃષ્ટિનો પ્રતિપત્તિ નામનો ગુણ છે. જેમ ચંદનસાથે સુગંધ વણાયેલી છે, તો ચંદનને છોળો, બાળો કે વહેરો, એ સુગંધને મુકે નહીં, એમ આ દૃષ્ટિવાળા કોઇ પણ સંજોગમાં તત્ત્વના સ્વીકારને છોડતા નથી.

ઉપશમભાવ સર્વત્ર

વળી આ દૃષ્ટિ વિશેષતઃ શમ-ઉપશમ-ભાવથી યુક્ત છે. તેથી આપણે બધા જ સંજોગ-પ્રસંગમાં ઉપશમભાવમાં રહીએ છીએ કે નહીં. એ પરીક્ષાદ્વારા પારખી લેવાનું રહે છે કે આપણે સાતમી દૃષ્ટિ પામ્યા છીએ કે નહીં. ઉપશમમય પ્રવૃત્તિ એ આ દૃષ્ટિની વિશેષતા છે. આ ઉપશમ-ભાવ એ પણ તત્ત્વપ્રતિપત્તિરૂપ જ છે. આના આધારે આઠમી દૃષ્ટિમાં 'પ્રવૃત્તિ' આવવાની છે.

પ્રભા દૃષ્ટિમાં જીવને ધ્યાનનું ઊંચામાં ઊંચું સુખ છે. તત્ત્વધ્યાનથી ઉદ્ભવતાં સુખની તોલે ચક્રવર્તીનું સુખ પણ નથી આવતું. શબ્દઆદિ વિષયોપર એવો વિજય મેળવ્યો છે, કે હવે એ વિષયો એને જરા પણ કનડી શકતા નથી. વિષયોને અવગણવા એને તુચ્છ-દૃષ્ટિથી જોવાની કેળવાયેલી મનોવૃત્તિના કારણે એના ધ્યાનમાં વિષયો વિક્ષેપ પાડી શકતા નથી. એનું એક એ પણ કારણ છે, કે આ ધ્યાનવખતે જીવ એટલી જબરજસ્ત સુખ-લેશ્યા અનુભવતો હોય, એવી અપૂર્વ આનંદધારામાં લીન બનેલો હોય છે કે તે વખતે બહાર શરીરવગેરેનું શું થઇ રહ્યું છે, તેનો ખ્યાલ પણ રહેતો નથી. એ વખતે એ મોક્ષસુખના સેંપલ જેવું સુખ અનુભવે છે. **ભગવાન** ઘોર ઉપસર્ગોમાં પણ અડીખમ ઊભા રહ્યા, તે આ અનુભવના બળપર.

સમવસરણસ્થ જિનધ્યાન

ધ્યાનમાં ઉતરી ગયેલાને બહાર-ઇંદ્રિયોદ્વારા સુખ-દુઃખના અનુભવ થતાં નથી, કેમકે મન કોઇક ચિંતનમાં ગરક થયેલું છે. હા, જો એ વખતે પોતે ખોટા ધ્યાનમાં હોય, તો એ ધ્યાનજન્ય તીવ્ર દુઃખનો અનુભવ જરૂર કરે. એ જ રીતે શુભધ્યાનમાં લાગેલો હોય, તો ધ્યાનજન્ય તીવ્ર સુખનો અનુભવ કરે. તમે પણ આવા ધ્યાનનો અનુભવ કરો. ધ્યાન માટે સૌથી ઉત્તમ અને સરળ છે સમવસરણમાં બિરાજતા આઠ પ્રાતિહાર્યથી શોભતા, પુષ્કરાવર્ત્ત મેઘસમ દેશના દેતા જિનરાજપર મન કેન્દ્રિત કરવું.

દેવોએ ચાંદી-સોના-રત્નનાં ત્રણ ગઢવાળું સમવસરણ ઊભું કર્યું છે. નવ સુવર્ણકમળપર ચરણ સ્થાપતા સ્થાપતા વિહાર કરી રહેલા ભગવાનને ઇંદ્રો વિનંતી કરે છે, પ્રભુજી! પધારો! ભવસમુદ્ર તરાવનારી દેશના દઇ અમપર અનુગ્રહ કરો. ભગવાન બિરાજમાન થાય છે, ઉપર વિશાળ અશોકવૃક્ષ છે, એની નીચે ભગવાનની ઉપર ત્રણ છત્રો ઝૂલી રહ્યા છે, ઇંદ્રો બંને બાજૂ ચામર વિંઝી રહ્યા છે. ઉપર આકાશમાં દેવતાઓ દિવ્ય નગારા વગેરે વગાડે છે... ધડડીમ... ધડડીમ... ધનનનન.. દેવદુંદુભીનો આ નાદ બધાને દેશનામાં પધારવા પ્રેરણા કરી રહ્યો છે. પ્રભુની માલકોશ આદિ રાગમાં વહેતી દેશનાપ્રવાહમાં દેવો વાંસળી વગેરેથી દિવ્ય-ધ્વનિનો સૂર પૂરાવી રહ્યા છે. ઉપરથી પાંચેય વર્ણના મઘમઘાયમાન થતાં પુષ્પોની ઝરમર ઝરમર વૃષ્ટિ થઇ રહી છે. અને ચારેકોર એનો પમરાટ ફેલાઇ રહ્યો છે. ભગવાન સિંહાસનપર બિરાજમાન છે, રત્નોની ભાત-ભાતની ડીઝાઇનોથી ઝળહળતાં એ સિંહાસનપર બિરાજિત થઇ ભગવાન માલકોશ વગેરે રાગમાં પુષ્કરાવર્ત મેઘ સમી ધારાએ દેશના દઇ રહ્યા છે. **ભગવાન** ફરમાવી રહ્યા છે - અરે! અબૂઝ! જરા બોધ પામ! બોધ પામ!

ચંડકોસિયાને **ભગવાને** 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા' કહ્યું ને ચંડકોસિયાના જ્ઞાનપરના પરદા હટી ગયા. આવરણો દૂર થયા. પૂર્વભવમાં સાધુના ભવમાં એક ક્ષુલ્લક સાધુ પર રોષ કરી એને મારવા દોડ્યો... એ ક્રોધના આ કુસંસ્કારે આજે હું દૃષ્ટિવિષ બની સાક્ષાત્ ભગવાનને પણ ડસવા ધસ્યો ! અરર ! મારા જેવો નીચ-નપાવટ કોણ ? બસ ચંડકોસિયો બોધ પામી ગયો.

ભગવાન મને પણ ફરમાવી રહ્યા છે - હે અબૂઝ ! બોધ પામ ! બોધ પામ ! હું પણ ચંડકોસિયા જેવો ક્રોધિયો છું ! તીર્થંકર નહીં, તો તીર્થંકરના શાસનની ઘોર અવહેલના કરી રહ્યો છું ! હવે મારે બોધ પામવાનો છે. ભગવાન કહી રહ્યા છે કે જે હું અનંતા જીવોને નથી મળ્યો, તે હું તને મળ્યો, તો તે મળ્યાની વડાઇ શી, જો તું એવો ને એવો અભાગિયો રહી જાય.

આવા ધ્યાનમાં ઊતરી ગયા પછી, બહાર શું થાય છે એની કોઇ ગતાગમ રહે ખરી ?

ભગવાનના અતિશયો પર ધ્યાન કરો. **ભગવાનના** ચાર અતિશયો જન્મથી હતા. ભગવાનનું શરીર સુંદર, વગર સ્નાને સ્વચ્છ, પરસેવા, મેલ, રોગ વિનાનું ! પ્રભુની લોહી વગેરે ધાતુઓ પણ સુંદર, અભિભત્સ ! ભગવાનનો શ્વાસ કમળની સુવાસને ટક્કર મારે એવો ! ભગવાનના આહાર-નિહાર પણ અદૃશ્ય! આ જન્મથી અતિશયો. એ જ રીતે કર્મનાશ થયે પ્રગટેલા અગ્યાર અતિશયો અને દેવોએ પ્રભુના પ્રભાવે જ કરેલા ઓગણીશ અતિશયો, એમ ચોંત્રીસ અતિશયોનું ધ્યાન કરો. દેવોના ઓગણીશ અતિશયોમાં પણ ત્રણ વિભાગ (૧) ભગવાન વિહાર કરે ત્યારે થતાં અતિશયો. (૨) ભગવાન દેશનાવગેરેમાટે સ્થિરતા કરે તે વખતના અતિશયો અને (૩) ભગવાનના ભામંડલ વગેરે આઠ પ્રાતિહાર્યો. આ ધ્યાનથી અદ્‌ભુત સુખાનુભૂતિ થઇ શકે, પણ તે તો જ શક્ય બને, જો વિષયોમાંથી સુખ મેળવવાની ચેષ્ટા બંધ કરીએ.

વિષયો ભયંકર લાગે

આ દૃષ્ટિમાં એવો વિવેક સ્પષ્ટ થયો છે, કે શબ્દાદિ વિષયો તુચ્છ છે. કાયાની માયા કારમી છે, ઇંદ્રિયો, વિષયો, કષાયો, બધા આશ્રવસ્થાનો હોવાથી હેય છે. જિનભક્તિ, સાધુ સેવા, ઉપશમ-ભાવવગેરે સંવર-નિર્જરાસ્થાનો હોવાથી ઉપાદેય છે. એટલે જ્યારે એક બાજુ ઇંદ્રિયના વિષયો ઉપસ્થિત થાય ને બીજી બાજુ જિનભક્તિવગેરેનો પ્રસંગ ઉપસ્થિત થાય, તો ત્યાં જેમ વિષ્ઠા અને મિષ્ટાન્ન વચ્ચે સ્પષ્ટ ભેદ સમજાય છે, તેમ બે વચ્ચે સ્પષ્ટ ભેદ સમજાય.

જેમ ઉકરડા પાસેથી જતાં સહજ ઉદ્વેગ થાય, અને ઉદ્યાન પાસેથી જતાં સહજ ઉમંગ આવી જાય. એમ કાયામાટે કામ કરવામાં સહજ ઉદ્વેગ આવી જાય અને આત્માના કાર્યમાં સહજ ઉમંગ આવી જાય.

જેમ ઉકળતા પાણીમાં પ્રતિબિંબ ન પડે, પણ ઠરેલા પાણીમાં પ્રતિબિંબ પડે, એમ વિષયોથી ઉકળતા હૃદયમાં તત્ત્વની છાયા પડતી નથી, પણ ઉપશાંત થયેલા હૃદયમાં જ તત્ત્વની છાયા પડે.

બસ આ જ સતત આત્મમંથન ચાલવું જોઇએ. સતત મનમાં ઉહ્યા કરવું જોઇએ કે વિષયો માત્ર અસાર નથી, પણ સાથે ભયંકર પણ છે. એ જેટલા સોહામણા લાગે છે. તેથી કાંઇક વધુ ગણા બિહામણા છે, એમ સતત લાગ્યા કરવું જોઇએ. તેથી જ સાધુને જેટલી કપડાવગેરેથી ટાપટીપ વધુ થાય, તેટલો રાગ પોષાતો દેખાતો હોવાથી અનિષ્ટ લાગ્યા કરે. આમ રાગ અને વિષય-કષાયો સતત મારનારા લાગ્યા કરે. તેથી જેવું મન એ તરફ જવા

જાય, કે તરત અંદરથી બ્રેક લાગી જ જાય. પળે પળ આ રીતે બ્રેક મારવાની છે. મનગમતું દેખાય, ત્યાં રાગઉપર બ્રેક અને અણગમતું દેખાય, ત્યાં ખેદ ઉપર બ્રેક. આ રીતે વિવેક દૃષ્ટિ આવે, તો વિષયાદિ સુખો જાય, ને ધ્યાનજન્ય સુખ અનુભવાય.

તત્ત્વના સ્વીકાર-ધારણાથી ધ્યાન

આ વિવેકપર જ તત્ત્વપ્રતિપત્તિ-તત્ત્વના સ્વીકારની બુદ્ધિ ઊભી થાય. શ્રેણિકે આ તત્ત્વ-પ્રતિપત્તિ ઊભી કરેલી. દરેક પ્રસંગમાં 'મારા ભગવાને જે કહ્યું છે, તે જ સાચું છે.' આ સ્વીકાર બુદ્ધિ રાખેલી. માટે જ કોણિકે જેલમાં પૂર્યા તો પણ સ્વસ્થ છે, મારા ભગવાને સંસાર અસાર છે, કોઇ કોઇનું નથી, ઇત્યાદિ જે કહ્યું તે જ સાચું છે, એ રટણ ચાલુ રાખ્યું. શરીર પર મીઠાપાયેલા કોરડા વિંઝાય છે, તો પણ સમતાભાવમાં છે. મારા ભગવાને કહ્યું છે કે 'જીવે કરેલા કર્મો ભોગવવાના છે, તેમાં બીજો કોઇ અપરાધી નથી. મારા ભગવાને મને મેં કરેલા કર્મો મારે ભોગવવા પડશે, એમ કહ્યું છે, તે બરાબર જ છે.' કોરડા મારનાર કદાચ ખચકાટ અનુભવે, તો શ્રેણિક એને આશ્વાસન આપે છે 'તું શા માટે ડરે છે ? આ કોરડા તું નથી મારતો કે કોણિક નથી મરાવતો, મારા કર્મો મારે છે - મરાવે છે. વળી એમાં મારા કર્મોનો પણ શો વાંક, કેમ કે એ પણ કંઇ એમ નેમ ટપકી પડ્યા નથી. મેં જ ખરા-ખોટા કામ કર્યા છે. તેથી એમાં વાંક-દોષ મારો છે. તું શાનો મુંઝાય છે ?' ભગવાનવાણીપર આવી તત્ત્વપ્રતિપત્તિનો ગુણ કેળવેલો. માટે જ શ્રેણિકને આ બધા કષ્ટો માટે કોઇ વિષાદ નથી. આમ તત્ત્વનો સ્વીકાર કરનારને વિવેકનું એક અદ્‌ભુત બળ મળે છે, જે તેને દરેક પરિસ્થિતિમાં સ્વસ્થ રાખે છે.

છઠ્ઠી દૃષ્ટિમાં એક બાજુ બોધપર મીમાંસા હતી, તો બીજી બાજુ એ બોધ-મીમાંસાની ધારણા હતી. બોધ કર્યો ને પછી ભૂલી ગયા. તત્ત્વવિચારણા કરી તો ખરી, પણ ખરે ટાણે જ વિસ્મૃત થઇ, તો એ શા કામની ? માટે ધારણા ખૂબ જરૂરી. એ ધારણાના બળપર તો સાતમી દૃષ્ટિમાં ધ્યાન ઉપલબ્ધ થાય છે. એક બાજુ મીમાંસાના બળપર તત્ત્વસ્વીકાર ને બીજી બાજુ ધારણાના બળપર ધ્યાન. પણ ધારણા આવે છે સ્વાધ્યાયના બળપર. પૂર્વના મહાપુરુષો પ્રતિદિન અગ્યારઅંગનો સ્વાધ્યાય કરતાં હતાં. કેમ ? તો કે અસ્થિમજ્જાવત્ ધારણા થઇ જાય, તો તેનાપર ધ્યાન સુલભ બને. તેથી જ કહેવાય છે કે ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે. પાઠ એટલે મોંઢેથી સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક પાઠ-સ્વાધ્યાય કરવો. આ રીતે પાઠ કરો તો વિદ્યા ટકે. પછી એ વરસો વરસ ચાલે, ત્યારે ધારણા થાય.

વ્યાખ્યાનશ્રવણ પણ આ ધારણાપૂર્વક થવું જોઇએ. કયા વિષયપર વ્યાખ્યાન શરું થયું ? વ્યાખ્યાનકારે એ વિષયમાં કયા મુદ્દાઓ કહ્યા ? એ બધાનું અનુસંધાન ચાલવું જોઇએ. વચ્ચે વિષયાંતર થાય, ત્યારે પણ પૂર્વના વિષયપર ચોંટ તો રહે જ. આમ વિષયો મગજમાં ઉતરે, પછી ધારણા આવે. એ ધારણાપર ધ્યાન આવે.

ધ્યાન ને વિવેકના બળપર આ દૃષ્ટિમાં શમભાવ-પ્રશમભાવ પણ આવ્યા વિના રહે નહીં. ક્રોધ વગેરેના કારણે થતો ઉકળાટ હવે રહેતો ન હોવાથી અને ક્ષમા-નમ્રતાવગેરે સ્વભાવભૂત થતાં જતાં હોવાથી ઉપશમભાવ-પ્રશમભાવ ઊભો થવા માંડે. શમભાવની પ્રાપ્તિ મોહમૂઢતા ગઇ તે સૂચવે છે. આ શમભાવ ધ્યાનની કમાણી છે. અને આત્માને સુખાનુભૂતિ કરાવે છે. મુનિનું આ સુખ સ્વવશ છે. માટે જ શ્રેષ્ઠ છે. અહીં તાત્ત્વિક સુખ-દુઃખની વ્યાખ્યા કરે છે.

किञ्च- વળી,

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥१७२॥

सर्वं परवशं दुःखं-तल्लक्षणयोगात्, **सर्वमात्मवशं सुखमत** एव हेतोः । **एतदुक्तं** मुनिना **समासेन**-संक्षेपेण, **लक्षणं**-स्वरूपं, **सुखदुःखयोरिति** ॥१७२॥

ગાથાર્થ : ટીકાર્થ : દુઃખના લક્ષણથી યુક્ત હોવાથી પરવશ બધું જ દુઃખરૂપ છે. અને સુખના લક્ષણથી યુક્ત હોવાથી જ આત્મવશ બધું જ સુખરૂપ છે. મુનિએ આ જ સુખ-દુઃખનું સંક્ષેપથી લક્ષણ બતાવ્યું છે.

દુઃખની ટૂંકી વ્યાખ્યા પરાધીનતા

વિવેચન : સુખદુઃખની ટૂંકામાં ટૂંકી વ્યાખ્યા જ આ છે, જ્યાં જ્યાં પરાધીનતા છે, ત્યાં ત્યાં દુઃખ છે. જ્યાં જ્યાં સ્વાધીનતા છે, ત્યાં ત્યાં સુખ છે. વિષયોથી સુખ માનો, તો વિષયોની પરાધીનતા સ્વીકારવી પડે, કેમકે વિષયોની પ્રાપ્તિ જીવની ઇચ્છાને આધીન નથી, જીવના કબજામાં નથી. જ્યાં સુધી પુણ્ય છે, ત્યાં સુધી એ મળે છે. પણ પુણ્ય પણ કાયમ ટકતું નથી. ખલાસ થતું જાય છે. તેથી વિષયો કે વિષયો લાવનાર પુણ્ય, બંને જીવાધીન ન હોવાથી જ જીવ એ બાબતમાં પરાધીન છે. હવે આ પરાધીનમાંથી સુખ મેળવવાની ઇચ્છા થયા પછી પૂરી થાય જ તેવો નિયમ ન રહેવાથી જીવ દુઃખી દુઃખી થઈને જ રહેવાનો. તેથી જ કહ્યું છે કે જગતના તમામ સંયોગો અનિત્ય છે, નાશ-વિયોગથી જોડાયેલા છે. મરણની પોક ત્યાં જ પડે છે, જ્યાં જનમના વાજા વાગેલા. વિશિષ્ટ પુણ્યોદયે જીવનભર સાથે રહેનારા પણ વિષયો અંતે મરણ પછી સાથ છોડી દે છે. તો મરણ વખતે સાથે નહીં આવનારા વિષયો મરતાં જીવને વધુ દુઃખી કરે છે. આમ પરવસ્તુની આકાંક્ષા જ જીવને દુઃખી કરે છે. માત્ર એમ નહીં, દીર્ઘકાલીન-પરંપરા ઊભી થાય એ રીતે દુઃખી કરે છે. કસાઇના બોકડાને મેવા-લીલું ઘાસ ખાવા મળે, પણ એનું પરિણામ શું ? હૃષ્ટ-પુષ્ટ થાય એટલે કરપીણ હત્યા. કેવું દુઃખ ? કેવી વેદના?

અરે ! આ તો સ્થૂલ વાત થઇ. જેમાંથી સુખની કલ્પના કરેલી, તે ન મળે ને દુઃખી થવાની વાત તો પછીની છે, પણ સૂક્ષ્મતત્ત્વના જાણકાર સુજ્ઞપુરુષો તો કહે છે કે તમારે પરાધીન સુખ ભોગવવા માટે તત્કાલમાં-વર્ત્તમાનમાં પણ પર=બીજા તરફ જોવું પડે ! પરતત્ત્વની દાઢીમાં હાથ ઘાલી સુખી થવાની ચેષ્ટા જ તત્ત્વજ્ઞાનીને મહાદુઃખરૂપ લાગે. મહા-રાજાધિરાજ ભાખરીનો ટૂકડો મેળવવા ભિખારીની દાઢીમાં હાથ ઘાલે, એને મનાવે, એના જેવી આ અપમાનજનક-દુઃખદાયક સ્થિતિ લાગે.

પરાપેક્ષ સુખ મેળવવા જનારાઓની હાલત કેવી છે, શેઠ-શેઠાણી પૈસે ટકે સુખી, મોટર-બંગલો બધું છે, પણ યુવાન દીકરો અકસ્માતમાં ગુજરી ગયો. બધું સુખ હવા હવા.... થઇ ગયું. કેમ કે દીકરાના હોવાપર સુખ માનેલું હતું. હવે કરોડો રૂા., બંગલો, મોટરગાડી બધું જ દુઃખરૂપ કષ્ટરૂપ લાગે છે. આ છે પરવશતાની રામકહાની !

મીરાબાઈને રાણાએ ઝેરનો પ્યાલો મોકલાવી કહ્યું - તારા ભગવાને આ મોકલ્યો છે. લો પી જાવ. મીરાએ મહેલાતમાં કે રાજસત્તામાં કે ઝર-ઝવેરાતમાં અરે જીવતાં રહેવામાં પણ સુખની કલ્પના કરી ન હતી. કેમકે આ બધું પરકીય છે. પરકીય જો સુખ દેવાની તાકાત નથી ધરાવતું, તો દુઃખ દેવાની તાકાત પણ ક્યાં એનામાં છે ? આ તત્ત્વવિચારણા હતી. માટે જ મીરાબાઈ ઝેરનો કટોરો ગટગટાવી ગયા. જ્યાંથી સુખની કલ્પના નથી, ત્યાંથી દુઃખની પણ સંભાવના નથી રહેતી. પરની અપેક્ષા છોડવાની છે, કેમકે ત્યાં સુખની કલ્પના માનીને અંતે દુઃખી થવાનું છે. તેથી જ

આર્યદેશમાં ત્યાગ-સંતોષ-ઓછામાં ચલાવવાની વૃત્તિને પ્રધાનતા આપવામાં આવી હતી. જેટલી વધુ વસ્તુઓની અપેક્ષા કરો, એટલી વધુ વસ્તુઓ ભેગી કરવાનું મન થાય. એમાંથી એકાદ પણ અપેક્ષા સંતોષાઇ નહીં, તો અંતે બાકી બધું બરાબર રહેવા છતાં દુઃખી દુઃખી થઇ જવાનું. 'વસ્તુઓ જેટલી ઓછી તેટલી પરાધીનતા ઓછી-દુઃખ ઓછું' આ હિસાબ રાખો.

સુખની ટૂંકી વ્યાખ્યા - સ્વાધીનતા

પરવશ બધું દુઃખરૂપ છે. જે આત્મવશ છે, સ્વાધીન છે, તે જ સુખ દેનારુ છે. આમ આત્મજ્ઞ માટે સુખ સ્વાધીન છે. તેથી જ માથે સગડી મુકાવા છતાં ગજસુકુમાર મસ્ત છે, પોતાને સુખી માને છે, કેમકે એમણે ગણિત મુક્યું, સુખ કેમાં શરીરમાં કે આત્મામાં? શરીર તો જડ છે. તે કેવી રીતે ચૈતન્ય-તત્ત્વ જ અનુભવી શકતા સુખ-દુઃખને અનુભવી શકે ? માટે સુખ ચૈતન્યમય આત્મામાં જ છે. અને મારો દેહ ભલે બળે ! એનું બળવું - ન બળવું મારા હાથમાં નથી, પણ એમાં મારો આત્મા બળતો નથી, આત્મગત સુખને ઊની આંચ આવતી નથી. તેથી મારે તો શરીર બળ્યે પણ આત્માને તો ઉજાણી જ છે.

સ્વવશ સુખમાં આ મસ્તી છે. આમાં બહારના કોઇ તત્ત્વની અપેક્ષા નથી, કોઇ તત્ત્વનું મોં જોવાનું નથી, કોઇની રાહ જોવાની નથી. બહારના કોઇને મનાવવાનું નથી, બગડતા અટકાવવાની માથાકૂટમાં પડવાનું નથી. સુધરે કે બગડે તેની કોઇ પંચાત નથી. હા, આ સ્વવશ સુખવાળાને તો પુણ્યની પણ અપેક્ષા નથી. પુણ્યબળે સામગ્રી મળે, તો સુખ લાગે. પણ પુણ્યનો પણ ક્યાં ભરોસો છે ? વળી બે પુણ્ય સારા-સાજા મળે, તો બે પુણ્ય નબળા-માંદા મળે. રૂપ-આરોગ્ય સારું મળે, તો પૈસો-પત્નીમાં માથાકૂટ હોય. પૈસો ટકે નહીં, પત્ની તમારું માને નહીં. ભોગ ભોગવવાનું પુણ્ય હોય, તો કોઇ તમારી વાત સાંભળે એવું આદેય પુણ્ય ન હોય. એટલે દુઃખી થવાનું તો ઊભું જ રહે. ને તમે કંઇ એ પુણ્યમાં ફેરફાર કરી શકો નહીં. પરભવમાંથી જેટલું ને જેવી ખામીવાળું પુણ્ય લાવ્યા હો, તેટલું ને તેવી ખામીવાળું મળે.

पुण्यापेक्षमपि ह्येवं सुखं परवशं स्थितम् ।
ततश्च दुःखमेवैतत्तल्लक्षणनियोगतः ॥१७३॥

पुण्यापेक्षमपि ह्येवमुक्तनीत्या सुखं परवशं स्थितं-पुण्यस्य परत्वात् । **ततश्च दुःखमेवैत्, तत्त-ल्लक्षणनियोगतः** । तदित्थं ध्यानजं तात्त्विकं सुखम्, अपरायत्तत्वात्कर्मवियोगमात्रजत्वादिति ॥१७३॥

ગાથાર્થ : આમ પુણ્યાપેક્ષ સુખ પણ પરવશ જ છે એમ નિશ્ચય થાય છે. તેથી તે દુઃખના લક્ષણથી યુક્ત હોવાથી દુઃખરૂપ જ છે.

ટીકાર્થ : આમ કહેલી નીતિથી પુણ્યાપેક્ષ સુખ પણ પરવશ જ છે, કેમકે પુણ્ય પણ પરરૂપ જ છે. તેથી તે સુખ પણ દુઃખના લક્ષણથી યુક્ત હોવાથી દુઃખરૂપ જ છે. તેથી આમ નક્કી થાય છે, કે ધ્યાનથી ઉત્પન્ન થનારું સુખ જ તાત્ત્વિક છે, કેમકે તે પરાધીન નથી અને કર્મના વિયોગમાત્રથી ઉત્પન્ન થાય છે.

પુણ્યાપેક્ષ સુખ દુઃખરૂપ

વિવેચન : વાલી રાજાના પૂર્વજ રાજા વિદ્યાધર હતા. વિદ્યાપ્રભાવે વિમાન બનાવી જઇ રહ્યા હતાં. ત્યાં માનુષોત્તર પર્વતપાસે વિમાન અટકી ગયું. તે વખતે એ રાજા વિચારે છે કે વિમાન કેમ અટક્યું ? ચોક્કસ મારું પુણ્ય ખુટ્યું. મેં પૂર્વભવે પુણ્ય ઉપાર્જેલું, પણ ખામીવાળું. પણયુ ખામીવાળું કેમ? ચોક્કસ મેં જિનભક્તિ ખામીવાળી કરેલી. હવે એ ભૂલનું પરાવર્ત્તન ન થાય, તે મારે જોવું જોઇએ. એટલે કે મારે ભગવાનની ઊંચામાં ઊંચી

ભક્તિ કરવી છે. પણ ઊંચામાં ઊંચી ભક્તિનો અર્થ છે જિનાજ્ઞાનું પૂર્ણતયા પાલન. આ જ ભાવસ્તવ છે. આ ભાવસ્તવરૂપ જિનાજ્ઞાપાલન તો જ થાય, જો ભગવાને જે - જેમાં પાપ કહ્યા છે તે-તે છોડવામાં આવે. આમ બધા પાપ છોડવા જોઈએ. અને બધા પાપ છોડવા હોય, તો આખો સંસાર છોડવો જોઈએ. બસ આ વિચારધારા પર એ રાજાએ દીક્ષા લઇ લીધી.

ધ્યાનજન્ય સુખ સ્વાધીન

આમ પુણ્ય પણ પરવશ છે. સુખરૂપ નથી. તાત્ત્વિક સુખ ધ્યાનમાં જ છે. કાયોત્સર્ગ કર્યો એટલે કાયાને વોસિરાવી દીધી. વાણીને વોસિરાવી મૌન પકડ્યું. મનને પણ વોસિરાવવાનું. પણ એ કેવી રીતે બને ? તો કે મનને ભટકતું બંધ કરી તત્ત્વમાં લગાડી દેવામાં આવે.

રાવણ સીતાને રામથી અલગ કરી શકે, પણ સીતાના મનમાં રહેલા રામને કાઢી શકે નહીં. તેથી જ સીતા ગમે તેવી સ્થિતિમાં પ્રસન્ન રહી શકે.

એમ તત્ત્વજ્ઞ વ્યક્તિને બહારના સુખ-સગવડ-ભોગોથી - સુખના સાધનોથી અલગ કરી શકાય, પણ તેના મનમાં રહેલા ધ્યાનજ સુખને અલગ કરવાની તાકાત કોઈની નથી. એમાં મસ્તરામને પછી બહારની કોઇ પરવા રહેતી નથી. **સુલસા**એ ભગવાન **મહાવીરસ્વામી**ના ધ્યાનમાં જ મનને પરોવી લીધેલું, તેથી આડોશ-પડોશના લોકો ઘણું ય કહે કે ચાલ બ્રહ્માને જોવા, વિષ્ણુને જોવા, મહેશને જોવા. અરે સાક્ષાત્ પચીશમાં તીર્થંકરને જોવા... છતાં સુલસા જતી તો નથી, જોવાની કોઇ ઉત્કંઠા પણ રાખતી નથી. કેમકે મનોમન ધ્યાનમાં ભગવાનને જોવામાં ઘણો આનંદ મળતો હતો.

વાત આ છે, આત્માને સ્વસ્થ અને મનને સ્થિર રાખવું હોય, તો પરમાંથી આનંદ-સુખ મેળવવાની અપેક્ષા છોડી દો. સમજી લો, બહાર દેવલોકની અપ્સરા મળે કે, રત્નમહેલ મળે કે વાવડી મળે એ આપણા હાથની વાત નથી, પણ કશું પણ મળે કે બને, દૃષ્ટિ કેવી રાખવી ? તે આપણા હાથની વાત છે. ડાહ્યો માણસ એ જ ગણાય કે જે પોતાના હાથની વાત ન હોય, એની ચિંતા-પળોજણ છોડી પોતાના હાથની વાતમાં જ પ્રયત્નશીલ રહે.

સુવ્રતશેઠ પૌષધમાં કાઉસગ્ગ-ધ્યાનમાં હતા ને ચોરો આવ્યા. પણ શેઠને ચોરો શું કરે છે, તેના પર નજર જ ન ગઇ, કેમકે એ પોતાના આત્મ-તત્ત્વના ધ્યાનમાં હતા. તેથી જ ત્યાં હાયવોઇ થઇ નહીં.

અયોધ્યા આવ્યા પછી સીતાજીને બીજી રાણીઓ પૂછે છે, તમે આટલા દિવસ રાવણની લંકામાં રહી આવ્યા. રાવણ રોજ મળવા આવતો હશે. તો જરા કહો તો ખરા ! રાવણ કેવો હતો ? સીતાજીએ કહ્યું - મારી બલા જાણે ! મેં કદી રાવણ સામું જોયું જ નથી. સાડા ત્રણ હાથ દૂરની ભૂમિ જોવા જેટલી જ દૃષ્ટિ ખુલી રાખી હું તો મારા રામના ધ્યાનમાં હતી. આવો પ્રતાપી-ઓજસ્વી રાવણ વારંવાર સામે આવે છતાં 'એ કેવોક છે ? તે જરાક જોઇ લઉં ?' એવી જરા પણ ઉત્કંઠા ય ન જાગે, એ ક્યારે બને ? કહો કે, પોતાના ઇષ્ટ ધ્યાનમાં મસ્ત રહેવાથી જ આ સંભવે !

સ્થૂલભદ્રજી પણ કોશા વેશ્યા સામે અડગ રહી શક્યા આ ધ્યાનના જ પ્રતાપે. સામે એક વખતની પ્રિયતમા, અત્યારે પણ અનુકૂળ અને પોતાને પિગળાવવા લાખ વાના કરતી કોશા વેશ્યા જાત-જાતના નાચગાન-હાવ-ભાવ કરે, છતાં લાવ જરા જોઉં ! કેવી નાચે છે ? કે લાવ આ પ્રેમ સાચો છે કે બનાવટી એ જોઉં ! આવા કોઇ વિચાર સ્થૂલભદ્રને ઉઠ્યા નહીં ! પોતે અંદરના કો'ક અગોચર ધ્યાનમાં લાગી જતાં હશે ત્યારે જ આ

શક્ય બનતું હશે ને ! એક વાત મનમાં બેસી ગયેલી, જે સુખ અંદર-આત્મધ્યાનમાં-આત્મવશતામાં છે, તે પરમાં-પરાધીનમાં-બાહ્યમાં નથી, ઉજળાં ચામડે મઢવા માત્રથી કંઈ અંદરની ગટર બદલાતી નથી, બહારના આ ગટરક્લાસમાં મન લઈ જવા કરતાં અંદરના ગંગાક્લાસમાં ન લઈ જાઉં !

સાધુ થાય, એટલે દષ્ટિ બદલાઈ જાય, બહારના કાયા વગેરે પોતાના ન લાગે, ક્ષમા વગેરે પોતાના લાગે. તેથી જ્યાં **જગત ક્રોધની ખરીદી કરતું હોય, ત્યાં સાધુ ક્ષમાની કમાણી કરે...** એની દષ્ટિ ધન કે પરિવારપરથી ખસી ગઈ છે.

ध्यानं च निर्मले बोधे सदैव हि महात्मनाम् ।
क्षीणप्रायमलं हेम सदा कल्याणमेव हि ॥१७४॥

ध्यानं च निर्मले बोधे-स्पष्टक्षयोपशमसमुत्थे सति किमित्याह-**सदैव हि महात्मनां**-मुनीनाम्, एतदेव प्रतिवस्तूपमयाह **क्षीणप्रायमलं हेम**-स्वर्णं **सदा कल्याणमेव हि** तथावस्थोपपत्तेः ॥१७४॥

ગાથાર્થ : નિર્મળબોધ પ્રાપ્ત થયે મહાત્માઓને હંમેશા ધ્યાન પ્રાપ્ત થાય છે. ક્ષીણપ્રાય મળવાળું સોનું હંમેશા કલ્યાણરૂપ જ હોય છે.

ટીકાર્થ : સ્પષ્ટ ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો હોવાથી નિર્મળ બનેલો બોધ હોવાથી મુનિઓને હંમેશા ધ્યાન હોય છે. આ જ વાત પ્રતિવસ્તૂપમાથી બતાવે છે - ક્ષીણપ્રાયમળવાળું સોનું હંમેશા કલ્યાણરૂપ છે, કેમકે તેવી અવસ્થા ઉપપન્ન થઈ છે.

ધ્યાનનો હેતુ નિર્મળ બોધ

વિવેચન : સાધુને ધર્મધ્યાન સુલભ કહ્યું છે. કેમકે સાધુને નિર્મળબોધ થયો હોય છે. અલબત્ત, બોધ હંમેશા નિર્મળ હોય, પણ આપણે એમાં રાગ-દ્વેષના રંગો લગાડી એને કલુષિત કરતાં હોઈએ છીએ. પણ જે સાધુઓ આ રાગ-દ્વેષના લેપડાથી પોતાના બોધને દૂર રાખે છે. તેઓને નિર્મલબોધ પ્રાપ્ત થયો કહેવાય. અને એની જ ખરી કિંમત છે. એમ તો આપણે અનંતીવાર ચારિત્ર લીધા. સાડા નવપૂર્વ સુધીના આગમનો બોધ મેળવ્યો, પણ સંસારભ્રમણમાં જરાય ઘટાડો થયો નહીં, કેમ વારું ! આશંસા વગેરેના દુર્ગંધમય રંગોથી આપણા બોધને કલુષિત કરી નાંખેલો, વિકલ્પોના રવૈયાથી ડહોળી નાંખેલો.

જ્યારે જીવ મહાત્માની ભૂમિકા પામે છે, એટલે કે નિર્મળ ચોક્ખી દષ્ટિને પામે છે, ત્યારે તે નિર્મળબોધ પામે છે. આ નિર્મળબોધ થયા પછી મહાપુરુષો નિર્મળ ધ્યાન પામે છે. આ ધ્યાન માત્ર મનની એકાગ્રતારૂપ નથી, એમાં મનસાથે વચન યોગ-કાયાયોગની સ્થિરતા પણ જરૂરી છે. પ્રભુના સ્તવનની કડી લલકારતીવખતે મન તેમાં પરોવાયેલું હોય, ગદ્ગદ્ કંઠે સુમધુર સ્વરે ગીત ગવાતું હોય, ને તે કડીના ભાવમુજબનાં સહેજે હાથ-મોંના અભિનય વ્યક્ત થતાં હોય, ત્યારે ત્રણેય યોગથી ધ્યાનમાં છે. એવી જ રીતે શૈલેષીકરણ ક્રિયાવખતે મનવગેરેના યોગોનો નિરોધ થાય છે. તો ત્યારે મન જ ન રહેવાથી મનની અપેક્ષાએ જ ગણાતું ધ્યાન ક્યાંથી હોવાનું? ત્યાં **યોગશતક**માં કહ્યું છે કાયાની એવી સ્થિરતા કે સૂક્ષ્મ કાયયોગનો પણ નિરોધ થઈ જાય, આ જ ધ્યાનરૂપ છે. માટે મનની એકાગ્રતા માત્રથી ધ્યાન નથી. કોઈ પણ ક્રિયા મન-વચન-કાયાની તે ક્રિયામાં એકાગ્ર દત્તચિત્ત ઉપયોગપૂર્વક થાય, તો તે ધ્યાનરૂપ-યોગરૂપ છે. પડિલેહણ કે પ્રતિક્રમણ ક્રિયા પણ આ હિસાબે ધ્યાનરૂપ બની શકે. માટે વડીલ સાધુઓ નાના સાધુઓને પત્રવગેરેમાં હિતશિક્ષા લખતાં કે 'જ્ઞાન-ધ્યાનમાં ઉજમાળ રહેજો.' અહીં જ્ઞાનથી સ્વાધ્યાયરૂપ જ્ઞાનપ્રકાર લેવાનો છે. પણ ધ્યાન

એટલે શું ? તો કે સાધુધર્મની ચીવટભરેલી દરેક ક્રિયાઓ ! બસ આ બંનેમાં ઉદ્યમવંતા રહેવાનું છે.

ક્રિયામાં મન એવું લગાડી દીધું હોય, કે તે દરેક ક્રિયા તો ધ્યાનરૂપ બને, પણ ક્રિયા પૂરી થયા પછી પણ એની સુવાસ હૈયા પર ફેલાયેલી રહે.

આ જ્ઞાન-ક્રિયા જ જ્ઞાન-ધ્યાનરૂપ છે. આ બે મોળા પડે, ઓછા થાય, તો સમય ફાજલ બચે, કે જેમાં માત્ર કુવિકલ્પોની પરંપરા જ ઊભી થાય. મનને નવરું પાડો, તો આ બધી ધમાલ છે. માટે મનને જ્ઞાન-ધ્યાનમાં જ સતત પરોવાયેલું રાખવું જોઈએ. મહાત્માઓને આવું ધ્યાન સુલભ છે, કેમ? તો કે જેમ ખાણમાંથી નીકળેલું અશુદ્ધ સોનું તાપ-એસીડવગેરે પ્રક્રિયાથી નિર્મળ થતું થતું નેશનલ રિફાઈનરીઓમાં સોટચનું સોનું બને પછી એ હંમેશા કલ્યાણ=શુભમાં જ ઉપયુક્ત બને છે. તેમ આ મહાત્માઓ પણ તથાવિધ શુભ સ્પષ્ટ ક્ષયોપશમ પામી એવી નિર્મળતાને પામ્યા છે, કે હવે એમનું મન સદા કલ્યાણકારી શુભ ધ્યાનમાં જ ઉપયુક્ત રહે છે.

(પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આપેલી વાચનાનાં પૂ. કલ્પરત્ન વિ. મહારાજે કરેલા અવતરણના આધારે ગાથા ૯૧ થી ૧૭૪ સુધીના તૈયાર કરેલા મેટરનું આ વિવરણ અહીં પૂર્ણ થાય છે.)

सत्प्रवृत्तिपदं चेहाऽसङ्गानुष्ठानसंज्ञितम् ।
महापथप्रयाणं यदनागामिपदावहम् ॥१७५॥

सत्प्रवृत्तिपदं चेह-(स पाठा.) तत्त्वमार्गे किमित्याह **असङ्गानुष्ठानसंज्ञितं** वर्तते तथास्वरसप्रवृत्तेः । **महापथप्रयाणं** यदसङ्गनुष्ठानम् । **अनागामिपदावहं** नित्यपदप्रापकमित्यर्थः ॥१७५॥

ગાથાર્થ : અહીં અસંગઅનુષ્ઠાન સંજ્ઞિત સત્પ્રવૃત્તિપદ છે, કે જે મહાપથપર પ્રયાણરૂપ છે અને અનાગામિપદને લાવનારું છે.

ટીકાર્થ : આ પ્રભાદૃષ્ટિમાં સત્ત્વમાર્ગે (પાઠાંતરે તત્ત્વમાર્ગે) આગળ વધનાર મહાનુભાવ સત્પ્રવૃત્તિના સ્થાનભૂત અસંગાનુષ્ઠાનને પામે છે. કારણકે તેવા પ્રકારની સ્વરસપ્રવૃત્તિ થતી હોય છે. અનાગામિપદ = મોક્ષ, કે જ્યાં નિત્યનિવાસ છે; ત્યાં સુધી પહોંચાડનારો જે મહામાર્ગ છે, તે મહામાર્ગમાં પ્રયાણરૂપ આ અસંગાનુષ્ઠાન છે.

સત્પ્રવૃત્તિના સ્થાનભૂત અસંગાનુષ્ઠાન

વિવેચન : ધ્યાનનો માર્ગ સત્ત્વનો માર્ગ છે. ઠંડી-ગરમી, ભૂખ-તરસ, ડાંસ-મચ્છર વગેરે પરિષહોથી કાયર બનનારો ક્રિયામાં ચિત્ત ચોંટાડી શકતો નથી. બહુ ઠંડી લાગે છે, અહીં તો બહુ ગરમી છે, કે અરે ! મચ્છરો ખુબ કરડે છે, ઇત્યાદિ વિચારોમાં સતત મન ખેંચાયેલું રહે, તો તે-તે ક્રિયામાં એકાગ્રતા ક્યાંથી આવવાની ? ધ્યાનમાં તો મારણાંતિક કષ્ટ-ઉપસર્ગ આવ્યે પણ ચસવાનું-ખસવાનું નથી. મનને હટાવવાનું નથી. મચ્છરના ગણગણાટથી ડરનારો સિંહની ગર્જનામાં કેવી રીતે ટકી શકે? એ જ રીતે, નિઃસત્ત્વ જીવ જરા અનુકૂળતા, સુખ-સગવડ કે લોભામણી લાલચો દેખાય, કે તરત જ તે તરફ તણાઈ જવાનો. ભગવાન મહાવીર સ્વામીને સંગમે એક રાતમાં કરેલા વીસ મહા-ઉપસર્ગોમાં મોટા ભાગે પ્રતિકૂળ હતા, તો કેટલાક અનુકૂળ, લલચાવનારા પણ હતા. અપ્સરાઓ લલચાવવા આવેલી, તો દેવ જાણે પ્રસન્ન થઈ આ સાધના-અડગતાનાં ઈનામરૂપે વરદાન આપવા માંગે છે, એવો પણ દેખાવ થયો. પણ ભગવાન એ બધામાં લલચાયા નહીં, તો છેક સુધી પહોંચી શક્યા. વિશ્વામિત્ર જેવા ઘણા સાધકો આમાં ફસાઈ ગયા, તો સાધના અટકી પડી. માટે સત્ત્વમાર્ગે આગળ વધવાનું કહ્યું.

અથવા તત્ત્વમાર્ગે = તત્ત્વપ્રાપ્તિના માર્ગે આગળ વધનાર મહાનુભાવ છેવટે ઉત્તમતત્ત્વરૂપ અસંગઅનુષ્ઠાન પામે છે. સંસારનો માર્ગ અતત્ત્વનો

છે, કેમકે એમાં આત્મસ્વરૂપને અનુકૂળ કશું જ પ્રાપ્ત થતું નથી. પૈસા પરિવાર કે પ્રતિષ્ઠા પરાપેક્ષ છે. પુણ્યાપેક્ષ છે. અને તેથી જ દુઃખરૂપ છે. વિનાશી છે. દુર્ભાવોનું જનક છે. રાગદ્વેષની વૃદ્ધિ કરનારી બધી પ્રવૃત્તિઓ પરમતત્ત્વથી દૂર લઇ જનારી છે, જ્યારે આત્મસ્વરૂપપ્રાપક ધ્યાનવગેરે, ઔદાસિન્યભાવવગેરે તત્ત્વનો માર્ગ છે. આ માર્ગે આગળ વધનારને સત્પ્રવૃત્તિના સ્થાનભૂત અસંગ-અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. કારણ કે હવે એ મહાનુભાવની પ્રવૃત્તિ તે-તે પ્રવૃત્તિમાટે અત્યંત રુચિવાળી- આંતરિક જ ઉઠતી પરિણતિથી જ થતી હોય છે. અર્થાત્ હવે તેની પ્રવૃત્તિમાટે બાહ્ય ગુરૂપદેશ કે શાસ્ત્રપ્રેરણાની પણ જરૂરત રહેતી નથી. આ તથાસ્વરસ છે. એટલે કે તે પ્રવૃત્તિમાટે અત્યંત અનુકૂળ ઊઠતો અંદરનો સ્વયંભૂ રુચિભાવ છે. જે ક્રિયામાં રુચિ ભળે, તે ક્રિયા વધુ રસવાળી-સ્વાદિષ્ટ થાય. આહ્લાદક બને. પછી એમાં ક્રિયાના ઉત્તમ ફળ મળવાના ભાવિકાલીન આનંદની વાત રહેતી નથી, એ ક્રિયા જ અત્યંત આનંદદાયક બની જાય છે. આમ ક્રિયાના ફળની આશા-ઇચ્છા જેટલો પણ સંગ ન રહેવાથી એ અસંગ અનુષ્ઠાન બને છે, કે જેનો છેવટનો છેડો છે મોક્ષ, કે જ્યાંથી પાછા આવવાનું નથી. અસંગઅનુષ્ઠાનમાં અનુષ્ઠાન જેટલો પણ સંગ છે, તે પણ છૂટી જવાથી મોક્ષમાં પૂર્ણ અસંગતા આવી જાય છે. અને પૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે. ત્યાંથી પાછા આવવાનું નથી, એનું એક તાત્પર્ય એ પણ છે, કે એ અદ્ભુત આનંદમાં લીન થયેલા જીવને દુનિયાના કોઇ સંગ પ્રતિ પછી ક્યારેય પણ આકર્ષણ જ ન રહેતું હોવાથી એ સંગ તરફ પ્રવૃત્તિ જ થતી નથી. આમ એ આનંદમાંથી પાછા ફરવાનું રહેતું નથી.

असङ्गानुष्ठाननामान्याह--

प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयः ।
शिववर्त्म ध्रुवाध्वेति योगिभिर्गीयते ह्यदः ॥१७६॥

प्रशान्तवाहितासंज्ञं-सांख्यानां, **विसभाग-परिक्षयो**-बौद्धानां, **शिववर्त्म**-शैवानां, **ध्रुवाध्वा**-महाव्रतिकानां, इति-एवं **योगिभिर्गीयते ह्यदो-ऽसङ्गाऽनुष्ठानमिति ॥१७६॥**

આ અસંગઅનુષ્ઠાનને અન્ય દર્શનકારોએ જુદા જુદા નામે આપેલી માન્યતા હવે બતાવે છે.

ગાથાર્થ : ટીકાર્થ : સાંખ્યો આને પ્રશાંત-વાહિતા કહે છે. બૌદ્ધો વિસભાગપરિક્ષય કહે છે. શૈવો શિવવર્ત્મ કહે છે. મહાવ્રતિકો ધ્રુવાધ્વા કહે છે. આમ યોગીઓવડે અસંગઅનુષ્ઠાન કહેવાયું છે.

प्रशांतवाहिता

વિવેચન : સાંખ્યદર્શનકારો આ અસંગ-અનુષ્ઠાનને પ્રશાંતવાહિતા કહે છે. **પ્રશાંતવાહિતા** રાગ-દ્વેષાત્મક ક્લિષ્ટ પરિણામો-ભાવોના ક્ષય કે ક્ષયોપશમથી કે ઉપશમથી ચિત્તના વિશુદ્ધ થયેલા સંસ્કારરૂપ ગણાય છે. અથવા જે વિશુદ્ધ ચિત્ત-સંસ્કાર છે, તે જ પ્રશાંતવાહિતા છે. રાગ-દ્વેષ જ જીવમાટે મુખ્યતયા સંગરૂપ છે. ચિત્તસંસ્કારને અશુદ્ધ કરનારા તત્ત્વ છે રાગ અને દ્વેષ. એ જેમ જેમ ઘસાતા જાય, તેમ-તેમ ચિત્તસંસ્કાર વિશુદ્ધ બનતાં જાય છે. માટે અસંગઅનુષ્ઠાન પ્રશાંત-વાહિતારૂપ જ છે. જે આવે તે, જેવું આવે તેવું સહજભાવે જરા'ય પ્રતિભાવ મનમાં પણ ઊભો કર્યા વિના અપનાવી લેવાની આ વૃત્તિ છે. ચંચળતા, ઉધામા, બેચેની - આ બધાનું કારણ છે રાગ-દ્વેષ. એ બેથી પીડાયેલો જીવ દુનિયાની સારી નરસી વસ્તુ, સારા-નરસા પ્રસંગ કે સારી-નરસી વ્યક્તિઓ તરફ તેવા-તેવા ગમતા અણગમતા ભાવોના આવેગમાં તણાય છે. દુનિયાના એ વસ્તુ-પ્રસંગ-વ્યક્તિઓ બદલાતાં જાય, એમ સતત ભાવો બદલાતા રહે. આમાં જીવની ઉકળતા પાણી જેવી અવસ્થા થાય છે. એ

બધા ભાવોથી જો એ અલિપ્ત થતો જાય, એમાં રતિ-અરતિ કરવાનું માંડવાળ કરે, તો જ સ્થિર-શાંત થઇ શકે. અસંગઅનુષ્ઠાનની કક્ષાએ પહોંચેલો જીવ આવા ઉઠતાં તરંગો-તોફાનોમાં તણાતો નથી, તેથી જ એના અંતરમાં પ્રશાંતવાહિતા વહેતી થાય છે. અને તે-તે પ્રસંગે રાગ-દ્વેષ ઉઠવાથી કે રતિ-અરતિ થવાથી ચિત્તપર જે મલિન સંસ્કાર પડતા હોય છે, તેનાથી બચવાનું પણ થાય છે. આમ અસંગ-અનુષ્ઠાનથી એક-બાજુ નવા મલિન સંસ્કારો પડવાનું બંધ થાય છે, ને જૂના તેવા પડેલા મલિન સંસ્કારો ભૂંસાવા માંડે છે. આમ ચિત્તસંસ્કારો વિશુદ્ધ થાય છે. માટે સાધકે આ કરવાનું છે, કે **પોતે કેટલા પ્રસંગ-વસ્તુ-વ્યક્તિઓના વિષયમાં રાગ-દ્વેષ, રતિ-અરતિથી બચ્યો,** તે જોતા રહેવું. આ બચવાનું વધારે વિષયમાં અને વારંવાર થતું આવે, તો જીવ શાંત થતો જાય. અને અંદરથી એ પ્રશાંતભાવનો આનંદ અનુભવતો થાય. સાધનાના માર્ક એનાપર મળે છે, કે તમે તેવા કેટલા પ્રસંગોમાં રાગ-દ્વેષથી બચ્યા ?

બૌદ્ધો આને **વિસભાગપરિક્ષય** કહે છે. બૌદ્ધોએ જ્ઞાન-સંતાનના વૈજાત્યના ક્ષયને **વિસભાગપરિક્ષય** કહ્યો છે. મૃગજળમાં પાણીની ભ્રાન્તિ જેવી લોકસંવૃત્તિ, સત્ય નીલ-પીતાદિમાં તેવી જ પ્રતીતિરૂપ તત્ત્વસંવૃત્તિ અને અતીન્દ્રિય પદાર્થો અંગે નામ-જાતિવગેરેના ઉલ્લેખવાળી યોગીપ્રતિપત્તિરૂપ અભિસમયસંવૃત્તિ આ ત્રણ સંવૃત્તિના સંતાન=ક્ષણપરંપરાનો ક્ષય વિસભાગ-પરિક્ષય ગણાય છે. આનું તાત્પર્ય એ છે કે વિસભાગપરિક્ષય થયા પછી ચિત્ત તમામ પ્રકારના વિકલ્પોથી રહિત થાય છે. વિકલ્પોના ઉપપ્લવો= તરંગોથી રહિત આ અવસ્થા ખરેખર અસંગરૂપ જ છે ને ? સંગ નથી, તો વિકલ્પો નથી, વિકલ્પો નથી તો ઉપપ્લવ નથી. ચિત્તમાં ઉઠતા જાત-જાતના વિકલ્પો ચિત્તની સસંગદશાના સૂચક છે, કે જે ચિત્તને રાગ-દ્વેષમાં તાણી જાય છે. માટે સાધકની સાધના વિકલ્પોને ઘટાડતા જવાની છે.

શૈવવર્ગ આને **શિવવર્ત્મ** કહે છે. શિવનો, કલ્યાણનો, મોક્ષનો આ માર્ગ છે. મોક્ષ એ પરમ અસંગદશાભૂત છે, તો એનો માર્ગ પણ અસંગનો જ હોય ને ! બહારથી તે-તે વસ્તુઆદિ સાથેના અને અંદરથી ક્રોધાદિપ્રત્યેના મમત્વને ઘટાડતા જવારૂપ અસંગતામાં આગળ વધવાની પ્રવૃત્તિ જીવને અસંગઅનુષ્ઠાનદ્વારા પૂર્ણઅસંગદશારૂપ મોક્ષે પહોંચાડે છે. માટે એ જ શિવવર્ત્મ છે. સંગ અશિવ=અકલ્યાણકર છે. જીવને મોહ, પાપ અને દુઃખમાં પાડે છે. અસંગ શિવાત્મક છે. જે મોહ, પાપ ને દુઃખથી મુક્ત છે. તેથી અસંગઅનુષ્ઠાનને શિવમાર્ગ કે મોક્ષમાર્ગ કહેવામાં કશું ખોટું નથી.

મહાવ્રતિકમતાનુયાયીઓ આને **ધ્રુવઅધ્વા**= ધ્રુવમાર્ગ કહે છે. ધ્રુવ=જે અચળ એવું સ્થાન છે કે જ્યાં પહોંચ્યા પછી કદી ત્યાંથી ચલાયમાન થવાનું નથી, એ સ્થાને પહોંચાડતો માર્ગ ધ્રુવાધ્વા કહેવાય. આનાથી પણ હકીકતમાં મોક્ષમાર્ગ જ ફલિત થાય છે. અથવા યોગસાધનાથી જે અવશ્ય પ્રાપ્ત સ્થાન છે, તે ધ્રુવ. તેનો માર્ગ ધ્રુવમાર્ગ એમ પણ કહી શકાય.

આમ જૂદા-જૂદા દર્શનના યોગીઓ જૂદા-જૂદા શબ્દપ્રયોગથી આ અસંગઅનુષ્ઠાનને ઓળખે છે.

एतत्प्रसाधयत्याशु यद्योग्यस्यां व्यवस्थितः ।
एतत्पदावहैषैव तत्त्रैतद्विदां मता ॥१७७॥

एतद्-असङ्गानुष्ठानं, **प्रसाधयत्याशु**-शीघ्रं, **यद्योगी अस्यां**-दृष्टौ **व्यवस्थितः** सन्, **एतत्पदा-वहैषैव** दृष्टिः **तत्त्रैतद्विदां मता**-इष्टेति ॥१७७॥ **उक्ता सप्तमी दृष्टिः ।**

ગાથાર્થ : ટીકાર્થ : જેથી આ દૃષ્ટિમાં રહેલો યોગી આ અસંગઅનુષ્ઠાનને શીઘ્ર પ્રકર્ષથી સાધે છે, તેથી ત્યાં આના જાણકારોને આ દૃષ્ટિ આ પદને લાવનારી તરીકે ઇષ્ટ છે.

પ્રભાદૃષ્ટિનો પ્રભાવ

વિવેચન : પ્રભા નામની આ સાતમી દૃષ્ટિમાં રહેલો યોગી અસદ્ અનુષ્ઠાનને શીઘ્ર અને પ્રકર્ષભાવે સાધી લે છે, કારણકે આ દૃષ્ટિમાં રહેલાને વિષય-ભોગની ખણજ જેવા માનસિક રોગો પણ નડતા નથી, શમભાવ પ્રાપ્ત થયો છે. અને ધ્યાનથી પ્રાપ્ત થતાં સુખને સતત અનુભવે છે. સાતમીદૃષ્ટિને પામેલો (૧) માનસિક રોગોથી રહિત છે. ઓછુ આવવું, વાંકુ પડવું, ખોટું માનવું કે માઠુ લાગવું જેવી મનને કલુષિત કરનારી પીડાઓથી એ મુક્ત છે. (૨) તત્ત્વ પરિણતિ પામેલો છે, અર્થાત્ અતત્ત્વભૂત શું છે ? આત્મામાટે અકલ્યાણભૂત શું છે ? તે બરાબર સમજેલો છે. તેથી અતત્ત્વભૂત કષાયોથી મુક્ત હોવાથી (૩) શમભાવથી યુક્ત છે. દુનિયાની અપેક્ષાએ સાવ ઠંડો પડી ગયો છે. વળી (૪) મન્મથ-કામવાસનાઓને જીતી લીધી છે, કારણ કે (૫) વાસના એ પશુચેષ્ટા છે સાધક માનવમાટે જુગુપ્સનીય છે એવા વિવેકનું બળ પ્રાપ્ત થયું છે. તેથી (૬) જગતમાં આત્મા અને આત્માના ગુણોને છોડી બીજું કશું સુખનું સાધન નથી, પણ માત્ર દુઃખનું જ કારણ છે, કેમકે એ બીજા કશાપર આત્માનો અધિકાર ચાલતો નથી, એ બધા કર્મવગેરે પરને વશ=આધીન છે. આમ માત્ર આત્મલક્ષી ને આત્મગુણસાપેક્ષ થવાથી જ તેને (૭) શમપ્રધાન, નિર્મળબોધયુક્ત ધ્યાન અને તજજન્ય સુખની સતત અનુભૂતી હોય છે. આમ આ દૃષ્ટિને પામેલો જીવ આ બધા ગુણોથી અસંગનામક અનુષ્ઠાનનો સ્વામી બનેલો છે, અને મોક્ષમાર્ગ પામેલો તે મોક્ષની નિકટમાં છે. સાતમી દૃષ્ટિનું વિવેચન થયું.

(આ દૃષ્ટિની વિશિષ્ટતાઓ માટે યોગદૃષ્ટિ સમુચ્ચય ભાગ-૧ પૃષ્ઠ ૧૮૮ તથા પૃ. ૨૦૦ જુઓ.)

આઠમી પરાદૃષ્ટિ

अधुनानन्तरोच्यते। तदाह--

समाधिनिष्ठा तु परा तदासङ्गविवर्जिता।
सात्मीकृतप्रवृत्तिश्च तदुत्तीर्णाशयेति च ॥१७८॥

समाधिनिष्ठा तु परा-अष्टमी दृष्टिः *"समाधिस्तु ध्यानविशेषः,"* (तत्) फलमित्यन्ये। यथोक्तं *"देश-बन्धश्चित्तस्य धारणा"* (३-१ पा.) *"तत्र प्रत्ययैकता-नता ध्यानं"* (३-२ पा.) *"तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः"* (३-३ पा.) इति॥ **तदा-सङ्गविवर्जिता**-समाध्यासङ्गविवर्जिता भूतप्रवृत्ति-श्चैषा चन्दनगन्धन्यायेन। **तदुत्तीर्णाशयेति चा-**ऽसच्चित्ताऽभावेन ॥१७८॥

હવે પછીની - આઠમી દૃષ્ટિ કહે છે -

ગાથાર્થ : પરા દૃષ્ટિ સમાધિનિષ્ઠ છે, તેના આસંગથી રહિત છે. સાત્મીકૃત પ્રવૃત્તિવાળી છે, અને તેનાથી ઉત્તીર્ણ થયેલા આશયવાળી છે.

સમાધિ

ટીકાર્થ : આઠમી **પરા દૃષ્ટિ** સમાધિનિષ્ઠ છે. સમાધિ ધ્યાનવિશેષરૂપ છે. બીજા મતે ધ્યાનના ફળરૂપ છે. કહ્યું છે કે ચિત્તનો દેશબંધ ધારણા છે. ત્યાં પ્રત્યયએકતાનતા ધ્યાન છે, અને તે જ અર્થમાત્ર નિર્ભાસવાળું બને અને જાણે સ્વરૂપશૂન્ય ન હોય, તેમ લાગે તે સમાધિ છે. (યો.દ. ૩/૨) વળી આ દૃષ્ટિ સમાધિના આસંગથી રહિત છે. ચંદનગંધન્યાયથી આ ભૂતપ્રવૃત્તિરૂપ છે, અને અસત્ ચિત્તનો અભાવ હોવાથી તેનાથી ઉત્તીર્ણ થયેલા આશયવાળી છે.

વિવેચન : આઠમી **પરા** દૃષ્ટિમાં **સમાધિ** યોગાંગ છે. **આસંગદોષથી** મુક્તિ છે. અને **સાત્મીકૃતપ્રવૃત્તિ** ગુણ છે. અને બોધ **ચંદ્રપ્રકાશ સમ** છે. આ પરાદૃષ્ટિ સમાધિનિષ્ઠા ગણાય છે. અર્થાત્ સમાધિમાં જ લય પામનારી છે. ધ્યાનવિશેષ જ સમાધિ છે. વિશિષ્ટ શુભધ્યાનમાં મનનું એકાકાર થવું, આ જ સમાધિ છે. એમ એક મત છે. બીજા મતે આવા ધ્યાનનું ફળ સમાધિ છે. ધ્યાનમાં મગ્ન થયેલો જીવ અદ્‌ભુત આનંદ અનુભવતો હોવાથી અને વિકલ્પોથી મુક્ત રહેતો હોવાથી ધ્યાનને સમાધિરૂપ કહી શકાય. પણ બીજા મતે ધ્યાનનું ફળ સમાધિ છે. **પાતંજલ**-યોગદર્શનમાં કહ્યું છે, ચિત્તનો દેશબંધ ધારણા છે. અર્થાત્ ચિત્તને અમુક નિશ્ચય કરેલા વિષયરૂપી ક્ષેત્રમાં જ બાંધી રાખવું - ચોંટાડી રાખવું અને બધે ભટકવા દેવું નહીં, તે ધારણા છે. પછી ધારણાથી ચિત્તને જે વિષયમાં બાંધ્યુ છે, તે જ વિષયઅંગે એકતાનના આવવી - વધુ ને વધુ એકાગ્રતા - મનના સ્થિરતર પરિણામો અખંડ ધારાએ વહેવા અથવા એમ કહીએ કે એ ધારણાગત વિષયના પણ અમુક જ પર્યાયઆદિના ચિંતનમાં મન એકાકાર થઇ જવું, આ ધ્યાન છે. પછી જ્યારે તે જ એકમાત્ર અર્થ = વિષયનો નિર્ભાસમાત્ર રહે, અને જાણે કે તે ગુણ-પર્યાયાદિ તમામ સ્વરૂપથી શૂન્ય શુદ્ધ દ્રવ્યાદિરૂપે કે જેથી કોઇ પર્યાયાદિવિષયક વિકલ્પો જ ન રહે, તેવી ભૂમિકા થાય, ત્યારે તે સમાધિ કહેવાય છે. એમ કહી શકાય કે બાકીના બધા વિષયો છોડી એક જ વિષય = અર્થ = દ્રવ્ય એના ઘણા ગુણ-પર્યાયોસાથે ચિંતવાય, ત્યારે **ધારણા**. જ્યારે એ જ દ્રવ્યનું તેના એકાદ ગુણ કે પર્યાય સાથે એકાગ્ર-ચિંતન થાય, ત્યારે **ધ્યાન** અને તમામ સ્વરૂપથી શૂન્ય માત્ર દ્રવ્યનો જ નિર્ભાસ થાય, તે **સમાધિ**. આમ અહીં ધ્યાનની ઉત્તર ભૂમિકા અને તે રૂપે ફળરૂપે સમાધિ બતાવી. સાતમી દૃષ્ટિમાં ધ્યાન છે, તો તે પછીની દૃષ્ટિમાં તેના ફળરૂપ સમાધિ માની શકાય. મહોપાધ્યાય **યશોવિજયજી** મહારાજે **યોગવિંશિકા**ની ટીકામાં નિરાલમ્બન ધ્યાનની ફળપરંપરામાં સમાધિ બતાવી છે, અને તે બે રીતે કહી છે - (૧) વિકલ્પજ્ઞાનરૂપ મનોવૃત્તિના

અત્યંતનાશથી સયોગીકેવલીને સમાધિ હોય છે અને (૨) મનના પરિસ્પન્દનરૂપ યોગના નિરોધથી અયોગી કેવલીઓને સમાધિ હોય છે. આમ સયોગી કેવલી દશામાં મનના વિકલ્પ-વૃત્તિનો નાશ છે. અને અયોગીદશામાં મનનો જ-મનોયોગનો જ નાશ છે.

આસંગદોષ ત્યાગ

વળી આ દૃષ્ટિમાં આસંગદોષથી મુક્તિ છે. આસંગ=આસક્તિ. ગમી જવું. વળગ્યા રહેવાનું મન થવું. આમ તો સાતમી દૃષ્ટિમાં અસંગ અનુષ્ઠાન આદરનારા જીવને હવે દુનિયાની કોઇ ચીજ મમત્વ-આસક્તિ-વળગણરૂપ બની શકે તેવી નથી. તો સવાલ થાય કે હવે શાનો આસંગ હોઇ શકે કે જે આ આઠમી દૃષ્ટિમાં છૂટે છે? આનો જવાબ એ છે, કે સાતમી દૃષ્ટિ સુધીમાં દુન્યવી બીજા-ત્રીજા બધા અસંગો છૂટી ગયા. પણ હજી પૂર્ણ નિર્વિકારદશા ન આવી હોવાથી અસંગ અનુષ્ઠાન કે ધ્યાનપર આસંગ સંભવતો હતો. આ અસંગઅનુષ્ઠાન- આ ધ્યાન સારું છે. મારે વારંવાર આ સેવવું જોઇએ. મને આ ધ્યાન વગેરે ગમે છે, અરે છેવટે મોક્ષ ગમે છે, ઇત્યાદિરૂપ પણ આસંગ સંભવતો હતો. આઠમી દૃષ્ટિમાં અનાસંગભાવ-અનાસક્તિભાવ એવી પરાકાષ્ઠાએ પહોંચ્યો છે, કે હવે અત્યંત આહ્લાદ દેનારી આ સમાધિ કે મોક્ષ પ્રત્યે પણ આસંગ-આસક્તિ રહી નથી. એના પ્રત્યે પણ ગમવાપણું કે વળગણ રહ્યા નથી. ઇચ્છા અને વિકલ્પજન્ય જે મનોવૃત્તિઓ હતી, તે બધી શાંત થઇ જવાથી, સંપૂર્ણ રાગદશા નષ્ટ થઇ જવાથી હવે બીજું બધું તો શું, સમાધિપ્રત્યે પણ ગમવાપણાના વળગણથી છૂટી ગયો છે.

વળગણ-ગમવાપણું કોઇના પ્રત્યે પણ હોય, તો તે જીવની પૂર્ણ શુદ્ધિ અને મુક્તિને રોકે છે. ગૌતમસ્વામી જેને પ્રતિબોધ કરવા ગયેલા તે દેવશર્માને પત્નીપ્રત્યે વળગણ હતું. તો ગૌતમ સ્વામી જેવા સામે ચાલીને પ્રતિબોધ કરવા આવ્યા છતાં પ્રતિબોધ પામ્યા નહીં, ને અંતે મરીને પત્નીના જ શરીરમાં જૂ તરીકે ઉત્પન્ન થયા. દુનિયાની જેટલી ચીજ ભેગી કરો એટલા વળગણના સ્થાન વધે, મમતાના જાળરૂપ બને. ઊડી શકતી માખી જાળામાં ફસાયા પછી ઊડી શકતી નથી. એમ મુક્ત-અપ્રતિબદ્ધ ગુણ ધરાવતો જીવ એ દુન્યવી વળગણોના જાળામાં અટવાયા પછી મુક્ત રીતે સાધનામાર્ગે આગળ વધી શકતો નથી. માટે જ ભગવાન **નેમનાથવગેરે** જ્યારે **ગજસુકુમાલ** જેવા મુમુક્ષુઓને દીક્ષા માટે ઘરે સંમતિ લેવા જવાની વાત આવી, ત્યારે ખાસ કહેલું - **મા પડિબંધં કુણહ**- ક્યાંય પ્રતિબંધ-આસક્તિ-મમતા કરીશ નહીં. જો રડતા, નહીં જવા વિનવતા, બધી રીતે અનુકૂળ થવા વચન આપતા સ્વજનોપ્રત્યે મમતા-આસક્તિ કરીશ, તો સાધનામાર્ગે આગળ વધી શકીશ નહીં. આમ જેને સાધના કરવી છે, તેને સંસારી વળગણો, સાધનો ઘટાડતા જવા જોઇએ. સાધનોની વચ્ચે રહી મમતા ઘટાડવાની વાત આત્મવંચક બની જવા સંભવ છે, કેમકે ઉપયોગી-આવશ્યક લાગતી ચીજપ્રત્યે મનને સહજ મમતા ઊભી થઇ જાય છે. અરે **ભગવાન મહાવીરસ્વામી**પ્રત્યે **ગૌતમસ્વામી**ને સ્નેહ હતો. એટલા અંશે વળગણ હતું. ત્યાં સુધી કેવળજ્ઞાન થયું નહીં, તેથી ભગવાને પોતાની પ્રત્યે મમતા તોડાવવા છેલ્લી ઘડીએ પોતાનાથી દૂર કર્યા... પછી વીરપ્રભુના વિરહે વીર... વીર... કરતાં ગૌતમસ્વામીને વીતરાગભાવ યાદ આવ્યો, ને વીતરાગદશામાં આવી ગયા.

આમ વળગણો ઘટાડવા પડશે, અને તેમાટે પ્રથમ ઉપાયરૂપે વળગણરૂપ બનતી અનુકૂળ-સુખ-સગવડ દાયક સામગ્રીઓ છોડવી-ઘટાડવી પડશે. એમાં આગળ વધતાં આઠમી દૃષ્ટિએ

સમાધિ જેવી ઉત્તમોત્તમ અધ્યાત્મભૂમિકા પ્રત્યેની પણ આસંગદશાથી મુક્ત થવાશે.

આશયમુક્ત સાત્મીભૂત પ્રવૃત્તિ

વળી, આ આઠમી દૃષ્ટિમાં સાત્મીભૂત પ્રવૃત્તિ હોય છે. ચંદન અને તેની સુવાસ જેમ એકમેકી-ભાવને પામી ગયા છે. ચંદનના કણ કણમાં સુવાસ વ્યાપેલી છે. આ સુવાસથી ચંદનને અલગ કરી શકાતું નથી. તેથી જ રંધો ચંદનને છોલી નાંખે, તો એટલા પણ ચંદનસાથેના સંપર્કથી રંધો સુવાસિત થઇ જાય છે. આ જ રીતે આ દૃષ્ટિને પામેલાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અખંડ એકાત્મતા અનુભવતી પ્રવૃત્તિ સહજરૂપે થાય છે. આત્માના પ્રદેશે પ્રદેશે વણાઇ ગયેલી આ પ્રવૃત્તિ કરવાની રહેતી નથી, થઇ જાય છે. આપણે ક્ષમા કરવાની છે, એમની ક્ષમા થઇ જાય છે, આપણે સમતા રાખવાની છે, એમની સમતા રખાઇ જાય છે. જેમ ક્રોધથી અત્યંત ભાવિત થયેલો માણસ કહેતો હોય છે કે 'મારે ક્રોધ ન હોતો કરવો, પણ શું કરું ? થઇ ગયો ?' એમ આ દૃષ્ટિમાં રહેલા જીવની ભૂમિકા એવી હોય છે, 'ક્ષમા રાખવી પડતી નથી, રખાઇ જ જાય છે !' એટલી બધી ઊંચી અવસ્થા હોય છે કે કૃત્રિમ ક્રોધ વગેરે પણ ઊઠતા નથી. તેથી જ તીર્થંકરો મુમુક્ષુને દીક્ષા આપે, પણ ગ્રહણાદિ શિક્ષામાટે પોતાની પાસે ન રાખતા છદ્મસ્થ સ્થવિર સાધુઓને સોંપે.

ક્ષમા, સમતા, શ્રદ્ધા આદિની સતત પ્રવૃત્તિ, સતત ભાવના, સતત ધારણા, સતત ધ્યાન, આ બધાથી એ પ્રવૃત્તિઓ જીવ સાથે એકમેક થઇ જાય છે.

અને કમાલની વાત તો એ છે કે આવી પ્રવૃત્તિ પણ તેવી પ્રવૃત્તિઅંગેના કોઇ પણ આશયથી ઉત્તીર્ણ થયેલી હોય છે, એટલે કે એવી પ્રવૃત્તિ થાય, ત્યારે પણ એ પ્રવૃત્તિ કરવાનો કોઇ આશય હોતો નથી. કેમકે આશય ચિત્તમાં જાગે. આશય-પૂર્વકની પ્રવૃત્તિ પ્રયોજન સિદ્ધ કરવામાટે હોય છે. ત્યાં પ્રયોજન સિદ્ધ કરવા જેટલી પણ ઇચ્છા-રાગાત્મકતા રહે છે. જ્યારે આ દૃષ્ટિમાં એવી ઇચ્છા-આસંગદશાથી પૂર્ણ મુક્તિ છે. આમ એવી ઇચ્છા-ઇચ્છાવાળું ચિત્ત જ રહેતું ન હોવાથી એવો આશય પણ રહેતો નથી.

निराचारपदो ह्यस्यामतिचारविवर्जितः ।
आरूढारोहणाभावगतिवत्त्वस्य चेष्टितम् ॥१७९॥

निराचारपदो हि-एव अस्यां दृष्टौ योगी भवति, प्रतिक्रमणाद्यभावात्, अतिचारविवर्जितस्तन्निबन्ध-नाभावेन। आरूढारोहणाभावगतिवत्त्वस्य-योगि-नश्चेष्टितं भवति, आचारजेयकर्माभावाद् निराचारपद इत्यर्थः ॥१७९॥

ગાથાર્થ : આ દૃષ્ટિમાં યોગી નિરાચારપદવાળો હોય છે અને અતિચારથી રહિત હોય છે. આરૂઢ-આરોહણાભાવગતિની જેમ એની ચેષ્ટા હોય છે.

ટીકાર્થ : આ દૃષ્ટિમાં યોગી પ્રતિક્રમણવગેરે ન હોવાથી નિરાચારપદને પામ્યો છે. વળી અતિચાર લાગવાના કારણો રહ્યા ન હોવાથી અતિચારથી રહિત છે. વળી, જેમ પર્વતપર ચઢી ગયેલાને હવે ચડવાની ગતિ રહેતી નથી, તેમ આ યોગીની ચેષ્ટા સમજવાની છે. કેમકે આચારોદ્વારા જીતવાયોગ્ય કર્મો જ હવે રહ્યા ન હોવાથી આ નિરાચારપદ - નિરાચારસ્થાન છે.

આચાર-અતિચારનો અભાવ

વિવેચન : આ દૃષ્ટિમાં યોગી નિરાચાર પદવાળો હોય છે. અર્થાત્ એને કોઇ આચાર આચરવાનો હોતો નથી. પ્રતિક્રમણવગેરે કરવાના હોતા નથી. પ્રતિક્રમણાદિ આચારો જીવમાંથી અશુભસંસ્કારોને ભૂંસવા અને શુભ-સંસ્કારો સ્થાપવામાટે હોય છે. પણ આ આઠમી દૃષ્ટિ પામેલો તો અશુભસંસ્કારોથી તદ્દન મુક્ત બની

ગયો છે, એટલે શુભસંસ્કારોની પણ હવે તેને જરૂરત રહી નથી, કેમકે હવે શુદ્ધ પ્રવૃત્તિઓ આત્મસાત્ બની ગઇ છે. માટે એને હવે પ્રતિક્રમણઆદિ કોઇ આચારપાલન રહેતા નથી. આમ તેઓ કલ્પાતીત અવસ્થાને પામેલા છે.

અહીં સવાલ થાય, કે જો અતિચાર લાગે, તો? તો તેનો જવાબ એ છે કે અતિચાર લાગવાના મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કે કષાયરૂપ કોઇ કારણ જ રહ્યા ન હોવાથી તેઓ અતિચારથી રહિત છે. એટલે કે તેમની કોઇ પણ પ્રવૃત્તિ ગર્હણીય કે નિંદાપાત્ર હોઇ શકે જ નહીં. તેથી જ તેઓને ઇર્યાપથિકી જ કર્મબંધ છે. વિહારાદિથી જે કર્મબંધ છે, તે સામાયિક છે. પ્રથમ સમયે બંધાય, બીજા સમયે વેદાય અને ત્રીજા સમયે છૂટી જાય.

અહીં દૃષ્ટાંત છે - પર્વત પર ચઢનારે ચઢવાની ગતિક્રિયા કરવાની છે. પણ પર્વતપર આરૂઢ થઇ ગયેલાને હવે એ ગતિક્રિયા કરવાની રહેતી નથી. એમ આ યોગીની જે ચેષ્ટા છે - જે સાત્મીભૂત પ્રવૃત્તિ છે, તે કોઇ આચારાત્મક નથી. કેમકે આચારોને આચરીને જે કર્મોને જીતવાના છે, ખપાવવાના છે, તે કર્મો હવે સંપૂર્ણપણે જિતાઇ ગયા હોવાથી એ કર્મો રહ્યા નથી. અને એ કર્મો ન રહેવાથી હવે એ આચારો પાલવારૂપ ક્રિયા કરવાની નથી. માટે યોગી નિરાચારપદ પામ્યો છે. નિશ્ચયને સંમત શુદ્ધ પરિણામોને પામી ગયેલાનો વ્યવહાર સહજ-સુવાસિત-વિશુદ્ધ હોય છે. ક્યારે પણ દૂષિત હોતો નથી. હજી એ પરિણામને નહીં પામેલાઓએ સભાનતાથી-ઉપયોગ અને દૃઢપ્રણિધાનાદિપૂર્વક આચારાદિરૂપ વ્યવહારો કરવાના હોય છે. આચાર પાલનમાં ચુસ્ત રહેવાનું હોય છે.

कथं भिक्षाटनाद्याचारोऽस्येत्याशङ्कापनोदायाह--

रत्नादिशिक्षादृग्भ्योऽन्या यथा दृक् तन्नियोजने।
तथाचारक्रियाप्यस्य सैवान्या फलभेदतः ॥१८०॥

रत्नादिशिक्षादृग्भ्यः सकाशात् **अन्या**-भिन्नैव **यथा दृक् तन्नियोजने** शिक्षितस्य सतः। **तथाऽऽचारक्रियाप्यस्य**-योगिनः, **सैव**-भिक्षाटनादिलक्षणा **अन्या** भवति। कुत इत्याह **फलभेदतः** प्राक् साम्परायिककर्मक्षयः फलं इदानीं तु भवोपग्राहिकर्मक्षय इति ॥१८०॥

અહીં પ્રશ્ન થાય, તો આ પરાદૃષ્ટિ પામેલા યોગીઓને ભિક્ષાટન કરવા નીકળવું વગેરે આચારો કેવી રીતે ઘટશે ? અહીં સમાધાન આપે છે.

ગાથાર્થ : જેમ રત્નાદિશિક્ષાવાળી દૃષ્ટિથી ભિન્ન દૃષ્ટિ તેના નિયોજનમાં (શિક્ષિતની હોય છે.) તેમ આની આચારક્રિયા પણ ફળના ભેદથી ભિન્નરૂપ હોય છે.

ટીકાર્થ : જેમ રત્નવગેરેના વિષયમાં શિક્ષણકાલે રત્નને જોવાની દૃષ્ટિ કરતાં શિક્ષિત-અભ્યસ્ત થઇ ગયેલાની રત્ન જોવાની દૃષ્ટિ ઘણી ભિન્ન કોટિની હોય છે, તેમ આઠમી દૃષ્ટિવાળા યોગીની ભિક્ષાટનવગેરે આચારક્રિયા પણ ફળના ભેદથી પૂર્વની દૃષ્ટિવાળાઓની આચારક્રિયાથી ભિન્ન પ્રકારની હોય છે. પૂર્વે સામ્પરાયિક કર્મક્ષય ફળ હતું, હવે ભવોપગ્રાહીકર્મક્ષય ફળરૂપ છે.

સિદ્ધના આચારમાં કાર્યભેદ

વિવેચન : હીરાની પરખ કરવાની કળા શીખવા નવો જોડાયેલો વિદ્યાર્થી હીરાને જૂએ ત્યારે કુતુહળ-જિજ્ઞાસાવગેરે ભળેલા હોય છે, હીરાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તેની સમજ મેળવવા મથતો હોય છે. જેમ જેમ અભ્યાસ અને અનુભવ વધતો જાય, તેમ તેમ હીરાના મૂલ્યાંકનવગેરે વિષયમાં પ્રવિણતા મેળવતો જાય. પણ તે દરેક અવસ્થામાં હીરાને પરખવાની કળા મેળવવાની જ દૃષ્ટિ એ હીરા જોવામાં હોય છે.

પણ એક વખત નિપુણ થઇ ગયા પછી હીરા પર એની દૃષ્ટિ પડે, ત્યારે જાણકારી મેળવવાની

ગણત્રી નથી હોતી, પણ અભ્યાસ-અનુભવથી ઘડાયેલી જાણકારીને અમલમાં મુકવાની દૃષ્ટિ હોય છે. હીરાની કિંમત આંકી લાભ-નુકસાનનો વિચાર હોય છે. આમ પૂર્વે હીરાપર દૃષ્ટિ જતી હતી શીખવાના ઉદ્દેશ્યથી, હવે જાય છે મૂલ્યાંકન કરવાના આશયથી.

શાળામાં એકડે એકથી શીખતો વિદ્યાર્થી આંક કે અક્ષર લખે છે, શીખવામાટે. શાળામાંથી ઉત્તીર્ણ થઇ જીવનવ્યવહારમાં આવેલો માણસ આંક કે અક્ષર લખે છે ધંધાવગેરે કારણથી.

એમ પૂર્વની દૃષ્ટિઓમાં રહેલા યોગસાધકો ભિક્ષાટનાદિ આચારોમાં પ્રવર્ત્તે છે આત્માને સુસંસ્કારોથી ઘડવામાટે, અને આ આઠમી દૃષ્ટિમાં રહેલો યોગી ભિક્ષાટનાદિમાં પ્રવૃત્ત થાય છે, તે ઘડાઇ ગયેલા આત્માની સહજ ક્રિયારૂપે તેથી જ પૂર્વેના આચારપાલનનું ફળ હતું સામ્પરાયિક = કષાયઆદિજન્ય અથવા કષાયઆદિમાં કારણભૂત કર્મનો ક્ષય. અથવા મોહનીયકર્મ/ઘાતિકર્મના ક્ષયમાટે એ આચારપાલન હતું. હવે જે આચાર થાય છે, તેનું ફળ છે- ભવોપગ્રાહિક = અઘાતિ કર્મોનો ક્ષય. આમ આઠમી દૃષ્ટિના યોગીઓની આચારક્રિયાનું ફળ પૂર્વની દૃષ્ટિઓમાં રહેલા યોગીઓથી ભિન્ન છે, તેથી ક્રિયા પણ ભિન્ન છે, એમ નિશ્ચિત થાય છે.

तन्नियोगान्महात्मेह कृतकृत्यो यथा भवेत्।
तथाऽयं धर्मसन्न्यासविनियोगान्महामुनिः ॥१८१॥

तन्नियोगाद्-रत्ननियोगात् **महात्मेह**-लोके **कृतकृत्यो यथा भवेत्** कश्चिद्रत्नवणिक्। **तथाऽयं**-अधिकृतयोगो, **धर्मसन्न्यासविनियोगात्सकाशात् महामुनिः** कृतकृत्यो भवतीति ॥१८१॥

ગાથાર્થ : જેમ અહીં તેના નિયોગથી મહાત્મા કૃતકૃત્ય થાય છે, તેમ આ મહામુનિ ધર્મસંન્યાસના વિનિયોગથી (કૃતકૃત્ય થાય છે.)

ધર્મસંન્યાસ

ટીકાર્થ : જેમ લોકમાં રત્નના નિયોગથી કો'ક રત્નવણિક્ કૃતકૃત્ય થાય છે, તેમ આ અધિકૃત-યોગવાળો મહામુનિ ધર્મસંન્યાસના વિનિયોગથી કૃતકૃત્ય થાય છે.

વિવેચન : લોકમાં રત્નનો વેપારી રત્નોનો નિયોગ= લેવડ દેવડ આદિ વેપાર કરીને કૃતકૃત્ય= રત્નના અભ્યાસના પ્રયોજનને સિદ્ધ કરે છે. રત્નો પારખવાની કળા પ્રાપ્ત કર્યા પછી જો રત્નોનો વેપાર કરી કમાણી ન કરે, તો શીખ્યાનું ફળ શું ? લાભ શો ? જો એ વેપારાદિ કરી કમાણી કરે, તો શીખ્યાનું ફળ મળ્યું ગણાય અને કૃતકૃત્ય થયો ગણાય. એ જ રીતે આઠમી દૃષ્ટિને પામેલો યોગી જે ધર્મસંન્યાસ પામ્યો છે, તેનો વિનિયોગ કરીને કૃતકૃત્ય થાય છે.

ધર્મસંન્યાસ = ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ. ક્ષાયોપશમિકભાવના ધર્મો આચારનિર્વાહ્ય હોય છે. અર્થાત્ આચારપાલનાદિથી ઉત્પન્ન થાય છે, વૃદ્ધિંગત થાય છે, શુદ્ધ થાય છે અને સ્વયં આચારના ઉપષ્ટંભક પણ થાય છે. પણ એ બધા ધર્મો પણ એક પ્રકારે સંગરૂપ છે. અલબત્ત એ સુસંગ કહેવાય, છતાં આઠમી દૃષ્ટિમાં કે જ્યાં સમાધિપ્રત્યે પણ આસંગ રહ્યો નથી, ત્યાં આ સંગ તો ક્યાંથી રહેવાનો ! આમ આઠમી દૃષ્ટિમાં ક્ષાયોપશમિકભાવના ધર્મોનો સહજરીતે સંન્યાસ છે. જે ધર્મો સાધનરૂપ બની આ ભૂમિકા સુધી પહોંચાડવા સહાયક બન્યા, એ પણ અંતે છોડવાના છે. આમ ધર્મસંન્યાસને વિશેષથી અમલમાં મુકવાથી આ યોગી કૃતકૃત્ય થાય છે. અથવા પોતે જે ધર્મસંન્યાસ પામ્યો છે, તેનો અન્યમાં વિનિયોગ કરવાદ્વારા તે કૃતકૃત્ય થાય છે.

तत्र- ત્યાં

द्वितीयाऽपूर्वकरणे मुख्योऽयमुपजायते।
केवलश्रीस्ततश्चास्य निःसपत्ना सदोदया ॥१८२॥

द्वितीयाऽपूर्वकरणे-श्रेणिवर्तिनि, **मुख्योऽयं**-धर्मसन्न्यासः **उपजायते,** उपचरितस्तु प्रमत्तसंयतादारभ्य, **केवलश्रीस्ततश्च**-धर्मसन्न्यासविनियोगात् **अस्य**-योगिनो **निःसपत्ना** केवलश्रीः, **सदोदया** प्रतिपाताभावेन ॥१८२॥

ગાથાર્થ : દ્વિતીય અપૂર્વકરણમાં આ મુખ્ય રૂપે થાય છે. તેનાથી આને સદોદયવાળી નિઃસપત્ન કેવલલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ : શ્રેણિવર્ત્તી દ્વિતીય અપૂર્વકરણમાં આ મુખ્ય ધર્મસંન્યાસ પ્રાપ્ત થાય છે. ઉપચરિત ધર્મસંન્યાસ તો પ્રમત્તસંયતથી આરંભાય છે. તેથી પછી ધર્મસંન્યાસના વિનિયોગથી આ યોગીને પ્રતિપાત ન હોવાથી સદોદય અને નિઃસપત્ન કેવલલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

मुख्य धर्मसंन्यास श्रेणिवर्तीने

विवेचन : આ ધર્મસંન્યાસ મુખ્યરૂપે બીજા અપૂર્વકરણવખતે આઠમા ગુણસ્થાનકે ઉપજે છે, પ્રગટ થાય છે. પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે જીવ પ્રથમ અપૂર્વકરણ કરતો હોય છે. અપૂર્વકરણનો અર્થ છે - પૂરા ભવચક્રમાં પહેલા ક્યારેય નહીં કરેલો પ્રયત્નવિશેષ. મોહાધીન જીવ ભવોભવ એકની એક પ્રકારની પ્રવૃત્તિઓ જ કર્યા કરતો હોય છે. સમુદ્રના ખારા પાણી જેમ પીઓ એમ તૃષ્ણિને બદલે તૃષા વધારે. એમ વિષયોમાં આત્માના પ્રયત્નો અનંતકાળથી ચાલુ હોવા છતાં આત્મા ક્યારેય તૃપ્ત ન થયો. દરેક વખતે આ અપૂર્વ છે, આ મજા તો પહેલીવાર જ આવી, એમ માનીને વધુને વધુ વિષયોની ખણજવાળો બનતો જાય છે. એટલે એ બધા જ પ્રયત્નો પૂર્વકરણરૂપ હતા. મોહવાસનાથી મુક્ત થવા, વાસનાની તૃપ્તિ ભોગવવાથી નહીં, છોડવાથી છે એવા આંતરિક સંવેદનો જાગવાથી અને પરમતત્ત્વપ્રત્યે રુચિ પ્રગટ થવાના નિમિત્તો મળવાથી જીવ જે પ્રયત્નવિશેષ કરે છે, તે પૂર્વે ક્યારેય નહીં કર્યો હોવાથી અપૂર્વકરણ કહેવાય છે. એવા પ્રથમ અપૂર્વકરણથી જીવ સમ્યક્ત્વ - સાચી શ્રદ્ધા પામે છે, એનાથી મિથ્યાત્વાદિ કેટલાક અધર્મથી મુક્તિ થાય છે, પણ એક પણ ધર્મ છોડવારૂપ ધર્મસંન્યાસ નથી.

પછી અંતિમભવે ક્ષપકશ્રેણિ માંડતી વખતે જે વિશિષ્ટ આત્મવીર્ય સ્ફુરાયમાણ થાય છે, તે પણ એ પૂર્વે ક્યારેય સ્ફુરાયમાણ થયું ન હોવાથી અપૂર્વકરણ ગણાય છે. એ વખતે ક્ષાયોપશમિક સમ્યક્ત્વરૂપ ધર્મ તથા ક્ષાયોપશમિક ચારિત્રરૂપ ધર્મને છોડીને ક્ષાયિક ધર્મ પામવાના હોય છે. મિથ્યાત્વાદિ પ્રકૃતિઓ અને મોહનીયની પ્રકૃતિઓના ક્ષયોપશમ બંધ થઇ ક્ષય તરફના મંડાણ મંડાય છે. આમ તે વખતે ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ થાય છે. આ તાત્ત્વિક ધર્મસંન્યાસનો આરંભ છે. આ અપૂર્વકરણ શાસ્ત્રયોગથી ઉપર ઉઠી સામર્થ્યયોગથી પ્રગટે છે. એમાં આત્માનો વીર્યવિશેષ જ મુખ્યભાગ ભજવે છે, અને આત્માની પરિણતિ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પૂર્ણતયા ઘડાઇ ચૂકી હોય છે. હવે ફરીથી આત્માને આ યોગથી ભ્રષ્ટ થવાનું રહેતું નથી. હવે એને કોઇ બાહ્ય આલંબનોની જરૂરત રહેવાની નથી. છોડેલા ક્ષાયોપશિમક ધર્મો પણ ફરીથી આરાધવા પડે એવી પરિસ્થિતિ રહેવાની નથી. માટે આ ધર્મસંન્યાસ તાત્ત્વિક છે. ઔપચારિક નથી.

औपचारिक प्रमत्तसाधुने पण होय

અલબત્ત છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનકથી ઔપચારિકરૂપે ધર્મસંન્યાસનો આરંભ થવા માંડે છે. અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી પાંચમા દેશવિરત ગુણસ્થાનકે જે શ્રાવકયોગ્ય પૂજા વગેરે ધર્મો હતા, એ ધર્મોનો છઠ્ઠા ગુણસ્થાનકથી ત્યાગ છે. તેથી એ અપેક્ષાએ ધર્મસંન્યાસ હોય છે. સાધુજીવન નિવૃત્તિપ્રધાન હોવાથી ઘણા

શ્રાવકયોગ્ય પ્રવૃત્તિધર્મોનો ત્યાગ હોય છે. છઠ્ઠે-સાતમે જ્યારે શાસ્ત્રયોગથી સાધના થતી હોય છે, ત્યારે ઇચ્છાયોગના ત્યાગરૂપ પણ ધર્મસંન્યાસ મળે છે. આમ છઠ્ઠા ગુણસ્થાનકથી-પ્રમત્તસંયત તરીકેની સાધનાથી ઔપચારિક ધર્મસંન્યાસ મળે છે. અહીં ઔપચારિકતા કહેવાનું કારણ એ છે, કે હજી કોઇ ક્ષાયિક ધર્મ પ્રાપ્ત થયો નથી. અને તેથી જ છોડેલા ધર્મો ફરીથી પકડાઇ જવાની સંભાવનાઓ રહી છે. વળી આ ત્યાગ ઘડાઇ ગયેલી પરિણતિના બળે નથી, પણ પરિણતિને ઘડવામાટે છે. વળી એક પ્રવૃત્તિને છોડી ઊંચી કક્ષાની પણ બીજી પ્રવૃત્તિને આદરવારૂપે છે. અર્થાત્ પ્રવૃત્તિનું કલેવર બદલાયું છે. પણ મુખ્ય ધર્મસંન્યાસની જેમ સહજ પ્રવૃત્તિઓ થયા કરે એમ નહીં, પણ પ્રયત્ન-પૂર્વક કરવાની હોય છે. આવા દૃષ્ટિકોણોથી આ ધર્મસંન્યાસ ઔપચારિક ગણાય.

વળી, ધર્મસંન્યાસનું ફળ છે, ક્ષાયિક ધર્મોની પ્રાપ્તિ. જેમકે કેવળજ્ઞાન. છઠ્ઠા ગુણસ્થાનકના ધર્મસંન્યાસ આ ક્ષાયિક ધર્મોની પ્રાપ્તિમાં સાક્ષાત્ કારણ બનતા નથી, પરંતુ પરંપરાએ કારણ બને છે. અને તાત્ત્વિકદૃષ્ટિએ જે સાક્ષાત્ કારણ હોય, તે જ ખરું કારણ ગણાય છે. પરંપરાના કારણો વ્યવહારમાન્ય હોવાથી નિશ્ચયદૃષ્ટિમાં ઔપચારિક રીતે કારણ બને છે. જેમકે મનઃપ્રસન્નતામાટે માનસિક સ્વસ્થતા અનંતર કારણ હોવાથી તાત્ત્વિક કારણ છે. એ માટે થતાં બીજા-ત્રીજા પ્રયત્નો, જો પરંપરાએ કારણ બનતા હોય, તો ઔપચારિક કારણ કહેવાય, ને જે પરંપરાએ પણ કારણ બનવાનો નિયમ ધરાવતા નથી, તે પૈસા વગેરે તો અન્યથાસિદ્ધ ગણાય. અસ્તુ.

કેવળજ્ઞાન નિઃસપત્ન અને સદોદય

શ્રેણિગત તાત્ત્વિક ધર્મસંન્યાસના ફળરૂપે કેવલશ્રી=કેવલજ્ઞાનદર્શનની પ્રાપ્તિ થાય છે. આઠમી દૃષ્ટિવાળો યોગી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાનના બે વિશેષણ છે. (૧) નિઃસપત્ન=જે જ્ઞાનના કોઇ પ્રતિસ્પર્દ્ધી જ્ઞાન રહ્યા નથી. અર્થાત્ મત્યાદિ જ્ઞાનોવખતે બે, ત્રણ કે ચાર જ્ઞાનો એક સાથે મળી શકતા હતા. જીવ વારંવાર એક જ્ઞાનના ઉપયોગમાંથી બીજા જ્ઞાનના ઉપયોગમાં ફર્યા કરતો હતો. પાછા દરેક જ્ઞાનના અનેક પેટા ભેદો પણ હતા. તેથી સતત એક જ પ્રકારના જ્ઞાનનો ઉપયોગ હતો નહીં. કેવળજ્ઞાન પામ્યા પછી એ બધા જ્ઞાનોનો વિલય થયો છે. હવે માત્ર કેવળજ્ઞાન જ એક રહ્યું છે. તે પણ એક જ પ્રકારનું - સંપૂર્ણ જ્ઞાન છે. તેથી હવે જીવને એકમાત્ર કેવળજ્ઞાનનો જ ઉપયોગ મળવાનો - બીજા જ્ઞાનોમાં જવાનું થવાનું નહીં. (૨) બીજું વિશેષણ છે, સદોદયા. કેવળજ્ઞાન આત્માના સ્વભાવભૂત છે. જ્ઞાન-દર્શનનો ઉપયોગ આત્માનું લક્ષણ છે. અને આત્મા જ્ઞાનાવારક કર્મોથી મુક્ત થયો છે. તેથી આ જ્ઞાન-દર્શનનો ઉપયોગ સતત રહે છે. એમાં વિશેષતા એ છે કે અન્ય જ્ઞાનોમાં બોધમાટે ઉપયોગ મુકવાનો હોય છે. જ્યારે કેવળજ્ઞાનમાં ઉપયોગ મુકવાનો હોતો નથી. સહજ જ ઉપયોગ રહેતો હોય છે. ક્ષાયોપશમિકજ્ઞાનથી ક્ષાયોપશમિકધર્મો આરાધ્યા. હવે જ્યારે ધર્મસંન્યાસદ્વારા ક્ષાયોપશમિક ધર્મો રહેતા નથી, ત્યારે ક્ષાયોપશમિક જ્ઞાનનો પણ વિલય થઇ ક્ષાયિક કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પછી કેવળજ્ઞાન-દર્શનના સતત ઉદયથી પરમસ્વરૂપ પામેલો આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં લયલીન રહે છે.

આમ જે પોતાના મત્યાદિ જ્ઞાનોનો હિતાહિતના વિવેકઆદિમાટે વારંવાર ઉપયોગ કરે છે. તે શીઘ્ર કેવળજ્ઞાનના ઉપયોગમય સ્વરૂપને પામી જાય છે. અને આ જ્ઞાન કદી પણ વિલય પામતું નથી. તેથી અનંતકાળ જ્ઞાનરમણતાનો

ભરપૂર આનંદ પામ્યા કરે છે.

સિંહાવલોકિતનીત્યાધિકૃતવસ્તુનિર્ધારણાયાહ--

स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया।
चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ॥१८३॥

स्थितो-न स्थापनीयः, **शीतांशुवत्**-चन्द्रवत्, **जीवः**-आत्मा, **प्रकृत्या**-आत्मीयया, **भावशुद्धया**-तत्त्वशुद्धयेत्यर्थः तथा **चन्द्रिकावच्च**-ज्योत्स्नावच्च, **विज्ञानं** केवलादि, उपमामात्रमेतत्, **तदावरणं** - ज्ञानावरणं, **अभ्रवत्** - मेघपटलवदित्यर्थः ॥१८३॥

સિંહાવલોકનન્યાયથી અધિકૃત વિષયના નિર્ધારણમાટે કહે છે.

ગાથાર્થ : ભાવશુદ્ધ પ્રકૃતિથી જીવ ચંદ્ર જેવો છે, અને તેનું વિજ્ઞાન ચંદ્રિકા જેવું છે. અને જ્ઞાનાવરણ વાદળા જેવું છે.

ચંદ્ર-ચંદ્રિકા-વાદળનું દૃષ્ટાંત

ટીકાર્થ : તત્ત્વશુદ્ધ આત્મીય પ્રકૃતિથી જીવ ચંદ્ર જેવો નિશ્ચિત થયો છે (થવાનો બાકી નથી.) તથા તેનું કેવળજ્ઞાન જ્યોત્સ્ના જેવું છે. આ ઉપમા માત્રથી સમજવું. અને જ્ઞાનાવરણ કર્મ વાદળાના સમુદાય જેવું છે.

વિવેચન : ભાવશુદ્ધ (= ભાવથી શુદ્ધ થયેલી અથવા ભાવ = સ્વભાવરૂપે શુદ્ધ) એવી પ્રકૃતિથી જીવ ચંદ્ર સમાન નિર્મળ છે. સ્વભાવરૂપે જીવ શુદ્ધ છે. અને ચંદ્ર જેમ જ્યોત્સ્ના=ચાંદનીકિરણોથી યુક્ત છે. એમ જીવ જ્ઞાનથી યુક્ત છે. આમાં જેમ ચંદ્રિકાને ચંદ્રથી અલગ તારવી શકાતી નથી, એમ જ્ઞાન આત્માથી ભિન્ન-અલગ તારવી શકાતું નથી. આત્મસ્વભાવભૂત છે. ચંદ્રિકા જેમ જગતપર પ્રકાશ રેલાવે છે, તેમ આત્માનું શુદ્ધ જ્ઞાન સમગ્ર જગતને પ્રકાશિત કરે છે. જેમ ચંદ્ર અને ચંદ્રિકા આહ્લાદક-સૌમ્ય શીતલ છે, એમ શુદ્ધ જીવ-જીવનું ખરું જ્ઞાન આ બંને જગતમાટે આહ્લાદક, આનંદ ઉપજાવનારા છે, સૌમ્ય છે, અભિમાન-આક્રમણના અસહ્ય તાપથી મુક્ત છે, અને જીવોને કરુણાની શીતલતા દેનારું છે.

જીવને-જીવના શુદ્ધ સ્વરૂપભૂત જ્ઞાનને આવરતા કર્મો વાદળ સમાન છે.

પ્રકૃતયોજનમાહ--

घातिकर्माभ्रकल्पं तदुक्तयोगाऽनिलाऽऽहतेः।
यदाऽपैति तदा श्रीमान् जायते ज्ञानकेवली ॥१८४॥

घातिकर्म-ज्ञानावरणीयादि तद्यथा-ज्ञानावरणीयं, दर्शनावरणीयं, मोहनीयं, अन्तरायं चेति। **एतदभ्रकल्पं** वर्तते। **तद्** घातिकर्म **उक्तयोगानिलाहतेः**-अनन्तरोदितयोगवायुघातादित्यर्थः **यदाऽपैति**-श्रेणिपरिसमाप्तौ **तदा श्रीमान**सौ मुख्यविक्रमयोगेन **जायते ज्ञानकेवली**-सर्वज्ञ इत्यर्थः ॥१८४॥

હવે આ બાબતને પ્રસ્તુત વાત સાથે જોડતા કહે છે.

ગાથાર્થ : ઘાતિકર્મ વાદળા સમાન છે. જ્યારે કહેલાયોગરૂપ પવનના ઘાતથી આ કર્મો દૂર થાય છે, ત્યારે શ્રીમાન્ જ્ઞાનકેવળી થાય છે.

ઉપનય

ટીકાર્થ : જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મ (= આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિગુણોના ઘાતક કર્મો) વાદળા સમાન છે. હમણાં જ કહેવાયેલા પરાદૃષ્ટિગત સમાધિ વગેરે યોગ પવન સમાન છે. આ યોગરૂપી પવનથી ક્ષપકશ્રેણિના અંતે ઘાતિકર્મોરૂપી વાદળો દૂર થાય છે. ત્યારે તે શ્રીમાન્ યોગી જ્ઞાનકેવળી = સર્વજ્ઞ બને છે.

વિવેચન : શ્રી = લક્ષ્મી વિક્રમને વરી છે. જે વિક્રમ કરે, તે લક્ષ્મીને વરે. પણ ખરો વિક્રમ આ યોગીઓ ઘાતિકર્મરૂપી અથવા મોહનીયરૂપી મહામલ્લને પછાડીને કરી છે. આ જ મુખ્ય વિક્રમ છે, કેમકે આ વિક્રમથી પ્રાપ્ત થતી લક્ષ્મી ક્યારેય વિનાશ પામતી નથી. આ વિક્રમ કરનારને પછી

કોઇ પરાજિત કરી શકતું નથી. કષાય, વાસના, સંજ્ઞાઓ અને મોહ-મમતાના નાશમાં ઉદ્યત જીવો એ ખરા-મુખ્ય વિક્રમના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છે. જ્યારે ક્ષપકશ્રેણિદ્વારા એ મુખ્ય વિક્રમ કરવાનું થાય, આત્મામાં જ્યારે પરાદૃષ્ટિના સમાધિયોગનો પવન ફૂંકાય છે, ત્યારે ઘાતિકર્મોના નિબિડ-ગાઢ વાદળો વિખેરાઇ જાય છે, ત્યારે કૈવલ્યરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

અત એવાહ--

क्षीणदोषोऽथ सर्वज्ञः सर्वलब्धिफलान्वितः ।
परं परार्थं सम्पाद्य ततो योगान्तमश्नुते ॥१८५॥

क्षीणदोषः-सकलरागादिपरिक्षयेण (अथ) અર્થાત્ તદૈવ **सर्वज्ञः**-निरावरणज्ञानभावेन सर्वज्ञ इत्यर्थः । **सर्वलब्धिफलान्वितः**-सर्वौत्सुक्यनिवृत्त्या **परं परार्थं सम्पाद्य**-यथाभव्यं सम्यक्त्वादिलक्षणं **ततो योगान्तमश्नुते**-योगपर्यन्तमाप्नोति ॥१८५॥

તેથી જ કહે છે.

ગાથાર્થ : ક્ષીણદોષવાળો સર્વજ્ઞ સર્વલબ્ધિના ફળથી યુક્ત હોય છે, તે શ્રેષ્ઠ પરાર્થનું સંપાદન કરી તે પછી યોગાન્તને પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ : રાગાદિ સકલ દોષોના પરિક્ષયથી ક્ષીણદોષ થયેલો તે ત્યારે જ આવરણ વિનાના જ્ઞાનની પ્રાપ્તિથી સર્વજ્ઞ થાય છે. સર્વ ઉત્સુકતાની નિવૃત્તિથી સર્વલબ્ધિના ફળથી યુક્ત તે યથાભવ્ય સમ્યક્ત્વાદિ પમાડવારૂપ શ્રેષ્ઠ પરાર્થનું સંપાદન કરીને છેવટે યોગના અંતને પામે છે.

પરાદૃષ્ટિમાં દોષમુક્તિ

વિવેચન : રાગ, દ્વેષ, મોહ નામના ત્રણ મહાદોષ છે. બાકીના તમામ દોષો આ ત્રણથી જન્મેલા-વિકસેલા હોય છે. તેથી પ્રયત્ન પણ આ ત્રણ દોષોને જીતવાનો જ કરવાનો છે. યોગીની પ્રત્યેક પ્રવૃત્તિ રાગ-દ્વેષ-મોહને કાપનારી હોય. ભોગીની જ પ્રવૃત્તિ આ ત્રણેયને વધારનારી હોય.

આઠમી દૃષ્ટિ પામેલો યોગી આ ત્રણેય દોષથી મુક્ત થયેલો હોય છે. તે વીતરાગ, વીતદ્વેષ, વીતમોહ હોય છે. અથવા (૧) અજ્ઞાન (૨) નિદ્રા (૩) મિથ્યાત્વ (૪) હાસ્ય (૫) અરતિ (૬) રતિ (૭) શોક (૮) દુર્ગંછા-જુગુપ્સા (૯) ભય (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) અવિરતિ (૧૩) વેદોદય (કામ) (૧૪) દાનાંતરાય (૧૫) લાભાંતરાય (૧૬) ભોગાંતરાય (૧૭) ઉપભોગાંતરાય અને (૧૮) વીર્યાંતરાય. આ અઢાર દોષથી મુક્ત થયેલો તે યોગી સર્વજ્ઞ બને છે. એમાં પ્રથમ દોષ જ્ઞાનાવરણીયકર્મ જન્ય છે. બીજો દોષ દર્શનાવરણીય કર્મથી જન્ય છે. ૧૪ થી ૧૮ નંબરના દોષો અંતરાય કર્મથી જન્ય છે. બાકીના ત્રણથી માંડી તેર સુધીના અગ્યાર દોષો મોહનીયકર્મથી જન્ય છે. એમાં ત્રીજા નંબરનો (મિથ્યાત્વ) દોષ દર્શન મોહનીયજન્ય છે. ચાર થી નવ સુધીના છ દોષો નોકષાય મોહનીયના કારણે છે. રાગ માયા અને લોભરૂપ છે. દ્વેષ ક્રોધ અને માનરૂપ છે. અનંતાનુબંધી, અને અપ્રત્યાખ્યાનીય કષાયોથી પૂર્ણતયા અને પ્રત્યાખ્યાનીય કષાયથી દેશથી અવિરતિ હોય છે. વેદમોહનીય (પુરુષવેદ વગેરે) થી વેદોદય-કામવાસના નામનો દોષ હોય છે.

આત્માનું શુદ્ધ-વાસ્તવિક સ્વરૂપ આ દોષોવાળું નથી. ઘાતિકર્મોના કારણે વિકૃતિરૂપે આ અઢાર દોષો દેખાતા હોય છે. તેથી જ આમાંના કોઇ પણ પ્રકારના દોષથી પીડાતી બીજી વ્યક્તિને જોઇએ, ત્યારે તરત જ મનમાં થાય, કે આ પોતે દોષિત નથી, એના ઘાતિકર્મો દોષિત છે. પોતાનામાં આવા પ્રકારના દોષો હોય, તો તેનો બચાવ કરવાનું, ઢાંકવાનું કે અભિમાન કરવાનું મન ન થાય, પણ આ આગંતુકો મારા આત્મઘરને મલિન-કલંકિત-દૂષિત કરે છે, માટે યથાશીઘ્ર આ બધાને ભગાડી

દઉં. એવો વિચાર જાગવો જોઇએ.

અઢાર દોષોથી અથવા રાગાદિત્રણ દોષોથી મુક્ત થયેલો જીવ જ્ઞાનાવરણકર્મરૂપી આવરણથી રહિત થવાથી સર્વજ્ઞ બને છે.

અધમાધમાદિ ચારને યોગ્ય પ્રવૃત્તિઓ છોડી ઉત્તમને યોગ્ય પ્રવૃત્તિઓ આદરનારો, સતત જ્ઞાનોપયોગદશામાં રહેનારો, વિવેકછરીથી તમામ આશ્રવરૂપ, પાપરૂપ, બંધરૂપ ભાવોને છેદી દૂર કરનારો, કૃષ્ણાદિ તુચ્છ, સ્વાર્થમય, સંકુચિત લેશ્યાઓને છોડી, સર્વ જીવોનો ખ્યાલ કરનારી શુક્લલેશ્યામાં રમતો ઉદાત્ત પરિણામી યોગી આ રીતે દોષમુક્ત બને છે. અને કેવળજ્ઞાન પામે છે.

આ જીવ અંતરાય કર્મના ક્ષયથી સર્વલબ્ધિ-નિધાન બને છે. દાનાદિ લબ્ધિઓ અને અણિમાદિ લબ્ધિઓનો સ્વામી બને છે. આ લબ્ધિઓ ક્ષાયિકભાવે પ્રગટી છે. તે બતાવે છે કે તે આત્માના સ્વભાવભૂત જ છે.

લબ્ધિઓનું ફળ ઔત્સુક્યનિવૃત્તિ

અહીં પ્રશ્ન થાય કે જો આમ આ અનંત લબ્ધિઓ પ્રગટી હોય, તો એ લબ્ધિઓનો ઉપયોગ અને ફળ શું ?

સમાધાન : પ્રાપ્ત થયેલી લબ્ધિના લાભ-પ્રભાવની ઉત્સુકતા હોય, તો તેનો ઉપયોગ કરવાનું મન થાય. લબ્ધિનો ઉપયોગ કરવાથી ઉત્સુકતા મુજબના લાભ-પ્રભાવ દેખાય એટલે જીવને સંતોષ થાય, ઉત્સુકતા શાંત થાય. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્સુકતાની નિવૃત્તિ એ લબ્ધિનું અંતિમ-ખરું ફળ છે. અને રાગ-ઇચ્છા જવાથી આ કેવળજ્ઞાનીને કશા પ્રકારની ઉત્સુકતા રહેતી નથી. આમ બધી ઉત્સુકતાઓ (કે જે અનંતી હોઇ શકે છે.) ની નિવૃત્તિદ્વારા એ કેવળજ્ઞાનીઓ સતત અનંત લબ્ધિઓના ફળથી યુક્ત જ છે.

વળી, એ કેવળી થયેલો આત્મા સતત ઉત્કૃષ્ટ શુદ્ધ ભાવોમાં રહે છે. નિશ્ચયથી તો પોતાને જ પોતે શુદ્ધ કે શુભ પરિણામ આપવા એ દાન છે. બહાર બીજાને સુપાત્રદાન, અનુકંપાદાન આદિ દાન કરતી વખતે જીવ પોતાને પ્રમોદ, દયાઆદિ શુભભાવો-પરિણામોનું દાન કરે છે. એટલે નિશ્ચયથી પોતે જ પોતાને શુદ્ધ કે શુભ ભાવોનું દાન કરે છે. બીજાઓ તો એ બાહ્યદાન લેવાદ્વારા તમારા નૈશ્ચયિક દાનમાં નિમિત્ત બનવાદ્વારા અપેક્ષાએ ઉપકારી બને છે. આ વિચાર રમતો રહે, તો દાતાને કદી અભિમાન થાય નહીં. કેવળીઓ સતત શુદ્ધ પરિણામોમાં રહેવાદ્વારા આત્માને શુદ્ધ પરિણામોનું દાન આપીને દાનલબ્ધિને સાર્થક કરે છે. એ જ પ્રમાણે સતત ઉત્કૃષ્ટ ગુણોમાં-પ્રસન્નતામાં રહેવાદ્વારા ખરેખર તો લાભલબ્ધિને સાર્થક કરે છે. આત્મીય શુદ્ધ પર્યાયોનો ભોગ અને સહજ આત્મસ્વરૂપ બનેલા જ્ઞાનાદિ ગુણોનો ઉપભોગ પણ ચાલુ છે. અને અનંત જ્ઞાન, ચારિત્ર, આનંદમાં મસ્ત રહેવારૂપે વીર્યલબ્ધિનો જબરદસ્ત ઉપયોગ કરી રહ્યા છે. ઇત્યાદિરીતે પણ અનંત લબ્ધિઓનો ઉપયોગ વિચારી શકાય. મુખ્ય વાત તો સર્વ ઉત્સુકતા-નિવૃત્તિ એ જ સર્વલબ્ધિઓનું ફળ છે.

પરાર્થસંપાદન

આ કેવળજ્ઞાની યોગીઓ ઉપદેશદાનાદિ દ્વારા બીજા પણ અનેક ભવ્ય જીવોમાં તેઓ તેઓની યોગ્યતા-તથાભવ્યત્વવગેરેની અપેક્ષાએ સમ્યક્ત્વ આદિ ગુણોની પ્રાપ્તિમાં નિમિત્ત બને છે. આ રીતે તેઓ શ્રેષ્ઠ કોટિના પરાર્થનું સંપાદન કરે છે, કેમકે સમ્યક્ત્વાદિ ગુણો દુઃખમય ભવસમુદ્રને ઘટાડવામાં, અનંત સુખમય મોક્ષને નજીક લાવવામાં અને બાકી રહેલા ભવોમાં પણ સામગ્રી-સમાધિ વગેરેની પ્રાપ્તિમાં મહત્ત્વના પરિબળો બનતા હોય છે. આવા ગુણો બીજાને પ્રાપ્ત કરાવવામાં ઉપદેશાદિદ્વારા નિમિત્ત બનવું એ શ્રેષ્ઠ કોટિનો પરાર્થ છે. આ

સિવાયના બાકીના અન્નદાનાદિ બધા પરાર્થો એકભવિક હોવાથી શ્રેષ્ઠ નથી. માટે જ આવા મોક્ષમાર્ગનો ઉપદેશ શ્રેષ્ઠ ઉપકારરૂપ માનવામાં આવ્યો છે.

આ રીતે પરાર્થસંપાદન કરી પછી આયુષ્યના અંતિમ ભાગે યોગાન્તને પામે છે. ॥૧૮૫॥

(આઠમી દૃષ્ટિઅંગે યોગદૃષ્ટિસમુચ્ચય ભાગ-૧ પૃષ્ઠ ૧૯૦ વગેરે જૂઓ)

तत्र द्रागेव भगवानयोगाद्योगसत्तमात् ।
भवव्याधिक्षयं कृत्वा निर्वाणं लभते परम् ॥१८६॥

तत्र-યોગાન્તે શૈલેશ્યવસ્થાયાં, **द्रागेव**-શીઘ્રમેવ, હ્રસ્વપઞ્ચાક્ષરોદ્ગિરણમાત્રેણ કાલેન, **भगवानसौ अयोगाद्**-અવ્યાપારાત્, **योगसत्तमाद्**-યોગપ્રધાનાત્ શૈલેશીયોગાદિત્યર્થઃ કિમિત્યાહ-**भवव्याधिक्षयं कृत्वा** સર્વપ્રકારેણ **निर्वाणं लभते परं**-ભાવનિર્વાણમિત્યર્થઃ ॥૧૮૬॥

ગાથાર્થ : ત્યાં ભગવાન શ્રેષ્ઠ યોગરૂપ એવા અયોગથી ભવરૂપ વ્યાધિનો ક્ષય કરી શ્રેષ્ઠ એવા નિર્વાણને પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ : ત્યાં શૈલેશી અવસ્થારૂપ યોગાન્તમાં પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણમાત્રરૂપ શીઘ્રકાળમાં એ ભગવાન શ્રેષ્ઠ યોગ-શૈલેશીયોગરૂપ અવ્યાપારાત્મક અયોગથી સર્વપ્રકારથી સંસારરૂપ રોગનો ક્ષય કરીને ભાવનિર્વાણરૂપ શ્રેષ્ઠ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

શ્રેષ્ઠ યોગ-અયોગ

વિવેચન : શૈલેશી અવસ્થા એ યોગનો અંતિમ છેડો છે. અને અહીં અયોગ નામનો શ્રેષ્ઠ યોગ છે. યોગનું કાર્ય છે પ્રવૃત્તિઓ ઘટાડતા જવું. અયોગનામના શ્રેષ્ઠ યોગમાં તમામ પ્રવૃત્તિ-આત્મવ્યાપારો અટકી જાય છે. મન-વચન-કાયાના યોગ-ચેષ્ટા-પ્રવૃત્તિઓનો એ પછી સ્થૂળ હોય કે સૂક્ષ્મ તમામનો નિરોધ યોગનિરોધરૂપ છે. અત્યારસુધી આત્મપ્રદેશો પણ ઉકળતા પાણીની જેમ સતત સ્પંદનશીલ હતા, તે આત્મપ્રદેશો પણ મેરુપર્વતસમ સ્થિર-અડોળ બની જાય છે. જ્યાં સુધી યોગ છે, ત્યાં સુધી કર્મબંધ છે. યોગનિરોધ થતાં કર્મબંધ પણ અટકી જાય છે. આ અયોગની અવસ્થામાં પાંચ હ્રસ્વાક્ષર- અ,ઈ,ઉ,ઋ,ૡ ના ઉચ્ચાર જેટલા કાળમાં જીવ આત્માને લાગીને રહેલા અને અત્યારસુધીમાં નાશ કરતાં કરતાં બચેલા તમામ કર્મોનો નાશ કરીને મુક્ત થાય છે. સંસારરૂપી વ્યાધિનો ક્ષય કરી શ્રેષ્ઠ ભાવનિર્વાણને પામે છે. આમ 'અયોગ' નામના શ્રેષ્ઠ યોગથી સંસારરોગનો નાશક એ યોગી બધા પ્રકાર સાંસારિકભાવોના અંગારા બુઝાઇ જવાથી-ફરીથી ન પ્રગટે એ રીતે ઓળવાઇ જવાથી શ્રેષ્ઠ નિર્વાણ પામ્યો ગણાય.

तत्रायं कीदृश इत्याह--

व्याधिमुक्तः पुमान् लोके यादृशस्तादृशो ह्ययम् ।
नाभावो न च नो मुक्तो व्याधिनाऽव्याधितो न च ॥१८७॥

व्याधिमुक्तो-व्याधिपरिक्षीणः **पुमान्** यादृशो भवति, **तादृशो ह्ययं**-निर्वृतो, **नाऽभावः**-प्रध्यातदीपकल्पोपमो, **न च नो मुक्तो व्याधिना** मुक्त एव भव्यत्वपरिक्षयेण, **अव्याधितो न च**-पूर्वं तथा तद्भावादिति ॥१८७॥

ત્યાં આ યોગી કેવો હોય છે ? તે બતાવે છે.

ગાથાર્થ : લોકમાં વ્યાધિમુક્ત માણસ જેવો હોય છે, તેવો આ હોય છે. આનો અભાવ નથી, વ્યાધિથી મુક્ત નથી થયો એમ પણ નથી અને (પહેલેથી જ) વ્યાધિથી રહિત હતો, એમ પણ નથી.

વ્યાધિમુક્ત પુરુષ જેવો મુક્ત જીવ

ટીકાર્થ : લોકમાં રોગના નાશથી માણસ જેવો હોય, તેવો આ નિવૃત્ત થયેલો યોગી સમજવાનો છે. આ બૂઝાઇ ગયેલા દીવાની જેમ અભાવરૂપ થયો નથી. વળી આ મુક્ત નથી થયો, એમ પણ

નથી. અર્થાત્ ભવ્યત્વના પરિક્ષયથી મુક્ત થયો જ છે. વળી પૂર્વે વ્યાધિથી રહિત હતો એમ પણ નથી, કેમકે પૂર્વમાં તે પ્રકારે વ્યાધિથી યુક્ત હતો જ.

વિવેચન : દુનિયામાં પૂર્વે વ્યાધિગ્રસ્ત માણસ પછી વ્યાધિથી મુક્ત થાય, એ જેવો હોય તેવો લોકોત્તરમાર્ગે આ નિર્વાણ પામેલો આત્મા સમજવાનો છે. અહીં સરખામણીનું તાત્પર્ય આ છે - જેમ એક માણસ રોગપીડિત હોય, ત્યારે રોગના વિકાર, મૂર્ચ્છા, પીડાથી દુઃખી હોય. પછી દવા-અનુપાનવગેરેના કારણે જ્યારે રોગમુક્ત થાય છે, ત્યારે એ વ્યક્તિ તો રહે જ છે, માત્ર રોગ અને એ રોગના વિકાર આદિ જાય છે. પણ રોગની હાજરીમાં એ નીરોગી ગણાતો નથી. એ જ પ્રમાણે નિર્વાણ પામેલો જીવ પૂર્વે ભવવ્યાધિથી પીડાતો હતો, પછી દર્શન-જ્ઞાન-ચારિત્રઆદિ ઔષધ-અનુપાનના કારણે ભવવ્યાધિથી મુક્ત થાય છે. માટે જ કહે છે કે અહીં માત્ર ભવ-સંસારરૂપી વ્યાધિથી જીવ મુક્ત થયો છે, નહીં કે તેનો (જીવનો) સર્વથા અભાવ થઇ ગયો છે. બૂઝાઇ ગયેલા દીવાની જ્યોત જેમ વિલીન થઇ જાય છે, તેમ આ જીવ પોતે કંઇ બુઝાઇ જતો નથી કે વિલીન થઇ જતો નથી. કેટલાક બૌદ્ધવાદીઓ આ રીતે નિર્વાણદ્વારા આત્માનો કાયમી વિલોપ માને છે. નૈરાત્મ્ય અવસ્થા માને છે, તે વાતને આમ કહી ખોટી ઠેરવી.

વળી કેટલાક માને છે કે જીવ ભવરૂપી વ્યાધિથી ક્યારેય મુક્ત થતો જ નથી. કેમકે અનંત-કાળથી ચોંટેલા રાગ-દ્વેષજન્ય કર્મો ક્યારેય આત્માથી છૂટાં પડે જ નહીં. જીવાત્મા ક્યારેય રાગ-દ્વેષથી મુક્ત ન થાય, એવી (જૈમિનીય વગેરે) માન્યતાવાળાના ખંડનરૂપે કહેવું છે, કે જીવ પોતાના તથાભવ્યત્વનો પરિપાક થાય અને ક્ષય પામે, ત્યારે મોક્ષ પામે જ છે. મુક્ત થાય જ છે.

વળી કેટલાક સાંખ્યમતવાળા વગેરે જીવને-પુરુષને નિત્યશુદ્ધ માને છે. એટલે કે પુરુષને કોઇ વ્યાધિ જ ન હતી, તો વ્યાધિના જવારૂપે મુક્ત થવાની વાત જ ક્યાં આવી ? એમ કહે છે. તેઓ પુરુષને (=આત્માને) સદા એકસ્વરૂપી કૂટસ્થ નિત્ય માને છે, જે કંઇ થાય છે, તે બધું પ્રકૃતિને થાય છે, એમ કહે છે. તો તેઓને સાચી હકીકત સમજાવતાં કહે છે કે આત્મા પૂર્વે કર્મથી બંધાયેલો અને ભવરૂપી વ્યાધિથી ગ્રસ્ત હતો જ. પછી સાધનાના બળપર તે વ્યાધિથી મુક્ત થાય છે.

આમ મુક્ત થયેલો આત્મા (૧) પોતાનું શુદ્ધ અસ્તિત્વ ધરાવે છે. (૨) શુદ્ધ-મુક્તરૂપને પામે છે અને (૩) પૂર્વે અશુદ્ધ-ભવરોગથી પીડાતો હતો. એ બધી વાત લોકમાં રહેલા પહેલા રોગી અને પછી રોગમુક્ત થયેલા પુરુષના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે. ॥૧૮૭॥

अमुमेवार्थं स्पष्टयन्नाह--

भव एव महाव्याधिर्जन्ममृत्युविकारवान्।
विचित्रमोहजननस्तीव्ररागादिवेदनः ॥१८८॥

भवः-संसार **एव महाव्याधिः** । किंविशिष्ट इत्याह-**जन्ममृत्युविकारवान्** जराद्युपलक्षणमेतत् । **विचित्रमोहजननो** मिथ्यात्वोदयभावेन, **तीव्ररागादिवेदनः** स्त्र्याद्यभिष्वङ्गभावेन ॥१८८॥

આ જ પદાર્થને વધુ સ્પષ્ટ કરતાં કહે છે.

ગાથાર્થ : (૧) જન્મ-મોતરૂપ વિકારથી યુક્ત (૨) વિચિત્ર મોહનો જનક અને (૩) તીવ્ર રાગાદિ વેદનાવાળો સંસાર જ મહાવ્યાધિરૂપ છે.

ટીકાર્થ : સંસાર જ મહાવ્યાધિ છે - કેવી વિશિષ્ટતાવાળો ? તો કહે છે જન્મ-મૃત્યુરૂપ વિકારવાળો. અહીં ઉપલક્ષણથી ઘડપણવગેરે વિકારો પણ સમજી લેવાના. વળી કેવો ? તો કહે છે - મિથ્યાત્વના ઉદયના કારણે વિચિત્ર મોહનો જનક. વળી કેવો ? તો કહે છે - સ્ત્રીવગેરેપર

અભિષ્વંગરૂપે તીવ્ર રાગાદિની વેદનાવાળો.

સંસાર જ ખરો રોગ

વિવેચન : રોગમાં (૧) શરીરમાં જાત-જાતના વિકાર ઉદ્ભવે, જેમકે તાવમાં શરીર વધારે ગરમ થવું-તપવું. (૨) મૂર્ચ્છા-અભાન અવસ્થા આવે. અથવા ભ્રાન્તિવગેરે થાય, કડવું મીઠું લાગે, મીઠું કડવું.... સારી વસ્તુ ન ગમે, અપથ્ય વસ્તુ સારી લાગે અને (૩) જાત-જાતની પીડા-વેદના થાય. આ શારીરિક રોગની વાત થઇ.

ખરો રોગ સંસાર-ભવ છે. એ જ મહાવ્યાધિ છે. આ મહાવ્યાધિ આત્માને લાગુ પડ્યો છે. આત્મા જેમ નક્કર તથ્ય છે. તેમ આત્માને લાગેલો આ વ્યાધિ પણ નક્કર હકીકત છે. આ સંસાર-રોગમાં (૧) નહીં જન્મ-નહીં મૃત્યુવગેરે સ્વરૂપ-વાળા જીવને વારંવાર જન્મ લેવાનો-મરવાનું. અને ઉપલક્ષણથી ઘરડા થવાનું, રોગી થવાનું વગેરે, આ છે **વિકાર**. જે સહજ સ્વરૂપભૂત ન હોય, પણ રોગવગેરે અન્યની ઉપાધિથી પ્રગટે, તે બધું વિકારરૂપ છે. જનમવું-મરવું એ આત્માનું સ્વરૂપ નથી, પણ સંસારરોગ વળગેલો છે, માટે એ થાય છે. તેથી એ સંસારરોગના વિકારરૂપ છે. વળી, (૨) આ રોગમાં જીવ મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયના પ્રભાવથી મોહિત મતિવાળો થાય છે, તેથી આત્મારૂપ નહીં, એવા શરીરમાં આત્માની બુદ્ધિ કરે છે, અનિત્ય એવા ધનવગેરેને નિત્ય માની પકડવા દોડે છે, અપવિત્ર-બિભત્સ શરીરને સ્નાન-વિલેપન દ્વારા પવિત્ર-સ્વચ્છ બનાવવાની કલ્પના કરે છે. આમ ઘણા પ્રકારની ભ્રાન્તિમાં-સન્નેપાતની અવસ્થામાં અટવાય છે. આ મોહ-મૂર્ચ્છા છે. અને (૩) સ્ત્રી, ધન, પરિવારવગેરે પર તીવ્ર આસક્તિઓ કરવાદ્વારા તથા તેમાટે કલ્પેલા બીજા દુશ્મનવગેરે પર ભયંકર દુર્ભાવ કરવા દ્વારા જીવ તીવ્ર રાગ-દ્વેષની પીડા-વેદનાઓ સહન કરે છે. આમ સંસારરૂપી વ્યાધિ વળગવાથી શુદ્ધ સ્વરૂપી જીવ જન્માદિ વિકારવાળો, મોહ-મમતા, મિથ્યા માન્યતાઆદિ મૂર્ચ્છાવાળો અને તીવ્રરાગ-દ્વેષની વેદનાવાળો બને છે.

मुख्योऽयमात्मनोऽनादिचित्रकर्मनिदानजः ।
तथानुभवसिद्धत्वात्सर्वप्राणभृतामिति ॥१८९॥

मुख्यो-निरुपचरितो **अयं**-भवव्याधिः, **आत्मनो**-जीवस्य किम्भूत इत्याह **अनादिचित्रकर्म-निदानजः**-द्रव्यभावभेदभिन्नकर्मबलोत्पन्न इत्यर्थः । कुत इत्याह **तथानुभवसिद्धत्वात्**-जन्माद्यनुभावेन **सर्वप्राणभृतामिति**-तिर्यक्प्रभृतीनामपि ॥१८९॥

ગાથાર્થ : આત્માનો અનાદિકાલથી વળગેલા વિચિત્ર કર્મોના કારણે આ જ મુખ્ય રોગ છે, કેમકે બધા જ જીવોને તથાપ્રકારે તે અનુભવસિદ્ધ છે.

ટીકાર્થ : જીવનો આ સંસારરોગ નિરૂપચરિત-મુખ્ય રોગ છે. કેવા પ્રકારનો આ રોગ છે ? તે બતાવે છે- દ્રવ્ય-ભાવ એમ બંને પ્રકારના અનાદિ કાલીન વિચિત્ર કર્મોના કારણે ઉદ્ભવેલો છે. આ જ મહારોગ કેમ છે ? તે કહે છે - પશુવગેરે બધા જીવોને જન્મઆદિ અનુભાવથી અનુભવસિદ્ધ છે.

સંસારરોગના વિકાર-મૂર્ચ્છા

વિવેચન : આ ભવવ્યાધિ જ જીવને વળગેલો નિરુપચરિત-વાસ્તવિક વ્યાધિ હોવાથી મુખ્ય-વ્યાધિરૂપ છે, મહાવ્યાધિ છે. આ કોઇ વેદાન્તીના સિદ્ધાન્તની જેમ ભ્રમ, કલ્પના કે માત્ર સાંભળેલી વાત નથી પણ નક્કર સત્ય છે. સંસારરોગથી પીડાતા જીવને જ શારીરિકાદિ બીજા રોગો થાય છે. આમ તમામ રોગોનો આધાર હોવાથી સંસાર એ જ મુખ્ય રોગ છે. વળી, આ વ્યાધિ તમામ સંસારી જીવોને લાગુ પડ્યો છે. આમ સૌથી વ્યાપક આ રોગ છે. તાવ, શરદી, ક્ષય વગેરે રોગો આમ સર્વવ્યાપી નથી. બીજા રોગોથી મુક્ત દેવો પણ સંસારરોગથી પીડાઇ જ રહ્યા છે.

વળી બીજા રોગોના વિકાર એટલા તીવ્ર નથી, જેટલા સંસારરોગના છે. સંસારરોગગ્રસ્ત દેવને પણ 'મોત' નામના વિકારના ભોગ બનવું પડે છે. બીજા શરીરગત વિકારો કદાચ શરીરમાં કેટલાક ભાગે ચાંદા પડવા વગેરે વિકૃતિઓરૂપે પ્રગટ થાય છે. પણ સંસારરોગના મરણાદિવિકારોથી તો સમૂળગું શરીર જ બદલાઈ જાય છે. દેવ જેવો દ્યુતિમાન શરીરવાળો પણ આ વિકાર હેઠળ લોહી-વીર્યથી ખરડાયેલા ગર્ભરૂપે બિભત્સ શરીરધારી બની જાય છે.

આ વ્યાધિથી મૂર્ચ્છિત થયેલા જીવો અનંતાનંતકાળ સુધી સાવ અભાન અવસ્થામાં જ પડ્યા રહે છે. આટલી મોટી મૂર્ચ્છા બીજા કોઈ રોગમાં આવતી નથી. પછી પણ એવી ઉન્મત્ત અવસ્થા-સન્નેપાતવાળી અવસ્થામાં અસંખ્ય કાળ વિતાવે છે કે જેમાં ખરેખર પોતે કોણ છે ? એનો પણ વિવેક હોતો નથી.

અને આ વ્યાધિગ્રસ્ત જીવને રાગ-દ્વેષાદિ તીવ્ર વેદનાઓ સતત બાળતી રહે છે. ભવોભવ સંતાપ દેતી રહે છે. માટે સંસાર જ મહાવ્યાધિ છે.

મુખ્યવ્યાધિ પણ એ જ છે, કેમકે સમગ્ર ૫૬૩ સંસારી જીવભેદને વ્યાપીને આ રોગ રહેલો છે, કે જેના આધારે જ જીવ અનંતાનંત કાળ સુધી અનેકાનેક પ્રકારની પીડા, વેદના, ત્રાસ, રોગ, જન્મ-મરણાદિ દુઃખો સહન કરે છે.

આ મુખ્ય વ્યાધિની પીડા અનંતાનંતકાળ સુધી રહેવાનો હેતુ પણ જાણી લેવો જોઈએ. જેનાથી રોગ થાય, ટકે, વધે, તે કારણો જો જાણી લીધા હોય, તો તે કારણોથી દૂર રહેવાનો શક્ય પ્રયત્ન થાય, અને આ રોગ પર પહેલા કાબૂ મેળવવો અને પછી એ નાબૂદ કરવો શક્ય બને.

કર્મ કારણ

સંસાર રોગનાં મૂળ કારણ છે. (૧) દ્રવ્યકર્મ અને (૨) ભાવકર્મ.

આઠ પ્રકારના કર્મો તેના ૧૫૮ સ્થૂળ પેટાભેદ અને અનંત સૂક્ષ્મભેદો સાથે આત્માના પ્રદેશે પ્રદેશને વળગે છે. સતત પ્રવાહરૂપે વળગતા રહે છે. તેથી જન્મ-મરણાદિમય સંસારરોગ ટકેલો અને પોષાયેલો રહે છે. આ કર્મો મૂળ કાર્મણ-વર્ગણાના પુદ્ગળો છે. આમ દ્રવ્ય છે. વળી આત્માથી બાહ્યરૂપ છે. વળી એ કર્મોની સીધી અસર આત્મા પર નથી, કે મકે એ કર્મોના વિપાકઉદયે ઉઠતા કષાયાદિભાવોની આત્માને સીધી અસર છે. માટે આ દ્રવ્યકર્મો છે.

આત્મામાં ઊઠતા રાગ-દ્વેષાદિ ભાવો, કષાયો, સંજ્ઞાઓની ખંજવાળ, ઇચ્છાઓ, મહેચ્છાઓ, મનોરથો, વિકલ્પો, ઈર્ષ્યા, અસૂયા, મદ, કપટ, અસંતોષવગેરે ભાવો સીધા આત્મ-પરિણામરૂપ છે. એનાથી જ તત્કાલમાં આત્મા સુખ-દુઃખ અનુભવે છે, અને એ ભાવોથી પરિણત થયેલા આત્મામાં એવા પરિણામ જાગે છે કે જેના પ્રભાવે કાર્મણવર્ગણાના પુદ્ગળો તે-તે કર્મરૂપે પરિણામ પામી આત્મા પર તે-તે કાળમાટે ચોંટી જાય છે. આમ રાગદ્વેષાદિ પરિણામો ભાવરૂપ હોવાથી, તથા સીધા કારણભૂત હોવાથી, તથા દ્રવ્ય કર્મો માટે પણ કારણ બનતા હોવાથી ભવરોગના ભાવકર્મરૂપ કારણ ગણાય છે.

તે-તે જ્ઞાનાવરણાદિ કર્મોમાટેના વિશેષ કારણો પણ જાણી લેવા જોઈએ. સામાન્યતઃ બધા કર્મોમાટે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ કારણો છે. પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વ મુખ્ય કારણ છે. બે થી ચાર ગુણસ્થાનક અને કથંચિત પાંચમા ગુણસ્થાનક સુધી અવિરતિ મુખ્ય કારણ છે. કાંક અંશે પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે પ્રમાદ મુખ્ય કારણ બને છે. સાતથી દસ ગુણસ્થાનક સુધી કર્મબંધનું મુખ્ય કારણ કષાય છે. અને અગ્યારથી તેર ગુણસ્થાનક સુધી માત્ર યોગ જ

કર્મબંધનું કારણ હોવાથી કર્મબંધ સ્થિતિ અને રસ બંને અપેક્ષાએ તદ્દન તુચ્છ કોટિના થાય છે.

આ સંસારરોગ મુખ્ય રોગ હોવાનું કારણ એ છે, કે એ જન્મઆદિ વિકારરૂપે ચારેય ગતિના તમામ જીવોને અનુભવસિદ્ધ છે. બધા જ સંસારી-જીવો જન્માદિ વિકારોને અનુભવે છે. ભાવરોગથી પીડાય છે. આમ બીજાના રોગની કલ્પનાઓ માત્ર ન રહેતા દરેકને સ્વાનુભવસિદ્ધ બને છે.

एतन्मुक्तश्च मुक्तोऽपि मुख्य एवोपपद्यते ।
जन्मादिदोषविगमात्तददोषत्वसङ्गतेः ॥१९०॥

एतेन भवव्याधिना **मुक्तश्च, मुक्तोऽपि**-सिद्धः **मुख्य एवोपपद्यते** प्रवृत्तिनिमित्तभावात्। तथा चाह-**जन्मादिदोषविगमात्** कारणात् **तददोषत्वसङ्गतेः**-तस्य दोषवतोऽदोषत्वप्राप्तेरिति ॥१९०॥

ગાથાર્થ : આનાથી મુક્ત જ મુખ્ય મુક્તરૂપે ઘટે છે, કેમકે જન્મઆદિ દોષો દૂર થવાથી તેનું અદોષત્વ સંગત બને છે.

સંસારમુક્ત જ ખરો મુક્ત

ટીકાર્થ : સંસારરૂપી વ્યાધિથી જે મુક્ત થયો છે, તે જ મુખ્યરૂપ મુક્ત-સિદ્ધરૂપે ઘટે છે, કેમકે 'મુક્ત' પદની પ્રવૃત્તિમાં કારણભૂત અર્થ એમાં જ વિદ્યમાન છે. તેથી જ કહે છે - જન્માદિદોષ દૂર થવાથી જ દોષવાળામાંથી દોષરહિતપણાની પ્રાપ્તિ થાય છે.

વિવેચન : આ ભવરોગથી મુક્ત થયેલો પણ મુખ્યરૂપે જ યુક્તિસંગત ઠરે છે. નહીં કે સાંખ્ય-દર્શનની જેમ ઔપચારિક રીતે. જન્માદિદોષો મુખ્ય દોષો છે. ભવરોગ મુખ્ય રોગ છે. તો આ દોષોનું જવું-નાશ પામવું એ પણ મુખ્ય દોષનાશ છે. અને આ દોષનાશ ભવરોગના નાશમાં મુખ્ય કારણ છે. આમ ભવરોગનાશ-ભવરોગથી મુક્તિરૂપ કાર્ય માટેનું કારણ (= પ્રવૃત્તિનિમિત્ત) જન્માદિદોષ-નાશ મુખ્યરૂપ છે. અર્થાત્ મુખ્યકારણથી થતું કાર્ય પણ મુખ્ય હોય, એ ન્યાયે જન્માદિદોષનાશરૂપ મુખ્યકારણથી ભવરોગથી મુક્તિરૂપ કાર્ય પણ મુખ્યરૂપ જ છે.

બીજા બધા રોગોથી મુક્તિ મુખ્ય નથી, કેમકે એ રોગો મુખ્ય રોગરૂપ નથી, અને તેના વિકારરૂપ દોષો પણ મુખ્ય નથી. જ્યારે ભવરોગ મુખ્ય રોગ છે. અને જન્માદિ વિકારો જ મુખ્ય દોષો છે. તેથી આ દોષો-રોગથી મુક્તિ જ મુખ્ય મુક્તિરૂપ છે. અને મુક્ત થયેલો જીવ જ મુખ્યવૃત્તિથી મુક્ત થયો એમ કહેવું ઉચિત ગણાય. કેમકે હવે પછી એ ક્યારેય બંધાવાનો-રોગયુક્ત થવાનો નથી.

અહીં જન્માદિદોષો દૂર થવાથી જીવમાં મુખ્યવૃત્તિથી અદોષપણું ઘટે છે. જે પૂર્વે દોષયુક્ત હોય, તે જ પછી દોષમુક્ત થાય, એ વાત યુક્તિ-સંગત છે. આમ કહેવાથી અનાદિથી અદુષ્ટ મુક્તાત્માની કલ્પના ખોટી સિદ્ધ થાય છે. તેમજ ચૈતન્યનો જ અભાવ આવી જવો=નૈરાત્મ્યદશા જ ખરી મુક્તિ છે, ઇત્યાદિ વાતો પણ ખોટી ઠરે છે. જીવ જન્માદિદોષ કે ભવરોગથી મુક્ત બને એટલામાત્રથી કંઈ જીવનો અભાવ થઈ જતો નથી. પુરુષ રોગમુક્ત બને એનો અર્થ કંઈ પુરુષનો જ અભાવ થઈ ગયો એમ નથી. આમ જન્માદિદોષથી છૂટેલો આત્મા ભવરોગથી મુક્ત થાય છે, એ જ મુખ્ય મુક્તિરૂપ અને યથાર્થ છે.

અમુમેવાર્થં સ્પષ્ટયન્નાહ--

तत्स्वभावोपमर्देऽपि तत्तत्स्वभाव्ययोगतः ।
तस्यैव हि तथाभावात्तददोषत्वसङ्गतिः ॥१९१॥

तस्य-आत्मनः **स्वभावोपमर्देऽपि** सति जन्मादिभावविगमेन **तत्तत्स्वाभाव्ययोगतः**-तस्य तत्स्वाभाव्यं तेन योगात्, तथाहि-तस्येत्थम्भूत एव स्वभावो येन स एव तथा भवतीति, ततश्च **तस्यैव हि तथाभावाद्**-जन्मादित्यागतो जन्माद्यतीतत्वेन भावात् किमित्याह **तददोषत्वसङ्गतिः**-दोषवत एवाऽदोषत्व-

प्राप्तिरित्यर्थः ॥१९१॥

આ જ વાતને વધુ સ્પષ્ટ કરતાં કહે છે.

ગાથાર્થ : તેના સ્વભાવનો ઉપમર્દ થવા છતાં પણ તેના તત્સ્વભાવ્યના યોગથી તેનો જ તથાભાવ થવાથી તેનું અદોષપણું યુક્તિસંગત ઠરે છે.

ટીકાર્થ : તે જ આત્માનો સ્વભાવ કચડાયો હોવા છતાં જન્માદિભાવનો વિગમ થવાથી તેના તત્સ્વભાવ્યનો યોગ થાય છે. તે આ પ્રમાણે - તેનો (=આત્માનો) જ એવા પ્રકારનો સ્વભાવ છે કે જેથી તે જ (=આત્મા જ) તેવા પ્રકારનો થાય છે. તેથી તે આત્માનો જ તથાભાવ - જન્માદિ-ત્યાગથી જન્માદિથી રહિતપણું હોવાથી આત્માની જ દોષવત્તામાંથી અદોષપણાંની પ્રાપ્તિ સંગત ઠરે છે.

જન્માદિથી રહિતપણું આત્માનો જ સ્વભાવ

વિવેચન : અનાદિકાળથી લાગેલા કર્મોના કારણે તથા રાગ-દ્વેષ-સંજ્ઞાઓથી ઘેરાઇ જવાના કારણે આત્માનો મૂળભૂત સ્વભાવ દબાઇ ગયો, ઢંકાઇ ગયો, કચરાઇ ગયો. 'હું જડ-પુદ્ગળો અને રાગ દ્વેષથી રહિત આત્મા છું' 'હું જ્ઞાનમય આત્મા છું' ઇત્યાદિરૂપ 'સ્વ'-પોતાની સ્વતંત્ર ઓળખ ધરાવતી અસ્તિતા ઢંકાઇ ગઇ. અને તે હું ધની, માની, ગોરો, ક્રોધી, માનવી, વકીલ, ડોક્ટર, શ્રીમંત, ગરીબ, આદિ અનેક વિભાવદશાઓ રૂપે પોતાને ઓળખવા માંડ્યો. બીજાઓ પાસે ઓળખાવવા માંડ્યો. આ બધી કર્મઆદિના સંગથી ઉદ્ભવેલી આગંતુક-અલ્પજીવી અવસ્થાઓમાં પોતાનું અસ્તિત્વ જોવા માંડ્યો. આમ જીવનો ખરો સ્વભાવ ઢંકાઇ ગયો હતો.

પછી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાથી જ્યારે તમામ વિભાવોના કારણભૂત કર્મોથી અને જન્માદિદોષોથી મુક્ત થાય છે, ત્યારે મૂળભૂત સ્વભાવ પ્રગટ થાય છે. આમ જીવને પોતાનું સ્વભાવપણું પ્રાપ્ત થાય છે. જીવનો જ એવા પ્રકારનો સ્વભાવ છે, કે જેથી તે જ તથા (જન્માદિથી મુક્ત) રૂપે થાય છે. આમ કહીને સાંખ્યમાન્ય નિત્યશુદ્ધ પુરુષવાદની અને પ્રકૃતિની જ બંધનાદિ અવસ્થાઓની કલ્પનાને અનુચિત ઠેરવી.

આમ તે જ જીવ જન્માદિદોષોના ત્યાગથી જન્માદિદોષોથી મુક્ત બને છે, એમ સિદ્ધ થાય છે. આમ બૌદ્ધમાન્ય ક્ષણસંતતિ અને નૈરાત્મ્ય કલ્પના પણ અસંગત ઠરે છે. આમ પૂર્વે જન્માદિદોષવાળા જીવમાં જ જન્માદિદોષરહિતપણું ઘટી શકે છે. જો જીવ જ ન રહે, તો જન્માદિદોષોથી મુક્ત કોણ થયું? અને જો જીવ પૂર્વે પણ દોષમુક્ત જ હોય, તો દોષ-મુક્ત થવાની સાધના કોના માટે થઇ ? સ્વભાવથી જ દોષમુક્ત જીવ દોષોના સંગથી જ પોતાના સ્વભાવથી વિમુખ થયેલો અને દોષયુક્ત બનેલો. દોષો ખસી ગયા, સ્વભાવ પ્રગટી ગયો. જીવ શુદ્ધ સ્વભાવે ઊભો રહ્યો. આમ તત્ત્વવિચારણા કરવાથી જ જીવનો સ્વભાવ, દોષો, સાધના, દોષમુક્તિ અને સ્વભાવની પ્રાપ્તિ વગેરે બધી વાતો સુસંગત ઠરે છે.

इत्थं चैतदङ्गीकर्तव्यमित्याह--

स्वभावोऽस्य स्व-भावो यन्निजा सत्तैव तत्त्वतः ।
भावावधिरयं युक्तो नान्यथाऽतिप्रसङ्गतः ॥१९२॥

स्वभावोऽस्य-आत्मनः **स्व-भावो** यद्-यस्मात्, किमुक्तं भवति-**निजा सत्तैव तत्त्वतः**-परमार्थेन **भावावधिरयं युक्तः**-स्वभावोऽनन्तरोदितः **नान्यथा** युक्तः। कुत इत्याह **अतिप्रसङ्गतः** इति ॥१९२॥

આ વાત આ પ્રમાણે જ સ્વીકારવી જોઇએ, કારણ કે,

ગાથાર્થ : જેથી આનો સ્વભાવ સ્વ-ભાવ છે, કે જે તત્ત્વથી પોતાની સત્તારૂપ છે. આ સ્વભાવ ભાવાવધિ જ યુક્ત છે, અન્યથા નહીં, કેમકે અતિપ્રસંગ છે.

સ્વભાવનો અર્થ

ટીકાર્થ : આ આત્માના સ્વભાવનો અર્થ છે સ્વ-ભાવ-સ્વનો ભાવ. પરમાર્થથી તો આત્માની પોતાની સત્તા-પોતાનું અસ્તિત્વ, આ જ ખરો 'સ્વભાવ' પદનો પદાર્થ છે. આમ છેવટે માત્ર પોતાના ભાવને-અસ્તિત્વને જ સૂચવતું, ખરેખર સ્વભાવરૂપ છે. પોતાનું પોતાનારૂપે હોવું - સ્વનું 'સ્વ'રૂપે જ ભવન સ્વભાવ છે. કેમકે અન્યથા અતિપ્રસંગ આવે છે. શૂન્યતા કોઈનો સ્વભાવ ન હોઈ શકે, કારણકે સ્વભાવ પોતે પરમાર્થથી ભાવ (=સત્તા) સાપેક્ષ ચીજ છે.

વિવેચન : આત્માનું આ નિજરૂપે હોવાપણું અનંત આત્મગુણોથી યુક્ત છે. તેથી એમ કહી શકાય, માત્ર પોતાના જ અનંતગુણોથી યુક્તરૂપે પોતાની હાજરી રહેવી-જરા પણ કર્મઆદિકૃત ઔપાધિક ધર્મોથી મિશ્રિતરૂપે હોવું, અથવા સર્વથા 'સ્વ'રૂપે પણ ન હોવું, આ બેમાંથી એક પણ રીતે ન હોવું, તે જ આત્માનો વાસ્તવિક સ્વભાવ છે. આમ કહેવાથી (૧) આત્મા પોતાના અનંતગુણ સાથે જ મોક્ષમાં રહે છે એ વાત અને (૨) આત્માનો સર્વથા અભાવ ન થવો એમ બે વાત સિદ્ધ થાય છે.

આમ અનંત સંસારકાળના વિવિધ વિભાવો અને ઉપાધિઓથી દબાયેલો હોવા છતાં આ સ્વભાવ જ વાસ્તવિક હોવાથી અંતે એ જ સ્વભાવને જીવ પામે છે. આમ આવા પ્રકારના સ્વભાવને જો ન સ્વીકારીએ, તો નીચે જણાવશે તેમ અતિપ્રસંગ છે.

એનમેવાહ--

અનન્તરક્ષણાભૂતિરાત્મભૂતેહ યસ્ય તુ ।
તયાઽવિરોધાન્નિત્યોઽસૌ સ્યાદસદ્વા સદૈવ હિ ॥૧૯૩॥

અનન્તરક્ષણાઽભૂતિ:-પ્રાક્પશ્ચાત્ક્ષણયોરભૂતિરિત્યર્થ:, **આત્મભૂતેહ યસ્ય તુ**-વર્તમાનસ્ય વાદિનો વા, તસ્ય દોષમાહ-**તયા**-અનન્તરક્ષણાભૂત્યા **અવિરોધાત્** કારણાદ્વર્તમાનભાવેન કિમિત્યાહ **નિત્યોઽસૌ**-વર્તમાન: સ્યાત્, તદ્વત્સદા તદ્ભાવાદિતિ। પક્ષાન્તરમાહ-**અસન્ વા-સદૈવ હિ** તયા વિરોધેન તદ્ગ્રસ્તત્વાદિતિ ॥૧૯૩॥

આ જ વાત કરે છે-

ગાથાર્થ : જે વાદીના મતે અહીં અનન્તરક્ષણે અભૂતિ જ આત્મભૂત છે, તો તે સાથે અવિરોધથી કાં તો એ નિત્ય જ રહેશે, અથવા તો હંમેશા અસત્ જ રહેશે.

નૈરાત્મવાદીમત નિષેધ

ટીકાર્થ : વર્ત્તમાન ક્ષણને જ સત્ માનતા જે વાદીના મતે પૂર્વ-ઉત્તરની ક્ષણે અભૂતિ=ન હોવું એ જ આત્મભૂત છે, તે વાદીને આવતો દોષ બતાવે છે. અનન્તરક્ષણઅભૂતિ સાથે વર્ત્તમાનભાવનો અવિરોધ હોવાના કારણે કાં તો આ વર્ત્તમાન ક્ષણ નિત્ય જ રહેશે કેમકે અનન્તરક્ષણઅભૂતિ જેમ હંમેશા રહે છે, તેમ આ વર્ત્તમાનક્ષણ પણ હંમેશા રહેશે. હવે બીજો પક્ષ બતાવે છે - જો અનન્તરક્ષણ અભૂતિ સાથે વર્તમાનક્ષણને વિરોધ માનશો, તો તે અસત્ત્વયુક્ત થવાથી અસત્ બનશે.

વિવેચન : ક્ષણિકવાદીઓ દરેક સ્વલક્ષણ-ભૂત પદાર્થનો કે આત્માનો ઉત્તર ક્ષણમાં જ ધ્વંસ માને છે. એમની વ્યાખ્યા પ્રમાણે સ્વનો ઉત્તર-ક્ષણમાં અભાવ એ જ ધ્વંસ છે. સ્વનો ઉત્તરક્ષણમાં અભાવ એટલે કે પછીની ક્ષણમાં ન હોવાપણું. આ 'અનંતરક્ષણે ન હોવું' એ સ્વલક્ષણના આત્મભૂત=આત્માના સ્વભાવભૂત છે. અર્થાત્ તેઓના મતે આત્મા વર્ત્તમાનક્ષણની પૂર્વની ક્ષણે અને ઉત્તરની ક્ષણે હોતો નથી. આત્માનો અભાવ હોય છે. વિચારવા જેવું એ છે કે સ્વલક્ષણમાં 'ઉત્તરક્ષણે ન હોવું' એ વાતને 'વર્ત્તમાનક્ષણે હોવું' એ વાત સાથે વિરોધ નથી. તેથી વર્ત્તમાનક્ષણ શાશ્વત છે, તે આ રીતે- પ્રત્યેક ક્ષણે આત્માનો પૂર્વોત્તર ક્ષણમાં જેમ

અભાવ મળે છે, તેમ વર્ત્તમાન ક્ષણમાં ભાવ પણ મળે છે. આમ પૂર્વોત્તરક્ષણ અભૂતિ-સ્વભાવ-વાળી વર્ત્તમાન ક્ષણ સદાકાલીન છે. જેમ અભાવ-ભૂત પૂર્વોત્તરક્ષણો સાથે વિરોધ વિના સદા વર્ત્તમાન-ક્ષણ મળી શકે છે. તેમ વર્ત્તમાનક્ષણ સ્થાયી-તે વર્ત્તમાન ક્ષણમાં રહેનારો આત્મા પણ હંમેશા-સદા હોવો જ જોઇએ. આમ આત્મા વર્ત્તમાન-ક્ષણની જેમ જ નિત્ય સિદ્ધ થશે.

તયા=અનન્તરક્ષણઅભૂતિ સાથે જો વર્ત્તમાન ક્ષણને વિરોધ હોવાનું માનીએ તો સદા પૂર્વોત્ત-રક્ષણ અભાવસાથે વિરોધના કારણે વર્ત્તમાન-ક્ષણ સ્વસત્તા પણ ગુમાવીને અસત્ બની રહેશે. એટલે કે આત્મા જેમ પૂર્વોત્તર ક્ષણમાં અસત્ છે તેમ વર્ત્તમાનક્ષણમાં પણ પૂર્વોત્તરક્ષણઅભાવની સાથેના વિરોધથી અસત્ જાહેર થશે - પરિણામે આત્માની બાબતમાં શૂન્યવાદની માન્યતાનો અતિપ્રસંગ થશે.

परोक्तिमात्रपरिहारायाह--

स एव न भवत्येतदन्यथा भवतीतिवत्।
विरुद्धं तन्नयादेव तदुत्पत्त्यादितस्तथा ॥१९४॥

स एव-इति भावपरामर्शः, **न भवतीति** चाभा-वाभिधानं एतत्, किमित्याह **अन्यथाभवतीतिवत्** इति निदर्शनम्, **विरुद्धं**-व्याहतम्, **तन्नयादेव**, स हि स एवान्यथाभवतीत्युक्ते एवमाह-यदि स एव, कथमन्यथा भवति, अन्यथा चेद्भवति, कथं स इति। एतच्च स एव न भवतीत्यत्रापि समानमेव। तथा हि यदि स एव, कथं न भवति? अभवन्वा कथं स एव? इति विरुद्धमेतत्। अभ्युच्चयमाह **तदुत्पत्त्यादितः** इत्यभावोत्पत्त्यादेः, **तथा**-विरुद्धमिति ॥१९४॥

૫૨=અન્ય મતવાળાઓના પોકળ બચાવ-સ્વરૂપ વચનોનો પરિહાર બતાવે છે.

ગાથાર્થ : 'તે જ નથી થતો' આ વચન 'આ અન્યથા થાય છે' એવા વચનની જેમ - તે જ નયથી વિરુદ્ધ છે. વળી તદુત્પત્ત્યાદિથી પણ તે વિરુદ્ધ છે.

અભાવ-અન્યથાભાવ બંનેમાં આપત્તિ

ટીકાર્થ : 'સ એવ' - થી ભાવાત્મક વસ્તુનો પરામર્શ કરવાનો છે. 'ન ભવતિ' એનાથી અભાવનું સૂચન થાય છે. તેથી 'તે જ નથી થતો' એ વચન 'અન્યથા થાય છે' એવા દૃષ્ટાંતભૂત વચનની જેમ જ-તે જ નયથી વિરુદ્ધ-વ્યાહત છે. તે આ પ્રમાણે -'તે જ અન્યથા થાય છે' એમ કહેવાયે છતે તે વાદી એમ કહે- જો તે જ છે, તો અન્યથા કેવી રીતે થાય? જો અન્યથા થાય છે, તો તે તે જ કેવી રીતે રહે? તો એ વાદીના આવા કથનને અનુરૂપ જ જ્યારે વાદી એમ કહે કે 'તે જ નથી થતો' ત્યારે જવાબ આપી શકાય છે- તે આ પ્રમાણે - 'જો તે જ છે' તો કેવી રીતે 'નથી થતો' એમ કહો છો? અને 'જો નથી થતો' તો 'તે જ' એમ કેવી રીતે કહી શકો? કેમકે આ વિરુદ્ધ વાત છે. અભ્યુચ્ચય કહે છે - અભાવની ઉત્પત્તિવગેરેથી વિરુદ્ધ છે.

વિવેચન : પૂર્વોત્તરક્ષણઅભાવના અવિરોધ -વિરોધની ચર્ચા છોડો - અમારે તો અનન્તર-ક્ષણઅભૂતિના અર્થરૂપે એટલું જ કહેવું છે કે તે જ (=જે અત્યારે ભાવરૂપ છે - જેનું હમણાં અસ્તિત્વ છે, તે) પછીની ક્ષણે નથી હોતો. (પછીની ક્ષણે તે રહેતો નથી.) આમ 'ન ભવતિ' વાક્યથી તેના અભાવનો નિર્દેશ થયો. આની સામે શાસ્ત્રકાર કહે છે કે આ જે વચન છે 'તે જ અનંતર-ક્ષણે નથી હોતો' તે વચન 'તે જ (અનંતરક્ષણે) અન્યથા (=બીજા સ્વરૂપે) થાય છે.' એ વચનની જેમ વિરુદ્ધ વચન છે. પ્રથમ વચનમાં ભાવાત્મક વસ્તુનો અનંતરક્ષણે અભાવાત્મક નિર્દેશ છે, બીજા વચનમાં અન્યરૂપે હોવાનો નિર્દેશ છે. પણ બંને વચન અપેક્ષાએ સમાન છે, કેમકે પ્રથમમાં ભાવાત્મકવસ્તુનો અભાવરૂપે પણ અન્યથા-ભવનનો જ નિર્દેશ છે, તો બીજામાં અન્યથાભવન

કહેવાદ્વારા તે જ રૂપે હોવાનો નિષેધ કરીને પણ વાસ્તવમાં તો તે જ રૂપના અભાવનો નિર્દેશ કર્યો. તેથી 'તે જ અનંતરક્ષણે નથી હોતો' એ વચન 'તે જ અનંતરક્ષણે અન્યથારૂપે હોય છે' એ વચનની જેમ વિરુદ્ધવચન છે. અન્યથા ભવતિ - એ વાક્યમાં વિરોધ આ પ્રકારે છે - જો તે જ છે, તો તે અન્યથા-રૂપે કેવી રીતે બને ? (વસ્તુ પોતાના મૂળ સ્વરૂપને છોડી બીજા રૂપે કેવી રીતે બને ?) અને જો અન્યથારૂપે છે, તો તે (=તે વસ્તુ) તે જ રૂપે કેવી રીતે હોય ? (બીજારૂપે રહેલી વસ્તુને પહેલાસ્વરૂપે કેવી રીતે ઓળખી શકાય ?) જો ઘડો કપડો છે, તો તે ઘડો કેવી રીતે હોય? અને જો તે ઘડો જ છે, તો કપડારૂપે કેવી રીતે થઇ શકે ? આ અન્યથાવાદી મતનું ખંડન થયું.

આ જ પ્રમાણે અભાવપક્ષે પણ તર્ક લગાડી શકાય. જો તે (=ભાવાત્મક) છે, તો તે તેરૂપે કેમ ન હોય ? (અર્થાત્ તેનો અભાવ કેવી રીતે કહી શકાય ?) અને જો તે અભાવાત્મક છે, તો તે રૂપે (=ભાવાત્મકરૂપે) કેવી રીતે હોઇ શકે ? અર્થાત્ કાં તો વસ્તુ ભાવરૂપ હોઇ શકે, કાંતો અભાવરૂપ. પણ બંનેરૂપે કેવી રીતે હોઇ શકે ? આ તો પરસ્પર વિરુદ્ધ વાત છે. જો 'છે' તો 'નથી' એમ ન કહેવાય. ને જો 'નથી' તો 'છે' એમ ન કહેવાય. આ ક્ષણિક-વાદીનું ખંડન થયું.

(તત્ક્ષયાદેવ=) આમ ક્ષણિકવાદીઓ વસ્તુ બીજીક્ષણે બીજારૂપે હોવાની વાતનો જે નયથી=તર્કથી ખંડન કરે છે, તે જ નયથી=તર્કથી તેમના અભાવવાદનું-ક્ષણિકવાદનું પણ ખંડન થાય છે.

વળી, જો પ્રથમક્ષણના પછી અભાવ થવાનું માનો, તો અભાવની ઉત્પત્તિવગેરે માનવા પડે, જે પણ વિરુદ્ધ છે.

एतद्भावनायैवाह--

सतोऽसत्त्वे तदुत्पादस्ततो नाशोऽपि तस्य यत्।
तन्नष्टस्य पुनर्भावः सदा नाशे न तत्स्थितिः ॥१९५॥

सतो-भावस्य **असत्त्वेऽभ्युपगम्यमाने** "स एव न भवति" इति वचनात् किमित्याह **तदुत्पादः**-इत्यसत्त्वोत्पादः कादाचित्कत्वेन, **ततः**-उत्पादात् **नाशोऽपि तस्य**-असत्त्वस्य, 'यदुत्पत्तिमत्तदनित्यं' इति कृत्वा यद्-यस्मात् तत्-तस्मात्, **नष्टस्य**-असत्त्वस्य (नष्टस्य सत्त्वस्य?) **पुनर्भावस्तेनैव रूपेण**, सदसत्त्वविनाशान्यथानुपपत्तेः। अथ नाशो नाशात्मना भावात्प्राक्पश्चाच्चावस्थित एव-एतदाशङ्क्याह **सदा नाशे**-अभ्युपगम्यमाने किमित्याह **न तत्स्थितिः** विवक्षितक्षणेऽपि तन्नश्यति ॥१९५॥

હવે અભાવની ઉત્પત્તિવગેરે દોષ સ્પષ્ટપણે બતાવે છે -

ગાથાર્થ : સદ્ના અસત્ત્વમાં અસત્ત્વની ઉત્પત્તિ થઇ. તેથી જેથી તેનો નાશ પણ માનવો પડશે. તેથી નષ્ટનો પુનર્ભાવ માનવો પડશે. અને સદા નાશ માનશો, તો વિવક્ષિતક્ષણે પણ તેની સ્થિતિ નહીં રહે = તેનો નાશ રહેશે.

ઉત્પન્ન અભાવનો નાશ

ટીકાર્થ : 'તે જ નથી થતું' આ વચનથી ભાવનું અસત્ત્વ સ્વીકારવામાં શું થાય ? તે બતાવે છે - અસત્ત્વનો ઉત્પાદ માનવો પડશે, કેમકે તે કાદાચિત્ક બન્યું. આમ કાદાચિત્ક ઉત્પાદ હોવાથી જ તે અસત્ત્વનો નાશ પણ માનવો પડશે, કેમકે 'જેની ઉત્પત્તિ થાય, તે અનિત્ય હોય' એવો નિયમ છે. તેથી નષ્ટ થયેલા સત્ત્વનો તે જ રૂપે પુનર્ભાવ માનવો પડશે, કેમકે નહિંતર તો સત્ત્વ-અસત્ત્વનો વિનાશ ઘટી નહીં શકે. અહીં આશંકા કરો કે 'નાશનો નાશરૂપે જ ભાવ હોવાથી તે પૂર્વે અને પછી અવસ્થિત જ રહેશે' તો તેનો જવાબ છે કે નાશને સદા-નિત્ય સ્વીકારશો, તો વિવક્ષિત ક્ષણે પણ તે સત્ પદાર્થને ભાવાત્મક માનવાને બદલે તેનો નાશ જ માનવો પડશે.

વિવેચન : જો તમે સત્‌વસ્તુ = ભાવનો અસત્ત્વ = અભાવ 'તે જ નથી હોતો' એવા વચનના આધારે સ્વીકારશો, તો તમારે આ અસત્ત્વ-અભાવની ઉત્પત્તિ પણ સ્વીકારવી પડશે. જેમકે ઘડાનો નાશ થયો. અહીં નાશ ઉત્પન્ન થયો.

હવે જો ઉત્પત્તિ સ્વીકારશો, તો અભાવ 'કાદાચિત્ક' બન્યો (ક્યારેક હોવાના સ્વભાવવાળો - જે પૂર્વે ન હતો, કારણસામગ્રી પ્રાપ્ત થયે ઉત્પન્ન થયો - એ કાદાચિત્ક કહેવાય.) અને જે કાદાચિત્ક હોય, તેનો નાશ પણ હોય, કેમકે નિયમ છે કે જે ઉત્પન્ન થાય, તે બધું અનિત્ય હોય છે - નાશ પામવાના સ્વભાવવાળું હોય છે. આમ અભાવ-અસત્ત્વ પણ કાદાચિત્ક હોવાથી નાશ પામશે. અને અભાવનો નાશ થાય, તો પાછો ભાવ (= પ્રતિયોગી) આવીને ઊભો રહે. એટલે ભાવ પૂર્વે જે રૂપે હતો, ફરીથી તે રૂપે તૃતીયક્ષણે ઉત્પન્ન થશે એમ માનવાની આપત્તિ આવશે. એવી શંકા થાય કે, 'અસત્‌નો ભલે વિનાશ હો, પણ તેથી ફરીથી તેનો ભાવ-સત્ત્વ માનવાની શી જરૂરત છે ?' પણ 'ઘડો પણ નહીં, ઘડાનો નાશ પણ નહીં' એવો સંભવ ન હોવાથી આ શંકા બરાબર નથી. કારણકે ભાવનો વિનાશ અસત્ત્વની અને અસત્ત્વનો વિનાશ ભાવની હાજરી વિના સંભવે નહીં. (ઘડાના નાશનો નાશ, ઘડાની હાજરી વિના કેવી રીતે સંભવે?) કદાચ **બૌદ્ધવાદી** એમ કહે કે વિનાશ નાશરૂપે ભાવક્ષણની પૂર્વે અને ભાવક્ષણની ઉત્તરમાં રહેલો જ છે. અર્થાત્ નાશ તો સર્વકાલીન છે. તેથી નિત્ય એવા નાશનો નાશ માનવાની આપત્તિ નહીં આવે, અનિત્યની ઉત્પત્તિ અને વિનાશ શક્ય છે. પણ જે નિત્ય છે, તેની ઉત્પત્તિ જ ન હોવાથી વિનાશની કલ્પના પણ રહેતી નથી. અમે ભાવના નાશને અવસ્થિત સદાકાલીન માનીએ છીએ, માટે એ નાશના વિનાશની અને તેથી ફરીથી ભાવની હાજરી આપત્તિ રહેતી નથી.

તો બૌદ્ધોની આ વાત પણ બરાબર નથી. કેમકે જો પૂર્વોત્તરવગેરે ક્ષણોએ રહેલો વિનાશ સદા-નિત્ય હોય, તો તમે જે ક્ષણે ભાવની સ્થિતિ-હાજરી કહો છો, એ ક્ષણે પણ નાશ તો અવસ્થિત જ છે. તેથી એ ભાવની સ્થિતિક્ષણે પણ ભાવનો નાશ જ મળશે, ભાવ કેવી રીતે મળશે ? કારણ કે એવું તો બને જ નહીં કે, ભાવની સ્થિતિ અને ભાવનો નાશ બંને એકસાથે એક જ ક્ષણમાં રહે, કેમકે જો બંને સાથે રહી શકતા હોય, તો પૂર્વોત્તર ક્ષણોએ પણ ભાવના નાશ સાથે ભાવ પણ રહેશે, આમ ભાવ પણ સદા-નિત્ય થવાની આપત્તિ આવે.

स क्षणस्थितिधर्मा चेद् द्वितीयादिक्षणेऽस्थितौ ।
युज्यते ह्येतदप्यस्य तथा चोक्तानतिक्रमः ॥१९६॥

स-નાશः, **क्षणस्थितिधर्मा चेद्**ભાવ एव । एतदाशङ्क्याह **द्वितीयादिक्षणेऽस्थितौ** सत्याम् किमित्याह-**युज्यते ह्येतदपि**-क्षणस्थितिधर्मकत्वं, **अस्य**-अधिकृतभावस्य । **तथा च**-एवं सति **उक्तानतिक्रमः** ॥१९६॥

ગાથાર્થ : જો તે ક્ષણસ્થિતિધર્મવાળો હોય, તો બીજીવગેરેક્ષણે અસ્થિતિ હોય, તો જ તે આમાં ઘટી શકે. અને તો ઉપર કહેલી વાતનો અતિક્રમ થતો નથી.

ટીકાર્થ : આ નાશ જો ક્ષણ રહેવાના સ્વભાવ-વાળો હોય, તો ભાવરૂપ જ છે. આ જ આશંકા કરીને કહે છે. તે = અધિકૃત નાશાત્મક ભાવનો ક્ષણ રહેવાનો સ્વભાવ તો જ ઘટે, જો તે બીજીવગેરે ક્ષણે (અસ્થિતિ =) રહેતું ન હોય. (અર્થાત્ એનો નાશ થતો હોય.) અને તો તો અમે પૂર્વે જે કહ્યું તે જ આવીને ઊભું રહે છે.

વિવેચન : જો તમે નાશને પણ ક્ષણસ્થિતિ-ધર્મવાળો માનશો. તો નાશ પણ ભાવાત્મક જ થશે. કેમકે સત્ = ભાવનું લક્ષણ તમે ક્ષણસ્થિતિ-

પણું માન્યું છે.

હવે આ નાશ ભાવ પણ છે, અને ક્ષણ-સ્થિતિધર્મક પણ છે, તે તો જ ઘટે, જો ભાવાત્મક નાશને બીજીવગેરે ક્ષણોમાં અસ્થિર=ન રહેનારો માનીએ. કારણકે બૌદ્ધમતે તમામ ભાવવસ્તુ ક્ષણિક હોવાથી બીજી ક્ષણે તેનું અસ્તિત્વ લોપાઇ જાય છે. જો એ નાશ ભાવસ્વરૂપ હોવા છતાં તેને બીજી ક્ષણે જીવતા હોવાનું માનવામાં આવે, તો સ્વલક્ષણ કે આત્મપદાર્થને પણ ક્ષણિક નહીં માની શકાય. ફલતઃ ભાવાત્મક નાશનો પણ બીજી ક્ષણે નાશ = અભાવ માન્યા વગર છૂટકો નથી.

(તથા ચોક્તા.) ફરીથી પાછુ જુનુ ચક્કર અહીં પણ ચાલુ થઇ જશે. 'અર્થાત્ એ ભાવાત્મક નાશનું બીજી ક્ષણે અસત્ત્વ માનવાથી ૧૯૫મા શ્લોકમાં જે કહ્યું છે કે સત્નું અસત્ત્વ થવાથી અસત્નો ઉત્પાદ માનવો પડશે - જેની ઉત્પત્તિ તેનો વિનાશ પણ માનવો પડશે - એ રીતે નાશ ઉત્પન્ન થયા પછી તેનો પણ નાશ થવાથી ફરી ભાવ-ઉન્મજ્જન (મરેલો જીવતો થવાની) આપત્તિ આવીને ઊભી રહેશે.

कथमित्याह--

क्षणस्थितौ तदैवाऽस्य नाऽस्थितिर्युक्त्यसङ्गतेः ।
न पश्चादपि नेत्येवं सतोऽसत्त्वं व्यवस्थितम् ॥१९७॥

क्षणस्थितौ सत्यां **तदैव**-विवक्षितक्षणे **अस्य**-विवक्षितभावस्यैव **नाऽस्थितिः** । कुत इत्याह **युक्त्यसङ्गतेः**, तदैवाऽस्थितौ तत्स्थितिविरोधादिति युक्तिः । **न पश्चादपि**-द्वितीयक्षणे, **सा**-अस्थितिर्न, युक्त्यसङ्गतेरेव 'तदावस्थितौ तदस्थितिविरोधादिति' युक्तिः । **इत्येवं सतोऽसत्त्वं व्यवस्थितम्** । ततश्च 'सतोऽसत्त्वे' इत्याद्यनुवर्त्तते एवेति ॥१९७॥

એ કેવી રીતે ? તે બતાવે છે ?

ગાથાર્થ : ક્ષણસ્થિતિ માનવામાં ત્યારે જ આની અસ્થિતિ નહીં આવે કેમકે યુક્તિસંગત નહીં રહે. વળી પછી પણ ન રહે એમ પણ નહીં થાય. આમ સત્નું અસત્ત્વ વ્યવસ્થિત થાય છે.

ક્ષણસ્થિતિધર્મમાં આપત્તિ

ટીકાર્થ : ક્ષણસ્થિતિ હોતે છતે તે વિવક્ષિત ક્ષણે એ વિવક્ષિતભાવની અસ્થિતિ નહીં હોઇ શકે કેમકે એ યુક્તિસંગત નથી. કારણ કે ત્યારે જ અસ્થિતિ હોવામાં તેની સ્થિતિ સાથે વિરોધ આવે એ યુક્તિ છે. બીજી ક્ષણે પણ તે અસ્થિતિ નથી એમ નથી. અર્થાત્ બીજી ક્ષણે અસ્થિતિ છે જ. કેમકે નથી એમ માનવામાં યુક્તિ સાથે અસંગતિ થશે. કેમકે તે વખતે (બીજી ક્ષણે) અવસ્થિતિ માનવામાં તેની અસ્થિતિ સાથે વિરોધ આવે એ યુક્તિ છે. આ રીતે સત્ની અસત્તા નિશ્ચિત થાય છે. અને તેથી જ 'સતોઽસત્ત્વે' (ગા.૧૯૫) વગેરે જે કહ્યું તેનું અનુવર્ત્તન થાય છે.

વિવેચન : જે ક્ષણે ભાવ છે, તે ક્ષણે તે ભાવનો ક્ષણસ્થિતિધર્મ છે. આમ ક્ષણસ્થિતિ ધર્મ હોવાથી જ તે ક્ષણે ભાવની અસ્થિતિ (= સ્થિતિનો અભાવ =ન હોવાપણું) સંભવતી નથી. કારણ કે સ્થિતિ-ક્ષણે અસ્થિતિ યુક્તિસંગત બનતી નથી. જ્યારે હોવાનો સ્વભાવ હોય, ત્યારે ન હોવાપણું શી રીતે ઘટી શકે ? માટે ઘડાવગેરે વસ્તુઓ પ્રથમ ક્ષણે હોય, ત્યારે તેઓના એક ક્ષણ રહેવાના સ્વભાવના કારણે તેઓ તે ક્ષણે અવસ્થિત છે, માટે તેઓની તે ક્ષણે અસ્થિતિ ન મળે.

એ જ રીતે બીજી વગેરે ક્ષણોમાં તે અસ્થિતિ =ન હોવાપણું નથી એવું નથી. કારણ કે ક્ષણિક વસ્તુ સ્વક્ષણમાં જેમ સ્થિતિમત્ છે, તે જ રીતે જો દ્વિતીયાદિ ક્ષણોમાં પણ સ્થિતિમત્ હોય તો તે વસ્તુ ક્ષણસ્થિતિધર્મા = ક્ષણિક કહી ન શકાય. ક્ષણિક-વાદમાં વિરોધ થાય. તેથી બીજીવગેરે ક્ષણોમાં વસ્તુની અસ્થિતિ પણ કહેવી જ પડશે. પ્રથમ ક્ષણે સદ્ વસ્તુની બીજી ક્ષણે અસ્થિતિનો અર્થ જ એ

છે કે સત્નું અસત્ત્વ.

તેથી ગાથા ૧૯૫માં કહેલી સતોઽસત્ત્વે વગેરે વાત એમની એમ ઊભી રહે છે. અર્થાત્ સત્માંથી અસત્ત્વ ઉદ્ભવે, તો અસત્ત્વની ઉત્પત્તિ માનવાની, તેથી પાછો વિનાશ માનવાનો વગેરે પૂર્વે કહેલી તમામ આપત્તિઓ ઊભી રહે. આમ ક્ષણિકવાદી બૌદ્ધમત અયુક્ત ઠરે છે. આત્માનો બીજી ક્ષણે વિનાશ માનવાની વાત અયોગ્ય ઠરે છે. અલબત્ત આત્માના પર્યાયો ક્ષણે-ક્ષણે બદલાય છે, પણ તેથી બીજી ક્ષણે આત્મદ્રવ્યનો સર્વથા અભાવ માની લેવો યોગ્ય નથી.

नित्यपक्षमधिकृत्याह--

भवभावानिवृत्तावप्ययुक्ता मुक्तकल्पना।
एकान्तैकस्वभावस्य न ह्यवस्थाद्वयं क्वचित्॥१९८॥

भवभावानिवृत्तावप्येकान्तनित्यतायाम् किमित्याह-**अयुक्ता मुक्तकल्पना** आत्मनः। कथमयुक्तेत्याह **एकान्तैकस्वभावस्य**-अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावतायाः, **न हि** यस्मात् **अवस्थाद्वयं** संसारिमुक्ताख्यं **क्वचित्**, एकान्तैकस्वभावत्वविरोधात्॥१९८॥

જેમ ક્ષણિકવાદી બૌદ્ધો આત્મતત્ત્વના સ્વભાવની બાબતમાં અયુક્ત તર્ક કરે છે, તેમ એકાંત નિત્યવાદીઓ પણ ભૂલ કરે છે, તેથી હવે નિત્યવાદીઓને ઉદ્દેશીને કહે છે-

ગાથાર્થ : 'ભવ' સ્વભાવની અનિવૃત્તિમાં પણ 'મુક્ત' કલ્પના અયોગ્ય છે. કેમ કે એકાંત એક સ્વભાવવાળાને ક્યારેય પણ બે અવસ્થા હોતી નથી.

(એકાન્તનિત્યવાદીઓ આત્માનો અવિનાશી, અનુત્પન્ન અને હંમેશા સ્થિર એક સરખો રહેવાવાળો એક જ સ્વભાવ માને છે. અલબત્ત જૈન મતમાં પણ જીવનો મૂળભૂત શુદ્ધ સ્વભાવ અનાદિ કાળથી મનાય છે, પણ જૈનમતે કર્મો વગેરેથી એનો ઉપમર્દ પણ માન્ય છે. જ્યારે એકાંત નિત્યવાદી સાંખ્ય વગેરે આવો ઉપમર્દ પણ માનતા નથી.)

એકાંતનિત્યમતે આપત્તિ

ટીકાર્થ : સંસારિપણાસ્વરૂપ એકમાત્ર સ્વભાવથી સંસારમાં રહેલો જીવ, એ સ્વભાવ નિવૃત્ત ન થાય, તો 'મુક્ત થાય' એવી કલ્પના પણ ફોગટ નીવડે છે. અને એકાંતનિત્યવાદીમતે 'સંસારભાવ' સ્વભાવ નિવૃત્ત થવો શક્ય જ નથી. કારણકે એકાંતે અવિનાશી-અનુત્પન્ન-સ્થિર એક નિત્યસ્વભાવવાદીમતે સંસારીઅવસ્થા અને મુક્તઅવસ્થા એમ બે અવસ્થા કદાપિ સંભવી શકતી નથી, કેમકે એમાં એકાન્ત એક સ્વભાવસાથે વિરોધ છે. બે જુદી જુદી અવસ્થાઓ બે અલગ-અલગ સ્વભાવ વિના સંભવે નહીં. એવું તો બને જ નહીં કે સંસારમાં રહેવાના એકાંત સ્વભાવમાં રમતો જીવ મુક્ત બને કે એકાંતે મુક્ત રહેવાના સ્વભાવવાળો જીવ સંસારમાં ભટકતો હોય.

तदभावे च संसारी मुक्तश्चेति निरर्थकम्।
तत्स्वभावोपमर्दोऽस्य नीत्या तात्त्विक इष्यताम्॥१९९॥

तदभावे च-अवस्थाद्वयाभावे च, **संसारी**-तिर्यगादिभाववान्, **मुक्तो** भवप्रपञ्चोपरमादित्येतत् **निरर्थकं**-शब्दमात्रमेव च, अर्थायोगादिति। **तत्**-तथा **स्वभावोपमर्दस्तदन्तरेण** तदन्तरापनयनलक्षणः **अस्य**-आत्मनः **नीत्या**-न्यायेन। किमित्याह **तात्त्विक इष्यतां**-पारमार्थिकोऽभ्युपगम्यतामिति॥१९९॥

ગાથાર્થ : અને તેના અભાવમાં 'સંસારી' અને 'મુક્ત' એ પણ નિરર્થક ઠરે છે. તેથી ન્યાયથી આના તે સ્વભાવનો ઉપમર્દ તાત્ત્વિક જ માનવો જોઈએ.

ટીકાર્થ : અને સંસારી-મુક્ત એમ બે અવસ્થાના અભાવમાં પશુવગેરેભાવે સંસારિપણું અને સંસારવિસ્તારના વિરામથી મુક્તપણું આ બંને નિરર્થક-શબ્દમાત્રરૂપ રહે છે, કેમકે એ બંને શબ્દોના અર્થો તો સંભવતા નથી. તેથી ન્યાયથી

વિચારીએ તો આત્માના એક સ્વભાવથી બીજા સ્વભાવના અપનયન-દૂર કરવારૂપ સ્વભાવનો ઉપમર્દ પારમાર્થિક છે, એમ સ્વીકારવું જોઇએ.

વિવેચન : આમ એકાંતનિત્ય એક સ્વભાવ-પક્ષે સંસારી અને મુક્ત એમ બે અવસ્થા સંભવતી નથી. જીવ હંમેશા એક જ અવસ્થામાં રહેલો માનવાની આપત્તિ છે. તેથી એ જીવ 'તિર્યંચ-આદિગતિવાળો સંસારી છે' કે સંસારના ભ્રમણથી વિરામ પામેલો મુક્ત છે' ઇત્યાદિ કથન માત્ર અર્થહીન શબ્દરૂપ જ બની રહે છે, કેમકે તે-તે શબ્દથી સૂચિત અવસ્થારૂપ અર્થ વિનાના છે. અર્થહીન શબ્દપ્રયોગો શિષ્ટ માન્ય બનતા નથી. આમ એકાંતનિત્યપક્ષે પણ જીવનો સંસાર અને જીવનો મોક્ષ ઘટી શકતા નથી. તેથી જૈનમાન્ય સ્વભાવઉપમર્દવગેરે વાતો જ તર્કયુક્ત, યુક્તિસંગત ઠરે છે.

સ્વભાવોપમર્દ તાત્ત્વિક છે

કેટલાક આ સ્વભાવઉપમર્દને નૈશ્ચયિક-તાત્ત્વિક માનતા નથી. તેઓના મતે - આત્મા તો હંમેશા શુદ્ધ, બુદ્ધ, સ્વસ્વરૂપમાં લીન છે. કર્મો-વગેરેથી આત્માનો આ સ્વભાવ ઢંકાયેલો છે તે બધી વાતો બાળજીવો માટે છે. ઔપચારિક છે. માટે બાળજીવો ક્રિયા/કર્મ ભલે કરે. આપણે તો આત્માના શુદ્ધ સ્વભાવ-શુદ્ધ જ્યોતિને જોતા રહેવું, ને બાહ્ય ધાર્મિક ક્રિયાકાંડોમાં પડવું નહીં. (હા, ખાવા-પીવાનું, સુખ-સગવડ-અનુકૂળતાઓ વગેરે પાપક્રિયાકાંડો 'પુદ્ગળ પુદ્ગળને ભોગવે છે.' 'શરીરને કષ્ટ આપવામાં ધર્મ નથી' 'શરીરને તકલીફ ન પડે, એ રીતે ચિંતનાદિ કરવામાં જ સાચો ધર્મ છે' ઇત્યાદિ આકર્ષક બહાનાઓના ઓઠા હેઠળ લીલાછમ રાખવાના.)

આ મત પણ અયોગ્ય છે કારણકે સ્વભાવનો ઉપમર્દ પણ તાત્ત્વિક-પારમાર્થિક છે. માત્ર ઔપચારિક નથી. જેઓ માત્ર ઔપચારિક માને છે, તેઓ શબ્દાંતરથી એકાંતનિત્યવાદી જ છે, તેથી જૈનમતથી બાહ્ય છે. જૈનરત્નોની વચ્ચે રહેલા આ જૈનાભાસ કાચના ટુકડાઓ છે.

સ્વભાવોપમર્દ = એક સ્વભાવથી બીજા સ્વભાવને દૂર કરવો. સંસારી અવસ્થામાં જીવ જન્માદિ પર્યાયોરૂપે અને રાગદ્વેષાદિ પરિણતિઓ રૂપે સંસારસ્વભાવને પામેલો છે, અને મુક્ત-શુદ્ધસ્વભાવનો ઉપમર્દ થયો છે. યોગપ્રક્રિયાથી અને જ્ઞાનાદિની આરાધનાથી ધાર્મિક ક્રિયા- ચૈતન્યયોગે જીવના જન્માદિભાવો દૂર થાય છે અને રાગાદિ પરિણામો હટી જાય છે, ત્યારે જીવ મુક્તિ-શુદ્ધિ-સિદ્ધિ સ્વભાવને પામે છે, જે તેનો મૂળભૂત સ્વભાવ છે. અને ત્યારે સંસાર સ્વભાવ દૂર થાય છે. તેથી ધાર્મિક ક્રિયાઓવગેરે પણ અર્થયુક્ત જ છે.

दिदृक्षाद्यात्मभूतं तन्मुख्यमस्य निवर्तते (अतिवर्तते)।
प्रधानादिनतेर्हेतुस्तदभावान्न तन्नतिः ॥२००॥

दिदृक्षा-अविद्यामलभवाधिकारादि, **आत्म-भूतं**-सहजं वस्तुसत्। **तत्**-तस्मात्, **मुख्यं**-अनुप-चरितमेव, **अस्य**-आत्मनो **निवर्तत**-अतिवर्तत इति। किम्भूतं तदित्याह **प्रधानादिनतेः**-प्रधानमायादि-परिणतेः, **हेतुः**-कारणम्। **तदभावाद्**-दिदृक्षाद्य-भावात्, **न तन्नतिः**-न प्रधानादिपरिणतिर्मुक्तात्मन इति ॥२००॥

ગાથાર્થ : તેથી આના આત્મભૂત મુખ્યરૂપે રહેલા પ્રધાનાદિનતિમાં કારણભૂત દિદક્ષાવગેરે નિવૃત્ત થાય છે. અને તેઓના અભાવમાં નતિ રહેતી નથી.

ટીકાર્થ : તેથી આત્માને મુખ્ય-અનુપચરિત રીતે વળગેલા અને સહજ વસ્તુસત્રૂપે આત્મભૂત બનેલા તથા પ્રધાન, માયાવગેરેની પરિણતિમાં કારણ બનેલા દિદક્ષા, અવિદ્યા, મલ, ભવાધિકાર વગેરે નિવૃત્ત થાય છે. અને એ દિદક્ષાવગેરેના અભાવથી મુક્તાત્માને પ્રધાનાદિપરિણતિ પણ રહેતી નથી.

દિદક્ષાવગેરેનું સ્વરૂપ

વિવેચન : દિદક્ષા, અવિદ્યા, મલ, ભવાધિકાર વગેરે શબ્દોથી અન્ય-અન્ય દર્શનકારોએ સંસાર-વાસ દર્શાવ્યો છે. એમાં દિદક્ષા = પ્રકૃતિ જોવાની-જાણવાની ઇચ્છા = કૂતુહળવૃત્તિ. જીવના સંસાર-ભ્રમણનું કારણ છે **દિદક્ષા**. દુનિયાના ભ્રાન્ત-સ્વરૂપોને ઘણું ઘણું જોઇ લેવાની-જાણી લેવાની ઇચ્છા, પિકનીક, પ્રવાસો, ટી.વી., અખબારો વગેરે દ્વારા દુનિયાભરની ઘણી ઘણી વસ્તુઓ જોઇ લેવાની-જાણી લેવાની 'જીવ્યા કરતાં જોયું ભલું' માનવાની વૃત્તિ. આ બધામાં આ દિદક્ષા કામ કરે છે. આ દિદક્ષાથી પછી રાગ-દ્વેષની પરિણતિઓ વગેરે થાય છે.

અવિદ્યા = આત્મજ્ઞાનનો અભાવ. જ્ઞાના-વરણાદિ કર્મોના આવરણથી અને મોહનીયકર્મની પ્રબળતાથી અજ્ઞાન, સંશય અને ભ્રાંતિમાં જીવ અટવાયા કરે છે. આના કારણે તે પૈસા કમાવા, ઘર-પરિવારને સાચવ્યા કરવો, સમાજના વ્યવહારોમાં દોડ્યા કરવું વગેરે ખોટી પ્રવૃત્તિઓ સાચી માનીને કર્યા કરી સંસારમાં ભમે છે.

મલ :- રાગ-દ્વેષ-મોહ વગેરે રૂપ આત્માની પરિણતિઓ, કે જેના કારણે આત્માના ઉપયોગ-પરિણામો અશુદ્ધ બને છે. કર્મરજ પણ આત્માને વળગી આત્માને અશુદ્ધ બનાવતી હોવાથી મળરૂપ છે. અને મલિન બનેલો આત્મા દુર્ગતિઓમાં ભમ્યા કરે છે.

ભવાધિકાર :- સંસારભાવનું પ્રાબલ્ય. સંસારનો રસ, સંસારની પ્રવૃત્તિઓનું આકર્ષણ, સંસારના વિષયાદિસુખોમાં સારાપણાની બુદ્ધિ ભવાધિકાર છે. આથી જીવ આત્માને હિતકર કાર્યોવગેરેમાં પ્રવૃત્ત થઇ શકતો નથી.

અન્ય એકાંત નિત્યાદિમતવાળાઓ આ બધાને સંસારી આત્માના સ્વભાવભૂત માનતા નથી. જૈનમતે આ અનાદિથી જીવને વળગેલા છે, અને આત્માના સ્વભાવભૂત બનીને રહેલા હોવાથી વાસ્તવિક છે, માત્ર બાહ્ય-ઔપચારિક-કે કલ્પનારૂપ નથી. તેથી દિદક્ષાવગેરેની મુખ્યરૂપે જ -અનુપચરિતરૂપે જ આત્માપરથી નિવૃત્તિ પણ ઇષ્ટ છે.

આ દિદક્ષાદિ મુખ્યવૃત્ત્યા આત્મામાં રહ્યા હોવાથી જ તેઓના પ્રભાવે પ્રધાનવગેરે પણ અખિલ ભવસ્વરૂપે મુખ્યરૂપે પરિણામ પામે છે. (જૈનમતે પ્રધાન = કર્મ) કારણકે પ્રધાન વગેરેના આ પરિણામોનું મુખ્ય કારણ દિદક્ષાવગેરે છે.

તેથી જ્યારે દિદક્ષાવગેરે આત્મભૂત બનેલા ભાવો આત્મામાંથી નિવૃત્ત થાય છે, ત્યારે પ્રધાના-દિના પરિણામરૂપ સંસારભ્રમણ પણ અટકી જાય છે. આત્મા કર્મવગેરેથી પણ મુક્ત થાય છે. આમ આત્માને પરિણામી નિત્ય માનવાથી બીજાઓએ કલ્પેલા દિદક્ષાદિભાવો પણ યુક્તિસંગત બને છે.

अन्यथा स्यादियं नित्यमेषा च भव उच्यते।
एवं च भवनित्यत्वे कथं मुक्तस्य सम्भवः ॥२०१॥

इत्थं चैतदङ्गीकर्तव्यं, **अन्यथा**-एवमनभ्युपगम्यमाने **स्यादियं**-प्रधानादिनतिः **नित्यं**-सदैव। ततः किमित्याह **एषा च**-प्रधानादिनतिः, **भव उच्यते**-संसारोऽभिधीयते, एतन्नतौ तदात्मकमहदादिभावात्। **एवं च**-उक्तनीत्या **भवनित्यत्वे** सति **कथं मुक्तस्य सम्भवः** ? नैवेत्यर्थः ॥२०१॥

ગાથાર્થ : અન્યથા તો આ 'નિત્ય' માનવી પડશે. અને આ જ 'ભવ' તરીકે ઓળખાય છે. આમ સંસાર નિત્ય સિદ્ધ થશે. અને તો મુક્તનો સંભવ કેવી રીતે આવશે ?

ટીકાર્થ : આ આ પ્રમાણે જ સ્વીકારવું રહ્યું. જો આમ નહીં સ્વીકારો, તો પ્રધાનાદિ પરિણતિ-ઓને નિત્ય માનવી પડશે. તેથી શું થશે ? તે બતાવે છે- આ પ્રધાનાદિ પરિણતિઓ જ 'સંસાર'

કહેવાય છે. કેમકે પ્રધાનાદિ પરિણતિઓથી જ તે પરિણતિરૂપ મહત્વગેરે પ્રગટે છે. આમ ઉપર કહ્યું તે નીતિથી સંસાર નિત્ય સિદ્ધ થશે, તો મુક્તનો સંભવ કેવી રીતે થશે ? અર્થાત્ નહીં જ થાય.

દિદક્ષાવગેરેસાથે પ્રધાનાદિનો સંબંધ

વિવેચન : જો આત્મસ્વભાવભૂત થયેલા દિદક્ષાદિના કારણે પ્રધાનાદિની પરિણતિ અને એ દિદક્ષાદિની નિવૃત્તિમાં પ્રધાનાદિની પણ નિવૃત્તિ નહીં માનવામાં આવે, તો પ્રધાનાદિની જે પરિણતિઓ દેખાય છે, તે માટે કોઇ કારણ રહેતું નથી. આમ અકારણ હોવાથી જ આ પ્રધાનાદિ પરિણતિઓને એકાન્ત નિત્ય માનવાની આપત્તિ છે. કારણ કે જેનું અસ્તિત્વ કારણ વિના હોય, તે નિત્ય જ હોય, જેમકે આકાશ. આમ પ્રધાનાદિ-પરિણતિઓ પણ નિત્ય માનવાની રહેશે. વળી, સંસાર એટલે શું ? બસ આ જ પ્રધાનાદિ પરિણતિઓ, કેમકે આ પ્રધાનાદિ પરિણતિ-ઓમાંથી જ મહત્-બુદ્ધિ, તેમાંથી અહંકાર, અને અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ શબ્દઆદિ તન્માત્ર અને મન=૧૬નો ગણ, ટુંકમાં આખો સંસાર ઉદ્ભવે છે. સંસારનો તમામ વિસ્તાર પ્રધાનાદિના પરિણામો છે. (જૈનમતે બધા કર્મના પરિણામો છે.) આમ પ્રધાનાદિ-પરિણતિઓરૂપ સંસાર છે. પ્રધાનાદિ પરિણતિઓ નિત્ય છે, માટે સંસાર પણ નિત્ય માનવાનો આવ્યો. આમ જો સંસાર જ નિત્ય હોય, તો જીવ મુક્ત થયો એવી કલ્પના પણ કેવી રીતે સંભવશે ? અર્થાત્ મુક્તત્વ અસિદ્ધ થશે.

अवस्था तत्त्वतो नो चेन्ननु तत्प्रत्ययः कथम्। भ्रान्तोऽयं किमनेनेति मानमत्र न विद्यते ॥२०२॥

अवस्था तत्त्वतः-परमार्थेन, **नो चेत्**पूर्वापर-भावेन तदाशङ्क्याह-**ननु तत्प्रत्ययः** अवस्थाप्रत्ययः **कथं**-निबन्धनाभावेन। स्यादेतत्-**भ्रान्तोऽयं**-अव-स्थाप्रत्ययः **तत्किमनेनेत्येतदाशङ्क्याह**-**'मानमत्र' भ्रान्ततायां न विद्यते** ॥२०२॥

ગાથાર્થ : જો આ અવસ્થાઓ તાત્ત્વિક નથી, તો તેનો પ્રત્યય કેવી રીતે થાય છે ? આ પ્રત્યય ભ્રાન્ત હોવાથી એનાથી સર્યું.... ભ્રાન્ત હોવામાં કોઇ પ્રમાણ નથી.

પૂર્વાપર અવસ્થાઓ તાત્ત્વિક

ટીકાર્થ : આ પૂર્વાપર અવસ્થાઓ પરમાર્થથી નથી. આવી આશંકાની સામે કહે છે- જો એ તાત્ત્વિક નથી, તો અવસ્થાની પ્રતીતિ થવામાટે કોઇ કારણ ન રહે... અને તો અવસ્થાની પ્રતીતિ કેવી રીતે થશે? અહીં પૂર્વપક્ષકાર આશંકા કરે કે- આ અવસ્થા-ઓની પ્રતીતિ ભ્રાન્ત છે. તેથી એનાથી સર્યું. એ મહત્ત્વની નથી. અહીં ઉત્તરપક્ષ કહે છે. આ પ્રતીતિઓ ભ્રાન્ત હોવાનું કોઇ પ્રમાણ વિદ્યમાન નથી.

વિવેચન : આમ નિત્યએકાન્તવાદનું ખંડન કરી આત્માની પરિણામી નિત્યતા અને તેના આધારે જીવની બે વાસ્તવિક અવસ્થા સિદ્ધ કરી. (૧) સંસાર અવસ્થા (૨) મુક્ત અવસ્થા.

અહીં એકાંતનિત્યવાદી કહે છે. તમે તર્કથી ભલે આ બે અવસ્થાનું ઉદ્ભાવન કર્યું. પણ એકાંતનિત્ય એકસ્વભાવી જીવને તાત્ત્વિકરીતે તો બે અવસ્થા સંભવતી જ નથી. પહેલા સંસારી અવસ્થા અને પછી મુક્ત અવસ્થા આવી વિભિન્ન અવસ્થાઓ નિત્ય આત્મામાં ઘટી શકે નહીં. માટે આ અવસ્થાઓ તાત્ત્વિક નથી. પારમાર્થિક નથી.

ખરેખર તો એકાંત નિત્યતાનો તર્ક ઘટી શકતો ન હોવા છતાં તે પકડી રાખી સ્પષ્ટ દેખાતી બે અવસ્થાઓને અતાત્ત્વિક ગણવાની ચેષ્ટા કરવા-વાળા નિત્યવાદીઓની જીદ અયોગ્ય છે. કેમકે જો બે અવસ્થાઓ ખરેખર હોય જ નહીં, તો બે અવસ્થાઓનો પ્રત્યય=અનુભવ કેવી રીતે થાય છે? બે અવસ્થાના અનુભવ માટે બંનેની વાસ્તવિકતા

સિવાય કોઇ કારણ રહેલું નથી. વસ્તુ હોય, તો તેની અનુભૂતિ થાય. વસ્તુ જ ન હોય, તો અનુભૂતિ કેવી રીતે થાય ? તેથી જો અનુભૂતિ થતી હોય, તો વસ્તુ હોવી જ જોઇએ. બે અવસ્થાઓની અનુભૂતિ તો થાય છે. અવસ્થાદ્વય જો અતાત્ત્વિક હોય, તો આ શી રીતે બને ? અહીં, નિત્યવાદી કહે છે કે - આ અવસ્થાઓનો અનુભવ ભ્રાન્ત છે, કેમકે જે ન હોય, તેનો અનુભવ ભ્રાન્તિજન્ય હોય છે. ભ્રાન્ત અનુભવને શું કરવાનો ? વસ્તુસિદ્ધિમાં તે નકામો છે.

અહીં નિત્યવાદીઓને પ્રશ્ન છે. જે બે અવસ્થાઓનો અનુભવ થાય છે, તેને ભ્રાન્ત કહેવા પાછળ કોઇ પ્રમાણ છે? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. કેમકે આ અતીન્દ્રિય પદાર્થોમાં યુક્તિ કે આગમ છોડી અન્ય કયું પ્રમાણ મળી શકે ? અને જ્યાં આગમોમાં પરસ્પર વિરોધ દેખાય, ત્યાં યુક્તિનું બળ વધી જાય છે. પૂર્વોક્ત યુક્તિઓથી તો બે અવસ્થા સિદ્ધ થાય છે, તો હવે એને ભ્રાન્ત કહેવામાટે પ્રમાણ ક્યાંથી લાવશો ?

योगिज्ञानं तु मानं चेत्तदवस्थान्तरं तु तत् ।
ततः किं भ्रान्तमेतत्स्यादन्यथा सिद्धसाध्यता ॥२०३॥

योगिज्ञानं तु-योगिज्ञानमेव प्रमाणं **चेदत्र** एतदाशङ्क्याह **तदवस्थान्तरं तु**-योग्यवस्थान्तरमेव, **तत्**-योगिज्ञानम् । **ततः किमित्येतदाशङ्क्याह भ्रान्तमेतत्स्यात्**-योगिज्ञानं, **अन्यथा** अभ्रान्तत्वेऽस्य किमित्याह **सिद्धसाध्यता** अवस्थाभेदोपपत्तेरिति ॥२०३॥

ગાથાર્થ : જો યોગીનું જ્ઞાન પ્રમાણરૂપ છે, (તેમ કહેશો) તો તે યોગિજ્ઞાન તો અવસ્થાન્તર છે. તો શું ? યોગિજ્ઞાન ભ્રાન્ત છે. અન્યથા સિદ્ધસાધ્યતા છે.

યોગિજ્ઞાન અવસ્થાંતરરૂપ

ટીકાર્થ : અહીં (અવસ્થાન્તર ન હોવામાં) યોગિજ્ઞાન જ પ્રમાણભૂત છે. આવી પૂર્વપક્ષીય આશંકાના જવાબમાં કહે છે - તે યોગિજ્ઞાન યોગીના અવસ્થાન્તરરૂપ જ છે. તેથી શું ? એવી આશંકામાં કહે છે - આથી આ યોગિજ્ઞાન ભ્રાન્ત હોવું જોઇએ. અને જો યોગિજ્ઞાન અભ્રાન્ત હોય, તો અવસ્થાભેદ સિદ્ધ થતો હોવાથી સિદ્ધ સાધ્યતા છે.

વિવેચન : અહીં એકાંતનિત્યવાદી કહે છે - આ અવસ્થાભેદને ભ્રાન્ત માનવા પાછળ યોગીઓનું અતીન્દ્રિયાર્થગ્રાહી જ્ઞાન જ પ્રમાણભૂત છે. અને તેઓએ એકાંતનિત્યવાદ પોતાના જ્ઞાનના બળે કહ્યો છે. માટે અવસ્થાંતર ભ્રાન્તિ છે.

અહીં નિત્યવાદીને પ્રશ્ન છે, કે તમે યોગી છો? ના. યોગીઓ અનાદિકાલથી યોગી છે કે પહેલા અયોગી હોય, ને પછી સાધનાના બળે યોગી બન્યા? અનાદિકાળથી યોગીતરીકે તો તમે કલ્પેલો ઈશ્વર જ આવે, કે જે પોતે પ્રત્યક્ષ ન હોવાથી વિવાદાસ્પદ છે. હવે જો સાધનાના બળથી કોઇકને યોગી થયેલા માનો છો, તો અહીં પણ અવસ્થાંતર તો આવ્યું છે. પહેલા અયોગીઅવસ્થા અને પછી યોગી અવસ્થા. આમ યોગીરૂપે અવસ્થાંતર પામેલાનું જ્ઞાન જ યોગિજ્ઞાન બન્યું. અર્થાત્ યોગિજ્ઞાન પણ યોગીઆત્માની એક અવસ્થારૂપ જ છે.

હવે જો તમારા મતે અવસ્થાંતરો એ ભ્રાન્ત હોય, તો યોગીઅવસ્થારૂપ અવસ્થાંતર (એટલે કે યોગિજ્ઞાન પોતે) પણ ભ્રાન્ત છે. અને તો એ અવસ્થાનું જ્ઞાન પણ ભ્રાન્ત જ સિદ્ધ થશે. ભ્રાન્ત જ્ઞાન કંઇ પ્રમાણભૂત બને નહીં. તેથી ભ્રાન્ત યોગીજ્ઞાનથી તમે અવસ્થાંતરને ભ્રાન્ત કહી શકો નહીં.

હવે જો યોગિજ્ઞાનને અભ્રાન્ત કહેશો, તો યોગીઅવસ્થાને પણ અભ્રાન્ત જ માનવાની રહી, અને જો યોગીઅવસ્થા અભ્રાન્ત હોય, તો અવસ્થાભેદ પણ અભ્રાન્તરૂપે જ સિદ્ધ થાય છે. તેથી તમે જ અભ્રાન્તરૂપે અવસ્થાભેદ સિદ્ધ કર્યો, એને જ તમારું અભ્રાન્ત યોગિજ્ઞાન સિદ્ધ કરતું હોવાથી, અહીં તમને સિદ્ધસાધ્યતા નામનો દોષ

લાગે છે. સિદ્ધ થયેલી વાતને ફરી સિદ્ધ કરવાનો પ્રયત્ન પિષ્ટપેષણની જેમ દોષરૂપ છે.

આમ એકાંતનિત્યપક્ષ અને એકાંત અનિત્યપક્ષ એમ બંને પક્ષ અસંગત ઠરે છે. તેથી અનેકાંતદૃષ્ટિએ જીવને પરિણામી નિત્ય માની, સંસાર અવસ્થામાં જીવનો શુદ્ધ સ્વભાવ દબાયેલો અને સંસારસ્વભાવ પ્રગટરૂપ માની, સાધનાના બળે જીવ સંસારસ્વભાવને હડસેલી પોતાના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરે છે, અને પ્રથમ સંસાર અવસ્થા હતી અને પછી સિદ્ધઅવસ્થા પામે છે, ઇત્યાદિ બધી વાતો સિદ્ધ થાય છે.

સિદ્ધના સ્વરૂપના વિચારમાં શ્લો. ૧૯૧થી આ બધી આનુષાંગિક વાત કરી. આની પાછળ પણ જૈનમત માન્ય મોક્ષ યથાર્થ જ છે, અને શીઘ્ર પામવા યોગ્ય છે એવો જ ઉદ્દેશ છુપાયેલો છે. જો આ અંગે સાચી શ્રદ્ધા થઈ જાય, તો સમ્યક્ત્વ પામ્યાની સંભાવના પાકી ગણાય. અભવ્યોને આઠ તત્ત્વોપર શ્રદ્ધા થાય, પણ મોક્ષપર શ્રદ્ધા નથી થતી. મિથ્યાત્વીઓ મોક્ષ-નિર્વાણને માનતા હોય, તો પણ તેઓ જે પ્રકારે યથાર્થ મોક્ષ છે, તે રૂપે માનતા નથી, સમજતા નથી. તેથી સમ્યક્ત્વથી દૂર છે. આ તાત્પર્ય બરાબર સમજી શકાય, તે માટે આટલી ચર્ચા કર્યા બાદ હવે પ્રસ્તુત સિદ્ધસ્વરૂપની વાતપર ગ્રંથકાર પાછા આવે છે.

उक्तमानुषङ्गिकं, प्रकृतं प्रस्तुमः, तच्च सिद्धस्वरूपं 'व्याधिमुक्तः पुमान् लोके' (श्लो. १८७) इत्याद्युपन्यासात्, तत्र--

આનુષાંગિક વાત કહી. હવે પ્રસ્તુત પર આવીએ. પ્રસ્તુત વાત એ હતી, કે જેવો વ્યાધિમુક્ત પુરુષ લોકમાં જોવા મળે છે, તે પ્રકારે સિદ્ધસ્વરૂપ સમજવાનું છે ઇત્યાદિ. તે વાતને જ જોડતા કહે છે.

व्याधितस्तदभावो वा तदन्यो वा यथैव हि।
व्याधिमुक्तो न सन्नीत्या कदाचिदुपपद्यते॥२०४॥

व्याधितः-सञ्जातव्याधिरेव, **तदभावो वा, तदन्यो वा**-व्याधितादन्यो वा तत्पुत्रादिः, **यथैव हि व्याधिमुक्तो न** त्रयाणामेकोऽपि, **सन्नीत्या**-सन्न्यायेन, **कदाचिदुपपद्यत** इति दृष्टान्तः ॥२०४॥

મુક્ત અંગેના ત્રણ વિકલ્પોનો નિષેધ

ગાથાર્થ : જેમ વ્યાધિમુક્ત માણસ સન્ન્યાયથી (૧) વ્યાધિગ્રસ્ત (૨) તેનો અભાવવાળો કે (૩) પૂર્વે વ્યાધિગ્રસ્ત અવસ્થાથી અલગ વ્યક્તિરૂપ ક્યારેય યુક્તિસંગત ઠરતો નથી.

ટીકાર્થ : ન્યાયસંગત રીતે જોવા જઈએ, તો વ્યાધિથી મુક્ત થયેલો માણસ (૧) વ્યાધિગ્રસ્ત =રોગી પણ નથી (૨) પહેલેથી જ રોગના અભાવવાળો અથવા સર્વથા અભાવરૂપ પણ નથી કે (૩) વ્યાધિત-રોગગ્રસ્તથી અન્ય તેના પુત્રવગેરેરૂપ પણ નથી. આમ જેમ લોકમાં વ્યાધિથી મુકાયેલો માણસ ઉપરોક્ત ત્રણમાંથી એક પણ રૂપે ન્યાયથી સિદ્ધ થતો નથી. પરંતુ પહેલા રોગી અને પછી રોગમુક્ત થયેલો-પૂર્વોક્ત ત્રણથી વિલક્ષણ પ્રકારનો અને પૂર્વે અને પછી એનો એ જ માણસ છે.

दार्ष्टान्तिकयोजनमाह--

संसारी तदभावो वा तदन्यो वा तथैव हि।
मुक्तोऽपि हन्त नो मुक्तो, मुख्यवृत्त्येति तद्विदः॥२०५॥

संसारी-पुरुषः **तदभावो वा**-पुरुषाभावमात्रमेव **तदन्यो वैकान्तलक्षणः तथैव हि** यथा दृष्टान्ते। किमिवेत्याह **मुक्तोऽपि हन्त नो मुक्तो मुख्यवृत्त्या** त्रयाणामपि तत्प्रवृत्तिनिमित्ताभावात्, **इति तद्विदः**-मुक्तविद इत्थमभिदधतीति ॥२०५॥

આ દૃષ્ટાંત છે, હવે જે વાત સિદ્ધ કરવા આ દૃષ્ટાંત આપ્યું, તે વાત સાથે આની ઘટના કરે છે.

ગાથાર્થ : તે જ પ્રમાણે મુક્ત પણ સંસારી જીવરૂપે, તદ્ભાવરૂપે કે તેનાથી અન્યરૂપે મુખ્યવૃત્તિથી મુક્ત નથી, એમ મુક્તતત્ત્વના જાણકારો કહે છે-

ટીકાર્થ : આ જ પ્રમાણે દૃષ્ટાંતની જેમ જ ભવવ્યાધિથી મુક્ત થયેલો જીવ (૧) હવે સંસારી-ભવવ્યાધિગ્રસ્ત નથી (૨) પુરુષાભાવ-પુરુષ-જીવ તરીકે સાવ અભાવ પામી ગયો-બૂઝાઈ ગયેલા દીવાની જ્યોતની જેમ સાવ અલોપ પણ થઇ ગયો નથી કે (૩) એકાંતે એકરૂપે જ રહેલા તદ્દન અન્ય જીવરૂપ પણ નથી.

મુક્ततत्त्वના જાણકારો કહે છે કે આ ત્રણેય પ્રકારે મુખ્યવૃત્તિથી મુક્ત પણ મુક્તરૂપે ઘટતો નથી. 'મુક્ત' શબ્દનું મુખ્યરીતે પ્રવૃત્તિનિમિત્ત બનવામાં અર્થાત્ 'મુક્ત' શબ્દનો મુખ્યઆશયથી શબ્દપ્રયોગ થવામાં ઉપરોક્ત ત્રણેય પ્રકાર અસંગત ઠરે છે.

વિવેચન : 'પીડાથી કે બંધનથી આ મુક્ત થયો' એમ કહેતી વખતે વક્તાનો કહેવાનો, અને શ્રોતાનો સમજવાનો આશય એ જ હોય છે, કે આ વ્યક્તિ મુક્ત થવા પૂર્વે રોગાદિની પીડાથી કે જેલના બંધનવગેરેથી જકડાયેલો હતો, ને હવે તેમાંથી મુક્ત થયો છે. તે વખતે વક્તા કે શ્રોતા બેમાંથી એકનો પણ આશય ૧. હજી રોગાદિની કે બંધનની પીડામાં રહેલી વ્યક્તિમાટે, કે ૨. વ્યક્તિના તદ્દન અભાવમાટે કે ૩. જે એવી પીડામાં હતી જ નહીં, તેનામાટે 'મુક્ત' શબ્દના પ્રયોગનો હોતો નથી.

આમ 'મુક્ત' શબ્દના યથાર્થને જાણનારાઓ કદી પણ ઉપરોક્ત ત્રણ પ્રકારના પ્રસંગમાં મુખ્યરૂપે 'મુક્ત' શબ્દનો પ્રયોગ કરતાં નથી. માંદગીના બિછાને પડેલા રોગીને રોગનું નિદાન થાય, સારો ડોક્ટર મળી જાય, ને લાગુ પડનારી દવા ચાલુ થઇ જાય, ત્યારે 'હવે તો તું રોગમુક્ત થઇ ગયો સમજ !' ઇત્યાદિશબ્દ પ્રયોગ થાય, ત્યાં તો ભવિષ્યમાં રોગમુક્તિની પૂરી સંભાવનાને નજરમાં લઇને ગૌણરૂપે જ મુક્ત શબ્દનો પ્રયોગ થાય છે.

कथं तर्हि मुक्तव्यवस्थेत्याह--

क्षीणव्याधिर्यथा लोके व्याधिमुक्त इति स्थितः ।
भवरोग्येव तु तथा मुक्तस्तन्त्रेषु तत्क्षयात् ॥२०६॥

क्षीणव्याधिः-पुरुषः **यथा लोके**ऽविगानेन **व्याधिमुक्त इति** तत्तदभावेन **स्थितो**, न स्थापनीयः। **भवरोग्येव**-तु मुख्यतद्भावेन **तथा मुक्तः**-भवव्याधिमुक्तः, **तन्त्रेषु** स्थितः । **तत्क्षयादिति** भवरोगक्षयादित्यर्थः ॥२०६॥

તો 'મુક્ત' શબ્દનો મુખ્યપ્રયોગ ક્યાં ઉચિત છે ? તે બતાવે છે.

'મુક્ત' શબ્દની મુખ્ય સાર્થકતા ક્યાં ?

ગાથાર્થ : જેમ લોકમાં ક્ષીણ થયેલા વ્યાધિવાળો વ્યાધિમુક્ત ગણાય છે, તેમ તંત્રમાં સંસારરોગી જ સંસારરોગ ક્ષયે મુક્ત ગણાય છે.

ટીકાર્થ : જેમ લોકમાં નિર્વિવાદપણે ક્ષીણ થયેલા રોગવાળો પુરુષ જ રોગાદિના અભાવથી વ્યાધિમુક્ત ગણાય છે - નિર્ણીત થાય છે - નિર્ણીત થવાનો બાકી છે એમ નહીં. એમ સંસારરોગી જ - મુખ્યરૂપે સંસારરોગથી યુક્ત જ ભવરોગના ક્ષયથી ભવવ્યાધિમુક્ત છે, એમ શાસ્ત્રોમાં નિર્ણીત થયું છે.

વિવેચન : રોગથી મુક્ત થયેલો જ લોકોમાં 'વ્યાધિમુક્ત થયો' એમ નિર્વિવાદપણે-સર્વસંમત રીતે સ્થિત=નિશ્ચિત થયેલો છે. આ નિશ્ચિત થયેલી વાત છે, એમ કહેવાદ્વારા ગ્રંથકારને કહેવું છે કે આ વાત નિશ્ચિત થઇ ચુકેલી છે, હજી ચર્ચામાં છે, અને નિશ્ચિત થવાની બાકી છે એમ નથી. તાત્પર્ય એ છે કે જેનો રોગ ગયો હોય, તે જ મુખ્યરીતે રોગમુક્ત ગણાય, આ વાત નિઃશંકપણે માન્ય છે. બસ એ જ રીતે, ભવરૂપી-સંસારરૂપી રોગથી મુક્ત થયેલો જ મુખ્યવૃત્તિથી મુક્ત છે એમ શાસ્ત્રોમાં નિશ્ચિત થયેલી વાત છે. અર્થાત્ એ વિષયમાં પણ ચર્ચા અસ્થાને છે. 'મુક્ત' શબ્દનો સર્વશાસ્ત્રસંમત

નિશ્ચિત થયેલો અર્થ આ જ હોઇ શકે. બીજી બધી કલ્પનાઓ વ્યર્થ છે.

एवं प्रकृतमभिधाय सर्वोपसंहारमाह-

अनेकयोगशास्त्रेभ्यः संक्षेपेण समुद्धृतः ।
दृष्टिभेदेन योगोऽयमात्मानुस्मृतये परः ॥२०७॥

अनेकयोगशास्त्रेभ्यः-पातञ्जलादिभ्यः, **संक्षेपेण**-समासेन, **समुद्धृतः**-तेभ्यः पृथक्कृतः नवनीतमिव क्षीरादिति । केन क इत्याह **दृष्टिभेदेन**-उक्तलक्षणेन **योगोऽयं** अधिकृत एव । किमर्थमित्याह **आत्मानुस्मृत्यर्थं परः**-प्रधानो योग इति ॥२०७॥

આમ 'મુક્ત' સંબંધી પ્રસ્તુત વાત પૂર્ણ કરી હવે ગ્રંથના પૂરા વિસ્તારનો ઉપસંહાર બતાવે છે.

ગાથાર્થ : દૃષ્ટિભેદથી યુક્ત આ શ્રેષ્ઠ યોગ આત્માનુસ્મૃતિમાટે અનેક યોગશાસ્ત્રોમાંથી સંક્ષેપથી સમુદ્ધૃત કરાયો છે.

આ ગ્રંથ યોગગ્રંથોનો સાર

ટીકાર્થ : પાતંજલવગેરે અનેક યોગ-શાસ્ત્રોમાંથી સંક્ષેપથી સમુદ્ધૃત કરાયો છે - એ શાસ્ત્રોમાંથી દૂધમાંથી માખણની જેમ પૃથક્ કરાયો છે. કોનાથી કોણ? આ બતાવે છે- કહેલા લક્ષણો-વાળી દૃષ્ટિઓના ભેદથી યુક્ત આ અધિકૃત યોગ. (પૃથક્ કરાયો છે.) શા માટે ? તે બતાવે છે- પોતાની અનુસ્મૃતિમાટે. કેવો યોગ ? પર - શ્રેષ્ઠ યોગ.

વિવેચન : આ આઠ દૃષ્ટિઓના વિભાગમાં પથરાયેલો શ્રેષ્ઠ યોગ પાતંજલઆદિ અનેક યોગ સંબંધી શાસ્ત્રોમાંથી સંક્ષેપથી સમુદ્ધૃત કરાયો છે. જેમ દૂધવગેરેમાંથી મંથનઆદિદ્વારા નવનીત= માખણ તારવી લેવામાં આવે છે. એમ જુદા-જુદા યોગગ્રંથોમાંથી ચિંતન-મનન આદિ મંથનદ્વારા તારવેલા માખણરૂપે આ યોગદૃષ્ટિગ્રંથ રચ્યો છે. આમ કહીને ગ્રંથકાર પોતાની નમ્રતા પ્રગટ કરે છે, કે આ રચનામાં મારું કશું નથી ! પૂર્વાચાર્યોનું છે ! મેં તો માત્ર સારગ્રહણ કરવા જેટલું જ કર્યું છે! અન્યત્રથી બેઠા ઉતારી લઇને પણ પોતાનું ગણી લઇ યશનો પૂરો લાડવો જમી જવાની વૃત્તિના બદલે પોતાના વિશિષ્ટ સર્જનમાટે પણ પૂર્વાચાર્યોને યશોભાગી માનવાની આ ઉદાત્તતા વંદનીય છે. વળી, પોતે આ ગ્રંથ રચી બીજાઓ પર મોટો ઉપકાર કર્યો, એવો પણ અહંભાવ ન રહે, તે માટે ખુલાસો કરે છે કે આ ગ્રંથ મેં મુખ્યતયા મારી સ્મૃતિમાટે-યોગાર્થોના સ્મરણમાટે બનાવ્યો છે. કારણ કે પૂર્ણદશાને નહીં પામેલી વ્યક્તિ મુખ્યતયા આત્માર્થી હોય. એની દરેક પ્રવૃત્તિમાં મુખ્ય ઝોક આત્મહિતતરફ હોય.

આત્મસ્મૃતિમાટે આ ગ્રંથ છે, તો પછી જાહેર શું કામ કર્યો ? અથવા શું આત્માર્થી માત્ર આત્મ-લક્ષી જ હોય, જરા પણ પરમાર્થી ન હોય ? ઇત્યાદિ શંકાના સમાધાનમાં આ ગ્રંથરચનાનું બીજું પ્રયોજન પણ બતાવે છે. આત્માર્થી વ્યક્તિ પોતાના હિત-માટેની વસ્તુ જો બીજા આત્માર્થીઓને પણ ઉપયોગી થનારી લાગે, તો છૂપાવવાને બદલે જાહેર કરે છે. અને આત્માર્થીઓની આત્મહિત-લક્ષી પ્રવૃત્તિઓમાં પરમાર્થ પણ કથંચિત્ સમાયેલો જ હોય છે, ઇત્યાદિ સૂચિતઅર્થો હવેની ગાથામાં પ્રગટ થાય છે.

प्रयोजनान्तरमप्याह--

कुलादियोगिभेदेन, चतुर्धा योगिनो यतः ।
अतः परोपकारोऽपि, लेशतो न विरुध्यते ॥२०८॥

कुलादियोगिभेदेन-येऽत्र(गोत्र) कुलप्रवृत्त-चक्रनिष्पन्नयोगलक्षणेन **चतुर्धा**-चतुष्प्रकारा **योगिनो यतः** सामान्येन । **अतः** किमित्याह **परोपकारोऽपि** तथाविधकुलादियोग्यपेक्षया **लेशतो न विरुध्यते,** मनागतोऽपि योगपक्षपातादिभावात् ॥२०८॥

તેથી બીજું પ્રયોજન પણ બતાવે છે-

ગાથાર્થ : જેથી કુલાદિ યોગિભેદથી યોગીઓ ચાર પ્રકારે છે. તેથી લેશથી પરોપકાર પણ વિરુદ્ધ નથી.

ચાર યોગીઓ

ટીકાર્થ : સામાન્યથી યોગીઓ ચાર પ્રકારના છે (૧) ગોત્રયોગી (૨) કુલયોગી (૩) પ્રવૃત્તચક્ર યોગી અને (૪) નિષ્પન્ન યોગ. એમાં કુલાદિયોગીની અપેક્ષાએ દૃષ્ટિભેદોથી શ્રેષ્ઠ યોગનું આ નિરૂપણ લેશતઃ = આંશિકરીતે પણ પરોપકાર માટે બને, એમાં કોઇ વિરોધ નથી. કેમકે કુલાદિ યોગીઓને યોગપ્રત્યે પક્ષપાત થશે. તાત્પર્ય એ છે કે કુલાદિયોગીઓ આ ગ્રંથદ્વારા થોડા પણ યોગ-પક્ષપાતાદિ ભાવવાળા થશે. આ પરોપકાર છે.

વિવેચન : ગ્રંથકારને માત્ર આત્મચિંતા જ છે, એવું નથી, પણ યોગપ્રત્યે પક્ષપાત-લાગણી છે, તેથી જેઓને પણ યોગમાર્ગમાં રસ હોય, તેઓ પ્રત્યે પણ સદ્ભાવ હોવાનો જ. અને આ સદ્ભાવથી જ યોગના સારભૂત આ તત્ત્વ તેઓને બતાવવાના જ. આમ આ રીતે પરોપકાર પણ થાય, તો તેમાં વિરોધની કોઇ વાત નથી.

तदत्र-

कुलप्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः ।
योगिनो न तु सर्वेऽपि तथाऽसिद्ध्यादिभावतः ॥२०९॥

कुलप्रवृत्तचक्रा ये- कुलयोगिनः प्रवृत्तचक्राश्च य इत्यर्थः, एते **चास्य**-योगशास्त्रस्य **अधिकारिणो**-अर्हाः, योगिनो, न तु सर्वेऽपि सामान्येन। कुत इत्याह **तथा**-तेन प्रकारेण, **असिद्ध्यादिभावतः**-गोत्र-योगिनामसिद्धिभावात्, आदिशब्दात्तु निष्पन्नयोगिनां तु सिद्धिभावादिति ॥२०९॥

અહીં પ્રશ્ન થાય કે શું ઉપરોક્ત ચારેય પ્રકારના યોગીઓ આ ગ્રંથના અધિકારી બની શકે ? તેના જવાબમાં કહે છે-

ગાથાર્થ : જેઓ કુલયોગી અને પ્રવૃત્ત-ચક્રયોગીઓ છે, તેઓ જ આના અધિકારી છે. નહીં કે બધા જ યોગીઓ, કેમકે તથાપ્રકારે અસિદ્ધિવગેરે હોવાથી.

કુલ-પ્રવૃત્તચક્ર બે યોગીઓ અધિકારી

ટીકાર્થ : આ યોગશાસ્ત્રના અધિકારી = યોગ્ય = લાયક બે જ પ્રકારના યોગીઓ છે. (૧) જેઓ કુલયોગી છે અને (૨) જેઓ પ્રવૃત્તચક્ર યોગી છે. બાકીના (પ્રથમ અને ચરમ પ્રકારના) યોગ્ય નથી. આમ આ યોગશાસ્ત્રના શ્રવણાદિમાટે સામાન્યથી બધા જ યોગીઓ અધિકારી બનતાં નથી. કેમ? તે બતાવે છે-ગોત્રયોગીઓમાં અસિદ્ધિ હોવાથી અને આદિશબ્દથી નિષ્પન્નયોગીઓમાં સિદ્ધિ હોવાથી.

વિવેચન : ગોત્રયોગીઓ એટલા માટે અધિકારી નથી, કે તેઓ આ યોગશાસ્ત્રના શ્રવણાદિથી યોગમાર્ગે આગળ વધવાના નથી, કેમકે તેવી પરિપક્વતા નથી. તેથી આ ગ્રંથદ્વારા તેઓમાં યોગપ્રવૃત્તિની સિદ્ધિ થવાની નથી. આમ તેઓ આ ગ્રંથમાટે અધિકારી નથી કારણ કે અસિદ્ધિ છે. એટલે અર્થ એ આવ્યો કે આ ગ્રંથ વિદ્વત્તા માટે નથી, પણ યોગમાર્ગે આગળ વધવા માટે છે. એ જ રીતે નિષ્પન્નયોગી - જેઓ યોગસિદ્ધ થઇ ચુક્યા છે, તેઓ માટે પણ આ ગ્રંથ નથી, કેમકે તેઓને આ ગ્રંથ વગર પણ ઇષ્ટ પ્રયોજન સિદ્ધ થઇ ચુક્યું જ છે. આમ હજી યોગની ભૂમિકાને નહીં પામેલાઓ અને યોગની ભૂમિકાને પાર પામી ગયેલાઓ આ ગ્રંથના અધિકારી બનતાં નથી.

જેઓ યોગની ભૂમિકામાં રહ્યા છે તેવા કુલયોગીઓ અને પ્રવૃત્તચક્રયોગીઓ આ ગ્રંથના અધિકારી છે.

एतद्विशेषलक्षणमाह--

ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।
कुलयोगिन उच्यन्ते गोत्रवन्तोऽपि नापरे ॥२१०॥

ये योगिनां कुले जाताः-जन्मनैव, **तद्धर्मानुगताश्च**-योगिधर्मानुगताश्च, **ये** प्रकृत्यान्येऽपि, **कुलयोगिन उच्यन्ते** इति गम्यते द्रव्यतो भावतश्च । **गोत्रवन्तोऽपि**-सामान्येन भूमिभव्या अपि **नापरे**-

कुलयोगिन इति ॥२१०॥

કુલયોગીઓનું વિશેષ લક્ષણ બતાવે છે.

ગાથાર્થ : જેઓ યોગીઓના કુલમાં ઉત્પન્ન થયા છે અને જેઓ યોગીધર્માનુગત છે, તેઓ કુલયોગી કહેવાય છે. બીજા ગોત્રવાળા હોય, તો પણ નહીં.

ટીકાર્થ : (૧) જેઓનો યોગીઓના કુલમાં જન્મ થયો છે. અને (૨) જેઓ યોગિકુળમાં નહી જનમ્યા હોય, તો પણ સ્વભાવથી યોગિધર્મને અનુગત છે. તે કુલયોગીઓ કહેવાય છે. પ્રથમ યોગીઓ દ્રવ્યથી છે, અને બીજા ભાવથી છે. ગોત્રયોગીઓ સામાન્યથી ભૂમિભવ્ય હોવાછતાં કુલયોગી નથી.

વિવેચન : અલબત્ત, પૂર્વભવોની સાધનાના પુણ્યબળે, ભવ પૂરો થવાથી ખંડિત થયેલી યોગ-સાધનાને આગળ ધપાવવા યોગિકુળમાં જન્મ મળે એ મુખ્યતયા સંભવિત છે. તેથી આ જન્મરૂપ દ્રવ્યથી યોગિપણું પણ તેવા યોગીઓના સંપર્ક વગેરેના કારણે ભાવયોગિપણામાં રૂપાંતર પામે તે શક્ય છે.

જે ઘરમાં એક પણ વ્યક્તિએ દીક્ષા લીધી હોય, અને ઉત્તમ ચારિત્રાચાર પાળી રહી હોય, તે ઘરના સંસ્કારોમાં ધર્માભિમુખતા તરફનો ઝોક સહજ વધી જતો જોવા મળે છે. કોલેજ શિક્ષણ-વગેરેના કારણે આધુનિક અને પશ્ચિમપરસ્ત બનેલો એ ઘરનો યુવાવર્ગ પણ ધર્મસન્મુખ વળતો જોવા મળે છે. આમ એક પણ દીક્ષિત થયેલી વ્યક્તિ ઘરનો દીવો બને છે. ઘરને ઉજાળે છે.

એ ઘરમાં નાના-મોટા ધર્મકાર્યો થતાં રહે છે. પરલોકપ્રત્યેની શ્રદ્ધા ઝળહળ બને છે. જૈનશાસન અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે આસ્થા અડગ બનતી જાય છે. આવા વાતાવરણવાળા ઘરને યોગિકુળ કહી શકાય. આ ઘરમાં જનમતી વ્યક્તિને કદાચ પૂર્વભવની એવી ધર્મસંસ્કારની મૂડી ન હોય, તો પણ ઘરના ધર્મસંસ્કારમય વાતાવરણની અસર થાય છે. જો પૂર્વભવના દૃઢ પાપસંસ્કાર ન હોય, તો અવશ્ય તે માતા-પિતાવગેરેના ધર્મસંસ્કારને ઝીલી લે છે, અને દ્રવ્યથી કુલયોગી બનેલો તે બાળક આગળ જતાં ખરેખર કુલયોગીવગેરે રૂપને પામી શકે છે.

એમ કહી શકાય કે ધાર્મિક માતા-પિતાને ત્યાં જન્મેલો બાળક નબળા કે સબળા પૂર્વભવીય ધર્મસંસ્કારને લઇને આવેલો છે. તેથી જ ધાર્મિક માતાપિતાની એ ફરજ બની રહે છે કે એ બાળકને યોગ્ય ધર્મમય વાતાવરણ મળે. આજે એવા દૃષ્ટાંતો મળે છે કે એવા ધાર્મિક માતા-પિતા તરફથી મળેલા ધર્મમય વાતાવરણના કારણે એ બાળક બાળપણથી પણ દેવગુરુપૂજક, વડીલો પ્રત્યે વિનયી, પૂજા-ચોવિહાર-સામાયિકાદિ પ્રત્યે રુચિ સહિત સભાન પ્રયત્ન વગેરે બાબતોમાં ખૂબ આગળ વધતો જતો હોય.

સામાન્યથી એમ કહી શકાય, કે આજના વિષમ પાંચમા આરાના પડતા કાળમાં જનમતી વ્યક્તિ પૂર્વભવના સબળ પુણ્ય કે સબળ સંસ્કાર લઇને આવેલી હોય તેવી સંભાવના ઓછી હોય. આજના સંઘયણબળ અને મનોબળની સાથે પુણ્યબળ અને સંસ્કારબળ પણ ઉતરતી કક્ષાના-નબળા હોવાના. આવે વખતે એ બાળક પર પ્રથમ મા-બાપની, પછી ઘરની બીજી વ્યક્તિઓની, તે પછી પડોશીઓની, તે પછી શિક્ષણસંસ્થા, શિક્ષક અને વિદ્યાર્થીમિત્રોની, અને તે પછી ટી.વી. વગેરેની અસરો ક્રમશઃ ઉંમર વધતા વધુ વ્યાપક બનતી જતી હોય છે.

ઘણી વખત એવું પણ જોવા મળે છે કે સ્કૂલ-શિક્ષણ સુધી સતત ધર્મમય વાતાવરણમાં રહીને ધાર્મિક બની ગયેલો પણ કોલેજની હવાના કારણે

-છૂટછાટોવાળા સ્વચ્છંદજીવનવગેરેના કારણે ઝડપથી ધર્મસંસ્કાર ગુમાવી સાવ જ નાસ્તિકની કોટીમાં બેસી જાય ને અનાચારાદિતરફ ધસી જાય. આ જ બતાવે છે કે પૂર્વભવના કે આ ભવના સંસ્કારો દઢ પડ્યા નથી.

આ મુદ્દાઓ યોગીકુલમાં જન્મેલા બાળકમાટે એટલા માટે મહત્ત્વના છે, કે તે જનમતાની સાથે જ દ્રવ્યથી કુલયોગીની યોગ્યતા ધરાવતો હતો. એને માટે સાચા યોગી બનવાની તક સૌથી સરળ અને સુલભ હતી.

પછી મા-બાપની ભૂલથી કે કુસંગઆદિથી એ તક ગુમાવે, ત્યારે સૌથી વધુ ગુમાવવાનું એને પોતાને બને છે. ઉત્તમકોટિના યોગી બનવાના ભવમાં ભોગી અને છેવટે રોગી બનીને ભવ ગુમાવી બેસનારો તે માત્ર એક ભવ નહીં, પણ પૂર્વના ઘણા ભવોની આ ઊંચાઇ મેળવવા કરેલી મહેનતને પાણીમાં મેળવી દે છે. અને માત્ર આ જ ભવ નહીં, પણ ભવિષ્યના બીજા ઘણા ભવોને ભયંકર અધર્મ અને પાપના અંધકારમાં હડસેલી દે છે. ધાર્મિક માતા-પિતા પોતાના બાળકના ભવિષ્યની-હિતની ચિંતા માટે આ વાત ધ્યાનમાં લે, તે જરૂરી છે.

કેટલાક ભવ્ય જીવો યોગિકુળમાં નહીં જનમવા છતાં પ્રકૃતિથી જ-સ્વભાવથી જ શાંત-ભદ્રક, વિનીત હોય છે. પૂર્વભવના ધર્મસંસ્કારો આ ભવમાં જન્મ થતાં વાર જ પ્રગટ થતાં દેખાય છે. અલબત્ત, પૂર્વભવે સાધનામાર્ગે આગળ વધતાં પહેલા કે પછી ક્યાંક જાતિમદ વગેરે કો'ક ભૂલ કરી નાંખી હોય અને તેનું યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત ન થયું હોય, તો આ ભવમાં એ યોગિકુળમાં જન્મથી વંચિત રહી જાય, તેવું બને છે. **ભગવાન મહાવીર સ્વામી**ના નિર્વાણવખતે **પુણ્યપાળ** રાજાને આવેલા આઠ સપનામાં એક સપનું એવું પણ હતું કે કાદવમાં કમળ ખીલ્યું. તેનો અર્થ એ છે કે ઉત્તમ યોગી પુરુષો હીનકુળમાં જન્મ લેશે! ખુદ **ભગવાન મહાવીરસ્વામીને** કુલમદના કારણે **દેવાનંદા** બ્રાહ્મણીની કુક્ષીમાં અવતરણ કરવું પડેલું!

જીવોમાં વિવિધતા

આમ ચતુર્ભંગી દેખાય છે, યોગિકુળમાં યોગીનો જન્મ. યોગિકુળમાં અયોગી (યોગમાટે અયોગ્ય)નો જન્મ. અયોગીકુળમાં યોગીનો જન્મ અને અયોગીકુળમાં અયોગીનો જન્મ.

વળી જન્મેલાઓમાં પણ વિવિધતા જોવા મળે છે. (૧) સમગ્ર જિંદગી યોગસાધનામય. (૨) જીવનના પૂર્વાર્ધમાં યોગિકુળના પ્રભાવે (અને/કે પૂર્વભવના સંસ્કારના પ્રભાવે) યોગતરફ પ્રવૃત્તિશીલ. ઉત્તરાર્ધમાં કર્મપરિણતિવશ, મોહના પ્રાબલ્યથી અને બાહ્ય તેવા નિમિત્તોની લીધેલી અસરના કારણે યોગભ્રષ્ટ બને. (૩) જીવનના પૂર્વાર્દ્ધમાં યોગિકુળ ન મળવાવગેરે કારણથી યોગહીન જીવન. પછી તેવા દેવ-ગુરુ-ધર્મના અચાનક સંયોગ મળી જવાથી કે એવા ઠોકર લાગવા જેવા કડવા અનુભવોથી અચાનક આત્મા જાગી જવાથી ઇત્યાદિ કારણથી ઉત્તરાર્દ્ધમાં યોગસાધક જીવન. (૪) પૂર્વે યોગસાધક, જીવનના મધ્યાહ્ને કુસંગ, વ્યાપારચિંતા વગેરેના કારણે યોગભ્રષ્ટ અને અંતે - ઉત્તરાર્ધમાં તેવા પ્રસંગાદિને પામી પાછા યોગસાધક. (૫) તો કેટલાક પૂર્વે યોગહીન જીવે, વચ્ચે કેટલોક કાળ-ઝબકારાની જેમ યોગસાધના કરતો દેખાય, પછી પાછા અચાનક કો'ક અણગમતો અનુભવ થાય ને પ્રબળ કર્મોદય જાગે એટલે યોગભ્રષ્ટ બને. (૬) કોક ના જીવનમાં આવા ચઢાવ-ઉતરાણ વારંવાર જોવા મળે. અને (૭) કેટલાક જિંદગીભર યોગ-હીન જીવન વિતાવી માનવભવ એળે જવા દે.

આમ વર્ત્તમાન માનવજીવનમાં બધી જ સંભાવનાઓ હોવાથી પ્રત્યેક યોગેચ્છુકે સતત

યોગાભ્યાસ, સતત સત્સંગ અને સતત સદ્વાંચનાદિ રાખવા ખૂબ જરૂરી છે.

આ વાત થઈ કુલયોગીઓઅંગે! જેમ ખાનદાન કુલવધુ પોતાના કુલની મર્યાદાને વફાદાર હોય છે, અને કુલને ઉજાળનારી પ્રવૃત્તિઓ કરી પોતાને પણ ગૌરવાન્વિત કરે છે, તેમ ખરા કુલયોગીઓ પોતે પામેલા યોગિકુળને ઉજવળ બનાવે એવી યોગસાધનાને હંમેશા વફાદાર રહી, આત્માને ગૌરવાન્વિત બનાવે છે.

ભૂમિભવ્ય ગોત્રયોગીઓ અયોગ્ય

સામાન્યથી ભૂમિભવ્ય હોવા છતાં જેઓ કુલયોગી નથી, તે ગોત્રયોગીઓ છે. જેઓના સાક્ષાત્ સંબંધમાં આવેલી વ્યક્તિ યોગસાધનામાં આગળ વધેલી હોય, તેઓ કુલયોગીની યોગ્યતા પામી શકે. જેઓને આ સંબંધ લાંબો પરંપરાવાળો થયેલો હોય, તે ગોત્રયોગી ગણાય. ગોત્ર ખરું, પણ કુલ યોગીનું નહીં. દૂરની લાયકાત ખરી, પણ નજીકમાં યોગ્યતા નહીં. આર્યક્ષેત્રમાં જન્મેલો ક્ષેત્રથી આર્ય હોય, છતાં કર્મથી-ક્રિયાથી અનાર્ય પણ હોય, અને છતાં આર્ય ગણાય.

જૈનઘરમાં જન્મેલો હોય, છતાં જૈનધર્મની કોઇ વાત સાથે લેવા દેવા ન હોય, રાત્રિભોજન, અભક્ષ્યભોજન વગેરેમાં પાપની માન્યતા પણ ન હોય, અનુચિત ધંધાઓ વગેરેમાં જરા ડર પણ ન હોય, પરલોકની વાતોપર પૂરેપૂરી અશ્રદ્ધા હોય, જૈન દેવ-ગુરુ-ધર્મનો વિરોધી કે નિંદક પણ હોય, અને છતાં પોતાને જૈન કહેવડાવે !

ચાર પ્રકારની ભૂમિ

અહીં 'ભૂમિ' ચાર રીતે વિચારી શકાય. દ્રવ્યભૂમિ, ક્ષેત્રભૂમિ, કાળભૂમિ ને ભાવભૂમિ. એમાં દ્રવ્યભૂમિ એટલે આત્મા. આત્મા ભવ્ય છે, શ્રી શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા કરવાવગેરે દ્વારા એનું ભવિષ્યમાં મોક્ષગામિપણું નિશ્ચિત હોઇ શકે. છતાં વર્ત્તમાનમાં ધર્મને-યોગને માટે જરૂરી યોગ્યતા-લાયકાત વિનાનો, **દ્રવ્યભૂમિ** ભવ્ય છે.

તેમાં મુક્તિની યોગ્યતા હોય છતાં યોગની યોગ્યતા ન હોય.

'ક્ષેત્રભૂમિ' યુગલિકક્ષેત્ર વગેરે ધર્મમાટે અયોગ્યસ્થાનોને કે અનાર્યભૂમિ કે જ્યાં અધર્મ જ ધર્મરૂપ મનાય, એવા સ્થાનોને છોડી જૈનધર્મ-યોગધર્મ જ્યાં શક્ય છે, તેવા ભારત જેવા ક્ષેત્રમાં જન્મેલો પણ ધર્મસાથે સ્નાનસૂતકનો સંબંધ નહીં ધરાવતો **ક્ષેત્રભૂમિ** ભવ્ય ગણાય.

સુષમાસુષમાદિ યુગલિકકાળ કે છઠ્ઠા આરા જેવા અત્યંત દુઃષમકાળ કે જે કાળમાં ધર્મનો સર્વથા અભાવ છે, એ કાળને છોડી જે કાળમાં ધર્મ સાધના-યોગસાધના શક્ય છે, તે ચોથા-પાંચમા આરારૂપ કાળમાં જન્મેલો હોવા છતાં ધર્મથી વિમુખ કે ધર્મનિંદક બની રહેનારો **કાળભૂમિભવ્ય**.

અને ભાવભૂમિભવ્ય એટલે જૈનકુળમાં જન્મેલો, દેરાસર, ઉપાશ્રય, નવકાર વગેરેની સહજ પ્રાપ્તિ થઇ હોય, અને છતાં એ બધાની ઘોર ઉપેક્ષા કરનારા કુટુંબમાં જન્મી પોતે પણ તદ્રૂપ બનેલો **ભાવભૂમિભવ્ય !**

એમા પણ ચોથો - ભાવભૂમિને સ્પર્શેલો બાકીના ત્રણને પણ પ્રાયઃ સ્પર્શ્યો હોવા છતાં બધું જ એળે જવા દે, તે એની સૌથી મોટી મૂર્ખામી અને કમનસીબી છે.

આવા ગોત્રયોગીઓ યોગદૃષ્ટિ ગ્રંથમાટે અધિકારીરૂપ બનતા નથી. ॥૨૧૦॥

एतद्विशेषलक्षणमधिकृत्याह-

सर्वत्राऽद्वेषिणश्चैते गुरुदेवद्विजप्रियाः ।
दयालवो विनीताश्च बोधवन्तो यतेन्द्रियाः ॥२११॥

सर्वत्राऽद्वेषिणश्चैते-तथाऽऽग्रहाऽभावेन, तथा **गुरुदेवद्विजप्रियाः**-धर्मप्रभावात् तथा **दयालवः**-प्रकृत्या क्लिष्टपापाभावेन, **विनीताश्च**- कुशलानु-

बन्धिभव्यतया, तथा **बोधवन्तो**-ग्रन्थिभेदेन, **यतेन्द्रियाः**-चारित्रभावेन ॥२११॥

કુલયોગીઓના વિશેષલક્ષણને ઉદ્દેશીને કહે છે.

ગાથાર્થ : આ કુલયોગીઓ સર્વત્ર અદ્વેષી હોય છે. ગુરુ-દેવ-દ્વિજ પ્રિય હોય છે. દયાળુ હોય છે. વિનીત હોય છે. બોધવાળા હોય છે. અને યતેન્દ્રિય હોય છે.

ટીકાર્થ : આ કુલયોગીઓ (૧) તેવા પ્રકારના આગ્રહનો અભાવ હોવાથી સર્વત્ર અદ્વેષી છે. (૨) ધર્મના પ્રભાવથી ગુરુ-દેવ અને દ્વિજને પ્રિય હોય છે. અથવા પ્રિય માનવાવાળો હોય છે. (૩) ક્લિષ્ટ પાપ ન હોવાથી પ્રકૃતિથી જ દયાળુ હોય છે. (૪) કુશળ અનુબંધી ભવ્ય હોવાથી વિનીત હોય છે. (૫) ગ્રંથિભેદ થવાથી બોધવાળા હોય છે. તથા (૬) ચારિત્ર હોવાથી યતેન્દ્રિય હોય છે.

કુલયોગીના વિશેષ લક્ષણો - (૧) સર્વત્ર અદ્વેષ

વિવેચન : આ કુલયોગીઓ સર્વત્ર **અદ્વેષી** =દ્વેષમુક્ત હોય છે. કોઈ વસ્તુપ્રત્યે અરુચિ નથી, કોઈ પ્રસંગપ્રત્યે અણગમો નથી કે કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી. અહીં સવાલ થાય કે આવી ઊંચી ભૂમિકા આવે કેવી રીતે ? કારણ કે રોજિંદા જીવનમાં જોવા મળે છે કે ગમે તેટલી ઊંચી વ્યક્તિને પણ કોઈ વ્યક્તિ-પ્રસંગ-કે વસ્તુ પ્રત્યે કંઈક તો દ્વેષ-અણગમો કે અરુચિ હોય. તો આનો જવાબ છે, કુલયોગીઓને કશા માટે ક્યારેય પણ આગ્રહ હોતો નથી. એવો કોઈ આગ્રહ જ નથી હોતો કે જેથી તે આગ્રહથી વિરુદ્ધ દેખાતા વસ્તુ-વ્યક્તિ કે પ્રસંગ પ્રત્યે દુર્ભાવ થાય.

જ્યારે માણસ પોતાની માન્યતા, રુચિ, સિદ્ધાંત કે ગમા-અણગમા પ્રત્યે આગ્રહવાળો થાય છે, ત્યારે એને દ્વેષી બનવાનો અવસર આવે છે. કારણ કે જગતના કે ઘરના બધા જ કંઈ એના આગ્રહને અનુકૂળ વર્ત્તે જ, એવો નિયમ નથી. એવું કોઈ વિશેષ પુણ્ય પણ નથી હોતું, કે બધા જ અને બધું જ તમારી માન્યતાઆદિને અનુકૂળ જ વર્ત્તે. અરે **ભગવાન મહાવીરસ્વામી**નો ભાણેજ-જમાઇ અને શિષ્ય ગણાતો જમાલી જેવો પણ જો ભગવાનની સામે પડતો હોય, ભગવાનથી પ્રતિકૂળ વર્ત્તવા ઉદ્યત હોય, તો આપણા જેવા માટે તો વાત જ શી કરવી ?

સત્યનો-સમ્યક્ત્વના સિદ્ધાંતનો આગ્રહ મૈત્ર્યાદિભાવોના પાયાપર હોવાથી ત્યાં દ્વેષબુદ્ધિ આવવાની સંભાવના નથી, બલ્કે કરુણાબુદ્ધિ આવે છે. **શ્રીપાળરાજા**ની કથામાં **મયણાસુંદરી** અને એના પિતા **પ્રજાપાળરાજા** વચ્ચે જે ચર્ચા થઇ, એમાં બંને આગ્રહી હતાં. રાજા મિથ્યાઆગ્રહી હતાં કે જે થાય છે, જે કાંઇ મળે છે તે મારા જ પ્રભાવે. અને મયણાસુંદરી સમ્યગ્આગ્રહી હતાં કે જીવને જે કાંઇ સારું-નરસું મળે છે, તે પોતાના જ પૂર્વે કરેલા સારા-નરસા કર્મના પ્રભાવે. એમાં પ્રજાપાળ રાજાને પોતાના આગ્રહને નહીં સ્વીકારતી મયણાસુંદરીપર દ્વેષ આવી ગયો, ને એને કોઢી ઉંબરરાણા સાથે પરણાવી દીધી. પણ મયણા-સુંદરીને પિતાપર દ્વેષ ન આવ્યો, બલ્કે કરુણા જ ઉપજી, કે આવો મિથ્યાઆગ્રહ રાખી અભિમાન કરવાથી મારા પિતાજીનું અહિત થશે.

અલબત્ત સમ્યક્ત્વી પણ પોતાનો સાચો આગ્રહ પણ બીજાપર ઠોકી બેસાડવા પ્રયત્ન ન કરે. એમાં બીજાને અપ્રીતિ થાય, અને પોતાના કષાયો પણ ઉદ્દીપ્ત થવાના સંજોગો ઊભા થાય, જેથી પછી પોતાને પણ બીજાપ્રત્યે અરુચિ થવા સંભવ છે. ત્યાં 'પ્રશસ્ત દ્વેષ' કે 'ધર્મે માયા ન માયા' જેવા આલંબનો લેવામાં મોટા જોખમ ઊભા થાય છે. તમે સાચા સમજેલા પણ સિદ્ધાંતો બીજા સ્વીકારે તે માટે બળાત્કારથી પણ પકડાવવા પ્રયત્ન

થાય, ત્યારે કેટલા જૂઠ, કેટલા ક્લેશ અને કેટલી માયા કરો, ત્યાં સુધી તમારા સિદ્ધાંતની વફાદારી સાચી ગણાય ? એક સાચા માનેલા સિદ્ધાંતને પકડી રાખવાથી જે લાભ ધાર્યો હોય, તેના કરતાં વધુ નુકસાન એ માટે દ્વેષ વગેરે કરતાં વધી જતું તો નથી ને ? એનો નિર્ણય કેવી રીતે કરશો ? હવેલી લેવા જતાં ગુજરાત ગુમાવવા જેવી પરિસ્થિતિ નથી સર્જાતીને ? એવો ખ્યાલ કેવી રીતે આવે ? એક સિદ્ધાંતનું સત્ય પકડવા જતાં દ્વેષનું કલુષિત વાતાવરણ, જૂઠ-માયા-પ્રપંચ-ખટપટનું રાજકારણ, એકાંતવાદનો આશરો આ બધું મિથ્યાત્વ ગળે નથી વળગતું ને ! એવો નિર્ણય આગ્રહના કાળમાં થવો શું શક્ય છે ?

સ્વાસ્થ્યમાટે પીવાતો દારુ પોતે જ વ્યસન બની તમારા પૂરા સ્વાસ્થ્યનો ખાતમો ન બોલાવી દે, એ શું નથી સંભવતું ? સિદ્ધાંતમાટે પ્રશસ્ત ગણાતો દ્વેષ અંતે પોતાના તમામ વિરોધી પ્રત્યે બધી રીતે બધા કાર્યોમાં વેર-નિંદા-તિરસ્કારનું વ્યસન પાડી અંતે તમારી પોતાની દુર્ગતિ નોંતરનારો નહીં બની જાય ? માટે સાચો સમ્યક્ત્વી પણ ખોટો આગ્રહી ન હોય, કારણ કે સર્વત્ર આગ્રહ જ અંતે દ્વેષનું નિમિત્ત બને છે.

(૨) ગુરુદેવદ્વિજપ્રિય

વળી કુલયોગીઓ ગાથા ૧૫૧માં બતાવેલા સ્વરૂપવાળા ગુરુવર્ગ, દેવતા, અને દ્વિજ-વિપ્રને ચાહનારા હોય છે. અહીં કારણ બતાવ્યું છે ધર્મપ્રભાવ. ધર્મનો એ પ્રભાવ છે કે તમને સારાનો સંયોગ કરી આપે ને સારાઓ જ વિશેષતયા ગમે એવું મન બનાવી આપે. સસલાને બચાવવા જેટલો ધર્મ હાથીના ભવમાં કર્યો હતો, તો એ ધર્મના પ્રભાવથી જ મેઘકુમારને વડીલોનો વિનય કરવો ગમતો હતો ને **ભગવાન મહાવીરસ્વામી** અને સાધુઓ ગમ્યા, તો દીક્ષા લેવાનું મન થયું.

આ જ ધર્મનો જ પ્રભાવ છે કે જીવને પૂજનીય વર્ગ અને ઉત્તમવર્ગ જ ગમે, એમનો સંગ જ આનંદદાયક લાગે. અધર્મ આદરનારને એવા દુષ્ટોનો સંગ ગમતો હોય છે. ધર્મ આચરનારને દેવ-ગુરુ-પૂજ્યો-પવિત્રોનો સંગ ગમતો હોય છે.

અથવા, કુલયોગીઓ પોતે ધર્મ આચરતા હોવાથી એના સદાચાર-ધર્મને જોઇ ગુરુદેવદ્વિજો = ગુરુવર્ગ, દેવતાવર્ગ અને દ્વિજવર્ગને એ પ્રિય બને છે. ગુરુ, દેવો અને દ્વિજોને પ્રિય-એવો સમાસાર્થ કરવાથી આ અર્થ નીકળે. વડીલવર્ગ પણ ધર્મમય-સંસ્કારમય જીવન જીવતા સંતાનથી પ્રસન્ન થાય છે. દેવતા-ભગવાનના કેવળજ્ઞાનમાં ધર્મમય જીવનારનું સ્વરૂપ ધાર્મિકરૂપે ઉપસે છે. અને સાધુવર્ગ પણ એના પ્રત્યે કૃપાદૃષ્ટિ રાખે છે. આમ ઉત્તમ વ્યક્તિઓની કૃપા-અનુગ્રહ-પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

(૩) દયાળુ

વળી, કુલયોગીઓ **દયાળુ** હોય છે. ક્લિષ્ટ પાપ કર્મો, તીવ્ર મોહનીય કર્મોનો ઉદય ન રહેવાથી, પાપ કરવાના સંસ્કારો ન રહેવાથી, એ બીજા દુઃખી, ગરજુ જીવોને જોઇ પીડવાના કે લાભ ઉઠાવવાના કઠોર ભાવથી મુક્ત રહે છે. અને દયાભાવને રોકનારું પાપતત્ત્વ ન હોવાથી જીવ સ્વભાવગત દયાને સહજ વહેવડાવી શકે છે. ક્લિષ્ટ પાપોદયથી જીવ દુષ્ટ કાર્યો કરવા પ્રેરાય છે, તે કાર્યોની સિદ્ધિમાટે કે તેમાં અટકાવનાર વ્યક્તિ પ્રતિ દ્વેષના કારણે કઠોરતા આવે છે. ક્લિષ્ટ પાપકર્મ ન રહેવાથી જીવને દુષ્ટ કાર્યો કરવાનું મન થતું નથી, લેશ્યાઓ પવિત્ર રહે છે, સ્વાર્થમાટે પણ બીજાનું બગાડવાની ઇચ્છા થતી નથી, આમ દયાભાવ સહજ પાળી શકે છે.

આનું તાત્પર્ય એ છે કે જેને દયા પાળવી છે, એને ક્લિષ્ટ આરંભ-સમારંભ જેવા પાપોથી દૂર

રહેવું જોઈએ. તેથી જ શ્રાવક અલ્પારંભી, અલ્પપરિગ્રહી હોય, તેમ કહેવાયું છે.

(૪) વિનીત

વળી આ કુલયોગીઓ **વિનીત** હોય છે. કેમકે તેઓ કુશળાનુબંધી પુણ્યને યોગ્ય છે. અથવા પુણ્યાનુબંધી પુણ્યના કારણે ભવ્ય = સૌમ્ય બનેલા છે. કોઈ પણ પ્રકારની વિશિષ્ટ પ્રાપ્તિ સૌભાગ્ય વગેરે શુભકર્મથી થાય છે. પણ તે પ્રાપ્ત થયા પછી જો અહંકારઆદિ આવી જાય, તો ભવિષ્યમાં એ પ્રાપ્તિ દુર્લભ બની જાય છે. જેમ કે પૂર્વના પુણ્યે ધનવાન બનેલો માણસ જો પછી ધનનું અભિમાન કરે, તો પરભવમાં દરિદ્રતા પામે છે. આમ અનુબંધ = પરંપરા રહી નહીં. કોઈ પણ પ્રાપ્તિ પછી અભિમાન આવે, તો એ પ્રાપ્તિની પરંપરા અટકી જાય છે. ગુણવાન માણસો વૃક્ષ જેવા હોય છે. જેમ જેમ ફળ આવે, તેમ તેમ વૃક્ષ નમે છે. ગુણવાન માણસો જેમ જેમ ગુણવગેરે વિકસતા જાય, તેમ તેમ વધુ ને વધુ વિનીત અને નમ્ર બનતા જાય છે. આમ તેઓ પોતાના અને તેના દ્વારા પોતાના કુશળ-હિતની પરંપરા ઊભી કરતા હોય છે.

પૂર્વભવે પણ જેઓએ કોઈ પણ સાધના નમ્રભાવે-વિનીતતાપૂર્વક કરી હોય, તેઓને કુશળની પરંપરા ઊભી થઈ હોય છે. તેથી આ ભવમાં પણ તેઓ સાધના તો પામે જ, પણ સાથે સાથે વિનીતતા પણ પામે. જેથી પરંપરા આગળ વધતી જાય.

આમ જેઓ પુણ્યાનુબંધી-કુશળાનુબંધી બન્યા હોય, તેઓ વિનીત હોવાના જ. જેઓ કોઈ પણ પ્રકારના અભિમાનમાં આવી જાય છે, તેઓએ સમજી લેવું કે તેઓ પુણ્યશાળી ભલે હશે, પણ પુણ્યની પરંપરાવાળા નથી.

માણસ પાસે જેમ પૈસો વધે, એમ પૈસાથી મળતા સુખ-સગવડ વગેરે અનુભવો મળતાં જાય છે. તેથી પૈસા કમાવાની ભૂખ ઉઘડતી જાય છે. જ્યાંથી મળવા સંભવ હોય, ત્યાં સહજ નમ્રતા આવી જાય છે.

બસ એ જ પ્રમાણે ક્રિયા, વિધિ, ગુણો જેમ આવતા જાય, એમ એના દ્વારા મળતા સમતા, સમાધિ, પ્રસન્નતાવગેરેરૂપે આંતરિક આનંદની ધારા વધતી જાય છે. તેથી જીવો એ ગુણો વધુને વધુ પ્રાપ્ત કરવા, વધુને વધુ નમ્ર-વિનીત થતા જાય છે, કેમકે તે માટેની ક્ષિતીજો વિકસતી જાય છે.

જ્યારે માણસને લાગે કે ઘરમાં ઘણો સામાન થઈ ગયો, ત્યારે તે સામાન ખરીદતો બંધ થઈ જાય છે. એમ જ્યારે જીવને લાગે કે મને બધી કે ઘણી ક્રિયાઓ ફાવી ગઈ છે, વિધિઓ આવડી ગઈ છે. કે ગુણોની પ્રાપ્તિ થઈ ગઈ છે. ત્યારે તેની પ્રગતિ અટકી જાય છે. તેને અભિમાન આવે છે. ગુણોની અનુભૂતિ ને બદલે અહંની અનુભૂતિ થવા માંડે છે. પછી બીજેથી શીખવા કે પામવા તૈયાર થતો નથી. 'આ તો મને આવડે છે' 'આની તો મને ખબર છે' 'મારામાં તો આ ક્ષમાવગેરે ગુણો ઠાંસીને ભરેલા પડ્યા છે' આવા વિચારો આવે, એટલે ગુણો વગેરેના પ્રવેશના દ્વાર બંધ થાય છે. સંતોષ અને અહંકાર છવાઈ જાય છે. વિકાસ અટકી પડે છે.

જેને ક્ષાયિક ગુણો સુધી પહોંચવું છે, એ તો ક્ષાયોપશમિક કક્ષાના ગુણો ગમે તેટલા વિકસે, છતાં ઓછા જ માને, તેથી તે સતત વિનીત અને નમ્ર જ રહે. માટે જ કહ્યું કે કુશળાનુબંધી = કુશળ = કલ્યાણની પરંપરાને પામવા યોગ્ય ભવ્ય હોય, તે જ વિનીત હોઈ શકે.

(૫) બોધયુક્ત

વળી **બોધવન્તો** :- અહીં 'બોધ' એટલે વિવેક, આત્માને હિતકર જ્ઞાન. એ અર્થ છે. માત્ર માહિતીરૂપ, પંડિતાઈ બતાવનારું ગમે તેટલું જ્ઞાન પણ બોધરૂપ બનતું નથી. જેથી આત્માના રાગ-

દ્વેષ ઘટે નહીં, સમતાભાવ વધે નહીં, ધર્મશ્રદ્ધા મજબૂત થાય નહીં કે ચારિત્રધર્મ પ્રત્યે તીવ્ર રુચિ-ઝંખના જાગે નહીં, તે જ્ઞાન બોધરૂપ નથી. માટે જ કહ્યું કે જેઓએ રાગદ્વેષની નિબીડ ગાંઠને તોડી નાંખી છે, ભેદી નાંખી છે, અને સમ્યક્ત્વ પામ્યા છે કે તેની ભૂમિકામાં છે, તેઓ જ બોધવાળા છે. કુલયોગીઓએ ગ્રંથિભેદ કર્યો હોવાથી તેઓ બોધવાળા હોય છે.

(૬) યતેન્દ્રિય

વળી કુલયોગીઓ **યતેન્દ્રિય** છે. બોધદશા પામ્યા હોવાથી જ ઇંદ્રિયોપર સંયમ, કષાયનિગ્રહ, મનોજયવગેરે દ્વારા તેઓ ચારિત્રભાવમાં રમી રહ્યા છે. કર્મ, શરીર, ઇંદ્રિય, મન, ધન વગેરેથી આત્મા ભિન્ન છે, અને કર્મઆદિની હાનિમાં આત્માનું હિત સમાયેલું છે. આવો વિવેક કુલયોગીઓને યતેન્દ્રિય-ચારિત્રસંપન્ન બનાવે છે. આવા ગુણો કુલયોગીના હોય છે.

प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयसमाश्रयाः ।
शेषद्वयार्थिनोऽत्यन्तं शुश्रूषादिगुणान्विताः ॥२१२॥

प्रवृत्तचक्रास्तु पुनः, किंविशिष्टा भवन्तीत्याह-**यमद्वयसमाश्रयाः**-इच्छायमप्रवृत्तियमाश्रया इत्यर्थः, **शेषद्वयार्थिनः**-स्थिरयमसिद्धियमद्वयार्थिन इत्युक्तं भवति, **अत्यन्तं**-सदुपायप्रवृत्त्येति, अत एवाह **शुश्रूषादिगुणान्विताः**- शुश्रूषाश्रवणग्रहणधारण-विज्ञानोहापोहतत्त्वाभिनिवेशगुणयुक्ताः ॥२१२॥

प्रवृत्तचक्रयोगीओनुं स्वरूप

ગાથાર્થ : પ્રવત્તચક્ર યોગીઓ બે યમના આશ્રયભૂત બનેલા છે, અને શેષ બે યમના અત્યંત ઇચ્છુક છે. અને તેઓ શુશ્રૂષાદિગુણોથી યુક્ત છે.

ટીકાર્થ : પ્રવૃત્તચક્ર યોગીઓ કેવા હોય છે ? તે બતાવે છે - ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ રૂપ બે યમ પામી ચૂક્યા છે. અને સ્થિરયમ તથા સિદ્ધિ-યમના ઇચ્છુક હોય છે. કેવી રીતે ? તો કહે છે. સદુપાયમાં પ્રવૃત્તિદ્વારા અત્યંત ઇચ્છુક છે. તેથી જ કહે છે - શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, વિજ્ઞાન, ઉહા, અપોહ, અને તત્ત્વાભિનિવેશ - આ આઠ ગુણોથી યુક્ત હોય છે.

વિવેચન : જેઓના વિવિધ રીતે શુભ ચક્રો ગતિમાન થયા છે. તેઓ પ્રવૃત્તચક્રયોગી છે. જેમ જેમ જ્ઞાન વધતું જાય, તેમ તેમ વધુ વિશુદ્ધ ક્રિયાઓ આરાધાતી જાય, જે મ જે મ વિશુદ્ધક્રિયાઓ આરાધાતી જાય, તેમ તેમ ક્ષયોપશમ વધવાથી જ્ઞાન વધુ પ્રકૃષ્ટ થતું જાય, આ થયું જ્ઞાન-ક્રિયાચક્ર. જેમ જેમ બાહ્ય આચારધર્મરૂપ વ્યવહારધર્મ વિશદ થતો જાય, તેમ તેમ અંતરની પરિણતિ વિકસતી જવારૂપ નિશ્ચયધર્મ વિકસિત થતો જાય, અને જેમ જેમ આંતર પરિણતિ વિકસતી જવારૂપે નિશ્ચય-ધર્મમાં આગળ વધતો જાય, તેમ તેમ વધુ ચીવટ-વાળો, વિશિષ્ટઉપયોગવાળો બાહ્ય આચાર-પાલનાદિરૂપ વ્યવહારધર્મમાં પ્રગતિશીલ બનતો જાય. આ થયું નિશ્ચય-વ્યવહારચક્ર. એ જ રીતે યોગ્યતાના વિકાસરૂપ દ્રવ્ય અને ઉપયોગરૂપ ભાવ એકબીજાને ઊંચાઈપર ચઢાવતા જાય, બને છે તદ્રૂપ દ્રવ્ય-ભાવચક્ર.

અથવા બહિરાત્મદશામાં જીવ બાહ્યભાવોમાં ભટકતો હતો, એ બધા ભાવોમાંથી ખેંચી આત્માને અંતરાત્મભાવોમાં રમતો કરવો એ પણ એક અમૃતચક્ર છે. ક્રોધ વધતો વધતો નાનામાં નાના પ્રસંગસુધી ફેલાઇ ગયેલો. હવે ક્ષમાચક્ર શરુ થાય એટલે નાના-નાના પ્રસંગોમાં રાખેલી ક્ષમા આગળ વધતાં વધતાં મોટા મોટા પ્રસંગો સુધી વ્યાપ્ત થતી જાય. આ ક્ષમાચક્ર. બસ એ જ રીતે નમ્રતા-સરળતા-સંતોષચક્રો ચાલુ થયા છે. વિષયોપરની મમતા ફેલાતી ફેલાતી સાવ નાની દાંત ખોતરવાની સળી સુધી પહોંચી ગયેલી. હવે ત્યાંથી જ સમતા-વૈરાગ્ય આરંભાતો આરંભાતો મોટા

મોટા વિષયો સુધી ફેલાતો જાય, આ વૈરાગ્યચક્ર. અવ્રત અને અનિયમ સર્વત્ર વ્યાપક બનેલા. હવે વ્રત-નિયમો દરેક વસ્તુ, સમય, પ્રસંગે આવતા જાય, તે છેવટે મહાવ્રતો સુધી પહોંચાડે, આ વ્રતચક્ર. શરીરથી માંડી બાહ્ય દરેક વસ્તુઓમાં હું અને મારું... આમ પરમાં સ્વભાવ માનવાનું જબરદસ્ત વિપરીત વર્તુળ દોરાયેલું. હવે આત્મા, આત્માના ગુણો, આત્માના હિતમાં જ હું અને મારાપણાના ભાવ વધતા જાય, આમ બધા કારકો સ્વ=આત્મ-ભાવમાં રચાવા માંડે આ આત્મભાવચક્ર છે. જેમ લોકોથી લોકોમાટે લોકોદ્વારા ચલાવાતી પદ્ધતિ લોકશાહી કહેવાય છે, તેમ જ્યારે ખરેખર આત્મા માટે, આત્માથી આત્માદ્વારા પ્રવૃત્તિઓ ચાલે ત્યારે ખરી આત્મશાહી આવે. આ છકારક નિજસ્વરૂપે પ્રગટાવવાનો પુરુષાર્થ પણ પ્રવૃત્તચક્રનો એક ભાગ છે. આત્મામાં છ કારકની વિચારણામાટે જૂઓ યોગદૃષ્ટિસમુચ્ચય ભાગ-૧ (પૃષ્ઠ ૨૦૩ વગેરે)

આ પ્રવૃત્તચક્રયોગીઓ ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ સમાશ્રય કરીને રહ્યા હોય છે, એટલે કે આ યોગીઓ આ બે યમને આરાધતા હોય છે અને સ્થિર યમ તથા સિદ્ધિયમના ઇચ્છુક હોય છે. માત્ર ઇચ્છુક નહીં, એ બે યમની પ્રાપ્તિમાટેના જે યોગ્ય ઉપાયો છે, તેમાં પ્રવૃત્તિ કરવા દ્વારા તે બે યમને પામી જવા ઉત્કટ ઝંખનાવાળા છે. સારા કાર્યો કરવાની ઇચ્છા એ માટે યથાશક્તિ પ્રયત્ન વિનાની હોય, તો લુખ્ખી છે. બળવાળી નથી. મન મનાવવાની વાતરૂપ છે. સાધુ થવાની ખરી ઇચ્છા-વાળો એ માટે સતત તપ-ત્યાગમાં રમતો હોય, સમય મળે ને સામાયિકમાં ઝટ બેસી જાય કેમકે સામાયિકમાં એ પોતાને સાધુ જેવો અનુભવી શકે છે. એના રજાના દિવસો પોસામાં હોય, એ સતત સાધુસેવામાં લાગેલો હોય. સાધુબહુમાન ઉછળતું હોય ને સાધુની નિંદાથી ડરતો હોય.

આમ જે પોતાના લક્ષ્યભૂત યમવગેરે માટે ખરો ઇચ્છુક હોય, તે હંમેશા એ માટેના ઉપાયોમાં પ્રવૃત્ત હોય.

આ માટે જ આ પ્રવૃત્તચક્રયોગીઓ 'શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહા, અપોહ અને તત્ત્વાભિનિવેશ' બુદ્ધિના આ આઠ ગુણોથી યુક્ત હોય છે. (આનું વિવેચન યોગદૃષ્ટિ સમુચ્ચય ભાગ-૧ માંથી જોઇ લેવું.)

તથા- વળી,

आद्यावञ्चकयोगाप्त्या तदन्यद्वयलाभिनः ।
एतेऽधिकारिणो योगप्रयोगस्येति तद्विदः ॥२१३॥

आद्यावञ्चकयोगाप्त्या-योगावञ्चकयोगाप्त्या हेतुभूतया, **तदन्यद्वयलाभिनः**-क्रियावञ्चकफलाऽवञ्चकद्वयलाभिनः, तदवन्ध्यभव्यतयैवम्भूताः, **(एते)** किमित्याह **अधिकारिणः**, कस्येत्याह-**योगप्रयोगस्य**-अधिकृतस्य, **इति**-एवं **तद्विदो**-योगविदः 'अभिदधति' इति शेषः ॥२१३॥

ગાથાર્થ : આ પ્રવૃત્તચક્રયોગીઓ આદ્યાવંચકયોગની પ્રાપ્તિથી બાકીના બે અવંચકયોગના લાભવાળા છે, અને યોગપ્રયોગના અધિકારી છે એમ તેના જાણકારો કહે છે.

યોગાવંચકની પ્રાપ્તિ - બેના લાભવાળા

ટીકાર્થ : આ પ્રવૃત્તચક્રયોગીઓ યોગાવંચક-યોગની પ્રાપ્તિરૂપ હેતુથી ક્રિયાવંચક અને ફળાવંચક-આ બે યોગના લાભવાળા બને છે, કેમકે તેઓ આ બે યોગમાટે અવંધ્યભવ્ય છે - અવશ્ય યોગ્ય છે. તથા આ જ યોગીઓ અધિકૃત યોગના પ્રયોગ માટે અધિકારી છે, એમ યોગના જાણકારો કહે છે.

વિવેચન : પ્રવૃત્તચક્રયોગીઓને **'યોગાવંચક'** નામના યોગની પ્રાપ્તિ થયેલી હોય છે. આ યોગ-પ્રાપ્તિના બળે ક્રિયાવંચક અને ફલાવંચક આ બે યોગના લાભવાળા છે. અર્થાત્ સાધુ-સજ્જના-દિના ઉત્તમયોગના પ્રભાવે જ આ યોગીઓ

અવંચક ક્રિયા અને અવંચક ફળ પ્રાપ્ત કરે છે - અથવા કરશે. કારણ કે એ બેની પ્રાપ્તિમાટે પ્રથમ-યોગાવંચક અવન્ધ્યહેતુ છે. એટલે કે જે યોગીઓ ઉત્તમપુરુષોનો યોગ અવંચકરૂપે પ્રાપ્ત કરે છે, તે યોગીઓ બીજા બે યોગમાટે અવશ્ય યોગ્ય બને જ છે. આવા પ્રવૃત્તયોગીઓ જ પ્રસ્તુત યોગના પ્રયોગ=આદરણ-આચરણમાટે ખરા અર્થમાં અધિકારી છે. આ પ્રમાણે યોગવિષયક નિષ્ણાતોનું કહેવું છે. ઉત્તમપુરુષોની નિશ્રામાં ઉત્તમ ક્રિયા-ફળના લાભયોગ્ય જીવો જ ખરેખર યોગ દૃષ્ટિઓમાં વિકાસ સાધી શકે છે. જાતે યોગની વાતો વાંચી લઈ કે અયોગ્ય આડંબરી વ્યક્તિઓને પોતાની કલ્પનાથી યોગી તરીકે સ્વીકારી લઈ જે યોગ સાધવા માંગે છે તે ખરેખર આ યોગદૃષ્ટિઓના કે તે માટેના આ ગ્રંથના અધિકારી બનતા નથી.

उपन्यस्तयमादिस्वरूपमाह--

इहाऽहिंसादयः पञ्च सुप्रसिद्धा यमाः सताम्।
अपरिग्रहपर्यन्तास्तथेच्छादिचतुर्विधाः ॥२१४॥

इह-लोके, **अहिंसादयो** धर्माः **पञ्च** संख्यया **सुप्रसिद्धाः** सर्वतन्त्रसाधारणत्वेन, **यमाः**-उपरमाः, **सतां**-मुनीनाम् इति, किम्पर्यन्ता इत्याह-**अपरिग्रह-पर्यन्ताः**। *''अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः''* (२-३० पा.) इति वचनात्। **तथेच्छादि-चतुर्विधाः** प्रत्येकमिच्छायमाः प्रवृत्तियमाः स्थिरयमाः सिद्धियमा इति ॥२१४॥

અહિંસાદિ પાંચ સુપ્રસિદ્ધયમો અંગે ઇચ્છા-આદિયમોનું સ્વરૂપ બતાવે છે.

ઇચ્છાદિયમો

ગાથાર્થ : અહીં મુનિઓને અહિંસાદિથી અપરિગ્રહસુધીના પાંચ યમો સુપ્રસિદ્ધ છે. તથા ઇચ્છાદિ ચાર પ્રકારે છે.

ટીકાર્થ : આ લોકમાં મુનિઓને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ=વિરતિઓ પ્રાયઃ સર્વ ભારતીય દર્શનોને સંમત છે. કોઇ શીલ કહે, કોઇ યમ કહે, કોઇ મહાવ્રત કહે, પણ અંતે માન્ય તો છે જ. 'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ યમો છે' એવું વચન છે. આ પાંચ યમો - હિંસાઆદિ મહાપાપોથી અટકવારૂપ વ્રતો સાધુઓને હોય છે.

આ પાંચેય વ્રતો પાછા પ્રત્યેક ચાર પ્રકારના છે. (૧) ઇચ્છાયમ (૨) પ્રવૃત્તિયમ (૩) સ્થિરતાયમ અને (૪) સિદ્ધિયમ.

एतेषां विशेषलक्षणमाह--

तद्वत्कथाप्रीतियुता तथाऽविपरिणामिनी।
यमेष्विच्छाऽवसेयेह प्रथमो यम एव तु ॥२१५॥

तद्वत्कथाप्रीतियुता-यमवत्कथाप्रीतियुता **तथाऽविपरिणामिनी**-तद्भावस्थिरत्वेन, **यमेषु**-उक्तलक्षणेषु **इच्छा अवसेयेह**-यमचक्रे। इयं च **प्रथमो यम एव तु** अनन्तरोदितलक्षणेच्छैवेच्छायम इति कृत्वा ॥२१५॥

અહિંસાદિ યમો સુપ્રસિદ્ધ હોવાથી તેનું વિવેચન છોડીને હવે આ ઇચ્છાદિયમોનું વિશેષ સ્વરૂપ બતાવે છે.

ગાથાર્થ : યમોમાં તદ્વત્કથાપ્રીતિથી યુક્ત અને અવિપરિણામિની એવી 'ઇચ્છા' પ્રથમ યમ જાણવી.

ઇચ્છાયમ

ટીકાર્થ : યમચક્રમાં કહેલા લક્ષણોવાળા યમોમાં યમયુક્ત વ્યક્તિની કથામાં પ્રીતિવાળી તથા તે ભાવમાં સ્થિરતા રહેલી હોવાથી અવિપરિણામિની એવી 'ઇચ્છા' પ્રથમ જ યમ છે. કેમકે હમણાંજ કહેલા લક્ષણોવાળી ઇચ્છા જ ઇચ્છાયમ છે.

વિવેચન : જેઓ ઉપરોક્ત અહિંસાદિ યમોને આરાધે છે, અથવા આરાધી સિદ્ધયમી બન્યા છે, તેઓઅંગેની સાધનાની વાતોમાં અત્યંત આનંદ

થવો, પ્રમોદભાવ થવો, રોમાંચિત થવું એ ઇચ્છાયમનું પ્રથમ લક્ષણ છે. અને બીજું લક્ષણ છે અવિપરિણામિની. વિપરિણામ એટલે કે ભાવપરિણામ પડી જવો, બદલાઇ જવો. એવી પરિસ્થિતિ ન થવી જોઇએ. એક આરાધના કરવાની ઇચ્છા થઇ, યથાશક્તિ આરાધવાની શરુ પણ કરી, પણ પછી ઉત્સાહ મંદ પડી ગયો. એ યોગના કોઇ આરાધકને આરાધનામાંથી પતિત થતો જોયો. દંભથી આરાધના કરનારને પૂર્વે સાચો આરાધક માન્યા બાદ એના દંભ વગેરે જોઇ આરાધનાપ્રત્યે અરુચિ થઇ. ફરીથી બાહ્ય વિષય-વાસનાઓ પ્રત્યે રુચિ જાગવાથી આરાધનાના યોગને પડતો મુકી વિષયતરફ ઝુકાવ વધ્યો. અથવા આ યોગ નહીં, પેલો યોગ વધુ સારો છે. મને ફાવશે, એમ આરાધનાના યોગો પ્રત્યે જ ચિત્તવાંદરો એકમાં થી બીજામાં કૂદા કૂદા કરવા માંડ્યો. ઇત્યાદિ અનેક કારણોથી જીવ આરાધવા ઇચ્છિત યમપ્રત્યે વિપરિણામવાળો થઇ શકે છે. ઇચ્છાયમની ભૂમિકાએ પહોંચેલાં પ્રવૃત્તચક્રયોગીને આવા વિપરિણામો થતાં નથી. આરાધવા યોગ્ય યમઅંગે ઇચ્છાથી સિદ્ધિ સુધી પહોંચવા સુધી તે સ્થિર પરિણામવાળો હોય છે. આવા પ્રકારે પૂર્વોક્ત અહિંસાદિ પાંચ યમોઅંગેની ઇચ્છા એ ચાર પ્રકારના યમોમાં પ્રથમ ઇચ્છાયમ સમજવો.

યોગવિંશિકાની વ્યાખ્યા કરતાં મહોપાધ્યાય **યશોવિજયજી** મહારાજે ઇચ્છાયોગની (યોગવિંશિકા ગાથા પાંચ) વ્યાખ્યામાં 'અવિપરિણામિની' ના બદલે 'વિપરિણામિની' પ્રયોગ માન્ય રાખી એ મુજબ વ્યાખ્યા કરી છે.

મહોપાધ્યાયજીએ કરેલી વ્યાખ્યામુજબ સ્થાનાદિયોગમાં યુક્ત (અહીં અહિંસાદિ યમોમાં યુક્ત) મહાપુરુષોની કથામાં પ્રીતિ=તેઓ અંગેની યોગ-યમવિષયક રહસ્યને વ્યક્ત કરતી વાતો (અર્થો) જાણવાની ઇચ્છાપૂર્વક જાણીને થતો હર્ષ અથવા જાણવાથી પ્રાપ્ત થયેલા બોધનો ઉત્પન્ન થતો હર્ષ પ્રીતિરૂપ છે. જે વિષયમાં આગળ વધવું હોય, તે વિષયમાં આગળ વધેલાને જ સતત લક્ષ્યમાં લેવા જોઇએ. અને તેઓની પ્રગતિ કે સિદ્ધિ જાણીને ઉલ્લસિત થવું જોઇએ. તેઓની વાતો જાણવાથી કયા માર્ગે કેવા સત્ત્વથી આગળ વધી શકાય, અને આગળ વધી પૂર્ણ થયેલાને કેવો આનંદ પ્રાપ્ત થાય છે. આ બધું જાણવાથી ઉત્સાહ માત્ર ટકી નથી રહેતો, પણ વર્ધમાન થાય છે. સિદ્ધ ભગવાનોને માટે જ ધ્રુવતારા બતાવ્યા છે - સિદ્ધો સર્વે મુગતિપુરીના ગામી ને ધ્રુવતારા.... જેઓ મુક્તિતરફ - પ્રસ્તુત સિદ્ધયોગતરફ આગળ વધવા માંગે છે, તેઓ માટે ધ્રુવના તારાની જેમ આદર્શ લક્ષ્યરૂપે સિદ્ધ ભગવંતો છે. ઇચ્છાયોગી આ રીતે ધ્રુવતારાભૂત યમી-યોગીઓની કથામાં જ રત રહે છે. આમ પ્રીતિયુક્ત ઇચ્છા છે.

વળી આ ઇચ્છા વિપરિણામિની છે. વિધિપૂર્વક-શાસ્ત્રમાં બતાવેલા નિયમ-વિધિઓ વગેરેને ચોકસાઇપૂર્વક જેઓ યમ-યોગનું પાલન કરે છે, તેઓ પ્રત્યે 'વેદિયો' 'ચીકણો' 'દંભી' ઇત્યાદિ દુર્ભાવને બદલે પૂર્ણતયા બહુમાન હોય. એમના પ્રત્યે ભક્તિ હોય. આ બહુમાનાદિપૂર્વક પોતે પોતાના ઉલ્લાસમાત્રથી યત્કિંચિદ્ અભ્યાસાદિરૂપ વિચિત્ર પરિણામને (=વિપરિણામને) ધારણ કરતી ઇચ્છા હોય. અર્થાત્ વિધિ વગેરેનું જ્ઞાન ન હોવાથી અથવા પ્રમાદાદિ દોષથી પોતે વિધિપૂર્વક યમાદિનું શાસ્ત્રમાં બતાવ્યા સ્વરૂપે પાલન ન કરી શકવા છતાં, એ પ્રત્યે ભાવ-શ્રદ્ધા-ઉલ્લાસ હોવાથી જે કંઇ પાલન કરે, તે વિપરિણામ છે. આમ દ્રવ્ય-ક્ષેત્ર આદિ (આદિથી કાળ અને તેવા ભાવ) ઇત્યાદિ સામગ્રી પૂર્ણરૂપે ન હોવાથી વિધિવદ્ યોગ-યમ પાલનમાટે જે કારણસમુદાય કહ્યો છે.

તેની વિકલતા રહે છે. જેમકે અત્યારના કાલરૂપ કારણ-અંગનો કથંચિત અભાવ માનવામાં આવે છે. મહોપાધ્યાય **યશોવિજય** મહારાજે **શ્રી સંભવનાથ ભગવાન**ના સ્તવનમાં કહ્યું છે ને 'કાલ લબ્ધિ મુજ મતિ ગણો...' તો આ રીતે દ્રવ્યથી પોતાનું સંઘયણબળ છેલ્લું, ક્ષેત્રથી (પાંચમા આરાથી દૂષિત) ભરત ક્ષેત્ર, કાલથી પાંચમો આરો, અને ભાવથી નબળા મનોબળો, વિશિષ્ટ શ્રુતબળનો અભાવવગેરે કારણો ગણી શકાય. આમ કારણ સમુદાયનો અભાવ હોવા છતાં શાસ્ત્રમાં વિહિત કરેલી પદ્ધતિમુજબ જ સ્થાનાદિપ્રસ્તુતમાં અહિંસાદિ યમ) માટેની તીવ્ર ઇચ્છાથી વર્ત્તમાનકાલીન પોતાની શક્તિમુજબ જે સ્થાનાદિ (પ્રસ્તુતમાં અહિંસાદિ)નું આચરણ થાય, તે ઇચ્છાયમ છે.

તથા-

सर्वत्र शमसारं तु यमपालनमेव यत् ।
प्रवृत्तिरिह विज्ञेया द्वितीयो यम एव तत् ॥२१६॥

सर्वत्र-सामान्येन **शमसारं तु**-उपशमसारमेव यत्क्रियाविशिष्टं **यमपालनं, प्रवृत्तिरिह विज्ञेया** यमेषु, **द्वितीयो यम एव तत्**-प्रवृत्तियम इत्यर्थः ॥२१६॥

તથા,

પ્રવૃત્તિયમ

ગાથાર્થ : સર્વત્ર શમસાર જ જે યમપાલન છે. તે 'પ્રવૃત્તિ' સમજવી. આ પ્રવૃત્તિ બીજો યમ છે.

ટીકાર્થ : સર્વત્ર = સામાન્યથી બધે જ બધા વિષયમાં-પ્રસંગમાં અને વ્યક્તિઓઅંગે ઉપશમ ભાવને જ મુખ્ય કરીને જે ક્રિયાવિશિષ્ટ યમપાલન છે તે બીજો પ્રવૃત્તિયમ સમજવો.

વિવેચન : પ્રસ્તુત યમમાં 'ક્રિયાવિશિષ્ટતા' અને ઉપશમભાવપ્રધાનતા મુખ્ય છે. ક્રિયા-વિશિષ્ટતાનું તાત્પર્ય એ છે કે શાસ્ત્રને બરાબર અનુસરતી અને યથાવિહિત ક્રિયામાટે જરૂરી તમામ કારણોની હાજરી-કારણસમુદાયની પૂર્ણ હાજરીથી જે ક્રિયા થાય, તે વિશિષ્ટક્રિયા છે. જેમકે, 'અહિંસા' યમમાટે શાસ્ત્રમાં જે વિધિ-આચારો બતાવ્યા છે, એ તમામ વિધિ-આચારોને પૂર્ણતયા વફાદાર રહીને પાલવા, એ અહિંસાયમ પ્રવૃત્તિયમ રૂપ બન્યો ગણાય. જેમકે અહિંસાવ્રતનું પાલન. (૧) મનોગુપ્તિ ભાવના - મનને જરા પણ દુષ્ટ વિચારોમાં નહીં લઇ જવાદ્વારા મનથી અહિંસા પાળવી. (૨) એષણાસમિતિ - પોતાના માટે રાંધવાવગેરે આરંભ નથીથયો ને ઇત્યાદિ ચોકસાઇ રાખવારૂપે એષણાસમિતિ પાળવી (૩) આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ - વસ્ત્ર, પાત્ર, દાંડો વગેરે લેતા-મુકતા, બારી-બારણા વગેરે ખોલ-બંધ વગેરે કરવાનો અવસર આવે ત્યારે ઇત્યાદિ પ્રસંગોમાં સતત પ્રમાર્જન-પડિલેહણના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક પ્રવર્ત્તન કરવું. (૪) ઈર્યાસમિતિ : આહાર, વિહાર, નિહારમાટે જતાં આવતાં આંખથી દેખાઇ શકતી (સૂર્ય કિરણોથી પ્રકાશિત થયેલી અને ચાદરવગેરેથી નહીં ઢંકાયેલી) ભૂમિપર અને તે પણ લોકોના અવર-જવરથી ખેડાયેલી હોય (જેથી તે ભૂમિ અચિત્ત થયેલી હોય) એવી ભૂમિપર સાડાત્રણ હાથ જેટલી ભૂમિનું દૃષ્ટિ પડિલેહણ કરતા કરતા સતત પડિલેહિત થાય, એ રીતે જવું-આવવું. અને (૫) ગૃહસ્થો ગોચરી વહોરાવે, ત્યારે ગોચરી માટે લવાતા અન્ન-પાણી જ્યાંથી લવાય, ત્યાંથી માંડી પોતાને વહોરાવે ત્યાં સુધીની બધી ક્રિયા પોતે જોઇ શકતો હોય, અને અન્ન-પાણી પણ જીવયુક્ત નથી ને ઇત્યાદિરીતે જોવાયેલા હોય, પછી જ ગ્રહણ થાય. આ રીતે દષ્ટાન્નપાનગ્રહણ.... આમ પાંચ ભાવનાઓ વગેરેથી સહિત અહિંસાપાલન પ્રવૃત્તિયમ બને.

વળી, આ રીતે પ્રવૃત્તિયમવાળો બનેલો સર્વત્ર ઉપશમપ્રધાન હોવો જોઇએ, કોઇ ઓછી ક્રિયા કરે, અવિધિ કરે, પ્રમાદ કરે, અરે પોતાની યથા-વિહિત ક્રિયાની મશ્કરી વગેરે કરે, એમાં અંતરાય ઊભા કરવાના પ્રયત્ન કરે, ઇત્યાદિ દરેક પ્રસંગોમાં પણ આ યમી ઉપશમભાવમાં જ રત હોય. પેલા પ્રત્યે દ્વેષના બદલે કરુણા જ વહેતી હોય. આ છે પ્રવૃત્તિયમનું સ્વરૂપ.

विपक्षचिन्तारहितं यमपालनमेव यत् ।
तत्स्थैर्यमिह विज्ञेयं तृतीयो यम एव हि ॥२१७॥

विपक्षचिन्तारहितं-अतिचारादिचिन्तारहित-मित्यर्थः **यमपालनमेव यद्** विशिष्टक्षयोपशमवृत्त्या **तत्स्थैर्यमिह विज्ञेयं** यमेषु, एतच्च **तृतीयो यम एव हि** स्थिरयम इति योऽर्थः ॥२१७॥

સ્થૈર્યયમ

ગાથાર્થ : વિપક્ષચિંતારહિત જે યમપાલન છે, તે સ્થૈર્ય નામનો ત્રીજો જ યમ છે એમ સમજવું.

ટીકાર્થ : વિશિષ્ટ ક્ષયોપશમના પ્રભાવે પ્રવૃત્તિયમગત જ યમપાલન એ રીતે થાય, કે જેમાં અતિચારાદિવિપક્ષની કોઇ ચિંતા જ રહેવા ન પામે. આમ આ રીતે દઢ બનેલું યમપાલન સ્થૈર્યયમ છે.

વિવેચન : પ્રવૃત્તિયમ એ શાસ્ત્રવિહિતયમની શરુઆતના સ્તરે છે. હજી અભ્યાસપટુતા નથી આવી, અસ્થિમજ્જારૂપ બન્યું નથી. તેથી એમાં અતિચારોની સંભાવના રહે છે. તેથી એ યમીને એવી ચિંતા પણ રહે છે, કે રખે ને મારા યમમાં કોઇ અતિચાર લાગી તો નહીં જાય ને ? તેથી જ એ વખતોવખત આત્મનિરીક્ષણ કરી લાગેલા અતિચારો શોધી પ્રાયશ્ચિત્ત પણ કરતો રહે છે.

પછી સતત પ્રવૃત્તિયમમાં રત રહેવાથી એવા દઢ સંસ્કાર ઊભા થાય છે, અને એવો વિશિષ્ટ ક્ષયોપશમ ખીલે છે, કે જેથી અતિચાર લાગવાની કોઇ સંભાવના જ રહેતી નથી. ઘડો બનાવતા નવા સવા શીખેલા કુંભારને ઘડો બનાવતી વખતે ડર રહ્યા કરે કે, આ ઘડો બરાબર તો બનશે ને ? આકાર વગેરે યોગ્ય તો રહેશે ને ? પણ એકવાર હાથ બેસી ગયા પછી વાતોના તડાકા મારતો મારતો કે આંખ બંધ રાખીને પણ ઘડો બનાવે, તો પણ એ વ્યવસ્થિત જ બને. ગાંગો તેલીને તેલની ધાર પાડવાનો એવો મહાવરો થઇ ગયેલો, કે પોતાના ઘરની બારીકે અગાસીમાંથી નીચે ઘરાકની બાટલી કે વાડકીમાં તેલની ધાર છોડે, તો એક પણ ટીપું બહાર ન પડે અને જેટલું જોઇએ એટલું જ પડે.

જિનકલ્પીઓ સ્વાધ્યાય-ધ્યાનમાં એટલા ચોક્કસ થઇ ગયા હોય, કે પોતાના નિયત અમુક સ્વાધ્યાય કે ધ્યાનના બળે જ જાણી જાય કે સૂર્યોદય થયો અથવા પહેલી પોરસી થઇ, બીજી થઇ. બરાબર ત્રીજી પોરસીનો આરંભ થાય, તે પછી જ આહારાદિમાટે પ્રવૃત્ત થાય. એટલી ચોકસાઇ હોય, કે સમયમાં મીનમેખનો ફરક ન પડે.

આ છે યોગપાટવ. શુભ યમોમાં સતત પ્રવૃત્તિશીલ રહેવાથી આ યોગપાટવયોગ્ય ક્ષયોપશમ ખીલે. પૂ. આચાર્ય **સોમસુંદર** સૂરિજી તથા પૂ. આ. **પ્રેમસૂરિજી** મ. વગેરે આચાર્ય ભગવંતોને પૂંજવા-પ્રમાર્જવાના એવા ગાઢ સંસ્કાર જામેલા, કે રાતે ઉંઘમાં પડખું ફેરવે, તો પણ સહજ રીતે જ પહેલા ઓઘાથી પડખાનું અને સ્થાનનું પ્રમાર્જન થઇ જાય, ને પછી જ પડખું ફેરવે !

આમ સ્થૈર્યયોગમાં વિશિષ્ટ ક્ષયોપશમના બળે અભ્યાસસૌષ્ઠવથી યમપાલન, બાધકચિંતા-રહિત હોવાથી અને શુદ્ધિવિશેષના બળથી અતિચારાદિ બાધકો ઊઠે જ નહીં એવું વિશિષ્ટ હોય છે. તીર્થંકરાદિ મહામુનિઓ સાધનાકાળે આવું નિરતિચાર ચારિત્રપાલન કરતાં હતાં. પ્રવૃત્તિયમથી સ્થૈર્યયમમાં આ જ વિશેષતા છે, કે પૂર્વના યમમાં

અતિચાર અને અતિચારની ચિંતા બંને સંભવે. જ્યારે સ્થૈર્યયમમાં એ બંને ન હોય.

परार्थसाधकं त्वेतत्सिद्धिः शुद्धान्तरात्मनः ।
अचिन्त्यशक्तियोगेन चतुर्थो यम एव तु ॥२१८॥

परार्थसाधकं त्वेतद्-यमपालनं **सिद्धिरभिधीयते** । एतच्च **शुद्धान्तरात्मनो** नान्यस्य, **अचिन्त्यशक्तियोगेन** तत्सन्निधौ वैरत्यागादितः । एतच्चतुर्थो **यम एव तु** सिद्धियम इति भावः ॥२१८॥

ગાથાર્થ : શુદ્ધ અંતરાત્માવાળાનું અચિંત્ય શક્તિના યોગથી પરાર્થસાધક જે યમપાલન છે, તે સિદ્ધિ નામનો ચોથો યમ છે.

સિદ્ધિયમ

ટીકાર્થ : જ્યારે અહિંસાદિ યમપાલન પરાર્થસાધક બને છે, ત્યારે સિદ્ધિયમ કહેવાય છે. આ માત્ર શુદ્ધ અંતરઆત્માવાળા જીવને જ સંભવે છે. અન્યને નહીં. કારણ કે આવા જ મહાપુરુષોના સાંનિધ્યમાં તેમના આ યમના અચિંત્યશક્તિના પ્રભાવે જાતિવેરવાળા જીવો પણ પોતાનું વેર છોડી દે છે. આ ચોથો યમ સિદ્ધિયમ છે.

વિવેચન : સતત લોહચુંબકના સંપર્કથી જેમ લોખંડ સ્વયં ચુંબક બની જાય, તેમ સતત અહિંસાદિના પાલનથી, તેમાં જ સ્થિરતા રાખવાથી જીવ અહિંસાદિમય બની જાય છે. પોતે કસ્તૂરીથી સુવાસિત નહીં, પોતે જ કસ્તૂરી ! પોતે દીવાથી પ્રકાશિત નહીં, પોતે જ દીવો બની જાય !

જેમ સતત ક્રોધ કરી કરીને ક્રોધમય બની ગયેલી વ્યક્તિપાસે આવનાર અક્રોધી વ્યક્તિને પણ ક્રોધ ઉઠવા માંડે છે, તેમ સતત અહિંસાનું મન-વચન-કાયાથી પાલન કરી કરીને અહિંસામય બની ગયેલી વ્યક્તિના તેજોપ્રભાવમાં આવેલી વ્યક્તિ પણ સહજ અહિંસા પાલવા માંડે છે. તેથી આ સિદ્ધયોગીને પોતે સિદ્ધ કરેલા અહિંસાદિનો અન્યમાં વિનિયોગ કરવો ઘણો સહેલો પડે છે. અને આ જ યમ કે યોગની સિદ્ધિની સાર્થકતા છે. કસ્તૂરીની પરીક્ષા તે કેટલા કપડા, કેટલી જગ્યાને સુવાસિત કરી શકે છે, એના આધારે પર થાય છે, નહીં કે તે કેટલી કાળી છે ? એનાપર.

એમ યોગી-યમીને યોગ ખરેખર કેટલો આત્મસાત્ થયો છે, તેની પરીક્ષા એ નથી, કે તે કેટલો વખત યમપાલન-યોગપાલન કરતો દેખાય છે, પણ તે છે કે એ યમપાલનથી બીજા એ યમીના સાન્નિધ્યમાં આવવાઆદિ માત્રથી એ યમપાલન તરફ આકર્ષાય છે ખરા કે નહીં ?

વ્યક્તિ જેનાથી ભાવિત થઇ હોય, તેનાથી પોતાના સંપર્કમાં આવેલા બીજાને પણ ભાવિત કરે. ભીનું ભાવિત થયેલું કપડું બીજા કપડાઓની સાથે હોય, તે એ કપડાઓને પણ ભીના કરે. ક્રોધી બીજાને ક્રોધથી ભાવિત કરે... માની માનથી. માટે તો દુર્જનનો સંગ ત્યાજ્ય છે. બગડેલી કેરીઓ કેટકેટલી કેરીને પોતાના સંગથી બગાડી શકે છે.

જેમ વિકૃત ભાવોથી ભાવિત થયેલાઓ પોતાની અસર બીજાઓમાં ઊભી કરવા સફળ બને છે. તેમ શુદ્ધ અહિંસાદિ ભાવોથી ભાવિત થયેલાઓ પણ પોતાના સાંનિધ્યમાં આવનારને પોતાના યોગનો વિનિયોગ કરે જ. લસણ લસણનું કામ કરે, કસ્તૂરી કસ્તૂરીનું. હા, લસણના સંગમાં કસ્તૂરી લસણ ન બને, કસ્તૂરીના સંગમાં લસણ કસ્તૂરી ના બને. કસ્તૂરીના સંગથી સુવાસિત થયેલા કપડા લસણની દુર્ગંધથી વાસિત થતાં વાર લાગે, તેમ લસણથી વાસિત થયેલા કપડાને કસ્તૂરીથી સુવાસિત થતાં પણ વાર લાગે. મુશ્કેલ પડે. અહીં લસણ = દુર્જન, કસ્તૂરી = સિદ્ધયોગીઓ. કપડા= સામાન્ય જન.

બીજા જે હજી યોગમાર્ગને પામ્યા નથી, પણ યોગમાટે ભૂમિકા-યોગ્યતા ધરાવે છે. તેઓને સિદ્ધયોગીઓ સહજ સાંનિધ્ય અને પ્રેરણાથી

યોગમાર્ગે ચઢાવી શકે છે. ચઢેલા યોગીઓને આ સિદ્ધયોગીઓ યથાશીઘ્ર સ્થિરતાયોગ અને સિદ્ધયોગતરફ પહોંચાડી આપે છે. અને આ સિદ્ધયોગીના સાંનિધ્યને કારણે જ યોગમાર્ગે આગળ વધવા ઇચ્છનાર વિશેષ પ્રયત્ન વિના સરળતાથી ઝડપથી આગળ વધી જાય છે, કેમકે એની પાસે ગુરુની સાધનાનું બળ છે.

શ્રીપાળચરિત્રમાં વાત આવે છે કે એક યોગી મહિનાઓથી યોગસાધના કરવા છતાં સિદ્ધિ પામી શક્યો ન હોતો. તે શ્રીપાળરાજાના સાંનિધ્યમાત્રથી તરત જ સરળતાથી યોગસિદ્ધિ પામી ગયો. કારણ કે શ્રીપાળ રાજાએ નવપદની સાધના સિદ્ધ કરી હતી. અને શ્રીપાળરાજાને પણ નવપદની સાધના શીઘ્ર સિદ્ધ થવા પાછળ **શ્રી મુનિચંદ્રસૂરિ** ગુરુ-મહારાજની નિશ્રા-સાધનાનું બળ કારણભૂત હતું. આથી જ અહિંસાઆદિ યમો કે યોગસાધનાઓ આપણી અપેક્ષાએ ઊંચી ભૂમિકા પામેલા - અને તે અપેક્ષાએ કથંચિત્ સિદ્ધ થયેલા ગુરુભગવંતોની નિશ્રા અત્યંત આવશ્યક રહે છે.

આ નિશ્રા પણ સિદ્ધયોગી ગુરુભગવંતોની ઇષ્ટ છે, બીજા ત્રીજાની નહીં, કારણ કે ખરેખર સિદ્ધયોગી તો શુદ્ધઅંતરાત્મા ધરાવતી વ્યક્તિ જ બની શકે છે. જે સ્વાર્થી છે, જેની બીજો પોતાનાથી આગળ ન વધી જાય, એવી હીનમનોવૃત્તિ છે, જેનું મન ભૌતિક લાલસાઓથી ખરડાયેલું છે, જેથી યમાદિપાલનના ફળરૂપે કોઁક ભૌતિક અપેક્ષા-વાળો છે, અથવા જે પોતાની સિદ્ધિ કે પોતાની અનુભૂતિને હાટડી ખોલી પૈસાઆદિ દ્વારા વેચવા નીકળ્યો છે, જે ને આ યોગવગેરે આપવાના બદલામાં કશુંક મેળવી લેવાની ગણત્રી છે. તે બધા શુદ્ધ અંતરાત્મદશાવાળા નથી. મલિનાશયી છે. પોતાની મહત્તા જાતે ગાનારા કે અનુયાયીઓદ્વારા ગવડાવનારા, પોતાનો જે-જે કાર કરાવવાની ઇચ્છાવાળા, પોતાનો વિરોધ કરનારનું અહિત થઇ જશે, તેવું ધમકીરૂપ નિવેદન કરનારા પણ શુદ્ધ અંતરાત્મદશા પામેલા નથી. એવાઓ પછી પોતાની ખરી ખોટી સિદ્ધિની વાતો ચગાવતા હોય છે. ચહેરાને યોગીના ચહેરા જેવો આકાર આપીને, વાણીમાં સૌમ્યતાની સાકર ઉમેરીને, વ્યવહારમાં ક્ષમાઆદિ ભાવો બતાવીને ઘણી વખત તેઓ ભોળાવર્ગને ફસાવતા હોય છે.

એકવાર મહાન યોગીનું નામ પડી ગયા પછી, કોઁક ભોળો ભક્ત એમના સાંનિધ્યમાં આવે, ત્યારે આ યોગી પોતાનો હાથ એના માથે મુકે. પેલો ભગત આનંદની સમાધિમાં ઉતરી પડે, ને માને કે અહો ! આ સિદ્ધયોગીના પ્રભાવે મને આવી અનુભૂતિ સહજ પ્રાપ્ત થઇ. ત્યારે હકીકત એ હોય છે કે એ ભગત એ યોગીને ઘણી ઊંચી કક્ષાના માની અત્યંત અહોભાવ ધરાવતો હોય છે. એ યોગી આગળ પોતાની જાતને સાવ વામણી માનતો હોય છે. તેવી માનસિક સ્થિતિમાં જ્યારે પેલો યોગી એને હાથથી સ્પર્શે છે, ત્યારે મનોમન પોતાને અત્યંત ભાગ્યશાળી માનવા માંડે છે. નહીં કલ્પેલું મળ્યાનો આનંદ મનમાં ઊભરાય છે. અને આ માનસિક વલણથી ઉદ્ભવતા આનંદમાં એ પેલા યોગીની મહત્તા સમજે છે. અલબત્ત, મિથ્યા-યોગીના સંગમાં પણ પોતાની મનોકલ્પનાથી જીવ આવો આંતરિક આનંદ અનુભવી શકે છે, તો ખરા યોગીના સંગમાં તો એ ખરેખર કેવા વિશિષ્ટ આનંદમસ્તીમાં મગ્ન બની શકે ?

પણ ખરેખર સિદ્ધયોગીઓ તો શુદ્ધ અંતર-આત્મદશાને પામેલા, સ્ફટિક શા નિર્મળ, હોય છે. એમને યોગનો વિનિયોગ કરી કશું મેળવવાની તમન્ના નથી, નામ કમાવાની પણ ઇચ્છા નથી, પોતાનો આશ્રિત પોતાનાથી આગળ વધી જાય એનો ડર નહીં, પણ આનંદ જ હોય છે. અને ખરેખર

આવા જ યોગીઓના સાંનિધ્યમાં હિંસક પશુઓ પણ વેરભાવ મુકી દેતા હોય છે.

માટે જ આવા સિદ્ધયોગીઓ પોતાની પાસે રહેલા વર્ત્તમાનમાં અહિંસાઆદિ યમપાલનમાં શુદ્ધિ વિનાના પણ મહાનુભાવોમાં શુદ્ધિઆદિનું સંપાદન કરાવી અહિંસાદિ સિદ્ધિ કરાવી પોતાને સદશ = પોતાના જેવા સિદ્ધયોગી બનાવી દે છે. અહિંસાવ્રતને સિદ્ધ કરનાર આવા યોગી બીજાને પણ પૂર્ણ અહિંસક બનાવી શકે. સત્યવ્રતને સિદ્ધ કરનાર યોગી બીજાને પણ સત્યવ્રતમાં સિદ્ધ બનાવી શકે. એમની આગળ સહજ જૂઠુ બોલનારાઓ પણ જૂઠુ ન બોલી શકે, એ એમનો પ્રભાવ છે.

મહો. યશોવિજય ટીકાના આધારે વિચારણા

અહીં યોગવિંશિકાગત મહો. **યશોવિજયજી** મ. ની ટીકાને અનુસારે કેટલીક વિચારણા. આ ઇચ્છાઆદિ યમો પરસ્પર વિજાતીય=ભિન્ન છે. એકબીજામાં અંતરપ્રવેશ કરતાં નથી. અર્થાત્ ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમનું ભેળસેળ ન થઇ શકે. એમ સર્વત્ર સમજવું. વળી આ ઇચ્છાદિના પ્રત્યેકના સ્વગત અસંખ્યભેદો સંભવે છે. તેથી જ આરંભક ઇચ્છાયોગી કરતાં ઘણું આગળ વધેલા ઇચ્છાયોગીમાં ઘણો તફાવત દેખાય એમ બને, પણ તેટલામાત્રથી આરંભક ઇચ્છાયોગીનો યોગીમાંથી આંકડો કાઢી નાંખી શકાય નહીં, કારણ કે ઇચ્છાદિયોગમાં પણ જે અસંખ્ય ભેદો પડે છે તેમાં તે-તે યોગરૂપ કાર્યમાં કારણભૂત વિચિત્ર ક્ષયોપશમ જ હેતુભૂત છે. ક્ષયોપશમના અનેક વિચિત્ર ભેદો પડતાં હોવાથી તજજન્ય ઇચ્છાદિ યોગોના પ્રત્યેકમાં પણ અનેક વિચિત્ર ભેદો સંભવી શકે છે.

તેથી જે વ્યક્તિનો જેટલો ક્ષયોપશમ હોય, તેટલા ક્ષયોપશમ મુજબના આશયોપૂર્વક તે તેટલી માત્રામાં ઇચ્છાદિયોગમાં પ્રવૃત્ત થાય, અને એમ યોગમાર્ગે આગળ વધે, એમ બને. મંદ ક્ષયોપશમવાળો કદાચ સૂક્ષ્મબોધથી રહિત હોય, તો પણ આ રીતે યોગમાર્ગે આગળ વધતો હોય, તેમ માનવામાં કોઇ વાંધો નથી.

વળી, આ ઇચ્છાદિયોગીઓમાં જે મ ક્ષયોપશમરૂપ આંતરિક હેતુના કારણે ભેદ બતાવ્યો. એ જ પ્રમાણે ઇચ્છાદિયોગમાં રમતા યોગીઓમાં તે-તે યોગના પ્રભાવે જે-જે કાર્યરૂપ લક્ષણ વ્યક્તપણે દેખાય છે, તે પણ ભિન્ન છે. તે આ પ્રમાણે-ઇચ્છાયોગીમાં અનુકંપા લક્ષણ પ્રગટ થાય છે. વર્ત્તમાનમાં દુઃખી પ્રત્યે દયા દ્રવ્ય અનુકંપા છે. અને વર્ત્તમાનમાં પાપી કે જે ભવિષ્યમાં પણ દુઃખી થવાનો છે, તેનાપ્રત્યે જે અનુકંપા છે, તે ભાવ અનુકંપા. એકમાં બાહ્ય સામગ્રીદ્વારા દુઃખ દૂર કરી શકાતું હોવાથી દ્રવ્યરૂપતા છે. બીજામાં પાપથી દૂર કરી ધર્મતરફ વાળવાની ઇચ્છારૂપ ભાવાત્મક કરુણા રહી છે. માટે તે ભાવ અનુકંપા છે. આ બંને પ્રકારની - અવસરોચિત જે દયાનો પ્રસંગ હોય, તે પ્રકારની દયા જેમાં લક્ષણરૂપે પ્રગટ થઇ છે, તે ઇચ્છાયોગી છે.

સંસારના તમામ સારા દેખાતા ભાવોમાં પણ નિર્ગુણતાના દર્શનથી જેઓમાં સંસારરૂપી જેલથી છૂટવાની ઇચ્છા જાગી છે. સંસારથી વિરક્તિ પ્રગટ થઇ છે, તે પ્રવૃત્તિયોગીઓમાં આ નિર્વેદ લક્ષણ પ્રગટ થયું છે. અર્થાત્ પ્રવૃત્તિયોગીઓ નિર્વેદભાવથી છલકાતા હોય છે. ખરેખર તો સંસારમાં જે સુખ-સગવડ-અનુકૂળતાવગેરે દેખાય છે, તે જ જેલના સળિયારૂપ છે, કારણ કે મોટા ભાગના જીવો આ બધાથી લલચાઇને જ સંસારમાં આસક્ત બને છે અને સંસારથી મુક્ત થવાનું વિચારતા નથી.

સ્થૈર્યયોગીમાં સંવેગ લક્ષણ પ્રગટ થયું હોય છે. અર્થાત્ તેઓમાં મોક્ષની અભિલાષા ઉત્કટ કોટિની પ્રગટ થઇ હોય છે.

અને સિદ્ધિયોગીઓમાં પ્રશમ લક્ષણ પ્રગટ

થયું હોય છે. ક્રોધવગેરેની ખણજ અને જૂદા-જૂદા વિષયોની તૃષ્ણા, આ બંને શાંત થવા તે પ્રશમભાવ છે. આ અવસ્થામાં જીવને ક્રોધઆદિ કરવાની ખણજ-ચલ ઉપડતી નથી, અને બાહ્ય જુદા-જુદા આકર્ષક લાગતા વિષયો પામવા-ભોગવવાની કોઇ તૃષ્ણા-ઇચ્છા જનમતી નથી. આમ ઇચ્છાદિ યોગોના કાર્ય પણ જૂદા-જૂદા દેખાય છે.

અલબત્ત, આમ તો આ બધા સમ્યક્ત્વના કાર્યભૂત લિંગ-લક્ષણોરૂપે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. છતાં પણ યોગના અનુભવરૂપે વિશિષ્ટરૂપે સિદ્ધ થયેલા આ અનુકંપાઆદિને ઇચ્છાદિઆદિ યોગના કાર્યરૂપે કહેવામાં પણ વાંધો નથી. અર્થાત્ ઇચ્છાઆદિ યોગીઓમાં આ અનુકંપાઆદિ વિશિષ્ટરૂપે અનુભવાતા દેખાય છે.

હકીકતમાં તો જેઓને માત્ર સમ્યક્ત્વનો જ લાભ થયો છે (એટલે કે અહિંસાદિ યમો હજુ પ્રાપ્ત થયા નથી) તેઓમાં પણ વ્યવહારથી ઇચ્છાદિ યોગમાં પ્રવૃત્ત થવાથી જ અનુકંપાઆદિ અનુભાવો સિદ્ધ થાય છે.

અલબત્ત સમ્યક્ત્વના લાભમાત્રમાં ઇચ્છાદિ યોગમાં પ્રવૃત્તિ વિશિષ્ટને બદલે સામાન્ય કોટિની હોવી સંભવે છે, તો તે વખતે તેઓમાં અનુકંપાદિ ભાવ પણ સામાન્ય કોટિનો હોય છે. જ્યારે ઇચ્છાયોગાદિ વિશેષરૂપના બને છે. ત્યારે તેઓમાં અનુકંપાદિભાવ પણ વિશેષરૂપે પ્રગટ થાય છે. તાત્પર્ય એ છે કે માત્ર સમ્યક્ત્વની અવસ્થામાં રહેલો જીવ પણ સ્થાનાદિ યોગ કે અહિંસાઆદિ યમો પ્રત્યે ઓછા-વત્તા અંશે પણ ઇચ્છામાત્રરૂપે પ્રવૃત્ત તો થાય જ છે. અને તેના આધારે જ દુઃખિત જીવો પ્રતિ અનુકંપાઆદિ ભાવોને અનુભવે છે.

અવઞ્ચકસ્વરૂપમાહ--

सद्भिः कल्याणसम्पन्नैर्दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते (इष्यते) ॥२१९॥

सद्भिः कल्याणसम्पन्नैः-विशिष्टपुण्यवद्भिः **दर्शनादपि पावनैः**-अवलोकनेनापि पवित्रैः **तथा**-तेन प्रकारेण गुणवत्तया विपर्ययाभावेन **दर्शनं**-तथा-दर्शनम्, ततस्तेन यो **योगः**-सम्बन्धस्तैः सह स **आद्यावञ्चक इष्यते** सद्यो(गा)ऽवञ्चक इत्यर्थः ॥२१९॥

હવે યોગાવંચકવગેરેનું સ્વરૂપ બતાવે છે.

યોગાવંચકસ્વરૂપ

ગાથાર્થ : કલ્યાણથી સંપન્ન અને દર્શન-માત્રથી પણ પાવન કરનારા એવા સત્પુરુષો સાથે તથાદર્શનથી યોગ આદ્યાવંચક યોગ કહેવાય છે.

ટીકાર્થ : વિશિષ્ટ પુણ્યદ્વારા જેઓ કલ્યાણને પામેલા છે, તથા અત્યંત પવિત્ર જીવનના સ્વામી હોવાથી જેઓ દર્શનમાત્રથી પવિત્ર કરનારા છે, તેવા સત્પુરુષોની સાથે તથાદર્શનથી તેવા પ્રકારથી ગુણવાન હોવાથી વિપર્યયના અભાવરૂપે જે યોગ= સંબંધ થવો, તે આદ્ય-યોગાવંચક છે.

વિવેચન : અહીં તથાદર્શનનું તાત્પર્ય એ છે કે દર્શન કરનાર પણ ગુણદર્શી હોવો જોઇએ. અર્થાત્ આ મહાપુરુષ ગુણવાન છે - દોષોથી વેગળા છે એવી સદ્ભાવપૂર્ણ બુદ્ધિ જાગવી જોઇએ. એવી બુદ્ધિપૂર્વક મહાપુરુષના દર્શનથી યોગ થવો જોઇએ.

એમ તો છ મહીનાથી બીમાર રહેલા લોહારને નિરોગી થવાના પ્રથમ દિવસે જ પોતાની દુકાનપાસે કાઉસગ્ગ-ધ્યાનમાં ઊભેલા **ભગવાન મહાવીર સ્વામીના** દર્શન થયા, પણ તે બિચારો ગુણહીન હતો, તેથી આ દર્શન યોગરૂપ બનવાને બદલે ક્રોધાદિ દુર્ભાવનું અને એ દુર્ભાવના પરિણામે ઇન્દ્રના કોપથી તત્કાલ મોત અને પરંપરાએ દુર્ગતિનું કારણ બન્યું.

જ્યારે દુર્ગતા નારીને સમવસરણમાં બેઠેલા ભગવાનનું દર્શન કલ્યાણકારી નીવડ્યું, કેમકે ભગવાનને જોઇ હૃદયમાં ભગવાનની પૂજાના શુભભાવ જાગ્યા. જેના પરિણામે તત્કાલમાં દેવલોક

અને પરંપરાએ આત્મકલ્યાણ સંભવિત બન્યા.

મહાપુરુષોના દર્શન થવા છતાં લાભદાયી ન બનવા એ આત્મામાટે ઠગાવાની વાત છે. પારસમણિના સ્પર્શથી પણ લોઢાને સોનું ન બનવા મળે, તો તે લોઢામાટે કલંકની વાત છે. જ્યારે આત્માને સંસારના ભાવો, વિષયાકર્ષણવગેરેના કારણે મન ઠગે છે, ત્યારે મહાપુરુષોના દર્શન આત્મા માટે નિષ્ફળ જાય છે. કારણ કે મન આત્માને એ દર્શનથી કશો શુભભાવ જગાડવા દેતું નથી.

દેરાસરમાં ભગવાનના દર્શન કર્યા પછી પણ કેમ શુભભાવો જાગતા નથી? ભગવાનના આ દર્શન આપણામાટે યોગાવંચક કેમ બનતા નથી? કારણ એ જ કે સંસારના ઘણા આકર્ષણોના કચરા મનમાં ભર્યા છે.

જ્યારે આત્મા કુલયોગી કે પ્રવૃત્તચક્ર જેવી યોગ્યતા-ગુણવત્તા ધરાવતો થાય, ત્યારે જ આત્માને મહાપુરુષોના દર્શન કલ્યાણકારી નીવડે છે, જીવને યોગમાર્ગે જવા માટે કારણભૂત બને છે.

કુમારપાળરાજાને પૂર્વભવમાં ડાકૂના અવતારમાં શ્રી **હેમચંદ્રાચાર્ય** પ્રભુના તે ભવના આચાર્યરૂપે દર્શન થયા ને પરિણામે એનું આખું જીવન બદલાઇ ગયું. આ છે યોગાવંચક, સફળ દર્શનયોગ.

तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम्।
क्रियावञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ॥२२०॥

तेषामेव-सतां **प्रणामादिक्रियानियम इत्यलम् क्रियावञ्चकयोगः स्याद्**-भवेदिति। अयं च **महापापक्षयोदयो**-नीचैर्गोत्रकर्मक्षयकृदिति भावः ॥२२०॥

ક્રિયાવંચક સ્વરૂપ

ગાથાર્થ : તેઓને જ પ્રણામાદિક્રિયાનિયમ સક્ષમ ક્રિયાવંચકયોગ છે. તે મહાપાપક્ષયોદયરૂપ છે.

ટીકાર્થ : ઉપરોક્ત જ મહાપુરુષોને નિયમ પૂર્વક પ્રણામાદિક્રિયા કરવી તે અથવા પ્રણામાદિ ક્રિયાનો નિયમ ક્રિયાવંચક યોગ બનવા સક્ષમ છે. આ ક્રિયાવંચકયોગના પ્રભાવે નીચગોત્રકર્મવગેરે પાપકર્મોનો ક્ષય થવા દ્વારા મહાઉદય પ્રાપ્ત થાય છે.

વિવેચન : યોગાવંચકથી જે મહાપુરુષોના દર્શન થયા. તે મહાપુરુષોને વંદનાદિ ક્રિયાનો નિયમ ક્રિયાવંચક બને છે. અહીં નિયમ એટલે ઉલ્લાસપૂર્વક નમનનો સંકલ્પ છે. આમ તો જીવ અનંતીવાર મહાપુરુષોને નમ્યો છે, પણ મારે માટે આ મહાપુરુષો મારા આત્મકલ્યાણ માટે નમન કરવા યોગ્ય છે, તેવો સંકલ્પ ન હોતો, તેથી એ ક્રિયાઓનું જે યથોચિત ફળ મળવું જોઇએ, તે મળ્યું ન હોતું, આમ ઉત્તમક્રિયાઓ કરવા છતાં સમુચિત ફળ નહીં મેળવીને જીવ ઠગાયો હતો. જેમકે શ્રીકૃષ્ણ-વાસુદેવની સાથે વીરા સાળવીએ પણ અઢાર હજાર સાધુઓને વંદન કર્યા. છતાં શ્રી **નેમનાથ ભગવાને** કહ્યું કે વીરા સાળવીને આ વંદનથી કસરત સિવાય બીજું કશું ફળ મળ્યું નથી. જ્યારે એ જ વંદનના પ્રભાવે કૃષ્ણવાસુદેવની ચાર નરક તૂટી ને ક્ષાયિક સમ્યક્ત્વ થયું. અહીં વીરા સાળવી માટે વંચકક્રિયા બની. જ્યારે શ્રીકૃષ્ણવાસુદેવ માટે અવંચક ક્રિયા બની.

ઉત્તમપુરુષોને નમન કરવાથી જીવના નીચ ગોત્ર કર્મો તૂટે છે. કેમ? તો જીવે પોતાના ઉચ્ચગોત્ર આદિના અભિમાનથી તેમજ મહાપુરુષોની અવજ્ઞા કરીને નીચગોત્ર બાંધેલું. હવે તે ઉત્તમપુરુષોને વંદન કરવાદ્વારા ઉત્તમપુરુષોને ઊંચા અને પોતાને નીચો માને છે. આમ નીચગોત્ર બાંધવામાટેના કારણભૂત ઊંચાપણાના અભિમાન વગેરેથી વિપરીત ભાવનામાં રહ્યો છે. અને શાસ્ત્રકારો કહે છે, કે જે ભાવનાઓથી કર્મો બાંધ્યા હોય. તેનાથી વિપરીત ભાવનાઓથી

તે કર્મો તૂટે છે. તેથી જીવના નીચગોત્રકર્મો તૂટે છે. અને નીચગોત્રસાથે જોડાયેલી અનેક હાનિઓથી પણ મુક્ત થાય છે. આમ સત્પુરુષોના પ્રણામાદિથી જીવ પાપકર્મોથી મુક્ત થાય છે ને ઉદય પામે છે.

ભિખારીએ દેરાસરોમાં પ્રભુવંદન અને ઉપાશ્રયોમાં સાધુવંદનનો સંકલ્પ કર્યો, સાથે રોજ એક ધાન, શાક, વિગયના ત્યાગનો નિયમ કર્યો. તો તે જ ભવમાં તેના ઘણા પાપો ધોવાઇ ગયા, ધન, સૌભાગ્યવગેરેનો સ્વામી બન્યો, ને ભવાંતરમાં તેના જન્મમાત્રથી તે સમસ્ત રાજ્ય બાર વર્ષના દુકાળના ભયથી બચી ગયું. આ છે સત્પ્રણામાદિની ખરી તાકાત.

फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः ।
सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ॥२२१॥

फलावञ्चकयोगस्तु चरमो योगोत्तमः। किम्भूत इत्याह **सद्भ्य एव**-अनन्तरोदितेभ्यः **नियोगतः**-अवश्यंतया, **सानुबन्धफलावाप्तिः**-तथा सदुपदेशादिना, **धर्मसिद्धौ** विषये **सतां मता** इति ॥२२१॥

ફળાવંચકસ્વરૂપ

ગાથાર્થ : ઉપરોક્ત સત્પુરુષોપાસેથી ધર્મસિદ્ધિના વિષયમાં અવશ્ય સાનુબંધફળની પ્રાપ્તિ જ ફલાવંચકયોગ તરીકે સત્પુરુષોને સંમત છે.

ટીકાર્થ : ચરમ યોગોત્તમ-ફળાવંચકયોગ કેવો છે ? તે બતાવે છે - હમણાં જ કહેવાયેલા સત્પુરુષો પાસેથી તેવા પ્રકારના સદુપદેશઆદિદ્વારા ધર્મસિદ્ધિના વિષયમાં સાનુબંધફળની પ્રાપ્તિરૂપ છે. આમ સત્પુરુષોને સંમત છે.

વિવેચન : પ્રથમ સત્પુરુષોનાં દર્શન.. તે પછી વંદન... તે પછી તેઓપાસેથી સદુપદેશનું શ્રવણ. આ સત્પુરુષો દર્શન-વંદન કરનારા જીવની યોગ્યતા જોઇ તેની યોગ્યતાને અનુરૂપ ધર્મની પ્રેરણા વિવિધરૂપે આપતા રહે, તેનાથી પ્રેરાયેલો જીવ નવનવા ધર્મો આદરતો રહે. એક ધર્મમાં સફળ થાય, એટલે તેથી ઊંચા ધર્મની પ્રેરણા કરે, એટલે જીવ એ ઊંચા ધર્મમાં જોડાય, આમ ધર્મની પરંપરા પ્રાપ્ત થાય. તેનાથી શુભકલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય. આમ સત્પુરુષોનો સદુપદેશ મળવાથી જીવ આગળ વધતો વધતો છેવટે ધર્મની સિદ્ધિપર જઇ પહોંચે છે. આમ સત્પુરુષોનાં ઉપદેશાદિદ્વારા સાનુબંધ ફળપરંપરા પ્રાપ્ત થાય, એ ફળાવંચક યોગ છે.

પ્રભુ મહાવીરસ્વામીનો જીવ નયસાર દૃષ્ટાંતભૂત છે. ભૂલા પડેલા સાધુ ભગવંતોને ગોચરી વહોરાવી પછી માર્ગે મુકવા ગયા ત્યારે ગુરુ-ભગવંતોએ આપેલો ઉપદેશ ગ્રહણ કરી સમ્યક્ત્વ પામ્યા. પછી એ ધર્મની પરંપરા ચાલી, સત્તાવીસમાં ભવે **ભગવાન મહાવીર સ્વામી** બન્યા.

વંકચૂલે ગુરુભગવંતોને ચાર મહીના રહેવા વસતિ આપી. ચોમાસાના અંતે વિદાય થતાં ગુરુભગવંતે ઉપદેશ આપ્યો. ચાર સામાન્ય નિયમ આપ્યા. પણ એમાં જ પ્રગતિ સાધતા છેવટે કાગમાંસ ન ખાવાના નિયમને અખંડ રાખવા મૃત્યુને વહાલું કર્યું, તો સમાધિ મરણ પામી બારમા દેવલોકમાં ગયા. થોડા ભવોમાં જ કલ્યાણ નિશ્ચિત કરી લીધું. આ છે ગુરુભગવંતોની ઉપાસનાનું ફળ.

एवमेषां स्वरूपमभिधाय प्रकृतयोजनमाह-

कुलादियोगिनामस्मात् मत्तोऽपि जडधीमताम् ।
श्रवणात्पक्षपातादेरुपकारोऽस्ति लेशतः ॥२२२॥

कुलादियोगिनां-उक्तलक्षणानां, **अस्माद्**-योगदृष्टिसमुच्चयात्, **मत्तोऽपि सकाशात् जडधीमतां**-अन्येषाम् किमित्याह **श्रवणात्**-श्रवणेन, **पक्षपातादेः** पक्षपातशुभेच्छादेः, **उपकारोऽस्ति लेशतः** तथा बीजपुष्टा(ष्ट्या) ॥२२२॥

આમ કુલાદિયોગીઓ, ઇચ્છાદિયમીઓ અને અવંચકયોગોનું સ્વરૂપ બતાવી હવે પ્રસ્તુત વાત સાથે અનુસંધાન જોડે છે.

કુલાદિયોગીઓને પક્ષપાતથી ઉપકાર

ગાથાર્થ : મારાથી પણ જડ બુદ્ધિવાળા કુલ-યોગીઓને આ યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથથી શ્રવણ દ્વારા પક્ષપાતાદિ થવારૂપ લેશથી પણ ઉપકાર થાય છે.

ટીકાર્થ : ઉપરોક્ત સ્વરૂપવાળા કુલાદિ યોગીઓમાં જેઓ મારાથી પણ અલ્પમતિવાળા કુલયોગીઓ-પ્રવૃત્તચક્રયોગીઓ છે, તેઓને આ યોગદૃષ્ટિ સમુચ્ચયગ્રંથના શ્રવણથી યોગપ્રત્યે પક્ષપાત=શુભેચ્છાવાળુ ઢળતું વલણ પ્રગટ થવાથી તેઓના યોગ બીજો પુષ્ટ થશે. આ અંશથી ઉપકારરૂપ છે.

વિવેચન : શુભ કાર્યની પ્રશંસા યોગબીજોનું પોષક બને છે, કેમકે તે શુભ કાર્યોપ્રત્યે પક્ષપાતરૂપ છે. આમ મારી આ યોગદૃષ્ટિગ્રંથની રચના તેઓને શુભપ્રતિ પક્ષપાતમાં નિમિત્ત બનવા દ્વારા અંશે પણ ઉપકારી નીવડશે. તેથી પૂર્વે ગાથા ૨૦૮માં લેશથી પરોપકારની વાત જે કરી હતી, તે પણ સાર્થક નીવડે છે.

અહીં શાસ્ત્રકાર આ ગ્રંથના અધ્યયના દ્વારા ભવ્યજીવો યોગમાર્ગ પામશે ઇત્યાદિ દાવો જતો કરીને ખરેખર તો પોતાની નમ્રતા પ્રગટ કરે છે. કેમકે તેઓ પરોપકાર એટલા અંશે જ બતાવે છે, કે કુલાદિયોગીઓ આ ગ્રંથપર પક્ષપાત કરશે, એ જ આ ગ્રંથદ્વારા થતો પરોપકાર છે.

કઃ પક્ષપાતમાત્રાદુપકાર ઇત્યાશઙ્કાપોહાયાહ--

तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥२२३॥

तात्त्विकः पक्षपातश्च पारमार्थिक इत्यर्थः **भावशून्या प्रति (च या) क्रिया अनयोरन्तरं ज्ञेयं** कयोरित्याह-**भानुखद्योतयोरिव** महदन्तरमित्यर्थः ॥२२३॥

અહીં પ્રશ્ન થાય કે કુલાદિ યોગીઓ માત્ર પક્ષપાત કરે એટલા માત્રથી કયો વિશેષ ઉપકાર થવાનો છે ? તો તેના સમાધાનમાં કહે છે -

तात्त्विक पक्षपातनुं महत्त्व

ગાથાર્થ : તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા આ બે વચ્ચે સૂર્ય અને આગિયા વચ્ચે જેવું અંતર સમજવું.

ટીકાર્થ : તાત્ત્વિક=પારમાર્થિક પક્ષપાત અને ભાવશૂન્યક્રિયા- આ બે વચ્ચેનું અંતર સૂર્ય અને આગિયા વચ્ચેના અંતર જેવું મોટું સમજવું.

વિવેચન : કેટલાક આ ગ્રંથના અધ્યયનથી યોગઆરાધનાપ્રત્યે પક્ષપાત રાખે. યોગના આરાધકો-પ્રરૂપકો પ્રત્યે હૃદયના શુભભાવોરૂપી પારમાર્થિક પક્ષપાત રાખે. કદાચ આ ગ્રંથના અનુસારે યોગકાર્યોમાં પ્રવૃત્ત ન થાય છતાં એનો પક્ષપાત ઊભો રાખે.

બીજા કેટલાક યોગક્રિયાઓ કરે, પણ હૃદયમાં યોગક્રિયાઓ અને તેના પ્રરૂપકોપ્રત્યે બહુમાન ન હોય ને ક્રિયા અન્તર્ગત કોઇ ભાવ ન હોય, તો આ બંનેમાં પ્રથમ જ શ્રેષ્ઠ છે, બીજો નહીં.

કેમકે યોગક્રિયાઓ તો અનંતવાર કરી, પણ યોગપ્રત્યે કે કોઇ પણ શુભકાર્યો પ્રત્યે હૃદયમાં પક્ષપાત ન હોતો. તેથી બધું નિષ્ફળ ગયું. જ્યારે કશું જ નહીં આચરી શકતા શ્રેણિક જેવા અવિરત સમ્યક્ત્વીઓ પોતાના યોગ-ધર્મ-શુભભાવો પ્રત્યેના સાચા પક્ષપાતથી થોડા ભવોમાં, વધુમાં વધુ અર્ધપુદ્ગળ પરાવર્ત્તમાં અવશ્ય તરી જવાના.

યોગની ક્રિયા તો કૃષ્ણપાક્ષિક-અચરમાવર્ત્તીઓ પણ કરી શકે છે. જ્યારે યોગપક્ષપાત તો શુક્લપાક્ષિક, ચરમાવર્ત્તી જીવોને જ પ્રગટે છે.

આમ યોગપક્ષપાતની ઘણી મહત્તા છે, અને આ યોગગ્રંથ તેવા પક્ષપાતમાં નિમિત્ત બને છે, માટે ખરેખર પરોપકાર સધાઇ રહ્યો છે.

તથા ચાહ--

खद्योतकस्य यत्तेजः तदल्पं च विनाशि च।
विपरीतमिदं भानोरिति भाव्यमिदं बुधैः ॥२२४॥

खद्योतकस्य-सत्त्वविशेषस्य, **यत्तेजः** प्रकाशात्मकम्। तत्किमित्याह-**अल्पं च विनाशि च** स्वरूपेण। **विपरीतमिदं भानोर्बह्वविनाशि चाऽऽदित्यस्येति**। इति-एवं **भाव्यमिदं**-अधिकृतपक्षपातादेतत्क्रियादिकं, **बुधैस्तत्त्वनीत्येति** ॥२२४॥

ખદ્યોત અને સૂર્યના દૃષ્ટાંતને સ્પષ્ટ કરે છે-

સૂર્ય-ખદ્યોતક વચ્ચે અંતર

ગાથાર્થ : ખદ્યોત-આગિયાનું જે તેજ છે, તે અલ્પ અને વિનાશી છે. સૂર્યનું આથી વિપરીત છે, તેમ બુધોએ ભાવન કરવું.

ટીકાર્થ : ખદ્યોત=આગિયાનું જે તેજ છે, તે સ્વરૂપથી જ તદ્દન અલ્પ છે, અને વિનાશી છે. આગિયુ મરી જાય ને તેજ અલોપ. જ્યારે સૂર્યનું તેજ જગત આખાને પ્રકાશિત કરી શકે એટલું બધું છે અને સૂર્યનો વિનાશ ન હોવાથી એના તેજનો પણ વિનાશ થવાનો નથી. આમ આગિયા અને સૂર્ય વચ્ચે ઘણું મોટું અંતર છે.

આ જ રીતે ભાવ વિનાની ક્રિયા અને તાત્ત્વિકપક્ષપાત અંગે બુધપુરુષોએ તત્ત્વનીતિથી સમજવાનું છે.

વિવેચન : ભાવ વિનાની ક્રિયા થતી વખતે દેખાવમાત્રથી સારી લાગે. આ તેનું અલ્પ તેજ છે. પણ તે ક્રિયા લાંબી ટકે નહીં. કંટાળો વધી જાય, કે બીજી ગમતી પ્રવૃત્તિ આવે કે તરત પડતી મુકાય છે. અસરરૂપે પણ ટકતી નથી. ક્રિયા થઇ ગયા પછી એ ક્રિયા કર્યાની કોઇ હર્ષની અનુભૂતિ પણ રહેતી નથી. એનું ફળ પણ અલ્પ અને અલ્પકાળ માટે મળનારું હોય છે.

તાત્ત્વિક પક્ષપાત હૃદયથી એ તરફ ઝુકાવ હોવાથી વિપરીત સંજોગોમાં પણ ટકી રહેનારો હોય છે, આમ દીર્ઘજીવી છે. આ પક્ષપાત દરેક પ્રવૃત્તિસારી કે નરસીમાં ઝળકતો હોય છે. આ પક્ષપાતથી શુભ પ્રવૃત્તિઓ ઉછળતા શુભભાવે થાય છે, અને કરવી પડતી અશુભપ્રવૃત્તિઓ દુઃખ સાથે થાય છે. માટે જ વંદિત્તા સૂત્રની ૩૬મી ગાથામાં કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવ કદાચ કોક પાપ આચરે, છતાં તેમાં તેને નિર્ધ્વંસ-કઠોર પરિણામ થતા નથી. આમ પક્ષપાતનું તેજ સર્વપ્રવૃત્તિવ્યાપી અને ઝળહળતું હોય છે.. વળી તે નાશવંત નથી, પણ અવિનાશી છે, શુભપ્રવૃત્તિઓ તરફ દોરી જઇ પૂર્ણતેજરૂપ મોક્ષ સુધી પહોંચાડે છે. આ પક્ષપાતનો આનંદ પણ અનન્ય હોય છે. બીજી કોઇ પ્રવૃત્તિઓ કે મનોરંજનોથી ઝંખવાતો નથી. તેથી બુધપુરુષોએ તાત્ત્વિકપક્ષપાતને જ મહત્ત્વ આપવું.

એમ નહીં વિચારવું કે 'તો પછી ક્રિયા નહીં કરીએ, પક્ષપાત રાખીશું' કેમકે તાત્ત્વિક પક્ષપાતી આવી આત્મવંચનામાં પડતો જ નથી. તાત્ત્વિક પક્ષપાત સમય-સંજોગાદિને અનુસારે અવશ્ય ભાવપૂર્વકની ક્રિયાના અદ્ભુત આનંદ તરફ જીવને દોરી જ જાય છે. જેના પક્ષપાતમાં જીવને આનંદ હોય, તેની ભાવપૂર્વકની ક્રિયામાં જીવના આનંદનો ગુણાકાર જ થાય.

યોગ્યોનો સ્વતઃ પ્રયત્ન

વિશેષમાહ-

श्रवणे प्रार्थनीयाः स्युर्न हि योग्याः कदाचन।
यत्नः कल्याणसत्त्वानां, महारत्ने स्थितो यतः ॥२२५॥

श्रवणे-श्रवणविषये **प्रार्थनीयाः स्युः**-भवेयुः **न हि योग्याः कदाचन** शुश्रूषाभावेन स्वतःप्रवृत्तेः। तथा चाह-**यत्नः कल्याणसत्त्वानां**-पुण्यवतां, **महारत्ने**-चिन्तामण्यादिविषयः, **स्थितो यतः**-तथौचित्ययोगेन, **पक्षपातादेरपि जन्मान्तरावाप्तिश्रुतेः** ॥२२५॥

વિશેષ કહે છે-

ગાથાર્થ : યોગ્યપુરુષો શ્રવણમાટે ક્યારેય પણ પ્રાર્થનીય નથી, કેમકે કલ્યાણજીવોનો

મહારત્નઅંગે પ્રયત્ન હોય જ છે.

ટીકાર્થ : યોગ્યપુરુષો શ્રવણઅંગે પ્રાર્થનીય નથી, કેમકે તેઓ શુશ્રૂષાદિભાવથી સ્વત જ પ્રવૃત્તિ કરશે. તેથી જ કહે છે- કલ્યાણ = પુણ્યવાળા- પુણ્યશાળી જીવો ચિંતામણિરત્નગેરે મહારત્નના વિષયમાં તથાઔચિત્યયોગથી પ્રયત્નશીલ હોય જ છે, કેમકે પક્ષપાતવગેરેથી પણ જન્માન્તરમાં પ્રાપ્તિની શ્રુતિ છે.

વિવેચન : જે વ્યક્તિને પોતાનું કલ્યાણ ઇષ્ટ હોય, તેવા પુણ્યશાળીઓ ચિંતામણિરત્ન મેળવવા અંગે સ્વતઃ જ પ્રયત્નશીલ બને. એને એ માટે પ્રેરણા કે પ્રાર્થના કરવાની જરૂર પણ રહેતી નથી કે 'ભાઈ ! તમે આ રત્ન મેળવવા પ્રયત્ન કરો.'

એ જ રીતે યોગસાધનામાટે યોગ્ય જીવોને આ ગ્રંથરત્નના શ્રવણ માટે પ્રાર્થના કરવાની જરૂર જ નથી. તેઓ પોતે જ ઔચિત્યયોગથી શુશ્રૂષાઆદિ ભાવથી આ ગ્રંથના શ્રવણમાં પ્રવૃત્ત થશે. કેમકે તેઓને ખબર છે કે આ ગ્રંથરત્નના શ્રવણથી ગ્રંથ અને યોગ પ્રત્યે તાત્ત્વિકપક્ષપાત ઊભો થશે. અને આ તાત્ત્વિક પક્ષપાતથી આ ભવમાં નહીં તો આવતા ભવમાં તો અવશ્ય યોગની પ્રાપ્તિ થશે. કારણ કે પક્ષપાતમાત્રથી પણ તે જે શુભ પદાર્થ ઉપર હોય, તેની ભવાંતરમાં પ્રાપ્તિ સંભવે છે એવી શ્રુતિ છે. તેથી અમે યોગ્ય જીવોને આ ગ્રંથમાટે પ્રાર્થના કરતાં નથી. શાસ્ત્રકારની આ પણ એક શૈલી છે કે આ રીતે તેઓ કાકુધ્વનિથી યોગ્ય વ્યુત્પન્ન સજ્જનોને આ ગ્રન્થના શ્રવણ માટે આડકતરી રીતે પ્રેરણા કરે છે.

છતાં કોઈને શંકા થાય કે, 'તો શું અયોગ્યને આ ગ્રંથશ્રવણમાટે પ્રાર્થના કરશો ?' આવી શંકાના સમાધાનમાં કહે છે, ના ! અયોગ્યને તો આ ગ્રંથ અપાય તેમ પણ નથી, કેમકે તેમને માટે તો આ ગ્રંથ ગુણને બદલે દોષરૂપ બને એમ છે. આમ અયોગ્યદાનના દોષના પરિહાર માટે કહે છે.

અયોગ્યદાનદોષપરિહારાયાહ--

નૈતદ્વિદસ્ત્વયોગ્યેભ્યો, દદત્યેનં તથાપિ તુ।
હરિભદ્ર ઇદં પ્રાહ, નૈતેભ્યો દેય આદરાત્ ॥૨૨૬॥

નૈતદ્વિદસ્ત્વાચાર્યાઃ, **અયોગ્યેભ્યો**ઽન્યેભ્યો, **દદતિ**-યચ્છન્તિ, **એનં** યોગદૃષ્ટિસમુચ્ચયાખ્યં ગ્રન્થમ્, **તથાપિ** ત્વેવમપિ વ્યવસ્થિતે **હરિભદ્રો**-ગ્રન્થકૃત્, **ઇદં પ્રાહ**-કિમિત્યાહ-**નૈતેભ્ય** અયોગ્યેભ્યઃ, **દેયઃ અયં**-યોગદૃષ્ટિસમુચ્ચયઃ, **આદરાત્**-આદરેણ ઇદં પ્રાહ ॥૨૨૬॥

અયોગ્યને આપવાના દોષના પરિહારમાટે કહે છે-

અયોગ્યને આપવામાં અવજ્ઞાદોષ સંભવ

ગાથાર્થ : આના જાણકારો અયોગ્ય જીવોને આ ગ્રંથ આપવાના જ નથી. છતાં પણ હરિભદ્ર આદરપૂર્વક કહે છે કે આમને (અયોગ્યોને) આ આપશો નહીં.

ટીકાર્થ : અલબત્ત યોગાચાર્યો સ્વયં જ અયોગ્ય જીવોની અયોગ્યતાને સમજી આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ તેઓને આપવાના જ નથી. આમ હોવા છતાં ગ્રંથકાર તરીકે પોતાની જવાબદારી અદા કરતાં સૂરિપુરંદર **હરિભદ્રસૂરિ** મહારાજ યોગાચાર્યોને આદરપૂર્વક વિનંતી કરે છે, કે આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ અયોગ્ય વ્યક્તિઓને આપશો નહીં.

કિમેતદેવમિત્યાહ--

અવજ્ઞેહ કૃતાલ્પાપિ, યદનર્થાય જાયતે।
અતસ્તત્પરિહારાર્થં, ન પુનર્ભાવદોષતઃ ॥૨૨૭॥

અવજ્ઞેહ-યોગદૃષ્ટિસમુચ્ચયાખ્યે ગ્રન્થે, **કૃતાલ્પાપિ** સ્વરૂપેણ **યદ્**-યસ્માત્ **અનર્થાય જાયતે** મહાવિષયત્વેન। **અતસ્તત્પરિહારાર્થં ન પુનર્ભાવદોષતઃ**-ક્ષુદ્રતયા હરિભદ્ર ઇદં પ્રાહેતિ ॥૨૨૭॥

આમ કેમ કહો છો ? એનું સમાધાન આપતાં કહે છે-

ગાથાર્થ : જેથી આ ગ્રંથની કરેલી થોડી પણ અવજ્ઞા અનર્થમાટે થાય છે. તેથી તે રોકવામાટે નહીં કે ભાવદોષથી (આમ કહ્યું છે.)

ટીકાર્થ : આ યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ પ્રતિ વ્યક્ત કરાયેલી થોડી પણ અવજ્ઞા સ્વરૂપથી મહા-અનર્થકારી બને છે. કારણ કે એમાં માત્ર ગ્રંથ-પુસ્તકની અવજ્ઞા નથી, પરંતુ ગ્રંથગત જે મહાન 'યોગ' વિષય છે, એનાપ્રત્યે અવજ્ઞા થાય છે. આમ અનર્થના પરિહારમાટે, નહીં કે ક્ષુદ્રતારૂપ ભાવ-દોષથી **હરિભદ્ર** આમ કહે છે.

વિવેચન : મહાન્ વ્યક્તિ કે વિષય કે વચન પ્રત્યે જેટલો આદરનો ઊંચો ભાવ, એટલું ઊંચુ કલ્યાણ થાય, અને જેટલી તીવ્ર અવજ્ઞા એટલું ભયંકર નુકસાન થાય. અરિહંતાદિ પ્રત્યે કે તેઓના વચન પ્રત્યેની અલ્પ અવજ્ઞા પણ મહાઅનર્થવાળી બને છે. અને પ્રસ્તુત ગ્રંથ અરિહંતના વચનોને અનુસાર રચાયેલો છે. તેથી એ ગ્રંથની અવજ્ઞામાં અરિહંતના વચનોની આશાતના સમાયેલી છે. તેથી મહા નુકસાનકારી નીવડી શકે.

જેઓ યોગમાટે અયોગ્ય જીવો છે, તેઓ આગળ આ ગ્રંથના વાંચનવગેરે કરવાથી તેઓને કશો લાભ તો થવાનો નથી, પણ તેઓ એ વચનોની ઉપેક્ષા કરશે, મશ્કરી કરશે, એના અમુક વચનો ઉઠાવી પોતાને ફાવે તે રીતે ઉપયોગ કરશે, ઇત્યાદિ અનેક રીતે આ ગ્રંથની અવજ્ઞા કરશે. તો બિચારા તેઓ માટે હિતરૂપ થવાને બદલે તેઓનું અહિત થશે. આ હેતુથી જ અયોગ્યને ગ્રંથ નહીં આપવા આદરપૂર્વક વિનંતી છે. નહીં કે આમ કહેવામાં ગ્રંથકારની કોઇ ક્ષુદ્રતા-તુચ્છતા નામનો ભાવદોષ હેતુ છે.

વર્ત્તમાનમાં આપણને જોવા મળે છે કે યોગગ્રંથોની અમુક વાતોને ગોપવી - બીજી ત્રીજી વાતોને વિકૃતરૂપે રજૂ કરી કેટલાક કહેવાતા લેખકો - ભાષણકારો - ઉપદેશકો બીજાઓને યોગમાર્ગી બનાવવાને બદલે સત્પુરુષદ્વેષઆદિતરફ ધકેલી દે છે.

આગમપૂર્વક અનુમાન ચિંતનાદિથી યોગ-ઉત્તમતત્ત્વની પ્રાપ્તિ બતાવી હોવા છતાં, જે ગૃહસ્થો આગમાભ્યાસ કર્યા વિના પોતાની કલ્પનાઓને ચિંતનરૂપે રજૂ કરી અનુયાયીવર્ગ ભેગો કરે છે, ક્રિયાવંચકયોગવગેરેદ્વારા ક્રિયાઓની મહત્તા બતાવી હોવા છતાં સંસારની દરેક ક્રિયામાં રચ્યા-પચ્યા રહેનારા પણ ધર્મક્રિયા-સદ્અનુષ્ઠાનમાં આળસ-અરુચિ રાખનારાઓને આકર્ષી પોતાનો વર્ગ ઊભો કરવા ક્રિયામાર્ગને જેઓ ઊડાવે છે, પરદર્શનના શબ્દોનો પણ સ્વસિદ્ધાંતને અનુરૂપ અર્થ સૂચવી સ્યાદ્વાદશૈલીથી ઠેર ઠેર સમન્વય બતાવ્યો હોવા છતાં, જેઓ સ્વદર્શનના જ આચાર્યોએ આચરેલી પ્રવૃત્તિ કે જે હિતકર તરીકે લોકમાન્ય બની હોય, અને પોતે પણ નામાન્તરે અપનાવી હોય, છતાં જેઓ માત્ર નામભેદને જ આગળ કરી આખી એ પ્રવૃત્તિને એકાંતે અયોગ્ય ઠેરવતાં હોય, તથા ગ્રંથમાં અન્ય મતના આચાર્યોનો 'મહામતિ' વગેરેરૂપે આદરપૂર્વક ઉલ્લેખ હોવા છતાં જેઓ સ્વદર્શનના પણ પોતાનાથી ભિન્ન મત ધરાવતા આચાર્યાદિને સીધા જ મિથ્યાત્વી કહીદેવાદ્વારા પોતાનામાં રહેલી અસર્વજ્ઞતાને જાણે સર્વજ્ઞતાનું રૂપ આપવા પ્રયત્ન કરતાં હોય, એ બધા આ ગ્રંથના કેવી રીતે અધિકારી બની શકે ? આ ગ્રંથ તેઓને શી રીતે ઉપકારક નીવડશે ?

इत्थं चैतदङ्गीकर्तव्यम् । अत एवाह--

योग्येभ्यस्तु प्रयत्नेन, देयोऽयं विधिनाऽन्वितैः ।
मात्सर्यविरहेणोच्चैः, श्रेयोविघ्नप्रशान्तये ॥२२८॥

योग्येभ्यस्तु श्रोतृभ्यः **प्रयत्नेन**-उपयोगसारेण **देयोऽयं विधिना**-श्रवणादिगोचरेण **अन्वितैर्युक्तैः**

दोषोऽन्यथा, प्रत्यवायसम्भवादित्याचार्याः। **मात्सर्य-विरहेण**-मात्सर्याभावेन, **उच्चैः श्रेयोविघ्नप्रशान्त-ये**-पुण्यान्तरायप्रशान्त्यर्थमिति ॥२२८॥

समाप्तोऽयं योगदृष्टिसमुच्चयः ॥

॥ कृतिः श्रीश्वेतभिक्षोराचार्यश्रीहरिभद्रस्येति ॥

આ વાત આ રીતે જ સ્વીકારવી. તેથી જ હવે છેલ્લી ગાથામાં ગ્રંથકાર કહે છે -

सवृत्तियोगदृष्टिसमुच्चयः समाप्तः

ગાથાર્થ : વિધિથી અન્વિત એવા યોગીઓ વડે માત્સર્યના અભાવપૂર્વક અને શ્રેય તથા વિઘ્નોપશાંતિ માટે પ્રયત્નપૂર્વક યોગ્યજીવોને આ ગ્રંથ અપાવો જોઈએ.

યોગ્યને પ્રયત્નપૂર્વક આપવા પ્રયત્ન

ટીકાર્થ : યોગ્ય શ્રોતાઓને આ ગ્રંથ શ્રવણાદિ વિષયક વિધિપૂર્વક અને માત્સર્યથી રહિત થઈ કલ્યાણમાટે કે કલ્યાણમાર્ગમાં આવનારા વિઘ્નના વિનાશમાટે અર્થાત્ પુણ્યમાટે અને અંતરાયની ઉપશાંતિ માટે ઉપયોગથી સારભૂત પ્રયત્નપૂર્વક આપવો. અન્યથા પ્રત્યાપાય-નુકસાન સંભવિત હોવાથી દોષ છે.

... ૧ : જે કુલયોગી આદિ જેવા વિશેષ-ગુણો ધરાવે છે, તે યોગ્ય શ્રોતાઓ છે. આ યોગ્ય શ્રોતાઓ સર્વત્ર દ્વેષમુક્ત આદિ ગુણોવાળા હોય છે. આવા શ્રોતાઓને પૂરા ઉપયોગપૂર્વક - શ્રોતાને જે રીતે ગ્રંથ પરિણામ પામતો જાય, એ રીતે ઉપયોગ રાખીને આ ગ્રંથ આપવાનો છે. ઉપયોગ હોય તો શ્રોતાને પૂરો ગ્રંથ પરિણામ પામે, અન્યથા કેટલુંક ઉપરથી જાય - ઢોળાઈ જાય, તો કેટલીક વાર વગર કારણે વિલંબ થાય. ગરણીદ્વારા ચા ગાળવામાં આવતી વખતે જેમ ઉપયોગપૂર્વક ગાળવાથી જ ચા બરાબર ગળાય છે, ઢોળાતી નથી, કચરો આવી જતો નથી, ને ખોટો વિલંબ પણ થતો નથી. બસ આ રીતે પ્રયત્ન-ઉપયોગ-પૂર્વક યોગ્ય જીવોને ગ્રંથ આપવાથી કશું છુટતું નથી - ખોટી વાત ભૂલમાં પણ ઉમેરાઈ જતી નથી. પૂરેપૂરો ગ્રંથ પરિણામ પામે છે, અને શ્રોતાને ખોટો વિલંબ પણ સહેવો પડતો નથી.

વળી આ ગ્રંથશ્રવણવગેરે વિષયમાં અભ્યુત્થાન, વંદનાદિ વિનયવગેરે જે વિધિઓ બતાવી છે, તે બધી વિધિઓ સચવાય, એ રીતે આપવો. અવિધિથી આપવામાં મહાનર્થ સર્જાઈ શકે છે એમ આચાર્યભગવંતો કહેતા આવ્યા છે. વળી આપનારે શ્રોતાવગેરે કોઈના પર પણ 'આ મારાથી આગળ તો નહીં વધી જાય ને' ઇત્યાદિ માત્સર્યભાવ રાખ્યા વિના ગ્રંથ આપવો. અહીં 'વિરહ' શબ્દ આ ગ્રંથ સૂરિપુરંદર **હરિભદ્રસૂરિ** રચિત છે. તેની નિશાની છે. કેમકે તેઓશ્રીના ગ્રંથોના અંતે 'વિરહ' શબ્દ આવતો હોય છે.

વળી આ ગ્રંથ યોગ્યોને વિધિપૂર્વક એટલા માટે જ આપવાનો છે, કે યોગ્ય જીવો માટે આ ગ્રંથ શ્રવણથી અને તેમાં પ્રવૃત્તિ કરવાથી તથા આ ગ્રંથ આપનારમાટે પણ શ્રેય-કલ્યાણ-પુણ્યનું કારણ બને અને અંતરાયો બધા દૂર થાય.

આમ અંતિમ મંગલસાથે ગ્રંથ પૂર્ણ થાય છે.

આ યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ સટીક યોગાચાર્ય શ્વેતાંબરાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત છે.

। ઇતિ શમ્ ।

આ ગ્રંથના સંપાદન કે ભાવાનુવાદ કરતાં જિનાજ્ઞાવિરુદ્ધ લખાણાદિ થયા હોય, તો તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડમ્.

-અજિતશેખર વિ.

દિવ્યદર્શન ટ્રસ્ટ પ્રકાશિત

ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની

કલમે લખાયેલું સાહિત્ય એટલે

નૈતિકતાને ઘડતું સાહિત્ય

ધાર્મિક સંસ્કારોને પોષતું સાહિત્ય

ત્યાગ ને વૈરાગ્ય વધારતું સાહિત્ય

આરાધનામાં જોમ પૂરતું સાહિત્ય

જટિલ સમસ્યાઓનું ઉકેલ આપતું સાહિત્ય

પૂજ્યપાદશ્રીના આજ સુધીમાં સિત્તેરથી વધુ ગ્રંથો પ્રકટ થયાં છે. વૈરાગ્યપ્રેરક અને વૈરાગ્યપોષક તલસ્પર્શી વિવેચના, પૂર્વાચાર્યોના ગ્રંથોની આજના સંદર્ભમાં તર્કબદ્ધ અનુપ્રેક્ષા, વિષયની સરળ સર્વાંગીણ છણાવટ એ પૂજ્યપાદશ્રીની આગવી અને અલગ વિલક્ષણતા છે. ઉચ્ચપ્રકાશનોના પંથે, ધ્યાન અને જીવન નવપદ પ્રકાશ પરમતેજ, યોગદૃષ્ટિસમુચ્ચય, શાસ્ત્ર વાર્તા સમુચ્ચય આદિ ગ્રંથોમાં પૂજ્યશ્રીની તાર્કિક વિવેચનાનો વિમળ સ્પર્શ થયો છે. યશોધરમુનિ રુકમી રાજા, મહાસતી ઋષિદત્તા, મહાસતી સીતા આદિ ચરિત્રો પણ પૂજ્યશ્રીએ પોતાના મૌલિક ચિંતનથી લખ્યાં છે.

પરમાત્મભક્તિમાં પ્રાણને ભીંજવવા માટે

ત્યાગ-વૈરાગ્યને વધુ સુદ્રઢ કરવા માટે

ગહન તત્ત્વોની સુસ્પષ્ટ સમજણ માટે

પરમતેજ ભા. ૧ (બીજી આવૃત્તિ)	૩૦-૦૦
પરમતેજ ભા. ૨	૨૫-૦૦
યોગદૃષ્ટિ સમુચ્ચય વ્યાખ્યાનો ભા. ૧	૨૫-૦૦
યોગદૃષ્ટિ સમુચ્ચય વ્યાખ્યાનો ભા. ૨	૨૫-૦૦
ધ્યાન અને જીવન ભા. ૧-૨ દરેકના	૭-૫૦
સીતાજીના પગલે ભા. ૧-૨ દરેકના	૭-૫૦
પ્રતિક્રમણ સૂત્ર-આલ્બમ ચોથી આવૃત્તિ	પ્રેસમાં

Serving JinShasan
154670
gyanmandir@kobatirth.org

આજે જ સૂચિપત્ર મંગાવો - આજે જ પ્રાપ્ય ગ્રંથો વસાવો

અને પૂજ્યશ્રીનાં સાહિત્યનો આનંદ મેળવવા

વધુ માટે મળો યા લખો : દિવ્યદર્શન કાર્યાલય

કુમારપાળ વી. શાહ

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા, ધોળકા - ૩૮૭ ૮૧૦ જિ. અમદાવાદ

HRIMKAR PRINTERS
© 022-8624711, 0866-567927